પ્રકાશક :
રાવજીભાઈ છગનભાઈ દેસાઈ,
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
પોસ્ટ–બોરીઆ.
સ્ટેશન–અગાસ. W. Rly.
વાયા આણંદ. (ગૂજરાત)

***

અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ—
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ :—
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ સુપ્રતીત કરાવ્યો એવા
પરમકૃપાળુ સદ્ગુરુદેવ—
આ વિશ્વમા સર્વકાળ તમે જયવંત વર્તો. જયવંત વર્તો

હા. નોં ૩/૨૩

***

શ્રીમદ્ રાજચંદ્ર વિચારરત્નો

"પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ." [illegible]

*

[illegible]

*

[illegible]

*

[illegible]

*


[illegible]

*

[illegible]

*

[illegible]



પ્રસ્તાવના

दृश्यन्ते भुवि किं न तेऽल्पमतयः संख्याव्यतीताश्चिरं
ये लीलां परमेष्ठिनो निजनिजैस्तन्वन्ति वाग्भिः परम् ।
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुन-
र्ये जन्मभ्रममुत्सृजन्ति सहसा धन्यास्तु ते दुर्लभाः ॥

—श्री पद्मनंदि

જે પુરુષો કેવળ પોતપોતાનાં વચનોથી પરમેષ્ઠીની અર્થાત્ પરમાત્માની લીલાનો કે ગુણાનુવાદનો બહુકાળ પર્યંત વિસ્તાર કરે છે એવા અલ્પમતિ તો આ જગતના આગે શું અસંખ્ય જોવામાં નથી આવતા? અર્થાત્ એવા જીવો તો ઘણુંય જોવામાં આવે છે. પરંતુ જે પુરુષો નિત્ય શાશ્વત પરમાનંદરૂપ અમૃતના સાગર એવા એ શુદ્ધ સહજાત્મસ્વરૂપરૂપ પરમાત્મપદનો સાક્ષાત્ અનુભવ કરીને સંસારના ભ્રમને ત્યજી દે છે એવા પુરુષો તો આ જગતમાં દુર્લભ જ છે; અને એવા પુરુષો ધન્ય છે, કૃતાર્થ છે, જયવંત વર્તે છે. એવા પુરુષોનું શરણ જગતનું કલ્યાણ કરવા સમર્થ છે.

એવા ધન્યરૂપ સ્વરૂપનિષ્ઠ મહાપુરુષોમાંના નિષ્કારણ કરુણાશીલતાથી પ્રગટેલા આ [illegible] [illegible] સિદ્ધિસાધના માટે પરમોત્કૃષ્ટ અમૂલ્ય [illegible]રૂપ વાણી મુમુક્ષુજન [illegible], એ દિવ્ય અમૂલ્ય વચનામૃતને પરમ આદરથી ઉપાસી કૃતાર્થ થાય છે.

प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।
सम्यक् तत्त्वोपदेशाय सतां सूक्तिः प्रवर्तते ॥

—श्री ज्ञानार्णव

શ્રીમદ્ રાજચન્દ્ર એવા વિરલ સ્વરૂપનિષ્ઠ તત્ત્વવેત્તાઓમાંના એક છે. શ્રીમદ્ રાજચન્દ્ર એટલે અધ્યાત્મગગનમાં ઝળકી રહેલી અદ્‌ભુત જ્ઞાનજ્યોતિ! માત્ર ભારતની જ નહિ પણ વિશ્વની એક વિરલ વિભૂતિ! અમૂલ્ય આત્મજ્ઞાનરૂપ દિવ્ય જ્યોતિના જળહળતા પ્રકાશથી, પૂર્વમહાપુરુષોએ પ્રકાશિત સનાતન મોક્ષમાર્ગનો ઉદ્યોત કરી ભારતની પુનિત ભૂમિને વિભૂષિત કરી આ અવનીતલને પાવન કરનાર પરમ જ્ઞાનાવતાર, જ્ઞાનનિધાન, જ્ઞાનભાસ્કર, જ્ઞાનમૂર્તિ!

શાસ્ત્રના જ્ઞાતા અને ઉપદેશક તો આપણને અનેક મળે પણ જેમનું જીવન જ સત્શાસ્ત્રનું પ્રતીક બની રહે એવી વિભૂતિ આપણને મળવી વિરલ છે. શ્રીમદ્ રાજચન્દ્ર પાસે તો જળહળતા આત્મજ્ઞાનમય ઉજ્જવળ જીવનનો અંતરંગ પ્રકાશ હતો એટલે જ એમને અદ્‌ભુત અમૃતવાણીની સહજ સ્ફુરણા હતી.

"કાકા સાહેબ કાલેલકરે શ્રીમદ્‌ને માટે 'પ્રયોગવીર' એવો સૂચક અર્થગર્ભ શબ્દ પ્રયોજ્યો છે, તે સર્વથા યથાર્થ છે શ્રીમદ્ ખરેખર પ્રયોગવીર જ હતા. પ્રયોગસિદ્ધ સમયસારનું દર્શન કરવું હોય કે પરમાત્મપ્રકાશનુ દર્શન કરવું હોય, પ્રયોગસિદ્ધ સમાધિશતકનું દર્શન કરવું હોય કે પ્રશમરતિનું દર્શન કરવું હોય, પ્રયોગસિદ્ધ યોગદૃષ્ટિનું દર્શન કરવું હોય કે આત્મસિદ્ધિનું દર્શન કરવું હોય તો જોઈ લ્યો '**શ્રીમદ્**'! તે તે સમયસારાદિ શાસ્ત્રોમાં વર્ણિત કરેલા ભાવોનું જીવતું જાગતું અવલંબન ઉદાહરણ જોઈતું હોય તો જોઈ લ્યો શ્રીમદ્‌નું જીવનવૃત્ત! શ્રીમદ્ એવા પ્રત્યક્ષ પ્રગટ પરમ પ્રયોગસિદ્ધ આત્મસિદ્ધિને પ્રાપ્ત થયેલ પુરુષ છે, એટલે જ એમણે પ્રણીત કરેલ આત્મસિદ્ધિ આદિમા આટલું બધું અપૂર્વ દૈવત અનુભવાય છે"

—શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા

ભારતની વિશ્વવિખ્યાતવિભૂતિ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી લખે છે:–

"મારા જીવનમાં શ્રીમદ્ રાજચન્દ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સ્ટૉય તથા રસ્કિન કરતા પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે. ઘણી વાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણુ લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિ શ્રી(શ્રીમદ્ રાજચન્દ્ર)ના જીવનમાંથી છે.

...શ્રીમદ્ રાજચન્દ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણો એ તેમના અનુભવનાં બિંદુ સમાન છે તે વાંચનાર વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય. તેના કષાય મોળા પડે, તેને સંસાર વિષે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.

આટલા ઉપરથી વાંચનાર જોશે કે શ્રીમદ્‌ના લખાણ અધિકારીને સારુ છે. બધા વાંચનાર તેમાં રસ નહિ લઈ શકે. ટીકાકારને તેની ટીકાનુ કારણ મળશે. પણ શ્રદ્ધાવાન તો તેમાથી રસ જ લૂંટશે. તેમના લખાણોમાં સત્ નીતરી રહ્યુ છે, એવો મને હમેશ ભાસ આવ્યો છે. તેમણે પોતાનુ જ્ઞાન બતાવવા સારુ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્‌નાં લખાણોમાંથી બહુ મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિન્દુ હો કે અન્ય ધર્મી.

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?) એ કાવ્યની કડીઓમાં [illegible] તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો.

તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એવું મેં નથી જોયું....

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એવું મેં નથી જોયું

....એ વર્તન સંયમીને વિષે શોભે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિ(શ્રીમદ્)ને સ્વાભાવિક હતી. એમ મારા ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? ગમતી હોય તો તે કેવળ કાનને જ —એટલે, જેમ આપણને અર્થ જાણ્યા સમજ્યા વિના કોઈ સંગીતનો સ્વર ગમે તેમ. તેવી કર્ણપ્રિય ક્રીડામાંથી મોક્ષને અનુસરનારું વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. અંતર વૈરાગ્ય વિના મોક્ષની લગની ન હોય. એવી વૈરાગ્ય લગની કવિ(શ્રીમદ્)ની હતી.

ઘણા આર્ય સત્પુરુષો તે માટે વિચાર કરી ગયા છે; તેઓએ તે પર અધિકાધિક મનન કર્યું છે. આત્માને શોધી તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણાને ભાગ્યશાળી થવાને માટે અનેક ક્રમ બાંધ્યા છે. તે મહાત્મા જયવાન હો! અને તેને ત્રિકાળ નમસ્કાર હો!

આંક ૮૩

આમ આવા સમર્થ તત્ત્વવિજ્ઞાની સ્વરૂપનિષ્ઠ મહાપુરુષની અનુભવયુક્ત વાણીનું અવલંબન કોઈ મહાભાગ્ય યોગે જ પ્રાપ્ત થવા યોગ્ય છે

શ્રીમદ્ રાજચન્દ્ર તત્ત્વજિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસાને પરિતૃપ્ત કરે અને આત્માર્થીઓના હૃદયમાં આત્મજ્યોતિ પ્રગટાવે એવા એક સમર્થ તત્ત્વવેત્તા આ કાળમાં આપણાં અહોભાગ્યે થઈ ગયા છે. તેમની અમૃતતુલ્ય અમૂલ્ય વાણી આપણા હાથમાં આવે છે એ જ આપણાં મહાભાગ્ય છે. તેના વાંચન મનન અને પરિશીલનથી આપણે આપણુ શ્રેય સાધી લઈએ તો જ તે પ્રાપ્તિની સાર્થકતા છે.

તેમનું જે કંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તે સર્વ આ ગ્રન્થમા પ્રસિદ્ધિ પામ્યું છે. આ સાહિત્ય તત્ત્વજ્ઞાન વા આધ્યાત્મિક ક્ષેત્રમાં અત્યુત્તમ કક્ષાનુ અમૂલ્ય સાહિત્ય છે. તત્ત્વરસિક-જનોને તત્ત્વપિપાસા સંતોષવા અથવા આત્માર્થીઓને આત્મોન્નતિમાં પ્રગતિમાન થવા માટે ગૂર્જરભાષામાં આ એક અપૂર્વ સાહિત્ય છે. મોક્ષાર્થિઓને નિજ શુદ્ધ સહજ આત્મ તત્ત્વની ઉપાસનાથી પરમાનંદમય મોક્ષમહેલમાં સુગમતાથી ચઢી જવા માટે આ એક દુષમકાળમાં અનોખું જ અવલંબનરૂપ સોપાન સમાન ઉપકારક થાય તેમ છે. એમાં વિવિધ પારમાર્થિક વિષયોને સ્પર્શતું, મુખ્યપણે મોક્ષમાર્ગને સ્પષ્ટપણે અને સુગમ પ્રકારે દર્શાવતું, અમૂલ્ય છૂટાં વેરાયેલાં વચનરત્નોના પ્રકાશથી સર્વત્ર ચમકતું, રત્નાકર સમાન અગાધ, સર્વત્ર શાંત રસે ભરેલું ઉચ્ચતમ આધ્યાત્મિક સાહિત્ય ભર્યું પડ્યું છે. તે ખોજકને અમૂલ્ય રત્નત્રયની પ્રાપ્તિથી પરમ શ્રેયને પ્રાપ્ત કરાવે તેવા નિધાન–ખજાના સમાન છે. એ તત્ત્વસાધકોને પરમાનંદની સાધનામાં સહાયરૂપ બની પરમ શ્રેયનું કારણ થાઓ! અથવા **विदग्घमुखमंडनं भवतु।** વિદ્વાનોના મુખના આભૂષણરૂપ બનો!

અજ્ઞાનવશાત્ બાહ્યદૃષ્ટિથી વા લૌકિકભાવથી કે તેવા કોઈ આગ્રહથી કે સંકુચિત માનસથી શ્રીમદ્‌ને માત્ર ગૃહસ્થ, ઝવેરી, કે કવિરૂપે ઓળખી બેસવામા જો ક્વચિત્ ભૂલ થતી હોય તો જરા ગુણાનુરાગ કે પ્રમોદભાવનાથી, સત્યને શોધવાની અને સ્વીકારવાની વિશાળ દૃષ્ટિ રાખી, નિષ્પક્ષપણે આ ગ્રન્થનું અવલોકન વા અભ્યાસ કરવામા આવશે તો અવશ્ય એટલું દૃષ્ટિગોચર થવા યોગ્ય જ છે કે શ્રીમદ્ એ કોઈ સામાન્ય કોટિના મનુષ્ય નહિ પણ ઈશ્વર કોટિના મનુષ્ય અથવા મનુષ્યદેહે પરમાત્મા, પરમ જ્ઞાનાવતાર, પ્રગટ ધર્મમૂર્તિરૂપે જ [illegible] વિભૂષિત કરી ગયા છે પૂર્વે અનેક ભવોમાં સાધેલા યોગના ફળરૂપે આ ભવમાં પૂર્ણ આત્મસમાધિ પામી ગયેલ કોઈ અદ્ભુત યોગીશ્વર જ છે.

કોઈ પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર [illegible] નથી. જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ મિત્રમાં ભેદભાવ રહ્યો નથી. કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી

નથી; અને દેહધારી છીએ કે કેમ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી;..........." આંક ૩૫૫

કોઈ પણ પ્રકારે વિદેહી દશાવગરનું, યથાયોગ્ય જીવન્મુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વગરનું ક્ષણ એકનું જીવન પણ જોવું જીવને સુલભ લાગતું નથી....... એક પળ ભાગ માત્ર એક પદ હીન એવી સ્થિતિ એક સમયની પણ પ્રિય નથી ...... આંક ૩૩૪

ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છે. બીજી કંઈ સ્પૃહા રહેતી નથી. રહેતી હોય તો પણ રાખવા ઇચ્છા નથી. એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ જપવાની પ્રસન્નતા જોઈએ છે આંક ૧૪૮

નિરંજન પદને બુઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળ ગતિ પર ગંભીર આશ્ચર્યયુક્ત હાસ્ય આવે છે! હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીએ? આંક ૧૮૭

...અને પર, અનંતગણા ભાવ જ સાંભરી આવે છે; અને કેવીક [illegible] તો એવું કંઈ ભાસે છે કે તે સ્વસંયોગના વિના સહજ દુઃખ થાય છે. અનંતકાળ થયાં પ્રાપ્ત ઉપાધિ [illegible] લાગે છે [illegible] દુઃખદાયક લાગે છે. આંક [illegible]

[illegible] અમારું ચિત્ત [illegible] અત્યંત [illegible] દશા વર્તે છે, જો કે [illegible] જીવને [illegible] કેમકે [illegible] નથી. [illegible] નથી. આંક [illegible]

જનક રાજા રાજ્ય કરતા છતાં પણ જેમ વિદેહીપણે વર્તતા હતા અને ત્યાગી સંન્યાસીઓ કરતાં વધારે ચઢતી અસંગ અપ્રતિબદ્ધ વિદેહી દશામાં રહી આત્માનંદમાં ઝીલતા હતા, તથા ભરત મહારાજા ચક્રવર્તીપદનું સમર્થ ઐશ્વર્ય તેમજ છ ખંડના સામ્રાજ્યની ઉપાધિ વહન કરતાં છતાં પણ અંતરંગ જ્ઞાન અને વૈરાગ્યના બળે આત્મદશા સંભાળી અલિપ્ત ભાવે રહી આત્માનંદને આસ્વાદતા હતા, તેમ આ મહાત્મા પણ સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો જાય એવા બળવત્તર જ્ઞાનવૈરાગ્યની અખંડ અપ્રમત્તધારાથી કોઈ અપૂર્વ અંતરંગ ચર્યાથી રાગદ્વેષ આદિનો પરાજય કરીને મોક્ષપુર પ્રત્યે પહોંચવા જાણે વાયુવેગે ત્વરિત ગતિથી ધસી રહ્યા ન હોય! એમ અત્યંત ઉદાસીનતાપૂર્વક આત્માનંદમાં લીન અંતર્મગ્ન રહેતા હતા, તેમ તેમનાં આ ગ્રન્થના લખાણોમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થવા યોગ્ય છે; અને અનેક શાસ્ત્રોના પઠનથી પણ જે લાભ પ્રાપ્ત થવો મુશ્કેલ છે, તે લાભ આ એક જ ગ્રન્થના શાન્તભાવે પઠન મનન પરિશીલન વા અભ્યાસ દ્વારા જિજ્ઞાસુઓ સહેલાઈથી પામી પોતાને ધન્યરૂપ, કૃતાર્થરૂપ કરી શકે તેમ છે.

તેમજ તેમની અંતરંગ અસંગ, અપ્રતિબદ્ધ, જીવનમુક્ત, વૈરાગ્યપૂર્ણ વિદેહી, વીતરાગ, સમાધિબોધિમય, અદ્ભુત, અલૌકિક, અચિંત્ય, આત્મમગ્ન, પરમશાંત, શુદ્ધ, સચ્ચિદાનંદમય સહજાત્મ દશાની ઝાંખી થતાં, સદ્ગુણાનુરાગીને તો પોતાની મોહાધીન પામર દશા જોતાં, સમસ્ત માન ગળી જઈ આવી ઉચ્ચતમ દશા પ્રત્યે સહેજે શિર ઝૂકયા વિના રહે તેમ નથી. અને તે અલૌકિક અસંગ દશા પ્રત્યે પ્રેમ, પ્રતીતિ, ભક્તિ પ્રગટી તેમના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમાર્થ સ્વરૂપ, સાચા સ્વરૂપની ઓળખાણ થતાં તેમનામા પ્રગટેલા શુદ્ધ આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મરમણતારૂપ રત્નત્રયાદિક આત્મિક ગુણો — પ્રગટ મૂર્તિમાન મોક્ષમાર્ગ — પ્રત્યે અત્યંત પ્રમોદ, પ્રેમ, ઉલ્લાસ આવવા યોગ્ય છે પ્રાન્તે પોતામા પણ તેવો જ પરમાત્મસ્વભાવ જે અનાદિથી અપ્રગટ છે તેનુ ભાન થઈ, તે પ્રગટ કરવાનો લક્ષ અને પુરુષાર્થ જાગતાં, આત્મા પરમાત્મા થઈ પરમ શ્રેયને પ્રાપ્ત કરી શાશ્વતપદે વિરાજમાન થવા ભાગ્યશાળી બને, ત્યાં સુધીનો સન્માર્ગ અને સત્સાધના સંપ્રાપ્ત થવા યોગ્ય છે મુનિશ્રી લઘુરાજ સ્વામી, શ્રી સૌભાગ્યભાઈ, શ્રી જૂઠાભાઈ, શ્રી અંબાલાલભાઈ આદિ ઉજ્જ્વળ આત્માઓ આ સદ્ગુણાનુરાગથી મુમુક્ષુતાના [illegible] અલૌકિક દૃષ્ટિ પામી શ્રીમદ્‌ની સાચી ઓળખાણ કરવા ભાગ્યશાળી બન્યા. અને [illegible]જ્ઞાનાદિ ગુણોથી વિભૂષિત થઈ સ્વપર શ્રેયસ્કર બની ગયા, એ પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ છે.

આ આવૃત્તિ સંબંધી :—

[illegible] તરફથી સં. ૨૦૦૭મા આ ગ્રન્થની પ્રથમાવૃત્તિ પ્રસિદ્ધિ પામી છે. અને [illegible] દ્વિતીયાવૃત્તિ પ્રસિદ્ધિ પામે છે. તે ઉપરાંત પહેલાં અન્યત્ર પ્રસિદ્ધિ પામેલી બીજી [illegible]

[illegible] પહેલાંની પ્રથમાવૃત્તિ કરતાં ખાસ કંઈ ફેરફાર કરવામાં આવ્યો [illegible] છે તે જ આમાં જાળવી રાખવામાં આવ્યા છે. તેમજ મથાળે [illegible] આવૃત્તિના જે આંક આ પહેલાંની પ્રથમા- [illegible] છે પ્રથમાવૃત્તિનાં મોક્ષમાળા જે ભાવનાબોધની પછી

હતી ને આમાં બાળબોધ કરતાં [illegible] છપાયેલી ટેવાથી બાળબોધની જગાએ ગુજરાતીમાં આવી છે.

અત્યાર સુધીમાં છપાયું [illegible] [illegible] [illegible], તેટલું [illegible] [illegible] [illegible] [illegible], ગુજરાતના ઘણા [illegible]. [illegible] તેટલું [illegible] રાખ્યું છે. તેથી પાન નંબર સાથે આવૃત્તિનો [illegible] [illegible] રહ્યા નથી. અર્થાત્ પાનાંની સંખ્યા આમાં ઓછી થવા પામી છે. તેથી આ ગ્રન્થ બે વિભાગમાં બાંધવાનું ઉચિત માન્યું છે.

તેમાંનો આ પ્રથમ વિભાગ તૈયાર થઈ ગયો [illegible] તેમ [illegible] [illegible] વિભાગ [illegible] [illegible] તે ગ્રન્થનો [illegible] [illegible] છે. અને તેવા [illegible] બીજો ભાગ પણ તૈયાર થયે [illegible] [illegible] આમ થયે [illegible] [illegible] છે.

આ ભાગમાં જે છપાયું છે તે પહેલાં અનુક્રમણિકા અને શુદ્ધિપત્રક [illegible] ગુજરાતીમાં [illegible] છે. [illegible] શ્લોક વિષે વિશેષ [illegible] [illegible] પરિશિષ્ટ [illegible], આ વિભાગમાં [illegible] શ્લોક [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible] છે. હવે પછીના બીજા વિભાગમાં જે છપાશે તેનાં અનુક્રમણિકા, શુદ્ધિપત્રક, અને શ્લોક વિષે વિશેષ [illegible] [illegible] [illegible] [illegible] પરિશિષ્ટો જે [illegible] છે [illegible] ગ્રન્થના બીજા વિભાગમાં [illegible] ગુજરાતીમાં [illegible], [illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible], આ ગ્રન્થની પ્રથમ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

પ્રથમાવૃત્તિનું નિવેદન

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. આત્મસિદ્ધિ–ગા. ૧.

અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત;—
છેલ્લે
અયોગી સ્વભાવ પ્રગટ કરી,
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર!
ત્રિકાળ જયવંત વર્તો! આંક ૭૮૫

...અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે...." આંક ૨૧૩

આત્માના અસ્તિત્વને કોઈ પણ પ્રકારે સ્વીકારનાર દર્શનોના સર્વ મહાત્માઓ આ વાતમાં સમ્મત છે કે આ જીવ નિજ સ્વરૂપના અજ્ઞાતપણાથી, ભ્રાંતિથી અનાદિ કાળથી આ સંસારમાં રખડે છે અને અનેક પ્રકારના અનંત દુઃખો અનુભવે છે તે જીવને કોઈ પણ પ્રકારે નિજ સ્વરૂપનું ભાન કરાવી શુદ્ધસ્વરૂપમાં સ્થિતિ કરાવનાર હોય તો તે માત્ર એક સત્પુરુષ અને તેમની બોધવાણી છે.

શ્રીમદ્ રાજચંદ્ર જે પુણ્યનામ મહાપુરુષના આત્મોપકારની પુનિત સ્મૃતિ શ્રીમાન લઘુરાજસ્વામીને આ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના નામસંસ્કરણમાં હેતુભૂત બની, તે સમીપવર્તી પરમ માહાત્મ્યવંત વિભૂતિ શ્રીમદ્ રાજચંદ્રનાં પ્રાપ્ત એવાં સર્વ પારમાર્થિક લખાણોનો આ સંગ્રહ-ગ્રંથ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તરફથી પ્રગટ કરવાની ઘણા સમયથી પોષેલી શુભ ભાવના આજે મૂર્તિમંત થવાથી અંતર આનંદથી પ્રફુલ્લિત બને છે. સૌ સાધક આદિને આ [illegible] આત્મશ્રેયસાધનાનું એક સાચું સાધન બની રહો એ અંતરની અભિલાષા છે.

જે મહાપુરુષનાં વચનોનો આ ગ્રંથસંગ્રહ છે તે શ્રીમદ્ રાજચંદ્ર જેવા પરમ ઉત્કૃષ્ટ કોટિના પુરુષના વિષે લખતાં પોતાની યોગ્યતા ન લાગવાથી ક્ષોભ થયા વિના રહેતો નથી. આ ગ્રંથમાં આવતા પત્રોમાં એમના અંતરના અનુભવો, આત્મદશા, કર્મ ઉદયની વિચિત્રતા [illegible] અંતર આત્મવૃત્તિની સ્થિરતા અને અનેક બીજા ગહન વિષયો વિષે સહજ, સરલ [illegible] એમણે પોતે જ પોતાનું મંથન અને નવનીત પ્રકાશ્યું છે. વિપરીત [illegible] નિજ શુદ્ધ સ્વરૂપસ્થિતિ પ્રત્યે ગમન કરતાં, અંતરમાં પ્રજ્વલિત આત્મ-[illegible] મંદ થવા ન દેતાં, એ આત્મપ્રકાશના પ્રકાશથી બાહ્યજીવનને ઉજ્જ્વલ [illegible] થાય છે. એમનાં લખાણો નીડરપણે, નિર્દંભપણે પોતાને [illegible] દર્શન નિરૂપણ કરે છે

નાની વયમાં જ જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ, આશ્ચર્યકારી એવી તીવ્ર સ્મરણશક્તિ, શતાવધાનના એકાગ્રતા અને સ્મરણશક્તિના વિરલ પ્રયોગો, સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ પામતી સહજ કાવ્યસ્ફુરણા આદિ પૂર્વજન્મના ઉત્કટ આત્મસંસ્કારોનું દર્શન કરાવે છે.

કૃષ્ણાદિ અવતારોમાં ભક્તિ અને પ્રીતિ, પછી જૈનસૂત્રોની પ્રિયતા, અને મુક્તિમાર્ગમાં એક સાધનરૂપ મૂર્તિની ઉપયોગિતા એ જેમ એમને સત્યપણે ભાસ્યાં તેમ સરલપણે માન્યાં, પ્રરૂપ્યાં. અન્ય દર્શન કરતાં શ્રી વીર આદિ વીતરાગ પુરુષોએ પ્રરૂપેલ વીતરાગ દર્શન વધુ અબાધિત, અતીવયોગ્ય લાગ્યું તે દર્શનાભ્યાસની તુલનાત્મક શૈલીથી મોક્ષમાળામાં પ્રકાશ્યું.

નિજ અનુભવની પરિપક્વ વિચારણાના ફળસ્વરૂપે પ્રાપ્ત સમ્યગ્દર્શન એ, જગતમાં મહાપુરુષો જેટલા નમ્ર હોય છે, તેટલા જ તે આચારમાં દૃઢ હોય છે. તેથી એમાં વર્તન આવતા શ્રી દોષો ટળવા એ એટલા જ તત્પર અને દૃઢ પુરુષાર્થી હોય છે. શ્રીમદ્જીના જીવનમાં આપણે જોઈએ છીએ કે કર્મ બાંધ્યાં તે ભોગવવા નિરૂપાયપણે, ઉદય પ્રમાણ ધીરજ ધરે છે, પણ અંતર આત્મવૃત્તિની અસમાધિ થવા માત્ર પણ સહન કરવા તત્પર નથી; એટલું જ નહીં પણ અસમાધિમાં પ્રવર્તવા કરતાં દેહત્યાગ ઉચિત માને છે. (આં. ૬૧૬)

આમ આત્મશક્તિને લીધે પોતાને અચલ પ્રકારનું નિર્વિકલ્પપણું થયા છતાં (આં. ૬૧૯(૩)) તે પરમાર્થમાર્ગમાં કલ્પિત હોવાથી એને સાતવ્યાપ્ત જેવા વિષય પ્રસંગોથી પ્રાપ્ત થતા હોદ્દાના આદર અને પ્રશંસા આદિ, જે એકાન્ત જગતના જીવો ગણે છે છે તે આત્માને નિમિત્તે સ્મરણરૂપ ન બનાવી, ત્યાગી દેતાં જરા પણ અચકાયા નહીં.

તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે. સમ્યક્‌દૃષ્ટિપણું તો જરૂર સંભવે છે.” (આં. ૪૫૦) આ અને આવા પોતાની અંતરદશા વિષેના ઉલ્લેખો પણ ઘણા પત્રોમાં જોવામાં આવે છે. શ્રીમદ્‌જી જેવા ઉચ્ચ કોટિના આત્માઓ માટે, પોતે પોતા વિષે આમ કેમ કહે ? એવો વિકલ્પ અસ્થાને છે. પણ પ્રથમ જણાવ્યું તેમ એ સત્યનિરૂપણને ખાતર જરૂરી છે, જેથી એઓશ્રીની સાચી ઓળખાણ થાય અને એમનાં વચનો પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવો આરાધી ત્રિવિધ તાપાગ્નિને શાંત કરી શકે.

શ્રીમદ્‌જીના સાહિત્યમા જૈન, વેદાંત આદિ સંપ્રદાયોના ગ્રંથોનું વિશાળ વાંચન, નિદિધ્યાસન અને એમના અંતરમાં ઓતપ્રોત થયેલ આત્માનુભવનો પ્રવાહ સહજે વહે છે. આત્મસમાધિ માટે જેમ આખું જીવન છે, તેમ માત્ર પરમાર્થ કહેવા માટે એમનું સાહિત્ય છે.

ધર્મ પ્રવર્તાવવાની તીવ્ર કરુણાબુદ્ધિ છતાં (આં. ૭૦૮) પોતાની તે માટે યોગ્ય તૈયારી ન હોવાથી પરમ સંયમિતભાવે એ ભાવના શમાવી દેવાની શક્તિ એમના અંતરની, પ્રવૃત્તિની તથા લખાણની સત્યતા પ્રગટ કરે છે.

આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના જગતના જીવોના દુઃખોનો અંત આવવાનો નથી. આત્મા જેણે જાણ્યો છે એવા સત્પુરુષના સત્સંગ વિના, આજ્ઞાના આરાધન વિના આત્મા પ્રાપ્ત થાય એમ નથી એમ જણાવી વારંવાર સત્પુરુષ અને સત્સંગની આરાધના માટે ભારપૂર્વક કહ્યું છે. સત્સંગ અને સત્પુરુષની આજ્ઞા આરાધવામાં વિઘ્નરૂપ મિથ્યાગ્રહ, સ્વચ્છંદ, ઇંદ્રિયવિષયો, કષાયો, પ્રમાદ આદિ દોષોના ત્યાગ માટે પણ એટલા જ ભારપૂર્વક જણાવ્યું છે છતાં પણ કાળના જીવોનું હીનવીર્યપણું અને અનારાધકપણું જોઈ સત્સંગને જ ઉત્કટપણે વર્ણવ્યો છે.

મતમતાંતર એ એક આત્મપ્રાપ્તિમાં મોટું વિઘ્ન છે. મતાગ્રહ છેદવા એમના પ્રસંગમાં આવતા મુમુક્ષુઓને વેદાંત, જૈન આદિ ભિન્ન ભિન્ન સંપ્રદાયના ગ્રંથો વાંચવા ભલામણ કરે છે એમના વિચારો અને પત્રોમાં જૈન તેમ વેદાંત બંને શૈલીનું દર્શન થાય છે. પોતાનો અંતર અનુભવ પ્રગટ કરવામાં એમણે બંને શૈલીનો ઉપયોગ કર્યો છે. સાથે સાથે જૈન કે વેદાંતનો આગ્રહ મોક્ષનું કારણ નથી એમ પણ સ્પષ્ટ જણાવ્યું છે. પણ જે પ્રકારે આત્મા આત્મભાવ પામે એ મોક્ષનું સાધન છે. તે પરમતત્ત્વ પરમસત્, સત્, પરમજ્ઞાન, આત્મા, સર્વાત્મા, સત્-ચિત્-આનંદ, હરિ, પુરુષોત્તમ, સિદ્ધ, ઈશ્વર, આદિ અનંત નામોએ કહેવાયું છે. (આં. ૨૦૯) “હું કોઈ ગચ્છમા નથી, પણ આત્મામાં છું એ ભૂલશો નહીં.” (આં. ૩૭). આમ પરમાર્થ-વાચન આત્મા જાણવા માટે છે. આત્માને બંધન થવાને નથી.

“બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા કહેવાને યોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકર દેવ છે.” (આં. ૩૨૨). આમ લખી એમણે શ્રી તીર્થંકરનાં વચનોના સત્યપણાની પોતાના આત્માનુભવથી થયેલી અંતરપ્રતીતિ પ્રગટ કરી છે.

[illegible] ઘણા ગૂઢ પ્રશ્નોના પણ સરલ અર્થ સમજાવ્યા છે. અને પોતાના આત્માનુભવ માટે કેવળજ્ઞાનની વ્યાખ્યા, અધિષ્ઠાન આદિ વિષે તથા આ કાળમાં મોક્ષ ન હોય, કેવળજ્ઞાન ન હોય એ આદિ માન્યતાઓ વિષે આત્માનું હિત થાય એમ ખુલાસા કર્યા છે

સોળ વર્ષની નાની વયમાં ત્રણ દિવસમાં "મોક્ષમાળા" જેવું વિવિધ વિષયોનું શાસ્ત્રીય વિવેચન કરતા ૧૦૮ પાઠનું ઉત્તમ પુસ્તક રચ્યું, તથા શ્રી શાસ્ત્રોના નિચોડરૂપ આત્મજ્ઞાન પ્રાપ્તિનો સરળ, સચોટ ને અદ્ભુત માર્ગ દર્શાવતું ૧૪૨ ગાથાનું "આત્મસિદ્ધિ શાસ્ત્ર" માત્ર દોઢ કલાકમાં [illegible] અને સહજ આત્મજ્ઞાનનો વિષય છે તે સહજે સમજાય છે.

"ધન્ય રે દિવસ આ અહો!" અને "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" એ આદિ પદોમાં શ્રીમદ્જીએ પોતાની અંતરદશા અને ભાવના સુસ્પષ્ટપણે પ્રગટ કરી છે.

શ્રીમદ્જીના જીવનપ્રસંગોમાં અલૌકિક પ્રામાણિકતા, [illegible], નીતિમત્તા, [illegible] તેમ જ [illegible] અનેક [illegible] ગુણોનું સ્વાભાવિક દર્શન થાય છે. [illegible] માટે આ આશ્રમ તરફથી પ્રગટ થયેલ "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા" નામનું પુસ્તક વાંચવા ભલામણ કરું છું.

આ "સદ્ગુરુપ્રસાદ" [illegible] આ આશ્રમ તરફથી [illegible] [illegible]

"[illegible]

[illegible]

[illegible]

શ્રી વીતરાગશ્રુતના પ્રકાશન અને પ્રચાર માટે સ્થાપેલ છે. જે મંડળ આજે પણ શ્રી વીતરાગશ્રુતના પ્રકાશનનું સુંદર કાર્ય કરી રહેલ છે. આ શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળે આ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતની પ્રથમ આવૃત્તિ સંવત ૧૯૬૧માં પ્રગટ કરી. અને બીજી આવૃત્તિ સંવત ૧૯૮૨માં પ્રગટ કરી, જેમાં કેટલુંક અપ્રગટ સાહિત્ય ઉમેરવામાં આવ્યું. શ્રીમદ્જીનાં લખાણો ગુજરાતી ભાષામાં હોવા છતાં મહત્ત્વાદર્શક નાગરી લિપિમાં એ બંને આવૃત્તિમાં છપાયાં છે. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળે આ આખું વચનામૃત હિંદી ભાષામાં ભાષાંતર કરાવી સં. ૧૯૯૪માં પ્રગટ કર્યું છે. જેમા શ્રીમદ્જીના જીવન અને વિચારો સંબંધી વિસ્તૃત નોંધ ભાષાંતરકાર પં० શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રીએ આપી છે.

આ આવૃત્તિ સંબંધીઃ—

શ્રીમદ્જીના અનન્ય ઉપાસક, પરમભક્તિવંત શ્રી લઘુરાજસ્વામીજીની નિશ્રાએ સ્થપાયેલ આ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના વ્યવસ્થાપકોની ઘણા સમયથી એમના આરાધ્યદેવ શ્રીમદ્જીનાં લખાણો પ્રગટ કરવાની ભાવના હતી. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ પાસેથી આ માટેની અનુમતિ મળતાં આ કાર્ય માટે સંશોધન કરી આખી નવી પ્રેસકોપી નીચેનાં સાધનોનાં આધારે તૈયાર કરવામાં આવી છે.

૧. શ્રીમદ્જીના હસ્તાક્ષરના મૂળ પત્રો, અન્ય લખાણો તથા હાથનોંધોની ડાયરીઓ તેમ હસ્તાક્ષરના મૂળપત્રો આદિના આ આશ્રમે તૈયાર કરાવેલ ફોટાઓ.
૨. શ્રી અંબાલાલભાઈએ તૈયાર કરેલ પુસ્તક જેમાં શ્રીમદ્જીએ પોતે સુધારો વધારો કર્યો છે.
૩. શ્રી દામજીભાઈ કેશવજીએ મૂળપત્રો તથા બીજા સાહિત્યના કરાવેલ ઉતારાઓ.
૪. શ્રીમદ્જીની સૂચનાથી શ્રી અંબાલાલભાઈએ શ્રી લઘુરાજસ્વામી આદિ મુનિઓને ઉતારી આપેલ ડાયરીઓ.
૫. મુમુક્ષુઓ પાસેથી મળેલ મૂળપત્રોની નકલો.
૬. ઉપદેશછાયા, ઉપદેશનોંધ, વ્યાખ્યાનસાર આદિના ઉતારાની ડાયરીઓ.
૭. અત્યાર સુધીમા છપાયેલ આવૃત્તિઓ.

સંગ્રહની વિગત :—

આ સંગ્રહમાં (૧) શ્રીમદ્જીના મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો; (૨) સ્વતંત્ર કાવ્યો; (૩) મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર એ ત્રણ સ્વતંત્ર ગ્રંથ; (૪) મુનિસમાગમ, પ્રતિમાસિદ્ધિ આદિ સ્વતંત્ર લેખો; (૫) પુષ્પમાળા, બોધવચન, વચનામૃત, મહાનીતિ આદિ સ્વતંત્ર બોધવચનમાળાઓ; (૬) પંચાસ્તિકાય ગ્રંથનું ગુર્જર ભાષાંતર; (૭) શ્રીરત્નકરં[illegible]માંથી [illegible] ભાવનાઓનો અનુવાદ તથા સ્વરોદયજ્ઞાન, દ્રવ્યસંગ્રહ, દશવૈકાલિક આદિ [illegible] કેટલીક ગાથાઓનું ભાષાંતર, આનંદઘન ચોવીશીમાથી કેટલાક સ્તવનના અર્થ [illegible] અને જૈન દર્શન સંબંધી નોંધો; (૯) સં. ૧૯૪૬ની રોજનીશી આદિ શ્રીમદ્જી[illegible] [illegible] પાન ૬૬૦ સુધીમાં આપવામાં આવેલ છે. આંક ૭૧૮માં આત્મ[illegible] [illegible]નું [illegible] ટૂંકું વિવેચન શ્રી અંબાલાલભાઈએ કરેલ છે. જે શ્રીમદ્[illegible] [illegible] વિવેચન [illegible] શ્રીમદ્જીએ પોતે લખેલ કોઈ કોઈ ગાથાઓનું વિસ્તૃત વિવેચ

પણ આપવામાં આવ્યું છે. પાન ૬૬૬ થી પાન ૭૮૫ સુધીમાં ઉપદેશ-નોંધ, ઉપદેશછાયા, વ્યાખ્યાનસાર ૧ અને ૨ આપવામાં આવેલ છે. આ લખાણ શ્રીમદ્જીના ઉપદેશ તથા વ્યાખ્યાનોની મુમુક્ષુઓએ લીધેલ નોંધોનું છે. ઉપદેશછાયા જેવો વિભાગ શ્રીમદ્જીની દૃષ્ટિએ આવી ગયાનું જણાય છે.

પાન ૭૮૬ થી ૮૩૩ સુધીમાં શ્રીમદ્જીના પોતાના હસ્તાક્ષરે લખાયેલ ત્રણ હાથનોંધો (ડાયરીઓ) આપવામાં આવી છે.

આ આવૃત્તિસંબંધી સામાન્ય વિગત :—

૧. આ આવૃત્તિમાં પ્રથમની આવૃત્તિઓમાં નહીં પ્રગટ થયેલ એવું ઘણું સાહિત્ય ઉમેરવામાં આવ્યું છે.

૨. મૂળ લખાણમાં-શ્રીમદ્જીનું પોતાનું લખાણ-આધારભૂત જણાયું એટલું લીધું છે. પ્રથમની આવૃત્તિઓમાં મૂળ લખાણરૂપે છપાયેલ પણ ખરી રીતે ઉપદેશનોંધ હોવાથી તે લખાણ ઉપદેશનોંધમાં મૂક્યું છે.

૩. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળની બીજી આવૃત્તિમાં ત્રણે હાથનોંધોના લખાણો-ઉતારાઓ ખરી મિતિએ અનુમાન કરી તે તે વર્ષના ક્રમમાં છાપવામાં આવેલ છે. આ આવૃત્તિમાં તેમ કર્યું નથી. પણ પ્રથમની આવૃત્તિ પ્રમાણે ત્રણે હાથનોંધો સળંગ આપી છે.

૪. પ્રથમની આવૃત્તિઓમાં કેટલાક પત્રો એક જ લખાણના ભાગો કરી જુદા જુદા અંક [illegible]

શ્રી વીતરાગશ્રુતના પ્રકાશન અને પ્રચાર માટે સ્થાપેલ છે. જે મંડળ આજે પણ શ્રી વીતરાગશ્રુતના પ્રકાશનનુ સુંદર કાર્ય કરી રહેલ છે. આ શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળે આ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતની પ્રથમ આવૃત્તિ સંવત ૧૯૬૧માં પ્રગટ કરી. અને બીજી આવૃત્તિ સંવત ૧૯૮૨માં પ્રગટ કરી, જેમાં કેટલુંક અપ્રગટ સાહિત્ય ઉમેરવામાં આવ્યું. શ્રીમદ્જીનાં લખાણો ગુજરાતી ભાષામાં હોવા છતાં મહત્તાદર્શક નાગરી લિપિમાં એ બંને આવૃત્તિમાં છપાયાં છે. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળે આ આખું વચનામૃત હિંદી ભાષામાં ભાષાંતર કરાવી સં. ૧૯૯૪માં પ્રગટ કર્યું છે. જેમા શ્રીમદ્જીના જીવન અને વિચારો સંબંધી વિસ્તૃત નોંધ ભાષાંતરકાર પં૦ શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રીએ આપી છે.

આ આવૃત્તિ સંબંધી:—

શ્રીમદ્જીના અનન્ય ઉપાસક, પરમભક્તિવંત શ્રી લઘુરાજસ્વામીજીની નિશ્રાએ સ્થપાયેલ આ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના વ્યવસ્થાપકોની ઘણા સમયથી એમના આરાધ્યદેવ શ્રીમદ્જીનાં લખાણો પ્રગટ કરવાની ભાવના હતી. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ પાસેથી આ માટેની અનુમતિ મળતાં આ કાર્ય માટે સંશોધન કરી આખી નવી પ્રેસકૉપી નીચેનાં સાધનોનાં આધારે તૈયાર કરવામાં આવી છે.

૧. શ્રીમદ્જીના હસ્તાક્ષરના મૂળ પત્રો, અન્ય લખાણો તથા હાથનોંધોની ડાયરીઓ તેમ હસ્તાક્ષરના મૂળપત્રો આદિના આ આશ્રમે તૈયાર કરાવેલ ફોટાઓ.
૨. શ્રી અંબાલાલભાઈએ તૈયાર કરેલ પુસ્તક જેમાં શ્રીમદ્જીએ પોતે સુધારો વધારો કર્યો છે.
૩. શ્રી દામજીભાઈ કેશવજીએ મૂળપત્રો તથા બીજા સાહિત્યના કરાવેલ ઉતારાઓ.
૪. શ્રીમદ્જીની સૂચનાથી શ્રી અંબાલાલભાઈએ શ્રી લઘુરાજસ્વામી આદિ મુનિઓને ઉતારી આપેલ ડાયરીઓ.
૫. મુમુક્ષુઓ પાસેથી મળેલ મૂળપત્રોની નકલો.
૬. ઉપદેશછાયા, ઉપદેશનોધ, વ્યાખ્યાનસાર આદિના ઉતારાની ડાયરીઓ.
૭. અત્યાર સુધીમાં છપાયેલ આવૃત્તિઓ.

સંગ્રહની વિગત :—

આ સંગ્રહમાં (૧) શ્રીમદ્જીના મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો; (૨) સ્વતંત્ર કાવ્યો; (૩) મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર એ ત્રણ સ્વતંત્ર ગ્રંથ; (૪) મુનિસમાગમ, પ્રતિમાસિદ્ધિ આદિ સ્વતંત્ર લેખો; (૫) પુષ્પમાળા, બોધવચન, વચનામૃત, મહાનીતિ આદિ સ્વતંત્ર બોધવચનમાળાઓ; (૬) પંચાસ્તિકાય ગ્રંથનું ગુર્જર ભાષાંતર; (૭) શ્રીરત્નકરંડ શ્રાવકાચારમાંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ તથા સ્વરોદયજ્ઞાન, દ્રવ્યસંગ્રહ, દશવૈકાલિક આદિ [illegible] કેટલીક ગાથાઓનું ભાષાંતર, આનંદઘન ચોવીશીમાંથી કેટલાક સ્તવનના અર્થ; (૮) વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો; (૯) સં. ૧૯૪૬ની રોજનીશી આદિ શ્રીમદ્જીનું [illegible] ૧ થી [illegible], પાન [illegible] સુધીમાં આપવામાં આવેલ છે. આંક ૭૧૮માં આત્મ-સિદ્ધિ [illegible] ગાથાઓનું અતિ ટૂંકું વિવેચન શ્રી અંબાલાલભાઈએ કરેલ છે. જે શ્રીમદ્જી [illegible] વિવેચન [illegible] શ્રીમદ્જીએ પોતે લખેલ કોઈ કોઈ ગાથાઓનું વિસ્તૃત વિવેચન

પણ આપવામાં આવ્યું છે. પાન ૬૬૧ થી પાન ૭૮૫ સુધીમાં ઉપદેશ-નોંધ, ઉપદેશછાયા, વ્યાખ્યાનસાર ૧ અને ૨ આપવામાં આવેલ છે. આ લખાણ શ્રીમદ્જીના ઉપદેશ તથા વ્યાખ્યાનોની મુમુક્ષુઓએ લીધેલ નોંધોનું છે. ઉપદેશછાયા જેવો વિભાગ શ્રીમદ્જીની દૃષ્ટિએ આવી ગયાનું સાંભળ્યું છે.

પાન ૭૮૬ થી ૮૩૭ સુધીમાં શ્રીમદ્જીના પોતાના હસ્તાક્ષરે લખાયેલ ત્રણ હાથનોંધો (ડાયરીઓ) આપવામાં આવી છે.

આ આવૃત્તિસંબંધી સામાન્ય વિગત:—

૧. આ આવૃત્તિમાં પ્રથમની આવૃત્તિઓમાં નહીં પ્રગટ થયેલ એવું ઘણું સાહિત્ય ઉમેરવામાં આવ્યું છે.
૨. મૂળ લખાણમાં-શ્રીમદ્જીનું પોતાનું લખાણ-આધારભૂત જણાયું તેટલું લીધું છે. પ્રથમની આવૃત્તિઓમાં મૂળ લખાણરૂપે છપાયેલ પણ ખરી રીતે ઉપદેશનોંધ હોવાથી તે લખાણ ઉપદેશનોંધમાં મૂક્યું છે.
૩. આ પરમશ્રુત પ્રભાવક મંડળની બીજી આવૃત્તિમાં ત્રણે હાથનોંધોનાં લખાણો-ઉતારો પરથી મિતિનું અનુમાન કરી તે તે વર્ષના ક્રમમાં છાપવામાં આવેલ છે. આ આવૃત્તિમાં તેમ કર્યું નથી. પણ પ્રથમની આવૃત્તિ પ્રમાણે ત્રણે હાથનોંધો અલગ આપી છે.
૪. પ્રથમની આવૃત્તિઓમાં કેટલાક પત્રોના તે તે લખાણના ભાગો કરી જુદા જુદા આંક નીચે આપવામાં આવ્યા છે તેમ કેટલાંક પત્રો જુદા હોય, છતાં [illegible]

વયવર્ષના અનુક્રમે મૂકયાં છે. જ્યાં મિતિમાં પ્રમાણભૂત ફેર જણાયો ત્યાં મિતિ પ્રમાણેના સ્થાને લખાણ મૂકયું છે.

૧૨. દરેક લખાણના મથાળે પ્રાપ્ત મિતિ આપવામાં આવી છે

૧૩. વિસ્તૃત અનુક્રમણિકા તથા પરિશિષ્ટો આપી બને તેટલો ગ્રંથનો અભ્યાસ સુગમ કરવા પ્રયત્ન કર્યો છે.

પરિશિષ્ટોમાં આ ગ્રંથમાં આવતા અન્ય ગ્રંથોમાંનાં ઉદ્ધરણો અને તેનાં મૂળ સ્થાન; પત્રો વિષે વિશેષ માહિતી; પારિભાષિક અને કઠણ શબ્દોના અર્થ, ગ્રંથનામ, સ્થળ, વિશેષનામ અને વિષયની સૂચિ પણ આપવામાં આવી છે. આમ આ આવૃત્તિ સંબંધીની વિગત પુસ્તકને સમજવામા સુગમતા કરશે.

અવધાન સમયનાં કાવ્યો, સ્ત્રીનીતિબોધ, અન્ય માસિકોમાં છપાયેલ કાવ્યો એમ સોળ વર્ષની ઉમ્મર પહેલાંનાં કાવ્યો આદિ જુદા 'સુબોધસંગ્રહ' ગ્રંથરૂપે આપવાની ભાવનાથી આ સંગ્રહમા મૂકયાં નથી.

અવધાન સંબધી લખાયેલ એક પત્ર (આં. ૧૮) આ ગ્રંથમાં આપ્યો છે.

આત્મસિદ્ધિશાસ્ત્રનુ અંગ્રેજી, મરાઠી અને સંસ્કૃતમાં ભાષાંતર થયુ છે.

આ આત્મસાધન આજે આપણને પ્રાપ્ત થાય છે એ સંગ્રહી શ્રી અંબાલાલભાઈએ આજના સાધકવર્ગ પર પરમ ઉપકાર કર્યો છે.

શ્રીમદ્જીના પરિચયમા આવેલ મુમુક્ષુઓમાં શ્રી અંબાલાલભાઈ, શ્રી જૂઠાભાઈ, શ્રી સૌભાગ્યભાઈ, મુનિશ્રી લઘુરાજસ્વામી જેવા આત્માઓ શ્રીમદ્જીની આશ્રયભક્તિથી આત્મસાક્ષાત્કાર અનુભવી પરમશ્રેય સાધી ગયા છે એવા પરમભક્તિવંત આત્માઓના નિમિત્તે ઉદ્ગમ પામેલ આ સાહિત્ય આજે આપણને આત્માર્થ સાધવામાં પરમ નિમિત્તરૂપ બનો એ પ્રાર્થના છે.

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ તથા એના વ્યવસ્થાપક શ્રી મણિલાલ રેવાશંકર ઝવેરીએ આ ગ્રંથ છપાવવાની આપેલ અનુમતિ માટે આભાર માનવામાં આવે છે.

આ સત્સાધનના પ્રકાશનમાં જે જે ભાઈઓએ તન, મન, ધન અને વચનથી ઉલ્લાસપૂર્વક સાથ આપ્યો છે તે સર્વને એ આત્મશ્રેયનું કારણ બનો.

શ્રી વસંત પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસ્થાપક શ્રી જયંતિ દલાલે આ ગ્રંથ છાપવામાં અંગત [illegible] ને રસ લીધો છે જેથી આટલી સુંદર રીતે આ ગ્રંથ-પ્રકાશન થયુ છે.

આ આત્મશ્રેયસાધક ગ્રંથનો વિનય અને વિવેકપૂર્વક ઉપયોગ કરવાની ભલામણ અસ્થાને નહીં ગણાય.

[illegible]

લિ૦
બ્રહ્મચારી ગોવર્ધનદાસ

આંક	૫૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ
૩૨	૧૪		વવાણિયા		૧૯૪૪ અ. વ. ૩ બુધ
૩૩	૧૬		,,		,, અ. વ. ૪ શુક્ર
૩૪	૧૫		,,		,, શ્રા. વ. ૧૩ સોમ
૩૫	૧૭		,,		,, શ્રા. વ. ૦))
૩૬	૪૭	જૂઠાભાઈ ઊજમસી	મુંબઈ	કલોલ	,, ભા. વ. ૧ શનિ
૩૭	૪૮	,, ,,	,,	અમદાવાદ	,, આ. વ. ૨ ગુરુ
૩૮	૧૮				,,
૩૯	૧૯				,,
૪૦	૨૦		મુંબઈ		,,
૪૧	૨૧	જૂઠાભાઈ ઊજમસી	ભરૂચ	અમદાવાદ	૧૯૪૫ મા. સુ. ૩ ગુરુ
૪૨	૨૨	,, ,,	,,	,,	,, મા. સુ. ૧૨
૪૩	૨૩	,, ,,	મુંબઈ	,,	,, મા. વ. ૭ સો
૪૪	૨૪	જૂઠાભાઈ ઊજમસી	,,	,,	,, મા. વ ૧૨ શ
૪૫		,, ,,	,,	,,	,, મા. વ. ૦))
૪૬	૨૫	,, ,,	,	,,	,, મા.
૪૭	૨૬	(ખીમજી દેવજી)	,,	,,	,,
૪૮	૨૭		વવાણિયા	મુંબઈ	,, માહ સુ ૧૪
૪૯	૨૮	જૂઠાભાઈ ઊજમસી	,,		,, માહ
૫૦	૨૯		,,	અમદાવાદ	,, ,, વ ૭ શુક્ર
૫૧	૩૦		,,		,, ,, વ. ૭ શુક્ર
૫૨	૩૧	(ખીમજી દેવજી)	,,		,, ,, વ. ૭ શુક્ર
૫૩		જૂઠાભાઈ ઊજમસી	,,	મુંબઈ	,, ,, વ ૧૦
૫૪	૩૨		,,	અમદાવાદ	,, ફા. સુ. ૬
૫૫	૩૩		,,		,, ,, સુ. ૯
૫૬		જૂઠાભાઈ ઊજમસી	,,		,, ,, સુ. ૯
૫૭	૩૪	જૂઠાભાઈ ઊજમસી	,,	મોરબી	,, ચૈ સુ ૧૧
૫૮	૩૫	ખીમજી દેવજી (ધ્યાલજી)	,,	,,	,, ,, વ. ૯
૫૯	૩૬ (૧–૨)	જૂઠાભાઈ ઊજમસી	,,	મુંબઈ	,, ,, વ. ૧૦
૬૦	૩૭		,,	અમદાવાદ	,, વૈ. સુ ૧
૬૧	૩૮	મનસુખરામ સૂર્યરામ	,,		,, વૈ.
૬૨	૩૯	ખીમજી દેવજી (ધ્યાલજી)	,,		,, ,, સુ. ૬
૬૩	૮૭૮–૧૦		,,	મુંબઈ	,, ,, ,, ૧૨
૬૪	૪૦	મનસુખરામ સૂર્યરામ	,,		,, ,, વ. ૧૩
૬૫		જૂઠાભાઈ ઊજમસી	,,		,, જે. સુ. ૪
૬૬	૪૧	મનસુખરામ સૂર્યરામ	,,	મોરબી	,, જે. સુ. ૧૦
૬૭	૮૩૮–૧૩	ખીમજી દેવચંદ	અમદાવાદ		,, જે. સુ. ૧૨
			વઢવાણ કેમ્પ	મુંબઈ	,, અ. સુ. ૮

આંક	પ૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	ક્યા સ્થળેથી	ક્યા સ્થળે	તિથિ
૧૦૩	૮૨		મુંબઈ		૧૯૪૬ માઘ
૧૦૪	૮૩	ચીમનલાલ મહાસુખ (જૂઠાભાઈ)			,, ,, વ. ૨
૧૦૫	૮૦		મુંબઈ	અમદાવાદ	,, ફા. સુ. ૬
૧૦૬	૮૪	ચીમનલાલ મહાસુખ (જૂઠાભાઈ)	,,	,,	,, ,, ૮
૧૦૭	૮૫				
૧૦૮	૮૬		,,		,, ,, વ ૧
૧૦૯			,,		,, ,,
૧૧૦					
૧૧૧	૮૭				
૧૧૨	૮૮		મુંબઈ		,, ફા.
૧૧૩	૯૩		,,		,, ચૈ.
૧૧૪			,,		,, વૈ. વ. ૧૨
૧૧૫	૧૦૨	જૂઠાભાઈ ઊજમસીભાઈ	મોરબી	અમદાવાદ	,, અ. સુ. ૪
૧૧૬	૧૦૧	અંબાલાલ, ત્રિભોવન આદિ	મુંબઈ	ખંભાત	,, ,, ,, ૫
૧૧૭	૧૦૧-૨-૩-૪		,,		,, વૈ. સુ. ૩
૧૧૮	૧૦૩	અંબાલાલ લાલચંદ	,,		,, અ. સુ. ૧૦
૧૧૯	૧૦૫	ત્રિભોવનદાસ માણેકચંદ	,,	ખંભાત	,, ,, ,, ૧૫
૧૨૦	૧૦૭	મનસુખરામ સૂર્યરામ	,,	,,	,, ,, વ. ૭
૧૨૧	૧૦૮	અંબાલાલ લાલચંદ	,,		,, ,, ,, ૦))
૧૨૨	૧૦૯		,,	ખંભાત	,, ,,
૧૨૩	૧૧૦	,, ,,	,,	,,	,, ,,
૧૨૪	૧૧૧	ખીમજી દેવજી	,,		,, ,,
૧૨૫	૧૧૨	,, ,,	વવાણિયા	મુંબઈ	,, શ્રા. વ. ૫
૧૨૬	૧૧૩	મનસુખરામ સૂર્યરામ	,,	,,	,, ,, ,, ૧૩
૧૨૭	૧૧૪	ખીમજી દેવજી	,,		,, ભા. સુ ૩
૧૨૮	૧૧૫	અંબાલાલ લાલચંદ	,,	મુંબઈ	,, પ્ર. ભા. સુ. ૪
૧૨૯	૧૧૬	ચત્રભુજ બેચર	,,	ખંભાત	,, ,, ,, ,, ૬
૧૩૦	૧૧૭	ખીમજી દેવજી	,,	જેતપર	,, ,, ,, ,, ૭
૧૩૧	૧૧૮	અંબાલાલ લાલચંદ	,,	મુંબઈ	,, ,, ,, ,, ૧૧
૧૩૨	૧૧૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	જેતપર	ખંભાત	,, ,, ,, વ. ૫
[illegible]	[illegible]	,, ,,	વવાણિયા	મોરબી	,, ,, ,, ,, ૧૩
[illegible]	[illegible]	ત્રિભોવન, અંબાલાલ	,,	,,	,, ઓ. ,, સુ. ૨
[illegible]	[illegible]	,,	,,	ખંભાત	,, ,, ,, ,, ૮
[illegible]	[illegible]	ખીમજી દેવજી	,,	,,	,, ,, ,, ,, ૧૪
			,,	મુંબઈ	,, ,, ,, ,, ૧૪

૫૦ સુ૦ પ્ર૦

આંક	આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	ક્યા સ્થળેથી	ક્યા સ્થળે	મિતિ
૧૭૧	૧૫૦	અંબાલાલ લાલચંદ	મુંબઈ	ખંભાત	૧૯૪૭ કા. સુ. ૧૪
૧૭૨	૧૪૯	મુનિશ્રી લલ્લુજી	,,	,,	,, ,, ,, ૧૪
૧૭૩	૧૫૧	ત્રિભોવન આદિ	,,	,,	,, ,, વ. ૩
૧૭૪	૧૫૨	અંબાલાલ લાલચંદ	,,	,,	,, ,, ,, ૫
૧૭૫		,, ,,	,,	,,	,, ,, ,, ૮
૧૭૬	૧૫૪-૧૫૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, ,, ૯
૧૭૭	૧૫૫	ત્રિભોવન માણેકચંદ	,,	ખંભાત	,, ,, ,, ૧૪
૧૭૮	૧૫૬	અંબાલાલ લાલચંદ	,,	,,	,, ,, ,, ૦))
૧૭૯	૧૪૮-૧		,,	,,	,, ,,
૧૮૦	૧૫૭	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	,,	,, આ. સુ. ૪
૧૮૧	૧૫૮	છોટાલાલ માણેકચંદ	,,	ખંભાત	,, ,, ,, ૯
૧૮૨	૧૫૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, ,, ૧૩
૧૮૩	૧૬૦		,,		,, ,, ,, ૧૪
૧૮૪		અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, ,, ,, ૧૫
૧૮૫		સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, વ. ૭
૧૮૬		અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, આ. સુ. ૧૦
૧૮૭	૧૬૧-૧૬૨	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ૦))
૧૮૮		અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, પોષ સુ. ૭
૧૮૯	૧૬૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, ,, ૫
૧૯૦		અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, ,, ,, ૯
૧૯૧	૧૬૪	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,, ૧૦
૧૯૨	૧૬૫	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, ,, ,, ૧૪
૧૯૩	૧૬૬	,, ,,	,,	,,	,, ,, વ. ૨
૧૯૪	૧૬૭	મુનિશ્રી લલ્લુજી	,,		,, ,,
૧૯૫	૧૬૮		,,		,, ,,
૧૯૬	૧૬૯	મુનિશ્રી લલ્લુજી	,,		,, માહ સુ. ૭
૧૯૭	૧૭૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ૯
૧૯૮	૧૭૧	મુનિશ્રી લલ્લુજી	,,		,, ,, ,, ૧૧
૧૯૯	૧૭૨	(અંબાલાલ લાલચંદ)	,,	ખંભાત	,, ,, ,, ૧૧
૨૦૦	૧૭૨-૧	મણીલાલ સોભાગ્યભાઈ	,,	સાયલા	,, ,, ,,
૨૦૧	[illegible]	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, વ. ૩
૨૦૨		[illegible]	,,		,, ,, ,, ૩
૨૦૩		અંબાલાલ લાલચંદ	,,		,, ,, ,, ૪
૨૦૪	[illegible]	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, ,, ૭
૨૦૫	[illegible]	,, ,,	,,	,,	,, ,, ,, ૧૧

આંક	પ૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	ક્યા ગામેથી	ક્યા ગામે	મિતિ
૨૪૧	૨૦૫	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	મુંબઈ	મોરબી	૧૯૪૭ ચૈ. વ. ૧૪
૨૪૨	૨૦૬	(અંબાલાલ લાલચંદ)	”		” ”
૨૪૩			”		” વૈ. સુ. ૭
૨૪૪	૨૦૭	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	મોરબી	” ” ” ૭
૨૪૫		અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” ” ” ૧૩
૨૪૬	૨૦૮	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	મોરબી	” ” વ. ૩
૨૪૭	૨૦૯	” ”	”	”	” ” ” ૮
૨૪૮	૨૧૦	અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” ” ” ૮
૨૪૯	૨૧૧		”		” જે. સુ. ૭
૨૫૦	૨૧૨	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”		” ” ” ૧૫
૨૫૧	૨૧૩	” ”	”	મોરબી	” ” ” ૬
૨૫૨	૨૧૪		”		” ” સુદ
૨૫૩	૨૧૫	અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” અ. સુ. ૧
૨૫૪	૨૧૬	(ખંભાતના મુમુક્ષુઓ ઉપર)	”	”	” ” ” ૮
૨૫૫	૨૧૭	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”		” ” ” ૧૩
૨૫૬		” ”	”	મોરબી	” ” વ. ૨
૨૫૭	૨૧૮	” ”	”	”	” ” ” ૪
૨૫૮	૨૧૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”		” અષાડ
૨૫૯	૨૨૦	” ”	”		” શ્રા સુ. ૧
૨૬૦	૨૨૧	” ”	”	મોરબી	” ” ” ૯
૨૬૧	૨૨૨	અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” ” ” ૯
૨૬૨	૨૨૩	ઉગરી બ્હેન	”	કલોલ	” ” ” ૯
૨૬૩		ખીમજી દેવજી	રાળજ	મુંબઈ	” ભા. સુ. ૮
૨૬૪	૨૨૪		”		” ” ” ૮
૨૬૫	૨૨૫		”		” ” , ૮
૨૬૬	૨૨૬				” ” ” ૮
૨૬૭	૨૨૭		રાળજ		” ”
૨૬૮	૨૨૮		”		” ”
૨૬૯		સોભાગ્યભાઈ લલ્લુભાઈ	વવાણિયા	મોરબી	” ” વ. ૩
૨૭૦	૨૨૯	અંબાલાલ લાલચંદ	”		” ” ” ૪
૨૭૧	૨૩૦	કુંવરજી મગનલાલ	”	ખંભાત	” ” ” ૪
૨૭૨	૨૩૧	ખીમજી દેવજી	”	કલોલ	” ” ” ૪
૨૭૩	૨૩૨		”	મુંબઈ	” ” ” ૫
૨૭૪	૨૩૩	(સોભાગ્યભાઈ લલ્લુભાઈ)	”		” ” ” ૫
૨૭૫	૨૩૪	અંબાલાલ લાલચંદ	”		” ” ” ૫
૨૭૬			”	ખંભાત	” ” ” ૭

આંક	પ૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ
૩૮૫	૩૧૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	મુંબઈ		૧૯૪૮ અ.
૩૮૬	૩૧૪		,,		,, ,, વ. ૦))
૩૮૭	૩૧૫		,,		,, શ્રા. સુ ૬
૩૮૮	૩૧૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ૪
૩૮૯	૩૭૮–૨,૩૧૭		,,		,, ,, ,, ૧૦
૩૯૦	૩૧૮–૧	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ૧૦
૩૯૧	૩૧૮–૨	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, ,, ,, ૧૦
૩૯૨	૩૧૮–૩		,,		,, ,, ,, ૧૦
૩૯૩	૩૧૯	(સોભાગ્યભાઈ લલ્લુભાઈ ?)	,,		,, ,, ,, ૧૦
૩૯૪	૩૨૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ૧૦
૩૯૫	૩૨૧		,,		,, ,, ,,
૩૯૬	૩૨૨		,,		,, ,, ,,
૩૯૭	૩૨૩	ત્રિભોવન માણેકચંદ આદિ	,,	ખંભાત	,, ,, ,, ૧૧
૩૯૮	૩૨૪	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,, ૧૪
૩૯૯	૩૨૫	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,, ,,
૪૦૦	૩૨૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,,
૪૦૧	૩૨૭	મણીલાલ રાયચંદ ગાંધી	,,	બોટાદ	,, ભા સુ. ૧
૪૦૨	૩૨૮	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,, ૭
૪૦૩	૩૨૯		,,		,, ,, ,, ૧૦
૪૦૪	૩૩૦	કૃષ્ણદાસ આદિ	,,	ખંભાત	,, ,, ,, ૧૦
૪૦૫	૩૩૧	મનસુખ દેવસી	,,	લીંબડી	,, ,, ,, ૧૦
૪૦૬	૩૩૨	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,, ૧૨
૪૦૭	૩૩૩	મણીલાલ રાયચંદ ગાંધી	,,	ભાવનગર	,, ,, વ. ૩
૪૦૮	૩૩૪		,,		,, ,, વ. ૮
૪૦૯	૩૩૫		,,		,, આ. સુ. ૧
૪૧૦	૩૩૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,, ૭
૪૧૧	૩૩૭	,, ,,	,,	,,	,, ,, ,, ૧૦
૪૧૨	૩૩૮–૧		,,	,,	,, ,, વ ૬
૪૧૩	૩૩૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	મોરબી	,, ,, ,, ૮
૪૧૪	૩૪૦		,,		,, આસો
૪૧૫	૩૪૧		,,		,, ,,
[illegible]	૩૪૨		,,		,, ,,
[illegible]	[illegible]		,,		,, ,,
[illegible]	[illegible]		,,		,, ,,
[illegible]	[illegible]		,,		,, ,,
[illegible]	[illegible]		,,		,, ,,

આંક	પ૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	ક્યા સ્થળેથી	કયા સ્થળે	તિથિ
૪૫૭	૩૭૪		મુંબઇ		૧૯૪૯ બી. અ. સુ. ૬
૪૫૮	-	ત્રિભોવન માણેકચંદ	”	ખંભાત	” ” ” ” ૧૨
૪૫૯	૩૭૫	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”		” ” ” વ. ૬
૪૬૦	૩૭૬	કુંવરજીભાઈ તથા ઊગરીબ્હેન	”	કલોલ	” ” ” ” ૧૦
૪૬૧	૩૭૭	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	સાયલા	૧૯૪૯ શ્રા. સુ. ૪
૪૬૨	૩૭૮–૧		”		” ” ” ૫
૪૬૩	૩૭૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	સાયલા	” ” ” ૧૫
૪૬૪		” ”	”	”	” ” વ. ૪
૪૬૫	૩૮૦	” ”	”	”	” ” ” ૫
૪૬૬	૩૮૧		પેટલાદ		” ભા. સુ. ૬
૪૬૭	૩૮૨	(ત્રિભોવન માણેકચંદ ?)	ખંભાત		” ”
૪૬૮	૩૮૩		મુંબઈ		” ”
૩૬૯	૩૮૪		”		” ” વ. ૦))
૪૭૦	૩૮૫	ત્રિભોવન માણેકચંદ	”	ખંભાત	” આ. સુ. ૧
૪૭૧	૩૮૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	સાયલા	” ” ” ૫
૪૭૨	૩૮૭	સોભાગ્યભાઈ તથા ડુંગરસીભાઈ	”	”	” ” ” ૯
૪૭૩	૩૮૮	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”		” ” વ. ૩
૪૭૪	૩૮૯	” ”	”	”	” ” ”
૪૭૫	૩૯૦	” ”	”	મોરબી	” ” ” ૧૨
૪૭૬	૩૯૨–૩		”		” ”
૪૭૭	૩૯૩		”		૧૯૫૦ કા. સુ. ૯
૪૭૮		અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” ” ” ૧૩
૪૭૯	૩૯૪	” ”	”	”	” માહ સુ. ૯
૪૮૦		” ”	”	”	” પો. સુ. ૫
૪૮૧		” ”	”	”	” ” વ. ૧
૪૮૨	૩૯૫	” ”	”	”	” ” ” ૧૪
૪૮૩	૩૯૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	અંજાર	” મા. વ. ૪
૪૮૪	૩૯૭	” ”	”	”	” ” ” ૯
૪૮૫	૩૯૮	” ”	”	”	” ફા. સુ. ૪
૪૮૬	૩૯૯	” ”	”	”	” ” ” ૧૧
૪૮૭	૪૦૦	અંબાલાલ લાલચંદ	”	ખંભાત	” ” ”
૪૮૮	૪૦૧	” ”	”	”	” ” વ. ૧૦
૪૮૯	૪૦૨	” ”	”	”	” ” ” ૧૧
[illegible]	૪૦૩	મેઘજીભાઈ થોભણભાઈ	”		” ” વ. ૧૧
[illegible]	૪૦૪		”		” ”
[illegible]	૪૦૫	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	”	સાયલા	” ”

૫૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક		કોના પ્રત્યે	ક્યા સ્થળેથી	ક્યા સ્થળે	મિતિ
૫૨૮	૪૪૫		મુંબઈ		૧૯૫૦ આ. સુ. ૧૧
૫૨૯	૪૪૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, વ. ૩
૫૩૦	૪૪૭	મોહનલાલ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી)	,,	ડરબન	,, ,, ,, ૬
૫૩૧		સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	અંજાર	,, ,, ,, ०))
૫૩૨		,, ,,	,,	,,	,, ,, ,, ,,



શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
[૯]	૩	કોઈ	"કોઈ
[૧૦]	૩	સમર્થ	સમગ્ત·
[૧૩]	૩૫	યોગીપણુ	યોગીપણુ
[૧૪]	૧૮	પણ કાળના	પણ આ કાળના
[૧૮]	૭	અથ	અર્થ
	૨૫	સવને	સર્વને
૧	૨	(૧)	(કાઢી નાખો, ન જોઈએ)
૩	૨૨	ટળવાનો	ટાળવાનો
૫	૧૨	રહ્યું છે; હોય તો	રહ્યુ હોય તો
	૨૩	નિમકહલાલી	નિમકહલાલી
[illegible]	૩	તે જડાવસ્થા ભાગ્યરૂપ	તે ભાગ્યરૂપ
	૨૦	નહીં આવે	નહીં આવે,
[illegible]	૩૪	ઉદય છે,	ઉદય થાય છે,
[illegible]	૩	પુણ્ય કર્મનો	પુણ્યકર્મનો
	૧૨	આવ્યા છે	આવ્યાં છે
	૨૬	શકતા નથી	શકતા નથી,
[illegible]	[illegible]	સમ્યગ્દર્શન	સમ્યગ્દર્શન
	૧૮	નિરંતર જન્મ	નિરંતર જન્મ,
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૮	૧૦	કાયાંને	કાયાને
૨૯	૧૭	પંચાણુ	બ્યાસી
૩૦	૩૩	વિવેકદ્દાષ્ટ	વિવેકદૃષ્ટિ
	૩૪	,,	,,
૩૧	૯	મુક્તિમાર્ગ એ અને	મુક્તિમાર્ગ અને
૩૨	૮	શૃંગારતિલકરૂપ	શૃંગાર તિલકરૂપ
	૯	મુનિશ્વર	મુનીશ્વર
	૨૪	—०—	—०— [અપૂર્ણ]
૩૩	૯	અહીયા	અહીંયાં
૩૬	૧	(૨)	(કાઢી નાખો, ન જોઈએ)
૪૧	૨૩	નથી	નથી.
	૨૪	ત્યગ્યો	ત્યાગ્યો
૪૨	૧૦	પ્રેમથી	પ્રેમથી,
	૧૫	નિરોગી	નીરોગી
	૧૫	ઇંદ્રિયને	ઇંદ્રિયને
	૨૬	આપણો જ આત્મા જ	આપણો આત્મા જ
૪૩	૩	આનાથીએ	અનાથીએ
	૧૨	સત્ ધર્મ	સત્ ધર્મ,
૪૮	૧૮	પામી છે	પામી છે.
	૩૧	ભગવંત લહો.	ભગવંત ભવંત લહો.
૪૯	૧૯	લઘુના	લઘુતા
૫૦	૧૨	નિંન્દિય	નિંદ્નીય
૫૧	૯	દેવગતિ—	૪. દેવગતિ—

પ૦ મું પ્ર૦	આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ
૫૨૮	૪૬૫		મુંબઈ		૧૯૫૦ આ. સુ. ૧૧
૫૨૯	૪૬૬	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, વ. ૩
૫૩૦	૪૬૭	મોહનલાલ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી)	,,	ડરબન	,, ,, ,, ૬
૫૩૧		સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	અંજાર	,, ,, ,, ૦))
૫૩૨		, ,,	,,	,	,, ,, ,, ,,



શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
[૯]	૩	કોઈ	"કોઈ
[૧૦]	૩	સમર્થ	સમસ્ત
[૧૩]	૩૫	યોગીપણુ	યોગીપણું
[૧૪]	૧૮	પણ કાળના	પણ આ કાળના
[૧૮]	૭	અથ	અર્થ
	૨૫	સવને	સર્વને
૧	૨	(૧)	(કાઢી નાખો, ન જોઈએ)
૩	૨૨	ટળવાનો	ટાળવાનો
૫	૧૨	રહ્યું છે: હોય તો	રહ્યું હોય તો
	૨૩	નિમકહલાલી	નિમકહલાલી
૧૮	૩	તે વૃદ્ધાવસ્થા ભાગ્યરૂપ	તે ભાગ્યરૂપ
	૨૯	નહીં આવે	નહીં આવે,
૨૧	૩૪	ઉદય છે,	ઉદય થાય છે,
૨૨	૩	પુણ્ય કર્મનો	પુણ્યકર્મનો
	૧૨	આવ્યો છે.	આવ્યા છે
	[illegible]	[illegible] નથી.	રહતા નથી,
[illegible]	૬	સમ્યગ્દર્શન	સમ્યગ્દર્શન
	૧૮	નિરંતર જન્મ:	નિરંતર જન્મ,
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	આસ્તિકના
	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	
૨૮	૧૦	કાયાને	કાયાને
૨૯	૧૭	પચાણું	અભ્યાસી
૩૦	૩૩	વિવેકદાષ્ટ	વિવેકદૃષ્ટિ
	૩૪	,,	,,
૩૧	૯	મુક્તિમાર્ગ એ અને	મુક્તિમાર્ગ અને
૩૨	૮	શૃગારતિલકરૂપ	શૃંગાર તિલકરૂપ
	૯	મુનિશ્વર	મુનીશ્વર
	૨૪	—૦—	—૦— [અપૂર્ણ]
૩૩	૯	અહીયા	અહીંયાં
૩૬	૧	(૨)	(કાઢી નાખો, ન જોઈએ)
૪૧	૨૩	નથી	નથી
	૨૪	ત્યગ્યો	ત્યાગ્યો
૪૨	૧૦	પ્રેમથી	પ્રેમથી,
	૧૫	નિરોગી	નીરોગી
	૧૫	ઇદ્રિયને	ઇંદ્રિયને
	૨૬	આપણો જ આત્મા જ	આપણો આત્મા જ
૪૩	૩	આનાથીએ	અનાથીએ
	૧૨	સત્ ધર્મ	સત્ ધર્મ,
૪૮	૧૮	પામી છે	પામી છે.
	૩૧	ભગવંત લહો.	ભગવંત ભવંત લહો
૪૯	૧૯	લધુતા	લઘુતા
૫૦	૧૨	નિંદનિય	નિંદનીય
૫૧	૯	દેવગતિ—	૪. દેવગતિ —

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
	૨૧	અર્થાત	અર્થાત્
૨૪૧	૧૬	હેય	હોય
૨૬૧	૩૦	ાવચારણાથી	વિચારણાથી
૨૬૯	૩૧	બહ્મ	બ્રહ્મ
૨૭૩	૧૫	વશવર્તાપણે	વશવર્તીપણે
૨૯૦	૧૨	માપવાનુ	પામવાનુ
૩૧૦ ૩૧૧	૩૬ ૧–૨	જે જે વાટેથી . જય પમાશે.	આ પેરો અહીંથી કાઢી નાખો. પત્રાંક ૨૭૭માં આવી ગયો છે તે ત્યાં જ બરાબર છે
૩૩૦	૨૫	પુરુપાપાર્થ	પુરુપાર્થ
૩૩૫	૧૭	ફૂલદય	ફૂલદ્ય
		આઝલ	આજ્ઞલ
૩૪૦	૨	દેવતઓ	દેવતાઓ
૩૫૦	૧૮	હોવુ	હોવું
૩૫૭	૩૦	યોય	યોગ્ય
૩૬૪	૨	યોય	યોગ્ય
૩૭૧	૨૩	શાસ્ત્ર	માત્ર
૩૭૯	૧૪	કહેવી ? આશ્ચર્ય	આશ્ચર્ય
૩૯૦	૩૫	બનવા છે	બનવા યોગ્ય છે.
૩૯૯	૩૩	ઓને તે	અને તે
૪૦૫	૧૭	પર્વજ્ઞાનીઓનુ	પૂર્વ જ્ઞાનીઓનુ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૦૬	૨૫	ગ્રહણકરી	ગ્રહણ કરી
૪૧૧	૭	ગૂઙવારી	ગૂઢવારી
૪૧૨	૫	ભક્તિયોગરૂગ	ભક્તિયોગરૂપ
૪૧૩	૧૯	યથાર્થપદે	અયથાર્થપદે
૪૨૦	૨૪	ક્રિયાગાં	ક્રિયામા
૪૨૫	૫	આવે	આવો
૪૩૩	૧	ક્વાચત	ક્વચિત્
૪૩૪	૧	નિશ્ચય	નિશ્ચય
૪૪૦	૨૫	લખ્યુ	લખ્યુ
૪૪૪	૩૪	सवुज्झा	सवुज्झहा
૪૫૦	૧	તેટલો તો	તેટલો તો ખેદ
૪૫૪	૨૯	અથે છે,	અર્થે છે.
	૩૩	કયો છે,	કર્યો છે,
૪૫૮	૨૯	એતે	અને
૪૬૨	૧૬	અધિકારનુ	અધિકારનું
૪૬૯	૩૧	લખ્યુ	લખ્યુ
૪૭૦	૨	તે જિનાગમમાં	જિનાગમમાં
૪૭૧	૧	સવ	સર્વ
૪૭૭	૧૫	સવિપમયોગે	સમવિપમયોગે
૪૭૯	૩	સત્સગયોગ્ય	સત્સંગયોગ્ય
૪૮૧	૨૬	વખવાની	લખવાની
૪૮૨	૩૪	અતર્થા	અર્થાત્
૪૮૯	૨૪	જેને	જેણે
૪૯૦	૯	કઈ	કંઈ



ફા.	નામ	ગામ
૨૦૧	શ્રી છગનભાઈ મોતીભાઈ તથા	નાર
	,, મૂળજીભાઈ મોતીભાઈ તથા	
	,, કાંતિભાઈ સીવાભાઈ	
૨૦૧	,, ફુલાભાઈ કુબેરભાઈ	સુણાવ
૨૦૧	,, પ્રફુલ્લબેન પુરુષોત્તમદાસ	આંકલાવ
૨૦૧	સ્વ. મફતલાલ રૂઘનાથજીના આત્માર્થે હા. નેમીચંદ શરેમલજી	કુડા
૨૦૧	શ્રી ગુલાબચંદજી ફોજમલજી	આહોર
૧૫૬	,, ભીમજીભાઈ વીરચંદભાઈ	બોટાદ
૧૫૧	,, દેવીચંદ વરધાજી	કુડા
૧૫૧	,, ઠાકોરભાઈ લલ્લુભાઈ	નવસારી
૧૫૧	,, રીખબચંદ ચંપાલાલના માતુશ્રી કેસરબેન તરફથી	હુબલી
૧૫૧	,, નરસીંગજી ટીલાજી	લખાણી
૧૩૧	,, પ્રભુભાઈ લલ્લુભાઈ	કરમડી
૧૨૫	,, કાશીબેન મણીભાઈ તથા	આશ્રમ
	,, ઈન્દુબેન	
૧૨૫	,, રાવજીભાઈ રામદાસ	કાવીઠા
૧૨૫	,, અંબાલાલ જેસીંગભાઈ	બોરીઆ
૧૨૫	,, મગનભાઈ જેસીંગભાઈ	,,
૧૦૧	,, મણીબેન ભાઈલાલભાઈ	ધુલીઆ
૧૦૧	,, ઉમેદભાઈ હીરાભાઈ તથા માકરબેન ઉમેદભાઈ	બોરીઆ
૧૦૧	સ્વ. ડૉ. ભાઈલાલ પુનશી ભાટે તથા શ્રી શાન્તિલાલ એમ શાહ	મુંબઈ
૧૦૧	,, મનુભાઈ લલ્લુભાઈ	એડોલી
૧૦૧	,, નાનાબેન રાવજીભાઈ તથા	ભાદરણ
	,, સવિતાબેન રાવજીભાઈ	
૧૦૧	,, તારાબેન દીનુભાઈ	
૧૦૧	,, [illegible]	ધર્મજ
૧૦૧	,, [illegible]	મુંબઈ
૧૦૧	,, [illegible] વીરચંદભાઈ	બોટાદ
૧૦૧	,, [illegible]	આશ્રમ
	,, [illegible] તથા	
	,, [illegible]	
૧૦૧	,, [illegible]	નેગવા
૧૦૧	,, [illegible]	આશ્રમ
	[illegible] તથા	દતાલી
	[illegible] તથા	
	[illegible]	

ફા.	નામ	ગામ
૧૦૧	શ્રી પાનુભાઈ કચરાભાઈ	મુંબઈ
૧૦૧	,, ડાબાભાઈ નારણભાઈ	શીમરડા
૧૦૧	,, રાવજીભાઈ ચતુરભાઈ	દતાલી
૧૦૧	,, મગરાજજી શીરેમલજી	આહોર
૧૦૧	,, જડાવબેન તથા મોહનબેન	,,
૧૦૧	,, હરખુબેન તથા ઉલ્લાસબેન	,,
૧૦૧	,, વિમળાબેન તથા મંજુલાબેન	,,
૧૦૧	,, ગણેશમલજી રાજમાલજી	,,
૧૦૧	,, અંબાલાલ સોમાભાઈ તથા	સદેસર
	,, મગનભાઈ અંબાલાલ	
૧૦૧	,, ઠાકોરભાઈ લલ્લુભાઈ	સામપુરા
૧૦૧	,, દનાભાઈ રતનશી	મુંબઈ
	હા. આસુભાઈ રતનશી.	
૧૦૧	,, બળદેવભાઈ ગોરધનભાઈ	સોજીત્રા
૧૦૧	,, કમળાબેન રામભાઈ	સુવા
૧૦૧	,, બાબુલાલ ભુદરજી	મુંબઈ
૧૦૧	,, શીરાજી હરખચંદજી	હોસપેટ
૧૦૧	,, વિમળચંદ ગટુલાલ	આહોર
૧૦૧	,, રતનચંદજી ખૂબાજી	,,
૧૦૧	,, સમજુબેન પ્રીતમલાલ	કલકત્તા
૧૦૧	,, માધવભાઈ ખુશાલભાઈ	નનસાડ
૧૦૧	,, રીખબચંદજી પ્રભુજીના સ્વ. પુત્ર રમણલાલના આત્માર્થે.	હુબલી
૧૦૧	,, લાલભાઈ દયાલભાઈ તથા ભીખીબેન	નીણુમ
૧૦૧	,, ચતુરભાઈ મગનભાઈ	ભાદરણ
૧૦૧	,, ડહીબેન ચતુરભાઈ	,,
૧૦૧	સ્વ. શેઠ શાંતિલાલ મર્ચંટના આત્માર્થે હા. શ્રી મેનાવતીબેન	અમદાવાદ
૧૦૧	શ્રી કાંતિલાલ હરિલાલ	મુંબઈ
૧૦૧	,, એક મુમુક્ષુભાઈ	,,
૧૦૧	,, મગનભાઈ શંકરભાઇ	સુણાવ
૧૦૧	,, ગોવિંદભાઈ ભૂલાભાઈ	સરઈ
૧૦૧	,, વૈદ્ય કોજમલજી ભીમાજીના તરફથી તેમના સ્વ. ભાઈ હરખચંદજીના આત્માર્થે.	આહોર

રૂા.		નામ	ગામ
૨૫	શ્રી	હીરાભાઈ મોતીલાલ	અમદાવાદ
૨૫	,,	મૂળજીભાઈ લલ્લુભાઈ	બાજીપુરા
૨૫	,,	બાજરભાઈ મનોરભાઈ	કાવીઠા
૨૫	,,	રાવજીભાઈ આશાભાઈ	દંતાલી
૨૫	સ્વ.	દિવાળીબાના આત્માર્થે હા. મગનભાઈ ગોવિંદભાઈ	સડોદરા
૨૫	શ્રી	લક્ષ્મીબાઈ નાગજીભાઈ	લાખાપુર
૨૫	,,	ડાહ્યાભાઈ ખુશાલભાઈ	ચણવદ
૨૫	,,	દયાળજી બેચરભાઈ	ભૂવાસણ
	,,	માનીબેન નારણભાઈ	વાવ
૨૩–૭૫	,,	દયારામ મૂળજીભાઈ	સડોદરા
૨૩	,,	વહાલીબેન વીરચંદ	ઈડર
૨૧	,,	ભાઈલાલભાઈ દેસાઈભાઈ	સુણાવ
૨૧	,,	ધર્મચંદજી જશરાજજી	સુરત
૨૧	,,	અબાલાલ ફુલાભાઈ	કારેલા
૨૧–૨૫	,,	શારદાબેન ડાહ્યાભાઈ	વાવ
૨૧–૫૦	,,	લાડુબેન વિઠ્ઠલભાઈ	તારાયાણ
૨૧	,,	કમળાબેન ભીખાલાલ	વડોદરા
૨૧	,,	એક બહેન	મુંબઈ
૨૧	,,	અંબાલાલ ભગવાનદાસ	સૈજપુર
૨૧	,,	ભુરાભાઈ વખતચંદના આત્માર્થે હા. જયેન્દ્ર ચીનુભાઈ	નાગપુર
૧૭	શ્રી	તુરખીઆ	એડન
૧૫	,,	કમળાબેન રતીલાલ	બોટાદ
૧૫	,,	અબાલાલ શનાભાઈ	આણંદ
૧૫–૨૫	,,	વીરજીભાઈ હેમરાજ	મુંબઈ
૧૫	,,	ઝવેરભાઈ મૂળજીભાઈ	ડુંગરપુર
૧૫	,,	મૂળજીભાઈ [illegible]	બાજીપુરા
૧૫	,,	રૂખીબેન ખુશાલભાઈ	વાવ
૧૫	,,	[illegible] નાનચંદ	બોટાદ
૧૫–૨૫	,,	રેવાભાઈ [illegible]	ભૂવાસણ
૧૫	,,	[illegible] વીરજીભાઈ	દિલ્હી
૧૫	,,	[illegible] નેમીચંદજી	મોકલસર
૧૫		[illegible] નારણભાઈ	મોજીત્રા
	,,	[illegible]	બોટાદ
		[illegible]	મુંબઈ
	,,	[illegible]	બોટાદ

રૂા.		નામ	ગામ
૧૧	શ્રી	રણછોડભાઈ બાજરભાઈ	અગાસ
૧૧	,,	ડાહ્યાભાઈ હીરાભાઈ	બોરીઆ
૧૧	,,	ગરબડ જેઠાભાઈ	,,
૧૧	,,	ગોકળભાઈ કરસનદાસ	બોદાલ
૧૧	,,	ભાઈલાલભાઈ નાગરભાઈ	દંતાલી
૧૧	,,	અનુપચંદ છગનલાલ	જોરાવરનગર
૧૧	,,	નાથુભાઈ પ્રભુદાસ	મુલદ
૧૧	,,	શંકરભાઈ શનાભાઈ	સુણાવ
૧૧	,,	મોહનભાઈ પ્રાગજીભાઈ	બોરીઆ
૧૧	,,	રાયચંદ હીરજી	મુંબઈ
૧૧	,,	નરસીહભાઈ ફુલાભાઈ	કારેલા
૧૧	,,	મોતીભાઈ બકોરભાઈ	,,
૧૧	,,	ધનજીભાઈ ,,	,,
૧૧	,,	ચંદ્રકાન્તભાઈ	ભરૂચ
૧૧	,,	રણછોડભાઈ ઝવેરભાઈ	કંબોલા
૧૧	,,	માલવિકાબેન પન્નાલાલ	વડોદરા
૧૧	,,	માધવભાઈ ભૂલાભાઈ	નનસાડ
૧૧	,,	એક મુમુક્ષુ બહેન	બોટાદ
૧૧	,,	આશાભાઈ કલ્યાણભાઈ	કાવીઠા
૧૧	,,	મંછીબેન લલ્લુભાઈ	ટીંબા
૧૧–૨૫	,,	કંકુબેન તથા કેસરબેન	મુંબઈ
૧૧	,,	અબાબેન લલ્લુભાઈ	શામપુરા
૧૧	,,	નેમીચંદજી શરેમલજી	કુડા
૧૧	,,	રૂક્ષ્મણીબેન દફતરી	મોરબી
૧૧	,,	મણીભાઈ ડાહ્યાભાઈ	સદેસર
૧૧	,,	શાન્તાબેન ચંપકલાલ	બોટાદ
૧૧–૨૫	,,	જગદીશકુમાર છગનલાલ	વાવ
૧૧	,,	ધનરાજજી કેવલચંદજી	બાલોતરા
૧૧	,,	મીઠાલાલ ગૌતમકુમાર	,,
૧૧	,,	રાણમલજી સુરેન્દ્રકુમાર	,,
૧૦	,,	ચંપાબેન લીલાધર	મુંબઈ
૧૦	,,	ચંપકલાલ ચુનીલાલ	સુરત
૧૦	,,	ભૂલાભાઈ છગનભાઈ	દેરોદ
૧૦	,,	ધીરજભાઈ કાળીદાસ	,,
૧૦	,,	કેવળભાઈ પરસોતમ	કેલવીકુવા
૧૦	,,	શંભુલાલ લલ્લુભાઈ	સુરત
૧૦		[illegible]	[illegible]

પ્રભુપ્રાર્થના

દોહરા

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૩

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૪

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન,
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૫

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન ૬

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન,
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૭

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૮

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન,
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૯

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન ૧૦

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૧૧

આધિ વ્યાધિ ઉપાધિ ને, હરો તંત તોફાન;
કરુણાણુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૨

કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૩

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ યુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૪

શાંતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
[illegible] આપશો, ભયભંજન ભગવાન. ૧૫

[illegible] શાંતિ ઔદાર્યના, ધર્મમર્મ મનધ્યાન;

(૪) ૧ પ્રહર—વિદ્યાપ્રયોજન
(૫) ૨ પ્રહર—નિદ્રા
(૬) ૨ પ્રહર—સંસારપ્રયોજન

૮ પ્રહર

૮ જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે.

૯ જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજેઃ—

(૧) તુ જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી?
(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી?
(૩) તુ જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી?
(૪) ચિત્રવિચિત્રતાનુ પ્રયોજન શુ છે?

૧૦ જો તને અસ્તિત્વ પ્રમાણભૂત લાગતું હોય અને તેના મૂળતત્ત્વની આશંકા હોય તો નીચે કહું છુંઃ—

૧૧ સર્વ પ્રાણીમા સમદૃષ્ટિ,—

૧૨ કિંવા કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવા નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.

૧૩ કિંવા સત્પુરુષો જે રસ્તે ચાલ્યા તે.

૧૪ મૂળતત્ત્વમાં ક્યાંય ભેદ નથી, માત્ર દૃષ્ટિમાં ભેદ છે એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે

૧૫ તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૧૬ ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

૧૭ આજે જો તું દુષ્કૃતમા દોરાતો હો તો મરણને સ્મર.

૧૮ તારા દુઃખ સુખના બનાવોની નોધ આજે કોઇને દુઃખ આપવા તત્પર થાય તો સંભારી જા.

૧૯ રાજા હો કે રંક હો—ગમે તે હો, પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાના પુદ્ગલ થોડા વખતને માટે માત્ર ત્રણ સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૨૦ તું ગજા હો તો ફિકર નહી, પણ પ્રમાદ ન કર, કારણ નીચમાં નીચ, અધમમા અધમ, [illegible]નો, [illegible]પાનનો, નિર્વંશનો, ચંડાલનો, કસાઇનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે [illegible]?

૨૧ [illegible] દુઃખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા! [illegible] છે.

૨૨ [illegible] તો ચોગી એવા વિચારને મનન કરી જજે

૨૩ [illegible]

આજે શોધીને કહેજે.

૪૬ તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

૪૭ એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્‌ભક્તિમાં લીન થઈ ક્ષમાપના યાચ.

૪૮ સંસારપ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે

૪૯ જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૫૦ ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગાળ્ય કરજે.

૫૧ જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

૫૨ સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઇત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૩ પવિત્રતાનું મૂળ સદાચાર છે

૫૪ મન દોરંગી થઈ જતું જાળવવાને,—

૫૫ વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૫૬ કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનુ છું' એમ આજે વિચારજે.

૫૭ તારે હાથે કોઈની આજીવિકા તૂટવાની હોય તો,—

૫૮ આહારક્રિયામા હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો

૫૯ જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઇશ્વરભક્તિપરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઈ લેજે

૬૦ હું સમજુ છું કે એમ થવું દુર્ઘટ છે, તોપણ અભ્યાસ સર્વનો ઉપાય છે

૬૧ ચાલ્યુ આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

૬૨ તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનુ સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

૬૩ મહારંભી, હિંસાયુક્ત વ્યાપારમા આજે પડવું પડતું હોય તો અટકજે

૬૪ અઢળગી લક્ષ્મી મળતા છતા આજે અન્યાયથી કોઈનો જીવ જતો હોય અટકજે.

૬૫ વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૬૬ વાસ્તવિક સુખ માત્ર વિરાગમા છે માટે જંજાળમોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં

૬૭ નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૬૮ કોઈ પ્રકારની નિષ્પાપી રમત કિંવા અન્ય કંઈ નિષ્પાપી સાધન આજની આનંદ [illegible] માટે શોધજે.

૯૧ શુદ્ધ સચ્ચિદાનંદ, કરુણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારા સત્કૃત્યનું જીવન છે.

૯૨ તારું, તારા કુટુંબનુ, મિત્રનું, પુત્રનુ, પત્નીનુ, માતાપિતાનુ, ગુરુનું, વિદ્વાનનુ, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનુ કર્તવ્ય થયુ હોય તો આજના દિવસની તે સુગંધી છે.

૯૩ જેને ઘેર આ દિવસ કલેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૯૪ કુશલ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્‌ગુણી સુંદરી, સંપીલુ કુટુંબ, સત્પુરુષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે

૯૫ એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરુષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે તેનો દિવસ આપણુને માનનીય છે.

૯૬ એથી પ્રતિભાવવાળું વર્તન જ્યા મચી રહ્યુ છે તે ઘર આપણી કટાક્ષદૃષ્ટિની રેખા છે.

૯૭ ભલે તારી આજીવિકા જેટલુ તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરુપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૯૮ કોઈએ તને કડવું કથન કહ્યુ હોય તે વખતમા સહનશીલતા — નિરુપયોગી પણ,

૯૯ દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવુ ફરીથી ન થાય તે લક્ષિત રાખજે.

૧૦૦ આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક શક્તિ ઉજ્વાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી હોય તો તે,—

૧૦૧ અયોગ્ય રીતે આજે તારી કોઈ શક્તિનો ઉપયોગ કરીશ નહીં,—મર્યાદાલોપનથી કરવો પડે તો પાપભીરુ રહેજે

૧૦૨ સરળતા એ ધર્મનુ બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે

૧૦૩ બાઈ, રાજપત્ની હો, કે દીનજનપત્ની હો પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી વર્તની મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે

૧૦૪ સદ્‌ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.

૧૦૫ બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણસંબંધી ચિંતવન, શ્રવણ, મનન, કીર્તન, પૂજા, અર્ચા એ જ્ઞાની પુરુષોએ વખાણ્યા છે, માટે આજનો દિવસ શોભાવજો

૧૦૬ સત્શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

૧૦૭ આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા

૧૦૮ લાંબી ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું?

[૩]

૪

ધર્મ વિષે

કવિત

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું,
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું ! ૧

મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકલ સિદ્ધાંતથી,
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશિ વિના જેવી રીતે, શર્વરી સુહાય છે,
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩

ચતુરો ચોપેથી ચાહી ચિંતામણિ ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી કલ્પતરુ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્મના ઉદ્ધારને ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી:

૨૮ સમદૃષ્ટિમાં ગજસુકુમારનું ચરિત્ર વિચારવું.
૨૯ રાગાદિકથી વિરક્ત થવું એ જ સમ્યગ્જ્ઞાન
૩૦ સુગંધી પુદ્ગલ સૂંઘવાં નહીં, સ્વાભાવિક તેવી ભૂમિકામાં ગયા તો રાગ કરવો નહીં.
૩૧ દુર્ગંધ ઉપર દ્વેષ કરવો નહીં.
૩૨ પુદ્ગલની હાનિવૃદ્ધિ ઉપર ખેદખિન્ન કે રાજી થવું નહીં.
૩૩ આહાર અનુક્રમે ઓછો કરવો. (લેવો.)
૩૪ કાયોત્સર્ગ બને તો અહોરાત્રી કરવો. (નીકર) એક કલાક કરવા ચૂકવું નહીં.
૩૫ ધ્યાન એકચિત્તથી રાગદ્વેષ મૂકીને કરવું.
૩૬ ધ્યાન કર્યા પછી ગમે તે પ્રકારનો ભય ઉત્પન્ન થાય તોપણ બીવું નહીં. અભય આત્મસ્વરૂપ વિચારવું. 'અમરદશા જાણી ચળવિચળ ન થવું.'
૩૭ એકલા શયન કરવું.
૩૮ એકાકી વિચાર હંમેશ અંતરંગ લાવવો
૩૯ શંકા, કંખા કે વિતિગિચ્છા કરવી નહીં. જેમ ત્વરાએ આત્મહિત થાય એવાની સોબત કરવી.
૪૦ દ્રવ્યગુણ જોઈને પણ રાજી થવું નહીં.
૪૧ ખટદ્રવ્યના ગુણપર્યાય વિચારો.
૪૨ સર્વને સમદૃષ્ટિએ જુઓ.
૪૩ બાહ્ય મિત્ર ઉપર જે જે ઇચ્છા રાખતા હો તે કરતાં અભ્યંતર મિત્રને તાકીદથી ઇચ્છો.
૪૪ બાહ્ય સ્ત્રીની જે પ્રકારની જે ઇચ્છા રાખો છો તેથી ઊલટી રીતે આત્માની સ્ત્રી તદ્રૂપ તે જ ઇચ્છો.
૪૫ બહાર લડો છો તે કરતાં અભ્યંતર મહારાજાને હરાવો.
૪૬ અહંકાર કરશો નહીં.
૪૭ કોઈ દ્વેષ કરે પણ તમે કરશો નહીં.
૪૮ ક્ષણે ક્ષણે મોહનો સંગ મૂકો.
૪૯ આત્માથી કર્માદિક અન્ય છે, તો મમત્વરૂપ પરિગ્રહનો ત્યાગ કરો.
૫૦ સિદ્ધનાં સુખ સ્મૃતિમાં લાવો
૫૧ એક ચિત્તે આત્મા ધ્યાવો પ્રત્યક્ષ અનુભવ થશે.
૫૨ બાહ્ય કુટુંબ ઉપર રાગ કરશો નહીં
૫૩ અભ્યંતર કુટુંબ ઉપર રાગ કરશો નહીં
૫૪ સ્ત્રીએ પુરુષાદિક ઉપર અનુરક્ત થવું નહીં.
૫૫ વસ્તુધર્મ યાદ કરો.
૫૬ કોઈ બંધનાર નથી, પોતાની ભૂલથી બંધાય છે.
૫૭ [illegible]ને [illegible]મા લાવશો તો શત્રુ સર્વે દૂર જશે
૫૮ [illegible] [illegible]ન વિલાપ તુલ્ય જાણો
૫૯ [illegible] દેખનાર (ભાવ) ભારકર્મ
૬૦ [illegible]

૯૨ તેમ ન થાય તો કેવલીગમ્ય, એમ ચિંતવજો એટલે શ્રદ્ધા ફરશે નહીં.

૯૩ બાહ્ય કરણી કરતાં અભ્યંતર કરણી ઉપર વધારે લક્ષ આપવું.

૯૪ 'હું ક્યાથી આવ્યો?' 'હું ક્યાં જઈશ?' 'શું મને બંધન છે?' 'શું કરવાથી બંધન જાય?' 'કેમ છૂટવુ થાય?' આ વાક્યો સ્મૃતિમાં રાખવાં.

૯૫ સ્ત્રીઓના રૂપ ઉપર લક્ષ રાખો છો તે કરતાં આત્મસ્વરૂપ ઉપર લક્ષ દો તો હિત થાય.

૯૬ ધ્યાનદશા ઉપર લક્ષ રાખો છો તે કરતાં આત્મસ્વરૂપ ઉપર લક્ષ આપશો તો ઉપશમભાવ સહજથી થશે અને સમસ્ત આત્માઓને એક દૃષ્ટિએ જોશો. એકચિત્તથી અનુભવ થશે તો તમને એ ઇચ્છા અંદરથી અમર થશે. એ અનુભવસિદ્ધ વચન છે.

૯૭ કોઈના અવગુણ તરફ ધ્યાન આપશો નહીં. પણ પોતાના અવગુણ હોય તે તે ઉપર વધારે દૃષ્ટિ રાખી ગુણસ્થ થવું.

૯૮ બંધાયેલાને જે પ્રકારે બાધ્યો તેથી ઊલટી રીતે વર્તો એટલે છૂટશે.

૯૯ સ્વસ્થાનકે જવાનો ઉપયોગ કરજો.

૧૦૦ મહાવીરની ઉપદેશેલી બાર ભાવનાઓ ભાવો.

૧૦૧ મહાવીરના ઉપદેશવચનનું મનન કરો

૧૦૨ મહાવીર પ્રભુ જે વાટેથી તર્યા અને જેવો તપ કર્યો તેવો નિર્મોહપણે તપ કરવો

૧૦૩ પરભાવથી વિરક્ત થા.

૧૦૪ જેમ બને તેમ આત્માને ત્વરાથી આરાધો

૧૦૫ સમ, દમ, ખમ એ અનુભવો

૧૦૬ સ્વરાજ પદવી સ્વતપ આત્માનો લક્ષ રાખો (દો).

૧૦૭ રહેણી ઉપર ધ્યાન દેવું

૧૦૮ સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ

૧૦૯ સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ

૧૧૦ સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

૧૧૧ સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ

૧૧૨ સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ

૧૧૩ સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

૧૧૪ સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો (દો)

૧૧૫ પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો

૧૧૬ પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો

૧૧૭ પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

૧૧૮ [illegible]ની સ્ફૂર્તિ થાય ત્યારે સ્થિરતા કરી તે પછી ટાઢ, તાપ, છેદન, ભેદન ઇત[illegible] [illegible] ના મનના વિચાર લાવશો નહીં.

૧૧૯ [illegible]ની સ્ફૂર્તિ થાય ત્યારે સ્થિરતા કરી તે પછી દેવ, મનુષ્ય, તિર્યંચના પરિ[illegible] [illegible]નારી છે એવો એક ઉપયોગથી વિચાર લાવશો, તો તમોને ભય [illegible]

[૧૪૧] ૮

સહજપ્રકૃતિ

૧ પરહિત એ જ નિજહિત સમજવું, અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.
૨ સુખદુઃખ એ બન્ને મનની કલ્પના છે.
૩ ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.
૪ સઘળા સાથે નમ્રભાવથી વસવું એ જ ખરું ભૂષણ છે.
૫ શાંતસ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે.
૬ ખરા સ્નેહીની ચાહના એ સજ્જનતાનું ખાસ લક્ષણ છે.
૭ દુર્જનનો ઓછો સહવાસ.
૮ વિવેકબુદ્ધિથી સઘળું આચરણ કરવું.
૯ દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી.
૧૦ ધર્મકર્મમાં વૃત્તિ રાખવી.
૧૧ નીતિના બાંધા પર પગ ન મૂકવો.
૧૨ જિતેંદ્રિય થવું.
૧૩ જ્ઞાનચર્ચા અને વિદ્યાવિલાસમાં તથા શાસ્ત્રાધ્યયનમાં ગૂંથાવું.
૧૪ ગંભીરતા રાખવી.
૧૫ સંસારમાં રહ્યા છતાં ને તે નીતિથી ભોગવતાં છતાં, વિદેહી દશા રાખવી.
૧૬ પરમાત્માની ભક્તિમાં ગૂંથાવું.
૧૭ પરનિંદા એ જ સબળ પાપ માનવું.
૧૮ દુર્જનતા કરી ફાવવું એ જ હારવું, એમ માનવું.
૧૯ આત્મજ્ઞાન અને સજ્જનસંગત રાખવાં.

૯

ૐ

પ્રશ્નોત્તર

પ્રશ્નો	ઉત્તર
૧ જગતમાં આદરવા યોગ્ય શું છે?	૧ સદ્ગુરુનું વચન.
૨ શીઘ્ર કરવા યોગ્ય શું?	૨ કર્મનો નિગ્રહ
૩ મોક્ષતરુનું બીજ શું?	૩ ક્રિયાસહિત સમ્યગ્જ્ઞાન.
૪ સદા ત્યાગવા યોગ્ય શું?	૪ અકાર્ય કામ.
૫ ખરો પવિત્ર કોણ?	૫ જેનું અંતઃકરણ પાપથી રહિત હો
૬ સદા યૌવનવંત કોણ?	૬ તૃષ્ણા (લોભદશા).

દેવ, મનુષ્ય, તિર્યંચ, એ સમસ્ત જોતજોતામા પાણીના બિંદુની પેઠે અને આકળના પુંજની પેઠે વિણુસી જાય છે, જોતજોતામાં વિલયમાન થઈ ચાલ્યા જાય છે. વળી આ બધા રિદ્ધિ, સંપદા, પરિવાર, સ્વપ્ન સમાન છે. જેવી રીતે સ્વપ્નમા જોયેલુ પાછુ નથી દેખાતું, તેવી રીતે વિનાશ પામે છે. આ જગતમાં ધન, યૌવન, જીવન, પરિવાર સમસ્ત ક્ષણભંગુર છે, એને સંસારી મિથ્યાદષ્ટિ જીવ, પોતાનું સ્વરૂપ, પોતાનું હિત જાણે છે પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું સ્વરૂપ કેમ માને? સમસ્ત ઇંદ્રિયજનિત સુખ જે દષ્ટિગોચર દેખાય છે, તે ઇંદ્રધનુષ્યના રંગની પેઠે જોતજોતામાં નાશ થઈ જાય છે. યૌવનનું જોશ સંધ્યાકાળની લાલીની પેઠે ક્ષણ ક્ષણમાં વિનાશ પામે છે, એટલા માટે આ મારું ગામ, આ મારું રાજ્ય, આ મારું ઘર, આ મારું ધન, આ મારું કુટુબ, એવા વિકલ્પ કરવા તે જ મહામોહનો પ્રભાવ છે. જે જે પદાર્થો આખથી જોવામાં આવે છે, તે તે સમસ્ત નાશ પામશે, એની દેખવા જાણુવાવાળી ઇંદ્રિયો છે તે અવશ્ય નાશ પામશે. તે માટે આત્માના હિત માટે જ ઉતાવળે ઉદ્યમ કરો જેમ એક જહાજમા અનેક દેશના અને અનેક જાતિના માણુસો ભેગા થઈ બેસે છે, પછી કિનારે જઈ નાના દેશ પ્રતિ ગમન કરે છે, તેમ કુળરૂપ જહાજમાં અનેક ગતિથી આવેલા પ્રાણી ભેગા થઈ વસે છે, પછી આયુષ્ય પૂરુ થયે પોતપોતાના કર્માનુસાર ચારે ગતિમા જઈ ઉત્પન્ન થાય છે; જે દેહથી સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ વગેરેની સાથે સબંધ માની રાગી થઈ રહ્યો છે, તે દેહ અગ્નિથી ભસ્મ થશે, વળી માટી સાથે મળી જશે તથા જીવ ખાશે તો વિષ્ટા અને કૃમિકલેવરરૂપ થશે. એક એક પરમાણુ જમીન, આકાશમાં અનંત વિભાગરૂપે વિખરાઈ જશે, પછી કયાંથી મળશે? તેથી એનો સંબધ પાછો પ્રાપ્ત નહિ થાય એમ નિશ્ચય જાણો. સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુબાદિમા મમતા કરી, ધર્મ બગાડવો તે મોટો અનર્થ છે જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી સેવકાદિના એકઠા થયેલ સુખથી જીવન ચાહો છો, તે સમસ્ત કુટુંબ શરદકાળના વાદળાંની જેમ વિખરાઈ જશે આ સંબંધ આ વખતે દેખાય છે તે નહિ રહેશે, જરૂર વિખરાઈ જશે, એવો નિયમ જાણો. જે રાજ્યના અર્થે અને જમીનના અર્થે તથા હાટ, હવેલી, મકાન તથા આજીવિકાને અર્થે હિંસા, અસત્ય, કપટ છળમા પ્રવૃત્તિ કરો છો, ભોળાઓને ઠગો છો, પોતે જોરાવર થઈ નિર્બળને મારો છો, તે સમસ્ત પરિગ્રહનો સંબંધ તમારાથી જરૂર વિખૂટો પડશે અલ્પ જીવવાના નિમિત્તે નરક તિર્યંચ ગતિના અનંતકાળ પર્યંત અનંત દુ:ખના સંતાન ન ગ્રહણ કરો. એના સ્વામીપણાનુ અભિમાન કરી અનેક ચાલ્યા ગયા, અને અનેક પ્રત્યક્ષ ચાલ્યાં જતા જુઓ છો, માટે હવે તો મમતા છોડી, અન્યાયનો પરિહાર કરી, પોતાના આત્માના કલ્યાણ થવાના કાર્યમા પ્રવર્તન કરો ભાઈ, મિત્ર, પુત્ર, કુટુંબાદિક સાથે વસવું, તે જેમ ગ્રીષ્મ ઋતુમાં ચાર માર્ગની વચમા એક વૃક્ષની છાયા નીચે અનેક દેશના વટેમાર્ગુ વિશ્રામ લઈ પોતપોતાને ઠેકાણે જાય છે, તેમ કુલરૂપ વૃક્ષની છાયામા રોકાયેલ, કર્મને અનુકૂળ અનેક ગતિમાં ચાલ્યા જાય છે. જેનાથી પોતાની પ્રીતિ માનો છો તે પણ દરેક મતલબના છે આંખના રાગ જેમ, ક્ષણ માત્રમાં [illegible] રાગ નાશ પામે છે. જેમ એક વૃક્ષ વિષે પક્ષી પૂર્વે સંકેત કર્યા વિના જ આવી વસે છે, તેમ [illegible] સંકેત કર્યા વિના કર્મને વશ ભેળા થઈ વીખરે છે. એ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, [illegible] રાજ્ય, ઇંદ્રિયોના વિષયોની સામગ્રી જોતજોતામા અવશ્ય વિયોગને પ્રાપ્ત થશે જુવાની [illegible] ઢળી જશે, સ્થિર નહિ રહેશે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક તો અસ્ત થઈ [illegible] વસંતાદિક ઋતુઓ પણ જઈ જઈ પાછી આવે છે, પરંતુ ગયેલ ઇંદ્રિયો,
[illegible]

સહિત ભય, શંકા સંયુક્ત અલ્પકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે નરકભૂમિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સાત પૃથ્વી છે. તેના સોળસહસ્ર ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાશી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ છરીની માફક છરેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીના ઉત્પત્તિનાં સ્થાન છે. તે ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડા મોઢાવાળાં અને ઊંધે માથે છે. તેમાં નારકી જીવો ઉપજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ ગોળી પડી ફરી પાછી ઊછળે છે તેમ (નારકી) પૃથ્વી પર ઊછળતાં લોટતા ફરે છે. કેવી છે નરકની ભૂમિ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઉપજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરનારી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં એંશી લાખ બિલ અને પાંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બ્યાશી લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે. તે નરકની ઉષ્ણતા જણાવવાને અહીં કોઈ પદાર્થ દેખાતો, જણાવવા આવતો નથી કે જેની સદૃશતા કહી જાય, તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવ્યું છે કે લાખ યોજનપ્રમાણ લોઢાનો ગોળો છોડીએ તો તે નરકભૂમિને નહીં પહોંચતાં, પહોંચતાં વચ્ચે જ ઉષ્ણતાથી રસ સ્વરૂપ થઈ વહી જાય છે. (અપૂર્ણ)

૨૬

આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણુ ધારણુ કરી અનંતવાર જન્મ ધરેલ છે. એક અનુદિશ અનુત્તર વિમાનમાં તે નથી ઊપજ્યો, કારણુ કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દૃષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી. સમ્યક્દૃષ્ટિને સંસાર ભ્રમણુ નથી કર્મની સ્થિતિબંધનાં સ્થાન તથા સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણુ કષાયાધ્યવસાયસ્થાન, તેને કારણે અસંખ્યાત લોકપ્રમાણુ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગત્શ્રેણીના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનમાનો એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો. એક સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે. જિનેંદ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્માર્ગને નહીં ગ્રહણુ કરતાં સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમા જઈ પડે છે કેવી છે નિગોદ ? જેમાથી અનંતાનંત કાલ થાય તો પણુ નીકળવું ઘણું મુશ્કેલ છે. કદાચિત્ પૃથ્વીકાયમા, જળકાયમા, અગ્નિકાયમાં, પવનકાયમાં, પ્રત્યેક વનસ્પતિકાયમાં, સાધારણુ વનસ્પતિકાયમા લગભગ સમસ્ત જ્ઞાનનો નાશ થવાથી જડરૂપ થઈ, એક સ્પર્શઇંદ્રિયદ્વારા કર્મના ઉદયને આધીન થઈ આત્મશક્તિરહિત, જિહ્વા; નાસિકા, નેત્ર કર્ણાદિક ઇંદ્રિયરહિત થઈ દુઃખમાં દીર્ઘકાળ વ્યતીત કરે છે અને બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચતુરિંદ્રિયરૂપ વિકલત્રય જીવ, આત્મજ્ઞાનરહિત, કેવળ રસનાદિક ઇંદ્રિયોના વિષયોની ઘણી તૃષ્ણાના માર્યા ઊછળી ઊછળી વિષયોને અર્થે પડી પડી મરે છે. અસંખ્યાતકાલ વિકલત્રયમાં રહી પાછા એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કૂવા પરના રેંટના ઘડાની પેઠે નવા નવા દેહ ધારણુ કરતાં કરતાં ચારે ગતિમા નિરંતર જન્મ, મરણુ, ભૂખ, તરસ, રોગ વિયોગ; સંતાપ ભોગવી પરિભ્રમણુ અનંતકાલ સુધી કરે એનું નામ સંસાર છે.

જેમ ઊકળેલા આધણુમા ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે; તેમ સંસારી જીવ કર્મથી તપાયમાન થઈ પરિભ્રમણુ કરે છે આકાશમાં ઉડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમા વિચરતા મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે આ સંસારમા બધા સ્થાનમા નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુ.ખમય પરિભ્રમણુ કરે છે જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામા બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિક રૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. નિ[illegible]કાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે એમા પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણુનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મમરણ કરતા અનંતાનંત કાળ વ્યતીત કરે છે ત્યા આત્મા અભાવ તુલ્ય છે, જ્ઞાનાદિકનો [illegible] નાશ પણુ થયો.

નિગોદમા અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. ત્રસ પર્યાયમાં જેટલા [illegible] અનંતવાર ભોગવે છે. એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી [illegible] સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં આ જીવ અનંત પર્યાય દુઃખમય [illegible] કોઈ એકવાર ઇંદ્રિયજનિત સુખના [illegible]

સહિત બળ, શ્વાસ સંયુક્ત આયુકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખનાં કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે નરકગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સાત પૃથ્વી છે. તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાશી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ છૂરીની માફક છરેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન લાંબાં પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે. તે ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડા મોઢાવાળાં અને ઊંધે માથે છે. તેમાં નારકી જીવો ઉત્પન્ન થઈ નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછો ઊછળે છે તેમ (નારકી) પૃથ્વી પર ઊછળતાં લોટતાં ફરે છે. કેવી છે નરકની ભૂમિ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઉત્પન્ન વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં ત્રીસ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ ચોત્રીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે તે નરકની ઉષ્ણતા જણાવવા માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી શકાય, તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું દર્શાવ્યું છે, કે લાખ યોજનપ્રમાણ લોઢાનો ગોળો છોડીએ તો તે નરકભૂમિએ નહીં પહોંચતાં, પીગળીને એવા નરકોની ઉષ્ણતાનો કંઈ સ્વરૂપ નહીં કહી શકાય છે. (અપૂર્ણ)

સિદ્ધાન્તો દેખવાથી તે તજી દઈને ચોથો ગ્રહણ કર્યો. વળી તે તજી દેવાની કોઈ કારણથી ફરજ પડવાથી તે મૂકીને પાંચમો ધર્મ ગ્રહણ કર્યો. એમ અનેક ધર્મ જૈનધર્મ સિવાયના લીધા અને મૂકયા. જૈનધર્મનો એકલો વૈરાગ્ય જ દેખીને તે ધર્મ પર મને ભાવ ચોંટ્યો જ નહોતો. ઘણા ધર્મની લેમેલમાં મેં છેવટે આવો સિદ્ધાન્ત નક્કી કર્યો કે બધાય ધર્મ મિથ્યા છે. ધર્માચાર્યોએ જેને જેમ રુચ્યુ તેમ પોતાની રુચિ માફક પાખંડી જાળો પાથરી છે. બાકી કશુંયે નથી. જો ધર્મ પાળવાનો સૃષ્ટિનો સ્વાભાવિક નિયમ હોત તો આખી સૃષ્ટિમા એક જ ધર્મ કાં ન હોત ? આવા આવા તરંગોથી હું કેવળ નાસ્તિક થઈ ગયો. સંસારીશૃંગાર એ જ મેં તો મોક્ષ ઠરાવ્યુ. પાપ નથી, પુણ્ય નથી, ધર્મ નથી, કર્મ નથી, સ્વર્ગ નથી, નરક નથી, એ સઘળાં પાખંડો છે. જન્મ પામવાનુ કારણ માત્ર સ્ત્રીપુરુષનો સંયોગ છે અને જરેલું વસ્ત્ર જેમ કાળે કરીને નાશ પામે છે તેમ આ કાયા હળવે હળવે ઘસાઈ છેવટે જીવનરહિત થઈ જઈ નાશ પામે છે. બાકી સઘળું મિથ્યા છે. આવું મારા અંતઃકરણમાં દૃઢ થવાથી મને જેમ રુચ્યુ, મને જેમ ગમ્યુ અને મને જેમ પાલવ્યું તેમ વર્તવા માંડયું. અનીતિનાં આચરણ કરવા માડયાં. રાંકડી રૈયતને પીડવામાં કોઈ પણ પ્રકારની કચાશ મેં રાખી નહીં શિયળવંતી સુદરીઓના શિયળભંગ કરાવીને મેં આકરા કેર બોલાવી દેવામા કોઈ પણ પ્રકારની ખામી રાખી નહીં. સજ્જનોને દંડવામા, સંતોને રિબાવવામા અને દુર્જનોને સુખ દેવામા મેં એટલાં પાપ કર્યાં છે કે કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી નથી. હું ધારું છું કે મેં એટલા પાપ કર્યાં છે કે એ પાપનો એક પ્રબળ પર્વત બાધ્યો હોય તો તે મેરુથી પણ સવાયો થાય ! આ સઘળું થવાનુ કારણ માત્ર લુચ્ચા ધર્માચાર્યો હતા. આવી ને આવી ચંડાળમતિ મારી હમણાં સુધી રહી. માત્ર અદ્ભુત કૌતુક બન્યુ કે જેથી મને શુદ્ધ આસ્તિકતા આવી ગઈ. હવે એ કૌતુક હું આપની સમક્ષ નિવેદન કરૂં છું:—

હુ ઉજ્જયની નગરીનો અધિપતિ છું. મારું નામ ચંદ્રસિંહ છે ખાસ દયાળુઓનાં દિલ દુભાવવાને માટે હું પ્રબળ દળ લઈને આજે શિકારને માટે ચઢ્યો હતો. એક રંક હરણની પાછળ ધાતાં હું સૈન્યથી વિખૂટો પડ્યો અને આ તરફ તે હરણની પાછળ અશ્વ દોડાવતો દોડાવતો નીકળી પડ્યો. પોતાનો જાન બચાવવાને માટે કોને ખાએશ ન હોય ? અને તેમ કરવા માટે એ બિચારા હરણે દોડવામાં કશીયે કચાશ રાખી નથી. પરંતુ એ બિચારાની પાછળ આ પાપી પ્રાણીએ પોતાનો જુલમ ગુજારવા માટે અશ્વ દોડાવી તેની નજદીકમાં આવવા કંઈ ઓછી તદબીર કરી નથી. છેવટે આ બાગમાં તે હરણને પેસતું દેખી કમાન ઉપર બાણ ચડાવી મેં છોડી મૂકયું. આ વખતે મારા પાપી અંતઃકરણમા લેશમાત્ર પણ દયાદેવીનો છાટો નહોતો. આખી દુનિયાના ઢીમર અને [illegible] ક્રૂરદાર તે હું જ હોઉં એવુ મારું કાળજું ક્રૂરાવેશમાં ઝોકાં ખાતું હતું. મેં તાકીને મારેલુ તીર [illegible] જવાથી મને બેવડો પાપાવેશ ઊપજ્યો. તેથી મેં મારા ઘોડાને પગની પાની મારી આ [illegible] દોડાવ્યો. દોડાવતા દોડાવતા જેવો આ સામી દેખાતી ઝાડીના ઘાડા મધ્ય ભાગમાં [illegible] જ [illegible] ઠોકર ખાઈને લથડ્યો. લથડ્યા ભેળો તે ભડકી ગયો અને ભડકી ગયા [illegible] જેવો ઘોડો લથડ્યો હતો તેવો જ મારો એક પગ એક બાજુના [illegible] પગ નીચે ચોંપથી એક [illegible]

તલવાર પણ નીચી પડી હતી. મારી કહીને જો હું ઘોડા ઉપર [illegible] તો તે [illegible] તલવાર અને ભાલા [illegible] રસ્તામાં પણ [illegible] નીચે [illegible] મેડી [illegible] પડેલા દીઠા. [illegible] મારું કાળજું કંપી ગયું. [illegible] મારી છાતી ધબકવા લાગી. મારી જિંદગી હવે ટૂંકી થઈ! [illegible]

પવિત્ર છે! કોઈ પણ પ્રાણીભૂતને પીડવામાં મહાપાપ છે. એ વાત મને હાડોહાડ ઊતરી ગઈ—ગઈ તે પાછી હજાર જન્માંતરે પણ ન ચસકે તેવી! આમ વિચાર પણ આવ્યો કે કદાપિ પુનર્જન્મ નહીં હોય એમ ઘડીભર માનીએ તોપણ કરેલી હિંસાનું કિંચિત્ ફળ પણ આ જન્મમાં મળે છે ખરું જ; નહીં તો આવી તારી વિપરીત દશા ક્યાંથી હોત? તને હમેશાં શિકારનો પાપી શોખ લાગ્યો હતો, અને એ જ માટે થઈને તેં આમ ચાહી ચાહીને દયાળુઓના દિલ દુભાવવાને આ તદબીર કરી હતી તો હવે આ તેનુ ફળ તને મળ્યું. તું હવે કેવળ પાપી મોતના પંજામાં પડયો. તારામાં કેવળ હિંસામતિ ન હોત તો આવો વખત તને મળત કેમ? ન જ મળત. કેવળ આ તારી નીચ મનોવૃત્તિનું ફળ છે. હે પાપી આત્મા! હવે તું અહીંથી એટલે આ દેહથી મુક્ત થઈ ગમે ત્યાં જા, તોપણ એ દયાને જ પાળજે. હવે તારે અને આ કાયાને જુદા પડવામાં શું ઢીલ રહી છે? માટે એ સત્ય, પવિત્ર અને અહિંસાયુક્ત જૈનધર્મના જેટલા સિદ્ધાન્તો તારાથી મનન થઈ શકે તેટલા કર અને તારા જીવની શાતિ ઈચ્છ. એના સઘળા સિદ્ધાંતો જ્ઞાનદૃષ્ટિએ અવલોકતાં અને સૂક્ષ્મ બુદ્ધિએ વિચારતાં ખરા જ છે જેમ અભયદાન સંબંધીનો તેનો અનુપમ સિદ્ધાન્ત આ વખતે તને તારા આ અનુભવથી ખરો લાગ્યો તેમ તેના બીજા સિદ્ધાન્તો પણ સૂક્ષ્મતાથી મનન કરતા ખરા જ લાગશે. એમા કાંઈ ન્યૂનાધિક નથી જ. સઘળા ધર્મમાં દયા સંબંધી થોડો બોધ છે ખરો; પરંતુ એમાં તો જૈન તે જૈન જ છે. હરકોઈ પ્રકારે પણ ઝીણામાં ઝીણા જંતુઓનો બચાવ કરવો, તેને કોઈ પણ પ્રકારે દુઃખ ન આપવુ એવા જૈનના પ્રબળ અને પવિત્ર સિદ્ધાન્તોથી બીજો કયો ધર્મ વધારે સાચો હતો! તેં એક પછી એક એમ અનેક ધર્મો લીધા મૂકયા, પરન્તુ તારે હાથ જૈનધર્મ આવ્યો જ નહીં. રે! કયાંથી આવે? તારા અઢળક પુણ્યના ઉદય સિવાય કયાંથી આવે? એ ધર્મ તો ગંદો છે. નહીં નહીં મ્લેચ્છ જેવો છે. એ ધર્મને તે કોણ ગ્રહણ કરે? આમ ગણીને જ તેં તે ધર્મ તરફ દૃષ્ટિ સરખી પણ ન કરી. અરે! તું દૃષ્ટિ શુ કરી શકે? તારા અનેક ભવના તપને લીધે તું રાજા થયો. તો હવે નરકમાં જતો કેમ અટકે? 'તપેશ્વરી તે રાજેશ્વરી અને રાજેશ્વરી તે નરકેશ્વરી' આ કહેવત તને તે ધર્મ હાથ લાગવાથી ખોટી ઠરત. અને તું નરકે જતો અટકત હે મૂઢાત્મા! આ સઘળા વિચારો હવે તને રહી રહીને સૂઝે છે. પણ હવે એ સૂઝયુ શું કામ આવે? કંઈએ નહીં. પ્રથમથી જ સૂઝયું હોત તો આ દશા કયાંથી હોત? ગનારું વધુ. પરંતુ હવે તારા અંતઃકરણમાં દૃઢ કર કે એ જ ધર્મ ખરો છે. એ જ ધર્મ પવિત્ર છે અને હવે એના બીજા સિદ્ધાન્તો અવલોકન કર.

૨. તપઃ—એ વિષય સંબંધી પણ એણે જે ઉપદેશ આપ્યો છે તે અનુપમ છે. એના મહાન યોગથી હું માળવા દેશનું રાજ્ય પામ્યો છું એમ કહેવાય છે. તે પણ ખરું જ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ એ ત્રણ એણે તપનાં પેટા પાડયા છે તે પણ ખરા છે. આમ કરવાથી ઉપજતા સઘળા વિકારો શાંત થતા થતા કાળે કરીને લય થઈ જાય છે. [illegible] સંબંધી કર્મજાળ અટકી પડે છે. વૈરાગ્ય સહિત ધર્મ પણ પાળી શકાય છે. અને [illegible] નીવડે છે. જો! એનો આ સિદ્ધાન્ત પણ કેવો ઉત્કૃષ્ટ છે!

૩. ભાવ—ભાવ વિષે એણે કેવો ઉપદેશ આપ્યો છે! એ પણ ખરો જ છે. ભાવ [illegible] સફળ થાય? ભાવ વિના ધર્મ હોય જ કયાંથી? ભાવ એ તો ધર્મનું

ઉત્તમ છે. જ્યાંસુધી ભાવ ન હોય ત્યાંસુધી કંઈ વસ્તુ ભલી લાગતી નથી. ભાવ વિના ધર્મ પાળી શકાતો નથી. ત્યારે ધર્મ પાળ્યા વિના મુક્તિ ક્યાંથી હોય? એ સિદ્ધાન્ત પણ તેઓનો [illegible] અનુપમ છે.


૪. બ્રહ્મચર્ય :—અહો! બ્રહ્મચર્ય સંબંધીનો એનો સિદ્ધાન્ત પણ કેવો ઉત્તમ છે? આપણા બધા વિકારોમાં કામ વિકાર એ અતિ[illegible] છે. તેને દમન કરવો એ બહુ દુર્ઘટ છે. તેને દમન કરવાથી ફળ પણ બહુ શાન્તિકારક હોય, એમાં અતિશયોક્તિ શી? કશીયે નહીં. દુર્જય વિષયને શાન્ત કરવો એ દુર્ઘટ છે જ તો! આ સિદ્ધાન્ત પણ તેમનો કેવો ઉપદેશાત્મક છે!

૫. સંસારત્યાગ :—સાધુ થવાનો એનો ઉપદેશ કેટલાક [illegible] છે. [illegible] તેઓ એવો મત દર્શાવે છે કે જ્યારે શ્રીકૃષ્ણનું [illegible] [illegible] [illegible]

છત્ર પ્રબંધસ્થ – પ્રેમ-પ્રાર્થના

૧૪

જેતપુર, કાર્તિક સુદ ૧૫, ૧૯૪૨



૧

અંતર્ગત–ભુજંગી છંદ

અરિહંત આનંદકારી અપારી,
સદા મોક્ષદાતા તથા હિત્યકારી,
નિતિ વનિકે વિવેકે વિચારી,
રહી રચના સામે દે દુઃખદારી.

૨

કર્તા ઉપજાતિ

વવાણિયાવાસી વણિક જ્ઞાતિ,
રચેલ તેણે શુભ હિત કાંતિ,
સુબોધ દાખ્યો રવજી તનુજે;
આ રાયચંદે મનથી રમૂજે.

૩

પ્રયોજન પ્રેમપ્રિયા

[illegible]
[illegible]

૪

આ પ્રબંધમાં દૃષ્ટિદોષ, હસ્તદોષ કે મનદોષ દૃષ્ટિગોચર થાય તો તેને માટે ક્ષમા ચાહી વિનયપૂર્વક વંદના કરું છું. હું છું,

રાયચંદ રવજી

[૮૧૬-૮૩૬]

૨૫

દોહરા

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય.
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય.
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ.

[illegible]
[illegible]



આ પ્રથમ દર્શન અને બીજાં અન્ય દર્શનોનાં તત્ત્વજ્ઞાન તેમજ સુશીલની પ્રાપ્તિ માટે અને પરિણામે અનંત સુખતરંગ પ્રાપ્ત કરવા માટે જે જે સાધનાદિકનો [illegible] કહેવાય છે. તેના સ્વલ્પતાથી કિંચિત્ તત્ત્વસંચય કરી તેના મહાપુરુષોના નાના નાના [illegible] કરી આ મોક્ષમાળાને વિભૂષિત કરી છે. તે—" વિદગ્ધમુખમંડનં ભવતુ. "

(સંવત ૧૯૪૩) [illegible]

શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા

આ એક સ્યાદ્વાદતત્ત્વાવબોધ વૃક્ષનું બીજ છે. આ ગ્રંથ તત્ત્વ પામવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકે એવું એમાં કંઈ અંશે પણ દૈવત રહ્યું છે, એ સમભાવથી કહું છું. પાઠક અને વાંચક વર્ગને મુખ્ય ભલામણ એ છે કે, શિક્ષાપાઠ પાઠ કરવા કરતાં જેમ બને તેમ મનન કરવા. તેનાં તાત્પર્ય અનુભવવા, જેઓની સમજમાં ન આવતા હોય તેણે જાણનાર શિક્ષક કે મુનિઓથી સમજવા, અને એ યોગવાઈ ન હોય તો પાંચ સાત વખત તે પાઠો વાંચી જવા. એક પાઠ વાંચી ગયા પછી અર્ધ ઘડી તે પર વિચાર કરી અંતઃકરણને પૂછવું કે શું તાત્પર્ય મળ્યું? તે તાત્પર્યમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેય શું છે? એમ કરવાથી આખો [illegible] હૃદય કોમળ થશે, વિચારશક્તિ ખીલશે અને જૈન તત્ત્વ પર રૂડી [illegible] પઠન કરવારૂપ નથી, મનન કરવારૂપ છે. અર્થરૂપ કેળવણી એમાં [illegible] 'બાલાવબોધ' રૂપ છે. 'વિવેચન' અને 'પ્રજ્ઞાવબોધ' [illegible]

[illegible]

શિક્ષાપાઠ ૧. વાંચનારને ભલામણ

વાંચનાર! હું આજે તમારા હસ્તકમળમાં આવું છું. મને યત્નાપૂર્વક વાંચજો. મારાં કહેલાં તત્ત્વને હૃદયમાં ધારણ કરજો. હું જે જે વાત કહું તે તે વિવેકથી વિચારજો; એમ કરશો તો તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક, સદ્‌ગુણ અને આત્મશાંતિ પામી શકશો.

તમે જાણતા હશો કે, કેટલાક અજ્ઞાન મનુષ્યો નહીં વાંચવા યોગ્ય પુસ્તકો વાંચીને પોતાનો વખત ખોઈ દે છે, અને અવળે રસ્તે ચઢી જાય છે. આ લોકમાં અપકીર્તિ પામે છે, તેમ જ પરલોકમાં નીચ ગતિએ જાય છે.

તમે જે પુસ્તકો ભણ્યા છો, અને હજુ ભણો છો, તે પુસ્તકો માત્ર સંસારનાં છે; પરંતુ આ પુસ્તક તો ભવ પરભવ બન્નેમાં તમારું હિત કરશે; ભગવાનનાં કહેલાં વચનોનો એમાં થોડો ઉપદેશ કર્યો છે.

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની અશાતના કરશો નહીં, તેને ફાડશો નહીં, ડાઘ પાડશો નહીં કે બીજી કોઈ પણ રીતે બિગાડશો નહીં. વિવેકથી સઘળું કામ લેજો. વિચક્ષણ પુરુષોએ કહ્યું છે કે વિવેક ત્યાં જ ધર્મ છે.

તમને એક એ પણ ભલામણ છે કે, જેઓને વાંચતાં નહીં આવડતું હોય અને તેની ઇચ્છા હોય તો આ પુસ્તક અનુક્રમે તેને વાંચી સંભળાવવું

તમે જે વાતની ગમ પામો નહીં તે ડાહ્યા પુરુષ પાસેથી સમજી લેજો. સમજવામાં આળસ કે મનમાં શંકા કરશો નહીં.

તમારા આત્માનું આથી હિત થાય, તમને જ્ઞાન, શાંતિ અને આનંદ મળે, તમે પરોપકારી, દયાળુ, ક્ષમાવાન, વિવેકી અને બુદ્ધિશાળી થાઓ એવી શુભ યાચના અર્હત્ ભગવાન કને કરી આ પાઠ પૂર્ણ કરું છું.

શિક્ષાપાઠ ૨. સર્વમાન્યધર્મ

ચોપાઈ

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.
ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન,
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને, દળવા દોષ.
સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઈને, રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક, વિના સૂર્ય કિરણ નહીં દેખ.
પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય,
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.
સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ!

એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ.
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ.
તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે.
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ.

શિક્ષાપાઠ ૩. કર્મના ચમત્કાર

હું તમને કેટલીક સામાન્ય વિચિત્રતાઓ કહી જઉં છું એ ઉપરથી વિચાર કરશો તો તમને પરભવની શ્રદ્ધા દૃઢ થશે.

એક જીવ સુંદર પલંગે પુષ્પશય્યામાં શયન કરે છે, એકને ફાટેલી ગોદડી પણ મળતી નથી. એક ભાતભાતનાં ભોજનોથી તૃપ્ત રહે છે, એકને કાળી જારના પણ સાંસા પડે છે. એક અગણિત લક્ષ્મીનો ઉપભોગ લે છે, એક ફૂટી બદામ માટે થઈને ઘેર ઘેર ભટકે છે. એક મધુર વચનથી મનુષ્યનાં મન હરે છે, એક અવાચક જેવો થઈને રહે છે. એક સુંદર વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ ફરે છે. એકને ખરા શિયાળામાં ફાટેલું કપડું પણ ઓઢવાને મળતું નથી. એક રોગી છે. એક પ્રબળ છે. એક બુદ્ધિશાળી છે. એક જડભરત છે. એક મનોહર નયનવાળો છે. એક અંધ છે. એક લૂલો લંગડો છે. એકના હાથ પગ રમણીય છે. એક કીર્તિમાન છે. એક અપયશ ભોગવે છે. એક લાખો અનુચર પર હુકમ ચલાવે છે. એક લાખોના ટુંબા સહન કરે છે. એકને જોઈને આનંદ ઊપજે છે. એકને જોતાં વમન થાય છે. એક સંપૂર્ણ ઇંદ્રિયોવાળો છે. એક અપૂર્ણ છે. એકને દીન દુનિયાનું લેશ ભાન નથી, એકનાં દુઃખનો કિનારો પણ નથી.

એક ગર્ભાધાનથી જ મરે છે, એક જન્મ્યો કે મરે છે, એક મુએલો અવતરે છે, એક સો વર્ષનો વૃદ્ધ થઈને મરે છે.

કોઈનાં મુખ, ભાષા અને સ્થિતિ સરખાં નથી. મૂર્ખ રાજ્યાસન પર ખમા ખમાથી વધાવાય છે, સમર્થ વિદ્વાનો ધક્કા ખાય છે!

આમ આખા જગતની વિચિત્રતા ભિન્નભિન્ન પ્રકારે તમે જુઓ છો; એ ઉપરથી તમને કંઈ વિચાર આવે છે? [illegible]

વેદના ટળી નહીં, હે રાજા ! એ જ મારું અનાથપણુ હતું મારી માતા પુત્રના શોકે કરીને અતિ દુઃખાર્ત્ત થઈ, પરંતુ તે પણ મને તે દરદથી મુકાવી શકી નહીં, એ જ હે રાજા ! મારું અનાથપણું હતું. એક પેટથી જન્મેલા મારા જ્યેષ્ઠ અને કનિષ્ઠ ભાઈઓ પોતાથી બનતો પરિશ્રમ કરી ચૂકચા પણ મારી તે વેદના ટળી નહીં, હે રાજા ! એ જ મારું અનાથપણું હતું. એક પેટથી જન્મેલી મારી જ્યેષ્ઠા અને કનિષ્ઠા ભગિનીઓથી મારું તે દુખ ટળ્યુ નહીં હે રાજા ! એ જ મારું અનાથપણુ હતું. મારી સ્ત્રી જે પતિવ્રતા, મારા પર અનુરક્ત અને પ્રેમવંતી હતી, તે આંસુ ભરી મારું હૈયુ પલાળતી હતી તેણે અન્નપાણી અને નાના પ્રકારના અંઘોલણ, ચુવાદિક સુગંધી પદાર્થ તેમજ અનેક પ્રકારનાં ફૂલચંદનાદિકના જાણીતા અજાણીતા વિલેપન કર્યા છતા, હું તે વિલેપનથી મારો રોગ શમાવી ન શકચો, ક્ષણ પણ અળગી રહેતી નહોતી એવી તે સ્ત્રી પણ મારા રોગને ટાળી ન શકી, એ જ હે મહારાજા ! મારું અનાથપણુ હતું એમ કોઈના પ્રેમથી, કોઈના ઔષધથી, કોઈના વિલાપથી કે કોઈના પરિશ્રમથી એ રોગ ઉપશમ્યો નહીં એ વેળા પુનઃ પુન. મેં અસહ્ય વેદના ભોગવી. પછી હું પ્રપંચી સંસારથી ખેદ પામ્યો એક વાર જો આ મહા વિડંબનામય વેદનાથી મુક્ત થઉ તો ખંતી, દંતી અને નિરારંભી પ્રવ્રજ્યાને ધારણ કરું, એમ ચિંતવીને શયન કરી ગયો. જ્યારે રાત્રિ અતિક્રમી ગઈ ત્યારે હે મહારાજા ! મારી તે વેદના ક્ષય થઈ ગઈ; અને હું નિરોગી થયો. માત, તાત, સ્વજન, બંધવાદિકને પૂછીને પ્રભાતે મેં મહા ક્ષમાવંત ઈંદ્રિયને નિગ્રહ કરવાવાળું, આરંભોપાધિથી રહિત એવું અણગારત્વ ધારણ કર્યું.

શિક્ષાપાઠ ૭. અનાથી મુનિ ભાગ—૩

હે શ્રેણિક રાજા ! ત્યાર પછી હું આત્મા પરાત્માનો નાથ થયો હવે હું સર્વ પ્રકારના જીવનો નાથ છુ તું જે શંકા પામ્યો હતો તે હવે ટળી ગઈ હશે એમ આખું જગત ચક્રવર્તી પર્યંત અશરણ અને અનાથ છે જ્યા ઉપાધિ છે ત્યાં અનાથતા છે, માટે હું કહું છું તે કથન તું મનન કરી જજે. નિશ્ચય માનજે કે આપણો આત્મા જ દુ.ખની ભરેલી વૈતરણીનો કરનાર છે, આપણો આત્મા જ ક્રૂર શાલ્મલિ વૃક્ષના દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ વાછિત વસ્તુરૂપી દૂધની દેવાવાળી કામધેનુ ગાયના સુખનો ઉપજાવનાર છે, આપણો આત્મા જ નંદનવનની પેઠે આનંદકારી છે, આપણો આત્મા જ કર્મનો કરનાર છે, આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ સુખોપાર્જન કરનાર છે આપણો જ આત્મા જ મિત્ર ને આપણો જ આત્મા જ વૈરી છે આપણો આત્મા જ કનિષ્ઠ આચારે સ્થિત અને આપણો આત્મા જ નિર્મળ આચારે સ્થિત રહે છે

એમ આત્મપ્રકાશક બોધ શ્રેણિકને તે અનાથી મુનિએ આપ્યો. શ્રેણિક રાજા બહુ સંતોષ પામ્યો. બે હાથની અંજલિ કરીને તે એમ બોલ્યો કે, "હે ભગવન્ ! તમે મને ભલી રીતે ઉપદેશ્યો, તમે જેમ હતું તેમ અનાથપણું કહી બતાવ્યુ. મહર્ષિ ! તમે સનાથ, તમે સબંધવ અને તમે સધર્મ છો. તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયતિ ! હું તમને ક્ષમાવું છું. તમારી જ્ઞાની શિક્ષાથી લાભ પામ્યો છું. ધર્મધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગ ભોગવ્યા સંબંધીનું મેં તમને હે મહા ભાગ્યવંત ! જે આમંત્રણ દીધું તે સંબંધીનો મારો અપરાધ મસ્તક નમાવીને ક્ષમાવું છુ " એવા પ્રકારથી સ્તુતિ ઉચ્ચારીને રાજપુરુષકેસરી શ્રેણિક વિનયથી પ્રદક્ષિણા કરી સ્વસ્થાનકે ગયો.

મહાતપોધન, મહામુનિ, મહાપ્રજ્ઞાવંત, મહાયશવંત, મહાનિર્ગ્રંથ અને મહાશ્રુત અનાથી મુનિએ મગધ દેશના શ્રેણિક રાજાને પોતાના વીતક ચરિત્રથી જે બોધ આપ્યો છે તે ખરે! અશરણ ભાવના સિદ્ધ કરે છે. મહામુનિ અનાથીએ ભોગવેલી વેદના જેવી, કે એથી અતિ વિશેષ વેદના અનંત આત્માઓને ભોગવતા જોઈએ છીએ, એ કેવું વિચારવા જેવું છે! સંસારમાં અશરણતા, અનંત અનાથતા છવાઈ રહી છે; તેનો ત્યાગ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ શીલને સેવવાથી જ થાય છે. એ જ મુક્તિના કારણરૂપ છે. જેમ સંસારમાં રહ્યા અનાથી અનાથ હતા, તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે. સનાથ થવા સદ્દેવ, સદ્ધર્મ અને સદ્ગુરુને જાણવા અવશ્યના છે.

શિક્ષાપાઠ ૧૭. બાહુબળ

બાહુબળ એટલે પોતાની ભુજાનું બળ એમ અહીં અર્થ કરવાનો નથી; કારણ બાહુબળ નામના મહાપુરુષનુ આ એક નાનું પણ અદ્ભુત ચરિત્ર છે.

ઋષભદેવજી ભગવાન સર્વસંગ પરિત્યાગ કરી ભરત, બાહુબળ નામના પોતાના બે પુત્રોને રાજ્ય સોંપી વિહાર કરતા હતા ત્યારે ભરતેશ્વર ચક્રવર્તી થયે। આયુધશાળામાં ચક્રની ઉત્પતિ થયા પછી પ્રત્યેક રાજ્ય પર પોતાની આમ્નાય બેસાડી અને છ ખંડની પ્રભુતા મેળવી. માત્ર બાહુબળે જ એ પ્રભુતા અંગીકાર ન કરી એથી પરિણામમાં ભરતેશ્વર અને બાહુબળને યુદ્ધ મંડાયુ. ઘણા વખત સુધી ભરતેશ્વર કે બાહુબળ એ બન્નેમાંથી એક્કે હઠયા નહીં, ત્યારે ક્રોધાવેશમાં આવી જઈ ભરતેશ્વરે બાહુબળ પર ચક્ર મૂક્યું. એક વીર્યથી ઉત્પન્ન થયેલા ભાઈ પર તે ચક્ર પ્રભાવ ન કરી શકે, એ નિયમથી ફરીને પાછું ભરતેશ્વરના હાથમાં આવ્યુ. ભરતે ચક્ર મૂકવાથી બાહુબળને બહુ ક્રોધ આવ્યો. તેણે મહા બળવત્તર મુષ્ટિ ઉપાડી. તત્કાળ ત્યાં તેની ભાવનાનું સ્વરૂપ ફર્યું. તે વિચારી ગયે કે “હું આ બહુ નિંદનીય કરું છું. આનું પરિણામ કેવું દુઃખદાયક છે! ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવે મિથ્યા પરસ્પરનો નાશ શા માટે કરવે? આ મુષ્ટિ મારવી યોગ્ય નથી, તેમ ઉગામી તે હવે પાછી વાળવી પણ યોગ્ય નથી.” એમ કહી તેણે પંચમુષ્ટિ કેશલુંચન કર્યું; અને ત્યાંથી મુનિત્વભાવે ચાલી નીકળ્યો. ભગવાન આદીશ્વર જ્યાં અઠ્ઠાણું દીક્ષિત પુત્રોથી તેમજ આર્ય–આર્યાથી વિહાર કરતા હતા ત્યા જવા ઇચ્છા કરી; પણ મનમા માન આવ્યુ. ત્યાં હું જઈશ તો મારાથી નાના અઠ્ઠાણું ભાઈઓને વંદન કરવું પડશે તેથી ત્યાં તો જવું યોગ્ય નથી. પછી વનમાં તે એકાગ્ર ધ્યાને રહ્યો. હળવે હળવે બાર માસ થઈ ગયા મહાતપથી કાયા હાડકાંનો માળો થઈ ગઈ. તે સૂકા ઝાડ જેવો દેખાવા લાગ્યો; પરંતુ જ્યાં સુધી માનનો અંકુર તેના અંતઃકરણથી ખસ્યો નહોતો ત્યાં સુધી તે સિદ્ધિ ન પામ્યો. બ્રાહ્મી અને સુંદરીએ આવીને તેને ઉપદેશ કર્યો, “આર્ય વીર! હવે મદોન્મત્ત હાથી પરથી ઉતરો; એનાથી તો બહુ શોષ્યુ” એઓનાં આ વચનોથી બાહુબળ વિચારમાં પડ્યો. વિચારતાં વિચારતાં તેને ભાન થયુ કે “સત્ય છે હું માનરૂપી મદોન્મત્ત હાથી પરથી હજુ કયા ઉતર્યો છું? હવે એથી ઉતરવું એ જ મંગળદાયક છે.” એમ કહીને તેણે વંદન કરવાને માટે પગલું ભર્યું કે તે અનુપમ દિવ્ય કૈવલ્યકમળાને પામ્યો.

વાંચનાર! જુઓ માન એ કેવી દુરિત વસ્તુ છે!!

શિક્ષાપાઠ ૧૮. ચાર ગતિ

[1]શાતાવેદનીય અશાતાવેદનીય વેદતાં શુભાશુભ કર્મના ફળ ભોગવવા આ સંસારવનમાં જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે. એ ચાર ગતિ ખચીત જાણવી જોઈએ.

૧. નરકગતિ—મહારંભ, મદિરાપાન, માંસભક્ષણ ઈત્યાદિક તીવ્ર હિંસાના કરનાર જીવો અઘોર નરકમાં પડે છે. ત્યાં લેશ પણ શાતા, વિશ્રામ કે સુખ નથી મહા અંધકાર વ્યાપ્ત છે, અંગછેદન સહન કરવું પડે છે, અગ્નિમાં બળવું પડે છે અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુઃખથી કરીને ત્યાં પ્રાણીઓને સાંકડ, અશાતા અને વિલવિલાટ સહન કરવાં પડે છે, જે દુઃખને કેવળજ્ઞાનીઓ પણ કહી શકતા નથી. અહોહો!! તે દુઃખ અનંતી વાર આ આત્માએ ભોગવ્યાં છે.

૧. દ્વિ૦ આ૦ પાઠ ‘સંસારવનમા જીવ શાતાવેદનીય અશાતાવેદનીય વેદતો શુભાશુભ કર્મનાં ફળ ભોગવવા આ ચાર ગતિમાં ભમ્યા કરે છે.’

૨. તિર્યંચગતિ—છળ, જૂઠ, પ્રપંચ ઇત્યાદિક કરીને જીવ સિંહ, વાઘ, હાથી, મૃગ, ગાય, ભેંસ, બળદ ઇત્યાદિક શરીર ધારણ કરે છે. તે તિર્યંચગતિમાં ભૂખ, તરસ, તાપ, વધબંધન, તાડન, ભારવહન, કરવા ઇત્યાદિકનાં દુઃખને સહન કરે છે.

૩. મનુષ્યગતિ—ખાદ્ય, અખાદ્ય વિષે વિવેકરહિત છે, લજ્જાહીન, માતા પુત્રી સાથે કામગમન કરવામાં જેને પાપાપાપનું ભાન નથી, નિરંતર માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે મહાપાતક કર્યા કરે છે; એ તો જાણે અનાર્ય દેશનાં અનાર્ય મનુષ્ય છે. આર્ય દેશમાં પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય પ્રમુખ મતિહીન, દરિદ્રી, અજ્ઞાન અને રોગથી પીડિત મનુષ્યો છે. માન અપમાન અનેક પ્રકારનાં દુઃખ તેઓ ભોગવી રહ્યા છે.

૪. દેવગતિ—પરસ્પર વેર, ઝેર, ક્લેશ, શોક, મત્સર, કામ, મદ, ક્ષુધા ઇત્યાદિકથી દેવતાઓ પણ આયુષ્ય વ્યતીત કરી રહ્યા છે. એ દેવગતિ.

એમ ચાર ગતિ સામાન્યરૂપે કહી. આ ચારે ગતિમાં મનુષ્યગતિ સૌથી શ્રેષ્ઠ અને દુર્લભ છે. આત્માનું પરમહિત મોક્ષ એ ગતિથી પમાય છે. એ મનુષ્યગતિમાં પણ કેટલાંક દુઃખ અને આત્મસાધનમાં અંતરાયો છે.

એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયાં ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે. મળ, મૂત્ર, લોહી, પરુ આદિમાં અહોરાત્ર મૂર્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. જન્મ સમયે ગર્ભસ્થાનની વેદનાથી અનંતગુણી વેદના ઉત્પન્ન થાય છે. ત્યાર પછી બાલાવસ્થા પમાય છે. મળ, મૂત્ર, ધૂળ અને નગ્નાવસ્થામાં અણસમજથી રઝળી, રડીને તે બાલાવસ્થા પૂર્ણ થાય છે; અને

જળનો ઉપરથી જેમ સપાટ દેખાવ છે, તેમ સંસાર પણ સરળ દેખાવ દે છે. સમુદ્ર જેમ ક્યાંક બહુ ઊંડો છે, અને ક્યાંક ભમરીઓ ખવરાવે છે, તેમ સંસાર કામવિષયપ્રપંચાદિકમાં બહુ ઊંડો છે, તે મોહરૂપી ભમરીઓ ખવરાવે છે. થોડું જળ છતાં સમુદ્રમાં જેમ ઊભા રહેવાથી કાદવમાં ખૂંચી જઈએ છીએ, તેમ સંસારના લેશ પ્રસંગમાં તે તૃષ્ણારૂપી કાદવમાં ખૂંચવી દે છે. સમુદ્ર જેમ નાના પ્રકારના ખરાબા અને તોફાનથી નાવ કે વહાણને જોખમ પહોંચાડે છે. તેમ સ્ત્રીઓરૂપી ખરાબા અને કામરૂપી તોફાનથી સંસાર આત્માને જોખમ પહોંચાડે છે. સમુદ્ર જેમ અગાધ જળથી શીતળ દેખાતો છતા વડવાનળ નામના અગ્નિનો તેમા વાસ છે, તેમ સંસારમા માયારૂપી અગ્નિ બળ્યા જ કરે છે. સમુદ્ર જેમ ચોમાસામાં વધારે જળ પામીને ઊંડો ઊતરે છે. તેમ પાપરૂપી જળ પામીને સંસાર ઊંડો ઊતરે છે, એટલે મજબૂત પાયા કરતો જાય છે.

૨. સંસારને બીજી ઉપમા અગ્નિની છાજે છે. અગ્નિથી કરીને જેમ મહા તાપની ઉત્પત્તિ છે, એમ સંસારથી પણ ત્રિવિધ તાપની ઉત્પત્તિ છે. અગ્નિથી બળેલો જીવ જેમ મહા વિલવિલાટ કરે છે, તેમ સંસારથી બળેલો જીવ અનંત દુઃખરૂપી નરકથી અસહ્ય વિલવિલાટ કરે છે. અગ્નિ જેમ સર્વ વસ્તુઓ ભક્ષ કરી જાય છે. તેમ સસંરના મુખમાં પડેલાંનો તે ભક્ષ કરી જાય છે. અગ્નિમાં જેમ જેમ ઘી અને ઈંધન હોમાય છે તેમ તેમ તે વૃદ્ધિ પામે છે,[1] તેમ સંસારમાં તીવ્ર મોહિનીરૂપ ઘી અને વિષયરૂપ ઈંધન હોમાય છે તેમ તેમ તે વૃદ્ધિ પામે છે.

૩. સંસારને ત્રીજી ઉપમા અંધકારની છાજે છે. અંધકારમાં જેમ સીંદરી સર્પનુ ભાન કરાવે છે, તેમ સંસાર સત્યને અસત્યરૂપ બતાવે છે. અંધકારમાં જેમ પ્રાણીઓ આમ તેમ ભટકી વિપત્તિ ભોગવે છે, તેમ સંસારમાં બેભાન થઈને અનંત આત્માઓ ચતુર્ગતિમાં આમ તેમ ભટકે છે, અંધકારમાં જેમ કાચ અને હીરાનુ જ્ઞાન થતું નથી, તેમ સંસારરૂપી અંધકારમાં વિવેક અવિવેકનુ જ્ઞાન થતું નથી. જેમ અંધકારમાં પ્રાણીઓ છતી આંખે અંધ બની જાય છે. તેમ છતી શક્તિએ સંસારમા તેઓ મોહાંધ બની જાય છે અંધકારમાં જેમ ઘુવડ ઈત્યાદિકનો ઉપદ્રવ વધે છે, તેમ સંસારમાં લોભ, માયાદિકનો ઉપદ્રવ વધે છે. અનેક ભેદે જોતાં સંસાર તે અંધકારરૂપ જ જણાય છે.

શિક્ષાપાઠ ૨૮. સંસારને ચાર ઉપમા — ભાગ ૨

૪. સંસારને ચોથી ઉપમા શકટચક્રની એટલે ગાડાનાં પૈડાની છાજે છે. ચાલતાં શકટચક્ર જેમ ફરતું રહે છે, તેમ સંસારમા પ્રવેશ કરતાં તે ફરતારૂપે રહે છે શકટચક્ર જેમ ધરી વિના ચાલી શકતું નથી, તેમ સંસાર મિથ્યાત્વરૂપી ધરી વિના ચાલી શકતો નથી. શકટચક્ર જેમ આરા વડે કરીને રહ્યું છે, તેમ સંસાર શંકા, પ્રમાદાદિક આરાથી ટક્યો છે. અનેક પ્રકારથી એમ શકટચક્રની ઉપમા પણ સંસારને લાગી શકે છે.

---

૧. [illegible] પાઠ — તેવી જ રીતે સંસારરૂપ અગ્નિમાં તીવ્ર મોહિનીરૂપ ઘી અને વિષયરૂપ ઈંધન હોમાય, તે વૃદ્ધિ પામે છે.

સંસારને જેટલી અધો ઉપમા આપો એટલી થોડી છે. એ ચાર ઉપમા આપણે જાણી રાખી હવે એમાંથી તત્ત્વ લેવું યોગ્ય છે.

૧. સાગર જેમ મજબૂત નાવ અને માહિતગાર નાવિકથી તરીને પાર પમાય છે, તેમ સદ્ધર્મરૂપી નાવ અને સદ્ગુરુરૂપી નાવિકથી સંસારસાગર પાર પામી શકાય છે. સાગરમાં જેમ ડાહ્યા પુરુષોએ નિર્વિઘ્ન રસ્તો શોધી કાઢ્યો હોય છે, તેમ જિનેશ્વર ભગવાને તત્ત્વજ્ઞાનરૂપ ઉત્તમ રાહ બતાવ્યો છે, જે નિર્વિઘ્ન છે.

૨. અગ્નિ જેમ સર્વને ભક્ષ કરી જાય છે. પરંતુ પાણીથી બુઝાઈ જાય છે, તેમ વૈરાગ્યજળથી સંસારઅગ્નિ બુઝાવી શકાય છે.

૩. અંધકારમાં જેમ દીવો લઈ જવાથી પ્રકાશ થઈ જોઈ શકાય છે, તેમ તત્ત્વજ્ઞાનરૂપી નિર્બુઝ દીવો સંસારરૂપી અંધકારમાં પ્રકાશ કરી સત્ય વસ્તુ બતાવે છે

૪. શકટચક્ર જેમ બળદ વિના ચાલી શકતું નથી, તેમ સંસારચક્ર રાગ, દ્વેષ વિના ચાલી શકતું નથી.

એમ એ સંસારદરદનું ઉપમા વડે નિવારણ અનુપાન સાથે કહ્યું. તે આત્મહિતૈષીએ નિરંતર મનન કરવું; ને બીજાને બોધવું.

શિક્ષાપાઠ ૨૧. બાર ભાવના

વૈરાગ્યની અને તેવા આત્મહિતૈષી વિષયોની સુદ્રઢતા થવા માટે બાર ભાવના ચિંતવવાનું તત્ત્વજ્ઞાનીઓ કહે છે.

૧. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે એમ ચિંતવવું તે પહેલી 'અનિત્યભાવના'.

૨. સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી, માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે, એમ ચિંતવવું તે બીજી 'અશરણભાવના'.

૩. આ આત્માએ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ? એ સંસાર મારો નથી, હું મોક્ષમયી છું; એમ ચિંતવવું તે ત્રીજી 'સંસારભાવના'.

૪. આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે; અંતઃકરણથી એમ ચિંતવવું તે ચોથી 'એકત્વભાવના'.

૫. આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે પાંચમી 'અન્યત્વભાવના'.

૬. આ શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે, રોગ જરાને રહેવાનું ધામ છે, એ શરીરથી હું ન્યારો છું એમ ચિંતવવું તે છઠ્ઠી 'અશુચિભાવના'.

૭. [illegible]

જે પાંચ મહાવ્રત ભગવાને પ્રણીત કર્યાં છે. તેનાંના પ્રથમ મહાવ્રતની રક્ષાને માટે
કીના વ્રત વાડરૂપે છે; અને તેમાં પણ પહેલી વાડ તે સત્ય મહાવ્રત છે. એ સત્યના અનેક ભેદ
દ્ધાંતથી શ્રુત કરવા અવશ્યના છે.

શિક્ષાપાઠ ૨૪. સત્સંગ

સત્સંગ એ સર્વ સુખનુ મૂળ છે; સત્સંગ [1]'મળ્યો' કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ
ડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે
કુસંગના એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન થઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમજ
આત્માને મલિન કરે છે સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ. જ્યા સારી હવા
નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી
કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ, તેમ કુસંગનુ સહવાસ બંધ કરવાનું અવશ્યનુ છે
સંસાર એ પણ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમજ દુઃખદાયક હોવાથી ત્યાગવ
યોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જે વડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી. આત્માં
સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહે
તે પણ સત્સંગ છે, સત્પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જ
સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ, ટાળી શુદ્ધતા આ
છે જેનાથી હંમેશનો પરિચય રહી રાગ, રંગ, ગાન, તાન, અને સ્વાદિષ્ટ ભોજન સેવાતાં હોય
તમને ગમે તેવો પ્રિય હોય તોપણ નિશ્ચય માનજો કે, તે સત્સંગ નથી પણ કુસંગ છે. સત્સંગ
પ્રાપ્ત થયેલુ એક વચન અમૂલ્ય લાભ આપે છે. તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો
છે કે, સર્વસંગ પરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સે
કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે. કેવળ એકાંત તે તો ધ્યાનમાં રહેવું કે યોગાભ્યાર
રહેવું તે છે, પરંતુ સમસ્વભાવીનો સમાગમ, જેમાંથી એક જ પ્રકારની વર્તનતાનો પ્રવાહ ની
છે તે, ભાવે એક જ રૂપ હોવાથી ઘણાં માણસો છતાં અને પરસ્પરનો સહવાસ છતા તે એકા
જ છે; અને તેવી એકાંત માત્ર સંતસમાગમમા રહી છે. કદાપિ કોઈ વિચારશે કે, વિષયી
મળે છે ત્યા સમભાવ હોવાથી એકાત કાં ન કહેવી? તેનું સમાધાન તત્કાળ છે કે, તેઓ એકસ્વ
હોતા નથી પરસ્પર સ્વાર્થબુદ્ધિ અને માયાનું અનુસંધાન હોય છે; અને જ્યાં
કારણુથી સમાગમ છે તે એક સ્વભાવી કે નિર્દોષ હોતા નથી. નિર્દોષ અને સમસ્વભાવી સમાગ
પરસ્પરથી શાંત મુનીશ્વરોનો છે. તેમજ ધર્મધ્યાનપ્રશસ્ત અલ્પારંભી પુરુષનો પણ કેટલેક અ
જ્યા સ્વાર્થ અને માયા કપટ જ છે ત્યા સમભાવતા નથી, અને તે સત્સંગ પણ નથી. સત્સ
જે સુખ, આનંદ મળે છે, તે અતિ સ્તુતિપાત્ર છે. જ્યા શાસ્ત્રોના સુદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ
જ્ઞાનની સુકથા થાય. જ્યા સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યા તત્વજ્ઞાનના તરંગન
છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ
એવો સત્સંગ મહા દુર્લભ છે. કોઈ એમ કહે કે, સત્સંગમંડળમાં કોઈ માયાવી નહિ હો

---

૧. '…' પ્રાપ્ત થયો'

તેનું સમાધાન આ છે: જ્યાં માયા અને સ્વાર્થ હોય છે ત્યાં સત્સંગ જ હોતો નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગઈને શું કરે? [illegible] [illegible] [illegible] નહીં. [illegible] [illegible] [illegible] [illegible]. અને દંભ લાગે નહીં તો, ત્રીજી વાર તેનું આગમન હોય નહીં. જેમ પૃથ્વી [illegible] નથી તેમ [illegible] નહીં, [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]? [illegible] [illegible]. [illegible] [illegible] છે. [illegible] આત્માનું [illegible] 'ક્રિયા' ઔષધ છે.

જુઓ ! છ ખંડનું આધિપત્યં તો ભોગવવું રહ્યું; પરંતુ અકસ્માત્ અને ભયંકર રીતે પરિગ્રહની પ્રીતિથી એ ચક્રવર્તીનું મૃત્યુ થયુ, તો પછી બીજા માટે તો કહેવું જ શું ? પરિગ્રહ એ પાપનું મૂળ છે; પાપનો પિતા છે; અન્ય એકાદશવ્રતને મહા દોષ દે એવો એનો સ્વભાવ છે. એ માટે થઈને આત્મહિતૈષીએ જેમ બને તેમ તેનો ત્યાગ કરી મર્યાદાપૂર્વક વર્તન કરવું.

શિક્ષાપાઠ ૨૯. તત્ત્વ સમજવું

શાસ્ત્રોના શાસ્ત્રો મુખપાઠે હોય એવા પુરુષો ઘણા મળી શકે; પરંતુ જેણે થોડાં વચનો પર પ્રૌઢ અને વિવેકપૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે, તત્ત્વને પહોચી જવું એ કંઈ નાની વાત નથી કૂદીને દરિયો ઓળંગી જવો છે

અર્થ એટલે લક્ષ્મી, અર્થ એટલે તત્ત્વ અને અર્થ એટલે શબ્દનુ બીજું નામ. આવા અર્થ શબ્દના ઘણા અર્થ થાય છે. પણ 'અર્થ' એટલે 'તત્ત્વ' એ વિષય પર અહીં આગળ કહેવાનુ છે. જેઓ નિર્ગ્રંથપ્રવચનમાં આવેલા પવિત્ર વચનો મુખપાઠે કરે છે, તે તેઓના ઉત્સાહબળે સત્ફળ ઉપાર્જન કરે છે, પરંતુ જો તેનો મર્મ પામ્યા હોય તો એથી એ સુખ, આનંદ, વિવેક અને પરિણામે મહદ્‌ભૂત ફળ પામે છે અભણ પુરુષ સુદર અક્ષર અને તાણેલા મિથ્યા લીટા એ બેના ભેદને જેટલું જાણે છે, તેટલુ જ મુખપાઠી અન્ય ગ્રંથ–વિચાર અને નિર્ગ્રંથ–પ્રવચનને ભેદરૂપ માને છે; કારણ તેણે અર્થપૂર્વક નિર્ગ્રંથવચનામૃતો ધાર્યા નથી; તેમ તે પર યથાર્થ તત્ત્વવિચાર કર્યો નથી. યદિ તત્ત્વવિચાર કરવામાં સમર્થ બુદ્ધિપ્રભાવ જોઈએ છે, તોપણ કઈ વિચાર કરી શકે, પથ્થર પીગળે નહીં તો પણ પાણીથી પલળે, તેમ જ જે વચનામૃતો મુખપાઠે કર્યાં હોય તે અર્થ સહિત હોય તો બહુ ઉપયોગી થઈ પડે; નહીં તો પોપટવાળું રામનામ. પોપટને કોઈ પરિચયે રામનામ કહેતાં શિખવાડે; પરંતુ પોપટની બલા જાણે કે રામ તે દાડમ કે દ્રાક્ષ સામાન્યાર્થ સમજ્યા વગર એવું થાય છે. કચ્છી વૈશ્યોનું દૃષ્ટાત એક કહેવાય છે તે કઈક હાસ્યયુક્ત છે ખરું, પરંતુ એમાથી ઉત્તમ શિક્ષા મળી શકે એમ છે, એટલે અહીં કહી જઉ છું કચ્છના કોઈ ગામમા શ્રાવક ધર્મ પાળતા રાયશી, દેવશી અને ખેતશી એમ ત્રણ નામધારી ઓશવાળ રહેતા હતા. નિયમિત રીતે તેઓ સંધ્યાકાળે અને પરોઢિયે પ્રતિક્રમણ કરતા હતા. પરોઢિયે રાયશી અને સંધ્યાકાળે દેવશી પ્રતિક્રમણ કરાવતા હતા. રાત્રિ સંબંધી પ્રતિક્રમણ રાયશી કરાવતો; અને સંબંધે 'રાયશી પડિક્કમણુ ઠાયંમિ', એમ તેને બોલાવવું પડતું; તેમજ દેવશીને 'દેવસી પડિક્કમણુ ઠાયંમિ', એમ સંબંધ હોવાથી બોલાવવું પડતું. યોગાનુયોગે ઘણાના આગ્રહથી એક દિવસ સંધ્યાકાળે ખેતશીને બોલાવવા બેસાર્યો. ખેતશીએ જ્યાં 'દેવસી પડિક્કમણું ઠાયંમિ', એમ આવ્યુ, ત્યાં 'ખેતશી પડિક્કમણું ઠાયંમિ', એ વાક્યો લગાવી દીધા ! એ સાંભળી બધા હાસ્યગ્રસ્ત થયા અને પૂછ્યું, આમ કા ? ખેતશી બોલ્યો: વળી આમ તે કેમ ! ત્યા ઉત્તર મળ્યો કે, 'ખેતશી પડિક્કમણુ ઠાયંમિ' એમ તમે કેમ બોલો છો ? ખેતશીએ કહ્યું કે હું ગરીબ છું એટલે મારું નામ આવ્યુ ત્યા પાધરી તકરાર લઈ બેઠા, પણ રાયશી અને દેવશી માટે તો કોઈ દિવસ કોઈ બોલતા પણ નથી. એ બન્ને કેમ 'રાયશી પડિક્કમણું ઠાયંમિ' અને 'દેવસી પડિક્કમણું ઠાયંમિ' એમ કહે છે તો પછી હું 'ખેતશી પડિક્કમણું ઠાયંમિ' એમ કાં ન

કહે? એની નવિનતાએ તો બધાને વિનોદ ઉપજાવ્યો, પછી અર્થની કાંઈક નવીન સમજણ પાડી. એટલે એનાથી પોતાના મુખપાઠી પ્રતિક્રમણથી શરમાયો.

આ તો એક સામાન્ય વાર્તા છે, પરંતુ અર્થની ખૂબી ન્યારી છે. તત્ત્વજ્ઞ તે પર બહુ વિચાર કરી શકે. બાકી તો ગોળ ગળ્યો જ લાગે, તેમ નિર્ગ્રંથ વચનામૃતો પણ સત્ફળ જ આપે. અહો! પણ મર્મ પામવાની વાતની તો બલિહારી જ છે?

શિક્ષાપાઠ ૨૭. યત્ના

જેમ વિવેક એ ધર્મનું મૂળતત્ત્વ છે, તેમ યત્ના એ ધર્મનું ઉપતત્ત્વ છે. વિવેકથી ધર્મતત્ત્વ ગ્રહણ કરાય છે અને યત્નાથી તે તત્ત્વ શુદ્ધ રાખી શકાય છે, તે પ્રમાણે વર્તન કરી શકાય છે. પાંચ સમિતિરૂપ યત્ના તો બહુ શ્રેષ્ઠ છે. પરંતુ ગૃહસ્થાશ્રમીથી તે સર્વ ભાવે પાળી શકાતી નથી, છતાં જેટલા ભાવાંશે પાળી શકાય તેટલા ભાવાંશે પણ સાવધાનીથી પાળી શકતા નથી. જિનેશ્વર ભગવંતે બોધેલી સ્થૂલ અને સૂક્ષ્મ દયા પ્રત્યે જ્યાં બેદરકારી છે ત્યાં બહુ દોષથી પાળી શકાય છે. એ યત્નાની ન્યૂનતાને લીધે છે. ઉતાવળી અને વેગભરી ચાલ, પાણી ગાળી તેનો સંખારો રાખવાની અપૂર્ણ વિધિ, કાષ્ઠાદિક ઇંધનનો વગર ખંખેર્યે, વગર જોયે ઉપયોગ, અનાજમાં રહેલા સૂક્ષ્મ જંતુઓની અપૂર્ણ તપાસ, પૂંજ્યા પ્રમાર્જ્યા વગર રહેવા દીધેલાં ઠામ, અસ્વચ્છ રાખેલા ઓરડા, આંગણામાં પાણીનું ઢોળવું, એંઠનું રાખી મૂકવું, પાટલા વગર ધખધખતી થાળી નીચે મૂકવી, એથી પોતાને અસ્વચ્છતા, અગવડ, અનારોગ્યતા ઇત્યાદિક ફળ થાય છે અને મહાપાપનાં કારણ પણ થઈ પડે છે. એ માટે થઈને કહેવાનો બોધ કે ચાલવામાં, બેસવામાં, ઊઠવામાં, જમવામાં અને બીજી હરેક ક્રિયામાં યત્નાનો ઉપયોગ કરવો. એથી દ્રવ્યે અને ભાવે બન્ને પ્રકારે લાભ છે. ચાલ ધીમી અને ગંભીર રાખવી, ઘર સ્વચ્છ રાખવાં, પાણી વિધિસહિત ગળાવવું, કાષ્ઠાદિક ખંખેરીને નાખવાં, એ કંઈ આપણને અગવડ પડતું કામ નથી, તેમ તેમાં વિશેષ વખત પણ જતો નથી. એવા નિયમો દાખલ કરી દેવા પછી પાળવા મુશ્કેલ નથી. એથી બિચારા અસંખ્યાત નિરપરાધી જંતુઓ બચે છે.

પ્રત્યેક કામ યત્નાપૂર્વક જ કરવું એ વિવેકી શ્રાવકનું કર્તવ્ય છે.

બતાવીને સુદર્શનને ઉપર બોલાવ્યો. કેટલાક પ્રકારની વાતચીત કર્યા પછી અભયાએ સુદર્શનને ભોગ ભોગવવા સંબંધીનું આમંત્રણ કર્યું. સુદર્શને કેટલોક ઉપદેશ આપ્યો તોપણ તેનું મન શાંત થયું નહીં છેવટે કંટાળીને સુદર્શને યુક્તિથી કહ્યું 'બહેન, હું પુરુષત્વમાં નથી! તોપણ રાણીએ અનેક પ્રકારના હાવભાવ કર્યા. એ સઘળી કામચેષ્ટાથી સુદર્શન ચળ્યો નહીં; એથી કંટાળી જઈને રાણીએ તેને જતો કર્યો.

એક વાર એ નગરીમાં ઉજાણી હતી; તેથી નગર બહાર નગરજનો આનંદથી આમ તેમ ભમતા હતા. ધામધૂમ મચી રહી હતી. સુદર્શન શેઠના છ દેવકુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા હતા અભયારાણી કપિલા નામની દાસી સાથે ઠાઠમાઠથી ત્યાં આવી હતી. સુદર્શનના દેવપૂતળાં જેવા છ પુત્રો તેના જોવામાં આવ્યા કપિલાને તેણે પૂછ્યું. આવા રમ્ય પુત્રો કોના છે? કપિલાએ સુદર્શન શેઠનું નામ આપ્યું એ નામ સાભળીને રાણીની છાતીમાં કટાર ભોંકાઈ, તેને કારી ઘા વાગ્યો. સઘળી ધામધૂમ વીતી ગયા પછી માયાકથન ગોઠવીને અભયાએ અને તેની દાસીએ મળી રાજાને કહ્યું તમે માનતા હશો કે, મારા રાજ્યમાં ન્યાય અને નીતિ વર્તે છે; દુર્જનોથી મારી પ્રજા દુઃખી નથી; પરંતુ તે સઘળું મિથ્યા છે, અંતઃપુરમાં પણ દુર્જનો પ્રવેશ કરે ત્યાં સુધી હજુ અંધેર છે! તો પછી બીજાં સ્થળ માટે પૂછવું પણ શું? તમારા નગરના સુદર્શન નામના શેઠે મારી કને ભોગનું આમંત્રણ કર્યું નહીં કહેવાયોગ્ય કથનો મારે સાભળવાં પડ્યાં; પણ મેં તેનો તિરસ્કાર કર્યો એથી વિશેષ અંધારું કયું કહેવાય! રાજા મૂળે કાનના કાચા હોય છે એ તો જાણે સર્વમાન્ય છે, તેમાં વળી સ્ત્રીનાં માયાવી મધુરાં વચન શું અસર ન કરે? તાતા તેલમાં ટાઢા જળ જેવા વચનથી રાજા ક્રોધાયમાન થયા. સુદર્શનને શૂળીએ ચઢાવી દેવાની તત્કાળ તેણે આજ્ઞા કરી દીધી અને તે પ્રમાણે સઘળું થઈ પણ ગયું માત્ર શૂળીએ સુદર્શન બેસે એટલી વાર હતી

ગમે તેમ હો પણ ¹સૃષ્ટિના દિવ્ય ભંડારમાં અજવાળું છે. સત્યનો પ્રભાવ ઢાંક્યો રહેતો નથી. સુદર્શનને શૂળીએ બેસાર્યો, કે શૂળી ફીટીને તેનું ઝળઝળતું સોનાનું સિંહાસન થયું, અને દેવદુંદુભિના નાદ થયા, સર્વત્ર આનંદ વ્યાપી ગયો, સુદર્શનનું સત્યશીળ વિશ્વમંડળમાં ઝળકી ઊઠ્યું. સત્યશીળનો સદા જય છે. શિયળ અને સુદર્શનની ઉત્તમ દૃઢતા એ બંને આત્માને પવિત્ર શ્રેણિએ ચઢાવે છે?

શિક્ષાપાઠ ૩૪. બ્રહ્મચર્ય વિષે સુભાષિત

દોહરા

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન,
ગણે કાષ્ઠની પુતળી, તે ભગવાન સમાન. ૧.
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨.
એક વિષયને જીતતા, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતા જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
    ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫.
સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
    જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
    પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭.

શિક્ષાપાઠ ૩૫. નવકાર મંત્ર

નમો અરિહંતાણં.
નમો સિદ્ધાણં.
નમો આયરિયાણં.
નમો ઉવજ્ઝાયાણં.
નમો લોએ સવ્વસાહૂણં.

આ પવિત્ર વાક્યોને નિર્ગ્રંથપ્રવચનમાં નવકાર, નમસ્કારમંત્ર કે પંચપરમેષ્ઠીમંત્ર કહે છે.

અર્હંત ભગવંતના બાર ગુણ, સિદ્ધ ભગવંતના આઠ ગુણ, આચાર્યના છત્રીસ ગુણ, ઉપાધ્યાયના પચ્ચીસ ગુણ, અને સાધુના સત્તાવીસ ગુણ મળીને એકસો આઠ ગુણ થયા. અંગૂઠા વિના બાકીની ચાર આંગળીઓના બાર ટેરવાં થાય છે; અને એથી એ ગુણોનું ચિંતવન કરવાની યોજના હોવાથી બારને નવે ગુણતાં ૧૦૮ થાય છે. એટલે નવકાર એમ કહેવાનો આશય એવું લાગે છે કે, હે ભવ્ય! તારા એ આંગળીઓનાં ટેરવાંથી નવકાર મંત્ર નવ વાર ગણ—'કાર' એટલે 'કરનાર' એમ પણ થાય છે. બારને નવે ગુણતાં જેટલા થાય એટલા ગુણનો ભરેલો મંત્ર એમ નવકાર મંત્ર તરીકે એનો અર્થ થઈ શકે છે; અને પંચપરમેષ્ઠી એટલે આ સકળ જગતમાં પાંચ વસ્તુઓ પરમોત્કૃષ્ટ છે તે કઈ કઈ? તો કહી બતાવી કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એને નમસ્કાર કરવાનો જે મંત્ર તે પરમેષ્ઠીમંત્ર; અને પાંચ પરમેષ્ઠીને સાથે નમસ્કાર હોવાથી પંચપરમેષ્ઠીમંત્ર એવો શબ્દ થયો [illegible]

પૂજવા યોગ્ય એઓ શાથી છે? એમ વિચારતા એઓના સ્વરૂપ, ગુણ ઇત્યાદિ માટે વિચાર કરવાની સત્પુરુષને તો ખરી અગત્ય છે. હવે કહો કે એ મંત્ર એથી કેટલો કલ્યાણકારક થાય?

પ્રશ્નકાર—સત્પુરુષો મોક્ષનું કારણ નવકારમંત્રને કહે છે, એ આ વ્યાખ્યાનથી હું પણ માન્ય રાખું છું.

અર્હંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એઓનો અકેકો પ્રથમ અક્ષર લેતાં 'અસિઆઉસા' એવું મહદ્ભૂત વાક્ય નીકળે છે. જેનું ૐ એવું યોગબિંદુનુ સ્વરૂપ થાય છે, માટે આપણે એ મંત્રનો અવશ્ય કરીને વિમળ ભાવથી જાપ કરવો.

શિક્ષાપાઠ ૩૬. અનાનુપૂર્વી

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

પિતા—આવી જાતનાં કોષ્ટકથી ભરેલું એક નાનું પુસ્તક છે તે તેં જોયુ છે?

પુત્ર—હા, પિતાજી.

પિતા—એમાં આડા અવળા અંક મૂક્યા છે, તેનુ કાંઈ પણ કારણ તારા સમજવામાં છે?

પુત્ર—નહીં પિતાજી મારા સમજવામાં નથી માટે આપ તે કારણ કહો.

પિતા—પુત્ર! પ્રત્યક્ષ છે કે મન એ એક બહુ ચંચળ ચીજ છે, અને તેને એકાગ્ર કરવું બહુ વિકટ છે, તે જ્યાં સુધી એકાગ્ર થતું નથી ત્યાં સુધી આત્મમલિનતા જતી નથી, પાપના વિચારો ઘટતા નથી. એ એકાગ્રતા માટે બાર પ્રતિજ્ઞાદિક અનેક મહાન સાધનો ભગવાને કહ્યાં છે. મનની એકાગ્રતાથી મહાયોગની શ્રેણિએ ચઢવા માટે અને તેને કેટલાક પ્રકારથી નિર્મળ કરવા માટે સત્પુરુષોએ એ એક કોષ્ટકાવલી કરી છે. પંચપરમેષ્ઠીમંત્રના પાંચ અંક એમાં પહેલા મૂક્યા છે, અને પછી લોમવિલોમસ્વરૂપમા લક્ષબંધ એના એ પાંચ અંક મૂકીને ભિન્ન ભિન્ન પ્રકારે કોષ્ટકો કર્યાં છે. એમ કરવાનું કારણ પણ મનની એકાગ્રતા પામીને નિર્જરા કરી શકે.

પુત્ર—પિતાજી, અનુક્રમે લેવાથી એમ શા માટે ન થઈ શકે?

પિતા—લોમવિલોમ હોય તો તે ગોઠવતાં જવું પડે અને નામ સંભારતાં જવું પડે. પાચનો અંક મૂક્યા પછી બેનો આંકડો આવે કે 'નમો લોએ સવ્વસાહૂણં' પછી–'નમો અરિહંતાણં' એ અંક મૂકીને 'નમો સિદ્ધાણં' એ વાક્ય સંભારવું પડે. એમ પુનઃ પુનઃ લક્ષની દૃઢતા રહેવાથી મન એકાગ્રતાને પહોંચે છે. અનુક્રમબંધ હોય તો તેમ થઈ શકતું નથી; કારણ વિચાર કરવો પડતો નથી. એ સૂક્ષ્મ વખતમાં મન પરમેષ્ઠીમંત્રમાથી નીકળીને સંસારતંત્રની ખટપટમા

જઈ પડે છે, અને વખતે ધર્મ કરતાં પાઠ ગણુ કરી નાખે છે, જેથી સત્પુરુષોએ આ અનાનુપૂર્વીની યોજના કરી છે, તે બહુ સુંદર અને આત્મશાંતિને આપનારી છે.

શિક્ષાપાઠ ૩૭. સામાયિકવિચાર—ભાગ ૨

આત્મશક્તિનો પ્રકાશ કરનાર, સમ્યગ્‌જ્ઞાનદર્શનનો ઉદય કરનાર, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો અમૂલ્ય લાભ આપનાર, રાગદ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરનાર એવું સામાયિક નામનું શિક્ષાવ્રત છે. સામાયિક શબ્દની વ્યુત્પત્તિ સમ્+આય+ઇક એ શબ્દોથી થાય છે; 'સમ્' એટલે રાગદ્વેષરહિત મધ્યસ્થ પરિણામ, 'આય' એટલે તે સમભાવથી ઉત્પન્ન થતો જ્ઞાનદર્શનચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભ, અને 'ઇક' કહેતાં ભાવ એમ અર્થ થાય છે. એટલે કે જે વડે કરીને મોક્ષના માર્ગનો લાભદાયક ભાવ ઊપજે તે સામાયિક. આર્ત્ત અને રૌદ્ર એ બે પ્રકારનાં ધ્યાનનો ત્યાગ કરીને મન, વચન, કાયાના પાપભાવને રોકીને વિવેકી શ્રાવક સામાયિક કરે છે.

મનના પુદ્‌ગલ દોરંગી છે. સામાયિકમાં જ્યારે વિશુદ્ધ પરિણામથી રહેવું કહ્યું છે ત્યારે પણ એ મન આકાશપાતાળના ઘાટ ઘડ્યા કરે છે. તેમજ ભૂલ, વિસ્મૃતિ, ઉન્માદ ઇત્યાદિકથી વચનકાયામાં પણ દૂષણ આવવાથી સામાયિકમાં દોષ લાગે છે. મન, વચન અને કાયાના થઈને બત્રીસ દોષ ઉત્પન્ન થાય છે. દશ મનના, દશ વચનના અને બાર કાયાના એમ બત્રીસ દોષ જાણવા અવશ્યના છે કે જાણવાથી મન સાવધાન રહે છે.

મનના દશ દોષ કહું છું:

શિક્ષાપાઠ ૩૮. સામાયિકવિચાર—ભાગ ૨

દશ દોષ મનના કહ્યા; હવે વચનના દશ દોષ કહું છું.

૧. કુબોલદોષ—સામાયિકમાં કુવચન બોલવું તે 'કુબોલદોષ'.

૨. સહસાત્કારદોષ—સામાયિકમાં સાહસથી અવિચારપૂર્વક વાક્ય બોલવું તે 'સહસાત્કારદોષ'.

૩. અસદારોપણદોષ—બીજાને ખોટો બોધ આપે તે 'અસદારોપણદોષ'.

૪. નિરપેક્ષદોષ—સામાયિકમાં શાસ્ત્રની દરકાર વિના વાક્ય બોલે તે 'નિરપેક્ષદોષ'.

૫. સંક્ષેપદોષ—સૂત્રના પાઠ ઇત્યાદિક ટૂંકામાં બોલી નાખે; અને યથાર્થ ઉચ્ચાર કરે નહીં તે 'સંક્ષેપદોષ'.

૬. ક્લેશદોષ—કોઈથી કંકાસ કરે તે 'ક્લેશદોષ'.

૭. વિકથાદોષ—ચાર પ્રકારની વિકથા માંડી બેસે તે 'વિકથાદોષ'.

૮. હાસ્યદોષ—સામાયિકમાં કોઈની હાસી, મશ્કરી કરે તે 'હાસ્યદોષ'.

૯. અશુદ્ધદોષ—સામાયિકમાં સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલે તે 'અશુદ્ધદોષ'.

૧૦. મુણમુણદોષ—ગડબડગોટાથી સામાયિકમાં સૂત્રપાઠ બોલે, જે પોતે પણ પૂરું માંડ સમજી શકે તે 'મુણમુણદોષ'.

એ વચનના દશ દોષ કહ્યા; હવે કાયાના બાર દોષ કહું છું.

૧. અયોગ્યઆસનદોષ—સામાયિકમાં પગ પર પગ ચઢાવી બેસે એ ગુર્વાદિકનું અવિનયરૂપ આસન, માટે એ પહેલો 'અયોગ્યઆસનદોષ'.

૨. ચલાસનદોષ—ડગડગતે આસને બેસી સામાયિક કરે, અથવા વારંવાર જ્યાંથી ઊઠવું પડે તેવે આસને બેસે તે 'ચલાસનદોષ'.

૩. ચલદૃષ્ટિદોષ—કાયોત્સર્ગમાં આંખો ચંચળ રાખે તે 'ચલદૃષ્ટિદોષ'.

૪ સાવદ્યક્રિયાદોષ—સામાયિકમા કંઈ પાપ ક્રિયા કે તેની સંજ્ઞા કરે તે 'સાવદ્યક્રિયાદોષ'.

૫ આલંબનદોષ—ભીંતાદિકે ઓઠીંગણ દઈ બેસે એથી ત્યા બેઠેલા જંતુ આદિકનો નાશ થાય અને પોતાને પ્રમાદ થાય, તે 'આલંબનદોષ'.

૬. આકુંચનપ્રસારણદોષ—હાથ પગ સંકોચે, લાંબા કરે એ આદિ તે 'આકુંચનપ્રસારણદોષ'.

૭. આલસદોષ—અંગ મરડે, ટચાકા વગાડે એ આદિ તે 'આલસદોષ'.

૮. મોટનદોષ—આગળી વગેરે વાકી કરે, ટચાકા વગાડે તે 'મોટનદોષ'.

૯. મલદોષ—ઘરડાઘરડ કરી સામાયિકમાં ચળ કરી મેલ ખંખેરે તે 'મલદોષ'.

૧૦. વિમાસણદોષ—ગળામા હાથ નાખી બેસે ઇ૦ તે 'વિમાસણદોષ'.

૧૧. નિદ્રાદોષ—સામાયિકમાં ઊંઘ આવવી તે 'નિદ્રાદોષ'.

૧૨. વસ્ત્રસંકોચનદોષ—સામાયિકમા ટાઢ પ્રમુખની ભીતિથી વસ્ત્રથી શરીરે સંકોચે તે 'વસ્ત્રસંકોચનદોષ'.

એ બત્રીશ દૂષણરહિત સામાયિક કરવી; પાંચ અતિચાર ટાળવા.

શિક્ષાપાઠ ૩૯. સામાયિકવિચાર—ભાગ ૩

એકાગ્રતા અને સાવધાની વિના એ બત્રીસ દોષમાંના અમુક દોષ પણ લાગે છે. વિજ્ઞાનવેત્તાઓએ સામાયિકનું જઘન્ય પ્રમાણ બે ઘડીનું બાંધ્યું છે. એ વ્રત સાવધાનીપૂર્વક કરવાથી પરમ શાંતિ આપે છે. કેટલાકનો એ બે ઘડીનો કાળ જ્યારે જતો નથી ત્યારે તેઓ બહુ કંટાળે છે. સામાયિકમાં નવરાશ લઈ બેસવાથી કાળ જાય પણ ક્યાંથી? આધુનિક કાળમાં સાવધાનીથી સામાયિક કરનારા બહુ જ થોડા છે. પ્રતિક્રમણ સામાયિકની સાથે કરવાનું હોય છે ત્યારે તો વખત જવો સુગમ પડે છે. જોકે એવા પામરો પ્રતિક્રમણ લક્ષપૂર્વક કરી શકતા નથી તોપણ કેવળ નવરાશ કરતાં એમાં જરૂર કંઈક ફેર પડે છે. સામાયિક પણ પૂરું જેઓને આવડતું નથી તેઓ બિચારા સામાયિકમાં પછી બહુ મૂંઝાય છે. કેટલાક ભારેકર્મીઓ એ અવસરમાં વ્યવહારના પ્રપંચો પણ ઘડી રાખે છે. આથી સામાયિક બહુ દૂષિત થાય છે.

વિધિપૂર્વક સામાયિક ન થાય એ બહુ ખેદકારક અને કર્મની બાહુલ્યતા છે. સાઠ ઘડીના અહોરાત્ર વ્યર્થ ચાલ્યા જાય છે. અસંખ્યાતા દિવસથી ભરેલાં અનંતા કાળચક્ર વ્યતીત કરતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીની વિશુદ્ધ સામાયિક સાર્થક કરે છે. લક્ષપૂર્વક સામાયિક થવા માટે સામાયિકમાં પ્રવેશ કર્યા પછી ચાર લોગસ્સથી વધારે લોગસ્સનો કાયોત્સર્ગ કરી ચિત્તની કંઈક સ્વસ્થતા આણવી. પછી સૂત્રપાઠ કે ઉત્તમ ગ્રંથનું મનન કરવું. વૈરાગ્યનાં ઉત્તમ કાવ્યો,

ઉત્તમ મુનિઓ અને ભાવિક શ્રાવકો સંધ્યાકાળે અને રાત્રિના પાછળના ભાગમાં દિવસે અને રાત્રે એમ અનુક્રમે થયેલા દોષનો પશ્ચાત્તાપ કે ક્ષમાપના ઇચ્છે છે, એનું નામ અહીં આગળ પ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણ આપણે પણ અવશ્ય કરવું; કારણ આત્મા મન, વચન અને કાયાના યોગથી અનેક પ્રકારનાં કર્મ બાંધે છે. પ્રતિક્રમણસૂત્રમાં એનું દોહન કરેલું છે; જેથી દિવસરાત્રિમાં થયેલા પાપનો પશ્ચાત્તાપ તે વડે થઈ શકે છે. શુદ્ધભાવ વડે કરી પશ્ચાત્તાપ કરવાથી લેશ પાપ થતાં પરલોકભય અને અનુકંપા છૂટે છે; આત્મા કોમળ થાય છે. ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવાન સાક્ષીએ અજ્ઞાન ઇ૦ જે જે દોષ વિસ્મરણ થયા હોય તેનો પશ્ચાત્તાપ પણ થઈ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે.

એનું 'આવશ્યક' એવું પણ નામ છે. આવશ્યક એટલે અવશ્ય કરીને કરવા યોગ્ય; એ સત્ય છે. તે વડે આત્માની મલિનતા ખસે છે, માટે અવશ્ય કરવા યોગ્ય જ છે.

સાયંકાળે જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તેનું નામ દેવસિય પડિક્કમણું એટલે દિવસસંબંધી પાપનો પશ્ચાત્તાપ; અને રાત્રિના પાછલા ભાગમાં જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તે રાઇ પડિક્કમણું કહેવાય છે. દેવસીય અને રાઇ એ પ્રાકૃત ભાષાના શબ્દો છે. પખવાડિયે કરવાનું પ્રતિક્રમણ તે પાક્ષિક અને સંવત્સરે કરવાનું તે સાંવત્સરિક કહેવાય છે. સત્પુરુષોએ યોજનાથી બાંધેલો એ સુંદર નિયમ છે.

કેટલાક સામાન્ય બુદ્ધિમાનો એમ કહે છે કે દિવસ અને રાત્રિનું સવારે પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિક્રમણ કર્યું હોય તો કંઈ ખોટું નથી, પરંતુ એ કહેવું પ્રમાણિક નથી. રાત્રિએ અકસ્માત્ અમુક કારણ કે કાળધર્મ થઈ પડે તો દિવસ સંબંધી પણ રહી જાય.

પ્રતિક્રમણસૂત્રની યોજના બહુ સુંદર છે. એનાં મૂળતત્ત્વ બહુ ઉત્તમ છે. જેમ બને તેમ પ્રતિક્રમણ ધીરજથી, સમજાય એવી ભાષાથી, શાંતિથી, મનની એકાગ્રતાથી અને યત્નાપૂર્વક કરવું.

શિક્ષાપાઠ ૪૧. ભિખારીનો ખેદ—ભાગ ૧

એક પામર ભિખારી જંગલમાં ભટકતો હતો. ત્યાં તેને ભૂખ લાગી એટલે તે બિચારો લડથડિયાં ખાતો ખાતો એક નગરમાં એક સામાન્ય મનુષ્યને ઘેર પહોંચ્યો. ત્યાં જઈને તેણે અનેક પ્રકારની આજીજી કરી; તેના કાલાવાલાથી કરુણા પામીને તે ગૃહસ્થની સ્ત્રીએ તેને ઘરમાંથી જમતાં વધેલું મિષ્ટાન્ન ભોજન આણી આપ્યું. ભોજન મળવાથી ભિખારી બહુ આનંદ પામતો પામતો નગરની બહાર આવ્યો; આવીને એક ઝાડ તળે બેઠો; ત્યા જરા સ્વચ્છ કરીને એક બાજુએ અતિ જૂનો થયેલો પોતાનો જળનો ઘડો મૂક્યો એક બાજુએ પોતાની ફાટીતૂટી મલિન ગોદડી મૂકી અને એક બાજુએ પોતે તે ભોજન લઈને બેઠો. રાજી રાજી થતાં એણે તે ભોજન ખાઈને પૂરું કર્યું. ઓશીકે પછી એક પથ્થર મૂકીને તે સૂતો. ભોજનના મદથી જરા વારમા તેની આંખો મીંચાઈ ગઈ. નિદ્રાવશ થયો એટલે તેને એક સ્વપ્નું આવ્યુ. પોતે જાણે મહા રાજરિદ્ધિને પામ્યો છે, સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં છે; દેશ આખામાં પોતાના વિજયનો ડંકો વાગી ગયો છે, સમીપમાં તેની આજ્ઞા અવલંબન કરવા અનુચરો ઊભા થઈ રહ્યા છે, આજુબાજુ છડીદારો ખમા! ખમા! પોકારે છે; એક રમણીય મહેલમાં સુંદર પલંગ પર તેણે શયન કર્યું છે; દેવાંગના જેવી સ્ત્રીઓ તેના પગ ચાંપે છે; પંખાથી એક બાજુએથી પંખાનો મંદ મંદ પવન ઢોળાય છે; એમ સ્વપ્નાવસ્થામાં તેનો આત્મા ચઢી ગયો. તે સ્વપ્નાના ભોગ લેતાં તેનાં રોમ

ઉતરવી ગયાં. એવામાં મેઘ મહારાજ ચઢી આવ્યા, વીજળીના ઝબકારા થવા લાગ્યા, સૂર્યદેવ વાદળાંથી ઢંકાઈ ગયો; સર્વત્ર અંધકાર પથરાઈ ગયો; મુશળધાર વરસાદ થશે એમ જણાયું અને એટલામાં ગાજવીજથી એક પ્રબળ કડાકો થયો. કડાકાના અવાજથી ભય પામીને તે બિચારો ભિખારી જાગી ગયો.

શિક્ષાપાઠ ૪૨. ભિખારીનો ખેદ — ભાગ ૨

જુએ છે તો જે સ્થળે પાણીનો ખોખરો ઘડો પડ્યો હતો તે સ્થળે તે ઘડો પડ્યો છે. જ્યાં ફાટીતૂટી ગોદડી પડી હતી ત્યાં જ તે પડી છે. પોતે જેવાં મલિન અને અનેક જાળીઓવાળાં કપડાં ધારણ કર્યાં હતાં તેવાં ને તેવાં શરીર ઉપર તે વસ્ત્રો બિરાજે છે. નથી તલભાર વધ્યું કે નથી જવભાર ઘટ્યું. નથી તે દેશ કે નથી તે નગરી, નથી તે મહેલ કે નથી તે પલંગ. નથી તે ચામરછત્ર ધરનારા કે નથી તે છડીદારો; નથી તે સ્ત્રીઓ કે નથી તે વસ્ત્રાલંકારો; નથી તે પંખા કે નથી તે પવન; નથી તે અનુચરો કે નથી તે આજ્ઞા. નથી તે સુખવિલાસ કે નથી તે મદોન્મત્તતા, ભાઈ તો પોતે જેવા હતા તેવા ને તેવા દેખાયા. એથી તે દેખાવ જોઈને તે ખેદ પામ્યો. સ્વપ્નામાં મેં મિથ્યા આડંબર દીઠા. તેથી આનંદ માન્યો, એમાંનું તો અહીં કશુંયે નથી; સ્વપ્નાના ભોગ ભોગવ્યા નહીં, અને તેનું પરિણામ જે ખેદ તે ભોગવવું પડ્યું? એમ તે પામર જીવ પશ્ચાત્તાપમાં પડી ગયો.

અહો ભવ્યો! ભિખારીના સ્વપ્ના જેવાં સંસારનાં સુખ અનિત્ય છે. સ્વપ્નામાં જેમ તે ભિખારીએ સુખસમુદાય દીઠા અને આનંદ માન્યો તેમ પામર પ્રાણીઓ સંસાર સ્વપ્નના સુખસમુદાયમાં આનંદ માને છે. જેમ તે સુખસમુદાય જાગૃતિમાં મિથ્યા જણાયા તેમ જ્ઞાન પ્રાપ્ત થતાં સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નાના ભોગ ન ભોગવ્યા છતાં જેમ ભિખારીને ખેદની પ્રાપ્તિ થઈ, તેમ મોહાંધ પ્રાણીઓ સંસારમાં સુખ માની બેસે છે, અને ભોગવ્યા સમ ગણે છે, પણ પરિણામે ખેદ, દુર્ગતિ અને પશ્ચાત્તાપ લે છે. તે ચપળ અને વિનાશી હોવાથી સ્વપ્નાના ખેદ જેવું તેનું પરિણામ રહ્યું છે. એ ઉપરથી બુદ્ધિમાન પુરુષો આત્મહિતને શોધે છે. સંસારની અનિત્યતા પર એક કાવ્ય છે કે:—

આવ્યુ. જ્યારે મારા પતિ આ પદવી પર હતા ત્યારે હુ કેવું સુખ ભોગવતી હતી! એ મારું સુખ તો ગયુ, પરંતુ મારો પુત્ર પણ પૂરું ભણ્યોયે નહીં. એમ વિચારમાં ડોલતાં ડોલતા એની આંખમાંથી દડ દડ આસુ ખરવા મંડયાં. એવામાં ફરતો ફરતો કપિલ ત્યાં આવી પહોંચ્યો. શ્રીદેવીને રડતી જોઈ તેનું કારણ પૂછ્યું. કપિલના બહુ આગ્રહથી શ્રીદેવીએ જે હતું તે કહી બતાવ્યુ. પછી કપિલ બોલ્યો: "જો મા! હું બુદ્ધિશાળી છું, પરંતુ મારી બુદ્ધિનો ઉપયોગ જોઈએ તેવો થઈ શકયો નથી. એટલે વિદ્યા વગર હું એ પદવી પામ્યો નહીં. તું કહે ત્યાં જઈને હવે હું મારાથી બનતી વિદ્યા સાધ્ય કરું." શ્રીદેવીએ ખેદ સાથે કહ્યુ: "એ તારાથી બની શકે નહીં, નહીં તો આર્યાવર્તની મર્યાદા પર આવેલી શ્રાવસ્તી નગરીમાં ઇંદ્રદત્ત નામનો તારા પિતાનો મિત્ર રહે છે, તે અનેક વિદ્યાર્થીઓને વિદ્યાદાન દે છે; જો તારાથી ત્યાં જવાય તો ધારેલી સિદ્ધિ થાય ખરી" એક બે દિવસ રોકાઈ સજ્જ થઈ, અસ્તુ કહી કપિલજી પંથે પળ્યા

અવધ વીતતાં કપિલ શ્રાવસ્તીએ શાસ્ત્રીજીને ઘેર આવી પહોંચ્યા. પ્રણામ કરીને પોતાનો ઇતિહાસ કહી બતાવ્યો. શાસ્ત્રીજીએ મિત્રપુત્રને વિદ્યાદાન દેવાને માટે બહુ આનંદ દેખાડયો. પણ કપિલ આગળ કંઈ પૂંજી નહોતી કે તેમાંથી ખાય, અને અભ્યાસ કરી શકે, એથી કરીને તેને નગરમાં યાચવા જવું પડતું હતું. યાચતા યાચતાં બપોર થઈ જતા હતા, પછી રસોઈ કરે, અને જમે ત્યાં સાંજનો થોડો ભાગ રહેતો હતો; એટલે કંઈ અભ્યાસ કરી શકતો નહોતો પંડિતે તેનુ કારણ પૂછ્યું ત્યારે કપિલે તે કહી બતાવ્યુ. પંડિત તેને એક ગૃહસ્થ પાસે તેડી ગયા અને હંમેશા ભોજન મળે એવી ગોઠવણ એક વિધવા બ્રાહ્મણીને ત્યાં તે ગૃહસ્થે કપિલની અનુકંપા ખાતર કરી દીધી, જેથી કપિલને તે એક ચિંતા ઓછી થઈ.

શિક્ષાપાઠ ૪૭. કપિલમુનિ—ભાગ ૨

એ નાની ચિંતા ઓછી થઈ, ત્યા બીજી મોટી જંજાળ ઊભી થઈ. ભદ્રિક કપિલ હવે યુવાન થયો હતો; અને જેને ત્યા એ જમવા જતો હતો તે બાઈ પણ યુવાન હતી તેની સાથે તેના ઘરમાં બીજું કોઈ માણસ નહોતું. હંમેશનો પરસ્પરનો વાતચીતનો સંબંધ વધ્યો; વધીને હાસ્યવિનોદરૂપે થયો, એમ કરતાં કરતાં બન્નેને પ્રીતિ બંધાઈ. કપિલ તેનાથી લુબ્ધાયો! એકાંત બહુ અનિષ્ટ ચીજ છે!!

વિદ્યા પ્રાપ્ત કરવાનુ તે ભૂલી ગયો. ગૃહસ્થ તરફથી મળતા સીધાથી બન્નેનુ માંડ પૂરું થતું હતું; પણ લૂગડાલત્તાના વાધા થયા ગૃહસ્થાશ્રમ માંડી બેઠા જેવું કપિલે કરી મૂક્યું. ગમે તેવો તોપણ લઘુકર્મી જીવ હોવાથી સંસારની વિશેષ લોતાળની તેને માહિતી પણ નહોતી, એથી પૈસા કેમ પેદા કરવા તે બિચારો તે જાણતો પણ નહોતો. ચંચળ સ્ત્રીએ તેને રસ્તો બતાવ્યો કે મૂંઝાવામાં કંઈ વળવાનું નથી, પરંતુ ઉપાયથી સિદ્ધિ છે. આ ગામના રાજાનો એવો નિયમ છે કે, સવારમા પહેલો જઈ જે બ્રાહ્મણ આશીર્વાદ આપે તેને તે બે માસા સોનું આપે છે. ત્યાં જો જઈ શકો અને પ્રથમ આશીર્વાદ આપી શકો તો તે બે માસા સોનું મળે. કપિલે એ વાતની હા કહી. આઠ દિવસ સુધી આંટા ખાધા, પણ વખત વીત્યા

[illegible] વાત એટલે કંઈ [illegible] નથી. એવી [illegible] એક દિવસ વિચાર કર્યો કે, [illegible] હું [illegible] [illegible] શરીર [illegible]. પછી તે [illegible] [illegible] કવિને [illegible] [illegible] મૂકીને પાણીને આશીર્વાદ દેવા માટે [illegible] [illegible] [illegible] તેને પકડી રાખ્યા. એક [illegible] બીજું [illegible] [illegible] [illegible] તેને [illegible] [illegible] [illegible] રાખ્યા. કવિએ [illegible] કે, [illegible], [illegible] [illegible] [illegible] [illegible] નથી. તેથી તેને [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible]. તેની [illegible] [illegible] [illegible]. [illegible] માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. હું તને [illegible]. કવિએ [illegible] [illegible] [illegible], કંઈ [illegible] નથી? કવિએ ઉત્તર આપ્યો. આટલું [illegible] [illegible] શું [illegible] નથી. [illegible] [illegible] [illegible] કરી કવિને [illegible] [illegible]. એટલે કવિએ તે [illegible] [illegible] [illegible].

શિક્ષાપાઠ ૫૩. મહાવીરશાસન

હમણાં જે શાસન પ્રવર્તમાન છે તે શ્રમણ ભગવંત મહાવીરનું પ્રણીત કરેલું છે.[1] ભગવાન મહાવીરને નિર્વાણ પધાર્યા ૨૪૧૪ વર્ષ થઈ ગયાં. મગધ દેશના ક્ષત્રિયકુંડ નગરમાં ત્રિશલાદેવી ક્ષત્રિયાણીની કૂખે સિદ્ધાર્થ રાજાથી ભગવાન મહાવીર જન્મ્યા. મહાવીર ભગવાનના મોટા ભાઈનું નામ નંદિવર્દ્ધમાન હતું મહાવીર ભગવાનની સ્ત્રીનું નામ યશોદા હતું. ત્રીસ વર્ષ તેઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. એકાંતિક વિહારે સાડાબાર વર્ષ એક પક્ષ તપાદિક સમ્યકાચારે એમણે અશેષ ઘનઘાતી કર્મને બાળીને ભસ્મીભૂત કર્યાં; અને અનુપમેય કેવળજ્ઞાન અને કેવળદર્શન ઋજુવાલિકા નદીને કિનારે પામ્યા એકંદર બોતેર વર્ષની લગભગ આયુ ભોગવી સર્વ કર્મ ભસ્મીભૂત કરી સિદ્ધસ્વરૂપને પામ્યા વર્તમાન ચોવીશીના એ છેલ્લા જિનેશ્વર હતા

એઓનુ આ ધર્મતીર્થ પ્રવર્તે છે, તે ૨૧,૦૦૦ વર્ષ એટલે પંચમકાળની પૂર્ણતા સુધી પ્રવર્તશે એમ, ભગવતીસૂત્રમા પ્રવચન છે.

આ કાળ દશ અપવાદથી યુક્ત હોવાથી એ ધર્મતીર્થ પર અનેક વિપત્તિઓ આવી ગઈ છે, આવે છે, અને પ્રવચન પ્રમાણે આવશે પણ ખરી

જૈન સમુદાયમા પરસ્પર બહુ મતભેદ પડી ગયા છે. પરસ્પર નિંદાગ્રંથોથી જંજાળ માંડી બેઠા છે. વિવેક વિચારે મધ્યસ્થ પુરુષો મતમતાતરમા નહીં પડતા જૈન શિક્ષાના મૂળ તત્ત્વ પર આવે છે. ઉત્તમ શીલવાન મુનિઓ પર ભાવિક રહે છે, અને સત્ય એકાગ્રતાથી પોતાના આત્માને દમે છે.

વખતે વખતે શાસન કંઈ સામાન્ય પ્રકાશમાં આવે છે; પણ કાળપ્રભાવને લીધે તે જોઈએ એવું પ્રફુલ્લિત ન થઈ શકે

'**वक जडाय पछीमा**' એવું ઉત્તરાધ્યયન સૂત્રમાં વચન છે; એનો ભાવાર્થ એ છે કે છેલ્લા તીર્થંકર (મહાવીરસ્વામી)ના શિષ્યો વાંકા ને જડ થશે; અને તેમની સત્યતા વિષે કોઈને બોલવું રહે તેમ નથી. આપણે ક્યાં તત્ત્વનો વિચાર કરીએ છીએ? ક્યા ઉત્તમ શીલનો વિચાર કરીએ છીએ? નિયમિત વખત ધર્મમાં ક્યાં વ્યતીત કરીએ છીએ? ધર્મતીર્થના ઉદય માટે ક્યા લક્ષ રાખીએ છીએ? ક્યાં દાઝ વડે ધર્મ તત્ત્વને શોધીએ છીએ? શ્રાવકકુળમાં જન્મ્યા એથી કરીને શ્રાવક, એ વાત આપણે ભાવે કરીને માન્ય કરવી જોઈતી નથી, એને માટે જોઈતા આચાર, જ્ઞાન, શોધ કે એમાના કંઈ વિશેષ લક્ષણો હોય તેને શ્રાવક માનીએ તો તે યથાયોગ્ય છે. દ્રવ્યાદિક કેટલાક પ્રકારની સામાન્ય દયા શ્રાવકને ઘેર જન્મે છે અને તે પાળે છે, તે વાત વખાણવા લાયક છે, પણ તત્ત્વને કોઈક જ જાણે છે; જાણ્યા કરતા ઝાઝી શંકા કરનારા અર્ધદગ્ધો પણ છે, જાણીને અહંપદ કરનારા પણ છે, પરંતુ જાણીને તત્ત્વના કાંટામાં તોળનારા કોઈક વિરલા જ છે. 'પરમ્પર આમ્નાયથી કેવળ, મન:પર્યવ અને પરમાવધિજ્ઞાન' વિચ્છેદ ગયાં. દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું; સિદ્ધાંતનો ઘણો ભાગ વિચ્છેદ ગયો; માત્ર થોડા રહેલા ભાગ પર સામાન્ય સમજણથી શંકા કરવી યોગ્ય નથી. જે શંકા થાય તે વિશેષ જાણનારને પૂછવી. ત્યાંથી મનમાનતો ઉત્તર ન મળે તો પણ જિનવચનની શ્રદ્ધા ચળવિચળ કરવી નહીં અનેકાંત શૈલીના સ્વરૂપને વિરલા જાણે છે.

---

૧. મોક્ષમાળાની પ્રથમાવૃત્તિ વીરસંવત ૨૪૧૪ એટલે વિ. સં. ૧૯૪૪મા છપાઈ છે.

ભગવાનના કથનરૂપ મણિના ઘરમાં કેટલાક પામર પ્રાણીઓ દોષરૂપી કાણું પાડવાનું યત્ન કરી અધોગતિજન્ય કર્મ બાંધે છે. લીલોતરીને બદલે તેની સૂકવણી કરી લેવાનું કોણે, કેવા વિચારથી શોધી કાઢ્યું હશે?

આ વિષય બહુ મોટો છે. એ વિશેથી બહુ આગળ કહી શકવાની યોગ્યતા નથી. ટૂંકામાં કહેવાનું કે આપણે આપણા આત્માના સાર્થક અર્થે મતભેદમાં પડવું નહીં. ઉત્તમ અને શાંત મુનિનો સમાગમ, વિમળ આચાર, વિવેક, દયા, ક્ષમા એનું સેવન કરવું. મહાવીરતીર્થને અર્થે બને તો વિવેકી બોધ કારણ સહિત આપવો. તુચ્છ બુદ્ધિથી શંકિત થવું નહીં. એમાં આપણું પરમ મંગળ છે, એ વિસર્જન કરવું નહીં.

શિક્ષાપાઠ ૫૪. અશુચિ કોને કહેવી?

જિજ્ઞાસુ—મને જૈન મુનિઓના આચારની વાત બહુ રુચી છે. એઓના જેવો કોઈ દર્શનના સંતોમાં આચાર નથી. ગમે તેવા શિયાળાની ટાઢમાં અમુક વસ્ત્રથી તેઓને રહેવું પડે છે, ઉનાળામાં ગમે તેવો તાપ તપતાં છતાં પગમાં તેઓ પગરખાં કે માથે છત્રી લેતા નથી. ઉની રેતીમાં આતાપના લેવી પડે છે. યાવજ્જીવ ગરમ પાણી પીએ છે. ગૃહસ્થને ઘેર તેઓ બેસી શકતા નથી. શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે. ફૂટી બદામ પણ પાસે રાખી શકતા નથી. અયોગ્ય વચન તેઓથી બોલી શકાતું નથી. વાહન તેઓ લઈ શકતા નથી. આવા પવિત્ર આચારો ખરે! મોક્ષદાયક છે. પરંતુ નવ વાડમાં ભગવાને સ્નાન કરવાની ના કહી છે એ વાત તો મને યથાર્થ બેસતી નથી.

જિજ્ઞાસુ—મને તમે બહુ સુંદર કારણ બતાવ્યુ. સૂક્ષ્મ વિચાર કરતાં જિનેશ્વરનાં કથનથી બોધ અને અત્યાનંદ પ્રાપ્ત થાય છે વારુ, ગૃહસ્થાશ્રમીઓને જીવહિંસા કે સંસાર કર્તવ્યથી થયેલી શરીરની અશુચિ ટાળવી જોઈએ કે નહીં ?

સત્ય—સમજણપૂર્વક અશુચિ ટાળવી જ જોઈએ. જૈન જેવું એકકે પવિત્રદર્શન નથી; અને તે અપવિત્રતાનો બોધ કરતું નથી. પરંતુ શૌચાશૌચનું સ્વરૂપ સમજવું જોઈએ.

શિક્ષાપાઠ ૫૫. સામાન્ય નિત્યનિયમ

પ્રભાત પહેલાં જાગૃત થઈ, નમસ્કાર મંત્રનુ સ્મરણ કરી મન વિશુદ્ધ કરવું. પાપ વ્યાપારની વૃત્તિ રોકી રાત્રિ સંબંધી થયેલા દોષનુ ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરવું.

પ્રતિક્રમણ કર્યા પછી યથાવસર ભગવાનની ઉપાસના સ્તુતિ તથા સ્વાધ્યાયથી કરીને મનને ઉજ્જવલ કરવું.

માતાપિતાનો વિનય કરી, આત્મહિતનો લક્ષ ભુલાય નહીં, તેમ યત્નાથી સંસારી કામમાં પ્રવર્તન કરવું.

પોતે ભોજન કરતાં પહેલાં સત્પાત્રે દાન દેવાની પરમ આતુરતા રાખી તેવો યોગ મળતાં યથોચિત પ્રવૃત્તિ કરવી

આહાર, વિહારનો નિયમિત વખત રાખવો તેમજ સત્ શાસ્ત્રના અભ્યાસનો અને તાત્ત્વિક ગ્રંથના મનનનો પણ નિયમિત વખત રાખવો.

સાયંકાળે સંધ્યાવશ્યક ઉપયોગપૂર્વક કરવું.

નિયમિત નિદ્રા લેવી.

સૂતા પહેલાં અઢાર પાપસ્થાનક, દ્વાદશવ્રતદોષ અને સર્વ જીવને ક્ષમાવી, પંચપરમેષ્ઠી મંત્રનુ સ્મરણ કરી, મહાશાંતિથી સમાધિભાવે શયન કરવું.

આ સામાન્ય નિયમો બહુ લાભદાયક થશે એ તમને સંક્ષેપમાં કહ્યા છે. સૂક્ષ્મ વિચારથી અને તેમ પ્રવર્તવાથી એ વિશેષ મંગળદાયક થશે

શિક્ષાપાઠ ૫૬. ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામા પડ્યો છું. હું પાપી છુ. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છુ. હે પરમાત્મા! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમા પડ્યો છુ. અજ્ઞાનથી અંધ થયો છું, મારામા વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છુ, અનાથ છું. નિરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનુ અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના

[illegible] તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શિક્ષાપાઠ ૫૭. વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે.

એક વસ્ત્ર લોહીથી કરીને રંગાયું, તેને જો લોહીથી ધોઈએ તો તે ધોઈ શકનાર નથી; પરંતુ વિશેષ રંગાય છે. જો એ વસ્ત્રને પાણીથી ધોઈએ તો તે મલિનતા જવાનો સંભવ છે. એ દ્રષ્ટાંત પરથી આત્મા પર વિચાર કરીએ. આત્મા અનાદિકાળથી સંસારરૂપી લોહીથી મલિન થયો છે. મલિનતા રોમ રોમ ઊતરી ગઈ છે. એ મલિનતા આપણે વિષયશૃંગારથી ટાળવા ધારીએ તો તે ટળી શકે નહીં. લોહીથી જેમ લોહી ધોવાતું નથી, તેમ શૃંગારથી વિષયજન્ય આત્મમલિનતા ટળનાર નથી, એ જાણે નિશ્ચયરૂપ છે. આ જગતમાં અનેક ધર્મમત ચાલે છે, તે સંબંધી નિષ્પક્ષપાતે વિચાર કરતાં આગળથી આટલો વિચાર કરવો અવશ્યનો છે કે જ્યાં સ્ત્રીઓ ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મીલીલાની શિક્ષા આપી હોય, રંગ, રાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય [illegible]

અજ્ઞાનને ધર્મમત કહે છે. કેટલાક ભક્તિને કહે છે; કેટલાક ક્રિયાને કહે છે; કેટલાક વિનયને કહે છે અને કેટલાક શરીર સાચવવું એને ધર્મમત કહે છે.

એ ધર્મસ્થાપકોએ એમ બોધ કર્યો જણાય છે કે, અમે જે કહીએ છીએ તે સર્વજ્ઞવાણીરૂપ અને સત્ય છે; બાકીના સઘળા મતો અસત્ય અને કુતર્કવાદી છે. પરસ્પર તેથી તે મતવાદીઓએ યોગ્ય કે અયોગ્ય ખંડન કર્યું છે વેદાંતના ઉપદેશક આ જ બોધે છે; સાંખ્યનો પણ આ જ બોધ છે. બુદ્ધનો પણ આ જ બોધ છે. ન્યાયમતવાળાનો પણ આ જ બોધ છે; વૈશેષિકનો આ જ બોધ છે; શક્તિપંથીનો આ જ બોધ છે, વૈષ્ણવાદિકનો આ જ બોધ છે; ઇસ્લામીનો આ જ બોધ છે, અને ક્રાઇસ્ટનો આ જ બોધ છે કે આ અમારું કથન તમને સર્વસિદ્ધિ આપશે. ત્યારે આપણે હવે શો વિચાર કરવો?

વાદી પ્રતિવાદી બન્ને સાચા હોતા નથી, તેમ બન્ને ખોટા હોતા નથી. બહુ તો વાદી કંઈક વધારે સાચો અને પ્રતિવાદી કંઈક ઓછો ખોટો હોય.* કેવળ બન્નેની વાત ખોટી હોવી ન જોઈએ આમ વિચાર કરતાં તો એક ધર્મમત સાચો ઠરે; બાકીના ખોટા ઠરે.

જિજ્ઞાસુ—એ એક આશ્ચર્યકારક વાત છે. સર્વને અસત્ય અને સર્વને સત્ય કેમ કહી શકાય? જો સર્વને અસત્ય એમ કહીએ તો આપણે નાસ્તિક ઠરીએ અને ધર્મની સચ્ચાઈ જાય. આ તો નિશ્ચય છે કે ધર્મની સચ્ચાઈ છે, તેમ સૃષ્ટિ પર તેની આવશ્યકતા છે. એક ધર્મમત સત્ય અને બાકીના સર્વ અસત્ય એમ કહીએ તો તે વાત સિદ્ધ કરી બતાવવી જોઈએ. સર્વ સત્ય કહીએ તો તો એ રેતીની ભીંત કરી; કારણ તો આટલા બધા મતભેદ શા માટે પડે? સર્વ એક જ પ્રકારના મતો સ્થાપવા શા માટે યત્ન ન કરે? એમ અન્યોન્યના વિરોધાભાસ વિચારથી થોડી વાર અટકવું પડે છે.

તોપણ તે સંબંધી યથામતિ હું કંઈ ખુલાસો કરું છું. એ ખુલાસો સત્ય અને મધ્યસ્થભાવનાને છે એકાંતિક કે મતાંતિક નથી, પક્ષપાતી કે અવિવેકી નથી, પણ ઉત્તમ અને વિચારવા જેવો છે દેખાવે એ સામાન્ય લાગશે, પરંતુ સૂક્ષ્મ વિચારથી બહુ ભેદવાળો લાગશે

શિક્ષાપાઠ ૫૯. ધર્મના મતભેદ—ભાગ ૨

આટલું તો તમારે સ્પષ્ટ માનવું કે ગમે તે એક ધર્મ આ સૃષ્ટિ પર સંપૂર્ણ સત્યતા ધરાવે છે. હવે એક દર્શનને સત્ય કહેતાં બાકીના ધર્મમતને કેવળ અસત્ય કહેવા પડે; પણ હું એમ કહી ન શકું. શુદ્ધ આત્મજ્ઞાનદાતા નિશ્ચયનય વડે તો તે અસત્યરૂપ ઠરે, પરંતુ વ્યવહારનયે તે અસત્ય કહી શકાય નહીં. એક સત્ય અને બાકીના અપૂર્ણ અને સદોષ છે એમ હું કહું છું. તેમ કેટલાક કુતર્કવાદી અને નાસ્તિક છે તે કેવળ અસત્ય છે, પરંતુ જેઓ પરલોક સંબંધી કે પાપ સંબંધી કંઈ પણ બોધ કે ભય બતાવે છે તે જાતના ધર્મમતને અપૂર્ણ અને સદોષ કહી શકાય છે. એક દર્શન જે નિર્દોષ અને પૂર્ણ કહેવાનું છે તેની વાત હમણાં એક બાજુ રાખીએ.

હવે તમને શંકા થશે કે સદોષ અને અપૂર્ણ એવું કથન એના પ્રવર્તકે શા માટે બોધ્યું હશે? તેનું સમાધાન થવું જોઈએ. એ ધર્મમતવાળાઓની જ્યાં સુધી બુદ્ધિની ગતિ પહોંચી ત્યાં સુધી તે

---

* પાઠાન્તર—પ્રતિવાદી કંઈક વધારે સાચો અને વાદી કંઈક ઓછો ખોટો હોય.

[illegible]

વેદ સિવાયના બીજા મતોના પ્રવર્તકો, એમના ચરિત્રો, વિચારો ઈત્યાદિક વાંચવાથી અપૂર્ણ છે એમ જણાઈ આવે છે. [1]'વેદે પ્રવર્તક ભિન્ન ભિન્ન કરી નાખી બેધડકતાથી વાત મર્મમાં નાખી ગંભીર ડોળ પણ કર્યો છે. છતા એમના પુષ્કળ મતો વાંચવાથી એ પણ અપૂર્ણ અને એકાંતિક જણાઈ આવશે.'

જે પૂર્ણ દર્શન વિષે અત્રે કહેવાનુ છે તે જૈન એટલે નિરાગીના સ્થાપન કરેલા દર્શન વિષે છે. એના બોધદાતા સર્વજ્ઞ અને સર્વદર્શી હતા. કાળભેદ છે તોપણ એ વાત સૈદ્ધાંતિક જણાય છે. દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ક્રિયાદિ એના જેવાં પૂર્ણ એકકેએ વર્ણવ્યાં નથી. તેની સાથે શુદ્ધ આત્મજ્ઞાન, તેની કોટિઓ, જીવના ચ્યવન, જન્મ, ગતિ, વિગતિ, યોનિદ્વાર, પ્રદેશ, કાળ, તેના સ્વરૂપ એ વિષે એવો સૂક્ષ્મ બોધ છે કે જે વડે તેની સર્વજ્ઞતાની નિ:શંકતા થાય. કાળભેદે પરમ્પરામ્નાયથી કેવળજ્ઞાનાદિ જ્ઞાનો જોવામા નથી આવતાં, છતાં જે જે જિનેશ્વરનાં કહેલાં સૈદ્ધાન્તિક વચનો છે તે અખંડ છે. તેઓના કેટલાક સિદ્ધાંતો એવા સૂક્ષ્મ છે કે, જે એકેક વિચારતા આખી જિંદગી વહી જાય તેવું છે આગળ કેટલુંક એ સંબંધી કહેવાનું છે.

જિનેશ્વરનાં કહેલાં ધર્મતત્ત્વથી કોઈ પણ પ્રાણીને લેશ ખેદ ઉત્પન્ન થતો નથી. સર્વ આત્માની રક્ષા અને સર્વાત્મશક્તિનો પ્રકાશ એમા રહ્યો છે. એ ભેદો વાંચવાથી, સમજવાથી અને તે પર અતિ સૂક્ષ્મ વિચાર કરવાથી આત્મશક્તિ પ્રકાશ પામી જૈનદર્શનની સર્વજ્ઞતાની, સર્વોત્કૃષ્ટપણાની હા કહેવરાવે છે બહુ મનનથી સર્વ ધર્મમત જાણી પછી તુલના કરનારને આ કથન અવશ્ય સિદ્ધ થશે.

એ સર્વજ્ઞ દર્શનનાં મૂળતત્ત્વો અને બીજા મતનાં મૂળતત્ત્વો વિષે અહીં વિશેષ કહી શકાય તેટલી જગ્યા નથી.

શિક્ષાપાઠ ૬૧. સુખ વિષે વિચાર—ભાગ ૧

એક બ્રાહ્મણ દરિદ્રાવસ્થાથી કરીને બહુ પીડાતો હતો તેણે કંટાળીને છેવટે દેવનું ઉપાસન કરી લક્ષ્મી મેળવવાનો નિશ્ચય કર્યો પોતે વિદ્વાન હોવાથી ઉપાસના કરવા પહેલાં વિચાર કર્યો કે કદાપિ દેવ તો કોઈ તુષ્ટમાન થશે, પણ પછી તે આગળ સુખ કયું માગવું ? તપ કરી પછી માગવામાં કંઈ સૂઝે નહીં, અથવા ન્યૂનાધિક સૂઝે તો કરેલું તપ પણ નિરર્થક જાય, માટે એક વખત આખા દેશમાં પ્રવાસ કરવો. સંસારના મહત્પુરુષોના ધામ, વૈભવ અને સુખ જોવા. એમ નિશ્ચય કરી તે પ્રવાસમા [illegible] પડ્યો ભારતનાં જે જે રમણીય અને રિદ્ધિમાન શહેરો હતા તે જોયા. યુક્તિ-પ્રયુક્તિએ રાજાધિરાજનાં અંત:પુર, સુખ અને વૈભવ જોયા શ્રીમંતોના આવાસ, વહીવટ, બાગબગીચા અને કુટુંબ પરિવાર જોયા. પણ એથી તેનુ કોઈ રીતે મન માન્યુ નહીં. કોઈને સ્ત્રીનુ દુ:ખ, કોઈને પતિનું [illegible], કોઈને અજ્ઞાનથી દુ:ખ, કોઈને વહાલાના વિયોગનુ દુ:ખ, કોઈને નિર્ધનતાનુ દુ:ખ, કોઈને [illegible] ઉપાધિનુ દુ:ખ, કોઈને શરીર સંબંધી દુ:ખ કોઈ ને પુત્રનું દુ:ખ, કોઈને શત્રુનુ દુ:ખ, [illegible] કોઈને માબાપનુ દુ:ખ, કોઈને વૈધવ્ય દુ:ખ, કોઈને કુટુંબનું દુ:ખ, કોઈને [illegible] દુ:ખ, કોઈને પ્રીતિનુ દુ:ખ, કોઈને ઈર્ષ્યાનુ દુ:ખ, કોઈને હાનિનુ દુ:ખ, એમ

---

[1] [illegible] તે ઘણા પ્રાચીન ગ્રંથો છે તેથી તે મતનુ પ્રાચીનપણું છે. પરંતુ તે [illegible] અપૂર્ણ છે, તેમજ સરાગીનાં વાક્ય છે એમ સ્પષ્ટ જણાય છે.'

[illegible]

ત્યા આપે જે જે સુખ જોયાં તે તે સુખ ભારતસંબંધમાં ક્યાંય નથી એ આપે કહ્યું તો તેમ હશે; પણ ખરું એ મને સંભવતું નથી મારો સિદ્ધાત આવો છે કે જગતમાં કોઈ સ્થળે વાસ્તવિક સુખ નથી. જગત દુઃખથી કરીને દાઝતું છે. તમે મને સુખી જુઓ છો પણ વાસ્તવિક રીતે હું સુખી નથી

વિપ્ર—આપનું આ કહેવું કોઈ અનુભવસિદ્ધ અને માર્મિક હશે. મેં અનેક શાસ્ત્રો જોયાં છે, છતાં મર્મપૂર્વક વિચારો આવા લક્ષમાં લેવા પરિશ્રમ જ લીધો નથી. તેમ મને એવો અનુભવ સર્વને માટે થઈને થયો નથી. હવે આપને શું દુઃખ છે તે મને કહો.

ધનાઢ્ય—પંડિતજી, આપની ઇચ્છા છે તો હું કહું છુ તે લક્ષપૂર્વક મનન કરવા જેવું છે; અને એ ઉપરથી કંઈ રસ્તો પામવા જેવું છે.

શિક્ષાપાઠ ૬૩. સુખ વિષે વિચાર—ભાગ ૩

જે સ્થિતિ હમણા મારી આપ જુઓ છો તેવી સ્થિતિ લક્ષ્મી, કુટુંબ અને સ્ત્રીસંબંધમાં આગળ પણ હતી. જે વખતની હું વાત કરું છું, તે વખતને વીશ વર્ષ થયાં. વ્યાપાર અને વૈભવની બહોળાશ એ સઘળું વહીવટ અવળો પડવાથી ઘટવા મંડયું. કોટયાવધિ કહેવાતો હું ઉપરાચાપરી ખોટના ભાર વહન કરવાથી લક્ષ્મી વગરનો માત્ર ત્રણ વર્ષમાં થઈ પડયો જ્યાં કેવળ સવળું ધારીને નાખ્યુ હતું ત્યાં અવળું પડયું. એવામા મારી સ્ત્રી પણ ગુજરી ગઈ. તે વખતમાં મને કંઈ સંતાન નહોતું જબરી ખોટોને લીધે મારે અહીંથી નીકળી જવું પડયું. મારા કુટુંબીઓએ થતી રક્ષા કરી; પરંતુ તે આભ ફાટયાનુ થીગડું હતું અન્નને અને દાંતને વેર થવાની સ્થિતિએ હું બહુ આગળ નીકળી પડયો. જ્યારે હું ત્યાંથી નીકળ્યો ત્યારે મારાં કુટુંબીઓ મને રોકી રાખવા મંડ્યા કે તેં ગામનો દરવાજો દીઠો નથી, માટે તને જવા દઈ શકાય નહીં. તારું કોમળ શરીર કંઈપણ કરી શકે નહીં; અને તું ત્યાં જાય અને સુખી થાય તો પછી આવ પણ નહીં, માટે એ વિચાર તારે માંડી વાળવો. ઘણા પ્રકારથી તેઓને સમજાવી, સારી સ્થિતિમાં આવીશ ત્યારે અવશ્ય અહીં આવીશ, એમ વચન દઈ જાવાબંદર હું પર્યટને નીકળી પડયો

પ્રારબ્ધ પાછાં વળવાની તૈયારી થઈ. દૈવયોગે મારી કને એક દમડી પણ રહી નહોતી. એક કે બે મહિના ઉદરપોષણ ચાલે તેવું સાધન રહ્યું નહોતું, છતા જાવામાં હું ગયો. ત્યાં મારી બુદ્ધિએ પ્રારબ્ધ ખીલવ્યાં જે વહાણમા હું બેઠો હતો તે વહાણના નાવિકે મારી ચંચળતા અને નમ્રતા જોઈને પોતાના શેઠ આગળ મારા દુઃખની વાત કરી તે શેઠે મને બોલાવી અમુક કામમાં ગોઠવ્યો, જેમાં હું મારા પોષણથી ચોગણું પેદા કરતો હતો. એ વેપારમા મારુ ચિત્ત જ્યારે સ્થિર થયુ ત્યારે ભારત સાથે એ વેપાર વધારવા મેં પ્રયત્ન કર્યો અને તેમાં ફાવ્યો. બે વર્ષમા પાંચ લાખ જેટલી કમાઈ થઈ. પછી શેઠ પાસેથી રાજીખુશીથી આજ્ઞા લઈ મેં કેટલોક માલ ખરીદી દ્વારિકા ભણી આવવાનું કર્યું. થોડે કાળે ત્યા આવી પહોંચ્યો ત્યારે બહુ લોક મને સન્માન આપવા સામા આવ્યા હતા. હું મારા કુટુંબીઓને આનંદભાવથી જઈ મળ્યો. તેઓ મારા ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. જાવેથી લીધેલા માલે મને એકના પાચ કરાવ્યા, પંડિતજી! ત્યાં કેટલાક પ્રકારથી મારે ઘણું કરીને પાપ જ કરવાં પડતાં; પૂરું ખાવા પણ હું પામ્યો નહોતો, પરંતુ એક વાર લક્ષ્મી સાધ્ય કરવાનો જે પ્રતિજ્ઞાભાવ કર્યો હતો તે પ્રારબ્ધયોગથી પળ્યો. જે દુઃખદાયક સ્થિતિમા હું હતો

ને દુઃખમાં શું આવી પડી ? [illegible]

શિક્ષાપાઠ ૬૪. સુખ વિષે વિચાર—ભાગ ૪

[illegible]

શિક્ષાપાઠ ૬૫. સુખ વિષે વિચાર—ભાગ ૫

આ સઘળા ઉપરથી હું સુખી છું એમ આપને લાગી શકશે અને સામાન્ય વિચારે મને બહુ સુખી માનો તો માની શકાય તેમ છે ધર્મ, શીલ અને નીતિથી તેમજ શાસ્ત્રાવધાનથી મને જે આનંદ ઊપજે છે તે અવર્ણનીય છે પણ તત્ત્વદૃષ્ટિથી હું સુખી ન મનાઉં. જ્યા સુધી સર્વ પ્રકારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ મેં ત્યાગ્યા નથી ત્યાં સુધી રાગદોષનો ભાવ છે. જોકે તે બહુ અંશે નથી, પણ છે; તો ત્યાં ઉપાધિ પણ છે. સર્વસંગપરિત્યાગ કરવાની મારી સંપૂર્ણ આકાક્ષા છે; પણ જ્યાં સુધી તેમ થયુ નથી ત્યા સુધી હજુ કોઈ ગણાતાં પ્રિયજનનો વિયોગ, વ્યવહારમાં હાનિ, કુટુંબીનુ દુઃખ એ થોડે અંશે પણ ઉપાધિ આપી શકે. પોતાના દેહ પર મોત સિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. માટે કેવળ નિર્ગ્રંથ, બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ, અલ્પારંભનો ત્યાગ એ સઘળું નથી થયુ ત્યાં સુધી હું મને કેવળ સુખી માનતો નથી. હવે આપને તત્ત્વની દૃષ્ટિએ વિચારતા માલૂમ પડશે કે લક્ષ્મી, સ્ત્રી, પુત્ર કે કુટુંબ એ વડે સુખ નથી, અને એને સુખ ગણુ તો જ્યારે મારી સ્થિતિ પતિત થઈ હતી ત્યારે એ સુખ કયાં ગયુ હતું? જેનો વિયોગ છે, જે ક્ષણભંગુર છે અને જ્યાં એકત્વ કે અવ્યાબાધપણુ નથી તે સુખ સંપૂર્ણ નથી. એટલા માટે થઈને હું મને સુખી કહી શકતો નથી હું બહુ વિચારી વિચારી વ્યાપાર વહીવટ કરતો હતો. તોપણ મારે આરંભોપાધિ, અનીતિ અને લેશ પણ કપટ સેવવું પડયું નથી એમ તો નથી જ અનેક પ્રકારનાં આરંભ અને કપટ મારે સેવવા પડયાં હતાં. આપ જો ધારતા હો કે દેવોપાસનથી લક્ષ્મી પ્રાપ્ત કરવી તો તે જો પુણ્ય ન હોય તો કોઈ કાળે મળનાર નથી પુણ્યથી લક્ષ્મી પામી મહારંભ, કપટ અને માનપ્રમુખ વધારવા તે મહાપાપના કારણ છે; પાપ નરકમાં નાખે છે. પાપથી આત્મા પામેલો મહાન મનુષ્યદેહ એળે ગુમાવી દે છે એક તો જાણે પુણ્યને ખાઈ જવા, બાકી વળી પાપનુ બંધન કરવું, લક્ષ્મીની અને તે વડે આખા સંસારની ઉપાધિ ભોગવવી તે હુ ધારું છું કે વિવેકી આત્માને માન્ય ન હોય. મેં જે કારણથી લક્ષ્મી ઉપાર્જન કરી હતી, તે કારણ મેં આગળ આપને જણાવ્યું હતું. જેમ આપની ઇચ્છા હોય તેમ કરો. આપ વિદ્વાન છો, હું વિદ્વાનને ચાહું છું આપની અભિલાષા હોય તો ધર્મધ્યાનમાં પ્રસક્ત થઈ સકુટુંબ અહીં ભલે રહો આપની ઉપજીવિકાની સરળ યોજના જેમ કહો તેમ હું રુચિપૂર્વક કરાવી આપુ અહીં શાસ્ત્રાધ્યયન અને સત્ વસ્તુનો ઉપદેશ કરો. મિથ્યારંભોપાધિની લોલુપતામા હું ધારું છુ કે ન પડો, પછી આપની જેવી ઇચ્છા.

પંડિત—આપે આપના અનુભવની બહુ મનન કરવા જેથી આખ્યાયિકા કહી આપ અવશ્ય કોઈ મહાત્મા છો, પુણ્યાનુબંધી પુણ્યવાન જીવ છો; વિવેકી છો; આપની શક્તિ અદ્‌ભુત છે, હું દરિદ્રતાથી કંટાળીને જે ઇચ્છા રાખતો હતો તે એકાંતિક હતી. આવા સર્વ પ્રકારના વિવેકી વિચાર મેં કર્યા નહોતા આવો અનુભવ, આવી વિવેકશક્તિ હુ ગમે તેવો વિદ્વાન છું છતા મારામાં નથી જ. એ હું સત્ય જ કહું છું. આપે મારે માટે જે યોજના દર્શાવી તે માટે આપનો બહુ ઉપકાર માનું છું; અને નમ્રતાપૂર્વક એ હું અંગીકાર કરવા હર્ષ બતાવું છું. હું ઉપાધિને ચાહતો નથી. લક્ષ્મીનો ફંદ ઉપાધિ જ આપે છે. આપનું અનુભવસિદ્ધ કથન મને બહુ રુચ્યુ છે. સંસાર

ભોગવેલા જ છે, એમાં સુખ નથી. માત્ર નિરુપાધિક મુનિશ્વરો [illegible]
પરિણામે સંયોગાદિ, આધિ, વ્યાધિ અને સર્વ અજ્ઞાનભાવ રહિત [illegible]

શિક્ષાપાઠ ૬૬. સુખ વિષે વિચાર—ભાગ ૫

ધનાઢ્ય—આપને મારી વાત રુચી એથી હું નિરભિમાનપૂર્વક આનંદ પામું છું. આપને માટે હું યોગ્ય યોજના કરીશ. મારા સામાન્ય વિચારો કથાનુરૂપ અહીં કહું છું:

જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ, માયાના પ્રપંચમાં પડ્યા રહે છે તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી. માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. તેને કાળ અચાનક લઈને ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ નિર્મૂલ કરી નાંખે છે. જેથી તે નિરંતર દુઃખી જ છે.

જેઓએ પોતાના ઉપજીવિકા જેટલાં સાધનમાત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એકપત્નીવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પ દ્રવ્યમાયા અને સત્ય તથા શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવા છે; જેના વૈરાગ્ય તથા વિવેક ઉત્કૃષ્ટ છે તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.

શિક્ષાપાઠ ૬૭. અમૂલ્ય તત્ત્વવિચાર

હરિગીત છંદ

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કા અહો રાચી રહો? ૧
લક્ષ્મી અને અધિકાર વધતા, શું વધ્યુ તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણુ, એ નય ગ્રહો;
વધવાપણુ સંસારનુ નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ૨
નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાત કે પશ્ચાત્ દુ:ખ તે સુખ નહીં. ૩
હુ કોણ છું? કયાંથી થયો? શુ સ્વરૂપ છે મારુ ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનુ સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનુ કથન માનો 'તેહ' જેણે અનુભવ્યુ
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમા સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો ૫

શિક્ષાપાઠ ૬૮. જિતેંદ્રિયતા

જ્યાં સુધી જીભ સ્વાદિષ્ટ ભોજન ચાહે છે, જ્યા સુધી નાસિકા સુગંધી ચાહે છે, જ્યાં સુધી કાન વારાંગનાના ગાયન અને વાજિંત્ર ચાહે છે, જ્યા સુધી આખ વનોપવન જોવાનું લક્ષ રાખે છે, જ્યા સુધી ત્વચા સુગંધીલેપન ચાહે છે, ત્યાં સુધી તે મનુષ્ય નિરાગી, નિર્ગ્રંથ, નિષ્પરિગ્રહી, નિરારંભી અને બ્રહ્મચારી થઈ શકતો નથી મનને વશ કરવું એ સર્વોત્તમ છે એના વડે સઘળી ઇંદ્રિયો વશ કરી શકાય છે મન જીતવું બહુ બહુ દુર્ઘટ છે એક સમયમા અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે એને થકાવવું બહુ દુર્લભ છે એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે

ઉત્તરાધ્યયનસૂત્રમાં નમિરાજ મહર્ષિએ શક્રેંદ્ર પ્રત્યે એમ કહ્યુ કે દશ લાખ સુભટને જીતનાર કેટલાક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનારા બહુ દુર્લભ છે; અને તે દશ લાખ સુભટને જીતનાર કરતાં [illegible] છે.

મન જ સર્વોપાધિની જન્મદાતા ભૂમિકા છે. મન જ બંધ અને મોક્ષનું કારણ છે. મન જ સર્વ સંસારની મોહિનીરૂપ છે. એ વશ થતાં આત્મસ્વરૂપને પામવું લેશમાત્ર દુર્લભ નથી.

મન વડે ઇંદ્રિયોની લોલુપતા છે. ભોજન, વાજિંત્ર, સુગંધી, સ્ત્રીનું નિરીક્ષણ, સુંદર વિલેપન એ સઘળું મન જ માગે છે. એ મોહિની આડે તે ધર્મને સંભારવા પણ દેતું નથી. સંભાર્યા પછી સાવધાન થવા દેતું નથી. સાવધાન થયા પછી પતિતતા કરવામાં પ્રવૃત્ત, લાગુ થાય છે. એમાં નથી ફાવતું ત્યારે સાવધાનીમાં કંઈ ન્યૂનતા પહોંચાડે છે. જેઓ એ ન્યૂનતા પણ ન પામતાં અડગ રહીને મન જીતે છે તે સર્વ સિદ્ધિને પામે છે

મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. નહીં તો ગૃહસ્થાશ્રમે અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે. છતાં સામાન્ય પરિચય કરવા માગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દ સ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહિ. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઊભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ્યા જેવો થાય છે, લોકલજ્જાએ તેને સેવવો પડે છે, માટે અભ્યાસે કરીને પણ મનને જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું.

---

૫. કુડચાંતર— ભીંત, કનાત કે ત્રાટાનું અંતર વચમાં હોય ને સ્ત્રીપુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહીં. કારણ શબ્દ ચેષ્ટાદિક વિકારનાં કારણ છે.

૬. પૂર્વક્રીડા—પોતે ગૃહસ્થાવાસમા ગમે તેવી જાતના શૃંગારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહીં; તેમ કરવાથી બ્રહ્મચર્ય ભંગ થાય છે.

૭. પ્રણીત—દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. એથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે; માટે બ્રહ્મચારીએ તેમ કરવું નહીં.

૮. અતિમાત્રાહાર—પેટ ભરીને આહાર કરવો નહીં; તેમ અતિ માત્રાની ઉત્પત્તિ થાય તેમ કરવું નહીં. એથી પણ વિકાર વધે છે.

૯. વિભૂષણ—સ્નાન, વિલેપન, પુષ્પાદિક બ્રહ્મચારીએ ગ્રહણ કરવું નહીં, એથી બ્રહ્મચર્યને હાનિ ઉત્પન્ન થાય છે.

એમ ભગવંતે નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે કહી છે. બહુધા એ તમારા સાંભળવામા આવી હશે. પરંતુ ગૃહસ્થાવાસમાં અમુક અમુક દિવસ બ્રહ્મચર્ય ધારણ કરવામાં અભ્યાસીઓને લક્ષમા રહેવા અહીં આગળ કંઈક સમજણપૂર્વક કહી છે.

શિક્ષાપાઠ ૭૦. સનત્કુમાર ભાગ— ૧

ચક્રવર્તીના વૈભવમા શી ખામી હોય ? સનત્કુમાર એ ચક્રવર્તી હતા. તેનાં વર્ણ અને રૂપ અત્યુત્તમ હતાં એક વેળા સુધર્મ સભામા તે રૂપની સ્તુતિ થઈ. કોઈએ દેવોને એ વાત રુચી નહીં. પછી તેઓ તે શંકા ટાળવાને વિપ્રરૂપે સનત્કુમારના અંતઃપુરમાં ગયા. સનત્કુમારનો દેહ તે વેળા ખેળથી ભર્યો હતો. તેને અંગમર્દનાદિક પદાર્થોનું માત્ર વિલેપન હતું એક નાનું પંચિયું પહેર્યું હતું અને તે સ્નાનમંજન કરવા માટે બેઠા હતા. વિપ્રરૂપે આવેલા દેવતા તેનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા અને ચંદ્ર જેવી કાંતિ જોઈને બહુ આનંદ પામ્યા અને માથું ધુણાવ્યું એટલે ચક્રવર્તીએ પૂછ્યું, તમે માથું શા માટે ધુણાવ્યું? દેવોએ કહ્યું, અમે તમારું રૂપ અને વર્ણ નિરીક્ષણ કરવા માટે બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારા વર્ણરૂપની સ્તુતિ સાભળી હતી; આજે તે અમે પ્રત્યક્ષ જોયું એથી અમને પૂર્ણ આનંદ ઉપજ્યો માથું ધુણાવ્યું એનું કારણ એ કે જેવું લોકોમા કહેવાય છે. તેવું જ રૂપ છે; એથી વિશેષ છે, પણ ઓછું નથી સનત્કુમાર સ્વરૂપવર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી બોલ્યા, તમે આ વેળા મારું રૂપ જોયું તે ભલે, પરંતુ હું રાજસભામા વસ્ત્રાલંકાર ધારણ કરી કેવળ સજ્જ થઈને જ્યારે સિંહાસન પર બેસું છું, ત્યારે મારું રૂપ અને મારો વર્ણ નિરખવા યોગ્ય છે. અત્યારે તો હું ખેળભરી કાયાએ બેઠો છું જો તે વેળા તમે મારાં રૂપ, વર્ણ જુઓ તો અદ્ભુત ચમત્કારને પામો અને ચકિત થઈ જાઓ. દેવોએ કહ્યું, ત્યારે અમે રાજસભામાં આવશું. એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.

સનત્કુમારે ત્યાર પછી ઉત્તમ વસ્ત્રાલંકારો ધારણ કર્યાં. અનેક ઉપચારથી જેમ પોતાની કાયા વિશેષ આશ્ચર્યતા ઉપજાવે તેમ કરીને તે રાજસભામા આવી સિંહાસન પર બેઠા.

આયુધાદિ સમર્થ મંત્રીઓ, સુભટો વિદ્વાનો અને અન્ય સભાસદો યોગ્ય આસને બેઠેલા છે. રાજેશ્વર ચામરછત્રથી અને ખમા ખમાથી વિશેષ શોભી રહ્યા છે તેમજ વધાવાઈ રહ્યા છે. ત્યાં પેલા દેવતાઓ પાછા વિપ્રરૂપે આવ્યા. અદ્‌ભુત રૂપવર્ણથી આનંદ પામવાને બદલે જાણે ખેદ પામ્યા છે એવા સ્વરૂપમાં તેઓએ માથું ધુણાવ્યું. ચક્રવર્તીએ પૂછ્યું, અહો બ્રાહ્મણો! ગઈ વેળા કરતાં આ વેળા તમે જુદા રૂપમાં માથું ધુણાવ્યું એનું શું કારણ, તે મને કહો. અવધિજ્ઞાનાનુસારે વિપ્રે કહ્યું કે, હે મહારાજા! તે રૂપમાં અને આ રૂપમાં ભૂમિ આકાશનો ફેર પડી ગયો છે. ચક્રવર્તીએ તે સ્પષ્ટ સમજાવવાને કહ્યું. બ્રાહ્મણોએ કહ્યું, અધિરાજ! પ્રથમ તમારી કોમળ કાયા અમૃત તુલ્ય હતી. આ વેળા તે ઝેર તુલ્ય છે. જ્યારે અમૃત તુલ્ય અંગ હતું ત્યારે આનંદ પામ્યા અને આ વેળા ઝેર તુલ્ય છે ત્યારે ખેદ પામ્યા. અમે કહીએ છીએ તે વાતની સિદ્ધતા કરવી હોય તો તમે તાંબુલ થૂંકો. તત્કાળ તે પર માખી બેસશે અને પરલોક પહોંચી જશે.

સચ્ચિદાનંદ સ્વરૂપમય નિર્વિકારી મોક્ષનાં સુખના અસંખ્યાતમા ભાગને પણ યોગ્ય ઉપમેય નહીં મળવાથી હું તને કહી શકતો નથી

મોક્ષના સ્વરૂપ વિષે શંકા કરનારા તો કુતર્કવાદી છે. એઓને ક્ષણિક સુખસંબંધી વિચાર આડે સતસુખનો વિચાર નથી. કોઈ આત્મિક જ્ઞાનહીન એમ પણ કહે છે કે, આથી કોઈ વિશેષ સુખનું સાધન ત્યાં રહ્યું નહીં એટલે અનંત અવ્યાબાધ સુખ કહી દે છે. આ એનું કથન વિવેકી નથી. નિદ્રા પ્રત્યેક માનવીને પ્રિય છે, પણ તેમાં તેઓ કંઈ જાણી કે દેખી શકતા નથી, અને જાણવામાં આવે તો માત્ર સ્વપ્નોપાધિનું મિથ્યાપણું આવે, જેની કંઈ અસર પણ થાય એ સ્વપ્ના વગરની નિદ્રા જેમા સૂક્ષ્મ સ્થૂલ સર્વ જાણી અને દેખી શકાય, અને નિરુપાધિથી શાંત ઊંઘ લઈ શકાય તો તેનુ તે વર્ણન શું કરી શકે? એને ઉપમા પણ શી આપે? આ તો સ્થૂળ દષ્ટાંત છે, પણ બાલ, અવિવેકી એ પરથી કંઈ વિચાર કરી શકે એ માટે કહ્યુ છે.

ભીલનુ દષ્ટાત, સમજાવવા રૂપે ભાષાભેદે ફેરફારથી તમને કહી બતાવ્યુ.

શિક્ષાપાઠ ૭૪. ધર્મધ્યાન—ભાગ ૧

ભગવાને ચાર પ્રકારનાં ધ્યાન કહ્યાં છે. આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. પહેલાં બે ધ્યાન ત્યાગવા યોગ્ય છે. પાછળનાં બે ધ્યાન આત્મસાર્થકરૂપ છે. શ્રુતજ્ઞાનના ભેદ જાણવા માટે, શાસ્ત્રવિચારમા કુશળ થવા માટે, નિર્ગ્રંથપ્રવચનનુ તત્ત્વ પામવા માટે, સત્પુરુષોએ સેવવા યોગ્ય, વિચારવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય ધર્મધ્યાનના મુખ્ય સોળ ભેદ છે પહેલા ચાર ભેદ કહું છુ. १. **आणाविजय** (આજ્ઞાવિચય), २. **अवायविजय** (અપાયવિચય), ३. **विवागविजय** (વિપાકવિચય), ४. **संठाणविजय** (સંસ્થાનવિચય) ૧. આજ્ઞાવિચય—આજ્ઞા એટલે સર્વજ્ઞ ભગવંતે ધર્મતત્ત્વ સબંધી જે જે કહ્યુ છે તે તે સત્ય છે, એમા શંકા કરવા જેવું નથી, કાળની હીનતાથી, ઉત્તમ જ્ઞાનના વિચ્છેદ જવાથી, બુદ્ધિની મંદતાથી કે એવા અન્ય કોઈ કારણથી મારા સમજવામા ત તત્ત્વ આવતું નથી. પરંતુ અર્હંત ભગવંતે અંશમાત્ર પણ માયામુક્ત કે અસત્ય કહ્યુ નથી જ, કારણ એઓ નિરાગી, ત્યાગી અને નિઃસ્પૃહી હતા. મૃષા કહેવાનું કંઈ કારણ એમને હતું નહીં, તેમ એઓ સર્વજ્ઞ, સર્વદર્શી હોવાથી અજ્ઞાનથી પણ મૃષા કહે નહીં જ્યા અજ્ઞાન જ નથી, ત્યા એ સંબધી મૃષા ક્યાથી હોય? એવું જે ચિતન કરવું તે 'આજ્ઞાવિચય' નામે પ્રથમ ભેદ છે. ૨. અપાયવિચય—રાગ, દ્વેષ, કામ ક્રોધ એથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તેનુ જે ચિંતન કરવું તે 'અપાયવિચય' નામે બીજો ભેદ છે. અપાય એટલે દુઃખ. ૩. વિપાકવિચય—હું જે જે ક્ષણે ક્ષણે દુઃખ સહન કરું છુ, ભવાટવીમા પર્યટન કરું છુ, અજ્ઞાનાદિક પામુ છું, તે સઘળું કર્મના ફળના ઉદય વડે કરીને છે, એ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ છે. ૪. સંસ્થાનવિચય—ત્રણ લોકનુ સ્વરૂપ ચિંતવવું તે. લોકસ્વરૂપ સુપ્રતિષ્ઠકને આકારે છે, જીવ અજીવે કરીને સંપૂર્ણ ભરપૂર છે. અસંખ્યાત યોજનની કોટાનુકોટીએ તીરછો લોક છે, જ્યાં અસંખ્યાતા દ્વીપસમુદ્ર છે, અસંખ્યાતા જ્યોતિષી, વાણવ્યંતરાદિકના નિવાસ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાની વિચિત્રતા એમાં લાગી પડી છે. અઢી દ્વીપમાં જઘન્ય તીર્થંકર વીશ, ઉત્કૃષ્ટા એકસો સિત્તેર હોય,

[illegible] અને નિર્મળ [illegible] વિમાનો છે, તેઓને "ચંદ્રાદિ. [illegible]
[illegible], [illegible], [illegible], [illegible], [illegible], મનુષ્યાદિ" [illegible]
[illegible] [illegible] ત્રીજો લોક પછી [illegible] છે. [illegible]
અનેક પ્રકારના દેવતાઓના નિવાસ છે. પછી [illegible] છે. તે પછી [illegible]
છે તેને "ચંદ્રાદિ યાવત્ મનુષ્યાદિ" તે ઊર્ધ્વ [illegible] ઉંચે સિદ્ધ [illegible] છે. ત્યાં
અનંત સુખી [illegible] અને [illegible] છે [illegible]
[illegible] આ ભાવનાથી [illegible] અનાદિ [illegible] જન્મમરણ [illegible] છે.
તેના ઉપર ચિંતવન કરવું તે 'સંસ્થાનવિચય' નામે [illegible] ભેદ છે [illegible]
[illegible] અને [illegible] ધર્મની આરાધના કરવી, જેથી [illegible]
જન્મમરણ ટળે. એ ધર્મધ્યાનના ચાર ભેદ [illegible] થયા.

શિક્ષાપાઠ ૮૪. તત્ત્વાવબોધ—ભાગ ૩

નવ તત્ત્વનુ કાળભેદે જે સત્પુરુષો ગુરુગમ્યતાથી શ્રવણ, મનન અને નિદિધ્યાસનપૂર્વક જ્ઞાન કરે છે, તે સત્પુરુષો મહાપુણ્યશાળી તેમજ ધન્યવાદને પાત્ર છે. પ્રત્યેક સુજ્ઞ પુરુષોને મારો વિનયભાવભૂષિત એ જ બોધ છે કે નવ તત્ત્વને સ્વબુદ્ધિ અનુસાર યથાર્થ જાણવાં

મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાતર પડી ગયા છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનુ લક્ષ ગયુ માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા. જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. વર્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે, તેમાં સર્વ ગચ્છની મળીને જૈનપ્રજા માત્ર વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસક છે. એમાથી હું ધારું છું કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે. મનન અને વિચારપૂર્વક તો આંગળીને ટેરવે ગણી શકીએ તેટલા પુરુષો પણ નહિ હશે. જ્યારે આવી પતિત સ્થિતિ તત્ત્વજ્ઞાન સંબંધી થઈ ગઈ છે ત્યારે જ મતમતાંતર વધી પડ્યા છે. એક લૌકિક કથન છે કે 'સો શાણે એક મત' તેમ અનેક તત્ત્વવિચારક પુરુષોના મતમાં ભિન્નતા બહુધા આવતી નથી.

એ નવતત્ત્વ વિચાર સંબંધી પ્રત્યેક મુનિઓને મારી વિજ્ઞાપ્ત છે કે વિવેક અને ગુરુગમ્યતાથી એનું જ્ઞાન વિશેષ વૃદ્ધિમાન કરવું; એથી તેઓના પવિત્ર પંચમહાવ્રત દૃઢ થશે; જિનેશ્વરનાં વચનામૃતના અનુપમ આનંદની પ્રસાદી મળશે; મુનિત્વઆચાર પાળવામા સરળ થઈ પડશે, જ્ઞાન અને ક્રિયા વિશુદ્ધ રહેવાથી સમ્યક્ત્વનો ઉદય થશે, પરિણામે ભવાત થઈ જશે.

શિક્ષાપાઠ ૮૫. તત્ત્વાવબોધ—ભાગ ૪

જે જે શ્રમણોપાસક નવ તત્ત્વ પઠનરૂપે પણ જાણુતા નથી તેઓએ અવશ્ય જાણવાં. જાણ્યા પછી બહુ મનન કરવાં. સમજાય તેટલા ગંભીર આશય ગુરુગમ્યતાથી સદ્ભાવે કરીને સમજવા. આત્મજ્ઞાન એથી ઉજ્જવળતા પામશે; અને યમનિયમાદિકનુ પાલન થશે

નવ તત્ત્વ એટલે તેનુ એક સામાન્ય ગૂંથનયુક્ત પુસ્તક હોય તે નહીં, પરંતુ જે જે વિચારો જ્ઞાનીઓએ પ્રણીત કર્યા છે તે તે વિચારો નવ તત્ત્વમાંના અમુક એક બે કે વિશેષ તત્ત્વના હોય છે કેવળી ભગવાને એ શ્રેણિઓથી સકળ જગત્મંડળ દર્શાવી દીધુ છે, એથી જેમ જેમ નયાદિ ભેદથી એ તત્ત્વજ્ઞાન મળશે તેમ તેમં અપૂર્વ આનંદ અને નિર્મળતાની પ્રાપ્તિ થશે; માત્ર વિવેક, ગુરુગમ્યતા અને અપ્રમાદ જોઈએ. એ નવતત્ત્વજ્ઞાન મને સદૈવ પ્રિય છે.

કાળભેદે કરીને આ વખતે માત્ર મતિ અને શ્રુત એ બે જ્ઞાન ભરતક્ષેત્રે વિદ્યમાન છે, બાકીના ત્રણ જ્ઞાન પરંપરામ્નાયથી જોવામા આવતા નથી; છતા જેમ જેમ પૂર્ણ શ્રદ્ધાભાવથી એ નવ તત્ત્વજ્ઞાનના વિચારોની ગુફામા ઉતરાય છે, તેમ તેમ તેના અંદર અદ્ભુત આત્મપ્રકાશ, આનંદ, સમર્થ તત્ત્વજ્ઞાનની સ્ફુરણા, ઉત્તમ વિનોદ અને ગંભીર ચળકાટ દિંગ કરી દઈ, શુદ્ધ સમ્યક્જ્ઞાનનો એ વિચારો બહુ ઉદય કરે છે. સ્યાદ્વાદવચનામૃતના અનંત સુદર આશય સમજવાની [illegible] આ ક્ષેત્રથી વિચ્છેદ ગયેલી છતાં તે પરત્વે જે જે સુદર આશયો

[illegible] આત્મા [illegible] [illegible] પુ[illegible] [illegible]
[illegible] [illegible] સિદ્ધ [illegible]
[illegible] સિદ્ધિ. [illegible] મહાવીર. નિર્ગ્રંથ [illegible] અને [illegible]
[illegible] તત્ત્વજ્ઞાનથી [illegible] છે

શિક્ષાપાઠ ૮૯. તત્ત્વાવબોધ ભાગ ૮

[illegible]

નિકટતાનું સાધન સત્પરમાત્મતત્ત્વ, સદ્‌ગુરુતત્ત્વ અને સદ્ધર્મતત્ત્વ છે. કેવળ એક જ રૂપ થવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

એ ચક્રથી એવી પણ આશંકા થાય કે જ્યારે બન્ને નિકટ છે ત્યારે શું બાકીનાં ત્યાગવાં? ઉત્તરમા એમ કહું છું કે જો સર્વ ત્યાગી શકતા હો તો ત્યાગી દો, એટલે મોક્ષરૂપ જ થશો નહીં તો હેય, જ્ઞેય, ઉપાદેયનો બોધ લો, એટલે આત્મસિદ્ધિ પ્રાપ્ત થશે.

શિક્ષાપાઠ ૯૪. તત્ત્વાવબોધ—ભાગ ૧૩

જે જે હું કહી ગયો તે તે કંઈ કેવળ જૈનકુળથી જન્મ પામેલા પુરુષોને માટે નથી, પરંતુ સર્વને માટે છે, તેમ આ પણ નિઃશંક માનજો કે હું જે કહું છું તે અપક્ષપાતે અને પરમાર્થ બુદ્ધિથી કહું છુ

તમને જે ધર્મતત્ત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી કહેવાનું મને કંઈ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી હું તમને અધર્મતત્ત્વ બોધી અધોગતિને શા માટે સાધું? વારંવાર હું તમને નિર્ગ્રંથના વચનામૃતો માટે કહું છું, તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે, તે છે. જિનેશ્વરોને એવું કોઈ પણ કારણ નહોતું કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે, તેમ એઓ અજ્ઞાની ન હતા, કે એથી મૃષા બોધાઈ જવાય. આશંકા કરશો કે એ અજ્ઞાની નહોતા એ શા ઉપરથી જણાય? તો તેના ઉત્તરમા એઓના પવિત્ર સિદ્ધાંતોના રહસ્યને મનન કરવાનું કહું છુ, અને એમ જે કરશે તે તો પુનઃ આશંકા લેશ પણ નહીં કરે. જૈનમતપ્રવર્તકોએ મને કંઈ ભૂરશી દક્ષણા આપી નથી; તેમ એ મારા કઈ કુટુંબપરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઈ પણ તમને કહું તેમજ અન્યમતપ્રવર્તકો પ્રતિ મારે કંઈ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનુ ખંડન કરું. બન્નેમા હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યા સુધી પહોંચી ત્યા સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો! જૈન જેવું એકકે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી, વીતરાગ જેવો એકકે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

શિક્ષાપાઠ ૯૫. તત્ત્વાવબોધ—ભાગ ૧૪

જૈન એ એટલી બધી સૂક્ષ્મ વિચારસંકળનાથી ભરેલું દર્શન છે કે જેમાં પ્રવેશ કરતા પણ [illegible] જોઈએ. ઉપર ઉપરથી કે કોઈ પ્રતિપક્ષીના કહેવાથી અમુક વસ્તુ સંબંધી અભિપ્રાય [illegible] કે આપવો એ વિવેકીનું કર્તવ્ય નથી. એક તળાવ સંપૂર્ણ ભર્યું હોય; તેનુ જળ ઉપરથી [illegible] જેમ જેમ આગળ ચાલીએ છીએ તેમ તેમ વધારે વધારે ઊંડાપણ [illegible] ઉપર તો જળ સપાટ જ રહે છે, તેમ જગતના સઘળા ધર્મમતો એક [illegible] ઉપરથી સામાન્ય સપાટી જોઈને સરખા કહી દેવા એ ઉચિત નથી. એમ [illegible] પામેલા પણ નથી. જૈનના એકેકા પવિત્ર સિદ્ધાત પર વિચાર કરતાં આયુષ્ય

ણાય, તોપણ સાર જાણીએ નહીં તેમ શું છે. જાણીના સઘળા ધર્મમતોના વિચાર જિન-પ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નિરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તક કેવા પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંતો કેવા અખંડ, સંપૂર્ણ અને દયામય છે? એમાં દૂષણ કોઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જૈનનું દર્શન છે. એવો એકે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહીં હોય અને એવું એકે તત્ત્વ નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી. તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એકે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું? તો માત્ર તેની પરિપૂર્ણતા, નિરાગિતા, સત્યતા અને જગતહિતસ્થિતા.

શિક્ષાપાઠ ૯૬. તત્ત્વાવબોધ—ભાગ ૧૫

ન્યાયપૂર્વક આટલું મારે પણ માન્ય રાખવું જોઈએ કે જ્યારે એક દર્શનને પરિપૂર્ણ કહી વાત સિદ્ધ કરવી હોય ત્યારે પ્રતિપક્ષની મધ્યસ્થબુદ્ધિથી અપૂર્ણતા દર્શાવવી જોઈએ. અને એ બે વાત પર વિવેચન કરવા જેટલી અહીં જગા નથી, તોપણ થોડું થોડું કહેતો આવ્યો છું. મુખ્યત્વે એ વાત [illegible] તેઓને રુચિકર ન થતી હોય [illegible] પારમાર્થિક સાચથી જોવું [illegible] જૈનતત્ત્વવિજ્ઞાની [illegible] મધ્યસ્થબુદ્ધિથી મનન કરી ન્યાયને કાંટે તોલન કરવું [illegible] જોઈએ. કે જે નગારા વગાડી [illegible]

શિક્ષાપાઠ ૯૭. તત્ત્વાવબોધ—ભાગ ૧૬

પવિત્ર જૈનદર્શનને નાસ્તિક કહેવરાવવામાં તેઓ એક દલીલથી મિથ્યા ફાવવા ઇચ્છે છે કે, જૈનદર્શન આ જગતના કર્ત્તા પરમેશ્વરને માનતું નથી; અને જે પરમેશ્વરને નથી માનતા તે તો નાસ્તિક જ છે. આ વાત ભદ્રિકજનોને શીઘ્ર ચોંટી રહે છે કારણ તેઓમાં યથાર્થ વિચાર કરવાની પ્રેરણા નથી પણ જો એ ઉપરથી એમ વિચારવામા આવે કે જૈન જગતને ત્યારે અનાદિ અનંત કહે છે તે કયા ન્યાયથી કરે છે? જગત્કર્તા નથી એમ કહેવામાં એમનું નિમિત્ત શું છે? એમ એક પછી એક ભેદરૂપ વિચારથી તેઓ જૈનની પવિત્રતા પર આવી શકે જગત રચવાની પરમેશ્વરને અવશ્ય શી હતી? રચ્યુ તો સુખ દુઃખ મૂકવાનુ કારણ શુ હતું? રચીને મોત શા માટે મૂક્યું? એ લીલા બતાવવી કોને હતી? રચ્યુ તો કયા કર્મથી રચ્યુ? તે પહેલાં રચવાની ઇચ્છા કા નહોતી? ઈશ્વર કોણ? જગતના પદાર્થ કોણ? અને ઇચ્છા કોણ? રચ્યુ તો જગતમા એક જ ધર્મનુ પ્રવર્તન રાખવું હતું, આમ ભ્રમણામા નાખવાની અવશ્ય શી હતી? કદાપિ એ બધુ માનો કે એ બિચારાની ભૂલ થઈ! હશે! ક્ષમા કરીએ, પણ એવું દોઢ ડહાપણ કયાંથી સૂઝ્યું કે એને જ મૂળથી ઉખેડનાર એવા મહાવીર જેવા પુરુષોને જન્મ આપ્યો? એના કહેલા દર્શનને જગતમાં વિદ્યમાનતા આપી? પોતાના પગ પર હાથે કરીને કુહાડો મારવાની એને શી અવશ્ય હતી? એક તો જાણે એ પ્રકારે વિચાર અને બાકી બીજા પ્રકારે એ વિચાર કે જૈનદર્શનપ્રવર્તકોને એનાથી કંઈ દ્વેષ હતો? એ જગત્કર્ત્તા હોત તો એમ કહેવાથી એઓના લાભને કંઈ હાનિ પહોચતી હતી। જગત્કર્ત્તા નથી, જગત અનાદિ અનંત છે એમ કહેવામાં એમને કંઈ મહત્તા મળી જતી હતી? આવા અનેક વિચારો વિચારતાં જણાઈ આવશે કે જેમ જગતનું સ્વરૂપ હતું તેમ જ તે પવિત્ર પુરુષોએ કહ્યું છે. એમાં ભિન્નભાવ કહેવા એમને લેશમાત્ર પ્રયોજન નહોતું સૂક્ષ્મ જંતુની રક્ષા જેણે પ્રણીત કરી છે, એક રજકણથી કરીને આખા જગતના વિચારો જેણે સર્વ ભેદે કહ્યા છે, તેવા પુરુષોનાં પવિત્ર દર્શનને નાસ્તિક કહેનારા કઈ ગતિને પામશે એ વિચારતા દયા આવે છે।

શિક્ષાપાઠ ૯૮. તત્ત્વાવબોધ—ભાગ ૧૭

જે ન્યાયથી જય મેળવી શકતો નથી તે પછી ગાળો ભાંડે છે, તેમ પવિત્ર જૈનના અખંડ તત્ત્વસિદ્ધાંતો શંકરાચાર્ય, દયાનંદ સન્યાસી વગેરે જ્યારે તોડી ન શકયા, ત્યારે પછી 'જૈન નાસ્તિક હૈ, સો ચાર્વાકમેં સે ઉત્પન્ન હુઆ હૈ', એમ કહેવા માંડ્યું. પણ એ સ્થળે કોઈ પ્રશ્ન કરે કે, મહારાજ! એ વિવેચન તમે પછી કરો એવા શબ્દો કહેવામા કંઈ વખત, વિવેક કે જ્ઞાન જોઈતું નથી; પણ આનો ઉત્તર આપો કે જૈન વેદથી કઈ વસ્તુમાં ઊતરતો છે, એનું જ્ઞાન, એનો બોધ, એનું રહસ્ય અને એનું સત્શીલ કેવું છે તે એક વાર કહો! આપના વેદ વિચારો કઈ બાબતમાં જૈનથી ચઢે છે? આમ જ્યારે મર્મસ્થાન પર આવે ત્યારે મૌનતા સિવાય તેઓ પાસે બીજું કંઈ સાધન રહે નહીં. જે સત્પુરુષોનાં વચનામૃત અને યોગબળથી આ સૃષ્ટિમાં સત્ય, દયા, તત્ત્વજ્ઞાન અને મહાશીલ ઉદય પામે છે, તે પુરુષો કરતાં જે પુરુષો શૃંગારમાં રાચ્યા પડ્યા છે, સામાન્ય તત્ત્વજ્ઞાનને પણ નથી જાણતા, જેનો આચાર પણ પૂરો નથી તેને ચઢતા કહેવા, પરમેશ્વરને નામે સ્થાપવા અને સત્યસ્વરૂપની

[illegible] પરમાત્મસ્વરૂપ [illegible] ! [illegible] !

[illegible]

૧૧ તુચ્છ વસ્તુથી આનંદ
૧૨. રસગારવલુબ્ધતા
૧૩ અતિભોગ
૧૪. પારકું અનિષ્ટ ઇચ્છવું
૧૫. કારણ વિનાનું રળવું
૧૬. ઝાઝાનો સ્નેહ
૧૭. અયોગ્ય સ્થળે જવું
૧૮ એકકે ઉત્તમ નિયમ સાધ્ય ન કરવો

અષ્ટાદશ પાપસ્થાનક ત્યાં સુધી ક્ષય થવાના નથી કે જ્યાં સુધી આ અષ્ટાદશ વિઘ્નથી મનનો સંબંધ છે. આ અષ્ટાદશ દોષ જવાથી મનોનિગ્રહતા અને ધારેલી સિદ્ધિ થઈ શકે છે. એ દોષ જ્યાં સુધી મનથી નિકટતા ધરાવે છે ત્યાં સુધી કોઈ પણ મનુષ્ય આત્મસાર્થક કરવાનો નથી. અતિભોગને સ્થળે સામાન્ય ભોગ નહીં, પણ કેવળ ભોગત્યાગવ્રત જેણે ધર્યું છે, તેમજ એ એકકે દોષનું મૂળ જેના હૃદયમાં નથી તે સત્પુરુષ મહદ્‌ભાગી છે.

શિક્ષાપાઠ ૧૦૧. સ્મૃતિમાં રાખવા યોગ્ય મહા વાક્યો

૧. એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે.

૨. જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.

૩. ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.

૪. ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુઃખદાયક છે.

૫. સમસ્વભાવીનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.

૬ ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.

૭. રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

૮ યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.

૯. તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિયસ્વરૂપ છે.

૧૦. ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

શિક્ષાપાઠ ૧૦૨. વિવિધ પ્રશ્નો—ભાગ ૧

આજે તમને હું કેટલાક પ્રશ્નો નિર્ગ્રંથપ્રવચનાનુસાર ઉત્તર આપવા માટે પૂછું છું

પ્ર૦—કહો ધર્મની અગત્ય શી છે?

ઉ૦—અનાદિકાળથી આત્માની કર્મજાળ ટાળવા માટે.

પ્ર૦—જીવ પહેલો કે કર્મ?

ઉ૦—બન્ને અનાદિ જ; જીવ પહેલો હોય તો એ વિમળ વસ્તુને મળ વળગવાનું કંઈ નિમિત્ત જોઈએ. કર્મ પહેલાં કહો તો જીવ વિના કર્મ કર્યાં કોણે? એ ન્યાયથી બન્ને અનાદિ છે જ.

પ્ર૦—જીવ રૂપી કે અરૂપી?

ઉ૦—રૂપી પણ ખરો અને અરૂપી પણ ખરો.

પ્ર૦—રૂપી કયા ન્યાયથી અને અરૂપી કયા ન્યાયથી તે કહો.

ઉ૦—દેહ નિમિત્તે રૂપી અને સ્વ સ્વરૂપે અરૂપી.

પ્ર૦—દેહ નિમિત્ત શાથી છે?

ઉ૦—સ્વકર્મના વિપાકથી.

પ્ર૦—કર્મની મુખ્ય પ્રકૃતિઓ કેટલી છે?

ઉ૦—આઠ.

પ્ર૦—કઈ કઈ?

ઉ૦—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુષ્ય અને અંતરાય.

પ્ર૦—એ આઠે કર્મની સામાન્ય સમજ કહો.

ઉ૦—જ્ઞાનાવરણીય એટલે આત્માની જ્ઞાન સંબંધીની જે અનંત શક્તિ છે તેને આચ્છાદન કરે તે. દર્શનાવરણીય એટલે આત્માની જે અનંત દર્શનશક્તિ છે તેને આચ્છાદન કરે તે. વેદનીય એટલે દેહનિમિત્તે શાતા, અશાતા બે પ્રકારનાં વેદનીય કર્મથી અવ્યાબાધ સુખરૂપ આત્માની શક્તિ જેનાથી રોકાઈ રહે તે. મોહનીય કર્મથી આત્મચારિત્રરૂપ શક્તિ રોકાઈ રહી છે. નામકર્મથી અમૂર્તિરૂપ દિવ્ય શક્તિ રોકાઈ રહી છે. ગોત્રકર્મથી અટલ અવગાહનારૂપ આત્મશક્તિ રોકાઈ રહી છે. આયુકર્મથી અક્ષય સ્થિતિ ગુણ રોકાઈ રહ્યો છે. અંતરાયકર્મથી અનંત દાન, લાભ, વીર્ય, ભોગ, ઉપભોગ શક્તિ રોકાઈ રહી છે.

તેની અનુરક્તતા વિવેકીઓ કરતાં નથી. સંસારનાં પ્રત્યેક સુખ વડે વિરાજિત રાજેશ્વર છતા પણ, સત્ય તત્ત્વજ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવાથી, તેનો ત્યાગ કરીને યોગમાં પરમાનંદ માની સત્ય મનોવીરતાથી અન્ય પામર આત્માઓને ભર્તૃહરિ ઉપદેશે છે કે :—

भोगे रोगभय कुले च्युतिभय वित्ते नृपालाद्भय,
माने दैन्यभय बले रिपुभय रूपे तरुण्या भय,
शास्त्रे वादभय गुणे खलभय काये कृतांताद्भय,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणा वैराग्यमेवाभयं

ભાવાર્થ :— ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે, માનમા દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમા ખળનો ભય છે; અને કાયાપર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે!!!

મહાયોગી ભર્તૃહરિનુ આ કથન સૃષ્ટિમાન્ય એટલે સઘળા ઉજ્જ્વળ આત્માઓ સદૈવ માન્ય રાખે તેવુ છે. એમાં આખા તત્ત્વજ્ઞાનનુ દોહન કરવા એમણે સકળ તત્ત્વવેત્તાઓનાં સિદ્ધાંતરહસ્યરૂપ અને સ્વાનુભવી–સંસારશોકનું તાદૃશચિત્ર આપ્યુ છે. એણે જે જે વસ્તુઓ પર ભયની છાયા પ્રદર્શ્ય કરી તે તે વસ્તુ સંસારમા મુખ્ય સુખરૂપે મનાઈ છે. સંસારનુ સર્વોત્તમ સાહિત્ય જે ભોગ તે તો રોગનું ધામ ઠર્યું; મનુષ્ય ઊંચ કુળથી સુખ માને તેવું છે ત્યા પડતીનો ભય દેખાડ્યો; સંસારચક્રમા વ્યવહારનો ઠાઠ ચલાવવાને દંડરૂપ લક્ષ્મી તે રાજા ઇત્યાદિકના ભયથી ભરેલી છે. કોઈ પણ કૃત્ય કરી યશકીર્તિથી માન પામવું કે માનવું એવી સંસારના પામર જીવોની અભિલાષા છે તો ત્યાં મહા દીનતા ને કંગાલિયતનો ભય છે; બળ–પરાક્રમથી પણ એવા જ પ્રકારની ઉત્કૃષ્ટતા પામવી એમ ચાહવું રહ્યું છે તો ત્યા શત્રુનો ભય રહ્યો છે, રૂપ–કાંતિ એ ભોગીને મોહિનીરૂપ છે તો ત્યાં તેને ધારણ કરનારી સ્ત્રીઓ નિરંતર ભયવાળી જ છે; અનેક પ્રકારે ગૂંથી કાઢેલી શાસ્ત્રજાળ તેમાં વિવાદનો ભય રહ્યો છે; કોઈ પણ સાંસારિક સુખનો ગુણ પ્રાપ્ત કરવાથી જે આનંદ લેખાય છે, તે ખળ મનુષ્યની નિંદાને લીધે ભયાન્વિત છે, જેમા અનંત પ્રિયતા રહી છે એવી કાયા તે એક સમયે કાળરૂપ સિંહના મુખમા પડવાના ભયથી ભરી છે. આમ સંસારનાં મનોહર પણ ચપળ સાહિત્યો ભયથી ભર્યાં છે. વિવેકથી વિચારતા જ્યાં ભય છે ત્યાં કેવળ શોક છે, જ્યાં શોક હોય ત્યા સુખનો અભાવ છે, અને જ્યાં સુખનો અભાવ રહ્યો છે, ત્યા તિરસ્કાર કરવો યથોચિત છે

યોગીંદ્ર ભર્તૃહરિ એક જ એમ કહી ગયા છે તેમ નથી. કાળાનુસાર સૃષ્ટિના નિર્માણ-[illegible] ભર્તૃહરિથી ઉત્તમ, ભર્તૃહરિ સમાન અને ભર્તૃહરિથી કનિષ્ટ એવા અસંખ્ય તત્ત્વજ્ઞાનીઓ થઈ ગયા છે. એવો કોઈ કાળ કે આર્યદેશ નથી કે જેમા કેવળ તત્ત્વજ્ઞાનીઓનું [illegible] થયુ નથી. એ તત્ત્વવેત્તાઓએ સંસારસુખની હરેક સામગ્રીને શોકરૂપ ગણાવી છે, તે એમના અગાધ વિવેકનું પરિણામ છે. વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદને પોતાના પ્રવચનમાં માર્મિક રીતે અને સામાન્ય રીતે જે ઉપદેશ્યુ છે, [illegible] ટૂંકે આવી જાય છે.

"અહો લોકો! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો! ઉપયોગ કરો!!"

એમ ઉપદેશવામાં એમનો હેતુ પ્રત્યેક પ્રાણીઓને શોકથી મુક્ત કરવાનો હતો. એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન નિરંતર એ જ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ દુઃખપ્રદ છે. અહો, ભવ્ય લોકો! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!!

મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એમનાં સઘળાં પ્રવચનોમાં એમણે એ જ પ્રદર્શિત કર્યું છે; તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્યલક્ષ્મી અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ, છતાં તેની મોહિનીને ઉતારી દઈ જ્ઞાનદર્શનયોગપરાયણ થઈ એમણે જે અદ્ભુતતા દર્શાવી છે તે અનુપમ છે. એનું એ જ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર 'ઉત્તરાધ્યયન' સૂત્રના આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળી તત્ત્વાભિલાષીના મુખકમળથી આજ્ઞા કરે છે કે :—

'પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર.'

ખરે! એ ઉપદેશ સ્તુતિપાત્ર છે. એ ઉપદેશ આપવામાં કોઈએ કોઈ પ્રકારની અને કોઈએ કોઈ પ્રકારની વિચક્ષણતા દર્શાવી છે. એ સઘળા ઉદ્દેશે તો સમતુલ્ય દૃશ્ય થાય તેવું છે. પરંતુ સૂક્ષ્મ ઉપદેશક તરીકે શ્રમણ ભગવંત તે સિદ્ધાર્થ રાજાનો પુત્ર પ્રથમ પદવીનો ધણી થઈ પડે છે નિવૃત્તિને માટે જે જે વિષયો પૂર્વે જણાવ્યા તે તે વિષયોનું ખરું સ્વરૂપ સમજીને સર્વાંશે મંગળમયરૂપે બોધવામાં એ રાજપુત્ર વધી ગયો છે. એ માટે એને અનંત ધન્યવાદો છાજે છે!

એ સઘળા વિષયોનું અનુકરણ કરવાનું શું પ્રયોજન વા શું પરિણામ? એનો નિવેડો હવે લઈએ સઘળા ઉપદેશકો એમ કહેતા આવ્યા છે કે, એનું પરિણામ મુક્તિ પ્રાપ્ત કરવી અને પ્રયોજન દુઃખની નિવૃત્તિ. એ જ માટે સર્વ દર્શનમાં સામાન્યરૂપે મુક્તિને અનુપમ શ્રેષ્ઠ કહી છે. 'સૂત્ર કૃતાંગ' દ્વિતીયાંગના પ્રથમ શ્રુતસ્કંધ છઠ્ઠા અધ્યયનની ચોવીશમી ગાથાના ત્રીજા ચરણમાં કહ્યું છે કે:—

'निव्वाणसेठ्ठा जह सव्वधम्मा.'

બધાય ધર્મમાં મુક્તિને શ્રેષ્ઠ કહી છે.

સારાંશે મુક્તિ એટલે સંસારના શોકથી મુક્ત થવું તે. પરિણામમાં જ્ઞાનદર્શનાદિક અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી. જેમાં પરમસુખ અને પરમાનંદનો અખંડ નિવાસ છે, જન્મમરણની વિટંબનાનો અભાવ છે, શોકનો ને દુઃખનો ક્ષય છે, એવા એ વિજ્ઞાની વિષયનું વિવેચન અન્ય પ્રસંગે કરીશું.

આ પણ વિનાવિવાદે માન્ય રાખવું જોઈએ કે, તે અનંત શોક અને અનંત દુઃખની નિવૃત્તિ એના એ જ સાંસારિક વિષયથી નથી. રુધિરથી રુધિરનો ડાઘ જતો નથી; પણ જળથી તેનો અભાવ છે; તેમ શૃંગારથી વા શૃંગારમિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી; એ જ માટે વૈરાગ્યજળનું આવશ્યકપણું નિઃસંશય ઠરે છે, અને એ જ માટે વીતરાગનાં વચનમાં અનુરક્ત થવું ઉચિત છે; નિદાન એથી વિષયરૂપ વિષનો જન્મ નથી પરિણામે એ જ મુક્તિનું કારણ છે. એ વીતરાગ સર્વજ્ઞના વચનને વિવેકબુદ્ધિથી શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી હે માનવી! આત્માને ઉજ્જવળ કર

પ્રથમ દર્શન

વૈરાગ્યબોધિની કેટલીક ભાવનાઓ એમાં ઉપદેશીશું. વૈરાગ્યની અને આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા થવા માટે બાર ભાવનાઓ તત્ત્વજ્ઞાનીઓ કહે છે.

૧. અનિત્યભાવના:—શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે, એમ ચિંતવવું તે પહેલી અનિત્યભાવના.

૨. અશરણભાવના:— સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી. માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે; એમ ચિંતવવું તે બીજી અશરણભાવના.

૩. સંસારભાવના :— આ આત્માએ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ? એ સંસાર મારો નથી; હું મોક્ષમયી છું. એમ ચિંતવવું તે ત્રીજી સંસારભાવના.

૪. એકત્વભાવના :— આ મારો આત્મા એકલો છે. તે એકલો આવ્યો છે. એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે એમ ચિંતવવું તે ચોથી એકત્વભાવના.

૫. અન્યત્વભાવના :— આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે પાંચમી અન્યત્વભાવના.

૬. અશુચિભાવના :— આ શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે, રોગજરાનું નિવાસધામ છે, એ શરીરથી હું ન્યારો છું એમ ચિંતવવું તે છઠ્ઠી અશુચિભાવના.

૭. આસ્રવભાવના :— રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઇત્યાદિ સર્વ આસ્રવ છે એમ ચિંતવવું તે સાતમી આસ્રવભાવના.

૮. સંવરભાવના :— જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવાં કર્મ બાંધે નહીં તે આઠમી સંવરભાવના.

૯. નિર્જરાભાવના :— જ્ઞાનસહિત ક્રિયા કરતાં તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું તે નવમી નિર્જરાભાવના.

૧૦. લોકસ્વરૂપભાવના :— ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે દશમી લોકસ્વરૂપભાવના.

૧૧. બોધદુર્લભભાવના :— સંસારમાં ભમતાં આત્માને સમ્યગ્જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે; વા સમ્યગ્જ્ઞાન પામ્યો તો ચારિત્ર સર્વવિરતિપરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે એમ ચિંતવવું તે અગિયારમી બોધદુર્લભભાવના.

૧૨. ધર્મદુર્લભભાવના :— ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે એમ ચિંતવવું તે બારમી ધર્મદુર્લભભાવના.

[illegible]

દિવસની ચટકી છે, તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતો રહે છે. આયુષ્ય પાણીના મોજાં જેવું છે પાણીનો હિલોળો આવ્યો કે ગયો તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં પડવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતા ઇંદ્રના ધનુષ્ય જેવા છે. જેમ ઇંદ્રધનુષ્ય વર્ષાકાળમાં થઈને ક્ષણવારમાં લય થઈ જાય છે, તેમ યૌવનમાં કામના વિકાર ફળીભૂત થઈ જરાવયમાં જતા રહે છે; ટૂંકામાં હે જીવ ! એ સઘળી વસ્તુઓનો સંબંધ ક્ષણભર છે, એમાં પ્રેમબંધનની સાંકળે બંધાઈને શું રાચવું ? તાત્પર્ય એ સઘળાં ચપળ અને વિનાશી છે, તું અખંડ અને અવિનાશી છે, માટે તારા જેવી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર !

ભિખારીનો ખેદ

દૃષ્ટાંત :— એ અનિત્ય અને સ્વપ્નવત્ સુખ પર એક દૃષ્ટાંત કહીએ છીએ. એક પામર ભિખારી જંગલમા ભટકતો હતો, ત્યાં, તેને ભૂખ લાગી, એટલે તે બિચારો લથડિયાં ખાતો ખાતો એક નગરમા એક સામાન્ય મનુષ્યને ઘેર પહોંચ્યો; ત્યાં જઈને તેણે અનેક પ્રકારની આજીજી કરી. તેના કાલાવાલાથી કરુણાર્દ્ર થઈ તે ગૃહપતિની સ્ત્રીએ તેને ઘરમાંથી જમતા વધેલું મિષ્ટાન્ન ભોજન આણી આપ્યુ. એવું ભોજન મળવાથી ભિખારી બહુ આનંદ પામતો પામતો નગરની બહાર આવ્યો. આવીને એક ઝાડ તળે બેઠો. ત્યા જરા સ્વચ્છ કરીને એક બાજુએ અતિ વૃદ્ધતાને પામેલો એવો પોતાનો જળનો ઘડો મૂક્યો; એક બાજુએ પોતાની ફાટીતૂટી મલિન ગોદડી મૂકી અને પછી એક બાજુએ પોતે તે ભોજન લઈને બેઠો. રાજી રાજી થતા કોઈ દિવસે તેણે નહિ દીઠેલું એવું ભોજન એણે ખાઈને પૂરું કર્યું. ભોજનને સ્વધામ પહોચાડ્યા પછી ઓશીકે એક પથ્થર મૂકીને તે સૂતો ભોજનના મદથી જરા વારમાં તેની આંખો મિચાઈ ગઈ. તે નિદ્રાવશ થયો ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું. પોતે જાણે મહા રાજરિદ્ધિ પામ્યો છે, તેથી તેણે સુદર વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં છે, દેશ આખામાં તેના વિજયનો ડંકો વાગી ગયો છે, સમીપમા તેની આજ્ઞા અવલંબન કરવા અનુચરો ઊભા થઈ રહ્યા છે; આજુબાજુ છડીદારો "ખમા! ખમા!" પોકારે છે, એક ઉત્તમ મહાલયમાં સુદર પલંગ પર તેણે શયન કર્યું છે; દેવાંગના જેવી સ્ત્રીઓ તેને પાદચંપન કરે છે, એક બાજુથી મનુષ્યો પંખા વડે સુગંધી પવન ઢોળે છે, એમ એને અપૂર્વ સુખની પ્રાપ્તિવાળું સ્વપ્ન પ્રાપ્ત થયું સ્વપ્નાવસ્થામાં તેના રોમાચ ઉલ્લસી ગયા તે જાણે પોતે ખરેખર તેવું સુખ ભોગવે છે એવુ તે માનવા લાગ્યો. એવામા સૂર્યદેવ [illegible]થી ઢંકાઈ ગયો; વીજળીના ઝબકારા થવા લાગ્યા, મેઘ મહારાજ ચઢી આવ્યા; સર્વત્ર અંધકાર વ્યાપી ગયો, મૂશળધાર વરસાદ પડશે એવો દેખાવ થઈ ગયો; અને ગાજવીજથી એક સઘન કડાકો થયો. કડાકાના પ્રબળ અવાજથી ભય પામીને સત્વર તે પામર ભિખારી જાગૃત થઈ ગયો. જાગીને જુએ છે તો નથી તે દેશ કે નથી તે નગરી, નથી તે મહાલય કે નથી તે પલંગ, નથી તે [illegible] ધરનારા કે નથી તે છડીદારો, નથી તે સ્ત્રીઓના વૃંદ કે નથી તે વસ્ત્રાલંકાર, નથી તે પંખા કે નથી તે પવન, નથી તે અનુચરો કે નથી તે આજ્ઞા, નથી તે સુખવિલાસ કે નથી તે મદોન્મત્તતા. જુએ છે તો જે સ્થળે પાણીનો વૃદ્ધ ઘડો પડ્યો હતો તે જ સ્થળે તે પડ્યો છે, જે સ્થળે ફાટીતૂટી ગોદડી પડી હતી તે સ્થળે તે ફાટીતૂટી ગોદડી પડી છે. ભાઈ [illegible] તેવા દેખાયા. પોતે જેવાં મલિન અને અનેક જાળી ગોખવાળાં

પાત્ર પાસે; ફાટ્યાં તૂટ્યાં તેવાં ને તેવાં તે જ વસ્ત્રો શરીર ઉપર બિરાજે છે. નથી તલભાર વધ્યું કે નથી જવભાર ઘટ્યું. એ સઘળું જોઈને તે અતિ શોક પામ્યો. જે સુખાડંબર વડે મેં આનંદ માન્યો તે સુખમાંનું તો અહીં કશું યે નથી. અરેરે! મેં સ્વપ્નના ભોગ ભોગવ્યા નહીં અને મિથ્યા ખેદ મને પ્રાપ્ત થયો. બિચારો ભિખારી એમ ગ્લાનિમાં આવી પડ્યો.

પ્રમાણશિક્ષા:—સ્વપ્નામાં જેમ તે ભિખારીએ સુખસમુદાય દીઠો, ભોગવ્યો અને આનંદ માન્યો તેમ પામર પ્રાણીઓ સંસારના સ્વપ્નવત્ સુખસમુદાયને મહાનંદરૂપ માની બેઠા છે. જેમ તે સુખસમુદાય જાગૃતિમાં તે ભિખારીને મિથ્યા જણાયા, તેમ તત્ત્વજ્ઞાનરૂપી જાગૃતિથી સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નાના ભોગ ન ભોગવ્યા છતાં જેમ તે ભિખારીને શોકની પ્રાપ્તિ થઈ, તેમ પામર ભવ્યો સંસારમાં સુખ માની બેસે છે અને ભોગવ્યા તુલ્ય ગણે છે, પણ તે ભિખારીની પેઠે પરિણામે ખેદ, પશ્ચાત્તાપ અને અધોગતિને પામે છે. સ્વપ્નાની એકે વસ્તુનું સત્યત્વ નથી, તેમ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બન્ને ચપળ અને શોકમય છે. આવું વિચારી બુદ્ધિમાન પુરુષો આત્મશ્રેયને શોધે છે.

ઇતિ શ્રી 'ભાવનાબોધ' ગ્રંથના પ્રથમ દર્શનનું પ્રથમ ચિત્ર 'અનિત્યભાવના' એ વિષય પર સદૃષ્ટાંત વૈરાગ્યોપદેશાર્થે સમાપ્ત થયું.

તુલ્યતા ધરાવતું હતું. ત્યાં એક તરુ તળે મહા સમાધિવંત પણ સુકુમાર અને સુખોચિત મુનિને તે શ્રેણિકે બેઠેલા દીઠા. એનું રૂપ દેખીને તે રાજા અત્યંત આનંદ પામ્યો. એ અતુલ્ય ઉપમારહિત રૂપથી વિસ્મય પામીને મનમાં તેની પ્રશંસા કરવા લાગ્યો. અહો ! આ મુનિનો કેવો અદ્‌ભુત વર્ણ છે ! અહો ! એનું કેવું મનોહર રૂપ છે ! અહો આ આર્યની કેવી અદ્‌ભુત સૌમ્યતા છે ! અહો ! આ કેવી વિસ્મયકારક ક્ષમાના ધરનાર છે ! અહો ! આના અંગથી વૈરાગ્યની કેવી ઉત્તમ સ્ફુરણા છે! અહો ! આની કેવી નિર્લોભિતા જણાય છે ! અહો ! આ સંયતિ કેવું નિર્ભય અપ્રભુત્વ–નમ્રપણું ધરાવે છે ! અહો ! એનું ભોગનું અસંગતિપણું કેવું સુદૃઢ છે ! એમ ચિંતવતો ચિંતવતો, મુદિત થતો થતો, સ્તુતિ કરતો કરતો, ધીમેથી ચાલતો ચાલતો, પ્રદક્ષિણા દઈને તે મુનિને વંદન કરીને અતિ સમીપ નહીં તેમ અતિ દૂર નહીં એમ તે બેઠો. પછી બે હાથની અંજલિ કરીને વિનયથી તેણે મુનિને પૂછ્યું, “હે આર્ય ! તમે પ્રશંસા કરવા યોગ્ય એવા તરુણ છો; ભોગવિલાસને માટે તમારું વય અનુકૂળ છે; સંસારમાં નાના પ્રકારનાં સુખ રહ્યાં છે; ઋતુ ઋતુના કામભોગ, જળ સંબંધીના કામભોગ, તેમજ મનોહારિણી સ્ત્રીઓનાં મુખવચનનું મધુરું શ્રવણ છતા એ સઘળાનો ત્યાગ કરીને મુનિત્વમાં તમે મહા ઉદ્યમ કરો છો એનું શું કારણ? તે મને અનુગ્રહથી કહો.”

રાજાનાં વચનનો આવો અર્થ સાંભળીને મુનિએ કહ્યું, “હું અનાથ હતો. હે મહારાજા! મને અપૂર્વ વસ્તુનો પ્રાપ્ત કરાવનાર તથા યોગક્ષેમનો કરનાર, મારાપર અનુકંપા આણનાર, કરુણાથી કરીને પરમસુખનો દેનાર સુહૃત્–મિત્ર લેશમાત્ર પણ કોઈ ન થયો. એ કારણ મારા અનાથીપણાનું હતું.”

શ્રેણિક, મુનિનાં ભાષણથી સ્મિત હસી પડ્યો “અરે! તમારે મહા રિદ્ધિવંતને નાથ કેમ ન હોય? લો, કોઈ નાથ નથી તો હું થઉં છું. હે ભયત્રાણ! તમે ભોગ ભોગવો હે સંયતિ! મિત્ર ! જ્ઞાતિએ કરી દુર્લભ એવો તમારો મનુષ્યભવ સુલભ કરો!”

અનાથીએ કહ્યુ, “પરંતુ અરે શ્રેણિક, મગધદેશના રાજા! તું પોતે અનાથ છો તો મારો નાથ શું થઈશ? નિર્ધન તે ધનાઢ્ય ક્યાંથી બનાવે? અબુધ તે બુદ્ધિદાન ક્યાંથી આપે? અજ્ઞ તે વિદ્વતા ક્યાથી દે? વંધ્યા તે સંતાન ક્યાંથી આપે? જ્યારે તું પોતે અનાથ છો, ત્યારે મારો નાથ ક્યાથી થઈશ?” મુનિના વચનથી રાજા અતિ આકુળ અને અતિ વિસ્મિત થયો. કોઈ કાળે જે વચનનું શ્રવણ થયુ નથી એવા વચનનું યતિમુખપ્રતિથી શ્રવણ થયુ એથી તે શંકાગ્રસ્ત થયો. “હું અનેક પ્રકારના અશ્વનો ભોગી છું, અનેક પ્રકારના મદોન્મત્ત હાથીઓનો ધણી છું, અનેક પ્રકારની સેના મને આધીન છે, નગર, ગ્રામ, અંતઃપુર અને ચતુષ્પાદની મારે કંઈ ન્યૂનતા નથી; મનુષ્ય સબંધી સઘળા પ્રકારના ભોગ મને પ્રાપ્ત છે. અનુચરો મારી આજ્ઞાને રૂડી રીતે આરાધે છે; પાંચે પ્રકારની સંપત્તિ મારે ઘેર છે; સર્વ મનવાંછિત વસ્તુઓ મારી સમીપે રહે છે. આવો હું જાજ્વલ્યમાન છતા અનાથ કેમ હોઉં? રખે હે ભગવન્! તમે મૃષા બોલતા હો.” મુનિએ કહ્યુ: “હે રાજા! મારા કહેલા અર્થની ઉપપત્તિને તું બરાબર સમજ્યો નથી. તું પોતે અનાથ છે, પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે. હવે હું કહું છું તે અવ્યગ્ર અને સાવધાન ચિત્તે કરીને તું સાંભળી, સાભળીને પછી તારી શંકાને

વસ્તુરૂપી દૂધની દેવાવાળી કામધેનુ ગાયનાં સુખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ નંદન વનની પેઠે આનંદકારી છે. આપણો આત્મા જ કર્મનો કરનાર છે. આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ સુખોપાર્જન કરનાર છે આપણો આત્મા જ મિત્ર ને આપણો આત્મા જ વૈરી છે. આપણો આત્મા જ કનિષ્ઠ આચારે સ્થિત અને આપણો આત્મા જ નિર્મળ આચારે સ્થિત રહ્યો છે." એ તથા બીજા અનેક પ્રકારે તે અનાથી મુનિએ શ્રેણિકરાજા પ્રત્યે સંસારનું અનાથપણું કહી બતાવ્યું પછી શ્રેણિકરાજા અતિ સંતોષ પામ્યો. યુગ હાથની અંજલિ કરીને એમ બોલ્યો કે, "હે ભગવન્! તમે મને ભલી રીતે ઉપદેશ્યો. તમે જેમ હતું તેમ અનાથપણું કહી બતાવ્યું. હે મહાઋષિ! તમે સનાથ, તમે સબંધવ અને તમે સધર્મ છો; તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયતિ! હું ક્ષમાવું છું જ્ઞાનરૂપી તમારી શિક્ષાને વાંછું છુ. ધર્મધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગ ભોગવવા સંબંધીનું મેં તમને હે મહાભાગ્યવંત! જે આમંત્રણ દીધું તે સંબંધીનો મારો અપરાધ મસ્તકે કરીને ક્ષમાવું છું" એવા પ્રકારથી સ્તવીને રાજપુરુષકેસરી પરમાનંદ પામી રોમરાયના વિકસિત મૂળસહિત પ્રદક્ષિણા કરીને વિનયે કરી વંદન કરીને સ્વસ્થાનકે ગયો.

પ્રમાણશિક્ષા :—અહો ભવ્યો! મહા તપોધન, મહા મુનિ, મહા પ્રજ્ઞાવંત, મહા યશવંત, મહા નિર્ગ્રંથ અને મહાશ્રુત અનાથી મુનિએ મગધ દેશના રાજાને પોતાના વીતક ચરિત્રથી જે બોધ આપ્યો છે તે ખરે! અશરણભાવના સિદ્ધ કરે છે મહા મુનિ અનાથીએ સહન કર્યાં તુલ્ય વા એથી અતિ વિશેષ અસહ્ય દુઃખ અનંત આત્માઓ સામાન્ય દૃષ્ટિથી ભોગવતા દેખાય છે, તત્સંબંધી તમે કિંચિત્ વિચાર કરો! સંસારમા છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલને સેવો. અંતે એ જ મુક્તિના કારણરૂપ છે. જેમ સંસારમા રહ્યા અનાથી અનાથ હતા, તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે. સનાથ થવા પુરુષાર્થ કરવો એ જ શ્રેય છે!

ઇતિ શ્રી 'ભાવનાબોધ' ગ્રંથના પ્રથમ દર્શનમા દ્વિતીય ચિત્રે 'અશરણભાવના 'ના ઉપદેશાર્થે મહા નિર્ગ્રંથનુ ચરિત્ર પરિપૂર્ણતા પામ્યુ

તૃતીય ચિત્ર

એકત્વભાવના

ઉપજાતિ

શરીરમા વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

વિશેષાર્થ :—શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે તે સ્નેહી, કુટુંબી, [illegible] કોઈથી લઈ શકાતા નથી; એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે. [illegible] નથી તેમ જ પાપ પુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા

એ વિદેહ દેશ જેવા મહાન રાજ્યના અધિપતિ હતા. અનેક યૌવનવતી મનોહારિણી સ્ત્રીઓના સમુદાયમાં તે ઘેરાઈ રહ્યા હતા. દર્શનમોહનીયનો ઉદય ન છતાં એ સંસારલુબ્ધરૂપ દેખાતા હતા. કોઈ કાળે એના શરીરમાં દાહજ્વર નામના રોગની ઉત્પત્તિ થઈ. આખું શરીર જાણે પ્રજ્વલિત થઈ જતું હોય તેવી બળતરા વ્યાપ્ત થઈ. રોમે રોમે સહસ્ર વીંછીની ડંશ વેદના સમાન દુઃખ ઉત્પન્ન થયુ વૈદ્યવિદ્યાના પ્રવીણ પુરુષોના ઔષધોપચારનુ અનેક પ્રકારે સેવન કર્યું, પણ તે સઘળું વૃથા ગયુ લેશ માત્ર એ વ્યાધિ ઓછો ન થતાં અધિક થતો ગયો. ઔષધ માત્ર દાહજ્વરના હિતૈષી થતાં ગયા. કોઈ ઔષધ એવું ન મળ્યુ કે જેને દાહજ્વરથી કિંચિત પણ દ્વેષ હોય! નિપુણ વૈદો કાયર થયા; અને રાજેશ્વર પણ એ મહા વ્યાધિથી કંટાળો પામી ગયા તેને ટાળનાર પુરુષની શોધ ચોખાચ્ચુ ચાલતી હતી. મહાકુશળ એક વૈદ મળ્યો; તેણે મલયગિરિ ચંદનનુ વિલેપન કરવા સૂચવન કર્યું મનોરમા રાણીઓ તે ચંદનને ઘસવામાં રોકાઈ. તે ચંદન ઘસવાથી હાથમા પહેરેલા કંકણનો સમુદાય પ્રત્યેક રાણી કને ખળભળાટ કરવા મંડી પડ્યો મિથિલેશના અંગમા એક દાહજ્વરની અસહ્ય વેદના તો હતી અને બીજી આ કંકણના કોલાહલથી ઉત્પન્ન થઈ. ખળભળાટ ખમી શક્યા નહીં, એટલે તેણે રાણીઓને આજ્ઞા કરી કે તમે ચંદન ન ઘસો, કાં ખળભળાટ કરો છો? મારાથી એ ખળભળાટ સહન થઈ શકતો નથી. એક મહાવ્યાધિથી હું ગ્રહાયો છું, અને આ બીજો વ્યાધિતુલ્ય કોલાહલ થાય છે, તે અસહ્ય છે. સઘળી રાણીઓએ એકેકું કંકણ મંગલ દાખલ રાખી કંકણ સમુદાયનો ત્યાગ કર્યો; એટલે થતો ખળભળાટ શાંત થયો, નમિરાજે રાણીઓને કહ્યુ "તમે શુ ચંદન ઘસવું બંધ કર્યું?" રાણીઓએ જણાવ્યુ કે "ના, માત્ર કોલાહલ શાંત થવા માટે એકેકું કંકણ રાખી, બીજાં કંકણ પરિત્યાગી અમે ચંદન ઘસીએ છીએ. કંકણનો સમૂહ હવે અમે હાથમા રાખ્યો નથી, તેથી ખળભળાટ થતો નથી" રાણીઓના આટલાં વચનો સાભળ્યાં ત્યાં તો નમિરાજને રોમેરોમ એકત્વ સિદ્ધ થયુ, વ્યાપી ગયુ અને મમત્વ ટળી ગયુ. "ખરે! ઘણા મળ્યે ઘણી ઉપાધિ જણાય છે. હવે જો, આ એક કંકણથી લેશ માત્ર પણ ખળભળાટ થતો નથી, કંકણના સમૂહ વડે કરીને માથું ફેરવી નાખે એવો ખળભળાટ થતો હતો. અહો ચેતન! તું માન કે એકત્વમા જ તારી સિદ્ધિ છે. વધારે મળવાથી વધારે ઉપાધિ છે સંસારના અનંત આત્માના સંબંધમા તારે ઉપાધિ ભોગવવાનું શું અવશ્ય છે? તેનો ત્યાગ કર અને એકત્વમાં પ્રવેશ કર જો! આ કંકણ હવે ખળભળાટ વિના કેવી ઉત્તમ શાતિમા રમે છે? અનેક હતા ત્યારે તે કેવી અશાંતિ ભોગવતું હતું! તેવી જ રીતે તું પણ કંકણરૂપ છો. તે કંકણની પેઠે તું જ્યાંસુધી સ્નેહી કુટુંબીરૂપી કંકણસમુદાયમાં પડ્યો રહીશ ત્યાં સુધી ભવરૂપી ખળભળાટ સેવન કરવા પડશે, અને જો આ કંકણની વર્તમાન સ્થિતિની પેઠે એકત્વને આરાધીશ તો સિદ્ધગતિરૂપી મહા પવિત્ર શાતિ પામીશ" એમ વૈરાગ્યના પ્રવેશમા તે નમિરાજ પૂર્વજાતિની સ્મૃતિને પામ્યા, પ્રવ્રજ્યા ધારણ કરવા નિશ્ચય કરી તેઓ શયન કરી ગયા. પ્રભાતે મંગળ વાજિંત્રોના ધ્વનિ પ્રસર્યો, દાહજ્વરથી મુક્ત થયા. એકત્વને પરિપૂર્ણ સેવનાર તે શ્રીમાન નમિરાજ ઋષિને અભિવંદન હો!

શાર્દૂલવિક્રીડિત

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ.
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું.
એવા એ મિથિલેશનું ચરિત આ સંપૂર્ણ અત્રે થયું.

વિશેષાર્થ :—રાણીઓનો સમુદાય ચંદન ઘસીને વિલેપન કરવામાં રોકાયો હતો, [illegible] કંકણના કોલાહલથી [illegible] ઇંદ્રની સાથે સંવાદમાં પણ અડગ રહ્યો અને એકત્વને સિદ્ધ કર્યું.

એવા એ મુક્તિસાધક મહાવૈરાગીનું ચરિત્ર 'ભાવનાબોધ' ગ્રંથના તૃતીય ચિત્રે પૂર્ણ થયું.

ચતુર્થ ચિત્ર

અન્યત્વભાવના

શાર્દૂલવિક્રીડિત

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના.
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના.

કોમલ કર્ણના વિલાસને માટે ઝીણાં અને મધુરસ્વરી ગાયનો કરનારી વારાંગનાઓ તત્પર હતી, જેને નિરીક્ષણ કરવા માટે અનેક પ્રકારનાં નાટક ચેટક હતાં; જેની યશસ્કીર્તિ વાયુરૂપે પ્રસરી જઈ આકાશ જેવી વ્યાપ્ત હતી; જેના શત્રુઓને સુખથી શયન કરવાનો વખત આવ્યો ન હતો, અથવા જેના વૈરીની વનિતાઓનાં નયનોમાંથી સદૈવ આસુ ટપકતાં હતાં; જેનાથી કોઈ શત્રુવટ દાખવવા તો સમર્થ નહોતું, પણ સામા નિર્દોષતાથી આંગળી ચીંધવાયે પણ કોઈ સમર્થ નહોતું; જેની સમક્ષ અનેક મંત્રીઓના સમુદાય તેની કૃપાની નિમંત્રણા કરતા હતા, જેના રૂપ, કાંતિ અને સૌંદર્ય એ મનોહારક હતા; જેને અંગે મહાન બળ, વીર્ય, શક્તિ અને ઉગ્ર પરાક્રમ ઊછળતા હતા; ક્રીડા કરવાને માટે જેને મહા સુગંધીમય બાગબગીચા અને વનોપવન હતા, જેને ત્યાં પ્રધાન કુળદીપક પુત્રના સમુદાય હતા; જેની સેવામાં લાખોગમે અનુચરો સજ્જ થઈ ઊભા રહેતા હતા, જે પુરુષ જ્યા જ્યાં પ્રવેશ કરતો ત્યાં ત્યાં ખમા ખમા, કંચનફૂલ અને મૌક્તિકના થાળથી વધાવાતો હતો, જેના કુંકુમવર્ણા પાદપંકજનો સ્પર્શ કરવાને ઇંદ્ર જેવા પણ તલસી રહેતા હતા, જેની આયુધશાળામાં મહા યશોમાન દિવ્ય ચક્રની ઉત્પત્તિ થઈ હતી, જેને ત્યાં સામ્રાજ્યનો અખંડ દીપક પ્રકાશમાન હતો, જેને શિરે મહાન છ ખંડની પ્રભુતાનો તેજસ્વી અને ચળકાટમાન મુકુટ વિરાજિત હતો. કહેવાનો હેતુ કે જેનાં દળનો, જેના નગર–પુરપાટણનો, જેના વૈભવનો અને જેના વિલાસનો સંસાર સંબંધે કોઈ પણ પ્રકારે ન્યૂનભાવ નહોતો એવો તે શ્રીમાન રાજરાજેશ્વર ભરત પોતાના સુંદર આદર્શ ભુવનમાં વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ મનોહર સિંહાસન પર બેઠો હતો. ચારે બાજુના દ્વાર ખુલ્લાં હતાં; નાના પ્રકારના ધૂપનો ધૂમ્ર સૂક્ષ્મ રીતે પ્રસરી રહ્યો હતો; નાના પ્રકારના સુગંધી પદાર્થો ધમધમી રહ્યા હતા, નાના પ્રકારનાં સુસ્વરયુક્ત વાજિંત્રો યાંત્રિક કળા વડે સ્વર ખેંચી રહ્યા હતા, શીતલ મંદ અને સુગંધી એમ ત્રિવિધ વાયુની લહરીઓ છૂટતી હતી; આભૂષણાદિક પદાર્થોનુ નિરીક્ષણ કરતાં કરતા એ શ્રીમાન રાજરાજેશ્વર ભરત તે ભુવનમાં અપૂર્વતાને પામ્યો.

એના હાથની એક આગળીમાંથી વીંટી નીકળી પડી. ભરતનુ ધ્યાન તે ભણી ખેંચાયુ, અને આગળી કેવળ અડવી જણાઈ. નવ આગળીઓ વીંટી વડે કરીને જે મનોહરતા ધરાવતી હતી તે મનોહરતા વિના આ આગળી પરથી ભરતેશ્વરને અદ્ભુત મૂળોત્તર વિચારની પ્રેરણા થઈ. આ કારણથી આ આગળી આવી લાગવી જોઈએ? એ વિચાર કરતાં વીંટીનુ નીકળી પડવું એ કારણ એમ તેને સમજાયુ. તે વાતને વિશેષ પ્રમાણભૂત કરવા બીજી આગળીની વીંટી તેણે ખેંચી લીધી. એ બીજી આગળીમાંથી જેવી વીટી નીકળી તેવી તે આંગળી અશોભ્ય દેખાઈ, વળી એ વાતને સિદ્ધ કરવાને તેણે ત્રીજી આંગળીમાથી પણ વીંટી સેરવી લીધી, [illegible] પ્રમાણ થયું. વળી ચોથી આગળીમાથી વીંટી કાઢી લીધી એટલે એણે પણ [illegible] દીધો; એમ અનુક્રમે દશે આગળીઓ અડવી કરી મૂકી; અડવી થઈ જવાથી [illegible] દેખાવો. અશોભ્ય દેખાવથી રાજરાજેશ્વર અન્યત્વભાવનામાં ગદ્ગદિત [illegible]—

[illegible]! કેવી વિચિત્રતા છે કે ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુને ટીપીને કુશળતાથી [illegible]; એ મુદ્રિકા વડે મારી આગળી સુંદર દેખાઈ; એ આંગળીમાંથી મુદ્રિકા

નીકળી પડતાં એની વિપરીત દેખાવ તીવ્ર; વિપરીત દેખાવની અશોભનતા અને [illegible] [illegible] અશોભન જણાવાનું કારણ માત્ર ચીરી નાખી તે જ છે ને? તો ચીરી [illegible] તે એની અશોભતા હું ન કહેત. એ બુદ્ધિએ પછી મારી આ [illegible] [illegible]. [illegible] પછી આ કાય શોભે છે; અને એ કાય પછી આ શરીર શોભે છે કે ત્યારે એમાં હું શોભા કોની ગણું? અતિ વિસ્મયતા! મારી આ ભવની [illegible] [illegible] [illegible] કરનાર તે અતિ [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] મારી ત્વચાની શોભા કહીએ એ ત્વચા શરીરની શોભા કહી, એ ત્વચા શરીરની [illegible] [illegible] [illegible] છે: [illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અજ્ઞાન છે? એવી કઈ ભ્રમણા છે? એવો કયો અવિવેક છે? ત્રેસઠ શલાકા પુરુષોમાંનો હું એક ગણાયો; ત્યાં આવાં કૃત્ય ટાળી શકું નહીં, અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઈ બેસું, એ કેવળ અયુક્ત છે. એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને એ વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી! મમત્વ નથી!"

, વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડ્યું કે તિમિરપટ ટળી ગયું. શુક્લધ્યાન પ્રાપ્ત થયું. અશેષ કર્મ બળીને ભસ્મીભૂત થયાં !!! મહા દિવ્ય અને સહસ્ર કિરણથી પણ અનુપમ કાંતિમાન કેવળજ્ઞાન પ્રગટ થયું. તે જ વેળા એણે પંચમુષ્ટિ કેશલોચન કર્યું. શાસનદેવીએ એને સંતસાજ આપ્યો, અને તે મહા વિરાગી સર્વજ્ઞ સર્વદર્શી થઈ, ચતુર્ગતી, ચોવીશ દંડક, તેમ જ આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિરક્ત થયો. ચપળ સંસારના સકળ સુખવિલાસથી એણે નિવૃત્તિ કરી, પ્રિયાપ્રિય ગયું; અને તે નિરંતર સ્તવવા યોગ્ય પરમાત્મા થયો.

પ્રમાણશિક્ષા.—એમ એ છ ખંડનો પ્રભુ, દેવના દેવ જેવો, અઢળક સામ્રાજ્યલક્ષ્મીનો ભોક્તા, મહાયુનો ધણી, અનેક રત્નની યુક્તતા ધરાવનાર, રાજરાજેશ્વર ભરત આદર્શભુવનને વિષે કેવળ અન્યત્વભાવના ઉપજવાથી શુદ્ધ વિરાગી થયો !

ખરેખર ભરતેશ્વરનું મનન કરવા યોગ્ય ચરિત્ર સંસારની શોકાર્તતા અને ઔદાસીન્યતાનો પૂરેપૂરો ભાવ, ઉપદેશ અને પ્રમાણ દર્શિત કરે છે. કહો! એને ત્યા કઈ ખામી હતી? નહોતી એને ત્યાં નવયૌવના સ્ત્રીઓની ખામી, કે નહોતી રાજરિદ્ધિની ખામી, નહોતી વિજયસિદ્ધિની ખામી, કે નવનિધિની ખામી, નહોતી પુત્ર સમુદાયની ખામી, કે નહોતી કુટુંબ પરિવારની ખામી, નહોતી રૂપકાંતિની ખામી, કે નહોતી યશસ્કીર્ત્તિની ખામી.

આગળ કહેવાઈ ગયેલી તેની રિદ્ધિનુ એમ પુનઃસ્મરણ કરાવી પ્રમાણથી શિક્ષાપ્રસાદીનો લાભ આપીએ છીએ કે, ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયુ, જાણ્યુ અને સર્પકંચુકવત્ સંસાર પરિત્યાગ કરી તેનુ મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યુ. મહા વૈરાગ્યની અચળતા, નિર્મમત્વતા અને આત્મશક્તિનુ પ્રફુલ્લિત થવું, આ મહા યોગીશ્વરના ચરિત્રમાં રહ્યુ છે.

એક પિતાના સો પુત્રમા નવાણું આગળ આત્મસિદ્ધિને સાધતા હતા. સોમા આ ભરતેશ્વરે સિદ્ધિ સાધી પિતાએ પણ એ જ સિદ્ધિ સાધી. ભરતેશ્વરી–રાજ્યાસન–ભોગીઓ ઉપરાઉપરી આવનાર એ જ આદર્શભુવનમા તે જ સિદ્ધિ પામ્યા કહેવાય છે. એ સકળ સિદ્ધિસાધક મંડળ અન્યત્વને જ સિદ્ધ કરી એકત્વમા પ્રવેશ કરાવે છે. અભિવંદન હો તે પરમાત્માઓને

શાર્દૂલવિક્રીડિત

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીના મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

વિશેષાર્થ :—પોતાની એક આંગળી અડવી દેખીને વૈરાગ્યના પ્રવાહમાં જેણે પ્રવેશ કર્યો. રાજસમાજને છોડીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, એવા તે ભરતેશ્વરનું ચરિત્ર ધારણ કરીને

એમ ચોથું ચિત્ર પૂર્ણ થયું. [illegible]
[illegible] કરનાર થાઓ!

[illegible] ઉપદેશ માટે [illegible] ચિત્ર [illegible]
[illegible] પૂર્ણ થયું.

પંચમ ચિત્ર

અશુચિભાવના

ગીતિવૃત્ત

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

વિશેષાર્થ:— મળ અને મૂત્રની ખાણરૂપ, રોગ અને [illegible] ધામરૂપ એવી કાયાને ગણીને હે ચૈતન્ય! તેનું મિથ્યા માન ત્યાગ કરીને સનત્કુમારની પેઠે તેને સફળ કર!

એ ભગવાન સનત્કુમારનું ચરિત્ર અહીં [illegible] અશુચિભાવનાની [illegible] માટે [illegible].

દૃષ્ટાંત:— જે જે રિદ્ધિ, સિદ્ધિ અને વૈભવ [illegible]
[illegible] સનત્કુમાર [illegible]
[illegible]
[illegible]

ખેદ પામ્યા છે, એવા સ્વરૂપમા તેઓએ માથું ધુણાવ્યું. ચક્રવર્તીએ પૂછયું, અહો બ્રાહ્મણો! ગઈ વેળા કરતા આ વેળા તમે જુદા રૂપમાં માથું ધુણાવ્યુ એનું શું કારણ છે? તે મને કહો. અવધિજ્ઞાનાનુસારે વિપ્રે કહ્યુ કે, "હે મહારાજા! તે રૂપમાં ને આ રૂપમાં ભૂમિ આકાશનો ફેર પડી ગયો છે. ચક્રવર્તીએ તે સ્પષ્ટ સમજાવવા કહ્યુ બ્રાહ્મણોએ કહ્યું, "અધિરાજ! પ્રથમ તમારી કોમળ કાયા અમૃતતુલ્ય હતી. આ વેળાએ ઝેરરૂપ છે. તેથી જ્યારે અમૃતતુલ્ય અંગ હતું ત્યારે આનંદ પામ્યા હતા આ વેળા ઝેરતુલ્ય છે ત્યારે ખેદ પામ્યા. અમે કહીએ છીએ તે વાતની સિદ્ધતા કરવી હોય તો તમે હમણા તાબૂલ થૂંકો; તત્કાળ તે પર મક્ષિકા બેસશે અને પરધામ પ્રાપ્ત થશે."

સનતકુમારે એ પરીક્ષા કરી તો સત્ય ઠરી; પૂર્વિત કર્મના પાપનો જે ભાગ તેમાં આ કાયાના મદસબંધીનુ મેળવણ થવાથી એ ચક્રવર્તીની કાયા ઝેરમય થઈ ગઈ. વિનાશી અને અશુચિમય કાયાનો આવો પ્રપંચ જોઈને સનત્કુમારના અંતઃકરણમા વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેવળ આ સંસાર તજવા યોગ્ય છે. આવી ને આવી અશુચિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનાં શરીરમાં રહી છે. એ સઘળું મોહમાન કરવા યોગ્ય નથી, એમ બોલીને તે છ ખંડની પ્રભુતા ત્યાગ કરીને ચાલી નીકળ્યા. સાધુરૂપે જ્યારે વિચરતા હતા ત્યારે મહારોગ ઉત્પન્ન થયો. તેના સત્યત્વની પરીક્ષા લેવાને કોઈ દેવ ત્યા વૈદરૂપે આવ્યો સાધુને કહ્યું. "હું બહુ કુશળ રાજવૈદ છું; તમારી કાયા રોગનો ભોગ થયેલી છે, જો ઇચ્છા હોય તો તત્કાળ હુ તે રોગને ટાળી આપું." સાધુ બોલ્યા: "હે વૈદ! કર્મરૂપી રોગ મહોન્મત્ત છે, એ રોગ ટાળવાની તમારી સમર્થતા હોય તો ભલે મારો એ રોગ ટાળો. એ સમર્થતા ન હોય તો આ રોગ છો રહ્યો." દેવતાએ કહ્યું: "એ રોગ ટાળવાની સમર્થતા હું ધરાવતો નથી." પછી સાધુએ પોતાની લબ્ધિના પરિપૂર્ણ બળ વડે થૂંકવાળી અંગુલિ કરી તે રોગને ખરડી કે તત્કાળ તે રોગ વિનાશ પામ્યો; અને કાયા પાછી હતી તેવી બની ગઈ. પછી તે વેળા દેવે પોતાનુ સ્વરૂપ પ્રકાશ્યુ, ધન્યવાદ ગાઈ વંદન કરી પોતાને સ્થાનકે ગયો.

પ્રમાણશિક્ષા :— રક્તપિત્ત જેવા સદૈવ લોહીપરુથી ગદ્‌ગદતા મહારોગની ઉત્પત્તિ જે કાયામા છે, પળમા વણસી જવાનો જેનો સ્વભાવ છે, જેના પ્રત્યેક રોમે પોણાબબ્બે રોગનો નિવાસ છે, તેવા સાડાત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી કરોડો રોગોનો તે ભંડાર છે એમ વિવેકથી સિદ્ધ છે. અન્નાદિની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખાવ દે છે, મળ, મૂત્ર, નરક, હાડ, માસ, પરુ અને શ્લેષ્મથી જેનું બંધારણ ટક્યુ છે, ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરે! વિભ્રમ જ છે! સનત કુમારે જેનું લેશ માત્ર માન કર્યું તે પણ જેથી ન ખમાયુ નહીં તે કાયામા અહો પામર! તું શુ મોહે છે? 'એ મોહ મંગળદાયક નથી'[1]

આમ છતાં પણ [2]આગળ ઉપર મનુષ્યદેહને સર્વદેહોત્તમ કહેવો પડશે. એનાથી સિદ્ધ [illegible] સિદ્ધિ છે એમ કહેવાનું છે. ત્યાં આગળ નિઃશંક થવા માટે અહીં નામમાત્ર વ્યાખ્યાન [illegible] છે.

---

1 [illegible] 'એ કિંચિત્ [illegible] નથી.' 2 જુઓ, મોક્ષમાળા શિક્ષાપાઠ ૪ માનવદેહ.— [illegible] એથી એ અપેક્ષાએ અહી અનુસંધાન આપ્યું છે. અહીં [illegible] મોક્ષમાળા અને પછી ભાવનાબોધ મૂક્યો છે.

આત્માનાં શુભ કર્મનો જ્યારે ઉદય આવ્યો ત્યારે તે મનુષ્યદેહ પામ્યો. મનુષ્ય એટલે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે હોઠ, એક નાક જેને હોય તેનું નામ મનુષ્ય એમ નથી. પણ એનો મર્મ જુદો જ છે. જો એમ અવિવેક દાખવીએ તો પછી વાનરને મનુષ્ય ગણતાં શો દોષ? એ બિચારાએ તો એક પૂંછડું પણ વધારે પ્રાપ્ત કર્યું છે. પણ નહીં; મનુષ્યત્વનો મર્મ આમ છે: વિવેકબુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે, તે જ મનુષ્ય. બાકી તે સિવાયનાં તો દ્વિપાદરૂપે પશુ જ છે. મેધાવી પુરુષો નિરંતર એ માનવપણાનો આમ જ મર્મ પ્રકાશે છે. વિવેકબુદ્ધિના ઉદય વડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે. અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે. તોપણ સ્મરણમાં રાખવું યોગ્ય છે કે તે દેહ તો અશુચિમય તે અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.

ભાવનાબોધ ગ્રંથે અશુચિભાવનાના ઉપદેશ માટે પ્રથમ દર્શનના ષષ્ઠ ચિત્રમાં સનત્કુમારનું દૃષ્ટાંત અને પ્રમાણશિક્ષા પૂર્ણ થયાં.

અંતર્દર્શન : ષષ્ઠ ચિત્ર

નિવૃત્તિબોધ

નારાચ છંદ

નીરસ છે. ખડ્ગધારા પર ચાલવું જેમ વિકટ છે, તેમ તપ આચરવું મહા વિકટ છે. જેમ સર્પ એકાંત દૃષ્ટિથી ચાલે છે તેમ ચારિત્રમાં ઈર્યાસમિતિ માટે એકાંતિક ચાલવું મહા દુર્લભ છે. હે પ્રિય પુત્ર! જેમ લોઢાના જવ ચાવવા દુર્લભ છે, તેમ સંયમ આચરતાં દુર્લભ છે. જેમ અગ્નિની શિખા પીવી દુર્લભ છે, તેમ યૌવનને વિષે યતિપણું અંગીકાર કરવું મહા દુર્લભ છે. કેવળ મંદ સંઘયણના કાયર પુરુષે યતિપણું પામવું તેમ પાળવું દુર્લભ છે. જેમ ત્રાજવે કરી મેરુ પર્વત તોળવો દુર્લભ છે, તેમ નિશ્ચળપણાથી, નિઃશંકતાથી દશવિધ યતિધર્મ પાળવો દુષ્કર છે. ભુજાએ કરી સ્વયંભૂરમણ સમુદ્ર જેમ તરવો દુષ્કર છે, તેમ જે નથી ઉપશમવંત તેને ઉપશમરૂપી સમુદ્ર તરવો દોહ્યલો છે

"હે પુત્ર! શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ પાંચે પ્રકારે મનુષ્ય સંબંધી ભોગ ભોગવીને ભુક્તભોગી થઈને વૃદ્ધપણામાં તું ધર્મ આચરજે."

માતાપિતાનો ભોગ સંબંધી ઉપદેશ સાંભળીને તે મૃગાપુત્ર માતાપિતા પ્રત્યે એમ બોલી ઊઠ્યા :—

"વિષયની વૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઈએ દુષ્કર નથી. આ આત્માએ શારીરિક અને માનસિક વેદના અશાતારૂપે અનંતવાર સહી છે, ભોગવી છે. મહા દુઃખથી ભરેલી, ભયને ઉપજાવનારી અતિ રૌદ્ર વેદના આ આત્માએ ભોગવી છે, જન્મ, જરા, મરણ એ ભયનાં ધામ છે. ચતુર્ગતિરૂપ સંસારાટવીમાં ભમતાં અતિ રૌદ્ર દુઃખો મેં ભોગવ્યાં છે. હે ગુરુજનો! મનુષ્ય લોકમાં જે અગ્નિ અતિશય ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંતગણી ઉષ્ણ તાપવેદના નરકને વિષે આ આત્માએ ભોગવી છે. મનુષ્ય લોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઈ છે, એ ટાઢથી અનંતગણી ટાઢ નરકને વિષે અશાતાએ આ આત્માએ ભોગવી છે. લોહમય ભાજન, તેને વિષે ઊંચા પગ બાંધી નીચું મસ્તક કરીને દેવતાએ વૈક્રિય કરેલા ધૂંવાકૂંવા બળતા અગ્નિમાં આક્રંદ કરતાં, આ આત્માએ અત્યુગ્ર દુઃખ ભોગવ્યાં છે. મહાદવના અગ્નિ જેવા મરુ દેશમાં જેવી વેળુ છે તે વેળુ જેવી વજ્રમય વેળુ કદંબ નામે નદીની વેળુ છે, તે સરખી ઉષ્ણ વેળુને વિષે પૂર્વે મારા આ આત્માને અનંત વાર બાળ્યો છે.

"આક્રંદ કરતાં પચવાના ભાજનને વિષે પચવાને અર્થે મને અનંતી વાર નાખ્યો છે. નરકમાં મહા રૌદ્ર પરમાધામીઓએ મને મારા કડવા વિપાકને માટે અનંતી વાર ઊંચા વૃક્ષની શાખાએ બાંધ્યો હતો. બંધન રહિત એવા મને લાંબી કરવતે કરીને છેદ્યો હતો. અતિ તીક્ષ્ણ કંટકે કરીને વ્યાપ્ત ઊંચા શાલ્મલિ વૃક્ષને વિષે બાંધીને મહા ખેદ પમાડ્યો હતો. પાશે કરીને બાંધી આઘોપાછો ખેંચવે કરી મને અતિ દુઃખી કર્યો હતો. મહા અસહ્ય કોલુને વિષે શેલડીની પેઠે આક્રંદ કરતો હું અતિ રૌદ્રતાથી પીડાયો હતો. એ ભોગવવું પડ્યું તે માત્ર મારાં અશુભ કર્મના અનંતી વારના ઉદયથી જ હતું. શ્વાનને રૂપે શામનામા પરમાધામીએ કીધો, શબલનામા પરમાધામીએ તે શ્વાનરૂપે મને ભોંય પર પાડ્યો; જીર્ણ વસ્ત્રની પેરે ફાડ્યો, વૃક્ષની પેરે છેદ્યો; એ વેળા હું અતિ અતિ તરફડતો હતો.

"વિકરાળ ખડ્ગે કરી, ભાલાએ કરી, તથા બીજા શસ્ત્ર વડે કરી મને તે પ્રચંડીઓએ વિખંડિત કર્યો હતો. નરકમાં પાપકર્મે જન્મ લઈને વિષમ જાતિના ખંડનું દુઃખ ભોગવવામાં

[illegible] રહી નથી. મરુતીર્થે કરી અનંત પ્રજ્વલિત રક્તવર્ણ રેતીની પેઠે [illegible] અને [illegible] હતો. ભઠ્ઠીની પેઠે કેવળાતા વૈક્રિય કરેલા અગ્નિમાં હું બળ્યો હતો. [illegible] નહીં [illegible] રુદન [illegible] કરતો હતો. ઢંક-ગીધ નામના વિકરાળ પક્ષીઓની આંકુશ જેવી ચાંચથી [illegible] અનંત વખતથી કાયર થઈ હું વિલાપ કરતો હતો. તૃષાને લીધે જળપાનનું ચિંતન કરતો વેગમાં દોડતા, વૈતરણીનું છરપલાની ધાર જેવું અનંત દુઃખ પામ્યો હતો. જેનાં પાંદડાં તીવ્ર ખડ્ગની ધાર જેવાં છે, મહા તાપથી જે તપી રહ્યું છે, તે અસિપત્રવનમાં હું ગયો હતો; ત્યાં ત્રાસવાળા પૂર્વકાળે મને અનંત વાર છેદ્યો હતો. મુદ્ગરથી કરી, તીવ્ર શસ્ત્રથી કરી, ત્રિશૂળથી કરી, મુશળથી કરી, તેમ જ ગદાથી કરીને મારા ગાત્ર ભાંગ્યાં હતાં. શરણરૂપ સુખ વિના હું અશરણરૂપ અનંત દુઃખ પામ્યો હતો. વસ્ત્રની પેઠે મને છરપલાની તીક્ષ્ણ ધારે કરી, છરીએ કરી અને કાતરણીએ કરીને કાપ્યો હતો. મારા ખંડોખંડ કટકા કર્યા હતા. મને તીરછો છેદ્યો હતો. ચરરર કરતી મારી ત્વચા ઉતારી હતી. એમ હું અનંત દુઃખ પામ્યો હતો.

પરવશપણાથી મૃગની પેઠે અનંત વાર પાશમાં હું સપડાયો હતો. પરમાધામીએ મને મગરમચ્છરૂપે જાળ નાંખી અનંત વેળા દુઃખ આપ્યું હતું. સીંચાણારૂપે પક્ષીની પેઠે જાળમાં બાંધી અનંત વાર મને હણ્યો હતો. ફરસી ઇત્યાદિક શસ્ત્રથી કરીને મને અનંત વાર ઝાડનાં જેમ કૂટીને નાના સૂક્ષ્મ કટકા કર્યા હતા. મુદ્ગરાદિકના પ્રહાર વતી લુહાર જેમ લોઢાને ઘડે તેમ મને પૂર્વકાળે પરમાધામીઓએ અનંતી વાર કૂટ્યો હતો. તાંબું, લોઢું અને સીસું અગ્નિથી ગાળી તેનો કળકળતો રસ મને અનંત વાર પાયો હતો. અતિ રૌદ્રસ્વરૂપી તે પરમાધામીઓ મને એમ કહેતા હતા કે, પૂર્વભવમાં તને માંસ પ્રિય હતું, તે લે હવે ખા. એમ મારા શરીરના ખંડોખંડ કટકા મેં અનંતી વાર ગળ્યા હતા. મદિરાની પણ [illegible] [illegible]

છે? કોણ તે મૃગને આહાર અને જળ આણી આપે છે? જેમ તે મૃગ ઉપદ્રવમુક્ત થયા પછી ગહન વને જ્યાં સરોવર હોય છે ત્યાં જાય છે, તૃણ-પાણી આદિનું સેવન કરીને પાછું જેમ તે મૃગ વિચરે છે તેમ હું વિચરીશ. સારાંશ, એ રૂપ મૃગચર્યા હું આચરીશ. એમ હું મૃગની પેઠે સંયમવંત હોઈશ. અનેક સ્થળે વિચરતો યતિ મૃગની પેઠે અપ્રતિબદ્ધ રહે. મૃગની પેઠે વિચરીને, મૃગચર્યા સેવીને, સાવદ્ય ટાળીને યતિ વિચરે. જેમ મૃગ તૃણ, જળાદિકની ગોચરી કરે તેમ યતિ ગોચરી કરીને સંયમભાર નિર્વાહ કરે. દુરાહાર માટે ગૃહસ્થને હીલે નહીં, નિંદા કરે નહીં એવો સંયમ હું આચરીશ." "**एव पुत्ता जहासुखं** —હે પુત્ર! જેમ તને સુખ થાય તેમ કરો!" એમ માતપિતાએ અનુજ્ઞા આપી. અનુજ્ઞા મળ્યા પછી મમત્વભાવ છેદીને જેમ મહા નાગ કંચુક ત્યાગી ચાલ્યો જાય છે, તેમ તે મૃગાપુત્ર સંસાર ત્યાગી સંયમધર્મમાં સાવધાન થયા. કંચન, કામિની, મિત્ર, પુત્ર, જ્ઞાતિ અને સગાસંબંધીના પરિત્યાગી થયા. વસ્રને ધૂણી જેમ રજ ખંખેરી નાખીએ તેમ તે સઘળા પ્રપંચ ત્યાગીને દીક્ષા લેવાને માટે નીકળી પડયા. પવિત્ર પાંચ મહાવ્રતયુક્ત થયા. પંચ સમિતિથી સુશોભિત થયા. ત્રિગુપ્ત્યાનુગુપ્ત થયા. બાહ્યાભ્યંતરે દ્વાદશ તપથી સંયુક્ત થયા. મમત્વરહિત થયા. નિરહંકારી થયા; સ્રી આદિકના સંગરહિત થયા. સર્વાત્મભૂતમાં એનો સમાનભાવ થયો. આહાર જળ પ્રાપ્ત થાઓ કે ન થાઓ, સુખ ઊપજો કે દુ:ખ, જીવિતવ્ય હો કે મરણ હો, કોઈ સ્તુતિ કરો કે નિંદા કરો, કોઈ માન દો કે કોઈ અપમાન દો, તે સઘળા પર તે સમભાવી થયા. રિદ્ધિ, રસ અને સુખ એ ત્રિગારવના અહંપદથી તે વિરક્ત થયા. મનદંડ, વચનદંડ અને તનદંડ નિવર્તાવ્યા. ચાર કષાયથી વિમુક્ત થયા. માયાશલ્ય, નિદાનશલ્ય તથા મિથ્યાત્વશલ્ય એ ત્રિશલ્યથી તે વિરાગી થયા. સપ્ત મહા ભયથી તે અભય થયા. હાસ્ય અને શોકથી નિવર્ત્યા. નિદાન રહિત થયા; રાગદ્વેષરૂપી બંધનથી છૂટી ગયા. વાંછા રહિત થયા, સર્વ પ્રકારના વિલાસથી રહિત થયા, કરવાલથી કોઈ કાપે અને કોઈ ચંદન વિલેપન કરે તે પર સમભાવી થયા. પાપ આવવાના સઘળાં દ્વાર તેણે રૂંધ્યાં. શુદ્ધ અંતઃકરણ સહિત ધર્મધ્યાનાદિક વ્યાપારે તે પ્રશસ્ત થયા. જિનેંદ્ર શાસનતત્ત્વ પરાયણ થયા. જ્ઞાને કરી, આત્મચારિત્રે કરી, સમ્યક્ત્વે કરી, તપે કરી, પ્રત્યેક મહાવ્રતની પાંચ ભાવના એમ પાંચ મહાવ્રતની પચીસ ભાવનાએ કરી અને નિર્મળતાએ કરી તે અનુપમ વિભૂષિત થયા. સમ્યક્ પ્રકારથી ઘણાં વર્ષ સુધી આત્મચારિત્ર પરિસેવીને એક માસનું અનશન કરીને તે મહાજ્ઞાની યુવરાજ મૃગાપુત્ર પ્રધાન મોક્ષગતિએ પરવર્યા.

પ્રમાણશિક્ષા—તત્ત્વજ્ઞાનીઓએ સપ્રમાણ સિદ્ધ કરેલી દ્વાદશભાવનામાંની સંસારભાવનાને દૃઢ કરવા મૃગાપુત્રનું ચરિત્ર અહીં વર્ણવ્યું. સંસારાટવીમાં પરિભ્રમણ કરતાં અનંત દુ:ખ છે તે વિવેકસિદ્ધ છે, અને એમા પણ નિમેષોન્મેષ જેમાં સુખ નથી એવી નરકાધોગતિનાં અનંત દુઃખ યુવજ્ઞાની યોગીંદ્ર મૃગાપુત્રે જનકજનેતા પ્રતિ વર્ણવ્યાં છે, તે કેવળ સંસારમુક્ત થવાનો વિરાગી ઉપદેશ પ્રકાશિત કરે છે. આત્મચારિત્ર અવધારણ કરતા તપપરિષહાદિકના બહિર્દુઃખને દુઃખ માન્યું છે અને મહાધોગતિના પરિભ્રમણરૂપ અનંત દુઃખને બહિર્ભાવ મોહિનીથી સુખરૂપ માન્યું છે, એ કેવી ભ્રમવિચિત્રતા છે? આત્મચારિત્રનું દુઃખ તે દુઃખ નહીં પણ પરમ સુખ છે, અને પરિણામે અનંત સુખતરંગ પ્રાપ્તિનું કારણ છે; તેમ જ ભોગવિલાસાદિકનું સુખ તે

[illegible]

[illegible]

[illegible]



૧૬ પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.

૧૭ સઘળું કર્તવ્ય નિયમિત જ રાખવું.

૧૮ શુક્લ ભાવથી મનુષ્યનું મન હરણ કરવું.

૧૯ શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.

૨૦ મન, વચન અને કાયાના યોગવડે પરપત્નીનો ત્યાગ.

૨૧ વેશ્યા, કુમારી, વિધવાનો તેમજ ત્યાગ.

૨૨ મન, વચન, કાયા, અવિચારે વાપરવું નહીં.

૨૩ નિરીક્ષણ કરવું નહીં.

૨૪ હાવભાવથી મોહ પામવું નહીં.

૨૫ વાતચિત કરવું નહીં.

૨૬ એકાંત રહેવું નહીં.

૨૭ સ્તુતિ કરવું નહીં.

૨૮ ચિંતવન કરવું નહીં.

૨૯ શૃંગાર વાંચવું નહીં.

૩૦ વિશેષ પ્રસાદ લેવું નહીં.

૩૧ સ્વાદિષ્ટ ભોજન લેવું નહીં.

૩૨ સુગંધી દ્રવ્ય વાપરવું નહીં.

૩૩ સ્નાન મંજન કરવું નહીં

૩૪

૩૫ કામ વિષને ઉચિત [illegible] પામવું નહીં

૩૬ વીર્યનો વ્યાઘાત કરવું નહીં.

૩૭ વધારે જળપાન કરવું નહીં.

૩૮ ખાસ દૃષ્ટિથી સ્ત્રીને નીરખવું નહીં.

[illegible] વાત કરવું નહીં [illegible]

[illegible] નહીં.

[illegible] નહીં.

[illegible] નહીં

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૧૮ ગારો કરું નહીં.—આંગણા પાસે.
૧૧૯ ફળિયામાં અસ્વચ્છતા રાખું નહીં. (સાધુ)
૧૨૦ ફાટલ કપડાં રાખું નહીં. (સાધુ)
૧૨૧ અણગળ પાણી પીઉં નહીં.
૧૨૨ પાપી જળે નાહું નહીં.
૧૨૩ વધારે જળ ઢોળું નહીં.
૧૨૪ વનસ્પતિને દુઃખ આપું નહીં.
૧૨૫ અસ્વચ્છતા રાખું નહીં.
૧૨૬ પહોરનું રાંધેલું ભોજન કરું નહીં.
૧૨૭ રસેંદ્રિયની વૃદ્ધિ કરું નહીં.
૧૨૮ રોગ વગર ઔષધનું સેવન કરું નહીં.
૧૨૯ વિષયનું ઔષધ ખાઉં નહીં.
૧૩૦ ખોટી ઉદારતા સેવું નહીં.
૧૩૧ કૃપણ થાઉં નહીં.
૧૩૨ આજીવિકા સિવાય કોઈમાં માયા કરું નહીં.
૧૩૩ આજીવિકા માટે ધર્મ બોધું નહીં.
૧૩૪ વખતનો અનુપયોગ કરું નહીં.
૧૩૫ નિયમ વગર કૃત સેવું નહીં.
૧૩૬ પ્રતિજ્ઞા વ્રત તોડું નહીં.
૧૩૭ સત્ય વસ્તુનું ખંડન કરું નહીં.
૧૩૮ તત્ત્વજ્ઞાનમાં શંકિત થાઉં નહીં.
૧૩૯ તત્ત્વ આરાધતા લોકનિંદાથી ડરું નહીં.
૧૪૦ તત્ત્વ આપતાં માયા કરું નહીં.
૧૪૧ સ્વાર્થને ધર્મ ભાખું નહીં.
૧૪૨ ચારે વર્ગને મંડન કરું.
૧૪૩ ધર્મ વડે સ્વાર્થ પેદા કરું નહીં.
૧૪૪ ધર્મ વડે અર્થ પેદા કરું.
૧૪૫ જડતા જોઈને આક્રોશ પામું નહિ.
૧૪૬ ખેદની સ્મૃતિ આણું નહીં.
૧૪૭ મિથ્યાત્વને વિસર્જન કરું.
૧૪૮ અસત્યને સત્ય કહું નહીં
૧૪૯ ગુંમારને ઉત્તેજન આપું નહીં.
૧૫૦ હિંસા વડે સ્વાર્થ ચાહું નહીં.

૧૫૨ ખોટી મોટાઈની પેઠ કરું નહીં.

૧૫૩ વિદ્યા વિના મૂર્ખ રહું નહીં.

૧૫૪ વિનયને આરાધી રહું.

૧૫૫ માબાપવિનયનો ત્યાગ કરું.

૧૫૬ અદત્તાદાન લઉં નહીં.

૧૫૭ ક્લેશ કરું નહીં.

૧૫૮ ન્યાય અનીતિ લઉં નહીં.

૧૫૯ દુ:ખી કરીને ધન લઉં નહીં.

૧૬૦ ખોટાં તોલ તોળું નહીં.

૧૬૧ ખોટી સાક્ષી પૂરું નહીં.

૧૬૨ ખોટા [illegible] આપું નહીં.

૧૬૩ ચાડી કરું નહીં.

૧૬૪ [illegible]

૧૬૫ [illegible]

૧૬૬ [illegible] નહીં

૧૬૭ [illegible]

૧૬૮ [illegible] નહીં

૧૬૯ [illegible] નહીં

૧૭૦ [illegible] નહીં

૧૭૧ [illegible] નહીં

૧૭૨ [illegible] નહીં

૧૭૩ [illegible] નહીં

૧૭૪ [illegible] નહીં

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૮૬ સામાન્યથી મિત્ર ભાવ રાખું.
૧૮૭ પ્રત્યેક વસ્તુનો નિયમ કરું.
૧૮૮ સાદા પોશાકને ચાહું.
૧૮૯ મધુરી વાણી ભાખું.
૧૯૦ મનોવીરત્વની વૃદ્ધિ કરું.
૧૯૧ પ્રત્યેક પરિષહ સહન કરું.
૧૯૨ આત્માને પરમેશ્વર માનું.
૧૯૩ પુત્રને તારે રસ્તે ચડાવું. (પિતા ઇચ્છા કરે છે.)
૧૯૪ ખોટાં લાડ લડાવું નહીં. ,,
૧૯૫ મલિન રાખું નહીં. ,,
૧૯૬ અવળી વાતથી સ્તુતિ કરું નહીં. ,,
૧૯૭ મોહિની ભાવે નીરખું નહીં. ,,
૧૯૮ પુત્રીનું વેશવાળ યોગ્ય ગુણે કરું. ,,
૧૯૯ સમવય જોઉં. ,,
૨૦૦ સમગુણ જોઉં. ,,
૨૦૧ તારો સિદ્ધાંત ત્રુટે તેમ સંસારવ્યવહાર ન ચલાવું.
૨૦૨ પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું.
૨૦૩ તત્ત્વથી કંટાળું નહીં.
૨૦૪ વિધવા છું. તારા ધર્મને અંગીકાર કરું. (વિધવા ઇચ્છા કરે છે.)
૨૦૫ સુવાસીસાજ સજું નહીં.
૨૦૬ ધર્મકથા કરું.
૨૦૭ નવરી રહું નહીં.
૨૦૮ તુચ્છ વિચાર પર જઉં નહીં.
૨૦૯ સુખની અદેખાઈ કરું નહીં.
૨૧૦ સંસારને અનિત્ય માનું
૨૧૧ શુદ્ધ બ્રહ્મચર્યનું સેવન કરું.
૨૧૨ પરઘેર જઉં નહીં.
૨૧૩ કોઈ પુરુષ સાથે વાત કરું નહીં.
૨૧૪ ચંચળતાથી ચાલું નહીં.
૨૧૫ તાળી દઈ વાત કરું નહીં.
૨૧૬ પુરુષ લક્ષણ રાખું નહીં.
૨૧૭ કોઈના કહ્યાથી રોષ આણું નહીં.
૨૧૮ સિ[illegible] પેટ માનું નહીં.
૨૧૯ [illegible]

૨૨૦ ઉદયથી બીજું રૂપ રાખું નહીં.
૨૨૧ [illegible]ની ગુરુ ભક્તિ કરું. ([illegible])
૨૨૨ નીતિથી ચાલું.
૨૨૩ [illegible] આજ્ઞા તોડું નહીં
૨૨૪ અવિનય કરું નહીં
૨૨૫ ગળ્યા વિના જળ પીઉં નહીં.
૨૨૬ મેં ત્યાગ કરેલી વસ્તુ ઉપયોગમાં લઉં નહીં.
૨૨૭ પાણીથી રમત કરી આનંદ માનું નહીં
૨૨૮ [illegible] નહીં.
૨૨૯ નિયમ તોડી ને વસ્તુ ખાઉં નહીં.
૨૩૦ [illegible]ની વૃદ્ધિ કરું
૨૩૧ [illegible] ન કરું
૨૩૨ [illegible] ન [illegible]. ([illegible])
૨૩૩ [illegible] કરું.
૨૩૪ [illegible] કરું
૨૩૫ [illegible] કરું.
૨૩૬ [illegible] ન કરું.
૨૩૭ [illegible] નહીં.
૨૩૮ આજીવિકા માટે [illegible] નહીં. (૨)
૨૩૯ [illegible] નહીં.
૨૪૦ પુરુષાર્થની વૃદ્ધિ કરું.
૨૪૧ [illegible] કરું.
૨૪૨ [illegible] નહીં.
૨૪૩ [illegible] નહીં.
૨૪૪ [illegible] નહીં.
૨૪૫ [illegible] નહીં.
૨૪૬ [illegible]
૨૪૭ [illegible] નહીં.
૨૪૮ [illegible] નહીં.
૨૪૯ [illegible] નહીં.
૨૫૦ [illegible]

૨૫૪ ગુરુને આસને બેસું નહીં.
૨૫૫ કોઈ પ્રકારની તેથી મહત્તા ભોગવું નહીં.
૨૫૬ તેથી શુક્લ હૃદયે તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ કરું.
૨૫૭ મનને સ્થિતિસ્થાપક રાખું.
૨૫૮ વચનને રામબાણ રાખું.
૨૫૯ કાયાને કૂર્મરૂપ રાખું
૨૬૦ હૃદયને ભ્રમરરૂપ રાખું.
૨૬૧ હૃદયને કમળરૂપ રાખું.
૨૬૨ હૃદયને પથ્થરરૂપ રાખું
૨૬૩ હૃદયને લીંબુરૂપ રાખું
૨૬૪ હૃદયને જળરૂપ રાખું.
૨૬૫ હૃદયને તેલરૂપ રાખું.
૨૬૬ હૃદયને અગ્નિરૂપ રાખું.
૨૬૭ હૃદયને આદર્શરૂપ રાખું.
૨૬૮ હૃદયને સમુદ્રરૂપ રાખું
૨૬૯ વચનને અમૃતરૂપ રાખું.
૨૭૦ વચનને નિદ્રારૂપ રાખું.
૨૭૧ વચનને તૃષારૂપ રાખું.
૨૭૨ વચનને સ્વાધીનરૂપ રાખું.
૨૭૩ કાયાને કમાનરૂપ રાખું.
૨૭૪ કાયાને ચંચળરૂપ રાખું
૨૭૫ કાયાને નિરપરાધી રાખું.
૨૭૬ કોઈ પ્રકારની ચાહના રાખું નહીં. (પરમહંસ)
૨૭૭ તપસ્વી છું; વનમા તપશ્ચર્યા કર્યા કરું. (તપસ્વીની ઇચ્છા)
૨૭૮ શીતળ છાયા લઉં છુ
૨૭૯ સમભાવે સર્વ સુખ સંપાદન કરું છું.
૨૮૦ માયાથી દૂર રહુ છું.
૨૮૧ પ્રપંચને ત્યાગું છું.
૨૮૨ સર્વ ત્યાગવસ્તુને જાણું છું.
૨૮૩ ખોટી પ્રશંસા કરું નહીં. (સુ૦ બ્ર૦ ઉ૦ ગૃ૦ સામાન્ય)
૨૮૪ ખોટું આળ આપું નહીં.
૨૮૫ ખોટી વસ્તુ પ્રણીત કરું નહીં.
૨૮૬ કુટુંબક્લેશ કરું નહીં. (ગૃ૦ ઉ૦)
૨૮૭ અન્યાખ્યાન થાઉં નહીં. (સા૦)

૨૮૮ [illegible] નહીં.
૨૮૯ [illegible] ચાલવું નહીં. (૧)
૨૯૦ [illegible] નહીં. [illegible]
૨૯૧ [illegible] નહીં.
૨૯૨ [illegible] નહીં. [illegible]
૨૯૩ [illegible]
૨૯૪ [illegible]
૨૯૫ [illegible] નહીં
૨૯૬ [illegible] નહીં.
૨૯૭ [illegible] નહીં.
૨૯૮ [illegible] નહીં.
૨૯૯ [illegible] નહીં. [illegible]
૩૦૦ [illegible]
[illegible]

૩૨૨ ભયભાષા ભાખું નહીં.
૩૨૩ અપશબ્દ બોલું નહીં.
૩૨૪ કોઈને શિખડાવું નહીં.
૩૨૫ અસત્ય મર્મ ભાષા ભાખું નહીં.
૩૨૬ લીધેલો નિયમ કર્ણોપકર્ણિ રીતે તોડું નહીં.
૩૨૭ પૂંઠચૌર્ય કરું નહીં.
૩૨૮ અતિથિનો તિરસ્કાર કરું નહીં. (ગૃ૦ ઉ૦)
૩૨૯ ગુપ્ત વાત પ્રસિદ્ધ કરું નહીં. (ગૃ૦ ઉ૦)
૩૩૦ પ્રસિદ્ધ કરવા યોગ્ય ગુપ્ત રાખું નહીં.
૩૩૧ વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં. (ગૃ૦ ઉ૦ બ્ર૦)
૩૩૨ અયોગ્ય કરાર કરાવું નહીં. (ગૃ૦)
૩૩૩ વધારે વ્યાજ લઉં નહીં.
૩૩૪ હિસાબમા ભુલાવું નહીં.
૩૩૫ સ્થૂલ હિસાથી આજીવિકા ચલાવું નહીં.
૩૩૬ દ્રવ્યનો ખોટો ઉપયોગ કરું નહીં.
૩૩૭ નાસ્તિકતાનો ઉપદેશ આપુ નહીં. (ઉ૦)
૩૩૮ વયમાં પરણુ નહીં. (ગૃ૦)
૩૩૯ વય પછી પરણું નહીં.
૩૪૦ વય પછી સ્ત્રી ભોગવું નહીં.
૩૪૧ વયમાં સ્ત્રી ભોગવું નહીં.
૩૪૨ કુમારપત્નીને બોલાવું નહીં.
૩૪૩ પરણીય પર અભાવ લાવું નહીં. (ગૃ૦ સુ૦)
૩૪૪ વૈરાગી અભાવ ગણું નહીં. (ગૃ૦ સુ૦)
૩૪૫ કડવું વચન કહું નહીં.
૩૪૬ હાથ ઉગામું નહીં
૩૪૭ અયોગ્ય સ્પર્શ કરું નહીં
૩૪૮ બાર દિવસ સ્પર્શ કરુ નહીં.
૩૪૯ અયોગ્ય ઠપકો આપુ નહીં.
૩૫૦ રજસ્વલામાં ભોગવું નહીં.
૩૫૧ અનુદાનના અભાવ આણુ નહીં.
૩૫૨ શૃંગારભક્તિ સેવું નહીં.
૩૫૩ સર્વ પર એ નિયમ, ન્યાય લાગુ કરૂં
૩૫૪ નિયમનાં બારી [illegible]થી છૂટું નહીં.
૩૫૫ બારી રાખે સરવું નહીં.

૩૫૬ દિવસે [illegible] [illegible] નહીં.
૩૫૭ દિવસે સ્વપ્ન [illegible] નહીં.
૩૫૮ [illegible] [illegible] નહીં.
૩૫૯ કોઈનું મન ભાંગવું નહીં.
૩૬૦ આંખે [illegible] [illegible] નહીં.
૩૬૧ સ્વાર્થ માટે કોઈના દાન [illegible] નહીં.
૩૬૨ વિશ્વાસીને નિંદું નહીં.
૩૬૩ [illegible] મિત્ર [illegible] નહીં.
૩૬૪ અતિથિને નિંદું નહીં.
૩૬૫ અતિથિને ચીડવું નહીં.
૩૬૬ અતિથિને પુછવું. (રસ્તા પુછવા સિવાયનાં)
૩૬૭ પારસી ધર્મ [illegible] નહીં. (નવું)
૩૬૮ [illegible] [illegible] [illegible] નહીં. (નવું)
૩૬૯ [illegible] [illegible] નહીં.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

૩૯૦ આત્માની જ માત્ર ધર્મકરણી સાચવું. (મુ૦)
૩૯૧ અયોગ્ય માર, બંધન કરું નહીં.
૩૯૨ આત્મસ્વતંત્રતા ખોઉં નહીં. (મુ૦ ગૃ૦ બ્ર૦)
૩૯૩ બંધનમા પડ્યા પહેલા વિચાર કરું (સા૦)
૩૯૪ પૂર્વિત ભોગ સંભારું નહીં. (મુ૦ ગૃ૦)
૩૯૫ અયોગ્ય વિદ્યા સાધુ નહીં. (મુ૦ ગૃ૦ બ્ર૦ ઉ૦)
૩૯૬ બોધુ પણ નહીં
૩૯૭ વણ ખપની વસ્તુ લઉ નહીં.
૩૯૮ નહાઉં નહીં (મુ૦)
૩૯૯ દાતણ કરું નહી.
૪૦૦ સંસાર સુખ ચાહું નહીં.
૪૦૧ નીતિ વિના સંસાર ભોગવું નહીં (ગૃ૦)
૪૦૨ પ્રસિદ્ધ રીતે કુટિલતાથી ભોગ વર્ણવું નહીં. (ગૃ૦)
૪૦૩ વિરહગ્રન્થ ગૂંથું નહીં (મુ૦ ગૃ૦ બ્ર૦)
૪૦૪ અયોગ્ય ઉપમા આપુ નહીં (મુ૦ ગૃ૦ બ્ર૦ ઉ૦)
૪૦૫ સ્વાર્થ માટે ક્રોધ કરુ નહીં (મુ૦ ગૃ૦)
૪૦૬ વાદયશ પ્રાપ્ત કરું નહીં. (ઉ૦)
૪૦૭ અપવાદથી ખેદ કરું નહીં.
૪૦૮ ધર્મદ્રવ્યનો ઉપયોગ કરી શકું નહી (ગૃ૦)
૪૦૯ દશાશ કે – ધર્મમાં કાઢુ. (ગૃ૦)
૪૧૦ સર્વસંગ પરિત્યાગ કરું (પરમહંસ)
૪૧૧ તારો બોધેલો મારો ધર્મ વિસારું નહીં (સર્વ).
૪૧૨ સ્વપ્નાનંદખેદ કરુ નહીં.
૪૧૩ આજીવિક વિદ્યા સેવું નહીં. (મુ૦)
૪૧૪ તપને વેચું નહીં. (ગૃ૦ બ્ર૦)
૪૧૫ બે વખતથી વધારે જમું નહીં. (ગૃ૦ મુ૦ બ્ર૦ ઉ૦)
૪૧૬ સ્ત્રી ભેળો જમું નહીં. (ગૃ૦ ઉ૦)
૪૧૭ કોઈ સાથે જમું નહીં. (સ૦)
૪૧૮ પરસ્પર કવળ આપું નહી, લઉં નહીં. (સ૦)
૪૧૯ વધારે ચોખ્ખું પથ્ય સાધન કરું નહીં. (સ૦)
૪૨૦ વીતરાગીના વચનોને પૂજ્યભાવે માન આપુ.
૪૨૧ વીતરાગી ગ્રન્થો વાંચું.
૪૨૨ તત્ત્વને જ ગ્રહણ કરું.
૪૨૩ [illegible] અભિમાન કરું નહીં.

૧૨૪ [illegible]

૧૨૫ [illegible] નહીં.

૧૨૬ [illegible] નહીં

૧૨૭ [illegible]

૧૨૮ [illegible]

૧૨૯ [illegible] નહીં.

૧૩૦ [illegible] નહીં

૧૩૧ [illegible] નહીં.

૧૩૨ [illegible]

૧૩૩ [illegible]

૧૩૪ [illegible] નહીં.

૧૩૫ [illegible] નહીં

૧૩૬ [illegible] નહીં.

૧૩૭ [illegible] નહીં.

૧૩૮ [illegible]

[illegible]

૪૫૮ દિનચર્યાનો ગેરઉપયોગ કરું નહીં.
૪૫૯ ઉત્તમ શક્તિને સાધ્ય કરું.
૪૬૦ શક્તિ વગરનું કૃત્ય કરું નહીં.
૪૬૧ દેશકાળાદિને ઓળખું.
૪૬૨ કૃત્યનું પરિણામ જોઉં.
૪૬૩ કોઈનો ઉપકાર ઓળવું નહીં.
૪૬૪ મિથ્યા સ્તુતિ કરું નહીં.
૪૬૫ ખોટા દેવ સ્થાપું નહીં.
૪૬૬ કલ્પિત ધર્મ ચલાવું નહીં.
૪૬૭ સૃષ્ટિસ્વભાવને અધર્મ કહું નહીં.
૪૬૮ સર્વ શ્રેષ્ઠ તત્ત્વ લોચનદાયક માનું.
૪૬૯ માનતા માનું નહીં.
૪૭૦ અયોગ્ય પૂજન કરું નહીં.
૪૭૧ રાત્રે શીતળ જળથી નહાઉં નહીં.
૪૭૨ દિવસે ત્રણ વખત નહાઉં નહીં.
૪૭૩ માનની અભિલાષા રાખું નહીં.
૪૭૪ આલાપાદિ સેવું નહીં.
૪૭૫ બીજા પાસે વાત કરું નહીં.
૪૭૬ ટૂંકું લક્ષ રાખું નહીં.
૪૭૭ ઉન્માદ સેવું નહીં.
૪૭૮ રૌદ્રાદિ રસનો ઉપયોગ કરું નહીં.
૪૭૯ શાંત રસને નિન્દું નહીં.
૪૮૦ સત્કર્મમાં આડો આવું નહીં. (સુ૦ ગૃ૦)
૪૮૧ પાછો પાડવા પ્રયત્ન કરું નહીં.
૪૮૨ મિથ્યા હઠ લઉં નહીં.
૪૮૩ અવાચકને દુઃખ આપું નહીં.
૪૮૪ ખોટીલાની સુખશાંતિ વધારું.
૪૮૫ નીતિશાસ્ત્રને માન આપું.
૪૮૬ હિંસક ધર્મને વળગું નહીં.
૪૮૭ અનાચારી ધર્મને વળગું નહીં.
૪૮૮ મિથ્યાવાદીને વળગું નહીં.
૪૮૯ સ્વાદી ધર્મને વળગું નહીં.
૪૯૦ અજ્ઞાન ધર્મને વળગું નહીં.
૪૯૧ કેવળ બ્રહ્મને વળગું નહીં.

૧૯૨ [illegible] નહીં.
૧૯૩ [illegible] નહીં.
૧૯૪ [illegible] નહીં.
૧૯૫ [illegible] નહીં.
૧૯૬ પુરુષાર્થ નિંદું નહીં.
૧૯૭ [illegible] નહીં.
૧૯૮ [illegible] નહીં.
૧૯૯ [illegible] નહીં.
૨૦૦ [illegible] નહીં.
૨૦૧ [illegible] નહીં.
૨૦૨ [illegible] નહીં.
૨૦૩ [illegible] નહીં.
૨૦૪ [illegible] નહીં.
૨૦૫ [illegible]
૨૦૬ [illegible]
૨૦૭ [illegible]
૨૦૮ [illegible]
૨૦૯ [illegible]
૨૧૦ [illegible]
૨૧૧ [illegible]
૨૧૨ [illegible]
૨૧૩ [illegible]
૨૧૪ [illegible]
૨૧૫ [illegible]
૨૧૬ [illegible]
૨૧૭ [illegible]
૨૧૮ [illegible]
૨૧૯ [illegible]
૨૨૦ [illegible]
૨૨૧ [illegible]
૨૨૨ [illegible]

૫૨૬ સ્વાર્થે યોગ, તપ સાધું નહીં.
૫૨૭ દેશાટન કરું.
૫૨૮ દેશાટન કરું નહીં.
૫૨૯ ચોમાસે સ્થિરતા કરું.
૫૩૦ સભામાં પાન ખાઉં નહીં.
૫૩૧ સ્વસ્રી સાથે મર્યાદા સિવાય ફરું નહીં.
૫૩૨ ભૂલની વિસ્મૃતિ કરવી નહીં.
૫૩૩ કંઠકલાલ, સોનીની દુકાને બેસવું નહીં.
૫૩૪ કારીગરને ત્યાં (ગુરુત્વે) જવું નહીં.
૫૩૫ તમાકુ સેવવી નહીં.
૫૩૬ સોપારી બે વખત ખાવી.
૫૩૭ ગોળ કૂપમા નાહવા પડું નહીં.
૫૩૮ નિરાશ્રિતને આશ્રય આપું.
૫૩૯ સમય વિના વ્યવહાર બોલવો નહીં.
૫૪૦ પુત્ર લગ્ન કરું.
૫૪૧ પુત્રી લગ્ન કરું.
૫૪૨ પુનર્લગ્ન કરું નહીં
૫૪૩ પુત્રીને ભણાવ્યા વગર રહું નહીં.
૫૪૪ સ્રી વિદ્યાશાળી શોધું, કરું.
૫૪૫ તેઓને ધર્મપાઠ શિખડાવું.
૫૪૬ પ્રત્યેક ગૃહે શાંતિ વિરામ રાખવાં.
૫૪૭ ઉપદેશકને સન્માન આપું.
૫૪૮ અનત ગુણધર્મથી ભરેલી સૃષ્ટિ છે એમ માનું.
૫૪૯ કોઈ કાળે તત્ત્વ વડે કરી દુનિયામાંથી દુ.ખ જશે એમ માનુ.
૫૫૦ દુઃખ અને ખેદ ભ્રમણા છે.
૫૫૧ માણસ ચાહે તે કરી શકે.
૫૫૨ શૌર્ય, બુદ્ધિ, ઇ૦નો સુખદ ઉપયોગ કરું.
૫૫૩ કોઈ કાળે મને દુઃખી માનું નહીં.
૫૫૪ સૃષ્ટિનાં દુઃખ પ્રનાશન કરું.
૫૫૫ સર્વ સાધ્ય મનોરથ ધારણ કરું.
૫૫૬ પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓને પરમેશ્વર માનુ.
૫૫૭ પ્રત્યેકનું ગુણતત્ત્વ ગ્રહણ કરું.
૫૫૮ પ્રત્યેકના મુખને પ્રફુલ્લિત કરું.
૫૫૯ દુર્જનને સ્વર્ગ બનાવું.

૫૯૪ ચતુર્માસે પ્રવાસ કરું નહીં,

૫૯૫ જેની તેં ના કહી તે માટે શોધું કે કારણ માગું નહીં.

૫૯૬ દેહઘાત કરું નહીં.

૫૯૭ વ્યાયામાદિ સેવીશ.

૫૯૮ પોષધાદિક વ્રત સેવું છું.

૫૯૯ બાંધેલો આશ્રમ સેવું છું.

૬૦૦ અકરણીય ક્રિયા, જ્ઞાન સાધું નહીં.

૬૦૧ પાપ-વ્યવહારના નિયમ બાંધું નહીં.

૬૦૨ દ્યૂતરમણ કરું નહીં.

૬૦૩ રાતે ક્ષૌર કર્મ કરાવું નહીં.

૬૦૪ ઠાસોઠાંસ સોડ તાણું નહીં.

૬૦૫ અયોગ્ય જાગૃતિ ભોગવું નહી

૬૦૬ રસસ્વાદે તનધર્મ મિથ્યા કરું નહીં.

૬૦૭ એકાંત શારીરિક ધર્મ આરાધું નહીં.

૬૦૮ અનેક દેવ પૂજું નહીં.

૬૦૯ ગુણસ્તવન સર્વોત્તમ ગણુ.

૬૧૦ સદ્ગુણનું અનુકરણ કરું.

૬૧૧ શૃંગારી જ્ઞાતા પ્રભુ માનું નહીં.

૬૧૨ સાગર-પ્રવાસ કરું નહીં.

૬૧૩ આશ્રમ-નિયમોને જાણું

૬૧૪ ક્ષૌરકર્મ નિયમિત રાખવું.

૬૧૫ જ્વરાદિકમાં સ્નાન કરવું નહીં.

૬૧૬ જળમાં ડૂબકી મારવી નહીં.

૬૧૭ કૃષ્ણાદિ પાપ લેશ્યાનો ત્યાગ કરું છું.

૬૧૮ સમ્યક્ સમયમાં અપધ્યાનનો ત્યાગ કરું છુ.

૬૧૯ નામભક્તિ સેવીશ નહીં.

૬૨૦ ઊભા ઊભા પાણી પીઉં નહીં.

૬૨૧ આહાર અંતે પાણી પીઉં નહીં.

૬૨૨ ચાલતાં પાણી પીઉં નહીં.

૬૨૩ ગળે નાખ્યા વિના પાણી પીઉં નહીં.

૬૨૪ મિથ્યા ભાષણ કરૂં નહીં.

૬૨૫ સત્પુરુષોને સન્માન આપું

૬૨૬ અયોગ્ય અંગે મુદ્રા નીરખું નહીં.

૬૨૭ અયોગ્ય વચન ભાખું નહીં.

૬૬૨ કૂવા કાંઠે રાત્રે બેસું નહીં.
૬૬૩ ઐક્ય નિયમને તોડું નહીં.
૬૬૪ તન, મન, ધન, વચન અને આત્મસમર્પણ કરું છું.
૬૬૫ મિથ્યા પરદ્રવ્ય ત્યાગું છું.
૬૬૬ અયોગ્ય શયન ત્યાગું છું.
૬૬૭ અયોગ્ય દાન ત્યાગું છું.
૬૬૮ બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજું નહીં.
૬૬૯ દાસત્વ-પરમ-લાભ ત્યાગું છુ.
૬૭૦ ધર્મ ધૂર્ત્તતા ત્યાગુ છું
૬૭૧ માયાથી નિવર્તું છું.
૬૭૨ પાપમુક્ત મનોરથ સ્મૃત કરું છું
૬૭૩ વિદ્યાદાન દેતા છલ ત્યાગું છું
૬૭૪ સંતને સંકટ આપું નહીં.
૬૭૫ અજાણ્યાને રસ્તો બતાવું
૬૭૬ બે ભાવ રાખુ નહીં
૬૭૭ વસ્તુમાં સેળભેળ કરું નહીં
૬૭૮ જીવહિંસક વ્યાપાર કરું નહીં.
૬૭૯ ના કહેલા અથાણાદિક સેવું નહીં.
૬૮૦ એક કુળમાં કન્યા આપું નહી; લઉ નહીં.
૬૮૧ સામા પક્ષના સગા સ્વધર્મી જ ખોળીશ.
૬૮૨ ધર્મકર્તવ્યમા ઉત્સાહાદિનો ઉપયોગ કરીશ
૬૮૩ આજીવિકાઅર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઈશ.
૬૮૪ ધર્મમિત્રમાં માયા રમું નહીં.
૬૮૫ ચતુર્વર્ણી ધર્મ-વ્યવહારમાં ભૂલીશ નહીં.
૬૮૬ સત્યવાદીને સહાયભૂત થઈશ
૬૮૭ ધૂર્ત ત્યાગને ત્યાગું છું.
૬૮૮ પ્રાણી પર કોપ કરવો નહીં.
૬૮૯ વસ્તુનુ તત્ત્વ જાણવું.
૬૯૦ સ્તુતિ, ભક્તિ, નિત્યકર્મ વિસર્જન કરું નહીં.
૬૯૧ અનર્થ પાપ કરું નહીં.
૬૯૨ આર્ત્તોપાધિ ત્યાગું છું.
૬૯૩ દુર્જન ત્યાગું છું.
૬૯૪ [illegible] ત્યાગું છું.
૬૯૫ વૈરનુ પ્રાયશ્ચિત્ત કરીશ.

૧૯૬ [illegible]

૧૯૭ [illegible]

૧૯૮ [illegible]

૧૯૯

૨૦૦

૨૦

[૧]

[illegible]

૨૧

[illegible]

૧૨ જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્ભુત નિધિના ઉપભોગી થાઓ.

૧૩ સ્ત્રીજાતિમાં જેટલું માયાકપટ છે તેટલું ભોળપણું પણ છે.

૧૪ પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

૧૫ મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૧૬ વચનસપ્તશતી[1] પુનઃ પુનઃ સ્મરણમાં રાખો.

૧૭ મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમા રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ઊંચી શ્રેણિમાં લક્ષ રાખો.

૧૮ એ એક્કે ન હોય તો સમજીને આનંદ રાખતાં શીખો.

૧૯ વર્તનમાં બાલક થાઓ, સત્યમા યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ

૨૦ રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો, દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.

૨૧ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો

૨૨ મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૨૩ આ સંસારને શું કરવો ? અનંત વાર થયેલી માને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ.

૨૪ નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઈને ખામી આણવા કરતા અલ્પારંભી થજો.

૨૫ સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા; પણ કોઈ વિરલાને જ તે યથાર્થ સમજાયુ.

૨૬ સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્યછે.

૨૭ કુપાત્ર પણ સત્પુરુષના મૂકેલા હસ્તથી પાત્ર થાય છે, જેમ છાશથી શુદ્ધ થયેલો સોમલ શરીરને નીરોગી કરે છે.

૨૮ આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે, જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૯ યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.

૩૦ અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે,—ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી

૩૧ રડાવીને પણ બચ્ચાના હાથમાં રહેલો સોમલ લઈ લેવો.

૩૨ નિર્મળ અંતઃકરણથી[2] આત્માનો વિચાર કરવો યોગ્ય છે.

૩૩ જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી; જ્યાં 'તું' માને છે ત્યા 'તું' નથી.

૩૪ હે જીવ! હવે ભોગથી શાંત થા, શાંત. વિચાર તો ખરો કે એમા કયુ સુખ છે?

૩૫ બહુ કંટાળીને સંસારમાં રહીશ નહીં.

૩૬ સત્જ્ઞાન અને સત્શીલને સાથે દોરજે.

૩૭ એકથી મૈત્રી કરીશ નહીં, કર તો આખા જગતથી કરજે.

---

૧. સં. ૧૯૪૩ મહાનીતિ, જુઓ. આંક નં. ૧૯. ૨. પાઠા. ગુપ્ત ચમત્કારનો.

૧૧૬ દુઃખના માર્યા વૈરાગ્ય લઈ જગતને આ લોકો ભ્રમાવે છે.

૧૧૭ અત્યારે, હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી.

૧૧૮ તું સત્પુરુષનો શિષ્ય છે.

૧૧૯ એ જ મારી આકાંક્ષા છેઃ

૧૨૦ મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.

૧૨૧ કોઈ રાજેમતી જેવો વખત આવો.

૧૨૨ સત્પુરુષો કહેતા નથી, કરતા નથી, છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

૧૨૩ સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હશે એમ માનવું યોગ્ય લાગે છે. તમે પણ તેને ધ્યાવન કરો.

૧૨૪ આત્મા જેવો કોઈ દેવ નથી

૧૨૫ કોણ ભાગ્યશાળી ? અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ ?

૧૨૬ કોઈની આજીવિકા તોડશો નહીં.

---

[૯]

૨૨

સ્વરોદય જ્ઞાન

મુંબઈ, કારતક ૧૯૪૩

આ ગ્રંથ 'સ્વરોદયજ્ઞાન' વાચનારના કરકમળમાં મૂકતાં તે વિષે કેટલીક પ્રસ્તાવના કરવી યોગ્ય છે એમ ગણી તેવી પ્રવૃત્તિ કરું છું. 'સ્વરોદયજ્ઞાન'ની ભાષા અર્ધ હિંદી અને અર્ધ ગુજરાતી આપણે જોઈ શકીશું તેના કર્તા એ આત્માનુભવી માણસ હતા; પરંતુ એમાંથી એક્કે ભાષા સંપ્રદાયપૂર્વક ભણ્યા હોય એવું કંઈ જણાતું નથી એથી એમની આત્મશક્તિ કે યોગદશાને કંઈ બાધા નથી, તેમ ભાષાશાસ્ત્રી થવાની તેમની કંઈ ઇચ્છા પણ રહી હોય એમ નહીં હોવાથી પોતાને જે કંઈ અનુભવગમ્ય થયું છે, તેમાંનો લોકોને મર્યાદાપૂર્વક કંઈ પણ બોધ જણાવી દેવો, એ તેમની જિજ્ઞાસાથી આ ગ્રંથની ઉત્પત્તિ છે—અને એમ હોવાથી જ ભાષા કે છંદની ટાપટીપ અથવા યુક્તિપ્રયુક્તિનું વધારે દર્શન આ ગ્રંથમાં જોઈ શકતા નથી

જગત જ્યારે અનાદિ અનંત માટે છે, ત્યારે પછી તેની વિચિત્રતા ભણીમાં વિસ્મયતા શું કરીએ? આજ કદાપિ જડવાદ માટે સંશોધન ચાલી રહી આત્મવાદને ઉડાવી દેવાનું પ્રયત્ન છે—તો એવા પણ અનંત કાળ આવ્યા છે કે આત્મવાદનું પ્રાધાન્યપણું હતું, તેમ જડવાદ માટે પણ હતું. તત્ત્વજ્ઞાનીઓ એ માટે કંઈ વિચારમાં પડી જતા નથી, કારણ જગતની એવી જ સ્થિતિ છે, ત્યાં [illegible] આત્માને દુખવવો કાં? પણ સર્વ વાસનાનો ત્યાગ કર્યા પછી જે વસ્તુનો અનુભવ [illegible], તે વસ્તુ શું, અર્થાત્ પોતે અને બીજું શું? કે પોતે તે પોતે, એ વાતનો નિર્ણય લીધો. [illegible] ભેદવૃત્તિ રહી નહીં, એટલે દર્શનની સમ્યક્તાથી તેઓને એ જ સમ્મતિ રહી કે [illegible] આત્મા [illegible] પોતાને ભૂલી જઈ જડપણું સ્વીકારે છે. તેમાં કંઈ આશ્ચર્ય નથી. [illegible]—

× × × ×

નિદાન, સાધારણ વિવેકીઓ જે વિચારને આકાશી ગણે તેવા વિચારો, જે વસ્તુ અને જે પદ આજ રાજ્યશ્રી ચક્રવર્તિની વિક્ટોરિયાને દુર્લભ — કેવળ અસંભવિત છે — તે વિચારો, તે વસ્તુ અને તે પદ ભણી કેવળ ઇચ્છા હોવાથી ઉપર જણાવ્યું તેથી કંઈ પણ લેશ પ્રતિકૂળ બને તો તે પદાભિલાષી પુરુષના ચરિત્રને પરમ ઝાંખપ લાગે એમ છે. આ સઘળા હવાઈ (અત્યારે લાગતા) વિચારો માત્ર આપને જ દર્શાવું છું. અંતઃકરણ શુદ્ધ અદ્ભુત — વિચારોથી ભરપૂર છે. પરંતુ આપ ત્યાં રહ્યા ને હું અહીં રહ્યો!

[૧૩]

૩૧ વવાણિયા, પ્ર. ચૈત્ર શુદ ૧૧।। રવિ, ૧૯૪૪

ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે.

[૧૪]

૩૨ વવાણિયા, અષાઢ વદ ૩, બુધ, ૧૯૪૪

આ એક અદ્ભુત વાત છે કે ડાબી આંખમાંથી ચાર પાંચ દિવસ થયાં એક નાના ચક્ર જેવો વીજળી સમાન ઝબકારો થયા કરે છે, જે આંખથી જરા દૂર જઈ ઓલવાય છે. લગભગ પાંચ મિનિટ થાય છે, કે દેખાવ દે છે. મારી દૃષ્ટિમાં વારંવાર તે જોવામાં આવે છે. એ ખાતે કોઈ પ્રકારની ભ્રમણા નથી. નિમિત્ત કારણ કંઈ જણાતું નથી. બહુ આશ્ચર્ય ઉપજાવે છે. આંખે બીજી કોઈ પણ પ્રકારની અસર નથી. પ્રકાશ અને દિવ્યતા વિશેષ રહે છે. ચારેક દિવસ પહેલાં બપોરના ૨–૨૦ મિનિટે એક આશ્ચર્યભૂત સ્વપ્ન પ્રાપ્ત થઈ ગયા પછી આ થયું હોય એમ જણાય છે. અંતઃકરણમાં બહુ પ્રકાશ રહે છે, શક્તિ બહુ તેજ મારે છે. ધ્યાન સમાધિસ્થ રહે છે. કારણ કંઈ સમજાતું નથી. આ વાત ગુપ્ત રાખવા જ દર્શાવી જઉં છું. વિશેષ એ સંબંધી હવે પછી લખીશ.

[૧૬]

૩૩ વવાણિયા, અષાડ વદ ૪, શુક્ર, ૧૯૪૪

આપ પણ અર્થીય બેદરકારી નહીં રાખશો. શરીર અને આત્મિકસુખ ઇચ્છી, વ્યયનો કંઈ સંકોચ કરશો તો હું માનીશ કે મારા પર ઉપકાર થયો. ભવિતવ્યતાના ભાવ હશે તો આપની એ અનુકૂળ સગવડયુક્ત બેઠકનો ભોગી હું થઈ શકીશ.

[૧૫]

૩૪ વવાણિયા, શ્રાવણ વદ ૧૩, સોમ, ૧૯૪૪

વામનેત્ર સંબંધી ચમત્કારથી આત્મશક્તિમાં અલ્પ ફેરફાર થયો છે.

[૧૭]

૩૫ વવાણિયા, શ્રાવણ વદ ૦)), ૧૯૪૪

ઉપાધિ ઓછી છે, એ આનંદજનક છે. ધર્મકરણીનો કંઈ વખત મળતો હશે. ધર્મકરણીનો થોડો વખત મળે છે, આત્મસિદ્ધિનો પણ થોડો વખત મળે છે, શાસ્ત્ર-પઠન અને અન્ય વાંચનનો પણ થોડો વખત મળે છે, થોડો વખત લેખનક્રિયા રોકે છે, થોડો વખત આહાર-વિહાર-ક્રિયા રોકે છે, થોડો વખત શૌચક્રિયા રોકે છે, ૭ કલાક નિદ્રા રોકે છે, થોડો વખત મનોરાજ્ય રોકે છે; છતાં ૭ કલાક વધી પડે છે. સત્સંગનો

અદ્ભુત, યોગસ્ફુરિત ચરિત્રમાં જ ઉપયોગને પ્રેરશો.

આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈ પણ પ્રકારે હર્ષ-શોક કરશો નહીં; તેની ઇચ્છા માત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતુંવળગતું કે લેવાદેવા નથી. એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય, તે ભણી હવે જવા ઇચ્છા નથી. જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું, એ જ તેની સદા ઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે, બાકી તેને કંઈ આવડતું નથી; તે બીજું કંઈ ઇચ્છતો નથી; પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે; એમ સમજી પરમ સંતોષ રાખજો; આ વાત ગુપ્ત રાખજો. કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.

જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું પરસ્પર મળીશું ત્યારે હવે તમને કંઈ પણ આત્મત્વ સાધના બતાવાશે તો બતાવીશ. બાકી ધર્મ મે ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈ પણ પદાર્થ, સગા, કુટુંબી મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મતધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું; એ ભૂલશો નહીં.

દેહ જેનો ધર્મોપયોગ માટે છે, તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે, તે પણ ધર્મને માટે જ છે.

વિ૦ રાયચંદ્ર

---

[૧૮]

૩૮

વિ. સં. ૧૯૪૪

(૧) સહજ સ્વભાવે મુક્ત, અત્યંત પ્રત્યક્ષ અનુભવ સ્વરૂપ આત્મા છે, તો પછી જ્ઞાની પુરુષોએ આત્મા છે, આત્મા નિત્ય છે, બંધ છે, મોક્ષ છે, એ આદિ અનેક પ્રકારનું નિરૂપણ કરવું ઘટતું નહોતું.

(૨) આત્મા જો અગમ અગોચર છે તો પછી કોઈને પ્રાપ્ત થવા યોગ્ય નથી, અને જો સુગમ સુગોચર છે તો પછી પ્રયત્ન ઘટતું નથી.

---

[૧૯]

૩૯

વિ. સં. ૧૯૪૪

નેત્રોંકી શ્યામતા વિષે જો પુતલિયાંરૂપ સ્થિત હૈ, અરુ રૂપકો દેખતા હૈ, સાક્ષીભૂત હૈ, સો અંતર કૈસે નહીં દેખતા? જો ત્વચા વિષે સ્પર્શ કરતા હૈ, શીતઉષ્ણાદિકકો જાનતા હૈ, ઐસા સર્વ અંગ વિષે વ્યાપક અનુભવ કરતા હૈ; જૈસે તિલોં વિષે તેલ વ્યાપક હોતા હૈ, તિસકા અનુભવ કોઉ નહીં કરતા. જો શબ્દ શ્રવણઇંદ્રિયકે અંતર ગ્રહણ કરતા હૈ,

ટલે મહાવિઘ્નો આવતાં હોય, તેને કહેવામાં આવે છે.

અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, ા મતરૂપ છે, પણ સતરૂપ જ્યાં સુધી વીતરાગ દેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.

એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલા સંભવે છે: (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોનો વાદવિવાદ. (૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું. (૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા. (૬) જેના પર રાગ તેના છંદમા પ્રવર્ત્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુઃસમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

એટલા બધા મતો સંબંધી સમાધાન થઈ નિઃશંકપણે વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્તે એમ થાય તો મહાકલ્યાણ, પણ તેવો સંભવ ઓછો છે; મોક્ષની જિજ્ઞાસા જેને છે તેની પ્રવર્તના તો તે જ માર્ગમાં હોય છે; પણ લોક કે ઓઘદૃષ્ટિએ પ્રવર્તનારા પુરુષો, તેમ જ પૂર્વના દુર્ઘટ કર્મના ઉદયને લીધે મતની શ્રદ્ધામાં પડેલાં મનુષ્યો તે માર્ગનો વિચાર કરી શકે, કે બોધ લઈ શકે એમ તેના કેટલાક દુર્લભબોધી ગુરુઓ કરવા દે, અને મતભેદ ટળી પરમાત્માની આજ્ઞાનું સમ્યક્દશાથી આરાધન કરતાં તે મતવાદીઓને જોઈએ, એ બહુ અસંભવિત છે. સર્વને સરખી બુદ્ધિ આવી જઈ, સંશોધન થઈ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જોકે બને તેવું નથી; તોપણ સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કર્યા રહે, તો પરિણામ શ્રેષ્ઠ આવે, એ વાત મને સંભવિત લાગે છે.

દુઃસમ કાળના પ્રતાપે, જે લોકો વિદ્યાનો બોધ લઈ શકયા છે તેમને ધર્મતત્ત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી. જેને કંઈ સરળતાને લીધે હોય છે, તેને તે વિષયની કંઈ ગતાગમ જણાતી નથી; ગતાગમવાળો કોઈ નીકળે તો તેને તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય, એવી આજની કાળચર્યા છે. એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઈ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે, તે ધર્મમાં જ આપણે પ્રવર્તવું જોઈએ, અને તે જ મત સત્ય હોવો જોઈએ, તેમ જ આપણા ગુરુના વચન પર જ આપણે વિશ્વાસ રાખવો જોઈએ પછી તે ગુરુ ગમે તો શાસ્ત્રના નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્તવું જોઈએ. તેમ જ આપણે જે માનીએ છીએ તે જ વીતરાગનો બોધેલો ધર્મ છે, બાકી જૈન નામે પ્રવર્તે છે તે મત સઘળા અસત્ છે. આમ તેમની સમજણ હોવાથી તેઓ બિચારા તે જ મતમાં મચ્યા રહે છે એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી.

જે જે મત જૈનમા પડેલા છે તેમાં જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે. તે પ્રમાણે પ્રવૃત્તિ જોઈ જે મતમા પોતે દીક્ષિત થયા હોય, તે મતમાં જ દીક્ષિત પુરુષોનું મચ્યા રહેવું થાય છે. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે કાં તો દીક્ષા, કાં તો ભિક્ષા [illegible] જેવી સ્થિતિથી મૂંઝાઈને પ્રાપ્ત થયેલી દીક્ષા, કાં તો સ્મશાનવૈરાગ્યમાં લેવાઈ ગયેલી

[illegible] થાય છે. ચિત્રાની ચાલીસ [illegible] [illegible] [illegible] [illegible] પૂરા [illegible] [illegible] [illegible] અને [illegible] તો તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

ચિત્રાની ચાલીસ [illegible] [illegible] થઈ છે, તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] કોઈ જ નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ([illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]) [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રહ્યા છે.

[illegible] છે.

[illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] છે.

[illegible] છે

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

છેવટની ભલામણ

હવે એ વિષયને સંક્ષેપમાં પૂર્ણ કર્યો. પ્રતિમાથી એકાંત ધર્મ છે, એમ કહેવા માટે અથવા પ્રતિમાના પૂજનનો જ ભાગ સિદ્ધ કરવા મેં આ લઘુ ગ્રંથમાં કલમ ચલાવી નથી. પ્રતિમા માટે મને જે જે પ્રમાણો જણાયાં હતાં તે ટૂંકામા જણાવી દીધાં. તેમાં વ્યાજબી ગેરવ્યાજબીપણું શાસ્ત્રવિચક્ષણ, અને ન્યાયસંપન્ન પુરુષે જોવાનું છે, અને પછી જેમ સપ્રમાણ લાગે તેમ પ્રવર્તવું કે પ્રરૂપવું એ તેમના આત્મા પર આધાર રાખે છે. આ પુસ્તકને હું પ્રસિદ્ધ કરત નહીં; કારણ કે જે મનુષ્યે એક વાર પ્રતિમાપૂજનથી પ્રતિકૂળતા બતાવી હોય તે જ મનુષ્ય જ્યારે તેની અનુકૂળતા બતાવે; ત્યારે પ્રથમ પક્ષવાળાને તે માટે બહુ એ અને કટાક્ષ આવે છે. આપ પણ હું ધારું છું કે મારા ભણી થોડા વખત પહેલાં એવી સ્થિતિમ આવી ગયા હતા, તે વેળા જો આ પુસ્તકને મેં પ્રસિદ્ધિ આપી હોત તો આપનાં અંતઃકરણે વધારે દુભાત અને દુભાવવાનુ નિમિત્ત હું થાત, એટલા માટે મેં તેમ કર્યું નહીં. કેટલોક વખત વીત્યા પછી મારા અંતઃકરણમાં એક એવા વિચારે જન્મ લીધો કે તારા માટે તે ભાઈ ઓને સંક્લેશ વિચારો આવતા રહેશે; તેં જે પ્રમાણથી માન્યુ છે, તે પણ માત્ર એક તાર હૃદયમાં રહી જશે; માટે તેને સત્યતાપૂર્વક જરૂર પ્રસિદ્ધિ આપવી. એ વિચારને મેં ઝીલી લીધો. ત્યારે તેમાંથી ઘણા નિર્મળ વિચારની પ્રેરણા થઈ; તે સંક્ષેપમાં જણાવી દઉં છુ પ્રતિમા માનો એ આગ્રહ માટે આ પુસ્તક કરવાનો કંઈ હેતુ નથી. તેમ જ તેઓ પ્રતિમા માનો તેથી મને કંઈ ધનવાન થઈ જવાનું નથી; તે સંબંધી જે વિચારો મને લાગ્યા હતા

[અપૂર્ણ મળેલ]

વર્ષ ૨૨ મું

[illegible]

[illegible]

[illegible]

મારા ભણી મોહદશા નહીં રાખો. હું તો એક અલ્પ શક્તિવાળું પામર મનુષ્ય છું. સૃષ્ટિમાં અનેક સત્પુરુષો ગુપ્તરૂપે રહ્યા છે. વિદિતમાં પણ રહ્યા છે. તેમના ગુણને સ્મરો. તેઓનો પવિત્ર સમાગમ કરો અને આત્મિક લાભ વડે મનુષ્યભવને સાર્થક કરો એ મારી નિરંતર પ્રાર્થના છે.

બંને સાથે મળી આ પત્ર વાંચશો. ઉતાવળ હોવાથી આટલેથી અટકું છું.

દિ૦ રાયચંદના પ્રણામ વાંચશો

---

[૨૪]

૪૪ મુંબઈ, માગશર વદ ૧૨, શનિ, ૧૯૪૫

સુજ્ઞ,

વિશેષ વિદિત થયું હશે.

હું અહીં સમયાનુસાર આનંદમાં છું. આપનો આત્માનંદ ચાહું છું. ચિ. જૂઠાભાઈની આરોગ્યતા સુધરવા પૂર્ણ ધીરજ આપશો. હું પણ હવે અહીં થોડો વખત રહેવાનો છું.

એક મોટી વિજ્ઞપ્તિ છે, કે પત્રમાં હમેશાં શોચ સંબંધી ન્યૂનતા અને પુરુષાર્થની અધિકતા પ્રાપ્ત થાય તેમ લખવા પરિશ્રમ લેતા રહેશો. વિશેષ હવે પછી.

રાયચંદના પ્રણામ

---

૪૫ મુંબઈ, માગશર વદ ૦)), ૧૯૪૫

સુજ્ઞ,

જૂઠાભાઈની સ્થિતિ વિદિત થઈ. હું નિરુપાય છું. જો ન ચાલે તો પ્રશસ્ત રાગ રાખો, પણ મને પોતાને, તમ સઘળાને એ રસ્તે આધીન ન કરો.

પ્રણામ લખું તેની પણ ચિંતા ન કરો. હજુ પ્રણામ કરવાને લાયક જ છું, કરાવવાને નહીં.

વિ૦ રાયચંદના પ્રણામ

---

[૨૫]

૪૬ માગશર, ૧૯૪૫

તમારો પ્રશસ્તભાવભૂષિત પત્ર મળ્યો. ઉત્તરમાં આ સંક્ષેપ છે કે જે વાટેથી આત્મત્વ પ્રાપ્ત થાય તે વાટ શોધો. મારા પર પ્રશસ્તભાવ આણો એવું હું પાત્ર નથી, છતાં જો તમને એમ આત્મશાંતિ થતી હોય તો કરો.

બીજું ચિત્રપટ તૈયાર નહીં હોવાથી જે છે તે મોકલું છું. મારાથી દૂર રહેવામાં તમારી આરોગ્યતા હાનિ પામે તેમ ન થવું જોઈએ. સર્વ આનંદમય જ થશે. અત્યારે એ જ.

રાયચંદના પ્રણામ

---

[૨૬]

૪૭ વવાણિયા બંદર, મહા સુદ ૧૪, બુધ, ૧૯૪૫

સુજ્ઞ,

સત્પુરુષોને નમસ્કાર

મારા તરફથી એક પત્તું પહોંચ્યુ હશે.

તમારો પત્ર મેં મનન કર્યો. તમારી વૃત્તિમાં થયેલો ફેરફાર આત્મહિતસ્વી મને લાગે છે.

અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ

તે ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્‌ત્વમોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્‌દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્‌ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તામલક જેમ સુલભ છે. તત્ત્વજ્ઞાની પુરુષોએ એ જ ગ્રંથિને છેદવાનો ફરી ફરીને ઉપદેશ કર્યો છે. [illegible] [illegible] થઈ આત્મહિત [illegible] [illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

બનનાર નથી. તો પછી ધર્મપ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઈએ.

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

એમ ઇચ્છી વળતી ટપાલે પત્ર લખવા વિનતી કરી પત્રિકા પૂર્ણ કરું છું.

લિ૦ માત્ર

રવજી આત્મજ રાયચંદના પ્રણામ — નિરાગ શ્રેણી સમુચ્ચયે.

---

[૨૭] ૪૮ વવાણિયા, માહ, ૧૯૪૫

જિજ્ઞાસુ,

આપના પ્રશ્નનો ઉત્તર, મારી યોગ્યતા પ્રમાણે, આપનો પ્રશ્ન ટાંકીને લખું છું.

પ્રશ્ન :—વ્યવહારશુદ્ધિ કેમ થઈ શકે ?

ઉત્તર :—વ્યવહારશુદ્ધિની આવશ્યકતા આપના લક્ષમાં હશે; છતાં વિષયની પ્રારંભતા માટે અવશ્ય ગણી દર્શાવવું યોગ્ય છે કે આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ જે સંસારપ્રવૃત્તિથી થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ. સુખના સર્વ જિજ્ઞાસુ છે. વ્યવહારશુદ્ધિથી જ્યારે સુખ છે ત્યારે તેની આવશ્યકતા પણ નિઃશંક છે

૧. જેને ધર્મ સંબંધી કંઈ પણ બોધ થયો છે, અને રળવાની જેને જરૂર નથી, તેણે ઉપાધિ કરી રળવા પ્રયત્ન ન કરવું જોઈએ.

૨. જેને ધર્મ સંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુઃખ હોય તો બનતી ઉપાધિ કરીને રળવા તેણે પ્રયત્ન કરવું જોઈએ.

(સર્વસંગપરિત્યાગી થવાની જેની જિજ્ઞાસા છે તેને આ નિયમોથી સંબંધ નથી.)

૩. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં જેનું મન લક્ષ્મીને માટે બહુ ફાંફાં નાખતું હોય તેણે પ્રથમ તેની વૃદ્ધિ કરવાનું કારણ પોતાને પૂછવું. તો ઉત્તરમાં જો પરોપકાર સિવાય કંઈ પણ પ્રતિકૂળ ભાગ આવતો હોય, કિંવા પારિણામિક લાભને હાનિ પહોંચ્યા સિવાય કંઈ પણ આવતું હોય તો મનને સંતોષી લેવું; તેમ છતા ન વળી શકે તેમ હોય તો અમુક મર્યાદામાં આવવું. તે મર્યાદા સુખનું કારણ થાય તેવી થવી જોઈએ.

૪. પરિણામે આર્ત્તધ્યાન ધ્યાવાની જરૂર પડે, તેમ કરીને બેસવાથી રળવું સારું છે.

૫. જેનું સારી રીતે ઉપજીવન ચાલે છે, તેણે કોઈ પણ પ્રકારના અનાચારથી લક્ષ્મી મેળવવી ન જોઈએ. મનને જેથી સુખ હોતું નથી તેથી કાયાને કે વચનને ન હોય. અનાચારથી મન સુખી થતું નથી, આ સ્વત. અનુભવ થાય તેવું કહેવું છે.

૬. ન ચાલતાં ઉપજીવન માટે કંઈ પણ અલ્પ અનાચાર (અસત્ય અને સહજ માયા) સેવવો પડે તો મહાશોચથી સેવવો, પ્રાયશ્ચિત્ત ધ્યાનમા રાખવું. સેવવામાં નીચેના દોષ ન આવવા જોઈએઃ—

૧ કોઈથી મહા વિશ્વાસઘાત	૬ ખોટા લેખ કરવા
૨ મિત્રથી વિશ્વાસઘાત	૭ હિસાબમા ચૂકવવું
૩ કોઈની થાપણ ઓળવવી	૮ જુલમી ભાવ કહેવો
૪ વ્યસનનું સેવવું	૯ નિર્દોષને અલ્પ માયાથી પણ છેતરવો
૫ મિથ્યા આળનું મૂકવું	૧૦ ન્યૂનાધિક તોળી આપવું

૧૧ એકની ગરજે બીજું આપવા વિચાર કરીને આપવું ૧૩ [illegible]
૧૨ ક્ષમાદાની મર્યાદા [illegible]
એ આપનું સામાન્ય [illegible] [illegible] નહીં [illegible].

[illegible]

---

[૨૮] ૭૯ [illegible]

સત્પુરુષોને નમસ્કાર

આજે સવારે [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible] જણાયું છે.

[illegible]

[illegible]

---

[૨૯] ૫૦ [illegible]

સત્પુરુષોને નમસ્કાર

[illegible]

કોઈ પણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઈ એકાગ્ર ભાવથી સમ્યક્‌યોગે જે માર્ગ સંશોધન કરવાનો છે, તે એ જ છે. માન્યામાન્ય, ભેદાભેદ કે સત્યાસત્ય માટે વિચાર કરનારા કે બોધ દેનારાને, મોક્ષને માટે જેટલા ભવનો વિલંબ હશે, તેટલા સમયનો (ગૌણતાએ) સંશોધક-ને તે માર્ગના દ્વાર પર આવી પહોંચેલાને વિલંબ નહીં હશે.

વિશેષ શું કહેવું? તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વપ્રાપ્ય પુરુષ — નિર્ગ્રંથ આત્મા — જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે — ઉદય આપશે — ત્યારે જ તે પ્રાપ્ત થશે, ત્યારે જ તે વાટ મળશે, ત્યારે જ તે મતભેદાદિક જશે

મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી. વિચારીને જેણે મતભેદને ટાળ્યો, તે અંતર્વૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે.

કોઈ પણ અવ્યવસ્થિત ભાવે અક્ષરલેખ થયો હોય તો તે ક્ષમ થાઓ. એ પ્રયાચના સમેત અટકું છું.

---

[૩૩]

૫૫ વવાણિયા, ફાલ્ગુન સુદ ૯, રવિ, ૧૯૪૫

નિરાગી મહાત્માઓને નમસ્કાર

કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે, કે પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે! ચેતન ચેતનભાવ ભૂલી જઈ તેને સ્વસ્વરૂપ જ માને છે. જે પુરુષો તે કર્મસંયોગ અને તેના ઉદયે ઉત્પન્ન થયેલા પર્યાયોને સ્વસ્વરૂપ નથી માનતા અને પૂર્વસંયોગો સત્તામાં છે, તેને અબંધ પરિણામે ભોગવી રહ્યા છે, તે આત્માઓ સ્વભાવની ઉત્તરોત્તર ઊર્ધ્વશ્રેણી પામી શુદ્ધ ચેતનભાવને પામશે, આમ કહેવુ સપ્રમાણ છે કારણ અતીત કાળે તેમ થયુ છે, વર્તમાન કાળે તેમ થાય છે, અનાગત કાળે તેમ જ થશે.

કોઈ પણ આત્મા ઉદયી કર્મને ભોગવતાં સમત્વશ્રેણીમાં પ્રવેશ કરી અબંધ પરિણામે વર્તશે, તો ખચીત ચેતનશુદ્ધિ પામશે.

આત્મા વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.

અનંત કાળમાં કા તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્‌ગુરુત્વ, સત્સંગ અને સત્કથા એ રહ્યા છે) મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે, કે મોક્ષ હથેળીમાં છે, ઈષત્પ્રાગ્ભાર એટલે સિદ્ધ-પૃથ્વી પર ત્યાર પછી છે. એને સર્વશાસ્ત્ર પણ સંમત છે, (મનન કરજો.) અને આ કથન ત્રિકાળ સિદ્ધ છે.

---

૫૬ મોરબી, ચૈત્ર સુદ ૧૧, બુધ, ૧૯૪૫

વિ૦,

તમારી આરોગ્યતાની સ્થિતિ માટે જાણ્યું. તમે દેહ માટે સંભાળ રાખશો. દેહ હોય

[illegible] છે.

વિ૦ રાયચંદના [illegible]

---

[૩૬] ૫૭ મોરબી, ચૈત્ર વદ ૬, ૧૯૪૫

વિ૦,

[illegible]

[illegible]

---

[૩૪] ૫૮ મોરબી, ચૈત્ર વદ ૧૦, ૧૯૪૫

વિ૦,

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તે પુરુષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે. જ્ઞાનીદૃશ્ય તો થોડો વખત વિયોગ રહી સંયોગ થશે અને સર્વ સારું જ થઈ રહેશે.

દશવૈકાલિક સિદ્ધાંત હમણાં પુનઃ મનન કરું છું. અપૂર્વ વાત છે.

જો પદ્માસન વાળીને કિંવા સ્થિર આસનથી બેસી શકાતું હોય, સૂઈ શકાતું હોય તોપણ ચાલે, પણ સ્થિરતા જોઈએ, ચળવિચળ દેહ ન થતો હોય, તો આંખો વીંચી[1] જઈ નાભિના ભાગ પર દૃષ્ટિ પહોંચાડી, પછી છાતીના મધ્ય ભાગમાં આણી, કપાળના મધ્ય ભાગમાં તે દૃષ્ટિ ઠેઠ લાવી, સર્વ જગત શૂન્યાભાસરૂપ ચિંતવી, પોતાના દેહમાં સર્વ સ્થળે એક તેજ વ્યાપ્યું છે એવો ભાસ લઈ જે રૂપે પાર્શ્વનાથાદિક અર્હંતની પ્રતિમા સ્થિર ધવળ દેખાય છે, તેવો ખ્યાલ છાતીના મધ્ય ભાગમાં કરો. તેટલામાંથી કંઈ થઈ ન શકતું હોય તો મારું ખભેરખણું (મેં જે રેશમી કોરે રાખ્યું હતું) તે ઓઢી સવારના ચાર વાગે કે પાંચ વાગે જાગૃતિ પામી સોડ તાણી એકાગ્રતા ચિંતવવી. અર્હત્ સ્વરૂપનું ચિંતવન, બને તો કરવું. નહીં તો કંઈ પણ નહીં ચિંતવતાં સમાધિ કે બોધિ એ શબ્દો જ ચિંતવવા. અત્યારે એટલું જ. પરમ કલ્યાણની એક શ્રેણિ થશે. ઓછામાં ઓછી બાર પળ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સ્થિતિ રાખવી.

વિ૦ રાયચંદ

---

[૩૭]

૬૦ વૈશાખ, ૧૯૪૫

(૧)

સંયતિ ધર્મ

૧. અયત્નાથી ચાલતા પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપ કર્મ બાંધે; તેનુ કડવું ફળ પ્રાપ્ત થાય.

૨. અયત્નાથી ઊભા રહેતા પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનુ કડવું ફળ પ્રાપ્ત થાય

૩. અયત્નાથી બેસતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપ કર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૪. અયત્નાથી શયન કરતા પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનુ કડવું ફળ પ્રાપ્ત થાય.

૫. અયત્નાથી આહાર લેતા પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનુ કડવું ફળ પ્રાપ્ત થાય.

૬. અયત્નાથી બોલતા પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનુ કડવું ફળ પ્રાપ્ત થાય.

૭. કેમ ચાલે? કેમ ઊભો રહે? કેમ બેસે? કેમ શયન કરે? કેમ આહાર લે? કેમ બોલે? તો પાપકર્મ ન બાંધે?

૮. યત્નાથી ચાલે; યત્નાથી ઊભો રહે; યત્નાથી બેસે, યત્નાથી શયન કરે; યત્નાથી આહાર લે; યત્નાથી બોલે; તો પાપકર્મ ન બાંધે.

---

૧ મીંચી, બંધ કરી

૯. સર્વ જીવને પોતાના આત્મા સમાન લેખે, અને બધાને સમભાવથી જોઈને સર્વ જીવોને જુએ, આસ્રવ નિરોધી આત્માને દમે; તો પાપકર્મ ન બાંધે.

૧૦. પ્રથમ જ્ઞાન અને પછી દયા (એમ અનુસરણ કરીને) સર્વ સંયમી રહે. અજ્ઞાની (સંયમમાં) શું કરે, કે જે શ્રેય કલ્યાણ કે પાપ જાણતો નથી?

૧૧. શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઈએ, પાપને જાણવું જોઈએ. બન્નેને શ્રવણ કરીને જાણ્યા પછી જે શ્રેય હોય, તે આચરવું જોઈએ.

૧૨. જે જીવ નથી જાણતો જીવોનું સ્વરૂપ જાણતો નથી અજીવ નથી જાણતો જેનું સ્વરૂપ જાણતો નથી, કે તે બન્નેના તત્ત્વને જાણતો નથી તે સાધુ સંયમ શી રીતે જાણે?

૧૩. જે જીવોનું સ્વરૂપ જાણે, જે અજીવોનું સ્વરૂપ જાણે; તેમ જ જે બન્નેનું સ્વરૂપ જાણે, તે સાધુ સંયમનું સ્વરૂપ જાણે.

૧૪. જ્યારે જીવ અને અજીવ એ બન્નેને જાણે, ત્યારે સર્વ જીવોની બહુ પ્રકારે ગતિ-આગતિને જાણે.

૧૫. જ્યારે સર્વ જીવોની બહુ પ્રકારે ગતિ-આગતિને જાણે, ત્યારે જ પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે.

૧૬. જ્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે ત્યારે, મનુષ્યના તથા અને દેવના સંબંધી ભોગોથી નિવૃત્ત થાય.

૧૭. જ્યારે દેવ અને મનુષ્યસંબંધી ભોગોથી નિવૃત્ત થાય ત્યારે સર્વ બાહ્ય અને આભ્યંતર સંયોગોનો ત્યાગ કરી શકે.

૧૮. જ્યારે બાહ્ય અને આભ્યંતર સંયોગનો ત્યાગ કરે ત્યારે મુંડ થઈને અણગારિત્વ સ્વીકારે.

૧૯. જ્યારે મુંડ થઈને મુનિપણું સ્વીકારે ત્યારે ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર ધર્મને સ્પર્શી શકે છે.

જાણવાને માટે છે; તોપણ વિચિત્ર જગતનુ સ્વરૂપ જેણે જાણ્યુ નથી તે આત્માને જાણતો નથી. આ બોધ અયથાર્થ ઠરતો નથી.

આત્મા શાથી, કેમ, અને કેવા પ્રકારે બંધાયો છે આ જ્ઞાન જેને થયુ નથી, તેને તે શાથી, કેમ અને કેવા પ્રકારે મુક્ત થાય તેનું જ્ઞાન પણ થયુ નથી; અને ન થાય તો વચનામૃત પણ પ્રમાણભૂત છે. મહાવીરના બોધનો મુખ્ય પાયો ઉપરના વચનામૃતથી શરૂ થાય છે; અને એનું સ્વરૂપ એણે સર્વોત્તમ દર્શાવ્યુ છે. તે માટે આપની અનુકૂળતા હશે, તો આગળ ઉપર જણાવીશ,

અહીં એક આ પણ વિજ્ઞાપના આપને કરવી યોગ્ય છે કે, મહાવીર કે કોઈ પણ બીજા ઉપદેશકના પક્ષપાત માટે મારું કંઈ પણ કથન અથવા માનવું નથી; પણ આત્મત્વ પામવા માટે જેનો બોધ અનુકૂળ છે તેને માટે પક્ષપાત (!) દૃષ્ટિરાગ, પ્રશસ્ત રાગ, કે માન્યતા છે; અને તેને આધારે વર્તના છે, તો આત્મત્વને બાધા કરતું એવું કોઈ પણ મારું કથન હોય, તો દર્શાવી ઉપકાર કરતા રહેશો. પ્રત્યક્ષ સત્સંગની તો બલિહારી છે; અને તે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ છે; છતાં જ્યા સુધી પરોક્ષ સત્સંગ જ્ઞાનીદૃષ્ટાનુસાર મળ્યા કરશે ત્યા સુધી પણ મારા ભાગ્યનો ઉદય જ છે

૨. નિર્ગ્રંથશાસન જ્ઞાનવૃદ્ધને સર્વોત્તમવૃદ્ધ ગણે છે. જાતિવૃદ્ધતા, પર્યાયવૃદ્ધતા એવા વૃદ્ધતાના અનેક ભેદ છે, પણ જ્ઞાનવૃદ્ધતા વિના એ સઘળી વૃદ્ધતા તે નામવૃદ્ધતા છે, કિંવા શૂન્યવૃદ્ધતા છે.

૩. પુનર્જન્મસંબંધી મારા વિચાર દર્શાવવા આપે સૂચવ્યુ તે માટે અહીં પ્રસગપૂરતું સક્ષેપમાત્ર દર્શાવું છું:—

(અ) મારુ કેટલાક નિર્ણય પરથી આમ માનવું થયુ છે કે, આ કાળમાં પણ કોઈ કોઈ મહાત્માઓ ગતભવને જાતિસ્મરણજ્ઞાન વડે જાણી શકે છે; જે જાણવું કલ્પિત નહીં પણ સમ્યક્ હોય છે. ઉત્કૃષ્ટ સમ્વેગ — જ્ઞાનયોગ — અને સત્સંગથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે શું કે ભૂતભવ પ્રત્યક્ષાનુભવરૂપ થાય છે.

જ્યાં સુધી ભૂતભવ અનુભવગમ્ય ન થાય ત્યા સુધી ભવિષ્યકાળનું ધર્મપ્રયત્ન શંકાસહ આત્મા કર્યા કરે છે; અને શંકાસહ પ્રયત્ન તે યોગ્ય સિદ્ધિ આપતું નથી.

(આ) 'પુનર્જન્મ છે;' આટલું પરોક્ષે–પ્રત્યક્ષે નિ:શંકત્વ જે પુરુષને પ્રાપ્ત થયુ નથી, તે પુરુષને આત્મજ્ઞાન પ્રાપ્ત થયુ હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી. પુનર્જન્મને માટે શ્રુતજ્ઞાનથી મેળવેલો આશય મને જે અનુભવગમ્ય થયો છે તે કંઈક અહીં દર્શાવી જઉ છું.

(૧) 'ચૈતન્ય' અને 'જડ' એ બે ઓળખવાને માટે તે બન્ને વચ્ચે જે ભિન્ન ધર્મ છે તે પ્રથમ ઓળખાવો જોઈએ, અને તે ભિન્ન ધર્મમા પણ મુખ્ય ભિન્ન ધર્મ જે ઓળખવાનો છે તે આ છે કે, 'ચૈતન્ય' માં 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુનો જે વડે બોધ થાય તે વસ્તુ) રહ્યો છે અને 'જડ' માં તે નથી. અહીં કદાપિ આમ કોઈ નિર્ણય કરવા ઇચ્છે કે, 'જડ' માં 'શબ્દ', 'સ્પર્શ', 'રૂપ', 'રસ' અને 'ગંધ' એ શક્તિઓ રહી છે; અને ચૈતન્યમાં તે નથી, પણ એ ભિન્નતા આકાશની અપેક્ષા લેતાં ન સમજાય તેવી છે, કારણ

[illegible]

(૪) [illegible]

આ કાળમાં એ વિષે અનેક પુરુષોને નિઃશંકતા નથી થતી તેનાં કારણો માત્ર સાત્ત્વિકતાની ન્યૂનતા, ત્રિવિધતાપની મૂર્છના, 'શ્રી ગોકુળચરિત્ર'માં આપે દર્શાવેલી નિર્જનાવસ્થા તેની ખામી, સત્સંગ વિનાનો વાસ, સ્વમાન અને અયથાર્થ દૃષ્ટિ એ છે.

ફરી એ વિષે વિશેષ આપને અનુકૂળતા હશે, તો દર્શાવીશ. આથી મને આત્મોજ્જ્વલતાનો પરમ લાભ છે. તેથી આપને અનુકૂળ થશે જ. વખત હોય તો બે ચાર વખત આ પત્ર મનન થવાથી મારો કહેલો અલ્પ આશય આપને બહુ દૃષ્ટિગોચર થશે. શૈલીને માટે થઈને વિસ્તારથી કંઈક લખ્યું છે, છતાં જેવું જોઈએ તેવું સમજાવાયું નથી એમ મારું માનવું છે. પણ હળવે હળવે હું ધારું છું કે, તે આપની પાસે સરળરૂપે મૂકી શકીશ.

× × × ×

બુદ્ધ ભગવાનનું જન્મચરિત્ર મારી પાસે આવ્યું નથી. અનુકૂળતા હોય તો મોકલાવવા સૂચવન કરશો. સત્પુરુષનાં ચરિત્ર એ દર્પણરૂપ છે. બુદ્ધ અને જૈનના બોધમાં મહાન તફાવત છે

સર્વ દોષની ક્ષમા ઇચ્છી આ પત્ર પૂરું (અપૂર્ણ સ્થિતિએ) કરું છું. આપની આજ્ઞા હશે, તો એવો વખત મેળવી શકાશે કે, આત્મત્વ દૃઢ થાય.

અસુગમતાથી લેખ દોષિત થયો છે, પણ કેટલીક નિરુપાયતા હતી નહીં તો સરળતા વાપરવાથી આત્મત્વની પ્રફુલ્લિતતા વિશેષ થઈ શકે.

વિ૦ ધર્મજીવનના ઇચ્છક
રાયચંદ રવજીભાઈના વિનયભાવે પ્રશસ્ત પ્રણામ

---

૬૫ મોરબી, જેઠ સુદ ૧૦, સોમ, ૧૯૪૫

તમારો અતિશય આગ્રહ છે અને ન હોય તોપણ એક ધર્મનિષ્ઠ આત્માને જો કંઈ મારાથી શાંતિ થતી હોય તો એક પુણ્ય સમજી આવવું જોઈએ. અને જ્ઞાનીદ્રષ્ટ હશે તો હું જરૂર ગણ્યા દિવસમાં આવું છું. વિશેષ સમાગમે.

---

[૪૧]

૬૬ અમદાવાદ, જ્યેષ્ઠ વદ ૧૨, ભોમ, ૧૯૪૫

આપને મેં વવાણિયા બંદરથી પુનર્જન્મસંબંધી પરોક્ષજ્ઞાનની અપેક્ષાએ એકાદ બે વિચારો દર્શાવ્યા હતા, અને એ વિષે અવકાશ લઈ કેટલુંક દર્શાવી પછી પ્રત્યક્ષ અનુભવગમ્ય જ્ઞાનથી તે વિષયનો નિશ્ચય મારા સમજવામાં જે કંઈ આવ્યો છે તે દર્શાવવાની ઇચ્છા રાખી છે.

એ પત્ર જ્યેષ્ઠ સુદ ૫ ને આપને મળેલું હોવું જોઈએ. અવકાશ પ્રાપ્ત કરી કંઈ ઉત્તર ઘટે તો ઉત્તર, નહીં તો પહોંચ માત્ર આપી પ્રશમ આપશો, એ વિજ્ઞાપના છે.

નિર્ગ્રંથનાં શોધેલાં શાસ્ત્રના શોધ માટે અહીં સાતેક દિવસ થયા મારું આવવું થયું છે.

ધર્મોપજીવનના ઇચ્છક
રાયચંદ રવજીભાઈના યથાવિધિ પ્રણામ

[૮૭૬-૧૨]

૬૭ વઢવાણકૅમ્પ, અષાડ સુદ ૮, શનિ, ૧૯૪૫

[illegible] સંશોધવા માટે જે તમારી અભિલાષાઓ દેખાય છે તે, મને પ્રસન્નતા

[illegible]

[illegible]

---

[૨૨] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[૪૪]

૭૧ ભરૂચ, શ્રાવણ સુદ ૩, બુધ, ૧૯૪૫

બજાણા નામના ગ્રામથી મારું લખેલું એક વિનયપત્ર આપને પ્રાપ્ત થયું હશે.

હું મારી નિવાસભૂમિકાથી આશરે બે માસ થયાં સત્યોગ, સત્સંગ પ્રવર્ધનાર્થે પ્રવાસરૂપે કેટલાંક સ્થળોમાં વિહાર કરું છું. પ્રાયે કરીને એક સપ્તાહમાં મારું ત્યાં આપના દર્શન અને સમાગમની પ્રાપ્તિ કરી શકે એમ આગમન થવા સંભવ છે.

સર્વ શાસ્ત્રના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, યોગનું અને ભક્તિનું પ્રયોજન સ્વસ્વરૂપપ્રાપ્તિને અર્થે છે, અને એ સમ્યક્‌શ્રેણિઓ આત્મગત થાય, તો તેમ થવું પ્રત્યક્ષ સંભવિત છે; પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરવા સર્વસંગપરિત્યાગની અવશ્ય છે. નિર્જનાવસ્થા — યોગભૂમિકામાં વાસ — સહજ સમાધિની પ્રાપ્તિ નથી, તે સર્વસંગપરિત્યાગમાં નિયમા વાસિત છે. દેશ (ભાગ) સંગપરિત્યાગમાં ભજના સંભવે છે. જ્યાં સુધી ગૃહવાસ પૂર્વકર્મના બળથી ભોગવવો રહ્યો છે, ત્યાં સુધી ધર્મ, અર્થ અને કામ ઉલ્લાસિત–ઉદાસીન ભાવે સેવવા યોગ્ય છે. બાહ્યભાવે ગૃહસ્થશ્રેણિ છતાં અંતરંગનિર્ગ્રંથશ્રેણિ જોઈએ, અને જ્યાં તેમ થયું છે ત્યાં સર્વ સિદ્ધિ છે.

મારી આત્માભિલાષા તે શ્રેણિમાં ઘણા માસ થયાં વર્તે છે ધર્મોપજીવનની પૂર્ણ અભિલાષા કેટલીક વ્યવહારોપાધિને લીધે પાર પડી શકતી નથી; પણ પ્રત્યક્ષે સત્પદની સિદ્ધિ આત્માને થાય છે; આ વાર્તા તો સમ્મત જ છે અને ત્યાં કંઈ વય–વેષની વિશેષ અપેક્ષા નથી. નિર્ગ્રંથના ઉપદેશને અચલભાવે અને વિશેષે સમ્મત કરતાં અન્ય દર્શનના ઉપદેશમાં મધ્યસ્થતા પ્રિય છે.

ગમે તે વાટે અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, તો ત્યાં પછી મતાંતરની કંઈ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે, અને જેટલા આત્મા તર્યા, વર્તમાને તરે છે, ભવિષ્યે તરશે તે સર્વ એ એક જ ભાવને પામીને. આપણે એ સર્વ ભાવે પામીએ એ મળેલા અનુત્તર જન્મનું સાફલ્ય છે.

કેટલાક જ્ઞાનવિચારો લખતાં ઔદાસીન્ય ભાવની વૃદ્ધિ થઈ જવાથી ધારેલું લખી શકાતું નથી; અને તેમ આપ જેવાને નથી દર્શાવી શકાતું. એ કાંઈ   નું કારણ.

નાનાપ્રકારના વિચારો ગમે તે રૂપે અનુક્રમવિહીન આપની સમીપ મૂકું, તો તે યોગ્યતાપૂર્વક આત્મગત કરતાં દોષને માટે — ભવિષ્યને માટે પણ — ક્ષમા ભાવ જ આપશો.

આ વેળા લઘુત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉં છું. આપને લક્ષગત હશે કે, પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા ચાર પ્રકારે છે : દ્રવ્ય (તેનો વસ્તુસ્વભાવ)થી, ક્ષેત્ર (કંઈ પણ તેનું વ્યાપવું — ઉપચારે કે અનુપચારે)થી, કાળથી અને ભાવ (તેના ગુણાદિક ભાવ)થી. હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે. આપ જો એ પ્રજ્ઞાપનીયતાએ આત્માની વ્યાખ્યા અવકાશાનુકૂળ દર્શાવો, તો સંતોષનું કારણ થાય. આમાંથી એક અદ્ભુત વ્યાખ્યા નીકળી શકે તેમ છે; પણ આપના વિચારો આગળથી કંઈ સહાયક થઈ શકશે એમ ગણી આ પ્રયાચન કર્યું છે. ધર્મોપજીવન પ્રાપ્ત કરવામાં આપની સહાયતાની પ્રથમ અવશ્ય પડે તેવું છે, પણ સામાન્યે વૃત્તિભાવ માટે આપના વિચાર માગી પછી

...ને જન્મ આપવો, તેમ રહ્યું છે. શાસ્ત્ર એ પરોક્ષમાર્ગ છે; અને ૦ ૦ ૦ પ્રત્યક્ષમાર્ગ ... એક બે શબ્દો મૂકી આ પત્ર વિનયભાવે પૂર્ણ કરું છું.

[illegible]

[illegible]

૭૨ [illegible]

[illegible]

---

૭૩ [illegible]

[illegible]

---

૭૪ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૭૫ [illegible]

[illegible]

[૫૦] ૭૭ વિ. સં. ૧૯૪૫

"સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા"
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ? ૧
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય? ૨
જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩
કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪
આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

[અંગત]

---

[૫૧] ૭૮ વિ. સં. ૧૯૪૫

સ્ત્રીના સંબંધમાં મારા વિચાર

(૧)

અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયુ કે શુદ્ધ જ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યુ છે; તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે.

સ્ત્રી એ સંસારનુ સર્વોત્તમ સુખ માત્ર આવરણિકદૃષ્ટિથી કલ્પાયુ છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનુ ચિહ્ન તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમા રહ્યા છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદરૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચીતરાઈ રહી હસાવે છે, કે શી આ ભુલવણી? ટૂંકામા કહેવાનુ કે તેમા કંઈ પણ સુખ નથી; અને સુખ હોય તો તેને અપરિચ્છેદરૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી; પણ ત્યાં ફરી આત્મા ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનુ સહજ સૂચવન કર્યું. સ્ત્રીમાં દોષ નથી; પણ આત્મામા દોષ છે; અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્‌ભુત આનંદમય જ છે; માટે એ દોષથી રહિત થવું, એ જ પરમ જિજ્ઞાસા છે.

શુદ્ધ ઉપયોગની જો પ્રાપ્તિ થઈ તો પછી તે સમયે સમયે પૂર્વોપાર્જિત મોહનીયને ભસ્મીભૂત કરી શકશે. આ અનુભવગમ્ય પ્રવચન છે.

પણ પૂર્વોપાર્જિત જ્યાં સુધી મને પ્રવર્ત્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય? વિચારતાં મને નીચે પ્રમાણે સમાધાન થયુ :—

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; કલેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે; અનેકાંત-દૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.

આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

---

[૫૪]

૮૧ વિ. સં. ૧૯૪૫

અહોહો! કર્મની કેવી વિચિત્ર બંધસ્થિતિ છે? જેને સ્વપ્ને પણ ઇચ્છતો નથી, જે માટે પરમ શોક થાય છે; એ જ અગાંભીર્ય દશાથી પ્રવર્તવું પડે છે.

તે જિન-વર્દ્ધમાનાદિ સત્પુરુષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું-અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હતા; તેને લાભ-હાનિ સરખી હતી; તેનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!

---

[૫૫]

૮૨ વિ. સં. ૧૯૪૫

દુખિયાં મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચીત તેના શિરોભાગમાં હું આવી શકું. આ મારાં વચનો વાંચીને કોઈ વિચારમાં પડી જઈ, ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરશે અને કાં તો ભ્રમ ગણી વાળશે; પણ તેનું સમાધાન અહીં જ ટપકાવી દઉં છું. તમે મને સ્ત્રી સંબંધી કંઈ દુઃખ લેખશો નહીં, લક્ષ્મી સંબંધી દુઃખ લેખશો નહીં, પુત્ર સંબંધી લેખશો નહીં, કીર્તિ સંબંધી લેખશો નહીં, ભય સંબંધી લેખશો નહીં; કાયા સંબંધી લેખશો નહીં; અથવા સર્વથી લેખશો નહીં; મને દુઃખ બીજી રીતનું છે. તે દરદ વાતનું નથી; કફનું નથી કે પિત્તનું નથી; તે શરીરનું નથી, વચનનું નથી કે મનનું નથી. ગણો તો બધાંયનું છે અને ન ગણો તો એકકેનું નથી; પરંતુ મારી વિજ્ઞાપના તે નહીં ગણવા માટે છે, કારણ એમાં કોઈ ઓર મર્મ રહ્યો છે. તમે જરૂર માનજો, કે હું વિના-દિવાનાપણે આ કલમ ચલાવું છું. રાજચંદ્ર નામથી ઓળખાતો વવાણિયા નામના નાના ગામનો, લક્ષ્મીમાં સાધારણ એવો પણ આર્ય તરીકે ઓળખાતા દશાશ્રીમાળી—વૈશ્યનો પુત્ર ગણાઉં છું. આ દેહમાં મુખ્યે બે ભવ કર્યા છે, અમુખ્યનો હિસાબ નથી. નાનપણની નાની સમજણમાં કોણ જાણે ક્યાંથીયે મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી અને સુખમાં પણ મહાલય, બાગબગીચા, લાડીવાડીના કંઈક માન્યાં હતાં; મોટી કલ્પના તે આ બધું શું છે તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે, પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી પંચાતમાં નહીં પડતા, ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યુ નહીં. થોડો વખત ગયા પછી એમાંથી ઓર જ થયું. જે થવાનું મેં કલ્પ્યું નહોતું, તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવું કંઈ મારું પ્રયત્ન પણ નહોતું, છતાં અચાનક ફેરફાર થયો; કોઈ ઓર અનુભવ થયો; અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમાં લેખિત ન હોય, જડવાદીઓની કલ્પનામાં પણ નથી, તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો; વધીને અત્યારે એક 'તુંહિ તુંહિ'નો જાપ કરે

છે. હવે અહીં [illegible] નથી. [illegible]
દુઃખ રહે એવું કંઈ નથી. [illegible]
[illegible] શકતાં નથી. [illegible] નથી.
[illegible] નથી. [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible]
[illegible] નથી, [illegible]
[illegible] છે.

[illegible] નથી.
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible]
[illegible]

---

[૧૬] ૮૩ [illegible]

[illegible]

[illegible]

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કુળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતાં કંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પનારો હતો. પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણતા, તેથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મારી ચપળશક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો. કંઠીને માટે વારંવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા; છતાં હું તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં; તેમાં બહુ વિનયપૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઇચ્છી છે તેથી મારી પ્રીતિ તેમાં પણ થઈ અને પેલામાં પણ રહી. હળવે હળવે આ પ્રસંગ વધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમ જ બીજા આચારવિચાર મને વૈષ્ણવના પ્રિય હતા અને જગતકર્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તૂટી ગઈ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા ન બાંધવાનુ કંઈ કારણ મેં શોધ્યુ નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્યા છે. પછી હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છદરબારને ઉતારે મને લખવા માટે બોલાવતા ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે. અનેક પુસ્તકો વાંચ્યાં છે, રામ ઇત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઈને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી, કે કોઈને મેં ઓછુંઅધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.

---

[૬૫]

૯૦

મુંબઈ, કારતક, ૧૯૪૬

બે પ્રકારે વહેંચાયેલો ધર્મ, તીર્થંકરે બે પ્રકારનો કહ્યો છે :—

૧. સર્વસંગપરિત્યાગી.

૨. દેશપરિત્યાગી.

સર્વ પરિત્યાગી :—

ભાવ અને દ્રવ્ય.

તેનો અધિકારી.

પાત્ર, ક્ષેત્ર, કાળ, ભાવ.

પાત્ર —

વૈરાગ્યાદિક લક્ષણો, ત્યાગનું કારણ અને પારિણામિકભાવ ભણી જોવું.

ક્ષેત્ર —

તે પુરુષની જન્મભૂમિકા, ત્યાગભૂમિકા એ બે.

કાળ —

અધિકારીની વય, મુખ્ય વર્તતો કાળ.

ભાવ —

વિનયાદિક, તેની યોગ્યતા, શક્તિ.
તેને ગુરુએ પ્રથમ શું ઉપદેશ કરવો?
'દશવૈકાલિક', 'આચારાંગ' ઇત્યાદિ સંબંધી વિચાર;
તેની નવદીક્ષિત દશાએ તેને સ્વતંત્ર વિહાર કરવા દેવાની આજ્ઞા ઇ.

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible] :—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible] —

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સુધારસને પી અને સંસારસમુદ્ર પાર ઊતરવા માટે ધ્યાનરૂપ વહાણનું અવલંબન કર.

[અપૂર્ણ]

---

[૮૨] **૧૦૩** મુંબઈ, માહ, ૧૯૪૬

કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ[1] થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું, પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.

---

[૮૩] **૧૦૪** મુંબઈ, માહ વદ ૨, શુક્ર, ૧૯૪૬

તમારું પત્ર ગઈ કાલે મળ્યું. ખંભાતવાળા ભાઈ મારી પાસે આવે છે તેમની મારાથી બનતી ઉપાસના કરું છું. તેઓ કોઈ રીતે મતાગ્રહી હોય એવું મને હજુ સુધી તેઓએ દેખાડ્યું નથી. જીવ ધર્મજિજ્ઞાસુ જણાય છે. ખરું કેવલીગમ્ય

તમારી આરોગ્યતા ઇચ્છું છું. તમારી જિજ્ઞાસા માટે હું નિરુપાય છું. વ્યવહારક્રમ તોડીને હું કંઈ નહીં લખી શકું; એ તમને અનુભવ છે, તો હવે કાં પુછાવો?

તમારી આત્મચર્યા શુદ્ધ રહે તેમ પ્રવર્તજો.

જિને કહેલા પદાર્થો યથાર્થ જ છે. એ જ અત્યારે ભલામણ.

---

[૮૦] **૧૦૫** મુંબઈ, ફાગણ સુદ ૬, ૧૯૪૬


મહાવીરના બોધને પાત્ર કોણ?

૧. સત્પુરુષના ચરણનો ઇચ્છક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪ બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંતવાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરુતા દબાવનાર,

એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્દશાને પાત્ર છે. પહેલા જેવું એકે નથી.

---

૧. શ્રાદ્ધ એટલે ધર્મ અને ઉત્પત્તિ એટલે પ્રગટતા.



જો કે પુદ્ગલનો એ દેહ, તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ. ૬

---

૫ જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ. ૧
સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા. ૨

---

[૮૯] ૧૦૮ મુંબઈ, ફાગણ, ૧૯૪૬

હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહુ છું.

અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.

અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે; નિમિત્તાધીન વૃત્તિ ફરી ફરી ચલિત થઈ જશે; ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ.

આ ક્રમ યથાયોગ્યપણે ચાલ્યો આવ્યો તો તું જીવન ત્યાગ કરતો રહીશ, મૂંઝાઈશ નહીં, નિર્ભય થઈશ.

ભ્રમા મા, તને હિત કહું છું,
આ મારું છે એવા ભાવની વ્યાખ્યા પ્રાયે ન કર.
આ તેનું છે એમ માની ન બેસ.
આ માટે આમ કરવું છે એ ભવિષ્યનિર્ણય ન કરી રાખ.
આ માટે આમ ન થયુ હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર.
આટલું આ પ્રમાણે હોય તો સારુ એમ આગ્રહ ન કરી રાખ.
આણે મારા પ્રતિ અનુચિત કર્યું એવું સંભારતાં ન શીખ.
આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.
આ મને અશુભ નિમિત્ત છે એવો વિકલ્પ ન કર.
આ મને શુભ નિમિત્ત છે એવી દઢતા માની ન બેસ.
આ ન હોત તો હું બંધાત નહીં એમ અચળ વ્યાખ્યા નહીં કરીશ.
પૂર્વકર્મ બળવાન છે, માટે આ બધો પ્રસંગ મળી આવ્યો એવું એકાંતિક ગ્રહણ કરીશ નહીં.
પુરુષાર્થનો જય ન થયો એવી નિરાશા સ્મરીશ નહીં.
બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં.
તારે નિમિત્તે પણ બીજાને દોષ કરતો ભુલાવ.
તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.
[illegible] [illegible] એટલો જ કે અન્યને પોતાનુ માનવું, પોતે પોતાને ભૂલી જવું.
[illegible] તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી છે.

છું. આપને જે પત્ર પાઠવવું મારી ઇચ્છામાં હતું, તે પત્ર અધિક વિસ્તારથી લખવાની અવશ્ય હોવાથી, તેમ જ તેમ કરવાથી તેનુ ઉપયોગીપણું પણ અધિક ઠરતું હોવાથી, તેમ કરવા ઇચ્છા હતી, અને હજુ પણ છે. તથાપિ કાર્યોપાધિનું એવું સબળ રૂપ છે કે એટલો શાંત અવકાશ મળી શકતો નથી, મળી શકચો નહીં, અને હજુ થોડો વખત મળવો પણ સંભવિત નથી. આપને આ સમયમાં એ પત્ર મળ્યુ હોત તો વધારે ઉપયોગી થાત; તોપણ હવે પછી પણ એનુ ઉપયોગીપણું તો અધિક જ આપ પણ માની શકશો; આપની જિજ્ઞાસાના કંઈક શમાર્થે ટૂંકું તે પત્રનુ વ્યાખ્યાન આપ્યું છે.

આપના પહેલાં આ જન્મમાં હું લગભગ બે વર્ષથી કઈક વધારે કાળથી ગૃહાશ્રમી થયો છું એ આપના જાણવામાં છે. ગૃહાશ્રમી જેને લઈને કહી શકાય છે, તે વસ્તુ અને મને તે વખતમા કઈ ઘણો પરિચય પડચો નથી, તોપણ તેનું બનતું કાયિક, વાચિક અને માનસિક વલણ મને તેથી ઘણુંખરું સમજાયુ છે; અને તે પરથી તેનો અને મારો સંબંધ અસંતોષપાત્ર થયો નથી; એમ જણાવવાનો હેતુ એવો છે કે ગૃહાશ્રમનું વ્યાખ્યાન સહજ માત્ર પણ આપતાં તે સંબધી વધારે અનુભવ ઉપયોગી થાય છે; મને કઈક સાંસ્કારિક અનુભવ ઊગી નીકળવાથી એમ કહી શકુ છુ કે મારો ગૃહાશ્રમ અત્યાર સુધી જેમ અસંતોષપાત્ર નથી, તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી. તે માત્ર મધ્યમ છે, અને તે મધ્યમ હોવામા પણ મારી કેટલીક ઉદાસીનવૃત્તિની સહાયતા છે.

તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાના દર્શન લેતાં ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે, અને ખચીત તે તત્ત્વજ્ઞાનનો વિવેક પણ આને ઊગ્યો હતો; કાળનાં બળવત્તર અનિષ્ટપણાને લીધે તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે તે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડચો; અને ખરે! જો તેમ ન થઈ શકયું હોત તો તેના (આ પત્રલેખકના) જીવનનો અંત આવત.

જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડચો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે, બાહ્ય તેની પ્રાધાન્યતા નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે. તથાપિ જ્યાં નિરુપાયતા છે, ત્યાં સહનતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે.

કોઈ કોઈ વાર સંગીઓ અને પ્રસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે, તે વેળા તે વિવેક પર કોઈ જાતિનું આવરણ આવે છે, ત્યારે આત્મા બહુ જ મૂઝાય છે. જીવનરહિત થવાની, દેહત્યાગ કરવાની દુઃખસ્થિતિ કરતાં તે વેળા ભયંકર સ્થિતિ થઈ પડે છે, પણ એવું ઝાઝો વખત રહેતું નથી; અને એમ જ્યારે રહેશે ત્યારે ખચીત દેહત્યાગ કરીશ. પણ અસમાધિથી નહીં પ્રવર્તું એવી અત્યાર સુધીની પ્રતિજ્ઞા કાયમ ચાલી આવી છે.

---

૧૧૪ મોરબી, અષાડ સુદ ૪, ગુરુ, ૧૯૪૬

મોરબીનો નિવાસ વ્યવહારનયે પણ અસ્થિર હોવાથી ઉત્તર પાઠવી શકાય તેમ નહોતું, તમારા પ્રશસ્ત ભાવ માટે આનંદ થાય છે. ઉત્તરોત્તર એ ભાવ તમને સત્ફળદાયક થાઓ.

ઉદ્યમ નિયમાનુસાર અને ધર્મધ્યાન પ્રશસ્ત વર્તન કરજો, એ મારી વારંવાર મુખ્ય ભલામણ છે. [illegible] શ્રેણિને વિસ્મૃત નથી કરતા એ એક આનંદકથા છે.

થાત (સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હું પોતાની અપેક્ષાએ કહું છું). અને વિકલ્પાદિક ક્લેશનો તો નાશ જ કરવો ઇચ્છ્યો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ; પણ હવે શ્રીરામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનું વિસ્મરણ કરાવ્યું હતું તેમ કોણ કરાવે? અર્થાત્ શાસ્ત્રનો ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય થયો છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનુ આનંદાવરણ એથી ટળે એમ નથી, માત્ર સત્સંગ સિવાય, યોગસમાધિ સિવાય, ત્યા કેમ કરવું? આટલું પણ દર્શાવવાનુ કોઈ સત્પાત્ર સ્થળ નહોતું. ભાગ્યોદયે આપ મળ્યા કે જેને એ જ રોમે રોમે રુચિકર છે.

---

[૧૧૪]

૧૨૭ વવાણિયા, પ્રથમ ભાદરવા સુદ ૪, ૧૯૪૬

પત્ર મળ્યું.

નમ્રતાથી, વિનયથી, આખા વર્ષમાં થયેલો તમારા પ્રત્યેનો મારો અપરાધ મન, વચન, કાયાના પ્રશસ્ત યોગથી ફરી ફરી ખમાવું છુ. સર્વ પ્રકારે મારા અપરાધનું વિસ્મરણ કરી આત્મશ્રેણીમા પ્રવર્તન કર્યા રહો એ વિનંતી છે.

આજના પત્રમા, મતાતરથી બેવડો લાભ થાય છે એવુ આ પર્યુષણ પર્વ સમ્યક્દૃષ્ટિથી જોતા જણાયુ, એ વાત રુચી. તથાપિ કલ્યાણ અર્થે એ દૃષ્ટિ ઉપયોગી છે. સમુદાયના કલ્યાણ અર્થે જોતા બે પર્યુષણ દુઃખદાયક છે. પ્રત્યેક મતાતર સમુદાયમાં વધવા ન જોઈએ. ઘટવા જોઈએ.

વિ૦ રાયચંદના યથા૦

---

[૧૧૫]

૧૨૮ વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમા કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવુ છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતા એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયના આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનુ રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતા જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતા કે અન્યથા કરતા તે માઠું છે એમ યથાયોગ્ય કા ન જાણ્યું? અર્થાત્ એમ જાણવુ જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનત વાર છોડતા, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયુ એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઈ નવાઈની વાત નથી.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.

આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું? હાડ, માસ, અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે, તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઈ દુઃખનાં કારણ નથી દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે, એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.

આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે. કુશળતા છે, ઇચ્છું છું.

વિ. રાયચંદના પ્રણામ.

---

[૧૨૧]

૧૩૪ વવાણિયા, દ્વિ. ભાદ્ર. સુદ ૮, રવિ, ૧૯૪૬

ૐ સ.ઈ.ઓ,

દેહધારીને વિટંબના એ તો એક ધર્મ છે. ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અનુભવવા યોગ્ય છે. અધિક અન્ય પ્રસંગે.

વિ૦ રાયચંદ્રના ય૦

---

[૧૨૩]

૧૩૬ વવાણિયા, બી. ભા. સુદ ૧૪, રવિ, ૧૯૪૬

તમારું સંવેગ ભરેલું પત્ર મળ્યું. પત્રોથી અધિક શું જણાવું? જ્યાં સુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે દેહભાવે વર્તશે, હું કરું છું એવી બુદ્ધિ કરશે, હું રિદ્ધિ ઇત્યાદિકે અધિક છું એમ માનશે, શાસ્ત્રને જાળરૂપે સમજશે, મર્મને માટે મિથ્યા મોહ કરશે, ત્યાં સુધી તેની શાંતિ થવી દુર્લભ છે એ જ આ પત્તાથી જણાવું છું. તેમાં જ બહુ સમાયું છે. ઘણે સ્થળેથી વાંચ્યું હોય, સુણ્યું હોય તોપણ આ પર અધિક લક્ષ રાખશો.

રાયચંદ

---

[૧૨૪]

૧૩૭ મોરબી, બી. ભાદ. વદ ૪, ગુરુ, ૧૯૪૬

પત્ર મળ્યું. 'શાંતિપ્રકાશ' નથી મળ્યું. મળ્યે યોગ્ય જણાવીશ. આત્મશાંતિમાં પ્રવર્તશો.

વિ૦ રાયચંદ્રના ય૦

---

[૧૨૪]

૧૩૮ મોરબી, બી. ભાદ્ર. વદ ૬, શનિ, ૧૯૪૬

યોગ્યતા મેળવો.

એમ જ મળશે.

---

[૧૨૫]

૧૩૯ મોરબી, બી. ભા. વદ ૭, રવિ, ૧૯૪૬

મુમુક્ષુ ભાઈઓ,

ગઈ કાલે મળેલા પત્રની પહોંચ પત્તાથી આપી છે. તે પત્રમાં લખેલાં પ્રશ્નોનો ટૂંકો ઉત્તર નીચે યથામતિ લખુ છું.

આઠ રુચકપ્રદેશ સંબંધીનું પ્રથમ તમારું પ્રશ્ન છે.

ઉત્તરાધ્યયન સિદ્ધાંતમાં સર્વ પ્રદેશે કર્મ વળગણા બતાવી એનો હેતુ એવો સમજાયો છે કે એ કહેવું ઉપદેશાર્થે છે. સર્વ પ્રદેશે કહેવાથી શાસ્ત્રકર્તા આઠ રુચકપ્રદેશ કર્મ રહિત નથી એવો નિષેધ કરે છે, એમ સમજાતું નથી. અસંખ્યાત પ્રદેશી આત્મામાં જ્યારે માત્ર આઠ જ પ્રદેશ કર્મરહિત છે, ત્યારે અસંખ્યાત પ્રદેશ પાસે તે કંઈ ગણતીમાં છે? અસંખ્યાત આગળ તેનુ એટલું બધું લઘુત્વ છે કે શાસ્ત્રકારે ઉપદેશની અધિકતા માટે એ વાત અંતઃકરણમાં રાખી બહારથી આ પ્રમાણે ઉપદેશ કર્યો; અને એવી જ શૈલી નિરંતર શાસ્ત્રકારની છે.

અંતર્મુહૂર્ત એટલે બે ઘડીની અંદરનો ગમે તે વખત એમ સાધારણ રીતે અર્થ થાય છે. પરંતુ શાસ્ત્રકારની શૈલી પ્રમાણે એનો અર્થ એવો કરવો પડે છે કે આઠ સમયથી ઉપરાંત અને બે ઘડીની અંદરના વખતને અંતર્મુહૂર્ત કહેવાય. પણ રૂઢિમાં તો જેમ આપનું બતાવ્યું તેમ જ સમજાય છે; તથાપિ શાસ્ત્રકારની શૈલી જ માન્ય છે. જેમ અહીં આઠ રુચકની વાત બહુ ગુરુત્વવાળી હોવાથી સ્થળે સ્થળે શાસ્ત્રમાં બતાવી નથી, તેમ આઠ

"કેવળજ્ઞાન હવે પામશું, પામશું, પામશું, પામશું રે કે૦" એવું એક પદ કર્યું. હૃદય હુ આનંદમા છે.

---

[૧૩૭] **૧૫૩** વવાણિયા, આસો, સુદિ ૧૨, શનિ, ૧૯૪૬

સ્નેચ્છક ભાઈઓ,

આજે એક તમારું પત્તું મળ્યુ (અંબાલાલનું).

ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.

[1]સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ બનવું અસુલભ છે.

વિ૦ રાયચંદના ય૦

---

[૧૩૮] **૧૫૪** મોરબી, આસો, ૧૯૪૬

ૐ

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ,
વચન સુધા શ્રવણે જતાં, થયુ હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ,
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

---

[૧૪૨] **૧૫૫** મુંબઈ, ૧૯૪૬

કેટલીક વાતો એવી છે કે, માત્ર આત્માને ગ્રાહ્ય છે અને મન, વચન, કાયાથી પર છે. કેટલીક વાતો એવી છે, કે જે વચન, કાયાથી પર છે. પણ છે.

શ્રી ભગવાન. શ્રી મઘશાપ.[2] શ્રી બખલાધ.[3]

---

[૧૪૩] **૧૫૬** મુંબઈ, ૧૯૪૬

પ્રથમ ત્રણ કાળને મૂઠીમાં લીધો, એટલે મહાવીર દેવે જગતને આમ જોયું—

તેમાં અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા.

અનંત ચૈતન્યાત્માઓ બદ્ધ દીઠા.

અનંત મોક્ષપાત્ર દીઠા.

અનંત મોક્ષઅપાત્ર દીઠા.

અનંત અધોગતિમાં દીઠા.

---

૧. જુઓ આંક ૮૯.

૨. દરેકનો એકેક ઉપલો અક્ષર વાંચવાથી 'ભગવાન' થશે.

૩. દરેકનો એકેક નીચેનો અક્ષર વાંચવાથી 'ભગવાન' થશે.

[illegible]
[illegible]
[illegible]

---

૨૫૭ [illegible] ૧૯૪૫

[illegible]

[૬૬] (૧) મુંબઈ, [illegible] ૧૯૪૬

[illegible]

---

[૬૭] (૨) મુંબઈ, [illegible] ૧૯૪૬

[illegible]

પણ સુખી, ન જન્મવું હોય તો પણ સુખી.

---

[૭૧]

(૩) મુંબઈ, માગશર સુદ ૧-૨, રવિ, ૧૯૪૬

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમા છદ્મસ્થ અવસ્થાએ, હું એકાદશ વર્ષની પર્યાયે, છઠ્ઠ છઠ્ઠે સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં, પૂર્વાનુપૂર્વીએ ચાલતા, એક ગામથી બીજે ગામ જતાં, જ્યા સુંસુમારપુર નગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ્ટ, ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને, બન્ને પગ સંકોચીને, લાંબા કર કરીને, એક પુદ્ગલમાં દૃષ્ટિ અડગ સ્થાપીને, અનિમેષ નયનથી, જરા શરીર નીચું આગળ ઝૂકી રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇંદ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહા પ્રતિમા ધારણ કરીને, વિચરતો હતો. (ચમર)[1]

---

[૭૩]

(૪) મુંબઈ, પોષ સુદ ૩, બુધ, ૧૯૪૬

નીચેના નિયમો પર બહુ લક્ષ આપવું.

૧. એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્ય વિના બીજી વાત ન કરવી જોઈએ.
૨. કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઈએ.
૩. પોતે ધીરજથી તેનો સદુત્તર આપવો જોઈએ.
૪. જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન હોય તે વાત ઉચ્ચારવી જોઈએ.
૫. ધર્મસંબંધી હમણાં બહુ જ ઓછી વાત કરવી.
૬. લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહીં.

---

[૮૯]

(૫) મુંબઈ, વૈશાખ વદ ૪, ગુરુ, ૧૯૪૬

આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

---

[૯૨]

(૬) મુંબઈ, વૈશાખ વદ ૫, શુક્ર, ૧૯૪૬

ઇચ્છા વગરનું કોઈ પ્રાણી નથી. વિવિધ આશાથી તેમાં પણ મનુષ્ય પ્રાણી રોકાયલું છે. ઇચ્છા, આશા જ્યાં સુધી અતૃપ્ત છે, ત્યા સુધી તે પ્રાણી અધોવૃત્તિવત્ છે. ઇચ્છાજયવાળું પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.

---

[૯૪]

(૭) મુંબઈ, જેઠ સુદ ૪, ગુરુ, ૧૯૪૬

પરિચયી ! તમને હું ભલામણ કરું છું કે, તમે યોગ્ય થવાની તમારામાં ઇચ્છા ઉત્પન્ન કરો. હું તે ઇચ્છા પૂર્ણ કરવામાં સહાયક થઈશ.

તમે મારાં અનુયાયી થયાં, અને તેમાં મને પ્રધાનપદ જન્માંતરના યોગથી હોવાથી તમારે મારી આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તવું એ ઉચિત ગણ્યું છે.

---

૧. આ ભગવતી સૂત્ર, શતક ૩, ઉદ્દેશ ૨.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] (૮) [illegible]

[illegible]

[illegible] (૯) [illegible]

[illegible]

અને એ જ અમારી અંતરની પરમ રુચિ.

પરમાત્મા આનંદ, સત્ અને ચિત્મય છે.

પાન ૩ પરમાત્મસૃષ્ટિ કોઈને વિષમ હોવા યોગ્ય નથી.

પાન ૪ જીવસૃષ્ટિ જીવને વિષમતા માટે સ્વીકૃત છે.

પાન ૫–૬ પરમાત્મસૃષ્ટિ પરમ જ્ઞાનમય અને પરમ
આનંદે કરી પરિપૂર્ણ ભરપૂર છે.

પાન ૭ જીવ સૃષ્ટિમાંથી ઉદાસીન થવો યોગ્ય છે.

પાન ૮ હરિની પ્રાપ્તિ વિના જીવનો ક્લેશ ટળે નહીં.

પાન ૯ હરિના ગુણગ્રામનું અનન્ય ચિંતન નથી,
તે ચિંતન પણ વિષમ છે.

પાન ૧૦ હરિમય જ એમ હોવાને યોગ્ય છીએ.

પાન ૧૧ હરિની માયા છે; તેનાથી તે પ્રવર્તે છે.
હરિને તે પ્રવર્તાવી શકવાને યોગ્ય છે જ નહીં.

પાન ૧૨ તે માયા પણ હોવાને યોગ્ય જ છે.

પાન ૧૩ માયા ન હોત તો હરિનું અકળત્વ કોણ કહેત?

પાન ૧૪ માયા એવી નિયતિએ યુક્ત છે કે તેનો પ્રેરક અબંધન જ હોવા યોગ્ય

પાન ૧૫ હરિ હરિ એમ જ સર્વત્ર હો,
તે જ પ્રતીત થાઓ, તેનુ જ ભાન હો.
તેની જ સત્તા અમને ભાસો.
તેમાં જ અમારો અનન્ય, અખંડ
અભેદ---હોવો યોગ્ય જ હતો.

પાન ૧૬ જીવ પોતાની સૃષ્ટિપૂર્વક અનાદિકાળથી પરિભ્રમણ કરે છે.
હરિની સૃષ્ટિથી પોતાની સૃષ્ટિનુ અભિમાન મટે છે.

આંક ૧૭ [illegible] માટે. આત્મ [illegible] માટે [illegible].

આંક ૧૮ [illegible] આદિ [illegible] જે પરમાત્માના
અનુગ્રહના કારણરૂપ હોય છે.

આંક ૧૯ જે પરમાત્માના અનુગ્રહથી પુરુષ [illegible] હોય છે

આંક ૨૦ એ આત્મિક [illegible] પુરુષ મહાપુરુષોની [illegible] છે.

આંક ૨૧-૨૨ એ [illegible] પરમાત્માની [illegible]
ઉપાય છે.

આંક ૨૩ આપણે [illegible] છે. તેમાં [illegible]?
એક છે [illegible] નહીં.
[illegible]
આપણી [illegible].
[illegible]
[illegible]

આંક ૨૪ [illegible] છે. [illegible] છે.
[illegible] છે.
[illegible]
[illegible]
[illegible]

સર્વ બ્રહ્મ છે.
સર્વ બ્રહ્મ છે.
સર્વ બ્રહ્મ છે.
ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

પાન ૨૬ સર્વ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
હું બ્રહ્મ, તું બ્રહ્મ, તે બ્રહ્મ એમાં સંશય નહીં.
અમે બ્રહ્મ, તમે બ્રહ્મ, તેઓ બ્રહ્મ એમાં સંશય નહીં.
એમ જાણે તે બ્રહ્મ એમાં સંશય નહીં.
એમ ન જાણે તે પણ બ્રહ્મ એમાં સંશય નહીં.
જીવ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
જડ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
બ્રહ્મ જીવરૂપે થયેલ છે એમાં સંશય નહીં.
બ્રહ્મ જડરૂપે થયેલ છે એમાં સંશય નહીં.

સર્વ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
ૐ બ્રહ્મ.
સર્વ બ્રહ્મ, સર્વ બ્રહ્મ.
ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

પાન ૨૭ સર્વ હરિ છે, એમાં સંશય નહીં.

પાન ૨૮ આ સર્વ આનંદરૂપ જ છે, આનંદ જ છે એમાં સંશય નહીં.

પાન ૨૯ સર્વરૂપે હરિ જ થયેલ છે
—હરિનો અંશ છું.
૧. તેનું પરમદાસત્વ કરવાને યોગ્ય છું, એવો દૃઢ નિશ્ચય કરવો; એને અમે વિવેક કહીએ છીએ.
૨. તેવા દૃઢ નિશ્ચયને તે હરિની માયા આકુળ કરનારી લાગે છે, ત્યાં ધૈર્ય રાખવું.
૩. તે ધૈર્ય રહેવા માટે તે પરમરૂપ હરિનો આશ્રય અંગીકાર કરવો, અર્થાત્ હું સ્થળે હરિને સ્થાપી હુંને દાસત્વ આપવું.—
૪. એવા ઈશ્વરાશ્રય થઈને પ્રવર્તવું,
એવો અમારો નિશ્ચય તમને રુચો.

[illegible]

[illegible] કેવળ પર ઉપદેશ;
[illegible]

[illegible] ૧. કોઈ પણ વસ્તુ [illegible]
૨. કોઈ પણ [illegible]
૩. કોઈ પણ વસ્તુ [illegible] નહીં.
૪. [illegible]
૫.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સર્વ બ્રહ્મ છે.
સર્વ બ્રહ્મ છે.
સર્વ બ્રહ્મ છે.
ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

પાન ૨૬ સર્વ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
હું બ્રહ્મ, તું બ્રહ્મ, તે બ્રહ્મ એમાં સંશય નહીં.
અમે બ્રહ્મ, તમે બ્રહ્મ, તેઓ બ્રહ્મ એમાં સંશય નહીં.
એમ જાણે તે બ્રહ્મ એમાં સંશય નહીં.
એમ ન જાણે તે પણ બ્રહ્મ એમાં સંશય નહીં.
જીવ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
જડ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
બ્રહ્મ જીવરૂપે થયેલ છે એમાં સંશય નહીં.
બ્રહ્મ જડરૂપે થયેલ છે એમાં સંશય નહીં

સર્વ બ્રહ્મ છે, એમાં સંશય નહીં.
ૐ બ્રહ્મ.
સર્વ બ્રહ્મ, સર્વ બ્રહ્મ.
ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

પાન ૨૭ સર્વ હરિ છે, એમા સંશય નહીં.

પાન ૨૮ આ સર્વ આનંદરૂપ જ છે, આનંદ જ છે એમાં સંશય નહીં.

પાન ૨૯ સર્વરૂપે હરિ જ થયેલ છે
—હરિનો અંશ છું.
૧. તેનું પરમદાસત્વ કરવાને યોગ્ય છું, એવો દઢ નિશ્ચય કરવો; એને અમે વિવેક કહીએ છીએ.
૨. તેવા દઢ નિશ્ચયને તે હરિની માયા આકુળ કરનારી લાગે છે, ત્યા ધૈર્ય રાખવું.
૩. તે ધૈર્ય રહેવા માટે તે પરમરૂપ હરિનો આશ્રય અંગીકાર કરવો, અર્થાત હું સ્થળે હરિને સ્થાપી હુંને દાસત્વ આપવું.—
૪. એવા ઈશ્વરાશ્રય થઈને પ્રવર્તવું,
એવો અમારો નિશ્ચય તમને રુચો.

પાન ૩૦ કેવળ પદ

હે અંતરાત્મા ! તને કહું છે [illegible] છે, [illegible] છે, તથાપિ [illegible] આત્મજ્ઞાન [illegible] તું [illegible] છે.

હે પ્રભો......! [illegible] આત્મજ્ઞાનથી [illegible] કરે.

હે અંતરાત્મા ! [illegible] છે. [illegible] કહ્યું છે.

હે પ્રભો ......! [illegible] છે, [illegible]

હે અંતરાત્મા ! [illegible] છે, [illegible]

ન જ કરવાં. અને ઉપર જણાવી છે તે વાત તમારે હૃદયને વિષે સમજવાની છે તે પરથી તે પ્રસંગે જે યોગ્ય લાગે તે વાત કરવી. તેનો ભાવાર્થ ન જવો જોઈએ.

'જ્ઞાનાવતાર' સંબંધી તેમને જેમ જેમ ઇચ્છા જાગે તેમ વાતચીત કરવી. તેઓ 'જ્ઞાનાવતાર'નો સમાગમ ઇચ્છે તેવા પ્રકારથી વાતચીત કરવી. જ્ઞાનાવતારની પ્રશંસા કરતાં તેમનો અવિનય ન થઈ જાય તે ધ્યાન રાખજો. તેમ 'જ્ઞાનાવતાર'ની અનન્ય ભક્તિ પણ લક્ષમાં રાખજો.

મન મળ્યાનો જોગ લાગે ત્યારે જણાવજો કે તેમના શિષ્ય એવા જે અમે આપના શિષ્ય જ છીએ અમને કોઈ રીતે માર્ગ પ્રાપ્તિ થાય તેમ કહો. એ વગેરે વાતચીત કરજો. તેમ અમે કયાં શાસ્ત્રો વાંચીએ? શું શ્રદ્ધા રાખીએ? કેમ પ્રવર્તીએ? તે યોગ્ય લાગે તો જણાવો. ભિન્નભાવ કૃપા કરીને અમારા પ્રત્યે આપનો ન હો.

તેમનો સિદ્ધાન્ત ભાગ પૂછજો. એ વગેરે જાણી લેવાનો પ્રસંગ બને તોપણ તેમને જણાવજો કે અમે જે જ્ઞાનાવતાર પુરુષ જણાવ્યા છે તેઓ અને આપ અમારે મન એક જ છો. કારણ કે એવી બુદ્ધિ કરવા તે જ્ઞાનાવતારની અમને આજ્ઞા છે. માત્ર હાલ તેમને અપ્રગટ રહેવાની ઇચ્છા હોવાથી તેમની ઇચ્છાને અનુસર્યા છીએ.

વિશેષ શું લખીએ? હરીચ્છા હશે તે સુખદાયક જ હશે.

એકાદ દિવસ રોકાજો. વધારે નહીં ફરીથી મળજો.

મળવાની હા જણાવજો. હરીચ્છા સુખદાયક છે.

જ્ઞાનાવતાર સંબંધી પ્રથમ તેઓ વાત ઉચ્ચારે તો આ પત્રમાં જણાવેલી વાત વિશેષે કરી દૃઢ કરજો

ભાવાર્થ ધ્યાનમાં રાખજો. એને અનુસરી ગમે તે પ્રસંગે આમાંની તેમની પાસે વાત કરવા તમને છૂટ છે,

જેમ જ્ઞાનાવતારમાં અધિક પ્રેમ તેમને આવે તેમ કરજો. હરીચ્છા સુખદાયક છે.

---

[૧૪૬]

૧૬૮ મુંબઈ, કાર્તિક સુદ ૧૩, સોમ, ૧૯૪૭

એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારનો સંગ રે.

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે.

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. પરમાનંદ ને પરમોપકાર થયો.

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવના હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે, અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનની જ હોય છે.

આજ્ઞાંકિત

---

૧૬૯ મુંબઈ, [illegible]

[illegible]

ચિ. [illegible]

[illegible]

[illegible] ૧૭૦ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ન જ કરવાં. અને ઉપર જણાવી છે તે વાત તમારે હૃદયને લિંગે સમજવાની છે તે પરથી તે પ્રસંગે જે યોગ્ય લાગે તે વાત કરવી. તેનો ભાવાર્થ ન જવો જોઈએ.

'જ્ઞાનાવતાર' સંબંધી તેમને જેમ જેમ ઈચ્છા જાગે તેમ વાતચીત કરવી. તેઓ 'જ્ઞાનાવતાર'નો સમાગમ ઇચ્છે તેવા પ્રકારથી વાતચીત કરવી. જ્ઞાનાવતારની પ્રશંસા કરતા તેમનો અવિનય ન થઈ જાય તે ધ્યાન રાખજો. તેમ 'જ્ઞાનાવતાર'ની અનન્ય ભક્તિ પણ લક્ષમાં રાખજો.

મન મળ્યાનો જોગ લાગે ત્યારે જણાવજો કે તેમના શિષ્ય એવા જે અમે આપના શિષ્ય જ છીએ અમને કોઈ રીતે માર્ગ પ્રાપ્તિ થાય તેમ કહો. એ વગેરે વાતચીત કરજો. તેમ અમે કયાં શાસ્ત્રો વાંચીએ ? શું શ્રદ્ધા રાખીએ ? કેમ પ્રવર્તીએ ? તે યોગ્ય લાગે તો જણાવો. ભિન્નભાવ કૃપા કરીને અમારા પ્રત્યે આપનો ન હો.

તેમનો સિદ્ધાન્ત ભાગ પૂછજો. એ વગેરે જાણી લેવાનો પ્રસંગ બને તોપણ તેમને જણાવજો કે અમે જે જ્ઞાનાવતાર પુરુષ જણાવ્યા છે તેઓ અને આપ અમારે મન એક જ છો. કારણ કે એવી બુદ્ધિ કરવા તે જ્ઞાનાવતારની અમને આજ્ઞા છે. માત્ર હાલ તેમને અપ્રગટ રહેવાની ઇચ્છા હોવાથી તેમની ઇચ્છાને અનુસર્યા છીએ.

વિશેષ શું લખીએ ? હરીચ્છા હશે તે સુખદાયક જ હશે.

એકાદ દિવસ રોકાજો. વધારે નહીં. ફરીથી મળજો.

મળવાની હા જણાવજો. હરીચ્છા સુખદાયક છે.

જ્ઞાનાવતાર સંબધી પ્રથમ તેઓ વાત ઉચ્ચારે તો આ પત્રમાં જણાવેલી વાત વિશેષે કરી દઢ કરજો

ભાવાર્થ ધ્યાનમાં રાખજો. એને અનુસરી ગમે તે પ્રસંગે આમાંની તેમની પાસે વાત કરવા તમને છૂટ છે.

જેમ જ્ઞાનાવતારમાં અધિક પ્રેમ તેમને આવે તેમ કરજો. હરીચ્છા સુખદાયક છે.

---

[૧૪૬]

૧૬૮ મુંબઈ, કાર્તિક સુદ ૧૩, સોમ, ૧૯૪૭

એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારનો સંગ રે.

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે.

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. પરમાનંદ ને પરમોપકાર થયો.

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે, અને એ શાતા ઘણી કરીને પાંચ અનુત્તર વિમાનની જ હોય છે.

આજ્ઞાંકિત

[illegible] મુંબઈ, [illegible]

[illegible]

[illegible] મુંબઈ, [illegible]

[illegible]

પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે.

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે . . . આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈજ નથી. આ નિર્ણય ઘણાય વખત થયાં કરી રાખ્યો છે. જોકે તીર્થંકર થવા ઇચ્છા નથી, પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઈ છે, પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી.

આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્ત્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યુ ઘણું કરી જાણશો.

ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યુ છે.

દશપૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઈ કોઈ જાણે છે પણ તેટલું યોગબળ નથી.

કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાય જણાયાં છે.

એ જ વિનંતિ.

વિ૦ આ૦ રાયચંદ

---

[૧૫૦] ૧૭૧ મુંબઈ, કારતક સુદ ૧૪, બુધ, ૧૯૪૯

સુજ્ઞ ભાઈશ્રી અંબાલાલ ઇ૦

ખંભાત

શ્રી મુનિનું આ સાથે પત્ર[1] બીડ્યું છે. તે તેમને સંપ્રાપ્ત કરશો.

નિરંતર એક જ શ્રેણી વર્તે છે. હરિકૃપા પૂર્ણ છે.

ત્રિભોવને વર્ણવેલી એક પત્રની દશા સ્મરણમાં છે. ફરી ફરી એનો ઉત્તર મુનિના પત્રમાં જણાવ્યો છે તે જ આવે છે. પત્ર લખવાનો ઉદ્દેશ મારા પ્રત્યે ભાવ જગવવા માટેનો છે, એમ જે દિવસ જણાય તે દિવસથી માર્ગનો ક્રમ વીસર્યા એમ સમજી લેજો. આ એ

1. જુઓ પત્ર નં. ૧૭૨

[illegible]

[illegible]

[૧૬૯] ૧૭૨ [illegible] ૧૯૬૦

[illegible]

[illegible]

સમય મેળવીને કોઈ કોઈ અપૂર્વ સાધનનું કારણ થાય, તેવું પ્રશ્ન કરવાનું બને તો કરતા રહેશો.

તમે જે જે જિજ્ઞાસુઓ છો, તે તે પ્રતિદિન અમુક વખતે, અમુક ઘડી સુધી ધર્મકથાર્થે મળવાનું રાખતા હો તો પરિણામે તે લાભનું કારણ થશે.

ઇચ્છા થશે તો કોઈ વેળા નિત્ય નિયમ માટે જણાવીશ. હમણાં નિત્ય નિયમમાં સાથે મળીને એકાદ સારા ગ્રંથનું અવલોકન કરતા હો તો સારું. એ વિષે કંઈ પૂછશો તો અનુકૂળતા પ્રમાણે ઉત્તર આપીશ.

અંબાલાલ આગળ લખેલા પત્રોનું પુસ્તક છે. તેમાંનો કેટલોક ભાગ ઉલ્લાસી સમયમાં અવલોકન કરવામાં મારા તરફથી કંઈ હવે તમને અસમ્મતિ નથી માટે તેઓ પાસેથી સમય પરત્વે મંગાવી લઈ અવલોકન કરશો.

દૃઢ વિશ્વાસથી માનજો કે આ – ને વ્યવહારનું બંધન ઉદય કાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત. પ્રવૃત્તિ છે તો તેને માટે કંઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમકાળની પણ પ્રવૃત્તિ છે. આ ભવે મોક્ષે જાય એવાં મનુષ્યોનો સંભવ પણ ઓછો છે. ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે. તો તે માટે કંઈ ખેદ નથી.

તમને બધાને ખુલ્લી કલમથી જણાવી દેવાની ઇચ્છા થતાં જણાવું છું કે હજુ સુધી મેં તમને માર્ગના મર્મનો (એક અંબાલાલ સિવાય) કોઈ અંશ જણાવ્યો નથી; અને જે માર્ગ પામ્યા વિના કોઈ રીતે જીવનો છૂટકો થવો કોઈ કાળે સંભવિત નથી, તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરુષ બીજો તમારે શોધવો નહીં પડે. એમાં કોઈ રીતની પોતાની સ્તુતિ કરી નથી.

આ આત્માને આવું લખવાનું યોગ્ય લાગતું નથી, છતાં લખ્યું છે.

અંબાલાલનું હાલ પત્ર નથી. લખવા કહેો.

વિ૦ રાયચંદના પ્ર૦

---

[૧૫૨] ૧૭૪ મુંબઈ, કાર્તિક વદ ૫, સોમ, ૧૯૪૭

સતને શરણ જા.

સુજ્ઞ ભાઈશ્રી અંબાલાલ,

તમારું એક પત્ર મળ્યું. તમારા પિતાશ્રીનું ધર્મેચ્છક પત્ર મળ્યું. પ્રસંગે તેમને યોગ્ય ઉત્તર આપવાનું બનશે. તેવી ઇચ્છા કરીશ.

સત્સંગ એ મોટામાં મોટું સાધન છે.

સત્પુરુષની શ્રદ્ધા વિના છૂટકો નથી.

આ બે વિષયનું શાસ્ત્ર ઇત્યાદિકથી તેમને કથન કર્યા કરશો. સત્સંગની વૃદ્ધિ કરશો.

વિ૦ રાયચંદના પ્ર૦

[illegible] [illegible]

[illegible]

[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]

અદ્ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે.

મહાવીર દેવે આ કાળને પંચમકાળ કહી દુષમ કહ્યો, વ્યાસે કળિયુગ કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિઃશંક સત્ય છે. કારણ, ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે, અર્થાત્ સંપ્રદાયોમાં રહ્યાં નથી અને એ મળ્યા વિના છૂટકો નથી. આ કાળમાં મળવાં દુષમ થઈ પડ્યાં છે, માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછા કરવા આશિષ આપશો. ઘણુંય જણાવવાની ઇચ્છા થાય છે. પણ લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઇચ્છના નિશ્ચળ છે.

વિ૦ આજ્ઞાંકિત રાયચંદના દંડવત્

---

[૧૫૫]

૧૭૭ મુંબઈ, કારતક વદ ૧૪, ગુરુ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈશ્રી ત્રિભોવન,

તમારું પત્ર ૧ મળ્યુ. મનન કર્યું.

અંતરની પરમાર્થવૃત્તિઓ થોડા કાળ સુધી પ્રગટ કરવા ઇચ્છા થતી નથી. ધર્મને ઇચ્છવાવાળાં પ્રાણીઓનાં પત્રપ્રશ્નાદિક તો અત્યારે બંધનરૂપ માન્યાં છે. કારણ જે ઇચ્છાઓ હમણાં પ્રગટ કરવા ઇચ્છા નથી, તેના અંશો (નહીં ચાલતાં) તે કારણથી પ્રગટ કરવા પડે છે.

નિત્ય નિયમમાં તમને અને બધા ભાઈઓને હમણાં તો એટલું જ જણાવું છું કે જે જે વાટેથી અનંતકાળથી ગ્રહાયેલા આગ્રહનો, પોતાપણાનો, અને અસત્સંગનો નાશ થાય તે તે વાટે વૃત્તિ લાવવી; એ જ ચિંતન રાખવાથી, અને પરભવનો દૃઢ વિશ્વાસ રાખવાથી કેટલેક અંશે તેમાં જય પમાશે.

વિ૦ રાયચંદના ય૦

---

[૧૫૬]

૧૭૮ મુંબઈ, કારતક વદ ૦)), શુક્ર, ૧૯૪૭

સુજ્ઞ ભાઈશ્રી અંબાલાલ,

અત્ર આનંદવૃત્તિ છે. તમારી અને બીજા ભાઈઓની આનંદવૃત્તિ ઇચ્છું છું. તમારા પિતાજીના બે પત્રો ધર્મ વિષયે મળ્યાં. એ વિષે શું ઉત્તર લખવો ? તેનો બહુ વિચાર રહે છે.

હમણા તો હું કોઈને સ્પષ્ટ ધર્મ આપવાને યોગ્ય નથી, અથવા તેમ કરવા મારી ઇચ્છા રહેતી નથી ઇચ્છા રહેતી નથી એનું કારણ ઉદયમા વર્તતાં કર્મો છે. તેઓની વૃત્તિ મારા તરફ વળવાનું કારણ તમે ઇત્યાદિ છો, એમ કલ્પના છે. અને હું પણ ઇચ્છું છુ કે કોઈ પણ જિજ્ઞાસુ હો તે ધર્મ પામેલાથી ધર્મ પામો; તથાપિ વર્તમાન વર્તું છું તે કાળ એવો નથી. પ્રસંગોપાત્ત મારા કેટલાક પત્રો તેમને વંચાવતા રહેશો, અથવા તેમાં કહેલી વાતનો તમારાથી સમજાય તેટલો હેતુ સમજાવતા રહેશો.

પ્રથમ મનુષ્યને યથાયોગ્ય જિજ્ઞાસુપણું આવવું જોઈએ છે. પૂર્વના આગ્રહો અને અસત્સંગ ટાળવા જોઈએ છે. એ માટે પ્રયત્ન કરશો. અને તેમને પ્રેરણા કરશો તો કોઈ [illegible] જરૂર સંભાળ લેવાનું સ્મરણ કરીશ, નહીં તો નહીં.

[illegible]

[illegible]

[૧૮૮-૧] ૨૭૬ મુંબઈ, કારતક, ૧૯૪૮

ઉપશમ ભાવ

[illegible]

---

[૧૫૨] ૨૮૦ મુંબઈ, [illegible] સુદ ૬, ભોમ, ૧૯૪૭

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે, કોઈનું મિથ્યાત્વ જતું હશે કે નહીં? ઉત્તર આપ્યો, હા જાય. ત્યારે ફરી કહ્યુ કે, જો મિથ્યાત્વ જાય તો મિથ્યાત્વ જવાથી મોક્ષ થયો કહેવાય કે નહીં? ત્યારે તેણે હા કહી કે એમ તો થાય. ત્યારે કહ્યું: એમ નહીં પણ એમ હશે કે આ કાળમા કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી ન મુકાય.

આમાં પણ ઘણા ભેદ છે; પરંતુ આટલા સુધી કદાપિ સાધારણ સ્યાદ્વાદ માનીએ તો એ જૈનનાં શાસ્ત્ર માટે ખુલાસો થયો ગણાય. વેદાંતાદિક તો આ કાળમાં સર્વથા સર્વ કર્મથી મુકાવા માટે જણાવે છે. માટે હજુ પણ આગળ જવાનું છે. ત્યાર પછી વાક્યસિદ્ધિ થાય. આમ વાક્ય બોલવાની અપેક્ષા રાખવી એ ખરું. પરંતુ જ્ઞાન ઊપજ્યા વિના એ અપેક્ષા સ્મૃત થાય એમ બનવું સંભવિત નથી. કાં તો સત્પુરુષની કૃપાથી સિદ્ધિ થાય.

અત્યારે એ જ. થોડું લખ્યું ઘણું કરી જાણજો; ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી. સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે, પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. ત્યાં આ ક્યાંથી પસંદ આવે? નાપસંદ પણ કરાય નહીં.

છેવટે આજે, કાલે અને બધેય વખતે આ જ કહેવું છે કે, આનો સંગ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું. આપને આ વાક્ય કેમ લાગે છે?

વિ૦ રાયચંદ

---

[૧૫૮] ૧૮૧ મુંબઈ, માગશર સુદ ૯, શનિ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ છોટાલાલ,

ભાઈ ત્રિભોવનનું અને તમારું પત્ર મળ્યુ. તેમ જ ભાઈ અંબાલાલનું પત્ર મળ્યુ.

હમણાં તો તમારું લખેલું વાંચવાની ઇચ્છા રાખુ છું. કોઈ પ્રસંગે પ્રવૃત્તિ (આત્માની) થશે તો હુ પણ લખતો રહીશ.

તમે જે વેળા સમતામાં હો, તે વેળા તમારી અંતરની ઊર્મિઓ લખશો.

અહીં ત્રણે કાળ સરખા છે. બેઠેલા વ્યવહાર પ્રત્યે અસમતા નથી; અને ત્યાગવાની ઇચ્છા રાખી છે, પણ પૂર્વ પ્રકૃતિને ટાળ્યા વિના છૂટકો નથી.

કાળની દુષમતા . . . . થી આ પ્રવૃત્તિમાર્ગ ઘણા જીવોને સતનું દર્શન કરતાં અટકાવે છે.

તમને બધાને ભલામણ છે કે આ આત્મા સંબંધે બીજા પ્રત્યે કંઈ વાતચીત કરવી નહીં.

વિ૦ રાયચંદ

---

[૧૫૯] ૧૮૨ મુંબઈ, માગશર સુદ ૧૩, બુધ, ૧૯૪૭

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. વાંચી પરમસંતોષ પ્રાપ્ત થયો.

આપ હૃદયના જે જે ઉદ્‌ગાર દર્શાવો છો; તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સત્યુગનું સ્મરણ થાય છે. આપ પણ લખો છો કે આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળાં થઈ ગયાં છે. કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દૃઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે, અથવા કોઈકને જ તે ઇચ્છા સત્પુરુષના ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.

અત્યંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણયુક્ત હશે જ. એ નિઃશંક છે, પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.

વિ૦ રાયચંદ

---

[૧૯૦] ૧૮૩ મુંબઈ, માગશર સુદ ૧૪, ૧૯૪૭

આનન્દમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રિકાળ નમસ્કાર કરું છું

પરમજિજ્ઞાસાથી ભરેલું તમારું ધર્મપત્ર ગયા પરમ દિવસે મળ્યું. ...

જે જે પ્રશ્નો તેમાં લખ્યા છે, તે કહેવા યોગ્ય જ છે, ... ભક્તિની પ્રબળતા તો આવા પુરુષના સદ્ગુણની ઉજ્જ્વળતાથી થઈ છે ... નથી છે. આ નિઃશંક વાક્ય સર્વ અનંતજ્ઞાનીઓએ સમ્મત કરેલું ... છે.

પ્રતિબન્ધ કરેલો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જે પામ્યો છે, તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરજો. પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને ... અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.

સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય તે બધાં (ક્રિયાથી કરીને બધાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.

મિથ્યાનામધારીના પ્રણામ

---

૧૮૪ મુંબઈ, માગશર સુદ ૧૪, ૧૯૪૭

સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર

તમારું પત્ર ગઈ કાલે મળ્યું.

...

[૧૬૧-૬૨] ૧૮૭ મુંબઈ, માગશર વદ ૦)), ૧૯૪૭

પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.

મહાભાગ્ય, શાંતમૂર્તિ, જીવન્મુક્ત શ્રી સોભાગભાઈ,

અત્ર આપની કૃપાથી આનંદ છે, આપને નિરંતર વર્તો એ આશિષ છે.

છેવટનુ સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયુ છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં ઉત્પન્ન કેમ થશે? એ વળી આશ્ચર્યકારક છે! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે!

કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે; તે મહાત્માઓની જનમંડળને અપિછાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શકયું છે, જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઈશ્વરી અદ્ભુત નિયતિ છે?

એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા, પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયાં. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે; અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનુ કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનુ દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે, તેનું કારણ છે. ભોજો ભગત, નિરાંત કોળી ઇત્યાદિક પુરુષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા. નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમા રાખે છે, એ વિચારતાં અકળ ગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે! હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું? આપના દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહેશે, બાકી નિરુપાયતા છે. (કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે કયુ પદ આપશે? એ કંઈ આપના વિચારમા આવે છે? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઈ રીતે કંઈયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.

આપ જે કંઈ વ્યવહાર ધર્મપ્રશ્નો બીડો છો તે ઉપર લક્ષ અપાતું નથી. તેના અક્ષર પણ પૂરા વાંચવા લક્ષ જતું નથી, તો પછી તેનો ઉત્તર ન લખી શકાયો હોય તો આપ શા માટે રાહ જુઓ છો? અર્થાત્ તે હવે ક્યારે બનશે, તે કંઈ કલ્પી શકાતું નથી.

વારંવાર જણાવો છો, આતુરતા દર્શન માટે બહુ છે; પરંતુ પંચમકાળ મહાવીરદેવે કહ્યો છે, કળિયુગ વ્યાસભગવાને કહ્યો છે, તે ક્યાંથી સાથે રહેવા દે? અને દે તો આપને ઉપાધિયુક્ત શા માટે ન રાખે?

આ ભૂમિકા ઉપાધિની શોભાનું સંગ્રહસ્થાન છે.

શ્રીમદ્ પરમેશ્વરને એક વાર [illegible] છે ત્યાં થાય, નહીં તો થવો દુર્લભ છે. કારણ કે [illegible] છે.

---

૨૮૮ મુંબઈ, [illegible], ૧૯૪૮

ચૈતન્યરૂપ છું તેને નમસ્કાર છે.
સર્વ પ્રકારે સમાધિ છે.

---

[૧૬૩] ૨૮૯ મુંબઈ, [illegible], ૧૯૪૮

[illegible] મુનિ [illegible],
[illegible] પદ [illegible].
[illegible]

---

૨૯૦ મુંબઈ, [illegible]

ચિ. ત્રિભોવનનું [illegible]

[illegible] ન થાય. તે [illegible]

[illegible]

[illegible] છે.

[illegible]

[illegible]

---

[૧૬૪] ૨૯૧ [illegible]

તમને કોઈ પણ પ્રકારે પૂર્વાપર ધર્મપ્રાપ્તિ અસુલભ થાય એમ કરીને કંઈ પણ ન કરવા આજ્ઞા હતી; તેમ જ છેવટના પત્તામાં જણાવ્યું હતું કે હાલ એ વિષે કશી તજવીજ કરશો નહીં. જો જરૂર પડશે તો જેમ તમને પૂર્વાપર અસમાધિ નહીં થાય તેમ તે સંબંધી કરવા લખીશ. આ વાક્ય યથાયોગ્ય સમજાયુ હશે. તથાપિ કંઈ ભક્તિદશાનુયોગે એમ કર્યું જણાય છે.

કદાપિ તમે એટલુ પણ ન કર્યું હોત તો અત્ર આનંદ જ હતો. પ્રાયે એવા પ્રસંગમાં પણ બીજા પ્રાણીને દુભાવવાનુ ન થતું હોય તો આનંદ જ રહે છે. એ વૃત્તિ મોક્ષાભિલાષિને તો બહુ ઉપયોગી છે, આત્મસાધનરૂપ છે.

સતને સતરૂપે કહેવાની પરમ જિજ્ઞાસા જેની નિરંતર હતી એવા મહાભાગ્ય કબીરનું એક પદ એ વિષે સ્મરણ કરવા જેવું છે. અહીં એક તેની માથેની ટૂંક લખી છે :

"કરના ફકીરી કયા દિલગીરી, સદા મગન મન રહેના જી."

એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે. પરમાર્થચિંતા હોય એ વિષય જુદો છે; વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું એ એક માર્ગ માપવાનું સાધન છે.

તમે આ વેળા જે કંઈ મારા પ્રત્યે કર્યું છે, તે એક જુદો જ વિષય છે; તથાપિ વિજ્ઞાપન છે કે કોઈ પણ પ્રકારે તમને અસમાધિરૂપ જેવું જણાય ત્યારે એ વિષય પરત્વે અત્ર લખી વાળવું, એટલે યોગ્ય વ્યવસ્થા કરવાનો બનતો પ્રયાસ થશે.

હવે એ વિષયને એટલેથી અહીં મૂકી દઉ છુ.

અમારી વૃત્તિ જે કરવા ઇચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે; એ વિષે વારંવાર જાણી શકયા છો; તથાપિ કંઈ સમવાય કારણની ન્યૂનતાને લીધે હાલ તો તેમ કંઈ અધિક કરી શકાતું નથી. માટે ભલામણ છે કે અમે હાલ કંઈ પરમાર્થજ્ઞાની છીએ અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં. કારણ કે એ અમને વર્તમાનમાં પ્રતિકૂળ જેવું છે.

તમે જેઓ સમજ્યા છો, તેઓ માર્ગને સાધ્ય કરવા નિરંતર સત્પુરુષનાં ચરિત્રનું મનન રાખજો. તે વિષય પ્રસંગે અમને પૂછજો. સત્શાસ્ત્રને અને સત્કથાને તેમ જ સદ્વ્રતને સેવજો.

વિ૦ નિમિત્તમાત્ર

---

[૧૬૬] ૧૯૩ મુંબઈ, પોષ વદિ ૨, સોમ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ,

અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે. જેથી તેઓએ જે જે વિજ્ઞાપન કર્યું તે તમે વાંચ્યું છે. યથાયોગ્ય અવસર પ્રાપ્ત થયે એ વિષે ઉત્તર લખી શકાય તેવું છે; તેમ જ ક્રમશઃ આગમ (સ્થિતિમાં પ્રવર્તે છે તે સ્થિતિ) મૂકી દેવાનું કંઈ અવશ્ય નથી; અમારા સમાગમનું અવશ્ય જણાવ્યું તે ખચીત હિતસ્વી છે. તથાપિ અત્યારે એ દશાનો યોગ આવે તેમ નથી. નિરંતર અત્ર આનંદ છે. ત્યાં ધર્મયોગની વૃદ્ધિ કરવા સર્વને વિનંતિ છે.

વિ૦ રા૦

---

[૧૬૭] ૨૬૮ મુંબઈ, [illegible] ૧૯૪૭

જીવને આવી મળતા નથી એવું શું કરવું?

જો વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે [illegible]

વાત વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી. [illegible] [illegible] કિંચિત્ કુપાતી [illegible] એ માટે જે કંઈ [illegible]

તમને લાગે છે કે માર્ગ સરળ છે. પણ પ્રાપ્તિ યોગ [illegible]

સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ

આપ [illegible] નિરંતર [illegible] છે [illegible]

[illegible]

હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે મિથ્યા ધર્મવાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો, પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો. જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી, આ અમારો નિશ્ચય છે.

આ વાત તમે જે વાંચો તે સુજ્ઞ મગનલાલ અને છોટાલાલને કોઈ પણ પ્રકારે સંભળાવજો, વંચાવજો.

યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.

---

[૧૭૨] **૧૯૯** મુંબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭

ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનુ બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.

ધર્મને રૂપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયુ છે; એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.

[૧૭૩-૧] **૨૦૦** મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

વચનાવલી

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સતસુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યુ છે.

૨. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. [1]જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ

---

૧ પાઠાન્તર — જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી, આ અનાદિ કાળનું ગુપ્ત તત્ત્વ સંતોના હૃદયમાં રહ્યું તે પાને ચઢાવ્યું છે.

[illegible]

૮. [illegible] છે.

૯. [illegible]

૧૦. [illegible] છે.

૧૧. [illegible]

૧૨. [illegible]

૧૩. [illegible]

૧૪. [illegible] છે.

[illegible]

[illegible] ૨૦૧ [illegible]

[illegible] છે. [illegible]

અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની [illegible] છે

[illegible]

[illegible]

[૧૭૭] ૨૦૬ મુંબઈ, માહ વદ ૧૩, રવિ, ૧૯૪૭

ઘટ પરિચય માટે આપે કંઈ જણાવ્યું નથી તે જણાવશો. તેમ જ મહાત્મા કબીરજીનાં બીજાં પુસ્તકો મળી શકે તો મોકલવા કૃપા કરશો.

પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે. જ્યાં સુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં, ત્યાંસુધી પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રિવાજ છે. અમે તો દીન માત્ર છીએ.

ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.

---

[૧૭૯] ૨૦૭ મુંબઈ, માહ વદ ૦)) ૧૯૪૭

કોઈ જાતની ક્રિયા જોકે ઉથાપવામાં નહીં આવતી હોય તોપણ તેઓને લાગે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ; જે કારણ ટાળવું એ કલ્યાણરૂપ છે.

પરિણામે 'સત્'ને પ્રાપ્ત કરાવનારી, પ્રારંભમાં 'સત્'ની હેતુભૂત એવી તેમની રુચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગોપાત્ત તેમનાથી પરિચય કરવો; તો તેમના સમાગમથી પણ કલ્યાણ જ વૃદ્ધિ પામશે; અને પેલું કારણ પણ ટળશે.

જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે એવાં વચનો કરતાં 'વૈતાલીય' અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે; અને બીજાં મતભેદવાળાં પ્રાણીને પણ તેમાં અરુચિ થતી નથી.

જે સાધુઓ તમને અનુસરતા હોય, તેમને સમય પરત્વે જણાવતા રહેવું કે, ધર્મ તેનું નામ આપી શકાય કે જે ધર્મ થઈને પરિણમે; જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે; આપણે આ બધી ક્રિયા અને વાંચના ઇત્યાદિક કરીએ છીએ, તે મિથ્યા છે, એમ કહેવાનો મારો હેતુ તમે સમજો નહીં તો હું તમને કંઈ કહેવા ઇચ્છું છું, આમ જણાવી તેમને જણાવવું કે આ જે કંઈ આપણે કરીએ છીએ, તેમાં કોઈ એવી વાત રહી જાય છે કે જેથી 'ધર્મ અને જ્ઞાન' આપણને પોતાને રૂપે પરિણમતાં નથી, અને કષાય તેમ જ મિથ્યાત્વ (સંદેહ)નું મંદત્વ થતું નથી; માટે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે; અને તે વિચાર્યે કંઈક આપણે ફળ પામ્યા વિના રહેશું નહીં. આપણે બધું જાણવાનું પ્રયત્ન કરીએ છીએ પણ આપણો 'સંદેહ' કેમ જાય તે જાણવાનું પ્રયત્ન કરતા નથી. એ જ્યા સુધી નહીં કરીએ ત્યાં સુધી 'સંદેહ' કેમ જાય ? અને સંદેહ હોય ત્યાં સુધી જ્ઞાન પણ ન હોય; માટે સંદેહ જવાનું પ્રયત્ન કરવું જોઈએ. એ 'સંદેહ એ છે કે આ જીવ ભવ્ય છે કે અભવ્ય ? મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યક્દૃષ્ટિ ? સુલભબોધી છે કે દુર્લભબોધી ? તુચ્છસંસારી છે કે અધિકસંસારી ? આ આપણને જણાય તેવું પ્રયત્ન કરવું જોઈએ. આવી જાતની જ્ઞાનકથાનો તેમનાથી પ્રસંગ રાખવો યોગ્ય છે.

પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે; પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે, અને તે એ કે 'અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું અપૂર્વ અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું.'

'સત્' સત્ જ છે, સરળ છે, સુગમ છે; સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ 'સત્'ને

[illegible] '[illegible]' [illegible]

[illegible]

[૧૮૦] ૨૦૮ મુંબઈ, [illegible] ૧૯૦?

[illegible]

૨૦૯

[illegible]

શું લખવું? તે તો કંઈ સૂઝતું નથી; કારણ કે દશા જુદી વર્તે છે; તોપણ પ્રસંગે કોઈ સદ્વૃત્તિ થાય તેવી વાંચના હશે તો મોકલીશ. અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ.

સર્વેએ એટલું જ હાલ તો કરવાનું છે કે જૂનુ મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને મૂકવા યોગ્ય જ છે એમ દૃઢ કરવું.

માર્ગ સરળ છે, પ્રાપ્તિ દુર્લભ છે.

[1]સાથેના પત્રો વાંચી તેમાં યોગ્ય લાગે તે ઉતારી લઈ મુનિને આપજો. તેમને મારા વતી સ્મૃતિ અને વંદન કરજો અમે તો સર્વના દાસ છીએ. ત્રિભોવનને જરૂર બોલાવજો.

---

[૧૮૧] ૨૧૧ મુંબઈ, માહ વદ ૦)), ૧૯૪૭

'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે

'સત્' જે કંઈ છે, તે 'સત્ જ' છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમા કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય; તેમ જ આવરણતિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનાની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી, અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે, કલ્પનાથી 'પર' (આઘે) છે, માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે, અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમા નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનુ સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યુ છે; માટે ફરી ફરીને તેને સંભારજો; વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં 'સત્' જ કહ્યુ છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.

---

[૧૮૩] ૨૧૨ મુંબઈ, માહ વદ, ૧૯૪૭

સત્‌ને નમોનમઃ

વાંછા–ઇચ્છાના અર્થ તરીકે 'કામ' શબ્દ વપરાય છે, તેમ જ પંચેંદ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.

'અનન્ય' એટલે જેના જેવો બીજો નહીં, સર્વોત્કૃષ્ટ. અનન્ય ભક્તિભાવ એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.

મુમુક્ષુ વૈ૦ યોગમાર્ગના સારા પરિચયી છે, એમ જાણું છું, સદ્વૃત્તિવાળા યોગ્ય જીવ

'પદ'નો તમે સાક્ષાત્કાર પૂછ્યો, તે તેમને કહ્યુ થયો નથી.

---

[1] જુઓ ૨૧૧, ૨૧૨.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરીફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં કવચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી; અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ?

હે નાથ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ; જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે?

જ્ઞાની પુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઈશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઈ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાની પુરુષને કંઈ કર્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઈ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.

વિ૦ આજ્ઞાંકિત —

---

[૧૮૫]

૨૧૪ મુંબઈ, ફાગણ સુદ ૫, રવિ, ૧૯૪૭

અનેકતા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે તે બંધાય છે. ન આવવા માટે એ પ્રાણીએ તે રચનાના કારણ પ્રત્યે પ્રીતિ કરવી; અને પોતાની

[illegible] પરિત્યાગ કરવો. [illegible] યોગ્ય છે, અને [illegible] માટે [illegible] [illegible] છે. [illegible] છે, [illegible] છે.

[illegible] 'પ્રબોધ શતક' [illegible] ચોગ્ય [illegible] કરીએ.

[illegible] છે, [illegible] છે [illegible] છે, [illegible] છે, [illegible] છે.

[illegible]

---

[૫૬૨] મુંબઈ [illegible] ૧૯૫૧

[illegible]

[illegible]

પર્યાયાંતર ભાસે છે. અને તે તેની સત્તા છે. તેમ આ સમસ્ત વિશ્વ તે 'સત્'નું પર્યાયાંતર છે, પણ 'સત્'રૂપ જ છે.

[૧૭૩ (૨)+૩૩૮ (૨)] **૨૧૭** મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

પરમ પૂજ્ય,

આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગળ આ સાથે બીડું છું.

પરમાત્મામા પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તોપણ કરવો યોગ્ય જ છે. સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસગને લીધે તેમા ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. કદાપિ સર્વાત્માની એવી જ ઇચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું. પણ પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમા જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.

ગોપાગનાની જેવી શ્રીમદ્ ભાગવતમાં પ્રેમભક્તિ વર્ણવી છે, એવી પ્રેમભક્તિ આ કળિકાળમાં પ્રાપ્ત થવી દુર્લભછે, એમ જોકે સામાન્ય લક્ષ છે; તથાપિ કળિકાળમાં નિશ્ચળ મતિથી એ જ લય લાગે તો પરમાત્મા અનુગ્રહ કરી શીઘ્ર એ ભક્તિ આપે છે.

જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે; એ દશા વારંવાર સાંભરી આવે છે. અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે. એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવા કારણથી મને પણ અસગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમદુઃખ થાય છે. યમ અ તકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. એમ અંતર્વૃત્તિઓ ઘણી જ છે કે જે એક જ પ્રવાહની છે. લખી જતી નથી; રહ્યું જતું નથી; અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો પણ ઘણુંકરીને વિચાર પણ રહેતો નથી.

'સત્-મત્' એનું રટણ છે. અને સત્નું સાધન 'તમે' તે ત્યાં છો. અધિક શું કહીએ? ઈશ્વરની ઇચ્છા એવી છે, અને તેને રાજી રાખ્યા રહ્યા વિના છૂટકો નથી, નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ; અને ધાર્યું કરીએ, પરમ પીયૂષ અને પ્રેમભક્તિમય જ રહીએ! પણ પ્રારબ્ધકર્મ બળવત્તર છે!

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન [illegible] અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં, તથાપિ આપને, અંતર્ગત સમજાયુ

છે, તે જણાવ્યું હતું, કે જે કંઈ પાપ છે તે [illegible] [illegible] ઉદાસીન, ન [illegible] [illegible] [illegible] કરવી અને ન [illegible] કદાપિ [illegible] આવું આપનું હોય તો [illegible] અને [illegible] હોય તો તેને [illegible] કરી દેવું, તથાપિ [illegible] કેમ? [illegible] વિચાર કરવો નહીં. અને જે [illegible] નહીં. [illegible] નહીં. તથાપિ [illegible] નહીં; [illegible] છે, તે [illegible] છે [illegible] છે, અને તથાપિ [illegible] છે [illegible] છે.

[illegible]

[illegible]

પણ આપ મારા અંતરને સમજી લેશો, એમ મને નિઃશંકતા છે.

લિ૦ આજ્ઞાંકિત રાયચંદ.

---

[૧૮૭] ૨૧૮ મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭

સર્વાત્મા હરિને નમસ્કાર

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યુ છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયુ નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે, પણ કોઈ જોગજીવ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતા પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી, શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્' રૂપ હોય છે.

જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો છે કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યુ છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થવુ છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યુ છે. અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે. જેથી ભ્રાતિમાં પડયા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચડેલું વહાણ, અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ઘસાઈ જઈ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચડ્યું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[૧૮૮] **૨૧૯** મુંબઈ, ફાગણ વદ ૧, ૧૯૪૭

"એક દેખિયે, જાનિયે"[1] એ દોહા વિષે આપે લખ્યુ, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો. એવી લય તો ગોપાંગનાને હતી. શ્રીમદ્‌ભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવ ભગવાન પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે, તે પરમાહ્‌લાદક અને આશ્ચર્યક છે.

"નારદ ભક્તિસૂત્ર" એ નામનું એક નાનું શિક્ષાશાસ્ત્ર મહર્ષિ નારદજીનું રચેલુ છે; તેમાં પ્રેમભક્તિનું સર્વોત્કૃષ્ટ પ્રતિપાદન કર્યું છે.

ઉદાસીનતા ઓછી થવા આપે બે ત્રણ દિવસ અત્ર દર્શન દેવાની કૃપા બતાવી, પણ તે ઉદાસીનતા બે ત્રણ દિવસના દર્શનલાભે ટળે તેમ નથી. પરમાર્થ ઉદાસીનતા છે. ઇશ્વર નિરંતરનો દર્શનલાભ આપે એમ કરે તો પધારવું — નહીં તો હાલ નહીં.

---

[૧૯૧] **૨૨૦** મુંબઈ, ફાલ્ગુન વદ ૩, શનિ, ૧૯૪૭

આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યુ. જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી. ભક્તિ વિષેનાં પ્રશ્નોનો ઉત્તર પ્રસંગે લખીશ. અમે આપને જે વિગતવાળા પત્રમા 'અધિષ્ઠાન' વિષે લખ્યુ હતું તે સમાગમે સમજી શકાય તેવું છે.

'અધિષ્ઠાન' એટલે જેમાથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. એ વ્યાખ્યાને અનુસરી "જગતનું અધિષ્ઠાન" સમજશો.

જૈનમાં ચૈતન્ય સર્વ વ્યાપક કહેતા નથી. આપને એ વિષે જે કંઈ લક્ષમાં હોય તે લખશો.

[૧૮૯–૧૯૦] **૨૨૧** મુંબઈ, ફાલ્ગુન વદ ૮, બુધ, ૧૯૪૭

શ્રીમદ્‌ભાગવત પરમભક્તિરૂપ જ છે. એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરૂપને સૂચવવા માટે છે.

મુનિને સર્વવ્યાપક અધિષ્ઠાન આત્મા વિષે, કંઈ પૂછવાથી લક્ષરૂપ ઉત્તર મળી નહીં શકે. કલ્પિત ઉત્તરે કાર્યસિદ્ધિ નથી. આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં, કારણ કે તે કલ્પિત છે; અને કલ્પિત પર લક્ષ નથી.

પરસ્પર સમાગમ–લાભ પરમાત્માની કૃપાથી થાય એવું ઇચ્છું છું. આમ ઉપાધિ જોગ વિશેષ વર્તે છે, તથાપિ સમાધિમાં જોગની અપ્રિયતા કોઈ કાળે નહીં થાય એવો ઇશ્વરનો અનુગ્રહ રહેશે એમ લાગે છે. વિશેષ વિગતવાર પત્ર લખીશ ત્યારે.

વિ૦ રાયચંદ

---

1. એક દેખિયે જાનિયે, રમી રહિયે ઇક ઠોર;
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઓર. સમયસારનાટક. જીવદ્વાર.

[illegible] ૨૨૨ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ૨૨૩ [illegible]

[illegible]

[illegible]

[illegible]

દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વપ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિજ્ઞાનીરૂપ પરમાત્માની — ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્‌ભાગવતમાં ભગવદ્‌ગીતામા ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠિ મંત્રમાં "નમો અરિહંતાણં" પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે, એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ, અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.

બીજુ એક પ્રશ્ન (એકથી અધિક વાર) આપે એમ લખ્યુ હતું કે વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઈએ તેવું લાભરૂપ લાગતું નથી; અને કઠણાઈ રહ્યા કરે છે.

પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે. એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનુ કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયુ લાગે છે, તથાપિ તેમ નથી. જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી, કારણ કે તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે, તેમ અષ્ટમહાસિદ્ધિ અને નવવિધિ પણ પ્રસિદ્ધ જ છે; તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી, અને હોવી જોઈએ. એ કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે, અને એમ જ હો. × × × રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યુ અને વર માગવા કહ્યું ત્યારે × × × રાજાએ એ માગ્યું કે હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનુ ફરીથી મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.

કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે. કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્‌ભક્તને સરખા જ છે, અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.

આપને તો એ વાર્તા જાણવામા છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ લાગતું હોય તો તેનું કારણ એક જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે. અધિક શું કહેવું? એ એમ જ છે.

જે જે વાટેથી અનંતકાળથી ગ્રહાયેલા આગ્રહનો, પોતાપણાનો અને અસત્સંગનો

[illegible] નિરંતર [illegible] રાખવાથી કેટલેક અંશે ઓછાં થવા સંભવ છે.

---

૨૨૪ [illegible]

[illegible]

---

૨૨૫ [illegible]

[illegible]

---

૨૨૬ [illegible]

[illegible]

[illegible]

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.
નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો.
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.
એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો.
એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવજો.
મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો.
ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;

એ વાત એમ ટૂંકી કરી હવે આપને પ્રશ્ન કરવું યોગ્ય છે કે ચિત્તની માયાનાં પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય, અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે, એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ? અને પોતાની બુદ્ધિએ નહીં, તથાપિ લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ? આપણે આકુળ થવાથી કંઈ કરી શકીએ છીએ કે કેમ? અને જો કરી શકીએ છીએ તો પછી ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે?

જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિઃસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ? અને અમે જ્યોતિષ જાણીએ છીએ અથવા કંઈક કરી શકીએ છીએ એમ ન માનો તો સારું, એવી હાલ ઇચ્છા છે. તે આપને રુચે છે કે કેમ? તે લખશો.

---

[૨૦૦] ૨૩૪ મુંબઈ, ચૈત્ર સુદ ૧૦, શનિ, ૧૯૪૭

સર્વાત્મસ્વરૂપને નમસ્કાર

પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે **સમીપ** જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ. પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધે જ આમ વર્તીએ છીએ. તથાપિ આપની અધિક આકુળતા જોઈ કંઈ કંઈ આપને ઉત્તર આપવો પડ્યો છે તે પણ સ્વેચ્છાથી નથી; આમ હોવાથી આપને વિનંતિ છે કે સર્વ માયિક વિદ્યા અથવા માયિક માર્ગ સંબંધી આપના તરફથી મારી બીજી દશા થતાં સુધી સ્મરણ ન મળવું જોઈએ, એમ યોગ્ય છે. જોકે હું આપનાથી જુદો નથી, તો આપ સર્વ પ્રકારે નિરાકુળ રહો. તમારા પ્રત્યે પરમપ્રેમ છે, પણ નિરુપાયતા મારી છે.

---

[૨૯૧] ૨૩૫ મુંબઈ, ચૈત્ર સુદ ૧૪, ગુરુ, ૧૯૪૭

વિગતવાર પત્રથી એક થોડો ભાગ બાદ કરતાં બાકીનો ભાગ પરમાનંદનું નિમિત્ત થયો હતો. જે થોડો ભાગ બાધકર્તારૂપ છે, તે ઈશ્વરાનુગ્રહે આપના હૃદયથી વિસ્મૃત થશે એવી આશા રહ્યા કરે છે.

જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ, દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે, તથાપિ એમાં પણ કંઈ સમજવા જેવું છે એ ખરું છે. પ્રસંગે એ વિષે લખીશ.

ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તે થવા દેવું એ ભક્તિમાનને સુખદાયક છે.

---

[૨૦૨] ૨૩૬ મુંબઇ, ચૈત્ર સુદ ૧૫, ગુરુ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,

અહીં કુશળતા છે. તમારું કુશળપત્ર સંપ્રાપ્ત થયુ. રતલામથી વળતાં તમે અહીં આવવા ઇચ્છો છો તે ઇચ્છામાં મારી સમ્મતિ છે. ત્યાંથી વિદાય થવાનો દિવસ ચોક્કસ થયે અહીં દુકાન ઉપર ખબર લખશો.

તમે અહીં આવો ત્યારે તમારો અમારા વિષે જે કંઈ પરમાર્થ પ્રેમ છે, તે જેમ

આ પત્ર વારંવાર મનન કરવા જેવું છે.

વારંવાર ઊગે છે કે અબંધ, બંધનયુક્ત હોય? તમે શું ધારો છો?

વિ૦ રાયચંદના પ્રણામ

---

૨૩૭ મુંબઈ, ચૈત્ર વદ ૨, શનિ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ ત્રિભોવન,

"પરેચ્છાનુચારીને શબ્દભેદ નથી." એ વાકચનો અર્થ સમાગમે પૂછજો.

પરમ સમાધિરૂપ જ્ઞાનીની દશાને નમસ્કાર.

વિ૦ રાયચંદના પ્રણામ

---

[૨૦૩] ૨૩૮ મુંબઈ, ચૈત્ર વદ ૩, રવિ, ૧૯૪૭

તે પૂર્ણપદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.

ચારેક દિવસ પહેલાં આપનુ પત્ર મળ્યુ. પરમ સ્વરૂપના અનુગ્રહથી અત્ર સમાધિ છે. આપની ઇચ્છા સદ્‌વૃત્તિઓ થવા રહે છે; એ વાંચી વારંવાર આનંદ થાય છે.

ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને 'સત્' પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે; અને તેની પ્રાપ્તિને વિષે પરમ કારણરૂપ એવો 'સત્સંગ' તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે. મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે; તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો જોગ થવો જીવને બહુ કઠણ છે; અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે. માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે, અને તેથી જીવ પણ તે ત્રિવિધતાપ–અગ્નિથી બળ્યા કરે છે; તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે; તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણ પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઈ પડી છે. પણ એ જ વસ્તુની ચિંતના રાખવી 'સત્'ને વિષે પ્રીતિ, 'સત્' રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવાં વૈરાગ્યાદિક ચરિત્રવાળા પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાં મનુષ્યનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે. અત્ર સમાધિ છે.

---

[૨૦૪] ૨૩૯ મુંબઈ, ચૈત્ર વદ ૭, ગુરુ, ૧૯૪૭

'આપ્યું સૌને તે અક્ષરધામ રે.'

ગઈ કાલે એક કૃપાપાત્ર મળ્યુ હતું. અત્ર પરમાનંદ છે.

કોઈ ઉપાધિસંયુક્ત કાળ ઘણો જાય છે, ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તવું શ્રેયસ્કર છે અને યોગ્ય છે, એટલે જેમ ચાલે છે તેમ ઉપાધિ હો તો ભલે, ન હો તોપણ ભલે, જે હોય તે સમાન જ છે.

જ્ઞાનવાર્તા સંબંધી અનેક મંત્ર આપને જણાવવા ઇચ્છા થાય છે; તથાપિ વિરહકાળ

રાખવું, ક્વચિત્ ક્લેશ કરે તો સહન કરવો. જતાં જ પ્રથમથી બળવાન ક્લેશ કરવાની વૃત્તિ દેખાય તો કહેવું કે "આવો ક્લેશ માત્ર વિષમ દૃષ્ટિવાળા માણસો ઉત્પન્ન કરાવે છે. અને જો તમે ધીરજ રાખશો તો અનુક્રમે તે કારણ તમને જણાઈ રહેશે. વગર કારણે નાના પ્રકારની કલ્પના ફેલાવવાનો જેને ભય ન હોય તેને આવી પ્રવૃત્તિ યોગ્ય છે. તમારે ક્રોધાતુર થવું યોગ્ય નથી. તેમ થવાથી ઘણા જીવોને માત્ર રાજીપો થશે. સંઘાડાની, ગચ્છની અને માર્ગની વગર કારણે અપકીર્તિ થવા પ્રત્યે તમારે ન જવું જોઈએ. અને જો શાંત રહેશો તો અનુક્રમે આ ક્લેશ સર્વથા શમી જશે. લોકો તે જ વાત કરતાં હોય તો તે તમારે નિવારવી યોગ્ય છે, ત્યાં તેને ઉત્પન્ન કરવા જેવું અથવા વધારવા જેવું ન કથવું જોઈએ. પછી જેમ આપની ઇચ્છા."

મુનિ લલ્લુજી પ્રત્યે તમે મારે માટે કહેલું છે તે વાત સિદ્ધ કરવા હું માગું છું એમ જણાવે તો જણાવવું કે "તે મહાત્મા પુરુષ અને તમે ફરી મળો ત્યારે તે વાતનો યથાર્થ ખુલાસો મેળવી મારા પ્રત્યે ક્રોધાતુર થવું યોગ્ય લાગે તો તેમ કરશો. હાલ તમે તે વિષે યથાર્થ ખુલાસેથી શ્રવણ નહીં કર્યું હોય એમ જણાય છે.

"તમારા પ્રત્યે દ્વેષબુદ્ધિ કરવાનુ મને કહ્યું નથી. તેમ તમારા માટે વિસંવાદ ફેલાવવાની વાત પણ કોઈને મોઢે મે કરી નથી. આવેશમાં કિંચિત્ વચન નીકળ્યુ હોય તો તેમ પણ નથી. માત્ર દ્વેષવાન જીવોની આ બધી ખટપટ છે.

"તેમ છતાં જો તમે કંઈ આવેશ કરશો તો હુ પામર છું એટલે શાંત રહ્યા સિવાય બીજો કોઈ મારો ઉપાય નથી, પણ આપને લોકોના પક્ષનું બળ છે, એમ ગણી જો આવેશ કરવા જશો તો થઈ શકશે. પણ તેથી આપને, અમને અને ઘણા જીવોને કર્મનો દીર્ઘબંધ થશે; સિવાય બીજુ ફળ નહીં આવે. અને અન્ય લોકો રાજી થશે. માટે શાંત દૃષ્ટિ રાખવી યોગ્ય છે."

આવું કોઈ પ્રસંગે કહેવું ઘટે તો કહેવું. પણ તે કંઈક પ્રસન્નતામાં દેખાય ત્યારે કહેવું. અને કહેતાં તેની પ્રસન્નતા વધતી જતી હોય, અથવા અપ્રસન્નતા થતી ન દેખાતી હોય ત્યાં સુધી કહેવું.

બીજા ત્રીજા માણસો દ્વારા તે આડીઅવળી વાત ફેલાવે અથવા બીજા તેવી વાત લાવે તો કહેવું કે તમારો બધાનો કષાય કરવાનો હેતુ મારા સમજવામાં છે. કોઈ બાઈ, ભાઈ પર કલંકની વાત ચડાવતાં આટલો બધો રાજીપો રાખો છો તેમાં ક્યાંક માઠું થઈ જશે. મારી સાથે તમારે વધારે વાત ન કરવી. તમારે તમારું કરવું. એવી રીતે યોગ્ય ભાષામાં અવસર દેખાય ત્યારે કહેવું. બાકી શાંત રહેવું. મનમાં મુઝાવું નહીં ઉપાશ્રયે જવું, ન જવું, સાણંદ જવું ન જવું તે અવસરોચિત જેમ તમને લાગે તેમ કરશો. પણ મુખ્યપણે શાંત રહેશો અને સિદ્ધ કરી દેવા સંબંધી કાંઈ પણ ચોખવટ પર ધ્યાન આપશો નહીં. એવું ધૈર્ય રાખી, આત્માર્થમાં નિર્ભય રહેજો.

વાત લાવનારને કહેવું કે મનની કલ્પિત વાતો શા માટે ચલાવો છો? કંઈક પરમેશ્વરી ડર રાખો તો સારું એમ યોગ્ય શબ્દોમાં કહેવું, આત્માર્થમાં પ્રયત્ન કરવું.

કર્યો છે; તેમાં પણ ચિત્તની દશા મુખ્ય કારણરૂપ છે, હાલમાં આપ કેવા પ્રકારથી કાળ વ્યતીત કરો છો, તે જણાવશો, અને શું ઇચ્છા રહે છે, તે પણ જણાવશો. વ્યવહારનાં કાર્ય વિષે શું પ્રવૃત્તિ છે, અને તે વિષે શું ઇચ્છા રહે છે; તે પણ જણાવશો. એટલે કે તે પ્રવૃત્તિ સુખરૂપ લાગે છે કે કેમ? તે જણાવશો.

ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિઇચ્છા સુખદાયક માનીએ છીએ. એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ. ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયુ વ્યતીત કરી નખાય છે, અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનુ થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્ત્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમા ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો. એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ. એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે, અત્યારે તો બધુંય ગમે છે, અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણકામતા પણ કહેવાય છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે. અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.

જે રસ જગતનુ જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિપ્રત્યે અતિશય લય થઈ છે. અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ........ આવશે, એવો ભવિષ્યકાળ ઈશ્વરેચ્છાને લીધે લખ્યો છે.

અમે અમારો અંતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઈ ગયા છીએ; જેથી સમાગમને ઇચ્છીએ છીએ, પણ ઈશ્વરેચ્છા હજુ તેમ કરવામાં અસમ્મત લાગે છે; જેથી વિયોગે જ વર્તીએ છીએ.

તે પૂર્ણસ્વરૂપ હરિમાં પરમ જેની ભક્તિ છે, એવો કોઈ પણ પુરુષ હાલ નથી દેખાતો તેનું શુ કારણ હશે? તેમ તેવી અતિ તીવ્ર અથવા તીવ્ર મુમુક્ષુતા કોઈની જોવામાં આવી નથી તેનું શું કારણ હશે? ક્વચિત્ તીવ્ર મુમુક્ષુતા જોવામાં આવી હશે તો ત્યાં અનંતગુણગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય? એ માટે આપ જે લાગે તે લખશો. બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે આપ જેવાને સમ્યક્જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતા ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઈએ તેટલો કેમ વર્ધમાન નથી થતો? એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો.

અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શું કરવું? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠાં છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઈને દુઃખરૂપ ન

ઘણું કરીને સત્પુરુષનાં દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે, ત્યારે સદ્ધર્મરૂપ સમાધિ મુમુક્ષુ પુરુષને કયાંથી પ્રાપ્ત હોય? અને અમુક કાળ વ્યતીત થયાં છતાં જ્યારે તેવી સમાધિ પ્રાપ્ત નથી થતી ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે?

ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે. જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે; અને આર્યત્વને વિષે મતિ કરતો નથી.

માટે મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનુ પરમ સાધન છે.

પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયુ નથી, અને સાંભળ્યુ નથી.

પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનુ ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ- કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.

---

[૨૧૨] ૨૫૦ મુંબઈ, જેઠ સુદ ૧૫, રવિ, ૧૯૪૭

ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે
એક તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં,
સર્વદશામાં ભક્તિમય જ રહેવું.

ગઈ કાલે એક પત્તું અને આજે એક પત્ર ચિ. કેશવલાલ તરફથી મળ્યું. વાંચીને કંઈક તૃપાતુરતા મટી. અને ફરી તેવા પત્ર પ્રત્યેની આતુરતા વર્ધમાન થઈ.

વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે. તથાપિ વ્યવહારચિંતાનું અકળામણ તો યોગ્ય નથી. સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દૃઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું; માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઈ લઈશું. હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચીત કરીશું. અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.

ચિ૦ કેશવલાલ અને લાલચંદ અમારી પાસે આવે છે. ઈશ્વરેચ્છાથી ટગમગ ટગમગ જોઈએ છીએ. ઈશ્વર જ્યાં સુધી પ્રેરે નહીં ત્યાં સુધી અમારે કંઈ કરવું નહીં, અને તે વગર પ્રેર્યે કરાવવા ઇચ્છે છે. આમ હોવાથી ઘડી ઘડીમાં પરમાશ્ચર્યરૂપ દશા થયા કરે

[૨૧૬] ૨૫૪ મુંબઈ, અષાડ સુદ ૮, ભોમ, ૧૯૪૭

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે, પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ-જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ દૈન્યતાની[1] ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા,' એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે, (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

[2]સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની યોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બંને થયા હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ યોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા

---

૧ પાઠાન્તર : પરમ વિનયની ઓછાઈ.

૨. પાઠાન્તર : તથારૂપ ઓળખાણ થયે સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને યોગ્યતા આવતી નથી

એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ – મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી, જાતભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યુ નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી,— અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયુ છે; પાંચે ઇંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે; નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતાં નથી; કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ, અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાનિ છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે, આટલું બધું છતા મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ, અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ; આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ; પણ તે કરવામાં કાળ કારણભૂત થઈ પડ્યો છે; અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી. એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ, લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ; જાળવીએ છીએ, અને ખેદ પામીએ છીએ. વળી હસીએ છીએ.— જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે; અને તેનું કારણ માત્ર હરિની સુખદ ઇચ્છા જ્યા સુધી માની નથી ત્યા સુધી ખેદ મટવો નથી.

(अ) સમજાય છે, સમજીએ છીએ, સમજશું; પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે.

જે મુનિને આપ સમજાવવા ઇચ્છો છો, તે હાલ જોગ્ય છે, એમ અમે જાણતા નથી.

અમારી દશા મંદ જોગ્યને હાલ લાભ કરે તેવી નથી, અમે એવી જંજાળ હાલ ઇચ્છતા નથી; રાખી નથી; અને તેઓ બધાનો કેમ વહીવટ ચાલે છે, એનું સ્મરણે નથી. તેમ છતાં અમને એ બધાની અનુકંપા આવ્યા કરે છે; તેનનાથી અથવા પ્રાણીમાત્રથી, મનથી ભિન્ન ભાવ રાખ્યો નથી, અને રાખ્યો રહે તેમ નથી. ભક્તિવાળાં પુસ્તકો કવચિત્ કવચિત વાંચીએ છીએ; પણ જે સઘળું કરીએ છીએ તે ઠેકાણા વગરની દશાથી કરીએ છીએ.

અમે ધ્યાનમાં ઘણું કરીને આપના કાગળોનો વખતસર ઉત્તર લખી શકતા નથી;

જૈનનાં પર્યુષણથી પહેલાં અને શ્રાવણ વદ ૧ પછી અત્રેથી થોડા વખતને માટે નિવૃત્ત થવાની ઇચ્છા છે.

ધર્મ સંબંધે પણ જ્યાં અમને ઓળખતા હોય તેવા ગામમાં હાલ તો અમે પ્રવૃત્તિ માની છે; જેથી ખંભાત આવવા વિષે વિચાર હાલ સંભવતો નથી.

હાલમાં થોડા વખતને માટે આ નિવૃત્તિ લેવા ઇચ્છું છું. સર્વ કાળને માટે (આયુષ્ય પર્યંત) જ્યાં સુધી નિવૃત્તિ મેળવવાનો પ્રસંગ ન આવ્યો હોય ત્યાં સુધી ધર્મ સંબંધે પણ પ્રગટમાં આવવાની ઇચ્છા રહેતી નથી.

માત્ર નિર્વિકારપણે (પ્રવૃત્તિ રહિત) જ્યાં રહેવાય, અને એકાદ બે મનુષ્યો ત્યાં ખપ પૂરતાં (વ્યવહારની પ્રવૃત્તિ જુઓ!) હોય એટલે ઘણુય છે. ક્રમપૂર્વક તમારો જે કંઈ સમાગમ રાખવો ઘટશે તે રાખશું. અધિક જંજાળ જોઈતી નથી. ઉપરની બાબત માટે સાધારણ તજવીજ કરવી. વધારે જાણવામાં આવે એવું ન થવું જોઈએ.

ભવિતવ્યતા જોગે જો હાલમાં મલ્યો તો ભક્તિ અને વિનય વિષે પૂછેલું સુજ્ઞ ત્રિભોવનના પત્રનું સમાધાન કરીશ.

તમારા પોતાના પણ જ્યાં અધિક (બને ત્યાં સુધી કોઈ જ નહીં) ઓળખીતા ન હોય ત્યાંના સ્થળ માટે તજવીજ થાય તો કૃપા માનશું.

લિ૦ સમાધિ

---

[૨૨૩] ૨૬૨ મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૭

ઉપાધિના ઉદયને લીધે પહોંચ આપવાનું બની શકયું નથી, તે ક્ષમા કરશો. અત્ર અમને ઉપાધિના ઉદયને લીધે સ્થિતિ છે. એટલે તમને સમાગમ રહેવો દુર્લભ છે.

આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સતસંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતોવખત અને પ્રસગે પ્રસગે કર્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઇચ્છા, અસત્સગમાં ઉદાસીનતા રહેવામા મુખ્ય કારણ તેવો પુરુષાષાર્થ છે, એમ જાણી જે કંઈ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.

અમને આ લખતા એમ સ્મરણ થાય છે કે "શું કરવું?" અથવા "કોઈ પ્રકારે થતું નથી?" એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે, તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે, તેને કંઈ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમા જે કરવું ઘટે છે, અને કોઈ પ્રકારે થતું નથી એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે, અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

હોય કરે છે એવી સ્થિતિમાં આ જગતના જીવોના ત્રણ પ્રકાર જ્ઞાની પુરુષે દીઠા છે. (૧) કોઈ પણ પ્રકારે જીવ હોય કે કલ્યાણનો વિચાર નથી કરી શકયો, અથવા કરવાની

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.
'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.
અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં.
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય?
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છુ, ગ્રહો પ્રભુજી હાથ.
અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?
અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.

પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ.
જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત.
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ.
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.

× × ×

(૨) પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યુ ભાન નિજ, તેને સદા પ્રણામ.

[૨૨૭ (૧)] ૨૬૭ રાળજ, ભાદ્ર

હરિગીત

જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યુ, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
નહિ ગ્રંથ માંહી જ્ઞાન ભાખ્યુ, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
કેવળ નહીં બ્રહ્મચર્યથી,..............................
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયુ નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયુ, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.

[૨૩૦]

૨૭૧ વવાણિયા, ભા. વદ ૪, ભોમ, ૧૯૪૭

ૐ

ગઈ કાલે દિવસના દશ કલાકે કુશળતાથી અહીં પહોચ્યો છું.

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી એવા અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે; તે કયો ? અને કેવા પ્રકારે ? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.

લિ૦ સત્‌માં અભેદ

[૨૩૧]

૨૭૨ વવાણિયા, ભાદ્રપદ વદ ૪ ભોમ, ૧૯૪૭

જે મહત્ પુરુષનુ ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે.

લિ૦ અપ્રગટ સત

[૨૩૨]

૨૭૩ વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭

વિગત લખી તે જાણી. ધીરજ રાખવી અને હરિઇચ્છા સુખદાયક માનવી એટલું જ આપણે તો કર્તવ્યરૂપ છે.

કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનુ ઓળખાણ પડે છે. છતા વળી કંચન અને કાંતાનો મોહ તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે. ઓળખાણ પડયે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે, તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.

[૨૩૩]

૨૭૪ વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધે, ૧૯૪૭

'સત્' હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે. જુદી જુદી ચેષ્ટાએ તે હાલ પ્રગટ જેવું માનવામાં આવે છે, (યોગાદિક સાધન, આત્માનું ધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંતશુષ્ક વગેરેથી) પણ તે તેવુ નથી.

જિનનો સિદ્ધાત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય, અને જીવ કોઈ કાળે જડ ન થાય; તેમ 'સત્' કોઈ કાળે 'સત્' સિવાયના બીજા કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહીં. આવી દેખીતી સમજાય તેવી વાતમા મુઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત્' કરવાનુ કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.

જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે.

[૨૩૪]

૨૭૫ વવાણિયા, ભા. વદ ૫, બુધ, ૧૯૪૭

આજે આપનુ પત્તું ૧ આવ્યુ. તે વાચી સર્વાત્માનુ ચિંતન અધિક સાંભર્યું છે. સત્સંગનો અમને વારંવાર વિયોગ રાખવો એવી હરિની ઇચ્છા સુખદાયક કેમ મનાય ? તથાપિ માનવી પડે છે.

...ને દાસત્વભાવથી વંદન કરું છુ, એમની ઇચ્છા 'સત્' પ્રાપ્ત કરવા માટે તીવ્ર રહેતી હોય તેમ; સત્સંગ વિના તે તીવ્રતા ફળદાયક થવી દુર્લભ છે. અમને તો કાંઈ સ્વાર્થ

કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેને વિષે અમને તમને અનન્ય પ્રેમભક્તિ અખંડ રહો; તે પ્રેમભક્તિ પરિપૂર્ણ પ્રાપ્ત થાઓ એ જ પ્રયાચના ઇચ્છી અત્યારે અધિક લખતો નથી.

---

૨૮૧ વવાણિયા, ભાદરવા વદ ૧૩, બુધ, ૧૯૪૭

કળિયુગ છે એટલે વધારે વખત ઉપજીવિકાનો વિયોગ રહેવાથી યથાયોગ્ય વૃત્તિ પૂર્વાપર ન રહે.

વિ૦ રાયચંદના ય૦

---

[૨૩૯] ૨૮૨ વવાણિયા, ભાદ્રપદ વદ ૧૪, ગુરુ, ૧૯૪૭

પરમ વિશ્રામ સુભાગ્ય,

પત્તું મળ્યું. અત્રે ભક્તિ સંબંધી વિહ્વલતા રહ્યા કરે છે, અને તેમ કરવામાં હરિઇચ્છા સુખદાયક જ માનું છું.

મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પ્રથમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી.

ભગવાન વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે; એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં, શ્રવણમાં પણ નથી આવતાં; એ ત્રણેમાંના કોઈની સ્મૃતિ થાય એવી કોઈ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી. બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા. ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો નિકટ સંબંધ નથી.

નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે, સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી; કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે. કોણ જાણે હરિની ઇચ્છા શું ય છે? આવો વિકટ કાળ તો હમણાં જ જોયો. કેવળ મંદ પુણ્યવાળાં પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે. અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી. ઘણી વાર થોડે થોડે કહેવાઈ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઈથી અર્થ સંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયાં ગમતા જ નથી. હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી. ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું? સહન જ કરવું એ સુગમ છે.

---

૨૮૩ વવાણિયા, ભાદરવા વદ ૦)), શુક્ર, ૧૯૪૭

પૂજ્ય શ્રી સુભાગ્ય,

અત્ર હરિઇચ્છાનુસાર પ્રવૃત્તિ છે.

જવાથી 'જન્મથી' તીર્થંકર અવધિજ્ઞાનસંયુક્ત હોય છે, તે પ્રકૃતિઓ તેમાં નહીં દેખાવાથી તે સમ્યક્‌જ્ઞાની દેવતાઓ તીર્થંકરને ઓળખી શકે છે. એ જ વિજ્ઞાપન.

મુમુક્ષુતાની સન્મુખ થવા ઇચ્છતા તમો બંનેને યથાયોગ્ય પ્રણામ કરું છું.

ઘણું કરીને પરમાર્થ મૌન એમ વર્તવાનું કર્મ હાલ ઉદયમાં વર્તે છે અને તેને લીધે તેમ જ વર્તવામાં કાળ વ્યતીત થાય છે. અને તે જ કારણથી આપના પ્રશ્નોને ઉપર ટૂંકામાં ઉત્તરયુક્ત કર્યા છે.

શાંતમૂર્તિ સૌભાગ્ય હાલ મોરબી છે.

---

[૨૪૨] ૨૮૬ વવાણિયા, આસો સુદ, ૧૯૪૭

ૐ સત્

'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે.'

પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય,

એક પ્રશ્ન સિવાય બાકીના પ્રશ્નોનો ઉત્તર ચાહીને લખી શક્યો નથી.

'કાળ' શું ખાય છે? તેનો ત્રણ પ્રકારે ઉત્તર લખું છું.

સામાન્ય ઉપદેશમાં કાળ શું ખાય છે તેનો ઉત્તર એ છે કે, 'તે પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે.'

વ્યવહારનયથી કાળ 'જૂનુ' ખાય છે.

નિશ્ચયનયથી કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે.

છેલ્લા બે ઉત્તર વધારે વિચારવાથી બંધ બેસી શકશે. 'વ્યવહારનયથી કાળ 'જૂનુ' ખાય છે' એમ જે લખ્યુ છે તે વળી નીચે વિશેષ સ્પષ્ટ કર્યું છે:—

"કાળ 'જૂનુ' ખાય છે":–'જૂનું' એટલે શુ? એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઈ, બીજે સમય વર્તે છે, તે ચીજ જૂની ગણાય છે. (જ્ઞાનીની અપેક્ષાથી) તે ચીજને ત્રીજે સમયે, ચોથે સમયે એમ સંખ્યાત, અસંખ્યાત સમયે, અનંત સમયે કાળ બદલાવ્યા જ કરે છે. બીજા સમયમાં તે જેવી હોય, તેવી ત્રીજા સમયમાં ન હોય, એટલે કે બીજા સમયમાં પદાર્થનું જે સ્વરૂપ હતું, તે ખાઈ જઈ ત્રીજે સમયે કાળે પદાર્થને બીજું રૂપ આપ્યુ, અર્થાત્ જૂનું તે ખાઈ ગયો. પહેલે સમયે પદાર્થ ઉત્પન્ન થયો અને તે જ વેળા કાળ તેને ખાઈ જાય એમ વ્યવહારનયથી બને નહીં. પહેલે સમયે પદાર્થનું નવાપણું ગણાય, પણ તે વેળા કાળ તેને ખાઈ જતો નથી, બીજે સમયે બદલાવે છે, માટે જૂનાપણાને તે ખાય છે, તેમ કહ્યું છે.

નિશ્ચયનયથી પદાર્થ માત્ર રૂપાંતર જ પામે છે, કોઈ પણ 'પદાર્થ' કોઈ પણ કાળમાં કેવળ નાશ પામે જ નહીં, એવો સિદ્ધાંત છે, અને જો પદાર્થ કેવળ નાશ પામતો હોત, તો આજ કંઈ પણ હોત નહીં. માટે કાળ ખાતો નથી, પણ રૂપાતર કરે છે એમ કહ્યુ છે. ત્રણ પ્રકારના ઉત્તરમાં પહેલો ઉત્તર 'સર્વને' સમજવો સુલભ છે.

અત્ર પણ દશાના પ્રમાણમાં બાહ્ય ઉપાધિ વિશેષ છે. આપે કેટલાક વ્યાવહારિક

વર્ષ ૨૫ મું

[૨૫૩]

૨૯૮ વવાણિયા, કાર્તિક સુદ ૪, ગુરુ, ૧૯૪૮

કાળ વિષમ આવી ગયો છે. સત્સંગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. અનેક પ્રકારની વિટંબના તો અમને નથી, તથાપિ નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.

---

[૨૫૪]

૨૯૯ વવાણિયા, કાર્તિક સુદ ૭, રવિ, ૧૯૪૮

ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે, અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે.

એ લક્ષ આગળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી, અને ત્યાં સુધી ધ્યાનાદિક નહીં જેવાં કામનાં છે.

માટે એમાંથી જે જે સાધનો થઈ શકતાં હોય તે બધાં એક લક્ષ થવાને અર્થે કરવાં કે જે લક્ષ અમે ઉપર જણાવ્યો છે. જપતપાદિક કંઈ નિષેધવા યોગ્ય નથી; તથાપિ તે બધાં એક લક્ષને અર્થે છે, અને એ લક્ષ વિના જીવને સમ્યક્ત્વસિદ્ધિ થતી નથી.

વધારે શું કહીએ ? ઉપર જણાવ્યું છે તેટલું જ સમજવાને માટે સઘળા શાસ્ત્રો પ્રતિપાદિત થયા છે

---

૩૦૦ વવાણિયા, કારતક સુદ ૮, સોમ ૧૯૪૮

ૐ

બે દિવસ પહેલાં પત્ર પ્રાપ્ત થયું છે. સાથેનાં ચારે પત્રો વાંચ્યાં છે.

મગનલાલ, કીલાભાઈ, ખુશાલભાઈ વગેરેની આણંદમાં આવવાની ઇચ્છા છે તો તેમ કરવામાં કંઈ અડચણ નથી; તથાપિ બીજા મનુષ્યોમાં એ વાતથી અમારું પ્રગટપણું જણાય છે, કે એમના સમાગમાર્થે અમુક મનુષ્યો જાય છે, જે જેમ બને તેમ ઓછું પ્રસિદ્ધિમાં આવવું જોઈએ. તેવું પ્રગટપણું હાલ અમને પ્રતિબંધરૂપ થાય છે.

કીલાભાઈને જણાવશો કે તમે પત્રેચ્છા કરી પણ તેથી કંઈ પ્રયોજન સિદ્ધ થઈ શકશે નહીં. કંઈ પૃચ્છા કરવા ઇચ્છા હોય તો તેમણે આણંદ હર્ષપૂર્વક કરવી

'પરમાર્થ મૌન' એ નામનું એક કર્મ હાલમાં ઉદયમા પણ વર્તે છે, તેથી ઘણા પ્રકારની મૌનતા પણ અંગીકૃત કરી છે; અર્થાત્ પરમાર્થ સંબંધી વાતચીત કરવાનું ઘણું કરીને રાખવામાં આવતું નથી. તેવો ઉદય કાળ છે. કવચિત્ સાધારણ માર્ગસંબંધી વાતચીત કરવામાં આવે છે; નહીં તો એ વિષયમાં વાણી વડે, તેમ જ પરિચય વડે મૌન્યતા અને શૂન્યતા ગ્રહણ કરવામા આવી છે. જ્યા સુધી યોગ્ય સમાગમ થઈ ચિત્ત જ્ઞાની પુરુષનું સ્વરૂપ જાણી શકતું નથી, ત્યાં સુધી ઉપર જણાવેલાં ત્રણ કારણો કેવળ જતાં નથી, અને ત્યાં સુધી 'સત્'નું યથાર્થ કારણ પ્રાપ્ત પણ થતુ નથી. આમ હોવાથી તમને મારો સમાગમ થતાં પણ ઘણી વ્યાવહારિક અને લોકલજ્જાયુક્ત વાત કરવાનો પ્રસંગ રહેશે; અને તે પર મને કંટાળો છે. આપ ગમે તેનાથી પણ મારા સમાગમ થયા પછી એવા પ્રકારની વાતમા ગૂંથાઓ એ મેં યોગ્ય માન્યું નથી.

---

[૨૫૫] ૩૦૫ વવાણિયા, કારતક વદ ૧, ૧૯૪૮

ૐ

ધર્મજવાસી છે જેઓ, તેમને સમ્યક્‌જ્ઞાનની હજુ જોકે પ્રાપ્તિ નથી, તથાપિ માર્ગાનુસારી જીવ હોવાથી તેઓ સમાગમ કરવા જોગ છે. તેમના આશ્રયમાં વર્તતા મુમુક્ષુઓની ભક્તિ, વિનયાદિ રીતભાત, નિર્વાસનાપણું એ જોઈ અનુસરવા જોગ છે. તમારો જે કુળધર્મ છે, તેની કેટલીક રીતભાત વિચારતાં ઉપર જણાવેલા મુમુક્ષુઓની રીતભાત આદિ[1] .... તેમની મન, વચન, કાયાની અનુસરણા, સરળતા[1] .... માટે સમાગમ કરવા જોગ છે. કોઈ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્‌જ્ઞાન મોટા પુરુષોએ ગણ્યું છે, એમ સમજવાનું નથી. પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય તેને સમ્યક્‌જ્ઞાન ગણવામાં આવ્યું છે.

ધર્મજ જેમનો નિવાસ છે, તેઓ હજુ તે ભૂમિકામાં આવ્યા નથી. તેમને અમુક તેજોમયાદિનું દર્શન છે. તથાપિ યથાર્થ બોધપૂર્વક નથી. દર્શનાદિ કરતાં યથાર્થ બોધ શ્રેષ્ઠ પદાર્થ છે આ વાત જણાવવાનો હેતુ એ છે કે કોઈ પણ જાતની કલ્પનાથી તમે નિર્ણય કરતાં નિવૃત્ત થાઓ.

ઉપર જે કલ્પના શબ્દ વાપરવામાં આવ્યો છે તે એવા અર્થમાં છે કે "અમે તમને તે સમાગમની સમ્મતિ આપવાથી તે સમાગમીઓ 'વસ્તુજ્ઞાનના' સબંધમાં જે કંઈ પ્રરૂપે છે, અથવા બોધે છે, તેમ જ અમારી માન્યતા પણ છે, અર્થાત્ જેને અમે સત્ કહીએ છીએ તે, પણ અમે હાલ મૌન રહેતા હોવાથી તેમના સમાગમથી તે જ્ઞાનનો બોધ તમને મેળવવા ઇચ્છીએ છીએ."

---

૩૦૬ મોરબી, કારતક વદ ૭, રવિ, ૧૯૪૮

ૐ બ્રહ્મ સમાધિ

શ્રી સુભાગ્ય પ્રેમસમાધિ વિષે વર્તે છે

અપ્રગટ સત.

---

1. જેના ઉપરથી લખ્યો છે તે પત્ર હાલ અહીંથી અક્ષરો ઊડી ગયા છે.

યોગનાં બીજ ઈહાં ગ્રહે, 'જિનવર' શુદ્ધ પ્રણામો રે,
'ભાવાચારજ' સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે.

જનક વિદેહી વિષે લક્ષમાં છે.

---

૩૧૧ મુંબઈ, પોષ સુદ ૩, રવિ, ૧૯૪૮

અનુક્રમે સંયમ સ્પર્શતો જી, પામ્યો ક્ષાયકભાવ રે;
સંયમ શ્રેણી ફૂલડે જી, પૂજું પદ નિષ્પાવ રે.
શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિ જ સાધ્ય સુહાયો રે;
જ્ઞાનક્રિયા અવલંબી ફરસ્યો, અનુભવ સિદ્ધિ ઉપાયો રે.
રાયસિદ્ધારથ વંશ વિભૂષણ, ત્રિશલા રાણી જાયો રે;
અજ અજરામર સહજાનંદી, ધ્યાનભુવનમાં ધ્યાયો રે.

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારીરે. ભવિકા૦

---

[૨૬૨] ૩૧૨ મુંબઈ, પોષ સુદ ૫, સોમ, ૧૯૪૮

ક્ષાયિક ચારિત્રને સંભારીએ છીએ.

જનક વિદેહીની વાત લક્ષમાં છે. કરસનદાસનુ પત્ર લક્ષમાં છે.

બોધસ્વરૂપના યથાયોગ્ય

---

[૨૬૩] ૩૧૩ મુંબઈ, પોષ સુદ ૭, ગુરુ, ૧૯૪૮

જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઈએ છીએ.

આપની સ્થિતિ લક્ષમાં છે. આપની ઇચ્છા પણ લક્ષમાં છે; ગુરુ–અનુગ્રહવાળી વાર્તા લખી તે પણ ખરી છે. કર્મનું ઉદયપણુ ભોગવવું પડે તે પણ ખરું છે. આપ અતિશય ખેદ વખતોવખત પામી જાઓ છો, તે પણ જાણીએ છીએ. વિયોગનો તાપ અસહ્ય આપને રહે છે તે પણ જાણીએ છીએ. ઘણા પ્રકારે સત્સંગમાં રહેવા જોગ છો એમ માનીએ છીએ, તથાપિ હાલ તો એમ સહન કરવું યોગ્ય માન્યુ છે.

ગમે તેવા દેશકાલને વિષે યથાયોગ્ય રહેવું, યથાયોગ્ય રહેવા ઇચ્છયા જ કરવું એ ઉપદેશ છે. મનની ચિંતા લખી જણાવો તોય અમને તમારા ઉપર ખેદ થાય તેમ નથી. જ્ઞાની અન્યથા કરે નહીં, તેમ કરવું તેને સૂઝે નહીં, ત્યાં બીજો ઉપાય ઇચ્છવો પણ નહીં એમ વિનંતી છે.

કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમ જ બીજાં પણ ખાવાપીવા વગેરેના પ્રવર્તન માંડ માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરીને અત્ર કોઈનો સમાગમ ઇચ્છતું નથી.

છે, અને જડ જડરૂપે પરિણમ્યા કરે છે. જીવનું મુખ્ય પરિણમવું તે ચેતન (જ્ઞાન) સ્વરૂપ છે; અને જડનું મુખ્ય પરિણમવું તે જડત્વસ્વરૂપ છે. જીવનું જે ચેતનપરિણામ તે કોઈ પ્રકારે જડ થઈને પરિણમે નહીં, અને જડનું જડત્વપરિણામ તે કોઈ દિવસે ચેતનપરિણામે પરિણમે નહીં; એવી વસ્તુની મર્યાદા છે; અને ચેતન, અચેતન એ બે પ્રકારનાં પરિણામ તો અનુભવસિદ્ધ છે. તેમાંનુ એક પરિણામ બે દ્રવ્ય મળીને કરી શકે નહીં; અર્થાત્ જીવ અને જડ મળી કેવળ ચેતનપરિણામે પરિણમી શકે નહીં. અથવા કેવળ અચેતન પરિણામે પરિણમી શકે નહીં. જીવ ચેતનપરિણામે પરિણમે અને જડ અચેતન પરિણામે પરિણમે, એમ વસ્તુસ્થિતિ છે; માટે જિન કહે છે કે, એક પરિણામ બે દ્રવ્ય કરી શકે નહીં. જે જે દ્રવ્ય છે તે તે પોતાની સ્થિતિમાં જ હોય, અને પોતાના સ્વભાવમાં પરિણમે.

'દોઈ પરિનામ એક દ્રવ્ય ન ધરતુ હૈ;'

તેમજ એક દ્રવ્ય બે પરિણામે પણ પરિણમી શકે નહીં, એવી વસ્તુસ્થિતિ છે. એક જીવદ્રવ્ય તે ચેતન અને અચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં, અથવા એક પુદ્‌ગલ-દ્રવ્ય અચેતન અને ચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં. માત્ર પોતે પોતાના જ પરિણામમાં પરિણમે. ચેતનપરિણામ તે અચેતન પદાર્થને વિષે હોય નહીં, અને અચેતન પરિણામ તે ચેતનપદાર્થને વિષે હોય નહીં; માટે બે પ્રકારનાં પરિણામે એક દ્રવ્ય પરિણમે નહીં,—બે પરિણામને ધારણ કરી શકે નહીં.

'એક કરતૂતિ દોઈ દર્વ કબહૂં ન કરે,'

માટે એક ક્રિયા તે બે દ્રવ્ય ક્યારે પણ કરે નહીં. બે દ્રવ્યનું મળવું એકાંતે હોવુ યોગ્ય નથી. જો બે દ્રવ્ય મળીને એક દ્રવ્ય ઊપજતું હોય, તો વસ્તુ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે; અને એમ તો કોઈ કાળે બને નહીં કે વસ્તુ પોતાના સ્વરૂપનો કેવળ ત્યાગ કરે.

જ્યારે એમ બનતું નથી, ત્યારે બે દ્રવ્ય કેવળ એક પરિણામને પામ્યા વિના એક ક્રિયા પણ ક્યાથી કરે? અર્થાત્ ન જ કરે.

'દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;'

તેમ જ બે ક્રિયા એક દ્રવ્ય ધારણ પણ કરે નહીં; એક સમયને વિષે બે ઉપયોગ હોઈ શકે નહીં. માટે

'જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,'

જીવ અને પુદ્ગલ કદાપિ એક ક્ષેત્રને રોકી રહ્યાં હોય તોપણ

'અપને અપને રૂપ, કોઉ ન ટરતુ હૈ;'

પોતપોતાનાં સ્વરૂપથી કોઈ અન્ય પરિણામ પામતું નથી, અને તેથી કરીને જ એમ કહીએ છીએ કે,—

'જડ પરિનામનિકો, કરતા હૈ પુદ્ગલ,'

દેહાદિકે કરીને જે પરિણામ થાય છે તેનો પુદ્‌ગલ કર્તા છે. કારણ કે તે દેહાદિ જડ છે, અને જડપરિણામ તો પુદ્ગલને વિષે છે. જ્યારે એમ જ છે તો પછી જીવ પણ જીવ રૂપે જ વર્તે છે, એમાં કંઈ બીજું પ્રમાણ પણ હવે જોઈતું નથી; એમ ગણી કહે છે કે,—

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે!

---

[૨૬૯] **૩૨૦** મુંબઈ, માહ સુદ ૧૩, બુધ, ૧૯૪૮

(રાગ—પ્રભાતને અનુસરતો.)

જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહીં તાસ રંગી,
પર તણો ઈશ નહીં અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે કદા ન પરસંગી;

(શ્રીસુમતિનાથનું સ્તવન—દેવચંદ્રજી.)

પ્રણામ પહોચે.

---

[૨૭૦] **૩૨૧** મુંબઈ, માહ વદ ૨, રવિ, ૧૯૪૮

અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય, તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું જ રાખે છે; તોપણ કહીએ છીએ; માયા દુસ્તર છે; દુરંત છે; ક્ષણવાર પણ, સમય એક પણ, એને આત્માને વિષે સ્થાપન કરવા યોગ્ય નથી. એવી તીવ્ર દશા આવ્યે અત્યંત ઉદાસ પરિણામ ઉત્પન્ન થાય છે, અને તેવા ઉદાસ પરિણામની જે પ્રવર્તના—(ગૃહસ્થપણા સહિતની)—તે અબંધપરિણામી કહેવા યોગ્ય છે. જે બોધસ્વરૂપે સ્થિત છે તે એમ કઠિનતાથી વર્તી શકે છે, કારણ કે તેની વિકટતા પરમ છે.

વિદેહીપણે જનકરાજાની પ્રવૃત્તિ તે અત્યંત ઉદાસ પરિણામને લીધે રહેતી; ઘણું કરીને તેમને તે સહજ સ્વરૂપમાં હતી; તથાપિ કોઈ માયાના દુરંત પ્રસંગમાં સમુદ્રને વિષે જેમ નાવ યત્કિંચિત્ ડોલાયમાન થાય તેમ તે પરિણામનું ડોલાયમાન થવાપણું સંભવિત હોવાથી પ્રત્યેક માયાના પ્રસંગમાં કેવળ જેની ઉદાસ અવસ્થા છે એવા નિજગુરુ અષ્ટાવક્રની શરણતા સ્વીકારી હોવાથી માયાને સુખે તરી શકાય એમ થતું હતું, કારણ કે મહાત્માના આલંબનની એવી જ બળવત્તરતા છે.

[૨૭૦-૨] **૩૨૨** રવિવાર, ૧૯૪૮

લૌકિકદૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિકદૃષ્ટિએ કોણ પ્રવર્તશે?

આત્મા એક છે કે અનેક છે, કર્ત્તા છે કે અકર્ત્તા છે, જગતનો કોઈ કર્ત્તા છે કે જગત સ્વતઃ છે, એ વગેરે ક્રમે કરીને સત્સંગે સમજવાયોગ્ય છે; એમ જાણીને પત્ર વાટે તે વિષે હાલ લખવામાં આવ્યું નથી.

સમ્યક્પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.

સંસારસંબંધી તમને જે જે ચિંતા છે, તે ચિંતા પ્રાયે અમને જાણવામાં છે, અને તે વિષે અમુક અમુક તમને વિકલ્પ રહે છે તે પણ જાણીએ છીએ. તેમ જ પરમાર્થચિંતા પણ સત્સંગના વિયોગને લીધે રહે છે તે પણ જાણીએ છીએ; બેય પ્રકારનો વિકલ્પ હોવાથી

આગળ તે દુઃખ તૃણ માત્ર છે' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.

'જીવ એ પુદ્ગલીપદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આધાર નથી, તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વધર્મે જોતાં તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી.' એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે

"દુઃખસુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે,
ચેતનના પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે."

(શ્રીવાસુપૂજ્ય-સ્તવન, આનંદઘનજી)

[૨૭૦-૩] ૩૨૩ મુંબઈ, માહ વદ ૨, રવિ, ૧૯૪૮

અત્ર સમાધિ છે. પૂર્ણજ્ઞાને કરીને યુક્ત એવી જે સમાધિ તે વારંવાર સાંભરે છે. પરમસતનું ધ્યાન કરીએ છીએ. ઉદાસપણું વર્તે છે.

---

[૨૭૧] ૩૨૪ મુંબઈ, માહ વદ ૪, બુધ, ૧૯૪૮

ચો તરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમ જ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે.

આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચલ રહે છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે.

સમ્યક્દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ; અને તેવો અનુભવ છે.

---

[૨૭૨] ૩૨૫ મુંબઈ, માહ વદ ૯, સોમ, ૧૯૪૮

'જબહીતે ચેતન વિભાવસેં ઉલટિ આપુ,
સમૈ પાઈ અપનો સુભાવ ગહિ લીનો હૈ;
તબહીતેં જો જો લેનેજોગ સો સો સબ લીનો,
જો જો ત્યાગજોગ સો સો સબ છાંડી દીનો હૈ;
લેવકોં ન રહી ઠોર, ત્યાગીવેકોં નાહીં ઓર,
બાકી કહા ઉબર્યો જુ, કારજ નવીનો હૈ;
સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગત્યાગી,
મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ.'

—કેવી અદ્ભુત દશા?

જેવો સમજાય તેવો યોગ્ય લાગે તો અર્થ લખશો.

પ્રણામ પહોંચે.

પ્રકારે અવિકલ્પ સમાધિને જ અનુભવીએ છીએ. એમ છતાં વારંવાર વનવાસ સાંભરે છે, કોઈ પ્રકારનો લોકપરિચય રુચિકર થતો નથી, સત્સંગમાં સુરતી પ્રવહ્યા કરે છે. અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિયોગમાં રહીએ છીએ. એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી.

જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત જ થાય છે. તે વાટે કોઈ વાત જાણવાનું અથવા સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી.

પૂર્વ નિબંધન જે જે પ્રકારે ઉદય આવે, તે તે પ્રકારે [1]....અનુક્રમે વેદન કર્યાં જવાં એમ કરવું યોગ્ય લાગ્યુ છે.

તમે પણ તેવા અનુક્રમમાં ગમે તેટલા થોડા અંશે પ્રવર્તાય તોપણ તેમ પ્રવર્તવાનો અભ્યાસ રાખજો અને કોઈ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો; એમ કરવું અથવા થવું એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

કોઈ પણ પ્રકારનો ઉપાધિપ્રસંગ લખો છો તે, જોકે વાંચ્યામાં આવે છે, તથાપિ તે વિષે ચિત્તમાં કંઈ આભાસ પડતો નહીં હોવાથી ઘણું કરીને ઉત્તર લખવાનું પણ બનતું નથી, એ દોષ કહો કે ગુણ કહો પણ ક્ષમા કરવા યોગ્ય છે.

સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી. તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે; અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

લિ૦ વીતરાગભાવના યથાયોગ્ય

---

[૨૭૮] ૩૩૦ મુંબઈ, માહ, ૧૯૪૮

કિસનદાસાદિ જિજ્ઞાસુઓ,

દીર્ઘકાળ સુધી યથાર્થબોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે.

જિને બાવીશ પ્રકારના પરિષહ કહ્યા છે, તેમાં દર્શનપરિષહ નામે એક પરિષહ કહ્યો છે, તેમજ એક બીજો અજ્ઞાનપરિષહ નામનો પરિષહ પણ કહ્યો છે. એ બન્ને પરિષહનો વિચાર કરવા યોગ્ય છે; એ વિચાર કરવાની તમારી ભૂમિકા છે; અર્થાત્ તે ભૂમિકા (ગુણસ્થાનક) વિચારવાથી કોઈ પ્રકારે તમને યથાર્થ ધીરજ આવવાનો સંભવ છે.

કોઈ પણ પ્રકારે પોતે કંઈ મનમાં સંકલ્પ્યુ હોય કે આવી દશામાં આવીએ અથવા આવા પ્રકારનું ધ્યાન કરીએ, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તો તે સંકલ્પેલું પ્રાયે (જ્ઞાનીનુ સ્વરૂપ સમજાયે) ખોટું છે, એમ જણાય છે.

યથાર્થ બોધ એટલે શું તેનો વિચાર કરી, અનેક વાર વિચાર કરી, પોતાની કલ્પના નિવૃત્ત કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.

'અધ્યાત્મસાર'નું વાંચન, શ્રવણ ચાલે છે તે સારું છે. અનેક વાર ગ્રંથ વંચાવાની

---

1. અક્ષરે કાગળ ફાટવાથી ઊડી ગયા છે.

ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે, પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.

[૨૮૦(૨)] ૩૩૩ મુંબઈ, ફાગણ સુદ ૪, બુધ, ૧૯૪૮

૧'સત્પુરુષની ઓળખાણ જીવને નથી પડતી, અને વ્યાવહારિક કલ્પના પોતાસમાન તે પ્રત્યે રહે છે, એ જીવને કયા ઉપાયથી ટળે?' એ પ્રશ્નનો ઉત્તર યથાર્થ લખ્યો છે. એ ઉત્તર જ્ઞાની અથવા જ્ઞાનીનો આશ્રિત માત્ર જાણી શકે, કહી શકે, અથવા લખી શકે તેવો છે. માર્ગ કેવો હોય એ જેને બોધ નથી, તેવા શાસ્ત્રાભ્યાસી પુરુષો તેનો યથાર્થ ઉત્તર ન કરી શકે તે પણ યથાર્થ જ છે. 'શુદ્ધતા વિચારે ધ્યાવે' એ પદ વિષે હવે પછી લખીશું.

અંબારામજીના પુસ્તક વિષે આપે વિશેષ વાંચન કરી જે અભિપ્રાય લખ્યો તે વિષે હવે પછી વાતચીતમાં વિશેષ જણાવાય તેમ છે. અમે એ પુસ્તકનો ઘણો ભાગ જોયો છે; પણ સિદ્ધાંતજ્ઞાનમા વિઘટતી વાતો લાગે છે, અને તેમ જ છે, તથાપિ તે પુરુષની દશા સારી છે; માર્ગાનુસારી જેવી છે, એમ તો કહીએ છીએ. જેને સૈદ્ધાંતિક અથવા યથાર્થજ્ઞાન અમે માન્યુ છે તે અતિ અતિ સૂક્ષ્મ છે, પણ તે થાય તેવું જ્ઞાન છે. વિશેષ હવે પછી. ચિત્તે કહ્યુ કર્યું નથી માટે આજે વિશેષ લખાયુ નથી, તે ક્ષમા કરશો.

પરમ પ્રેમભાવથી નમસ્કાર પહોંચે.

---

[૨૮૧] ૩૩૪ મુંબઈ, ફાગણ સુદ, ૧૦, બુધ, ૧૯૪૮

ॐ

હૃદયરૂપ શ્રી સુભાગ્ય પ્રત્યે,

ભક્તિપૂર્વક નમસ્કાર પહોચે.

'હવે પછી લખીશુ, હવે પછી લખીશું' એમ લખીને ઘણી વાર લખવાનુ બન્યુ નથી, તે ક્ષમા કરવા યોગ્ય છે; કારણ કે ચિત્તસ્થિતિ ઘણું કરી વિદેહી જેવી વર્તે છે, એટલે કાર્યને વિષે અવ્યવસ્થા થઈ જાય છે. જેવી હાલ ચિત્તસ્થિતિ વર્તે છે, તેવી અમુક સમય સુધી વર્તાવ્યા વિના છૂટકો નથી

ઘણા ઘણા જ્ઞાની પુરુષો થઈ ગયા છે, તેમાં અમારી જેવો ઉપાધિપ્રસંગ અને ચિત્ત સ્થિતિ ઉદાસીન, અતિ ઉદાસીન. તેવા ઘણુ કરીને પ્રમાણમાં થોડા થયા છે ઉપાધિપ્રસંગને લીધે આત્માસબંધી જે વિચાર તે અખંડપણે થઈ શકતો નથી, અથવા ગૌણપણે થયા કરે છે, તેમ થવાથી ઘણો કાળ પ્રપંચ વિષે રહેવું પડે છે; અને તેમાં તો અત્યંત ઉદાસ પરિણામ થઈ ગયેલ હોવાથી ક્ષણવાર પણ ચિત્ત ટકી શકતું નથી, જેથી જ્ઞાનીઓ સર્વસંગ

---

૧. શ્રી સૌભાગ્યભાઈએ આપેલ ઉત્તર: "નિર્પક્ષ થઈ સત્સંગ કરે તો સત્ જણાય ને પછી સત્પુરુષને શોધે તો તે ઓળખે અને ઓળખે એટલે વ્યાવહારિક કલ્પના ટળે માટે પક્ષ રહિત થઈ સત્સંગ કરો એ ઉપાય સિવાય બીજો ઉપાય નથી બાકી ભગવતકૃપા એ જુદી વાત છે."

ચિત્તની સ્થિતિમાં જો વિશેષપણે લખાશે તો લખીશ.

નમસ્કાર પહોંચે.

[૨૮૨-૨]

૩૩૬ મુંબઈ, ફાગણ સુદ ૧૧, બુધવાર, ૧૯૪૮

અત્રે ભાવસમાધિ છે.

વિશેષે કરીને 'વૈરાગ્ય પ્રકરણ'માં શ્રીરામે જે પોતાને વૈરાગ્યનાં કારણો લાગ્યાં તે જણાવ્યાં છે, તે ફરી ફરી વિચારવા જેવાં છે.

ખંભાત પત્રપ્રસંગ રાખવો. તેમના તરફથી પત્ર આવવામાં ઢીલ થતી હોય તો આગ્રહથી લખશો એટલે ઢીલ ઓછી કરશે. પરસ્પર કંઈ પૃચ્છા કરવાનું સૂઝે તો તે પણ તેમને લખશો.

---

[૨૮૩]

૩૩૭ મુંબઈ, ફાગણ સુદ ૧૧।, ગુરુ, ૧૯૪૮

ચિ. ચંદુના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થયો. જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે; તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગરી ન કરતાં ધીરજથી તે દુઃખ સહન કરવું એ જ આપણોધર્મ છે.

આ દેહ પણ જ્યારે ત્યારે એમ જ ત્યાગવાનો છે, એ વાત સ્મરણમાં આવ્યા કરે છે, અને સંસારપ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યા કરે છે. પૂર્વકર્મને અનુસરી જે કંઈ પણ સુખ-દુઃખ પ્રાપ્ત થાય તે સમાનભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે.

---

[૨૮૪]

૩૩૮ મુંબઈ, ફાગણ સુદ ૧૩, શુક્ર, ૧૯૪૮

અત્યંત પરિણામમાં ઉદાસીનતા પરિણમ્યા કરે છે.

જેમ જેમ તેમ થાય છે, તેમ તેમ પ્રવૃત્તિ-પ્રસંગ પણ વધ્યા કરે છે. જે પ્રવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે, એમ નહીં ધારેલું તે પણ પ્રાપ્ત થયા કરે છે; અને એથી એમ માનીએ છીએ કે ઉતાવળે પૂર્વે નિબંધન કરેલા એવાં કર્મો નિવૃત્ત થવાને માટે ઉદયમાં આવે છે.

---

[૨૮૫]

૩૩૯ મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮

કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યાં માટે અમારો દોષ છે.

જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં છે. તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી, અને તે વિષેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય તોપણ બોજારૂપ લાગે છે. થોડી પણ તેમાં રુચિ રહી નથી.

અમને તો માત્ર અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે. બીજું જે કંઈકરવામાં આવે છે, કે અનુસરવામા આવે છે, તે બધું આસપાસનાં બંધનને લઈને કરવામાં આવે છે.

હાલ જે કંઈ વ્યવહાર કરીએ છીએ, તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો

[૨૮૭]

૩૪૧ મુંબઈ, ફાગણ વદ ૪, ગુરુ, ૧૯૪૮

અહીંથી ગઈ કાલે પત્ર ૧ લખ્યું છે તે વાંચી ચિત્તને વિશે અવિક્ષેપપણે રહેજો, સમાધિ રાખજો. તે વાર્તા ચિત્તમાં નિવૃત્ત કરવાને અર્થે આપને લખી છે, જેમાં તે જીવની અનુકંપા સિવાય બીજો હેતુ નથી.

અમને તો ગમે તેમ હો તોપણ સમાધિ જ રાખ્યા કરવાની દૃઢતા રહે છે. પોતાને જે કાંઈ આપત્તિ, વિટંબના, મુઝવણ કે એવું કાંઈ આવી પડે તેને માટે કોઈ પ્રત્યે દોષનું આરોપણ કરવાની ઇચ્છા થતી નથી. તેમ પરમાર્થદૃષ્ટિએ જોતાં તે જીવનો દોષ છે. વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં નહીં જેવો છે, અને જીવની જ્યાં સુધી વ્યાવહારિક દૃષ્ટિ હોય છે ત્યાં સુધી પારમાર્થિક દોષનો ખ્યાલ આવવો બહુ દુષ્કર છે.

આપના આજના પત્રને વિશેષ કરીને વાંચ્યું છે. તે પહેલાનાં પત્રોની પણ ઘણીખરી પ્રશ્નચર્ચા વગેરે ધ્યાનમાં છે. જો બનશે તો રવિવારે તે વિષે ટૂંકામાં કેટલુંક લખીશ.

મોક્ષનાં બે મુખ્ય કારણ જે તમે લખ્યાં છે, તે તેમ જ છે. તે વિષે પછી વિશેષ લખીશ.

---

[૨૮૮]

૩૪૨ મુંબઈ, ફાગણ વદ ૬, શનિ, ૧૯૪૮

અત્ર ભાવસમાધિ તો છે. લખો છો તે સત્ય છે. પણ એવી દ્રવ્યસમાધિ આવવાને માટે પૂર્વકર્મ નિવૃત્ત થવા દેવાં યોગ્ય છે.

દુષમકાળનું મોટામાં મોટું ચિહ્ન શું? અથવા દુષમકાળ કયો કહેવાય? અથવા કયાં મુખ્ય લક્ષણે તે ઓળખી શકાય? એ જ વિજ્ઞાપન.

લિ૦ બોધબીજ

---

૩૪૩ મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૪૮

અત્ર સમાધિ છે.
જે સમાધિ છે તે કેટલેક અંશે છે.
અને જે છે તે ભાવસમાધિ છે.

[૨૮૯–૧]

૩૪૪ મુંબઈ, ફાગણ વદ ૧૦, બુધ, ૧૯૪૮

ઉપાધિ ઉદયપણે પ્રવર્તે છે. પત્ર આજે પહોંચ્યું છે.
અત્યારે તો પરમપ્રેમે નમસ્કાર પહોંચે.

[૨૮૯–૨]

૩૪૫ મુંબઈ ફાગણ વદ ૧૧, ગુરુ, ૧૯૪૮

કોઈ પણ પ્રકારે સત્સંગનો જોગ બને તો તે કર્યા રહેવું, એ કર્તવ્ય છે, અને જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય અથવા વધ્યા કરતું હોય તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતું રહેવું, એ સત્સંગમાં પણ ફળ આપનાર ભાવના છે.

તેમાં કોઈ ઉત્તર લખવા જેવી પણ હતી. તથાપિ મન તેમ નહીં પ્રવૃત્તિ કરી શકયાથી ક્ષમા આપવા યોગ્ય છે.

[૨૯૧]

૩૪૮ મુંબઈ, ચૈત્ર સુદ ૨, બુધ, ૧૯૪૮

નમસ્કાર પહોંચે.

આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.

[૨૯૧]

૩૪૯ મુંબઈ, ચૈત્ર સુદ ૪, શુક્રવાર, ૧૯૪૮

નમસ્કાર પહોંચે.

લોકસ્થિતિ આશ્ચર્યકારક છે.

[૨૯૧]

૩૫૦ મુંબઈ, ચૈત્ર સુદ ૬, રવિ, ૧૯૪૮

જ્ઞાનીને [1]સર્વસંગ પરિત્યાગ કરવાનો હેતુ શો હશે ?

પ્રણામ પ્રાપ્ત થાય.

[૨૬૭]

૩૫૧ મુંબઈ, ચૈત્ર સુદ ૯, બુધ, ૧૯૪૮

બાહ્યોપાધિપ્રસંગ વર્તે છે.

જેમ બને તેમ સદ્વિચારનો પરિચય થાય તેમ કરવા, ઉપાધિમાં મૂંઝાઈ રહેવાથી યોગ્યપણે ન વર્તાય તે વાત લક્ષમાં રાખવા યોગ્ય જ્ઞાનીઓએ જાણી છે.

પ્રણામ

[૨૯૨]

૩૫૨ મુંબઈ, ચૈત્ર સુદ ૯, બુધ, ૧૯૪૮

શુભોપમાયોગ્ય મહેતા શ્રી ૫ ચત્રભુજ બેચર,

તમને હાલમાં બધાથી કંટાળો આવી ગયા વિષે લખ્યુ તે વાંચી ખેદ થયો. મારો વિચાર તો એવો રહે છે કે જેમ બને તેમ તેવી જાતનો કંટાળો શમાવવો અને સહન કરવો.

કોઈ કોઈ દુઃખના પ્રસંગોમાં તેવું થઈ આવે છે અને તેને લીધે વૈરાગ્ય પણ રહે છે, પણ જીવનું ખરું કલ્યાણ અને સુખ તો એમ જણાય છે કે તે બધું કંટાળાનું કારણ આપણું ઉપાર્જન કરેલું પ્રારબ્ધ છે, જે ભોગવ્યા વિના નિવૃત્ત થાય નહીં, અને તે સમતાએ કરી ભોગવવું યોગ્ય છે. માટે મનનો કંટાળો જેમ બને તેમ શમાવવો અને ઉપાર્જન કર્યાં ન હોય એવાં કર્મ ભોગવવામા આવે નહીં, એમ જાણી બીજા કોઈના પ્રત્યે દોષદૃષ્ટિ કર્યાની વૃત્તિ જેમ બને તેમ શમાવી સમતાએ વર્તવું એ યોગ્ય લાગે છે, અને એ જ જીવને કર્તવ્ય છે.

લિ૦ રાયચંદના પ્રણામ.

[૨૯૩-૧]

૩૫૩ મુંબઈ, ચૈત્ર સુદ ૧૨, શુક્ર, ૧૯૪૮

ૐ

મુમુક્ષુતાપૂર્વક લખેલું તમ વગેરેનું પત્ર પહોંચ્યું છે.

---

૧. જુઓ આંક નં. ૩૩૪ અને નં. ૬૬૩.

[૨૯૬] ૩૫૮ મુંબઈ, ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૪૮

જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્દર્શન થાય છે.

'વિચારસાગર' અનુક્રમે (પ્રારંભથી છેવટ સુધી) વિચારવાનો હાલ પરિચય રાખવાનું બને તો કરવા યોગ્ય છે.

માર્ગ બે પ્રકારનો જાણીએ છીએ. એક ઉપદેશ થવા અર્થેનો માર્ગ, એક વાસ્તવ્ય માર્ગ. 'વિચારસાગર' ઉપદેશ થવા અર્થે વિચારવા યોગ્ય છે.

જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવાને નથી જણાવતા; વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા; તેમ જ અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે અન્ય થવા નથી જણાવતા; માત્ર જે જણાવીએ છીએ, તે તમ સર્વને ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ. જૈની અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો. આત્મા તેવો નથી.

---

૩૫૯ મુંબઈ, ચૈત્ર વદ ૮, ૧૯૪૮

હૃદયરૂપ સુભાગ્ય,

આજે પત્ર ૧ પ્રાપ્ત થયું છે.

પત્ર વાંચવા પરથી — અને વૃત્તિજ્ઞાન પરથી હાલ આપને કાંઈક ઠીક રીતે ધીરજબળ રહે છે, એમ જાણી સંતોષ છે.

કોઈ પણ પ્રકારે પ્રથમ તો જીવનું પોતાપણું ટાળવા યોગ્ય છે. દેહાભિમાન ગલિત થયું છે જેનું તેને સર્વ સુખરૂપ જ છે. જેને ભેદ નથી તેને ખેદ સંભવતો નથી. હરિઇચ્છા પ્રત્યે વિશ્વાસ દૃઢ રાખી વર્તો છો, એ પણ સાપેક્ષ સુખરૂપ છે. જે કંઈ વિચારો લખવા ઇચ્છા થાય તે લખવામાં ભેદ નથી રાખતા એમ અમે પણ જાણીએ છીએ.

---

[૨૯૭]

૩૬૦ મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૪૮

જ્યાં પૂર્ણકામપણું છે, ત્યાં સર્વજ્ઞતા છે.

જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે, અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.

જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે, એ અચરજની વાત છે.

જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં.

[૨૯૮-૧]

૩૬૧ મુંબઈ, વૈશાખ સુદ ૩, શુક્ર, (અક્ષય તૃતીયા) ૧૯૪૮

ભાવસમાધિ છે. બાહ્યઉપાધિ છે, જે ભાવને ગૌણ કરી શકે એવી સ્થિતિની છે; તથાપિ સમાધિ વર્તે છે.

જેને આત્મત્વ પ્રત્યે ધ્યેયતા નથી, એને એ વાત ઉપયોગી છે; અમને તો તે પ્રત્યે કંઈ લક્ષ આપી સમજાવવાની ઇચ્છા થતી નથી, અર્થાત્ ચિત્ત એવા વિષયને ઇચ્છતું નથી.

અત્ર સમાધિ છે. બાહ્ય પ્રતિબદ્ધતા વર્તે છે.

સત્સ્વરૂપપૂર્વક નમસ્કાર

---

[૩૦૦]

૩૬૬ મુંબઈ, વૈશાખ સુદ ૧૨, રવિ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી અન્યભાવમાં પોતાપણું થતું નથી, અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે, એવી જે દશા તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય એ આશ્ચર્યકારક છે; હાલમાં તો થોડી ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે; અને પ્રવૃત્તિ કરી શકે એવી યોગ્યતાવાળું તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્ત્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ; મન ક્યાંય બાઝતું નથી, અને કંઈ ગમતું નથી; તથાપિ હાલ હરિઇચ્છા આધીન છે.

નિરુપમ એવું જે આત્મધ્યાન, તીર્થંકરાદિકે કર્યું છે, તે પરમ આશ્ચર્યકારક છે. તે કાળ પણ આશ્ચર્યકારક હતો. વધારે શું કહેવું? 'વનની મારી કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમાં, અને આ પ્રવૃત્તિમાં અમે છીએ.

---

૩૬૭ મુંબઈ, વૈશાખ વદ ૧, ગુરુ, ૧૯૪૮

આપનું પત્ર પ્રાપ્ત થયું.

ઉપાધિપ્રસંગ તો રહે છે, તથાપિ આત્મસમાધિ રહે છે. હાલ કંઈ જ્ઞાનપ્રસંગ લખવાનું કરશો.

નમસ્કાર પહોંચે.

---

[૩૦૧]

૩૬૮ મુંબઈ, વૈશાખ વદ ૬, ભોમ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

પત્ર પ્રાપ્ત થયું હતું. અત્ર સમાધિ છે.

સટ્ટાને વિષે જીવ[1] રહે છે, એ ખેદની વાત છે; પણ તે તો જીવને પોતાથી વિચાર કર્યા વિના ન સમજાય એવું છે.

જ્ઞાનીને વિષે જો કોઈ પણ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે, તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ વિશેષ ઉત્પન્ન થાય છે. ઘણું કરીને જ્ઞાની તેવો પ્રતિબંધ કોઈને પોતા થકી ઉત્પન્ન ન થાય એમ વર્તે છે.

જ્ઞાની પોતાનું ઉપજીવન, આજીવિકા પણ પૂર્વકર્માનુસાર કરે છે; જ્ઞાનને વિષે પ્રતિબદ્ધતા થાય એમ કરી આજીવિકા કરતા નથી, અથવા કરાવવાનો પ્રસંગ ઇચ્છતા નથી, એમ જાણીએ છીએ.

---

૧. મનસુખભાઈ સૌભાગ્યભાઈ વિષે

આત્મસ્થિતિ તેને વિષે ઉત્કૃષ્ટપણે વર્તતી જોઈ શ્રી....ના ચિત્તને પોતે પોતાથી નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે કરી સમાગમની અને બાહ્ય પ્રવૃત્તિના જોગત્યાગની જેની ચિત્તવૃત્તિ કોઈ પ્રકારે પણ વર્તે છે એવા જે અમે તે અત્યારે તો આટલું લખી અટકીએ છીએ.

---

[૩૦૨] ૩૭૧ મુંબઈ, વૈશાખ વદ ૧૩, ભોમ, ૧૯૪૮

શ્રી કલોલવાસી જિજ્ઞાસુ શ્રી કુંવરજી પ્રત્યે,

નિરંતર જેને અભેદધ્યાન વર્તે છે, એવા શ્રી બોધપુરુષના યથાયોગ્ય વાંચશો.

અત્ર ભાવ પ્રત્યે તો સમાધિ વર્તે છે; અને બાહ્ય પ્રત્યે ઉપાધિજોગ વર્તે છે; તમારાં આવેલાં ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે, અને તે કારણથી પ્રત્યુત્તર લખ્યો નથી.

આ કાળનું વિષમપણું એવું છે કે જેને વિષે ઘણા વખત સુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિષેથી લોકભાવના ઓછી થાય, અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં, અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરૂપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું, અને જે કાર્યે કરી તે ભાવનાની ઉન્નતિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું, તે યોગ્ય છે.

ઉપર જણાવી છે જે વાર્તા, તેને વિષે બાધ કરનારા એવા ઘણા પ્રસંગ તમ જીવોને વર્તે છે, એમ જાણીએ છીએ; તથાપિ તે તે બાધ કરનારા પ્રસંગ પ્રત્યે જેમ બને તેમ સદ્ઉપયોગે વિચારી વર્તવાનું ઇચ્છવું, તે અનુક્રમે બને એવું છે. કોઈ પ્રકારે મનને વિષે સંતાપ પામવા યોગ્ય નથી, પુરુષાર્થ જે કંઈ થાય તે કરવાની દૃઢ ઇચ્છા રાખવી યોગ્ય છે; અને પરમ એવું જે બોધસ્વરૂપ છે તેનું જેને ઓળખાણ છે, એવા પુરુષે તો નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુઝાવું યોગ્ય નથી.

અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે.

રૂડે પ્રકારે મન વર્તે એમ વર્તો. વિયોગ છે, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, એ વાર્તા સત્ય છે, તથાપિ જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે. ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી.

શ્રી સ્વરૂપના યથાયોગ્ય

ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે, વિષમપરિણામે વેદવા યોગ્ય નથી.

તમારી આજીવિકા સંબંધી સ્થિતિ ઘણા વખત થયાં જાણવામાં છે; એ પૂર્વકર્મનો યોગ છે.

યથાર્થ જ્ઞાન જેમને છે એવો પુરુષ અન્યથા આચરે નહીં; માટે તમે જે આકુળતાને લઈ ઇચ્છા જણાવી, તે નિવૃત્ત કરવા યોગ્ય છે.

જ્ઞાની પાસે સાંસારિક વૈભવ હોય તોપણ મુમુક્ષુએ કોઈ પણ પ્રકારે તે ઇચ્છવો યોગ્ય નથી. ઘણું કરી જ્ઞાની પાસે તેવો વૈભવ હોય છે, તો તે મુમુક્ષુની વિપત્તિ ટાળવા માટે ઉપયોગી થાય છે. પારમાર્થિક વૈભવથી જ્ઞાની, મુમુક્ષુને સાંસારિક ફળ આપવાનું ઇચ્છે નહીં; કારણ કે અકર્ત્તવ્ય તે જ્ઞાની કરે નહીં.

ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે એમ અમે જાણીએ છીએ, તેમ છતાં ધીરજમા એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્ત્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે.

હાલ તો અમારી પાસે એવું કોઈ સાંસારિક સાધન નથી કે તમને તે વાટે ધીરજનું કારણ થઈએ, પણ તેવો પ્રસંગ લક્ષમાં રહે છે; બાકી બીજાં પ્રયત્ન તો કર્ત્તવ્ય નથી.

કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે, તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ–પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.

ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મણ હોય છે. અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે; માટે તે આપત્તિ આવે નહીં, એટલું જ વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમા ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે. યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે. એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી. લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તોપણ જે થવાનું હશે તે થશે. તેમા સમપણું રાખશો તોપણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે.

સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં.

---

[૩૦૫]

૩૭૫ મુંબઈ, વૈશાખ, ૧૯૪૮

જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યા છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યુ, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે; એ વાર્તા અમને તો નિ.સંદેહ યથાર્થ લાગે છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી.

છે' એમ કહેતા હતા. તે અન્યથા પ્રકાર પછી ગ્રંથકાર નિવેદન કરે છે, કે પંચમહાભૂતનું જ કોઈ અસ્તિત્વ માને છે. આત્માનુ ઉત્પન્ન થવું તેથી માને છે, જેમ ઘટતું નથી. એમ જણાવી આત્માનું નિત્યપણું પ્રતિપાદન કરે છે. જો જીવે પોતાનું નિત્યપણું જાણ્યુ નથી, તો પછી નિર્વાણનું પ્રયત્ન શા અર્થે થાય ? એવો અભિપ્રાય કરી નિત્યતા દર્શાવી છે. ત્યાર પછી ભિન્ન ભિન્ન પ્રકારે કલ્પિત અભિપ્રાય દર્શાવી યથાર્થ અભિપ્રાયનો બોધ કરી, યથાર્થ માર્ગ વિના છૂટકો નથી, ગર્ભપણુ ટળે નહીં, જન્મ ટળે નહીં, મરણ ટળે નહીં, દુઃખ ટળે નહીં, આધિ, વ્યાધિ, ઉપાધિ કંઈ ટળે નહીં; અને અમે ઉપર જે કહી આવ્યા છીએ એવા મતવાદીઓ તે સૌ તેવા પ્રકારને વિષે વસ્યા છે, કે જેથી જન્મ જરા મરણાદિનો નાશ થાય નહીં; એવો વિશેષ ઉપદેશરૂપ આગ્રહ કરી પ્રથમાધ્યયન સમાપ્ત કર્યું છે. ત્યાર પછી અનુક્રમે તેથી વર્ધમાન પરિણામે ઉપશમ — કલ્યાણ — આત્માર્થ બોધ્યો છે. તે લક્ષમાં રાખી વાંચન, શ્રવણ ઘટે છે. કુળધર્માર્થે 'સૂત્રકૃતાંગ'નું વાંચન, શ્રવણ નિષ્ફળ છે.

---

[૩૦૬]

૩૭૬ મુંબઈ, વૈશાખ વદ, ૧૯૪૮

શ્રી સ્થંભતીર્થવાસી જિજ્ઞાસુ પ્રત્યે, શ્રી મોહમયીથી અમોહસ્વરૂપ એવા શ્રી રાયચંદ્રના આત્મસમાનભાવની સ્મૃતિએ યથાયોગ્ય વાંચશો.

હાલ અત્રે બાહ્યપ્રવૃત્તિનો જોગ વિશેષપણે રહે છે. જ્ઞાનીનો દેહ ઉપાર્જન કરેલાં એવાં પૂર્વ કર્મ નિવૃત્ત કરવા અર્થે અને અન્યની અનુકંપાને અર્થે હોય છે.

જે ભાવે કરી સંસારની ઉત્પત્તિ હોય છે, તે ભાવ જેને વિષેથી નિવૃત્ત થયો છે, એવા જ્ઞાની પણ બાહ્યપ્રવૃત્તિનાં નિવૃત્તપણાંને અને સત્સમાગમનાં નિવાસપણાંને ઇચ્છે છે. તે જોગનું જ્યાં સુધી ઉદયપણું પ્રાપ્ત ન હોય ત્યાં સુધી, અવિષમપણે પ્રાપ્તસ્થિતિએ વર્તે છે એવા જે જ્ઞાની તેના ચરણારવિંદની ફરી ફરી સ્મૃતિ થઈ આવવાથી પરમ વિશિષ્ટભાવે નમસ્કાર કરીએ છીએ.

હાલ જે પ્રવૃત્તિજોગમાં રહીએ છીએ તે તો ઘણા પ્રકારના પરેચ્છાના કારણથી રહીએ છીએ. આત્મદૃષ્ટિનું અખંડપણુ એ પ્રવૃત્તિજોગથી બાધ નથી પામતું. માટે ઉદય આવેલો એવો તે જોગ આરાધીએ છીએ. અમારો પ્રવૃત્તિજોગ જિજ્ઞાસુ પ્રત્યે કલ્યાણ પ્રાપ્ત થવા વિષે વિયોગપણે કોઈ પ્રકારે વર્તે છે.

જેને વિષે સત્સ્વરૂપ વર્તે છે, એવા જે જ્ઞાની તેને વિષે લોક-સ્પૃહાદિનો ત્યાગ કરી, ભાવે પણ જે આશ્રિતપણે વર્તે છે, તે નિકટપણે કલ્યાણને પામે છે, એમ જાણીએ છીએ.

નિવૃત્તિને, સમાગમને ઘણા પ્રકારે ઇચ્છીએ છીએ, કારણ કે એ પ્રકારનો જે અમારો રાગ તે કેવળ અમે નિવૃત્ત કર્યો નથી.

કાળનું કળિસ્વરૂપ વર્તે છે, તેને વિષે જે અવિષમપણે માર્ગની જિજ્ઞાસાએ કરી, બાકી બીજા જે અન્ય જાણવાના ઉપાય તે પ્રત્યે ઉદાસીનપણે વર્તતો પણ જ્ઞાનીના સમાગમે અત્યંત નિકટપણે કલ્યાણ પામે છે, એમ જાણીએ છીએ.

કૃષ્ણદાસે લખ્યું છે એવું જે જગત, ઈશ્વરાદિ સંબંધી પ્રશ્ન તે અમારા ઘણા વિશેષ

સમજવા યોગ્ય તો જે છે તે····સ્વરૂપ, પ્રાપ્ત થયું છે જેને નિર્વિકલ્પપણું એવા જ્ઞાનીથી – તેના આશ્રયે જીવના દોષ ગળિત થઈ પ્રાપ્ત હોય છે, સમજાય છે.

છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી . . . . . . ને નમસ્કાર છે.

---

[૩૦૯]

૩૭૯ મુંબઈ, જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

જેની પ્રાપ્તિ પછી અનંત કાળનું યાચકપણું મટી, સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે એવો જો કોઈ હોય તો તે તરણતારણ જાણીએ છીએ, તેને ભજો.

મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત હોય, અથવા પ્રાપ્ત થાય છે. પણ મુક્તપણાનું દાન આપનાર એવા પુરુષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે; અર્થાત્ મોક્ષ દુર્લભ નથી, દાતા દુર્લભ છે.

ઉપાધિજોગનું અધિકપણું વર્તે છે. બળવાન કલેશ જેવો ઉપાધિયોગ આપવાની 'હરિઇચ્છા' હશે, ત્યા હવે તે જેમ ઉદય આવે તેમ વેદન કરવા યોગ્ય જાણીએ છીએ.

સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસગ હજી વિરામ પામતો નથી, એ એક પ્રકારનો મોટો 'કલેશ' વર્તે છે.

તમારા સત્સંગને વિષે અત્યંત રુચિ રહે છે, તથાપિ તે પ્રસંગ થવા હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિને' હાથ સોંપીએ છીએ.

અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી. કંઈક વાણીએ વર્તીએ છીએ, તેમાં પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે. અને પ્રસંગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે.

એવી જ 'ઇશ્વરેચ્છા' હશે! એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ જ યોગ્ય જાણી રહીએ છીએ.

'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી.' પણ પ્રસગ આ વર્તે છે. સત્સંગને વિષે રુચિકર એવા ડુંગરને અમારા પ્રણામ પ્રાપ્ત હો.

'વનની મારી કોયલ' એવી એક ગુર્જરદેશની કહેવત આ પ્રસંગને વિષે યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

નમસ્કાર પહોંચે.

---

[૩૧૦]

૩૮૦ મુંબઈ, જેઠ, ૧૯૪૮

પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે. ગમે તો મનથી પણ સ્થિર થઈને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે.

મનની સ્થિરતા થવાનો મુખ્ય ઉપાય હમણાં તો પ્રભુભક્તિ સમજો. આગળ પણ તે, અને તેવું જ છે, તથાપિ સ્થૂળપણે એને લખી જણાવવી વધારે યોગ્ય લાગે છે.

'ઉત્તરાધ્યયનસૂત્ર'માં બીજાં ઇચ્છિત અધ્યયન વાચશો; બત્રીસમાની ચોવીસ ગાથા મોડા આગળની મનન કરશો.

હોય છે. તેને ભમરી અને ઇયળનું પ્રત્યક્ષ સમજાય એવું દૃષ્ટાંત આપ્યું છે.

અમને પણ અત્રે ઉપાધિજોગ વર્તે છે, અન્યભાવને વિષે જોકે આત્મભાવ ઉત્પન્ન થતો નથી, અને એ જ મુખ્ય સમાધિ છે.

---

[૩૧૬] ૩૮૮ મુંબઈ, શ્રાવણ સુદ ૪, બુધ, ૧૯૪૮

'જગત જ્યાં સૂએ છે ત્યાં જ્ઞાની જાગે છે, જ્ઞાની જાગે છે ત્યાં જગત સૂએ છે. જગત જાગે છે, ત્યાં જ્ઞાની સૂએ છે.' એમ શ્રીકૃષ્ણ કહે છે.[1]

આત્મપ્રદેશ સમસ્થિતિએ નમસ્કાર.

[૩૭૮(૨)+૩૧૭] ૩૮૯ મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

અસત્સંગમાં ઉદાસીન રહેવા માટે જીવને વિષે અપ્રમાદપણે નિશ્ચય થાય છે, ત્યારે 'સત્જ્ઞાન' સમજાય છે; તે પહેલાં પ્રાપ્ત થયેલ બોધને ઘણા પ્રકારના અંતરાય હોય છે.

જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઇચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય એમ જણાય છે.

[૩૧૮-૧] ૩૯૦ મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

ૐ

નમઃ

નિષ્કામ યથાયોગ્ય.

આત્મરૂપ શ્રી સુભાગ્ય પ્રત્યે,

જે ઉપાર્જિત કર્મ ભોગવતાં ઘણો વખત ભાવિમાં વ્યતીત થશે, તે બળવાનપણે ઉદયમાં વર્તી ક્ષયપણાને પામતાં હોય તો તેમ થવા દેવા યોગ્ય છે, એમ ઘણાં વર્ષનો સંકલ્પ છે.

વ્યાવહારિક પ્રસંગ સંબંધી ચોતરફથી ચિંતા ઉત્પન્ન થાય એવાં કારણો જોઈને પણ નિર્ભયતા, આશ્રય રાખવા યોગ્ય છે. માર્ગ એવો છે.

અમે વિશેષ હાલ કંઈ લખી શકતા નથી, તે માટે ક્ષમા માગીએ છીએ અને નિષ્કામપણે સ્મૃતિપૂર્વક નમસ્કાર કરીએ છીએ. એ જ વિનંતી.

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી,
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નર નારી રે, ભવિકા૦

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત.

[૩૧૮-૨] ૩૯૧ મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

કેવળ નિષ્કામ એવા યથાયોગ્ય.

અત્ર ઉપાધિયોગમાં છીએ એમ જાણીને પત્રાદિ પાઠવવાનું નહીં કર્યું હોય એમ જાણીએ છીએ. શાસ્ત્રાદિ વિચાર, સત્કથા પ્રસંગે ત્યાં કેવા યોગથી વર્તવું થાય છે? તે લખશો.

---

૧. ભગવદ્ગીતા અ. ૨, શ્લો. ૬૯.

[૩૨૦]

૩૯૪ મુંબઈ, શ્રાવણ વદ ૧૦, ૧૯૪૮

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત — ધન૦

ઘરસંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા (મહિલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભરતારને વિષે લીન છે, તેમ સમ્યક્‌દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્યપ્રસંગે વર્તવું પડતાં છતાં, જ્ઞાનીસંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્તે છે.

સમસ્ત સંસારને વિષે સ્ત્રીપુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે, તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે, અને એમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાનપ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણ્યો છે કે બીજાં બધાં ઘરસંબંધી (અને બીજા પણ) કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે વર્તે છે, એટલા માટે.

પણ સિદ્ધાંતકાર કહે છે કે એ સ્નેહનું કારણ તો સંસારપ્રત્યયી છે, અને અત્ર તો તે અસંસાર-પ્રત્યયી કરવાને અર્થે કહેવું છે; માટે તે સ્નેહ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે જ્યાં કરવા યોગ્ય છે, જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે, તે કહીએ છીએ

તે સ્નેહ તો પતિવ્રતારૂપ એવા મુમુક્ષુએ જ્ઞાનીસંબંધી શ્રવણરૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે; અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્તે છે, ત્યારે 'કાંતા' એવા નામની સમકીત સંબંધી જે દૃષ્ટિ તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ.

એવા અર્થને વિષે પૂરિત એવાં એ બે પદ છે, તે પદ તો ભક્તિપ્રધાન છે, તથાપિ તે પ્રકારે ગૂઢ આશયે જીવનું નિદિધ્યાસન ન થાય તો કવચિત્ બીજું એવું પદ તે જ્ઞાનપ્રધાન જેવું ભાસે છે, અને તમને ભાસશે એમ જાણી તે બીજા પદનો તેવા પ્રકારનો ભાસ બાધ થવાને અર્થે ફરી પત્રની પૂર્ણતાએ માત્ર પ્રથમનું એક જ પદ લખી પ્રધાનપણે ભક્તિને જણાવી છે.

ભક્તિપ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે.

તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન, અથવા જ્ઞાન પ્રધાનદશા તે અસુગમ એવા માર્ગ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થસંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે; તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાનદશા આરાધવા યોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે, અને એમ જ છે.)

હૃદયને વિષે જે મૂર્તિસંબંધી દર્શન કરવાની તમને ઇચ્છા છે, તેને પ્રતિબંધ કરનારી

અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ એવું દૃષ્ટાંત દેવું ઘટે છે, એમ જાણી ગ્રંથકર્તા તે સ્થળે જગતમાં, સંસારમાં પ્રાયે મુખ્ય એવો જે પુરુષ પ્રત્યેનો 'ક્લેશાદિભાવ'રહિત એવો કામ્યપ્રેમ સ્ત્રીનો તે જ પ્રેમ સત્પુરુષથી શ્રવણ થયો હોય જે ધર્મ તેને વિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષ દ્વારા શ્રવણપ્રાપ્ત થયો છે જે ધર્મ તેમાં સર્વ બીજા જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે તેથી ઉદાસીન થઈ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એક લયપણે, એક સ્મરણપણે, એક શ્રેણીપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્યપ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે; એ કામ્યપ્રેમથી અનંતગુણ વિશિષ્ટ એવો શ્રુત પ્રત્યે પ્રેમ કરવો ઘટે છે; તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શક્યું નથી. જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઈ ત્યાં સુધીનો પ્રેમ કહ્યો છે. સિદ્ધાંત ત્યા પરિસીમાપણાને પમાડ્યો નથી.

અનાદિથી જીવને સંસારરૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણારૂપ કોઈ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશદૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સસારપરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી; જ્યાં સુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને સ્વપ્રાપ્તિભાન ઘટતું નથી, જ્યાં સુધી તે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવને કંઈ સુખ કહેવું ઘટતું નથી, દુઃખી કહેવો ઘટે છે, એમ દેખી અત્યત અનંત કરુણા પ્રાપ્ત થઈ છે જેને, એવા આપ્તપુરુષે દુઃખ મટવાનો માર્ગ જાણ્યો છે, જે તે કહેતા હતા, કહે છે, ભવિષ્યકાળે કહેશે. તે માર્ગ એ કે જીવનું સ્વાભાવિકપણું પ્રગટ્યુ છે જેને વિષે, જીવનુ સ્વાભાવિક સુખ પ્રગટ્યું છે જેને વિષે, એવો જ્ઞાનીપુરુષ તે જ તે અજ્ઞાનપરિણતિ અને તેથી પ્રાપ્ત થયુ જે દુઃખપરિણામ તેથી નિવારી આત્માને સ્વાભાવિકપણે સમજાવી શકવા યોગ્ય છે; કહી શકવાને યોગ્ય છે, અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યાપૂર્વક હોવાથી તે દુઃખ મટાડી શકવાને બળવાન છે. માટે તે વચન જો કોઈ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વ ભાવરૂપ જાણી તેમાં પરમ પ્રેમ વર્તે, તો તત્કાળ અથવા અમુક અનુક્રમે આત્માનુ સ્વાભાવિકપણું પ્રગટ થાય.

---

[૩૨૨]

૩૯૬

મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

ૐ

અન-અવકાશ એવું આત્મસ્વરૂપ વર્તે છે; જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશ જોગ નથી

તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવારૂપ જોગ આવે છે. વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમાં વર્તે છે; અને જે કંઈ ઉદયમાં નથી આવતું તે કરી શકવાનું હાલ તો અસમર્થપણું છે.

ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી, થવાથી, વિષમપણું મટ્યું છે. તમ પ્રત્યે, પોતા પ્રત્યે, અન્ય પ્રત્યે કોઈ જાતનો વિભાવિક ભાવ પ્રાયે ઉદય પ્રાપ્ત થતો નથી; અને એ જ

અનંત એવાં જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો કર્યાં જણાય છે, તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય છે, એવાં એકે સાધન થઈ શક્યાં હોય એમ જણાતું નથી. એવાં તપ, જપ, કે વૈરાગ્ય અથવા બીજાં સાધનો તે માત્ર સંસારરૂપ થયાં છે; તેમ થવું તે શા કારણથી? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે. (આ સ્થળને વિષે કોઈ પણ પ્રકારે જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો નિષ્ફળ છે એમ કહેવાનો હેતુ નથી, પરંતુ નિષ્ફળ થયાં છે, તેનો હેતુ શો હશે? તે વિચારવા માટે લખવામાં આવ્યું છે. કલ્યાણની પ્રાપ્તિ જેને થાય છે, એવા જીવને વિષે વૈરાગ્યાદિ સાધન તો અંગીત હોય છે.)

શ્રી સુભાગ્યભાઈના કહેવાથી તમે, આ પત્ર જેના તરફથી લખવામાં આવ્યો છે તે માટે, જે કંઈ શ્રવણ કર્યું છે, તે તેમનું કહેવું યથાતથ્ય છે કે કેમ? તે પણ નિર્ધાર કરવા જેવી વાત છે.

નિરંતર અમારા સત્સંગને વિષે રહેવા સંબંધી તમારી જે ઇચ્છા છે, તે વિષે હાલ કાંઈ લખી શકાવું અશક્ય છે.

તમારા જાણવામાં આવ્યુ હોવું જોઈએ કે અત્ર અમારું જે રહેવું થાય છે તે ઉપાધિપૂર્વક થાય છે, અને તે ઉપાધિ એવા પ્રકારથી છે કે તેવા પ્રસંગમાં શ્રી તીર્થંકર જેવા પુરુષ વિષેનો નિર્ધાર કરવો હોય તોપણ વિકટ પડે, કારણ કે અનાદિ કાળથી માત્ર જીવને બાહ્યપ્રવૃત્તિ અથવા બાહ્યનિવૃત્તિનુ ઓળખાણ છે; અને તેના આધારે જ તે સત્પુરુષ, અસત્પુરુષ કલ્પતો આવેલ છે; કદાપિ કોઈ સત્સંગના યોગે જીવને 'સત્પુરુષ આ છે' એવું જાણવામાં આવે છે, તોપણ પછી તેમનો બાહ્યપ્રવૃત્તિરૂપ યોગ દેખીને જેવો જોઈએ તેવો નિશ્ચય રહેતો નથી; અથવા તો નિરંતર વધતો એવો ભક્તિભાવ નથી રહેતો; અને વખતે તો સંદેહને પ્રાપ્ત થઈ જીવ તેવા સત્પુરુષના યોગને ત્યાગી જેની બાહ્યનિવૃત્તિ જણાય છે એવા અસત્પુરુષને દૃઢાગ્રહે સેવે છે, માટે નિવૃત્તિપ્રસંગ જે કાળમાં સત્પુરુષને વર્તતો હોય તેવા પ્રસંગમાં તેમની સમીપનો વાસ તે જીવને વિશેષ હિતકર જાણીએ છીએ

આ વાત અત્યારે આથી વિશેષ લખાવી અશક્ય છે જો કોઈ પ્રસંગે અમારો સમાગમ થાય તો ત્યારે તમે તે વિષે પૂછશો અને કંઈ કહેવાયોગ્ય પ્રસંગ હશે તો કહી શકવાનો સંભવ છે.

દીક્ષા લેવા વારંવાર ઇચ્છા થતી હોય તોપણ હાલ તે વૃત્તિ સમાવેશ કરવી, અને કલ્યાણ શુ અને તે કેમ હોય તેની વારંવાર વિચારણા અને ગવેષણા કરવી. એ પ્રકારમાં અનંતકાળ થયાં ભૂલ થતી આવી છે, માટે અત્યંત વિચારે પગલું ભરવું યોગ્ય છે.

અત્યારે એ જ વિનંતિ

રાયચંદના નિષ્કામ યથાયોગ્ય.

---

[૩૨૮]

૪૦૨ મુંબઈ, ભાદરવા સુદ ૭, સોમ, ૧૯૪૮

ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહીં.

સ્વસ્તિશ્રી સાયલા શુભસ્થાને સ્થિત, મુમુક્ષુજનને પરમ હિતસ્વી, સર્વ જીવપ્રત્યે પરમાર્થ કરુણાદૃષ્ટિ છે જેની, એવા નિષ્કામ, ભક્તિમાન શ્રી સુભાગ્ય પ્રત્યે,

શ્રી 'મોહમયી' સ્થાનેથી.....ના નિષ્કામ વિનયપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય.

જે જે અપરાધાદિ કંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઇચ્છું છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઇચ્છું છું; અને તે ક્ષમારૂપભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વ પ્રકાર અમ પ્રત્યેના પૂર્વકાળના, વિસ્મરણ કરવાને યોગ્ય છો.

કંઈ પણ સત્સંગવાર્તાનો પરિચય વધે તેમ યત્ન કરવો યોગ્ય છે. એ જ વિનંતિ.

રાયચંદ

---

[૩૩૨]

૪૦૬ મુંબઈ, ભાદરવા સુદ ૧૨, રવિ, ૧૯૪૮

પરમાર્થ શીઘ્ર પ્રકાશ પામે તેમ થવા વિષે તમ બન્નેનો આગ્રહ પ્રાપ્ત થયો, તેમજ વ્યવહારચિંતા વિષે લખ્યું, અને તેમાં પણ સકામપણું નિવેદન કર્યું તે પણ આગ્રહરૂપે પ્રાપ્ત થયેલ છે. હાલ તો એ સર્વ વિસર્જન કરવારૂપ ઉદાસીનતા વર્તે છે; અને તે સર્વ ઈશ્વરેચ્છાધીન સોંપવા યોગ્ય છે. હાલ એ બે ય વાત અમે ફરી ન લખીએ ત્યાં સુધી વિસ્મરણ કરવા યોગ્ય છે.

જો બને તો તમે અને ગોશળિયા કંઈક અપૂર્વ વિચાર આવ્યા હોય તો તે લખશો. એ જ વિનંતિ.

---

[૩૩૩]

૪૦૭ મુંબઈ, ભાદરવા વદ ૩, શુક્ર, ૧૯૪૮

શુભવૃત્તિસંપન્ન મણિલાલ,

ભાવનગર

વિ૦ યથાયોગ્યપૂર્વક વિજ્ઞાપન.

તમારું પત્ર ૧ આજે પહોંચ્યું છે; અને તે મેં વાંચ્યું છે. અત્રેથી લખેલું પત્ર તમને મળવાથી થયેલો આનંદ નિવેદન કરતાં તમે દીક્ષા સંબંધી વૃત્તિ હાલ ક્ષોભ પામવા વિષેનું લખ્યું, તે ક્ષોભ હાલ યોગ્ય છે.

ક્રોધાદિ અનેક પ્રકારના દોષો પરિક્ષીણ પામી ગયાથી, સંસારત્યાગરૂપ દીક્ષા યોગ્ય છે, અથવા તો કોઈ મહત્ પુરુષના યોગે યથાપ્રસંગે તેમ કરવું યોગ્ય છે. તે સિવાય બીજા પ્રકારે દીક્ષાનું ધારણ કરવું તે સફળપણાને પ્રાપ્ત થતું નથી; અને જીવ તેવી બીજા પ્રકારની દીક્ષારૂપ ભ્રાંતિએ ગ્રસ્ત થઈ અપૂર્વ એવા કલ્યાણને ચૂકે છે, અથવા તો તેથી વિશેષ અંતરાય પડે એવો જોગ ઉપાર્જન કરે છે. માટે હાલ તો તમારો તે ક્ષોભ યોગ્ય જાણીએ છીએ.

તમારી ઇચ્છા અત્ર સમાગમમાં આવવા વિષેની વિશેષ છે એ અમે જાણીએ છીએ; તથાપિ હાલ તે જોગની ઇચ્છા નિરોધ કરવા યોગ્ય છે, અર્થાત્ તે જોગ બનવો અશક્ય છે; અને એ ખુલાસો પ્રથમના પત્રમાં લખ્યો છે, તે તમે જાણી શક્યા હશો. આ તરફ આવવા વિષેની ઇચ્છામાં તમારા વડીલાદિ તરફનો જે નિરોધ છે તે નિરોધથી હાલ ઉપરવટ થવાની ઇચ્છા કરવી યોગ્ય નથી. અમારું તે પ્રદેશની લગભગથી કોઈ વાર જવા આવવાનું હોય ત્યારે તમને સમાગમજોગ હશે તો થઈ શકશે.

પાંચ જેને પ્રાપ્ત છે તેને વિષે સિદ્ધિજોગ હોય છે. આ સિવાયની કલ્પના માત્ર કાળક્ષેપરૂપ છે. તેનો વિચાર ઉદય આવે તે પણ એક કૌતુકભૂત છે. કૌતુક આત્મપરિણામને વિષે યોગ્ય નથી. પારાનું સ્વાભાવિક પારાપણું છે.

---

[૩૩૬]

૪૧૦ મુંબઈ, આસો સુદ ૭, ભોમ, ૧૯૪૮

પ્રગટ આત્મસ્વરૂપ અવિચ્છિન્નપણે ભજવા યોગ્ય છે.

વાસ્તવિક તો એમ છે કે કરેલાં કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થાય નહીં, અને નહીં કરેલું એવું કંઈ કર્મફળ પ્રાપ્ત થાય નહીં. કોઈ કોઈ વખત અકસ્માત્ કોઈનું શુભ અથવા અશુભ વર અથવા શાપથી થયેલું દેખવામાં આવે છે, તે કંઈ નહીં કરેલાં કર્મનું ફળ નથી. કોઈ પણ પ્રકારે કરેલાં કર્મનું ફળ છે.

એકેન્દ્રિયનું એકાવતારીપણું અપેક્ષાએ જાણવા યોગ્ય છે. એ જ વિનંતિ.

---

[૩૩૭]

૪૧૧ મુંબઈ, આસો સુદ ૧૦, (દશેરા), ૧૯૪૮

'ભગવતી' વગેરે સિદ્ધાંતોને વિષે જે કોઈ કોઈ જીવોના ભવાંતરનું વર્ણન કર્યું છે, તેમાં કંઈ સંશયાત્મક થવા જેવું નથી. તીર્થંકર તો પૂર્ણ આત્મસ્વરૂપ છે. પરંતુ જે પુરુષો માત્ર યોગધ્યાનાદિકના અભ્યાસબળ વડે સ્થિત હોય તેમાંના ઘણા પુરુષો પણ તે ભવાંતર જાણી શકે છે, અને એમ બનવું એ કંઈ કલ્પિત પ્રકાર નથી. જે પુરુષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે, હોય છે, ક્વચિત્ જ્ઞાનના તારતમ્યક્ષયોપશમ ભેદે તેમ નથી પણ હોતું તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે, તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનને જાણે છે, ભવાંતરને જાણે છે. આત્મા નિત્ય છે, અનુભવરૂપ છે, વસ્તુ છે, એ એ પ્રકારો અત્યંતપણે દૃઢ થવા અર્થે શાસ્ત્રને વિષે તે પ્રસંગો કહેવામાં આવ્યા છે.

ભવાંતરનું જો સ્પષ્ટ જ્ઞાન કોઈને થતું ન હોય તો આત્માનું સ્પષ્ટ જ્ઞાન પણ કોઈને થતું નથી, એમ કહેવા તુલ્ય છે; તથાપિ એમ તો નથી. આત્માનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, અને ભવાંતર પણ સ્પષ્ટ ભાસે છે. પોતાના તેમજ પરના ભવ જાણવાનું જ્ઞાન કોઈ પ્રકારે વિસંવાદપણાને પામતું નથી.

પ્રત્યેક ઠેકાણે તીર્થંકર ભિક્ષાર્થે જતાં સુવર્ણવૃષ્ટિ ઇત્યાદિ થાય એમ શાસ્ત્રના કહેવાનો અર્થ સમજવાયોગ્ય નથી; અથવા શાસ્ત્રમાં કહેલાં વાક્યોનો તેવો અર્થ થતો હોય તો તે સાપેક્ષ છે; લોકભાષાનાં એ વાક્ય સમજવા યોગ્ય છે. રૂડા પુરુષનું આગમન કોઈને ત્યાં થાય તો તે જેમ એમ કહે કે 'આજે અમૃતના મેહ વૂઠ્યા,' તો તે કહેવું સાપેક્ષ છે, યથાર્થ છે, તથાપિ શબ્દના ભાવાર્થે યથાર્થ છે, શબ્દથી પરભારા અર્થે યથાર્થ નથી; તેમ જ તીર્થંકરાદિકની ભિક્ષા સંબંધમાં તેવું છે, તથાપિ એમ જ માનવું યોગ્ય છે કે, આત્મસ્વરૂપે પૂર્ણ એવા પુરુષના પ્રભાવજોગે તે બનવું અત્યંત સંભવિત છે. સર્વત્ર એમ બન્યું છે એમ કહેવાનો અર્થ નથી, એમ બનવું સંભવિત છે, એમ ઘટે છે, એમ કહેવાનો હેતુ છે. સર્વ મહત્ પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપ જ્યાં છે ત્યાં આધીન છે, એ નિશ્ચયાત્મક છે, નિઃસંદેહ અંગીકારવા યોગ્ય વાત છે. પૂર્ણ આત્મસ્વરૂપ જ્યાં વર્તે છે, ત્યાં

૫. એ ભાવના જ્યાં સુધી તે પદાર્થનાં આકારાદિ દર્શનને આપે નહીં ત્યાં સુધી સુદૃઢ કરવી.

આ જે દર્શન કહ્યું છે, તે ભાસ્યમાનદર્શન સમજવું.

૬. એ બે પ્રકારની ઊલટસૂલટ ભાવના સિદ્ધ થયે ભ્રૂકુટીના મધ્યભાગને વિષે તે બન્નેનું ચિંતન કરવું.

૭. પ્રથમ તે ચિંતન દૃષ્ટિ ઉઘાડી રાખી કરવું.

૮. ઘણા પ્રકારે તે ચિંતન દૃઢ થવા પછી દૃષ્ટિ બંધ રાખવી. તે પદાર્થના દર્શનની ભાવના કરવી.

૯. તે ભાવનાથી દર્શન સુદૃઢ થયા પછી તે બન્ને પદાર્થો અનુક્રમે હૃદયને વિષે એક અષ્ટદલકમળનું ચિંતન કરી સ્થાપિત કરવા.

૧૦. હૃદયને વિષે એવું એક અષ્ટદલકમળ માનવામાં આવ્યું છે, તથાપિ તે વિમુખ મુખે રહ્યું છે, એમ માનવામાં આવ્યું છે, જેથી સન્મુખ મુખે તેને ચિંતવવું, અર્થાત્ સૂલટું ચિંતવવું.

૧૧. તે અષ્ટદળકમળને વિષે પ્રથમ ચંદ્રના તેજને સ્થાપન કરવું. પછી સૂર્યના તેજને સ્થાપન કરવું; અને પછી અખંડ દિવ્યાકાર એવી અગ્નિની જ્યોતિનું સ્થાપન કરવું.

૧૨. તે ભાવ દૃઢ થયે પૂર્ણ છે જેનું જ્ઞાન, દર્શન અને આત્મચારિત્ર એવા શ્રી વીતરાગદેવ તેની પ્રતિમા મહાતેજોમય સ્વરૂપે તેને વિષે ચિંતવવી.

૧૩. તે પરમ દિવ્ય પ્રતિમા નહીં બાળ, યુવા અને વૃદ્ધ એવા દિવ્યસ્વરૂપે ચિંતવવી.

૧૪. સંપૂર્ણ જ્ઞાન, દર્શન ઉત્પન્ન થવાથી સ્વરૂપસમાધિને વિષે શ્રી વીતરાગદેવ અત્ર છે, એમ ભાવવું

૧૫. સ્વરૂપસમાધિને વિષે સ્થિત એવા તે વીતરાગ આત્માના સ્વરૂપમાં તદાકાર જ છે, એમ ભાવવું.

૧૬. તેમના મૂર્ધસ્થાનને વિષથી તે વખતે ૐકારનો ધ્વનિ થયા કરે છે એમ ભાવવું.

૧૭ તે ભાવનાઓ દૃઢ થયે તે ૐકાર સર્વ પ્રકારના વક્તવ્ય જ્ઞાનને ઉપદેશે છે, એમ ભાવવું.

૧૮. જે પ્રકારના સમ્યક્માર્ગે કરી વીતરાગદેવ વીતરાગ નિષ્પન્નતાને પામ્યા એવું જ્ઞાન તે ઉપદેશનું રહસ્ય છે, એમ ચિંતવતાં ચિંતવતાં તે જ્ઞાન તે શું ? એમ ભાવવું.

૧૯. તે ભાવના દૃઢ થયા પછી તેમણે જે દ્રવ્યાદિ પદાર્થો કહ્યા છે, તેનું ભાવન કરી આત્માને સ્વસ્વરૂપમાં ચિંતવવો, સર્વાંગ ચિંતવવો.

ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે, તે ધ્યાન કહેવાય છે, અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ, ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી. એવું જે આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નથી. એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે, અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરૂપ એવા જ્ઞાનીપુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુમાન, પ્રેમ એ છે. જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણી વાર થઈ ગયો છે, તથાપિ

એતે પરિ મૂરખ ન ખોજૈ પરમારથકોં,
સ્વારથકે હેતુ ભ્રમ ભારત ઠટતુ હૈ;
લગૌ ફિરૈ લોગનિસૌં, પગ્યૌ પરૈ જોગનિસૌં,
વિષૈરસ ભોગનિસૌં, નેકુ ન હટતુ હૈ. ૧
જૈસેં મૃગ મત્ત વૃષાદિત્યકી તપતિ માંહી,
તૃષાવંત મૃષાજલ કારણ અટતુ હૈ;
તૈસેં ભવવાસી માયાહીસૌં હિત માનિ માનિ,
ઠાનિઠાનિ ભ્રમ શ્રમ નાટક નટતુ હૈ;
આગેકોં ધુકત ધાઈ પીછે બછરા ચવાઈ,
જૈસેં નૈન હીન નર જેવરી વટતુ હૈ;
તૈસેં મૂઢ ચેતન સુકૃત કરતૂતિ કરૈ,
રોવત હસત ફલ ખોવત ખટતુ હૈ. ૨
(સમયસાર નાટક)

---

[૩૪૫] ૪૧૯ મુંબઈ, ૧૯૪૮

સંસારમાં સુખ શું છે, કે જેના પ્રતિબંધમાં જીવ રહેવાની ઇચ્છા કરે છે?

---

[૩૪૬] ૪૨૦ મુંબઈ, ૧૯૪૮

किं बहुणा इह जह जह, रागद्दोसा लहुं विलिज्जति,
तह तह पयट्टिअव्व, एसा आणा जिणिंदाणम्।

(ઉપદેશ રહસ્ય – યશોવિજયજી)

કેટલુંક કહીએ? જેમ જેમ આ રાગદ્વેષનો નાશ વિશેષ કરી થાય તે તે પ્રકારે પ્રવર્તવું એ જ આજ્ઞા જિનેશ્વર દેવની છે.

---

[૩૪૭] ૪૨૧ મુંબઈ, આશ્વિન, ૧૯૪૮

જે પદાર્થમાંથી નિત્ય વ્યય વિશેષ થાય અને આવૃત્તિ ઓછી હોય તે પદાર્થ ક્રમે કરી પોતાપણાનો ત્યાગ કરે છે, અર્થાત્ નાશ પામે છે, એવો વિચાર રાખી આ વ્યવસાયનો પ્રસંગ રાખ્યા જેવું છે.

પૂર્વે ઉપાર્જિત કરેલું એવું જે કંઈ પ્રારબ્ધ છે તે વેદવા સિવાય બીજો પ્રકાર નથી, અને યોગ્ય પણ તે રીતે છે એમ જાણી જે જે પ્રકારે જે કાંઈ પ્રારબ્ધ ઉદય આવે છે તે સમપરિણામથી વેદવાં ઘટે છે, અને તે કારણથી આ વ્યવસાયપ્રસંગ વર્તે છે.

ચિત્તમાં કોઈ રીતે તે વ્યવસાયનું કર્ત્તવ્યપણું નહીં જણાતાં છતાં તે વ્યવસાય માત્ર ખેદનો હેતુ છે, એવો પરમાર્થ નિશ્ચય છતાં પણ પ્રારબ્ધરૂપ હોવાથી, સત્સંગાદિ યોગને અપ્રધાનપણે વેદવો પડે છે. તે વેદવા વિષે ઇચ્છા–નિરિચ્છા નથી; પણ આત્માને અફળ એવી આ પ્રવૃત્તિનો સંબંધ રહેતો દેખી ખેદ થાય છે અને તે વિષે વારંવાર વિચાર રહ્યા કરે છે.

દુષ્કર વર્તે છે, અને ઘણુ કરીને અસદ્‌ગુરુ આદિને વિષે સત્યપ્રતીતિ માની જીવ ત્યાં જ રોકાઈ રહે છે.

પાંચમું કારણ ક્વચિત્ સત્સમાગમનો યોગ બને તોપણ બળ, વીર્યાદિનું એવું શિથિલપણું કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે અથવા ન સમજી શકે; અથવા અસત્સમાગમાદિ કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય.

ઘણું કરીને વર્તમાનમાં કાં તો શુષ્કક્રિયાપ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે, અથવા બાહ્યક્રિયા અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ કલ્પ્યો છે; અથવા સ્વમતિકલ્પનાએ અધ્યાત્મ ગ્રંથો વાંચી કથન માત્ર અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે. એમ કલ્પાયાથી જીવને સત્સમાગમાદિ હેતુમાં તે તે માન્યતાનો આગ્રહ આડો આવી પરમાર્થ પામવામાં સ્થંભભૂત થાય છે.

જે જીવો શુષ્ક ક્રિયાપ્રધાનપણામા મોક્ષમાર્ગ કલ્પે છે, તે જીવોને તથારૂપ ઉપદેશનુ પોષણ પણ રહ્યા કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ મોક્ષમાર્ગ ચાર પ્રકારે કહ્યો છતાં પ્રથમનાં બે પદ તો તેમણે વિસાર્યા જેવું હોય છે, અને ચારિત્ર શબ્દનો અર્થ વેષ તથા માત્ર બાહ્ય વિરતિમાં સમજ્યા જેવું હોય છે. તપ શબ્દનો અર્થ માત્ર ઉપવાસાદિ વ્રતનુ કરવું; તે પણ બાહ્ય સંજ્ઞાથી તેમા સમજ્યા જેવું હોય છે; વળી ક્વચિત્ જ્ઞાન, દર્શન, પદ કહેવાં પડે તો ત્યાં લૌકિક કથન જેવા ભાવોના કથનને જ્ઞાન અને તેની પ્રતીતિ અથવા તે કહેનારની પ્રતીતિને વિષે દર્શન શબ્દનો અર્થ સમજવા જેવું રહે છે

જે જીવો બાહ્યક્રિયા (એટલે દાનાદિ) અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામા મોક્ષમાર્ગ સમજે છે, તે જીવો શાસ્ત્રોના કોઈ એક વચનને અણસમજણભાવે ગ્રહણ કરીને સમજે છે. દાનાદિ ક્રિયા જો કોઈ અહંકારાદિથી, નિદાનબુદ્ધિથી કે જ્યાં તેવી ક્રિયા ન સંભવે એવા છઠ્ઠા ગુણસ્થાનાદિસ્થાને કરે તો તે સંસારહેતુ છે, એમ શાસ્ત્રોનો મૂળ આશય છે, પણ સમૂળગી દાનાદિ ક્રિયા ઉત્થાપવાનો શાસ્ત્રોનો હેતુ નથી; તે માત્ર પોતાની મતિકલ્પનાથી નિષેધે છે. તેમજ વ્યવહાર બે પ્રકારના છે; એક પરમાર્થમૂળહેતુ વ્યવહાર અને બીજો વ્યવહારરૂપ વ્યવહાર. પૂર્વે આ જીવે અનંતીવાર કર્યા છતાં આત્માર્થ થયો નહીં એમ શાસ્ત્રોમાં વાક્યો છે, તે વાક્ય ગ્રહણકરી સચોડો વ્યવહાર ઉત્થાપનારા પોતે સમજ્યા એવું માને છે, પણ શાસ્ત્રકારે તો તેવું કશુ કહ્યું નથી. જે વ્યવહાર પરમાર્થહેતુમૂળ વ્યવહાર નથી, અને માત્ર વ્યવહારહેતુ વ્યવહાર છે, તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે. જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહાર વ્યવહારહેતુ કહી શકાય, અથવા જે વ્યવહારથી આત્માની વિભાવદશા જવાયોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય. એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે, તે પણ એકાંતે નહીં, કેવળ દુરાગ્રહથી અથવા તેમા જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે, અને પરમાર્થમૂળહેતુ વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા અથવા સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર અને મનવચનાદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી; અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શુ સમજાવા જેવું રહેતું હતું, કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેશ્યાં? અર્થાત્

મુમુક્ષુ જીવના દર્શનની તથા સમાગમની નિરંતર ઇચ્છા રાખીએ છીએ. તાપમાં વિશ્રાંતિનું સ્થાન તેને જાણીએ છીએ. તથાપિ હાલ તો ઉદયાધીન જોગ વર્તે છે. અત્યારે આટલું જ લખી શકીએ છીએ. શ્રી સુભાગ્ય અત્ર સુખવૃત્તિમાં છે.

પ્રણામ પ્રાપ્ત થાય.

---

[૩૫૧] ૪૨૫ મુંબઇ, માગશર વદ ૯, સોમ, ૧૯૪૯

ઉપાધિ વેદવા માટે જોઇતું કઠિનપણું મારામાં નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે.

પરમાર્થનું દુઃખ મટયા છતાં સંસારનું પ્રાસંગિક દુઃખ રહ્યા કરે છે, અને તે દુઃખ પોતાની ઇચ્છાદિના કારણનું નથી, પણ બીજાની અનુકંપા તથા ઉપકારાદિનાં કારણનું રહે છે; અને તે વિટંબના વિષે ચિત્ત ક્યારેક ક્યારેક વિશેષ ઉદ્વેગ પામી જાય છે.

આટલા લેખ ઉપરથી તે ઉદ્વેગ સ્પષ્ટ નહીં સમજાય, કેટલાક અંશે તમને સમજાઈ શકશે. એ ઉદ્વેગ સિવાય બીજું કંઈ દુઃખ સંસારપ્રસંગનું પણ જણાતું નથી. જેટલા પ્રકારના સંસારના પદાર્થો છે, તે સર્વમાં જો અસ્પૃહાપણું હોય અને ઉદ્વેગ રહેતો હોય તો તે અન્યની અનુકંપા કે ઉપકાર કે તેવાં કારણનો હોય એમ મને નિશ્ચયપણે લાગે છે. એ ઉદ્વેગને લીધે ક્યારેક ચક્ષુમાં આંસુ આવી જાય છે, અને તે બધાં કારણને પ્રત્યે વર્તવાનો માર્ગ તે અમુક અંશે પરતંત્ર દેખાય છે. એટલે સમાન ઉદાસીનતા આવી જાય છે.

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતા જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ-અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્તતી તે પુરુષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે.

દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી ઘડાને જોનાર જેમ ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત્ દેહ નથી.

વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી એ ભિન્ન દેહનાં તેના સ્વાભાવિક ક્ષય-વૃદ્ધિ-રૂપાદિ પરિણામ જોઈ હર્ષ-શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી; અને અમને તમને તે નિર્ધાર કરવો, રાખવો ઘટે છે, અને એ જ્ઞાનીના માર્ગનો મુખ્ય ધ્વનિ છે

વેપારમાં કોઈ યાંત્રિક વેપાર સૂઝે તો હવેના કાળમાં કંઈ લાભ થવો સંભવે છે.

---

[૩૫૨] ૪૨૬ મુંબઈ, માગશર વદ ૧૩, શનિ, ૧૯૪૯

ભાવસાર ખુશાલ રાયજીએ એક પાંચ મિનિટના મંદવાડમાં દેહ ત્યાગ્યો છે.
સંસારને વિષે ઉદાસીન રહ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

---

[૩૫૬] ૪૩૨ મુંબઈ, ફાગણ સુદ ૭, ગુરુ, ૧૯૪૯

અંબાલાલનો લખેલો કાગળ પહોંચ્યો હતો.

આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે અને સ્વભાવમાં અનવકાશપણે રહેવાને અર્થે કોઈ પણ મુખ્ય ઉપાય હોય તો આત્મારામ એવા જ્ઞાનીપુરુષનો નિષ્કામ બુદ્ધિથી ભક્તિયોગરૂપ સંગ છે. તે સફળ થવાને અર્થે નિવૃત્તિ ક્ષેત્રમાં તેવો જોગ પ્રાપ્ત થવો એ કોઈ મોટા પુણ્યનો જોગ છે, અને તેવો પુણ્યજોગ ઘણા પ્રકારના અંતરાયવાળો પ્રાયે આ જગતને વિષે દેખાય છે. માટે અમને વારંવાર સમીપમાં છીએ એમ સંભારી જેમાં આ સંસારનું ઉદાસીનપણું કહ્યું હોય તે હાલ વાંચો, વિચારો. આત્માપણે કેવળ આત્મા વર્તે એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થરૂપ છે.

આ આત્મા પૂર્વે અનંતકાળ વ્યતીત કર્યે જાણ્યો નથી, તે ઉપરથી એમ લાગે છે કે તે જાણવાનું કાર્ય સર્વથી વિકટ છે; અથવા તો જાણવાના તથારૂપ યોગો પરમ દુર્લભ છે. જીવ અનંતકાળથી એમ જાણ્યા કરે છે કે હું અમુકને જાણું છું, અમુકને નથી જાણતો એમ નથી, એમ છતાં જે રૂપે પોતે છે તે રૂપનું નિરંતર વિસ્મરણ ચાલ્યું આવે છે, એ વાત બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે, અને તેનો ઉપાય પણ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે.

[૩૫૭-૧] ૪૩૩ મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૯

ૐ

શ્રી કૃષ્ણાદિના સમ્યક્ત્વ સંબંધી પ્રશ્નનું આપનું પત્ર પહોંચ્યું છે. તથા તેના આગલા દિવસનાં અન્નેના પત્તાંથી આપને ખુલાસો પ્રાપ્ત થયો તે વિષેનું આપનું પત્તુ પહોંચ્યું છે. બરાબર અવલોકનથી તે પત્તાં દ્વારા શ્રી કૃષ્ણાદિનાં પ્રશ્નોનો આપને સ્પષ્ટ ખુલાસો થશે એમ સંભવ છે.

જેને વિષે પરમાર્થધર્મની પ્રાપ્તિનાં કારણો પ્રાપ્ત થવાં અત્યંત દુષમ થાય તે કાળને સુગમમાં સુગમ તીર્થંકરદેવે દુષમ કહ્યો છે, અને આ કાળને વિષે તે વાત સ્પષ્ટ દેખાય છે. એવો કલ્યાણનો ઉપાય તે. જીવને પ્રાપ્ત થવો આ કાળને વિષે અત્યંત દુષ્કર છે. મુમુક્ષુપણું. સરળપણું. નિવૃત્તિ, સત્સંગ આદિ સાધનો આ કાળને વિષે પરમદુર્લભ જાણી પૂર્વના પુરુષોએ આ કાળને હુંડાઅવસર્પિણીકાળ કહ્યો છે; અને તે વાત પણ સ્પષ્ટ છે. પ્રથમનાં ત્રણ સાધનોનો સંયોગ તો ક્વચિત્ પણ પ્રાપ્ત થવો બીજા અમુક કાળમાં સુગમ હતો; પરંતુ સત્સંગ તો ... હોય? સર્વ કાળમાં દુર્લભ જ દેખાય છે; તો પછી આ કાળને વિષે સત્સંગ સુ... પ્રથમનાં ત્રણ સાધન કોઈ રીતે આ કાળમાં જીવ પામે તોપણ ધન્ય છે ...

કાળ સંબંધી તીર્થંકરવાણી સત્ય કરવાને અર્થે 'આવો' ઉદય ... ને સમાધિરૂપે વેદવા યોગ્ય છે.

ૐ

સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ

જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્ત-
વ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમા-
ણે અત્યંત યથાસ્થિત કહ્યો છે તે તીર્થંકરને સર્વ
પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ

પૂર્વે ઘણા શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિ-
ચારના ફળમાં સત્પુરુષને વિષે જેના વચનથી
ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમ-
સ્કાર કરીએ છીએ

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ
આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી
એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકર
માર્ગબોધને નમસ્કાર ~~કર~~ કરીએ છીએ

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા
અર્થે – તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક
અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે પ્રા-
પ્તિ ન થઈ. તે જીવ જેવડે સહજ પ્રાપ્ત થાય છે તે
જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે તે તીર્થંકરના ઉદ્દેશવચનને નમસ્કાર
કરીએ છીએ

(

શબ્દાદિ પાંચ વિષય સંબંધી અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે, તે સુખભાસ નામનું લક્ષણ, તીર્થંકરે જીવનું કહ્યું છે, અને વ્યવહારદૃષ્ટાંતે નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે, ત્યાં પણ હું સુખી છું એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવ પદાર્થ તેનું છે; બીજું કોઈ ત્યાં વિદ્યમાન નથી, અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે; તે જેનેથી ભાસે છે તે જીવ નામના પદાર્થ સિવાય બીજે ક્યાંય તે લક્ષણ જોયું નથી.

આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારું છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, તાપ પડે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું, એવું જે સ્પષ્ટજ્ઞાન, વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદને વિષે છે, અથવા તે જેનું લક્ષણ હોય છે તે પદાર્થ જીવ હોય છે, એ જ તીર્થંકરાદિનો અનુભવ છે.

સ્પષ્ટ પ્રકાશપણું, અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું જીવપ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

એ જે લક્ષણો કહ્યાં તે ફરી ફરી વિચારી જીવ નિરાબાધપણે જાણ્યો જાય છે, જાણવાથી જીવ જાણ્યો છે તે લક્ષણો એ પ્રકારે તીર્થંકરાદિએ કહ્યાં છે.

---

[૩૫૯] **૪૩૯** મુંબઈ, ચૈત્ર સુદ ૬, ગુરુ, ૧૯૫૦

ૐ

"સમતા રમતા ઊરધતા", એ પદ વગેરે પદ જે જીવ લક્ષણનાં લખ્યાં હતાં, તેનો વિશેષ અર્થ લખી પત્ર ૧ દિવસ પાંચ થયા મોરબી રવાને કર્યો છે; જે મોરબી ગયે પ્રાપ્ત થવો સંભવે છે.

ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે. કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય, તો કોઈનો અપરાધ કર્યો ન ગણાય. છૂટવા જતાં કોઈના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ દેખાય છે, અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય છે, પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રબંધ કરી હશે.

લિ૦ રાયચંદના પ્રણામ.

વર્તવાનું પ્રારબ્ધાધીન છે. કોઈ પ્રકારનુ કંઈ રાગ, દ્વેષ કે અજ્ઞાનનાં કારણથી જે ન થતું હોય, તેનું કારણ ઉદય જણાય છે. અને આપે લખેલા પત્રના સંબંધમાં પણ તેવું જાણી બીજો વિચાર કે શોક કરવો ઘટતો નથી.

જળમાં સ્વાભાવિક શીતળપણું છે, પણ સૂર્યાદિના તાપને યોગે ઉષ્ણપણાને તે ભજતું દેખાય છે; તે તાપનો યોગ મટ્યેથી તે જ જળ શીતળ જણાય છે; વચ્ચે શીતળપણાથી રહિત તે જળ જણાય છે, તે તાપના યોગથી છે. એમ આ પ્રવૃત્તિજોગ અમને છે; પણ અમારો તે પ્રવૃત્તિ વિષે હાલ તો વેદ્યા સિવાય અન્ય ઉપાય નથી

નમસ્કાર પહોંચે.

---

[૩૬૪] ૪૪૫ મુંબઈ ચૈત્ર વદ ૦)), રવિ, ૧૯૪૯

જે મુ૦ અત્રે ચાતુર્માસ અર્થે આવવા ઇચ્છે છે, તેમનો જો આત્મા ન દુભાય તેમ હોય તો જણાવશો કે આ ક્ષેત્રને વિષે તમને આવવું નિવૃત્તિરૂપ નથી. કદાપિ અત્ર સત્સંગની ઇચ્છાથી આવવું વિચાર્યું હોય તો તે જોગ બનવો ઘણો વિકટ છે; કારણ કે અમારું ત્યાં જવું આવવું બને એમ સંભવતું નથી. પ્રવૃત્તિનાં બળવાન કારણોની તેમને પ્રાપ્તિ થાય એવું અત્રે છે; એમ જાણી જો બીજો વિચાર કરવો તેમને સુગમ હોય તો કરવો યોગ્ય છે. એ પ્રકારે લખવાનુ બને તો લખશો.

હાલ તમને ત્યાં શી દશા વર્તે છે? સમાગમજોગ વિશેષપણે ત્યાં સત્સંગનો કરવો યોગ્ય છે. વિશેષ તમારા કોઈ પ્રશ્નના ઉત્તર સિવાય લખવું હાલ સૂઝતું નથી.

આત્મસ્થિત.

---

[૩૬૫] ૪૪૬ મુંબઈ, વૈશાખ વદ ૬, રવિ, ૧૯૪૯

પ્રદેશે પ્રદેશથી જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમયમાત્ર પણ અવકાશ લેવાની જ્ઞાનીપુરુષોએ હા કહી નથી; કેવળ તે વિષે નકાર કહ્યો છે.

તે આકર્ષણથી ઉપયોગ જો અવકાશ પામે તો તે જ સમયે તે આત્માપણે થાય છે. તે જ સમયે આત્માને વિષે તે ઉપયોગ અનન્ય થાય છે.

એ આદિ જે અનુભવવાર્ત્તા તે જીવને સત્સંગના દૃઢ નિશ્ચય વિના પ્રાપ્ત થવી અત્યંત વિકટ છે.

તે સત્સંગ નિશ્ચયપણે જાણ્યો છે, એવા પુરુષને તે સત્સંગનો યોગ રહેવો એ દુષમકાળને વિષે અત્યંત વિકટ છે.

જે ચિંતાના ઉપદ્રવે તમે મુઝાઓ છો, તે ચિંતાઉપદ્રવ કોઈ શત્રુ નથી. કોઈ જ્ઞાનવાર્ત્તા જરૂર લખજો.

પ્રેમભક્તિએ નમસ્કાર.

---

[૩૬૬] ૪૪૭ મુંબઈ, વૈશાખ વદ ૮, ભોમ, ૧૯૪૯

જ્યાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી

ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તેમાં સમતા ઘટે છે; અને તેના ઉપાયનો કંઈ વિચાર

છે; અને જો તેવી ઇચ્છા થઈ તો સમ્યક્ત્વથી પડવાપણું તેને ઘટે છે.

પ્રાયે પાંચમે, છઠ્ઠે ગુણઠાણે પણ ઉત્તરોત્તર સિદ્ધિજોગનો વિશેષ સંભવ થતો જાય છે; અને ત્યાં પણ જો પ્રમાદાદિ જોગે સિદ્ધિમાં જીવ પ્રવર્તે તો પ્રથમ ગુણઠાણાને વિષે સ્થિતિ થવી સંભવે છે.

સાતમે ગુણઠાણે, આઠમે ગુણઠાણે, નવમે, દશમે ઘણું કરી પ્રમાદનો અવકાશ ઓછો છે. અગિયારમે ગુણઠાણે સિદ્ધિજોગનો લોભ સંભવતો જાણી પ્રથમ ગુણઠાણે સ્થિતિ હોવી સંભવે છે. બાકી જેટલાં સમ્યક્ત્વનાં સ્થાનક છે, અને જ્યાં સુધી સમ્યક્પરિણામી આત્મા છે ત્યાં સુધી, તે એકે જોગને વિષે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી.

જે સમ્યક્જ્ઞાનીપુરુષોથી સિદ્ધજોગના ચમત્કારો લોકોએ જાણ્યા છે, તે તે જ્ઞાનીપુરુષના કરેલા સંભવતા નથી; સ્વભાવે કરી તે સિદ્ધિજોગ પરિણામ પામ્યા હોય છે. બીજા કોઈ કારણથી જ્ઞાનીપુરુષને વિષે તે જોગ કહ્યો જતો નથી.

માર્ગાનુસારી કે સમ્યક્દૃષ્ટિ પુરુષના અત્યંત સરળ પરિણામથી તેમનાં વચનાનુસાર કેટલીક વાર બને છે. અજ્ઞાનપૂર્વક જેનો યોગ છે, તેના તે આવરણના ઉદયે અજ્ઞાન સ્ફુરી, તે સિદ્ધિજોગ અલ્પકાળે ફળે છે. જ્ઞાનીપુરુષથી તો માત્ર સ્વાભાવિક સ્ફુર્યે જ ફળે છે; અન્ય પ્રકારે નહીં. જે જ્ઞાનીથી સ્વાભાવિક સિદ્ધિજોગ પરિણામી હોય છે, તે જ્ઞાનીપુરુષ, અમે જે કરીએ છીએ તેવા અને તે આદિ બીજા ઘણા પ્રકારના ચારિત્રને પ્રતિબંધક કારણોથી મુક્ત હોય છે, કે જે કારણે આત્માનુ ઐશ્વર્ય વિશેષ સ્ફુરિત થઈ, મનાદિ જોગમાં સિદ્ધિના સ્વાભાવિક પરિણામને પામે છે. ક્વચિત્ એમ પણ જાણીએ છીએ કે, કોઈ પ્રસંગે જ્ઞાની પુરુષે પણ સિદ્ધિજોગ પરિણામી કર્યો હોય છે, તથાપિ તે કારણ અત્યંત બળવાન હોય છે; અને તે પણ સંપૂર્ણ જ્ઞાનદશાનું કાર્ય નથી. અમે જે આ લખ્યુ છે, તે બહુ વિચારવાથી સમજાશે.

અમારા વિષે માર્ગાનુસારીપણું કહેવું ઘટતું નથી. અજ્ઞાનયોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે. સમ્યક્દૃષ્ટિપણું તો જરૂર સંભવે છે. કોઈ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જિંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી; એટલે સાધને કરી તેવો જોગ પ્રગટ્યો હોય એવું જણાતું નથી. આત્માના વિશુદ્ધપણાના કારણે જો કંઈ તેવું ઐશ્વર્ય હોય તો તેનું નહીં હોવાપણું કહી શકાતું નથી. તે ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે; તથાપિ આ પત્ર લખતી વખત એ ઐશ્વર્યની સ્મૃતિ થઈ છે, નહીં તો ઘણા કાળ થયાં તેમ થવું સ્મરણમાં નથી; તો પછી તે સ્ફુરિત કરવા વિષેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી શકાય નહીં, એ સ્પષ્ટ વાર્ત્તા છે. તમે અમે કંઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ પણ નથી. પાંડવના તેર વર્ષનાં દુઃખની એક ઘડી નથી, અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી, તો પછી અમને એ અત્યંત કારણ ક્યારેય જણાવું સંભવતું નથી.

તમે શોચ કરવાયોગ્ય નથી, તેમ છતાં કરો છો. તે વાર્તા તમારાથી ન લખાય તે લખાઈ જાય છે. તે ન લખાવા વિષે અમારો આ પત્રથી ઉપદેશ નથી, માત્ર જે થાય તે જોયા કરવું, એવો નિશ્ચય રાખવાનો વિચાર કરો; ઉપયોગ કરો, અને સાક્ષી રહો, એ જ ઉપદેશ છે.

નમસ્કાર પહોંચે

પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવાયોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પકાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદયવ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષ કાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનુ તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર, અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.

આપના સમાગમની હાલમા વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઈ પ્રસગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે. અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.

તમને પણ ઉપાધિ જોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે. તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો. તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.

શું લખીએ? અને શું કહીએ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.

દાસાનુદાસ રાયચંદના પ્રમાણ વાંચજો.

---

[૩૭૧] ૪૫૪ મુંબઈ, પ્રથમ અસાડ વદ ૪, સોમ, ૧૯૪૯

ૐ

સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી; અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.

જેની કેડનો ભંગ થયો છે, તેનુ પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસારસંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાનીપુરુષને જોયા નથી, એમ તમે જાણો.

જ્ઞાનીપુરુષના વચનને સાંભળ્યા પછી સ્ત્રીનુ સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં.

૪૫૮ મુંબઈ, બીજા અસાડ સુદ ૧૨, મંગળ, ૧૯૪૯

અંબાલાલના નામથી એક પત્તું લખ્યું છે તે પહોંચ્યું હશે. તેમાં આજે એક કાગળ લખવાનું જણાવ્યું છે. લગભગ એક કલાક વખત વિચાર વર્ત્તતાં કંઈ સૂઝ ન થવાથી કાગળ લખવાનું બન્યું નથી. તે ક્ષમા યોગ્ય છે

ઉપાધિના કારણથી હાલ અત્રે સ્થિતિ સંભવે છે. તમારો કોઈ ભાઈઓનો પ્રસંગ, આ બાજુનો હાલ કંઈ થોડા વખતમાં થાય એવો સંભવ હોય તો જણાવશો.

ભક્તિપૂર્વક પ્રણામ.

---

[૩૭૫] ૪૫૯ મુંબઈ, બીજા આષાઢ વદ ૬, ૧૯૪૯

શ્રીકૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય; અને જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે; ભાવથી પૂજતા નથી; અને ઇષ્ટદેવને લોકો અત્યંત ભાવે પૂજે છે, એમ સમ્યક્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધકર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં. પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દૃષ્ટિપણું તે જીવને હોય છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયાં સંભવે નહીં; એમ જે કહેવાય છે તે યથાર્થ છે. સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.

તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની–પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ? કે ક્યાંથી થાય ? જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ? એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ

કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું

લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતાસ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર, અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.

તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.

પ્રણામ પહોંચે.

---

[૩૭૭]

૪૬૧ મુંબઈ, શ્રાવણ સુદ ૪, મંગળ, ૧૯૪૯

પરમસ્નેહી શ્રી સુભાગ્ય,

આપને પ્રતાપે અત્રે કુશળતા છે. આ તરફ દંગો ઉત્પન્ન થવા વિષેની વાત સાચી છે. હરિઇચ્છાથી અને આપની કૃપાથી અત્રે કુશળક્ષેમ છે.

શ્રી ગોસળિયાને અમારા પ્રણામ કહેશો. ઇશ્વર ઇચ્છા હશે તો શ્રાવણ વદ ૧ ની લગભગ અત્રેથી થોડા દિવસ માટે બહાર નીકળવાનો વિચાર આવે છે. કયે ગામ, અથવા કઈ તરફ જવું તે હજુ કંઈ સૂઝ્યુ નથી. કાઠિયાવાડમાં આવવાનું સૂઝે એમ ભાસતું નથી.

આપને એક વાર તે માટે અવકાશનું પુછાવ્યું હતું. તેનો યથાયોગ્ય ઉત્તર આવ્યો નથી. ગોસળિયા બહાર નીકળવાની ઓછી બીક રાખતા હોય અને આપને નિરુપાધિ જેવો અવકાશ હોય, તો પાંચ પંદર દિવસ કોઈ ક્ષેત્રે નિવૃત્તિવાસનો વિચાર થાય છે, તે ઇશ્વરેચ્છાથી કરીએ.

કોઈ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે, તેને પણ આ સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યયીનું વીર્ય મંદ પડી જાય છે, તો અમને તે પ્રત્યયી ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી; તથાપિ કોઈ પૂર્વે પ્રારબ્ધ ઉપાર્જન થવાનો એવો જ પ્રકાર હશે કે જેથી તે પ્રસંગમાં પ્રવર્તવાનુ રહ્યા કરે. પણ તે કેવું રહ્યા કરે છે ? કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય, એવું રહ્યા કરે છે. જોકે એ વાતનો ખેદ યોગ્ય નથી, અને ઉદાસીનતા જ ભજીએ છીએ, તથાપિ તે કારણે એક બીજો ખેદ ઉત્પન્ન થાય છે, તે એ કે સત્સંગ, નિવૃત્તિનું અપ્રધાનપણું રહ્યા કરે છે, અને પરમ રુચિ છે જેને વિષે એવું આત્મજ્ઞાન અને આત્મવાર્ત્તા તે કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગ જેવાં રાખવાં પડે છે. આત્મજ્ઞાન વેદક હોવાથી મુઝવતું નથી, પણ આત્મવાર્તાનો વિયોગ તે મુઝવે છે. તમે પણ ચિત્તમાં એ જ કારણે મુઝાઓ છો. ઘણી જેને ઇચ્છા છે એવા કોઈ મુમુક્ષુભાઈઓ ને પણ તે કારણે વિરહને વેદે છે. તમે બંને ઇશ્વરેચ્છા શું ધારો છો ? તે વિચારશો. અને કોઈ પ્રકારે શ્રાવણ વદનો યોગ થાય તો તે પણ કરશો.

નિવૃત્તિક્ષેત્રને વિષે વિચાર આવવા સંભવ છે. વિચાર વ્યવસ્થા પામ્યેથી લખી જણાવીશ. એ જ વિનંતી.

સર્વેને પ્રણામ પ્રાપ્ત થાય.

---

[૩૮૦] ૪૬૫ મુંબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯

ૐ

પરમસ્નેહી શ્રી સોભાગ,

અત્રે કુશળક્ષેમ સમાધિ છે. થોડા દિવસ માટે મુક્ત થવાનો જે વિચાર સૂઝ્યો હતો, તે હજુ તેના તે સ્વરૂપમાં છે. તેથી વિશેષ પરિણામ પામ્યો નથી. એટલે ક્યારે અહીંથી છૂટા થવું, અને ક્યા ક્ષેત્રે જઈ સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી. વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.

ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયુ હતું ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યુ છે અને જો ભગવતકૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય- એમ થતાં થતાં ઘણી વાર જોયુ છે; અને આત્મસ્વરૂપ જેણે જાણ્યુ છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાનીપુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે,- એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી.

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યા સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. "આત્મા આત્મા," તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.

પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા

૭. જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે, કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં.

૮. જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે. એવો યોગાનુયોગ કોઈક જ વેળા ઉદયમાં આવે છે. તેવી વાંછાએ રહિત મહાત્માની ભક્તિ તો કેવળ કલ્યાણકારક જ નીવડે છે. પણ કોઈ વેળા તેવી વાંછા મહાત્મા પ્રત્યે થઈ અને તેવી પ્રવૃત્તિ થઈ ચૂકી, તોપણ તે જ વાંછા જો અસત્પુરુષમાં કરી હોય અને જે ફળ થાય છે, તે કરતાં આનું ફળ જુદું થવાનો સંભવ છે. સત્પુરુષ પ્રત્યે તેવા કાળમાં જો નિઃશંકપણું રહ્યું હોય, તો કાળે કરીને તેમની પાસેથી સન્માર્ગની પ્રાપ્તિ હોઈ શકે છે. એક પ્રકારે અમને પોતાને એ માટે બહુ શોચ રહેતો હતો, પણ તેનું કલ્યાણ વિચારીને શોચ વિસ્મરણ કર્યો છે.

૯. મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળીસ્વરૂપભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાનીપુરુષ, તેના પરમઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઇચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી, આ પત્ર પૂરો કરું છું.

વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ !!!

---

[૩૮૨] ૪૬૭ ખંભાત, ભાદરવા, ૧૯૪૯

ૐ

અનાદિકાળથી વિપર્યય બુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે, અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે. બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે; અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે, અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે, પણ વાસ્તવ્યપણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી; માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.

જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહીં, અને જો હોય તો પછી જ્ઞાની નથી એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે, તથાપિ જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે, કે જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઈ પ્રકારે થાય નહીં અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય તે તે વિલક્ષણપણા દ્વારાએ નિશ્ચયમાં આવે છે; માટે જ્ઞાનીપુરુષનું જે વિલક્ષણપણું છે તેનો પ્રથમ નિશ્ચય કરવાયોગ્ય છે; અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે,

સર્વ જગત પ્રત્યે કરવું. એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયાં દૃઢ છે; નિશ્ચયસ્વરૂપ છે. કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું, કે કંઈ તેવી સમ વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી, એમ લાગે છે. પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઈ તેવું ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે. કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઈ પણ આત્માને રુચતું નથી, ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવાયોગ્ય નથી, એમ તમને શું કહીએ? સંક્ષેપમાં લખ્યું છે.

સૌથી અભિન્નભાવના છે; જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે, ક્વચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફૂર્તિ થાય છે; પણ વિષમપણાથી કે વિષય, પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામાં સંકલ્પ જણાતો નથી. અવિકલ્પરૂપ સ્થિતિ છે. વિશેષ શું કહીએ? અમારે કંઈ અમારું નથી, કે બીજાનું નથી કે બીજું નથી; જેમ છે તેમ છે. જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે. સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે; સમવિષમતા નથી. સહજાનંદ સ્થિતિ છે. જ્યાં તેમ હોય ત્યાં અન્ય પદાર્થમાં આસક્ત બુદ્ધિ ઘટે નહીં, હોય નહીં. (૦૦૦૦)

---

[૩૮૫] ૪૭૦ મુંબઈ, આસો સુદ ૧, મંગળ, ૧૯૪૯

'જ્ઞાની પુરુષપ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે, એવો સર્વ મહાત્માપુરુષોનો અભિપ્રાય જણાય છે. તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે, તે બેય જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો, તે યોગ્ય છે; અને પરસ્પરમાં એટલે તેઓ અને તમ વચ્ચે નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યંતર થવું યોગ્ય છે. જેવું સ્ત્રીપુરુષને કામાદિ કારણે હેત હોય છે, તેવું હેત નહીં, પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે બન્નેનો ભક્તિરાગ છે એવું બેય એક ગુરુપ્રત્યેનું શિષ્યપણું જોઈ, અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, ભાઈ જેવી બુદ્ધિએ, તેવે હેતે વર્તાય તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવા યોગ્ય છે.

શ્રીમદ્ ભાગવતને બદલે હાલ યોગવાસિષ્ઠાદિ વાંચવા યોગ્ય છે.

આ પત્તાનો અર્થ તમને જે સમજાય તે લખજો.

---

[૩૮૬] ૪૭૧ મુંબઈ, આસો સુદ ૫, શનિ, ૧૯૪૯

આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે; માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી; માત્ર એટલો ભેદ છે કે તે જ્ઞાન જ્ઞાનીપુરુષ, કે જે તેથી આગળ છે, આત્મા છે, એમ જાણનાર હોવા જોઈએ.

દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ...? સ્વદ્રવ્ય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય, સ્વરૂપપરિણામે

જીવને ઉપદેશ કર્યો હોય તે જીવને રુચ્યો હોય તેનું જ્ઞાન તે પરમાર્થ—વ્યવહારસ્વરૂપ છે. (૪) અને તે સિવાય શાસ્ત્રાદિ જાણનાર સામાન્ય પ્રકારે માર્ગાનુસારી જેવી ઉપદેશવાત કરે, તે શ્રદ્ધાય, તે વ્યવહાર—વ્યવહારસ્વરૂપ છે. સુગમપણે સમજવા એમ ચાર પ્રકાર થાય છે. પરમાર્થ—પરમાર્થસ્વરૂપ એ નિકટ મોક્ષનો ઉપાય છે. પરમાર્થ—વ્યવહારસ્વરૂપ એ અનંતર પરંપરસંબંધે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર—પરમાર્થસ્વરૂપ તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષનાં સાધનના કારણભૂત થવાનો ઉપાય છે. વ્યવહાર—વ્યવહારસ્વરૂપનું ફળ આત્મપ્રત્યયી નથી સંભવતું. આ વાત હજુ કોઈ પ્રસંગે વિશેષપણે લખીશું એટલે વિશેષપણે સમજાશે; પણ આટલી સંક્ષેપતાથી વિશેષ ન સમજાય તો મુઝાશો નહીં.

લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયુ છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે. લક્ષણથી, ગુણથી અને વેદનથી જેણે આત્મસ્વરૂપ જાણ્યુ નથી, એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય તો તેને અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે. મુખરસ અને તેનું ઉત્પત્તિક્ષેત્ર એ કોઈ અપૂર્વ કારણરૂપ છે એમ તમે નિશ્ચયપણે નિર્ધારજો. જ્ઞાની પુરુષનો તે પછીનો જે માર્ગ તે ન દુભાય એવો તમને પ્રસંગ થયો છે, તેથી તેવો નિશ્ચય રાખવા જણાવ્યુ છે. તે પછીનો માર્ગ જો દુભાતો હોય અને તેને વિષે કોઈને અપૂર્વ કારણરૂપે નિશ્ચય થયો હોય તો તે કોઈ પ્રકારે પાછો નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરૂપ થાય છે, એવો અમારા આત્મામા લક્ષ રહે છે.

એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે, પણ શ્વાસોચ્છ્વાસ રોધનથી તેને કલ્યાણનો હેતુ થતો નથી, અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોચ્છ્વાસનો રોધ કરે છે, તો તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે. શ્વસોચ્છ્વાસની સ્થિરતા થવી એ એક પ્રકારે ઘણી કઠણ વાત છે. તેનો સુગમ ઉપાય મુખરસ એકતાર કરવાથી થાય છે, માટે તે વિશેષ સ્થિરતાનું સાધન છે; પણ તે સુધારસ—સ્થિરતા અજ્ઞાનપણે ફળીભૂત થતી નથી, એટલે કલ્યાણરૂપ થતી નથી, તેમ તે બીજજ્ઞાનનું ધ્યાન પણ અજ્ઞાનપણે કલ્યાણરૂપ થતું નથી, એટલો વિશેષ નિશ્ચય અમને ભાસ્યા કરે છે. જેણે વેદનપણે આત્મા જાણ્યો છે તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરૂપ થાય છે, અને આત્મા પ્રગટવાનો અત્યંત સુગમ ઉપાય થાય છે.

એક બીજી અપૂર્વ વાત પણ આ સ્થળે લખવાનું સૂઝે છે. આત્મા છે તે ચંદનવૃક્ષ છે. તેની સમીપે જે જે વસ્તુઓ વિશેષપણે રહી હોય તે તે વસ્તુ તેની સુગંધનો (!) વિશેષ બોધ કરે છે. જે વૃક્ષ ચંદનથી વિશેષ સમીપ હોય તે વૃક્ષમાં ચંદનની ગંધ વિશેષપણે સ્ફુરે છે. જેમ જેમ આઘેનાં વૃક્ષ હોય તેમ તેમ સુગંધ મંદપરિણામને ભજે છે; અને અમુક મર્યાદા પછી અસુગંધરૂપ વૃક્ષોનું વન આવે છે; અર્થાત્ ચંદન પછી તે સુગંધપરિણામ કરતું નથી. તેમ આ આત્મા વિભાવ પરિણામને ભજે છે, ત્યાં સુધી તેને ચંદન વૃક્ષ કહીએ છીએ અને સૌથી તેને અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે, તેમાં તેની છાયા (!) રૂપ સુગંધ વિશેષ પડે છે; જેનું ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે. પવન કરતાં પણ સુધારસ

છે તેમાં, આત્મા વિશેષ સમીપપણે વર્તે છે, માટે તે આત્માની વિશેષ છાયા–સુગંધ (!)નો ધ્યાન કરવાયોગ્ય ઉપાય છે. આ પણ વિશેષપણે સમજવાયોગ્ય છે.

પ્રણામ પહોંચે.

---

[૩૮૮] ૪૭૩ મુંબઈ, આસો વદ ૩, ૧૯૪૯

પરમસ્નેહી શ્રી સુભાગ્ય,

શ્રી મોરબી.

પત્ર આજે ૧ પહોંચેલ છે.

એટલું તો અમને બરાબર ધ્યાન છે કે મુઝવણના વખતમાં ઘણું કરી ચિત્ત કંઈ વેપારાદિના એક પછી એક વિચાર કર્યા કરે છે, અને મુઝવણ ટાળવાની ઉતાવળમાં યોગ્ય થાય છે કે નહીં એની વખતે સહજ સાવચેતી મુમુક્ષુજીવને પણ ઓછી થઈ જાય છે; પણ વાત યોગ્ય તો એમ છે કે તેવા પ્રસંગમાં કંઈ થોડો વખત ગમે તેમ કરી કામકાજમાં મૌન જેવો, નિર્વિકલ્પ જેવો કરી નાખવો.

હાલ તમને જે મુઝવણ રહે છે તે જાણવામા છે, પણ તે વેઠયા વિના ઉપાય નથી. એમ લાગે છે કે તે બહુ લાંબા કાળની સ્થિતિની સમજી બેસવા યોગ્ય નથી; અને ધીરજ વગર જો વેદવામા આવે છે, તો તે અલ્પકાળની હોય તો કોઈ વાર વિશેષ કાળની પણ થઈ આવે છે. માટે હાલ તો જેમ બને તેમ 'ઈશ્વરેચ્છા' અને 'યથાયોગ્ય' સમજી મૌનપણું ભજવું યોગ્ય છે. મૌનપણાનો અર્થ એવો કરવો કે અંતરને વિષે વિકલ્પ, ઉતાપ અમુક અમુક વેપાર કરવા વિષેના કર્યા ન કરવા.

હાલ તો ઉદય પ્રમાણે વર્તવું એ સુગમ માર્ગ છે. દોહરા વિષે લક્ષમાં છે. સંસારી પ્રસંગમાં એક અમારા સિવાય બીજા સત્સગીના પ્રસંગમા ઓછું આવવું થાય તેવી ઇચ્છા આ કાળમા રાખવા જેવી છે. વિશેષ આપનો કાગળ આવ્યેથી. આ કાગળ વ્યાવહારિક પદ્ધતિમા લખ્યો છે, તથાપિ વિચારવા યોગ્ય છે. બોધજ્ઞાન લક્ષ ઉપર છે.

પ્રણામ પહોંચે.

---

[૩૮૯] ૪૭૪ મુંબઈ, આસો વદ, ૧૯૪૯

ૐ

આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાનરે.

---

[૩૯૦] ૪૭૫ મુંબઈ, આસો વદ ૧૨ રવિ, ૧૯૪૯

આપનાં બે પત્ર 'સમયસાર'ના કવિતસહિત પહોંચ્યાં છે. નિરાકાર–સાકાર–ચેતના વિષેનું કવિત 'સુખરસ' સંબંધમાં કંઈ સંબંધ કરી શકાય તેવા અર્થવાળું નથી; જે હવે પછી જણાવશુ

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં સ્થિર વ્હૈ, અમૃતધારા બરસૈ "

એ કવિતમાં 'સુધારસ'નું જે માહાત્મ્ય કહ્યુ છે, તે કેવળ એક વિસસા (સર્વ પ્રકારનાં અન્ય પરિણામથી રહિત અસંખ્યાતપ્રદેશી આત્મદ્રવ્ય) પરિણામે સ્વરૂપસ્થ એવા અમૃતરૂપ આત્માનું વર્ણન છે. તેનો પરમાર્થ યથાર્થ હૃદયગત રાખ્યો છે, જે અનુક્રમે સમજાશે.

[૩૯૨-૩] ૪૭૬ મુંબઈ, આશ્વિન, ૧૯૪૯

જે ઇશ્વરેચ્છા હશે તે થશે. માત્ર મનુષ્યને પ્રયત્ન કરવાનું સરજેલું છે; અને તેથી જ પોતાના પ્રારબ્ધમાં હોય તે મળી રહેશે. માટે મનમાં સંકલ્પ-વિકલ્પ કરવા નહીં

નિષ્કામ ય૦

વર્ષ ૨૭ મું

[૩૯૩] ૪૭૭ મુંબઈ, કાર્તિક સુદ ૯, શુક્ર, ૧૯૫૦

'માથે રાજા વર્તે છે' એટલા વાક્યના ઊહાપોહ (વિચાર)થી ગર્ભશ્રીમંત એવા શ્રી શાળીભદ્ર તે કાળથી સ્ત્રીઆદિ પરિચયને ત્યાગવારૂપ પ્રારંભ ભજતા હવા.

'નિત્ય પ્રત્યે એકેક સ્ત્રીને ત્યાગી અનુક્રમે બત્રીશ સ્ત્રીઓને ત્યાગવા ઇચ્છે છે, એવો બત્રીશ દિવસ સુધીનો કાળપારધીનો ભરૂસો શ્રી શાળીભદ્ર કરે છે, એ મોટું આશ્ચર્ય છે' એમ શ્રી ધનાભદ્રથી સ્વાભાવિક વૈરાગ્યવચન ઉદ્ભવ થતાં હવાં.

'તમે એમ કહો છો તે જોકે મને માન્ય છે, તથાપિ તે પ્રકારે આપ પણ ત્યાગવાને દુર્લભ છો' એવાં સહજ વચન તે ધનાભદ્ર પ્રત્યે શાળીભદ્રની બહેન અને તે ધનાભદ્રની પત્ની કહેતી હવી. જે સાંભળી કોઈ પ્રકારના ચિત્તક્લેશ પરિણમાવ્યા વગર તે શ્રી ધનાભદ્ર તે જ સમયે ત્યાગને ભજતા હવા, અને શ્રી શાળીભદ્ર પ્રત્યે કહેતા હવા કે તમે શા વિચારે કાળના વિશ્વાસને ભજો છો? તે શ્રવણ કરી, જેનું ચિત્ત આત્મારૂપ છે એવા તે શ્રી શાળીભદ્ર અને ધનાભદ્ર 'જાણે કોઈ દિવસે કંઈ પોતાનું કર્યું નથી' એવા પ્રકારથી ગૃહાદિ ત્યાગ કરી ચાલ્યા જતા હવા.

આવા સત્પુરુષના વૈરાગ્યને સાંભળ્યા છતાં આ જીવ ઘણા વર્ષના આગ્રહે કાળનો વિશ્વાસ કરે છે, તે કિયા બળે કરતો હશે? તે વિચારી જોવા યોગ્ય છે.

---

૪૭૮ મુંબઈ, કારતક સુદ ૧૩, ૧૯૫૦

ઉપાધિના યોગથી ઉદયાધીનપણે બાહ્ય ચિત્તની ક્વચિત્ અવ્યવસ્થાને લીધે તમ મુમુક્ષુ પ્રત્યે જેમ વર્તવું જોઈએ તેમ અમારાથી વર્તી શકાતું નથી. તે ક્ષમા યોગ્ય છે, ખચીત ક્ષમા યોગ્ય છે.

એજ નમ્ર વિનંતી.

આ૦ સ્વ૦ પ્રણામ

---

[૩૯૪] ૪૭૯ મુંબઈ, માગશર સુદ ૩, સોમ, ૧૯૫૦

વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમા આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમા સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેય[illegible] સંભવે છે.

નીચેનું વાક્ય તમારી પાસે લખેલાં વચનોમાં લખશો.

"જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે."

કૃષ્ણદાસાદિ મુમુક્ષુને નમસ્કાર.

---

૪૮૦ મુંબઈ, પોષ સુદ ૫, ૧૯૫૦

કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે. અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે. તથાપિ પરિશ્રમનો હેતુ એવાં કામનો પ્રસંગ તમને કવચિત્ જણાવવાનું થાય છે, જે વિષેના પ્રસંગમાં અમારા પ્રત્યે તમને નિઃશંકતા છે, તથાપિ તમને તેવે પ્રસંગે કવચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી; તોપણ પ્રવર્તીએ છીએ. તે અપરાધ ક્ષમા યોગ્ય છે; અને એવી અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે કવચિત્ પણ અસ્નેહ ન થાય તેટલો લક્ષ પણ રાખવો ઘટે છે.

સાથેનો ભાઈ રેવાશંકરનો કાગળ છે તે અમારી પ્રેરણાથી લખાયો છે. જે રીતે કોઈનું મન ન દુભાય તેમ કરી તે કાર્ય કરવાની જરૂર છે. અને તે વિષેના પ્રસંગમાં કંઈ પણ ચિત્તવ્યાકુળતા ન થાય તેટલો લક્ષ યોગ્ય છે.

---

૪૮૧ પોષ વદ ૧, મંગળ, ૧૯૫૦

ૐ

આજે આ પત્ર લખવાનો હેતુ થાય છે તે અમને ચિત્તમાં વિશેષ ખેદ રહે છે, તે છે. ખેદનું કારણ આ વ્યવહારરૂપ પ્રારબ્ધ વર્તે છે, તે કોઈ રીતે છે, કે જેને લીધે મુમુક્ષુ જીવ પ્રત્યે કવચિત્ તેવો પરિશ્રમ આપવાનો પ્રસંગ થાય છે. અને તેવો પરિશ્રમ આપતાં અમારી ચિત્તવૃત્તિ સંકોચ પામતી પામતી પ્રારબ્ધ ઉદયે વર્તે છે. તથાપિ તે વિષેનો સસ્કારિત ખેદ ઘણો વખત સ્ફુરિતપણું પામ્યા કરે છે.

ક્યારે પણ તેવા પ્રસંગે અમે લખ્યું હોય અથવા શ્રી રેવાશંકરે અમારી ઇચ્છા લઈ લખ્યું હોય તો તે કોઈ વ્યાવહારિક દૃષ્ટિનું કાર્ય નથી, કે જે ચિત્ત-આકુળતા કરવા પ્રત્યે પ્રેરાયું હોય એવો નિશ્ચય સ્મરણયોગ્ય છે.

---

[૩૯૫] ૪૮૨ મુંબઈ, પોષ વદ ૧૪, રવિ, ૧૯૫૦

હાલ વિશેષપણે કરી લખવાનું થતું નથી તેમાં, ઉપાધિ કરતાં ચિત્તનું સંક્ષેપપણું વિશેષ કારણરૂપે છે. (ચિત્તનું ઇચ્છારૂપમાં કંઈ પ્રવર્તન થવું સંક્ષેપ પામે, ન્યૂન થાય તે સંક્ષેપપણું અત્રે લખ્યું છે.) અમે એમ વેદ્યું છે કે, જ્યાં કંઈ પણ પ્રમત્તદશા હોય છે ત્યાં જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે. જ્યાં કેવળ અપ્રમત્તતા વર્તે છે, ત્યાં આત્મા સિવાય બીજા કોઈ પણ ...નો અવકાશ વર્તે નહીં; જોકે તીર્થંકરાદિક, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની ક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ

કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં; અને તો જ ત્યાં સંપૂર્ણજ્ઞાન ટકે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે, એમ એમને લાગે છે. જ્વરાદિ રોગમાં કંઈ સ્નેહ જેમ ચિત્તને નથી થતો તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે, લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તે પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે.

---

[૩૯૬] ૪૮૩ મોહમયી, માહ વદ ૪, શુક્ર, ૧૯૫૦

પરમસ્નેહી શ્રી સોભાગ,

શ્રી અંજાર.

તમારાં પત્રો પહોંચ્યાં છે. તે સાથે પ્રશ્નોની ટીપ ઉતારીને બીડી તે પહોંચી છે. તે પ્રશ્નોમાં જે વિચાર જણાવ્યા છે, તે પ્રથમ વિચારભૂમિકામાં વિચારવા જેવા છે. જે પુરુષે તે ગ્રંથ કર્યો છે, તેણે વેદાંતાદિ શાસ્ત્રના અમુક ગ્રંથના અવલોકન ઉપરથી તે પ્રશ્નો લખ્યાં છે. અત્યંત આશ્ચર્ય-યોગ્ય વાર્તા એમાં લખી નથી; એ પ્રશ્નો તથા તે જાતિના વિચાર ઘણા વખત પહેલાં વિચાર્યા હતા; અને એવા વિચારની વિચારણા કરવા વિષે તમને તથા ગોસળિયાને જણાવ્યું હતું. તેમ જ બીજા તેવા મુમુક્ષુને તેવા વિચારના અવલોકન વિષે કહ્યું હતું, અથવા કહ્યાનું થઈ આવે છે કે, જે વિચારોની વિચારણા ઉપરથી અનુક્રમે સદ્‌અસદ્‌નો પૂરો વિવેક થઈ શકે.

હાલ સાત આઠ દિવસ થયાં શારીરિક સ્થિતિ જ્વરગ્રસ્ત હતી, હમણાં બે દિવસ થયાં ઠીક છે

કવિતા બીડી તે પહોંચી છે. તેમાં આલાપિકા તરીકેના ભેદમાં તમારું નામ બતાવ્યું છે અને કવિતા કરવામાં જે કંઈ વિચક્ષણતા જોઈએ તે બતાવવાનો વિચાર રાખ્યો છે. કવિતા ઠીક છે. કવિતા કવિતાર્થે આરાધવા યોગ્ય નથી, સંસારાર્થે આરાધવા યોગ્ય નથી; ભગવદ્‌ભજનાર્થે, આત્મકલ્યાણાર્થે જો તેનું પ્રયોજન થાય તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે. જે વિદ્યાથી ઉપશમગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવાયોગ્ય નથી.

હાલ હવે ઘણું કરી મોતીની ખરીદી બંધ રાખી છે. વિલાયતમાં છે તેનો અનુક્રમે વેચવાનો વિચાર રાખ્યો છે. જો આ પ્રસંગ ન હોત તો તે પ્રસંગમાં ઉદ્‌ભવ થતી જંજાળ અને તેનું ઉપશમાવવું થાત નહીં. હવે તે સ્વસ વેદ્યરૂપે અનુભવમાં આવેલ છે, તે પણ એક પ્રકારનું પ્રારબ્ધ-નિવર્તનરૂપ છે. સવિગત જ્ઞાનવાર્તાનો હવે પત્ર લખશો, તો ઘણું કરી તેનો ઉત્તર લખીશું.

લિ૦ આત્મસ્વરૂપ

---

[૩૯૭] ૪૮૪ મોહમયી, માહ વદ ૮, ગુરુ, ૧૯૫૦

પરમસ્નેહી શ્રી સોભાગ,

શ્રી અંજાર,

અત્રેના ઉપાધિપ્રસંગમાં કંઈક વિશેષ સહનતાથી વર્તવું પડે એવી મોસમ હોવાથી આત્માને વિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે. ઘણું કરીને હવેથી જો બને તો નિયમિતપણે કંઈ સત્સંગવાર્ત્તા લખશો.

આ૦ સ્વ૦થી પ્રણામ.

---

[૩૯૮] ૪૮૫ મુંબઈ, ફાગણ સુદ ૪, રવિ, ૧૯૫૦

ૐ

પરમસ્નેહી શ્રી સુભાગ્ય,

શ્રી અંજાર,

હાલ ત્યાં ઉપાધિના અવકાશે કાંઈ વાંચનાદિ પ્રકાર થતો હોય તે લખશો.

હાલ દોઢથી બે માસ થયાં ઉપાધિના પ્રસંગમાં વિશેષ વિશેષ કરી સંસારનું સ્વરૂપ વેદાયુ છે. એવા જો કે પૂર્વે ઘણા પ્રસંગ વેદ્યા છે, તથાપિ જ્ઞાને કરી ઘણું કરી વેદ્યા નથી. આ દેહ અને તે પ્રથમનો બોધબીજહેતુવાળો દેહ તેમાં થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે.

વડોદરાવાળા માંકુભાઈ અત્રે છે. તેમનું સાથે પ્રવૃત્તિમાં વસવું અને કાર્ય કરવાનું થયા કરે છે, એમ આ પ્રસંગ વેદવાનો તેમને પણ પ્રકાર બન્યો છે. વૈરાગ્યવાન જીવ છે. પ્રજ્ઞાનું વિશેષ પ્રકાશવું તેમને થાય તો સત્સંગનું ફળ થાય તેવો યોગ્ય જીવ છે.

વારંવાર કંટાળી જઈએ છીએ; તથાપિ પ્રારબ્ધયોગથી ઉપાધિથી દૂર થઈ શકાતું નથી. એ જ વિજ્ઞાપન. વિગતથી પત્ર લખશો.

આત્મસ્વરૂપે પ્રણામ.

---

[૩૯૯] ૪૮૬ મુંબઈ, ફાગણ સુદ ૧૧, રવિ, ૧૯૫૦

પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે; (કહ્યું છે.)

(સૂયગડાંગસૂત્ર વીર્ય અધ્યયન.)[1]

જે કુળને વિષે જન્મ થયો છે, અને જેના સહવાસમાં જીવ વસ્યો છે, ત્યાં અજ્ઞાની એવો આ જીવ તે મમતા કરે છે અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે.

(સૂયગડાંગ–પ્રથમાધ્યયન.)[2]

જે જ્ઞાનીપુરુષો ભૂતકાળને વિષે થઈ ગયા છે, અને જે જ્ઞાનીપુરુષો ભાવિકાળને વિષે થશે, તે સર્વ પુરુષોએ 'શાંતિ' (બધા વિભાવપરિણામથી થાકવું, નિવૃત્ત થવું તે)ને સર્વ ધર્મનો આધાર કહ્યો છે જેમ ભૂતમાત્રને પૃથ્વી આધારભૂત છે, અર્થાત્ પ્રાણીમાત્ર પૃથ્વીના આધારથી સ્થિતિવાળાં છે, તેનો આધાર પ્રથમ તેમને હોવો યોગ્ય છે, તેમ સર્વ પ્રકારના કલ્યાણનો આધાર, પૃથ્વીની પેઠે 'શાંતિ'ને જ્ઞાનીપુરુષે કહ્યો છે. (સૂયગડાંગ.)[3]

---

१ पमाय कम्ममाहंसु अप्पमाय तहावर । तब्भावदेसओवावि, वालं पडियमेव वा ॥

सू. कृ श्रु. १, अ ८, गाथा ३.

२. जेस्सिं कुले समुप्पन्ने, जेहिं वा सवसे नरे । ममाइ लुप्पइ वाले, अण्णे अण्णेहिं मुच्छिए ॥

सू कृ श्रु १, अ. १, गाथा ४.

३ जे य बुद्धा अतिक्कंता, जे य बुद्धा अणागया । संति तेसिं पइठाण भूयाणं जगति जहा ॥

सू कृ श्रु. १, अ. ११, गाथा ३६.

[૪૦૦] ૪૮૭ મુંબઈ, ફાગણ સુદ ૧૧, રવિ, ૧૯૫૦

ૐ

બુધવારે એક પત્ર લખીશું, નહીં તો રવિવારે સવિગત પત્ર લખીશું, એમ જણાવ્યુ હતું. તે જણાવતી વખતે ચિત્તમા એમ હતું કે તમ મુમુક્ષુઓને કંઈ નિયમ જેવું સ્વસ્થપણું થવું ઘટે છે, અને તે વિષે કંઈ લખવાનું સૂઝે તો લખવું એમ આવ્યુ હતું. લખવાનું કરતાં એમ થયુ કે જે કંઈ લખવાસાં આવે છે તે સત્સંગ-પ્રસંગમાં વિસ્તારથી કહેવાયોગ્ય છે, અને તે કંઈ ફળરૂપ થવા યોગ્ય છે. લખવામાં જે વિસ્તાર આવ્યાથી તમને સમજી શકવાનું થાય, તેટલું લખવાનુ હમણાં થઈ શકે તેવો આ વ્યવસાય નથી, અને જે વ્યવસાય છે તે પ્રારબ્ધરૂપ હોવાથી તે પ્રમાણે વર્તવું થાય છે. એટલે તેમા વિશેષ બળ કરી લખવાનું થઈ શકવું મુશ્કેલ છે. માટે તે ક્રમે કરી જણાવવાનુ ચિત્ત રહે છે.

આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે, કે જ્ઞાનીપુરુષને પણ પ્રારબ્ધકર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતાં નથી, અને અભોગવ્યે નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી. જ્ઞાની સિવાય બીજા જીવને પણ કેટલાંક કર્મ કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવાં હોય છે, તથાપિ ભેદ એટલો છે કે જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભાવિ સંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનુ પ્રારબ્ધ જુદુ પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે. જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી, જેમ ગૃહઅવસ્થામાં શ્રી તીર્થંકર. એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે. કેટલીક પ્રારબ્ધસ્થિતિ એવી છે કે જે જ્ઞાનીપુરુષને વિષે તેના સ્વરૂપ માટે જીવોને અંદેશાનો હેતુ થાય; અને તે માટે જ્ઞાનીપુરુષો ઘણુ કરી જડ-મૌનદશા રાખી પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે; તથાપિ પ્રારબ્ધવશાત્ તે દશા કોઈને સ્પષ્ટ જાણવામાં આવે, તો પછી તે જ્ઞાનીપુરુષનુ વિચિત્ર પ્રારબ્ધ તેને અંદેશાનો હેતુ થતો નથી.

---

[૪૦૧] ૪૮૮ મુંબઈ, ફાગણ વદ ૧૦, શનિ, ૧૯૫૦

શ્રી 'શિક્ષાપત્ર' ગ્રંથ વાંચવા, વિચારવામાં હાલ કંઈ અડચણ નથી. જ્યાં કોઈ અંદેશાનો હેતુ હોય ત્યાં વિચારવું, અથવા સમાધાન પુછાવવાયોગ્ય હોય તો પૂછવામા પ્રતિબંધ નથી.

સુદર્શન શેઠ પુરુષધર્મમાં હતા, તથાપિ રાણીના સમાગમમાં તે અવિકળ હતા. અત્યંત આત્મબળે કામ ઉપશમાવવાથી કામેંદ્રિયને વિષે અજાગૃતપણુ જ સંભવે છે; અને તે વખતે રાણીએ કદાપિ તેના દેહનો પરિચય કરવા ઇચ્છા કરી હોત તોપણ કામની જાગૃતિ શ્રી સુદર્શનમાં જોવામાં આવત નહીં; એમ અમને લાગે છે.

---

[૪૦૨] ૪૮૯ મુંબઈ, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૦

'શિક્ષાપત્ર' ગ્રંથમા મુખ્ય ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનુ તેમાં વિશેષ પોષણ કર્યું છે. તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્પ્રકારે છે, જે વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે. શ્રી

કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે કવચિત્ સંદેહનો હેતુ થાય એવો છે, તથાપિ તેમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી ઉપેક્ષિત રહેવાયોગ્ય છે. કેવળ હિતબુદ્ધિથી વાંચવા વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.

પ્રણામ.

---

[૪૦૩] ૪૯૦ મુંબઈ, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૦

ઉપાધિ મટાડવાના બે પ્રકારથી પુરુષાર્થ થઈ શકે, એક તો કોઈ પણ વ્યાપારાદિ કાર્યથી; બીજો પ્રકાર વિદ્યા, મંત્રાદિ સાધનથી. જોકે એ બન્નેમાં અંતરાય તુટવાનો સંભવ પ્રથમ જીવને હોવો જોઈએ. પ્રથમ દર્શાવેલો પ્રકાર કોઈ રીતે બને તો કરવામાં અમને હાલ પ્રતિબંધ નથી, પણ બીજા પ્રકારને વિષે તો કેવળ ઉદાસીનતા જ છે; અને એ પ્રકાર સ્મરણમાં આવવાથી પણ ચિત્તમાં ખેદ થઈ આવે છે; એવી તે પ્રકાર પ્રત્યે નિરિચ્છા છે. પ્રથમના પ્રકાર સંબંધમાં હાલ કંઈ લખવું સૂઝતું નથી. આગળ ઉપર લખવું કે નહીં તે તે પ્રસંગમાં જે થવા યોગ્ય હશે તે થશે.

જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાનીપુરુષો કહી ગયા છે. જે વાત જરૂર આપણે વિચારવા યોગ્ય છે.

---

[૪૦૪] ૪૯૧ મુંબઈ, ફાગણ, ૧૯૫૦

ૐ

તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે, તે ઉપદેશ કરતા હતા :—

"હે જીવો! તમે બૂઝો, સમ્યક્-પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો; અને 'સર્વ જીવ' પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો."

(સૂયગડાંગ-અધ્યયન ૭મું ૧૧)

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.

(દ્વાદશાંગીનું સળંગ સૂત્ર)

પ્રથમમાં જે અભિપ્રાય દર્શાવ્યો છે તે ગાથા સૂયગડાંગમાં નીચે પ્રમાણે છેઃ

संबुज्झा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो,
एगंतदुक्खे जरिए व लोए, सक्कम्मणा विप्परियासुवेइ.

સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ તોપણ સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે, તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અંતરાય વર્તે છે. ઘણું કરી કોઈ વાતનો ખેદ 'અમારા' આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સંગના અંતરાયનો ખેદ અહોરાત્ર ઘણું કરી વર્ત્યા કરે છે. 'સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસંગો અજાણ્યા જેવાં, સાવ પરનાં, ઉદાસીન જેવાં, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે.' માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુપુરુષો, કે માર્ગાનુસારીપુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો, પ્રીતિકર, સુંદર, આકર્ષનાર અને રસસ્વરૂપ ભાસે છે. એમ હોવાથી અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું તમ જેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબદ્ધપણું પામે છે.

---

[૪૦૫] ૪૯૨ મુંબઈ, ફાગણ, ૧૯૫૦

મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુપુરુષ શ્રી સોભાગ,

અત્રે સમાધિ છે. ઉપાધિ જોગથી તમે કંઈ આત્મવાર્તા નહીં લખી શકતા હો એમ ધારીએ છીએ.

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે, એ વાત નિશ્ચય કરવાયોગ્ય છે.

હાલ કંઈ સત્સંગજોગ મળે છે કે કેમ? તે અથવા કંઈ અપૂર્વ પ્રશ્ન આવે છે કે કેમ? તે લખવામાં આવતું નથી તે લખશો. આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મુઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે. વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.

---

[૪૦૬] ૪૯૩ મુંબઈ, ફાગણ, ૧૯૫૦

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ :—'આત્મા છે.' જેમ ઘટપટઆદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :—'આત્મા નિત્ય છે.' ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવાયોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ :—'આત્મા કર્ત્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય, વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

ચોથું પદ :—'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનુ ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતુ નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

પાંચમુ પદ :—'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનુ ટળવાપણુ પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ:—તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધમાત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે. પરમ નિશ્ચયરૂપ જણાવાયોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનુ સ્વરૂપ છે, એમ જો જીવ

પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ-પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનુ ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ–પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ–અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટઅનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયુ નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનુ નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યુ છે, શ્રદ્ધા પણે કેવળજ્ઞાન થયુ છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયુ છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયુ છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!

---

[૪૦૭] ૪૯૪ મુંબઈ, ચૈત્ર સુદ, ૧૯૫૦

ૐ

અત્રે હાલ કંઈક બાહ્યઉપાધિ ઓછી વર્તે છે. તમારા પત્રમાં પ્રશ્નો છે તેનું સમાધાન નીચે લખ્યાથી વિચારશો.

પૂર્વકર્મ બે પ્રકારનાં છે, અથવા જીવથી જે જે કર્મ કરાય છે તે બે પ્રકારથી કરાય છે. એક પ્રકારનાં કર્મ એવા છે, કે જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે, તે જ પ્રકારે તે ભોગવી શકાય. બીજો પ્રકાર એવો છે, કે જ્ઞાનથી, વિચારથી કેટલાંક કર્મ નિવૃત્ત થાય જ્ઞાન થવા છતાં પણ જે પ્રકારનાં કર્મ અવશ્ય ભોગવવાયોગ્ય છે તે પ્રથમ પ્રકારનાં કર્મ કહ્યાં છે; અને જે જ્ઞાનથી ટળી શકે છે તે બીજા પ્રકારના કર્મ કહ્યાં છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવા છતાં દેહનું રહેવું થાય છે, તે દેહનું રહેવું એ કેવળજ્ઞાનીની ઇચ્છાથી નથી, પણ પ્રારબ્ધથી છે, એટલું સંપૂર્ણ જ્ઞાનબળ છતાં પણ તે દેહસ્થિતિ વેદ્યા સિવાય કેવળજ્ઞાનીથી પણ છૂટી શકાય નહીં, એવી સ્થિતિ છે; જોકે તેવા પ્રકારથી છૂટવા વિષે કોઈ જ્ઞાનીપુરુષ ઇચ્છા કરે નહીં; તથાપિ અત્રે કહેવાનું એમ છે કે, જ્ઞાનીપુરુષને પણ તે કર્મ ભોગવવાયોગ્ય છે; તેમ જ અંતરાયાદિ અમુક કર્મની વ્યવસ્થા એવી છે કે, તે જ્ઞાનીપુરુષને પણ ભોગવવાયોગ્ય છે, અર્થાત્ જ્ઞાનીપુરુષ પણ તે કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત કરી શકે નહીં. સર્વ પ્રકારનાં કર્મ એવા છે, કે તે અફળ હોય નહીં; માત્ર તેની નિવૃત્તિના પ્રકારમાં ફેર છે.

એક, જે પ્રકારે સ્થિતિ વગેરે બાંધ્યુ છે, તે જ પ્રકારે ભોગવવાયોગ્ય હોય છે બીજાં, જીવના જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવાં હોય છે. જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવાં કર્મની નિવૃત્તિ જ્ઞાનીપુરુષ પણ કરે છે; પણ ભોગવવાયોગ્ય કર્મને જ્ઞાનીપુરુષ સિદ્ધિઆદિ પ્રયત્ને કરી નિવૃત્ત કરવાની ઇચ્છા કરે નહીં એ સંભવિત છે. કર્મને યથાયોગ્યપણે ભોગવવા વિષે જ્ઞાનીપુરુષને સંકોચ હોતો નથી. કોઈ અજ્ઞાનદશા છતાં પોતા વિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવાયોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઇચ્છે તોપણ ભોગવ્યે જ છૂટકો થાય એવી નીતિ છે. જીવનું કરેલું જો વગર ભોગવ્યે અફળ જતું હોય, તો પછી બંધમોક્ષની વ્યવસ્થા ક્યાંથી હોઈ શકે?

વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી. જો નિરિચ્છા થતી હોય, તો ચિત્તમાં ખેદ થાય કે, જીવને દેહાભિમાન છે તેથી ઉપાર્જિત કર્મ ભોગવતાં ખેદ થાય છે; અને તેથી નિરિચ્છા થાય છે.

મંત્રાદિથી, સિદ્ધિથી અને બીજાં તેવાં અમુક કારણોથી અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી, તથાપિ ઉપર જેમ અમે જણાવ્યાં તેમ ભોગવવાયોગ્ય એવાં 'નિકાચિતકર્મ' તે તેમાંના કોઈ પ્રકારે મટી શકે નહીં; અમુક 'શિથિલકર્મ'ની કવચિત્ નિવૃત્તિ થાય છે, પણ તે કંઈ ઉપાર્જિત કરનારે વેદ્યા વિના નિવૃત્ત થાય છે એમ નહીં; આકારફેરથી તે કર્મનું વેદવું થાય છે.

કોઈ એક એવું 'શિથિલકર્મ' છે, કે જેમાં અમુક વખત ચિત્તની સ્થિરતા રહે તો તે નિવૃત્ત થાય. તેવું કર્મ તે મંત્રાદિમાં સ્થિરતાના યોગે નિવૃત્ત થાય એ સંભવિત છે;

અથવા કોઈ પાસે પૂર્વલાભનો કોઈ એવો બંધ છે, કે જે માત્ર તેની થોડી કૃપાથી ફળીભૂત થઈ આવે; એ પણ એક સિદ્ધિ જેવું છે; તેમ અમુક મંત્રાદિના પ્રયત્નમાં હોય અને અમુક પૂર્વાંતરાય ત્રુટવાનો પ્રસંગ સમીપવર્તી હોય, તો પણ કાર્યસિદ્ધિ મંત્રાદિથી થઈ ગણાય; પણ એ વાર્તમાં કંઈ સહેજ પણ ચિત્ત થવાનું કારણ નથી; નિષ્ફળ વાર્તા છે. આત્માનો કલ્યાણ સંબંધનો એમાં કોઈ મુખ્ય પ્રસંગ નથી. મુખ્ય પ્રસંગ, વિસ્મૃતિનો હેતુ એવી કથા થાય છે; માટે તે પ્રકારના વિચારનો કે શોધનો નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં ત્યાગી દેવી સારી છે; અને તે ત્યાગ્યે સહેજે નિર્ધાર થાય છે.

આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો. જે થવાયોગ્ય હશે તે થઈ રહેશે. અને આકુળતા કરતાં પણ જે થવાયોગ્ય હશે તે થશે, તેની સાથે આત્મા પણ અપરાધી થશે.

[૪૦૮-૧] ૪૯૫ મુંબઈ, ચૈત્ર વદ ૧૧, ભોમ, ૧૯૫૦

શ્રી ત્રિભોવન,

જે કારણ વિષે લખ્યુ હતું, તે કારણના વિચારમાં હજુ ચિત્ત છે, અને તે વિચાર હજુ સુધી ચિત્તસમાધાનરૂપ એટલે પૂરો થઈ શક્યો ન હોવાથી તમને પત્ર લખવાનું થયુ નથી. વળી કોઈ ‘પ્રમાદદોષ’ જેવો કંઈ પ્રસંગદોષ વર્તે છે, કે જેને લીધે કંઈ પણ પરમાર્થવાત લખવા સંબંધમાં ચિત્ત મુઝાઈ, લખતાં સાવ અટકવું થાય છે. તેમ જ જે કાર્યપ્રવૃત્તિ છે, તે કાર્યપ્રવૃત્તિમાં અને અપરમાર્થ પ્રસંગમાં ઉદાસીનબળ યથાયોગ્ય જાણે મારાથી થતું નથી, એમ લાગી આવી પોતાના દોષવિચારમાં પડી જઈ પત્ર લખવું અટકી જાય છે, અને ઘણું કરી ઉપર જે વિચારનું સમાધાન થયુ નથી, એમ લખ્યુ છે તે તે જ કારણ છે.

જો કોઈ પણ પ્રકારે બને તો આ ત્રાસરૂપ સંસારમા વધતો વ્યવસાય ન કરવો; સત્સંગ કરવો યોગ્ય છે.

મને એમ લાગે છે કે જીવને મૂળપણે જોતા જો મુમુક્ષુતા આવી હોય તો નિત્ય પ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે કે નહીં તે અનિયત છે, પણ સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે; અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય; આ કાળમાં એ વાત ઘણુ કરી જોવામાં આવતી નથી. કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ, અને જુદા સ્વરૂપમા મુનિ વગેરે જોઈ વિચાર થાય છે કે આવા સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં; પણ અધોદશા થવી ઘટે. વળી સત્સંગનો કંઈ પ્રસંગ થયો છે એવા જીવની વ્યવસ્થા પણ કાળદોષથી પલટતાં વાર નથી લાગતી. એવું પ્રગટ જોઈને ચિત્તમાં ખેદ થાય છે; અને મારા ચિત્તની વ્યવસ્થા જોતાં મને પણ એમ થાય છે કે મને કોઈ પણ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી. જરૂર—અત્યંત જરૂર—આ જીવનો કોઈ પ્રમાદ છે, નહીં તો પ્રગટ જાણ્યુ છે એવું જે ઝેર તે પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય? અથવા એમ નહીં તો ઉદાસીનપ્રવૃત્તિ હોય, તોપણ તે પ્રવૃત્તિયે હવે તો કોઈ પ્રકારે પણ પરિસમાપ્તપણું ભજે એમ થવા યોગ્ય છે, નહીં તો જરૂર જીવનો કોઈ પણ પ્રકારે દોષ છે

વધારે લખવાનું થઈ શકતું નથી, એટલે ચિત્તમાં ખેદ થાય છે, નહીં તો પ્રગટપણે

નિવર્તું છું, એમ તે સાથે ઘણાં ત્યાગનાં કારણો જાણવાં.) એમ જે વચનો કહ્યાં છે તે, સર્વવિરતિની ભૂમિકાના લક્ષણે કહ્યાં છે. તથાપિ તે પાંચ મહાવ્રતમાં ચાર મહાવ્રત, મૈથુનત્યાગ સિવાયમાં ભગવાને પાછી બીજી આજ્ઞા કરી છે, કે જે આજ્ઞા પ્રત્યક્ષ તો મહાવ્રતને બાધકારી લાગે, પણ જ્ઞાનદૃષ્ટિથી જોતાં તો રક્ષણકારી છે.

'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છું,' એવાં પચખાણ છતાં નદી ઊતરવા જેવા પ્રાણાતિપાતરૂપ પ્રસંગની આજ્ઞા કરવી પડી છે; જે આજ્ઞા લોકસમુદાયને વિશેષ સમાગમે કરી સાધુ આરાધશે તો પંચમહાવ્રત નિર્મૂળ થવાનો વખત આવશે એવું જાણી, નદીનું ઊતરવું ભગવાને કહ્યું છે. તે પ્રાણાતિપાતરૂપ પ્રત્યક્ષ છતાં પાંચ મહાવ્રતની રક્ષાના અમૂલ્ય હેતુરૂપ હોવાથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ છે. કારણ કે પાંચ મહાવ્રતની રક્ષાનો હેતુ એવું જે કારણ તે પ્રાણાતિપાતથી નિવૃત્તિનો પણ હેતુ જ છે. પ્રાણાતિપાત છતાં અપ્રાણાતિપાતરૂપ એમ નદીના ઊતરવાની આજ્ઞા થાય છે, તથાપિ 'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છું' એ વાક્યને તે કારણથી એક વાર આંચકો આવે છે; જે આંચકો ફરીથી વિચાર કરતાં તો તેની વિશેષ દૃઢતા માટે જણાય છે, તેમ જ બીજાં વ્રતો માટે છે. 'પરિગ્રહની સર્વથા નિવૃત્તિ કરું છું' એવું વ્રત છતા વસ્ત્ર, પાત્ર, પુસ્તકનો સંબંધ જોવામાં આવે છે, તે અંગીકાર કરવામાં આવે છે. તે પરિગ્રહની સર્વથા નિવૃત્તિના કારણને કોઈ પ્રકારે રક્ષણરૂપ હોવાથી કહ્યાં છે; અને તેથી પરિણામે અપરિગ્રહરૂપ હોય છે. મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવાને માટે પુસ્તકનો અંગીકાર કહ્યો છે. શરીરસંઘયણનું આ કાળનું હીનપણું દેખી, ચિત્તસ્થિતિ પ્રથમ સમાધાન રહેવા અર્થે વસ્ત્રપાત્રાદિનું ગ્રહણ કહ્યુ છે; અર્થાત્ આત્મહિત દીઠું તો પરિગ્રહ રાખવાનું કહ્યું છે. પ્રાણાતિપાત ક્રિયા પ્રવર્તન કહ્યુ છે; પણ ભાવનો આકાર ફેર છે. પરિગ્રહબુદ્ધિથી કે પ્રાણાતિપાતબુદ્ધિથી એમાંનુ કંઈ પણ કરવાનુ કયારે પણ ભગવાને કહ્યું નથી. પાંચ મહાવ્રત, સર્વથા નિવૃત્તિરૂપ, ભગવાને જ્યાં બોધ્યાં ત્યાં પણ બીજા જીવના હિતાર્થે કહ્યાં છે; અને તેમાં તેના ત્યાગ જેવો દેખાવ દેનાર એવો અપવાદ પણ આત્મહિતાર્થે કહ્યો છે; અર્થાત્ એક પરિણામ હોવાથી ત્યાગ કરેલી ક્રિયા ગ્રહણ કરાવી છે. 'મૈથુનત્યાગ'માં જે અપવાદ નથી તેનો હેતુ એવો છે કે રાગદ્વેષ વિના તેનો ભંગ થઈ શકે નહીં; અને રાગદ્વેષ છે તે આત્માને અહિતકારી છે; જેથી તેમાં કોઈ અપવાદ ભગવાને કહ્યો નથી. નદીનુ ઊતરવું રાગદ્વેષ વિના પણ થઈ શકે; પુસ્તકાદિનું ગ્રહણ પણ તેમ થઈ શકે; પણ મૈથુનસેવન તેમ ન થઈ શકે; માટે ભગવાને અનપવાદ એ વ્રત કહ્યુ છે; અને બીજામાં અપવાદ આત્મહિતા[illegible]ે. આમ હોવાથી જિનાગમ જેમ જીવનું, સંયમનું રક્ષણ થાય તેમ કહેવાને ર[illegible]

દર્શન, સંયમના હેતુએ ત્યાં વિચરવાની પણ હા કહી છે; તે જ અર્થ ઉપરથી એમ જણાય છે કે, કોઈ જ્ઞાનીપુરુષનું દૂર રહેવું થતું હોય, તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય, અને પત્રસમાચાર સિવાય બીજો કોઈ ઉપાય ન હોય, તો પછી આત્મહિત સિવાય બીજા સર્વ પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરી, તેવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ કે કોઈ મુમુક્ષુ સત્સંગીની સામાન્ય આજ્ઞાએ તેમ કરવાનો જિનાગમથી નિષેધ થતો નથી, એમ જણાય છે. કારણ કે પત્રસમાચાર લખવાથી આત્મહિત નાશ પામતું હતું, ત્યાં જ તે ના સમજાવી છે, જ્યાં આત્મહિત પત્ર-સમાચાર નહીં હોવાથી નાશ પામતું હોય, ત્યા પત્રસમાચારનો નિષેધ હોય એમ જિનાગમથી બને કે કેમ? તે હવે વિચારવાયોગ્ય છે.

એ પ્રકારે વિચારવાથી જિનાગમમાં જ્ઞાન, દર્શન, સંયમના સંરક્ષણાર્થે પત્રસમાચારાદિ વ્યવહાર પણ સ્વીકારવાનો સમાવેશ થાય છે, તથાપિ તે કોઈક કાળ અર્થે, કોઈ મોટા પ્રયોજને, મહાત્માપુરુષોની આજ્ઞાથી કે કેવળ જીવના કલ્યાણના જ કારણમાં તેનો ઉપયોગ કોઈક પાત્રને અર્થે છે, એમ સમજવા યોગ્ય છે. નિત્યપ્રતિ અને સાધારણ પ્રસંગમાં પત્રસમાચારાદિ વ્યવહાર ઘટે નહીં; જ્ઞાનીપુરુષ પ્રત્યે તેની આજ્ઞાએ નિત્યપ્રતિ પત્રાદિ વ્યવહાર ઘટે છે, તથાપિ બીજા લૌકિક જીવના કારણમાં તો સાવ નિષેધ સમજાય છે વળી કાળ એવો આવ્યો છે કે, જેમાં આમ કહેવાથી પણ વિષમ પરિણામ આવે. લોકમાર્ગમાં વર્તતા એવા સાધુઆદિના મનમાં આ વ્યવહારમાર્ગનો નાશ કરનાર ભાસ્યમાન થાય, તે સંભવિત છે, તેમ આ માર્ગ સમજાવવાથી પણ અનુક્રમે વગર કારણે પત્રસમાચારાદિ ચાલુ થાય કે જેથી વગર કારણે સાધારણ દ્રવ્યત્યાગ પણ હણાય.

એવું જાણી એ વ્યવહાર ઘણુ કરી અંબાલાલ આદિથી પણ કરવો નહીં, કારણ કે તેમ કરવાથી પણ વ્યવસાય વધવા સંભવ છે. તમને સર્વ પચખાણ હોય તો પછી પત્ર ન લખવાનાં જે પચખાણ સાધુએ આપ્યાં છે તે અપાય નહીં તથાપિ આપ્યાં તોપણ એમાં હરકત ગણવી નહીં; તે પચખાણ પણ જ્ઞાનીપુરુષની વાણીથી રૂપાંતર થયાં હોત તો હરકત નહોતી, પણ સાધારણપણે રૂપાંતર થયાં છે, તે ઘટારત નથી થયુ. મૂળ સ્વાભાવિક પચખાણનો અત્રે વ્યાખ્યાઅવસર નથી, લોક પચખાણની વાતનો અવસર છે; તથાપિ તે પણ સાધારણપણે પોતાની ઇચ્છાએ તોડવાં ઘટે નહીં, એવો હમણાં તો દૃઢ વિચાર જ રાખવો. ગુણ પ્રગટવાના સાધનમાં જ્યારે રોધ થતો હોય, ત્યારે તે પચખાણ જ્ઞાનીપુરુષની વાણીથી કે મુમુક્ષુજીવના પ્રસંગથી સહેજ આકારફેર થવા દઈ રસ્તા પર લાવવાં, કારણ કે વગર કારણે લોકોમાં અદેશો થવા દેવાની વાર્તા યોગ્ય નથી. બીજા પામર જીવને વગર કારણે તે જીવ અનહિતકારી થાય છે. એ વગેરે ઘણા હેતુ ધારી બનતાં સુધી પત્રાદિ વ્યવહાર ઓછો કરવો એ જ યોગ્ય છે અમ પ્રત્યે ક્યારેક તેવો વ્યવહાર તમને હિતકારીરૂપ છે, માટે કરવો યોગ્ય લાગતો હોય તો તે પત્ર શ્રી દેવકરણજી જેવા કોઈ સત્સંગીને વંચાવીને મોકલવો, કે જેથી જ્ઞાનચર્ચા સિવાય એમાં કાંઈ બીજી વાર્તા નથી એવું તેમનું સાક્ષીપણુ તે તમારા આત્માને બીજા પ્રકારનો પત્રવ્યવહાર કરતા અટકાવવાને સંભવિત થાય મારા વિચાર પ્રમાણે એવા પ્રકારમાં શ્રી દેવકરણજી વિરોધ નહીં સમજે, કદાપિ તેમને તેમ લાગતું હોય તો કોઈ પ્રસંગમાં તેમનો

તે અંદેશો અમે નિવૃત્ત કરીશું, તથાપિ તમારે ઘણું કરી વિશેષ પત્રવ્યવહાર કરવો યોગ્ય નહીં, તે લક્ષ ચૂકશો નહીં. ઘણું કરી શબ્દનો અર્થ માત્ર હિતકારી પ્રસંગે પત્રનું કારણ કહ્યું છે, તેને બાધ ન થાય તે છે. વિશેષ પત્રવ્યવહાર કરવાથી તે જ્ઞાનચર્ચારૂપ હશે તોપણ લોકવ્યવહારમાં ઘણા અંદેશાનો હેતુ થશે. માટે જે પ્રમાણે પ્રસંગે પ્રસંગે આત્મહિતાર્થ હોય તે વિચારવું અને વિમાસવું યોગ્ય છે. અમ પ્રત્યે કોઈ જ્ઞાનપ્રશ્નાર્થે પત્ર લખવાની તમારી ઇચ્છા હોય તો તે શ્રી દેવકરણજીને પૂછીને લખવો કે જેથી તમને ગુણ ઉત્પન્ન થવામાં બાધ ઓછો થાય.

તમે અંબાલાલને પત્ર લખ્યા વિષેમાં ચર્ચા થઈ તે જોકે ઘટારત થયું નથી, તમને કાંઈ પ્રાયશ્ચિત્ત આપે તો તે લેવું, પણ કોઈ જ્ઞાનવાર્તા લખવાને બદલે લખાવવામાં તમારે અડચણ કરવી ન જોઈએ, એમ સાથે યથાયોગ્ય નિર્મળ અંતઃકરણથી જણાવવું યોગ્ય છે, કે જે વાત માત્ર જીવના હિતને અર્થે કરવા માટે છે. પર્યુષણાદિમાં પત્રવ્યવહાર સાધુઓ લખાવીને કરે છે, જેમાં આત્મહિત જેવું થોડું જ હોય છે, તથાપિ તે રૂઢિ થઈ હોવાથી તેનો લોક નિષેધ કરતા નથી, તેમ તે રૂઢિને અનુસરી વર્તવાનું રાખશો, તોપણ હરકત નથી; એટલે તમને પત્ર લખવામાં અડચણ નહીં પહોંચે અને લોકોને અંદેશો નહીં થાય.

ઉપમા આદિ લખવામાં લોકોનું વિપર્યયપણું રહેતું હોય તો અમને એક સાધારણ ઉપમા લખશો, નહીં ઉપમા લખો તોપણ અડચણ નથી. માત્ર ચિત્તસમાધિ અર્થે તમને લખવાનો પ્રતિબંધ કર્યો નથી. અમને ઉપમાનું કંઈ સફળપણું નથી.

આત્મસ્વરૂપે પ્રણામ.

[૮૭૪ (૧૮)] ૧૫૦૨

મુનિ શ્રી લલ્લુજી તથા દેવકરણજી આદિ પ્રત્યે,—

સહજે સમાગમ થઈ આવે અથવા એ લોકો ઇચ્છીને સમાગમ કરવા આવતા હોય તો સમાગમ કરવામાં શું હાનિ છે? કદાપિ વિરોધવૃત્તિથી એ લોકો સમાગમ કરવાનું કરતા હોય તો પણ શું હાનિ છે? આપણે તો તેના પ્રત્યે કેવળ હિતકારી વૃત્તિથી, અવિરોધ દૃષ્ટિથી સમાગમમાં પણ વર્તવું છે, ત્યા શો પરાભવ છે? માત્ર ઉદીરણા કરીને સમાગમ કરવાનું હાલ કારણ નથી. તમ સર્વ મુમુક્ષુઓના આચાર વિષે તેમને કંઈ સંશય હોય, તોપણ વિકલ્પનો અવકાશ નથી. વડવામાં સત્પુરુષના સમાગમમાં ગયા આદિનું પ્રશ્ન કરે તો તેના ઉત્તરમાં તો એટલું જ કહેવું યોગ્ય છે કે 'તમે, અમે સૌ આત્મહિતની કામનાએ નીકળ્યા છીએ; અને કરવાયોગ્ય પણ તે જ છે જે પુરુષના સમાગમમાં અમે આવ્યા છીએ; તેમના સમાગમમાં કોઈ વાર તમે આવીને પ્રતીતિ કરી જોશો કે તેમના આત્માની દશા કેમ છે? અને તેઓ આપણને કેવા ઉપકારના કર્ત્તા છે. હાલ એ વાત આપ જવા દ્યો. વડવા સુધી સહેજે પણ જવું થઈ શકે, અને આ તો જ્ઞાનદર્શનાદિના ઉપકારરૂપ પ્રસંગમાં જવું થયું છે, એટલે આચારની મર્યાદાના ભંગનો વિકલ્પ કરવો ઘટતો નથી. રાગદ્વેષ પરિક્ષીણ થવાનો

૧. આ પત્ર ફાટેલો મળ્યો હતો તેથી તૂટક છપાયેલો, પછી આખો મળતાં ફરી છપાયો તે મુજબ [illegible] ફરી સુધારીને આખો આપ્યો છે. જુઓ આંક ૭૪૯

માર્ગ જે પુરુષના ઉપદેશે કંઈ પણ સમજાય, પ્રાપ્ત થાય તે પુરુષનો ઉપકાર કેટલો? અને તેવા પુરુષની કેવા પ્રકારે ભક્તિ કરવી તે તમે જ શાસ્ત્રાદિથી વિચારી જુઓ, અમે તો કંઈ તેવું કરી શક્યા નથી, કેમ કે તેમણે પોતે એમ કહ્યું હતું કે,

"તમારો મુનિપણાનો સામાન્ય વ્યવહાર એવો છે કે, બાહ્ય અવિરતિ પુરુષ પ્રત્યે વંદનાદિ વ્યવહાર કર્તવ્ય નહીં. તે વ્યવહાર તમારે પણ સાચવવો. તે વ્યવહાર તમે રાખો તેમાં તમારો સ્વચ્છંદ નથી, માટે રાખવા યોગ્ય છે. ઘણા જીવોને સંશયનો હેતુ નહીં થાય. અમને કંઈ વંદનાદિની અપેક્ષા નથી."

આ પ્રકારે જેમણે સામાન્ય વ્યવહાર પણ સચવાવ્યો હતો, તેમની દૃષ્ટિ કેવી હોવી જોઈએ, તે તમે વિચાર કરો. કદાપિ હાલ તમને તે વાત નહીં સમજાય તો આગળ ઉપર સમજાશે, એ વાતમાં તમે નિઃસંદેહ થાઓ.

'બીજા કંઈ સતમાર્ગરૂપ આચારવિચારમાં અમારી શિથિલતા થઈ હોય તો તમે કહો, કેમ કે તેવી શિથિલતા તો ટાળ્યા વિના હિતકારી માર્ગ પમાય નહીં, એમ અમારી દૃષ્ટિ છે.' એ આદિ પ્રસંગે કહેવું ઘટે તો કહેવું; અને તેમના પ્રત્યે અદ્વેષભાવ છે એવું ખુલ્લું તેમના ધ્યાનમાં આવે તેવી વૃત્તિએ તથા રીતિએ વર્તવું, તેમાં સંશય કર્તવ્ય નથી.

બીજા સાધુ વિષે તમારે કંઈ કહેવું કર્તવ્ય નથી. સમાગમમાં આવ્યા પછી પણ કંઈ ન્યૂનાધિકપણું તેમના ચિત્તમાં રહે તોપણ વિક્ષેપ પામવો નહીં. તેમના પ્રત્યે બળવાન અદ્વેષ ભાવનાએ વર્તવું એ જ સ્વધર્મ છે.

---

[૪૧૫] ૫૦૩ મુંબઈ, વૈશાખ વદ ૦)), ૧૯૫૦

શ્રી સ્થંભતીર્થક્ષેત્રે સ્થિત, શુભેચ્છાસંપન્ન ભાઈશ્રી અંબાલાલ પ્રત્યે યથાયોગ્ય વિનંતી કે:–તમારું લખેલું પત્ર ૧ પહોંચ્યું છે. અત્રે કુશળતા છે.

સુરતથી મુનિશ્રી લલ્લુજીનો કાગળ એક પ્રથમ હતો. તેના પ્રત્યુત્તરમાં એક કાગળ અહીંથી લખ્યો હતો. ત્યાર પછી પાંચ છ દિવસ પહેલાં તેમનો કાગળ હતો, જેમા તમારા પ્રત્યે પત્રાદિ લખવાનુ થયું, તેના સંબંધમાં થયેલી લોકચર્ચા વિષેની કેટલીક વિગત હતી. તે કાગળનો ઉત્તર પણ અત્રેથી લખ્યો છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે છે.

પ્રાણાતિપાતાદિ પાંચ મહાવ્રત છે તે સર્વ ત્યાગનાં છે, અર્થાત્ સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તવું, સર્વ પ્રકારના મૃષાવાદથી નિવર્તવું, એ પ્રમાણે પાચે મહાવ્રત સાધુને હોય છે; અને એ આજ્ઞાએ વર્તે ત્યારે તે મુનિના સપ્રદાયમાં વર્તે છે, એમ ભગવાને કહ્યુ છે. એ પકારે પંચ મહાવ્રત ઉપદેશ્યાં છતા તેમા પ્રાણાતિપાતનુ કારણ છે એવા નદીના ઊતરવા વગેરે ક્રિયાની આજ્ઞા પણ જિને કહી છે. તે એવા અર્થે કે નદી ઊતરવાથી જે બંધ જીવને થશે તે કરતાં એક ક્ષેત્રે નિવાસથી બળવાન બંધ થશે, અને પરપરાએ પંચ મહાવ્રતની હાનિનો પ્રસંગ આવશે, એવું દેખી તેવો દ્રવ્ય પ્રાણાતિપાત જેમાં છે એવી નદી ઊતરવાની આજ્ઞા શ્રી જિને કહી છે. તેમ જ વસ્ત્ર, પુસ્તક રાખવાથી સર્વપરિગ્રહવિરમણવ્રત રહી શકે નહીં; તથાપિ દેહના શાતાર્થનો ત્યાગ કરાવી આત્માર્થ સાધવા દેહ સાધનરૂપ ગણી તેમાંથી પૂરી મૂર્છા ટળતાં સુધી વસ્ત્રનો નિસ્પૃહ સંબધ અને વિચારબળ વધતાં

સુધી પુસ્તકનો સંબંધ જિને ઉપદેશ્યો છે; એટલે સર્વ ત્યાગમાં પ્રાણાતિપાત તથા પરિગ્રહનું સર્વ પ્રકારે અંગીકૃત કરવું ના છતાં એ પ્રકારે જિને અંગીકૃત કરવાની આજ્ઞા કરી છે. તે સામાન્ય દૃષ્ટિથી જોતાં વિષમ જણાય, તથાપિ જિને તો સગ જ કહેલું છે. બેય વાત જીવના કલ્યાણ અર્થે કહેલ છે. જેમ સામાન્ય જીવનું કલ્યાણ થાય તેમ વિચારીને કહ્યું છે. એ જ પ્રકારે મૈથુનત્યાગવ્રત છતાં તેમાં અપવાદ કહ્યો નથી કારણ કે મૈથુનનું આરાધવું રાગદ્વેષ વિના થઈ શકે નહીં, એવું જિનનું અભિમત છે. એટલે રાગદ્વેષ અપરમાર્થરૂપ જાણી મૈથુનત્યાગ અનપવાદે આરાધવું કહ્યું છે. તેમ જ બૃહત્કલ્પસૂત્રમાં સાધુએ વિચરવાની ભૂમિકાનું પ્રમાણ કહ્યું છે, ત્યાં ચારે દિશામાં અમુક નગર સુધીની મર્યાદા કહી છે, તથાપિ તે ઉપરાંત જે અનાર્ય ક્ષેત્ર છે, તેમાં પણ જ્ઞાન, દર્શન, સંયમની વૃદ્ધિને અર્થે વિચરવાનો અપવાદ કહ્યો છે. કારણ કે આર્ય ભૂમિમાં કોઈ યોગવશાત્ જ્ઞાનીપુરુષનું સમીપ વિચરવું ન હોય અને પ્રારબ્ધયોગે અનાર્ય ભૂમિમાં વિચરવું જ્ઞાનીપુરુષનું હોય તો ત્યાં જવું, તેમાં ભગવાને બતાવેલી આજ્ઞા ભંગ થતી નથી.

તે જ પ્રકારે પત્ર-સમાચારાદિનો જો સાધુ પ્રસંગ રાખે તો પ્રતિબંધ વધે એમ હોવાથી ભગવાને 'ના' કહી છે, પણ તે 'ના' જ્ઞાનીપુરુષના કોઈ તેવા પત્ર-સમાચારમાં અપવાદરૂપે લાગે છે. કારણ કે જ્ઞાની પ્રત્યે નિષ્કામપણે જ્ઞાનારાધનાર્થે પત્ર-સમાચાર વ્યવહાર છે. એમાં અન્ય કંઈ સંસારાર્થ હેતુ નથી, ઊલટો સંસારાર્થ મટવાનો હેતુ છે; અને સંસાર મટાડવો એટલો જ પરમાર્થ છે. જેથી જ્ઞાનીપુરુષની અનુજ્ઞાએ કે કોઈ સત્સંગી જનની અનુજ્ઞાએ પત્ર-સમાચારનું કારણ થાય તો તે સંયમ વિરુદ્ધ જ છે, એમ કહી શકાય નહીં; તથાપિ તમને સાધુએ પચખાણ આપ્યાં હતાં તે ભંગ થવાનો દોષ તમારા પ્રત્યે આરોપવા યોગ્ય થાય છે. પચખાણનું સ્વરૂપ અત્ર વિચારવાનું નથી, પણ તમે તેમને પ્રગટ વિશ્વાસ આપ્યો તે ભંગ કરવાનો હેતુ શો છે? જો તે પચખાણ લેવા વિષેમાં તમને યથાયોગ્ય ચિત્ત નહોતું તો તે તમારે લેવાં ઘટે નહીં, અને જો કોઈ લોકદાબથી તેમ થયું તો તેનો ભંગ કરવો ઘટે નહીં, અને ભંગનું જે પરિણામ છે તે અભંગથી વિશેષ આત્મહિતકારી હોય તોપણ સ્વેચ્છાથી ભંગ કરવો ઘટે નહીં; કારણ કે જીવ રાગદ્વેષ કે અજ્ઞાનથી સહેજે અપરાધી થાય છે; તેનો વિચારેલો હિતાહિત વિચાર ઘણી વાર વિપર્યય હોય છે. આમ હોવાથી તમે જે પ્રકારે ભંગ તે પચખાણ કર્યું છે, તે અપરાધયોગ્ય છે, અને તેનું પ્રાયશ્ચિત્ત પણ કોઈ રીતે ઘટે છે. પણ કોઈ જાતની સંસારબુદ્ધિથી આ કાર્ય થયું નથી, અને સંસાર કાર્યના પ્રસંગથી પત્ર સમાચારની મારી ઈચ્છા નથી, આ જે કંઈ પત્રાદિ લખવાનું થયુ છે તે માત્ર કોઈ જીવના કલ્યાણની વાત વિષેમાં છે, એને તે જો કરવામાં ન આવ્યુ હોત તો એક પ્રકારે કલ્યાણરૂપ હતું, પણ બીજા પ્રકારે ચિત્તની વ્યગ્રતા ઉત્પન્ન થઈ અંતર ક્લેશવાળું થતું હતું; એટલે જેમાં કંઈ સંસારાર્થ નથી, કોઈ જાતની બીજી વાંચ્છા નથી, માત્ર જીવના હિતનો પ્રસંગ છે, એમ ગણી લખવાનું થયુ છે. મહારાજે પચખાણ આપેલ તે પણ મારા હિતને અર્થે ં કે કોઈ સંસારી પ્રયોજનમાં એથી હું ન પડી જાઉં; અને તે માટે તેમનો ઉપકાર પણ મેં સંસારી પ્રયોજનથી એ કાર્ય કર્યું નથી; તમારા સંઘાડાના પ્રતિબંધને તોડવા

એ કાર્ય નથી; તોપણ એક પ્રકારે મારી ભૂલ છે તો તે અલ્પ, સાધારણ પ્રાયશ્ચિત્ત આપી ક્ષમા આપવી ઘટે છે. પર્યુષણાદિ પર્વમાં શ્રાવકે શ્રાવકના નામથી સાધુ પત્ર લખાવે છે, તે પ્રકાર સિવાય બીજા પ્રકારે હવે વર્તવામાં ન આવે અને જ્ઞાનચર્ચા લખાય તો પણ અડચણ નથી,' એ વગેરે ભાવ લખેલ છે. તમે પણ તે તથા આ પત્ર વિચારી જેમ ક્લેશ ન ઉત્પન્ન થાય તેમ કરશો. કોઈ પણ પ્રકારે સહન કરવું એ સારું છે; એમ નહીં બને તો સહેજ કારણમાં મોટું વિપરીત ક્લેશરૂપ પરિણામ આવે. બનતાં સુધી પ્રાયશ્ચિત્તનું કારણ ન બને તો ન કરવું, નહિં તો પછી અલ્પ પણ પ્રાયશ્ચિત્ત લેવામાં બાધ નથી. તેઓ વગર પ્રાયશ્ચિત્તે કદાપિ તે વાત જતી કરે તેવું હોય તોપણ તમારે એટલે સાધુ લલ્લુજીએ ચિત્તમાં એ વાતનો પશ્ચાત્તાપ એટલો તો કરવો વટે છે કે આમ પણ કરવું ઘટતું નહોતું. હવે પછીમાં દેવકરણજી સાધુ જેવાની સમક્ષતાથી શ્રાવક ત્યાંથી અમુક લખનાર હોય અને પત્ર લખાવે તો અડચણ નહીં એટલી વ્યવસ્થા તે સંપ્રદાયમાં ચાલ્યા કરે છે, તેથી ઘણુંકરી લોકો વિરોધ કરશે નહીં, અને તેમાં પણ વિરોધ જેવું લાગતું હોય તો હાલ તે વાત માટે પણ ધીરજ ગ્રહણ કરવી હિતકારી છે. લોકસમુદાયમાં ક્લેશ ઉત્પન્ન ન થાય, એ લક્ષ ચૂકવાયોગ્ય હાલ નથી, કારણ કે તેવું કોઈ બળવાન પ્રયોજન નથી.

શ્રી કૃષ્ણદાસનો કાગળ વાંચી સત્ત્વ હર્ષ થયો છે. જિજ્ઞાસાનું બળ જેમ વધે તેમ પ્રયત્ન કરવું એ પ્રથમ ભૂમિ છે. વૈરાગ્ય અને ઉપશમના હેતુ એવા 'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથો વાંચવામાં અડચણ નથી. અનાથદાસજીનો કરેલો 'વિચારમાળા' ગ્રંથ સટીક અવલોકવા યોગ્ય છે. અમારું ચિત્ત નિત્ય સત્સંગને ઇચ્છે છે, તથાપિ પ્રારબ્ધયોગ સ્થિતિ છે. તમારા સમાગમી ભાઈઓથી જેટલું બને તેટલું સદ્ગ્રંથોનું અવલોકન થાય તે અપ્રમાદે કરવા યોગ્ય છે. અને એક બીજાનો નિયમિત પરિચય કરાય તેટલો લક્ષ રાખવો યોગ્ય છે.

પ્રમાદ એ સર્વ કર્મનો હેતુ છે.

---

[૪૧૬] **૫૦૪** મુંબઈ, વૈશાખ, ૧૯૫૦

મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે. અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી. વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે. અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે, કે જેના વેદનથી ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે, નિવૃત્ત થશે. કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે. માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી, એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.

કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી, પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞપુરુષને માત્ર સમ્યગ્દૃષ્ટિપણે પણ ઓળખાય તો તેનું મહત્ ફળ છે; અને તેમ ન હોય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કંઈ આત્માસંબંધી ફળ નથી એમ અનુભવમાં આવે છે.

પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ કોઈ કારણે, વિચારે, અવલંબને સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપણે પણ

ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી, પરમાર્થથી તેની સેવા અસેવાથી જીવને કંઈ જાતિભેદ થતો નથી. માટે તે કંઈ સફળ કારણરૂપે જ્ઞાનીપુરુષે સ્વીકારી નથી, એમ જણાય છે.

ઘણાં પ્રત્યક્ષ વર્તમાનો પરથી એમ પ્રગટ જણાય છે કે આ કાળ તે વિષમ કે દુષમ અથવા કલિયુગ છે. કાળચક્રના પરાવર્તનમાં અનંત વાર દુષમકાળ પૂર્વે આવી ગયા છે, તથાપિ આવો દુષમકાળ કોઈક જ વખત આવે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં એવી પરંપરાગત વાત ચાલી આવે છે, કે અસંયતિપૂજા નામે આશ્ચર્યવાળો હુંડ — ધીટ — એવો આ પંચમકાળ અનંતકાળે આશ્ચર્યસ્વરૂપે તીર્થંકરાદિકે ગણ્યો છે, એ વાત અમને બહુકરી અનુભવમાં આવે છે; સાક્ષાત્ એમ જાણે ભાસે છે.

કાળ એવો છે. ક્ષેત્ર ઘણું કરી અનાર્ય જેવું છે, ત્યાં સ્થિતિ છે, પ્રસંગ, દ્રવ્યકાળાદિ કારણથી સરળ છતાં લોકસંજ્ઞાપણે ગણવા ઘટે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આલંબન વિના નિરાધારપણે જેમ આત્માપણું ભજાય છે તેમ ભજે છે. બીજો શો ઉપાય?

૫૦૫

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનઅધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો. અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવાયોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

[૪૧૮]

૫૦૬

મુંબઈ, વૈશાખ, ૧૯૫૦

શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ એમ કહ્યું છે કે જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ, અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે, એટલે આત્મા આત્મપરિણામી થયો છે, તેવા જ્ઞાનીપુરુષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે, ત્યાં સુધી જાગૃતિમાં રહેવું યોગ્ય છે. કેમ કે, અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાં પણ અમે જાણ્યો છે. ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે, એવા સહજ સ્વરૂપ પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ જાગૃતિરૂપ તુર્યાવસ્થા છે; એટલે ત્યાં અનાદિ વિપર્યાસ નિર્બીજપણાને પ્રાપ્ત થવાથી કોઈ પણ પ્રકારે ઉદ્ભવ થઈ શકે જ નહીં; તથાપિ તેથી ન્યૂન એવાં વિરત્યાદિ ગુણસ્થાનકે વર્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ યોગ્ય છે, પ્રમાદવશે ચૌદપૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે એવા જ્ઞાનીપુરુષને પણ

અનંતકાળ પરિભ્રમણ થયું છે. માટે જેની વ્યવહારને વિષે અનાસક્તબુદ્ધિ થઈ છે, તેવા પુરુષે પણ જે તેવા ઉદયનું પ્રારબ્ધ હોય તો તેની ક્ષણેક્ષણે નિવૃત્તિ ચિંતવવી, અને નિજભાવની જાગૃતિ રાખવી. આ પ્રકારે જ્ઞાનીપુરુષને મહાજ્ઞાની એવા શ્રી તીર્થંકરાદિકે ભલામણ દીધી છે; તો પછી, જેને માર્ગાનુસારી અવસ્થામાં પણ હજુ પ્રવેશ થયો નથી, એવા જીવને તો આ સર્વ વ્યવસાયથી વિશેષ–વિશેષ નિવૃત્તભાવ રાખવો; અને વિચાર જાગૃતિ રાખવી યોગ્ય છે, એમ જણાવવા જેવું પણ રહેતું નથી, કેમ કે તે તો સમજણમાં સહેજે આવી શકે એવું છે.

બોધ બે પ્રકારથી જ્ઞાનીપુરુષોએ કર્યો છે. એક તો 'સિદ્ધાંતબોધ' અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો 'ઉપદેશબોધ.' જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે, પણ પરિણામ થઈ શકે નહીં. 'સિદ્ધાંતબોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે તે જે પ્રકારથી વાણીદ્વારાએ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ છે તે 'સિદ્ધાંતબોધ' છે. પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે; તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે 'ઉપદેશબોધ' છે.

આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે 'ઉપદેશબોધ' કરતા 'સિદ્ધાંતબોધ'નું મુખ્યપણું જણાય છે, કેમ કે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે, તો પછી સિદ્ધાતબોધનું જ પ્રથમથી અવગાહન કર્યું હોય તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે. આ પ્રકારે જો વિચાર ઉદ્ભવે તો તે વિપરીત છે, કેમ કે સિદ્ધાંતબોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે. જેને વૈરાગ્ય–ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે, અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થવું જ સંભવે છે. કેમ કે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે. અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી; તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસ બુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંતબોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે તેને તે પ્રમાણમા સિદ્ધાંતનું અવગાહન થાય; અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય.

ગૃહકુટુંબ પરિગ્રહાદિભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે, અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ

નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાયક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્બુદ્ધિ કરે છે; અને તે સદ્બુદ્ધિ જીવ જીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવાયોગ્ય થાય છે. કેમકે ચક્ષુને પટળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અસંગતાદિ પટળનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરુષે કહેલા એવા સિદ્ધાંતભાવ, આત્મભાવ, વિચારચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં, અથવા યથાવત્ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહિનીય કર્મના ક્ષયાંતર પ્રગટે છે અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે.

વળી જ્ઞાનીપુરુષોની વિશેષ શિખામણ વૈરાગ્ય ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે. જિનના આગમ પર દૃષ્ટિ મૂકવાથી એ વાત વિશેષ સ્પષ્ટ જણાઈ શકશે. 'સિદ્ધાંતબોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશેષપણે કથન તે આગમમાં જેટલું કર્યું છે તે કરતાં વિશેષપણે, વિશેષપણે વૈરાગ્ય અને ઉપશમને કથન કર્યાં છે. કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે, અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે; અને તેમ જ થતું હોવાથી ઠામઠામ એ જ અધિકારનુ વ્યાખ્યાન કર્યું છે. જો જીવને આરંભ પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે. કેમકે આરંભ પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં આરંભ અને પરિગ્રહનુ બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે.

૧. જીવને મતિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૨. જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય? જ્યા સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૩. જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૪. જીવને મનપર્યવજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યા સુધી.

૫. જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યા સુધી.

એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તે ને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યા સુધી હોય કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય, આવું આરંભપરિગ્રહનું બળ જણાવી ફરી અર્થાપત્તિરૂપે પાછું તેનું ત્યાં જ કથન કર્યું છે.

જીવને મતિજ્ઞાન ક્યારે ઊપજે? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઊપજે? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

૩. જીવને અવધિજ્ઞાન ક્યારે ઊપજે? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

૪. જીવને મનઃપર્યવજ્ઞાન ક્યારે ઊપજે? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

૫. જીવને કેવળજ્ઞાન ક્યારે ઊપજે? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

એમ સત્તર પ્રકાર ફરીથી કહી આરંભપરિગ્રહની નિવૃત્તિનું ફળ જ્યાં છેવટે કેવળજ્ઞાન છે ત્યાં સુધી લીધું છે; અને પ્રવૃત્તિનું ફળ કેવળજ્ઞાન સુધીનાં આવરણના હેતુપણે કહી તેનું અત્યંત બળવાનપણું કહી જીવને તેથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ કર્યો છે. ફરી ફરીને જ્ઞાનીપુરુષોનાં વચન એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઇચ્છે છે; તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો એવો જીવ પ્રતિબૂઝતો નથી; અને તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના શ્રેય ઇચ્છે છે, કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમા થતો નથી, અને ભવિષ્યમાં થશે નહીં.

---

૫૦૭ મુંબઈ, જેઠ સુદ ૧૧, ગુરુ, ૧૯૫૦

અત્રે ઉપાધિનું બળ એમ ને એમ રહ્યા કરે છે. જેમ તે પ્રત્યે ઉપેક્ષા થાય છે તેમ બળવાન ઉદય થાય છે, પ્રારબ્ધ ધર્મ જાણી વેદવા યોગ્ય છે; તથાપિ નિવૃત્તિની ઇચ્છા અને આત્માનું ઢીલાપણું છે, એવો વિચાર ખેદ આપ્યા રહે છે.

કંઈ પણ નિવૃત્તિનું સ્મરણ રહે એટલો સત્સંગ તો કર્યા રહેવું યોગ્ય છે.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૪૧૯] ૫૦૮ મુંબઈ, જેઠ સુદ ૧૪, રવિ, ૧૯૫૦

ૐ

પરમ સ્નેહી શ્રી સોભાગ,

આપનો કાગળ ૧ સવિગત મળ્યો હતો. ઉપાધિના પ્રસંગથી ઉત્તર લખવાનું થયુ નથી, તે ક્ષમા કરશો.

ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે જે, આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિદશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે, અને જેમાં અત્યંત અપ્રમાદયોગ ઘટે છે, તેમાં પ્રમાદયોગ જેવું થાય.

કદાપિ તેમ નહીં તોપણ આ સંસારને વિષે કોઈ પ્રકાર રુચિયોગ્ય જણાતો નથી; પ્રત્યક્ષ રસરહિત એવું સ્વરૂપ દેખાય છે; તેને વિષે જરૂર સદ્વિચારવાન જીવને અલ્પ પણ રુચિ થાય નહીં, એવો નિશ્ચય વર્તે છે. વારંવાર સંસાર ભયરૂપ લાગે છે. ભયરૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી, માત્ર એમાં શુદ્ધ એવું આત્મસ્વરૂપ અપ્રધાન રાખી વર્તવું થાય છે તેથી મોટો ત્રાસ વર્તે છે, અને નિત્ય છૂટવાનો લક્ષ રહે છે; તથાપિ હજુ તો અંતરાય સંભવેછે, અને પ્રતિબંધ પણ રહ્યા કરે છે; તેમ જ તેને અનુસરતા બીજા અનેક વિકલ્પથી ખારા લાગેલા આ સંસારને વિષે પરાણે સ્થિતિ છે.

તમે કેટલાંક પ્રશ્નો લખો છો તે ઉત્તરયોગ્ય હોય છે, છતાં તે ઉત્તર ન લખવાનું કારણ

ઉપાધિ પ્રસંગનું બળ છે, તથા ઉપર જણાવેલો એવો ચિત્તનો ખેદ રહે છે તે છે.

આ૦ સ્વ૦ પ્રણામ

[૪૨૦-૧] ૫૦૯ મોહમયી, અસાડ સુદ ૬, રવિ, ૧૯૫૦

શ્રી સૂર્યપુરસ્થિત, શુભવૃત્તિસંપન્ન, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,

યથાયોગ્યપૂર્વક વિનંતિ કે :—

પત્ર પ્રાપ્ત થયુ છે. તેની સાથે ત્રણ પ્રશ્નો છૂટાં લખ્યાં છે, તે પણ પ્રાપ્ત થયાં છે. જે ૩ પ્રશ્નો લખ્યાં છે તે પ્રશ્નો મુમુક્ષુ જીવને વિચારવાં હિતકારી છે.

જીવ, કાયા પદાર્થપણે જુદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીરનીરની પેઠે સંબંધ કહ્યો છે તેનો હેતુ પણ એ જ છે કે, ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે, છતાં પરમાર્થે તે જુદાં છે; પદાર્થપણે ભિન્ન છે; અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જુદાં પડે છે, તેમ જ જીવ અને કર્મનો સંબંધ છે. કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે, અને જીવ ઇન્દ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે, પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ, કાયાનુ જે સ્પષ્ટ જુદાપણું છે, તે જીવને ભાસ્યામાં આવતું નથી; તથાપિ ક્ષીરનીરવત્ જુદાપણું છે. જ્ઞાનસંસ્કારે તે જુદાપણુ સાવ સ્પષ્ટ વર્તે છે. હવે ત્યાં એમ પ્રશ્ન કર્યું છે કે, જો જ્ઞાને કરી જીવ ને કાયા જુદા જાણ્યાં છે, તો પછી વેદનાનું વેદવું અને માનવું શાથી થાય છે? તે પછી થવું ન જોઈએ, એ પ્રશ્ન જોકે થાય છે, તથાપિ તેનું સમાધાન આ પ્રકારે છે :—

સૂર્યથી તપેલા એવા પથ્થર તે સૂર્યના અસ્ત થયા પછી પણ અમુક વખત સુધી તપ્યા રહે છે, અને પછી સ્વરૂપને ભજે છે; તેમ પૂર્વના અજ્ઞાન સંસ્કારથી ઉપાર્જિત કરેલા એવા વેદનાદિ તાપ તેનો આ જીવને સબંધ છે. જ્ઞાનયોગનો કોઈ હેતુ થયો તો પછી અજ્ઞાન નાશ પામે છે, અને તેથી ઉત્પન્ન થનારું એવું ભાવિકર્મ નાશ પામે છે, પણ તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું એવું વેદનીય કર્મ તે અજ્ઞાનના સૂર્યની પેઠે અસ્ત થયા પછી પથ્થરરૂપ એવા આ જીવને સંબંધમાં છે; જે આયુષ્યકર્મના નાશથી નાશ પામે છે. ભેદ એટલો છે કે, જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી, અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી, બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે, માત્ર પૂર્વ સબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે, હોવાથી વેદનીય કર્મ આયુષ-પૂર્ણતા સુધી અવિષમભાવે વેદવું થાય છે; પણ તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી. આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી; તે તેની સ્થિતિએ નાશ પામે. વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી, અવ્યાબાધપણાને આવરણરૂપ છે; અથવા ત્યાં સુધી સંપૂર્ણ અવ્યાબાધપણું પ્રગટતું નથી; પણ સંપૂર્ણજ્ઞાન સાથે તેને વિરોધ નથી. સંપૂર્ણ જ્ઞાનીને આત્મા અવ્યાબાધ છે એવો નિજરૂપ અનુભવ વર્તે છે, તથાપિ સંબંધપણે જોતાં તેનું અવ્યાબાધપણું

વેદનીય કર્મથી અમુકભાવે રોકાયેલ છે. જોકે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી અવ્યાબાધ ગુણને પણ માત્ર સંબંધ આવરણ છે, સાક્ષાત્ આવરણ નથી.

વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે, પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી, પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે. વર્તમાનમા તે માત્ર પ્રારબ્ધરૂપ છે; તેને વેદતાં જ્ઞાનીને અવિષમપણું છે; એટલે જીવ ને કાયા જુદાં છે, એવો જે જ્ઞાનયોગ તે જ્ઞાનીપુરુષનો અબાધ જ રહે છે. માત્ર વિષમભાવરહિતપણું છે, એ પ્રકાર જ્ઞાનને અવ્યાબાધ છે. વિષમભાવ છે તે જ્ઞાનને બાધકારક છે. દેહમાં દેહબુદ્ધિ અને આત્મામા આત્મબુદ્ધિ, દેહથી ઉદાસીનતા અને આત્મામાં સ્થિતિ છે, એવા જ્ઞાનીપુરુષનો વેદનાઉદય તે પ્રારબ્ધ વેદવારૂપ છે; નવાં કર્મનો હેતુ નથી.

બીજુ પ્રશ્ન : પરમાત્મસ્વરૂપ સર્વ ઠેકાણે સરખું છે, સિદ્ધ અને સંસારી જીવ સરખા છે, ત્યારે સિદ્ધની સ્તુતિ કરતા કંઈ બાધ છે કે કેમ ? એ પ્રકારનુ પ્રશ્ન છે. પરમાત્મસ્વરૂપ પ્રથમ વિચારવાયોગ્ય છે. વ્યાપકપણે પરમાત્મસ્વરૂપ સર્વત્ર છે કે કેમ ? તે વાત વિચારવા યોગ્ય છે.

સિદ્ધ અને સંસારી જીવો એ સમસત્તાવાનસ્વરૂપે છે એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે તે યથાર્થ છે. તથાપિ ભેદ એટલો છે કે સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે, સંસારી જીવને વિષે તે સત્તા સત્તાપણે છે. જેમ દીવાને વિષે અગ્નિ પ્રગટ છે અને ચકમકને વિષે અગ્નિ સત્તાપણે છે, તે પ્રકારે. દીવાને વિષે અને ચકમકને વિષે જે અગ્નિ છે તે અગ્નિપણે સમ છે, વ્યક્તિપણે (પ્રગટતા) અને શક્તિ(સત્તામાં)પણે ભેદ છે, પણ વસ્તુની જાતિપણે ભેદ નથી, તે પ્રકારે સિદ્ધના જીવને વિષે જે ચેતનસત્તા છે તે જ સૌ સંસારી જીવને વિષે છે. ભેદ માત્ર પ્રગટ અપ્રગટપણાનો છે જેને તે ચેતનસત્તા પ્રગટી નથી એવા સંસારી જીવને તે સત્તા પ્રગટવાનો હેતુ, પ્રગટસત્તા જેને વિષે છે એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ, તે વિચારવાયોગ્ય છે, ધ્યાન કરવાયોગ્ય છે, સ્તુતિ કરવાયોગ્ય છે, કેમ કે તેથી આત્માને નિજસ્વરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે કે જે કર્ત્તવ્ય છે. સિદ્ધસ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે એવું વિચારીને અને આ આત્માને વિષે તેનુ વર્તમાનમાં અપ્રગટપણુ છે તેનો અભાવ કરવા તે સિદ્ધસ્વરૂપનો વિચાર, ધ્યાન તથા સ્તુતિ ઘટે છે એ પ્રકાર જાણી સિદ્ધની સ્તુતિ કરતા કંઈ બાધ જણાતો નથી.

આત્મસ્વરૂપમા જગત નથી, એવી વેદાંતે વાત કહી છે અથવા એમ ઘટે છે, પણ બાહ્ય જગત નથી એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે માનવો યોગ્ય ગણાય.

એમ એ ત્રણ પ્રશ્નોનું સંક્ષેપ સમાધાન લખ્યુ છે, તે વિશેષ કરી વિચારશો. વિશેષ કંઈ સમાધાન જાણવા ઇચ્છા થાય તે લખશો જેમ વૈરાગ્ય ઉપશમનું વર્ધમાનપણું થાય તેમ હાલ તો કર્તવ્ય છે

---

[૪૨૧] ૫૧૦ મુંબઈ, અસાડ સુદ ૬, રવિ, ૧૯૫૦

શ્રી સ્થંભતીર્થસ્થિત, શુભેચ્છાસંપન્ન શ્રી ત્રિભુવનદાસ પ્રત્યે યથાયોગ્યપૂર્વક વિનંતિ કે :—

બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સંતત અભ્યાસ કર્ત્તવ્ય છે, કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું

વેદાંત અને જિન સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે. વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે. તે જિનાગમમા તેથી બીજે પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને એક બ્રહ્મની સ્થિતિનો લક્ષ થઈ જાય છે, તથાપિ એ વાર્તા ઘણા સત્સંગ, વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્ત્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે. 'એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામા અડચણ નથી, અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી, માત્ર તમને અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્ત્તવ્ય છે; અને તે જાણવાના સાધન શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે. તે સાધન સિદ્ધ થયે, વૈરાગ્ય, ઉપશમ વર્ધમાન પરિણામી થયે, 'એક આત્મા છે કે અનેક આત્મા છે,' એ આદિ પ્રકાર વિચારવાયોગ્ય છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૪૨૫] **૫૧૪** મુંબઈ, શ્રાવણ સુદ ૧૪, બુધ, ૧૯૫૦

નિઃસારપણું અત્યંતપણે જાણ્યા છતાં, વ્યવસાયનો પ્રસંગ આત્મવીર્યને કંઈ પણ મંદતાનો હેતુ થાય છે, તે છતાં તે વ્યવસાય કરીએ છીએ. આત્માથી ખમવાયોગ્ય નહીં તે ખમીએ છીએ. એ જ વિનંતિ.

આ૦ પ્ર૦

---

[૪૨૬] **૫૧૫** મુંબઈ, શ્રાવણ સુદ ૧૪, બુધ, ૧૯૫૦

અત્રેથી થોડા દિવસ છૂટી શકાય એવો વિચાર વર્તે છે; તથાપિ આ પ્રસંગમાં તેમ થવું કઠણ છે.

જેમ આત્મબળ અપ્રમાદી થાય તેમ સત્સંગ, સદ્વાંચનાનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવાયોગ્ય છે. તેને વિષે પ્રમાદ કર્ત્તવ્ય નથી, અવશ્ય એમ કર્ત્તવ્ય નથી, એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૪૨૭] **૫૧૬** મુંબઈ, શ્રાવણ વદ ૧, ૧૯૫૦

પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમા નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે, તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.

વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્ત્તવ્યરૂપ નથી, એમ જાણ્યુ હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામા પણ આત્મબળે સમર્થ છતા તે બળ કરતા પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યુ છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાન

સ્વામી પણ સવ વ્યવસાયમા અસારપણુ જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવાયોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમા લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવાયોગ્ય છે જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી, અથવા તો આ જીવ લોકસજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી; કારણ કે બેય જીવના સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબ ધતા થાય, એમ ત્રિકાળમા બનવાયોગ્ય નથી.

---

[૪૨૯] ૫૧૭ મુંબઈ, શ્રાવણ વદ ૭, ગુરુ, ૧૯૫૦

તમે અને બીજા મુમુક્ષુજનનાં ચિત્તસંબ ધી દશા જાણી છે. જ્ઞાનીપુરુષોએ અપ્રતિબદ્ધ-પણાને પ્રધાનમાર્ગ કહ્યો છે, અને સર્વથી અપ્રતિબદ્ધ દશાને વિષે લક્ષ રાખી પ્રવૃત્તિ છે, તોપણ સત્સંગાદિને વિષે હજી અમને પણ પ્રતિબદ્ધબુદ્ધિ રાખવાનુ ચિત્ત રહે છે. હાલ અમારા સમાગમનો અપ્રસંગ છે એમ જાણ્યા છતા પણ તમ સર્વ ભાઈઓએ જે પ્રકારે જીવને શાંત, દાતપણુ ઉદ્ભવ થાય તે પ્રકારે વાચનાદિ સમાગમ કરવો ઘટે છે. તે વાત બળવાન કરવાયોગ્ય છે

---

[૪૩૦] ૫૧૮ મુંબઈ, શ્રાવણ વદિ ૯, ૧૯૫૦

'યોગવાસિષ્ઠ'–જીવમાં જેમ ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે, ઉદય પામે તે પ્રકાર લક્ષમાં રાખવાના ખબર લખ્યા તે પત્ર પ્રાપ્ત થયુ છે.

એ ગુણો જ્યાં સુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં ત્યાં સુધી આત્મસ્વરૂપનો વિશેષ વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે. આત્મા રૂપી છે, અરૂપી છે એ આદિ વિકલ્પ તે પ્રથમમા જે વિચારાય છે તે કલ્પના જેવા છે. જીવ કંઈક પણ ગુણ પામીને જો શીતળ થાય તો પછી તેને વિશેષ વિચાર કર્ત્તવ્ય છે. આત્મદર્શનાદિ પ્રસ ગ તીવ્ર મુમુક્ષુપણું ઉત્પન્ન થયા પહેલાં ઘણુ કરીને કલ્પિતપણે સમજાય છે, જેથી હાલ તે સબંધી પ્રશ્ન શમાવવાયોગ્ય છે. એ જ વિનંતિ.

[૪૩૧–૧] ૫૧૯ મુંબઈ, શ્રાવણ વદ ૯, શનિ, ૧૯૫૦

પ્રસગના ચારે બાજુના પ્રારબ્ધવશાત્ દબાણથી કેટલાક વ્યવસાયી કાર્ય થઈ આવે છે; પણ ચિત્તપરિણામ સાધારણ પ્રસંગમાં પ્રવૃત્તિ કરતા વિશેષ સકોચાયલાં રહ્યાં કરતા હોવાથી આ પ્રકારનાં પત્રાદિ લખવા વગેરેનું બની શકતું નથી. જેથી વધારે નથી લખાયુ તે માટે બન્ને ક્ષમા આપવાયોગ્ય છો.

---

[૪૩૨] ૫૨૦ મુંબઈ, શ્રાવણ વદ ૦)), ગુરુ, ૧૯૫૦

શ્રી સાયલા ગ્રામે સ્થિત, પરમ સ્નેહી શ્રી સોભાગને.

શ્રી મોહમયી ક્ષેત્રથી — ના ભક્તિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય વિશેષ વિનંતિ કે તમારો

લખેલ કાગળ પહોંચ્યો છે. તેનો ઉત્તર નીચેથી વિચારશો.

જ્ઞાનવાર્ત્તાના પ્રસંગમાં ઉપકારી એવાં કેટલાક પ્રશ્નો તમને થાય છે, તે તમે અમને લખી જણાવો છો, અને તેના સમાધાનની તમારી ઇચ્છા વિશેષ રહે છે, તેથી કોઈ પણ પ્રકારે જો તમને તે પ્રશ્નોનાં સમાધાન લખાય તો સારું, એમ ચિત્તમાં રહ્યા કરતા છતાં ઉદયયોગથી તેમ બનતું નથી. પત્ર લખવામાં ચિત્તની સ્થિરતા ઘણી જ ઓછી રહે છે. અથવા ચિત્ત તે કાર્યમાં અલ્પ માત્ર છાયા જેવો પ્રવેશ કરી શકે છે. જેથી તમને વિશેષ વિગતથી પત્ર લખવાનું થઈ આવતું નથી. એક એક કાગળ લખતાં દશદશ, પાંચપાંચ વખત બબ્બે-ચચ્ચાર લીટી લખી તે કાગળ અધૂરા મૂકવાનું ચિત્તની સ્થિતિને લીધે બને છે. ક્રિયાને વિષે રુચિ નહીં, તેમ પ્રારબ્ધબળ પણ તે ક્રિયામાં હાલ વિશેષ ઉદયમાન નહીં હોવાથી તમને તેમ જ બીજા મુમુક્ષુઓને વિશેષપણે કંઈ જ્ઞાનચર્ચા લખી શકાતી નથી. ચિત્તમાં એ વિષે ખેદ રહે છે, તથાપિ તેને હાલ તો ઉપશમ કરવાનું જ ચિત્ત રહે છે એવી જ કોઈ આત્મદશાની સ્થિતિ હાલ વર્તે છે. ઘણુ કરીને જાણીને કરવામાં આવતું નથી, અર્થાત્ પ્રમાદાદિ દોષે કરી તે ક્રિયા નથી બનતી એમ જણાતું નથી.

જે સુખરસ સંબંધી જ્ઞાનવિષે 'સમયસાર' ગ્રંથના કવિતાદિમાં તમે અર્થધારો છો તે તેમ જ છે, એમ સર્વત્ર છે, એમ કહેવા યોગ્ય નથી. બનારસીદાસે 'સમયસાર' ગ્રંથ હિન્દી ભાષામાં કરતા કેટલાક કવિત, સવૈયા વગેરેમાં તેના જેવી જ વાત કહી છે; અને તે કોઈ રીતે 'બીજજ્ઞાનને' લગતી જણાય છે. તથાપિ ક્યાંક ક્યાંક તેવા શબ્દો ઉપમાપણે પણ આવે છે. 'સમયસાર' બનારસીદાસે કર્યો છે, તેમાં તે શબ્દો જ્યા જ્યાં આવ્યા છે, ત્યા ત્યાં સર્વ સ્થળે ઉપમાપણે છે એમ જણાતું નથી, પણ કેટલેક સ્થળે વસ્તુપણે કહ્યું છે, એમ લાગે છે; જોકે એ વાત કંઈક આગળ ગયે મળતી આવી શકે એમ છે. એટલે તમે જે 'બીજજ્ઞાન'ના કારણ ગણો છો તેથી કંઈક આગળ વધતી વાત અથવા તે વાત વિશેષ જ્ઞાને તેમાં અંગીકાર કરી જણાય છે.

બનારસીદાસને કંઈ તેવો યોગ બન્યો હોય એમ 'સમયસાર' ગ્રંથની તેમની રચના પરથી જણાય છે. 'મૂળ સમયસાર'માં એટલી બધી સ્પષ્ટ વાર્ત્તા 'બીજજ્ઞાન' વિષે કહી નથી જણાતી, અને બનારસીદાસે તો ઘણે ઠેકાણે વસ્તુપણે અને ઉપમાપણે તે વાત કહી છે. જે ઉપરથી એમ જણાય છે કે બનારસીદાસે સાથે પોતાના આત્માને વિષે જે કંઈ અનુભવ થયો છે, તેનો પણ કોઈ તે પ્રકારે પ્રકાશ કર્યો છે, કે કોઈ વિચક્ષણ જીવના અનુભવને તે આધારભૂત થાય, વિશેષ સ્થિર કરનાર થાય.

એમ પણ લાગે છે કે બનારસીદાસે લક્ષણાદિ ભેદથી જીવનો વિશેષ નિર્ધાર કર્યો હતો, અને તે તે લક્ષણાદિનું સતત મનન થયા કર્યાથી આત્મસ્વરૂપ કંઈક તીક્ષ્ણપણે તેને અનુભવમાં આવ્યું છે, અને અવ્યક્તપણે આત્મદ્રવ્યનો પણ તેમને લક્ષ થયો છે, અને તે અવ્યક્ત લક્ષથી તે બીજજ્ઞાન તેમણે ગાયુ છે. અવ્યક્ત લક્ષનો અર્થ અત્રે એવો છે કે ચિત્તવૃત્તિ આત્મવિચારમાં વિશેષપણે લાગી રહેવાથી પરિણામની નિર્મળ ધારા બનારસીદાસને જે અંશે પ્રગટી છે, તે નિર્મળધારાને લીધે પોતાને દ્રવ્ય આ જ છે એમ જોકે સ્પષ્ટ જાણવામાં નથી,

તોપણ અસ્પષ્ટપણે એટલે સ્વાભાવિકપણે પણ તેમના આત્મામા તે છાયા ભાસ્યમાન થઈ છે, અને જેને લીધે એ વાત તેમના મુખથી નીકળી શકી છે; અને સહજ આગળ વધતા તે વાત તેમને સાવ સ્પષ્ટ થઈ જાય એવી દશા તે અ થ કરતા તેમની પ્રાયે રહી છે

શ્રી ડુંગરના અંતરમાં જે ખેદ રહે છે તે કોઈ રીતે યોગ્ય છે, અને તે ખેદ ઘણુ કરીને તમને પણ રહે છે, તે જાણવામાં છે. તેમ જ બીજા પણ કેટલાક મુમુક્ષુ જીવોને એ પ્રકારનો ખેદ રહે છે એ રીતે જાણવામાં છતા, અને તમ સૌનો એ ખેદ દૂર કરાય તો સારું એમ મનમા રહેતા છતાં પ્રારબ્ધ વેદીએ છીએ. વળી અમારા ચિત્તમા એ વિષે અત્યંત બળવાન ખેદ છે. જે ખેદ દિવસમાં પ્રાયે ઘણા ઘણા પ્રસગે સ્ફુર્યા કરે છે, અને તેને ઉપશમાવવાનુ કરવું પડે છે, અને ઘણુ કરી તમ વગેરેને પણ અમે વિશેષપણે તે ખેદ વિષે લખ્યુ નથી, કે જણાવ્યુ નથી. અમને તેમ જણાવવાનુ પણ યોગ્ય લાગતું નહોતું, પણ હાલ શ્રી ડુગરે જણાવવાથી, પ્રસગથી જણાવવાનુ થયુ છે. તમને અને ડુંગરને જે ખેદ રહે છે, તેથી તે પ્રકાર વિષે અમને અસખ્યાતગુણવિશિષ્ટ ખેદ રહેતો હશે એમ લાગે છે. કારણ કે જે જે પ્રસગે તે વાત આત્મપ્રદેશમાં સ્મરણ થાય છે, તે તે પ્રસગે બધા પ્રદેશ શિથિલ જેવા થઈ જાય છે, અને જીવનો નિત્ય સ્વભાવ હોવાથી જીવ આવો ખેદ રાખતા છતા જીવે છે; એવા પ્રકારના ખેદ સુધી પ્રાપ્ત થાય છે. વળી પરિણામાતર થઈ થોડા અવકાશે પણ તેની તે વાત પ્રદેશે પ્રદેશે સ્ફુરી નીકળે છે, અને તેવી ને તેવી દશા થઈ આવે છે, તથાપિ આત્મા પર અત્યત દૃષ્ટિ કરી તે પ્રકારને હાલ તો ઉપશમાવવો જ ઘટે છે, એમ જાણી ઉપશમાવવામા આવે છે.

શ્રી ડુંગરના કે તમારા ચિત્તમાં એમ આવતું હોય કે સાધારણ કારણોને લીધે અમે એ પ્રકારની પ્રવૃત્તિ કરતા નથી, તે યોગ્ય નથી. એ પ્રકારે જો રહેતું હોય તો ઘણુ કરી તેમ નથી, એમ અમને લાગે છે. નિત્ય પ્રત્યે તે વાતનો વિચાર કરવા છતા હજુ બળવાન કારણોનો તે પ્રત્યે સબધ છે, એમ જાણી જે પ્રકારની તમારી ઇચ્છા પ્રભાવના હેતુમાં છે તે હેતુને ઢીલમા નાખવાનું થાય છે; અને તેને અવરોધક એવાં કારણોને ક્ષીણ થવા દેવામા કંઈ પણ આત્મવીર્ય પરિણામ પામી સ્થિતિમા વર્તે છે. તમારી ઇચ્છા પ્રમાણે હાલ જે પ્રવર્તાતું નથી તે વિષે જે બળવાન કારણો અવરોધક છે, તે તમને વિશેષપણે જણાવવાનુ ચિત્ત થતું નથી, કેમકે હજુ તે વિશેષપણે જણાવવામાં અવકાશ જવા દેવા યોગ્ય છે.

જે બળવાન કારણો પ્રભાવના હેતુને અવરોધક છે, તેમાં અમારો કંઈ પણ બુદ્ધિપૂર્વક પ્રમાદ હોય એમ કોઈ રીતે સભવતું નથી તેમ જ અવ્યક્તપણે એટલે નહીં જાણવામા છતા સહેજે જીવથી થયા કરતો હોય એવો પ્રમાદ હોય એમ પણ જણાતું નથી, તથાપિ કોઈ અંશે તે પ્રમાદ સભવમા લેખતા પણ તેથી અવરોધકપણું હોય એમ લાગી શકે એમ નથી; કારણ કે આત્માની નિશ્ચયવૃત્તિ તેથી અસન્મુખ છે

લોકોમા તે પ્રવૃત્તિ કરતા માનભંગ થવાનો પ્રસંગ આવે તો તે માનભગ પણ સહન ન થઈ શકે એમ હોવાથી પ્રભાવના હેતુની ઉપેક્ષા કરવામાં આવતી હોય એમ પણ લાગતું નથી. કારણ કે તે માનામાન વિષે ચિત્ત ઘણુ કરી ઉદાસીન જેવુ છે, અથવા તે પ્રકારમાં

જ્યા જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા વિના તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા માટે વિચાર કરીશ.

[૪૩૫-૧+૪૩૪+૪૩૫-૨] **૫૨૩** મુંબઈ, ભાદરવા સુદ ૪, સોમ, ૧૯૫૦

શ્રી સાયલા ગામે સ્થિત, સત્સંગયોગ્ય, પરમસ્નેહી શ્રી સોભાગ તથા ડુંગર પ્રત્યે,

શ્રી મોહમયીપુરીથી.....ના આત્મસ્વરૂપ સ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. અત્રે સમાધિ છે. તમારો લખેલો કાગળ આજે એક મળ્યો છે

તમારા વિદ્યમાનપણામાં પ્રભાવના હેતુની તમને જે વિશેષ જિજ્ઞાસા છે, અને તે હેતુ ઉત્પન્ન થાય તો તમારે વિષે જે અસીમ હર્ષ ઉત્પન્ન થવાયોગ્ય છે, તે વિશેષ જિજ્ઞાસા અને અસીમ હર્ષ સંબંધીની તમારી ચિત્તવૃત્તિ અમને સમજવામાં છે.

અનેક જીવોની અજ્ઞાન દશા જોઈ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ અથવા આપણું કલ્યાણ થશે, એવી ભાવનાએ કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતા જોઈ તે માટે અત્યંત કરુણા છૂટે છે, અને કોઈ પણ પ્રકારે આ મટાડવાયોગ્ય છે એમ થઈ આવે છે; અથવા તેવો ભાવ ચિત્તમાં એમ ને એમ રહ્યા કરે છે, તથાપિ તે થવાયોગ્ય હશે તે પ્રકારે થશે, અને જે સમય પર તે પ્રકાર હોવાયોગ્ય હશે તે સમયે થશે, એવો પણ પ્રકાર ચિત્તમાં રહે છે, કેમકે તે કરુણાભાવ ચિંતવતા ચિંતવતાં આત્મા બાહ્ય માહાત્મ્યને ભજે એમ થવા દેવાયોગ્ય નથી; અને હજુ કંઈક તેવો ભય રાખવો યોગ્ય લાગે છે બેય પ્રકારને હાલ તો ઘણું કરી નિત્ય વિચારવામાં આવે છે, તથાપિ બહુ સમીપમાં તેનું પરિણામ આવવાનો સંભવ જણાતો નહીં હોવાથી બનતા સુધી તમને લખ્યુ કે કહ્યું નથી. તમારી ઇચ્છા થવાથી વર્તમાન જે સ્થિતિ છે, તે એ સબંધમાં સંક્ષેપે લખી છે; અને તેથી તમને કોઈ પણ પ્રકારે ઉદાસ થવું ઘટતું નથી, કેમકે અમને વર્તમાનમાં તેવો ઉદય નથી; પણ અમારાં આત્મપરિણામ તે ઉદયને અલ્પ કાળમાં મટાડવા ભણી છે, એટલે તે ઉદયની કાળસ્થિતિ કોઈ પણ પ્રકારે વધારે બળવાનપણે વેદવાથી ઘટતી હોય તો તે ઘટાડવા વિષે વર્તે છે. બાહ્ય માહાત્મ્યની ઇચ્છા આત્માને ઘણા વખત થયાં નહીં જેવી જ થઈ ગઈ છે, એટલે બુદ્ધિ બાહ્ય માહાત્મ્ય ઘણું કરી ઇચ્છતી જણાતી નથી, એમ છે, તથાપિ બાહ્ય માહાત્મ્યથી જીવ સહેજ પણ પરિણામભેદ ન પામે એવી સ્વાસ્થામાં કંઈક ન્યૂનતા કહેવી ઘટે છે, અને તેથી જે કંઈ ભય રહે છે તે રહે છે, જે ભયથી તરતમા મુક્તપણું થશે એમ જણાય છે.

'કબીર સાહેબ'નાં બે પદ અને 'ચારિત્રસાગર'નું એક પદ નિર્ભયપણાથી તેમણે કહ્યાં છે તે લખ્યાં, તે વાંચ્યાં છે. શ્રી 'ચારિત્રસાગર'નાં તેવાં કેટલાંક પદો પ્રથમ પણ વાંચવામાં [illegible] છે તેવી નિર્ભય વાણી મુમુક્ષુજીવને ઘણું કરી ધર્મપુરુષાર્થમા બળવાન કરે છે.

અમારાથી તેવાં પદ કે કાવ્યો રચેલાં જોવાની જે તમારી ઇચ્છા છે, તે હાલ તો ઉપશમાવવા યોગ્ય છે. કેમકે તેવાં પદ વાંચવા વિચારવામાં કે કરવામા ઉપયોગનો હાલ વિશેષ પ્રવેશ થઈ શકતો નથી, છાયા જેવો પણ પ્રવેશ થઈ શકતો નથી.

સોનાના ઘાટ જુદા જુદા છે; પણ તે ઘાટનો જો ઢાળ પાડવામાં આવે તો તે બધા ઘાટ મટી જઈ એક સોનું જ અવશેષ રહે છે; અર્થાત્ સૌ ઘાટ જુદાં જુદાં દ્રવ્યપણાનો ત્યાગ કરી દે છે અને સૌ ઘાટની જાતિનું સજાતીયપણું હોવાથી માત્ર એક સોનારૂપ દ્રવ્યપણાને પામે છે. એ પ્રમાણે દૃષ્ટાંત લખી આત્માની મુક્તિ અને દ્રવ્યપણાના સિદ્ધાંત ઉપર પ્રશ્ન કર્યું છે, તે સંબંધમાં સંક્ષેપમાં જણાવવાયોગ્ય આ પ્રકારે છે:—

સોનું ઉપચારિક દ્રવ્ય છે એવો જિનનો અભિપ્રાય છે, અને અનંત પરમાણુના સમુદાયપણે તે વર્તે છે ત્યારે ચક્ષુગોચર થાય છે. જુદા જુદા તેના જે ઘાટ બની શકે છે તે સર્વે સંયોગભાવી છે, અને પાછા ભેળા કરી શકાય છે તે, તે જ કારણથી છે પણ સોનાનું મૂળ સ્વરૂપ જોઈએ તો અનંત પરમાણુ સમુદાય છે. જે પ્રત્યેક પ્રત્યેક પરમાણુઓ છે તે સૌ પોતપોતાના સ્વરૂપમાં જ રહ્યાં છે. કોઈ પણ પરમાણુ પોતાનુ સ્વરૂપ તજી દઈ બીજા પરમાણુપણે કોઈ પણ રીતે પરિણમવા યોગ્ય નથી; માત્ર તેઓ એકજાતિ હોવાથી અને તેને વિષે સ્પર્શગુણ હોવાથી તે સ્પર્શના સવિષમયોગે તેનું મળવું થઈ શકે છે, પણ તે મળવું કંઈ એવું નથી, કે જેમા કોઈ પણ પરમાણુએ પોતાનું સ્વરૂપ તજ્યુ હોય. કરોડો પ્રકારે તે અનંત પરમાણુરૂપ સોનાનાં ઘાટોને એક રસપણે કરો, તોપણ સૌ સૌ પરમાણુ પોતાના જ સ્વરૂપમાં રહે છે; પોતાનાં દ્રવ્ય. ક્ષેત્ર, કાળ, ભાવ ત્યજતાં નથી; કેમકે તેવું બનવાનો કોઈ પણ રીતે અનુભવ થઈ શકતો નથી. તે સોનાના અનંત પરમાણુ પ્રમાણે સિદ્ધ અનંતની અવગાહના ગણો તો અડચણ નથી, પણ તેથી કંઈ કોઈ પણ જીવે કોઈ પણ બીજા જીવની સાથે કેવળ એકત્વપણે ભળી જવાપણું કર્યું છે એમ છે જ નહીં. સૌ નિજભાવમાં સ્થિતિ કરીને જ વર્તી શકે. જીવે જીવની જાતિ એક હોય તેથી કંઈ એક જીવ છે તે પોતાપણું ત્યાગી બીજા જીવોના સમુદાયમાં ભળી સ્વરૂપનો ત્યાગ કરી દે, એમ બનવાનો શો હેતુ છે? તેનાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, કર્મબંધ અને મુક્તાવસ્થા એ અનાદિથી ભિન્ન છે, અને મુક્તાવસ્થામા પાછાં તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ત્યાગ કરે, તો પછી તેનું પોતાનું સ્વરૂપ શુ રહ્યું? તેને શો અનુભવ રહ્યો? અને પોતાનું સ્વરૂપ જવાથી તેની કર્મથી મુક્તિ થઈ, કે પોતાના સ્વરૂપથી મુક્તિ થઈ? એ પ્રકાર વિચારવાયોગ્ય છે. એ આદિ પ્રકારે કેવળ એકપણું જિને નિષેધ્યુ છે.

અત્યારે વખત નહીં હોવાથી એટલું લખી પત્ર લખવું પૂરું કરવું પડે છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

૫૨૪ મુંબઈ, ભાદરવા સુદ ૮, શુક્ર, ૧૯૫૦

શ્રી સ્થંભક્ષેત્રે સ્થિત શ્રી અંબાલાલ, કૃષ્ણદાસાદિ સર્વ મુમુક્ષુ જન પ્રત્યે,

શ્રી મોહમયી ક્ષેત્રથી....આત્મસ્વરૂપ સ્મૃતિએ યથાયોગ્ય પ્હોંચે.

વિશેષ વિનંતિ કે તમ સૌ ભાઈઓ પ્રત્યે આજ દિન પર્યંત અમારાથી કંઈ પણ મન, વચન, કાયાના યોગે જાણતાં કે અજાણતાં અપરાધ થયો હોય તે વિનયપૂર્વક શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. એજ વિનંતિ.

---

[૪૪૩] ૫૨૫ મુંબઈ, ભાદરવા સુદ ૧૦, રવિ, ૧૯૫૦

આ આત્મભાવ છે, અને આ અન્યભાવ છે, એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે, અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે. નિજપરભાવ જેણે જાણ્યો છે એવા જ્ઞાનીપુરુષને ત્યાર પછી પરભાવનાં કાર્યનો જે કંઈ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્તતાં પ્રવર્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટયા કરે છે, પણ તેમાં હિતબુદ્ધિ થઈ પ્રતિબંધ થતો નથી.

પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમકે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં, ત્યાં પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઈ આવવો પણ સંભવે છે; અને તેટલા માટે પણ જ્ઞાનીપુરુષને પણ શ્રી જિને નિજજ્ઞાનના પરિચય–પુરુષાર્થને વખાણ્યો છે; તેને પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી, અથવા પરભાવનો પરિચય કરવાયોગ્ય નથી, કેમકે કોઈ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવાયોગ્ય છે.

જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ સંભવતી નથી, એમ જોકે સામાન્ય પદે શ્રી જિનાદિ મહાત્માઓએ કહ્યું છે, તોપણ તે પદ ચોથે ગુણઠાણેથી સંભવિત ગણ્યુ નથી; આગળ જતા સંભવિત ગણ્યુ છે; જેથી વિચારવાન જીવને તો અવશ્ય કર્ત્તવ્ય છે કે, જેમ બને તેમ પરભાવના પરિચિત કાર્યથી દૂર રહેવું, નિવૃત્ત થવું. ઘણુ કરીને વિચારવાન જીવને તો એ જ બુદ્ધિ રહે છે, તથાપિ કોઈ પ્રારબ્ધવશાત્ પરભાવનો પરિચય બળવાનપણે ઉદયમાં હોય ત્યાં નિજપદબુદ્ધિમાં સ્થિર રહેવું વિકટ છે, એમ ગણી નિત્ય નિવૃત્તબુદ્ધિની વિશેષ ભાવના કરવી, એમ મોટા પુરુષોએ કહ્યુ છે.

અલ્પકાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે; અને તેમ કરતા અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી.

જ્ઞાનનું બળવાન તારતમ્યપણું થયે તો જીવને પરપરિચયમાં કદાપિ સ્વાત્મબુદ્ધિ થવી સંભવતી નથી, અને તેની નિવૃત્તિ થયે પણ જ્ઞાનબળે તે એકાંતપણે વિહાર કરવા યોગ્ય છે; પણ તેથી જેની ઓછી દશા છે એવા જીવને તો અવશ્ય પરપરિચયને છેદીને સત્સંગ કર્ત્તવ્ય છે, કે જે સત્સંગથી સહેજે અવ્યાબાધ સ્થિતિનો અનુભવ થાય છે. જ્ઞાનીપુરુષ કે જેને એકાંતે વિચરતા પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે, કેમકે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય તો સત્સંગ જેવો કોઈ સરળ ઉપાય નથી.

આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે. એ જ વિનંતિ.

પ્રણામ.

[૪૪૪] ૫૨૬ મુંબઈ, ભાદરવા વદ ૫, ગુરુ, ૧૯૫૦

ૐ

શ્રી સૂર્યપુર સ્થિત, સત્સંગયોગ્ય, આત્મગુણ ઇચ્છક શ્રી લલ્લુજી પ્રત્યે,

શ્રી મોહમયી ક્ષેત્રથી જીવન્મુક્ત દશા ઇચ્છક......ના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. વિશેષ તમારાં લખેલાં બે પત્ર પહોચ્યાં છે. હાલ કંઈ વધારે વિસ્તારથી લખવાનું બની શકયું નથી ચિત્તસ્થિતિનો વિશેષ પ્રવેશ તે કાર્યમાં થઈ શકતો નથી.

'યોગવાસિષ્ઠાદિ' જે જે રૂડા પુરુષોનાં વચનો છે તે સૌ અહંવૃત્તિનો પ્રતિકાર કરવા પ્રત્યે જ પ્રવર્તે છે. જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે, તે તે પ્રકારે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું, એ જ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે; અને તે જ વાકય ઉપર જીવે વિશેષ કરી સ્થિર થવાનું છે, વિશેષ વિચારવાનું છે, અને તે જ વાકય અનુપ્રેક્ષાયોગ્ય મુખ્યપણે છે. તે કાર્યની સિદ્ધિને અર્થે સર્વ સાધન કહ્યાં છે. અહંતાદિ વધવાને માટે, બાહ્ય ક્રિયા, કે મતના આગ્રહ માટે, સંપ્રદાય ચલાવવા માટે, કે પૂજાશ્લાઘાદિ પામવા અર્થે, કોઈ મહાપુરુષનો કંઈ ઉપદેશ છે નહીં, અને તે જ કાર્ય કરવાની સર્વથા આજ્ઞા જ્ઞાનીપુરુષની છે. પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે.

તે સાધનની આરાધના જીવને નિજસ્વરૂપ કરવાના હેતુપણે જ છે, તથાપિ જીવ જો ત્યાં પણ વંચનાબુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહીં. વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ ઘટે તે માહાત્મ્યબુદ્ધિ નહીં, અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી અમાહાત્મ્યબુદ્ધિ નહીં; તે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે આરાધવાં નહીં એ પણ વંચનાબુદ્ધિ છે ત્યાં પણ જો જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષપણે જીવ ભવપરિભ્રમણથી ભય નથી પામતો એમ જ વિચારવાયોગ્ય છે. વધારે લક્ષ તો પ્રથમ જીવને જો આ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે. એ જ વિજ્ઞાપન.

આ૦ સ્વ૦ પ્ર૦

---

૫૨૭ મુંબઈ, ભાદ્રપદ વદ ૧૨, બુધ, ૧૯૫૦

પૂજ્ય શ્રી સોભાગભાઈ,

શ્રી સાયલા,

અત્રે કુશળતા છે. આપનો કાગળ ૧ આજે આવ્યો તે પહોંચ્યો છે. પ્રશ્નોના ઉત્તર હવે તરતમાં લખશું.

આપે આજના કાગળમાં સમાચાર લખ્યા છે તે વિષે રેવાશંકરભાઈ રાજકોટ છે ત્યાં લખ્યુ છે, જેઓ પરભારો આપને ઉત્તર લખશે.

ગોસળિયાના દોહરા પહોચ્યા છે. તેનો ઉત્તર લખવા જેવું વિશેષપણે નથી. એક

મારા વચન પ્રત્યે કંઈ પણ વિશેષ વિશ્વાસ છે, અને તેથી તમને ધીરજ રહી શકશે, અને પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થવાને અનુક્રમે કારણભૂત થશે; એમ મને લાગે છે. તમારા પત્રમાં ૨૭ પ્રશ્નો છે તેના સંક્ષેપે નીચે ઉત્તર લખું છું:—

૧. પ્રશ્ન – (૧) આત્મા શું છે? (૨) તે કંઈ કરે છે? (૩) અને તેને કર્મ નડે છે કે નહીં?

ઉ૦ – (૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ અનિત્ય છે, ત્રિકાળ એકસ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવા નથી. આત્મા એકસ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો નિત્ય પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગથી થઈ શકી ન હોય, તે પદાર્થ નિત્ય હોય છે. આત્મા કોઈ પણ સંયોગથી બની શકે એમ જણાતું નથી. કેમકે જડના હજારોગમે સંયોગો કરીએ તોપણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવાયોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી સંયોગ કર્યો હોય અથવા થયા હોય તોપણ તે તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાનીપુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા (ઘટપટાદિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી, ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવાયોગ્ય નથી. જ્ઞાનસ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજસ્વભાવ છે. આ તથા બીજાં તેવાં સહસ્રગમે પ્રમાણો આત્માને નિત્ય પ્રતિપાદન કરી શકે છે. તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખદુઃખાદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન(જ્ઞાન) લક્ષણવાળો છે; અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો નિત્ય પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારાં બીજાં કેટલાંક પ્રશ્નો એવાં છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે તેવા સ્વરૂપમા ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ 'ષટ્દર્શનસમુચ્ચય' ગ્રંથ તમને મોકલ્યો હતો કે જે વાંચવા, વિચારવાથી તમને કંઈ પણ અંશે સમાધાન થાય, અને આ પત્રમાં પણ કંઈ વિશેષ અંશે સમાધાન થાય એટલું બની શકે. કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઊઠવાયોગ્ય છે, જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી સમાવેશ પામે એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં, પોતાના સ્વરૂપના યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજભાવનો, એટલે જ્ઞાન દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિપરિણામનો કર્ત્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્ત્તા છે, અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્ત્તા છે, અર્થાત્ ઘટપટાદિ

પદાર્થના મૂળ દ્રવ્યનો તે કર્ત્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન કર્મ કહે છે; વેદાંત ભ્રાંતિ કહે છે; તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્ત્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્ત્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મ પ્રારંભકાળે બીજરૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે, જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે, અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્ત્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે, આ વિચારમાં તમે વિશેષપણે વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો, કેમ કે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

૨. પ્ર૦–(૧) ઈશ્વર શું છે? (૨) તે જગતકર્ત્તા છે એ ખરું છે?

ઉ૦–(૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ, એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિષે છે, તે ઈશ્વર કહેવાયોગ્ય છે; અને તે ઈશ્વરતા આત્માનુ સહજસ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસગ અન્યસ્વરૂપ જાણી, જ્યારે આત્માભણી દૃષ્ટિ થાય છે ત્યારે જ અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે; અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ સમસ્ત પદાર્થો નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી, જેથી ઈશ્વર છે તે આત્માનુ બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગતકર્ત્તા નથી, અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવાયોગ્ય છે, તે કોઈપણ વસ્તુમાંથી બનવાયોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી, કેમકે ઈશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વિગેરે ઉત્પન્ન કેમ થઈ શકે? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે, તેમ જ તેથી જીવરૂપ ચેતન પદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં જડચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી સંતોષ રાખી લેવા જેવું થાય છે; અને જગતનું નામ ઈશ્વર રાખી સંતોષ રાખી લેવો તે કરતાં જગતને જગત કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનાં ફળ આપનાર ગણીએ તોપણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષટ્દર્શનસમુચ્ચય'માં સારાં પ્રમાણો આપ્યાં છે.

૩. પ્ર૦–મોક્ષ શું છે?

ઉ૦–જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં, દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે તેથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે, તે સહજ વિચારનાં પ્રમાણભૂત લાગે છે.

૪. પ્ર૦—મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય?

ઉ૦—એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમ જ અજ્ઞાનભાવના અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે, તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે ત્યારે, સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે, એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ જ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઈ કેવળ આત્મભાવ આ જ દેહને વિષે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે; અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવાયોગ્ય છે.

૫. પ્ર૦—એમ વાંચવામાં આવ્યું કે માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય, આ બરાબર છે?

ઉ૦—દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી બાકીની બીજી ચાર ઇન્દ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે; તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે, એવું કાંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ જીવપણે જ હોય છે. બીજી ચાર ઇન્દ્રિયોનુ ત્યાં અવ્યક્ત(અપ્રગટ)પણું હોવાથી પૃથ્વીકાયરૂપ જીવ કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઇન્દ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ ફક્ત એક સ્પર્શેન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે કર્મ ભોગવતાં તે પૃથ્વીઆદિમાં જન્મે છે, પણ કેવળ પૃથ્વીરૂપ કે પથ્થરરૂપ થઈ જતો નથી. જનાવર થતાં કેવળ જનાવર પણ થઈ જતો નથી. દેહ છે તે, જીવને વેષધારીપણું છે, સ્વરૂપપણું નથી.

પ્ર૦ ૬—૭. છઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યુ છે. સાતમા પ્રશ્નનું પણ સમાધાન આવ્યુ છે કે, કેવળ પથ્થર કે કેવળ પૃથ્વી કંઈ કર્મના કર્ત્તા નથી. તેમાં આવીને ઊપજેલો એવો જીવ કર્મનો કર્ત્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું, જડપણું જણાય છે, તોપણ તે જીવ અંતર તો જીવપણે જ છે; અને ત્યાં પણ તે આહારભયાદિ સંજ્ઞાપૂર્વક છે, જે અવ્યક્ત જેવી છે

૮. પ્ર૦—(૧) આર્યધર્મ તે શું? (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

ઉ૦—(૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને આર્યધર્મ કહેવા ઇચ્છે છે. જૈન જૈનને; બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને આર્યધર્મ કહે એમ સાધારણ છે. તથાપિ પુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ

તેને આર્યધર્મ કહે છે, અને એમ જ યોગ્ય છે.

બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્રગણા આશયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે એમ મારા અનુભવમાં આવે છે, અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઈ શકે નહીં; એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતાં અડચણ નથી. જૈન, બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં, વેદ હતા એમ જણાય છે; તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે, તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય કે સત્ય હોય એમ કહી શકાય નહીં. અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વ ભાવ અનાદિ છે, માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી; ત્યાં પછી વિવાદ શાનો રહે? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન, સત્ય અભિપ્રાય કોનો કહેવાયોગ્ય છે, તે વિચારવું એ અમને તમને સૌને યોગ્ય છે.

૯. પ્ર૦ – (૧) વેદ કોણે કર્યા? તે અનાદિ છે? (૨) જો અનાદિ હોય તો અનાદિ એટલે શું?

ઉ૦ – (૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે

(૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલા અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે, કેમકે તેવા તેવા અભિપ્રાય જુદા જુદા જીવો જુદે જુદે રૂપે કહેતા આવ્યા છે, અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિભાવ પણ અનાદિ છે. હિંસાદિધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે? એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બેય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઈનું બળ હોય છે.

૧૦. પ્ર૦ – ગીતા કોણે બનાવી? ઈશ્વરકૃત તો નથી? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?

ઉ૦ – ઉપર આવેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવાયોગ્ય છે કે, ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની (સંપૂર્ણજ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્યે તેવા પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમકે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્ત્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ નથી હોતું. ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્ત્તા શ્રીકૃષ્ણ કહેવાય છે, જે વાત સંભવિત છે ગ્રંથ શ્રેષ્ઠ છે, તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે જ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ બનવાયોગ્ય નથી; તેમ અક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવાયોગ્ય નથી. સક્રિય એટલે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવાયોગ્ય છે. માટે સંપૂર્ણજ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બોધાયેલાં શાસ્ત્રો તે ઈશ્વરીશાસ્ત્ર છે એમ માનવામાં અડચણ નથી

૧૧ પ્ર૦ – પશુ આદિના યજ્ઞથી જરાયે પુણ્ય છે ખરું?

ઉ૦ – પશુના વધથી, હોમથી કે જરાયે તેને દુઃખ આપવાથી પાપ જ છે; તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિક્રિયા થાય

છે તે, કાંઈક પુણ્યહેતુ છે, તથાપિ મિશ્રાગ્નિમિશ્રિત હોવાથી તે પણ અનુમોદનયોગ્ય નથી.

૧૨. પ્ર૦–જે ધર્મ ઉત્તમ છે, એમ કહો તેનો પુરાવો માગી શકાય ખરો કે?

ઉ૦–પુરાવો માગવામાં ન આવે અને ઉત્તમ છે એમ, વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ અનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ, અને તે જ બળવાન છે.

૧૩. પ્ર૦–ખ્રિસ્તી ધર્મ વિષે આપ કાંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો.

ઉ૦–ખ્રિસ્તીધર્મ વિષે સાધારણપણે હું જાણું છું. ભરતખંડમાં મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે, વિચાર્યો છે તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે. તેમાં (ખ્રિસ્તીધર્મમાં) જીવનું સદા પરવશપણું કહ્યું છે, અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે. જીવના અનાદિસ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી, કર્મસંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મ વિષે મારો અભિપ્રાય સર્વોત્તમ તે ધર્મ છે, એમ થવાનો સંભવ નથી. ખ્રિસ્તીધર્મમાં મે જે ઉપર કહ્યા તેવા પ્રકારનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી. આ વાકય મતભેદવશે કહ્યું નથી. વધારે પૂછવાયોગ્ય લાગે તો પૂછશો તો વિશેષ સમાધાન કરવાનુ બની શકશે.

૧૪. પ્ર૦–તેઓ એમ કહે છે કે બાઈબલ ઇશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે, ને હતો.

ઉ૦–એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઇશ્વરપ્રેરિતપણા માટે ઉપર લખ્યુ છે, તેમ જ બાઈબલના સબંધમાં પણ ગણવું. જે જન્મ–મરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવાયોગ્ય નથી, કેમકે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતા યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો, તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે; નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધા પામતી છે. મુક્ત એવા ઈશ્વરને દીકરો હોય એમ શી રીતે કહેવાય? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે? એ વગેરે વાત વિચારવાયોગ્ય છે. જે વિચારેથી મને એમ લાગે છે કે, એ વાત યથાયોગ્ય નહીં લાગે.

૧૫. પ્ર૦–જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું તે બધું ઈસામાં ખરું પડયુ છે.

ઉ૦–એમ હોય તોપણ તેથી તે બન્ને શાસ્ત્ર વિષે વિચાર કરવો ઘટે છે તેમ જ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી, કેમકે જ્યોતિષાદિકથી પણ મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે. અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણનાર હતા તે વાત, જ્યાં સુધી યથાસ્થિત પ્રમાણરૂપ ન થાય, ત્યાં સુધી તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે. તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

૧૬. પ્ર૦—'ઈસુ ખ્રિસ્તના ચમત્કાર' વિષે લખ્યુ છે.

ઉ૦—કેવળ કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય, અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે એવું સંભવતું નથી; અને એમ થાય તો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે, અને તેવા કેટલાક ઈસુને હોય તો તેમા તદ્દન ખોટું છે કે અસંભવિત છે, એમ કહેવાય નહીં, તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માનું ઐશ્વર્ય તેથી અનંતગુણ મહત્ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવાયોગ્ય છે.

૧૭. પ્ર૦—આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે? અથવા અગાઉ શું હતા તેની?

ઉ૦—તેમ બની શકે નિર્મળજ્ઞાન જેનુ થયુ હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિહ્નોપરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વકારણ કેવાં હોવા જોઈએ, તે પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવાયોગ્ય છે.

૧૮. પ્ર૦—પડી શકે તો કોને? આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

૧૯. પ્ર૦—જે મોક્ષ પામેલાનાં નામ આપો છો તે શા આધાર ઉપરથી?

ઉ૦—મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો તો તેના ઉત્તરમાં એમ કહી શકાય કે અત્યંત સંસારદશા પરિક્ષીણ જેની થઈ છે, તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય, એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે; અને તેને આશ્રયે તેના મોક્ષપરત્વે કહેવાય; અને ઘણું કરીને તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય

૨૦. પ્ર૦—બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?

ઉ૦—તેનાં શાસ્ત્રસિદ્ધાંતોને આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી.

સંપૂર્ણ જ્ઞાન જો ન હોય તો સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી; અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.

૨૧. પ્ર૦—દુનિયાની છેવટ શી સ્થિતિ થશે?

ઉ૦—કેવળ મોક્ષરૂપે સર્વ જીવની સ્થિતિ થાય કે કેવળ આ દુનિયાનો નાશ થાય, તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવા ને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાંતર પામી ક્ષીણ થાય, તો કોઈ વર્ધમાન થાય, પણ તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે; તે પરથી અને ઘણા જ ઊંડા વિચારમાં

ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવાયોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી.

૨૨. પ્ર૦—આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?

ઉ૦—આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ, અનીતિ; તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ તો તે સ્વીકારી શકાય એવું છે અને એ જ આત્માને કર્ત્તવ્ય છે; અને સર્વ જીવઆશ્રયી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવાયોગ્ય નથી.

૨૩. પ્ર૦—દુનિયાનો પ્રલય છે?

ઉ૦—પ્રલય એટલે જો કેવળ નાશ એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી, કેમકે પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવતો જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થોનું ઈશ્વરાદિને વિષે લીનપણું તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે, પણ મને તે સંભવિત લાગતું નથી, કેમકે સર્વ પદાર્થ, સર્વ જીવ એવા સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને, અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું હોય અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ તોપણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે? દેહાદિ સંબંધ માનીએ તો સર્વને એકેન્દ્રિયપણું માનવાનો પ્રસંગ આવે; અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય, અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવાં પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવા પ્રસંગ આવે. એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

૨૪. પ્ર૦—અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે?

ઉ૦—ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે, અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કાંઈ નિયમ સંભવતો નથી.

૨૫. પ્ર૦—(૧) કૃષ્ણાવતાર ને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઈશ્વર હતા કે તેના અંશ હતા? (૨) તેમને માનીને મોક્ષ ખરો?

ઉ૦—(૧) બન્ને મહાત્માપુરુષ હતા, એવો તો મને પણ નિશ્ચય છે આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા. સર્વ આવરણ તેમને મટ્યાં હોય તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ નથી ઈશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમકે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઈશ્વરનો અંશ જીવને માનવાથી બંધ મોક્ષ બધા [illegible] થાય કેમકે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્ત્તા થયો; અને અજ્ઞાનાદિનો જે કર્ત્તા થાય તેને [illegible] સહેજે અનૈશ્વર્યપણું પ્રાપ્ત થાય ને ઈશ્વરપણું ખોઈ બેસે, અર્થાત્ ઊલટું જીવના સ્વામી

થવા જતાં ઈશ્વરને નુકસાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઈશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે? કેમકે તે જાતે તો કંઈ કર્ત્તાહર્ત્તા ઠરી શકે નહીં. એ આદિ વિરોધથી ઈશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી. તો પછી શ્રીકૃષ્ણ કે રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ કેમ થાય? તે બન્ને અવ્યક્ત ઈશ્વર હતા એમ માનવામાં અડચણ નથી. તથાપિ તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ્યું હતું કે કેમ તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) તેમને માનીને મોક્ષ ખરો કે? એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગદ્વેષ અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઈ શકે તેને માનીને અને તેનું પરમાર્થસ્વરૂપ વિચારીને સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઈ, તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે, મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી; તેના સાધનનો હેતુ થાય છે, તે પણ નિશ્ચય થાય જ એમ કહેવાયોગ્ય નથી.

૨૬. પ્ર૦ — બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, તે કોણ?

ઉ૦ — સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે વાત બંધ બેસી શકે તથા તેવા બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે. પણ પુરાણોમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિષેમાં મારું વિશેષ વલણ નથી. કેમકે તેમાં કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપના સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું, એ મને ઠીક લાગે છે.

૨૭ પ્ર૦ — મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.

ઉ૦ — સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમાં પ્રીતિ રહી છે, એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેને આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે કદાપિ આત્મહિત ઇચ્છવું ન હોય તેણે કેમ કરવું? તો તેનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય. તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવાયોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરું કરું છું. 'ષટ્દર્શનસમુચ્ચય' વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોના ઉત્તરમાં મારા લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મુઝવણવાળું થાય એવું ક્યાંય પણ હોય તોપણ વિશેષતાથી વિચારશો, અને કંઈ પણ પત્ર દ્વારાએ પૂછવા જેવું લાગે તે પૂછશો તો ઘણું કરીને તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય તે વધારે યોગ્ય લાગે છે.

લિ૦ આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત એવા વિચારની ચિંતામાં રહેનાર
રાયચંદના પ્રણામ.

---

૫૩૧ મુંબઈ, આસો વદ ૦)), ૧૯૫૦

આપનાં લખેલાં ત્રણે પત્રો પહોંચ્યાં છે. જેનો પરમાર્થ હેતુએ પ્રસંગ હોય તે થોડીએક વિગત જો આજીવિકાદિ પ્રસંગ વિષે લખે કે જણાવે તો તેથી ત્રાસ આવી જાય છે. પણ આ કળિકાળ મહાત્માના ચિત્તને પણ ઠેકાણે રહેવા દે તેવો નથી, એમ વિચારી મેં તમારા પત્રો વાંચ્યા છે. તેમાં વેપારની ગોઠવણ વિષેમાં જે આપે લખ્યું તે હાલ કરવાયોગ્ય નથી. બાકી તે પ્રસંગમાં તમે જે કઈ જણાવ્યુ છે તે કે તેથી વધારે તમારી વતી કંઈ કરવું હોય તો તેથી હરકત નથી. કેમકે તમારા પ્રત્યે અન્યભાવ નથી.


---

૫૩૨ મુંબઈ, આસો વદ ૦)), ૧૯૫૦

તમારાં લખેલાં ત્રણે પત્રોના ઉત્તરનું એક પત્તું[1] આજે લખ્યુ છે. જે બહુ સંક્ષેપમાં લખ્યુ હોવાથી તેનો ઉત્તર વખતે ન સમજી શકાય, તેથી ફરી આ પત્તું લખ્યુ છે. તમારું ચીંધેલું કામ આત્મભાવ ત્યાગ કર્યા વિના ગમે તે કરવાનું હોય તો કરવામાં અમને વિષમતા નથી. પણ અમારું ચિત્ત, હાલ તમે જે કામ લખો છો તે કરવામાં ફળ નથી એમ જાણીને તમારે તે વિચાર હમણાં ઉપશમાવવો, એમ કહે છે. આગળ શું થાય છે તે ધીરજથી સાક્ષીવત્ જોવું શ્રેયરૂપ છે તેમ હાલ બીજો કોઈ ભય રાખવો ઘટતો નથી. અને આવી જ સ્થિતિ બહુ કાળ રહેવાની છે એમ છે જ નહીં.

પ્રણામ.











सद्गुरु

श्रीमान् राजचन्द्र

भिन्नभिन्न अवस्था.

जन्म





D H KHANDEKAR
JITEKARSWADI BOMBAY N 2

૭ અવસ્થા


શ્રીમદ્ રાજચંદ્ર

દ્વિતીય વિભાગ

અનુક્રમણિકા

વર્ષ ૩૧ મું

હાથનોંધ ૨ ૭



કાવ્યોની અનુક્રમણિકા

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૯૧	૭	થાય છે.	થયો છે.
૪૯૩	૧૬	એ જ ભય	એ જ એક ભય
૪૯૫	૯	મહાત્મ્ય	માહાત્મ્ય
૪૯૭	૨૨	આર્તધ્યાન	આર્ત્તધ્યાન
૫૦૦	૯	માનીએ તો	માનીએ તો પછી
૫૦૧	૨૭	વિસર્જન થાય છે.	વિસર્જન થયો છે.
૫૦૨	૧	જે ભૂમિકામા	જે ભૂમિકામા જે
૫૦૨	૧૮	તપાપિ કાળ	તથાપિ કાળ
૫૦૩	૧૯	આર્તધ્યાન	આર્ત્તધ્યાન
૫૦૩	૧૯	પણ પદાર્થને	પણ પરપદાર્થને
	૩૩	વેદનીય	વેદની
૫૦૪	૧૮	ઉપન્ન	ઉત્પન્ન
૫૦૫	૨૦	નહોતું	નહોતું
૫૦૬	૩	ત્યાગબુદ્ધ	ત્યાગબુદ્ધિ
૫૦૭	૧૫	અ૦	આ૦
૫૦૮	૧	નિવૃત્ત	નિવૃત્તિ
૫૦૮	૨૨	"એજ વિનતિ" પછી ઉમેરો: — આ૦ સ્વ૦ પ્રણામ.	
[illegible]	૨૯	અ. સ. પ્રણામ.	આ૦ સ્વ૦ પ્રણામ.
૫૧૦	૧૨	એ પ્રકારથી	એ પ્રવાહથી
૫૧૦	૨૩	વીતરાગ નહીં	વીતરાગતા નહીં
૫૧૦	૨૫	જે વિશેપ	જે વિક્ષેપ
૫૧૨	૨	સત્પુરૂષને	સત્પુરૂષોને
	૨૭	ઉપાધિકાળથી	ઉપાધિકાર્યથી
	૨૭	છૂટયા	છૂટવા
૫૧૪	૯	થાંય	થાય
૫૧૫	૬	અસર	અસાર
૫૧૬	૧૩	નિદિધ્યાનરૂપ	નિદિધ્યાસનરૂપ
૫૧૬	૩૧	પ્રવૃત્તિ શી	પ્રવૃત્તિ શી?
૫૧૮	૨૩	ચૈત્ર વદ ૮, બુધ, મુંબઈ, ૧૯૫૧	મુંબઈ, ચૈત્ર વદ ૮, બુધ, ૧૯૫૧
૫૧૯	૭	માર્ગના	માર્ગનો
૫૧૯	૧૫	"પ્રવૃત્તિ" અને "પ્રમાણે" શબ્દોની વચ્ચે મુજબ ઉમેરો:— થાય છે, કેમકે તેમા સારભૂતપણું કંઈ લાગતુ નથી પણ જે ધર્મ વ્યવહારના પ્રસગમા આવવું થાય ત્યાં, તે પ્રવૃત્તિ	

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૧૯	૧૭	િત્તમાં	ચિત્તમાં
૫૨૨	૧૨	એમ જાણી	એમ જાણી ઘણી
૫૨૩	૩૨	તેમાં કંઈ અડચણ	તેમાં અડચણ
૫૨૫	૨૦	વિચારણી	વિચારણા
૫૨૬	૩	ઋષભાદિએ	શ્રી ઋષભાદિએ
,,	૫	પ્રત્યે જોવામાં	પ્રત્યે જતો જોવામા
૫૨૬	૧૫	પ્રકારનો	પ્રકારનો
૫૨૭	૯	તારતમ્ય	તારતમ્યે
	૧૬	પ્રત્યો	પ્રત્યે
	૩૪	થવા યોગ્ય છે	થવા દેવો યોગ્ય છે.
૫૨૮	૧૦	જે ડુંગરનુ	જે શ્રી ડુંગરનુ
	૧૦	કંઈ	કંઈક
	૧૫	તમારા માટે	તમારા માટે પણ
	૧૫	પ્રકારનો	પ્રકારનો
	૨૫	વિક્ષેપ કરવો	વિક્ષેપ પણ કરવો
૫૩૧	૭	વહાણ ચલાવનાર	વહાણ ચલાવનાર જેમ
૫૩૨	૩	રસ	રાસ
૫૩૩	૨૨	અપૂર્વ	અપૂર્વ
૫૩૩	૨૭	અને પ્રસંગે	અને પ્રસંગે પ્રસંગે
૫૩૪	૮	પરોક્ષપણુમાં	પરોક્ષપણામાં
	૧૦	આચરણમાં	આચરવામા
	૨૪	સામાવપણે	સામાન્યપણે
૫૩૬	૧	'અસત્' અને 'ધર્મનો' એ શબ્દો વચ્ચે ઉમેરો:— દેવ, અસત્ગુરુ તથા અસત્	
૫૩૬	૨૩	શકે	શકે.
૫૩૭	૨૮	વિચારવામાં	વિચારમાં
૫૩૮	૧૮	અર્થે પણ	અર્થે તે પણ
	૨૨	વિચારવામાં	વિચારમાં
૫૩૯	૨	વિચારવામાં	વિચારમા
	૧૨	એજ વિનંતિ પછી ઉમેરો:— આ૦ ૨૨૮ પત્રાં૦	
	૨૬	અનુપેક્ષાર્થે	અનુપ્રેક્ષાર્થે
૫૪૧	૨૨	તોપણ ભક્તિની	તોપણ તેથી તે ભક્તિની
	૨૫	કરવા	કરવો
૫૪૨	૧૮	યોગ્ય	યોગ્ય
૫૪૨	૨૬	કરવા	કરવો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૪૩	૨૭	શુદ્ધ;	મોમ;
૫૪૪	૨૯	પ્રશ્નનો વિચાર	પ્રશ્નનો વિશેષ વિચાર
૫૪૭	૧૨	ક્ષયોપશમ	ક્ષયોપશમે
૫૪૯	૩૧	મળ્યુ તે	મળ્યું છે.
૫૫૭	૧૮	હતા.	હવા
	૨૮	'પરમાર્થેસંયમ'	'પરમાર્થસંયમ'
૫૫૮	૧૫	એમ કહી	એમ પ્રાયે કહી
	૧૭	વિચાર કરી ઉપર	વિચાર કરી પછી ઉપર
	૨૫	દારિદ્ય,	દારિદ્ર,
૫૬૬	૧૮	સદેહરૂપે	સદેહરૂપ
૫૬૭	૩	સદેહ	સદેહ
૫૬૮	૧૩	સ્થિતિ વર્તે છે.	એવી સ્થિતિ વર્તે છે
૫૬૯	૧૮	કોઈક	કોઈક
૫૭૩	૧૮	કરવવાણું	કરવાવાણુ
૫૭૫	૨	પ્રતિબિંબત	પ્રતિબિંબિત
૫૭૬	૪	બ્રાહ્મણાદિ	જે બ્રાહ્મણાદિ
૫૭૭	૨૫	તો હેતુ	તો હેતુ હોવો
૫૮૪	૨૬	મોક્ષાસાધન	મોક્ષસાધન
	૩૦	કરાણોનો	કારણોનો
	૩૦	નિશ્ચન	નિશ્ચિત
૫૮૭	૨૨	અલૌકિક દૃષ્ટિના	તે અલૌકિક દૃષ્ટિનાં
૫૮૯	૧૦	કલ્પનાઓ	કલ્પનાએ
૫૯૧	૭	ચિત્તમા	ચિત્તમાં
૫૯૫	૧૭	થવા યોગ્ય	થવા યોગ્ય
૫૯૮	૩	કાગળથી	કાગળથી
૫૯૯	૮	દેખાય છે,	દેખાય છે,
૬૦૦	૭	મૂળ	મળી
૬૦૨	૨૦	પ્રવર્તતું,	પ્રવર્તવું,
૬૦૫	૨૨	સદ્દેવ પછી "સદ્ગુરૂ" શબ્દ ઉમેરો	
૬૦૬	૨૦	અધાત્	અર્થાત્
૬૦૭	૧૪	[illegible]	[illegible]
૬૦૭	૨૭	[illegible]	[illegible]
૬૦૮	૭	[illegible]	[illegible]
૬૦૮	૯	[illegible]	[illegible]
	૧૧	[illegible]	[illegible]

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૧૦	૨૬	નિર્પેક્ષ	નિર્પક્ષ
૬૧૨	૧	કામ	કાજ
	૧૩	મતાર્થીનાં,	મતાર્થીનાં.
૬૧૪	૨૮	કરે;	કરે છે;—
૬૧૬	૧૬	આપે	આપ
૬૧૭	૫	પમરમાણુને	પરમાણુને
	૧૩	કેણે	કોણ
	૩૦	ચેતનમાં	ચેતનના
૬૧૮	૧૮	સયોગથા	સયોગોથી
૬૨૨	૩૩	પોતા જ	પોતાના જ
૬૨૩	૨	તો શી રીતે	તો તે શી રીતે
	૧૦	અરોપાય	આગેપાય
૬૨૩	૧૫	ગુણ	પણ
	૨૧	કતૃત્વ	કર્તૃત્વ
૬૨૪	૧૬	નિરૂપણ છે;	નિરૂપણ કર્યું છે;
૬૨૫	૩	જીવને કર્મ	જીવને ઈશ્વર કર્મ
૬૨૬	૫	અને ભ્રાંતિને	અને તે ભ્રાંતિને
	૨૨	ફળ પણ સન્મુખ	ફળ સન્મુખ
૬૨૭	૨૩	અટલે	એટલે
૬૨૮	૨૩	૯ણ	૯૧
૬૨૯	૩૦	માક્ષોપાય	મોક્ષોપાય
૬૩૦	૩૪	ક્ષમાદિ	ક્ષમાદિક
૬૩૧	૪	અકર્મદશાતે	અકર્મદશાને
	૧૫	વાતને	વાતનો
૬૩૩	૬	અને અને અવ્યા-બાધ	અને અવ્યાબાધ
	૨૨	કર્મને	કર્મને,
	૨૩	નિજભાવમાં	નિજભાવમાં,
૬૩૪	૧૦	બીજું	બીજું શુ
૬૩૬	૧૯	એકવત્	એંકવત્
	૨૧	એક	એ ક
૬૩૮	૧૧	સોમ,	ગુરુ,
૬૩૮	૨૩	તમરા	તમારા
૬૪૧	૧૧	વાંચવા	વાચવો
૬૪૩	૨૯	ક્રાધ	ક્રોધ
૬૪૫	૧૯	ધ્યાનઃ	ધ્યાન
૬૪૬	૧૬	લહેરભાઈ	લહેરાભાઈ
૬૪૬	૨૨	અગમાં	અંગમા
	૨૭	૭૧૩	૭૪૩

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૪૭	૧	'આત્મસિદ્ધિ' ને	'આત્મસિદ્ધિ' શાસ્ત્રને
,,	૩	સદ્ગતમસ્વરૂપે	શ્રી સદ્ગતમસ્વરૂપે
૬૪૭	૩૧	યથાથ	યથાર્થ
૬૪૮	૬	મુખ્ય	મુખ્યે
	૨૭	અદિનુ	આદિનુ
૬૫૬	૩૧	આચાર્યપુરુષ	આચાર્યપુરુષો
૬૫૮	૩૨	શુદ્ધ થતું થઈ	શુદ્ધ થતું જઈ
૬૬૪	૧૧	નાશ એવો	નાશ થાય એવો
૬૬૬	૧૩	ને પુદ્ગલ	તે પુદ્ગલ
૬૬૮	૧૫	ધર્મકથાનુયોગ સિદ્ધ	ધર્મકથાનુયોગ સુસિદ્ધ
૬૬૯	૧૧	અતિરકાય	અસ્તિકાય
,,	૧૬	ધ્રુવત્વાળી	ધ્રુવત્વવાળી
૬૭૦	૨૮	આયુષ	આયુપ
૬૭૨	૨૫	ભાગવે ?	ભોગવે ?
૬૭૫	૨૪	ચૈતન્યોપયોગ છે.	ચૈતન્યોપયોગ લક્ષણ છે.
૬૭૬	૧૪	'સાધનમાત્ર છે' પછી નીચે મુજબ ઉમેરોઃ— વસ્તુતાએ તો જેને જ્ઞાન છે તેને જ જીવ કહીએ છીએ	
૬૭૬	૨૯	ઉત્પન્ન છે	ઉત્પન્ન થાય છે.
૬૭૮	૩૨	શાસ્ન	શાસ્ત્ર
૬૮૧.	૫	ને જ્ઞાન	જ્ઞાન
૬૮૧	૧૭	પૂવ	પૂર્વ
૬૮૨	૩૨	ફાગણ વદ ૧૧, ૧૯૫૩	ચૈત્ર સુદ ૧૦, સોમ, ૧૯૫૩.
૬૮૬	૧૬	શસ્ત્રપરિજ્ઞા	શાસ્ત્રપરિજ્ઞા
૬૮૮	૬	યાહ	યહિ
૬૮૯	૧૬	નીચ સૌ	નીચ સો
,,	૧૮	કરામાતિ	કરામતિ
૬૯૦	૧૨	વિકલ્પ તમે	વિકલ્પ રાખવા યોગ્ય નથી જે વિકલ્પ તમે
૬૯૬	૩૦	મક્ષુક્ષુ	મુમુક્ષુ
૬૯૮	૧૦	અત્ર	પત્ર
૬૯૮	૧૭	મનુષ્યોને	મનુષ્યોથી
	૨૨	અર્થૈ	અર્થે
૬૯૯	૧૨	યોગ્ગ	યોગ્ય
૭૦૦	૩૨	પ્રણુાદિ	પ્રાણાદિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૦૨	૧	દુલભ	દુર્લભ
૭૦૫	૨૪	ક્રરી	કરી
૭૦૫	૩૪	તેમ	તમે
૭૦૯	૧૮	તથા જિન	તથા શ્રી જિન
૭૧૩	૧૮	જયંત વર્તો.	જયવંત વર્તો.
૭૧૬	૧૦	મગશર	માગસર
૭૧૮	૧૭	૨	૧
૭૧૯	૧૬	યોગ્ય નથી	યોગ્ય નથી ૐ
,,	૨૦	સાધુશુ	સાધશુ
૭૧૯	૩૪	समुत्रगदा,	समुत्रगदो,
૭૨૦	૨૧	વધારે શુ !	વધારે શુ ?
૭૨૧	૨૪	ગ્ર્યંભતીથ	ગ્રથભતીર્થ
૭૨૨	૨૨	મુનિશ્રી ને	મુનિશ્રીને
૭૨૩	૧૧	ધન તેહનુ	ધન્ય તેહનુ.
૭૨૫	૨૭	પ્રવૃત્તિ હોય	પ્રવૃત્તિ તે પણ સમ્યક્ પ્રવૃત્તિ હોય
૭૨૬	૭	આત્મનિટપણુ	આત્મનિષ્ઠપણુ
૭૨૭	૨૬	નિત્રિક્ષિમ	નિર્વિક્ષિમ
૭૨૯	૧૬	દશિત	દર્શિત
૭૨૯	૨૬	શકે.	શકે,
૭૩૦	૧૪	પ્રવૃતિ	પ્રવૃત્તિ
૭૩૦	૨૬	અનુક્રમે	અનુભવે છે, અનુક્રમે
૭૩૩	૯	વાચ્યા,	વાચ્યા છે,
૭૩૫	૧૭	થય	થાય
૭૩૫	૨૩	વળી તે	વળી એ
,,	૨૬	ઉપભોગનો	ઉપયોગનો
૭૩૬	૩	આસત્સમાગમનો	અસત્સમાગમનો
૭૩૬	૬	સતી તરીકે "पन्मसाति." ઉમેરો.	
,,	૨૯	અકાન	એકાંત
૭૪૩	૧૦	પ્રશ્નાદિ	કાઈ પ્રતાદિ
૭૫૨	૩	ચંદ્દને	ચંદ્દને
,,	૫	ચરમકરનુ	ચરણકરનુ
,,	૧૬	યશોવિજયજીએ	શ્રી યશોવિજયજીએ
૭૬૧	૨૦	યોગદ્રષ્ટિ	યોગદષ્ટિ
	૨૨	કેવા	કેવા
૭૬૧	૩૨	દ્રવ્યના પર્યાયોને	દ્રવ્યના જુદા જુદા પર્યાયોને
૭૬૨	૧૦	પાપાનુબંધી	પાપાનુબંધી પુન્ય
૭૬૩	૬	પ્રીતિ	પ્રીત

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૬૭	૬	લઈને	લઈને જીવને
૭૬૭	૯	વીતરાપરૂપ	વીતરાગરૂપ
	૨૦	અશ્વિન	આશ્વિન
૭૬૮	૬	૧૯૫૯	૧૯૫૦
૭૬૮	૯	સવદ્ય	સાવદ્ય
	,,	અસાન	આસન
	૨૭	પ્રવર્તતા	પ્રવર્તવા
૭૬૯	૨૯	ચંગભૂત	અંગભૂત
૭૭૦	૨૧	દેખાય	દેખાવ
	૩૨	હેવા	હોવા
૭૭૩	૧૯	કમે	કર્મ
	૨૬	આત્માની	આત્માની
૭૭૭	૧૪	અથવ	અથવા
,,	૧૫	બાળપણુમાં	બાળપણામા
૭૮૧	૩	આચારાગનં	આચારાગના
૭૮૧	૩૩	ચાલ્યુ	ચાલ્યુ
૭૮૨	૧૨	થાન	થાય
૭૮૨	૨૨	અકલ્યાણ સમજે	અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ સમજે
૭૮૩	૮	શ્વસોચ્છ્વાસ	શ્વાસોચ્છ્વાસ
૭૮૩	૧૦	શિષ્યે પૂછ્યુ,	શિષ્યે પ્રશ્ન પૂછ્યુ,
,,	૧૮	આત્માર્થી	આત્માની
	૨૧	વિચારવાની	વિચારવાનની
૭૮૮	૨૦	ગાત્માવેના	નાત્મવેના
૭૮૭	૨૩	આધુ	સાધુ
૭૮૭	૨૯	[illegible]	[illegible]
૭૮૯	૬	ઝવેરાના	ઝવેરાતનાં
૭૯૦	૨૮	જન	જૈન
	૩૩	ફરવાશુ	ફરવાનુ
૭૯૮	૧૦	[illegible]	[illegible]
	૨૮	મુહપત્તાની	મુહપત્તીની
૭૯૯	૨૯	જિન	જિને
૭૯૯	૫	[illegible]	[illegible]
૭૯૯	૧૫	[illegible]	
૮૦૧	૭	[illegible]	[illegible]

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૧૮	૮	કુટુંબ	કુટુંબ
૯૧૮	૯	વિકારસ્વરૂપે-	વિકારસ્વરૂપે-ઉત્પન્નસ્વરૂપે-
૯૧૯	૭	તાથનોંધ	હાથનોંધ
૯૨૩	૭	સ્વરૂપનો	સ્વસ્વરૂપનો
૯૨૪	૧૮	અંક ૬૩ના ૨જા પેરા પછી ૩જો પેરો નિચે પ્રમાણે ઉમેરોઃ— ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આત્મા એક એ ત્રણ સમાન અસંખ્યાત પ્રદેશી છે, તેનો કંઈ બીજો રહસ્યાર્થ છે?	
૯૨૪	૧૯	તેમ હોવાને	તેમ હોવામાં
૯૨૫	૩૪	તિર્થંકરમાં	તીર્થંકરમાં
૯૨૭	૪	અમૂર્ત્તતાં	અમૂર્ત્તતા
	૧૪	અનાદિપણું	અનાદિપણું
૯૨૮	૯	પૂર્વ	પૂર્વે
૯૨૯	૩	પૃ ૧૬૯	પૃ. ૧૬૮

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૨૯	૩૩	કમ	કર્મ
	૩૩	પરિણામનું	પરિમાણનું
	૩૫	કમાનુ	ક્રમાનુ
૯૩૦	૧૪	શકાનાં	શકતાં
૯૩૬	૬	કવળ	કેવળ
૯૪૩	૪	પરમાણુ	પરમાણુ
૯૫૬	૮	સ્થંભતીર્શ	સ્થંભતીર્થ
	૨૨	૬૬૭	૬૬૭
૯૫૮	૯	સુંગઈ	મુંબઈ
૯૬૧	૧૯	હીતરતચંત	હીરતચંદ
૯૬૭	૨૩	ગચ્છાપ્તો	गच्छामो
૯૬૮	૩૬	सव्व गाणइ…	सव्वं जाणइ
		પૃ ૯૫૬	પૃ. ૯૭૧
૯૭૫	૨૦	રાડી	રાંડી
૯૭૬	૨૪	સુખણી	સુખડી

પ્રથમ વિભાગમાં વધારાનું શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	૯	આરોગ્ય	આરોગ્યતા
૧૨	૧૮	જેપ્રકારની જે	જે પ્રકારની
	૨૨	કોઈ દ્વેષ કરે પણ તમે કરશો નહિ	કોઈ દ્વેષ કરે પણ તમે તેમ કરશો નહિ
૪૦	૨૭	હતું	હતું
૫૪	૨૩	શિખરથી	શિખરની
	૨૮	કાટનાર	કાટનારા
૫૬	૮	થઈ	દઈ
૫૭	૨૬	વાઠાં	વાંઠા
૮૩	૫	પાપની	પાપથી
૯૧	૬	લક્ષ્મી ઉપાર્જન	લક્ષ્મીને ઉપાર્જન
૯૫	૨૯	ત્રણ કરોડ રોગથી	ત્રણ કરોડ રોમથી
૯૭	૩	નીચે પ્રમાણે ઉમેરો :— ૩૨. મરણ કાળે આરાધના કરવી.	
૧૦૧	૧૩	આત્મા સ્વરૂપને	આત્મા સ્વસ્વરૂપને
૧૦૩	૧૧	સાધનરૂપ ને:	સાધનરૂપ છે:
૧૨૩	૩૦	વિનય નિસ્પૃહતા	વિનય, વિવેક નિઃસ્પૃહતા
૧૨૯	૧૭	ભાગિનીઓથી	ભગિનીઓથી
૧૩૩	૫	સંકલ્પ કરીને	સંકલ્પ વિકલ્પ કરીને
	૧૮	તેં લોભ વશ કીધાં તે પછી નીચે પ્રમાણે ઉમેરો :— આશ્ચર્ય તારું મૂર્ખપણું	

૧૫૪ પૃષ્ઠમાં ફુટનોટમાં "જુઓ વચનામૃત આંક ૨૧ તથા આંક ૨૭માં નંબર ૧૬" લખ્યું છે ત્યાં "આંક ૨૧મા નં. ૧૬ તથા આંક ૨૭" જોઈએ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૨૪	૧૭	અખાવકાશ	અવકાશ
૨૫૦	૧૮	આધક	અધિક
૨૬૬	૨૦	જડને વિષે તે	જડને વિષે
૨૭૩	૧૩	સત્સમાગમાં	સત્ સમાગમમા
૨૭૪	૫	પ્રેમ	પ્રેમે
૨૭૫	૧૧	આત્માને વિશેષતા	આત્માને પણ વિશેષતા
૨૭૬	૧૬	સતસ્નેહભાવથી	સ્નેહભાવથી
૨૭૮	૧૪	હરિ ઇચ્છા હશે	હરિ ઇચ્છા જે હશે
૨૯૭	૧૮	મુમુક્ષોઓને	મુમુક્ષુઓને
૩૦૦	૫	અને મૂકવા	અને એ મૂકવા
	૧૪	કલ્પનાની	કલ્પનામાંની
૩૦૪	૨૬	ધણીજ	ધણી
	૨૮	એક હાલુનો પણ	એક હાલુનો
૩૧૦	૨૦	નવ વિધિ	નવ નિધિ
	૩૨	એક જ	એજ
૩૧૨	૨૧	વિષે આપને	વિષે આગળ આપને
૩૧૪	૧૬	કે સર્વ	કે એ સર્વ
૩૧૬	૩૧	કૃપાપાત્ર	કૃપાપત્ર
૩૫૮	૮	ચેતનના	ચેતનના
	૨૪	સેવેશ	સેવેશ
૩૫૫	૮	[illegible]	[illegible]
૩૫૬	૬	ક્વચિન	ક્વચિત્
૩૬૦	૧૮	[illegible]	[illegible]
૩૭૩	૨૯	સમાધ માર્ગ	સમાધિમાર્ગ
૩૭૬	૩૨	[illegible]	[illegible]
૩૮૯	૩૦	[illegible]	[illegible]
૩૯૨	૩૨	[illegible]	[illegible]
૩૯૫	૪	[illegible]	[illegible]

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૯૬	૨	"તે પ્રકારે થવો" અને "ક્વચિત્" એ બે શબ્દો વચ્ચે નીચે પ્રમાણે ઉમેરોઃ– અસંભવિત જાણું છું તેમ છતાં પણ કોઈક અનુપયોગ ભાવે દેહપર્યંતને વિષે તે પ્રકાર	
૩૯૬	૩૩	સમાગમ જોગ હશે	સમાગમ જોગ થવા જોગ છે
૪૦૧	૯	તીથંકરનો	તીર્થંકરનો
૪૦૨	૨૨	વિપથી	વિષેથી
૪૦૩	૨૭	થવો	થાવો
૪૦૪	૨૦	વશેષ	વિશેષ
	૨૮	રિણામથી	પરિણામથી

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૦૭	૮	શુદ્ધ વ્યવહારહિત	શુદ્ધ વ્યવહાર રહિત
૪૧૦	૩	પત્યે	પ્રત્યે
૪૧૫	૧	પરિણામ	પરિણામે
૪૧૬	૨૫	નવૃત્તિના	નિવૃત્તિના
૪૨૨	૯	સિદ્ધજોગના	સિદ્ધિજોગના
૪૩૬	૨૦	શ્વસોચ્છ્વાસ	શ્વાસોચ્છ્વાસ
૪૩૯	૭	હવાં	હવા
૪૪૧	૨	એમને	અમને
૪૪૨	૧	રાવ	રવિ
૪૪૫	૨૩	પતિકૂળ	પ્રતિકૂળ
૪૪૮	૮	ભેમવવા યોગ્ય	ભોગવવા યોગ્ય
૪૫૮	૨	સવ	સર્વ
૪૮૨	૩	પ્રશ્ના	પ્રશ્નો

વર્ષ ૨૮ મું

[૪૪૮] ૫૩૩ મુંબઈ, કાર્તિક સુદ ૧, ૧૯૫૧

મતિજ્ઞાનાદિનાં પ્રશ્નો વિષે સમાધાન પત્રદ્વારાએ થવું કઠણ છે કેમકે તેને વિશેષ વાંચવાની કે ઉત્તર લખવાની પ્રવૃત્તિ હમણાં થઈ શકતી નથી.

મહાત્માના ચિત્તનુ સ્થિરપણુ પણ રહેવુ જેમાં કઠણ છે એવા દુષમકાળમાં તમ સૌ પ્રત્યે અનુકંપા ઘટે છે એમ વિચારી લોકના આવેશે પ્રવૃત્તિ કરતાં તમે પ્રશ્નાદિ લખવારૂપ ચિત્તમાં અવકાશ આપ્યો એ મારા મનને સંતોષ થાય છે.

નિષ્કપટ દાસાનુદાસભાવે૦

---

[૪૪૯] ૫૩૪ મુંબઈ, કાર્તિક સુદ ૩, બુધ, ૧૯૫૧

શ્રી સત્પુરુષને નમસ્કાર

શ્રી સૂર્યપુરસ્થિત, વૈરાગ્યચિત્ત, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,

શ્રી મોહમયી ભૂમિથી જીવન્મુક્તદશાઇચ્છક શ્રી...ના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. વિશેષ વિનંતિ કે તમારાં લખેલાં ત્રણ પત્રો થોડા થોડા દિવસને અંતરે પહોંચ્યાં છે.

આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ થયો છે, અને તે યોગે કરી તેની પરમાર્થદૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી. અપરમાર્થને વિષે પરમાર્થનો દૃઢાગ્રહ થયો છે; અને તેથી બોધ પ્રાપ્ત થવાના યોગે પણ તેમાં બોધ પ્રવેશ થાય એવો ભાવ સ્ફુરતો નથી, એ આદિ જીવની વિષમ દશા કહી, પ્રભુ પ્રત્યે દીનત્વ કહ્યુ છે કે 'હે નાથ ! હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતી નથી. કેમકે સર્વસ્વ લૂંટાયા જેવો યોગ મેં કર્યો છે, અને સહજ ઐશ્વર્ય છતાં, પ્રયત્ન કર્યે છતે, તે ઐશ્વર્યથી વિપરીત એવા જ માર્ગ મેં આચર્યા છે, તે તે યોગથી મારી નિવૃત્તિ કર, અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદુપાય એવો જે સદ્ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય, એવી કૃપા કર.' એવા ભાવના વીશ દોહરા કે જેમાં પ્રથમ વાક્ય 'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? દીનાનાથ દયાળ' છે, તે દોહરા તમને સ્મરણમાં હશે. તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો તો વિશેષ ગુણાવૃત્તિનો હેતુ છે.

બીજા આઠ ત્રોટક છંદ તે સાથે અનુપ્રેક્ષા કરવાયોગ્ય છે, કે જેમાં આ જીવને શું આચરણ બાકી છે, અને જે જે પરમાર્થને નામે આચરણ કર્યાં તે અત્યાર સુધી વૃથા થયાં, અને તે આચરણમાં જે મિથ્યાગ્રહ છે તે નિવૃત્ત કરવાનો બોધ કર્યો છે, તે પણ અનુપ્રેક્ષા કરતાં જીવને પુરુષાર્થવિશેષનો હેતુ છે.

'યોગવાસિષ્ઠ'ની વાંચનાં પૂરી થઈ હોય તો થોડો વખત તેનો અવકાશ રાખી એટલે હમણાં ફરી વાંચવાનું બંધ રાખી 'ઉત્તરાધ્યયનસૂત્ર' વિચારશો; પણ તે કુળસંપ્રદાયના આગ્રહાર્થે નિવૃત્ત કરવાને વિચારશો, કેમકે જીવને કુળયોગે સંપ્રદાય પ્રાપ્ત થયો હોય છે તે પરમાર્થરૂપ છે કે કેમ? એમ વિચારતાં દૃષ્ટિ ચાલતી નથી; અને સહેજે તે જ પરમાર્થ માની રાખી જીવ પરમાર્થથી ચૂકે છે, માટે મુમુક્ષુ જીવને તો એમ જ કર્તવ્ય છે કે જીવને સદ્ગુરુયોગે કલ્યાણની પ્રાપ્તિ અલ્પકાળમાં થાય તેનાં સાધન, વૈરાગ્ય અને ઉપશમાર્થે 'યોગવાસિષ્ઠ' 'ઉત્તરાધ્યયનાદિ' વિચારવાયોગ્ય છે, તેમ જ પ્રત્યક્ષ પુરુષનાં વચનનું નિરાબાધપણું, પૂર્વાપર અવિરોધપણું જાણવાને અર્થે વિચારવાયોગ્ય છે.

આ૦ સ્વ૦ પ્રણામ

---

[૪૫૦] **૫૩૫** મુંબઈ, કારતક સુદ ૩, બુધ, ૧૯૫૧

તમને બે પત્તાં લખ્યાં છે તે પહોંચ્યાં હશે. અમે સંક્ષેપમાં લખ્યું છે. અભિન્નભાવે લખ્યું છે. માટે કદાપિ કંઈ તેમાં અદેશાયોગ્ય નથી. તોપણ સંક્ષેપના કારણથી ન સમજાય એવું કંઈ બને તો પૂછવામાં અડચણ નથી.

શ્રીકૃષ્ણ ગમે તે ગતિને પ્રાપ્ત થયા હોય, પણ વિચારતાં તે આત્મભાવ-ઉપયોગી હતા, એમ સ્પષ્ટ જણાય છે. જે શ્રીકૃષ્ણે કાંચનની દ્વારિકાનું, છપ્પનકોટિ યાદવે સંગ્રહિતનું, પંચવિષયના આકર્ષિત કારણોના યોગમાં સ્વામીપણું ભોગવ્યું, તે શ્રીકૃષ્ણે જ્યારે દેહ મૂક્યો છે ત્યારે શી સ્થિતિ હતી તે વિચારવાયોગ્ય છે, અને તે વિચારી આ જીવને જરૂર આકુળપણાથી મુક્ત કરવા યોગ્ય છે. કુલનો સંહાર થયો છે, દ્વારિકાનો દાહ થયો છે, તે શોકે શોકવાન એકલા વનમાં ભૂમિ પર આધાર કરી સૂતા છે, ત્યાં જરાકુમારે બાણ માર્યું તે સમયે પણ જેણે ધીરજને અવગાહી છે તે શ્રીકૃષ્ણની દશા વિચારવાયોગ્ય છે.

---

[૪૫૧] **૫૩૬** મુંબઈ, કારતક સુદ ૪, ગુરુ, ૧૯૫૧

આજે પત્ર ૧ પ્રાપ્ત થયું છે, અને તે સંબંધમાં યથાઉદય સમાધાન લખવાનું વિચારું છું અને તે પત્ર તરતમાં લખીશ.

બે પ્રકારની દશા મુમુક્ષુજીવને વર્તે છે, એક 'વિચારદશા', અને બીજી 'સ્થિતપ્રજ્ઞદશા'. સ્થિતપ્રજ્ઞદશા વિચારદશા લગભગ પૂરી થયે અથવા સંપૂર્ણ થયે પ્રગટે છે. તે સ્થિતપ્રજ્ઞદશાની પ્રાપ્તિ આ કાળમાં કઠણ છે; કેમકે આત્મપરિણામને વ્યાઘાતરૂપ યોગ આ કાળમાં પ્રધાનપણે વર્તે છે, અને તેથી વિચારદશાનો યોગ પણ સદ્ગુરુ, સત્સંગના અંતરાયથી પ્રાપ્ત થતો નથી, તેવા કાળમાં કૃષ્ણદાસ વિચારદશાને ઇચ્છે છે, એ વિચારદશા પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ છે; અને તેવા જીવને ભય, ચિંતા, પરાભવાદિ ભાવમાં નિજબુદ્ધિ કરવી ઘટે નહીં; તોપણ ધીરજથી તેમને સમાધાન થવા દેવું; અને નિર્ભય ચિત્ત રખાવવું ઘટે છે.

[૪૫૩+૪૫૨] **૫૩૭** મુંબઈ, કારતક સુદ ૭, શનિ, ૧૯૫૧

શ્રી સત્પુરુષોને નમસ્કાર

શ્રી સ્થંભતીર્થવાસી મુમુક્ષુજનો પ્રત્યે,

શ્રી મોહમયી ભૂમિથી.... ના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. વિશેષ વિનતિ કે મુમુક્ષુ અંબાલાલનું લખેલ પત્ર ૧ આજે પ્રાપ્ત થયું છે.

કૃષ્ણદાસને ચિત્તની વ્યગ્રતા જોઈને, તમારાં સૌના મનમાં ખેદ રહે છે, તેમ બનવું સ્વાભાવિક છે. જો બને તો 'યોગવાસિષ્ઠ' ગ્રંથ ત્રીજા પ્રકરણથી તેમને વંચાવશો, અથવા શ્રવણ કરાવશો; અને પ્રવૃત્તિક્ષેત્રથી જેમ અવકાશ મળે તથા સત્સંગ થાય તેમ કરશો. દિવસના ભાગમાં તેવો વધારે વખત અવકાશ લેવાનું બને તેટલો લક્ષ રાખવો યોગ્ય છે.

સમાગમની ઇચ્છા સૌ મુમુક્ષુભાઈઓની છે એમ લખ્યું તે વિષે વિચારીશ. માગશર મહિનાના છેલા ભાગમાં કે પોષ મહિનાના આરંભમાં ઘણું કરી તેવો યોગ થવો સંભવે છે.

કૃષ્ણદાસે ચિત્તમાંથી વિક્ષેપની નિવૃત્તિ કરવા યોગ્ય છે કેમકે મુમુક્ષુજીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં. એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઇચ્છા તે સિવાય વિચારવાન જીવને બીજી ઇચ્છા હોય નહીં, અને પૂર્વકર્મના બળે તેવો કોઈ ઉદય હોય તોપણ વિચારવાનના ચિત્તમા સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરી આર્ત્ત છે, ભયાકુળ છે, રાગદ્વેષનાં પ્રાપ્ત ફળથી બળતો છે, એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્તે છે; અને જ્ઞાન–પ્રાપ્તિનો કંઈ અંતરાય છે, માટે તે કારાગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે અને લોકનો પ્રસંગ કરવા યોગ્ય નથી, એ જ ભય વિચારવાનને ઘટે છે

મહાત્મા શ્રી તીર્થંકરે નિર્ગ્રંથને પ્રાપ્તપરિષહ સહન કરવાની ફરી ફરી ભલામણ આપી છે. તે પરિષહનુ સ્વરૂપ પ્રતિપાદન કરતાં અજ્ઞાનપરિષહ અને દર્શનપરિષહ એવા બે પરિષહ પ્રતિપાદન કર્યા છે, કે કોઈ ઉદયયોગનું બળવાનપણુ હોય અને સત્સંગ, સત્પુરુષનો યોગ થયા છતાં જીવને અજ્ઞાનનાં કારણો ટાળવામાં હિમ્મત ન ચાલી શકતી હોય, મુઝવણ આવી જતી હોય, તોપણ ધીરજ રાખવી, સત્સંગ, સત્પુરુષનો યોગ વિશેષ વિશેષ કરી આરાધવો, તો અનુક્રમે અજ્ઞાનની નિવૃત્તિ થશે; કેમકે નિશ્ચય જે ઉપાય છે, અને જીવને નિવૃત્ત થવાની બુદ્ધિ છે, તો પછી તે અજ્ઞાન નિરાધાર થયું છતું શી રીતે રહી શકે ? એક માત્ર પૂર્વકર્મયોગ સિવાય ત્યાં કોઈ તેને આધાર નથી. તે તો જે જીવને સત્સંગ, સત્પુરુષનો યોગ થયો છે અને પૂર્વકર્મનિવૃત્તિ પ્રત્યે પ્રયોજન છે, તેને ક્રમે કરી ટળવા જ યોગ્ય છે, એમ વિચારી તે અજ્ઞાનથી થતું આકુળવ્યાકુળપણું તે મુમુક્ષુજીવે ધીરજથી સહન કરવુ, એ પ્રમાણે પરમાર્થ કહીને પરિષહ કહ્યો છે અત્રે અમે સંક્ષેપમાં તે બેય પરિષહનુ સ્વરૂપ લખ્યું છે આ પરિષહનું સ્વરૂપ જાણી સત્સંગ, સત્પુરુષના યોગે, જે અજ્ઞાનથી મુઝવણ થાય છે તે નિવૃત્ત થશે એવો નિશ્ચય રાખી, યથાઉદય જાણી, ધીરજ રાખવાનું ભગવાન તીર્થંકરે કહ્યુ છે, પણ તે ધીરજ એવા અર્થમાં કહી નથી, કે સત્સંગ, સત્પુરુષના યોગે પ્રમાદ હેતુએ વિલંબ કરવો તે ધીરજ છે, અને ઉદય છે. તે વાત પણ વિચારવાન જીવે સ્મૃતિમાં રાખવા યોગ્ય છે

શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કર્યો છે. પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નહીં. અને તે સમજવું પણ

શ્રી જિને કહી છે, ત્યારે તેને અનંત પર્યાય શી રીતે ઘટે ? અથવા પર્યાય તે એક પરમાણુનું બીજું નામ હશે કે શી રીતે ?' એ પ્રશ્નનું પત્ર પહોંચ્યું હતું. તેનું સમાધાન :—

પ્રત્યેક પદાર્થને અનંત પર્યાય (અવસ્થા) છે. અનંત પર્યાય વિનાનો કોઈ પદાર્થ હોઈ શકે નહીં એવો શ્રી જિનનો અભિમત છે, અને તે યથાર્થ લાગે છે; કેમકે પ્રત્યેક પદાર્થ સમયે સમયે અવસ્થાંતરતા પામતા હોવા જોઈએ એવું પ્રત્યક્ષ દેખાય છે. ક્ષણેક્ષણે જેમ આત્માને વિષે સંકલ્પવિકલ્પ – પરિણતિ થઈ અવસ્થાંતર થયા કરે છે, તેમ પરમાણુને વિષે વર્ણ, ગંધ, રસ, રૂપ, અવસ્થાંતરપણું ભજે છે; તેવું અવસ્થાંતરપણું ભજવાથી તે પરમાણુના અનંત ભાગ થયા કહેવાયોગ્ય નથી; કેમકે તે પરમાણુ પોતાનું એકપ્રદેશક્ષેત્ર અવગાહીપણું ત્યાગ્યા સિવાય તે અવસ્થાંતર પામે છે. એકપ્રદેશક્ષેત્રઅવગાહીપણાના તે અનંત ભાગ થઈ શકચા નથી. એક સમુદ્ર છતાં તેમાં જેમ તરંગ ઊઠે છે, અને તે તરંગ તેમાં જ સમાય છે, તરંગપણે તે સમુદ્રની અવસ્થા જુદી થયા કરતાં છતાં પણ સમુદ્ર પોતાના અવગાહક ક્ષેત્રને ત્યાગતો નથી, તેમ કંઈ સમુદ્રના અનંત જુદા જુદા કટકા થતા નથી, માત્ર પોતાના સ્વરૂપમાં તે રમે છે, તરંગપણું એ સમુદ્રની પરિણતિ છે, જો જળ શાંત હોય તો શાંતપણું એ તેની પરિણતિ છે, કંઈ પણ પરિણતિ તેમાં થવી જ જોઈએ, તેમ વર્ણગંધાદિ પરિણામ પરમાણુમાં બદલાય છે, પણ તે પરમાણુના કંઈ કટકા થવાનો પ્રસંગ થતો નથી, અવસ્થાંતરપણું પામ્યા કરે છે. જેમ સોનું કુંડળપણું ત્યાગી મુગટપણું પામે તેમ પરમાણુ, આ સમયની અવસ્થાથી બીજા સમયની અવસ્થા કંઈક અંતરવાળી પામે છે. જેમ સોનુ બે પર્યાયને ભજતાં સોનાપણામાં જ છે, તેમ પરમાણુ પણ પરમાણુ જ રહે છે. એક પુરુષ (જીવ) બાળકપણું ત્યાગી યુવાન થાય, યુવાનપણું ત્યાગી વૃદ્ધ થાય, પણ પુરુષ તેનો તે જ રહે, તેમ પરમાણુ પર્યાયને ભજે છે. આકાશ પણ અનંત પર્યાયી છે અને સિદ્ધ પણ અનંતપર્યાયી છે એવો જિનનો અભિપ્રાય છે, તે વિરોધી લાગતો નથી; મને ઘણું કરી સમજાય છે, પણ વિશેષપણે લખવાનું થઈ શકયું નહીં હોવાથી તમને તે વાત વિચારવામાં કારણ થાય એમ ઉપર ઉપરથી લખ્યુ છે.

ચક્ષુને વિષે મેષોન્મેષ અવસ્થા છે તે પર્યાય છે. દીપકની ચલનસ્થિતિ તે પર્યાય છે. આત્માની સંકલ્પવિકલ્પ દશા કે જ્ઞાનપરિણતિ તે પર્યાય છે; તેમ વર્ણ ગંધ પલટનપણું પામે તે પરમાણુના પર્યાય છે. જો તેવું પલટનપણું થતું ન હોય તો આ જગત આવા વિચિત્રપણાને પામી શકે નહીં. કેમકે એક પરમાણુમા પર્યાયપણું નહોય તો સર્વ પરમાણુમાં પણ ન હોય સંયોગ–વિયોગ, એકત્વ–પૃથક્ત્વ, એ આદિ પરમાણુના પર્યાય છે અને તે સર્વ પરમાણુમાં છે. તે ભાવ સમયે સમયે તેમાં પલટનપણું પામે તોય પરમાણુનો વ્યય (નાશ) થાય નહીં, જેમ મેષોન્મેષથી ચક્ષુનો થતો નથી તેમ.

---

[૪૬૫]

૫૪૭ મોહમયી ક્ષેત્ર, માગશર વદ ૮, બુધ, ૧૯૫૧

અત્રેથી નિવર્તવા પછી ઘણું કરી વવાણિયા એટલે આ ભવના જન્મગામમાં સાધારણ વ્યાવહારિક પ્રસંગે જવાનું કારણ છે. ચિત્તના ઘણા પ્રકારે તે પ્રસંગથી છૂટી શકવાનું વિચારતાં છૂટી શકાય તેમ પણ બને, તથાપિ કેટલાક જીવોને અલ્પ કારણમાં વિશેષ અસમાધાન વખતે

થવાનો સંભવ રહે; જેથી અપ્રતિબંધભાવને વિશેષ દૃઢ કરી, જવાનો વિચાર રહે છે. ત્યાં ગયે, વખતે એક માસથી વિશેષ વખત જવાનો સંભવ છે, વખતે બે માસ પણ થાય. ત્યાર પછી પાછું ત્યાંથી વળી આ ક્ષેત્ર તરફ આવવાનું કરવું પડે તેમ છે, છતાં, બને ત્યાં સુધી વચ્ચે બેએક મહિના એકાંત જેવો નિવૃત્તિજોગ બને તો તેમ કરવાની ઇચ્છા રહે છે; અને તે જેમ અપ્રતિબંધપણે થઈ શકે તે માટે વિચારું છું.

સર્વ વ્યવહારથી નિવૃત્ત થયા વિના ચિત્ત ઠેકાણે બેસે નહીં એવો અપ્રતિબંધ અસંગભાવ ચિત્તે બહુ વિચાર્યો હોવાથી તે જ પ્રવાહમાં રહેવું થાય છે. પણ ઉપાર્જિત પ્રારબ્ધ નિવૃત્ત થયે તેમ બની શકે એટલો પ્રતિબંધ પૂર્વકૃત છે; આત્માની ઇચ્છાનો પ્રતિબંધ નથી. સર્વસામાન્ય લોકવ્યવહારની નિવૃત્તિ સંબંધી પ્રસંગનો વિચાર બીજે પ્રસંગે જણાવવો રાખી, આ ક્ષેત્રેથી નિવર્તવા વિષે વિશેષ અભિપ્રાય રહે છે; તે પણ ઉદય આગળ બનતું નથી. તોપણ અહોનિશ એ જ ચિંતન રહે છે. તો તે વખતે થોડા કાળમાં બનશે એમ રહે છે. આ ક્ષેત્ર પ્રત્યે કંઈ દ્વેષ પરિણામ નથી, તથાપિ સંગનું વિશેષ કારણ છે. પ્રવૃત્તિના પ્રયોજન વિના અત્રે રહેવું કંઈ આત્માને તેવા લાભનું કારણ નથી એમ જાણી, આ ક્ષેત્રથી નિવર્તવાનો વિચાર રહે છે. પ્રવૃત્તિ પણ નિજબુદ્ધિથી પ્રયોજનભૂત કોઈ પણ પ્રકારે લાગતી નથી, તથાપિ ઉદય પ્રમાણે વર્તવાનો જ્ઞાનીનો ઉપદેશ અંગીકાર કરી ઉદય વેદવા પ્રવૃત્તિજોગ વેઠીએ છીએ.

જ્ઞાને કરીને આત્મામાં ઉત્પન્ન થયેલો એવો નિશ્ચય બદલતો નથી, કે સર્વસંગ મોટા આસ્રવ છે, ચાલતાં, બેસતાં, પ્રસંગ કરતાં, સમય માત્રમાં નિજભાવને વિસ્મરણ કરાવે છે. અને તે વાત કેવળ પ્રત્યક્ષ જોવામાં આવી છે. આવે છે, અને આવી શકે તેવી છે; તેથી અહોનિશ તે મોટા આસ્રવરૂપ એવા સર્વસંગમાં ઉદાસપણું રહે છે; અને તે દિન દિન પ્રત્યે વધતા પરિણામને પામ્યા કરે છે; તે તેથી વિશેષ પરિણામને પામી સર્વસંગથી નિવૃત્તિ થાય એવી અનન્ય કારણ યોગે ઇચ્છા રહે છે.

આ પત્ર પ્રથમથી વ્યવહારિક આકૃતિમાં લખાયો હોય એમ વખતે લાગે, પણ તેમાં તે સહજમાત્ર નથી. અસંગપણાનો, આત્મભાવનાનો માત્ર અલ્પ વિચાર લખ્યો છે.

આ૦ સ્વ૦ પ્રણામ

---

[૪૯૯] ૫૪૯ મુંબઈ, માગશર વદ ૯, ગુરુ, ૧૯૫૧

પરમ સ્નેહી શ્રી સોભાગ,

તમારાં લખેલાં પત્ર. પહોંચ્યાં છે. એક પત્રમાં જે પ્રશ્ન લખ્યાં હતાં તેમાંના એકનું સમાધાન નીચે લખ્યું છે

જ્ઞાનીપુરુષનો [illegible] થયે, નિશ્ચય થયે, અને તેના માર્ગને આરાધ્યે જીવને દર્શનમોહનીય કર્મ ઉપશમે કે ક્ષય થાય છે, અને અનુક્રમે સર્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ જીવ કૃતકૃત્ય થાય છે. તે [illegible] પણ તેથી ઉપાર્જિત પ્રારબ્ધ ભોગવવું પડતું નથી એમ [illegible] નથી. કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા વીતરાગને પણ ઉપાર્જિત [illegible] [illegible] [illegible]

પડતાં નથી, અને ફરી તે કર્મ ઉત્પન્ન થવાનાં કારણની તે સર્વજ્ઞ વીતરાગને સ્થિતિ નથી, તેમ જ્ઞાનીનો નિશ્ચય થયે અજ્ઞાનભાવથી જીવને ઉદાસીનતા થાય છે, અને તે ઉદાસીનતાને લીધે ભવિષ્યકાળમાં તે પ્રકારનું કર્મ ઉપાર્જવાનું મુખ્ય કારણ તે જીવને થતું નથી. ક્વચિત્ પૂર્વાનુસાર કોઈ જીવને વિપર્યયઉદય હોય, તોપણ તે ઉદય અનુક્રમે ઉપશમી, ક્ષય થઈ, જીવ જ્ઞાનીના માર્ગને ફરી પામે છે; અને અર્ધપુદ્‌ગલપરાવર્તનમાં અવશ્ય સંસારમુક્ત થાય છે; પણ સમકિતી જીવને, કે સર્વજ્ઞ વીતરાગને, કે કોઈ અન્ય યોગી કે જ્ઞાનીને જ્ઞાનની પ્રાપ્તિને લીધે ઉપાર્જિત પ્રારબ્ધ વેદવું પડે નહીં કે દુઃખ હોય નહીં એમ સિદ્ધાંત ન હોઈ શકે. તો પછી અમને તમને માત્ર સત્સંગનો અલ્પ લાભ હોય ત્યાં સંસારી સર્વ દુઃખ નિવૃત્ત થવાં જોઈએ એમ માનીએ તો કેવળજ્ઞાનાદિ નિરર્થક થાય છે; કેમકે ઉપાર્જિત પ્રારબ્ધ અવેદ્યું નાશ પામે તો પછી સર્વ માર્ગ મિથ્યા જ ઠરે. જ્ઞાનીના સત્સંગે અજ્ઞાનીના પ્રસંગની રુચિ આળસે, સત્યાસત્ય વિવેક થાય, અનંતાનુબંધી ક્રોધાદિ ખપે, અનુક્રમે સર્વ રાગદ્વેષ ક્ષય થાય, એ બનવાયોગ્ય છે, અને જ્ઞાનીના નિશ્ચયે તે અલ્પકાળમાં અથવા સુગમપણે બને એ સિદ્ધાંત છે; તથાપિ જે દુઃખ અવશ્ય ભોગવ્યે નાશ પામે એવું ઉપાર્જિત છે તે તો ભોગવવું જ પડે એમાં કાંઈ સંશય થતો નથી. આ વિષે વધારે સમાધાનની ઇચ્છા હોય તો સમાગમે થઈ શકે.

મારું અંતરનું અંગ એવું છે કે પરમાર્થપ્રસંગથી કોઈ મુમુક્ષુ જીવને મારો પ્રસંગ થાય તો જરૂર તેને મારા પ્રત્યે પરમાર્થના હેતુની જ ઇચ્છા રહે તો જ તેનું શ્રેય થાય, પણ દ્રવ્યાદિ કારણની કંઈ પણ વાંછા રહે અથવા તેવા વ્યવસાયનું મને તેનાથી જણાવવું થાય, તો પછી અનુક્રમે તે જીવ મલિન વાસનાને પામી મુમુક્ષુતાનો નાશ કરે, એમ મને નિશ્ચય રહે છે, અને તે જ કારણથી તમને ઘણી વાર તમારા તરફથી કોઈ વ્યાવહારિક પ્રસંગ લખાઈ આવ્યો હોય ત્યારે ઠપકો આપી જણાવ્યું પણ હતું કે મારા પ્રત્યે તમે આવો વ્યવસાય જણાવવાનું જેમ ન થાય તેમ જરૂર કરી કરો, અને મારી સ્મૃતિ પ્રમાણે આપે તે વાત ગ્રહણ કરી હતી; તથાપિ તે પ્રમાણે થોડો વખત બની, પાછું વ્યવસાય વિષે લખવાનું બને છે, તો આજના મારા પત્રને વિચારી જરૂર તે વાત તમે વિસર્જન કરશો; અને નિત્ય તેવી વૃત્તિ રાખશો, તો અવશ્ય હિતકારી થશે; અને મારી આંતરવૃત્તિને અવશ્ય ઉલ્લાસનું કારણ આપ્યું છે, એમ મને થશે.

બીજા કોઈ પણ સત્સંગપ્રસંગમાં એમ કરે તો મારું ચિત્ત બહુ વિચારમાં પડી જાય છે કે ગભરાય છે; કેમકે પરમાર્થને નાશ કરનારી આ ભાવના આ જીવને ઉદયમાં આવી. તમે જ્યારે જ્યારે વ્યવસાય વિષે લખ્યું હશે, ત્યારે ત્યારે મને ઘણું કરીને એમ જ થયું હશે; તથાપિ આપની વૃત્તિ વિશેષ ફેર હોવાને લીધે કંઈક ગભરાટ ચિત્તમાં ઓછો થયો હશે. પણ હાલ તરત તરતના પ્રસંગપરથી આપે પણ તે ગભરાટની લગભગના ગભરાટનું કારણ આપ્યું છે, એમ ચિત્તમાં રહે છે.

રવજીભાઈના કુટુંબને માટે જેમ વ્યવસાય મારે કરવો પડે છે તેમ તમારે માટે મારે કરવો હોય તોપણ મારા ચિત્તમાં અન્યભાવ આવે નહીં પણ તમે દુઃખ સહન ન કરી શકો તથા વ્યવસાય મને જણાવો એ વાત કોઈ રીતે શ્રેયરૂપ લાગતી નથી કેમકે

સવજીભાઈને તેવી પરમાર્થ ઇચ્છા નથી અને તમને છે, જેથી તમારે આ વાત પર જરૂર સ્થિર થવું. આ વાતનો વિશેષ નિશ્ચય રાખજો.

[1]કંઈક આ પત્ર અધૂરો છે જે ઘણું કરી આવતી કાલે પૂરો થશે.

[૪૭૮-૧૯] ૫૪૯

માકુભાઈ વગેરેને જે ઉપાધિ કાર્ય કરવા વિષે અધીરજથી, આર્ત્ત જેવા પરિણામથી, પરની આજીવિકાનો ભંગ થાય છે તે જાણ્યા છતાં. રાજકાજમાં અલ્પ કારણમાં વિશેષ સંબંધ કરવા યોગ્ય નહીં તે થાય એવું કારણ છતાં, જેમાં તુચ્છ એવા દ્રવ્યાદિનો પણ વિશેષ લાભ નથી છતાં તે માટે ફરી ફરી લખવાનું થાય છે તે શું યોગ્ય છે? તેવા વિકલ્પને તમ જેવા પુરુષ મોળો નહીં પાડી શકે, તો આ દુષમકાળમાં કોણ સમજીને શમાઈ રહેશે?

કેટલીક રીતે નિવૃત્તિને અર્થે, અને સત્સમાગમને અર્થે તે ઇચ્છા રાખો છો તે વાત લક્ષમાં છે; તથાપિ એટલી જ જો તે ઇચ્છા હોય તો આ પ્રકારની અધીરજ આદિ હોવાયોગ્ય ન હોય.

માકુભાઈ વગેરેને પણ હાલ ઉપાધિ સંબંધમાં લખવું ઘટતું નથી જેમ થાય તેમ જોયા કરવું એ જ યોગ્ય છે. આ વિષે જેટલો ઠપકો લખવો જોઈએ તેટલો લખ્યો નથી, તોપણ વિશેષતાથી આ ઠપકો વિચારશો.

---

[૪૬૭] ૫૫૦ મુંબઈ, માગશર વદ ૧૧, રવિ, ૧૯૫૧

પરમ સ્નેહી શ્રી સોભાગ,

ગઈ કાલે તમારું લખેલું પત્ર ૧ પ્રાપ્ત થયું છે. અત્રેથી પરમ દિવસે[2] પત્ર ૧ લખ્યું છે તે તમને પ્રાપ્ત થયું હશે તથા તે પત્ર ફરી ફરીને વિચાર્યું હશે; અથવા વિશેષ કરી વિચારવાનું બને તો સારું.

એ પત્ર અમે સંક્ષેપમાં લખ્યું હતું. તેથી વખતે તમારા ચિત્તને સમાધાન પૂરતું કારણ ન થાય, એ માટે છેવટે તેમાં લખ્યું હતું કે આ પત્ર અધૂરું છે. અને તેની બાકી લખવાનું આવતી કાલે થશે.

આવતી કાલે એટલે ગઈ કાલે તે પત્ર લખવાની કંઈક ઇચ્છા છતાં આવતી કાલે એટલે આજે લખવું તે ઠીક છે, એમ લાગવાથી ગઈ કાલે પત્ર લખ્યું નહોતું

[illegible] પરમ દિવસે લખેલા પત્રમાં જે ગંભીર આશય લખ્યા છે. તે વિચારવાન જીવને આત્માના પરમહિતની થાય તેવા આશય છે. એ ઉપદેશ અમે તમને ઘણી વાર સહજસહજ કર્યો છે, છતાં તે ઉપદેશ આજીવિકાના કલેશથી તમને ઘણી વાર વિસર્જન થાય છે, અથવા થઈ જાય છે. અમારા પ્રત્યે [illegible] જેટલો તમારો ભક્તિભાવ છે, એટલે ઉપકારમાં [illegible], વળી એમ [illegible] તથા [illegible] કરવાનો [illegible] [illegible]

---

[1] [illegible] [2] [illegible]

વાસનાનો હેતુ થાય; કેમકે જે ભૂમિકામાં ઘટે નહીં તે જીવ તે કરે તો તે ભૂમિકાનો તેને સહેજે ત્યાગ થાય, એમાં કંઈ સંદેહ નથી. તમારી અમારા પ્રત્યે નિષ્કામ ભક્તિ જોઈએ, અને તમને ગમે તેટલું દુઃખ હોય છતાં તેને ધીરજથી વેદવું જોઈએ તેમ ન બને તોપણ એક અક્ષર અમારી પાસે તો તેની સૂચના પણ ન કરવી જોઈએ. એ તમને સર્વાંગ યોગ્ય છે; અને તમને તેવી જ સ્થિતિમાં જોવાને જેટલી મારી ઇચ્છા છે, અને જેટલું તમારું તે સ્થિતિમાં હિત છે, તે પત્રથી કે વચનથી અમારાથી જણાવી શકાય તેવું નથી; પણ પૂર્વના કોઈ તેવા જ ઉદયને લીધે તમને તે વાત વિસર્જન થઈ પાછી અમને જણાવવાની ઇચ્છા રહ્યા કરે છે.

તે બે પ્રકારની યાચનામાં પ્રથમ જણાવી છે તે યાચના તો કોઈ પણ નિકટભવીને કરવી ઘટે જ નહીં, અને અલ્પમાત્ર હોય તોપણ તેને મૂળથી છેદવી ઘટે; કેમકે લોકોત્તર મિથ્યાત્વનું તે સબળ બીજ છે, એવો તીર્થંકરાદિનો નિશ્ચય છે, તે અમને તો સપ્રમાણ લાગે છે. બીજી યાચના છે તે પણ કર્ત્તવ્ય નથી, કેમકે તે પણ અમને પરિશ્રમનો હેતુ છે. અમને વહેવારનો પરિશ્રમ આપીને વહેવાર નિભાવવો એ આ જીવની સદ્‌વૃત્તિનું ઘણું જ અલ્પત્વ બતાવે છે; કેમકે અમારે અર્થે પરિશ્રમ વેઠી તમારે વહેવાર ચલાવી દેવો પડતો હોય તો તે તમને હિતકારી છે, અને અમને તેવા દુષ્ટ નિમિત્તનું કારણ નથી; એવી સ્થિતિ છતાં પણ અમારા ચિત્તમાં એવો વિચાર રહે છે કે, જ્યાં સુધી અમારે પરિગ્રહાદિનું લેવુ દેવું થાય, એવો વહેવાર ઉદયમા હોય ત્યાં સુધી જાતે તે કાર્ય કરવું અથવા વહેવારિક સંબંધી દ્વારાદિથી કરવું, પણ તે સંબંધી મુમુક્ષુ પુરુષને તો પરિશ્રમ આપીને ન કરવું, કેમકે જીવને મલિન વાસના તેવા કારણે ઉદ્‌ભવ થવી સંભવે; કદાપિ અમારુ ચિત્ત શુદ્ધ જ રહે એવું છે, તથાપિ કાળ એવો છે કે, જો અમે તે શુદ્ધિને દ્રવ્યથી પણ રાખીએ તો સામા જીવને વિષમતા ઉદ્‌ભવ ન થાય; અને અશુદ્ધ વૃત્તિવાન જીવ પણ તેમ વર્તી પરમપુરુષોના માર્ગનો નાશ ન કરે. એ આદિ વિચાર પર મારુ ચિત્ત રહે છે તો પછી જેનું અમારાથી પરમાર્થબળ કે ચિત્તશુદ્ધિપણું ઓછુ હોય તેણે તો જરૂર તે માર્ગણા બળવાનપણે રાખવી, એ જ તેને બળવાન શ્રેય છે, અને તમ જેવા મુમુક્ષુ પુરુષે તો અવશ્ય તેમ વર્તવું ઘટે; કેમકે તમારું અનુકરણ સહજે બીજા મુમુક્ષુઓને હિતાહિતનું કારણ થઈ શકે. પ્રાણ જવા જેવી વિષમ અવસ્થાએ પણ તમને નિષ્કામતા જ રાખવી ઘટે છે, એવો અમારો વિચાર તે તમારા આજીવિકાથી ગમે તેવા દુઃખની અનુકંપા પ્રત્યે જતાં પણ મટતો નથી; પણ સામો વધારે બળવાન થાય છે. આ વિષયપરત્વે તમને વિશેષ કારણો આપી નિશ્ચય કરાવવાની ઇચ્છા છે, અને તે થશે એમ અમને નિશ્ચય રહે છે.

આ પ્રમાણે તમારા અથવા બીજા મુમુક્ષુ જીવના હિતના અર્થે મને જે યોગ્ય લાગ્યુ તે લખ્યુ છે આટલું જણાવ્યા પછી મારો પોતાનો મારા આત્માર્થે તે સબંધમા કંઈક બીજો પણ વિચાર રહે છે તે લખવો ઘટતો નહોતો પણ તમારા આત્માને કંઈક અમે દૂભવવા જેવું લખ્યુ છે, ત્યારે તે લખવો ઘટારત ગણી લખ્યો છે, તે આ પ્રમાણે છે કે, જ્યા સુધી પરિગ્રહાદિનુ લેવુંદેવું થાય એવો વહેવાર મને ઉદયમાં હોય ત્યા સુધી જો કોઈ પણ નિષ્કામ મુમુક્ષુ કે સત્પાત્ર જીવની તથા અનુકંપાયોગ્યની જે કાંઈ અમારાથી તેને જણાવ્યા સિવાય તેની સેવાચાકરી થઈ શકે તે દ્રવ્યાદિ પદાર્થથી પણ કરવી, કેમકે એવો માર્ગ

ઋષભાદિ મહાપુરુષે પણ ક્યાંક ક્યાંક જીવની ગુણનિષ્પન્નતાર્થે ગણ્યો છે, તે અમારા અંગના વિચારનો છે અને તેવાં આચરણ સત્પુરુષને નિષેધ નથી, પણ કોઈ રીતે કર્તવ્ય છે. માત્ર સામા જીવને પરમાર્થનો રોધ કરનાર તે વિષય કે તે સેવાચાકરી થતા હોય તો તેને સત્પુરુષે પણ ઉપશમાવવા જોઈએ.

અસંગતા થવા કે સત્સંગના જોગનો લાભ પ્રાપ્ત થવા તમારા ચિત્તમાં એમ રહે છે કે કેશવલાલ, ત્રબક વગેરેથી ગૃહવ્યવહાર ચલાવી શકાય તો મારાથી છૂટી શકાય તેવું છે. બીજી રીતે તે વ્યવહારને તમે છોડી શકો તેવું કેટલાક કારણોથી નથી, તે વાત અમે જાણીએ છીએ, છતાં ફરી ફરી તમારે લખવી યોગ્ય નથી, એમ જાણી તેને પણ નિષેધી છે એ જ વિનતિ.

પ્રણામ પ્રાપ્ત થાય.

---

[૪૬૮] ૫૫૧ મુંબઈ, માગશર, ૧૯૫૧

શ્રી સોભાગ,

શ્રી જિન આત્મપરિણામના સ્વસ્થપણાને સમાધિ અને આત્મપરિણામના અસ્વસ્થપણાને અસમાધિ કહે છે; તે અનુભવજ્ઞાનથી જોતાં પરમ સત્ય છે.

અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી, અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમપ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી.

કોઈ પણ પદાર્થને વિષે ઇચ્છાની પ્રવૃત્તિ છે, અને કોઈ પણ પરપદાર્થના વિયોગની ચિંતા છે, તેને શ્રી જિન આર્તધ્યાન કહે છે, તેમાં સંદેહો ઘટતો નથી.

ત્રણ વર્ષના ઉપાધિયોગથી ઉત્પન્ન થયો એવો વિક્ષેપભાવ તે મટાડવાનો વિચાર વર્તે છે. દૃઢ વૈરાગ્યવાનના ચિત્તને જે પ્રવૃત્તિ બાધ કરી શકે એવી છે, તે પ્રવૃત્તિ અદૃઢ વૈરાગ્યવાન જીવને કલ્યાણ સન્મુખ થવા ન દે એમાં આશ્ચર્ય નથી.

જેટલી સંસારને વિષે આત્મપરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રી તીર્થંકરે કહી છે.

પરિણામ જડ હોય એવો સિદ્ધાંત નથી. ચેતનને ચેતન પરિણામ હોય અને અચેતનને અચેતન પરિણામ હોય એમ જિને અનુભવ કર્યો છે. કોઈ પણ પદાર્થ પરિણામ કે પર્યાય વિના હોય નહીં, એમ શ્રી જિને કહ્યું છે તે સત્ય છે.

શ્રી જિને જે આત્મસ્વરૂપ અનુભવ્યું છે, અને પદાર્થોનું સ્વરૂપ સાક્ષાત્કાર કરી જે નિરૂપણ કર્યું છે તે, સર્વ મુમુક્ષુ જીવે પરમોલ્લાસપૂર્વક વિચારવા યોગ્ય છે. જિને કહેલા સર્વ પદાર્થના ભાવો એક આત્મા પ્રકાશ કરવાને અર્થે છે, અને [illegible] [illegible] જિને કહ્યું છે,

[illegible]

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસારક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે, એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ

---

[૪૮૩]

૫૭૧ મુંબઈ, ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧

વધારેમાં વધારે એક સમયે ૧૦૮ જીવ મુક્ત થાય, એથી વિશેષ ન થાય, એવી લોકસ્થિતિ જિનાગમમાં સ્વીકારેલી છે, અને પ્રત્યેક સમયે એક સો આઠ એક સો આઠ જીવ મુક્ત થયા જ કરે છે, એમ ગણીએ, તો તે પરિમાણે ત્રણે કાળમાં જેટલા જીવ મોક્ષપ્રાપ્ત થાય, તેટલા જીવની જે અનંત સંખ્યા થાય તે કરતાં સંસારનિવાસી જીવોની સંખ્યા અનંતગણી જિનાગમમાં નિરૂપી છે, અર્થાત્ ત્રણે કાળમાં મુક્તજીવ જેટલા થાય તે કરતાં સંસારમાં અનંતગણા જીવ રહે; કેમકે તેનું પરિમાણ એટલું વિશેષ છે; અને તેથી મોક્ષમાર્ગનો પ્રવાહ વહ્યા કરતાં છતાં સંસારમાર્ગ ઉચ્છેદ થઈ જવો સંભવતો નથી, અને તેથી બંધમોક્ષ વ્યવસ્થામાં વિપર્યય થતું નથી. આ વિષે વધારે ચર્ચા સમાગમમાં કરશો તો અડચણ નથી.

જીવના બંધમોક્ષની વ્યવસ્થા વિષે સંક્ષેપમાં પત્ર લખ્યું છે. એ પ્રકારનાં જે [illegible] તે તે સમાધાન થઈ શકે એવાં છે, કોઈ અલ્પકાળે અને કોઈ પછી વિશેષ [illegible] અથવા સમાગમે, પણ એ સૌ વ્યવસ્થાનાં સમાધાન થઈ શકે એવાં છે.

[illegible] વિચારવા યોગ્ય વાત તો આ એ છે કે, ઉપાધિ કરવામાં આવે, [illegible] બાહ્ય [illegible] કર્યું છે; અને ઉપાધિ કરતાં [illegible] સંબંધિત જેવું છે [illegible] જ્ઞાનીને બાધ કરતા [illegible] વર્તે છે તે, અથવા [illegible] વિચારવા યોગ્ય છે.

---

[૪૮૪] ૫૭૨ મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧

સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવાયોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાન દશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાનીપુરૂષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરુપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે જ્ઞાનીપુરુષના ચરણમાં મનનુ સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમા વિરોધ કરનારા પચવિષયાદિ દોષો છે તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્ર બુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્ર બુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે: એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણુ સમજાવું.

વિચારથી કરી તુચ્છપણુ સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનુ જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમેક્રમે, દેશેદેશે તેનો ત્યાગ કરવો ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય, તથા જ્ઞાનીનાં વચનોનુ આત્મામા પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિનદિન પ્રત્યે. પ્રસગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય. એજ વિનતિ

આ૦ સ્વ૦ પ્રણામ.

[૪૮૫] **૫૭૩** મુંબઈ, ફાગણ વદ ૧૧, શુક્ર, ૧૯૫૧

જન્મ, જરા મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ આત્મસ્વભાવને પામ્યા છે, અને નિર્ભય થયા છે. વિચાર વિના તે સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી, અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર પ્રાપ્ત થવો દુર્લભ છે.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૪૮૬] **૫૭૪** મુંબઈ, ફાગણ, ૧૯૫૧

બનતાં સુધી તૃષ્ણા ઓછી કરવી જોઈએ. જન્મ જરા, મરણ, કોનાં છે ? કે જે તૃષ્ણા રાખે છે તેનાં જન્મ, જરા, મરણ છે. માટે જેમ બને તેમ તૃષ્ણા ઓછી કરતા જવું.

---

[૪૯૧] **૫૭૫** મુંબઈ, ફાગણ, ૧૯૫૧

જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજ સ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરુષના વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે. બારમે ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીના વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યુ છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાનીપુરુષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતા સુધી છે. નહીં તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે, તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્ગુરુના યોગ વિના નિજ સ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય ? નિજ સ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગદ્વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂનદશામાં મૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે ? પોતાના વિચારના બળે કરી, સત્સંગ સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગદ્વ્યવહાર વિશેષ બળ કરે છે, અને [illegible] વારંવાર શ્રી સદ્ગુરુનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત [illegible] યોગ્ય છે.

---

[૪૮૮] **૫૭૬** મુંબઈ, ચૈત્ર સુદ ૬, સોમ, ૧૯૫૧

[illegible] પત્ર ૧ [illegible] છે. અત્ર કુશળતા છે. પત્ર લખતાં લખતાં અથવા કંઈ [illegible] નિવૃત્તિ [illegible] છે, અને કળિકાળનું આટલું બધું માહાત્મ્ય [illegible] આનું કરવું શું ? પ્રવૃત્તિ થી એ આદિ વિક્ષેપથી [illegible] [illegible] કહેતાં લખતાં તેથી બીજા પ્રકારના [illegible] [illegible] બીજ પ્રવૃત્તિના નિરોધ વિના [illegible] [illegible] છે [illegible] કારણ [illegible]

લખ્યુ છે, એટલે વિશેષ લખવા જેવું અત્રે નથી, માત્ર ચિત્તમાં અત્રે વિશેષ સ્ફૂર્તિ થવાથી લખ્યું છે.

મોતીના વેપાર વગેરેની પ્રવૃત્તિ વધારે ન કરવા સબંધીનું બને તો સારું, એમ લખ્યુ તે યથાયોગ્ય છે; અને ચિત્તની નિત્ય ઇચ્છા એમ રહ્યા કરે છે. લોભહેતુથી તે પ્રવૃત્તિ થાય છે કે કેમ? એમ વિચારતાં લોભનુ નિદાન જણાતું નથી. વિષયાદિની ઇચ્છાએ પ્રવૃત્તિ થાય છે, એમ પણ જણાતું નથી; તથાપિ પ્રવૃત્તિ થાય છે, એમાં સંદેહ નથી. જગત કઈ લેવાને માટે પ્રવૃત્તિ કરે છે, આ પ્રવૃત્તિ દેવાને માટે થતી હશે એમ લાગે છે, અત્રે એ લાગે છે તે યથાર્થ હશે કે કેમ? તે માટે વિચારવાન પુરુષ જે કહે તે પ્રમાણ છે. એ જ વિનંતિ

લિ૦ રાયચંદના પ્રણામ.

---

[૪૫૮] ૫૭૭ મુંબઈ, ચૈત્ર, સુદ ૧૩, ૧૯૫૧

હાલ જો કોઈ વેદાંત સંબધી ગ્રથો વાંચવા અથવા શ્રવણ કરવાનું રહેતું હોય તો તે વિચારનો વિશેષ વિચાર થવા થોડો વખત શ્રી 'આચારાંગ', 'સૂયગડાંગ' તથા 'ઉત્તરાધ્યયન' વાંચવા, વિચારવાનુ બને તો કરશો.

વેદાંતના સિદ્ધાંતમા તથા જિનના આગમના સિદ્ધાંતમાં જુદાપણું છે, તોપણ જિનનાં આગમ વિશેષ વિચારનું સ્થળ જાણી વેદાંતનું પૃથક્કરણ થવા તે આગમ વાંચવા, વિચારવા યોગ્ય છે. એ જ વિનંતિ.

[૮૭૪-૩] ૫૭૮ મુંબઈ, ચૈત્ર સુદ ૧૪, શનિ, ૧૯૫૧

મુંબઈમાં નાણાંભીડ વિશેષ છે સટ્ટાવાળાઓને ઘણું નુકસાન ગયુ છે. તમને સૌને ભલામણ છે, કે સટ્ટા જેવે રસ્તે ન ચડાય તેનું પૂરતું ધ્યાન રાખશો. માતુશ્રી તથા પિતાશ્રીને પાયલાગણ.

રાયચંદના યથાયોગ્ય.

---

૫૭૯ મુંબઈ ચૈત્ર સુદ ૧૫, ૧૯૫૧

પરમ સ્નેહી શ્રી સોભાગ પ્રત્યે—શ્રી સાયલા

મોરબીથી લખેલો કાગળ ૧ પહોંચ્યો છે. રવિવારે અત્રેથી એક પત્તું મોરબી લખ્યુ છે. તે તમને સાયલે મળ્યું હશે

શ્રી ડુંગર સાથે આ તરફ આવવાનો વિચાર રાખ્યો છે. તે વિચાર પ્રમાણે આવવામાં શ્રી ડુંગરે પણ કંઈ વિક્ષેપ ન કરવો યોગ્ય છે. કેમકે અત્રે મને વિશેષ ઉપાધિ હાલ તરત નહીં રહે એવું સભવે છે દિવસ તથા રાતનો ઘણો ભાગ નિવૃત્તિમાં ગાળવો હોય તો મારાથી તેમ બની શકવા હાલ સંભવ છે

પરમ પુરુષની આજ્ઞાના નિર્વાહને અર્થે તથા ઘણા જીવોના હિતને માટે થઈ, આજી-

વિકાદિ સંબંધી તમે કંઈ લખો છો, અથવા પૂછો છો તેમાં મૌન જેવી રીતે વર્તવું થાય છે, તે સ્થળે બીજો કંઈ હેતુ નથી, જેથી મારા તેવા મૌનપણા માટે ચિત્તમાં અવિક્ષેપતા રાખશો, અને અત્યંત પ્રયોજન વિના અથવા મારી ઇચ્છા જાણ્યા વિના તે પ્રકાર મારા પ્રત્યે લખવાનું કે પૂછવાનું ન બને તો સારું. કેમકે તમારે અને મારે એવી દશાએ વર્તવું વિશેષ જરૂરનું છે, અને તે આજીવિકાદિ કારણથી તમારે વિશેષ ભયાકુળ થવું તે પણ યોગ્ય નથી. મારા પરની કૃપાથી આટલી વાત ચિત્તમાં તમે દૃઢ કરો તો બની શકે તેવી છે. બાકી કોઈ રીતે ક્યારે પણ ભિન્નભાવની બુદ્ધિથી મૌનપણું ધારણ કરવું મને સૂઝે એમ સંભવતું નથી, એવો નિશ્ચય રાખજો. આટલી ભલામણ દેવી તે પણ ઘટારત નથી, તથાપિ સ્મૃતિમાં વિશેષતા થવા લખ્યું છે.

આવવાનો વિચાર કરી મિતિ લખશો. જે કંઈ પૂછવું કરવું હોય તે સમાગમે પુછાય તો કેટલાક ઉત્તર આપી શકાય. હાલ પત્ર દ્વારા વધારે લખવાનું બની શકતું નથી.

ટપાલ વખત થવાથી આ પત્ર પૂરું કર્યું છે શ્રી ડુંગરને પ્રણામ કહેશો. અને અમારા પ્રત્યે લૌકિક દૃષ્ટિ રાખી, આવવાના વિચારમાં કંઈ શિથિલતા કરશો નહીં, એટલી વિનંતિ કરશો.

આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે, એવો પરમ પુરુષે કરેલો નિશ્ચય તે પણ અત્યંત પ્રત્યક્ષ છે. એ જ વિનંતી.

આજ્ઞાંકિત રાયચંદના પ્રણામ પ્રાપ્ત થાય

---

૫૮૦ મુંબઈ, ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૫૧

કેટલાક વિચારો જણાવવાની ઇચ્છા રહ્યા કરતાં છતાં પણ કોઈ ઉદય પ્રતિબંધથી તેમ થઈ શકતાં કેટલોક વખત વ્યતીત થયા કરે છે. જેથી વિનંતી છે કે તમે જે કંઈ પણ પ્રસંગોપાત્ત પૂછવા અથવા લખવા ઇચ્છા કરતા હો તો તેમ કરવામાં મારા તરફનો પ્રતિબંધ નથી, એમ સમજી લખવા અથવા પૂછવામાં અટકશો નહીં. એ જ વિનતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૪૯૦]

૫૮૧ ચૈત્ર વદ ૮, બુધ, મુંબઈ, ૧૯૫૧

ચેતનને ચેતન પર્યાય હોય અને જડને જડ પર્યાય હોય, એ જ પદાર્થની સ્થિતિ છે [illegible] જે જે પરિણામ થાય છે તે તે પર્યાય છે વિચાર કરવાથી આ વાત [illegible].

[illegible] બની શકે છે તેથી કેટલાક વિચારો જણાવવાનું બની શકતું [illegible] વિકલ્પનો ઉપશમ કરવારૂપ પ્રવૃત્તિનો ઉદય હોવાથી કોઈ કને સ્પષ્ટતાથી [illegible] એટલી બધી ઉપાધિ રહેતી નથી. તો પણ પ્રવૃત્તિ [illegible] નિયમ એથી નિવૃત્ત થવાનો નિશ્ચય [illegible]. એ જ વિનતિ.

પ્રણામ.

[૪૯૧] ૫૮૨ મુંબઈ, ચૈત્ર વદ ૮, ૧૯૫૧

આત્મવીર્ય પ્રવર્તાવવામાં અને સંકોચવામાં બહુ વિચાર કરી પ્રવર્તવું ઘટે છે.

શુભેચ્છાસંપન્ન ભાઈ કુંવરજી આણંદજી પ્રત્યે, શ્રી ભાવનગર.

વિશેષ વિનતિ કે, તમારું લખેલું પત્તુ ૧ પ્રાપ્ત થયુ છે. તે તરફ આવવા સંબધીમાં નીચે પ્રમાણે સ્થિતિ છે. લોકોને અંદેશો પડે એ જાતનો બાહ્ય વ્યવહારનો ઉદય છે. અને તેવા વ્યવહાર સાથે બળવાન નિર્ગ્રંથ પુરુષ જેવો ઉપદેશ કરવો તે, માર્ગના વિરોધ કરવા જેવું છે; અને એમ જાણીને તથા તેના જેવાં બીજાં કારણોનું સ્વરૂપ વિચારી ઘણું કરીને લોકોને અદેશાનો હેતુ થાય તેવા પ્રસંગમાં મારું આવવું થતું નથી. વખતે ક્યારેક કોઈ સમાગમમાં આવે છે, અને કંઈ સ્વાભાવિક કહેવા કરવાનું થાય છે, એમાં પણ ચિત્તની ઇચ્છિત પ્રવૃત્તિ નથી. પૂર્વે યથાસ્થિત વિચાર કર્યા વિના જીવે પ્રવૃત્તિ કરી તેથી આવા વ્યવહારનો ઉદય પ્રાપ્ત થયો છે, જેથી ઘણી વાર ચિત્તમાં શોચ રહે છે; પણ યથાસ્થિત સમપરિણામે વેદવું ઘટે છે એમ જાણી, ઘણું કરી તેવી પ્રવૃત્તિ રહે છે વળી આત્મદશા વિશેષ સ્થિર થવા અસંગપણામાં લક્ષ રહ્યા કરે છે. આ વ્યાપારાદિ ઉદય વ્યવહારથી જે જે સંગ થાય છે, તેમાં ઘણું કરી અસંગ પરિણામવત્ પ્રવૃત્તિ પ્રમાણે વર્તવુ ઘટે નહીં. તેમ બીજો આશય વિચારી પ્રવૃત્તિ કરવામાં આવે તો તેટલું સમર્થપણું હાલ નથી, તેથી તેવા પ્રસંગમાં ઘણું કરીને મારું આવવું ઓછું થાય છે; અને એ ક્રમ ફેરવવાનું ચિત્તમાં હાલ બેસતું નથી, છતાં તે તરફ આવવાના પ્રસંગમાં તેમ કરવાનો કંઈ પણ વિચાર મેં કર્યો હતો, તથાપિ તે ક્રમ ફેરવતાં બીજાં વિષમ કારણોનો આગળ પર સંભવ થશે એમ પ્રત્યક્ષ દેખાવાથી ક્રમ ફેરવવા સંબંધીની વૃત્તિ ઉપશમ કરવી યોગ્ય લાગવાથી તેમ કર્યું છે; આ આશય સિવાય ચિત્તમાં બીજો આશય પણ તે તરફ હાલ નહીં આવવાના સંબંધમા છે, પણ કોઈ લોકવ્યવહારરૂપ કારણથી આવવા વિષેનો વિચાર વિસર્જન કર્યો નથી.

ચિત્ત પર વધારે દબાણ કરીને આ સ્થિતિ લખી છે, તે પર વિચાર કરી જો કંઈ અગત્ય જેવું લાગે તો વખતે રતનજીભાઈને ખુલાસો કરશો. મારા આવવા નહિ આવવા વિષે જો કંઈ વાત નહીં ઉચ્ચારવાનું બને તો તેમ કરવા વિનતિ છે.

વિ૦ રાયચંદના પ્ર૦

---

[૪૯૨] ૫૮૩ મુંબઈ, ચૈત્ર વદ ૧૧, શુક્ર, ૧૯૫૧

એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે, અને તેવું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી, અને તજવો બનતો નથી, એ વેદના ઘણું કરીને દિવસના આખા ભાગમાં વેદવામાં આવ્યા કરે છે.

ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે કે બીજાં વ્યાવહારિક કાર્યોને વિષે જેવા જોઈએ તેવા ભાનથી પ્રવર્તાતું નથી, અને તે પ્રસંગો રહ્યા

હોવાથી આત્મપરિણતિને સ્વતંત્ર પ્રગટપણે અનુસરવામાં વિપત્તિ આવ્યા કરે છે; સં
વિષેનું ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરે છે.

અચલિત આત્મરૂપે રહેવાની સ્થિતિમાં જ ચિત્તેચ્છા રહે છે, અને ઉપર ગયું
પ્રસંગોની આપત્તિને લીધે કેટલોક તે સ્થિતિનો વિયોગ રહ્યા કરે છે; અને તે વિ
માત્ર પરેચ્છાથી રહ્યો છે, સ્વેચ્છાના કારણથી રહ્યો નથી; એ એક ગંભીર વેદના ક્ષણે
થયા કરે છે.

આ જ ભવને વિષે અને થોડા જ વખત પહેલાં વ્યવહારને વિષે પણ સ્મૃતિ
હતી. તે સ્મૃતિ હવે વ્યવહારને વિષે કવચિત જ, મંદપણે પ્રવર્તે છે. થોડા જ
પહેલાં, એટલે થોડાં વર્ષો પહેલા વાણી ઘણુ બોલી શકતી, વક્તાપણે કુશળતાથી પ્ર
શકતી, તે હવે મંદપણે અવ્યવસ્થાથી પ્રવર્તે છે. થોડાં વર્ષ પહેલાં, થોડા વખત
લેખનશક્તિ અતિ ઉગ્ર હતી, આજે શું લખવું તે સૂઝતાં સૂઝતાં દિવસના દિવસ
થઈ જાય છે, અને પછી પણ જે કંઈ લખાય છે, તે ઈચ્છેલું અથવા યોગ્ય વ્યવસ્થા
લખાતું નથી; અર્થાત્ એક આત્મપરિણામ સિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદા
પણું વર્તે છે; અને જે કંઈ કરાય છે તે જેવા જોઈએ તેવા ભાનના સોમા અંશથી
નથી થતું. જેમ તેમ અને જે તે કરાય છે. લખવાની પ્રવૃત્તિ કરતાં વાણીની પ્રવૃત્તિ
ઠીક છે, જેથી કંઈ આપને પૂછવાની ઇચ્છા હોય, જાણવાની ઇચ્છા હોય તેના વિષે
ગમે કહી શકાશે.

કુંદકુંદાચાર્ય અને આનંદઘનજીને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતુ. કુંદકુંદાચાર્ય
તો આત્મસ્થિતિમાં બહુ સ્થિત હતા.

નામને જેને દર્શન હોય તે બધા સમ્યક્જ્ઞાની કહી શકાતા નથી. વિશેષ હવે

૪૯૪] ૫૮૬ મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૧

ૐ

વધારે વિચારનું સાધન થવા આ પત્ર લખ્યું છે.

પૂર્ણજ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરુષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઈ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે, અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં વારંવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઈ આવે છે, કે જો આ વિષમ પ્રારબ્ધોદયમાં કંઈ પણ ઉપયોગની યથાતથ્યતા ન રહી તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો જોઈશે; અને પશ્ચાત્તાપપૂર્વક દેહ છૂટશે; એવી ચિંતા ઘણી વાર થઈ આવે છે.

આ પ્રારબ્ધોદય મટી નિવૃત્તિકર્મ વેદવારૂપ પ્રારબ્ધનો ઉદય થવા આશય રહ્યા કરે છે, પણ તે તરતમાં એટલે એકથી દોઢ વર્ષમાં થાય એમ તો દેખાતું નથી; અને પળ પળ જવી કઠણ પડે છે. એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી; કંઈક ઉદય વિશેષ મોળો પડશે એમ લાગે છે.

આત્માની કેટલીક અસ્થિરતા રહે છે. ગયા વર્ષનો મોતી સંબંધી વ્યાપાર લગભગ પતવા આવ્યો છે. આ વર્ષનો મોતી સંબંધી વ્યાપાર ગયા વર્ષ કરતાં લગભગ બમણો થયો છે. ગયા વર્ષ જેવું તેમાં પરિણામ આવવું કઠણ છે. થોડા દિવસ કરતાં હાલ ઠીક છે, અને આ વર્ષે પણ તેનું ગયા વર્ષ જેવું નહીં તોપણ કંઈક ઠીક પરિણામ આવશે એમ સંભવ રહે છે; પણ ઘણો વખત તેના વિચારમાં વ્યતીત થવા જેવું થાય છે, અને તે માટે શોચ થાય છે, કે આ એક પરિગ્રહની કામનાના બળવાન પ્રવર્તન જેવું થાય છે, તે શમાવવું ઘટે છે; અને કંઈક કરવું પડે એવાં કારણો રહે છે. હવે જેમ તેમ કરી તે પ્રારબ્ધોદય તરત ક્ષય થાય તો સારું એમ મનમાં ઘણી વાર રહ્યા કરે છે.

અત્રે જે આડત તથા મોતી સંબંધી વેપાર છે, તેમાંથી ભાગથી છૂટવાનું બને અથવા તેનો ઘણો પ્રસંગ ઓછો થવાનું થાય તેવો કોઈ રસ્તો ધ્યાનમાં આવે તો લખશો; ગમે તો આ વિષે સમાગમમાં વિશેષતાથી જણાવી શકાય તો જણાવશો. આ વાત લક્ષમાં રાખશો.

ત્રણ વર્ષની લગભગથી એવું વર્તાયા કરે છે, કે પરમાર્થ સંબંધી કે વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં કંટાળો આવી જાય છે. અને લખતાં લખતાં કલ્પિત જેવું લાગવાથી વારંવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે. પરમાર્થમાં ચિત્ત જે વખતે એકાગ્રવત્ હોય ત્યારે જો પરમાર્થ સંબંધી લખવાનું અથવા કહેવાનું બને તો તે યથાર્થ કહેવાય, પણ ચિત્ત અસ્થિરવત્ હોય, અને પરમાર્થસંબંધી લખવાનું કે કહેવાનું કરવામાં આવે તો તે ઉદીરણા જેવું થાય, તેમ જ અંતર્વૃત્તિનો યથાતથ્ય તેમાં ઉપયોગ નહીં હોવાથી ને આત્મબુદ્ધિથી લખ્યું કે કહ્યું નહીં હોવાથી કલ્પિતરૂપ કહેવાય; જેથી તથા તેવા બીજાં કારણોથી પરમાર્થ સંબંધી લખવાનું તથા કહેવાનું ઘણું ઓછું થઈ ગયું છે. આ સ્થળે સહજ પ્રશ્ન થશે, કે ચિત્ત અસ્થિરવત્ થઈ જવાનો હેતુ શો છે? પરમાર્થમાં જે ચિત્ત વિશેષ એકાગ્રવત્ રહેતું

તે ચિત્ત પરમાર્થમાં અસ્થિરવત્ થવાનું કારણ કંઈ પણ જોઈએ. જો પરમાર્થ સંશયનો હેતુ લાગ્યો હોય, તો તેમ બને, અથવા કોઈ તથાવિધ આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદયના બળથી તેમ થાય. આ બે હેતુથી પરમાર્થવિચાર કરતાં, લખતાં કે કહેતાં ચિત્ત અસ્થિરવત્ વર્તે. તેમાં પ્રથમ કહ્યો તે હેતુ વર્તવાનો સંભવ નથી. માત્ર બીજો હેતુ કહ્યો તે સંભવે છે. આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદય હોવાથી તે હેતુ ટાળવાને પુરુષાર્થ છતાં કાળક્ષેપ થયા કરે છે; અને તેવા ઉદય સુધી તે અસ્થિરતા ટળવી કઠણ છે; અને તેથી પરમાર્થસ્વરૂપ ચિત્ત વિના તે સંબંધી લખવું, કહેવું એ કલ્પિત જેવું લાગે છે, તોપણ કેટલાક પ્રસંગમાં વિશેષ સ્થિરતા રહે છે. વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે, અને જે કંઈ લખવું કહેવું છે તે ન કહ્યું હોય તો પણ ચાલી શકે એવું છે, માટે જ્યાં સુધી તેમ વર્તે ત્યા સુધી તો જરૂર તેમ વર્તવું ઘટે છે; એમ જાણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઈ છે. માત્ર જે વ્યાપારાદિ વ્યવહારમાં તીવ્ર પ્રારબ્ધોદયે પ્રવૃત્તિ છે ત્યાં કંઈક પ્રવૃત્તિ થાય છે. લોકે તેનું પણ યથાર્થપણું જણાતું નથી.

શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે; અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી; એવો નિશ્ચળ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળને વિષે અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર છે.

જે પ્રશ્ન આજના પત્રમા બીડયાં છે તેનો સમાગમે ઉત્તર પૂછશો. દર્પણ, જળ, દીપક, સૂર્ય અને ચક્ષુના સ્વરૂપ પર વિચાર કરશો તો કેવળજ્ઞાનથી પદાર્થનું જે પ્રકાશકપણું થાય છે એમ જિને કહ્યું છે તે સમજવાને કંઈક સાધન થશે.

---

[૪૯૫] ૫૮૭ મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૧

કેવળજ્ઞાનથી પદાર્થ કેવા પ્રકારે દેખાય છે?' એ પ્રશ્નનો ઉત્તર વિશેષ કરી સમાગમમાં સમજવાથી સ્પષ્ટ સમજી શકાય તેવો છે, તોપણ સંક્ષેપમાં નીચે લખ્યો છે:—

જેમ દીવો જ્યાં જ્યાં હોય છે, ત્યાં ત્યાં પ્રકાશકપણે હોય છે, તેમ જ્ઞાન જ્યાં જ્યાં હોય છે ત્યાં ત્યાં પ્રકાશકપણે હોય છે. દીવાનો સહજ સ્વભાવ જ જેમ પદાર્થપ્રકાશક હોય છે, તેમ જ્ઞાનનો સહજ સ્વભાવ પણ પદાર્થપ્રકાશક છે. દીવો દ્રવ્યપ્રકાશક છે, અને જ્ઞાન દ્રવ્ય, ભાવ બન્નેને પ્રકાશક છે. દીવાના પ્રગટવાથી તેના પ્રકાશની સીમામાં જે કોઈ પદાર્થ હોય છે તે સહજે દેખાઈ રહે છે; તેમ જ્ઞાનના વિદ્યમાનપણાથી પદાર્થનું સહજે દેખાવું થાય છે, જેમાં યથાતથ્ય અને સંપૂર્ણ પદાર્થનું સહજે દેખાઈ રહેવું થાય છે, તેને 'કેવળજ્ઞાન' કહ્યું છે. જોકે પરમાર્થથી એમ કહ્યું છે કે કેવળજ્ઞાન પણ અનુભવમાં તો માત્ર આત્માનુભવકર્તા છે, વ્યવહારનયથી લોકાલોક પ્રકાશક છે. આરસો, દીવો, સૂર્ય, અને ચક્ષુ, જેમ પદાર્થપ્રકાશક છે, તેમ જ્ઞાન પણ પદાર્થપ્રકાશક છે.

:૯૬] ૫૮૮ મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૧

ૐ

શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી , અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડમાર્ગ હ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર.

આત્મસ્વરૂપનો નિશ્ચય થવામાં જીવની અનાદિથી ભૂલ થતી આવી છે. સમસ્ત શ્રુત .નસ્વરૂપ એવા દ્વાદશાંગમાં સૌથી પ્રથમ ઉપદેશયોગ્ય એવું 'આચારાંગસૂત્ર' છે; તેના થમ શ્રુત સ્કંધમાં પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશામા પ્રથમ વાક્યે જે શ્રી જિને ઉપદેશ ર્યો છે; તે સર્વ અંગના, સર્વ શ્રુતજ્ઞાનના સારસ્વરૂપ છે, મોક્ષના બીજભૂત છે, સમ્યક્ત્વ-રૂપ છે, તે વાક્ય પ્રત્યે ઉપયોગ સ્થિર થવાથી જીવને નિશ્ચય આવશે, કે જ્ઞાનીપુરુષના માગમની ઉપાસના વિના જીવ સ્વચ્છંદે નિશ્ચય કરે તે છૂટવાનો માર્ગ નથી.

સર્વ જીવનું પરમાત્માપણું છે એમાં સંશય નથી તો પછી શ્રી દેવકરણજી પોતાને રમાત્મ-સ્વરૂપ માને તો તે વાત અસત્ય નથી, પણ જ્યાં સુધી તે સ્વરૂપ યથાતથ્ય પ્રગટે હીં ત્યાં સુધી મુમુક્ષુ, જિજ્ઞાસુ રહેવું તે વધારે સારુ છે, અને તે રસ્તે યથાર્થ પરમાત્મપણું ગટે છે. જે માર્ગ મૂકીને પ્રવર્તવાથી તે પદનુ ભાન થતું નથી, તથા શ્રી જિન વીતરાગ ર્વજ્ઞ પુરુષોની આસાતના કરવારૂપ પ્રવૃત્તિ થાય છે. બીજો મતભેદ કંઈ નથી.

મૃત્યુનું આવવું અવશ્ય છે.

આ૦ સ્વ૦ પ્રણામ

૪૯૭] ૫૮૯ મુંબઈ, ચૈત્ર વદ ૧૩, ૧૯૫૧

તમારે વેદાંત ગ્રંથ વાંચવાનો કે તે પ્રસંગની વાતચીત શ્રવણ કરવાનો પ્રસંગ રહેતો ાય તો તે વાંચનથી તથા શ્રવણથી જીવમાં વૈરાગ્ય અને ઉપશમ વર્ધમાન થાય તેમ કરવું ાગ્ય છે. તેમા પ્રતિપાદન કરેલા સિદ્ધાંતનો નિશ્ચય જો થતો હોય તો કરવામાં બાધ નથી. ઘાપિ જ્ઞાનીપુરુષના સમાગમ, ઉપાસનાથી સિદ્ધાંતનો નિશ્ચય કર્યા વિના આત્મવિરોધ ાવા સંભવ છે.

૪૯૮] ૫૯૦ મુંબઈ, ચૈત્ર વદ ૧૪, ૧૯૫૧

ચારિત્ર (શ્રી જિનના અભિપ્રાયમાં શું છે ? તે વિચારી સમવસ્થાન થવું,)-દશા સંબંધી અનુપ્રેક્ષા કરવાથી જીવમાં સ્વસ્થતા ઉત્પન્ન થાય છે. તે વિચારે કરી ઉત્પન્ન થયેલી ચારિત્રપરિણામ સ્વભાવરૂપ સ્વસ્થતા વિના જ્ઞાન અફળ છે, એવો જિનનો અભિમત તે અવ્યાબાધ સત્ય છે

તે સંબંધી અનુપ્રેક્ષા ઘણી વાર રહ્યા છતાં ચંચળ પરિણતિનો હેતુ એવો ઉપાધિયોગ તીવ્ર ઉદયરૂપ હોવાથી ચિત્તમાં ઘણું કરી ખેદ જેવું રહે છે. અને તે ખેદથી શિથિલતા ઉત્પન્ન થઈ વિશેષ જણાવવાનું થઈ શકતું નથી. બાકી કંઈ જણાવવા વિષે તો ચિત્તમાં ઘણી વાર રહે છે. પ્રસંગોપાત્ત કંઈ વિચાર લખો તેમાં કંઈ અડચણ નથી. એ જ વિનંતિ.

---

[૪૯૯] ૫૯૧ મુંબઈ, ચૈત્ર, ૧૯૫૧

વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્તવાથી આગળ પર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમકે જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી. માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો ઉત્સુક પરિણામ, વિષય આરાધતાં ઉત્પન્ન થયા વિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરુષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઇચ્છાએ તેમાં પ્રવર્તતા નથી, અને એમ જો પ્રવર્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવાયોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાનીપુરુષની ભોગપ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામસંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુજીવ વૈરાગ્યના ઉદ્દ્ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાય સંભવ છે, કેમકે જ્ઞાનીપુરુષ પણ તે પ્રસંગોને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચારદશા છે, એવા પુરુષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે.

---

[૫૦૪] ૫૯૨ મુંબઈ, વૈશાખ સુદ, ૧૯૫૧

આર્ય શ્રી સોભાગ્ય પ્રત્યે, સાયલા.

કાગળ મળ્યો છે.

શ્રી. અંબાલાલ પ્રત્યે સુધારસ સંબંધી વાતચીત કરવાનો અવસર તમને પ્રાપ્ત થાય તો કરશો.

જે દેહ પૂર્ણ યુવાવસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતાં છતાં પણ ક્ષણભંગુર છે. તે દેહમાં પ્રીતિ કરીને શું કરીએ?

જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે, એવો આ દેહ તે પણ દુઃખનો હેતુ છે. તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી?

જે પુરુષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદું છે, એમ આત્માથી શરીર જુદું છે એમ દીઠું છે. તે પુરુષો ધન્ય છે,

બીજાની વસ્તુ પોતાથી ગ્રહણ થઈ હોય, તે જ્યારે એમ જણાય કે બીજાની છે, ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરુષો કરે છે.

દુઃષમકાળ છે એમાં સંશય નથી

તથારૂપ પરમજ્ઞાની આપ્તપુરુષનો પ્રાયે વિરહ છે.

વિરલા જીવો સમ્યક્દૃષ્ટિપણું પામે એવી કાળસ્થિતિ થઈ ગઈ છે; જ્યાં સહજસિદ્ધ આત્મચારિત્રદશા વર્તે છે એવું કેવળજ્ઞાન પામવું કઠણ છે, એમાં સંશય નથી.

પ્રવૃત્તિ વિરામ પામતી નથી; વિરક્તપણું ઘણું વર્તે છે.

વનને વિષે અથવા એકાંતને વિષે સહજસ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ વર્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે.

૫૦૫] ૫૯૩ મુંબઈ, વૈશાખ સુદ ૧૫, બુધ, ૧૯૫૧

આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

અનાદિકાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે, જેથી સ્વસ્થતા પ્રત્યે આવવું દુર્ગમ પડે છે. શ્રી જિને એમ કહ્યું છે, કે યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતી વાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથિભેદ થવા સુધી આવવાનું થાય છે ત્યારે ક્ષોભ પામી પાછો સંસારપરિણામી થયા કર્યો છે; ગ્રંથિભેદ થવામાં જે વીર્યગતિ જોઈએ તે થવાને અર્થે જીવે નિત્યપ્રત્યે સત્સમાગમ, સદ્વિચાર અને સદ્ગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે.

આ દેહનું આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થયું જાય છે. એ માટે અત્યંત શોક થાય છે અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમ જેવા અવિચારી પણ થોડા સમજવા.

જે જ્ઞાનથી કામ નાશ પામે તે જ્ઞાનને અત્યંત ભક્તિએ નમસ્કાર હો.

આ૦ સ્વ૦ યથા૦

૫૦૬] ૫૯૪ મુંબઈ, વૈશાખ સુદ ૧૫, બુધ, ૧૯૫૧

સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા તે રોગ, જરાદિથી આત્માને જ દુઃખરૂપ થઈ પડે છે, તો પછી તેથી દૂર એવાં ધનાદિથી જીવને તથારૂપ (યથાયોગ્ય) સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાનની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઈએ; અને કોઈ બીજા વિચારમાં જવી જોઈએ; એવો જ્ઞાનીપુરુષોએ નિર્ણય કર્યો છે, તે યથાતથ્ય છે.

૫૦૭] ૫૯૫ મુંબઈ, વૈશાખ, વદ ૭, ગુરુ, ૧૯૫૧

વેદાંતાદિમાં આત્મસ્વરૂપની જે વિચારણા કહી છે, તે વિચારણા કરતાં શ્રી જિનાગમમાં જે આત્મસ્વરૂપની વિચારણા કહી છે, તેમાં ભેદ પડે છે. સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજસ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગદ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં એવો નિશ્ચય જિને કહ્યો છે તે, વેદાંતાદિ કરતાં બળવાન પ્રમાણભૂત છે.

૫૦૮] ૫૯૬ મુંબઈ, વૈશાખ વદ ૭, ગુરુ, ૧૯૫૧

સર્વ કરતાં વીતરાગનાં વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે. કેમકે જ્યાં રાગાદિ દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ પ્રગટવાયોગ્ય નિયમ ઘટે છે.

શ્રી જિનને સર્વ કરતાં ઉત્કૃષ્ટ વીતરાગતા સંભવે છે, પ્રત્યક્ષ તેમનાં વચનનું પ્રમાણ છે માટે. જે કોઈ પુરુષને જેટલે અંશે વીતરાગતા સંભવે છે, તેટલે અંશે તે પુરુષનું વાક્ય માન્યતાયોગ્ય છે. સાંખ્યાદિ દર્શને બંધમોક્ષની જે જે વ્યાખ્યા ઉપદેશી છે. તેથી બળવાન પ્રમાણસિદ્ધ વ્યાખ્યા શ્રી જિન વીતરાગે કહી છે, એમ જાણું છું.

---

[૫૧૭] ૬૦૬ મુંબઈ, જેઠ વદ ૫, બુધ, ૧૯૫

સર્વને વિષે સમભાવની ઇચ્છા રહે છે.

એ શ્રીપાળનો રસ કરતાં, જ્ઞાન અમૃત રસ વૂઠ્યો રે, મુજ૦ —શ્રી યશોવિજયજી

પરમ સ્નેહી શ્રી સોભાગ, શ્રી સાયલા.

તીવ્ર વૈરાગ્યવાનને, જે ઉદયના પ્રસંગ શિથિલ કરવામાં ઘણી વાર ફળીભૂત થા છે, તેવા ઉદયના પ્રસંગ જોઈ ચિત્તમાં અત્યંત ઉદાસપણું આવે છે. આ સંસાર કયા કારણે પરિચય કરવા યોગ્ય છે? તથા તેની નિવૃત્તિ ઇચ્છનાર એવા વિચારવાનને પ્રારબ્ધવશાત્ તેનો પ્રસંગ રહ્યા કરતો હોય તો તે પ્રારબ્ધ બીજે કોઈ પ્રકારે ત્વરાએ વેદી શકાય કે કેમ? તે તમે તથા શ્રી ડુંગર વિચાર કરીને લખશો.

જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે, તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો!

નહીં ઇચ્છવામાં આવતાં છતાં જીવને ભોગવવું પડે છે, એ પૂર્વકર્મનો સંબંધ યથાર્થ સિદ્ધ કરે છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ બન્નેને પ્રણામ.

---

[૬૧૯] ૬૦૭ મુંબઈ, જેઠ વદ ૭, ૧૯૫૧

શ્રી મુનિ,

'જગમની જુક્તિ તો સર્વે જાણીએ, સમીપ રહે પણ શરીરનો નહીં સંગ જો;'
'એકાંતે વસવું રે એક જ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.'

—ઓધવજી અબળા તે સાધન શું કરે?

---

[૫૧૫] ૬૦૮ મુંબઈ, જેઠ વદ ૧૦, સોમ, ૧૯૫૧

તથારૂપ ગંભીર વાક્ય નથી, તોપણ આશય ગંભીર હોવાથી એક લૌકિક વચન આત્મામાં હાલ ઘણી વાર સ્મરણ થઈ આવે છે, તે વાક્ય આ પ્રમાણે છે.—'રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે.' વાક્ય અગંભીર હોવાથી લખવામાં પ્રવૃત્તિ ન થાત, પણ આશય ગંભીર હોવાથી અને પોતાને વિષે વિચારવાનું વિશેષ હોવાથી તમને પત્ર લખવાનું સ્મરણ થતાં આ વાક્ય લખ્યું છે, તેના પર યથાશક્તિ વિચાર કરશો. એ જ વિનંતિ

લિ૦ રાયચંદના પ્રણામ વાંચશો

---

[૫૧૮] ૬૦૯ મુંબઈ, જેઠ, ૧૯૫૧

૧ સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે

૨ સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી, જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે.

૩ [illegible] આ જીવ સહજસ્થિતિને ભૂલ્યો છે; સંગની નિવૃત્તિએ સહજસ્વ[illegible] ભાન પ્રગટે છે

૪ [illegible] જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે

જેના અંગે સર્વ આત્મસાધન રહ્યાં છે.

૫. સર્વ જિનાગમમા કહેલાં વચનો એક માત્ર અસંગપણામાં જ સમાય છે; કેમકે તે થવાને અર્થે જ તે સર્વ વચનો કહ્યાં છે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકની અને મેષોન્મેષથી માંડી શૈલેશીઅવસ્થા પર્યંતની સર્વ ક્રિયા વર્ણવી છે, તે એ જ અસંગતા સમજાવવાને અર્થે વર્ણવી છે.

૬. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.

૭ તે સત્સંગ પણ જીવને ઘણી વાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે કેમકે તે સત્સંગને ઓળખી, આ જીવે તેને પરમહિતકારી જાણ્યો નથી; પરમસ્નેહે ઉપાસ્યો નથી, અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કર્યો છે, એમ કહ્યું છે. આ અમે કહ્યુ તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સહજસમાધિપર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હુ અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું.

૮ અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.

૯. તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાક છે; કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો.

૧૦. મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇન્દ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમા મિથ્યાગ્રહાદિ નાશ પામે; અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.

૧૧ સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે, કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી, પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.

૧૨. સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

૧૩. જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ કરવું છે, તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્ત્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઇંદ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યા જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યા જ કરવાં. કેમકે સત્સંગ પ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું પણ હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરણમાં થતાં પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.

સંક્ષેપમાં લખાયલાં જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારાં આ વાક્યો મુમુક્ષુજીવે પોતાના આત્માને વિષે નિરંતર પરિણામી કરવા યોગ્ય છે; જે પોતાના આત્મગુણને વિશેષ વિચારવા શબ્દરૂપે અમે લખ્યાં છે.

---

[૫૨૦]

૬૧૦ મુંબઈ, અસાડ સુદ ૧, રવિ, ૧૯૫૧

પંદરેક દિવસ પ્રથમ એક અને એક આજે એમ બે પત્ર મળ્યાં છે. આજના પત્રમાં બે પ્રશ્ન જાણ્યા છે. સંક્ષેપથી તેનું સમાધાન આ પ્રમાણે છે:—

(૧) સત્યનું જ્ઞાન થયા પછી મિથ્યાપ્રવૃત્તિ ન ટળે એમ બને નહીં. કેમકે જેટલે અંશે સત્યનું જ્ઞાન થાય તેટલે અંશે મિથ્યાભાવપ્રવૃત્તિ મટે, એવો જિનનો નિશ્ચય છે. કદી પૂર્વપ્રારબ્ધથી બાહ્યપ્રવૃત્તિનો ઉદય વર્તતો હોય તોપણ મિથ્યાપ્રવૃત્તિમાં તાદાત્મ્ય થાય નહીં, એ જ્ઞાનનું લક્ષણ છે; અને નિત્યપ્રત્યે મિથ્યાપ્રવૃત્તિ પરિક્ષીણ થાય એ જ સત્યજ્ઞાનની પ્રતીતિનું ફળ છે. મિથ્યાપ્રવૃત્તિ કંઈ પણ ટળે નહીં, તો સત્યનું જ્ઞાન પણ સંભવે નહીં.

(૨) દેવલોકમાંથી જે મનુષ્યમાં આવે તેને લોભ વધારે હોય એ આદિ કહ્યું છે તે સામાન્યપણે છે, એકાંત નથી. એ જ વિનંતિ.

---

[૫૨૧]

૬૧૧ મુંબઈ, અસાડ સુદ ૧, રવિ, ૧૯૫૧

અમુક વનસ્પતિની અમુક ઋતુમાં જેમ ઉત્પત્તિ થાય છે, તેમ અમુક ઋતુમાં વિપરિણામ પણ થાય છે. સામાન્ય રીતે કેરીના રસ સ્પર્શનું વિપરિણામ આર્દ્રા નક્ષત્રમાં થાય છે. આર્દ્રા નક્ષત્ર પછી જે કેરી ઉત્પન્ન થાય છે તેનો વિપરિણામકાળ આર્દ્રા નક્ષત્ર છે, એમ નથી; પણ સામાન્યપણે ચૈત્ર વૈશાખાદિ માસમાં ઉત્પન્ન થતી કેરી પરત્વે આર્દ્રા નક્ષત્રે વિપરિણામ પામે છે.

૫૨૨] ૬૧૨ મુંબઈ, અસાડ સુદ ૧, રવિ, ૧૯૫૧

ૐ

રમ સ્નેહી શ્રી સોભાગ—શ્રી સાયલા.

આપના તરફથી બે પત્ર મળ્યા છે. અમારાથી હાલ કંઈ વિશેષ લખવાનું થતું નથી, ાગળ જે વિસ્તારથી એક પ્રશ્નના સમાધાનમાં ઘણા પ્રકારના દૃષ્ટાંત સિદ્ધાંતથી લખવાનું ની શકતું હતું તેટલુ હાલ બની શકતું નથી, એટલું જ નહીં પણ ચાર લીટી જેટલું ખવું હોય તોપણ કઠણ પડે છે; કેમકે અંતર્વિચારના ચિત્તની હાલ પ્રવૃત્તિ વિશેષ રહે ; અને લખવા વગેરેની પ્રવૃત્તિથી ચિત્ત સંક્ષિપ્ત રહે છે. વળી ઉદય પણ તથારૂપ વર્તે . આગળ કરતાં બોલવાના સંબંધમા પણ આ જ પ્રકારે ઘણું કરી ઉદય વર્તે છે. તોપણ ખવા કરતાં કેટલીક વાર બોલવાનું કંઈક વિશેષ બની શકે છે. જેથી સમાગમે કંઈ જાણવા- ાગ્ય પૂછવું હોય તો સ્મરણ રાખશો.

અહોરાત્ર ઘણું કરી વિચારદશા રહ્યા કરે છે; જે સંક્ષેપમાં પણ લખવાનુ બની શકતું થી. સમાગમમાં કંઈ પ્રસંગોપાત્ત કહી શકાશે તો તેમ કરવા ઇચ્છા રહે છે, કેમકે તેથી ામને પણ હિતકારક સ્થિરતા થશે.

કબીરપંથી ત્યાં આવ્યા છે; તેમનો સમાગમ કરવામાં બાધ સંભવતો નથી; તેમ જ ાઈ તેમની પ્રવૃત્તિ યથાયોગ્ય ન લાગતી હોય તો તે વાત પર વધારે લક્ષ ન દેતાં કંઈ ામના વિચારનું અનુકરણ કરવાયોગ્ય લાગે તે વિચારવું

વૈરાગ્યવાન હોય તેનો સમાગમ કેટલાક પ્રકારે આત્મભાવની ઉન્નતિ કરે છે.

સાયલે અમુક વખત સ્થિરતા કરવા સંબંધી આપે લખ્યુ, તે વાત હાલ ઉપશમ ારવાનું ઘણુ કરી ચિત્ત રહે છે કેમકે લોકસંબંધી સમાગમથી ઉદાસભાવ વિશેષ રહે છે. ેમ જ એકાંત જેવા યોગ વિના કેટલીક પ્રવૃત્તિનો રોધ કરવો બની શકે નહીં, જેથી ાપે લખેલી ઇચ્છા માટે પ્રવૃત્તિ થઈ શકવી અશક્ય છે.

અત્રેથી જે મિતિએ નિવૃત્ત થઈ શકાય તેવું હશે, તે મિતિ તથા ત્યાર પછીની વ્યવસ્થા ષે વિચાર યથાયોગ્ય થયે તે વિષે આપના તરફ પત્ર લખીશું.

શ્રી ડુંગર તથા તમે કંઈ જ્ઞાનવાર્તા લખશો અત્રેથી પત્ર આવે ન આવે તે પર વાટ ન જોશો.

શ્રી સોભાગનો વિચાર હાલ આ તરફ આવવા વિષે રહેતો હોય તો હજી વિલંબ કરવો યોગ્ય છે.

કંઈ જ્ઞાનવાર્તા લખવાનુ બને તો લખશો. એ જ વિનતિ

આ૦ સ્વ૦ પ્રણામ.

---

[૫૨૩] ૬૧૩ મુંબઈ, અસાડ સુદ ૧૧, બુધ, ૧૯૫૧

જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિન- પ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત (માઠા) ભાવે તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં 'અનંતાનુબંધી'નો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે, તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છે. સત્દેવ, સદ્ગુરુ અને સત્ધર્મનો જે

પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમજ સદ્ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિએ પ્રવર્તતાં 'અનંતાનુબંધી કષાય' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવાયોગ્ય છે, સંક્ષેપમાં 'અનંતાનુબંધી કષાય'ની વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે.

જે પુત્રાદિ વસ્તુ લોકસંજ્ઞાએ ઇચ્છવાયોગ્ય ગણાય છે, તે વસ્તુ દુઃખદાયક અને અસારભૂત જાણી પ્રાપ્ત થયા પછી નાશ પામ્યા છતાં પણ ઇચ્છવાયોગ્ય લાગતી નહોતી, તેવા પદાર્થની હાલ ઇચ્છા ઉત્પન્ન થાય છે, અને તેથી અનિત્યભાવ જેમ બળવાન થાય તેમ કરવાની જિજ્ઞાસા ઉદ્ભવે છે, એ આદિ ઉદાહરણ સાથે લખ્યું તે વાંચ્યું છે.

જે પુરુષની જ્ઞાનદશા સ્થિર રહેવા યોગ્ય છે, એવા જ્ઞાનીપુરુષને પણ સંસારપ્રસંગનો ઉદય હોય તો જાગૃતપણે પ્રવર્તવું ઘટે છે, એમ વીતરાગે કહ્યું છે, તે અન્યથા નથી, અને આપણે સૌએ જાગૃતપણે પ્રવર્તવું કરવામાં કંઈ શિથિલતા રાખીએ તો તે સંસારપ્રસંગથી બાધ થતા વાર ન લાગે, એવો ઉપદેશ એ વચનોથી આત્મામાં પરિણામી કરવા યોગ્ય છે. એમાં સંશય ઘટતો નથી. પ્રસંગની સાવ નિવૃત્તિ અશક્ય થતી હોય તો પ્રસંગ સંક્ષેપ કરવો ઘટે, અને ક્રમે કરીને સાવ નિવૃત્તિરૂપ પરિણામ આણવું ઘટે, એ મુમુક્ષુ પુરુષનો ભૂમિકાધર્મ છે. સત્સંગ, સત્શાસ્ત્રના યોગથી તે ધર્મનું આરાધન વિશેષે કરી સંભવે છે.

૬૧૪

પુત્રાદિ પદાર્થની પ્રાપ્તિમાં અનાસક્તિ થવા જેવું થયું હતું પણ તેથી હાલ વિપરીત ભાવના વર્તે છે. તે પદાર્થને જોઈ પ્રાપ્તિ સંબંધી ઇચ્છા ઉદ્ભવે છે, તેથી એમ સમજાય છે કે કોઈ વિશેષ સામર્થ્યવાન મહાપુરુષો સિવાયના સામાન્ય મુમુક્ષુએ તેવા પદાર્થનો સમાગમ કરી તથારૂપ અનિત્યપણું તે પદાર્થનું સમજીને ત્યાગ કર્યો હોય તો તે ત્યાગનો નિર્વાહ થઈ શકે નહીં તો હાલ જેમ વિપરીત ભાવના ઉત્પન્ન થઈ છે તેમ ઘણું કરીને થવાનો વખત તેવા મુમુક્ષુને આવવાનો સંભવ છે. અને આવો ક્રમ કેટલાક પ્રસંગો પર મોટા પુરુષોને પણ માન્ય હોય તેમ સમજાય છે, એ પર સિદ્ધાંતસિંધુનો કથાસંક્ષેપ તથા બીજા દૃષ્ટાંત લખ્યાં તે માટે સંક્ષેપમાં આ લખ્યાથી સમાધાન વિચારશો.

---

[૫૨૪] ૬૧૫ મુંબઈ, અસાડ સુદ ૧૩, ગુરુ, ૧૯૫[illegible]

શ્રીમદ્ વીતરાગાય નમઃ

શાશ્વત માર્ગનૈષ્ઠિક શ્રી સોભાગ પ્રત્યે યથાયોગ્યપૂર્વક, શ્રી સાયલા.

તમારાં લખેલાં પત્ર મળ્યાં છે. તથારૂપ ઉદયવિશેષથી પ્રત્યુત્તર લખવાની પ્રવૃ[illegible] હાલ સંક્ષેપ થઈ છે. જેથી આજથી પત્ર લખવામાં વિલંબ થાય છે. પણ તમે [illegible] સ્મરણનું જે થાય તે લખવામાં તે વિલંબના કારણથી ન અટકશો. [illegible] તેથી જ્ઞાનવાર્તા જણાવવાનું બન્યું નથી. તે લખશો. [illegible] છે કે કેમ? તે લખશો.

અત્રેથી થોડા વખત માટે નિવૃત્ત થવારૂપ સમય જાણવા પૂછયો તેનો ઉત્તર લખતાં ા સંક્ષેપાય છે, જો બનશે તો એક બે દિવસ પછી લખીશ.

નીચેના બોલો પ્રત્યે તમારે તથા શ્રી ડુંગરે વિશેષ વિચારપરિણતિ કરવા યોગ્ય છે:

(૧) કેવળજ્ઞાનનું સ્વરૂપ શા પ્રકારે ઘટે છે?

(૨) આ ભરતક્ષેત્રમાં આ કાળે તેનો સંભવ હોઈ શકે કે કેમ?

(૩) કેવળજ્ઞાનીને વિષે કેવા પ્રકારની આત્મસ્થિતિ હોય?

(૪) સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને કેવળજ્ઞાનના સ્વરૂપમાં કેવા પ્રકારે ભેદ હોવા યોગ્ય છે?

(૫) સમ્યક્દર્શનવાન પુરુષની આત્મસ્થિતિ કેવી હોય?

તમારે તથા શ્રી ડુંગરે ઉપર જણાવેલા બોલ પર યથાશક્તિ વિશેષ વિચાર કરવા ગ્ય છે. તે સંબંધી પત્ર વાટે તમારાથી લખવાયોગ્ય લખશો. હાલ અત્રે ઉપાધિનું કેટલુંક ાછાપણું છે. એ જ વિનતિ. આ૦ સ્વ૦ યથાયોગ્ય.

૫૨૫] ૬૧૬ મુંબઈ, અસાડ વદ, રવિ, ૧૯૫૧

શ્રીમદ્ વીતરાગને નમસ્કાર

ભેચ્છાસપન્ન ભાઈ અંબાલાલ તથા ભાઈ ત્રિભોવન પ્રત્યે—શ્રી સ્થંભતીર્થ.

ભાઈ અંબાલાલનાં લખેલાં પત્ર–પત્તાં તથા ભાઈ ત્રિભોવનનું લખેલું પત્ર મળ્યુ છે. ામુક આત્મદશાના કારણથી વિશેષ કરી લખવા, જણાવવાનુ બનતું નથી. તેથી કોઈ મુમુક્ષુને ાવાયોગ્ય લાભમા મારા તરફથી જે વિલંબ થાય છે, તે વિલંબ નિવૃત્ત કરવાની વૃત્તિ થાય ે, પણ ઉદયના કોઈ યોગથી તેમ જ હજુ સુધી વર્તવું બને છે.

અસાડ વદ ૨ ઉપર આ ક્ષેત્રથી થોડા વખત માટે નિવર્તવાનું બની શકે એવો સંભવ ાતો, તે લગભગમાં બીજા કાર્યનો ઉદય પ્રાપ્ત થવાથી લગભગ અસાડ વદ ૦)) સુધી સ્થિરતા થવા સભવ છે. અત્રેથી નીકળતા વવાણિયે જતાં સુધીમા વચ્ચે એકાદ બે દિવસની સ્થિતિ કરવાનું વૃત્તિમાં યથાયોગ્ય લાગતું નથી. વવાણિયે કેટલા દિવસની સ્થિતિ સંભવે છે, ા અત્યારે વિચારમાં આવી શકયું નથી, પણ ભાદ્રપદ સુદિ દશમની લગભગે અત્રે આવવાનાં ાંઈ કારણ સંભવે અને તેથી એમ લાગે છે કે વવાણિયા શ્રાવણ સુદ ૧૫ સુધી અથવા શ્રાવણ ાદ ૧૦ સુધી રહેવું થાય. વળતી વખતે શ્રાવણ વદ દશમે વવાણિયેથી નીકળવાનું થાય તો ભાદ્રપદ સુદ દશમ સુધી વચ્ચે કોઈ 'નિવૃત્તિ ક્ષેત્રે' રોકાવાનું બની શકે. હાલ તે સબંધી ાધારે વિચારવાનું અશકય છે.

હાલ આટલું વિચારવામાં આવે છે કે જો કોઈ નિવૃત્તિક્ષેત્રે રોકાવાનું થાય તોપણ મુમુક્ષુભાઈઓથી વધારે પ્રસગ કરવાનું મારાથી બનવું અશકય છે. જોકે આ વાત પર હજુ વિશેષ વિચાર થવા સંભવ છે.

સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઇચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવાયોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે. જ્યાં સુધી પોતાના દોષ વિચારી સંક્ષેપ કરવાને પ્રવૃત્તિમાન ન થવાય ત્યાં સુધી સત્પુરુષનો કહેલો

જવાનું કરવું. ત્યાંથી શ્રાવણ વદ ૧૧ના બને તો પાછું વળવાનું કરવું, અને ભાદરવા સુદ ૧૦ની લગભગ સુધી કોઈ નિવૃત્તિક્ષેત્રે સ્થિતિ થાય તેમ યથાશક્તિ ઉદય ઉપરામ જેવા રાખી પ્રવર્તવું. જોકે વિશેષ નિવૃત્તિ, ઉદયનું સ્વરૂપ જોતાં, પ્રાપ્ત થવી કઠણ જણાય છે, તોપણ સામાન્યથી જાણી શકાય તેટલી પ્રવૃત્તિમાં ન અવાય તેમ થાય તો સારું એમ રહે છે; અને તે વાત પર વિચાર કરતાં અત્રેથી જતી વખતે રોકાવાનો વિચાર ઉપરામ કરવાથી સુલભ પડશે એમ લાગે છે. એક પણ પ્રસંગમાં પ્રવર્તતાં તથા લખતાં જે પ્રાયે અક્રિય પરિણતિ વર્તે છે, તે પરિણતિને લીધે બરાબર હાલ જણાવવાનું બનતું નથી; તોપણ તમારા જાણવાને અર્થે મારાથી કંઈ અત્રે જણાવવાનું બન્યુ તે જણાવ્યુ છે. એ જ વિનંતિ. શ્રી ડુંગરને તથા લહેરાભાઈને યથાયોગ્ય.

સહજાત્મસ્વરૂપ યથાયોગ્ય.

---

[૫૩૧] ૬૨૦ મુંબઈ, અસાડ વદ ૦)), સોમ, ૧૯૫૧

જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, અને આત્મોપયોગી એવી વૈરાગ્યદશા હતી, અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યવ નામનું જ્ઞાન પામ્યા હતા, એવા શ્રીમદ્ મહાવીરસ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડા છ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનુ તેમનું પ્રવર્તન ને ઉપદેશમાર્ગ પ્રવર્તાવતાં કોઈ પણ જીવે અત્યંતપણે વિચારી પ્રવર્તવા યોગ્ય છે, એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે. તેમ જ જિન જેવાએ જે પ્રતિબંધની નિવૃત્તિ માટે પ્રયત્ન કર્યું તે પ્રતિબંધમાં અજાગૃત રહેવા યોગ્ય કોઈ જીવ ન હોય એમ જણાવ્યુ છે, તથા અનંત આત્માર્થનો તે પ્રવર્તનથી પ્રકાશ કર્યો છે; જેવા પ્રકાર પ્રત્યે વિચારનું વિશેષ સ્થિરપણું વર્તે છે, વર્તાવું ઘટે છે.

જે પ્રકારનુ પૂર્વપ્રારબ્ધ ભોગવ્યે નિવૃત્ત થવાયોગ્ય છે, તે પ્રકારનું પ્રારબ્ધ ઉદાસીનપણે વેદવું ઘટે; જેથી તે પ્રકાર પ્રત્યે પ્રવર્તતાં જે કંઈ પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે તે પ્રસંગમાં જાગૃત ઉપયોગ ન હોય, તો જીવને સમાધિવિરાધના થતાં વાર ન લાગે. તે માટે સર્વ સંગભાવને મૂળપણે પરિણામી કરી, ભોગવ્યા વિના ન છૂટી શકે તેવા પ્રસંગ પ્રત્યે પ્રવૃત્તિ થવા દેવી ઘટે, તોપણ તે પ્રકાર કરતા સર્વાંશ અસંગતા જન્મે તે પ્રકાર ભજવો ઘટે.

કેટલાક વખત થયાં સહજ પ્રવૃત્તિ અને ઉદીરણ પ્રવૃત્તિ એમ વિભાગે પ્રવૃત્તિ વર્તે છે, મુખ્યપણે સહજ પ્રવૃત્તિ વર્તે છે. સહજપ્રવૃત્તિ એટલે પ્રારબ્ધોદયે ઉદ્ભવ થાય તે, પણ [illegible] કર્તૃત્વ પરિણામ નહીં. બીજી ઉદીરણ પ્રવૃત્તિ જે પરાર્થાદિ યોગે કરવી પડે તે. હાલ [illegible] પ્રવૃત્તિ [illegible] આત્મા સંક્ષેપ થાય છે, કેમકે અપૂર્વ એવા સમાધિયોગને તે કારણથી [illegible] પ્રતિબંધ [illegible], એમ [illegible] તથા જાણ્યું હતું; અને હાલ તેવું સ્પષ્ટાર્થે વેદ્યું [illegible] એમ કે [illegible] આવવાનુ, પત્રાદિથી કંઈ પણ પ્રશ્નોત્તરાદિ [illegible] [illegible] કરવાનું પણ સંક્ષેપ થવાના પર્યાયને [illegible] [illegible] અપૂર્વ સમાધિને હાનિ સંભવતી હતી. એમ છતાં [illegible] [illegible] પ્રવૃત્તિ [illegible]

અત્રેથી શ્રાવણ સુદ ૫-૬ના નીકળવાનું થવા સંભવ છે, પણ અહીંથી જતી વખતે સમાગમનો યોગ થઈ શકવા યોગ્ય નથી. અને અમારા જવાના પ્રસંગ વિષે હાલ તમારે બીજા કોઈ પ્રત્યે પણ જણાવવાનું વિશેષ કારણ નથી, કેમકે જતી વખતે સમાગમ નહીં કરવા સંબંધમાં કંઈ તેમને સંશય પ્રાપ્ત થવાનો સંભવ થાય, જેમ ન થાય તો સારું. એ જ વિનંતિ.

---

[૬૨૩] ૬૨૧ મુંબઈ, અષાડ વદ ૦)), સોમ, ૧૯૫૧

તમને તથા બીજા કોઈ સત્સમાગમની નિષ્ઠાવાળા ભાઈઓને અમારા સમાગમવિષે જિજ્ઞાસા રહે છે તે પ્રકાર જાણ્યામાં રહે છે, પણ તે વિષેનો, અમુક કારણો પ્રત્યે, વિચાર કરતાં પ્રવૃત્તિ થતી નથી, જે કારણો જણાવતાં પણ ચિત્ત સંક્ષેપ થાય છે. જોકે કંઈ પણ તે વિષે સ્પષ્ટાર્થથી લખવાનું બન્યું હોય તો પત્ર તથા સમાગમાદિની રાહ જોયા કરાવ્યાનું અને તેમા અનિશ્ચિતપણું થતું હોવાથી કંઈ ક્લેશ પ્રાપ્ત થવા દેવાનું જે અમારા પ્રત્યેથી થાય છે તે થવાનો સંભવ ઓછો થાય, પણ તે વિષે સ્પષ્ટાર્થથી લખતાં પણ ચિત્ત ઉપશમ પામ્યા કરે છે, એટલે સહેજે કાંઈ થાય તે થવા દેવું યોગ્ય ભાસે છે.

વવાણિયેથી વળતી વખત ઘણું કરી સમાગમનો યોગ થશે. ઘણું કરી ચિત્તમાં એમ રહ્યા કરે છે કે હાલ વધારે સમાગમ પણ કરી શકવાયોગ્ય દશા નથી. પ્રથમથી આ પ્રકારનો વિચાર રહ્યા કરતો હતો, અને જે વિચાર વધારે શ્રેયકારક લાગતો હતો, પણ ઉદયવશાત કેટલાક ભાઈઓનો સમાગમ થવાનો પ્રસંગ થયો, જે એક પ્રકારે પ્રતિબંધ થવા જેવું જાણ્યું હતું, અને હાલ કંઈ પણ તેવું થયું છે, એમ લાગે છે. વર્તમાન આત્મદશા જોતાં તેટલો પ્રતિબંધ થવા દેવા યોગ્ય અધિકાર મને સંભવતો નથી. અત્રે કંઈક પ્રસંગથી સ્પષ્ટાર્થ જણાવવા યોગ્ય છે

આ આત્માને વિષે ગુણનું વિશેષ વ્યક્તત્વ જાણી તમ વગેરે કોઈ મુમુક્ષુ ભાઈઓની ભક્તિ વર્તતી હોય તોપણ ભક્તિની યોગ્યતા મારે વિષે સંભવે છે એમ સમજવાને યોગ્યતા મારી નથી; કેમકે બહુ વિચાર કરતાં વર્તમાનમા તો તેવો સંભવ થાય છે, અને તે કારણથી સમાગમથી કેટલોક વખત દૂર રહેવાનું ચિત્ત રહ્યા કરે છે. તેમ જ પત્રાદિ દ્વારા પ્રતિબંધની પણ નિરિચ્છા રહ્યા કરે છે આ વાત પ્રત્યે યથાશક્તિ વિચાર કરવા યોગ્ય છે. પ્રશ્ન-સમાધાનાદિ લખવાનો ઉદય પણ અલ્પ વર્તતો હોવાથી પ્રવૃત્તિ થઈ શકતી નથી તેમ જ વ્યાપારરૂપ ઉદયને વેદવામાં લક્ષ વિશેષ રાખ્યાથી પણ તેનો આ કાળમાં ઘણો ભાર ઓછો થઈ શકે; એમ વિચારથી પણ બીજા પ્રકાર તેની સાથે આવતા જાણીને પણ સંક્ષેપે પ્રવર્તાય છે. આગળ જણાવ્યું તે પ્રમાણે વળતી વખતે ઘણું કરી સમાગમ થવાનો લક્ષ રાખીશ.

એક વિનંતિ અમને કરવાયોગ્ય છે કે આ આત્મા વિષે તમને ગુણવ્યક્તત્વ ભાસતું હોય, અને તેથી અંતરમાં ભક્તિ રહેતી હોય તો તે ભક્તિ વિષે યથાયોગ્ય વિચાર કરી જેમ તમને યોગ્ય લાગે તેમ કરવા યોગ્ય છો; પણ બહાર આ આત્મા સંબંધી હાલ કંઈ

પ્રસંગ ચર્ચિત થવા દેવા યોગ્ય નથી; કેમકે અવિરતિરૂપ ઉદય હોવાથી ગુણવ્યક્તત્વ હોય તોપણ લોકોને ભાસ્યમાન થવું કઠણ પડે; અને તેથી વિરાધના થવાનો કંઈ પણ હેતુ થાય; તેમ જ પૂર્વ મહાપુરુષના અનુક્રમનું ખંડન કરવા જેવું પ્રવર્તન આ આત્માથી કંઈ પણ થયુ ગણાય.

આ પત્ર પર યથાશક્તિ વિચાર કરશો અને તમારા સમાગમવાસી જે કોઈ મુમુક્ષુ ભાઈઓ હોય તેમને હાલ નહીં, પ્રસંગે પ્રસંગે એટલે જે વખતે તેમને ઉપકારક થઈ શકે તેવું સંભવતું હોય ત્યારે આ વાત પ્રત્યે લક્ષિત કરશો. એ જ વિનંતિ.

---

[૫૩૨] ૬૨૨ મુંબઈ, અસાડ વદ ૦)), ૧૯૫૧

'અનંતાનુબંધી'નો [1]બીજો પ્રકાર લખ્યો છે તે વિષે વિશેષાર્થ નીચે લખ્યાથી જાણશો:—

ઉદયથી અથવા ઉદાસભાવસંયુક્ત મંદપરિણતબુદ્ધિથી ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે, પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર તન્મયપણે પ્રવૃત્તિ થાય ત્યાં જ્ઞાનીની આજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગપ્રવૃત્તિ સંભવે. જે નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે; તેવાં પરિણામ વર્તે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે. તેમ જ 'હું સમજું છું', 'મને બાધ નથી', એવા ને એવા બફમમાં રહે, અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે', અને વળી કંઈ પણ પુરુષત્વ કરે તો થઈ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવર્તના કરે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે.

જાગ્રતમાં જેમ જેમ ઉપયોગનું શુદ્ધપણું થાય. તેમ તેમ સ્વપ્નદશાનું પરિક્ષીણપણું સંભવે.

---

૬૨૩ મુંબઈ, શ્રાવણ સુદ ૨, બુધ, ૧૯૫૧

આજે પત્તું મળ્યુ છે. વવાણિયે જતાં તથા ત્યાંથી વળતાં સાયલે થઈ જવા વિષે વિશેષતાથી લખ્યુ, તે વિષે શું લખવું ? તેનો વિચાર યથાસ્પષ્ટ નિશ્ચયમાં આવી શક્યો નથી, તોપણ સ્પષ્ટાસ્પષ્ટ જે કંઈ આ પત્ર લખતી વખતે ઉપયોગમાં આવ્યુ તે લખ્યુ છે.

આપના આજના પત્તામાં અમારા લખેલા જે પત્રની આપે પહોંચ લખી છે તે પત્ર પર વધારે વિચાર કરવા યોગ્ય હતો, અને એમ લાગતું હતું કે આપ તેના પર વિચાર કરશે, તો મારતે ગાવના સંબંધીમાં હાલ અમારી ઇચ્છાનુસાર રાખશો. [illegible] [illegible] વિષયમાં કંઈ વિચાર વિશેષ કરીને થવા પહેલાં આ પત્તું લખવાનું બન્યું છે. [illegible] [illegible] વિષયમાં જતાં આપને સમાગમની વિશેષ ઇચ્છા રહે છે. તો તે ઇચ્છાની [illegible] [illegible] કોઈ પ્રકારમાં તમારા પ્રત્યે આશાતના થવા જેવું [illegible]

એવી બીક રહે છે. હાલ આપની ઇચ્છાનુસાર સમાગમ માટે તમે, શ્રી ડુંગર તથા શ્રી લહેરાભાઈનો આવવાનો વિચાર હોય તો એક દિવસ મૂળી રોકાઈશ. અને બીજે દિવસે જણાવશો તો મૂળીથી જવાનો વિચાર રાખીશ. વળતી વખતે સાયલે ઊતરવું કે કેમ તેનો તે સમાગમમાં તમારી ઇચ્છાનુસાર વિચાર કરીશ.

મૂળી એક દિવસ રોકાવાનો વિચાર જો રાખો છો તો સાયલે એક દિવસ રોકાવામાં અડચણ નથી, એમ આપ નહીં જણાવશો કેમકે એમ વર્તવા જતાં ઘણા પ્રકારના અનુક્રમનો ભંગ થવાનો સંભવ છે.

એ જ વિનંતિ.

---

૬૨૪ મુંબઈ, શ્રાવણ સુદ ૩, ગુરુ, ૧૯૫૧

કોઈ દશાભેદથી અમુક પ્રતિબંધ કરવાની મારી યોગ્યતા નથી.

બે પત્ર પ્રાપ્ત થયાં છે. આ પ્રસંગે સમાગમ સંબંધી પ્રવૃત્તિ થઈ શકવા યોગ્ય નથી.

---

[૫૩૩] ૬૨૫ વવાણિયા, શ્રાવણ સુદ ૧૦, ૧૯૫૧

ૐ

પર્યાય છે તે પદાર્થનું વિશેષ સ્વરૂપ છે, તે માટે મનઃપર્યવજ્ઞાન પણ પર્યાયાર્થિક-જ્ઞાન ગણી વિશેષ એવા જ્ઞાનોપયોગમાં ગણ્યું છે, તેનો સામાન્ય ગ્રહણરૂપ વિષય નહીં ભાસવાથી દર્શનોપયોગમાં ગણ્યું નથી, એમ સોમવારે બપોરે જણાવવું થયું હતું; તે પ્રમાણે જૈનદર્શનનો અભિપ્રાય પણ આજે જોયો છે. આ વાત વધારે સ્પષ્ટ લખવાથી સમજવાનું થઈ શકે તેવી છે, કેમકે તેને કેટલાક દૃષ્ટાંતાદિકનું સહચારીપણું ઘટે છે, તથાપિ અત્રે તો તેમ થવું અશક્ય છે.

મનઃપર્યવસંબંધી લખ્યું છે તે પ્રસંગ, ચર્ચવાની નિષ્ઠાથી લખ્યું નથી.

સોમવારે રાત્રે આશરે અગિયાર વાગ્યા પછી જે કંઈ મારાથી વચનયોગનું પ્રકાશવું થયું હતું તેની સ્મૃતિ રહી હોય તો યથાશક્તિ લખાય તો લખશો.

---

[૫૩૪] ૬૨૬ વવાણિયા, શ્રાવણ સુદ ૧૨, શુક્ર, ૧૯૫૧

'નિમિત્તવાસી આ જીવ છે,' એવું એક સામાન્ય વચન છે. તે સંગપ્રસંગથી થતી જીવની પરિણતિ વિષે જોતાં પ્રાયે સિદ્ધાંતરૂપ લાગી શકે છે.

સહજાત્મસ્વરૂપે યથા૦

---

[૫૩૫] ૬૨૭ વવાણિયા, શ્રાવણ સુદ ૧૫, શુક્ર, ૧૯૫૧

આત્માર્થે વિચારમાર્ગ અને ભક્તિમાર્ગ આરાધવા યોગ્ય છે. પણ વિચારમાર્ગને યોગ્ય જેનું સામર્થ્ય નથી તેને તે માર્ગ ઉપદેશવો ન ઘટે એ વગેરે લખ્યું છે, તે યોગ્ય છે તોપણ તે વિષે કંઈ પણ લખવાનું ચિત્તમાં હાલ આવી શકતું નથી.

વખત લખવાનું બને છે. અને કોઈક વખત લખવાનું બની શકતું નથી, અથવા નિયમિત ઉત્તર લખવાનું બની શકતું નથી. ઘણું કરીને અમુક કાળ સુધી તો હાલ તો તથાપ્રકારે રહેવા યોગ્ય છે; તોપણ પ્રશ્નાદિ લખવામાં તમને પ્રતિબંધ નથી.

---

[૫૩૯] ૬૩૧ વવાણિયા, શ્રાવણ વદ ૧૪, સોમ, ૧૯૫૧

પ્રથમ પદમાં એમ કહ્યું છે કે: હે મુમુક્ષુ! એક આત્માને જાણતાં સમસ્ત લોક લોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવર્ત અને એક નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે; એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજાવું દુર્લભ છે. એ માર્ગ જુદો છે, અને તેનું સ્વરૂપ પણ જુદું છે, જેમ માત્ર કથનજ્ઞાનીઓ કહે છે તેમ નથી; માટે ઠેકાણે ઠેકાણે જઈને કાં પૂછે છે? કેમકે તે અપૂર્વભાવનો અર્થ ઠેકાણે ઠેકાણેથી પ્રાપ્ત થવાયોગ્ય નથી.

બીજા પદનો સંક્ષેપ અર્થ: 'હે મુમુક્ષુ! યમનિયમાદિ જે સાધનો સર્વ શાસ્ત્રમાં કહ્યાં છે, તે ઉપર કહેલા અર્થથી નિષ્ફળ ઠરશે એમ પણ નથી, કેમકે તે પણ કારણને અર્થે છે; તે કારણ આ પ્રમાણે છે: આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમા સ્થિતિ થાય તેવી યોગ્યતા આવવા એ કારણો ઉપદેશ્યાં છે. તત્ત્વજ્ઞાનીઓએ એવાં, એવા હેતુથી એ સાધનો કહ્યાં છે, પણ જીવની સમજણમા સામટો ફેર હોવાથી તે સાધનોમા જ અટકી રહ્યો અથવા તે સાધન પણ અભિનિવેશ પરિણામે ગ્રહ્યાં. આંગળીથી જેમ બાળકને ચદ્ર દેખાડવામાં આવે, તેમ તત્ત્વજ્ઞાનીઓએ એ તત્ત્વનું તત્ત્વ કહ્યું છે.'

---

[૫૪૦] ૬૩૨ વવાણિયા, શ્રાવણ વદ ૧૪, સોમ, ૧૯૫૧

'બાળપણા કરતાં યુવાવસ્થામાં ઇન્દ્રિયવિકાર વિશેષ કરી ઉત્પન્ન થાય છે, તેનાં શું કારણ હોવાં જોઈએ?' એમ લખ્યુ તે માટે સંક્ષેપમાં આ પ્રમાણે વિચારવાયોગ્ય છે:—

ક્રમે જેમ વય વધે છે, તેમ તેમ ઇન્દ્રિયબળ વધે છે, તેમ તે બળને વિકારનાં હેતુ એવા નિમિત્તો મળે છે. અને પૂર્વભવના તેવા વિકારના સંસ્કાર રહ્યા છે, તેથી તે નિમિત્તાદિ [illegible] પામી વિશેષ પરિણામ પામે છે જેમ બીજ છે, તે તથારૂપ કારણો પામી ક્રમે [illegible] પરિણમે છે, તેમ પૂર્વના બીજભૂત સંસ્કારો ક્રમે કરી વિશેષાકારે પરિણમે છે

---

૬૩૩ વવાણિયા, શ્રાવણ વદ ૧૪, સોમ, ૧૯૫૧

[illegible] શ્રી [illegible] પ્રત્યે,

શ્રી સૂર્યપુર.

[illegible] શ્રી દેવકરણજીના લખેલો એક કાગળ [illegible]
[illegible] શ્રી દેવકરણજીએ [illegible]

વિચાર કરવા યોગ્ય છે. તે પ્રશ્નનું સમાધાન અમારાથી જાણવા માટે તેમના ચિત્તમાં વિશેષ જિજ્ઞાસા રહેતી હોય તો કોઈ સમાગમ પ્રસંગે તે પ્રશ્ન કર્તવ્ય છે, એમ તેમને જણાવશો.

આ પ્રશ્નનું સમાધાન પત્ર વાટે જણાવવું ક્વચિત્ બની શકે. તથાપિ લખવામાં હાલ વિશેષ ઉપયોગની પ્રવૃત્તિ થઈ શકતી નથી. તેમ જ શ્રી દેવકરણજીએ પણ હજી તે વિષે યથાશક્તિ વિચાર કર્તવ્ય છે. સહજસ્વરૂપે યથાયોગ્ય.

---

૬૩૪ વવાણિયા, ભાદરવા સુદ ૭, ભોમ, ૧૯૫૧

આજ દિવસ પર્યંત એટલે સંવત્સરી સુધી તમારા પ્રત્યે મન, વચન, કાયાના યોગથી મારાથી કંઈ જાણતાં અજાણતા અપરાધ થયો હોય તે ખરા અંત:કરણથી લઘુતાભાવે ખમાવું છું. તે જ પ્રમાણે મારી બહેનને પણ ખમાવું છું. અત્રેથી આ રવિવારે વિદાય થવાનો વિચાર છે.

લિ૦ રાયચંદના યથા.

---

૬૩૫ વવાણિયા ભાદરવા સુદ ૭, ભોમ, ૧૯૫૧

સંવત્સરી સુધી તેમજ આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે મન, વચન અને કાયાના યોગથી જે કંઈ જાણતાં અજાણતાં અપરાધ થયો હોય તે સર્વભાવે ખમાવું છું. તેમ જ તમારા સત્સમાગમવાસી સર્વ ભાઈઓ તથા બાઈઓને ખમાવું છું.

અત્રેથી ઘણું કરી રવિવારે નિવર્તવાનું થશે એમ લાગે છે. મોરબી સુદ ૧૫ સુધી સ્થિતિ થવા સંભવ છે. ત્યાર પછી કોઈ નિવૃત્તિક્ષેત્રે પંદર દિવસની લગભગ સ્થિતિ થાય તો કરવા વિષે ચિત્તની સહજ વૃત્તિ રહે છે.

કોઈ નિવૃત્તિ ક્ષેત્ર લક્ષમાં હોય તો લખશો.

આ૦ સહજાત્મસ્વરૂપ

---

[૫૪૧] ૬૩૬ વવાણિયા, ભાદરવા સુદ ૯, ગુરુ, ૧૯૫૧

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇન્દ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે. અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશાપ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.

તમારું પત્ર મળ્યું તે. આજ પર્યંત સર્વભાવે કરીને ખમાવું છું.

---

[૫૪૨] ૬૩૭ વવાણિયા, ભાદ્રપદ, સુદ ૯, ગુરુ, ૧૯૫૧

આજ દિન પર્યંત સર્વભાવે કરી ખમાવું છું.

નીચે લખેલાં વાક્ય તથારૂપ પ્રસંગે વિસ્તારથી સમજવાયોગ્ય છે

'અનુભવપ્રકાશ' ગ્રંથમાંનો શ્રી પ્રહ્‌લાદજી પ્રત્યે સદ્‌ગુરુ દેવે કહેલો ઉપદેશપ્રસંગ લખ્યો તે વાસ્તવ્ય છે. તથારૂપે નિર્વિકલ્પ અને અખંડ સ્વસ્વરૂપમાં અભિન્નજ્ઞાન સિવાય અન્ય કોઈ સર્વ દુઃખ મટાડવાનો ઉપાય જ્ઞાનીપુરુષોએ જાણ્યો નથી. એ જ વિનતિ.

---

[૫૪૩] ૬૩૮ રાણપુર (હડમતિયા) ભાદરવા વદ ૧૩, ૧૯૫૧

બે પત્ર મળ્યાં હતા. ગઈ કાલે અત્રે એટલે રાણપુરની સમીપના ગામમાં આવવું થયું છે.

છેલ્લા પત્રમાં પ્રશ્નો લખ્યાં હતાં તે પત્ર ક્યાંક ગત થયું જણાય છે. સંક્ષેપમાં ઉત્તર નીચે લખ્યાથી વિચારશો :—

(૧) ધર્મ, અધર્મ દ્રવ્ય સ્વભાવપરિણામી હોવાથી અક્રિય કહ્યાં છે. પરમાર્થનયથી તે દ્રવ્ય પણ સક્રિય છે. વ્યવહારનયથી પરમાણુ, પુદ્‌ગલ અને સંસારી જીવ સક્રિય છે, કેમકે તે અન્યોન્ય ગ્રહણ, ત્યાગ આદિથી એક પરિણામવત્ સંબંધ પામે છે. સડવું યાવત્....વિધ્વંસ પામવું એ પરમાણુ પુદ્‌ગલના ધર્મ કહ્યા છે.

પરમાર્થથી શુભ વર્ણાદિનું પલટનપણું અને સ્કંધનું મળી વિખરાવાપણું કહ્યું છે..

[પત્ર ખંડિત]

---

[૫૪૪] ૬૩૯ રાણપુર, આસો સુદ ૨, શુક્ર, ૧૯૫૧

કંઈ પણ, બને તો જ્યાં આત્માર્થ ચર્ચિત થતો હોય ત્યાં જવા આવવા, શ્રવણાદિને પ્રસંગ કરવાયોગ્ય છે ગમે તો જૈન સિવાય બીજા દર્શનથી વ્યાખ્યા થતી હોય તો તે પણ વિચારાર્થે શ્રવણ કરવાયોગ્ય છે.

---

[૫૪૯] ૬૪૦ મુંબઈ, આસો, સુદ ૧૧, ૧૯૫૧

આજે સવારે અત્રે કુશળતાથી આવવું થયુ છે.

વેદાંત કહે છે કે આત્મા અસંગ છે, જિન પણ કહે છે કે પરમાર્થનયથી આત્મા તેમ જ છે. એ જ અસંગતા સિદ્ધ થવી, પરિણત થવી તે મોક્ષ છે પરભારી તેવી અસંગતા સિદ્ધ થવી ઘણું કરીને અસંભવિત છે, અને એજ માટે જ્ઞાનીપુરુષોએ સર્વ દુઃખક્ષય કરવાની ઇચ્છા છે જેને એવા મુમુક્ષુએ સત્સંગની નિત્ય ઉપાસના કરવી એમ જે કહ્યુ છે, તે અત્યંત સત્ય છે.

આપ પ્રત્યે અનુકંપા રાખશો. કંઈ જ્ઞાનવાર્તા લખશો. શ્રી ડુંગરને પ્રણામ.

---

[૫૪૮] ૬૪૧ મુંબઈ, આસો સુદ ૧૨, સોમ, ૧૯૫૧

'[illegible] સર્વ દુઃખનો ક્ષય થાય' એવો સ્પષ્ટ અનુભવ થાય છે; તેમ [illegible] વર્તો જાય છે, એવા જીવોને આ જગતને વિષે [illegible] આશ્ચર્યથી, આદરથી ને પ્રવાહમાં ન વહે ?

---

[૫૫૦] ૬૪૨ મુંબઈ, આસો સુદ ૧૩, ૧૯૫૧

સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાથી પ્રાપ્ત થાય?

આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવાયોગ્ય નથી, અને કંઈ પણ તેમ થયા કરે છે તેનો ઉપાય કંઈ વિશેષે કરી ગવેષવાયોગ્ય છે.

જ્ઞાનીપુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે, એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે? શ્રી ડુંગરને પ્રણામ.

---

[૫૫૧] ૬૪૩ મુંબઈ, આસો સુદ ૧૩, ૧૯૫૧

શ્રી સ્થંભતીર્થવાસી તથા નિંબપુરીવાસી મુમુક્ષુજનો પ્રત્યે, શ્રી સ્થંભતીર્થ.

કંઈ પૂછવાયોગ્ય લાગતું હોય તો પૂછશો.

કરવા યોગ્ય કંઈ કહ્યું હોય તે વિસ્મરણ યોગ્ય ન હોય એટલો ઉપયોગ કરી ક્રમે કરીને પણ તેમાં અવશ્ય પરિણતિ કરવી ઘટે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.

---

[૫૫૨] ૬૪૪ મુંબઈ, આસો વદ ૩, રવિ, ૧૯૫૧

પત્ર મળ્યું છે.

અનાદિથી વિપરીત અભ્યાસ છે, તેથી વૈરાગ્ય ઉપશમાદિ ભાવોની પરિણતિ એકદમ ન થઈ શકે, કિંવા થવી કઠિન પડે; તથાપિ નિરંતર તે ભાવો પ્રત્યે લક્ષ રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે સત્સમાગમનો યોગ ન હોય ત્યારે તે ભાવો જે પ્રકારે વર્ધમાન થાય તે પ્રકારનાં દ્રવ્ય-ક્ષેત્રાદિ ઉપાસવાં; સત્શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. સૌ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, તો અનંતકાળથી અનભ્યસ્ત એવી મુમુક્ષુતા માટે તેમ હોય એમાં કંઈ આશ્ચર્ય નથી

સહજાત્મસ્વરૂપે પ્રણામ.

---

[૫૩૩] ૬૪૫ મુંબઈ, આસો વદ ૧૧, ૧૯૫૧

પરમસ્નેહિક, સત્સમાગમ યોગ્ય, આર્ય શ્રી સોભાગ તથા શ્રી ડુંગર પ્રત્યે, શ્રી સાયલા.

યથાયોગ્યપૂર્વક:—શ્રી સોભાગનું લખેલું પત્ર મળ્યું છે.

[1]'સમજ્યા તે શમાઈ રહ્યા.' તથા 'સમજ્યા તે શમાઈ ગયા.' એ વાક્યમાં કંઈ અર્થાંતર થાય છે કે કેમ? તથા બેમાં કયું વાક્ય વિશેષાર્થવાચક જણાય છે? તેમ જ સમજવા યોગ્ય શું? તથા શમાવું શું? તથા સમુચ્ચયવાક્યનો એક પરમાર્થ શો? તે

---

૧. જુઓ આંક ૬૫૧

વિચારવાયોગ્ય છે, વિશેષપણે વિચારવાયોગ્ય છે, અને વિચારગત હોય તે તથા વિચારતાં તે વાક્યોનો વિશેષ પરમાર્થ લક્ષગત થતો હોય તે લખવાનું બને તો લખશો. એ જ વિનંતિ.

સહજાત્મસ્વરૂપે યથા૦

---

[૫૫૬] ૬૪૬ મુંબઈ, આસો, ૧૯૫૧

સર્વ જીવને અપ્રિય છતાં જે દુઃખનો અનુભવ કરવો પડે છે, તે દુઃખ સકારણ હોવું જોઈએ, એ ભૂમિથી મુખ્ય કરીને વિચારવાનની વિચારશ્રેણી ઉદય પામે છે, અને તે પરથી અનુક્રમે આત્મા, કર્મ, પરલોક, મોક્ષ આદિ ભાવોનું સ્વરૂપ સિદ્ધ થયુ હોય એમ જણાય છે.

વર્તમાનમાં જો પોતાનુ વિદ્યમાનપણું છે, તો ભૂતકાળને વિષે પણ તેનું વિદ્યમાનપણું હોવું જોઈએ, અને ભવિષ્યમાં પણ તેમ જ હોવું જોઈએ. આ પ્રકારના વિચારનો આશ્રય મુમુક્ષુ જીવને કર્તવ્ય છે. કોઈ પણ વસ્તુનું પૂર્વપશ્ચાત્ હોવાપણું ન હોય, તો મધ્યમાં તેનું હોવાપણું ન હોય એવો અનુભવ વિચારતાં થાય છે.

વસ્તુની કેવળ ઉત્પત્તિ અથવા કેવળ નાશ નથી, સર્વકાળ તેનું હોવાપણું છે, રૂપાંતર પરિણામ થયાં કરે છે; વસ્તુતા ફરતી નથી, એવો શ્રી જિનનો અભિમત છે, તે વિચારવા યોગ્ય છે.

'ષડ્દર્શનસમુચ્ચય' કંઈક ગહન છે, તોપણ ફરી ફરી વિચારવાથી તેનો કેટલોક બોધ થશે. જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરત્વ હોય છે, તેમ તેમ જ્ઞાનીનાં વચનોનો વિચાર યથાયોગ્ય થઈ શકે છે. સર્વ જ્ઞાનનું ફળ પણ આત્મસ્થિરતા થવી એ જ છે, એમ વીતરાગ પુરુષોએ કહ્યું છે, તે અત્યંત સત્ય છે. મારા યોગ્ય કામકાજ લખશો. એ જ વિનંતિ.

લિ૦ રાયચંદના પ્રણામ વાંચશો.

[૫૫૭] ૬૪૭ મુંબઈ, આસો, ૧૯૫૧

અગમ અગોચર નિર્વાણમાર્ગ છે, એમાં સંશય નથી. પોતાની શક્તિએ, સદ્ગુરુના આશ્રય વિના, તે માર્ગ શોધવો અશક્ય છે; એમ વારંવાર દેખાય છે, એટલું જ નહીં, પણ શ્રી સદ્ગુરુચરણના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઈ હોય એવા પુરુષને પણ સદ્ગુરુના સમાગમનું આરાધન નિત્ય કર્ત્તવ્ય છે. જગતના પ્રસંગ જોતાં એમ જણાય છે કે, તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે.

---

[૫૫૮] ૬૪૮ મુંબઈ, આસો, ૧૯૫૧

ૐ

દૃશ્યને અદૃશ્ય કર્યું, અને અદૃશ્યને દૃશ્ય કર્યું એવું જ્ઞાનીપુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય વાણીથી કહી શકાવું યોગ્ય નથી.

---

[૫૫૯] ૬૪૯ મુંબઈ, આસો, ૧૯૫૧

[illegible] નથી, અને તે અમૂલ્ય છે, તો પછી આત્

એક પળનો હીન ઉપયોગ તે એક અમૂલ્ય કૌસ્તુભ ખોવા કરતાં પણ વિશેષ હાનિકારક છે. તો તેવી સાઠ પળની એક ઘડીનો હીન ઉપયોગ કરવાથી કેટલી હાનિ થવી જોઈએ? એમ જ એક દિન, એક પક્ષ, એક માસ, એક વર્ષ અને અનુક્રમે આખી આયુષ્યસ્થિતિનો હીન ઉપયોગ એ કેટલી હાનિ અને કેટલાં અશ્રેયનું કારણ થાય એ વિચાર શુક્લ હૃદયથી તરત આવી શકશે. સુખ અને આનંદ એ સર્વ પ્રાણી, સર્વ જીવ, સર્વ સત્ત્વ અને સર્વ જંતુને નિરંતર પ્રિય છે, છતાં દુઃખ અને આનંદ ભોગવે છે એનુ શું કારણ હોવું જોઈએ? અજ્ઞાન અને તે વડે જિંદગીનો હીન ઉપયોગ. હીન ઉપયોગ થતો અટકાવવાને પ્રત્યેક પ્રાણીની ઇચ્છા હોવી જોઈએ, પરંતુ કયા સાધન વડે?

---

[૫૬૦] ૬૫૮ મુંબઈ, આસો, ૧૯૫૧

અંતર્મુખદૃષ્ટિ જે પુરુષોની થઈ છે, તે પુરુષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કહી છે, કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવા યોગ્ય છે આવી ભૂમિકામાં આ પ્રકારે ભલામણ ઘટે છે, એમ છે તો પછી વિચારદશા જેની છે એવા મુમુક્ષુ જીવે સતત જાગૃતિ રાખવી ઘટે એમ કહેવામાં ન આવ્યુ હોય, તોપણ સ્પષ્ટ સમજી શકાય એમ છે કે મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પરઅધ્યાસ થવાયોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય, તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે જોકે આરંભ પરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે તથાપિ અંતર્મુખવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે.

જે જે પ્રકારે પરદ્રવ્ય (વસ્તુ)નાં કાર્યનું સંક્ષેપપણું થાય, નિજ દોષ જોવાનો દૃ લક્ષ રહે, અને સત્સમાગમ, સત્શાસ્ત્રને વિષે વર્ધમાન પરિણતિએ પરમ ભક્તિ વર્તા કરે તે પ્રકારની આત્મતા કર્યા જતાં, તથા જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવાથી દશા વિશેષતા પામતાં યથાર્થ સમાધિને યોગ્ય થાય, એવો લક્ષ રાખશો, એમ કહ્યું હતું. એ જ વિનંતિ.

---

[૫૬૫]

૬૫૭ મુંબઈ, માગશર સુદ ૧૦, ભોમ, ૧૯૫૨

શુભેચ્છા, વિચાર, જ્ઞાન એ આદિ સર્વ ભૂમિકાને વિષે સર્વસંગપરિત્યાગ બળવાન ઉપકારી છે, એમ જાણીને જ્ઞાનીપુરુષોએ 'અણગારત્વ' નિરૂપણ કર્યું છે. યદ્યપિ પરમાર્થથી સર્વસંગપરિત્યાગ યથાર્થ બોધ થયે પ્રાપ્ત થવા યોગ્ય છે, એમ જાણતાં છતાં પણ સત્સંગમાં નિત્ય નિવાસ થાય, તો તેવો સમય પ્રાપ્ત થવા યોગ્ય છે એમ જાણી, સામાન્ય રીતે બાહ્ય સર્વસંગપરિત્યાગ જ્ઞાનીપુરુષોએ ઉપદેશ્યો છે, કે જે નિવૃત્તિને યોગે શુભેચ્છાવાન એવો જીવ સદ્ગુરુ, સત્પુરુષ અને સત્શાસ્ત્રની યથાયોગ્ય ઉપાસના કરી યથાર્થ બોધ પામે. એ જ વિનંતિ.

---

[૫૬૬]

૬૫૮ મુંબઈ, પોષ સુદ ૬, રવિ, ૧૯૫૨

ત્રણે પત્રો મળ્યાં છે. સ્થંભતીર્થ ક્યારે ગમન થવું સંભવે છે? તે લખવાનું બની શકે તો લખશો.

બે અભિનિવેશ આડા આવી ઊભા રહેતા હોવાથી જીવ 'મિથ્યાત્વ'નો ત્યાગ કરી શકતો નથી. તે આ પ્રમાણે: 'લૌકિક' અને 'શાસ્ત્રીય'. ક્રમે કરીને સત્સમાગમયોગે જીવ જો તે અભિનિવેશ છોડે તો 'મિથ્યાત્વ'નો ત્યાગ થાય છે, એમ વારંવાર જ્ઞાનીપુરુષોએ શાસ્ત્રાદિ દ્વારાએ ઉપદેશ્યું છતાં જીવ તે છોડવા પ્રત્યે ઉપેક્ષિત શા માટે થાય છે? તે વાત વિચારવા યોગ્ય છે.

---

[૫૬૭]

૬૫૯ મુંબઈ, પોષ સુદ ૬, રવિ ૧૯૫૨

સર્વ દુઃખનું મૂળ સંયોગ (સંબંધ) છે એમ જ્ઞાનવંત એવા તીર્થંકરોએ કહ્યું છે. સમસ્ત જ્ઞાનીપુરુષોએ એમ દીઠું છે. તે સંયોગ બે પ્રકારે મુખ્યપણે કહ્યો છે: 'અંતર્સંબંધીય', અને 'બાહ્યસંબંધીય'. અંતર્સંયોગનો વિચાર થવાને આત્માને બાહ્યસંયોગનો અપરિચય કર્તવ્ય છે, જે અપરિચયની સપરમાર્થ ઇચ્છા જ્ઞાનીપુરુષોએ પણ કરી છે.

---

[૫૬૮]

૬૬૦ મુંબઈ, પોષ સુદ ૬, રવિ, ૧૯૫૨

[illegible] જ્ઞાન લહ્યાં છે [illegible], જે નહિ જાય પમાયો (પ્રમાદ) રે,
[illegible] પ્રેમ ને પામે, [illegible] જે નાચ્યો રે;
—ગાજે રે, ગાજે, બહુ વીર જગતગુરુ ગાજે

---

[૫૬૯] ૬૬૧ મુંબઈ, પોષ સુદ ૮, ભોમ, ૧૯૫૨

આજે પત્ર એક મળ્યું છે.

આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રીયઅભિનિવેશ' છે. સ્વચ્છંદતા ટળી નથી, અને સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે, તે યોગે પણ સ્વચ્છંદના નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઈ એક વચનને બહુવચન જેવું જણાવી, તે મુખ્ય સાધન એવા સત્સમાગમ તેના સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે, તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે, અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રીય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી. સંક્ષેપથી લખ્યું છે.

---

[૫૭૩] ૬૬૨ મુંબઈ, પોષ વદ, ૧૯૫૨

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ એવા આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે. એ નિશ્ચયમાં ત્રણે કાળને વિષે શંકા થવા યોગ્ય નથી.

યોગ અસંખ જે જિન કહ્યા, ઘટમાંહી રિદ્ધિ દાખી રે,
નવપદ તેમ જ જાણજો, આતમરામ છે સાખી રે.' —શ્રી શ્રીપાળરાસ

---

[૫૭૪] ૬૬૩ મુંબઈ, પોષ, ૧૯૫૨

ૐ

ગૃહાદિ પ્રવૃત્તિના યોગે ઉપયોગ વિશેષ ચલાયમાન રહેવા યોગ્ય છે, એમ જાણીને પરમપુરુષ સર્વસંગપરિત્યાગનો ઉપદેશ કરતા હતા.

---

[૫૭૫] ૬૬૪ મુંબઈ, પોષ વદ ૨, ૧૯૫૨

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

મોટા મુનિઓને જે વૈરાગ્યદશા પ્રાપ્ત થવી દુર્લભ, તે વૈરાગ્યદશા તો ગૃહવાસને વિષે જેને પ્રાયે વર્તતી હતી, એવા શ્રી મહાવીર, ઋષભાદિ પુરુષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા, એ જ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશ્યું છે.

ગૃહસ્થાદિ વ્યવહાર વર્તે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય એવો નિયમ નથી, તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગવ્યવહારની ભલામણ પરમ પુરુષોએ ઉપદેશી છે, કેમકે ત્યાગ ઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરે છે, તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્તવ્યલક્ષે કર્તવ્ય છે, એમાં સંદેહ નથી.

સ્વસ્વરૂપને વિષે સ્થિતિ તેને 'પરમાર્થસંયમ' કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને 'વ્યવહારસંયમ' કહ્યો છે. કોઈ જ્ઞાનીપુરુષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષા (લક્ષ વગર) એ જે વ્યવહારસંયમમાં જ પરમાર્થસંયમની માન્યતા રાખે તેના વ્યવહારસંયમનો, તેનો અભિનિવેશ ટાળવા, નિષેધ કર્યો છે. પણ વ્યવહારસંયમમાં કંઈ પણ પરમાર્થની નિમિત્તતા નથી, એમ જ્ઞાની પુરુષોએ કહ્યું નથી.

૬૭૧ મુંબઈ, ફાગણ સુદ ૩, રવિ, ૧૯૫૨

તમારો કાગળ એક આજે મળ્યો છે. તે કાગળમાં શ્રી ડુંગરે જે પ્રશ્નો લખાવ્યા છે તેના વિશેષ સમાધાન અર્થે પ્રત્યક્ષ સમાગમ પર લક્ષ રાખવા યોગ્ય છે.

પ્રશ્નોથી ઘણો સંતોષ થયો છે. જે પ્રારબ્ધના ઉદયથી અત્રે સ્થિતિ રહે છે, તે પ્રારબ્ધ જે પ્રકારે વિશેષ કરી વેદાય તે પ્રકારે વર્તાય છે. અને તેથી વિસ્તારપૂર્વક પત્રાદિ લખવાનું ઘણું કરીને થતું નથી.

શ્રી સુંદરદાસજીના ગ્રંથો પ્રથમથી તે છેવટ સુધી અનુક્રમે વિચારવાનું થાય તેમ હાલ કરશો, તો કેટલાક વિચારનું સ્પષ્ટીકરણ થશે. પ્રત્યક્ષ સમાગમે ઉત્તર સમજાવા યોગ્ય હોવાથી કાગળ દ્વારા માત્ર પહોચ લખી છે. એજ.

ભક્તિભાવે નમસ્કાર.

---

[૫૮૧] ૬૭૨ મુંબઈ, ફાગણ સુદ ૧૦, ૧૯૫૨

ॐ સદ્‌ગુરુપ્રસાદ

આત્માર્થી શ્રી સોભાગ તથા શ્રી ડુંગર પ્રત્યે — શ્રી સાયલા.

વિસ્તારપૂર્વક કાગળ લખવાનુ હાલમા થતું નથી, તેથી ચિત્તમાં વૈરાગ્ય ઉપશમાદિ વિશેષ પ્રદીપ્ત રહેવામાં સત્શાસ્ત્ર એક વિશેષ આધારભૂત નિમિત્ત જાણી, શ્રી 'સુંદરદાસાદિ'ના ગ્રંથનુ બને તો બેથી ચાર ઘડી નિયમિત વાંચવું પૂછવું થાય તેમ કરવાને લખ્યુ હતું. શ્રી સુંદરદાસના ગ્રંથો પ્રથમથી કરીને પ્રાંત સુધી વિશેષ અનુપ્રેક્ષાથી હાલ વિચારવા માટે તમને તથા શ્રી ડુંગરને વિનંતિ છે.

કાયા સુધી માયા (એટલે કષાયાદિ)નો સંભવ રહ્યા કરે, એમ શ્રી ડુંગરને લાગે છે, તે અભિપ્રાય પ્રાયે (ઘણું કરીને) તો યથાર્થ છે, તોપણ કોઈ પુરુષવિશેષને વિષે કેવળ સર્વ પ્રકારના સંજ્વલનાદિ કષાયનો અભાવ થઈ શકવા યોગ્ય લાગે છે, અને થઈ શકવામાં સંદેહ થતો નથી, તેથી કાયા છતા પણ કષાયરહિતપણું સંભવે; અર્થાત્ સર્વથા રાગદ્વેષરહિત પુરુષ હોઈ શકે. રાગદ્વેષરહિત આ પુરુષ છે, એમ બાહ્ય ચેષ્ટાથી સામાન્ય જીવો જાણી શકે એમ બની શકે નહીં. એથી તે પુરુષ કષાયરહિત, સંપૂર્ણ વીતરાગ ન હોય એવો અભિપ્રાય વિચારવાન સિદ્ધ કરતા નથી; કેમકે બાહ્ય ચેષ્ટાથી આત્મદશાની સર્વથા સ્થિતિ સમજાઈ શકે એમ ન કહી શકાય.

શ્રી સુંદરદાસે આત્મજાગ્રતદશામાં 'શૂરાતન અંગ' કહ્યુ છે તેમાં વિશેષ ઉલ્લાસપરિણતિથી શૂરવીરપણું નિરૂપણ કર્યું છે —

મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસિ ડારે, ઇન્દ્રિહુ કતલ કરી, કિયો રજપૂતો હૈ;
માર્યો મહા મત્ત મન, મારે અહંકાર મીર, મારે મદ મચ્છર હૂ, ઐસો રન રૂતો હૈ;
મારી આશા તૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ, સબકો સંહાર કરિ, નિજ પદ પહૂતો હૈ;
સુંદર કહત ઐસો, સાધુ કોઉ શૂરવીર, વૈરિ સબ મારિકે, નિચિંત હોઈ સૂતો હૈ.

—શ્રી સુંદરદાસ શૂરાતનઅંગ—૨૧—૧૧.

---

[૫૮૬] ૬૭૩ મુંબઈ, ફા. સુદ ૧૦, રવિ, ૧૯૫૨

ૐ શ્રી સદ્‍ગુરુપ્રસાદ

શ્રી સાયલાક્ષેત્રે ક્રમે કરીને વિચરતાં પ્રતિબંધ નથી.

યથાર્થજ્ઞાન ઉત્પન્ન થયા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું વર્તતું હોય તે જીવે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિનો લક્ષ થાય તે પ્રકારે પ્રસંગપ્રાપ્ત જીવોને ઉપદેશ આપવો ઘટે, અને જે પ્રકારે તેને નાના પ્રકારના અસદ્ આગ્રહનો તથા કેવળ વેષવ્યવહારાદિનો અભિનિવેશ ઘટે તે પ્રકારે ઉપદેશ પરિણામી થાય તેમ આત્માર્થ વિચારી કહેવું ઘટે. ક્રમે કરીને તે જીવો યથાર્થ માર્ગની સન્મુખ થાય એવો યથાશક્તિ ઉપદેશ કર્તવ્ય છે.

---

[૫૮૭] ૬૭૪ મુંબઈ, ફા. વદ ૩, સોમ, ૧૯૫૨

ૐ સદ્‍ગુરુપ્રસાદ

દેહધારી છતાં નિરાવરણજ્ઞાનસહિત વર્તે છે એવા મહાપુરુષોને ત્રિકાળ નમસ્કાર.

આત્માર્થી શ્રી સોભાગ પ્રત્યે—શ્રી સાયલા.

સર્વ કષાયનો અભાવ, દેહધારી છતાં પરમજ્ઞાનીપુરુષને વિષે બને, એ પ્રકારે અમે લખ્યુ તે પ્રસગમા 'અભાવ' શબ્દનો અર્થ 'ક્ષય' ગણીને લખ્યો છે.

જગતવાસી જીવને રાગદ્વેષ ગયાની ખબર પડે નહીં, બાકી જે મોટા પુરુષ છે તે જાણે છે કે આ મહાત્માપુરુષને વિષે રાગદ્વેષનો અભાવ કે ઉપશમ વર્તે છે, એમ લખી આપે શંકા કરી કે જેમ મહાત્માપુરુષને જ્ઞાનીપુરુષો અથવા દૃઢ મુમુક્ષુ જીવો જાણે છે, તેમ જગતના જીવો શા માટે ન જાણે? મનુષ્યાદિ પ્રાણીને જેમ જોઈને જગતવાસી જીવો જાણે છે કે આ મનુષ્યાદિ છે, અને મહાત્માપુરુષો પણ જાણે છે કે આ મનુષ્યાદિ છે, એ પદાર્થો જોવાથી બેયનુ જાણવું સરખું વર્તે છે, અને આમા ભેદ વર્તે છે. તેવો ભેદ થવાનાં કયાં કારણો મુખ્યપણે વિચારવા યોગ્ય છે? એ પ્રકારે લખ્યુ તેનું સમાધાન:

મનુષ્યાદિને જગતવાસી જીવો જાણે છે, તે દૈહિક સ્વરૂપથી તથા દૈહિક ચેષ્ટાથી જાણે છે. એકબીજાની મુદ્રામાં તથા આકારમાં, ઇન્દ્રિયોમાં જે ભેદ છે, તે ચક્ષુઆદિ ઇન્દ્રિયોથી જગતવાસી જીવ જાણી શકે છે, અને કેટલાક તે જીવોના અભિપ્રાય પણ અનુમાન પરથી જગતવાસી જીવ જાણી શકે છે; કેમકે તે તેના અનુભવનો વિષય છે. પણ જ્ઞાનદશા અથવા વીતરાગદશા છે તે મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી, અંતરાત્મગુણ છે, અને અંતરાત્મપણું બાહ્ય જીવોના અનુભવનો વિષય ન હોવાથી, તેમ જ તથારૂપ અનુમાન પણ પ્રવર્તે એવા જગતવાસી જીવોને ઘણું કરીને સંસ્કાર નહીં હોવાથી જ્ઞાની કે વીતરાગને તે ઓળખી શકતા નથી. કોઈક જીવ સત્સમાગમના યોગથી, સહજ શુભકર્મના ઉદયથી, તથારૂપ કંઈ સંસ્કાર પામીને જ્ઞાની કે વીતરાગને યથાશક્તિ ઓળખી શકે; તથાપિ ખરેખરું ઓળખાણ તો દૃઢ મુમુક્ષુતા પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી પ્રાપ્ત થયેલ ઉપદેશને અવધારણ કર્યે, અંતરાત્મવૃત્તિ પરિણમ્યે, જીવ જ્ઞાની કે વીતરાગને ઓળખી શકે. જગતવાસી એટલે જગતદૃષ્ટિ જીવો છે, તેની દૃષ્ટિએ ખરેખરું જ્ઞાની કે વીતરાગનું ઓળખાણ ક્યાંથી થાય?

[૫૯૦] ૬૭૯ મુંબઈ, ચૈત્ર સુદ ૧૧, શુક્ર, ૧૯૫૨

ॐ

સદ્‌ગુરુચરણાય નમઃ

આત્મનિષ્ઠ શ્રી સોભાગ પ્રત્યે—શ્રી સાયલા.

ફાગણ વદ ૬ ના કાગળમાં લખેલા પ્રશ્નોનું સમાધાન આ કાગળમાં સંક્ષેપથી લખ્યુ છે, તે વિચારશો.

૧. જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે, અને અન્ય પદાર્થને વિષે અહંતામમતા વર્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને 'નિરાવરણજ્ઞાન' કહેવા યોગ્ય છે.

૨. સર્વ જીવોને એટલે સામાન્ય મનુષ્યોને જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજાવો કઠણ છે, એ વાત યથાર્થ છે; કેમકે કંઈક શુષ્કજ્ઞાની શીખી લઈને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે, એટલે તેમાં વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની માને, મંદ દશાવાન મુમુક્ષુ જીવો પણ તેવાં વચનથી ભ્રાંતિ પામે; પણ ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુ પુરુષ શુષ્કજ્ઞાનીની વાણી જ્ઞાનીની વાણી જેવી શબ્દે જોઈ પ્રાયે ભ્રાંતિ પામવા યોગ્ય નથી, કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી.

જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે, અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી; સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિષે વર્તવા યોગ્ય નથી, કેમકે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી; અને તેથી ઠામઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે.

એ આદિ નાના પ્રકારના ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજસ્વભાવે તેનું ઓળખાણ છે, કેમકે પોતે [illegible] છે, અને [illegible]સહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં, [illegible] છે

[illegible] જ્ઞાનનો ભેદ જેને સમજાયો છે, તેને અજ્ઞાની અને જ્ઞાનીનો ભેદ સહેજે [illegible] છે. અજ્ઞાન [illegible]નો જેનો મોહ વિરામ પામ્યો છે, એવા જ્ઞાનીપુરુષને શુષ્ક[illegible] [illegible] કેમ કરી થાય? બાકી સામાન્ય જીવોને અથવા મંદદશા અને મધ્યમ [illegible] મુમુક્ષુને શુષ્કજ્ઞાનીનાં વચનો સાદૃશ્યપણે જોવામાં આવ્યાથી બન્ને જ્ઞાનીનાં વચનો [illegible] છે ઉત્કૃષ્ટ મુમુક્ષુને ઘણું કરીને તેની ભ્રાંતિનો સંભવ નથી, [illegible] તેને વિશેષપણે સ્થિર થયું છે.

[illegible] અને [illegible] તેની મુખવાણી રહી હોય [illegible] [illegible] કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમકે [illegible] [illegible] ભેદ હોય છે, અને [illegible] [illegible] જ્ઞાની પુરુ[illegible]

સ્વાભાવિક દૃષ્ટિગત થાય છે. અને કહેનાર પુરુષની દશાનું તારતમ્ય લક્ષગત થાય છે. અત્રે જે 'વર્તમાન જ્ઞાની' શબ્દ લખ્યો છે, તે કોઈ વિશેષ પ્રજ્ઞાવંત, પ્રગટ બોધબીજસહિત પુરુષ શબ્દના અર્થમાં લખ્યો છે. જ્ઞાનીના વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત.

૩. જિનાગમમાં મતિ શ્રુત આદિ જ્ઞાનના પાંચ પ્રકાર કહ્યા છે તે જ્ઞાનના પ્રકાર સાચા છે, ઉપમાવાચક નથી. અવધિ, મનઃપર્યવાદિ જ્ઞાન વર્તમાનકાળમાં વ્યવચ્છેદ જેવા લાગે છે, તે પરથી તે જ્ઞાન ઉપમાવાચક ગણવા યોગ્ય નથી. એ જ્ઞાન મનુષ્ય જીવોને ચારિત્રપર્યાયની વિશુદ્ધ તારતમ્યતાથી ઊપજે છે. વર્તમાનકાળમાં તે વિશુદ્ધ તારતમ્યતા પ્રાપ્ત થવી દુર્લભ છે, કેમકે કાળનું પ્રત્યક્ષ સ્વરૂપ ચારિત્રમોહનીય આદિ પ્રકૃતિના વિશેષ બળસહિત વર્તતું જોવામાં આવે છે.

સામાન્ય આત્મચારિત્ર પણ કોઈક જીવને વિષે વર્તવા યોગ્ય છે, તેવા કાળમાં તે જ્ઞાનની લબ્ધિ, વ્યવચ્છેદ જેવી હોય એમાં કંઈ આશ્ચર્ય નથી; તેથી તે જ્ઞાન ઉપમાવાચક ગણવા યોગ્ય નથી; આત્મસ્વરૂપ વિચારતાં તો તે જ્ઞાનનું કંઈ પણ અસંભવિતપણું દેખાતું નથી. સર્વ જ્ઞાનની સ્થિતિનું ક્ષેત્ર આત્મા છે, તો પછી અવધિ મનઃપર્યવાદિ જ્ઞાનનું ક્ષેત્ર આત્મા હોય એમાં સંશય કેમ ઘટે? યદ્યપિ શાસ્ત્રના યથાસ્થિત પરમાર્થના અજ્ઞજીવો તેની વ્યાખ્યા જે પ્રકારે કરે છે, તે વ્યાખ્યા વિરોધવાળી હોય, પણ પરમાર્થે તે જ્ઞાનનો સંભવ છે.

જિનાગમમાં તેની જે પ્રકારના આશયથી વ્યાખ્યા કરી હોય તે વ્યાખ્યા અને અજ્ઞાની જીવો આશય જાણ્યા વિના જે વ્યાખ્યા કરે તેમાં મોટો ભેદ હોય એમાં આશ્ચર્ય નથી, અને તે ભેદને લીધે તે જ્ઞાનના વિષય માટે સંદેહ થવા યોગ્ય છે, પણ આત્મદૃષ્ટિએ જોતા તે સંદેહનો અવકાશ નથી.

૪. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'સમય' છે, રૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'પરમાણુ' છે, અને અરૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'પ્રદેશ' છે. એ ત્રણે એવા સૂક્ષ્મ છે કે અત્યંત નિર્મળ જ્ઞાનની સ્થિતિ તેનાં સ્વરૂપને ગ્રહણ કરી શકે, સામાન્યપણે સંસારી જીવોનો ઉપયોગ અસંખ્યાત સમયવર્તી છે, તે ઉપયોગમાં સાક્ષાત્પણે એક સમયનું જ્ઞાન સંભવે નહીં; જો તે ઉપયોગ એક સમયવર્તી અને શુદ્ધ હોય તો તેને વિષે સાક્ષાત્પણે સમયનું જ્ઞાન થાય. તે ઉપયોગનું એકસમયવર્તીપણું કષાયાદિના અભાવે થાય છે, કેમકે કષાયાદિ યોગે ઉપયોગ મૂઢતાદિ ધારણ કરે છે, તેમ જ અસંખ્યાત સમયવર્તીપણું બને છે; તે કષાયાદિને અભાવે એકસમયવર્તીપણું થાય છે. અર્થાત્ કષાયાદિના યોગે તેને અસંખ્યાત સમયમાંથી એક સમય જુદો પાડવાનું સામર્થ્ય નહોતું તે કષાયાદિને અભાવે એક સમય જુદો પાડીને અવગાહે છે. ઉપયોગનું એકસમયવર્તીપણું, કષાયરહિતપણું થયા પછી થાય છે, માટે એક સમયનું, એક પરમાણુનું, અને એક પ્રદેશનું જેને જ્ઞાન થાય તેને 'કેવળજ્ઞાન' પ્રગટે એમ કહ્યું છે, તે સત્ય છે. કષાયરહિતપણા વિના કેવળજ્ઞાનનો સંભવ નથી. અને કષાયરહિતપણા વિના ઉપયોગ એક સમયને સાક્ષાત્પણે

ગ્રહણ કરી શકતો નથી. માટે એક સમયને ગ્રહણ કરે તે સમયે અત્યંત કષાયરહિતપણું જોઈએ, અને જ્યાં અત્યંત કષાયનો અભાવ હોય ત્યાં 'કેવળજ્ઞાન' હોય છે; માટે એ પ્રકારે કહ્યું કે: એક સમય, એક પરમાણુ અને એક પ્રદેશનો જેને અનુભવ થાય તેને 'કેવળજ્ઞાન' પ્રગટે. જીવને વિશેષ પુરુષાર્થને અર્થે આ એક સુગમ સાધનનો જ્ઞાનીપુરુષે ઉપદેશ કર્યો છે. સમયની પેઠે પરમાણુ અને પ્રદેશનું સૂક્ષ્મપણું હોવાથી ત્રણે સાથે ગ્રહણ કર્યાં છે. અંતર્વિચારમાં વર્તવાને અર્થે જ્ઞાનીપુરુષોએ અસંખ્યાત યોગ કહ્યા છે, તે મધ્યેનો એક આ 'વિચારયોગ' કહ્યો છે એમ સમજવા યોગ્ય છે.

૫. શુભેચ્છાથી માંડીને સર્વકર્મરહિતપણે સ્વસ્વરૂપસ્થિતિ સુધીમાં અનેક ભૂમિકાઓ છે. જે જે આત્માર્થી જીવો થયા, અને તેમનામાં જે જે અંશે જાગૃતદશા ઉત્પન્ન થઈ, તે તે દશાના ભેદે અનેક ભૂમિકાઓ તેમણે આરાધી છે. શ્રી કબીર, સુંદરદાસ આદિ સાધુજનો આત્માર્થી ગણવા યોગ્ય છે, અને શુભેચ્છાથી ઉપરની ભૂમિકાઓમાં તેમની સ્થિતિ સંભવે છે. અત્યંત સ્વસ્વરૂપસ્થિતિ માટે તેમની જાગૃતિ અને અનુભવ પણ લક્ષગત થાય છે, એથી વિશેષ સ્પષ્ટ અભિપ્રાય હાલ આપવાની ઇચ્છા નથી થતી.

૬. 'કેવળજ્ઞાનના' સ્વરૂપનો વિચાર દુર્ગમ્ય છે, અને શ્રી ડુંગર કેવળ-કોટીથી તેનો નિર્ધાર કરે છે, તેમાં જોકે તેમનો અભિનિવેશ નથી, પણ તેમ તેમને ભાસે છે, માટે કહે છે. માત્ર 'કેવળ-કોટી' છે, અને ભૂત ભવિષ્યનું કંઈ પણ જ્ઞાન કોઈને ન થાય એવી માન્યતા કરવી ઘટતી નથી. ભૂત ભવિષ્યનું યથાર્થ જ્ઞાન થવાયોગ્ય છે; પણ તે કોઈક વિરલા પુરુષોને, અને તે પણ વિશુદ્ધ ચારિત્રતારતમ્યે, એટલે તે સંદેહરૂપે લાગે છે, કેમકે તેવી વિશુદ્ધ ચારિત્રતારતમ્યતા વર્તમાનમાં અભાવ જેવી વર્તે છે. 'કેવળજ્ઞાન'નો અર્થ વર્તમાનમાં શાસ્ત્રવેત્તા માત્ર શબ્દબોધથી જે કહે છે, તે યથાર્થ નથી, એમ શ્રી ડુંગરને લાગતું હોય તો તે સંભવિત છે, વળી ભૂત ભવિષ્ય જાણવું એનું નામ 'કેવળજ્ઞાન' છે એવી વ્યાખ્યા મુખ્યપણે શાસ્ત્રકારે પણ કહી નથી. જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવું તેને 'કેવળજ્ઞાન' જ્ઞાનીપુરુષોએ કહ્યું છે, અને તે જ્ઞાનમાં મુખ્ય તો આત્મસ્થિતિ અને આત્મસમાધિ કહ્યાં છે. જગતનું જ્ઞાન થવું એ આદિ કહ્યું છે, તે અપૂર્વ વિષયનું ગ્રહણ સામાન્ય જીવોથી થવું અશક્ય જાણીને કહ્યું છે, કેમકે જગતના જ્ઞાન પર વિચાર કરતાં [illegible] [illegible]. શ્રી ડુંગર, મહાત્મા શ્રી ઋષભાદિને વિષે કેવળકોટી કહેતા [illegible] [illegible] અને તેમના આજ્ઞાવર્તી એટલે જેમ મહાવીરસ્વામીના દર્શને પાંગરે મુમુક્ષુઓ [illegible] તે આજ્ઞાવર્તીને કેવળજ્ઞાન કહ્યું છે, તે 'કેવળજ્ઞાન'ને 'કેવળ-કોટી' કહે [illegible] [illegible] કોઈ પણ રીતે ઘટે છે, એકાંત કેવળજ્ઞાનનો શ્રી ડુંગર નિષેધ કરે, [illegible] [illegible] 'કેવળજ્ઞાન'ની જે વ્યાખ્યા કરે છે તે [illegible] [illegible] છે, તેમ તેમને લાગતું હોય તો તે પણ [illegible] [illegible] 'કેવળજ્ઞાન'નો વિષય વર્તમાન પ્રરૂપણામાં ઉપદેશ્ય છે [illegible] મહાત્માના વિરોધ [illegible] થાય છે, અને તે [illegible] [illegible] સમજવું [illegible] છે તેમ, [illegible] [illegible] છે—

'આત્મા જ્યારે અત્યંત શુદ્ધજ્ઞાનસ્થિતિ ભજે, તેનું નામ 'કેવળજ્ઞાન' મુખ્યપણે છે, સર્વ પ્રકારના રાગદ્વેષનો અભાવ થયે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ પ્રગટવા યોગ્ય છે, તે સ્થિતિમાં જે કંઈ જાણી શકાય તે 'કેવળજ્ઞાન' છે; અને તે સંદેહ યોગ્ય નથી. શ્રી ડુંગર 'કેવળ-કોટી' કહે છે, તે પણ મહાવીરસ્વામી સમીપે વર્તતા આજ્ઞાવર્તી પાંચસેં કેવલી જેવા પ્રસંગમાં સંભવિત છે. જગતના જ્ઞાનનો લક્ષ મૂકી શુદ્ધ આત્મજ્ઞાન તે 'કેવળજ્ઞાન' છે, એમ વિચારતાં આત્મદશા વિશેષપણું ભજે.' એ પ્રમાણે આ પ્રશ્નના સમાધાનનો સંક્ષેપ આશય છે. જેમ બને તેમ જગતના જ્ઞાન પ્રત્યેનો વિચાર છોડી સ્વરૂપજ્ઞાન થાય તેમ કેવળજ્ઞાનનો વિચાર થવા અર્થે પુરુષાર્થ કર્તવ્ય છે. જગતનું જ્ઞાન થવું તેનું નામ 'કેવળજ્ઞાન' મુખ્યાર્થપણે ગણવા યોગ્ય નથી. જગતના જીવોને વિશેષ લક્ષ થવા અર્થે વારવાર જગતનું જ્ઞાન સાથે લીધુ છે. અને તે કંઈ કલ્પિત છે એમ નહીં, પણ તે પ્રત્યે અભિનિવેશ કરવા યોગ્ય નથી, આ ઠેકાણે વિશેષ લખવાની ઇચ્છા થાય છે, અને તે રોકવી પડે છે, તોપણ સંક્ષેપમાં ફરી લખીએ છીએ. 'આત્માને વિષેથી સર્વ પ્રકારનો અન્ય અધ્યાસ ટળી સ્ફટિકની પેઠે આત્મા અત્યંત શુદ્ધતા ભજે તે 'કેવળજ્ઞાન' છે, અને જગત જ્ઞાનપણે તેને વારંવાર જિનાગમમાં કહ્યું છે, તે માહાત્મ્યથી કરી બાહ્યદૃષ્ટિ જીવો પુરુષાર્થમાં પ્રવર્તે તે હેતુ છે.'

અત્રે શ્રી ડુંગરે 'કેવળ-કોટી' સર્વથા અમે કહી છે, એવું કહેવું યોગ્ય નથી. અમે અંતરાત્મપણે પણ તેવું માન્યુ નથી. તમે આ પ્રશ્ન લખ્યું એટલે કંઈક વિશેષ હેતુ વિચારી સમાધાન લખ્યું છે, પણ હાલ તે પ્રશ્નનું સમાધાન કરવા વિષે જેટલું મૌન રહેવાય તેટલું ઉપકારી છે એમ ચિત્તમાં રહે છે. બાકીના પ્રશ્નોનું સમાધાન સમાગમે ધારશો.

---

૬૮૦   મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

ૐ

જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે ભટકતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

હે દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડી વર્તમાને વિદ્યમાન એવા મહાત્માનું શરણું ગ્રહો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

ૐ શ્રી મહાવીર [અંગત]

---

૬૮૧ મુંબઈ, ચૈત્ર વદ ૧, ૧૯૫૨

પત્ર મળ્યું છે. કેટલોક વખત થયાં એવું બન્યા કરે છે કે વિસ્તારથી પત્ર લખવાનું થઈ શકતું નથી અને પત્રની પહોંચ પણ અનિયમિત વખતે લખાય છે. જે કારણયોગે કરી સ્થિતિ વર્તે છે તે કારણયોગ પ્રત્યે દૃષ્ટિ કરતાં હજી પણ કેટલોક વખત એવી સ્થિતિ વેદવા યોગ્ય લાગે છે. વચનો વાચવાની વિશેષ જિજ્ઞાસા વર્તે છે, તે વચનો વાંચવા મોકલવા માટે સ્થંભતીર્થવાસીને તમે જણાવશો. તેઓ અત્રે પુછાવશે તો પ્રસંગયોગ્ય લખીશું.

કદાપિ તે વચનો વાંચવા વિચારવાનો તમને પ્રસંગ મળે તો જેટલી બને તેટલી ચિત્તસ્થિરતાથી વાંચશો. અને તે વચનો હાલ તો તમારા ઉપકાર અર્થે ઉપયોગમાં લેશો, પ્રચલિત ન કરશો. એ જ વિનંતિ.

---

૬૮૨ મુંબઈ, ચૈત્ર વદ ૧, સોમ, ૧૯૫૨

બેય મુમુક્ષુ (શ્રી લલ્લુજી આદિ) પ્રત્યે હાલમાં કંઈ જણાવવાનું બન્યું નથી. હાલ કેટલોક વખત થયાં એવી સ્થિતિ વર્તે છે કે કોઈક વખત પત્રાદિ લખવાનું બને છે અને તે પણ અનિયમિતપણે લખવાનું થાય છે. જે કારણવિશેષથી તથારૂપ સ્થિતિ વર્તે છે તે કારણવિશેષ પ્રત્યે દૃષ્ટિ કરતા કેટલાક વખત સુધી તેવી સ્થિતિ વર્તવાનો સંભવ દેખાય છે. મુમુક્ષુ જીવની વૃત્તિને પત્રાદિથી કંઈ ઉપદેશ વિચારવાનું સાધન હોય તો તેથી વૃત્તિ ઉત્કર્ષ પામે અને સદ્વિચારનું બળ વર્ધમાન થાય, એ આદિ ઉપકાર એ પ્રકારમાં સમાયા છે; છતાં જે કારણવિશેષથી વર્તમાન સ્થિતિ વર્તે છે તે સ્થિતિ વેદવા યોગ્ય લાગે છે.

---

[૫૮૧]

૬૮૩ મુંબઈ, ચૈત્ર વદ ૭, રવિ, ૧૯૫૨

બે પત્ર મળ્યા છે. વિસ્તારપૂર્વક હાલ કાગળ લખવાનું બન્યું કરીને ક્યારેક બને [illegible] પત્રની પહોંચ પણ કેટલાક દિવસ વ્યતીત થયે લખાય છે.

[illegible] નિવૃત્ત કરી આરંભપરિગ્રહ પ્રત્યેથી વૃત્તિ [illegible] પરમાર્થસાધનો ઉપદેશ્યાં છે, [illegible] પોતાના દોષ વારંવાર [illegible]

[૫૯૨] ૬૮૪ મુંબઈ, ચૈત્ર વદ ૧૪, રવિ, ૧૯૫૨

'અન્ય પુરુષકી દૃષ્ટિમેં, જગ વ્યવહાર લખાય;
વૃન્દાવન, જબ જગ નહીં, કૌન વ્યવહાર, બતાય'

—વિહાર-વૃંદાવન.

---

૬૮૫ મુંબઈ, ચૈત્ર વદ ૧૪, રવિ, ૧૯૫૨

કાગળ એક મળ્યો છે. શ્રી કુંવરજીએ અત્રે ઉપદેશવચનો તમારી પાસે લખેલાં છે, તે વાંચવા મળવા માટે વિજ્ઞાપના કરી હતી. તે વચનો વાંચવા મળવા માટે સ્થંભતીર્થ લખશો અને અત્રે તેઓ લખશે તો પ્રસંગયોગ્ય લખીશું, એમ કલોલ લખ્યું હતું. જો બને તો તેમને વર્તમાનમાં વિશેષ ઉપકારભૂત થાય એવાં કેટલાંક વચનો તેમાંથી લખી મોકલશો. સમ્યક્દર્શનનાં લક્ષણાદિવાળા પત્રો તેમને વિશેષ ઉપકારભૂત થઈ શકવાયોગ્ય છે.

વિરમગામથી શ્રી સુખલાલ જો શ્રી કુંવરજીની પેઠે પત્રોની માંગણી કરે તો તેમના સંબંધમાં પણ ઉપર પ્રમાણે કરવા યોગ્ય છે.

---

૬૮૬ મુંબઈ, ચૈત્ર વદ ૧૪, રવિ, ૧૯૫૨

તમ વગેરેના સમાગમ પછી અત્રે આવવું થયું હતું. તેવામાં તમારો કાગળ એક મળ્યો હતો. હાલ ત્રણ ચાર દિવસ પહેલાં એક બીજો કાગળ મળ્યો છે. વિસ્તારથી પત્રાદિ લખવાનું કેટલોક વખત થયાં કોઈક વાર બની શકે છે. અને કોઈક વખત પત્રની પહોંચ લખવામાં પણ એમ બને છે. પ્રથમ કેટલાક મુમુક્ષુઓ પ્રત્યે ઉપદેશપત્રો લખાયા છે તેની પ્રતો શ્રી અંબાલાલ પાસે છે. તે પત્રો વાંચવા વિચારવાના પરિચયથી ક્ષયોપશમની વિશેષ શુદ્ધિ થઈ શકવા યોગ્ય છે. શ્રી અંબાલાલ પ્રત્યે તે પત્રો વાંચવા મળવા માટે વિજ્ઞાપના કરશો.

એ જ વિનતિ.

---

[૫૯૩] ૬૮૭ મુંબઈ, વૈશાખ સુદ ૧, સોમ, ૧૯૫૨

ૐ

ઘણા દિવસ થયાં હાલ પત્ર નથી, તે લખશો.

અત્રેથી જેમ પ્રથમ વિસ્તારપૂર્વક પત્ર લખવાનું બનતું તેમ, કેટલાક વખત થયાં ઘણું કરીને તથારૂપ પ્રારબ્ધને લીધે બનતું નથી.

ઇચ્છા પ્રત્યે વૃત્તિ નથી, અથવા એક અંશ પણ જેને રુચતું નથી. ઇચ્છાથી ઉત્પન્ન થતાં કર્મ પ્રત્યે જેની ઉદાસીનતા છે, તેવા કોઈ આપ્તપુરુષ તથારૂપ પ્રારબ્ધયોગથી પરિગ્રહ, સંયોગાદિકમાં વર્તતા દેખાતા હોય, અને જેમ ઇચ્છક પુરુષ પ્રવૃત્તિ કરે, ઉદ્યમ કરે, તેવા કાર્યસહિત પ્રવર્તમાન જોવામાં આવતા હોય, તો તેવા પુરુષને વિષે જ્ઞાનદશા છે, એમ શી રીતે જાણી શકાય? એટલે તે પુરુષ આપ્ત (પરમાર્થ અર્થે પ્રતીતિ કરવા યોગ્ય) છે, અથવા જ્ઞાની છે, એમ શા લક્ષણે ઓળખી શકાય? કદાપિ કોઈ મુમુક્ષુને

બીજા કોઈ પુરુષના સત્સંગયોગથી એમ જાણવામાં આવ્યું, તો તે ઓળખાણમાં ભ્રાંતિ પડે તેવો વ્યવહાર તે સત્પુરુષ વિષે પ્રત્યક્ષ દેખાય છે, તે ભ્રાંતિ નિવૃત્ત થવા માટે મુમુક્ષુ જીવે તેવા પુરુષને કેવા પ્રકારથી ઓળખવા ઘટે કે જેથી તેવા વ્યવહારમાં વર્તતાં પણ જ્ઞાનલક્ષણપણું તેના લક્ષમાં રહે?

સર્વ પ્રકારે જેને પરિગ્રહાદિ સંયોગ પ્રત્યે ઉદાસીનપણું વર્તે છે, અર્થાત્ અહંમમત્વપણું તથારૂપ સંયોગો વિષે જેને થતું નથી, અથવા પરિક્ષીણ થયું છે; 'અનંતાનુબંધી' પ્રકૃતિથી રહિત માત્ર પ્રારબ્ધોદયથી વ્યવહાર વર્તતો હોય, તે વ્યવહાર સામાન્ય દશાના મુમુક્ષુને સંદેહનો હેતુ થઈ તેને ઉપકારભૂત થવામાં નિરોધરૂપ થતો હોય એવું તે જ્ઞાની પુરુષ દેખે છે, અને તે અર્થે પણ પરિગ્રહ સંયોગાદિ પ્રારબ્ધોદય વ્યવહારની પરિક્ષીણતા ઇચ્છે છે, તેમ થતાં સુધી કેવા પ્રકારથી તે પુરુષ વર્ત્યા હોય, તો તે સામાન્ય મુમુક્ષુને ઉપકાર થવામાં હાનિ ન થાય? પત્ર વિશેષ સંક્ષેપમાં લખવાનું થયું છે, પણ તે પ્રત્યે તમે તથા શ્રી અચળ વિશેષ મનન કરશો.

---

૬૮૮ મુંબઈ, વૈશાખ સુદ ૬, રવિ, ૧૯૫૨

પત્ર મળ્યું છે તથા વચનોની પ્રત મળી છે. તે પ્રતમાં કોઈ કોઈ સ્થળે અક્ષરાંતર તથા શબ્દાંતર થયેલ છે, પણ ઘણું કરીને અર્થાંતર થયેલ નથી. તેથી તેવી પ્રતો શ્રી સુખલાલ તથા શ્રી કુંવરજીને મોકલવામાં અડચણ જેવું નથી પાછળથી પણ તે અક્ષર તથા શબ્દની શુદ્ધિ થઈ શકવા યોગ્ય છે.

---

[૫૯૪] ૬૮૯ વવાણિયા, વૈશાખ વદ ૬, રવિ, ૧૯૫૨

આર્ય શ્રી માણેકચંદાદિ પ્રત્યે, – શ્રી સ્થંભતીર્થ.

સુંદરલાલે વૈશાખ વદિ એકમે દેહ છોડયાના ખબર લખ્યા તે વાંચ્યા. વિશેષ કાળની માંદગી વિના, યુવાન અવસ્થામાં અકસ્માત્ દેહ છોડવાનું બન્યાથી સામાન્યપણે ઓળખતા માણસોને પણ તે વાતથી ખેદ થયા વિના ન રહે, તો પછી જેણે કુટુંબાદિ સંબંધથી મૂર્છા કરી હોય, સહવાસમાં વસ્યા હોય, તે પ્રત્યે કંઈ આશ્રયભાવના રાખી હોય, તેને ખેદ થયા વિના કેમ રહે? આ સંસારમાં મનુષ્યપ્રાણીને જે ખેદના અકથ્ય પ્રસંગો પ્રાપ્ત થાય છે, તે અકથ્ય પ્રસંગમાંનો એક આ મોટો ખેદકારક પ્રસંગ છે. તે પ્રસંગમાં યથાર્થ વિચારવાન પુરુષો સિવાય સર્વ પ્રાણી ખેદ વિશેષને પ્રાપ્ત થાય છે, અને યથાર્થ વિચારવાન પુરુષોને વૈરાગ્યવિશેષ થાય છે, સંસારનું અશરણપણું, અનિત્યપણું અને અસારપણું વિશેષ દૃઢ થાય છે.

વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ લાગે છે, અને વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ ભાસે છે, અને તે સત્ય છે. મૂર્છાભાવે ખેદ કર્યાથી પણ જે સંબંધીનો વિયોગ થયો છે, તેની પ્રાપ્તિ થતી નથી, અને જે મૂર્છા થાય છે તે પણ અવિચાર દશાનું ફળ છે. એમ વિચારી વિચારવાન પુરુષો તે મૂર્છા[illegible] કરીને [illegible] ખેદ તેમને ગમતો નથી. કે[illegible]

તેવા ખેદનું હિતકારીપણું દેખાતું નથી, અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે, એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને જીવને હિતકારી એવો ખેદ ઉત્પન્ન થાય છે. સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું, અને તુચ્છપણું તેમ જ અન્યત્વપણું દેખીને પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે હે જીવ, તારે વિષે કંઈ પણ આ સંસારને વિષે ઉદયાદિ ભાવે પણ મૂર્છા વર્તતી હોય તો તે ત્યાગ કર, ત્યાગ કર, તે મૂર્છાનું કંઈ ફળ નથી, સંસારમાં ક્યારેય પણ શરણત્વાદિપણું પ્રાપ્ત થવું નથી, અને અવિચારપણા વિના તે સંસારને વિષે મોહ થવા યોગ્ય નથી, જે મોહ અનંત જન્મમરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે, દુઃખ અને ક્લેશનું બીજ છે, તેને શાંત કર, તેનો ક્ષય કર. હે જીવ, એ વિના બીજો કોઈ હિતકારી ઉપાય નથી, એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચલ કરે છે. જે કોઈ જીવ યથાર્થ વિચારથી જુએ છે, તેને આ જ પ્રકારે ભાસે છે

આ જીવને દેહસંબંધ હોઈને મૃત્યુ ન હોત તો આ સંસાર સિવાય બીજે તેની વૃત્તિ જોડાવાનો અભિપ્રાય થાત નહીં. મુખ્ય કરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાનકે વૃત્તિ પ્રેરી છે, તે પણ કોઈક વિરલા જીવને પ્રેરિત થઈ છે, ઘણા જીવોને તો બાહ્ય નિમિત્તથી મૃત્યુભય પરથી બાહ્ય ક્ષણિક વૈરાગ્ય પ્રાપ્ત થઈ વિશેષ કાર્યકારી થયા વિના નાશ પામે છે; માત્ર કોઈક વિચારવાન અથવા સુલભબોધી કે ઋજુકર્મી જીવને તે ભય પરથી અવિનાશી નિઃશ્રેયસ્ પદ પ્રત્યે વૃત્તિ થાય છે.

મૃત્યુભય હોત તોપણ તે મૃત્યુ વૃદ્ધાવસ્થાએ નિયમિત પ્રાપ્ત થતું હોત તોપણ જેટલા પૂર્વે વિચારવાનો થયા છે, તેટલા ન થાત; અર્થાત્ વૃદ્ધાવસ્થા સુધી તો મૃત્યુનો ભય નથી એમ દેખીને પ્રમાદસહિત વર્તત; મૃત્યુનું અવશ્ય આવવું દેખીને. તથા તેનું અનિયમિતપણે આવવું દેખીને, તે પ્રસંગ પ્રાપ્ત થયે, સ્વજનાદિ સૌથી અરક્ષણપણું દેખીને, પરમાર્થ વિચારવામાં અપ્રમત્તપણું જ હિતકારી લાગ્યું. અને સર્વસંગનું અહિતકારીપણું લાગ્યું. વિચારવાન પુરુષોનો તે નિશ્ચય નિઃસંદેહ સત્ય છે, ત્રણે કાળ સત્ય છે. મૂર્છાભાવનો ખેદ ત્યાગીને અસંગભાવ પ્રત્યયી ખેદ વિચારવાનને કર્તવ્ય છે.

જો આ સંસારને વિષે આવા પ્રસંગોનો સંભવ ન હોત, પોતાને અથવા પરને તેવા પ્રસંગની અપ્રાપ્તિ દેખાતી હોત, અશરણાદિપણું ન હોત તો પંચવિષયનાં સુખસાધનનું કશું ન્યૂનપણું જેને નહોતું, એવા શ્રી ઋષભદેવાદિ પરમપુરુષો, અને ભરતાદિ ચક્રવર્ત્યાદિકો તેનો શા કારણે ત્યાગ કરત? એકાંત અસંગપણાં શા કારણે ભજત?

હે આર્ય માણેકચંદાદિ, યથાર્થ વિચારના ઓછાપણાને લીધે, પુત્રાદિ ભાવની કલ્પના અને મૂર્છાને લીધે, તમને કંઈ પણ ખેદ વિશેષ પ્રાપ્ત થવો સંભવિત છે, તોપણ તે ખેદનું બેયને કંઈ પણ હિતકારી ફળ નહીં હોવાથી, હિતકારીપણા માત્ર સત્ય વિચાર વિના કોઈ અન્ય ઉપાયે નથી એમ વિચારી, થતો ખેદ યથાશક્તિ વિચારથી, સત્પુરુષોના વચનામૃતથી, તથા સાધુપુરુષના આશ્રય, સમાગમાદિથી અને વિરતિથી ઉપશાંત કરવો, એ જ કર્તવ્ય છે.

---

[૫૯૫] ૬૯૦ મુંબઈ, બીજા જેઠ, શુદ ૨, શનિ, ૧૯૫૨

ૐ

મુમુક્ષુ શ્રી છોટાલાલ પ્રત્યે,—શ્રી સ્થંભતીર્થ.

કાગળ પહોંચ્યો છે.

જે હેતુથી એટલે શારીરિક રોગવિશેષથી તમારા નિયમમાં આગાર હતો તે રોગ વિશેષ વર્તે છે, તેથી તે આગાર ગ્રહણ કરતાં આજ્ઞાનો ભંગ અથવા અતિક્રમ નહીં થાય; કેમકે તમારો નિયમ તથાપ્રકારે પ્રારંભિત હતો. એ જ કારણવિશેષ છતાં પણ જો પોતાની ઇચ્છાએ તે આગાર ગ્રહણ કરવાનું થાય તો આજ્ઞાનો ભંગ કે અતિક્રમ થાય.

સર્વ પ્રકારના આરંભ તથા પરિગ્રહના સંબંધનું મૂળ છેદવાને સમર્થ એવું બ્રહ્મચર્ય પરમ સાધન છે. યાવત્ જીવન પર્યંત તે વ્રત ગ્રહણ કરવાને વિષે તમારો નિશ્ચય વર્તે છે, એમ જાણી પ્રસન્ન થવા યોગ્ય છે. હવેના સમાગમના આશ્રયમાં તે પ્રમાણેનો વિચાર નિવેદિત કરવાનું રાખીને સંવત ૧૯૫૨ના આસો માસની પૂર્ણતા સુધી કે સં. ૧૯૫૩ના કાર્તિક સુદિ પૂર્ણિમા પર્યંત શ્રી લલ્લુજી પ્રત્યે તે વ્રત ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

શ્રી માણેકચંદે લખેલો કાગળ મળ્યો છે. સુંદરલાલના દેહત્યાગ સંબંધી ખેદ જણાવી તે ઉપરથી સંસારનું અશરણાદિપણું લખ્યું તે યથાર્થ છે; તેવી પરિણતિ અખંડ વર્તે તો જ જીવ ઉત્કૃષ્ટ વૈરાગ્યને પામી સ્વસ્વરૂપ જ્ઞાનને પામે; ક્યારેક ક્યારેક કોઈ નિમિત્તથી તેવા પરિણામ થાય છે, પણ તેને વિઘ્નહેતુ એવા સંગ તથા પ્રસંગને વિષે જીવનો વાસ હોવાથી તે પરિણામ અખંડ રહેતાં નથી, અને સંસારાભિરુચિ થઈ જાય છે; તેવી અખંડ પરિણતિના ઇચ્છાવાન મુમુક્ષુને તે માટે નિત્ય સત્સમાગમનો આશ્રય કરવાની પરમ પુરુષે શિક્ષા દીધી છે.

જ્યાં સુધી જીવને તે યોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કંઈ પણ તેવા વૈરાગ્યને આધારના હેતુ તથા અપ્રતિકૂળ નિમિત્તરૂપ એવા મુમુક્ષુ જનનો સમાગમ તથા સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે. બીજા સંગ તથા પ્રસંગથી દૂર રહેવાની વારંવાર સ્મૃતિ રાખવી જોઈએ; અને તે સ્મૃતિ પ્રવર્તનરૂપ કરવી જોઈએ; વારંવાર જીવ આ વાત વીસરી જાય છે. અને તેથી ઇચ્છિત સાધન તથા પરિણતિને પામતો નથી.

[illegible] ગતિ વિષેનો પ્રશ્ન વાંચ્યો છે. એ પ્રશ્ન હાલ ઉપશમ કરવા યોગ્ય છે, તેમ તે વિષે વિકલ્પ કરવો યોગ્ય પણ નથી.

---

૬૯૧ મુંબઈ, બીજા જેઠ વદિ ૬, શુક્ર, ૧૯૫૨

ૐ

[illegible] નિર્વાણની પ્રાપ્તિ થાય નહીં, એમ જિનાગમમાં કહ્યું છે [illegible] (આ કાળમાં આ ક્ષેત્રથી) નિર્વાણની પ્રાપ્તિ થાય, તે માટે [illegible] તમને અને ડુંગરભાઈને પણ [illegible]

વર્તમાનકાળમાં આ ક્ષેત્રથી નિર્વાણપ્રાપ્તિ ન હોય એ સિવાય બીજા કેટલાક ભાવની પણ જિનાગમમાં તથા તેના આશ્રયને ઇચ્છતા એવા આચાર્યરચિત શાસ્ત્રને વિષે વિચ્છેદતા કહી છે. કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, પૂર્વજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ક્ષાયક સમકિત અને પુલાકલબ્ધિ એ ભાવો મુખ્ય કરીને વિચ્છેદ કહ્યા છે. શ્રી ડુંગરને તેનો તેનો જે પરમાર્થ ભાસતો હોય તે લખશો. તમને તથા લહેરાભાઈને આ વિષે જો કંઈ લખવાની ઇચ્છા થાય તે લખશો.

વર્તમાનકાળમાં આ ક્ષેત્રથી આત્માર્થની કઈ કઈ મુખ્ય ભૂમિકા ઉત્કૃષ્ટ અધિકારીને પ્રાપ્ત થઈ શકે, અને તે પ્રાપ્ત થવાનો માર્ગ કયો ? તે પણ શ્રી ડુંગરથી લખાવાય તો લખશો તેમ જ તે વિષે જો તમારી તથા લહેરાભાઈની લખવાની ઇચ્છા થાય તો લખશો. ઉપર જણાવેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર લખવાનું હાલ બને એમ ન હોય તો તે પ્રશ્નોના પરમાર્થ પ્રત્યે વિચારનો લક્ષ રાખશો.

---

[૬૨૯] ૬૯૨ મુંબઈ, બીજા જેઠ વદ, ૧૯૫૨

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો. જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરા-મરણાદિને નાશ કરવવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.

તમે તથા શ્રી મુનિ પ્રસંગોપાત્ત ખુશાલદાસ પ્રત્યે જવાનું રાખશો. બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ યથાશક્તિ ધારણ કરવાની તેમને સંભાવના દેખાય તો મુનિઓને તેમ કરવામાં પ્રતિબંધ નથી.

શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

---

[૫૯૭] ૬૯૩ મુંબઈ, અષાડ સુદ ૨, રવિ, ૧૯૫૨

જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી નાસી છૂટી શકે એમ હોય, અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સૂવે.

—શ્રી તીર્થંકર—છજ્જીવનિકાય અધ્યયન.

ફરી 'સ્વધર્મસહિત ભક્તિ કરવી' એમ આવવાનુ કારણ શું? એમ તમે લખ્યુ તેનો ઉત્તર અત્રે લખ્યો છે:—

સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી એમ જણાવ્યુ છે ત્યાં 'સ્વધર્મ' શબ્દનો અર્થ 'વર્ણાશ્રમધર્મ' છે. બ્રાહ્મણાદિ વર્ણમાં દેહ ધારણ થયો હોય, તે વર્ણનો શ્રુતિ સ્મૃતિએ કહેલો ધર્મ આચરવો તે વર્ણધર્મ છે, અને બ્રહ્મચર્યાદિ આશ્રમ ક્રમે કરી આચરવાની જે મર્યાદા શ્રુતિ સ્મૃતિએ કહી છે, તે મર્યાદાસહિત તે તે આશ્રમમાં વર્તવું તે 'આશ્રમધર્મ' છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ છે, તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમ છે. બ્રાહ્મણવર્ણે આ પ્રમાણે વર્ણધર્મ આચરવા એમ શ્રુતિ, સ્મૃતિમાં કહ્યુ હોય તે પ્રમાણે બ્રાહ્મણ આચરે તો 'સ્વધર્મ' કહેવાય, અને જો તેમ ન આચરતાં ક્ષત્રિયાદિને આચરવા યોગ્ય ધર્મને આચરે તો 'પરધર્મ' કહેવાય; એ પ્રકારે જે જે વર્ણમા દેહ ધારણ થયો હોય, તે તે વર્ણના શ્રુતિ, સ્મૃતિએ કહેલા ધર્મ પ્રમાણે વર્તવું તે 'સ્વધર્મ' કહેવાય, અને બીજા વર્ણના ધર્મ આચરે તો 'પરધર્મ' કહેવાય.

તેવી રીતે આશ્રમધર્મ સંબંધી પણ સ્થિતિ છે. જે વર્ણોને બ્રહ્મચર્યાદિ આશ્રમસહિત વર્તવાનું શ્રુતિ, સ્મૃતિએ કહ્યુ છે તે વર્ણે પ્રથમ, ચોવીશ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમમાં વર્તવું, પછી ચોવીશ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમા વર્તવું; ક્રમે કરીને વાનપ્રસ્થ અને સંન્યસ્તાશ્રમ આચરવા; એ પ્રમાણે આશ્રમનો સામાન્ય ક્રમ છે. તે તે આશ્રમમાં વર્તવાના મર્યાદાકાળને વિષે બીજા આશ્રમના આચરણને ગ્રહણ કરે તો તે 'પરધર્મ' કહેવાય; અને તે તે આશ્રમમાં તે તે આશ્રમના ધર્મોને આચરે તો તે 'સ્વધર્મ' કહેવાય; આ પ્રમાણે વેદાશ્રિત માર્ગમાં વર્ણાશ્રમધર્મને 'સ્વધર્મ' કહ્યો છે, તે વર્ણાશ્રમધર્મને 'સ્વધર્મ' શબ્દે સમજવા યોગ્ય છે: અર્થાત્ સહજાનંદસ્વામીએ વર્ણાશ્રમધર્મને અત્રે 'સ્વધર્મ' શબ્દથી કહ્યો છે. ભક્તિપ્રધાન સંપ્રદાયોમાં ઘણું કરીને ભગવદ્ભક્તિ કરવી એ જ જીવનો 'સ્વધર્મ' છે, એમ પ્રતિપાદન કર્યું છે, પણ તે અર્થમાં અત્રે 'સ્વધર્મ' શબ્દ કહ્યો નથી, કેમકે ભક્તિ 'સ્વધર્મ'માં રહીને કરવી એમ કહ્યું છે, માટે સ્વધર્મનુ જુદાપણે ગ્રહણ છે, અને તે વર્ણાશ્રમધર્મના અર્થમાં ગ્રહણ છે. જીવનો 'સ્વધર્મ' ભક્તિ છે, એમ જણાવવાને અર્થે તો ભક્તિશબ્દને બદલે ક્વચિત્ જ સ્વધર્મ શબ્દ સંપ્રદાયોએ ગ્રહણ કર્યો છે, અને શ્રી સહજાનંદના વચનામૃતમાં ભક્તિને બદલે સ્વધર્મ શબ્દ સંજ્ઞાવાચકપણે પણ વાપર્યો નથી, ક્વચિત્ શ્રી વલ્લભાચાર્યે વાપર્યો છે.

---

[૭૨૧] ૬૯૬ મુંબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૨

ૐ

ભુજાએ કરી જે સ્વયંભૂરમણસમુદ્ર તરી ગયા, તરે છે, અને તરશે તે સત્પુરુષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

ઘણાં પ્રશ્ન લખ્યા હતા, તે તમારો કાગળ પ્રાપ્ત થયો હતો, તથા ... સંબંધી કંઈ એક પરમાર્થ વ્યવહારરૂપ પ્રવૃત્તિ

જેવી લાગે છે, અને તે આદિ કારણથી માત્ર પહોંચ લખવાનું પણ કર્યું નથી. ચિત્તને સહેજ પણ અવલંબન છે તે ખેંચી લેવાથી આર્ત્તતા પામશે, એમ જાણી તે દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યું છે.

સૂક્ષ્મસંગરૂપ અને બાહ્યસંગરૂપ દુસ્તર સ્વયંભૂરમણસમુદ્ર ભુજાએ કરી જે વર્ધમાનાદિ પુરુષો તરી ગયા છે, તેમને પરમભક્તિથી નમસ્કાર હો! પડવાના ભયંકર સ્થાનકે સાવચેત રહી, તથારૂપ સામર્થ્ય વિસ્તારી સિદ્ધિ સિદ્ધ કરી છે, તે પુરુષાર્થને સંભારી રોમાંચિત, અનંત અને મૌન એવું આશ્ચર્ય ઊપજે છે.

---

[૬૨૨] ૬૯૭ મુંબઈ, અસાડ વદ ૮, રવિ, ૧૯૫૨

ભુજાએ કરી જે સ્વયંભૂરમણસમુદ્ર તરી ગયા, તરે છે, અને તરશે તે સત્પુરુષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

શ્રી અંબાલાલના લખેલા તથા શ્રી ત્રિભુવનના લખેલા તથા શ્રી દેવકરણજી આદિના લખેલા પત્રો પ્રાપ્ત થયા છે

પ્રારબ્ધરૂપ દુસ્તર પ્રતિબંધ વર્તે છે, ત્યા કંઈ લખવું કે જણાવવું તે કૃત્રિમ જેવું લાગે છે; અને તેથી હમણા પત્રાદિની માત્ર પહોચ પણ લખવાનું કર્યું નથી. ઘણાં પત્રોને માટે તેમ થયુ છે, તેથી ચિત્તને વિશેષ મુઝાવારૂપ થશે, ને વિચારરૂપ દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યુ છે. આત્માને મૂળજ્ઞાનથી ચલાયમાન કરી નાખે એવા પ્રારબ્ધને વેદતા આવો પ્રતિબધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે, અને કોઈક વિકટ અવસરને વિષે એક વાર આત્માને મૂળજ્ઞાન વમાવી દેવા સુધીની સ્થિતિ પમાડે છે એમ જાણી, તેથી ડરીને વર્તવું યોગ્ય છે, એમ વિચારી પત્રાદિની પહોંચ લખી નથી; તે ક્ષમા કરવાની નમ્રતાસહિત પ્રાર્થના છે.

અહો! જ્ઞાનીપુરુષની આશય ગંભીરતા, ધીરજ અને ઉપશમ! અહો! અહો! વારંવાર અહો!

ૐ

---

[૬૨૪] ૬૯૮ મુંબઈ, શ્રાવણ સુદ ૫, શુક્ર, ૧૯૫૨

ૐ

'જિનાગમમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય કહ્યાં છે. તેમાં કાળને દ્રવ્ય કહ્યું છે; અને અસ્તિકાય પાંચ કહ્યા છે. કાળને અસ્તિકાય કહ્યો નથી, તેનો શો હેતુ હોવો જોઈએ? કદાપિ કાળને અસ્તિકાય ન કહેવામાં એવો હેતુ હોય કે ધર્માસ્તિ આદિ પ્રદેશના સમૂહરૂપ છે, અને પરમાણુ પુદ્ગલ તેવી યોગ્યતાવાળાં દ્રવ્ય છે. કાળ તેવી રીતે નથી, માત્ર એક સમયરૂપ છે. તેથી કાળને અસ્તિકાય કહ્યો નથી. ત્યાં એમ આશંકા થાય છે કે એક સમય પછી બીજો, પછી ત્રીજો એમ સમયની ધારા વહ્યા જ કરે છે, અને તે ધારામાં વચ્ચે અવકાશ નથી, તેથી એકબીજા સમયનું અનુસંધાનપણું અથવા સમૂહાત્મકપણું સંભવે છે; જેથી કાળ પણ અસ્તિકાય કહી શકાય. વળી સર્વજ્ઞને ત્રણે કાળનું જ્ઞાન થાય છે,

સાર્થક છે. છેલ્લે અવસરે અનશનાદિ કે સંસ્તરાદિક કે સંલેખનાદિક ક્રિયા કવચિત્ બનો કે ન બનો તોપણ જે જીવને ઉપર કહ્યો તે ભાવ લક્ષગત છે, તેનો જન્મ સફળ છે, અને ક્રમે કરી તે નિઃશ્રેયને પ્રાપ્ત થાય છે.

તમને બાહ્યક્રિયાદિનો કેટલાંક કારણથી વિશેષ વિધિનિષેધ લક્ષ જોઈને અમને ખેદ થતો કે આમા કાળ વ્યતીત થતાં આત્માવસ્થા કેટલી સ્વસ્થતા ભજે છે, અને શું યથાર્થ સ્વરૂપનો વિચાર કરી શકે છે, કે તમને તેનો આટલો બધો પરિચય ખેદનો હેતુ લાગતો નથી? સહજમાત્ર જેમાં ઉપયોગ દીધો હોય તો ચાલે તેવું છે, તેમાં લગભગ 'જાગૃતિ' કાળનો ઘણો ભાગ વ્યતીત થવા જેવું થાય છે તે કેને અર્થે? અને તેનું શું પરિણામ? તે શા માટે તમને ધ્યાનમાં આવતું નથી? તે વિષે કવચિત્ કંઈ પ્રેરવાની ઇચ્છા થયેલી સંભવે છે, પણ તમારી તથારૂપ રુચિ અને સ્થિતિ ન દેખાવાથી પ્રેરણા કરતાં કરતાં વૃત્તિ સંક્ષેપી લીધેલી. હજી પણ તમારા ચિત્તમાં આ વાતને અવકાશ આપવા યોગ્ય અવસર છે. લોકો માત્ર વિચારવાન કે સમ્યગ્દૃષ્ટિ સમજે તેથી કલ્યાણ નથી. અથવા બાહ્યવ્યવહારના ઘણા વિધિનિષેધના કર્તૃત્વના માહાત્મ્યમાં કંઈ કલ્યાણ નથી, એમ અમને તો લાગે છે. આ કંઈ એકાંતિક દૃષ્ટિએ લખ્યું છે અથવા અન્ય કંઈ હેતુ છે, એમ વિચારવું છોડી દઈ જે કંઈ તે વચનોથી અંતર્મુખવૃત્તિ થવાની પ્રેરણા થાય તે કરવાનો વિચાર રાખવો એ જ સુવિચારદૃષ્ટિ છે.

લોકસમુદાય કોઈ ભલો થવાનો નથી, અથવા સ્તુતિનિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃત્તિ તે વિચારવાનને કર્ત્તવ્ય નથી. બાહ્યક્રિયાના અંતર્મુખવૃત્તિ વગરના વિધિનિષેધમાં કંઈ પણ વાસ્તવ્ય કલ્યાણ રહ્યું નથી. ગચ્છાદિ ભેદને નિર્વાહવામાં, નાના પ્રકારના વિકલ્પો સિદ્ધ કરવામાં આત્માને આવરણ કરવા બરાબર છે. અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી, એમ જાણી લખ્યું છે. તે માત્ર અનુકંપાબુદ્ધિએ, નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી, અને હિતાર્થે લખ્યું છે, એમ જો તમે યથાર્થ વિચારશો તો દૃષ્ટિગોચર થશે, અને વચનનું ગ્રહણ કે પ્રેરણા થવાનો હેતુ થશે.

---

[૬૩૩] ૭૦૩ રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૫૨

કેટલાક પ્રશ્નોનું સમાધાન જાણવાની જિજ્ઞાસા રહે એ સ્વાભાવિક છે.

'ઘણું કરીને બધા માર્ગોમાં મનુષ્યપણાને મોક્ષનું એક સાધન જાણી બહુ વખાણ્યું છે. અને [illegible] જેમ તે પ્રાપ્ત થાય એટલે તેની વૃદ્ધિ થાય તેમ કેટલાક માર્ગોમાં ઉપદેશ [illegible] છે. જિનોક્ત માર્ગને વિષે તેવો ઉપદેશ કર્યો દેખાતો નથી. વેદોક્ત માર્ગમાં [illegible] નથી, [illegible] તથા ચાર આશ્રમને ક્રમાદિથી કરીને વિચારતાં [illegible] તેવો ઉપદેશ કર્યો દૃષ્ટિગોચર થાય છે. જિનોક્ત માર્ગમાં તેથી ઊલટું [illegible] છે, [illegible] નહીં કરતાં [illegible] જીવ વૈરાગ્ય પામે તો સંસાર [illegible] આવે છે, તેથી ઘણા ગૃહસ્થાશ્રમને પામ્યા વિના ત્યાગી [illegible] તેમના [illegible] જે કંઈ તેમને સંતાનોત્પત્તિ [illegible]

રહેત તે ન થાય અને તેથી વંશનો નાશ થવા જેવું થાય, જેથી દુર્લભ એવું મનુષ્યપણું જે મોક્ષસાધનરૂપ ગણ્યુ છે, તેની વૃદ્ધિ અટકે છે, માટે તેવો અભિપ્રાય જિનનો કેમ હોય?' તે જાણવા આદિ વિચારનું પ્રશ્ન લખ્યું છે, તેનું સમાધાન વિચારવા અર્થે અત્રે લખ્યુ છે.

લૌકિક દૃષ્ટિ અને અલૌકિક (લોકોત્તર) દૃષ્ટિમાં મોટો ભેદ છે, અથવા એકબીજી દૃષ્ટિ પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળી છે. લૌકિક દૃષ્ટિમાં વ્યવહાર (સાંસારિક કારણો)નું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણુ છે. માટે અલૌકિક દૃષ્ટિને લૌકિક દૃષ્ટિના ફળની સાથે પ્રાયે (ઘણું કરીને) મેળવવી યોગ્ય નહીં.

જૈન અને બીજા બધા માર્ગમાં ઘણી કરીને મનુષ્યદેહનુ વિશેષ માહાત્મ્ય કહ્યું છે. એટલે મોક્ષસાધનના કારણરૂપ હોવાથી તેને ચિંતામણિ જેવો કહ્યો છે, તે સત્ય છે. પણ જો તેથી મોક્ષસાધન કર્યું તો જ તેનું એ માહાત્મ્ય છે, નહીં તો પશુના દેહ જેટલી યે વાસ્તવિક દૃષ્ટિથી તેની કિંમત દેખાતી નથી.

મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી એ વિચાર મુખ્યપણે લૌકિક દૃષ્ટિનો છે, પણ તે દેહ પામીને અવશ્ય મોક્ષસાધન કરવું, અથવા તે સાધનનો નિશ્ચય કરવો, એ વિચાર મુખ્યપણે અલૌકિક દૃષ્ટિનો છે. અલૌકિક દૃષ્ટિમાં મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી એમ કહ્યુ નથી, તેથી મનુષ્યાદિનો નાશ કરવો એમ તેમા આશય રહે છે, એમ સમજવું ન જોઈએ. લૌકિક દૃષ્ટિમાં તો યુદ્ધાદિ ઘણા પ્રસંગમાં હજારો મનુષ્યો નાશ પામવાનો વખત આવે છે, અને તેમાં ઘણા વંશરહિત થાય છે, પણ પરમાર્થ એટલે અલૌકિક દૃષ્ટિનાં તેવાં કાર્ય નથી, કે જેથી તેમ થવાનો ઘણુંકરીને વખત આવે, અર્થાત્ એ સ્થળે અલૌકિક દૃષ્ટિથી નિર્વૈરતા, અવિરોધ, મનુષ્યાદિ પ્રાણીની રક્ષા અને તેમના વંશનું રહેવું એ સહેજે બને છે; અને મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવાનો જેનો હેતુ છે, એવી લૌકિક દૃષ્ટિ ઊલટી તે સ્થળે વૈર, વિરોધ, મનુષ્યાદિ પ્રાણીનો નાશ અને વંશરહિતપણુ કરનારી થાય છે.

અલૌકિક દૃષ્ટિ પામીને અથવા અલૌકિક દૃષ્ટિની અસરથી કોઈ પણ મનુષ્ય નાની વયમાં ત્યાગી થાય તો તેથી જે ગૃહસ્થાશ્રમપણુ પામ્યા ન હોય તેના વંશનો અથવા ગૃહસ્થાશ્રમપણું પામ્યા હોય અને પુત્રોત્પત્તિ ન થઈ હોય તેના વંશનો નાશ થવાનો વખત આવે, અને તેટલાં મનુષ્યો ઓછાં જન્મવાનું થાય. જેથી મોક્ષસાધનના હેતુભૂત એવા મનુષ્ય દેહની પ્રાપ્તિ અટકાવવા જેવું બને, એમ લૌકિક દૃષ્ટિથી યોગ્ય લાગે; પણ પરમાર્થ દૃષ્ટિથી તે ઘણું કરીને કલ્પનામાત્ર લાગે છે.

કોઈ પણ પૂર્વે પરમાર્થમાર્ગને આરાધીને અત્રે મનુષ્યપણું પામ્યા હોય, તેને નાની વયથી જ ત્યાગવૈરાગ્ય તીવ્રપણે ઉદયમાં આવે છે. તેવા મનુષ્યને સંતાનની ઉત્પત્તિ થયા પછી ત્યાગ કરવાનો ઉપદેશ કરવો, અથવા આશ્રમના અનુક્રમમાં મૂકવા તે યથાર્થ દેખાતું નથી. કેમકે મનુષ્યદેહ તો બાહ્ય દૃષ્ટિથી અથવા અપેક્ષાએ, મોક્ષસાધનરૂપ છે, અને યથાર્થ ત્યાગવૈરાગ્ય તો મુખ્યપણે મોક્ષસાધનરૂપ છે. અને તેવાં કારણો પ્રાપ્ત થવાથી મનુષ્યદેહનું મોક્ષસાધનપણું થતું હતું. તે કારણો પ્રાપ્ત થયે તે દેહથી ભોગાદિમાં પ્રવર્તવાનું કહેવું, તે મનુષ્યદેહને મોક્ષસાધનરૂપ કરવા બરાબર કહેવાય કે સંસારસાધનરૂપ કરવા બરાબર કહેવાય, તે વિચારવા યોગ્ય છે.

વેદોક્ત માર્ગમાં ચાર આશ્રમ બાંધ્યા છે તે એકાંતે નથી. વામદેવ, શુકદેવ, જડભરતજી એ આદિ આશ્રમના ક્રમ વગર ત્યાગપણે વિચર્યા છે. જેઓથી તેમ થવું અશક્ય હોય, તેઓ પરિણામે યથાર્થ ત્યાગ કરવાનો લક્ષ રાખી આશ્રમપૂર્વક પ્રવર્તે તો તે સામાન્ય રીતે ઠીક છે, એમ કહી શકાય. આયુષ્યનું એવું ક્ષણભંગુરપણું છે કે, તેવો ક્રમ પણ વિરલાને જ પ્રાપ્ત થવાનો વખત આવે. કદાપિ તેવું આયુષ્ય પ્રાપ્ત થયુ હોય તોપણ તેવી વૃત્તિએ એટલે પરિણામે યથાર્થ ત્યાગ થાય એવો લક્ષ રાખીને પ્રવર્તવાનું તો કોઈકથી જ બને તેવું છે.

જિનોક્ત માર્ગનો પણ એવો એકાંત સિદ્ધાંત નથી કે ગમે તે વયમાં ગમે તેવે માણસે ત્યાગ કરવો. તથારૂપ સત્સંગ, સદ્ગુરુનો યોગ થયે, તે આશ્રયે કોઈ પૂર્વના સંસ્કારવાળો એટલે વિશેષ વૈરાગ્યવાન પુરુષ ગૃહસ્થાશ્રમ પામ્યા પહેલાં ત્યાગ કરે તો તેણે યોગ્ય કર્યું છે, એમ જિનસિદ્ધાંત પ્રાયે કહે છે; કેમકે અપૂર્વ એવાં સાધનો પ્રાપ્ત થયે ભોગાદિ ભોગવવાના વિચારમાં પડવું, અને તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરી પોતાનું પ્રાપ્ત આત્મસાધન ગુમાવવા જેવું કરવું, અને પોતાથી સંતતિ થશે તે મનુષ્યદેહ પામશે તે મોક્ષ સાધનરૂપ થશે, એવી મનોરથમાત્ર કલ્પનામા પડવું તે મનુષ્યપણાનું ઉત્તમપણું ટાળીને પશુવત્ કરવા જેવું થાય.

ઇંદ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરુષની દૃષ્ટિમાં હજી જે ત્યાગ કરવાને યોગ્ય નથી, એવા કોઈ મંદ કે મોહવૈરાગ્યવાન જીવને ત્યાગ લેવો પ્રશસ્ત જ છે, એમ કંઈ જિન સિદ્ધાંત એકાંતે નથી.

પ્રથમથી જ જેને ઉત્તમ સંસ્કારવાળો વૈરાગ્ય ન હોય તે પુરુષ કદાપિ ત્યાગનો પરિણામે લક્ષ રાખી આશ્રમપૂર્વક પ્રવર્તે તો તેણે એકાંતે ભૂલ જ કરી છે, અને ત્યાગ જ કર્યો હોત તો ઉત્તમ હતું, એમ પણ જિનસિદ્ધાંત નથી. માત્ર મોક્ષસાધનનો પ્રસંગ પ્રાપ્ત થયે તે પ્રસંગ જતો કરવો ન જોઈએ, એમ જિનનો ઉપદેશ છે.

ઉત્તમ સંસ્કારવાળા પુરુષો ગૃહસ્થાશ્રમ કર્યા સિવાય ત્યાગ કરે તેથી મનુષ્યની વૃદ્ધિ અટકે, તેથી મોક્ષસાધનનાં કારણ અટકે એ વિચારવું અલ્પ દૃષ્ટિથી યોગ્ય દેખાય, પણ તથારૂપ ત્યાગ વૈરાગ્યના યોગ પ્રાપ્ત થયે મનુષ્યદેહનું સફળપણું થવા અર્થે, તે યોગનો અપ્રમત્તપણે વિલંબ વગર લાભ પ્રાપ્ત કરવો, તે વિચાર તો પૂર્વાપર અવિરુદ્ધ અને પરમાર્થદૃષ્ટિથી સિદ્ધ દેખાય. આયુષ્ય સંપૂર્ણ છે તથા આગળ સંતતિ થાય તો તેઓ મોક્ષસાધન કરશે એવો નિશ્ચય કરી, સંતતિ થશે જ એવું માન્ય રાખી, પાછો આવો ને આવો ત્યાગ પ્રકાશિત થશે, તેવું ભવિષ્ય કલ્પીને આશ્રમપૂર્વક પ્રવર્તવાનું કયો વિચારવાન એકાંતે યોગ્ય ગણે? પોતાના વૈરાગ્યમાં મંદપણું ન હોય, અને જ્ઞાનીપુરુષ જેને ત્યાગ કરવા યોગ્ય ગણતા હોય, તેણે [illegible] મનોરથમાત્ર કારણોના અથવા અનિશ્ચિત કારણોનો વિચાર છોડી દઈ નિશ્ચિત અને [illegible] ઉત્તમ [illegible] આશ્રય કરવો એ જ ઉત્તમ છે, અને એ જ મનુષ્યપણાનું [illegible], બાકી વૃદ્ધિ [illegible], અવિરોધ મોક્ષમાર્ગ નાશ કરી માત્ર [illegible] [illegible] કરવા જેવું [illegible].

[illegible] દૃષ્ટિથી જે [illegible] છે તે જ [illegible]

છે. ઉપયોગ આવાં પ્રશ્નોત્તરમાં વિશેષ કરી પ્રેરવો કઠણ પડે છે, તોપણ સંક્ષેપમાં જે કંઈ લખવાનુ બન્યુ તે ઉદીરણાવત્ કરીને લખ્યુ છે.

જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાનીપુરુષનાં વચનને લૌકિક આશયમાં ન ઉતારવાં; અથવા અલૌકિક દૃષ્ટિએ વિચારવાં યોગ્ય છે; અને જ્યાં સુધી બને ત્યાં સુધી લૌકિક પ્રશ્નોત્તરમાં પણ વિશેષ ઉપકાર વિના પડવું ન ઘટે; તેવા પ્રસંગોથી કેટલીક વાર પરમાર્થદૃષ્ટિ ક્ષોભ પમાડવા જેવું પરિણામ આવે છે

વડના ટેટા કે પીપળનાં પીપાંનું રક્ષણ પણ કંઈ તેના વંશવૃદ્ધિને અર્થે કરવાના હેતુથી અભક્ષ્ય કહ્યાં છે, એમ સમજવું યોગ્ય નથી. તેમાં કોમળપણું હોય છે ત્યારે અનંતકાયનો સંભવ છે, તથા તેને બદલે બીજી ઘણી ચીજોથી નિષ્પાપપણે રહી શકાય છે, છતા તે જ અંગીકાર કરવાની ઇચ્છા રાખવી તે વૃત્તિનુ ઘણુ તુચ્છપણુ થાય છે. તેથી તે અભક્ષ્ય કહ્યાં છે; તે યથાર્થ લાગવા યોગ્ય છે.

પાણીના ટીપામાં અસંખ્યાત જીવ છે એ વાત ખરી છે, પણ ઉપર દર્શાવ્યાં જે વડના ટેટા વગેરેના કારણો તેવાં કારણો તેમાં રહ્યાં નથી, તેથી તે અભક્ષ્ય કહ્યુ નથી, જો કે તેવું પાણી વાપરવાની પણ આજ્ઞા છે, એમ કહ્યું નથી, અને તેથી પણ અમુક પાપ થાય એવો ઉપદેશ છે.

આગળના* કાગળમાં બીજના સચિત-અચિત સંબંધી સમાધાન લખ્યુ છે તે કોઈ એક વિશેષ હેતુથી સંક્ષેપ્યુ છે. પરંપરા રૂઢિ પ્રમાણે લખ્યુ છે, તથાપિ તેમાં કંઈક વિશેષ ભેદ સમજાય છે, તે લખ્યો નથી. લખવા યોગ્ય નહીં લાગવાથી લખ્યો નથી. કેમકે તે ભેદ વિચારમાત્ર છે, અને તેમાં કાંઈ તેવો ઉપકાર સમાયો દેખાતો નથી.

નાના પ્રકારના પ્રશ્નોત્તરનો લક્ષ એકમાત્ર આત્માર્થ પ્રત્યે થાય તો આત્માને ઘણો ઉપકાર થવાનો સંભવ રહે.

---

[૬૩૩]   ૭૦૪   રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૫૨

લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિમાં મોટો ભેદ છે. લૌકિક દૃષ્ટિમાં વ્યવહારનું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે.

મનુષ્યદેહનું જૈન અને બીજા બધા માર્ગમાં વિશેષપણું અને અમૂલ્યપણું કહ્યું છે તે સત્ય છે, પણ જો તે મોક્ષસાધન કરી શકાય તો જ તેનું વિશેષપણું અને અમૂલ્યપણું છે.

મનુષ્યાદિ વસ્તીની વૃદ્ધિ કરવી એ વિચાર લૌકિક દૃષ્ટિનો છે, પણ મનુષ્યને યથાયોગ્ય યોગ થયે કલ્યાણનો અવશ્ય નિશ્ચય કરવો તથા પ્રાપ્તિ કરવી એ વિચાર અલૌકિક દૃષ્ટિનો છે.

જો યોગ જ કરાવવામાં આવતું હોત કે ક્રમે કરીને જ સર્વ વંશ-પરિણામ કરે તો તે યથાસ્થિત વિચાર કહેવાય નહીં કેમકે પૂર્ણ કલ્યાણનું આરાધન થયું [illegible] ઉત્તમ એવો નાની વયથી જ ઉત્કૃષ્ટ ત્યાગ પામ્યા છે શુકદેવજી, જડભરતાદિના પ્રસંગ, બીજા દર્શનનાં તે અર્થે દૃષ્ટાંતરૂપ છે. જો એક જ નિયમ બાંધ્યો હોય કે વૃદ્ધાવસ્થાએ

* જુઓ [illegible]

[૬૩૪] ૭૦૬ વડવા (સ્તંભતીર્થ સમીપ),
ભાદરવા સુદ ૧૧, ગુરુ; ૧૯૫૨

શુભેચ્છાસંપન્ન આર્ય કેશવલાલ પ્રત્યે — લીંબડી.

સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રાપ્ત થાય.

ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે. 'કંઈ પણ વૃત્તિ રોકતાં, તે કરતાં વિશેષ અભિમાન વર્તે છે,' તેમ જ 'તૃષ્ણાના પ્રવાહમાં ચાલતાં તણાઈ જવાય છે, અને તેની ગતિ રોકવાનું સામર્થ્ય રહેતું નથી' ઇત્યાદિ વિગત તથા 'ક્ષમાપના અને કર્કટી રાક્ષસીના 'યોગવાસિષ્ઠ' સંબંધી પ્રસંગની જગતભ્રમ ટળવા માટેમાં વિશેષતા' લખી તે વિગત વાંચી છે. હાલ લખવામાં ઉપયોગ વિશેષ રહી શકતો નથી, જેથી પત્રની પહોંચ પણ લખતાં રહી જાય છે. સંક્ષેપમા તે પત્રોના ઉત્તર નીચે લખ્યા પરથી વિચારવા યોગ્ય છે.

૧. વૃત્તિઆદિ સંક્ષેપ અભિમાનપૂર્વક થતો હોય તોપણ કરવો ઘટે. વિશેષતા એટલી કે તે અભિમાન પર નિરંતર ખેદ રાખવો. તેમ બને તો ક્રમે કરીને વૃત્તિઆદિનો સંક્ષેપ થાય, અને તે સંબંધી અભિમાન પણ સંક્ષેપ થાય.

૨. ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળા ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે, અને તે વિચારને વૈરાગ્ય (ભોગપ્રત્યે અનાસક્તિ) તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી, થાય છે. ઘણું કરી [illegible] કારણોને અન્યોન્યાશ્રય જેવું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું [illegible] છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની '[illegible]ભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને [illegible] કારણરૂપ થાય છે.

[illegible] થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં [illegible] નથી જાય કે લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે [illegible], અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય, એમ યથ[illegible] [illegible] મુમુક્ષુને તે ઘટે છે, કેમકે [illegible] [illegible] જ્યાં સુધી નિશ્ચયમાં ન આવ્યું [illegible] [illegible] કે લૌકિક વિશેષતામાં કંઈ [illegible] [illegible] હોય તોપણ [illegible]

માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય છે.

૩. ઘણું કરીને સત્પુરુષને વચને આધ્યાત્મિકશાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે પરમાર્થઆત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. મુમુક્ષુએ જો કોઈ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે જ્ઞાનીનો ઉપદેશ સુલભપણે પરિણમે છે, અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.

૪. જ્યાં સુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાઓ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

૫. 'યોગવાસિષ્ઠ'નાં પ્રથમનાં બે પ્રકરણ અને તેવા ગ્રંથોનો મુમુક્ષુએ વિશેષ કરી લક્ષ કરવા યોગ્ય છે.

---

[૬૩૫] ૭૦૭ વડવા, ભાદરવા સુદ ૧૧, ગુરુ, ૧૯૫૨

બ્રહ્મરંધ્રાદિને વિષે થતા ભાસ વિષે પ્રથમ મુંબઈ કાગળ મળ્યો હતો. હાલ બીજો તે વિષેની વિગતનો અત્રે કાગળ મળ્યો છે. તે તે ભાસ થવા સંભવે છે. એમ જણાવવામાં કંઈક સમજણભેદથી વ્યાખ્યાભેદ થાય. શ્રી વૈજનાથજીનો તમને સમાગમ છે, તો તેમના દ્વારા તે માર્ગનો યથાશક્તિ વિશેષ પુરુષાર્થ થતો હોય તો કરવો યોગ્ય છે, વર્તમાનમાં તે માર્ગ પ્રત્યે અમારો વિશેષ ઉપયોગ વર્તતો નથી. તેમ પત્ર દ્વારા તે માર્ગનો ઘણું કરીને વિશેષ લક્ષ કરાવી શકાતો નથી, જેથી તમને શ્રી વૈજનાથજીનો સમાગમ છે તો યથાશક્તિ તે સમાગમનો લાભ લેવામાં વૃત્તિ રાખો તો પ્રત્યવાય નથી.

આત્માના કંઈક ઉજ્જ્વળપણાને અર્થે, તેનું અસ્તિત્વ તથા માહાત્મ્યાદિ પ્રતીતિમાં આવવાને અર્થે તથા આત્મજ્ઞાનના અધિકારીપણાને અર્થે તે સાધન ઉપકારી છે, તે સિવાય બીજી રીતે ઘણું કરીને ઉપકારી નથી. એટલો લક્ષ અવશ્ય રાખવો યોગ્ય છે. એ જ વિનંતિ.

સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રણામ પ્રાપ્ત થાય.

---

[૬૩૬] ૭૦૮ રાળજ, ભાદરવા, ૧૯૫૨

બીજા જેઠ સુદ ૧ શનિએ આપના પ્રત્યે લખેલું પત્ર ધ્યાનમાં હશે. તે પત્ર મોકલી[1] જેમ ઘટતું આવ્યું છે. તેમ આપનું ... અને અમે કોઈ પ્રતિબંધથી વર્તનારું કામ નથી. એવો ભાવાર્થ આપે લખ્યો તે વિષે સંક્ષેપમાં જણાવવા જોગ નીચે લખ્યું છે :—

જૈન દર્શનની રીતિએ જોતાં સમ્યગ્દર્શન અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે. જૈનમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ લખ્યું છે, તે જ કેવળ ... ...

૧. અહીં અક્ષર તૂટી ગયા છે.

થઈ પડે છે. વળી વર્તમાનમાં તે જ્ઞાનનો તેણે જ નિષેધ કર્યો છે, જેથી તત્સંબંધી પ્રયત્ન કરવું પણ સફળ ન દેખાય.

જૈનપ્રસંગમાં અમારો વધારે નિવાસ થયો છે તો કોઈ પણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઈ શકે, કેમકે તેનું સ્વરૂપ વિશેષ કરીને સમજાયું હોય એ આદિ. વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે કે, તેમાંથી જાણે જિનને××××[1] ગયો છે, અને લોકો માર્ગ પ્રરૂપે છે. બાહ્ય કુટારો બહુ વધારી દીધો છે, અને અંતર્માર્ગનું ઘણું કરી જ્ઞાન વિચ્છેદ જેવું થયુ છે. વેદોક્ત માર્ગમાં બસે ચારસે વર્ષે કોઈ કોઈ મોટા આચાર્ય થયા દેખાય છે કે જેથી લાખો માણસને વેદોક્ત રીતિ સચેત થઈ પ્રાપ્ત થઈ હોય. વળી સાધારણ રીતે કોઈ કોઈ આચાર્ય અથવા તે માર્ગના જાણ સારા પુરુષો એમ ને એમ થયા કરે છે, અને જૈનમાર્ગમાં ઘણાં વર્ષ થયાં તેવું બન્યુ દેખાતું નથી. જૈનમાર્ગમાં પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલું જ નહીં પણ 'મૂળમાર્ગ'ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, અને ઉપદેશકના લક્ષમાં નથી, એવી સ્થિતિ વર્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવુ, નહીં તો તેમાં વર્તતી પ્રજાને મૂળલક્ષપણે દોરવી. આ કામ ઘણું વિકટ છે. વળી જૈનમાર્ગ પોતે જ સમજવો તથા સમજાવવો કઠણ છે. સમજાવતાં આડાં કારણો આવીને ઘણાં ઊભાં રહે, તેવી સ્થિતિ છે. એટલે તેવી પ્રવૃત્તિ કરતાં ડર લાગે છે. તેની સાથે એમ પણ રહે છે કે જો આ કાર્ય આ કાળમા અમારાથી કંઈ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળમાર્ગ સન્મુખ થવા માટે બીજાનું પ્રયત્ન કામ આવે તેવું દેખાતું નથી. ઘણું કરીને મૂળમાર્ગ બીજાના લક્ષમા નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામા પરમશ્રુત આદિ ગુણો જોઈએ છે, તેમ જ અંતરંગ કેટલાક ગુણો જોઈએ છે, તે અત્ર છે એવું દૃઢ ભાસે છે.

જે રીતે જો મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય; કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે. વર્તમાન દશા જોતાં, સત્તાનાં કર્મો પર દૃષ્ટિ દેતાં કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે. અમને સહજસ્વરૂપ જ્ઞાન છે, જેથી યોગસાધનની એટલી અપેક્ષા નહીં હોવાથી તેમાં પ્રવૃત્તિ કરી નથી, તેમ તે સર્વસંગપરિત્યાગમાં અથવા વિશુદ્ધ દેશપરિત્યાગમાં સાધવા યોગ્ય છે. એથી લોકોને ઘણો ઉપકાર થાય છે; જોકે વાસ્તવિક ઉપકારનું કારણ તો આત્મજ્ઞાન વિના બીજું કોઈ નથી.

હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી. તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે, અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવે તો ૩૬ મે વર્ષે સર્વસંગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે, અને લોકોનું શ્રેય થવું હોય તો થાય.

[illegible] ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી [illegible]

દશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો, અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો પ્રસંગમાં આવેલા, જેમાંથી કંઈક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા એવા સો એક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી. જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એકકે જોખમવાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઇચ્છામાત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે. માર્ગનું કંઈ પણ સ્વરૂપ કંઈકને સમજાવ્યું છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યું નથી, અથવા તમે મારા શિષ્ય છો, અને અમે ગુરુ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. કહેવાનો હેતુ એવો છે કે સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજસ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે. તેનો ખરેખરો આગ્રહ નથી, માત્ર અનુકંપાદિ તથા જ્ઞાનપ્રભાવ વર્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઊઠે છે, અથવા અલ્પાંશે અંગમાં તે વૃત્તિ છે. તથાપિ તે સ્વવશ છે. અમે ધારીએ છીએ તેમ સર્વસંગપરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળમાર્ગને પામે, અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે, તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે, અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તોપણ, માર્ગ ઉપદેશવો નહીં. એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી. તોપણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે.

---

[૬૩૭] ૭૦૯ મુંબઈ, ભાદરવા ૧૯૫૨

૧. હે નાથ! કાં ધર્મોન્નતિ કરવારૂપ ઇચ્છા સહજપણે સમાઓ, અથવા તેમ સર્વથા કાં તો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ. અવશ્ય કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે. કેમકે અલ્પ અલ્પ વાતમાં મતભેદ બહુ છે, અને તેનાં મૂળ ઘણાં ઊંડાં ગયાં છે. મૂળમાર્ગથી લોકો લાખો ગાઉ દૂર છે એટલું જ નહીં પણ મૂળમાર્ગની જિજ્ઞાસા તેમને વિષે અંકુરિત [illegible] [illegible] ઘણા કાળનો પરિચય [illegible] [illegible] અજ્ઞાન દશા વર્તે છે.

નિગોદાદિ પણ તે જ રીતે ઘટચમાન થવા ચોગ્ય છે.

સિદ્ધસ્વરૂપ પણ એ જ ભાવથી નિદિધ્યાસન થવા ચોગ્ય છે.

—સંપ્રાપ્ત થવા ચોગ્ય જણાય છે

લોક શબ્દનો અર્થ }
અનેકાંત શબ્દનો અર્થ } આધ્યાત્મિક છે.

સર્વજ્ઞ શબ્દ સમજાવો બહુ ગૂઢ છે.

ધર્મકથારૂપ ચરિત્રો આધ્યાત્મિક પરિભાષાથી અલંકૃત લાગે છે.

જંબુદ્વીપાદિનું વર્ણન પણ અધ્યાત્મ પરિભાષાથી નિરૂપિત કર્યું લાગે છે.

અતીંદ્રિય જ્ઞાનના ભગવાન જિને બે ભેદ પાડચા છે.

દેશ પ્રત્યક્ષ,

તે બે ભેદે,

અવધિ,

મનઃપર્યવ.

ઇચ્છિતપણે અવલોકન કરતો આત્મા ઇંદ્રિયના અવલંબન વગર અમુક મર્યાદા જાણે તે અવધિ.

અનિચ્છિત છતાં માનસિક વિશુદ્ધિના બળ વડે જાણે તે મનઃપર્યવ.

સામાન્ય વિશેષ ચૈતન્યાત્મદૃષ્ટિમાં પરિનિષ્ઠિત શુદ્ધ કેવળજ્ઞાન.

શ્રી જિને કહેલા ભાવો અધ્યાત્મ પરિભાષામય હોવાથી સમજાવા કઠણ છે. પરમ પુરુષનો યોગ સંપ્રાપ્ત થવો જોઈએ.

જિનપરિભાષા–વિચાર યથાવકાશાનુસાર વિશેષ નિદિધ્યાસ કરવા યોગ્ય છે.

---

[૬૯૧] ૭૧૫ આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ૦
નોય પૂજાદિની જો કામના રે, નોય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧
કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત, મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨
જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ, મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ મૂળ૦ ૩
લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪
હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ, મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫
છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત, મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકીત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ. મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ, મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ, મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦ ૧૦

એમ દેવ જિનદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ, મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

---

[૬૪૬] ૭૧૯ શ્રી આણંદ, આસો સુદ ૨, ગુરુ. ૧૯૫૨

ૐ સદ્ગુરુપ્રસાદ

શ્રી રામદાસસ્વામીનું યોજેલું 'દાસબોધ' નામનું પુસ્તક મરાઠી ભાષામાં છે. તેનું ગુજરાતી ભાષાંતર છપાઈ પ્રગટ થયું છે; જે પુસ્તક વાંચવા તથા વિચારવા અર્થે મોકલ્યું છે.

પ્રથમ ગણપતિ આદિની સ્તુતિ કરી છે તેથી, તેમ જ પાછળ જગતના પદાર્થોને આત્મારૂપ વર્ણવીને ઉપદેશ કર્યો છે તેથી. તેમ જ તેમાં વેદાંતનું મુખ્યપણું વર્ણવ્યું છે તે વગેરેથી કંઈ પણ ભય ન પામતાં, અથવા વિકલ્પ નહીં પામતાં, આત્માર્થ વિષેના ગ્રંથકર્તાના વિચારોનું અવગાહન કરવા યોગ્ય છે. આત્માર્થ વિચારવામાં તેથી ક્રમે કરીને સુગમતા થાય છે.

શ્રી દેવકરણજીને વ્યાખ્યાન કરવાનું રહે છે, તેથી અહંભાવાદિનો ભય રહે છે તે સંભવિત છે.

જેણે જેણે સદ્ગુરુને વિષે તથા તેમની દશાને વિષે નિશ્ચય કીધો છે. તેને તેને પણું કરીને અહંભાવ તથારૂપ પ્રસંગ જેવા પ્રસંગોમાં ઉદય થતો નથી; અથવા તરત શમાય છે. તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંભવ ઓછો થાય. કંઈક અંતરમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણતિએ પણ રાખી હોય, તો તે પૂર્વાપર વિશેષતા પામે છે; પણ ઝેર જ છે, નિશ્ચય ઝેર જ છે. પ્રગટ કાળકૂટ ઝેર છે, એમાં કોઈ રીતે સંશય નથી; અને સંશય થાય, તો તે સંશય માનવો નહીં, તે સંશયને અજ્ઞાન જ જાણવું છે. એવી તીવ્ર ખારાશ કરી મૂકી હોય, તો તે અહંભાવ ઘણું કરી બળ કરી શકતો નથી. ક્વચિત્ તે અહંભાવને રોકવાથી નિરહંભાવ થયા, અને તેનો પાછો અહંભાવ થઈ જવાનું બને છે. તે પણ આગળ ઝેર, ઝેર અને ઝેર માની વર્ત્યું હોય તો આત્માર્થને બાધ ન થાય.

[illegible] સર્વ સદ્ગુરુઓને નમસ્કાર [illegible]

---

[૬૪૭] ૭૧૭ શ્રી આણંદ, આસો સુદ ૩, શુક્ર, ૧૯૫૨

આત્માર્થી ભાઈ શ્રી મોહનલાલ[1] પ્રત્યે — ડરબન.

તમારો લખેલો કાગળ મળ્યો હતો. આ કાગળથી ટૂંકામાં ઉત્તર લખ્યો છે. નાતાલમાં સ્થિતિ કરવાથી તમારી કેટલીક સદ્‌વૃત્તિઓ વિશેષતા પામી છે, એમ પ્રતીતિ થાય છે; પણ તમારી તેમ વર્તવાની ઉત્કૃષ્ટ ઇચ્છા તેમાં હેતુભૂત છે. રાજકોટ કરતાં નાતાલ કેટલીક રીતે તમારી વૃત્તિને ઉપકાર કરી શકે એવું ક્ષેત્ર ખરું, એમ માનવામાં હાનિ નથી, કેમકે તમારી સરળતા સાચવવામાં અંગત વિઘ્નનો ભય રહી શકે એવા પ્રપંચમાં અનુસરવાનું દબાણ નાતાલમાં ઘણું કરીને નહીં; પણ જેની સદ્‌વૃત્તિઓ વિશેષ બળવાન ન હોય-અથવા નિર્બળ હોય, અને તેને ઈંગ્લંડાદિ દેશમાં સ્વતંત્રપણે રહેવાનું હોય, તો અભક્ષ્યાદિવિષેમાં તે દોષિત થાય એમ લાગે છે. જેમ તમને નાતાલ ક્ષેત્રમાં પ્રપંચનો વિશેષ યોગ નહીં હોવાથી તમારી સદ્‌વૃત્તિઓ વિશેષતા પામી, તેમ રાજકોટ જેવામાં કઠણ પડે એ યથાર્થ છે; પણ કોઈ સારા આર્યક્ષેત્રમાં સત્સંગાદિ યોગમાં તમારી વૃત્તિઓ નાતાલ કરતાં પણ વિશેષતા પામત એમ સંભવે છે. તમારી વૃત્તિઓ જોતાં તમને નાતાલ અનાર્યક્ષેત્રરૂપે અસર કરે એવું મારી માન્યતામાં ઘણું કરીને નથી; પણ સત્સંગાદિ યોગની ઘણું કરીને પ્રાપ્તિ ન થાય તેથી કેટલુંક આત્મનિરાકરણ ન થાય તે રૂપ હાનિ માનવી કંઈક વિશેષ યોગ્ય લાગે છે.

અત્રેથી 'આર્ય આચારવિચાર' સાચવવા સંબંધી લખ્યું હતું તે આવા ભાવાર્થમાં લખ્યું હતું:—'આર્ય આચાર' એટલે મુખ્ય કરીને દયા, સત્ય, ક્ષમાદિ ગુણોનું આચરવું તે; અને 'આર્ય વિચાર' એટલે મુખ્ય કરીને આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, વર્તમાનકાળ સુધીમાં તે સ્વરૂપનું અજ્ઞાન, તથા તે અજ્ઞાન અને અભાનનાં કારણો, તે કારણોની નિવૃત્તિ, અને તેમ થઈ અવ્યાબાધ આનંદસ્વરૂપ અભાન એવા નિજપદને વિષે સ્વાભાવિક સ્થિતિ થવી તે. એમ સંક્ષેપે મુખ્ય અર્થથી તે શબ્દો લખ્યા છે.

વર્ણાશ્રમાદિ, વર્ણાશ્રમાદિપૂર્વક આચાર તે સદાચારના અંગભૂત જેવા છે. વર્ણાશ્રમાદિ પૂર્વક વિશેષ પારમાર્થિક હેતુ વિના તો વર્તવું યોગ્ય છે, એમ વિચારસિદ્ધ છે; જોકે વર્ણાશ્રમધર્મ વર્તમાનમાં બહુ નિર્બળ સ્થિતિને પામ્યો છે, તોપણ આપણે તો જ્યાં સુધી ઉત્કૃષ્ટ ત્યાગદશા ન પામીએ, અને જ્યાં સુધી ગૃહાશ્રમમાં વાસ હોય ત્યાં સુધી તો વણિકરૂપ વર્ણધર્મને અનુસરવો તે યોગ્ય છે, કેમકે અભક્ષ્યાદિ ગ્રહણનો તેનો વ્યવહાર નથી. ત્યારે એમ આશંકા થવા યોગ્ય છે કે 'લુહાણા પણ તે રીતે વર્તે છે, તો તેના અન્નાહારાદિ ગ્રહણ કરવામાં શું હાનિ?' તો તેના ઉત્તરમાં એટલું જણાવવું યોગ્ય થઈ શકે કે વગર કારણે તેવી રીતિ પણ બદલવી ઘટતી નથી, કેમકે તેથી પછી બીજા સમાગમવાસી કે પ્રસંગાદિ [illegible] તે વર્ણનું આચાર બાધ નથી એવા ઉપદેશના નિમિત્તને પામે. [illegible] વર્ણધર્મ હાનિ પામતો નથી; પણ મુસલમાનને ત્યાં અન્ન [illegible] વર્ણધર્મની હાનિનો વિશેષ સંભવ છે, અને વર્ણધર્મ લોપવારૂપ દોષ કરવા [illegible] ઈત્યાદિ [illegible] તેમ વર્તવું થતું હોય, અને એમ

[1] [illegible]

ખધાણુદ્ધિથી તેમ વર્તવું ન થતું હોય, તોપણ બીજા તેનું અનુકરણ તે હેતુને સમજ્યા વિના ઘણું કરીને કરે, અને અંતે અભક્ષ્યાદિ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરે એવાં નિમિત્તનો હેતુ આપણું તે આચરણ છે, માટે તેમ નહીં વર્તવું તે, એટલે મુસલમાનાદિના અન્નાહારાદિનું ગ્રહણ નહીં કરવું તે, ઉત્તમ છે. તમારી વૃત્તિની કેટલીક પ્રતીતિ આવે છે. પણ તેથી ઊતરતી વૃત્તિ હોય તો તે જ પોતે અભક્ષ્યાદિ આહારના યોગને ઘણું કરીને તે રસ્તે પામે. માટે એ પ્રસંગથી દૂર રહેવાય તેમ વિચારવું કર્તવ્ય છે.

દયાની લાગણી વિશેષ રહેવા દેવી હોય તો જ્યાં હિંસાના સ્થાનકો છે, તથા તેવા પદાર્થો લેવાય દેવાય છે, ત્યાં રહેવાનો તથા જવા આવવાનો પ્રસંગ ન થવા દેવો જોઈએ. નહીં તો જેવી જોઈએ તેવી ઘણું કરીને દયાની લાગણી ન રહે, તેમ જ અભક્ષ્ય પર વૃત્તિ ન જવા દેવા અર્થે, અને તે માર્ગની ઉન્નતિના નહીં અનુમોદનને અર્થે, અભક્ષ્યાદિ ગ્રહણ કરનારનો આહારાદિ અર્થે પરિચય ન રાખવો જોઈએ.

જ્ઞાનદૃષ્ટિએ જોતાં જ્ઞાત્યાદિ ભેદનું વિશેષાદિપણું જણાતું નથી, પણ ભક્ષ્યાભક્ષ્યભેદનો તો ત્યાં પણ વિચાર કર્તવ્ય છે, અને તે અર્થે મુખ્ય કરીને આ વૃત્તિ રાખવી ઉત્તમ છે. કેટલાક કાર્યો એવાં હોય છે કે તેમાં પ્રત્યક્ષ દોષ હોતો નથી, અથવા તેથી દોષ થતો હોતો નથી, પણ તેને અંગે બીજા દોષોનો આશ્રય હોય છે, તે પણ વિચારવાનને લક્ષ રાખવો ઉચિત છે. નાતાલના લોકોના ઉપકાર અર્થે કદાપિ તમારું એમ પ્રવર્તવું થાય છે એમ પણ નિશ્ચય ન ગણાય; જો બીજે કોઈ પણ સ્થળે તેવું વર્તન કરતાં બાધ ભાસે, અને વર્તવાનું ન બને તો માત્ર તે હેતુ ગણાય વળી તે લોકોના ઉપકાર અર્થે વર્તવું જોઈએ એમ વિચારવામાં પણ કંઈક તમારા સમજવાફેર થતું હશે એમ લાગ્યા કરે છે. તમારી સદ્વૃત્તિની કંઈક પ્રતીતિ છે એટલે આ વિષે વધારે લખવું યોગ્ય દેખાતું નથી. જેમ સદાચાર અને સદ્વિચારનું આરાધન થાય તેમ પ્રવર્તવું યોગ્ય છે.

બીજી ઊતરતી જ્ઞાતિઓ અથવા મુસલમાનાદિનાં કોઈ તેવાં નિમંત્રણમાં અન્નાહારાદિને બદલે નહીં રાંધેલો એવો ફળાહાર આદિ લેતાં તે લોકોનો ઉપકાર સાચવવાનો સંભવ રહેતો હોય, તો તેમ અનુસરો તો સારું છે. એ જ વિનંતિ.

એવું કહ્યું નથી; અને કોઈ એક ટબામાં કોઈએ એવું વચન લખ્યુ છે તે તેની સમજનું અયથાર્થપણું સમજાય છે.

કદાપિ એમ કોઈ કહે કે અભવ્ય કહે છે તે યથાર્થ નથી, એમ ભાસવાથી યથાર્થ શું છે, તેનો લક્ષ થવાથી સ્વવિચારને પામીને તર્યા એમ અર્થ કરીએ તો તે એક પ્રકારે સંભવિત થાય છે, પણ તેથી અભવ્યના તાર્યા તર્યા એમ કહી શકાતું નથી. એમ વિચારી જે માર્ગેથી અનંત જીવ તર્યા છે, અને તરશે તે માર્ગને અવગાહવો અને સ્વકલ્પિત અર્થનો માનાદિની જાળવણી છોડી દઈ ત્યાગ કરવો એ જ શ્રેય છે. જો અભવ્યથી તરાય છે એમ તમે કહો, તો તો અવશ્ય નિશ્ચય થાય છે કે અસદ્‌ગુરુથી તરાશે એમાં કશો સંદેહ નથી.

અને અશોચ્ચા કેવળી જેમણે પૂર્વે કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો નથી તેને કોઈ તથારૂપ આવરણના ક્ષયથી જ્ઞાન ઊપજ્યુ છે, એમ શાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે, તે આત્માનું માહાત્મ્ય દર્શાવવા, અને જેને સદ્‌ગુરુયોગ ન હોય તેને જાગ્રત કરવા, તે તે અનેકાંતમાર્ગ નિરૂપણ કરવા દર્શાવ્યુ છે; પણ સદ્‌ગુરુઆજ્ઞાએ પ્રવર્તવાનો માર્ગ ઉપેક્ષિત કરવા દર્શાવ્યુ નથી. વળી એ સ્થળે તો ઊલટું તે માર્ગ ઉપર દૃષ્ટિ આવવા વધારે સબળ કર્યું છે, અને કહ્યું છે કે તે અશોચ્ચા કેવળી[1]........અર્થાત્ અશોચ્ચા કેવળીનો આ પ્રસંગ સાંભળીને કોઈએ જે શાશ્વતમાર્ગ ચાલ્યો આવે છે, તેના નિષેધ પ્રત્યે જવું એવો આશય નથી. એમ નિવેદન કર્યું છે.

કોઈ તીવ્ર આત્માર્થીને એવો કદાપિ સદ્‌ગુરુનો યોગ ન મળ્યો હોય, અને તેની તીવ્ર કામનામાં ને કામનામાં જ નિજવિચારમાં પડવાથી, અથવા તીવ્ર આત્માર્થને લીધે નિજ વિચારમા પડવાથી, આત્મજ્ઞાન થયુ હોય તો તે સદ્‌ગુરુમાર્ગનો ઉપેક્ષિત નહીં એવો, અને સદ્‌ગુરુથી પોતાને જ્ઞાન મળ્યુ નથી માટે મોટો છું એવો નહીં હોય, તેને થયુ હોય; એમ વિચારી વિચારવાન જીવે શાશ્વત મોક્ષમાર્ગનો લોપ ન થાય તેવું વચન પ્રકાશવું જોઈએ.

એક ગામથી બીજે ગામ જવું હોય અને તેનો માર્ગ દીઠો ન હોય એવો પોતે પચાશ વર્ષનો પુરુષ હોય, અને લાખો ગામ જોઈ આવ્યો હોય તેને પણ તે માર્ગની ખબર પડતી નથી, અને કોઈને પૂછે ત્યારે જણાય છે, નહીં તો ભૂલ ખાય છે; અને તે માર્ગને જાણનાર એવું દશ વર્ષનું બાળક પણ તેને તે માર્ગ દેખાડે છે તેથી તે પહોંચી શકે છે; એમ લૌકિકમાં પણ વ્યવહારમાં પણ પ્રત્યક્ષ છે. માટે જે આત્માર્થી હોય, અથવા જેને આત્માર્થની ઇચ્છા હોય તેણે સદ્‌ગુરુના યોગે તરવાના કામી જીવનું કલ્યાણ થાય એ માર્ગ લોપવો ઘટે નહીં, કેમકે તેથી સર્વ જ્ઞાનીપુરુષની આજ્ઞા લોપવા બરાબર થાય છે.

પૂર્વે સદ્‌ગુરુનો યોગ તો ઘણી વખત થયો છે, છતાં જીવનું કલ્યાણ થયુ નહીં, જેથી [illegible] ઉપદેશનું એવું કંઈ વિશેષપણું દેખાતું નથી, એમ આશંકા થાય તો તેનો ઉત્તર [illegible] પદમાં જ કહ્યો છે કે:—

જે [illegible] પક્ષને ત્યાગી દઈ સદ્‌ગુરુના ચરણને સેવે, તે પરમાર્થને પામે, અર્થાત્ [illegible] છે, પરંતુ ત્યાં જીવે તેને સદ્‌ગુરુ જાણ્યા નથી

[1] [illegible]

અથવા ઓળખ્યા નથી, પ્રતીત્યા નથી, અને તેની પાસે પોતાનાં માન અને મત મૂક્યાં નથી; અને તેથી સદ્‌ગુરુનો ઉપદેશ પરિણામ પામ્યો નહીં, અને પરમાર્થની પ્રાપ્તિ થઈ નહીં; એમ જો પોતાનો મત એટલે સ્વચ્છંદ અને કુળધર્મનો આગ્રહ દૂર કરીને સદુપદેશ ગ્રહણ કરવાનો કામી થયો હોત તો અવશ્ય પરમાર્થ પામત.

અને અસદ્‌ગુરુએ દૃઢ કરાવેલા દુર્બોધથી અથવા માનાદિકના તીવ્ર કામીપણાથી એમ પણ આશંકા થવી સંભવે છે કે કંઈક જીવોનાં પૂર્વે કલ્યાણ થયાં છે, અને તેમને સદ્‌ગુરુના ચરણ સેવ્યાવિના કલ્યાણની પ્રાપ્તિ થઈ છે, અથવા અસદ્‌ગુરુથી પણ કલ્યાણની પ્રાપ્તિ થાય; અસદ્‌ગુરુને પોતાને ભલે માર્ગની પ્રતીતિ નથી, પણ બીજાને તે પમાડી શકે. એટલે બીજો તે માર્ગની પ્રતીતિ, તેનો ઉપદેશ સાંભળીને કરે તો તે પરમાર્થને પામે; માટે સદ્‌ગુરુ-ચરણને સેવ્યા વિના પણ પરમાર્થની પ્રાપ્તિ થાય, એવી આશંકાનું સમાધાન કરે છે.

યદ્યપિ કોઈ જીવો પોતે વિચાર કરતાં બૂઝ્યા છે, એવો શાસ્ત્રમાં પ્રસંગ છે, પણ કોઈ સ્થળે એવો પ્રસંગ કહ્યો નથી કે અસદ્‌ગુરુથી અમુક બૂઝ્યા. હવે કોઈ પોતે વિચાર કરતાં બૂઝ્યા છે એમ કહ્યું છે તેમાં શાસ્ત્રોનો કહેવાનો હેતુ એવો નથી કે સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તવાથી જીવનું કલ્યાણ થાય છે એમ અમે કહ્યું છે પણ તે વાત યથાર્થ નથી; અથવા સદ્‌ગુરુની આજ્ઞાનું જીવને કંઈ કારણ નથી એમ કહેવાને માટે. તેમ જે જીવો પોતાના વિચારથી સ્વયંબોધ પામ્યા છે એમ કહ્યું છે તે પણ વર્તમાન દેહે પોતાના વિચારથી અથવા બોધથી બૂઝ્યા કહ્યા છે, પણ પૂર્વે તે વિચાર અથવા બોધ તેણે સન્મુખ કર્યો છે તેથી વર્તમાનમાં તે સ્ફુરાયમાન થવાનો સંભવ છે. તીર્થંકરાદિ 'સ્વયંબુદ્ધ' કહ્યા છે તે પણ પૂર્વે ત્રીજે ભવે સદ્‌ગુરુથી નિશ્ચય સમકિત પામ્યા છે એમ કહ્યું છે. એટલે તે સ્વયંબુદ્ધપણું કહ્યું છે તે વર્તમાન દેહની અપેક્ષાએ કહ્યું છે, અને તે સદ્‌ગુરુપદના નિષેધને અર્થે કહ્યું નથી.

અને જો સદ્‌ગુરુપદનો નિષેધ કરે તો તો 'સદ્દેવ, સદ્‌ગુરુ અને સદ્ધર્મની પ્રતીતિ વિના સમકિત કહ્યું નથી,' તે કહેવા માત્ર જ થયું.

અથવા જો શાસ્ત્રનું જ કેવળ પ્રમાણ છે, તો તે શાસ્ત્ર સદ્‌ગુરુ એવા જિનનાં કહેલાં છે તેથી પ્રમાણિક માનવાં યોગ્ય છે કે કોઈ અસદ્‌ગુરુનાં કહેલાં છે તેથી પ્રમાણિક માનવાં યોગ્ય છે? જો અસદ્‌ગુરુનાં શાસ્ત્ર પણ પ્રમાણિક માનવામાં બાધ ન હોય, તો તો અજ્ઞાન અને રાગદ્વેષ આરાધવાથી પણ મોક્ષ થાય એમ કહેવામાં બાધ નથી, તે વિચારવા યોગ્ય છે.

'આચારાંગસૂત્ર'માં (પ્રથમ શ્રુતસ્કંધ, પ્રથમાધ્યયનના પ્રથમ ઉદ્દેશે, પ્રથમ વાક્ય) કહ્યું છે કે 'આ જીવ પૂર્વથી આવ્યો છે? પશ્ચિમથી આવ્યો છે? ઉત્તરથી આવ્યો છે? દક્ષિણથી આવ્યો છે? અથવા ઊર્ધ્વથી આવ્યો છે? અધોથી આવ્યો છે? કે કોઈ અન્ય દિશાથી આવ્યો છે?' એમ જે જાણતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે, જે જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. તે જાણવાનાં ત્રણ કારણ કહ્યાં છે:—(૧) તીર્થંકરના ઉપદેશથી, (૨) સદ્‌ગુરુના ઉપદેશથી, (૩) જાતિસ્મૃતિજ્ઞાનથી.

અહીં જાતિસ્મૃતિજ્ઞાન કહ્યું, તે પણ પૂર્વના ઉપદેશના [illegible]

બોધ થવામાં સદ્ગુરુનો અસંભવ ધારવો ઘટતો નથી. વળી ઠામ ઠામ જિનાગમમાં એમ કહ્યું છે કે :—

૧ '**गुरुणो छंदाणुवत्तगा**' ગુરુની આજ્ઞાએ પ્રવર્તવું.

ગુરુની આજ્ઞાએ ચાલતા અનંતા જીવો સીઝયા, સીઝે છે અને સીઝશે. તેમ કોઈ જીવ પોતાના વિચારથી બોધ પામ્યા, તેમાં પ્રાયે પૂર્વે સદ્ગુરુ ઉપદેશનું કારણ હોય છે. પણ કદાપિ જ્યાં તેમ ન હોય ત્યાં પણ તે સદ્ગુરુનો નિત્યકામી રહ્યો થકો સદ્વિચારમાં પ્રેરાતો પ્રેરાતો સ્વવિચારથી આત્મજ્ઞાન પામ્યો એમ કહેવા યોગ્ય છે; અથવા તેને કંઈ સદ્ગુરુની ઉપેક્ષા નથી અને જ્યાં સદ્ગુરુની ઉપેક્ષા વર્તે ત્યાં માનનો સંભવ થાય છે, અને જ્યાં સદ્ગુરુ પ્રત્યે માન હોય ત્યાં કલ્યાણ થવું કહ્યું, કે તેને સદ્વિચાર પ્રેરવાનો આત્મગુણ કહ્યો.

તથારૂપ માન આત્મગુણનુ અવશ્ય ઘાતક છે. બાહુબળજીમાં અનેક ગુણસમૂહ વિદ્યમાન છતાં નાના અઠ્ઠાણું ભાઈને વંદન કરવામાં પોતાનું લઘુપણું થશે, માટે અત્રે જ ધ્યાનમાં રોકાવું યોગ્ય છે એમ રાખી એક વર્ષ સુધી નિરાહારપણે અનેક ગુણસમુદાયે આત્મધ્યાનમાં રહ્યા, તોપણ આત્મજ્ઞાન થયુ નહીં. બાકી બીજી બધી રીતની યોગ્યતા છતાં એક એ માનના કારણથી તે જ્ઞાન અટકયું હતું. જ્યારે શ્રી ઋષભદેવે પ્રેરેલી એવી બ્રાહ્મી અને સુંદરી સતીએ તેને તે દોષ નિવેદન કર્યો અને તે દોષનું ભાન તેને થયુ તથા તે દોષની ઉપેક્ષા કરી અસારત્વ જાણ્યુ ત્યારે કેવળજ્ઞાન થયુ. તે માન જ અત્રે ચાર ઘનઘાતી કર્મનું મૂળ થઈ વર્ત્યું હતું. વળી બાર બાર મહિના સુધી નિરાહારપણે, એક લક્ષે, એક આસને, આત્મવિચારમાં રહેનાર એવા પુરુષને એટલા માને તેવી બારે મહિનાની દશા સફળ થવા ન દીધી, અર્થાત્ તે દશાથી માન ન સમજાયુ અને જ્યારે સદ્ગુરુ એવા શ્રી ઋષભદેવે તે માન છે એમ પ્રેર્યું ત્યારે મુહૂર્તમાં તે માન વ્યતીત થયુ; એ પણ સદ્ગુરુનું જ માહાત્મ્ય દર્શાવ્યું છે.

વળી આખો માર્ગ જ્ઞાનીની આજ્ઞામાં સમાય છે એમ વારંવાર કહ્યું છે. 'આચારાંગ સૂત્ર'માં કહ્યું છે કે :– (સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે, કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેણે અમને આમ કહ્યું છે.) ગુરુને આધીન વર્તતા એવા અનંતા પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા.

'ઉત્તરાધ્યયન', 'સૂયગડાંગાદિ'માં ઠામ ઠામ એ જ કહ્યુ છે. (૯)

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.' ૧૦

આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે; તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જેને સમતા વર્તે છે; માત્ર પૂર્વે ઉપાર્જન કરેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે, અજ્ઞાની

૧ [illegible] દ્વિતીય અધ્યયન, ગા૦ ૩૨.
૨ જુઓ આંક ૬૦૨

કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે. અને ષટ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરુનાં ઉત્તમ લક્ષણો છે. ૧૦

સ્વરૂપસ્થિત ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ,
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુલક્ષણ યોગ્ય.

આત્મસ્વરૂપને વિષે જેની સ્થિતિ છે, વિષય અને માન પૂજાદિ ઇચ્છાથી રહિત છે, અને માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મના પ્રયોગથી જે વિચરે છે; જેમની વાણી અપૂર્વ છે, અર્થાત્ નિજ અનુભવસહિત જેનો ઉપદેશ હોવાથી અજ્ઞાનીની વાણી કરતા પ્રત્યક્ષ જુદી પડે છે, અને પરમશ્રુત એટલે ષટ્દર્શનના યથાસ્થિત જાણ હોય, એ સદ્ગુરુનાં યોગ્ય લક્ષણો છે.

અત્રે સ્વરૂપસ્થિત એવુ પ્રથમપદ કહ્યું તેથી જ્ઞાનદશા કહી. ઇચ્છારહિતપણું કહ્યું તેથી ચારિત્રદશા કહી. ઇચ્છારહિત હોય તે વિચરી કેમ શકે? એવી આશંકા, 'પૂર્વપ્રયોગ એટલે પૂર્વનાં બંધાયેલાં પ્રારબ્ધથી વિચરે છે; વિચરવા આદિની બાહ્ય જેને કામના નથી,' એમ કહી નિવૃત્ત કરી. અપૂર્વ વાણી એમ કહેવાથી વચનાતિશયતા કહી, કેમકે તે વિના મુમુક્ષુને ઉપકાર ન થાય. પરમશ્રુત કહેવાથી ષટ્દર્શન અવિરુદ્ધ દશાએ જાણનાર કહ્યા, એટલે શ્રુતજ્ઞાનનુ વિશેષણ દર્શાવ્યું

આશંકા :–વર્તમાનકાળમાં સ્વરૂપસ્થિત પુરુષ હોય નહીં, એટલે જે સ્વરૂપસ્થિત વિશેષણવાળા સદ્ગુરુ કહ્યા છે, તે આજે હોવા યોગ્ય નથી.

સમાધાન :–વર્તમાનકાળમાં કદાપિ એમ કહેવું હોય તો કહેવાય કે 'કેવળભૂમિકા'ને વિષે એવી સ્થિતિ અસંભવિત છે, પણ આત્મજ્ઞાન જ ન થાય એમ કહેવાય નહીં; અને આત્મજ્ઞાન છે તે સ્વરૂપસ્થિતિ છે.

આશંકા :–આત્મજ્ઞાન થાય તો વર્તમાનકાળમા મુક્તિ થવી જોઈએ અને જિનાગમમાં ના કહી છે.

સમાધાન:—એ વચન કદાપિ એકાંતે એમ જ છે એમ ગણીએ, તોપણ તેથી એકાવતારીપણાનો નિષેધ થતો નથી, અને એકાવતારીપણું આત્મજ્ઞાન વિના પ્રાપ્ત થાય નહીં

આશંકા :–ત્યાગ વૈરાગ્યાદિના ઉત્કૃષ્ટપણાથી તેને એકાવતારીપણું કહ્યું હશે.

સમાધાન :–પરમાર્થથી ઉત્કૃષ્ટ ત્યાગવૈરાગ્ય વિના એકાવતારીપણું થાય જ નહીં એવો સિદ્ધાંત છે. અને વર્તમાનમાં પણ ચોથા પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકનો કંઈ નિષેધ છે નહીં અને ચોથે ગુણસ્થાનકેથી જ આત્મજ્ઞાનનો સંભવ થાય છે, પાંચમે વિશેષ સ્વરૂપસ્થિતિ થાય છે, છઠ્ઠે ઘણા અંશે સ્વરૂપસ્થિતિ થાય છે, પૂર્વપ્રેરિત પ્રમાદના ઉદયથી માત્ર કંઈક પ્રમાદદશા આવી જાય છે. પણ તે આત્મજ્ઞાનને રોધક નથી, ચારિત્રને રોધક છે.

આશંકા :–અહીં તો સ્વરૂપસ્થિત એવું પદ વાપર્યું છે, અને સ્વરૂપસ્થિત પદ તો તેરમે ગુણસ્થાનકે જ સંભવે છે.

સમાધાન :–સ્વરૂપસ્થિતિની પરાકાષ્ઠા તો ચૌદમા ગુણસ્થાનકને અંતે છે, કેમકે નામ ગોત્રાદિ ચાર કર્મનો નાશ ત્યાં થાય છે, તે પહેલાં કેવળીને ચાર કર્મનો સંગ છે, તેથી સંપૂર્ણ સ્વરૂપસ્થિતિ તો તેરમે ગુણસ્થાનકે પણ ન કહેવાય.

આશંકા:–ત્યાં નામાદિ કર્મથી કરીને અવ્યાબાધ સ્વરૂપસ્થિતિની ના કહે તો તે ઠીક છે; પણ કેવળજ્ઞાનરૂપ સ્વરૂપસ્થિતિ છે, તેથી સ્વરૂપસ્થિતિ કહેવામાં દોષ નથી, અને અત્રે તો તેમ નથી, માટે સ્વરૂપસ્થિતિપણું કેમ કહેવાય?

સમાધાન:–કેવળજ્ઞાનને વિષે સ્વરૂપસ્થિતિનું તારતમ્ય વિશેષ છે; અને ચોથે, પાંચમે, છઠ્ઠે, ગુણસ્થાનકે તેથી અલ્પ છે, એમ કહેવાય; પણ સ્વરૂપસ્થિતિ નથી એમ ન કહી શકાય. ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વમુક્તદશા થવાથી આત્મસ્વભાવઆવિર્ભાવપણું છે, અને સ્વરૂપસ્થિતિ છે; પાંચમે ગુણસ્થાનકે દેશે કરીને ચારિત્રઘાતક કષાયો રોકવાથી આત્મસ્વભાવનું ચોથા કરતા વિશેષ આવિર્ભાવપણું છે, અને છઠ્ઠામાં કષાયો વિશેષ રોકાવાથી સર્વ ચારિત્રનું ઉદયપણું છે, તેથી આત્મસ્વભાવનું વિશેષ અવિર્ભાવપણું છે. માત્ર છઠ્ઠે ગુણસ્થાનકે પૂર્વનિબંધિત કર્મના ઉદયથી પ્રમત્તદશા કવચિત્ વર્તે છે તેને લીધે 'પ્રમત્ત' સર્વ ચારિત્ર કહેવાય, પણ તેથી સ્વરૂપસ્થિતિમાં વિરોધ નહીં, કેમકે આત્મસ્વભાનું બાહુલ્યતાથી આવિર્ભાવપણું છે. વળી આગમ પણ એમ કહે છે કે, ચોથે ગુણસ્થાનકેથી તેરમા ગુણસ્થાનક સુધી આત્મપ્રતીતિ સમાન છે, જ્ઞાનનો તારતમ્યભેદ છે.

જો ચોથે ગુણસ્થાનકે સ્વરૂપસ્થિતિ અંશે પણ ન હોય, તો મિથ્યાત્વ જવાનું ફળ શું થયુ? કંઈ જ થયુ નહીં. જે મિથ્યાત્વ ગયુ તે જ આત્મસ્વભાવનું અવિર્ભાવપણું છે, અને તે જ સ્વરૂપસ્થિતિ છે. જો સમ્યક્ત્વથી તથારૂપ સ્વરૂપસ્થિતિ ન હોત, તો શ્રેણિકાદિને એકાવતારીપણું કેમ પ્રાપ્ત થાય? એક પણ ત્યાં વ્રત, પચ્ચખાણ નથી અને માત્ર એક જ ભવ બાકી રહ્યો એવું અલ્પસંસારીપણું થયુ તે જ સ્વરૂપસ્થિતિરૂપ સમકિતનું બળ છે. પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે ચારિત્રનું બળ વિશેષ છે, અને મુખ્યપણે ઉપદેશક ગુણસ્થાનક તો છઠ્ઠુ અને તેરમું છે. બાકીના ગુણસ્થાનકો ઉપદેશકની પ્રવૃત્તિ કરી શકવાયોગ્ય નથી, એટલે તેરમે અને છઠ્ઠે ગુણસ્થાનકે તે પદ પ્રવર્તે છે. (૧૦)

પ્રત્યક્ષસદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

જ્યાં સુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાત પર જ લક્ષ રહ્યા કરે, અને તેના ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનુ સમાધાન થાય એવા સદ્‌ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમા પરોક્ષ જિનોના વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય. ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

સદ્‌ગુરુના ઉપદેશવિના જિનનું સ્વરૂપ સમજાય નહીં, અને સ્વરૂપ સમજાય વિના [illegible] [illegible] શો થાય? જો સદ્‌ગુરુઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો [illegible] [illegible] જિનની [illegible] ૧૨

સદ્‌ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ.
પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુજ્ય.

સદ્‌ગુરુના ઉપદેશથી જે જિનનું સ્વરૂપ સમજે, તે પોતાના સ્વરૂપની દશા પામે, કેમકે શુદ્ધ આત્માપણું એ જ જિનનું સ્વરૂપ છે; અથવા રાગ, દ્વેષ અને અજ્ઞાન જિનને વિષે નથી તે જ શુદ્ધ આત્મપદ છે, અને તે પદ તો સત્તાએ સર્વ જીવનું છે. તે સદ્‌ગુરુ-જિનને અવલંબીને અને જિનના સ્વરૂપને કહેવે કરી મુમુક્ષુજીવને સમજાય છે. (૧૨)

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર ૧૩

જે જિનાગમાદિ આત્માના હોવાપણાનો તથા પરલોકાદિના હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં શાસ્ત્રો છે તે પણ જ્યાં પ્રત્યક્ષ સદ્‌ગુરુનો જોગ ન હોય ત્યાં સુપાત્ર જીવને આધારરૂપ છે; પણ સદ્‌ગુરુસમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય. ૧૩

[1]અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

અથવા જો સદ્‌ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે નિત્ય વિચારવાં. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ ૧૫

જીવ અનાદિકાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે. એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતાં ઘણું કરીને તે બમણો થાય છે. ૧૬

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરુના લક્ષે ચાલે, તેને પ્રત્યક્ષ કારણ જાણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે. ૧૭

[1] [illegible]

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કામ;
પામે નહિ પરમાર્થને, અન્‌-અધિકારીમાં જ. ૩૧

એ જીવ પણ મતાર્થમાં જ વર્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ, તેને જેમ કુળધર્માદિથી મતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો આગ્રહ છે, માટે તે પણ પરમાર્થને પામે નહીં, અને અન્‌અધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

જેને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય પાતળા પડ્યા નથી, તેમ જેને અંતર વૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણ કરવારૂપ સરળપણું જેને રહ્યું નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું તેનું ભાગ્ય ન સમજવું. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યાં. તે કહેવાનો હેતુ એ છે કે કોઈ પણ જીવનો તે જાણીને મતાર્થ જાય. હવે આત્માર્થી જીવનાં લક્ષણ કહીએ છીએ:–તે લક્ષણ કેવાં છે? તો કે આત્માને અવ્યાબાધ સુખની સામગ્રીના હેતુ છે. ૩૩

આત્માર્થી–લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

જ્યાં આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય, અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ સંભવે. 'जं संमंति पासह तं मोणंति पासह' –જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યાં મુનિપણું જાણો એમ 'આચારાંગસૂત્ર'માં કહ્યું છે, એટલે જેમાં આત્મજ્ઞાન હોય તે સાચા ગુરુ છે એમ જાણે છે, અને આત્મજ્ઞાનરહિત હોય તોપણ પોતાના કુળના ગુરુને સદ્ગુરુ માનવા એ માત્ર કલ્પના છે, તેથી કંઈ ભવચ્છેદ ન થાય એમ આત્માર્થી જુએ છે. ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

પ્રત્યક્ષ સદ્ગુરુની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે, અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઈ શકવા યોગ્ય નથી, અને જે દોષો સદ્ગુરુની આજ્ઞા ધારણ કર્યા વિના જતા નથી તે સદ્ગુરુયોગથી સમાધાન થાય, અને તે દોષો ટળે, માટે પ્રત્યક્ષ સદ્ગુરુનો મોટો ઉપકાર જાણે, અને તે સદ્ગુરુ પ્રત્યે મન, વચન, કાયાની એકતાથી આજ્ઞાંકિતપણે વર્તે. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઈએ, અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઈએ; બીજો નહીં. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

એમ અંતરમાં વિચારીને જે સદ્ગુરુના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે પણ માનપૂજાદિક, સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં;—એ રોગ જેના મનમાં નથી. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસાર પર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્ર પર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

જ્યાં સુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતરરોગ ન મટે. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરુનો બોધ શોભે અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે. ૪૧

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહીં. ૪૨

જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે ષટ્પદરૂપે ગુરુશિષ્યસંવાદ કરીને અહીં કહું છું. ૪૨

ષટ્પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ,'
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે,' 'મોક્ષ ઉપાય સુધર્મ.' ૪૩

ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી; એ જ્ઞાન તે કેવું કહેવું? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહ વિષે થોડી બુદ્ધિ પણ જોવામાં આવે છે, જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

કોઈ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જે જાણવાના સ્વભાવવાન છે તે ચેતન, એવો બેયનો કેવળ જુદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવા યોગ્ય નથી. ત્રણે કાળ જડ જડભાવે, અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જુદો જુદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

આત્માની શંકા આત્મા આપે પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે. તે જણાતો નથી, એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે. ૫૮

શંકા — શિષ્ય ઉવાચ

[આત્મા નિત્ય નથી એમ શિષ્ય કહે છે:—]

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

આત્માના હોવાપણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતરમાં વિચાર કરવાથી સંભવ થાય છે. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

વળી બીજી એમ શંકા થાય છે, કે આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી; ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી, માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય, અને વિયોગે વિનાશ પામે. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે. અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી. ૬૧

સમાધાન — સદ્ગુરુ ઉવાચ.

[આત્મા નિત્ય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :—]

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨

દેહમાત્ર પરમાણુનો સંયોગ છે, અથવા સંયોગે કરી આત્માના સંબંધમાં છે. વળી તે દેહ જડ છે, રૂપી છે, અને દૃશ્ય એટલે બીજા કોઈ દ્રષ્ટાનો તે જાણવાનો વિષય છે; એટલે તે પોતે પોતાને જાણતો નથી, તો ચેતનનાં ઉત્પત્તિ અને નાશ તે ક્યાંથી જાણે? તે દેહના પરમાણુએ પરમાણુનો વિચાર કરતા પણ તે જડ જ છે, એમ સમજાય છે. તેથી તેમાંથી ચેતનની ઉત્પત્તિ થવા યોગ્ય નથી, અને ઉત્પત્તિ થવા યોગ્ય નથી તેથી ચેતન તેમાં નાશ પણ પામવાયોગ્ય નથી. વળી તે દેહ રૂપી એટલે સ્થૂળાદિ પરિણામવાળો છે. અને ચેતન દ્રષ્ટા છે, ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય? અને તેમાં લય પણ કેમ થાય? દેહમાંથી ચેતન ઉત્પન્ન થાય છે, અને તેમાં જ નાશ પામે છે, એ વાત કોના અનુભવને વશ રહી? અર્થાત્ એમ કોણે જાણ્યું? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં, અને નાશ તો તેથી પહેલાં છે, ત્યારે એ અનુભવ થયો કોને? ૬૨

જીવનું સ્વરૂપ અવિનાશી એટલે નિત્ય ત્રિકાળ રહેવાવાળું સંભવતું નથી; દેહના યોગથી એટલે દેહના જન્મ સાથે તે જન્મે છે અને દેહના વિયોગે એટલે દેહના નાશથી તે નાશ પામે છે એ આશંકાનું સમાધાન આ પ્રમાણે વિચારજો :—

દેહ છે તે જીવને માત્ર સંયોગ સંબંધે છે, પણ જીવનું મૂળ સ્વરૂપ ઉત્પન્ન થવાનું કંઈ તે કારણ નથી. અથવા દેહ છે તે માત્ર સંયોગથી ઉત્પન્ન થયેલો એવો પદાર્થ છે. વળી તે જડ છે એટલે કોઈને જાણતો નથી; પોતાને તે જાણતો નથી તો બીજાને શું જાણે? વળી દેહ રૂપી છે; સ્થૂળાદિ સ્વભાવવાળો છે અને ચક્ષુનો વિષય છે. એવા પ્રકારે દેહનું સ્વરૂપ છે, તો તે ચેતનના ઉત્પત્તિ અને લયને શી રીતે જાણે? અર્થાત્ પોતાને તે જાણતો નથી તો 'મારાથી આ ચેતન ઉત્પન્ન થયું છે,' એમ શી રીતે જાણે? અને 'મારા છૂટી જવા પછી આ ચેતન છૂટી જશે અર્થાત્ નાશ પામશે' એમ જડ એવો દેહ શી રીતે જાણે? કેમકે જાણનારો પદાર્થ તો જાણનાર જ રહે છે; દેહ જાણનાર થઈ શકતો નથી, તો પછી ચેતનનાં ઉત્પત્તિલયનો અનુભવ કોને વશ કહેવો?

દેહને વશ તો કહેવાય એવું છે જ નહીં. કેમકે તે પ્રત્યક્ષ જડ છે, અને તેનો જડપણું જાણનારો એવો તેથી ભિન્ન બીજો પદાર્થ પણ સમજાય છે.

જો એમ કહીએ, કે ચેતનનાં ઉત્પત્તિલય ચેતન જાણે છે તો તે વાત બોલતાં જ વિરોધ પામે છે. કેમકે, ચેતનનાં ઉત્પત્તિ, લય જાણનાર તરીકે ચેતનનો જ અંગીકાર કરવો પડ્યો. એટલે કે, એ વચન તો માત્ર અપસિદ્ધાંતરૂપ અને કહેવામાત્ર થયું. જેમ 'મારા મોઢામાં જીભ નથી' એવું વાક્ય કોઈ કહે તેમ ચેતનનાં ઉત્પત્તિ, લય ચેતન જાણે છે, માટે ચેતન નિત્ય નથી એમ કહીએ તે, તેવું પ્રમાણ થયું. તે પ્રમાણ કેવું છે તે તો તમે જ વિચારી જુઓ. (૬૨)

આત્મા વસ્તુપણે નિત્ય છે. સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટવાથી તેના પર્યાયનું પલટવાપણું છે. (કંઈ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે.) જેમ બાળ, યુવાન અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે, તે આત્માને વિભાવથી પર્યાય છે અને બાળ અવસ્થા વર્તતાં આત્મા બાળક જણાતો, તે બાળ અવસ્થા છોડી જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો, અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો. એ ત્રણે અવસ્થાનો ભેદ થયો તે પર્યાયભેદ છે, પણ તે ત્રણે અવસ્થામાં આત્મદ્રવ્યનો ભેદ થયો નહીં, અર્થાત્ અવસ્થાઓ બદલાઈ પણ આત્મા બદલાયો નથી. આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે. ત્રણે અવસ્થામાં આત્મા એક હોય તો એમ બને, પણ જો આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો તેવો અનુભવ બને જ નહીં. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે, અને ક્ષણિકપણું કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહીં; કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય, તે બીજે ક્ષણે પોતે ન હોય તો ક્યાંથી કહે ? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિકપણાનો નિશ્ચય કર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

વળી કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહીં; માત્ર અવસ્થાંતર થાય, માટે ચેતનનો પણ કેવળ નાશ થાય નહીં. અને અવસ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમાં ભળે, અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફૂટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે ઘડો નાશ પામ્યો છે, કંઈ માટીપણું નાશ પામ્યું નથી. તે છિન્નભિન્ન થઈ જઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂકો થાય, તોપણ પરમાણુસમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય, અને તેમાંનું એક પરમાણુ પણ ઘટે નહીં, કેમકે અનુભવથી જોતાં અવસ્થાંતર થઈ શકે, પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી, એટલે જો તું ચેતનનો નાશ કહે, તોપણ કેવળ નાશ તો કહી જ શકાય નહીં; અવસ્થાંતરરૂપ નાશ કહેવાય. જેમ ઘટ ફૂટી જઈ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે, તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમાં રહે, અથવા ઘટના પરમાણુ જેમ પરમાણુસમૂહમાં ભળ્યા તેમ ચેતન કઈ વસ્તુમાં ભળવા યોગ્ય છે તે તપાસ, અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઈશ તો કોઈમાં નહીં ભળી શકવા યોગ્ય, અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહીં પામવા યોગ્ય એવું ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે. ૭૦

શંકા — શિષ્ય ઉવાચ

[આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે :—]

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

જીવ કર્મનો કર્તા નથી, કર્મના કર્તા કર્મ છે. અથવા અનાયાસે તે થયાં કરે છે. એમ નહીં, ને જીવ જ તેનો કર્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે. અર્થાત્ ધર્મ હોવાથી ક્યારેય નિવૃત્ત ન થાય. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

અથવા એમ નહીં, તો આત્મા સદા અસંગ છે, અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે; તેમ નહીં, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ' છે. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

માટે જીવ કોઈ રીતે કર્મનો કર્તા થઈ શકતો નથી, અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી; કાં જીવને કર્મનું કર્તાપણું નથી અને જો કર્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવા યોગ્ય નથી. ૭૩

સમાધાન—સદ્ગુરુ ઉવાચ

[કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્ગુરુ સમાધાન કરે છે :—]

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.[1] ૭૪

ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે? જડનો સ્વભાવ પ્રેરણા નથી. જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ. ૭૪

જો ચેતનની પ્રેરણા ન હોય, તો કર્મ કોણ ગ્રહણ કરે? પ્રેરણાપણે ગ્રહણ કરાવવારૂપ સ્વભાવ જડનો છે જ નહીં; અને એમ હોય તો ઘટ, પટાદિ પણ ક્રોધાદિ ભાવમાં પરિણમવા જોઈએ અને કર્મના ગ્રહણકર્તા હોવા જોઈએ, પણ તેવો અનુભવ તો કોઈને ક્યારે પણ થતો નથી, જેથી ચેતન એટલે જીવ કર્મ ગ્રહણ કરે છે, એમ સિદ્ધ થાય છે, અને તે માટે કર્મનો કર્તા કહીએ છીએ. અર્થાત્ એમ જીવ કર્મનો કર્તા છે.

'કર્મના કર્તા કર્મ કહેવાય કે નહીં?' તેનું પણ સમાધાન આથી થશે કે જડ કર્મમાં પ્રેરણારૂપ ધર્મ નહીં હોવાથી તે તે રીતે કર્તા થવાને અસમર્થ છે, અને કર્મનું કર્તાપણું જીવને છે, કેમકે તેને વિષે પ્રેરણા શક્તિ છે. (૭૪)

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

---

૧. પાઠાંતર : જુઓ વિચારી મર્મ.

કર્તા ભોક્તા જીવ હો, પણ તેથી તેનો મોક્ષ થવા યોગ્ય નથી, કેમકે અનંતકાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે, અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે; પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં. ૮૮

સમાધાન — સદ્‌ગુરુ ઉવાચ

[તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :—]

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તેં થતાં જાણ્યાં, અને તેથી તેનું ભોક્તાપણુ જાણ્યુ, તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવા યોગ્ય છે; માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે; અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવા યોગ્ય નથી; માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ! તું વિચાર. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

કર્મસહિત અનંતકાળ વીત્યો, તે તે શુભાશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય. ૯૧

શંકા — શિષ્ય ઉવાચ

[મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે :—]

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી, કેમકે અનંત કાળનાં કર્મો છે, તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઈએ, તોપણ મત અને દર્શન ઘણાં છે, અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે. અર્થાત્ કોઈ કંઈ કહે છે અને કોઈ કંઈ કહે છે, તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેવા ઘણા ભેદો છે. અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવા યોગ્ય દેખાતો નથી ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી. માટે જીવાદિનું સ્વરૂપ જાણ્યાથી પણ શું ઉપકાર થાય? અર્થાત્ જે પદને અર્થે જાણવા જોઈએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે. ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે, પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્ભાગ્યનો ઉદય-ઉદય થાય. અહીં 'ઉદય' 'ઉદય' બે વાર શબ્દ છે, તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષપદની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે. ૯૬

સમાધાન — સદ્ગુરુ ઉવાચ
[મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે—]

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઈ છે, તો મોક્ષના ઉપાયની પણ તે જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે. અહીં 'થશે' અને 'સહજ' એ બે શબ્દ સદ્ગુરુએ કહ્યા છે તે એમ સૂચવવા અર્થે કહ્યા છે કે જેને પાંચે પદની શંકા નિવૃત્ત થઈ છે તેને મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા, તથા શિષ્યને વિષે જિજ્ઞાસાનું અતિશયપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે, એમ સદ્ગુરુનાં વચનનો આશય છે. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને

તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે, અને અંતરની શોધમાં વર્તે છે. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ સમકિતને પામે કે જેમાં ભેદ તથા પક્ષ નથી. ૧૧૦

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ, અને પ્રતીત વર્તે છે, તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે, ત્યાં પરમાર્થે સમકિત છે. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિથી જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન હોય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતાં જ અત્રે અનુભવાય છે. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

કરોડો વર્ષનું સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતાં તરત શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

હે શિષ્ય! દેહમાં જે આત્મતા મનાઈ છે, અને તેને લીધે સ્ત્રીપુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે, તે આત્મતા જો આત્મામાં જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી, અને એ જ ધર્મનો મર્મ છે. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો; અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે. તું અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ. ૧૧૭

તું દેહાદિક સર્વ પદાર્થથી જુદો છે. કોઈમાં આત્મદ્રવ્ય ભળતું નથી, કોઈ તેમાં ભળતું નથી, દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી સદાય ભિન્ન છે, માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો; સ્વયંજ્યોતિ એટલે કોઈ પણ તને પ્રકાશતું નથી, સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો; અને અને અવ્યાબાધ સુખનું ધામ છો. બીજું કેટલું કહીએ? અથવા ઘણું શું કહેવું? ટૂંકામાં એટલું જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજસમાધિ માંય. ૧૧૮

સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને સમાય છે, એમ કહીને સદ્ગુરુ મૌનતા ધરીને સહજ સમાધિમાં સ્થિત થયા, અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી. ૧૧૮

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

શિષ્યને સદ્ગુરુના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું, અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અજર અમર, અવિનાશી અને દેહથી સ્પષ્ટ જુદું ભાસ્યું ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં થયો અકર્તા ત્યાંય. ૧૨૧

જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્તે છે, ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્તાપણું અને ભોક્તાપણું છે, આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્તા થયો. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ. ૧૨૨

અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પસ્વરૂપે કર્તાભોક્તા થયો. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ, અને જેથી તે પમાય તે તેનો માર્ગ છે. શ્રી સદ્ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો. ૧૨૩

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

અહો! અહો! કરુણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્‌ગુરુ; આપ પ્રભુએ આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

હું પ્રભુના ચરણ આગળ શું ધરું? (સદ્‌ગુરુ તો પરમ નિષ્કામ છે; એક નિષ્કામ કરુણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યું છે.) જે જે જગતમા પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે, તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણસમીપે હું બીજું ધરું? એક પ્રભુના ચરણને આધીન વર્તું એટલું માત્ર ઉપચારથી કરવાને હું સમર્થ છું. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

આ દેહ, 'આદિ' શબ્દથી જે કંઈ મારું ગણાય છે તે, આજથી કરીને સદ્‌ગુરુ પ્રભુને આધીન વર્તો, હું તેહ પ્રભુનો દાસ છું, દાસ છું, દીન દાસ છું. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭[1]

છએ સ્થાનક સમજાવીને હે સદ્‌ગુરુ દેવ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જુદી કાઢીને બતાવીએ તેમ સ્પષ્ટ જુદો બતાવ્યો; આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો. ૧૨૭

ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

છયે દર્શન આ છ સ્થાનકમાં સમાય છે. વિશેષ કરીને વિચારવાથી કોઈ પણ પ્રકારનો સંશય રહે નહીં. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં એવો બીજો કોઈ રોગ નથી, સદ્‌ગુરુ જેવા તેના કોઈ સાચા અથવા નિપુણ વૈદ્ય નથી, સદ્‌ગુરુઆજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્ય નથી, અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ તેનું ઔષધ નથી. ૧૨૯

[1] આ [illegible] તે આ વાંચનારની [illegible]
શ્રી સુભાગ્ય ને શ્રી અચલ, આદિ મુમુક્ષુ કાજ,
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ.

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

જો પરમાર્થને ઇચ્છતા હો, તો સાચો પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળીને સાધન તજવાં યોગ્ય નથી. પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને તે નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી, અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી; બન્ને જ્યાં જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યાં છે. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

ગચ્છમતની કલ્પના છે તે સદ્વ્યવહાર નથી. પણ આત્માર્થીનાં લક્ષણમાં કહી તે દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુનાં લક્ષણ આદિ કહ્યાં તે સદ્વ્યવહાર છે; જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે. પોતાના સ્વરૂપનું ભાન નથી, અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે, તેમ આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્તે છે અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચય સારભૂત નથી. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં થશે, તેને કોઈને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે; અને તેને પ્રાપ્ત કરવા યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતાં એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પણ પરમાર્થે ભેદ નથી. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા, જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય છે. તે પ્રગટ થવામાં સદ્ગુરુની આજ્ઞાથી પ્રવર્તવું, તથા સદ્ગુરુએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો, તે બન્ને નિમિત્ત કારણ છે. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

[illegible]

દર્શનાદિ ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચાં નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચાં નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું, અને પુરુષાર્થરહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે, પણ અંતરથી પોતાને જ મોહ છૂટ્યો નથી, એવા પામર પ્રાણી માત્ર જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાનીપુરુષનો દ્રોહ કરે છે. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે એહ સદાય સુજાગ્ય. ૧૩૮

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય સુજાગ્ય એટલે જાગ્રત હોય, અર્થાત્ એ ગુણો વિના મુમુક્ષુપણું પણ ન હોય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

મોહ ભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઈ હોય, ત્યાં જ્ઞાનીની દશા કહીએ, અને બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે, તેને ભ્રાંતિ કહીએ. ૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સમસ્ત જગત જેણે એઠ જેવું જાણ્યું છે, અથવા સ્વપ્ન જેવું જગત જેને જ્ઞાનમાં વર્તે છે તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવામાત્ર જ્ઞાન છે. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

પાંચે સ્થાનકને વિચારીને જે છઠ્ઠે સ્થાનકે વર્તે, એટલે તે મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમાં પ્રવર્તે તે પાંચમું સ્થાનક એટલે મોક્ષપદ, તેને પામે. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

પૂર્વપ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત, આત્મામાં જેની દશા વર્તે છે, તે જ્ઞાનીપુરુષના ચરણકમળમાં અગણિત વાર વંદન હો! ૧૪૨

સાધન સિદ્ધ દશા અહીં, કહી સર્વ સંક્ષેપ;
ષટ્દર્શન સંક્ષેપમાં, ભાખ્યાં નિર્વિક્ષેપ.

શ્રીસદ્ગુરુચરણાર્પણમસ્તુ.

[૬૬૩] ૭૧૯ નડિયાદ, આસો વદ ૧૦, શનિ. ૧૯૫૨

આત્માર્થી, મુનિપથાભ્યાસી શ્રી લલ્લુજી તથા શ્રી દેવકરણજી આદિ પ્રત્યે—શ્રી સ્તંભતીર્થ.

પત્ર પ્રાપ્ત થયું હતું.

શ્રી સદ્ગુરુદેવના અનુગ્રહથી અત્ર સમાધિ છે.

એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિ' આ સાથે મોકલ્યું છે. તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે.

જિનાગમ વિચારવાની શ્રી લલ્લુજી અથવા શ્રી દેવકરણજીને ઇચ્છા હોય તો 'આચારાંગ', 'સૂયગડાંગ' 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' અને 'પ્રશ્નવ્યાકરણ' વિચારવા યોગ્ય છે.

'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રી દેવકરણજીએ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે. તોપણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવા મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય આત્મામાં લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો, ભિન્નભાવરહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી. ઘણી શંકાઓનું સમાધાન થવા યોગ્ય છે.

સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે.

બીજા મુનિઓને પણ જે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને વિવેકની વૃદ્ધિ થાય તે તે પ્રકારે શ્રી લલ્લુજી તથા શ્રી દેવકરણજીએ યથાશક્તિ સંભળાવવું તથા પ્રવર્તાવવું ઘટે છે. તેમ જ અન્ય જીવો પણ આત્માર્થસન્મુખ થાય, અને જ્ઞાનીપુરુષની આજ્ઞાના નિશ્ચયને પામી, તથા વિરક્તપરિણામને પામી, રસાદિની લુબ્ધતા મોળી પાડે એ આદિ પ્રકારે એક આત્માર્થે ઉપદેશ કર્તવ્ય છે.

અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય [illegible] જ નિશ્ચય.

સર્વ મુમુક્ષુઓને નમસ્કાર પ્રાપ્ત થાય. [illegible]

[૬૬૪] ૭૨૦ [illegible] ૧૯૫૨

[illegible]

મુંબઈથી આ બાજુ આવવામાં ફક્ત નિવૃત્તિનો હેતુ છે; શરીરની અડચણથી આ તરફ આવવું થયેલું, તેમ નથી. આપની કૃપાથી શરીર સારું રહે છે. મુંબઈમાં રોગના ઉપદ્રવને લીધે આપની તથા રેવાશંકરભાઈની આજ્ઞા થવાથી આ તરફ વિશેષ સ્થિરતા કરી; અને તે સ્થિરતામાં આત્માને નિવૃત્તિ વિશેષ કરી રહી છે. હાલ મુંબઈમાં રોગની શાંતિ ઘણી થઈ ગઈ છે, સંપૂર્ણ શાંતિ થયે તે તરફ જવાનો વિચાર રાખ્યો છે, અને ત્યાં ગયા પછી ઘણું કરીને ભાઈ મનસુખને આપના તરફ થોડા વખત માટે મોકલવાનું ચિત્ત છે; જેથી મારી માતુશ્રીના મનને પણ ગોઠશે આપને પ્રતાપે નાણું મેળવવાનો ઘણું કરીને લોભ નથી, પણ આત્માનું પરમ કલ્યાણ કરવાની ઇચ્છા છે. મારી માતુશ્રીને પાયલાગણું પ્રાપ્ત થાય. બહેન ઝબક તથા ભાઈ પોપટ વગેરેને યથા૦.

છોરુ રાયચંદના દંડવત્ પ્રાપ્ત થાય.

---

[૬૬૫] ૭૨૧ નડિયાદ, આસો વદ ૦)), સોમ, ૧૯૫૨

શ્રી ડુંગરને "આત્મસિદ્ધિ" મુખપાઠે કરવાની ઇચ્છા છે. તે માટે તે પ્રત એમને આપવા વિષે પુછાવ્યું તો તેમ કરવામાં અડચણ નથી. શ્રી ડુંગરને એ શાસ્ત્ર મુખપાઠે કરવાની આજ્ઞા છે, પણ હાલ તેની બીજી પ્રત નહીં ઉતારતા આ પ્રત છે તે ઉપરથી જ મુખપાઠે કરવા યોગ્ય છે, અને હાલ આ પ્રત તમે શ્રી ડુંગરને આપશો. તેમને જણાવશો કે મુખપાઠે કર્યા પછી પાછી આપશો, પણ બીજો ઉતારો કરશો નહીં.

જે જ્ઞાન મહા નિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે.

શ્રી સોભાગ પાસેથી આગળ કેટલાક પત્રોની નકલ કોઈ કોઈ અનધિકારીના હાથમાં ગઈ છે. પ્રથમ તેમની પાસેથી કોઈ યોગ્ય માણસ પાસે જાય અને પછીથી તે માણસ પાસેથી અયોગ્ય માણસ પાસે જાય એમ બનવાનો સંભવ થયેલો અમારા જાણવામાં છે. "આત્મસિદ્ધિ" સંબંધમાં તમારા બન્નેમાંથી કોઈએ આજ્ઞા ઉપરાંત વર્તવું યોગ્ય નથી. એ જ વિનંતિ.

વર્ષ ૩૦ મું

[૬૬૬] ૭૨૨ વવાણિયા. કા. સુદ ૧૦, શનિ, ૧૯૫૩

માતુશ્રીને શરીરે તાવ આવવાથી તથા કેટલોક વખત થયાં ત્યાં રહેવા વિષે તેમની વિશેષ આકાંક્ષા હોવાથી ગયા સોમવારે અત્રેથી આણંદ થઈ નડિયાદથી બોરસદ સ્થાને થવાનું થયું હતું. બુધવારે બપોરે અત્રે આવવું થયું છે.

શરીરને વિષે વેદનીયનું અશાતાપણે પરિણમવું થયું હોય તે વખતે શરીરનો વિનાશી સ્વભાવ વિચારી તે શરીર અને શરીરને સંબંધે પ્રાપ્ત થયેલાં સ્ત્રીપુત્રાદિ પ્રત્યેનો મોહ વિચારવાન પુરુષો છોડી દે છે; અથવા તે મોહને મંદ કરવાના પ્રવર્તે છે.

'આત્મસિદ્ધિશાસ્ત્ર' વિશેષ વિચારવા યોગ્ય છે.

શ્રી અચળ વગેરેને યથા૦

---

[૬૬૭] ૭૨૩ વવાણિયા, કા. સુદ ૧૧, રવિ. ૧૯૫૩

લોકની દૃષ્ટિને જ્યાં સુધી આ જીવ વમે નહીં તથા તેમાંની આંતરવૃત્તિ છૂટે નહીં ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત ન થઈ શકે એમાં સંશય નથી.

---

[૬૬૮] ૭૨૪ વવાણિયા, [illegible], ૧૯૫૩

ગીતિ

પંચ પરમપદ બોધિયા, જેહ પ્રમાણે પરમ વીતરાગ;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ વડે. ૧
મૂળ પરમપદ કારણ, સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
[illegible] ૨
[illegible]
[illegible] ૩
[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫

[illegible]

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬
જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭
જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય. ૮

---

[૬૬૯] ૭૨૫ વવાણિયા, કા. વદ, ૨, રવિ, ૧૯૫૩

જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતા તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિરત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિઃસદેહ દેખાય છે.

---

[૬૭૦] ૭૨૬ વવાણિયા, કા. વદ ૦)), શુક્ર, ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

દેહનું અને પ્રારબ્ધોદય જ્યા સુધી બળવાન હોય ત્યાં સુધી દેહસંબંધી કુટુંબ, કે જેનું ભરણપોષણ કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય અર્થાત્ આગારવાસપર્યંત જેનું ભરણપોષણ કરવું ઘટતું હોય તેનું ભરણપોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે, તથા પુરુષાર્થ કરે. દેહ અને દેહસંબંધી કુટુંબના માહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામપૂર્વક સ્મૃતિ પણ ન થવા દે; કેમકે તે પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે, કે આત્મહિતનો અવસર જ ઘણું કરીને પ્રાપ્ત થવા ન દે.

---

[૬૭૧] ૭૨૭ વવાણિયા, માગશર સુદ ૧, શનિ, ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા, એવાં કારણોથી રહિત કોઈક જ જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો "માર્ગ" પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી; તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે.

લૌકિક કારણમાં અધિક હર્ષવિષાદ મુમુક્ષુ જીવ કરે નહિ.

---

[૬૭૨] ૭૨૮ વવાણિયા, માગશર સુદ ૬, ગુરુ, ૧૯૫૩

[illegible]નો દેહ છૂટવા સંબંધી ખબર જાણ્યા.

સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે. માત્ર તે દેહનું યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તે દેહનું મમત્વ છેદીને નિજસ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા

છે તે જ જીવ તે મરણકાળે અશરણપણે છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી. અથવા મરણકાળે દેહના મમત્વનું અલ્પપણું હોવાથી પણ નિર્ભય રહે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે, અને એ જ તમારે, અમારે, સૌએ લક્ષ રાખવા યોગ્ય છે. પ્રીતિબંધનથી ખેદ થવા યોગ્ય છે. તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહીં હોવાથી તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો એ જ વિચારવાનને કર્તવ્ય છે.

---

[૬૭૩] ૭૨૯ વવાણિયા, માર્ગશીર્ષ સુદ ૧૦, સોમ, ૧૯૫૩

સર્વજ્ઞાય નમઃ

'યોગવાસિષ્ઠ'નાં પ્રથમનાં બે પ્રકરણ, 'પંચીકરણ', 'દાસબોધ' તથા 'વિચારસાગર' એ ગ્રંથો તમારે વિચારવા યોગ્ય છે. એમાંનો કોઈ ગ્રંથ તમે પૂર્વે વાંચ્યો હોય તોપણ ફરી વાંચવા યોગ્ય છે, તેમ જ વિચારવો યોગ્ય છે. જૈનપદ્ધતિના એ ગ્રંથો નથી એમ જાણીને તે ગ્રંથો વિચારતાં ક્ષોભ પામવો યોગ્ય નથી.

લોકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ, શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનું લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે.

---

[૬૭૪] ૭૩૦ વવાણિયા, માર્ગશીર્ષ સુદ ૧૨, ૧૯૫૩

સર્વજ્ઞાય નમઃ

'આત્મસિદ્ધિ'ની ટીકાનાં પાનાં મળ્યાં છે.

હવે [illegible] માર્ગ [illegible] વિચારણીય છે. એમાં સંશય નથી.

---

[૬૭૫] ૭૩૧ વવાણિયા, માર્ગશીર્ષ સુદ ૧૨, ૧૯૫૩

સર્વજ્ઞાય નમઃ

[illegible]

---

[૬૭૬] ૭૩૨ [illegible]

[illegible]

આરંભ તથા પરિગ્રહની પ્રવૃત્તિ આત્મહિતને ઘણા પ્રકારે રોધક છે, અથવા સત્સમાગમના યોગમાં એક વિશેષ અંતરાયનું કારણ જાણીને તેના ત્યાગરૂપે બાહ્યસંયમ જ્ઞાની પુરુષોએ ઉપદેશ્યો છે, જે પ્રાયે તમને પ્રાપ્ત છે. વળી યથાર્થ ભાવસંયમની જિજ્ઞાસાથી પ્રવર્તો છો, માટે અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો જાણી સત્શાસ્ત્ર, અપ્રતિબંધતા, ચિત્તની એકાગ્રતા, સત્પુરુષોનાં વચનોની અનુપ્રેક્ષા દ્વારા તે સફળ કરવી યોગ્ય છે.

---

[૬૭૭] ૭૩૩ વવાણિયા, માગશર વદ ૧૧, બુધ, ૧૯૫૩

વૈરાગ્ય અને ઉપશમના વિશેષાર્થે 'ભાવનાબોધ', 'યોગવાસિષ્ઠનાં પ્રથમનાં બે પ્રકરણો', 'પંચીકરણ' એ આદિ ગ્રંથો વિચારવા યોગ્ય છે.

જીવમાં પ્રમાદ વિશેષ છે, માટે આત્માર્થનાં કાર્યમાં જીવે નિયમિત થઈને પણ તે પ્રમાદ ટાળવો જોઈએ, અવશ્ય ટાળવો જોઈએ.

---

૭૩૪ વવાણિયા, માગશર વદ ૧૧, બુધ, ૧૯૫૩

શ્રી સુભાગ્યાદિ પ્રત્યે લખાયેલા પત્રોમાંથી જે પરમાર્થ સંબંધી પત્રો હોય તેની હાલ બને તો એક જુદી પ્રત લખશો.

સૌરાષ્ટ્રમાં ક્યા સુધી હાલ સ્થિતિ થશે તે લખાવું અશક્ય છે.

અત્રે થોડા દિવસ સ્થિતિ હજુ થશે એમ સંભવે છે.

---

[૬૭૮] ૭૩૫ વવાણિયા, પોષ સુદ ૧૦, ભોમ, ૧૯૫૩

વિષમભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાનીપુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે, અને ભવિષ્યકાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર. એ જ ધ્યાન.

---

[૬૭૯] ૭૩૬ વવાણિયા, પોષ સુદ ૧૧, બુધ, ૧૯૫૩

રાગદ્વેષનાં પ્રત્યક્ષ બળવાન નિમિત્તો પ્રાપ્ત થયે પણ જેનો આત્મભાવ કિંચિત્માત્ર પણ ક્ષોભ પામતો નથી, તે જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતા પણ મહા નિર્જરા થાય, એમાં સંશય નથી.

---

[૬૮૦] ૭૩૭ વવાણિયા, પોષ વદિ ૪, શુક્ર, ૧૯૫૩

આરંભ અને પરિગ્રહનો ઇચ્છાપૂર્વક પ્રસંગ હોય તો આત્મલાભને વિશેષ ઘાતક છે, અને વારંવાર અસ્થિર, અપ્રશસ્ત પરિણામનો હેતુ છે, એમાં તો સંશય નથી; પણ જ્યાં અનિચ્છાથી ઉદયના કોઈ એક યોગથી પ્રસંગ વર્તતો હોય ત્યાં પણ આત્મભાવની ઉત્કૃષ્ટતાને બાધ કરનાર તથા આત્મસ્થિરતાને અંતરાય કરનાર, તે આરંભપરિગ્રહનો

પ્રસંગ પ્રાપ્ત થાય છે. માટે પરમ કૃપાળુ જ્ઞાનીપુરુષોએ ત્યાગમાર્ગ ઉપદેશ્યો છે, તે મુમુક્ષુ જીવે હૈયે અને સર્વથા અનુસરવા યોગ્ય છે.

---

[૪૫૬] ૭૩૮ વવાણિયા, સં. ૧૯૫૩

ૐ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦ ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિએ,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
[illegible]
[illegible] અપૂર્વ૦ ૭

[illegible]

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;

તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬
મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭
એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુ, લઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮
પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯
જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

---

[૬૮૧] ૭૩૯ મોરબી, માહ વદ ૯, બુધ, ૧૯૫૩

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

[૬૮૨] ૭૪૦ મોરબી, માહ સુદ ૯, બુધ, ૧૯૫૩

'આત્મસિદ્ધિ' વિચારતાં આત્મા સંબંધી કંઈ પણ અનુપ્રેક્ષા વર્તે છે કે કેમ ? તે લખવાનું થાય તો લખશો.

કોઈ પુરુષ પોતે વિશેષ સદાચારમાં તથા સંયમમાં પ્રવર્તે છે તેના સમાગમમાં આવવા ઇચ્છતા જીવોને તે પદ્ધતિના અવલોકનથી જેવો સદાચાર તથા સંયમનો લાભ થાય છે, તેવો લાભ વિસ્તારવાળા ઉપદેશથી પણ ઘણું કરીને થતો નથી, તે લક્ષ રાખવા યોગ્ય છે.

---

૭૪૧ મોરબી, માહ સુદ ૧૦ શુક્ર, ૧૯૫૩

સર્વજ્ઞાય નમઃ

અત્રે થોડાક દિવસ પર્યંત સ્થિતિ થવી સંભવે છે.

ઇડર જવાનો હાલ વિચાર રાખીએ છીએ. તૈયાર રહેશો. શ્રી ડુંગરને આવવા માટે વિનતિ કરશો. તેમને પણ તૈયાર રાખશો. તેમના ચિત્તમાં એમ આવે કે વારંવાર જવાનું થવાથી લોક અપેક્ષાએ યોગ્ય ન દેખાય. કેમકે અવસ્થા ફેર. પણ આવો વિચાર કર્તવ્ય નથી.

પરમાર્થદૃષ્ટિ પુરુષને અવશ્ય કરવા યોગ્ય એવા સમાગમના લાભમાં તે વિકલ્પરૂપ અંતરાય કર્તવ્ય નથી. આ વખતે સમાગમનો વિશેષ લાભ થવા યોગ્ય છે. માટે શ્રી ડુંગરે કંઈ બીજો વિકલ્પ છોડી દઈ આવવાનો વિચાર રાખવો.

શ્રી ડુંગર તથા લહેરાભાઈ આદિ મુમુક્ષુને યથા૦

આવવા વિષેમાં શ્રી ડુંગરે કંઈ પણ સંશય ન રાખવો યોગ્ય છે.

---

[૬૮૩] ૭૪૨ મોરબી, માહ, વદ ૪, રવિ, ૧૯૫૩

સંસ્કૃતનો પરિચય ન હોય તો કરશો.

જે પ્રકારે બીજા મુમુક્ષુ જીવોનાં ચિત્તમા તથા અંગમાં નિર્મળતા ભાવની વૃદ્ધિ થાય, તે તે પ્રકારે પ્રવર્તવું કર્તવ્ય છે. નિયમિત શ્રવણ કરાવાય તથા આરંભ પરિગ્રહના સ્વરૂપ સમ્યક્ પ્રકારે જોતાં નિવૃત્તિને અને નિર્મળતાને કેટલા પ્રતિબંધક છે તે વાત ચિત્તમાં દૃઢ થાય તેમ પરસ્પર જ્ઞાનકથા થાય તેમ કર્તવ્ય છે.

---

[૬૮૪] ૭૪૩ મોરબી, માહ વદ ૪ રવિ, ૧૯૫૩

'સકળ સંસારી ઇન્દ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિષ્કામી રે.'

—મુનિશ્રી આનંદઘનજી

[illegible] હતા. [illegible] પંદરેક દિવસ થયાં અત્રે સ્થિતિ છે. હજી અત્રે થોડાક દિવસ [illegible] સંભવ છે

[illegible] પત્રાદિ લખવામાં હાલ બહુ જ ઓછી પ્રવૃત્તિ [illegible] કંઈ પણ ઉત્તર લખાવો અશક્ય છે.

શ્રી લલ્લુજી તથા શ્રી દેવકરણજી "આત્મસિદ્ધિ"ને વિશેષ કરી મનન કરશો. બીજા મુનિઓને પણ પ્રશ્નવ્યાકરણાદિ સૂત્ર અનુક્રમના લક્ષે સંભળાવશો તો સંભળાવશો.

સહજાત્મસ્વરૂપે પ્રણામ

---

[૬૮૫] ૭૮૪ વવાણિયા, માહ વદિ ૧૨, શનિ, ૧૯૫૩

'તે માટે ઊભા કરજોડી, જિનવર આગળ કહીએ રે.
સમયચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે.'

— મુનિશ્રી આનંદઘનજી.

'કર્મગ્રંથ' નામે શાસ્ત્ર છે, તે હાલ અગર ઈતિ સુધી વાંચવાનો, શ્રવણ કરવાનો તથા અનુપ્રેક્ષા કરવાનો પરિચય રાખી શકો તો રાખશો. બાકી ચાર ઘડી નિત્ય પ્રત્યે હાલ તે વાંચવામાં, શ્રવણ કરવામાં નિયમપૂર્વક વ્યતીત કરવી યોગ્ય છે.

---

[૬૮૬] ૭૮૫ વવાણિયા, ફાગણ સુદ ૬, ૧૯૫૩

એકાંત નિશ્ચયનયથી મતિ આદિ ચાર જ્ઞાન, સંપૂર્ણ શુદ્ધ જ્ઞાનના [illegible] કહી શકાય. પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન એટલે સંપૂર્ણ નિર્વિકલ્પ જ્ઞાન ઉત્પન્ન થવામાં તે જ્ઞાન સાધન છે. તેમાં પણ શ્રુતજ્ઞાન મુખ્યપણે છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં છેવટ સુધી તે જ્ઞાનનું અવલંબન છે. અથવા કોઈ જીવ પોતે ત્યાગ કરે તો કેવળજ્ઞાન પામે નહીં. કેવળજ્ઞાન સુધી દશા પામવાનો હેતુ શ્રુતજ્ઞાનથી થાય છે.

---

[૬૮૭] ૭૮૬ વવાણિયા, ફા. સુદ ૭, ૧૯૫૩

[illegible]

---

૭૪૭ વવાણિયા, ફાગણ સુદ ૨, શુક્ર, ૧૯૫૩

સર્વ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય.

મુનિશ્રી દેવકરણજી વીશ દોહા "દીનતા"ના મુખપાઠે કરવા ઇચ્છે છે, તેથી આજ્ઞાનો અતિક્રમ નથી. અર્થાત્ તે દોહા મુખપાઠે કરવા યોગ્ય છે.

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્ય મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, ઉપાય અચૂક આમ.

શ્રી 'આત્મસિદ્ધિશાસ્ત્ર'

[૬૮૬–૨] ૭૪૮ વવાણિયા, ફાગણ સુદ ૪, રવિ, ૧૯૫૩

જ્યાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી. તેમને શિક્ષા એટલે ઉપદેશ દઈ સુધારવા કરવાનું હવે મૌન રાખી, મળતા રહી કામ નિર્વાહવું એ જ યોગ્ય છે.

જાણ્યા પહેલાં ઠપકો લખવો તે ઠીક નહીં. તેમ ઠપકાથી અક્કલ આણી દેવી મુશ્કેલ છે. અક્કલનો વરસાદ વરસાવવામા આવે છે, તોપણ આ લોકોની રીતિ હજી રસ્તો પકડતી નથી. ત્યાં શો ઉપાય?

તેમના પ્રત્યે કંઈ બીજો ખેદ આણવાથી ફળ નથી. કર્મબંધનું વિચિત્રપણું એટલે સર્વને સમ્યક્ (સારું) સમજાય એમ ન બને. માટે એમનો દોષ શું વિચારવો?

[૮૭૪–૧૮] +૭૪૯ વવાણિયા, ફાગણ સુદ ૬, સોમ, ૧૯૫૩

મુનિ શ્રી લલ્લુજી તથા દેવકરણજી આદિ પ્રત્યે,—

સહેજે સમાગમ થઈ આવે અથવા એ લોકો ઇચ્છીને સમાગમ કરવા આવતા હોય તો સમાગમ કરવામાં શું હાનિ છે? કદાપિ વિરોધવૃત્તિથી એ લોકો સમાગમ કરવાનું કરતા હોય તો પણ શું હાનિ છે? આપણે તો તેના પ્રત્યે કેવળ હિતકારી વૃત્તિથી, અવિરોધ દૃષ્ટિથી સમાગમમાં પણ વર્તવું છે, ત્યાં શો પરાભવ છે? માત્ર ઉદીરણા કરીને સમાગમ કરવાનું હાલ કારણ નથી. તમ સર્વ મુમુક્ષુઓના આચાર વિષે તેમને કંઈ સંશય હોય, તોપણ વિકલ્પનો અવકાશ નથી. વડવામાં સત્‌પુરુષના સમાગમમાં ગયા આદિનું પ્રશ્ન કરે તો તેના ઉત્તરમાં તો એટલું જ કહેવું યોગ્ય છે કે 'તમે અમે સૌ આત્મહિતની કામનાએ નીકળ્યા છીએ; અને કરવા યોગ્ય પણ તે જ છે. જે પુરુષના સમાગમમાં અમે આવ્યા હતા તેના સમાગમમાં કોઈ વાર તમે આવીને પ્રતીતિ કરી જોશો કે તેમના આત્માની દશા કેમ છે? અને તેઓ આપણને કેવા ઉપકારના કર્તા છે. હાલ એ વાત [illegible] વડવા સુધી સહેજે પણ જવું થઈ શકે, અને આ તો જ્ઞાનદર્શનાદિના

+ [illegible] પત્ર નં. ૬૮૬. પત્ર નં. ૫૭૨ છપાયા પછી આ પત્ર મિતિ સહિત આખો મળ્યો છે [illegible] મૂક્યો છે.

ઉપકારરૂપ પ્રસંગમાં જતું થયું છે, એટલે આત્માની મર્યાદાના ભંગનો વિકલ્પ કરવો ઘટતો નથી. રાગદ્વેષ પરિક્ષીણ થવાનો માર્ગ જે પુરુષના ઉપદેશે કંઈ પણ સમજાય, પ્રાપ્ત થાય તે પુરુષનો ઉપકાર કેટલો? અમને તેવા પુરુષની કેવા પ્રકારે ભક્તિ કરવી તે તમે જ શાસ્ત્રાદિથી વિચારી જુઓ. અમે તો કંઈ તેમ કરી શક્યા નથી. કેમકે તેમને, [illegible] એમ કહ્યું હતું કે

"તમારો મુનિપણાનો સામાન્ય વ્યવહાર એવો છે કે [illegible] મુનિ પ્રત્યે વંદનાદિ વ્યવહાર કર્તવ્ય નહિ. તે વ્યવહાર તમારે પણ સાચવવો. તે વ્યવહાર તમે સાચવો તેમાં તમારો સ્વચ્છંદ નથી. માટે સાચવવા યોગ્ય છે [illegible] નહિ થાય અમને કંઈ વંદનાદિની અપેક્ષા નથી." આ પ્રકારે જેમણે સામાન્ય વ્યવહાર પણ સચવાવ્યો હતો, તેમની દૃષ્ટિ કેવી હોવી જોઈએ, તે તમે વિચાર કરો. કદાપિ આજ તમને તે વાત નહિ સમજાય તો આગળ પર સમજાશે. એ વાતમાં તમે નિઃસંદેહ રહેજો.

'બીજા કંઈ સત્માર્ગરૂપ આચારવિચારમાં અમારી શિથિલતા થઈ હોય તો તમે કહો કેમકે તેવી શિથિલતા તો ટાળ્યા વિના હિતકારી માર્ગ પમાય નહિ. એમ અમારી દૃષ્ટિ છે.' એ આદિ પ્રસંગે કહેવું પડે તો કહેવું અને તેમના પ્રત્યે [illegible] તેમના અજ્ઞાનના ભાવે તેથી વૃત્તિએ તથા રીતિએ વર્તવું, [illegible] નથી.

બીજા સાધુ વિષે તમારે કંઈ કહેવું કર્તવ્ય નથી. સમાગમમાં આવ્યા પછી પણ કંઈ ન્યૂનાધિકપણું તેમના ચિત્તમાં રહે તોપણ, વિક્ષેપ પામવો નહિ. તેમના પ્રત્યે [illegible] હિતભાવનાએ વર્તવું એ જ સ્વધર્મ છે.

---

[૬૮૮] ૭૪૨ વવાણિયા, [illegible] ૧૧, ૧૯૫૩

[illegible] પત્ર તથા [illegible] અને [illegible] પત્ર [illegible] છે.

[illegible]

[illegible]

---

[૬૮૯] ૭૪૩ [illegible] ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

[illegible]

આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છે:—

(૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.

(૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.

(૩) નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.

પહેલું સમકિત બીજા સમકિતનુ કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે; ભક્તિ કરવા યોગ્ય છે.

કેવળજ્ઞાન ઊપજવાના છેલ્લા સમય સુધી સત્પુરુષનાં વચનનું અવલંબન વીતરાગે કહ્યુ છે; અર્થાત્ બારમા ક્ષીણમોહગુણસ્થાનક પર્યંત શ્રુતજ્ઞાનથી આત્માના અનુભવને નિર્મળ કરતા કરતાં તે નિર્મળતા સંપૂર્ણતા પામ્યે 'કેવળજ્ઞાન' ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થવાના પ્રથમ સમય સુધી સત્પુરુષે ઉપદેશેલો માર્ગ આધારભૂત છે; એમ કહ્યું છે તે નિઃસંદેહ સત્ય છે.

---

[૬૯૦] **૭૫૨** વવાણિયા, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૩

લેશ્યા :– જીવના કૃષ્ણાદિ દ્રવ્યની પેઠે ભાસ્યમાન પરિણામ.

અધ્યવસાય :– લેશ્યા પરિણામની કંઈક સ્પષ્ટપણે પ્રવૃત્તિ.

સંકલ્પ :– કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો નિર્ધારિત અધ્યવસાય.

વિકલ્પ :– કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો અપૂર્ણ અનિર્ધારિત, સંદેહાત્મક અધ્યવસાય,

સંજ્ઞા :– કંઈ પણ આગળ પાછળની ચિંતવનશક્તિવિશેષ અથવા સ્મૃતિ.

પરિણામ :– જળના દ્રવણસ્વભાવની પેઠે દ્રવ્યની કથંચિત્ અવસ્થાંતર પામવાની શક્તિ છે, તે અવસ્થાંતરની વિશેષ ધારા, તે પરિણતિ.

અજ્ઞાન :– મિથ્યાત્વસહિત મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય તો તે 'અજ્ઞાન'.

વિભંગજ્ઞાન :– મિથ્યાત્વસહિત અતીંદ્રિયજ્ઞાન હોય તે 'વિભંગજ્ઞાન'.

વિજ્ઞાન :– કંઈ પણ વિશેષપણે જાણવું તે 'વિજ્ઞાન'.

---

[૬૯૨] **૭૫૩** વવાણિયા, ૧૯૫૩

(૧)

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.'

નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવજી તીર્થંકર તે મારા પરમ વહાલા છે; જેથી હું બીજા સ્વામીને ચાહું નહીં. એ સ્વામી એવા છે કે પ્રસન્ન થયા પછી કોઈ દિવસ સંગ છોડે નહીં. જ્યારથી સંગ થયો ત્યારથી આદિ છે, પણ તે સંગ અટળ હોવાથી અનંત છે. ૧

વિશેષાર્થ :– જે સ્વરૂપજિજ્ઞાસુ પુરુષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા

ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે. તેથી પોતાની [illegible] છે અને અતીન્દ્રિય યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત થાય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શુદ્ધનયની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. આ આત્મા અને સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં કાંઈ [illegible] ભેદ છે. સ્વાભાવિક સ્વરૂપથી [illegible] આ આત્મા સિદ્ધ [illegible] સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરાવરણ છે અને વર્તમાનમાં આ આત્માનું સ્વરૂપ [illegible] છે, એટલો જ ભેદ છે. વસ્તુતાએ ભેદ નથી. [illegible] આત્માનું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટે છે

[illegible] સુધી તેવું સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપ પ્રગટ્યું નથી, ત્યાં સુધી સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામેલા એવા સિદ્ધ ભગવાનની ઉપાસના કર્તવ્ય છે. તેમ જ [illegible] ભગવાનની ઉપાસના પણ કર્તવ્ય છે, કેમકે તે ભગવાન [illegible] કર્મોને દહીને [illegible] છે; પણ તે ભગવાન [illegible] સિદ્ધ [illegible] અને તેવા આત્મા. [illegible] ભગવાનની ઉપાસનાથી પણ આ આત્મા સ્વરૂપદશાને પામી શકે છે

પૂર્વે મહાત્માઓએ કહ્યું છે કે:—

'जे जाणइ अरिहंते, दव्व गुण पज्जवेहिं य:
सो जाणइ निय अप्पा मोहो खलु जाइ तस्स लयं.'

જે ભગવાન અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે [illegible] સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચય કરીને [illegible] નાશ પામે. તે ભગવાનની ઉપાસના [illegible] કર્તવ્ય છે. તે [illegible] શ્રી [illegible] છે. [illegible] તે [illegible] નિશ્ચયથી જાણીએ.

ભગવાન [illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉપકાર જાણી શ્રી આનંદઘનજીએ આ ચોવીશી ચોવીશ તીર્થંકરની સ્તવનારૂપે રચી છે. નમસ્કાર મંત્રમાં પણ અર્હંતપદ પ્રથમ મૂકવાનો હેતુ એટલો જ છે કે તેમનું વિશેષ ઉપકારીપણું છે.

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થદૃષ્ટિવાન પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. 'સિદ્ધપ્રાભૃત'માં કહ્યું છે કે :—

'जारिस सिद्ध सहावो, तारिस सहावो सव्वजीवाण;
तह्मा सिद्धंतरुई कायव्वा भव्वजीवेहिं.'

જેવું સિદ્ધભગવાનનું આત્મસ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી.

તેમ જ શ્રી દેવચંદ્રસ્વામીએ શ્રીવાસુપૂજ્યના સ્તવનમાં કહ્યું છે કે 'જિનપૂજા રે તે નિજપૂજના.'

જો યથાર્થ મૂળદૃષ્ટિથી જોઈએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે.

સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપ પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાનપર્યંત તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ અવલંબન છે વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્તપ્રલાપદશા ઉત્પન્ન કરે છે ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે જેથી શુષ્કતા, સ્વેચ્છાચારીપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશાબળવાન થવાથી સ્વાભાવિક અધ્યાત્મપ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે. જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે, ત્યાં[1] –[અપૂર્ણ]

(૨)
વીતરાગ સ્તવના

*વીતરાગોને વિષે ઇશ્વર એવા ઋષભદેવ ભગવાન મારા સ્વામી છે. તેથી હવે હું

1 આનંદઘન તીર્થંકર સ્તવનાવલી પરત્વેનું આ વિવેચન લખતાં આ સ્થળેથી અપૂર્ણ મુકાયું છે.– સંશોધક.

* શ્રી ઋષભજિનસ્તવન

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત ઋષભ० ૧
કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય ઋષભ० ૩
કોઈ પતિરંજન અતિઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમેળાપ ઋષભ० ૪
કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ ઋષભ० ૫
ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋષભ० ૬

બીજા કોઈની ઇચ્છા કરતી નથી, કેમકે તે પ્રભુ [illegible] નથી [illegible] આગ થયા તેની આદિ છે. પણ તે યોગ કોઈ વાર [illegible] નિવૃત્તિ [illegible] નથી, માટે [illegible]

[illegible] ઉદાસીન થઈ [illegible] થઈ તેના [illegible]

[illegible] પણ [illegible] નથી. [illegible] આપ [illegible] થયા છે. માટે તેના [illegible] થઈ [illegible] પણ [illegible] નથી. [illegible] તેના [illegible] નથી, [illegible] પણ [illegible] નથી [illegible]

[illegible]

[illegible]

[illegible]

તાપ છે; એ પતિને રાજી કરવાનો માર્ગ મેં ગણ્યો નથી; પતિને રંજન કરવાને તો બન્નેની ધાતુનો મેળાપ થવો તે છે. કોઈ સ્ત્રી ગમે તેટલા કષ્ટથી તપશ્ચર્યા કરી પોતાના પતિને રીઝવવા ઇચ્છે તોપણ જ્યાં સુધી તે સ્ત્રી પોતાની પ્રકૃતિ પતિની પ્રકૃતિના સ્વભાવાનુસાર કરી ન શકે ત્યાં સુધી પ્રકૃતિના પ્રતિકૂળપણાને લીધે તે પતિ પ્રસન્ન ન જ થાય અને તે સ્ત્રીને માત્ર શરીરે ક્ષુધાદિ તાપની પ્રાપ્તિ થાય; તેમ કોઈ મુમુક્ષુની વૃત્તિ ભગવાનને પતિપણે પ્રાપ્ત કરવાની હોય તો તે ભગવાનના સ્વરૂપાનુસાર વૃત્તિ ન કરે અને અન્ય સ્વરૂપમાં રુચિમાન છતા અનેક પ્રકારનાં તપ તપીને કષ્ટ સેવે, તોપણ તે ભગવાનને પામે નહીં, કેમકે જેમ પતિપત્નીનો ખરો મેળાપ, અને ખરી પ્રસન્નતા ધાતુના એકત્વમાં છે, તેમ હે સખી! ભગવાનમાં આ વૃત્તિને પતિપણું સ્થાપન કરી તે અચળ રાખવું હોય તો તે ભગવાનની સાથે ધાતુમેળાપ કરવો જ યોગ્ય છે; અર્થાત્ તે ભગવાન જે શુદ્ધચૈતન્યધાતુપણે પરિણમ્યા છે તેવી શુદ્ધચૈતન્ય વૃત્તિ કરવાથી જ તે ધાતુમાંથી પ્રતિકૂલ સ્વભાવ નિવર્તવાથી ઐકય થવાનો સંભવ છે; અને તે જ ધાતુમેળાપથી તે ભગવાનરૂપ પતિની પ્રાપ્તિનો કોઈ પણ કાળે વિયોગ થવાનો નથી. ૪.

હે સખી! કોઈ વળી એમ કહે છે કે આ જગત, જેનું સ્વરૂપ ઓળખવાનો લક્ષ ન થઈ શકે તેવા ભગવાનની લીલા છે; અને તે અલક્ષ ભગવાન સૌની ઇચ્છા પૂર્ણ કરે છે; તેથી તે એમ સમજીને આ જગત ભગવાનની લીલા માની, તે ભગવાનનો તે સ્વરૂપે મહિમા ગાવામાં જ પોતાની ઇચ્છા પૂર્ણ થશે, (એટલે ભગવાન પ્રસન્ન થઈને તેને વિષે લગ્નતા કરશે) એમ માને છે, પણ તે ખોટું છે, કેમકે તે ભગવાનના સ્વરૂપના અજ્ઞાનથી એમ કહે છે.

જે ભગવાન અનંત જ્ઞાનદર્શનમય સર્વોત્કૃષ્ટ સુખસમાધિમય છે, તે ભગવાનને આ જગતનું કર્તાપણું કેમ હોય? અને લીલાને અર્થે પ્રવૃત્તિ કેમ હોય? લીલાની પ્રવૃત્તિ તો સદોષમાં જ સંભવે છે. જે પૂર્ણ હોય તે કંઈ ઇચ્છે જ નહીં. ભગવાન તો અનંત અવ્યાબાધ સુખે કરીને પૂર્ણ છે; તેને વિષે બીજી કલ્પના કયાથી અવકાશ પામે? લીલાની ઉત્પત્તિ કુતૂહલવૃત્તિથી થાય. તેવી કુતૂહલવૃત્તિ તો જ્ઞાન સુખના અપરિપૂર્ણપણાથી જ થાય. ભગવાનમાં તો તે બન્ને (જ્ઞાન, સુખ) પરિપૂર્ણ છે, માટે તેની પ્રવૃત્તિ જગત રચવારૂપ લીલા પ્રત્યે ન જ થાય. એ લીલા તો દોષનો વિલાસ છે; સરાગીને જ તેનો સંભવ છે. જે સરાગી હોય તેને સદ્વેષતા હોય, અને જેને એ બન્ને હોય તેને ક્રોધ, માન, માયા, લોભ આદિ સર્વ દોષનું પણ મલિનપણું છે, જેથી યથાર્થ રીતે જોતાં તો લીલા દોષનો જ વિલાસ છે; અને એવો દોષવિલાસ તો અજ્ઞાની જ ઇચ્છે. વિચારવાન મુમુક્ષુઓ પણ તેવો દોષવિલાસ ઇચ્છતા નથી, તો અનંત જ્ઞાનમય ભગવાન તે કેમ ઇચ્છે? જેથી તે ભગવાનનું સ્વરૂપ લીલાના કર્તૃત્વપણાથી જાણે જે સમજે છે તે ભ્રાંતિ છે, અને તે ભ્રાંતિને અનુસરીને ભગવાનને પ્રસન્ન કરવાનો તે જે માર્ગ લે છે તે પણ ભ્રાંતિમય જ છે, જેથી ભગવાનરૂપ પતિની સેવ પ્રાપ્તિ થતી નથી. ૫

હે સખી! પતિને પ્રસન્ન કરવાના તો ઘણા પ્રકાર છે. અનેક પ્રકારના શબ્દ, રૂપાદિ [illegible] ધરવાનાં કહે છે એવા ઘણા પ્રકાર છે, પણ તે સૌમાં ચિત્તપ્રસન્નતા

તે જ એથી ઉત્પન્ન થયા છે. અને કોઈક પણ [illegible] થઈને આત્મા અરિહંત થઈને ભક્તિની સેવા કરવાથી [illegible] આત્મોદય થાય.

ભગવાનરૂપ ભક્તિની સેવાના પ્રકાર ઘણા છે. દ્રવ્યપૂજા, ભાવપૂજા, આજ્ઞાપૂજા, દ્રવ્ય પૂજાના પણ ઘણા ભેદ છે, પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો [illegible] ચિત્તપ્રસન્નતા [illegible] તે જ છે, તેમાં જ સર્વ સમાવેશ થાય છે. તે જ અખંડિત પૂજા છે. કેમકે જો ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા યોગ ચિત્તાધીન હોવાથી ભગવાનને આધીન જ છે; અને ચિત્તની લીનતા [illegible] જગતના ભાવોમાંથી ઉદાસીનતા થયે અને તેમાં [illegible] કર્યાથી તે થવા [illegible] જ છે.

જ્યાં સુધી ચિત્તમાં [illegible] ત્યાં સુધી [illegible] પણ [illegible] [illegible] જ છે અને [illegible] ત્યાં સુધી [illegible] ભગવાનના [illegible] [illegible] [illegible] [illegible] ન હોવાથી [illegible] [illegible] [illegible] કરવામાં આવે તે જ [illegible].

[illegible] સર્વ ભગવાનને અર્પણ કર્યા હોય, [illegible] અર્પણ ન કર્યા હોય [illegible] ભગવાનમાં લીન થઈ ન હોય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible].

[illegible]

(૨)

[illegible]

પણાની ઇચ્છા છે, તે પ્રાપ્ત થવામાં જે જે વિઘ્ન દીઠાં તે સંક્ષેપે ભગવાનને આનંદઘનજી આ બીજા સ્તવનમાં નિવેદન કરે છે; અને પોતાનું પુરુષત્વ મંદ દેખી ખેદખિન્ન થાય છે એમ જણાવી પુરુષત્વ જાગ્રત રહે એવી ભાવના ચિંતવે છે.

હે સખી ! બીજા તીર્થંકર એવા અજિતનાથ ભગવાને પૂર્ણ લીનતાનો માર્ગ દર્શાવ્યો છે તે, અર્થાત્ જે સમ્યક્ ચરણરૂપ માર્ગ પ્રકાશ્યો છે તે, જોઉં છું, તો અજિત એટલે મારા જેવા નિર્બળ વૃત્તિના મુમુક્ષુથી જીતી ન શકાય એવો છે, ભગવાનનું અજીત એવું નામ છે તે તો સત્ય છે, કેમકે મોટા મોટા પરાક્રમી પુરુષો કહેવાય છે તેનાથી પણ જે ગુણના ધામરૂપ પંથનો જય થયો નથી, તે ભગવાને જય કર્યો હોવાથી ભગવાનનું તો અજિત નામ સાર્થક જ છે, અને અનંત ગુણના ધામરૂપ તે માર્ગને જીતવાથી ભગવાનનું ગુણધામપણું સિદ્ધ છે. હે સખી, પણ મારું નામ પુરુષ કહેવાય છે, તે સત્ય નથી. ભગવાનનું નામ અજિત છે. જેમ તે તદ્રૂપ ગુણને લીધે છે તેમ મારું નામ પુરુષ તદ્રૂપ ગુણને લીધે નથી. કેમકે પુરુષ તો તેનુ નામ કહેવાય કે જે પુરુષાર્થસહિત હોય, સ્વપરાક્રમ સહિત હોય, પણ હું તો તેમ નથી. માટે ભગવાનને કહું છું કે હે ભગવાન ! તમારું નામ અજિત તે તો સાચુ છે, પણ મારુ નામ પુરુષ તે તો ખોટું છે. કેમકે રાગ, દ્વેષ, અજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભ આદિ દોષનો તમે જય કર્યો તેથી તમે અજિત કહેવાવા યોગ્ય છો, પણ તે જ દોષોએ મને જીતી લીધો છે, માટે મારું નામ પુરુષ શેનું કહેવાય ? ૧.

હે સખી ! તે માર્ગ પામવાને માટે દિવ્ય નેત્ર જોઈએ. ચર્મ નેત્રે કરીને જોતો છતો તો સમસ્ત સંસાર ભૂલ્યો છે. તે પરમ તત્ત્વનો વિચાર થવાને માટે જે દિવ્ય નેત્ર જોઈએ તે દિવ્ય નેત્રનો, નિશ્ચય કરીને વર્તમાનકાળમાં વિયોગ થઈ પડ્યો છે.

હે સખી ! તે અજિત ભગવાને અજિત થવાને અર્થે લીધેલો માર્ગ કંઈ આ ચર્મચક્ષુથી દેખાય નહીં. કેમકે તે માર્ગ દિવ્ય છે, અને અંતરાત્મદૃષ્ટિથી જ અવલોકન કરી શકાય એવો છે. જેમ એક ગામથી બીજે ગામ જવાને પૃથ્વીતળ પર સડક વગેરે માર્ગ હોય છે, તેમ આ માર્ગ કંઈ એક ગામથી બીજે ગામ જવાના માર્ગની પેઠે બાહ્ય માર્ગ નથી, અથવા ચર્મચક્ષુએ જોતાં તે જણાય એવો નથી, ચર્મચક્ષુથી કંઈ તે અતીંદ્રિય માર્ગ ન દેખાય. ૨. [અપૂર્ણ]

---

[૬૯૩] ૭૫૪ સંવત ૧૯૫૩

હે જ્ઞાતપુત્ર ભગવન્ ! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારું સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય ? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં; તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડ્યાં. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જે તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખોગમે લોકો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્યપુરુષ થયા તેના વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાંખી દીધી. એકાંત દઈ દઈ તારું શાસન નિંદાવ્યું.

[illegible] ! એવી સહાયતા કંઈ આપ કે જે વડે [illegible] તું [illegible] શકુ, ત્યાંથી [illegible] શકે. [illegible] સહાયતા આપ !! [illegible] અને બોધિમાં સહાયતા આપવી. [અપૂર્ણ]

[૬૯૮-૧-૨] ૭૫૫ સંવત. ૧૯૫૩

ૐ નમઃ

શારીરિક, માનસિક આદિ અનંત પ્રકારનાં દુઃખોએ આકુળવ્યાકુળ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ પ્રકારે ઇચ્છા છતાં તેઓથી તે મુક્ત થઈ શકતા નથી, તેનું શું કારણ? એવો પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે, પણ તેનું યથાર્થ સમાધાન કોઈ વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય, ત્યાં સુધી તે ટાળવાને માટે ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે તો પણ દુઃખનો ક્ષય થઈ શકે નહીં, અને ગમે તેટલી અરુચિ, અપ્રિયતા અને અભાવ તે દુઃખ પ્રત્યે હોય છતાં તેને અનુભવવું જ પડે છે. અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે, અને તે પ્રયત્ન ન સહન થઈ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યો હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઇચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઈ આવે છે, અથવા થયા કરે છે કે આનું શું કારણ? આ દુઃખ ટળતું કેમ નથી? કોઈ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહીં છતાં, સ્વપ્નેય પણ તેના પ્રત્યે કંઈ પણ વૃત્તિ નહીં છતાં, તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્નો કરું છું તે તે બધાં નિષ્ફળ જઈ દુઃખ અનુભવ્યા જ કરું છું, એનું શું કારણ?

શું તે દુઃખ કોઈને મટતું જ નહીં હોય? દુઃખી થવું એ જ જીવોનો સ્વભાવ હશે? શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે તેણે એમ જ કરવા યોગ્ય ગણ્યું હશે? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે? અથવા કોઈક મારા પૂર્વે કરેલા અપરાધોનું ફળ હશે? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે, અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે, અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઇચ્છા રાખ્યા કરે છે.

[illegible]

[illegible]

જતું હોત, અને બાહ્ય સંસર્ગ સબંધનું દુઃખ મનને કંઈ અસર ઉપજાવી શકતું ન હોત તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનુ સફળ થાત; પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયુ કે, દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઈએ; આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે, માટે તે દુઃખનું મૂળકારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુ.ખનુ યથાર્થ મૂળકારણ વિચારવા ઊઠ્યા, તેમાં પણ કોઈક જ તેનુ યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા. જગતમાં જુદા જુદા ધર્મમત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.

'ધર્મથી દુ.ખ મટે' એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ. પણ ધર્મનુ સ્વરૂપ સમજવામા એકબીજામાં ઘણો તફાવત પડચો. ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.

દુઃખનાં મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામા આવે છે.

દુઃખ શું છે? તેનાં મૂળ કારણો શું છે? અને તે શાથી મટી શકે? તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સક્ષેપમાં કહીએ છીએ:

હવે, તે યથાર્થ છે કે કેમ? તેનું અવલોકન કરીએ છીએ:

જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, અને સમ્યક્‌ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ 'સમ્યક્‌મોક્ષ'.

સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, અને સમ્યક્‌ચારિત્રમાં સમ્યક્‌દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે, જોકે સમ્યક્‌જ્ઞાનથી જ સમ્યક્‌દર્શનનું પણ ઓળખાણ થાય છે, તોપણ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્‌દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

જેમ જેમ સમ્યક્‌દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્‌ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે; અને ક્રમે કરીને સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે, અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે; અને આત્મા નિજપદમા લીન થઈ સર્વકર્મકલંકથી રહિત થવાથી એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમા સ્થિત થાય છે.

સમ્યક્‌દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્‌સ્વભાવને પામે છે એ સમ્યક્‌દર્શનનો પરમ ઉપકાર છે. તેમ સમ્યક્‌દર્શન ક્રમે કરી શુદ્ધ થતું થઈ પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્‌ચારિત્રને

પ્રાપ્ત થાય તેને સ્પર્શે સમ્યક્જ્ઞાનના [illegible] તેને [illegible] છે. તે [illegible] પ્રાપ્તિનો ઉપાય વીતરાગશ્રુત અને તે [illegible] છે.

વીતરાગશ્રુતના [illegible] પ્રાપ્ત [illegible] યોગ પ્રાપ્ત થવો [illegible] છે [illegible] એમાં સંશય નથી [illegible] છે કે,—

[illegible]

તે [illegible] છે —

[illegible]

[illegible]

[illegible] છે કે,—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તે મહાત્માપુરુષના ગુણાતિશયપણાથી, સમ્યક્ચરણથી, પરમજ્ઞાનથી, પરમશાંતિથી, પરમનિવૃત્તિથી મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ શુભસ્વભાવને પામી સ્વરૂપ પ્રત્યે વળતી જાય છે.

તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ વારંવાર પોતાથી વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી, તથા તે વચનનું શ્રવણ તાદૃશ્ય સ્મરણમાં ન રહે તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી, અને અનુપ્રેક્ષાનું બળ વૃદ્ધિ પામવાને અર્થે વીતરાગશ્રુત, વીતરાગ શાસ્ત્ર એક બળવાન ઉપકારી સાધન છે; જોકે તેવા મહાત્માપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ, પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે, અથવા જ્યા કેવળ તેવા મહાત્માઓનો યોગ બની જ શકતો નથી, ત્યાં પણ વિશુદ્ધ દૃષ્ટિવાનને વીતરાગશ્રુત પરમોપકારી છે, અને તે જ અર્થે થઈને મહત્પુરુષોએ એક શ્લોકથી માંડી દ્વાદશાંગપર્યંત રચના કરી છે.

તે દ્વાદશાંગના મૂળ ઉપદેષ્ટા સર્વજ્ઞ વીતરાગ છે, કે જેના સ્વરૂપનું મહાત્માપુરુષો નિરંતર ધ્યાન કરે છે, અને તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયલું છે એમ પ્રતીતિથી અનુભવે છે. સર્વજ્ઞ વીતરાગનાં વચનને ધારણ કરીને મહત્ આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી, અને તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ બીજા અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે. આ પ્રમાણે દ્વાદશાંગનાં નામ છે:—

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાગ, (૩) સ્થાનાગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતાધર્મકથાગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરૌપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાક અને (૧૨) દૃષ્ટિવાદ.

તેમાં આ પ્રમાણે નિરૂપણ છે:—

કાળદોષથી ઘણાં સ્થળો તેમાંથી વિસર્જન થઈ ગયાં, અને માત્ર અલ્પ સ્થળો રહ્યાં.

જે અલ્પ સ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતામ્બર આચાર્યો કહે છે. દિગમ્બરો તેમાં અનુમત નહીં થતાં એમ કહે છે કે,—

વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે. જે સમદૃષ્ટિએ જોતાં તેનાં જુદાં જ કારણો જોવામાં આવે છે.

...મે તેમ કે, પણ આ પ્રમાણે બન્ને બહુ નજીકમાં આવી જાય છે:
વિસર્જન ઘણાં સ્થળો. તો અપ્રયોજન જેવા છે, પ્રયોજન જેનાં છે તે પણ પરોક્ષ છે.

[illegible] ઉપદેશ કરવાથી [illegible] વ્યાખ્યાન ઇત્યાદિ [illegible] પ્રગટ થાય છે, અથવા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ પ્રગટ થાય છે.

હવે, આ પ્રસ્તાવના ઉપરથી [illegible] આ પ્રમાણે—

આ પ્રમાણે [illegible]

छिन्ना [illegible] । [illegible] ।
निग्गंथं पवयणं । सद्दहणं होई सम्मत्तं ॥ १ ॥

તથા

[illegible] મોક્ષમાર્ગ છે, નહીં તો ઉન્માર્ગ છે.

[illegible]

[illegible] જીવને [illegible], [illegible] છે. તેની પ્રતીતિથી, તેના [illegible], તેની [illegible] નથી થાય છે [illegible] છે કે :

[illegible] શું ? [illegible] ? [illegible] નિર્ણય [illegible] ? [illegible] ?

[૬૯૪-૬] ૭૫૮ [illegible]

[illegible] વિવેક

[illegible]

પદાર્થના વિવેચન અને સિદ્ધાંત પર જેનો પાયો રચાયો છે અને તે દ્વારા જે મોક્ષમાર્ગ પ્રતિબોધે છે તેવાં છ દર્શનો છે:–(૧) બૌદ્ધ, (૨) ન્યાય, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫)મીમાંસક, અને (૬) વૈશેષિક વૈશેષિક ન્યાયમાં અંતર્ભૂત કર્યું હોય તો નાસ્તિક વિચાર પ્રતિપાદન કરતું એવું ચાર્વાક દર્શન છઠ્ઠું ગણાય છે

ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસા એમ છ દર્શન વેદ પરિભાષામાં ગણવામાં આવ્યાં છે, તે કરતાં ઉપર દર્શાવેલા દર્શનો જુદી પદ્ધતિએ ગણ્યાં છે તેનું શુ કારણ એમ પ્રશ્ન થાય તો તેનું સમાધાન એ છે કેઃ—

વેદ પરિભાષામાં દર્શાવેલાં દર્શનો વેદને માન્ય રાખે છે તે દૃષ્ટિથી ગણ્યાં છે; અને ઉપર જણાવેલ ક્રમે તો વિચારની પરિપાટીના ભેદથી ગણ્યાં છે. જેથી આ જ ક્રમ યોગ્ય છે.

દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ અવિભક્તત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું છે, ક્ષેત્રાંતર નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ એવો [૧]ઐકયભાવ છે. દ્રવ્ય અને ગુણનો ભેદ કહીએ છીએ તે કથનથી છે, વસ્તુથી નથી. સંસ્થાન, સંખ્યાવિશેષ આદિથી જ્ઞાન અને જ્ઞાનીને સર્વથા પ્રકારે ભેદ હોય તો બન્ને અચેતનત્વ પામે એમ સર્વજ્ઞ વીતરાગનો સિદ્ધાંત છે. જ્ઞાનની સાથે સમવાય સંબંધથી આત્મા જ્ઞાની નથી. સમવર્તિત્વ, સમવાય.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરમાણુ દ્રવ્યના વિશેષ છે. [અપૂર્ણ]

[૬૯૪–૬] ૭૫૯ સં. ૧૯૫૩

અત્યંત સુપ્રસિદ્ધ છે કે પ્રાણીમાત્રને દુઃખ પ્રતિકૂળ, અપ્રિય અને સુખ અનુકૂળ, તથા પ્રિય છે. તે દુઃખથી રહિત થવા માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રાણીમાત્રનું પ્રયત્ન છે.

પ્રાણીમાત્રનું એવું પ્રયત્ન છતાં પણ તેઓ દુઃખનો અનુભવ જ કરતાં દૃષ્ટિગોચર થાય છે. ક્વચિત્ કંઈક સુખના અંશ કોઈક પ્રાણીને પ્રાપ્ત થયા દેખાય છે, તોપણ દુઃખની બાહુલ્યતાથી કરીને જોવામાં આવે છે.

પ્રાણીમાત્રને દુઃખ અપ્રિય હોવા છતાં, વળી તે મટાડવાને અર્થે તેનું પ્રયત્ન છતાં તે દુઃખ મટતું નથી, તો પછી તે દુઃખ ટળવાનો કોઈ ઉપાય જ નહીં એમ સમજાય છે; કેમકે બધાનું પ્રયત્ન નિષ્ફળ જાય તે વાત નિરુપાય જ હોવી જોઈએ, એમ અત્રે આશંકા થાય છે.

તેનું સમાધાન આ પ્રમાણે છે:–દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજવાથી, તે થવાનાં મૂળ કારણો શું છે અને તે શાથી મટી શકે તે યથાર્થ ન સમજવાથી, દુઃખ મટાડવા સંબંધીનું તેમનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી દુઃખ મટી શકતું નથી.

દુઃખ અનુભવવામાં આવે છે, તોપણ તે સ્પષ્ટ ધ્યાનમાં આવવાને અર્થે થોડુંક તેનું વ્યાખ્યાન કરીએ છીએ.

પ્રાણીઓ બે પ્રકારનાં છે: એક ત્રસ એટલે પોતે ભયાદિનું કારણ દેખી નાસી જતાં, હાલતાં ચાલતાં એ આદિ શક્તિવાળાં. બીજાં સ્થાવર: જે સ્થળે દેહ ધારણ કર્યો છે, ત્યાં જ સ્થિતિમાન. અથવા ભયાદિ કારણ જાણી નાસી જવા વગેરેની સમજણશક્તિ જેમાં નથી તે.

---

૧. જુઓ આંક ૭૬૬ 'પંચાસ્તિકાય' ૪૭, ૪૮, ૪૯, અને ૫૦.

અથવા એકેંદ્રિયથી માંડી પાંચ ઇંદ્રિય સુધીનાં પ્રાણીઓ છે. એકેંદ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય, અને બે ઇંદ્રિયવાળાં પ્રાણીથી માંડીને પાંચ ઇંદ્રિયવાળાં પ્રાણી સુધીનાં ત્રસ કહેવાય. પાંચ ઉપરાંત કોઈ પણ પ્રાણીને ઇંદ્રિય હોતી નથી.

એકેંદ્રિય પ્રાણીના પાંચ ભેદ છેઃ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.

વનસ્પતિનું જીવત્વ સાધારણ મનુષ્યોને પણ કંઈક અનુમાનગોચર થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આગમપ્રમાણથી, વિશેષ વિચારબળથી કંઈ પણ સમજી શકાય છે. સર્વથા તો પ્રકૃષ્ટજ્ઞાનગોચર છે.

અગ્નિ અને વાયુના જીવો કંઈક ગતિમાન જોવામાં આવે છે, પણ તે પોતાની સમજણ શક્તિપૂર્વક હોતું નથી, જેથી તેને સ્થાવર કહેવામાં આવે છે.

એકેંદ્રિય જીવમાં વનસ્પતિમાં જીવત્વ સુપ્રસિદ્ધ છે, છતાં તેનાં પ્રમાણો [illegible] અનુક્રમે આપશું. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આ પ્રમાણે, સિદ્ધ થાય છે:

[અપૂર્ણ]

[૬૯૮-૧] ૭૬૮ સં. ૧૯૫૩

જીવ —
- ચૈતન્ય જેનું લક્ષણ [illegible] છે.
- દેહ પ્રમાણ છે.
- અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે. તે અસંખ્યાત પ્રદેશના [illegible] છે.
- પરિણામી છે.
- અમૂર્ત છે.
- અનંત અગુરુલઘુ પરિણત દ્રવ્ય છે.
- સ્વાભાવિક દ્રવ્ય છે.
- કર્તા છે.
- ભોક્તા છે.
- અનાદિ અનંત છે.
- [illegible] છે.
- [illegible] છે.
- મોક્ષ [illegible] છે.

[illegible] — [illegible]

[illegible] — [illegible]

[illegible]

[illegible]

[૬૯૪-૧૧] ૭૬૪ સં. ૧૯૫૩

ૐ

હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ?

શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.

સર્વજ્ઞદેવ.
નિર્ગ્રંથ ગુરુ.
દયા મુખ્ય ધર્મ.
} શુદ્ધ આત્મદૃષ્ટિ થવાનાં અવલંબન છે.

સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને, તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો.

યથાજાતલિંગ સર્વવિરતિધર્મ.

દ્વાદશવિધ દેશવિરતિ ધર્મ.

દ્રવ્યાનુયોગ સુસિદ્ધ – સ્વરૂપદૃષ્ટિ થતાં,
કરણાનુયોગ સુસિદ્ધ–સુપ્રતીત દૃષ્ટિ થતાં,
ચરણાનુયોગ સુસિદ્ધ – પદ્ધતિ વિવાદ શાંત કરતાં,
ધર્મકથાનુયોગ સિદ્ધ–બાળબોધહેતુ સમજાવતાં.

[૬૯૪-૧૨] ૭૬૫ સં. ૧૯૫૩

(૧)	(૨)	(૧)	(૨)
મોક્ષમાર્ગનું અસ્તિત્વ.	પ્રમાણ.	નિર્જરા.	આગમ.
આપ્ત.	નય.	બંધ.	સંયમ.
ગુરુ	અનેકાંત.	મોક્ષ.	વર્તમાનકાળ.
ધર્મ.	લોક.	જ્ઞાન.	ગુણસ્થાનક.
ધર્મની યોગ્યતા.	અલોક.	દર્શન.	દ્રવ્યાનુયોગ.
કર્મ.	અહિંસા	ચારિત્ર.	કરણાનુયોગ.
જીવ	સત્ય.	તપ.	ચરણાનુયોગ.
અજીવ.	અસત્ય.	દ્રવ્ય.	ધર્મકથાનુયોગ
પુણ્ય	બ્રહ્મચર્ય.	ગુણ.	મુનિત્વ.
પાપ.	અપરિગ્રહ.	પર્યાય.	ગૃહધર્મ.
આસ્રવ.	આજ્ઞા.	સંસાર.	પરિષહ.
સંવર	વ્યવહાર.	એકેંદ્રિયનું અસ્તિત્વ.	ઉપસર્ગ.

---

[૭૦૦] ૭૬૬ સં. ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ નમઃ સદ્ગુરવે

પંચાસ્તિકાય.[1]

૧ સો ઇન્દ્રોને વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી, મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે,
[illegible]

[illegible] ગુણ છે, [illegible] જોઈ છે [illegible] અરિહંત [illegible] નમસ્કાર

૨ અરિહંત ભગવંતના ગુણથી ઉત્પન્ન થયેલું [illegible] અરિહંત [illegible] નિર્વાણ પ્રાપ્ત [illegible] નમન કરીએ. [illegible]

૩ [illegible] અરિહંતપદના સ્વરૂપ [illegible] અરિહંત [illegible] 'સિદ્ધ' [illegible] તેથી ઉત્પન્ન [illegible] અરિહંત [illegible] છે

૪ [illegible] 'દ્રવ્ય,' 'ગુણ,' 'પર્યાય,' [illegible] પોતાના અસ્તિત્વમાં [illegible] પોતાની સત્તાથી [illegible] અનેક ગુણ અને પર્યાય [illegible] છે તે [illegible] પોતાથી [illegible] ઉત્પન્ન થાય છે

૫ તે [illegible] પોતાની [illegible] છે. [illegible] છે. [illegible]

૬ [illegible] છે, [illegible] થાય છે, [illegible] પોતપોતાના [illegible] નથી.

૭ [illegible] છે. તે [illegible] છે. [illegible] ગુણ અને પર્યાયાત્મક છે. [illegible] છે.

૮ પોતાના [illegible] પર્યાયને [illegible] તે તે [illegible] પોતાની સત્તાથી [illegible] છે

૧૦ [illegible] છે. [illegible] છે. [illegible] છે.

૧૧ [illegible] છે.

૧૨ [illegible] છે.

૧૩ [illegible] નથી. [illegible]

૧૪ [illegible]

૧૫ [illegible]

૧૬ [illegible]

૮૩ ધર્માસ્તિકાય અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે; સકળલોકપ્રમાણ છે, અખંડિત, વિસ્તીર્ણ અને અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્ય છે.

૮૪ અનંત અગુરુલઘુગુણપણે તે નિરંતર પરિણમિત છે. ગતિક્રિયાયુક્ત જીવાદિને કારણભૂત છે; પોતે અકાર્ય છે, અર્થાત્ કોઈથી ઉત્પન્ન થયેલું તે દ્રવ્ય નથી.

૮૫ જેમ મત્સ્યની ગતિને જળ ઉપકાર કરે છે, તેમ જીવ અને પુદ્ગલદ્રવ્યની ગતિને ઉપકાર કરે છે તે 'ધર્માસ્તિકાય' જાણવો.

૮૬ જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય છે તેમ અધર્માસ્તિકાય પણ છે એમ જાણો. સ્થિતિ ક્રિયાયુક્ત જીવ, પુદ્ગલને તે પૃથ્વીની પેઠે કારણભૂત છે.

૮૭ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લીધે લોક અલોકનો વિભાગ થાય છે. એ ધર્મ અને અધર્મ દ્રવ્ય પોતપોતાના પ્રદેશથી કરીને જુદાં જુદાં છે. પોતે હલનચલન ક્રિયાથી રહિત છે; અને લોકપ્રમાણ છે.

૮૮ ધર્માસ્તિકાય જીવ, પુદ્ગલને ચલાવે છે એમ નથી; જીવ પુદ્ગલ ગતિ કરે છે તેને સહાયક છે.

૮૯.

૯૦ સર્વ જીવોને તથા બાકીના પુદ્ગલાદિને સંપૂર્ણ અવકાશ આપે છે તેને 'લોકાકાશ' કહીએ છીએ.

૯૧ જીવ, પુદ્ગલસમૂહ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો લોકથી અનન્ય છે; અર્થાત લોકમાં છે; લોકથી બહાર નથી. આકાશ લોકથી પણ બહાર છે, અને તે અનંત છે; જેને 'અલોક' કહીએ છીએ.

૯૨ જો ગમન અને સ્થિતિનું કારણ આકાશ હોત તો ધર્મ અને અધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધ ભગવાનનું અલોકમાં પણ ગમન હોત.

૯૩ જે માટે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વલોકાંતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે, તેથી ગમન અને સ્થાનનુ કારણ આકાશ નથી એમ જાણો

૯૪ જો ગમનનો હેતુ આકાશ હોત અથવા સ્થાનનો હેતુ આકાશ હોત, તો અલોકની હાનિ થાય અને લોકના અંતની વૃદ્ધિ પણ થાય.

૯૫ તેથી ધર્મ અને અધર્મ દ્રવ્ય ગમન તથા સ્થિતિનાં કારણ છે, પણ આકાશ નથી. આ પ્રમાણે લોકનો સ્વભાવ શ્રોતા જીવોપ્રત્યે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.

૯૬ ધર્મ, અધર્મ અને (લોક) આકાશ અપૃથક્ભૂત (એકક્ષેત્રાવગાહી) અને સરખાં પરિમાણવાળાં છે. નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક્ ઉપલબ્ધિ છે; પોતપોતાની સત્તાથી રહ્યાં છે. એમ એકતા અનેકતા છે.

૯૭ આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો મૂર્તતારહિત છે, અને પુદ્ગલ-દ્રવ્ય મૂર્ત છે તેમાં જીવ દ્રવ્ય ચેતન છે.

૯૮ જીવ અને પુદ્ગલ એકબીજાને ક્રિયાનાં સહાયક છે. બીજાં દ્રવ્યો (તે પ્રકારે) સહાયક નથી. જીવ પુદ્ગલદ્રવ્યનાં નિમિત્તથી ક્રિયાવાન હોય છે. કાળના કારણથી પુદ્ગલ અનેક સ્કંધપણે પરિણમે છે.

૯૯ [illegible]

૧૦૦ [illegible]

૧૦૧ [illegible]

૧૦૨ [illegible]

૧૦૩ [illegible]

૧૦૪ [illegible]

ઇતિ પંચાસ્તિકાય પ્રથમ અધ્યાય.

ॐ જિનાય નમઃ નમઃ શ્રીસદ્ગુરવે

૧૦૫ [illegible]

૧૦૬ [illegible]

૧૦૭ [illegible]

૧૦૮ [illegible]

૧૦૯ [illegible]

૧૧૦ [illegible]

૧૧૧ [illegible]

૧૧૨ [illegible]

૧૧૩ [illegible]

૧૧૪ [illegible]

૧૧૫ જૂ, માંકડ, કીડી, વીંછી આદિ અનેક પ્રકારના બીજા પણ કીડાઓ રસ, સ્પર્શ અને ગંધને જાણે છે; તે 'ત્રણ ઇન્દ્રિય જીવો' જાણવા.

૧૧૬ ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગ આદિ રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે તે 'ચાર ઇન્દ્રિય જીવો' જાણવા.

૧૧૭ દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ, જળચર, સ્થલચર અને ખેચર તે વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણે છે; તે બળવાન 'પાંચ ઇન્દ્રિયવાળા જીવો' છે.

૧૧૮ દેવતાના ચાર નિકાય છે મનુષ્ય કર્મ અને અકર્મ ભૂમિનાં એમ બે પ્રકારનાં છે. તિર્યંચના ઘણા પ્રકાર છે; તથા નારકી તેની પૃથ્વીઓની જેટલી જાતિ છે તેટલી જાતિના છે.

૧૧૯ પૂર્વે બાંધેલું આયુષ્ ક્ષીણ થવાથી જીવ ગતિનામકર્મને લીધે આયુષ્ અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે.

૧૨૦ દેહાશ્રિત જીવોના સ્વરૂપનો એ વિચાર નિરૂપણ કર્યો; તેના 'ભવ્ય' અને 'અભવ્ય' એવા બે ભેદ છે. દેહરહિત એવા 'સિદ્ધભગવંતો છે.

૧૨૧ ઇંદ્રિયો જીવ નથી, તથા કાયા પણ જીવ નથી પણ જીવનાં ગ્રહણ કરેલાં સાધનમાત્ર છે.

૧૨૨ જે સર્વ જાણે છે, દેખે છે, દુઃખ ભેદીને સુખ ઇચ્છે છે, શુભ અને અશુભને કરે છે અને તેનુ ફળ ભોગવે છે તે 'જીવ' છે.

૧૨૩.

૧૨૪ આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મ દ્રવ્યને વિષે જીવત્વગુણ નથી; તેને અચૈતન્ય કહીએ છીએ, અને જીવને સચૈતન્ય કહીએ છીએ.

૧૨૫ સુખદુઃખનું વેદન, હિતમાં પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ તે ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ 'અજીવ' કહે છે.

૧૨૬ સંસ્થાન, સંઘાત, વર્ણ. રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ એમ પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થતા ગુણપર્યાયો ઘણા છે.

૧૨૭ અરસ, અરૂપ, અગંધ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અને વચનઅગોચર એવો જેનો ચૈતન્ય ગુણ છે તે 'જીવ' છે.

૧૨૮ જે નિશ્ચય કરી સંસારસ્થિત જીવ છે તેના અશુદ્ધ પરિણામ હોય છે. તે પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે, તેથી સારી અને માઠી ગતિ થાય છે.

૧૨૯ ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોથી વિષય ગ્રહણ થાય છે, અને તેથી રાગ દ્વેષ ઉત્પન્ન છે

૧૩૦ સંસારચક્રવાલમાં તે ભાવે કરીને પરિભ્રમણ કરતા જીવોમાં કોઈ જીવોનો સંસાર અનાદિસાંત છે, અને કોઈનો અનાદિઅનંત છે, એમ ભગવાન સર્વજ્ઞે કહ્યું છે.

૧૩૧ અજ્ઞાન. રાગદ્વેષ અને ચિત્તપ્રસન્નતા જે જે ભાવમાં વર્તે છે, તેથી શુભ કે અશુભ પરિણામ થાય છે.

૧૩૨ જીવને શુભ પરિણામથી પુણ્ય થાય છે, અને અશુભ પરિણામથી પાપ થાય છે. તેનાથી શુભાશુભ પુદ્ગલના ગ્રહણરૂપ કર્મપણું પ્રાપ્ત થાય છે.

૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬

૧૩૭ [illegible] 'અનુષ્ટુપ'.

૧૩૮ [illegible] ઉત્પત્તિ [illegible]

૧૩૯ [illegible]

૧૪૦ [illegible]

૧૪૧ [illegible]

૧૪૨ [illegible]

૧૪૩ [illegible]

૧૪૪ [illegible]

આત્મા પરચારિત્રમાં વર્તે છે એમ વીતરાગ સર્વજ્ઞે કહ્યું છે.

૧૫૮ જે સર્વ સંગમાત્રથી મુક્ત થઈ, અનન્યમયપણે આત્મસ્વભાવમાં સ્થિત છે, નિર્મલ જ્ઞાતા-દૃષ્ટા છે તે 'સ્વચારિત્ર' આચરનાર જીવ છે.

૧૫૯ પરદ્રવ્ય પ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ જ્ઞાનદર્શનમય પરિણામી આત્મા છે તે સ્વચારિત્રાચરણ છે.

૧૬૦ ધર્માસ્તિકાયાદિના સ્વરૂપની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ', બાર અંગ અને પૂર્વનું જાણપણું તે 'જ્ઞાન', તપશ્ચર્યાદિમાં પ્રવૃત્તિ તે 'વ્યવહાર-મોક્ષમાર્ગ' છે.

૧૬૧ તે ત્રણ વડે સમાહિત આત્મા, આત્મા સિવાય જ્યાં અન્ય કિંચિત માત્ર કરતો નથી, માત્ર અનન્ય આત્મામય છે ત્યા 'નિશ્ચય-મોક્ષમાર્ગ' સર્વજ્ઞ વીતરાગે કહ્યો છે.

૧૬૨ જે આત્મા આત્મસ્વભાવમય એવાં જ્ઞાનદર્શનને અનન્યમય આચરે છે, તેને તે નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

૧૬૩ જે આ સર્વ જાણશે અને દેખશે તે અવ્યાબાધ સુખ અનુભવશે. આ ભાવોની પ્રતીતિ ભવ્યને થાય છે, અભવ્યને થતી નથી.

૧૬૪ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ 'મોક્ષમાર્ગ' છે, તેની સેવનાથી 'મોક્ષ' પ્રાપ્ત થાય છે; અને (અમુક હેતુથી) 'બંધ' થાય છે એમ મુનિઓએ કહ્યું છે.

૧૬૫

૧૬૬ અર્હંતસિદ્ધચૈત્યપ્રવચનમુનિગણજ્ઞાનભક્તિસંપન્ન ઘણું પુણ્ય ઉત્પન્ન કરે છે, પણ તે સર્વ કર્મનો ક્ષય કરતો નથી.

૧૬૭ જેના હૃદયને વિષે અણુમાત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે, તે સર્વ આગમનો જાણનાર હોય તોપણ 'સ્વસમય' નથી જાણતો એમ જાણવું.

૧૬૮

૧૬૯ તે માટે સર્વ ઇચ્છાથી નિવર્તી નિઃસંગ અને નિર્મમત્વ થઈને જે સિદ્ધસ્વરૂપની ભક્તિ કરે તે નિર્વાણને પ્રાપ્ત થાય.

૧૭૦ પરમેષ્ઠીપદને વિષે જેને તત્ત્વાર્થપ્રતીતિપૂર્વક ભક્તિ છે, અને નિર્ગ્રંથપ્રવચનમાં રુચિપણે જેની બુદ્ધિ પરિણમી છે, તેમ જ તે સંયમતપસહિત વર્તે છે તો તેને મોક્ષ કંઈ દૂર નથી

૧૭૧ અર્હંતની, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિસહિત જો તપશ્ચર્યા કરે છે તો તે નિયમથી દેવલોકને અંગીકાર કરે છે

૧૭૨ તેથી ઇચ્છામાત્રની નિવૃત્તિ કરો. સર્વત્ર કિંચિત્‌માત્ર પણ રાગ કરો મા; કેમકે વીતરાગ ભવસાગરને તરે છે.

૧૭૩ માર્ગના પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંક્ષેપરૂપ આ શાસ્ત્ર મેં કહ્યું.

ઇતિ પંચાસ્તિકાયસમાપ્તમ્.

---

[૭૦૩] [illegible] ૧૯૫૨

[illegible] સ્તુતિ કરનાર પ્રત્યે પણ, [illegible]

[illegible]

[illegible]

[illegible]

મુનિ દેવકીર્ણજીને '[illegible]' [illegible]

[illegible]

શ્રી દેવકીર્ણજી આદિ સર્વ મુનિઓએ આ પત્ર વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. શ્રી લલ્લુજી આદિ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય. કર્મગ્રંથની વાંચના પૂરી થયે ફરી આવર્તન કરી અનુપ્રેક્ષા કર્તવ્ય છે.

[૭૦૪-૧] ૭૬૮ વવાણિયા, ચૈત્ર સુદ ૪, સોમ, ૧૯૫૩

શુભેચ્છાયુક્ત શ્રી કેશવલાલ પ્રત્યે,—શ્રી ભાવનગર.

કાગળ પ્રાપ્ત થયો છે. આશંકાનું સમાધાન આ પ્રમાણે છેઃ—

એકેંદ્રિય જીવને અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્તપણે છે, તે 'મૈથુનસંજ્ઞા' છે.

એકેંદ્રિય જીવને દેહ અને દેહના નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત મૂર્છારૂપ 'પરિગ્રહ-સંજ્ઞા' છે.

વનસ્પતિ એકેંદ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ આઠે જીવના ઉપયોગરૂપ હોવાથી અરૂપી કહ્યાં છે. જ્ઞાન અને અજ્ઞાન એ બેમાં મુખ્ય ફેર આટલો છે, કે જે જ્ઞાન સમકિત સહિત છે તેને 'જ્ઞાન' કહ્યું છે અને જે જ્ઞાન મિથ્યાત્વસહિત છે તેને 'અજ્ઞાન' કહ્યું છે પણ વસ્તુતાએ બન્ને જ્ઞાન છે.

'જ્ઞાનાવરણીયકર્મ' અને 'અજ્ઞાન' એક નથી; 'જ્ઞાનાવરણીયકર્મ' જ્ઞાનને આવરણરૂપ છે, અને 'અજ્ઞાન' જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ એટલે આવરણ ટળવારૂપ છે.

'અજ્ઞાન' શબ્દનો સાધારણ ભાષામાં 'જ્ઞાનરહિત' અર્થ થાય છે. જેમ જડ જ્ઞાનથી રહિત છે તેમ; પણ નિર્ગ્રંથ પરિભાષામાં તો મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ અજ્ઞાન છે; એટલે તે દૃષ્ટિથી અજ્ઞાનને અરૂપી કહ્યું છે.

એમ આશંકા થાય કે જો અજ્ઞાન અરૂપી હોય તો સિદ્ધમાં પણ હોવું જોઈએ; તેનું સમાધાન આ પ્રમાણે છેઃ-મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' કહ્યું છે, તેમાંથી મિથ્યાત્વ જતાં બાકી જ્ઞાન રહે છે, તે જ્ઞાન સંપૂર્ણ શુદ્ધતાસહિત સિદ્ધ ભગવંતમાં વર્તે છે. સિદ્ધનું, કેવળજ્ઞાનીનું અને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વરહિત છે. મિથ્યાત્વ જીવને ભ્રાંતિરૂપે છે. તે ભ્રાંતિ યથાર્થ સમજાતાં નિવૃત્ત થઈ શકવા યોગ્ય છે. મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે.

શ્રી કુંવરજીની જિજ્ઞાસા વિશેષ હતી, પણ કોઈ એક હેતુવિશેષ વિના પત્ર લખવાનું હાલ બનતું નથી. આ પત્ર તેમને વંચાવવાની વિનંતિ છે.

[૭૦૪-૨] ૭૬૯ વવાણિયા, ચૈત્ર સુદ ૪, ૧૯૫૩

બધે પ્રકારનાં સમકિતમાંથી ગમે તે પ્રકારનું સમકિત આવે તોપણ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય; અને જો તે સમકિત આવ્યા પછી જીવ વમે તો વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તનકાળ સુધી સંસારપરિભ્રમણ થઈને મોક્ષ થાય.

તીર્થંકરના નિર્ગ્રંથ નિર્ગ્રંથિનીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સર્વને જીવઅજીવનું જ્ઞાન હતું તેથી સમકિત કહ્યું છે એમ કંઈ નથી. તેમાંના ઘણા જીવોને માત્ર સાચા અંતરંગ ભાવથી તીર્થંકરની અને તેમના ઉપદેશેલા માર્ગની પ્રતીતિથી પણ સમકિત કહ્યું છે. એ સમકિત પામ્યા પછી જો તે વમ્યું ન હોય તો વધારેમાં વધારે પંદર ભવ થાય. આવા ઘણા

આત્માને [illegible] સંબંધ [illegible] છે. [illegible] થતું નથી. જીવઅજીવનું જ્ઞાન થવાના મુખ્ય માર્ગ [illegible] છે.

[૭૦૪-૩] ૭૭૮ [illegible], ૧૯૫૩

જ્ઞાન જીવનું રૂપ છે માટે તે અરૂપી છે. તે જ્ઞાન વિપરીતપણે [illegible] છે, ત્યાં સુધી તેને અજ્ઞાન કહેવું એવી નિર્ગ્રંથ પરિભાષા કરી છે. [illegible] નામ જ અજ્ઞાન છે એમ નથી.

જ્ઞાનનું બીજું નામ અજ્ઞાન હોય તો [illegible] છે. [illegible] જોઈએ. [illegible] છે, તેનું [illegible] —

[illegible]

તાએ કંઈ નથી અને ચાલવારૂપ ક્રિયાથી ઇચ્છિત ગામ પ્રાપ્ત થતું નથી, તેમ મિથ્યાત્વ પણ વસ્તુતાએ કંઈ નથી, અને તે સાથે જાણવારૂપ સ્વભાવ પણ છે, પણ સાથે મિથ્યાત્વ રૂપ ભ્રમ હોવાથી સ્વસ્વરૂપતામાં પરમસ્થિતિ થતી નથી. દિશાભ્રમ ટળ્યેથી ઇચ્છિત ગામ તરફ વળતાં પછી મિથ્યાત્વ પણ નાશ પામે છે, અને સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં સ્થિતિ થઈ શકે એમા કંઈ સંદેહનું ઠેકાણું નથી.

---

[૭૦૫] ૭૭૧ વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૩

[1]ગયા કાગળમાં અત્રેથી ત્રણ પ્રકારનાં સમકિત જણાવ્યાં હતાં. તે ત્રણે સમકિતમાંથી ગમે તે સમકિત પામ્યાથી જીવ વધારેમા વધારે પંદર ભવે મોક્ષ પામે. જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય; અને જો તે સમકિત વમે, તો વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તનકાળ સુધી સંસારપરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે. સમકિત પામ્યા પછી વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તન સંસાર હોય.

ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય, તો તે જીવ વમી શકે; પણ ક્ષાયિક સમકિત હોય તો તે વમાય નહીં; ક્ષાયિક સમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે, અને કોઈ એક જીવની અપેક્ષાએ કવચિત્ ચાર ભવ થાય. યુગલિયાનું આયુષ બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય, તો ચાર ભવ થવાનો સંભવ છે, ઘણુ કરીને કોઈક જીવને આમ બને છે.

ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કંઈક જીવોને તીર્થંકર સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રુચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી, અને નિશ્ચયથી સમકિત કહ્યુ છે એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે. પુરુષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય, તે પુરુષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે, જે વીતરાગ હોય તે પુરૂષ યથાર્થવક્તા હોય, અને તે જ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગ દશા થાય છે. તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરુષનાં વચનરૂપ શાસ્ત્રોથી કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે; અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.

---

[૬૮૮] ૭૭૨ વવાણિયા, ફાગણ વદ ૧૧, ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

કેટલાક રોગાદિ પર ઔષધાદિ સંપ્રાપ્ત થયે અસર કરે છે, કેમકે તે રોગાદિના

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદૃષ્ટિ રહે તેટલી રાખવી અને આર્ત્તધ્યાનનું યથાદૃષ્ટિએ જોતાં અવશ્ય પરિણામ આવવા યોગ્ય દેખાય અથવા આર્તધ્યાન ઊપજતું દેખાય તો ઔષધાદિ વ્યવહાર ગ્રહણ કરતાં નિરવદ્ય (નિષ્પાપ) ઔષધાદિની વૃત્તિ રાખવી. ક્વચિત્ પોતાને અર્થે અથવા પોતાને આશ્રિત એવા, અનુકંપા યોગ્ય એવા પરજીવને અર્થે સાવદ્ય ઔષધાદિનું ગ્રહણ થાય તો તેનું સાવદ્યપણું નિર્ધ્વંસ (ક્રૂર) પરિણામના હેતુ જેવું અથવા અધર્મ માર્ગને પોષે તેવું હોવું ન જોઈએ, એ લક્ષ રાખવા યોગ્ય છે.

સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં, એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.

---

[૭૦૮]

૭૭૩ વવાણિયા, ચૈત્ર સુદ ૧૫, શનિ, ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

જે વેદનીય પર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી, કેમકે તે ઔષધ કર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભ કર્મ નિષ્ફળ થાય અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ કર્મ વેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. મંદ કે મધ્યમ શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે. મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે. તેમજ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.

મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે. કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્ય પ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય તેથી કાંઈ તેનો બંધ નિકાચિત નહીં હોય એમ સમજવા યોગ્ય નથી, તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને. વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે તે પણ કર્તાના પરિણામવત્ જ છે એમ એકાંતે નથી, અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે; અને વર્તમાન કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે, જે યથાવસરે વિપાક આપે છે.

સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે. પણ વિશેષ દૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું છે એમ ન સમજવું, અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું. હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ કર્તાને થાય છે તેમ જ અસત્યાદિના સંબંધમાં પણ સમજવા યોગ્ય છે. કોઈ એક હિંસા કરતાં કોઈ એક અસત્યાદિનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે, તેમ જ કોઈ એક અસત્યાદિ કરતાં કોઈ એક હિંસાનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે.

[illegible]

[illegible]

[૮૭૮-૨૪] ૭૭૮

(૧) [illegible] (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible] (૫) [illegible]

[illegible]

[illegible]

ટાળી તેથી તે શુભરૂપ થયું, તો તે સમજવા ફેર છે, અશાતા જ એવી જાતની હતી કે તે રીતે મટી શકે અને તેટલી આર્ત્તધ્યાનઆદિની પ્રવૃત્તિ કરાવીને બીજો બંધ કરાવે.

'પુદ્‌ગલવિપાકી' એટલે જે કોઈ બહારના પુદ્‌ગલના સમાગમથી પુદ્‌ગલવિપાકપણે ઉદય આવે અને કોઈ બાહ્ય પુદ્‌ગલના સમાગમથી નિવૃત્ત પણ થાય; જેમ ઋતુના ફેરફારના કારણથી શરદીની ઉત્પત્તિ થાય છે અને ઋતુફેરથી તે નાશ થાય છે; અથવા કોઈ ગરમ ઓસડ વગેરેથી નિવૃત્ત થાય છે.

નિશ્ચયમુખ્યદૃષ્ટિએ તો ઓસડ વગેરે કહેવામાત્ર છે. બાકી તો જે થવાનું હોય તે જ થાય છે.

[૭૦૩-૭૦૯] ૭૭૫ વવાણિયા, ચૈત્ર વદ ૫, ૧૯૫૩

બે કાગળ પ્રાપ્ત થયા છે.

જ્ઞાનીની આજ્ઞારૂપ જે જે ક્રિયા છે તે તે ક્રિયામાં તથારૂપપણે પ્રવર્તાય તો તે અપ્રમત્ત ઉપયોગ થવાનું મુખ્ય સાધન છે, એવા ભાવાર્થમાં [1]આગલો કાગળ અત્રથી લખ્યો છે. તે જેમ જેમ વિશેષ વિચારવાનું થશે તેમ તેમ અપૂર્વ અર્થનો ઉપદેશ થશે. હમેશ અમુક શાસ્ત્રાધ્યાય કર્યા પછી તે કાગળ વિચારવાથી વધારે સ્પષ્ટ બોધ થવા યોગ્ય છે.

છકાયનું સ્વરૂપ પણ સત્પુરુષની દૃષ્ટિએ પ્રતીત કરતાં તથા વિચારતાં જ્ઞાન જ છે. આ જીવ કઈ દિશાથી આવ્યો છે, એ વાક્યથી શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન પ્રારંભ્યું છે. સદ્‌ગુરુમુખે તે પ્રારભવાક્યના આશયને સમજવાથી સમસ્ત દ્વાદશાંગીનું રહસ્ય સમજાવા યોગ્ય છે. હાલ તો 'આચારાંગાદિ' જે વાંચો તેનું વધારે અનુપ્રેક્ષન કરશો. કેટલાક ઉપદેશપત્રો પરથી તે સહજમાં સમજાઈ શકશે. સર્વ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય. સર્વ મુમુક્ષુને પ્રણામ પ્રાપ્ત થાય.

---

[૭૧૦] ૭૭૬ સાયલા, વૈશાખ, સુદ ૧૫, ૧૯૫૩

ૐ

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ એ કર્મબંધનાં પાંચ કારણ છે. કોઈ ઠેકાણે પ્રમાદ સિવાય ચાર કારણ દર્શાવ્યાં હોય છે. ત્યાં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયમાં પ્રમાદને અંતર્ભૂત કર્યો હોય છે

પ્રદેશબંધ શબ્દનો અર્થ શાસ્ત્રપરિભાષાએ:–પરમાણુ સામાન્યપણે એક પ્રદેશાવગાહી છે. તેવું એક પરમાણુનું ગ્રહણ તે એક પ્રદેશ કહેવાય. જીવ અનંત પરમાણુ કર્મબંધે ગ્રહણ કરે છે તે પરમાણુ જો વિસ્તર્યા હોય તો અનંતપ્રદેશી થઈ શકે, તેથી અનંત પ્રદેશનો બંધ કહેવાય. તેમાં બંધ અનંતાદિથી ભેદ પડે છે; અર્થાત્ અલ્પ પ્રદેશબંધ કહ્યો હોય ત્યાં પરમાણુ અનંત સમજવા. પણ તે અનંતનું સઘનપણું અલ્પ સમજવું, તેથી વિશેષ વિશેષ ઘટતું હોય તો અનંતાનું સઘનપણું સમજવું.

કંઈ પણ નહીં સૂઝતાં આદ્યંત કર્મગ્રંથ વાંચવો, વિચારવો.

---

[૭૧૧] ૭૭૭ [illegible]

[illegible]

[illegible]

---

[૭૧૨] ૭૭૮ [illegible]

[illegible]

[illegible]

---

[૭૧૩] ૭૭૯ [illegible]

[illegible]

તીસૈ કર્મરહિત સહિત સુખ સમાધાન,
પાયૌ નિજથાન ફિર બાહરિ ન બહૈગૌ;
કબહૂં કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,
રાગ રસ રાચિકૈ ન પરવસ્તુ ગહૈગૌ;
અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયૌ,
યાહ ભાંતિ આગમ અનંતકાલ રહૈગૌ.

સ્થિતિદશા.

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ;
એક કરતૂતિ દોઈ દર્વ કબહૂં ન કરૈ,
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;
જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,
અપનેં અપને રૂપ દોઉ કોઉ ન ટરતુ હૈ;
જડ પરિનામનિકૌ કરતા હૈ પુદ્ગલ,
ચિદાનન્દ ચેતન સુભાવ આચરતુ હૈ.

શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે, તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈપણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

તિથિ આદિના વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે.

શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

---

[૭૧૪] ૭૮૦ મુંબઈ, જેઠ સુદ ૮, ભોમ, ૧૯૫૩

જેને કોઈ પણ પ્રત્યે રાગ, દ્વેષ રહ્યા નથી,
તે મહાત્માને વારંવાર
નમસ્કાર.

ઉપકારશીલ, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ,
ભાઈ અંબાલાલનો લખેલો કાગળ એક આજે મળ્યો છે.

બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુ જીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષ માર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભપરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનુ પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

---

[૭૧૮] ૭૮૪ મુંબઈ, અસાડ સુદ ૪, રવિ, ૧૯૫૩

સાચા જ્ઞાન વિના અને સાચા ચારિત્ર વિના જીવનું કલ્યાણ ન થાય એ નિ:સંદેહ છે.

સત્પુરુષના વચનનુ શ્રવણ, તેની પ્રતીતિ, અને તેની આજ્ઞાએ પ્રવર્તતાં જીવ સાચા ચારિત્રને પામે છે, એવો નિ:સંદેહ અનુભવ થાય છે.

અત્રેથી 'યોગવાસિષ્ઠ'નું પુસ્તક મોકલ્યુ છે, તે પાંચદશ વાર ફરી ફરીને વાચવું તથા વારંવાર વિચારવું યોગ્ય છે.

---

[૭૧૯] ૭૮૫ મુંબઈ, અસાડ વદ ૧, ગુરુ, ૧૯૫૩

શ્રી [illegible]ભાઈએ 'અગુરુલઘુ' વિષે પ્રશ્ન લખાવ્યુ તે પ્રત્યક્ષ સમાગમે સમજવું વિશેષ સુગમ છે

[illegible] માંડીને શૈલેશીકરણ પર્યંતની સર્વ ક્રિયા જે જ્ઞાનીને સમ્મત છે, તે જ્ઞાનીનાં વચન ત્યાગવૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્તે નહીં; ત્યાગવૈરાગ્યના સાધનરૂપે પ્રથમ [illegible] આવે છે, તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહીં.

[illegible] ક્રિયા [illegible] પ્રવૃત્તિ [illegible] [illegible] [illegible] પ્રવર્તવું યોગ્ય છે.

[૭૨૦] ૭૭૬ મુંબઈ, [illegible]

'[illegible] [illegible] [illegible]'

[illegible] યોગ્ય છે.

[illegible] છે.

૭૭૭ [illegible]

ૐ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[૭૨૧] ૭૭૮ મુંબઈ, [illegible]

[illegible] મુનિઓને નમસ્કાર

[illegible]

[illegible]

૭૭૯ [illegible]

ૐ [illegible]

[illegible]

૭૯૭ મુંબઈ, શ્રાવણ વદ ૮, શુક્ર, ૧૯૫૩

ૐ

કાગળ મળ્યો છે.

શ્રી ડુંગરની દશા લખી તે જાણી છે. શ્રી સોભાગના વિયોગથી તેમને સૌથી વધારે ખેદ થવો યોગ્ય છે. એક બળવાન સત્સમાગમનો યોગ જવાથી આત્માર્થીના અંતઃકરણમાં બળવાન ખેદ થવા યોગ્ય છે.

તમે, લહેરાભાઈ, મગન વગેરે સર્વ મુમુક્ષુઓ નિરંતર સત્શાસ્ત્રનો પરિચય રાખવાનું ચૂકશો નહીં. કોઈ કોઈ પ્રશ્ન અત્ર લખો છો તેના ઉત્તર ઘણું કરીને હાલ લખવાનું થતું નથી, તેથી કંઈ પણ વિકલ્પમાં ન પડતાં અનુક્રમે તે ઉત્તર મળી જશે એમ વિચારવું યોગ્ય છે.

થોડા દિવસ પછી ઘણું કરીને શ્રી ડુંગર પ્રત્યે એક પુસ્તક તેમને નિવૃત્તિનું પ્રધાનપણું રહે તેવું વાંચવા અર્થે મોકલવાનું થશે. રાધનપુર મણિલાલ પર અત્રેથી એક પત્તું લખ્યુ હતું.

---

[૭૨૭] ૭૯૮ મુંબઈ, શ્રાવણ વદ ૧૦, રવિ, ૧૯૫૩

"મોક્ષમાર્ગપ્રકાશ" શ્રવણ કરવાની જે જિજ્ઞાસુઓને જિજ્ઞાસા છે, તેમને શ્રવણ કરાવશો. વધારે સ્પષ્ટીકરણથી અને ધીરજથી શ્રવણ કર[illegible] કોઈ એક સ્થાનકે વિશેષ સંશય થાય તો તેનુ સમાધાન કરવું યોગ્ય છે. કોઈ [illegible] સાધ[illegible]શક્ય જેવું દેખાય તો કોઈ એક મહાત્માને યોગે સમજવાનું જ [illegible] ; તેમ જ કોઈ એક મહાત્મા સિવાય અન્ય સ્થાનકે તે સંશ[illegible] થશે, અને નિઃસંશયપણાથી [illegible] શ્રવણનો લાભ [illegible] શ્રોતાને હોય તો વધારે હિ[illegible]

---

[૭૨૮] ૭૯૯

ૐ

સર્વ-ઉત્કૃષ્ટ ભૂ[illegible] પર્યંત
પણ સ્વદશામાં સ્થિર
સર્વોત્કૃષ્ટ ભૂમિકા
મંદ પડે છે, ને તે વખતે
સામાન્ય મુમુક્ષુ જીવો કે
તેને વારંવાર વિશેષ વિશેષ
એમ કે તેવાનુ જે મુમુક્ષુ
[illegible] નિવાસ કરે છે. [illegible]
[illegible]

[૭૨૯] ૮૮૮ [illegible]

ૐ

પત્ર મળ્યું છે. [illegible]

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી [illegible] નમસ્કાર.

સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદાચાર [illegible] અવલંબન છે. સત્સમાગમનો યોગ દુર્લભ છે. [illegible] અવલંબને કરી સદાચારની જાગૃતિ [illegible]

---

[૭૩૦] ૮૮૯ [illegible]

પરમ કૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી,—

[illegible]

[illegible]

---

[૭૩૧] ૮૯૦ [illegible]

[illegible]

---

૮૯૧ [illegible]

[illegible]

[illegible]

---

૮૯૨ [illegible]

[illegible]

---

[૭૩૬]

૮૧૨ મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

ૐ

કોઈ એક પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી.

વિશેષ ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુઓને પણ સત્પુરુષોનો યોગ અથવા સત્સમાગમ આધારભૂત છે, એમાં સંશય નથી. નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ બનવાથી જીવ ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાને પામે છે. નિવૃત્તિમાન ભાવ પરિણામ થવાને નિવૃત્તિમાન દ્રવ્યક્ષેત્ર અને કાળ જીવે પ્રાપ્ત કરવા યોગ્ય છે. શુદ્ધ સાન વગરના આ જીવને કોઈ પણ યોગથી શુભેચ્છા, કલ્યાણ કરવાની ઇચ્છા પ્રાપ્ત થાય અને નિઃસ્પૃહ પરમ પુરુષનો યોગ બને તો જ આ જીવને ભાન આવવું યોગ્ય છે. તે વિયોગમાં સત્શાસ્ત્ર અને સદાચારનો પરિચય કર્તવ્ય છે; અવશ્ય કર્તવ્ય છે. શ્રી ડુંગર આદિ મુમુક્ષુને યo

---

[૭૩૭]

૮૧૩ મુંબઈ, આસો વદ ૭, ૧૯૫૩

ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર આકુળ વ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદૃષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળ વ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય' વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

---

[૭૩૮]

૮૧૪ મુંબઈ, આસો વદ ૧૪, રવિ ૧૯૫૩

ૐ

શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે. 'યોગબિન્દુ' નામે યોગનો બીજો ગ્રંથ પણ તેમણે રચ્યો છે. હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' નામે ગ્રંથ રચ્યો છે શ્રી હરિભદ્રકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની પદ્ધતિએ ગુર્જર ભાષામાં શ્રી યશોવિજયજીએ સ્વાધ્યાયની રચના કરી છે શુભેચ્છાથી માંડીને નિર્વાણ પર્યંતની ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે. યમથી માંડીને સમાધિ પર્યંત અષ્ટાંગયોગ બે પ્રકારે છે; એક પ્રાણાદિ નિરોધરૂપ, બીજો આત્મસ્વભાવપરિણતિરૂપ 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં આત્મસ્વભાવપરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે વારંવાર તે વિચારવા યોગ્ય છે.

શ્રી ડુંગર આદિ મુમુક્ષુઓને યથા૦ પ્રાપ્ત થાય

વર્ષ ૩૧ મું

[૭૪૦] ૮૧૫ [illegible]

[illegible]

---

[૭૪૧] ૮૧૬ [illegible]

[illegible]

---

[૭૪૨] ૮૧૭ [illegible]

[illegible]

નિવૃત્તિ બનવા યોગ્ય નથી. તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી. પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. તોપણ ક્વચિત્ ક્વચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે. સત્સમાગમ અને સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે. ૐ

[૭૪૩] ૮૧૮ મુંબઈ, માગશર સુદ ૫, રવિ, ૧૯૫૪

ૐ

ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક, પારિણામિક, ઔદયિક અને સાન્નિપાતિક એ છ ભાવનો લક્ષ કરી આત્માને તે ભાવે અનુપ્રેક્ષી જોતાં સદ્વિચારમાં વિશેષ સ્થિતિ થશે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે આત્મભાવરૂપ છે, તે સમજાવા માટે ઉપર કહ્યા તે ભાવો વિશેષ અવલંબનભૂત છે.

[૭૪૪] ૮૧૯ મુંબઈ, માર્ગશીર્ષ સુદ ૫, રવિ, ૧૯૫૪

ૐ

ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.

[૭૪૫] ૮૨૦ મુંબઈ, માગશર સુદ ૫, રવિ, ૧૯૫૪

ત્રંબકલાલનો લખેલો કાગળ ૧ તથા મગનલાલનો લખેલો કાગળ ૧ તથા મણિલાલનો લખેલો કાગળ ૧ એમ ત્રણે કાગળ મળ્યા છે. મણિલાલનો લખેલો કાગળ ચિત્તપૂર્વક વાંચવાનું હજુ સુધી બન્યું નથી

શ્રી ડુંગરની જિજ્ઞાસા 'આત્મસિદ્ધિ' વાંચવા પ્રત્યે છે. માટે તે પુસ્તક તેમને વાંચવાનું બને તેમ કરશો. "મોક્ષમાર્ગપ્રકાશ" નામે ગ્રંથ શ્રી રેવાશંકર પાસે છે તે શ્રી ડુંગરને વાંચવા યોગ્ય છે. તે ગ્રંથ તેમને થોડા દિવસમાં ઘણું કરીને મોકલશે.

'કયા ગુણો અંગમાં આવવાથી માર્ગાનુસારીપણું તથારૂપે કહેવાય?' 'કયા ગુણો અંગમાં આવવાથી સમ્યગ્દૃષ્ટિપણું તથારૂપે કહેવાય?' 'કયા ગુણો અંગમાં આવવાથી શ્રુતકેવળજ્ઞાન થાય?' 'અને કઈ દશા થવાથી કેવળજ્ઞાન તથારૂપપણે થાય, અથવા કહી શકાય?' એ પ્રશ્નના ઉત્તર લખાવવા માટે શ્રી ડુંગરને કહેશો.

આઠ દિવસ પર્યંત ઉત્તર લખવામાં અડચણ નથી, પણ સાંગોપાંગ, યથાર્થ અને વિસ્તારથી લખાવશો. સદ્વિચારવાનને આ પ્રશ્ન હિતકારી છે. સર્વ મુમુક્ષુભાઈઓને પ્ર૦

[illegible] ૮૨૧ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

[૭૪૮] ૮૨૪ મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

ૐ

મુનિઓને વિજ્ઞપ્તિ કે—

શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવા યોગ્ય છે. સર્વકાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે તેમાં આવા કાળમાં દુર્લભપણું વર્તે તે યથાસંભવ છે.

દુષમકાળ અને 'હુંડાવસર્પિણી' નામનો આશ્ચર્યભાવ અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે; આત્મશ્રેય ઇચ્છક પુરુષે તેથી ક્ષોભ ન પામતા વારંવાર તે યોગ પર પગ દઈ સત્શ્રુત, સત્સમાગમ અને સદ્વૃત્તિ બળવાન કરવા યોગ્ય છે.

---

[૭૪૯] ૮૨૫ મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દૃષ્ટિવાન હોય તો સશ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પકાળમા પ્રાપ્ત કરી શકે છે; કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

[૭૫૦-૧] ૮૨૬ મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

ૐ

જો બની શકે તો બનારસીદાસના જે ગ્રંથો તમારી પાસે હોય (સમયસાર-ભાષા સિવાય), દિગમ્બર 'નયચક્ર', 'પંચાસ્તિકાય' (બીજી પ્રત હોય તો), 'પ્રવચનસાર' (શ્રી કુંદકુંદાચાર્ય કૃત હોય તો) અને 'પરમાત્મપ્રકાશ' અત્રે મોકલવાનું કરશો.

સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્ત્તવ્ય છે. મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘ કાળ પરિચિત છે; પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.

---

[૭૫૧] ૮૨૭ વવાણિયા, માહ વદ ૪, ગુરુ, ૧૯૫૪

આ જીવને ઉતાપના મૂળ હેતુ શું છે તથા તેની કેમ નિવૃત્તિ થતી નથી, અને તે કેમ થાય? એ પ્રશ્ન વિશેષ કરી વિચારવા યોગ્ય છે, અંતરમાં ઉતારીને વિચારવા યોગ્ય છે. જ્યાં સુધી એ ક્ષેત્રે સ્થિતિ રહે ત્યાં સુધી ચિત્તને વધારે દૃઢ રાખી વર્તવું. એ જ વિનંતી.

[૮૨૮-૨] ૮૨૮ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[૭૬૨] **૮૩૫** મુંબઈ, જ્યેષ્ઠ વદ ૪, બુધ, ૧૯૫૪


ૐ નમઃ

મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. વળી તેમાં આ દુષમકાળ હોવાથી જીવને તેનો વિશેષ અંતરાય છે. જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે. સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે.

[૭૫૩-૨] **૮૩૬**

ઉત્પાદ
વ્યય } આ ભાવ એક વસ્તુમાં એક સમયે છે.
ધ્રુવ

જીવ અને
પરમાણુઓનો



સંયોગ

કોઈ એક જીવ	એકેંદ્રિયપણે-પર્યાય	વર્તમાન ભાવ.
,,	બે ઇન્દ્રિયપણે-,,	
,,	ત્રણ ઇન્દ્રિયપણે-,,	
,,	ચાર ઇન્દ્રિયપણે-,,	
,,	પાંચ ઇન્દ્રિયપણે-,,	
	સંજ્ઞી અસંજ્ઞી પર્યાપ્ત અપર્યાપ્ત	વર્તમાન ભાવ.
	જ્ઞાની અજ્ઞાની	વર્તમાન ભાવ.
(સિદ્ધ ભાવ)	મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ	વર્તમાન ભાવ.
	એક અંશ ક્રોધ યાવત્ અનંત અંશ ક્રોધ	વર્તમાન ભાવ.

[૭૪૩-૩] ૯૩૭ [illegible]

[illegible]

વર્તે છે, તે તેમની જ્ઞાનદશા અર્થાત્ 'જ્ઞાનાતિશય' સૂચવ્યો. તેઓને વિષે સમદર્શિતા અર્થાત્ ઇચ્છારહિતપણું સંપૂર્ણપણે વર્તે છે, તે તેમની વીતરાગ ચારિત્રદશા અર્થાત્ 'અપાયાપગમાતિશય' સૂચવ્યો. સંપૂર્ણપણે ઇચ્છારહિત હોવાથી વિચરવા આદિની તેઓની દૈહિકાદિ યોગક્રિયા પૂર્વઆરબ્ધોદય વેદી લેવા પૂરતી જ છે, માટે 'વિચરે ઉદયપ્રયોગ' કહ્યું. સંપૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એકાંત આત્માર્થ બોધક હોઈ તેમને વિષે વાણીનું અપૂર્વપણુ કહ્યું તે તેમનો 'વચનાતિશય' સૂચવ્યો. વાણીધર્મે વર્તતું શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ નય ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે, તે તેમનો 'પરમશ્રુત' ગુણ સૂચવ્યો અને પરમશ્રુત જેને વિષે વર્તે તે પૂજવા યોગ્ય હોઈ તેમનો તેથી 'પૂજાતિશય' સૂચવ્યો.

આ શ્રી જિન અરિહંત તીર્થંકર પરમ સદ્‌ગુરુને પણ ઓળખાવનારા વિદ્યમાન સર્વવિરતિ સદ્‌ગુરુ છે એટલે એ સદ્‌ગુરુના લક્ષે એ લક્ષણો મુખ્યતાએ દર્શાવ્યાં છે.

(૨) સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટઅનિષ્ટબુદ્ધિરહિતપણું, ઇચ્છારહિતપણું, મમત્વરહિતપણું. સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનુ ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઇષ્ટઅનિષ્ટપણું ન કરે.

આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે; પણ જે આત્માને સમદર્શીપણું પ્રગટ થયુ છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતાં છતાં તેમાં મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે. વિષમદૃષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય, સમદૃષ્ટિ આત્માને ન થાય.

કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ ઊંચો હોય, કોઈ નીચો હોય તો તેને તેવો તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે ઇત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. હેય (છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે. ઉપાદેય (આદરવા યોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે. પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે. સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી અપ્રિયતા, દુગંછા ન આણે. (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઇચ્છાબુદ્ધિ (રાગ, રતિ) ન કરે. (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ, અરતિ) ન કરે. પ્રાપ્ત સ્થિતિ-સંજોગમાં સારું-માઠું, અનુકૂળ-પ્રતિકૂળ, ઇષ્ટાનિષ્ટપણું, આકુળવ્યાકુળપણું ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે, રાગદ્વેષરહિતપણે રહેવું એ સમદર્શિતા.

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

[૭૬૪]

૮૩૯ મુંબઈ, અસાડ, સુદ ૧૧ ગુરુ ૧૯૫૪

અપાર મહામોહજળને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરુષ તર્યા તે શ્રી પુરુષ ભગવાનને નમસ્કાર.

અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.

'આત્મસિદ્ધિ'ની પ્રત તથા કાગળ પ્રાપ્ત થયાં.

નિવૃત્તિયોગમાં સત્સમાગમની વૃત્તિ રાખવી યોગ્ય છે.

'આત્મસિદ્ધિ'ની પ્રત વિષે આ કાગળમાં તમે વિગત લખી તે સંબંધી હાલ વિકલ્પ કર્તવ્ય નથી. તે વિષે નિર્વિક્ષેપ રહેવું.

લખવામાં વધારે ઉપયોગ હાલ પ્રવર્તવો શકય નથી. ૐ

---

[૭૬૫]

૮૪૦ મોહમયીક્ષેત્ર શ્રા૦ સુદ ૧૫, સોમ ૧૯૫૪

'મોક્ષમાર્ગપ્રકાશ' ગ્રંથ વિચાર્યા પછી 'કર્મગ્રંથ' વિચારવાથી સાનુકૂળ થશે.

દ્રવ્ય મન આઠ પાખડીનું દિગંબર સંપ્રદાયમાં કહ્યું છે. શ્વેતાંબર સંપ્રદાયમાં તે વાત વિશેષ ચર્ચિત નથી. 'યોગશાસ્ત્ર'માં તેના ઘણા પ્રસંગો છે. સમાગમે તેનું સ્વરૂપ સુગમ્ય થવા યોગ્ય છે.

---

૮૪૧ મોહમયીક્ષેત્ર, શ્રાવણ વદ ૪, શુક્ર, ૧૯૫૪

ૐ

સમાધિ વિષે યથા પ્રારબ્ધ વિશેષ અવસરે

---

[૭૬૬]

૮૪૨ કાવિઠા, શ્રાવણ વદ ૧૨, શનિ, ૧૯૫૪

ૐ નમઃ

શુભેચ્છાસંપન્ન,

શ્રી વવાણિયા

ઘણું કરીને મંગળવારને દિવસે તમારો લખેલો કાગળ એક મુંબઈ મળ્યો હતો. બુધવારની રાત્રિએ મુંબઈથી નિવૃત્ત થઈ ગુરુવારે સવારે આણંદ આવવાનું બન્યું હતું. અને તે જ દિવસે રાત્રિના આશરે અગિયાર વાગ્યે અત્રે આવવું થયું.

અહીં દશથી પંદર દિવસ પર્યંત સ્થિતિ થવાનો સંભવ છે.

તમારી વૃત્તિ હાલ સમાગમમાં આવવા વિષે જણાવી, તે વિષે તમને અંતરાય જેવું થયું. કેમકે આ પત્ર પહોંચશે તે પહેલાં પર્યુષણનો પ્રારંભ લોકોમાં થયો ગણાશે. જેથી તમે આ તરફ આવવાનું કરો તો ગુણ-અવગુણનો વિચાર કર્યા વગર મતાગ્રહી માણસો નિંદે, અને તેનું નિમિત્ત ગ્રહણ કરી ઘણા જીવોને તે નિંદાદ્વારાએ પરમાર્થપ્રાપ્તિ થવાનો અંતરાય ઉત્પન્ન કરે; જેથી તેમ ન થાય તે અર્થે તમારે હાલ તો પર્યુષણમાં બહાર ન નીકળવું. સંબંધી લોકપદ્ધતિ સાચવવી યોગ્ય છે.

'વૈરાગ્યશતક', 'આનંદઘનચોવીશી', 'ભાવનાબોધ' [illegible]

[illegible]

[illegible]

[illegible]

---

[૭૬૭] ૮૫૩ [illegible]

શ્રીમદ્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ
કરેલો એવો અચિંત્ય ચિંતામણિ-
સ્વરૂપ, પરમ હિતકારી, પરમ
અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય
આત્યંતિક ક્ષય કરનાર,
પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ
શાશ્વત ધર્મ જયવંત વર્તો,
ત્રિકાળ જયવંત વર્તો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વર્ષ ૩૨ મું

[૮૩૨-૧] ૮૫૧ મોહમયીક્ષેત્ર, કા૦ સુદ ૧૪ ગુરુ, ૧૯૫૫

હાલ હું અમુક માસપર્યંત અત્રે રહેવાનો વિચાર રાખું છું. મારાથી બનતું ધ્યાન આપીશ. આપના મનમાં નિશ્ચિત રહેશો.

માત્ર અન્નવસ્ત્ર હોય તો પણ ઘણું છે. પણ વ્યવહારપ્રતિબદ્ધ માણસને કેટલાક સંયોગોને લીધે થોડું઼ઘણું જોઈએ છે, માટે આ પ્રયત્ન કરવું પડ્યું છે. તો ધર્મકીર્તિપૂર્વક તે સંયોગ જ્યાં સુધી ઉદયમાન હોય ત્યાં સુધી બની આવે એટલે ઘણું છે.

માનસિક વૃત્તિ કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. તપ્ત હૃદયથી અને શાંત આત્માથી સહન કરવામા જ હર્ષ માનું છું.

[૭૮૦-૩] ૮૫૨ મુંબઈ, મગશર સુદ ૩, શુક્ર, ૧૯૫૫

ૐ નમઃ

ઘણું કરીને આવતી કાલે રાત્રિના મેલમાં અહીંથી ઉપરામતા (નિવૃત્તિ) થશે. થોડા દિવસ પર્યંત ઘણું કરીને ઇડર ક્ષેત્રે સ્થિતિ થશે.

મુનિઓને યથાવિધિ નમસ્કાર કહેશો.

વીતરાગોના માર્ગની ઉપાસના કર્તવ્ય છે.

ૐ

---

[૭૮૭] ૮૫૩ ઈડર, માર્ગશીર્ષ સુદ ૧૪, સોમ, ૧૯૫૫

ૐ નમઃ

'પંચાસ્તિકાય' અત્રે મોકલવાનું બને તો મોકલશો. મોકલવામાં વિલંબ થાય એમ હોય તો નહીં મોકલશો.

'સમયસાર' મૂળ પ્રાકૃત (માગધી) ભાષામાં છે. તેમજ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' એ ગ્રંથ પણ પ્રાકૃત ભાષામાં છે, તે જો પ્રાપ્ત થઈ શકે એમ હોય તો 'પંચાસ્તિકાય' સાથે મોકલશો. થોડા દિવસ અત્રે સ્થિતિનો સંભવ છે.

જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષન (ચિંતવન) વિશેષ કર્ત્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે, એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ને પણ ઇચ્છતા નથી.

રાજચંદ્ર.

[illegible]

[૭૮૭-૧] ૮૫૪ [illegible]

ૐ નમઃ

[illegible]

[૭૮૭-૨] ૮૫૫ [illegible]

[illegible]

[૭૮૮] ૮૫૬ [illegible]

ૐ નમઃ

[illegible]

[૭૮૯] ૮૫૭ [illegible]

ૐ નમઃ

[illegible]

[૮૩૨-૨] ૮૫૮ ઈડર, પોષ, ૧૯૫૫

मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु,
थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ॥४९॥
पणतीस सोल छप्पण चदु दुगमेगं च जवह झाएह,
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण ॥५०॥

જો તમે સ્થિરતા ઇચ્છતા હો તો પ્રિય અથવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો. અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક એમ પરમેષ્ઠિપદના વાચક છે તેનું જપપૂર્વક ધ્યાન કરો. વિશેષ સ્વરૂપ શ્રી ગુરુના ઉપદેશથી જાણવું યોગ્ય છે.

जं किंचि वि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू,
लद्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्चयं झाणं ॥५६॥

द्रव्यसंग्रह.

ધ્યાનમાં એકાગ્રવૃત્તિ રાખીને સાધુ નિસ્પૃહ વૃત્તિવાન અર્થાત્ સર્વ પ્રકારની ઇચ્છાએ રહિત થાય તેને પરમ પુરુષો નિશ્ચય ધ્યાન કહે છે.

---

[૭૯૧] ૮૫૯ ઈડર, પોષ સુદ ૧૫, ગુરુ, ૧૯૫

ૐ

તમે લખેલો ૨ કાગળ તથા સુનદાસે લખેલા ૩ કાગળ મળ્યા છે.

વસોમાં ગ્રહણ કરેલા નિયમાનુસાર લીલોતરીમાં વિરતિપણે સુનદાસે વર્તવું શ્લોકના સ્મરણનો નિયમ શારીરિક ઉપદ્રવ વિશેષ વિના હમેશ નિર્વાહવો. ઘઉં અને શારીરિક હેતુથી ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

કિંચિત્ દોષ સંભાવ્યમાન થયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત શ્રી દેવકીર્ણ મુનિ આદિ સમીપે લેવું યોગ્ય છે.

તમારે અથવા કોઈ બીજા મુમુક્ષુઓએ નિયમાદિનું ગ્રહણ તે મુનિઓ સમીપે કર્તવ્ય પ્રબળ કારણ વિના તે સંબંધી અમને પત્રાદિ દ્વારા ન જણાવતાં મુનિઓ પ્રત્યેથી તે સંબંધી સમાધાન જાણવું યોગ્ય છે.

ૐ

---

[૭૯૪] ૮૬૦ મોરબી, ફાલ્ગુન સુદ ૧, રવિ, ૧૯

ૐ નમઃ

પત્ર પ્રાપ્ત થયું.

'નાકે રૂપ નિહાળતા' એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે. રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકનદૃષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકનદૃષ્ટિ પરિણમે છે

સત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણજિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે. તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે.

[[illegible]] ૮૬૨ [illegible]

ॐ नमः

[illegible]

[[illegible]] ૮૬૩ [illegible]

[illegible]

[[illegible]] ૮૬૪ [illegible]

[illegible]

[[illegible]] [illegible]

[illegible]

[illegible]

[illegible]

દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો એવો ધીર પુરુષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધચૈતન્યસ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે.

મુનિ મહાત્મા શ્રી દેવકીર્ણસ્વામી અંજાર તરફ છે. જો ખેરાળુથી મુનિ શ્રી આજ્ઞા કરશે તો તેઓ ઘણું કરી ગુજરાત તરફ આવવાનું કરશે. વેણાસર કે ટીકરને રસ્તેથી ધાંગધ્રા આવવું હોય તો રણ ઊતરવાની હરકત પડવાનો સંભવ ઓછો છે. મુનિશ્રીને અંજાર લખશો.

કોઈ સ્થળે વિશેષ સ્થિરતાનો યોગ બન્યે અમુક સત્શ્રુત પ્રાપ્ત થવા યોગ્ય છે.

---

[૭૯૮] ૮૯૬ વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૫

ૐ

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુકલ ધ્યાનનું અનન્ય કારણ છે. શુકલ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.

જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનુ કારણ સમ્યક્‌દર્શનનું નિર્મળત્વ છે, તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે.

સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમ વીતરાગદૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઇ મહત પુરુષના મનનને અર્થે [1]પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યુ છે.

હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઇ દિવસ શિથિલ કરીશ નહી. વધારે શું ! સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

---

[૭૯૯] ૮૯૭ વવાણિયા, ચૈત્ર વદ ૨, ગુરુ, ૧૯૫૫

હે આર્ય ! જેમ રણ ઊતરી પારને સંપ્રાપ્ત થયા, તેમ ભવસ્વયંભૂરમણ તરી પારને સંપ્રાપ્ત થાઓ !

મહાત્મા મુનિશ્રીની સ્થિતિ હાલ પ્રાંતીજ ક્ષેત્રે છે. કંઈ વિજ્ઞપ્તિ પત્ર લખવું હોય તો પરી૦ ઘેલાભાઇ કેશવલાલ પ્રાંતિજ એ સરનામે લખવા વિનંતી છે.

આપની સ્થિતિ ધાંગધ્રા તરફ થવાના સમાચાર અત્રેથી તેઓશ્રીને આજે લખવાનું બન્યું છે.

વધારે નિવૃત્તિવાળા ક્ષેત્રે ચાતુર્માસનો યોગ બનવાથી આત્મ ઉપકાર વિશેષ સંભવે છે. મુનિ શ્રીમદ્‌ને પણ તેમ જણાવ્યું છે.

ધ્યાન, શ્રુતને ઉપકારક એવી યોગવાઈવાળા ગમે તે ક્ષેત્રે ચાતુર્માસની સ્થિતિ થવાથી આજ્ઞાનો અતિક્રમ નથી, એમ મુનિશ્રી દેવકીર્ણાદિને સવિનય જણાવશો.

અત્રે તરફ એક અઠવાડિયા પર્યંત સ્થિતિનો સંભવ છે. શ્રી વવાણિયે આજે ઘણું કરીને જવું થશે. ત્યાં એક અઠવાડિયા સુધી સ્થિતિ સંભવે છે.

જે સત્શ્રુતની જિજ્ઞાસા છે, તે સત્શ્રુત થોડા દિવસમાં પ્રાપ્ત થવાનો સંભવ છે એમ મુનિશ્રીને નિવેદન કરશો.

વીતરાગ સન્માર્ગની ઉપાસનામાં વીર્ય ઉત્સાહમાન કરશો.

---

[૮૧૧] ૮૭૨ વવાણિયા, વૈશાખ સુદ ૭, ૧૯૫૫

ૐ

ગૃહવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઈ પણ શુભ ધ્યાનની પ્રાપ્તિ ઇચ્છતા હોય તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમમાં 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, અને તે નિયમને સિદ્ધ જ કરવામાં આવે તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે, જે પર ધ્યાન આપવું યોગ્ય છે.

---

[૮૧૨] ૮૭૩ ઈડર, વૈશાખ વદ ૬, મંગળવાર, ૧૯૫૫

ૐ

શનિવાર પર્યંત અહીં સ્થિરતા સંભવે છે. રવિવારે તે ક્ષેત્રે આગમન થવાનો સંભવ છે.

આથી કરીને મુનિશ્રીને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્રે વિચરવાની ત્વરા હોય, તે વિષે કંઈ સંકોચ પ્રાપ્ત થતો હોય, તો આ કાગળ પ્રાપ્ત થયેથી જણાવશો તો એક દિવસ અત્ર ઓછી સ્થિરતા કરવાનું થશે.

નિવૃત્તિનો યોગ તે ક્ષેત્રે વિશેષ છે, તો 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નું વારવાર નિદિધ્યાસન કર્તવ્ય છે, એમ મુનિશ્રીને યથાવિનય જણાવવું યોગ્ય છે.

બાહ્યાભ્યંતર અસંગપણું પામ્યા છે એવા મહાત્માઓને સંસારનો અંત સમીપ છે, એવો નિઃસંદેહ જ્ઞાનીનો નિશ્ચય છે.

---

[૮૧૪] ૮૭૪ ઈડર, વૈશાખ વદ ૧૦, શનિવાર, ૧૯૫૫

ૐ

હવે સ્થંભતીર્થથી કિસનદાસજી કૃત 'ક્રિયાકોષ'નું પુસ્તક પ્રાપ્ત થયું હશે. તેનું આદ્યંત અધ્યયન કર્યા પછી સુગમ ભાષામાં એક નિબંધ તે વિષે લખવાથી વિશેષ અનુપ્રેક્ષા થશે; અને તેવી ક્રિયાનું વર્તન પણ સુગમ છે એમ સ્પષ્ટતા થશે, એમ સંભવ છે. સોમવાર પર્યંત અત્રે સ્થિતિનો સંભવ છે. રાજનગરમાં પરમ તત્ત્વદૃષ્ટિનો પ્રસંગોપાત્ત ઉપદેશ થયો હતો, તે અપ્રમત્ત ચિત્તથી વારંવાર એકાંતયોગમાં સ્મરણ કરવા યોગ્ય છે. એ જ વિનંતિ.

ધ્યાન, શ્રુતને ઉપકારક એવી યોગવાઈવાળા ગમે તે ક્ષેત્રે ચાતુર્માસની સ્થિતિ થ આજ્ઞાનો અતિક્રમ નથી, એમ મુનિશ્રી દેવકીર્ણાદિને સવિનય જણાવશો.

અત્રે તરફ એક અઠવાડિયા પર્યંત સ્થિતિનો સંભવ છે. શ્રી વવાણિયે આજે કરીને જવું થશે. ત્યાં એક અઠવાડિયા સુધી સ્થિતિ સંભવે છે.

જે સત્શ્રુતની જિજ્ઞાસા છે, તે સત્શ્રુત થોડા દિવસમાં પ્રાપ્ત થવાનો સંભવ છે એ મુનિશ્રીને નિવેદન કરશો.

વીતરાગ સન્માર્ગની ઉપાસનામાં વીર્ય ઉત્સાહમાન કરશો.

[૮૧૧]

---

૮૭૨ વવાણિયા, વૈશાખ સુદ ૭, ૧૯૫

ૐ

ગૃહવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઈ પણ શુભ ધ્યાનની પ્રાપ્તિ ઇચ્છતા હો તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમ 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, અને તે નિયમને સિદ્ધ જ કરવામાં આવે તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે, જે પર ધ્યાન આપવું યોગ્ય છે.

[૮૧૨]

---

૮૭૩ ઈડર, વૈશાખ વદ ૬, મંગળવાર, ૧૯૫૫

ૐ

શનિવાર પર્યંત અહીં સ્થિરતા સંભવે છે. રવિવારે તે ક્ષેત્રે આગમન થવાનો સંભવ છે.

આથી કરીને મુનિશ્રીને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્રે વિચરવાની ત્વરા હોય, તે વિષે કંઈ સંકોચ પ્રાપ્ત થતો હોય, તો આ કાગળ પ્રાપ્ત થયેથી જણાવશો તો એક દિવસ અત્ર ઓછી સ્થિરતા કરવાનું થશે.

નિવૃત્તિનો યોગ તે ક્ષેત્રે વિશેષ છે, તો 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નું વારંવાર નિદિધ્યાસન કર્તવ્ય છે, એમ મુનિશ્રીને યથાવિનય જણાવવું યોગ્ય છે.

બાહ્યાભ્યંતર અસંગપણું પામ્યા છે એવા મહાત્માઓને સંસારનો અંત સમીપ છે, એવો નિઃસંદેહ જ્ઞાનીનો નિશ્ચય છે.

[૮૧૪]

---

૮૭૪ ઈડર, વૈશાખ વદ ૧૦, શનિવાર, ૧૯૫૫

ૐ

હવે સ્થંભતીર્થથી કિસનદાસજી કૃત 'ક્રિયાકોષ'નું પુસ્તક પ્રાપ્ત થયું હશે. તેનું આદ્યંત અધ્યયન કર્યા પછી સુગમ ભાષામાં એક નિબંધ તે વિષે લખવાથી વિશેષ અનુપ્રેક્ષા થશે, અને તેવી ક્રિયાનું વર્તન પણ સુગમ છે એમ સ્પષ્ટતા થશે, એમ સંભવ છે. સોમવાર પર્યંત અત્રે સ્થિતિનો સંભવ છે. રાજનગરમાં પરમ તત્ત્વદૃષ્ટિનો પ્રસંગોપાત્ત ઉપદેશ થયો હતો, તે અપ્રમત્ત ચિત્તથી વારંવાર એકાંતયોગમાં સ્મરણ કરવા યોગ્ય છે. એ જ વિનંતિ

---

૮૯૪ મુંબઈ, ભાદરવા સુદ ૫, રવિ, ૧૯૫૧

ૐ

પરમકૃપાળુ મુનિવરોને નમસ્કાર.

આજ દિવસ પર્યંત યોગના પ્રમત્ત સ્વભાવને લીધે આપના પ્રત્યે જે કંઈ, કિંચિત્ અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમાપના યાચીએ છીએ.

ભાઈ વલ્લભ આદિ મુમુક્ષુઓને ક્ષમાપનાદિ કંઠસ્થ કરવા વિષે આપ યોગ્ય આજ્ઞા કરશો.

ૐ શાંતિ.

[૮૨૮-૧]

૮૯૫ મુંબઈ, આસો, ૧૯૫૧

જે જ્ઞાનીપુરુષોને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે, તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.



શ્રીમદ્ રાજચંદ્ર

કઠણ છે. જો તેવો કોઈ યોગ બને તો અને જીવ શુદ્ધ નૈષ્ઠિક થાય તો, શાંતિનો માર્ગ પ્રાપ્ત થાય એમ નિશ્ચય છે. પ્રમત્ત સ્વભાવનો જય કરવાને અર્થે પ્રયત્ન કરવું યોગ્ય છે.

આ સંસારરણભૂમિકામાં દુષમકાળરૂપ ગ્રીષ્મના ઉદયનો યોગ ન વેદે એવી સ્થિતિનો વિરલ જીવો અભ્યાસ કરે છે.

---

૮૯૯ મોહમયી, કાર્તિક સુદ ૫, બુધ, ૧૯૫૬

ૐ

સર્વ સાવદ્ય આરંભની નિવૃત્તિપૂર્વક બે ઘડી અર્ધ પ્રહર પર્યંત 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' આદિ ગ્રંથની પ્રત કરવાનો નિત્યનિયમ યોગ્ય છે. (ચાર માસ પર્યંત.)

---

[૮૩૧]

૯૦૦ મુંબઈ, કારતક સુદ ૫, ૧૯૫૬

ૐ

અવિરોધ અને એકતા રહે તેમ કર્તવ્ય છે; અને એ સર્વના ઉપકારનો માર્ગ સંભવે છે.

ભિન્નતા માની લઈ પ્રવૃતિ કરવાથી જીવ ઊલટો ચાલે છે. અભિન્નતા છે, એકતા છે, એમા સહજ સમજવાફેરથી ભિન્નતા માનો છો એમ તે જીવોને શિખામણ પ્રાપ્ત થાય તો સન્મુખવૃત્તિ થવા યોગ્ય છે.

જ્યાં સુધી અન્યોન્ય એકતા વ્યવહાર રહે ત્યાં સુધી સર્વથા કર્તવ્ય છે. ૐ

[૮૩૩-૧]

૯૦૧ મુંબઈ, કારતક સુદ ૧૫, ૧૯૫૬

ૐ

'ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર,
વ્રતતપધર, તનુ નગનધર, વંદૌ વૃષસિરમોર.'

જગત વિષયના વિક્ષેપમા સ્વરૂપવિભ્રાંતિ વડે વિશ્રાંતિ પામતું નથી.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીનાં વાકયના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.

યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિ સમ્યક્‌રૂપે ઉત્પન્ન થાય છે.

તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે.

ચારિત્રમોહ ચૈતન્યના-જ્ઞાની પુરુષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.

[૮૩૮]

૯૦૫ મોહમયીક્ષેત્ર, પોષ વદ ૧૨, રવિ, ૧૯૫૬

મહાત્મા મુનિવરોના ચરણની, સંગની ઉપાસના અને સત્શાસ્ત્રનું અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્ધમાનતાના સદુપાય છે.

જેમ જેમ ઇન્દ્રિયનિગ્રહ, જેમ જેમ નિવૃત્તિયોગ તેમ તેમ તે સત્સમાગમ અને સત્શાસ્ત્ર અધિક અધિક ઉપકારી થાય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

[૮૩૮]

૯૦૬ મુંબઈ, માહ વદ ૧૦, શનિ, ૧૯૫૬

આજ રોજ તમારો કાગળ મળ્યો. બ્હેન ઇચ્છાના વરના અકાળ મૃત્યુના ખેદકારક સમાચાર જાણી બહુ દિલગીરી થાય છે. સંસારના આવા અનિત્યપણાને લઇને જ જ્ઞાનીઓએ વૈરાગ્ય બોધ્યો છે.

બનાવ અત્યંત દુઃખકારક છે. પરન્તુ નિરુપાયે ધીરજ પકડવી જોઇએ, તો તમો મારા વતી બ્હેન ઇચ્છાને અને ઘરના માણસોને દિલાસો અને ધીરજ અપાવશો. અને બ્હેનનું મન જેમ શાંત થાય તેમ તેની સંભાળ લેશો.

---

૯૦૭ મોહમયી, માહ વદ ૧૧, ૧૯૫૬

ૐ

શુદ્ધ ગુર્જર ભાષામાં 'સમયસાર'ની પ્રત કરી શકાય તો તેમ કરતાં વધારે ઉપકાર થવા યોગ્ય છે. તેમ ન બની શકે તો વર્તમાન પ્રત પ્રમાણે બીજી પ્રત લખવામાં અપ્રતિબંધ છે.

---

૯૦૮ મુંબઈ, માહ વદ ૧૪, મંગળ, ૧૯૫૬

જણાવતાં અતિશય ખેદ થાય છે કે સુજ્ઞ ભાઈ શ્રી કલ્યાણજીભાઈ (કેશવજી)એ આજે બપોરે, પંદરેક દિવસની મરડાની કસરમાં તે નામવર્તી દેહપર્યાય છોડયો છે.

---

૯૦૯ ધર્મપુર, ચૈત્ર સુદ ૮, શની, ૧૯૫૬

ૐ

જો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' અને 'સમયસાર'ની પ્રતો લખાઈ રહી હોય તો અત્રે મૂળ પ્રતો સાથે મોકલાવશો. અથવા મૂળ પ્રતો મુંબઈ મોકલાવશો અને ઉતારેલી પ્રતો અત્રે મોકલાવશો. પ્રતો ઉતારતાં અધૂરી હોય તો કયારે પૂર્ણ થવાનો સંભવ છે તે જણાવશો. શાંતિઃ

---

૯૧૦ ધર્મપુર, ચૈત્ર સુદ ૧૧, મંગળ, ૧૯૫૬

ૐ

શ્રી 'સમયસાર' અને 'કાર્તિકેયાનુપ્રેક્ષા' મોકલવા વિષેનું પત્ર મળ્યુ હશે.

આ પત્ર સંપ્રાપ્ત થતાં અત્ર આવવાની વૃત્તિ અને અનુકૂળતા હોય તો આજ્ઞાનો અતિક્રમ નથી. તમારી સાથે એક મુમુક્ષુ ભાઈનું આવવાનું થતાં પણ આજ્ઞાનો અતિક્રમ નહીં થાય.

જો 'ગોમ્મટસારાદિ' કોઈ ગ્રંથ સંપ્રાપ્ત હોય તો તે અને 'કર્મગ્રંથ', પદ્મનંદી પંચવિંશતિ', 'સમયસાર' તથા શ્રી 'કાર્તિકેયાનુપ્રેક્ષાદિ' ગ્રન્થો અનુકૂળતાનુસાર સાથે રાખશો.

ઉદય સપ્રાપ્ત થયે અને તેનાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાંસુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે, તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમા અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમકારણો છે.

અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.

भीसण नरयगईए, तिरियगईए कुदेवमणुयगईए;
पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव.

ભયંકર નરકગતિમા, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ–ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

[૮૪૦-૨]

૯૧૪ ધર્મપુર, ચૈત્ર વદ ૫, ગુરુ, ૧૯૫૬

જનવૃત્તિ જ્યા સંકુચિત ન સંભવતી હોય અને નિવૃત્તિને યોગ્ય વિશેષ કારણો જ્યા હોય તેવાં ક્ષેત્રે મુક્ત પુરુષોએ વિહાર, ચાતુર્માસરૂપ સ્થિતિ કર્તવ્ય છે. શાંતિઃ

[૮૪૦-૩]

૯૧૫ ધર્મપુર, ચૈત્ર વદ ૬, શુક્ર, ૧૯૫૬

ૐ નમઃ

મુમુક્ષુઓ,

તમે લખેલો કાગળ મુંબઈ મળ્યો હતો. અત્ર વીશ દિવસ થયાં સ્થિતિ છે. કાગળમાં

બળવાન નિવૃત્તિના હેતુભૂત ક્ષેત્રે ચાતુર્માસ કર્તવ્ય છે. નડિયાદ, વસો આદિ જે સાનુકૂળ હોય તે, એક સ્થળને બદલે બે સ્થળે થાય તેમાં વિક્ષિપ્તતાનો હેતુ સંભવિત નથી, આસત્સમાગમનો યોગ મેળવીને જો વહેંચણ કરે તો તે વિષે સમયાનુસાર જેમ યોગ્ય લાગે તેમ, તેમને જણાવી તે કારણની નિવૃત્તિ કરી સત્સમાગમરૂપ સ્થિતિ કરવી યોગ્ય છે.

અત્ર સ્થિતિનો સંભવ વૈશાખ સુદ ૨ થી ૫.

સમાગમ વિષે અનિશ્ચિત

[૭૫૦-૧] ૯૧૭ અમદાવાદ, ભીમનાથ, વૈ૦ સુદ ૬, ૧૯૫૬

આજે દશાઆદિ સંબંધી જે જણાવ્યું છે અને બીજ વાવ્યું છે તેને ખોતરશો નહિ. તે સફળ થશે.

'ચતુરંગુલ હૈ દગસેં મિલ હૈ'[1] —એ આગળ પર સમજાશે.

એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.

---

[૮૪૪] ૯૧૮ વવાણિયા, વૈશાખ, ૧૯૫૬

તમે કેટલાંક પ્રશ્નો લખ્યાં તે પ્રશ્નોનુ સમાધાન સમાગમમાં સમજવું વિશેષ ઉપકારરૂપ જાણું છું. તો પણ કિંચિત્ સમાધાન અર્થે યથામતિ સંક્ષેપમાં તેના ઉત્તર અત્ર લખુ છું.

સત્પુરુષની યથાર્થ જ્ઞાનદશા, સમ્યક્ત્વદશા, ઉપશમદશા તે તો જે યથાર્થ મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણે કેમકે પ્રત્યક્ષ તે ત્રણે દશાનો લાભ શ્રી સત્પુરુષના ઉપદેશથી કેટલાક અંશે થાય છે. જેમના ઉપદેશે તેવી દશાના અંશો પ્રગટે તેમની પોતાની દશામાં તે ગુણ કેવા ઉત્કૃષ્ટ રહ્યા હોવા જોઈએ તે વિચારવું સુગમ છે; અને એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય તેથી તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવતી નથી તે પણ પ્રત્યક્ષ સમજાશે. સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.

બીજા પ્રશ્નોના ઉત્તર :—

પ્ર૦ – જિનઆજ્ઞાઆરાધક સ્વાધ્યાય ધ્યાનથી મોક્ષ છે કે શી રીતે?

ઉ૦ – તથારૂપ પ્રત્યક્ષ સદ્ગુરુને યોગે અથવા કોઈ પૂર્વના દૃઢ આરાધનથી જિનાજ્ઞા યથાર્થ સમજાય, યથાર્થ પ્રતીત થાય, અને યથાર્થ આરાધાય તો મોક્ષ થાય એમાં સંદેહ નથી.

પ્ર૦ – જ્ઞાનપ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણેલી પ્રત્યાખ્યાનપ્રજ્ઞાએ પચ્ચખે તે પંડિત કહ્યા છે.

ઉ૦ – તે યથાર્થ છે. જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો, તે જ્ઞાન 'અજ્ઞાન' કહેવા યોગ્ય છે અર્થાત્ જ્ઞાનનુ લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવુ તે છે.

પ્ર૦ – એકાંત જ્ઞાન માને તેને મિથ્યાત્વી કહ્યા છે. ઉ૦ – તે યથાર્થ છે.

પ્ર૦ – એકાંત ક્રિયા માને તેને મિથ્યાત્વી કહ્યા છે. ઉ૦ – તે યથાર્થ છે.

પ્ર૦ – ચાર કારણ મોક્ષ જવાને કહ્યાં છે. તે ચારમાંથી એકકે કારણ તોડીને મોક્ષે જાય કે ચાર કારણ સંયુક્તથી?

---

૧. જુઓ આંક ૨૬૧નું પદ ૭ મું.

એકાંત ક્રિયાજડત્વમાં અથવા એકાંત શુષ્કજ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય.

---

[૮૪૫]

૯૧૯ વવાણિયા, વૈશાખ વદ ૮, મંગળ, ૧૯૫૬

ૐ

પ્રમત્ત–પ્રમત્ત એવા વર્તમાન જીવો છે, અને પરમ પુરુષોએ અપ્રમત્તમાં સહજ આત્મશુદ્ધિ કહી છે, માટે તે વિરોધ શાંત થવા પરમ પુરુષનો સમાગમ, ચરણનો યોગ જ પરમ હિતકારી છે.

ૐ શાંતિઃ

---

૯૨૦ વવાણિયા, વૈશાખ વદ ૮, મંગળ, ૧૯૫૬

ૐ

ભાઈ છગનલાલનું અને તમારું લખેલું એમ બે પત્ર મળ્યાં. વીરમગામ કરતાં અત્ર પ્રથમ સહજ પ્રકૃતિ નરમ રહી હતી. હાલ સહજ પણ વધતી આરોગ્યતા પર હશે એમ જણાય છે.

ૐ પરમશાંતિઃ

---

[૮૪૬]

૯૨૧ વવાણિયા, વૈશાખ વદિ ૯, બુધ, ૧૯૫૬

ૐ

'મોક્ષમાળા'માં શબ્દાંતર અથવા પ્રસંગવિશેષમાં કોઈ વાકચાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો. ઉપોદ્ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો.

ઉપોદ્ઘાતથી વાચકને, શ્રોતાને અલ્પ અલ્પ મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાનીપુરુષોના આત્મસ્વભાવરૂપ પરમ ધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશો. સહજ સૂચના છે.

શાંતિઃ

---

૯૨૨ વવાણિયા, વૈશાખ વદ ૯, બુધ, ૧૯૫૬

સાણંદથી મુનિશ્રીએ શ્રી અંબાલાલ પ્રત્યે લખાવેલું પત્ર સ્થંભતીર્થથી આજે અત્રે મળ્યું.

ૐ પરમશાંતિ

નડિયાદ અને વસો ક્ષેત્રે ચાતુર્માસ ત્રણ ત્રણ મુનિઓની સ્થિતિરૂપે હોય તો પણ શ્રેયસ્કર જ છે.

ૐ પરમ શાંતિ

---

૯૨૩ વવાણિયા, વૈશાખ વદ ૯, બુધ, ૧૯૫૬

ૐ

આજે પત્ર સંપ્રાપ્ત થયું.

સાથેના પત્રનો ઉત્તર–પત્રાનુસાર ક્ષેત્રે આજે ગયો છે. શરીર પ્રકૃતિ ઉદયાનુસાર–સહજ આરોગ્યતા પર.

શાંતિઃ

[૮૪૮-૩]

૯૨૭ વવાણિયા, વૈશાખ વદ ૦)), ૧૯૫૬

પત્ર સંપ્રાપ્ત થયું.

યથાર્થ જોઇએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. કવચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દૃષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઇએ. અજ્ઞાન દૃષ્ટિ જીવો ખેદથી વેદે તો પણ કંઇ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્યદૃષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી, પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે.

'હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી' એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે.

---

[૮૪૯]

૯૨૮ વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧૧, ૧૯૫૬

આર્ય ત્રિભુવને અલ્પસમયમાં શાંતવૃત્તિથી દેહોત્સર્ગ કર્યાના ખબર શ્રુત થયા. સુશીલ મુમુક્ષુએ અન્ય સ્થાન ગ્રહણ કર્યું.

જીવનાં વિવિધ પ્રકારનાં મુખ્ય સ્થાનક છે. દેવલોકમાં ઇન્દ્ર તથા સામાન્ય ત્રાયસ્ત્રિંશદાદિકનાં સ્થાન છે. મનુષ્યમાં ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ તથા માંડલિકાદિકનાં સ્થાન છે. તિર્યંચમાં પણ કયાં એક ઇષ્ટ ભોગભૂમ્યાદિક સ્થાન છે. તે સર્વ સ્થાનને જીવ છાંડશે એ નિઃસંદેહ છે. જ્ઞાતિ, ગોત્રી અને બંધુ આદિક એ સર્વનો અશાશ્વત અનિત્ય એવો આ વાસ છે.

શાંતિઃ

---

[૮૫૦]

૯૨૯ વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧૩, સોમ, ૧૯

ૐ

પરમ કૃપાળુ મુનિવરોને રોમાંચિત ભક્તિથી નમસ્કાર હો !

પત્ર સંપ્રાપ્ત થયું

ચાતુર્માસ સંબંધી મુનિઓને કયાંથી વિકલ્પ હોય ?

નિર્ગ્રંથો ક્ષેત્રને કયે છેડે બાંધે ? તે છેડાનો સંબંધ નથી.

નિર્ગ્રંથ મહાત્માઓના દર્શન અને સમાગમ મુક્તિની સમ્યક્ પ્રતીતિ કરાવે છે.

તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રીમાન તીર્થંકરે કહ્યું છે તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઇએ.

પરમ કૃપાળુ મુનિવરોને ફરી નમસ્કાર કરીએ છીએ.

શાંતિઃ

[૮૭૪-૧૭] ૯૩૩

ૐ નમઃ

અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે.

[૮૫૩-૧] ૯૩૪ વવાણિયા, જ્યેષ્ઠ વદિ ૦)), બુધ, ૧૯૫૬

ૐ

પરમ પુરુષને અભિમત એવા અભ્યંતર અને બાહ્ય બન્ને સંયમને ઉલ્લાસિત ભક્તિએ નમસ્કાર.

'મોક્ષમાળા' વિષે જેમ તમને સુખ થાય તેમ પ્રવર્તો.

મનુષ્યપણું, આર્યતા, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ, તે પ્રત્યે આસ્તિક્યપણું, સંયમ, તે પ્રત્યે વીર્યપ્રવૃત્તિ, પ્રતિકૂળ યોગોએ પણ સ્થિતિ, અંતપર્યંત સંપૂર્ણ માર્ગરૂપ સમુદ્ર તરી જવો એ ઉત્તરોત્તર દુર્લભ અને અત્યંત કઠણ છે, એ નિઃસંદેહ છે.

શરીરપ્રકૃતિ ક્વચિત્ ઠીક જોવામાં આવે છે, ક્વચિત્ તેથી વિપરીત જોવામાં આવે છે, કાંઈક અશાતા મુખ્યપણે હમણાં જોવામાં આવે છે. ૐ શાંતિઃ

[૮૫૩-૨-૩] ૯૩૫ વવાણિયા, જ્યેષ્ઠ વદિ ૦)), બુધ, ૧૯૫૬

ૐ

ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંત વાર ધિક્કાર હો !

જેમણે પ્રમાદનો જય કર્યો તેમણે પરમ પદનો જય કર્યો.

પત્ર સંપ્રાપ્ત થયું.

શરીરપ્રકૃતિ અમુક દિવસ સ્વસ્થ રહે છે અને અમુક દિવસ અસ્વસ્થ રહે છે. યોગ્ય સ્વસ્થતા પ્રત્યે હજુ ગમન કરતી નથી તથાપિ અવિક્ષેપતા કર્તવ્ય છે.

શરીરપ્રકૃતિના અનુકૂળ પ્રતિકૂળપણાને આધીન ઉપયોગ અકર્તવ્ય છે.

શાંતિઃ

---

[૮૫૪] ૯૩૬ વવાણિયા, જ્યેષ્ઠ વદ ૦)), ૧૯૫૬

ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિત ધારી તો પાર પડે છે.

અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.

[૮૫૬-૧]

૯૩૯ મોરબી, અષાડ વદિ ૯, શુક્ર, ૧૯૫૬

ૐ નમઃ

સમ્યક્ પ્રકારે વેદના અહિયાસવારૂપ પરમધર્મ પરમ પુરુષોએ કહ્યો છે.

તીક્ષ્ણ વેદના અનુભવતાં સ્વરૂપભ્રંશવૃત્તિ ન થાય એ જ શુદ્ધ ચારિત્રનો માર્ગ છે.

ઉપશમ જ જે જ્ઞાનનું મૂળ છે તે જ્ઞાનમાં તીક્ષ્ણ વેદના પરમ નિર્જરા ભાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ

[૮૫૬-૨]

૯૪૦ મોરબી, અસાડ વદ ૯, શુક્ર, ૧૯૫૬

ૐ

પરમકૃપાનિધિ મુનિવરોના ચરણકમળમાં વિનયભક્તિ વડે નમસ્કાર પ્રાપ્ત થાય.

પત્ર સંપ્રાપ્ત થયાં.

શરીર પ્રત્યે અશાતામુખ્યપણું ઉદયમાન વર્તે છે. તોપણ હાલ પ્રકૃતિ આરોગ્યતા પર જણાય છે.

અસાડ પૂર્ણિમા પર્યંતના ચાતુર્માસ સંબંધી આપશ્રી પ્રત્યે જે કિંચિત્ અપરાધ થયો હોય તે નમ્રતાથી ખમાવું છું.

ગચ્છવાસી પ્રત્યે પણ આ વર્ષ ક્ષમાપત્ર લખવામાં પ્રતિકૂળ લાગતું નથી.

પદ્મનંદી, ગોમ્મટસાર, આત્માનુશાસન, સમયસારમૂળ એ આદિ પરમ શાંત શ્રુતનું અધ્યયન થતું હશે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ સંભારીએ છીએ.

ૐ શાંતિઃ

---

[૮૫૮]

૯૪૧ મોરબી, શ્રાવણ વદ ૪, મંગળ, ૧૯૫૬

ૐ

સંસ્કૃત અભ્યાસના યોગ વિષે લખ્યું, પણ જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં, ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.

જે નિયમોમાં અતિચારાદિ પ્રાપ્ત થયાં હોય તેનું યથાવિધિ કૃપાળુ મુનિશ્રીઓ પ્રત્યે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે, નહીં તો ભયંકર તીવ્ર બંધનો હેતુ છે. નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહત્પુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય?

મુમુક્ષુ ઉમેદ આદિને ય૦

---

[૮૫૯]

૯૪૨ મોરબી, શ્રાવણ વદ ૫, બુધ, ૧૯૫૬

ૐ

કદાપિ એ નિવૃત્તિમુખ્ય સ્થળની સ્થિતિના ઉદયનો અંતરાય પ્રાપ્ત થયો તો હે આર્ય! મારા અભિન્ન એવી પરમ નિવૃત્તિ, તે તમે શ્રાવણ વદ ૧૧ થી ભાદ્રપદ સુદ પૂર્ણિમા પર્યંત એવી રીતે સેવજો કે સમાગમવાસી મુમુક્ષુઓને તમે વિશેષ ઉપકારક થાઓ અને

હે આર્ય! હાલ તે પ્રમત્તભાવને ઉલ્લાસિત વીર્યથી મોળો પાડી, સુશીલ સહિત, સત્શ્રુતનું અધ્યયન કરી નિવૃત્તિએ આત્મભાવને પોષજો.

હાલ નિત્યપ્રતિ પત્રથી નિવૃત્તિપરાયણતા લખવી યોગ્ય છે. અંબાલાલને પત્ર પ્રાપ્ત થયું હશે.

અત્રથી સ્થિતિનો ફેરફાર થશે અને અંબાલાલને જણાવવા યોગ બનશે તો આવતી કાલ સુધીમાં બનવા યોગ્ય છે. બનતાં સુધી તારથી ખબર આપવાનું થશે.

---

[૮૬૩] ૯૪૫ મોરબી, શ્રાવણ વદ ૧૦, ૧૯૫૬

શ્રી પર્યુષણ આરાધના

એકાંત યોગ્ય સ્થળમાં, પ્રભાતે : (૧) દેવગુરુની ઉત્કૃષ્ટ ભક્તિવૃત્તિએ અંતરાત્મ ધ્યાનપૂર્વક બે ઘડીથી ચાર ઘડી સુધી ઉપશાંત વ્રત. (૨) શ્રુત 'પદ્મનંદી' આદિ અધ્યયન, શ્રવણ. મધ્યાન્હે : (૧) ચાર ઘડી ઉપશાત વ્રત. (૨) શ્રુત 'કર્મગ્રંથ' નું અધ્યયન, શ્રવણ, સુદૃષ્ટિતરંગિણી' આદિનુ થોડું અધ્યયન. સાયંકાળે · (૧) ક્ષમાપનાનો પાઠ. (૨) બે ઘડી ઉપશાંત વ્રત. (૩) કર્મવિષયની જ્ઞાનચર્ચા.


રાત્રીભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ. બને તો ભાદ્રપદ પૂર્ણિમા સુધી એક વખત આહારગ્રહણ. પંચમીને દિવસે ઘી, દૂધ, તેલ દહીંનો પણ ત્યાગ. ઉપશાંત વ્રતમાં વિશેષ કાળનિર્ગમન. બને તો ઉપવાસ ગ્રહણ કરવો. લીલોતરી સર્વથા ત્યાગ. બ્રહ્મચર્ય આઠે દિવસ પાળવું. બને તો ભાદ્રપદ પુનેમ સુધી.

શમમ્.

[૮૬૫-૨] ૯૪૬

શ્રી 'મોક્ષમાળા' ના 'પ્રજ્ઞાવબોધ' ભાગની સંકલના

૧ વાચકને પ્રેરણા.	૨ જિન દેવ.	૩ નિર્ગ્રંથ.
૪ દયાની પરમ ધર્મતા.	૫ સાચું બ્રાહ્મણપણું.	૬ મૈત્રી આદિ ચાર ભાવના.
૭ સત્શાસ્ત્રનો ઉપકાર.	૮ પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર.	૯ ત્રણ મનોરથ.
૧૦ ચાર સુખ શય્યા.	૧૧ વ્યવહારિક જીવોના ભેદ.	૧૨ ત્રણ આત્મા.
૧૩ સમ્યગ્દર્શન.	૧૪ મહાત્માઓની અસંગતા.	૧૫ સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.
૧૬ અનેકાંતની પ્રમાણતા.	૧૭ મન-ભ્રાંતિ,	૧૮ તપ.
૧૯ જ્ઞાન.	૨૦ ક્રિયા.	૨૧ આરંભ પરિગ્રહની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર.
૨૨ [illegible]	૨૩ નિયમિતપણું.	૨૪ જિનાગમસ્તુતિ.



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ વવાણિયા
વિ. સં. ૧૯૨૪ કાર્તિક પૂર્ણિમા, રવિવાર

દેહવિલય રાજકોટ
વિ. સં. ૧૯૫૭ ચૈત્ર વદ ૫ મંગળવાર

વર્ષ ૩૪ મું

[૮૯૬] ૯૪૭ વઢવાણ કેમ્પ, કા. સુદ ૫, રવિ, ૧૯૫૭

ૐ

વર્તમાન દુષમકાળ વર્તે છે. મનુષ્યોનાં મન પણ દુષમ જ જોવામાં આવે છે. ઘણું કરીને પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વેચ્છાએ વર્તે છે.

એવા વખતમાં કોનો સંગ કરવો, કોની સાથે કેટલું કામ પાડવું, તેની સાથે કેટલું બોલવું, કોની સાથે પોતાના કેટલા કાર્યવ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય; એ બધું લક્ષમાં રાખવાનો વખત છે. નહીં તો સદ્‌વૃત્તિવાન જીવને એ બધાં કારણો હાનિકર્તા થાય છે. આનો આભાસ તો આપને પણ હવે ધ્યાનમાં આવતો હશે.

શાંતિઃ

---

[૮૯૭] ૯૪૮ મુંબઈ, શિવ, માગશર વદ ૮, ૧૯૫૭

મદનરેખાનો અધિકાર, 'ઉત્તરાધ્યયન'ના નવમા અધ્યયનને વિષે નમિરાજ ઋષિનું ચરિત્ર આપ્યું છે, તેની ટીકામાં છે. ઋષિભદ્રપુત્રનો અધિકાર 'ભગવતીસૂત્ર'ના..........[1] શતકને ઉદ્દેશે આવેલો છે. આ બન્ને અધિકાર અથવા બીજા તેવા ઘણા અધિકાર આત્મોપકારી પુરુષ પ્રત્યે વંદનાદિ ભક્તિનું નિરૂપણ કરે છે. પણ જનમંડળના કલ્યાણનો વિચાર કરતાં તેવો વિષય ચર્ચવાથી તમારે દૂર રહેવું યોગ્ય છે. અવસર પણ તેવો જ છે. માટે તમારે એ અધિકારાદિ ચર્ચવામાં તદ્દન શાંત રહેવું. પણ બીજી રીતે જેમ તે લોકોની તમારા પ્રત્યે ઉત્તમ લાગણી કિંવા ભાવના થાય તેમ વર્તવું, કે જે પૂર્વાપર ઘણા જીવોના હિતનો જ હેતુ થાય.

જ્યાં પરમાર્થના જિજ્ઞાસુ પુરુષોનું મંડળ હોય ત્યાં શાસ્ત્રપ્રમાણ આદિ ચર્ચવા યોગ્ય છે; નહીં તો ઘણું કરી તેમાંથી શ્રેય થતું નથી. આ માત્ર નાનો પરિષહ છે. યોગ્ય ઉપાયથી પ્રવર્તવું; પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું.

---

૯૪૯ તિથલ–વલસાડ, પોષ વદ ૧૦, ભોમ, ૧૯૫૭

ૐ

ભાઈ મનસુખનાં પત્ની સ્વર્ગવાસ થવાના ખબર જાણી આપે દિલાસા-ભરિત કાગળ લખ્યો તે મળ્યો.

સારવારનો પ્રસંગ ઝપતાં આપે જે વચનો લખ્યાં છે તે યથાર્થ છે. શુદ્ધ અંતઃકરણ પર અસર થવાથી નીકળેલાં વાક્ય છે

---

૧. શતક ૧૧ ઉદ્દેશ ૧૨.

લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તોપણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તોપણ પરમ સમાધિનું સ્થાન છે.

---

[૮૭૦] ૯૫૦ વઢવાણ કૅમ્પ, ફાગણ સુદ ૬, શનિ, ૧૯૫૭

ૐ

કૃપાળુ મુનિવરોને નમસ્કાર સવિનય હો

પત્ર સંપ્રાપ્ત થયું.

જે અધિકારી સંસારથી વિરામ પામી મુનિશ્રીનાં ચરણકમળ યોગે વિચરવા ઇચ્છે છે, તે અધિકારીને દીક્ષા આપવામાં મુનિશ્રીને બીજો પ્રતિબંધનો કંઈ હેતુ નથી. તે અધિકારીએ વડીલોનો સંતોષ સંપાદન કરી આજ્ઞા મેળવવી યોગ્ય છે, જેથી મુનિશ્રીનાં ચરણકમળમાં દીક્ષિત થવામાં બીજો વિક્ષેપ ન રહે.

આ અથવા બીજા કોઈ અધિકારીને સંસારથી ઉપરામવૃત્તિ થઈ હોય અને તે આત્માર્થ સાધક છે એવું જણાતું હોય તો તેને દીક્ષા આપવામાં મુનિવરો અધિકારી છે. માત્ર ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ વૃદ્ધિમાન રહે એવી દૃષ્ટિથી તે પ્રવૃત્તિ જોઈએ.

શરીરપ્રકૃતિ ઉદયાનુસાર છે. ઘણું કરી આજે રાજકોટ પ્રત્યે ગમન થશે. પ્રવચનસાર ગ્રંથ લખાય છે તે અવસરે મુનિવરોને પ્રાપ્ત થવા યોગ્ય છે. રાજકોટ થોડાક દિવસ સ્થિતિનો સંભવ છે. ૐ શાંતિઃ.

---

[૮૭૧] ૯૫૧ રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.

માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.

પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે. ૐ શાંતિઃ.

---

[૮૭૨] ૯૫૨ રાજકોટ, ફા. વદ ૧૩, સોમ, ૧૯૫૭

ૐ શરીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો.

જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.

---

[૮૭૩] ૯૫૩ રાજકોટ, ચૈત્ર સુદ ૨, શુક્ર, ૧૯૫૭

ૐ

અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભસ્વામીને નમો નમઃ

વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો ? ૐ શાંતિઃ.

ઉપદેશ નોંધ

(પ્રાસંગિક)

૯૫૬

૧[1] મુંબઈ, કારતક સુદ, ૧૯૫૦

શ્રી 'ષટ્દર્શન સમુચ્ચય' ગ્રંથનું ભાષાંતર શ્રી મણિભાઈ નભુભાઈએ અભિપ્રાયાર્થે મોકલ્યુ છે. અભિપ્રાયાર્થે મોકલનારની કંઈ અંતર ઇચ્છા એવી હોય છે કે તેથી રંજિત થઈ તેનાં વખાણ મોકલવાં. શ્રી મણિભાઇએ ભાષાંતર સારું કર્યું છે, પણ તે દોષરહિત નથી.

---

[૭૦૬]

૨ વવાણિયા, ચૈત્ર સુદ ૬, બુધ, ૧૯૫૩

પહેરવેશ આછકડો નહીં છતાં સુઘડ એવી સાદાઈ સારી છે. આછકડાઇથી પાંચસોના પગારના કોઈ પાંચસો એક ન કરે, અને યોગ્ય સાદાઇથી પાંચસોના ચારસો નવાણુ કોઈ ન કરે.

ધર્મમાં લૌકિક મોટાઈ, માન, મહત્ત્વની ઈચ્છા એ ધર્મના દ્રોહ રૂપ છે.

ધર્મના બહાને અનાર્ય દેશમા જવાનો કે સૂત્રાદિ મોકલવાનો નિષેધ કરનાર, નગારું વગાડી નિષેધ કરનાર, પોતાનાં માન, મહત્ત્વ, મોટાઇનો સવાલ આવે ત્યાં એ જ ધર્મને ઠોકર મારી, એ જ ધર્મ પર પગ મૂકી, એ જ નિષેધનો નિષેધ કરે એ ધર્મદ્રોહ જ છે. ધર્મનું મહત્ત્વ તો બહાના રૂપ, અને સ્વાર્થિક માનાદિનો સવાલ મુખ્ય, એ ધર્મદ્રોહ જ છે.

શ્રી વીરચંદ ગાંધીને વિલાયતાદિ મોકલવા આદિમાં આમ થયુ છે.

ધર્મ જ મુખ્ય રંગ ત્યારે અહોભાગ્ય !

પ્રયોગના બહાને પશુવધ કરનારા રોગ–દુઃખ ટાળે ત્યારની વાત ત્યારે, પણ અત્યારે તો બિચારા નિરપરાધી પ્રાણીઓને રિબાવી મારી અજ્ઞાનવશતાએ કર્મ ઉપાર્જે છે! પત્રકારો પણ વિવેક વિચાર વિના પુષ્ટિ આપવારૂપે કૂટી મારે છે!

---

[૮૦૧]

૩ મોરબી, ચૈત્ર વદ ૭, ૧૯૫૫

વિશેષ થઈ શકે તો સારું. જ્ઞાનીઓને પણ સદાચરણ પ્રિય છે. વિકલ્પ કર્તવ્ય નથી

'જાતિસ્મૃતિ' થઈ શકે છે. પૂર્વ ભવ જાણી શકાય છે.

અવધિજ્ઞાન છે.

તિથિ પાળવી.

૧. આ નં. ૧થી આંક ૨૬ સુધીના મોરબીના મુમુક્ષુ-સાક્ષર શ્રી મનસુખભાઈ કિરતચંદે પોતાની સ્મૃતિ પરથી સાંભળેલ પ્રશ્નોની કરેલ નોંધ પરથી.

રાત્રે ન જમવું, ન ચાલે તો ઉકાળેલું દૂધ વાપરવું.

તેવું તેવાને મળે; તેવું તેવાને ગમે.

> 'ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે;
> તેમ ભવિ સહજગુણે હોવે, ઉત્તમ નિમિત્ત સંજોગી રે.'
> 'ચરમાવર્ત વળી ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક,
> દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે અતિ ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક.'

અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં સૂક્ષ્મ નિગોદમાંથી આગળ કુટાતો પિટાતો કર્મની અકામ નિર્જરા કરતો, દુઃખ ભોગવી તે અકામ નિર્જરાના યોગે જીવ પંચેન્દ્રિય મનુષ્યપણું પામે છે. અને તેથી પ્રાયે તે મનુષ્યપણામાં મુખ્યત્વે કૂડકપટ, માયા, મૂર્છા, મમત્વ, કલહ, વંચના, કષાયપરિણતિ આદિ રહેલ છે.

સકામ નિર્જરાપૂર્વક મળેલ મનુષ્યદેહ વિશેષ સકામનિર્જરા કરાવી, આત્મતત્ત્વને પમાડે છે

---

[૮૦૨] ૪ મોરબી, ચૈત્ર વદ ૮, ૧૯૫૫

'ષટ્દર્શન સમુચ્ચય' અવલોકવા યોગ્ય છે.

'તત્ત્વાર્થસૂત્ર' વાચવા યોગ્ય અને ફરી ફરી વિચારવા યોગ્ય છે.

'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ શ્રી હરિભદ્રાચાર્યે સંસ્કૃતમાં રચ્યો છે. યશોવિજયજીએ ગુજરાતીમાં એની ઢાળબદ્ધ સજ્ઝાય રચી છે. તે કંઠાગ્રે કરી વિચારવા યોગ્ય છે. એ દૃષ્ટિઓ આત્મદશામાપક (થર્મોમિટર) યંત્ર છે

શાસ્ત્રને જાળ સમજનારા ભૂલ કરે છે. શાસ્ત્ર એટલે શાસ્તાપુરુષના વચનો. એ વચન સમજવા દૃષ્ટિ સમ્યક્ જોઈએ.

સદુપદેષ્ટાની બહુ જરૂર છે. સદુપદેષ્ટાની બહુ જરૂર છે.

પાંચસો હજાર શ્લોક મુખપાઠે કરવાથી પંડિત બની જવાતું નથી. છતાં થોડું જાણી ઝાઝાનો ડોળ કરનારા એવા પંડિતોનો તોટો નથી.

ઋતુને[1] સન્નિપાત થયો છે

એક પાઈની ચાર બીડી આવે. હજાર રૂપિયા રોજ કમાતા બૅરિસ્ટરને બીડીનું વ્યસન હોય અને તેની તલપ થતા, બીડી ના હોય તો એક ચતુર્થાંશ પાઈની કિંમતની નજીવી વસ્તુ માટે વલખાં મારે. હજાર રૂપિયા રોજ કમાનાર, અનંત શક્તિવંત આત્મા છે જેનો એવો બૅરિસ્ટર મૂર્છાયોગે નજીવી ચીજ માટે વલખાં મારે! જીવને, આત્માની અને એની શક્તિની વિભાવ આડે ખબર નથી.

અમે અંગ્રેજી ન ભણ્યા તે સારું થયું છે. ભણ્યા હોત તો કલ્પના વધત. કલ્પનાને તો છાંડવી છે. ભણેલું ભૂલ્યે છૂટકો છે. ભૂલ્યા વિના વિકલ્પ દૂર ન થાય. જ્ઞાનની જરૂર છે.

---

૧. બપોરના ચાર વાગ્યે પૂર્વ દિશામાં આકાશમાં શ્યામ વાદળું જોતાં, એને દુકાળનું એક નિમિત્ત જાણી ઉપરના શબ્દો ઉચ્ચાર્યા હતા.

આ વર્ષ ૧૯૫૫નું ચોમાસું કોરું ગયું અને ૧૯૫૬નો ભયંકર દુકાળ પડ્યો.

[૮૦૩] ૫ મોરબી, ચૈત્ર વદ ૯, ગુરુ, ૧૯૫૫

પરમ સત્ રિબાતું હોય તો તેવા વિશિષ્ટ પ્રસંગે સમ્યક્દૃષ્ટિ દેવતા સાર-સંભાળ કરે; પ્રગટ પણ આવે. પણ બહુ જૂજ પ્રસંગમાં.

યોગી કે તેવી વિશિષ્ટ શક્તિવાળા તેવા પ્રસંગે સહાય કરે.

જીવને મતિકલ્પનાથી એમ ભાસે કે મને દેવતાનાં દર્શન થાય છે, મારી પાસે દેવતા આવે છે, મને દર્શન થાય છે. દેવતા એમ દેખાવ ન દે.

પ્ર૦–શ્રી નવપદ પૂજામાં આવે છે કે[1] 'જ્ઞાન એહિ જ આત્મા.' આત્મા પોતે જ્ઞાન છે તો પછી ભણવા ગણવાની કે શાસ્ત્રાભ્યાસની શી જરૂર? ભણેલું બધું કલ્પિત ગણી પરિણામે ભૂલ્યે છૂટકો છે, તો પછી ભણવાની, ઉપદેશશ્રવણની કે શાસ્ત્રવાંચનાદિની શી જરૂર?

ઉ૦–'જ્ઞાન એહિ જ આત્મા' એ એકાંત નિશ્ચયનયથી છે. વ્યવહારથી તો એ જ્ઞાન અવરાયેલું છે. તેનો ઉઘાડ કરવાનો છે. એ ઉઘાડ થવા ભણવું, ગણવું, ઉપદેશશ્રવણ, શાસ્ત્રવાંચન આદિ સાધનરૂપ છે. પણ એ ભણવું, ગણવું, ઉપદેશશ્રવણ અને શાસ્ત્રવાંચન આદિ સમ્યક્દૃષ્ટિએ થવું જોઈએ. આ શ્રુતજ્ઞાન કહેવાય છે. સંપૂર્ણ નિરાવરણ જ્ઞાન થતાં સુધી એ શ્રુતજ્ઞાનના અવલંબનની જરૂર છે. 'હું જ્ઞાન છું,' 'હું બ્રહ્મ છું' એમ પોકાર્યે જ્ઞાન કે બ્રહ્મ થઈ જવાતું નથી. તે રૂપ થવા સત્શાસ્ત્રાદિ સેવવાં જોઈએ.

---

[૮૦૪] ૬ મોરબી, ચૈત્ર વદ ૧૦, ૧૯૫૫

પ્ર૦–પારકાના મનના પર્યાય જાણી શકાય?

ઉ૦–હા. જાણી શકાય છે. સ્વમનના પર્યાય જાણી શકાય, તો પરમનના પર્યાય જાણવા સુલભ છે. સ્વમનના પર્યાય જાણવા પણ મુશ્કેલ છે. સ્વમન સમજાય તો તે વશ થાય. સમજાવા સદ્વિચાર અને સતત એકાગ્ર ઉપયોગની જરૂર છે.

આસનજયથી ઉત્થાનવૃત્તિ ઉપશમે છે; ઉપયોગ અચપળ થઈ શકે છે, નિદ્રા ઓછી થઈ શકે છે.

તડકાના પ્રકાશમાં સૂક્ષ્મ રજ જેવું જે દેખાય છે, તે અણુ નથી, પણ અનેક પરમાણુઓનો બનેલો સ્કંધ છે. પરમાણુ ચક્ષુએ જોયાં ન જાય. ચક્ષુઇંદ્રિયલબ્ધિના પ્રબળ ક્ષયોપશમવાળા જીવ, દૂરદેશીલબ્ધિસંપન્ન યોગી અથવા કેવલીથી તે દેખી શકાય છે.

---

[૮૦૫] ૭ મોરબી, ચૈત્ર વદ ૧૧, ૧૯૫૫

'મોક્ષમાળા' અમે સોળ વરસ અને પાંચ માસની ઉમ્મરે ત્રણ દિવસમાં રચી હતી. ૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ ફરી લખવો પડ્યો હતો, અને તે ઠેકાણે 'બહુ પુણ્ય કેરા પુંજથી'નું અમૂલ્ય તાત્ત્વિક વિચારનું કાવ્ય મૂક્યું હતું.

જૈનમાર્ગને યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્તમાર્ગથી કંઈ પણ

---

૧ "જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે."

ન્યૂનાધિક તેમાં કહ્યુ નથી. વીતરાગમાર્ગ પર આબાલવૃદ્ધની રુચિ થાય, તેનુ સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમા રોપાય તેવા હેતુએ બાલાવબોધરૂપ યોજના તેની કરી છે. પણ લોકોને વિવેક, વિચાર, કદર ક્યાં છે? આત્મકલ્યાણની ઇચ્છા જ ઓછી. તે શૈલી તથા તે બોધને અનુસરવા પણ એ નમૂનો આપેલ છે. એનો 'પ્રજ્ઞાવબોધ' ભાગ ભિન્ન છે તે કોઈ કરશે.

એ છપાતાં વિલંબ થયેલ તેથી ગ્રાહકોની આકુળતા ટાળવા 'ભાવનાબોધ' ત્યાર પછી રચી ઉપહાર રૂપે ગ્રાહકોને આપ્યો હતો.

હું કોણ છું ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?

એ પર જીવ વિચાર કરે તો તેને નવે તત્ત્વનો, તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ બોધ મળી જાય એમ છે. એમાં તત્ત્વજ્ઞાન સંપૂર્ણ સમાવેશ પામે છે. શાન્તિપૂર્વક, વિવેકથી વિચારવું જોઇએ.

ઝાઝા લાંબા લેખથી કંઈ જ્ઞાનની વિદ્વત્તાની તુલના ન થાય પણ સામાન્યપણે જીવોને એ તુલનાની ગમ નથી.

[1]પ્ર૦–કિરતચંદભાઈ જિનાલય પૂજા કરવા જાય છે?

[2]ઉ૦–ના સાહેબ, વખત નથી મળતો.

વખત કેમ નથી મળતો? વખત તો ધારે તો મળી શકે, પ્રમાદ નડે છે. બને તો પૂજા કરવા જવું

કાવ્ય, સાહિત્ય કે સંગીત આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત છે. કલ્પિત એટલે નિરર્થક, સાર્થક નહી તે, જીવની કલ્પનામાત્ર. ભક્તિપ્રયોજનરૂપ કે આત્માર્થે ન હોય તે બધું કલ્પિત જ.

---

[૮૦૬] ૮ મોરબી, ચૈત્ર વદ ૧૨, ૧૯૫૫

શ્રીમદ્ આનંદઘનજી શ્રી અજિતનાથજીના સ્તવનમાં સ્તવે છે:—

'તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર – પંથડો૦'

એનો અર્થ શું? જેમ યોગનું, મન, વચન, કાયાનું તારતમ્ય અર્થાત્ અધિકપણું તેમ વાસનાનું પણ અધિકપણું, એવો 'તરતમ યોગે રે તરતમ વાસના રે'નો અર્થ થાય છે, અર્થાત્ કોઈ બળવાન યોગવાળો પુરુષ હોય તેનું મનોબળ, વચનબળ આદિ બળવાન હોય અને તે પંથ પ્રવર્તાવતો હોય પણ જેવો બળવાન મન, વચન આદિ યોગ છે, તેવી જ પાછી બળવાન વાસના મનાવા, પૂજાવા, માન, સત્કાર, અર્થ, વૈભવ આદિની હોય તો તેવી વાસનાવાળાનો બોધ વાસિત બોધ થયો; કષાયયુક્ત બોધ થયો; વિષયાદિની લાલસાવાળો બોધ થયો; માનાર્થે થયો, આત્માર્થે બોધ ન થયો શ્રી આનંદઘનજી શ્રી અજિત પ્રભુને સ્તવે છે કે હે પ્રભુ! એવો વાસિત બોધ આધારરૂપ છે તે મારે નથી જોઇતો. મારે તો કષાયરહિત, આત્માર્થસંપન્ન, માનાદિ વાસનારહિત એવો બોધ જોઇએ છે. એવા પંથની ગવેષણા હું કરી રહ્યો છું. મન વચનાદિ બળવાન યોગવાળા જુદા જુદા પુરુષો બોધ પ્રરૂપતા આવ્યા છે, પ્રરૂપે છે; પણ હે પ્રભુ! વાસનાના કારણે તે બોધ વાસિત છે, મારે તો નિર્વાસિત

---

૧. શ્રીમદે પૂછ્યું. ૨. શ્રી મનસુખભાઈનો પ્રત્યુત્તર.

બોધ જોઈએ છે. તે તો, હે વાસના વિષય કષાયાદિ જેણે જીત્યા છે એવા જિન વીતરાગ અજિત દેવ! તારો છે. તે તારા પંથને હું ખોજી, નિહાળી રહ્યો છું. તે આધાર મારે જોઈએ છે. કારણ કે પ્રગટ સત્યથી ધર્મપ્રાપ્તિ થાય છે.

આનંદઘનજીની ચોવીશી મુખપાઠે કરવા યોગ્ય છે. તેના અર્થ વિવેચનપૂર્વક લખવા યોગ્ય છે. તેમ કરશો.

---

[૮૦૭] ૯ મોરબી, ચૈત્ર વદ ૧૪, ૧૯૫૫

પ્ર૦—આપ જેવા સમર્થ પુરુષથી લોકોપકાર થાય એવી ઇચ્છા રહે એ સ્વાભાવિક છે.

ઉ૦—લોકાનુગ્રહ સારો ને જરૂરનો કે આત્મહિત?

મ૦—સાહેબ, બન્નેની જરૂર છે

શ્રીમદ્૦—

શ્રી હેમચંદ્રાચાર્યને થયાં આઠસો વરસ થયાં. શ્રી આનંદઘનજીને થયાં બસો વરસ થયાં. શ્રી હેમચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો. શ્રી આનંદઘનજીએ આત્મહિત સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. શ્રી હેમચંદ્રાચાર્ય મહાપ્રભાવક બળવાન ક્ષયોપશમવાળા પુરુષ હતા. તેઓ ધારત તો જુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન હતા. તેમણે ત્રીશ હજાર ઘરને શ્રાવક કર્યાં. ત્રીશ હજાર ઘર એટલે સવાથી દોઢ લાખ માણસની સંખ્યા થઈ. શ્રી સહજાનંદજીના સંપ્રદાયમાં એક લાખ માણસ હશે. એક લાખના સમૂહથી સહજાનંદજીએ પોતાનો સંપ્રદાય પ્રવર્તાવ્યો, તો દોઢ લાખ અનુયાયીઓનો એક જુદો સંપ્રદાય શ્રી હેમચંદ્રાચાર્ય ધારત તો પ્રવર્તાવી શકત.

પણ શ્રી હેમચંદ્રાચાર્યને લાગ્યું કે સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર જ ધર્મપ્રવર્તક હોઈ શકે. અમે તો તીર્થંકરોની આજ્ઞાએ ચાલી તેમના પરમાર્થમાર્ગનો પ્રકાશ કરવા પ્રયત્ન કરનારા. વીતરાગમાર્ગનો પરમાર્થ પ્રકાશવારૂપ લોકાનુગ્રહ શ્રી હેમચંદ્રાચાર્યે કર્યો. તેમ કરવાની જરૂર હતી. વીતરાગમાર્ગ પ્રતિ વિમુખતા અને અન્ય માર્ગ તરફથી વિષમતા, ઈર્ષ્યા આદિ શરૂ થઈ ચૂક્યા હતાં. આવી વિષમતામાં વીતરાગમાર્ગ ભણી લોકોને વાળવા, લોકોપકારની તથા તે માર્ગના રક્ષણની તેમને જરૂર જણાઈ. અમારું ગમે તેમ થાઓ, આ માર્ગનું રક્ષણ થવું જોઈએ. એ પ્રકારે તેમણે સ્વાર્પણ કર્યું. પણ આમ તેવા જ કરી શકે. તેવા ભાગ્યવાન, માહાત્મ્યવાન, ક્ષયોપશમવાન જ કરી શકે. જુદાં જુદાં દર્શનોનો યથાવત્ તોલ કરી અમુક દર્શન સંપૂર્ણ સત્યસ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે તેવા પુરુષ લોકાનુગ્રહ, પરમાર્થપ્રકાશ, આત્માર્પણ કરી શકે.

શ્રી હેમચંદ્રાચાર્યે ઘણું કર્યું. શ્રી આનંદઘનજી તેમના પછી છસો વરસે થયા. એ છસો વરસના અંતરાળમાં બીજા તેવા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. વિષમતા વ્યાપતી જતી હતી. કાળ તેમ સ્વરૂપ લેતો જતો હતો. શ્રી વલ્લભાચાર્યે શૃંગારયુક્ત ધર્મ પ્રરૂપ્યો. શૃંગારયુક્ત ધર્મ ભણી લોકો વળ્યા, આકર્ષાયા. વીતરાગધર્મવિમુખતા વધતી ચાલી. અનાદિથી જીવ શૃંગાર આદિ વિભાવમાં તો મૂર્છા પામી રહ્યા છે, તેને વૈરાગ્ય સન્મુખ થવું મુશ્કેલ છે.

ત્યાં તેની પાસે શૃંગાર જ ધર્મરૂપે મુકાય તો તે વૈરાગ્ય ભણી કેમ વળી શકે ? આમ વીતરાગમાર્ગવિમુખતા વધી.

ત્યાં પ્રતિમાપ્રતિપક્ષ–સંપ્રદાય જૈનમાં જ ઊભો થયો ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિન પ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિવિમુખ થયા. વીતરાગશાસ્ત્ર કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક તો સમૂળગા ખંડાયા. આમ આ છસો વરસના અંતરાળમાં વીતરાગમાર્ગરક્ષક બીજા હેમચંદ્રાચાર્યની જરૂર હતી. અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવશાલી નહીં. એટલે વિષમતા સામે ટકી ન શકાયું. વિષમતા વધતી ચાલી. ત્યાં શ્રી આનંદઘનજી બસો વરસ પૂર્વે થયા.

શ્રી આનંદઘનજીએ સ્વપર હિતબુદ્ધિથી લોકોપકાર–પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઈ હતી કે લોકો ધર્મને કે આનંદઘનજીને પિછાણી ન શક્યાં, ઓળખી કદર કરી ન શક્યા. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતાયોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઈ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્તવું યોગ્ય છે આવી વિચારણાએ પરિણામે તે લોકસંગ ત્યજી દઈ વનમાં ચાલી નીકળ્યા. વનમાં વિચરતા છતાં અપ્રગટપણે રહી ચોવીશી, પદ આદિ વડે લોકોપકાર તો કરી જ ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ છે.

પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન શક્યાં. પણ આનંદઘનજી તો અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા. અત્યારે તો શ્રી આનંદઘનજીના વખત કરતાં પણ વધારે વિષમતા, વીતરાગમાર્ગવિમુખતા વ્યાપેલી છે.

શ્રી આનંદઘનજીને સિદ્ધાંતબોધ તીવ્ર હતો તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં હતા. 'ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર અનુભવ રે' ઇત્યાદિ પંચાંગીનું નામ તેમના શ્રી નમિનાથજીના સ્તવનમાં ન આવ્યું હોત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા કે દિગંબર સંપ્રદાયના ?

---

[૮૦૮] ૧૦ મોરબી, ચૈત્ર વદ ૦)), ૧૯૫૫

આ ભારતવર્ષની અધોગતિ જૈન ધર્મથી થઈ એમ મહીપતરામ રૂપરામ કહેતા, લખતા. દશેક વરસ પર અમદાવાદમાં મેળાપ થતાં તેમને પૂછ્યું :—

પ્ર૦–ભાઈ, જૈનધર્મ અહિંસા, સત્ય, સંપ, દયા, સર્વ પ્રાણીહિત, પરમાર્થ, પરોપકાર, ન્યાય, નીતિ, આરોગ્યપ્રદ આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિનો બોધ કરે છે ?

(મહીપતરામે ઉત્તર આપ્યો) મ૦ ઉ૦–હા.

પ્ર૦–ભાઈ, જૈન ધર્મ હિંસા, અસત્ય, ચોરી, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થપરાયણતા, અન્યાય, અનીતિ, છળકપટ, વિરુદ્ધ આહારવિહાર, મોજશોખ, વિષયલાલસા, આળસ–પ્રમાદ આદિનો નિષેધ કરે છે ?

મ૦ ઉ૦–હા.

પ્ર૦–દેશની અધોગતિ શાથી થાય? અહિંસા, સત્ય, સંપ, દયા, પરોપકાર, પરમાર્થ, સર્વ પ્રાણીહિત, ન્યાય, નીતિ, આરોગ્ય આપે અને રક્ષે એવાં શુદ્ધ સાદાં આહાર–પાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી કે તેથી વિપરીત એવાં હિંસા, અસત્ય, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થ-પટુતા, છળકપટ, અન્યાય અનીતિ, આરોગ્ય બગાડે અને શરીર–મનને અશક્ત કરે એવા વિરુદ્ધ આહાર–વિહાર, વ્યસન, મોજશોખ, આળસપ્રમાદ આદિથી?

મ૦ ઉ૦–બીજાંથી અર્થાત્ વિપરીત એવાં હિંસા, અસત્ય, કુસંપ, પ્રમાદ આદિથી.

પ્ર૦–ત્યારે દેશની ઉન્નતિ એ બીજાંથી ઊલટાં એવાં અહિંસા, સત્ય, સંપ, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી થાય?

મ૦ ઉ૦–હા.

પ્ર૦–ત્યારે 'જૈન ધર્મ' દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો?

મ૦ ઉ૦–ભાઈ, હું કબૂલ કરું છું કે 'જૈન ધર્મ' જેથી દેશની ઉન્નતિ થાય એવાં સાધનોનો બોધ કરે છે આવી સૂક્ષ્મતાથી વિવેકપૂર્વક મેં વિચાર કર્યો ન હતો. અમને તો નાનપણમા પાદરીની શાળામાં શીખતાં સંસ્કાર થયેલા, તેથી વગર વિચારે અમે કહી દીધું, લખી માર્યું. મહીપતરામે સરળતાથી કબૂલ કર્યું. સત્યશોધનમાં સરળતાની જરૂર છે. સત્યનો મર્મ લેવા વિવેકપૂર્વક મર્મમાં ઊતરવું જોઈએ.

---

[૮૦૯] ૧૧ મોરબી, વૈશાખ સુદ ૨, રવિ ૧૯૫૫

શ્રી આત્મારામજી સરલ હતા. કંઈ ધર્મદાઝ હતી. ખંડનમંડનમાં ન ઊતર્યા હોત તો સારો ઉપકાર કરી શકત. તેમના શિષ્યસમુદાયમાં કંઈક સરલતા રહી છે. કોઈ કોઈ સંન્યાસીઓ વધારે સરલ જોવામાં આવે છે. શ્રાવકપણું કે સાધુપણું કુલ સંપ્રદાયમાં નહીં, આત્મામાં જોઈએ.

'જ્યોતિષ'ને કલ્પિત ગણી અમે ત્યાગી દીધું. લોકોમાં આત્માર્થતા બહુ ઓછી થઈ ગઈ છે; નહીંવત્ રહી છે. સ્વાર્થહેતુએ એ અંગે લોકોએ અમને પજવી મારવા માંડ્યા. આત્માર્થ સરે નહીં એવા એ જ્યોતિષના વિષયને કલ્પિત (સાર્થક નહીં) ગણી અમે ગૌણ કરી દીધો, ગોપવી દીધો.

ગઈ રાત્રે શ્રી આનંદઘનજીનું શ્રી મલ્લિનાથનું સદ્દેવતત્ત્વ નિરૂપણ કરતું સ્તવન ચર્ચાતું હતું તે વખતે વચમા તમે પ્રશ્ન કર્યો તે અંગે અમે સકારણ મૌન રહ્યા હતા. તમારો પ્રશ્ન સંગત અને અનુસંધિવાળો હતો. પણ શ્રોતાઓને એ ગ્રાહ્ય થઈ શકે એવો નહોતો, તેમ કોઈને ન સમજાયાથી વિકલ્પ ઉત્પન્ન કરે એવો હતો. ચાલતા વિષયે શ્રોતાના શ્રવણદોરમાં તૂટ પડે એમ હતું. તેમ તમને સ્વયં ખુલાસો થઈ ગયો છે. હવે પૂછવું છે?

લોકો એક કાર્યની તથા તેના કર્તાની પ્રશંસા કરે છે એ ઠીક છે એ એ કાર્યને ઉત્તેજક તથા તેના કર્તાના ઉત્સાહને વધારનાર છે. પણ સાથે એ કાર્યમાં જે ખામી હોય તે પણ વિવેક અને મિલનસારીથી સભ્યતાપૂર્વક બતાવવી જોઈએ, કે જેથી ફરી ખામીનો અવકાશ ન રહે અને તે કાર્ય ખામીરહિત થઈ પૂર્ણ થાય. એકલી પ્રશંસા–ગાણાથી ન

સરે. એથી તો ઊલટું મિથ્યાભિમાન વધે. હાલના માનપત્રાદિમાં આ પ્રથા વિશેષ છે. વિવેક જોઈએ.

મ૦—સાહેબ! ચંદ્રસૂરિ આપને યાદ કરી પૃચ્છા કરતા હતા. આપ અહીં છો એ એમને ખબર ન હતી. આપને મળવા માટે આવ્યા છે.

શ્રીમદ્-પરિગ્રહધારી યતિઓને સન્માનવાથી મિથ્યાત્વને પોષણ મળે છે, માર્ગનો વિરોધ થાય છે. દાક્ષિણ્યતા-સભ્યતા પણ જાળવવાં જોઇએ. ચંદ્રસૂરિ અમારા માટે આવ્યા છે. પણ જીવને છોડવું ગમતુ નથી, મિથ્યા ડાહી ડાહી વાતો કરવી છે, માન મૂકવું ગમતુ નથી તેથી આત્માર્થ ન સરે.

અમારા માટે આવ્યા, તેથી સભ્યતા ધર્મ જાળવવા તેમની પાસે ગયા. સામા પક્ષવાળા સ્થાનક સંપ્રદાયના કહેશે કે એમને એમનો રાગ છે, તેથી ત્યા ગયા, અમારી પાસે નથી આવતા. પણ જીવને હેતુ, કારણ વિચારવા નથી મિથ્યા દૂષણ, ખાલી આરોપ આપવા તૈયાર છે. તેવી વર્તના ગયે છૂટકો છે. ભવપરિપાકે સદ્‌વિચાર સ્ફુરે અને હેતુ, પરમાર્થનો વિચાર ઊગે.

મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું.

શ્રી કબીરનુ અંતર સમજ્યા વિના ભોળાઇથી લોકો પજવવા માડ્યા આ વિક્ષેપ ટાળવા કબીરજી વેશ્યાને ત્યા જઈ બેઠા. લોકસમૂહ પાછો વળ્યો કબીરજી ભ્રષ્ટ થઈ ગયા એમ લોકો કહેવા લાગ્યા. સાચા ભકતો થોડા હતા તે કબીરને વળગી રહ્યા. કબીરજીનો વિક્ષેપ તો ટળ્યો પણ બીજાએ તેનું અનુકરણ ન કરવું.

નરસિંહ મહેતા ગાઈ ગયા છે કે :—

મારું ગાયુ ગાશે તે ઝાઝા ગોદા ખાશે;
સમજીને ગાશે તે વહેલો વૈકુંઠ જાશે.

તાત્પર્ય કે સમજીને વિવેકપૂર્વક કરવાનુ છે. પોતાની દશા વિના, વિના વિવેકે, સમજ્યા વિના જીવ અનુકરણ કરવા જાય તો માર ખાઇ જ બેસે. માટે મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું. આ વચન સાપેક્ષ છે.

---

૧૨ મુંબઈ, કારતકવદ ૯, ૧૯૫૬

(બીજા ભોઇવાડામાં શ્રી શાંતિનાથજીના દિગમ્બરી મંદિરમાં દર્શન પ્રસંગનું વર્ણન)

પ્રતિમા નીરખી છેટેથી વંદન કર્યુ.

ત્રણ વાર પંચાંગ પ્રણામ કર્યા

શ્રી આનંદઘનજીનું શ્રી પદ્મપ્રભુનુ સ્તવન સુમધુર, ગંભીર, સુસ્પષ્ટ ધ્વનિએ ગાયુ.

જિન પ્રતિમાના ચરણ તળાસ્યા

એક નાની પંચધાતુની જિન પ્રતિમા કાયોત્સર્ગમુદ્રાની અંદરથી કોરી કાઢેલી હતી. તે સિદ્ધની અવસ્થામા થતા ઘનની સૂચક હતી ને અવગાહના બતાવી કે જે દેહે આત્મા સંપૂર્ણ સિદ્ધ થાય તે દેહપ્રમાણથી કિંચિત્ ન્યૂન જે ક્ષેત્રપ્રમાણ ઘન થાય ને અવગાહના. જીવો જુદા જુદા સિદ્ધ થયા. તે એક ક્ષેત્રે સ્થિત છતા પ્રત્યેક જુદા જુદા છે. નિજ ક્ષેત્ર ઘનપ્રમાણ અવગાહનાએ છે.

પ્રત્યેક સિદ્ધાત્માની જ્ઞાયક સત્તા લોકાલોકપ્રમાણ, લોકને જાણનાર છતાં લોકથી ભિન્ન છે.

જુદા જુદા પ્રત્યેક દીવાનો પ્રકાશ એક થઈ ગયા છતાં દીવા જેમ જુદા જુદા છે, એ ન્યાયે પ્રત્યેક સિદ્ધ આત્મા જુદા જુદા છે.

આ મુક્તાગિરિ આદિ તીર્થોની છબીઓ છે.

આ ગોમટેશ્વર નામથી પ્રસિદ્ધ શ્રી બાહુબળસ્વામીની પ્રતિમાની છબી છે. બેંગલોર પાસે એકાંત જંગલમાં ડુંગરમાંથી કોતરી કાઢેલી સિત્તેર ફૂટ ઊંચી આ ભવ્ય પ્રતિમા છે. આઠમા સૈકામાં શ્રી ચામુંડરાયે એની પ્રતિષ્ઠા કરી છે. અડોલ ધ્યાને કાઉસગ્ગમુદ્રાએ શ્રી બાહુબળજી અનિમેષનેત્રે ઊભા છે. હાથપગે વૃક્ષની વેલીઓ વીંટાઈ છતાં દેહભાનરહિત ધ્યાનસ્થ શ્રી બાહુબલજીને તેની ખબર નથી કૈવલ્ય પ્રગટ થવા યોગ્ય દશા છતાં જરા માનનો અંકુરો નડ્યો છે. "વીરા મારા ગજ થકી ઊતરો" એ માનરૂપી ગજથી ઊતરવાના પોતાની બહેનો બ્રાહ્મી અને સુંદરીના શબ્દો કર્ણગોચર થતાં સુવિચારે સજ્જ થઈ, માન મોડવા તૈયાર થતાં કૈવલ્ય પ્રગટ્યું તે આ શ્રી બાહુબળજીની ધ્યાનસ્થ મુદ્રા છે.

(દર્શન કરી શ્રી મંદિરની જ્ઞાનશાળામાં)

'શ્રી ગોમટ્ટસાર' લઈ તેનો સ્વાધ્યાય કર્યો

શ્રી 'પાંડવપુરાણ'માંનો પ્રદ્યુમ્ન અધિકાર વર્ણવ્યો. પ્રદ્યુમ્નનો વૈરાગ્ય ગાયો.

વસુદેવે પૂર્વભવમાં સુરૂપસંપન્ન થવાના નિયાણાપૂર્વક ઉગ્ર તપશ્ચર્યા કરી.

ભાવનારૂપ તપશ્ચર્યા ફળી. સુરૂપસંપન્ન દેહ પામ્યા. તે સુરૂપ ઘણા વિક્ષેપનું કારણ થયું. સ્ત્રીઓ વ્યામોહ પામી પાછળ ફરવા લાગી. નિયાણાનો દોષ વસુદેવને પ્રત્યક્ષ થયો. વિક્ષેપથી છૂટવા ભાગી જવું પડ્યું.

'મને આ તપશ્ચર્યાથી ઋદ્ધિ મળો કે વૈભવ મળો કે અમુક ઇચ્છિત થાઓ' એવી ઇચ્છાને નિયાણું, નિદાન દોષ કહે છે. તેવું નિયાણું ન બાંધવું ઘટે.

[૮૩૫-૧]

૧૩ મુંબઈ કા. વદ ૯, ૧૯૫૬

'અવગાહના' એટલે અવગાહના. અવગાહના એટલે કદ આકાર એમ નહીં. કેટલા તત્ત્વના પારિભાષિક શબ્દો એવા હોય છે કે જેનો અર્થ બીજા શબ્દોથી વ્યક્ત ન કરી શકાય; જેને અનુરૂપ બીજા શબ્દ ન મળે; જે સમજ્યા જાય પણ વ્યક્ત ન કરી શકાય

અવગાહના એવા શબ્દ છે. ઘણા બોધે, વિશેષ વિચારે, એ સમજી શકાય. અવગાહના ક્ષેત્રવ્યાશ્રયી છે. જુદું છતાં એકમેક થઈ ભળી જવું, છતાં જુદું રહેવું. આમ સિદ્ધ આત્માનું જેટલા ક્ષેત્રપ્રમાણનું વ્યાપકપણું તે તેની અવગાહના કહી છે.

[૮૩૫-૧]

૧૪ મુંબઈ, કાર્તિક વદ ૯, ૧૯૫૬

જે બહુ ભોગવાય છે તે બહુ ક્ષીણ થાય છે. સમતાએ કર્મ ભોગવતાં તે નિર્જરે છે; [illegible] છે. શારીરિક વિષય ભોગવતાં શારીરિક શક્તિ ક્ષીણ થાય છે.

જ્ઞાનીનો માર્ગ સુલભ છે, પણ તે પામવો દુર્લભ છે; એ માર્ગ વિકટ નથી. સીધો છે, પણ તે પામવો વિકટ છે. પ્રથમ સાચા જ્ઞાની જોઈએ. તે ઓળખાવા જોઈએ. તેની પ્રતીતિ આવવી જોઈએ. પછી તેનાં વચન પર શ્રદ્ધા રાખી નિ:શંકપણે ચાલતાં માર્ગ સુલભ છે, પણ જ્ઞાની મળવા અને ઓળખાવા એ વિકટ છે, દુર્લભ છે.

ગીચ ઝાડીમાં ભૂલા પડેલા માણસને વનોપકંઠે જવાનો માર્ગ કોઈ દેખાડે કે 'જા નીચે નીચે ચાલ્યો જા રસ્તો સુલભ છે, આ રસ્તો સુલભ છે.' પણ એ ભૂલા પડેલા માણસને જવું વિકટ છે, એ માર્ગે જતા પહોચશું કે નહી એ શંકા નડે છે. શંકા કર્યા વિના જ્ઞાનીઓનો માર્ગ આરાધે તો તે પામવો સુલભ છે

---

[૮૩૬] ૧૫ મુંબઈ, કારતક વદ ૧૧, ૧૯૫૬

શ્રી સત્શ્રુત,

૧. શ્રી પાંડવ પુરાણે પ્રદ્યુમ્ન ચરિત્ર.
૨. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય
૩. શ્રી પદ્મનંદિ પંચવિંશતિ.
૪. શ્રી ગોમટ્ટસાર.
૫. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર.
૬. શ્રી આત્માનુશાસન.
૭. શ્રી મોક્ષમાર્ગપ્રકાશ.
૮. શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા.
૯ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય
૧૦. શ્રી ક્રિયાકોષ
૧૧. શ્રી ક્ષપણાસાર
૧૨. શ્રી લબ્ધિસાર.
૧૩. શ્રી ત્રિલોકસાર.
૧૪. શ્રી તત્ત્વસાર
૧૫. શ્રી પ્રવચનસાર.
૧૬. શ્રી સમયસાર.
૧૭. શ્રી પંચાસ્તિકાય.
૧૮. શ્રી અષ્ટપ્રાભૃત.
૧૯ શ્રી પરમાત્મ પ્રકાશ.
૨૦. શ્રી રયણસાર

આદિ અનેક છે. ઇંદ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે. અમૃત છે.

[૮૩૬-૭] ૧૬ મુંબઈ, કાર્તિક વદ ૧૧, ૧૯૫૬

જ્ઞાનીને ઓળખો; ઓળખીને એઓની આજ્ઞા આરાધો જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ છે.

જ્ઞાનીઓ જગતને તૃણવત્ ગણે છે, એ એઓના જ્ઞાનનો મહિમા સમજવો.

કોઈ મિથ્યાભિનિવેશી જ્ઞાનનો ડોળ કરી જગતનો ભાર મિથ્યા શિર વહતો હોય તો તે હાંસીપાત્ર છે.

[૮૭૮-૨૩] ૧૭ મુંબઈ, કારતક વદ ૧૧, ૧૯૫૬

વસ્તુતઃ બે વસ્તુઓ છે જીવ અને અજીવ. સુવર્ણનામ લોકોએ કલ્પિત આપ્યું. તેની ભસ્મ થઈને પેટમાં ગયું. વિષ્ટા પરિણામી ખાતર થયું, ક્ષેત્રમાં ઊગ્યું; ધાન્ય થયું; લોકોએ ખાધું; કાળાંતરે લોહું થયું. વસ્તુતઃ એક દ્રવ્યના પર્યાયોને કલ્પનારૂપે જુદાં જુદાં નામ

અપાયાં. એક દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયો વડે લોક ભ્રાન્તિમાં પડી ગયું. એ ભ્રાન્તિએ મમતાને જન્મ આપ્યો.

રૂપિયા વસ્તુતઃ છે, છતાં લેણદાર દેણદારને મિથ્યા ઝઘડા થાય છે. લેણદારની અધીરાઈથી એને મન રૂપિયા ગયા જાણે છે. વસ્તુતઃ રૂપિયા છે, તેમજ જુદી જુદી કલ્પનાએ ભ્રમજાળ પાથરી દીધી છે, તેમાંથી જીવ–અજીવનો, જડ–ચૈતન્યનો ભેદ કરવો એ વિકટ થઈ પડ્યું છે. ભ્રમજાળ યથાર્થ લક્ષમાં ઊતરે, તો જડ–ચૈતન્ય ક્ષીરનીરવત્ ભિન્ન સ્પષ્ટ ભાસે.

[૮૩૭–૧]

૧૮ મુંબઈ, કા. વદ ૧૨, ૧૯૫૬

'ઇનોક્યુલેશન'—મરકીની રસી રસીના નામે દાક્તરોએ આ ધતિંગ ઊભું કર્યું છે. બિચારાં આ નિરપરાધી અશ્વ આદિને રસીના બહાને રિબાવી મારી નાંખે છે, હિંસા કરી પાપને પોષે છે, પાપ ઉપાર્જે છે. પૂર્વે પાપાનુબંધી ઉપાર્જ્યું છે, તે યોગે વર્તમાનમાં તે પુણ્ય ભોગવે છે, પણ પરિણામે પાપ વહોરે છે; તે બિચારા દાક્તરોને ખબર નથી. રસીથી દરદ દૂર થાય ત્યારની વાત ત્યારે; પણ અત્યારે હિંસા તો પ્રગટ છે. રસીથી એક કાઢતાં બીજું દરદ પણ ઊભું થાય.

[૮૩૭–૨]

૧૯ મુંબઈ, કાર્તિક વદ ૧૨, ૧૯૫૬

પ્રારબ્ધ અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે. પુરુષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી શકે. પ્રારબ્ધમાં હશે તે થશે એમ કહી બેસી રહ્યે કામ ન આવે. નિષ્કામ પુરુષાર્થ કરવો. પ્રારબ્ધને સમપરિણામે વેદવું, ભોગવી લેવું એ મોટો પુરુષાર્થ છે. સામાન્ય જીવ સમપરિણામે વિકલ્પરહિતપણે પ્રારબ્ધ વેદી ન શકે, વિષમ પરિણામ થાય જ. માટે તે ન થવા દેવા, ઓછા થવા ઉદ્યમ સેવવો. સમપણું અને વિકલ્પરહિતપણું સત્સંગથી આવે અને વધે.

---

[૮૪૨]

૨૦ મોરબી, વૈ. સુદ ૮, ૧૯૫૬

'ભગવદ્‌ગીતા'માં પૂર્વાપર વિરોધ છે, તે અવલોકવા તે આપેલ છે. પૂર્વાપર શું વિરોધ છે તે અવલોકનથી જણાઈ આવશે. પૂર્વાપર અવિરોધ એવું દર્શન, એવાં વચન, તે વીતરાગનાં છે.

ભગવદ્‌ગીતા પર ઘણાં ભાષ્ય, ટીકા રચાયાં છે. વિદ્યારણ્ય સ્વામી'ની 'જ્ઞાનેશ્વરી' આદિ. દરેક પોતપોતાની માનીનતા ઉપર ઉતારી ગયા છે. 'થિયોસોફી'વાળી તમને આપેલી ઘણે ભાગે સ્પષ્ટ છે. મણિલાલ નભુભાઈએ ગીતા પર વિવેચનરૂપ ટીકા કરતા મિશ્રતા બડું આણી દીધી છે, મેળભેળ ખીચડો કર્યો છે

વિદ્વત્તા અને જ્ઞાન એ એક સમજવાનું નથી, એક નથી. વિદ્વત્તા હોય છતાં જ્ઞાન ન હોય. સાચી વિદ્વત્તા તે કે જે આત્માર્થે હોય, જેથી આત્માર્થ સરે, આત્મત્વ સમજાય, જ્યાં આત્માર્થ હોય ત્યાં જ્ઞાન હોય, વિદ્વત્તા હોય વા ન પણ હોય.

મણિભાઈ કહે છે ('ષડ્દર્શનસમુચ્ચયની પ્રસ્તાવનામાં) કે હરિભદ્રસૂરિને વેદાંતની ખબર ન હતી, વેદાંતની ખબર હોત તો એની કુશાગ્રબુદ્ધિના હરિભદ્રસૂરિ જૈન તરફથી પોતાનું

વલણ ફેરવી વેદાંતમાં ભળત. ગાઢ મતાભિનિવેશથી મણિભાઈનું આ વચન નીકળ્યું છે. હરિભદ્રસૂરિને વેદાંતની ખબર હતી કે નહીં એ મણિભાઈએ હરિભદ્રસૂરિનો 'ધર્મસંગ્રહણી' જોયો હત તો ખબર પડત. હરિભદ્રસૂરિને વેદાંતાદિ બધા દર્શનોની ખબર હતી. તે બધા દર્શનોની પર્યાલોચનાપૂર્વક તેમણે જૈનદર્શનને પૂર્વાપર અવિરોધ પ્રતીત કર્યું હતું. અવલોકનથી જણાશે. 'ષડ્દર્શનસમુચ્ચય'ના ભાષાંતરમાં દોષ છતાં મણિભાઈએ ભાષાંતર ઠીક કર્યું છે. બીજો એવું પણ ન કરી શકે. એ સુધારી શકાશે.

---

[૮૪૩] ૨૧ શ્રી મોરબી, વૈ. સુદ ૯, ૧૯૫૬

વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય સેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે.

---

[૮૫૭] ૨૨ મોરબી, અષાડ સુદ ૧૯૫૬

'प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमंकः कामिनीसंगशून्यः;
करयुगमपि यत्ते शस्त्रसंबंधवंध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव.'

'તારાં બે ચક્ષુ પ્રશમરસમાં ડૂબેલાં છે, પરમશાંત રસને ઝીલી રહ્યાં છે. તારું મુખકમળ પ્રસન્ન છે; તેમાં પ્રસન્નતા વ્યાપી રહી છે. તારો ખોળો સ્ત્રીના સંગથી રહિત છે. તારા બે હાથ શસ્ત્રસંબંધ વિનાના છે, તારા હાથમાં શસ્ત્ર નથી. આમ તું જ વીતરાગ જગતમાં દેવ છું.

દેવ કોણ? વીતરાગ. દર્શનયોગ્ય મુદ્રા કઈ? વીતરાગતા સૂચવે તે.

'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. દ્રવ્યને, વસ્તુને યથાવત્ લક્ષમાં રાખી વૈરાગ્યનું એમાં નિરૂપણ કર્યું છે. દ્રવ્યનું સ્વરૂપ બતાવનાર ચાર શ્લોક અદ્ભુત છે. એને માટે આ ગ્રંથની રાહ જોતા હતા. ગઈ સાલ જેઠ માસમાં મદ્રાસ ભણી જવું થયું હતું. કાર્તિકસ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન ભવ્ય, ઊંચા, અડોલ વૃત્તિથી ઊભેલા પહાડ નીરખી સ્વામી કાર્તિકેયાદિની અડોલ, વૈરાગ્યમય દિગમ્બરવૃત્તિ યાદ આવતી હતી.

નમસ્કાર તે સ્વામી કાર્તિકેયાદિને.

---

[૮૬૦] ૨૩ મોરબી, શ્રાવણ વદ ૮, ૧૯૫૬

'ષડ્દર્શનસમુચ્ચય,' ને 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ભાષાંતર ગુજરાતીમાં કરવા યોગ્ય છે. ષડ્દર્શનસમુચ્ચય'નું ભાષાંતર થયેલ છે પણ તે સુધારી ફરી કરવા યોગ્ય છે. ધીમે ધીમે થશે, કરશો. આનંદઘનજી ચોવીશીના અર્થ પણ વિવેચન સાથે લખશો.

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे,
अर्हते योगिनाथाय महावीराय तायिने.

શ્રી હેમચંદ્રાચાર્ય 'યોગશાસ્ત્ર'ની રચના કરતાં મંગલાચરણમાં વીતરાગ સર્વજ્ઞ અરિહંત યોગીનાથ મહાવીરને સ્તુતિરૂપે નમસ્કાર કરે છે.

'વાર્યા વારી ન શકાય, વારવા બહુ બહુ મુશ્કેલ એવા રાગ, દ્વેષ, અજ્ઞાનરૂપી શત્રુના સમૂહને જેણે વાર્યા, જીત્યા; જે વીતરાગ સર્વજ્ઞ થયા; વીતરાગ સર્વજ્ઞ થતાં જે અર્હંત્ પૂજવા યોગ્ય થયા; અને વીતરાગ અર્હંત્ થતાં મોક્ષ અર્થે પ્રવર્તન છે જેનું એવા જુદા જુદા યોગીઓના જે નાથ થયા; નેતા થયા; અને એમ નાથ થતાં જે જગતના નાથ, તાત, ત્રાતા થયા; એવા જે મહાવીર તેને નમસ્કાર હો.' અહીં સદ્દેવના અપાયઅપગમ અતિશય, જ્ઞાન અતિશય, વચન અતિશય અને પૂજા અતિશય સૂચવ્યા. આ મંગલ સ્તુતિમાં સમગ્ર 'યોગશાસ્ત્ર'નો સાર સમાવી દીધો છે. સદ્દેવનું નિરૂપણ કર્યું છે. સમગ્ર વસ્તુસ્વરૂપ, તત્ત્વજ્ઞાન સમાવી દીધું છે. ઉકેલનાર ખોજક જોઈએ.

લૌકિક મેળામા વૃત્તિને ચંચળ કરે એવા પ્રસંગ વિશેષ હોય. સાચો મેળો સત્સંગનો. એવા મેળામાં વૃત્તિની ચંચળતા ઓછી થાય, દૂર થાય. માટે સત્સંગમેળાને જ્ઞાનીઓએ વખાણ્યો છે, ઉપદેશ્યો છે.

[૮૯૫-૧] ૨૪ વઢવાણ કેમ્પ, ભાદ્રપદ વદ, ૧૯૫૬

'મોક્ષમાળા'ના પાઠ અમે માપી માપીને લખ્યા છે. ફરી આવૃત્તિ અંગે સુખ ઉપજે તેમ પ્રવર્તો. કેટલાંક વાકચ નીચે લીટી દોરી છે તેમ કરવા જરૂર નથી. શ્રોતા વાંચકને બનતાં સુધી આપણા અભિપ્રાયે ન દોરવા લક્ષ રાખવું. શ્રોતા વાચકમા પોતાની મેળે અભિપ્રાય ઊગવા દેવો. સારાસાર તોલ કરવાનું વાંચનાર શ્રોતાના પર છોડી દેવું. આપણે તેમને દોરી તેમને પોતાને ઊગી શકે એવા અભિપ્રાયને થંભી ન દેવો.

[1]'પ્રજ્ઞાવબોધ' ભાગ 'મોક્ષમાળા'ના ૧૦૮ મણકા અત્રે લખાવશું.

પરમ સત્શ્રુતના પ્રચારરૂપ એક યોજના ધારી છે. તે પ્રચાર થઈ પરમાર્થમાર્ગ પ્રકાશ પામે તેમ થશે.

---

[૮૯૭] ૨૫ મુંબઈ, માટુંગા, માગશર, ૧૯૫૭

શ્રી 'શાંતસુધારસ'નુ પણ ફરી વિવેચનરૂપ ભાષાંતર કરવા યોગ્ય છે, તે કરશો.

---

[૮૯૮] ૨૬ મુંબઈ, શિવ, માગશર, ૧૯૫૭

'देवागमनभोयानचामरादिविभूतयः,
मायाविष्वपि दृश्यंते, नातस्त्वमसि नो महान्'

સ્તુતિકાર શ્રી સમંતભદ્રસૂરિને વીતરાગ દેવ જાણે કહેતા હોય, હે સમંતભદ્ર! આ અમારાં અષ્ટપ્રાતિહાર્ય આદિ વિભૂતિ તું જો; અમારું મહત્વ જો. ત્યારે સિંહ ગુફામાથી ગંભીર પદે બહાર નીકળતાં ત્રાડ પાડે તેમ શ્રી સમંતભદ્રસૂરિ ત્રાડ પાડતા કહે છે:— 'દેવતાઓનું આવવું, આકાશમાં વિચરવું, ચામરાદિ વિભૂતિનું ભોગવવું, ચામરાદિ વૈભવથી વીંઝાવું, એ તો માયાવી એવા ઇંદ્રજાળિયા પણ બનાવી શકે છે. તારા પાસે દેવોનું આવવું થાય છે, વા આકાશમાં વિચરવું વા ચામર છત્ર આદિ વિભૂતિ ભોગવે છે માટે તું અમારા મનને

1. જુઓ આંક ૯૬૬.

મહાન! ના, ના. એ માટે તુ અમારા મનને મહાન નહીં. તેટલાથી તારું મહત્ત્વ નહીં. એવું મહત્ત્વ તો માયાવી ઇંદ્રજાળિયા પણ દેખાડી શકે' ત્યારે મહદેવનું મહત્ત્વ વાસ્તવિક શું? તો કે વીતરાગપણુ. એમ આગળ બતાવે છે.

આ શ્રી સંમતભદ્રસૂરિ વિ૦ સ૦ બીજા સૈકાના થયા. તેઓ શ્વેતામ્બર દિગમ્બર બન્નેમાં એક સરખા સન્માનિત છે. તેઓએ દેવાગમસ્તોત્ર (ઉપર જણાવેલ સ્તુતિ આ સ્તોત્રનુ પ્રથમ પદ છે) અથવા આપ્તમીમાંસા રચેલ છે. તત્ત્વાર્થસૂત્રના મંગલાચરણની ટીકા કરતા આ દેવાગમસ્તોત્ર લખાયો છે. અને તે પર અષ્ટસહસ્રી ટીકા તથા ચોરાશી હજાર શ્લોકપુર 'ગંધહસ્તી મહાભાષ્ય' ટીકા રચાયાં છે.

'मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृतां,
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये'

આ એનુ પ્રથમ મગલ સ્તોત્ર છે .—

મોક્ષમાર્ગના નેતા, કર્મરૂપી પર્વતના ભેત્તા, ભેદનાર, વિશ્વ એટલે સમગ્ર તત્ત્વના જ્ઞાતા, જાણનાર તેને તે ગુણોની પ્રાપ્તિઅર્થે વંદું છુ.

'આપ્તમીમાસા,' 'યોગબિંદુ' નુ અને 'ઉપમિતિભવપ્રપચકથા' નું ગુજરાતી ભાષાંતર કરશો. 'યોગબિંદુ' નું ભાષાંતર થયેલ છે, 'ઉપમિતિભવપ્રપંચ' નુ થાય છે; પણ તે બને ફરી કરવા યોગ્ય છે, તે કરશો, ધીમે ધીમે થશે.

લોકકલ્યાણ હિતરૂપ છે અને તે કર્તવ્ય છે. પોતાની યોગ્યતાની ન્યૂનતાથી અને જોખમદારી ન સમજાઈ શકાવાથી અપકાર ન થાય એ પણ લક્ષ રાખવાનો છે.

---

[૬૪૪] ૨૭[1]

મનઃપર્યવજ્ઞાન કેવી રીતે પ્રગટે? સાધારણપણે દરેક જીવને મતિજ્ઞાન હોય છે. તેને આશ્રયે રહેલા શ્રુતજ્ઞાનમા વધારો થવાથી તે મતિજ્ઞાનનું બળ વધારે છે; એમ અનુક્રમે મતિજ્ઞાન નિર્મળ થવાથી આત્માનુ અસંયમપણું ટળી સયમપણુ થાય છે, ને તેથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. તેને યોગે આત્મા બીજાનો અભિપ્રાય જાણી શકે છે.

લિંગ દેખાવ ઉપરથી બીજાના ક્રોધ હર્ષાદિ ભાવ જાણી શકાય છે, તે મતિજ્ઞાનનો વિષય છે. તેવા દેખાવના અભાવે જે ભાવ જાણી શકાય તે મનઃપર્યવ જ્ઞાનનો વિષય છે.

[૫૦૦–૩૪૭–૧] ૨૮

પાચ ઇન્દ્રિયોના વિષય સંબધી :–

જે જીવને મોહનીય કર્મરૂપી કષાયનો ત્યાગ કરવો હોય, તે તેનો એકદમ ત્યાગ કરવા ધારશે ત્યારે કરી શકાશે તેવા વિશ્વાસ ઉપર રહી તેનો ક્રમે ત્યાગ કરવાનો અભ્યાસ નથી કરતો, તે એકદમ ત્યાગ કરવાનો પ્રસગ આવ્યે મોહનીયકર્મના બળ આગળ ટકી શકતો નથી; કારણ કર્મરૂપ શત્રુને ધીરે ધીરે નિર્બળ કર્યા વિના કાઢી મૂકવાને તે એકદમ

૧ આંક ૨૭ થી આંક ૩૨ અંબાલાલના ને ત્રિભુવનભાઈના ઉતારાનાથી લીધા છે.

અસમર્થ બને છે. આત્માના નિર્બળપણાને લઈને તેના ઉપર મોહનું બળવાનપણું છે. તેનું જોર ઓછું કરવાને આત્મા પ્રયત્ન કરે, તો એકી વખતે તેના ઉપર જય મેળવવાની ધારણામાં તે ઠગાય છે. જ્યાં સુધી મોહવૃત્તિ લડવા સામી નથી આવી ત્યાં સુધી મોહવશ આત્મા પોતાનું બળવાનપણુ ધારે છે, પરંતુ તેવી કસોટીનો પ્રસંગ આવ્યે આત્માને પોતાનું કાયરપણું સમજાય છે, માટે જેમ બને તેમ પાંચ ઇંદ્રિયોના વિષય મોળા કરવા. તેમાં મુખ્યત્વે ઉપસ્થ ઇંદ્રિય અમલમાં લાવવી; એમ અનુક્રમે બીજી ઇંદ્રિયોના વિષયો.

ઇન્દ્રિયના વિષયરૂપી ક્ષેત્રની બે તસુ જમીન જીતવાને આત્મા અસમર્થપણું બતાવે છે અને આખી પૃથ્વી જીતવામાં સમર્થપણુ ધારે છે, એ કેવું આશ્ચર્યરૂપ છે?

પ્રવૃત્તિને આડે આત્મા નિવૃત્તિનો વિચાર કરી શકતો નથી; એમ કહેવું એ માત્ર બહાનું છે. જો થોડો સમય પણ આત્મા પ્રવૃત્તિ છોડી પ્રમાદરહિત હમેશા નિવૃત્તિનો વિચાર કરે, તો તેનું બળ પ્રવૃત્તિમાં પણ પોતાનું કાર્ય કરી શકે છે. કારણ દરેક વસ્તુનો પોતાના વધતા ઓછા બળવાનપણાના પ્રમાણમાં પોતાનું કાર્ય કરવાનો સ્વભાવ છે. માદક ચીજ બીજા ખોરાક સાથે પોતાના અસલના સ્વભાવ પ્રમાણે પરિણમવાને ભૂલી જતી નથી, તેમ જ્ઞાન પણ પોતાનો સ્વભાવ ભૂલતું નથી. માટે દરેક જીવે પ્રમાદરહિત, યોગ, કાળ, નિવૃત્તિ, ને માર્ગનો વિચાર નિરંતર કરવો જોઈએ.

[૩૪૭–૨] ૨૯

વ્રત સંબંધી :—

દરેક જીવે વ્રત લેવું હોય તો સ્પષ્ટાઈની સાથે બીજાની સાક્ષીએ લેવું. તેમાં સ્વેચ્છાએ વર્તવું નહીં. વ્રતમાં રહી શકતો આગાર રાખ્યો હોય અને કારણવિશેષને લઈને વસ્તુનો ઉપયોગ કરવો પડે તો તેમ કરવામા અધિકારી પોતે ન બનવું. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તવું. નહીં તો તેમાં મોળા પડી જવાય છે; અને વ્રતનો ભંગ થાય છે.

[૩૪૭–૩] ૩૦

મોહ–કષાય સંબંધી :—

દરેક જીવની અપેક્ષાએ જ્ઞાનીએ ક્રોધ, માન, માયા અને લોભ એમ અનુક્રમ રાખ્યો છે, તે ક્ષય થવાની અપેક્ષાએ છે.

પહેલો કષાય જવાથી અનુક્રમે બીજા કષાયો જાય છે, અને અમુક અમુક જીવોની અપેક્ષાએ માન, માયા, લોભ અને ક્રોધ એમ ક્રમ રાખેલ છે, તે દેશ, કાળ, ક્ષેત્ર જોઈને. પ્રથમ જીવને બીજાથી ઊંચો મનાવા માન થાય છે, તે અર્થે છળકપટ કરે છે; અને તેથી પૈસા મેળવે છે; અને તેમ કરવામાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ કરે છે. એવી રીતે કષાયની પ્રકૃતિઓ અનુક્રમે બંધાય છે, જેમાં લોભની એટલી બળવત્તર મીઠાશ છે, કે તેમાં જીવ માન પણ ભૂલી જાય છે, ને તેની દરકાર નથી કરતો; માટે માનરૂપી કષાય ઓછો કરવાથી અનુક્રમે બીજા એની મેળે ઓછા થઈ જાય છે.

[૩૪૭-૫] ૩૧

આસ્થા તથા ઇચ્છા :—

દરેક જીવે જીવના અસ્તિત્વથી તે મોક્ષ સુધીની પૂર્ણપણે શ્રદ્ધા રાખવી એમાં જરા પણ શંકા રાખવી નહીં. આ જગ્યાએ અશ્રદ્ધા રાખવી તે જીવને પતિત થવાનું કારણ છે, અને તે એવું સ્થાનક છે કે ત્યાંથી પડવાથી કાંઈ સ્થિતિ રહેતી નથી.

સિત્તેર કોટાકોટિ સાગરોપમ સ્થિતિ અંતર્મુહૂર્ત્તમાં બંધાય છે, જેને લઈને અસંખ્યાતા ભવ ભ્રમણ કરવા પડે છે.

ચારિત્રમોહનો લટકયો તે ઠેકાણે આવે છે, પણ દર્શનમોહનો પડ્યો ઠેકાણે આવતો નથી. કારણ, સમજવા ફેર થવાથી કરવા ફેર થાય છે વીતરાગરૂપ જ્ઞાનીના વચનમાં અન્યથાપણું હોવાનો સંભવ જ નથી. તેના અવલંબને રહી સીધું રેડયું હોય એવી રીતે શ્રદ્ધાને ઓઘે પણ મજબૂત કરવી. જ્યારે જ્યારે શંકા થવાનો પ્રસંગ આવે ત્યારે જીવે વિચારવું કે તેમાં પોતાની ભૂલ જ થાય છે. વીતરાગ પુરુષોએ જ્ઞાન જે મતિથી કહ્યુ છે, તે મતિ આ જીવમાં છે નહીં, અને આ જીવની મતિ તો શાકમાં મીઠું ઓછું પડ્યું હોય તો તેટલામાં જ રોકાઈ જાય છે. તો પછી વીતરાગના જ્ઞાનની મતિનો મુકાબલો ક્યાંથી કરી શકે ? તેથી બારમા ગુણસ્થાનકના અંત સુધી પણ જીવે જ્ઞાનીનું અવલંબન લેવું એમ કહ્યું છે.

અધિકારી નહીં છતાં પણ ઊંચા જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે છે તે માત્ર આ જીવે પોતાને જ્ઞાની તથા ડાહ્યો માની લીધેલો હોવાથી તેનું માન ગાળવાના હેતુથી અને નીચેના સ્થાનકેથી વાતો કહેવામાં આવે છે તે માત્ર તેવો પ્રસંગ પ્રાપ્ત થયે નીચે ને નીચે જ રહે.

---

[૩૯૧] ૩૨ મુંબઈ, આશ્વિન, ૧૯૪૯

जे अबुद्धा महाभागा वीरा असमत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ॥ २२ ॥

जे य बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो ॥ २३ ॥

શ્રી સૂયગડાંગ સૂત્ર, વીર્યાધ્યયન ૮મું ૨૨-૨૩

ઉપર જ્યાં 'સફળ' છે ત્યાં 'અફળ' ઠીક લાગે છે અને 'અફળ' છે ત્યાં 'સફળ' ઠીક લાગે છે, માટે તેમાં લખિત દોષ છે કે બરાબર છે? તેનું સમાધાન કે: લખિત દોષ નથી; સફળ છે ત્યાં સફળ અને અફળ છે ત્યાં અફળ બન્ને બરાબર છે.

મિથ્યાદૃષ્ટિની ક્રિયા સફળ છે, ફળે કરીને સહિત છે. અર્થાત્ તેને પુણ્ય પાપ ફળનું ભોગવવાપણું છે; સમ્યગ્દૃષ્ટિની ક્રિયા અફળ છે, ફળ રહિત છે, તેને ફળ ભોગવવાપણું નથી, અર્થાત્ નિર્જરા છે. એકની મિથ્યાદૃષ્ટિની ક્રિયાનું સંસારહેતુક સફળપણું અને બીજાના, સમ્યગ્દૃષ્ટિની ક્રિયાનું અસંસારહેતુક અફળપણું એમ પરમાર્થ સમજવા યોગ્ય છે.

[૪૧૭] ૩૩ વૈશાખ, ૧૯૫૯

નિત્યનિયમ[1]

ૐ શ્રીમત્પરમગુરુભ્યો નમઃ

સવારમાં ઊઠી ઇર્યાપથિકી પ્રતિક્રમી રાત્રિ-દિવસ જે કંઈ અઢાર પાપસ્થાનકમાં પ્રવૃત્તિ થઈ હોય, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી તથા પંચપરમપદ સંબંધી જે કંઈ અપરાધ થયો હોય, કોઈ પણ જીવ પ્રતિ કિંચિત્માત્ર પણ અપરાધ કર્યો હોય, તે જાણતા અજાણતાં થયો હોય, તે સર્વ ક્ષમાવવા, તેને નિંદવા, વિશેષ નિંદવા, આત્મામાંથી તે અપરાધ વિસર્જન કરી નિઃશલ્ય થવું. રાત્રિએ શયન કરતી વખતે પણ એ જ પ્રમાણે કરવું.

શ્રી સત્પુરુષનાં દર્શન કરી ચાર ઘડી માટે સર્વ સવદ્ય વ્યાપારથી નિવર્તી એક આસન પર સ્થિતિ કરવી. તે સમયમાં 'પરમગુરુ' એ શબ્દની પાંચ માળાઓ ગણી બે ઘડી સુધી સત્શાસ્ત્રનું અધ્યયન કરવું. ત્યાર પછી એક ઘડી કાયોત્સર્ગ કરી શ્રી સત્પુરુષોનાં વચનોનું તે કાયોત્સર્ગમા રટણ કરી સદ્વૃત્તિનું અનુસંધાન કરવું. ત્યાર પછી અરધી ઘડીમાં ભક્તિની વૃત્તિ ઉજમાળ કરનારાં એવાં પદો (આજ્ઞાનુસાર) ઉચ્ચારવાં. અરધી ઘડીમાં 'પરમગુરુ' શબ્દનું કાયોત્સર્ગરૂપે રટણ કરવું અને 'સર્વજ્ઞદેવ' એ નામની પાંચ માળા ગણવી.

હાલ અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્રોઃ—વૈરાગ્યશતક, ઇંદ્રિયપરાજયશતક, શાંતસુધારસ, અધ્યાત્મકલ્પદ્રુમ, યોગદૃષ્ટિસમુચ્ચય, નવતત્ત્વ, મૂળપદ્ધતિ કર્મગ્રંથ, ધર્મબિંદુ, આત્માનુશાસન, ભાવનાબોધ, મોક્ષમાર્ગપ્રકાશ; મોક્ષમાળા, ઉપમિતિભવપ્રપંચ, અધ્યાત્મસાર, શ્રી આનંદઘનજી —ચોવીશીમાંથી નીચેનાં સ્તવનોઃ— ૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૨.

સાતવ્યસન (જુગટું, માંસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રી)નો ત્યાગ.

(અથ સપ્તવ્યસન નામ ચોપાઈ.)

"જૂવા,[1] આમિષ,[2] મદિરા,[3] દારી,[4] આહેટક,[5] ચોરી,[6] પરનારી;[7]
એહિ સપ્તવ્યસન દુઃખદાઈ, દુરિતમૂળ દુર્ગતિકે જાઈ."

એ સપ્તવ્યસનનો ત્યાગ. રાત્રિભોજનનો ત્યાગ. અમુક સિવાય સર્વ વનસ્પતિનો ત્યાગ. અમુક તિથિએ અત્યાગ વનસ્પતિનો પણ પ્રતિબંધ. અમુક રસનો ત્યાગ. અબ્રહ્મચર્યનો ત્યાગ. પરિગ્રહ પરિમાણ.

શરીરમાં વિશેષ રોગાદિ ઉપદ્રવથી, બેભાનપણાથી, રાજા અથવા દેવાદિના બળાત્કારથી અત્રે વિહિત કરેલ નિયમમાં પ્રવર્તતા અશક્ત થવાય તો તે માટે પશ્ચાત્તાપનું સ્થાનક સમજવું. સ્વેચ્છાએ કરીને તે નિયમમાં ન્યૂનાધિકતા કંઈ પણ કરવાની પ્રતિજ્ઞા, સત્પુરુષની આજ્ઞાએ તે નિયમમાં ફેરફાર કરવાથી નિયમ ભંગ નહીં.

---

૧. આ જે નિત્યનિયમ જણાવેલ છે તે 'શ્રીમદ્'ના ઉપદેશામૃતમાંથી લીધી શ્રી ખંભાતના એક મુમુક્ષુ [illegible]

[૫૪૫] ૩૪ શ્રી ખંભાત, આસો સુદ, ૧૯૫૧

સત્ય[1]

વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેવું જાણ્યું, અનુભવ્યું તેવું જ કહેવું તે સત્ય બે પ્રકારે છે. 'પરમાર્થસત્ય અને વ્યવહારસત્ય.'

'પરમાર્થ સત્ય' એટલે આત્માસિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, એમ નિશ્ચય જાણી, ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમા બોલતા પહેલા એક આત્મા સિવાય બીજું કાઈ મારું નથી, એ ઉપયોગ રહેવો જોઈએ. અન્ય આત્માના સંબંધી બોલતા આત્મામાં જાતિ, લિંગ અને તેવા ઔપચારિક ભેદવાળો તે આત્મા ન છતાં માત્ર વ્યવહારનયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે, એવા ઉપયોગપૂર્વક બોલાય તો તે પારમાર્થિક સત્ય ભાષા છે એમ સમજવાનું છે.

૧. દૃષ્ટાંત : એક માણસ પોતાના આરોપિત દેહની, ઘરની, સ્ત્રીની, પુત્રની કે અન્ય પદાર્થની વાત કરતો હોય તે વખત સ્પષ્ટપણે તે તે પદાર્થથી વક્તા હું ભિન્ન છું, અને તે મારા નથી, એમ સ્પષ્ટપણે બોલનારને ભાન હોય તો તે સત્ય કહેવાય.

૨. દૃષ્ટાંત : જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિક રાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતા હોય; તો તેઓ બન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો, તે વાત લક્ષમા રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય,

વ્યવહારસત્ય આવ્યા વિના પરમાર્થસત્ય વચન બોલવાનુ બને તેમ ન હોવાથી વ્યવહારસત્ય નીચે પ્રમાણે જાણવાનું છે.

જેવા પ્રકારે વસ્તુનુ સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યુ હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનુ સ્વરૂપ કહેવું અને તે પ્રસંગે વચન બોલવું તેનુ નામ વ્યવહારસત્ય.

દૃષ્ટાંત : જેમ કે અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગ્યે દીઠો હોય, અને કોઈના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય. આમા પણ કોઈ પ્રાણીના પ્રાણનો નાશ થતો હોય, અગર ઉન્મત્તતાથી વચન બોલાયુ હોય, યદ્યપિ ખરું હોય તોપણ અસત્યતુલ્ય જ છે એમ જાણી પ્રવર્તવું. સત્યથી વિપરીત તેને અસત્ય કહેવાય છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, અજ્ઞાનાદિથી બોલાય છે, ક્રોધાદિ મોહનીયના ગર્ભભૂત છે તેની સ્થિતિ બીજા બધા કર્મથી વધારે એટલે (૭૦) સિત્તેર કોડાકોડી સાગરોપમની છે આ કર્મ ક્ષય થયા વિના જ્ઞાનાવરણાદિ કર્મ સંપૂર્ણપણે ક્ષય થઈ શકતાં નથી, જો કે ગણિતમાં પ્રથમ જ્ઞાનાવરણાદિ કર્મો કહ્યાં છે, પણ આ કર્મની ઘણી મહત્તા છે, કેમકે સંસારના મૂળભૂત રાગદ્વેષનુ આ મૂળસ્થાન હોવાથી ભવભ્રમણ કરવામાં આ કર્મની મુખ્યતા છે, આવુ મોહનીયકર્મનું બળવાનપણું છે, છતાં

૧ ખંભાતના એક મુમુક્ષુભાઈએ [illegible] સ્મૃતિમાં રાખી કરેલ નોંધ.

પણ તેનો ક્ષય કરવો સહેલ છે; એટલે કે જેમ વેદનીયકર્મ વેદ્યા વિના નિષ્ફળ થતું નથી તેમ આ કર્મને માટે નથી. મોહનીયકર્મની પ્રકૃતિરૂપ ક્રોધ, માન, માયા, અને લોભાદિ કષાય તથા નોકષાયના અનુક્રમે ક્ષમા, નમ્રતા, નિરભિમાનપણું, સરળપણું, નિર્દંભતા અને સંતોષાદિની વિપક્ષ ભાવનાથી એટલે માત્ર વિચાર કરવાથી ઉપર દર્શાવેલા કષાયો નિષ્ફળ કરી શકાય છે. નોકષાય પણ વિચારથી ક્ષય પમાડી શકાય છે; એટલે કે તેને સારુ બાહ્ય કાંઈ કરવું પડતું નથી.

'મુનિ' એ નામ પણ આ પૂર્વોક્ત રીતે વિચારીને વચન બોલવાથી સત્ય છે. ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગદ્વેષ ને અજ્ઞાન વિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું મૌનપણું જાણવું. પૂર્વ તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું ધારણ કરનાર ભગવાન વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીયકર્મનો સંબંધ કાઢી નાંખી કેવળજ્ઞાનદર્શન પ્રગટ કર્યું હતું.

આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી. વ્યવહારસત્યભાષા ઘણી વાર બોલવામા આવે છે, પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યુ નથી; માટે આ જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થસત્ય બોલવાનું થઈ શકે છે; અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે. અસત્ય બોલ્યા વિના માયા થઈ શકતી નથી. વિશ્વાસઘાત કરવો તેનો પણ અસત્યમાં સમાવેશ થાય છે. ખોટા દસ્તાવેજો કરવા તે પણ અસત્ય જાણવું. અનુભવવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ અનુભવ્યા વિના અને ઇંદ્રિયથી જાણવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ જાણ્યા વિના ઉપદેશ કરવો તે પણ અસત્ય જાણવું; તો પછી તપ પ્રમુખ માનાદિની ભાવનાથી કરી, આત્મહિતાર્થ કરવા જેવો દેખાય, તે અસત્ય હોય જ એમ જાણવું. અખંડ સમ્યક્દર્શન આવે તો જ સંપૂર્ણપણે પરમાર્થસત્ય વચન બોલી શકાય; એટલે કે તો જ આત્મામાંથી અન્ય પદાર્થ ભિન્નપણે ઉપયોગમાં લઈ વચનની પ્રવૃત્તિ થઈ શકે.

કોઈ પૂછે કે લોક શાશ્વત કે અશાશ્વત તો ઉપયોગપૂર્વક ન બોલતાં, 'લોક શાશ્વત', કહે તો અસત્ય વચન બોલાયુ એમ થાય. તે વચન બોલતા લોક શાશ્વત કેમ કહેવામાં આવ્યો, તેનુ કારણ ધ્યાનમા રાખી તે બોલે તો તે સત્ય ગણાય.

આ વ્યવહારસત્યના પણ બે વિભાગ થઈ શકે છે, એક સર્વથા પ્રકારે અને બીજો દેશથી.

નિશ્ચયસત્ય પર ઉપયોગ રાખી, પ્રિય એટલે જે વચન અન્યને અથવા જેના સંબંધમા બોલાયુ હોય તેને પ્રીતિકારી હોય; અને પથ્ય, ગુણકારી હોય એવું જ સત્ય વચન બોલનાર સર્વવિરતિ મુનિરાજ પ્રાયે હોઈ શકે છે.

સંસાર ઉપર અભાવ રાખનાર હોવા છતા પૂર્વકર્મથી, અથવા બીજા કારણથી સંસારમાં રહેનાર ગૃહસ્થે દેશથી સત્ય વચન બોલવાનો નિયમ રાખવા યોગ્ય છે. તે મુખ્ય આ પ્રમાણે:—

કન્યાલીક, મનુષ્યસંબંધી અસત્ય; ગોવાલીક, પશુસંબંધી અસત્ય; ભૌમાલીક, ભૂમિસંબંધી અસત્ય, ખોટી સાક્ષી, અને થાપણમૃષા એટલે વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ

પદાર્થ તે પાછા માગતા, તે સંબંધી ઈનકાર જવું તે. આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ સંબંધમાં વચન બોલતાં પરમાર્થ સત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવા પ્રકારે વસ્તુઓનાં સમ્યક્ સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે. આ કહેલા સત્ય વિષે ઉપદેશ વિચારી તે ક્રમમાં અવશ્ય આવવુ એ જ ફળદાયક છે.

[૭૬૬-૨] ૩૫

સત્પુરુષ અન્યાય કરે નહીં. સત્પુરુષ અન્યાય કરશે તો આ જગતમાં વરસાદ કોના માટે વરસશે ? સૂર્ય કોના માટે પ્રકાશશે ? વાયુ કોના માટે વાશે ?

આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ! જ્યાં સુધી શરીરમા હોય, ભલેને હજારો વરસ, ત્યા સુધી શરીર સડતુ નથી, પારાની જેમ આત્મા ચેતન ચાલ્યુ જાય અને શરીર શબ થઈ પડે અને સડવા માડે !

જીવમાં જાગૃતિ અને પુરુષાર્થ જોઈએ. કર્મબંધ પડયા પછી પણ તેમાંથી (સત્તામાંથી ઉદય આવ્યા પહેલાં) છૂટવું હોય તો અબાધાકાળ પૂર્ણ થતાં સુધીમાં છૂટી શકાય.

પુણ્ય, પાપ અને આયુષ્ય એ કોઈ બીજાને ન આપી શકે તે દરેક પોતે જ ભોગવે.

સ્વચ્છંદે, સ્વમતિકલ્પનાએ, સદ્ગુરુની આજ્ઞા વિના ધ્યાન કરવું એ તરંગરૂપ છે અને ઉપદેશ, વ્યાખ્યાન કરવું એ અભિમાનરૂપ છે.

દેહધારી આત્મા પંથી છે અને દેહ એ ઝાડ છે. આ દેહરૂપી ઝાડમાં (નીચે) જીવરૂપી પંથી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે. તે પંથી ઝાડને જ પોતાનું કરી માને એ કેમ ચાલે ?

'સુંદરવિલાસ' સુંદર, સારો ગ્રંથ છે. તેમાં ક્યાં ઊણપ, ભૂલ છે તે અમે જાણીએ છીએ; તે ઊણપ. બીજાને સમજાવી મુશ્કેલ છે. ઉપદેશઅર્થે એ ગ્રંથ ઉપકારી છે.

છ દર્શન ઉપર દૃષ્ટાંત :—છ જુદા જુદા વૈદ્યોની દુકાન છે. તેમાં એક વૈદ્ય સંપૂર્ણ સાચો છે તે તમામ રોગોને, તેના કારણને અને તે ટાળવાના ઉપાયને જાણે છે. તેના નિદાન, ચિકિત્સા સાચા હોવાથી રોગીનો રોગ નિર્મૂળ થાય છે વૈદ્ય કમાય છે પણ સારું. આ જોઈ બીજા પાંચ કૂટવૈદ્યો પણ પોતપોતાની દુકાન ખોલે છે તેમાં સાચા વૈદ્યના ઘરની દવા પોતા પાસે હોય છે, તેટલા પૂરતો તો રોગીનો રોગ દૂર કરે છે, અને બીજી પોતાની કલ્પનાથી પોતાના ઘરની દવા આપે છે, તેથી ઊલટો રોગ વધે છે; પણ દવા સસ્તી આપે છે એટલે લોભના માર્યા લોક લેવા બહુ લલચાય છે, અને ઊલટા નુકસાન પામે છે

આનો ઉપનય એ કે, સાચો વૈદ્ય તે વીતરાગ દર્શન છે જે સંપૂર્ણ સત્યસ્વરૂપ છે. તે મોહ વિષયાદિને, રાગદ્વેષને, હિંસા આદિને સંપૂર્ણ દૂર કરવા કહે છે, જે વિષયાદિ રોગીને મોંઘા પડે છે, ભાવતાં નથી; અને બીજા પાંચ કૂટવૈદ્યો છે, તે કુદર્શનો છે, તે જેટલા પૂરતી વીતરાગના ઘરની વાતો કરે છે, તેટલા પૂરતી તો રોગ દૂર કરવાની વાત છે, પણ સાથે સાથે મોહની, સંસારવૃદ્ધિની, મિથ્યાત્વની, હિંસા આદિની ધર્મના બહાને વાત કરે છે તે પોતાની કલ્પનાની છે, અને તે સંસારરૂપ રોગ ટાળવાને બદલે વૃદ્ધિનું

કારણ થાય છે. વિષયમાં રાચી રહેલ પામર સંસારીને મોહની વાતો તો મીઠી લાગે છે, અર્થાત્ સસ્તી પડે છે, એટલે કૂટવૈદ્ય તરફ ખેંચાય છે, પણ પરિણામે વધારે રોગી થાય છે.

વીતરાગ દર્શન ત્રિવૈદ્ય જેવું છે, અર્થાત્ (૧) રોગીનો રોગ ટાળે છે. (૨) નીરોગીને રોગ થવા દેતું નથી, અને (૩) આરોગ્યની પુષ્ટિ કરે છે. અર્થાત્ (૧) જીવનો સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વ રોગ ટાળે છે, (૨) સમ્યગ્જ્ઞાન વડે જીવને રોગનો ભોગ થતાં બચાવે છે અને સમ્યક્ચારિત્ર વડે સંપૂર્ણ શુદ્ધ ચેતનારૂપ આરોગ્યની પુષ્ટિ કરે છે.

---

[૭૭૮]

૩૬ ૧૯૫૪

સર્વ વાસનાનો ક્ષય કરે તે સંન્યાસી. ઇન્દ્રિયોને કાબૂમાં રાખે તે ગોસાંઈ. સંસારનો પાર પામે તે યતિ (જતિ).

સમકિતીને આઠ મદમાંનો એક્કે મદ ન હોય.

(૧) અવિનય, (૨) અહંકાર, (૩) અર્ધદગ્ધપણુ, પોતાને જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માની બેસવાપણુ, અને (૪) રસલુબ્ધપણુ, એ ચારમાંથી એક પણ દોષ હોય તો જીવને સમકિત ન થાય. આમ શ્રી 'ઠાણાંગસૂત્ર'માં કહ્યું છે.

મુનિને વ્યાખ્યાન કરવું પડતું હોય તો પોતે સ્વાધ્યાય કરે છે એવો ભાવ રાખી વ્યાખ્યાન કરવું. મુનિને સવારે સ્વાધ્યાયની આજ્ઞા છે, તે મનમાં કરવામા આવે છે, તેના બદલે વ્યાખ્યાનરૂપ સ્વાધ્યાય ઊંચા સ્વરે માન, પૂજા, સત્કાર, આહારાદિની અપેક્ષા વિના કેવળ નિષ્કામબુદ્ધિથી આત્માર્થે કરવો.

ક્રોધાદિ કષાયનો ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તેં અનાદિ કાળથી મને હેરાન કરેલ છે. હવે હું એમ તારું બળ નહીં ચાલવા દઉં. જો, હું તારા સામે યુદ્ધ કરવા બેઠો છું.

નિદ્રાદિ પ્રકૃતિ, (ક્રોધાદિ અનાદિ વૈરી,) તે પ્રતિ ક્ષત્રિયભાવે વર્તવું, તેને અપમાન દેવું, તે છતાં ન માને તો તેને ક્રૂર થઈ ઉપશમાવવી, તે છતા ન માને તો ખ્યાલમાં રાખી વખત આવ્યે તેને મારી નાખવી. આમ શૂર ક્ષત્રિયસ્વભાવે વર્તવું, જેથી વૈરીનો પરાભવ થઈ સમાધિ સુખ થાય.

પ્રભુપૂજામાં પુષ્પ ચડાવવામા આવે છે, તેમા જે ગૃહસ્થને લીલોતરીનો નિયમ નથી તે પોતાના હેતુએ તેનો વપરાશ કમ કરી ફૂલ પ્રભુને ચડાવે. ત્યાગી મુનિને તો પુષ્પ ચડાવવાનો કે તેના ઉપદેશનો સર્વથા નિષેધ છે. આમ પૂર્વાચાર્યોનુ પ્રવચન છે

કોઈ સામાન્ય મુમુક્ષુ ભાઈબ્હેન સાધન માટે પૂછે તો આ સાધન બતાવવું:—

(૧) સાતવ્યસનનો ત્યાગ
(૨) લીલોતરીનો "
(૩) કંદમૂળનો "
(૪) અભક્ષ્યનો "
(૫) રાત્રિભોજનનો "
(૬) 'સર્વજ્ઞદેવ' અને 'પરમગુરુ'ની પાંચ પાંચ માળાનો જપ.
(૭) ભક્તિરહસ્ય દુહાનુ[1] પઠન મનન.
(૮) ક્ષમાપનાનો પાઠ[2]
(૯) સત્સમાગમ અને સત્શાસ્ત્રનું સેવન.

---

૧. આંક ૨૧ના વીસ દોહરા. ૨. મોક્ષમાળા પાઠ ૫૬.

'સિજ્ઝંતિ', પછી 'બુજ્ઝંતિ', પછી 'મુચ્ચંતિ', પછી 'પરિનિવ્વાયંતિ', પછી 'સવ્વદુક્ખાણમંતં કરંતિ', એ શબ્દોના રહસ્યાર્થ વિચારવા યોગ્ય છે. 'સિજ્ઝંતિ' અર્થાત્ સિદ્ધ થાય, તે પછી 'બુજ્ઝંતિ' બોધસહિત, જ્ઞાનસહિત હોય એમ સૂચવ્યું. સિદ્ધ થયા પછી શૂન્ય (જ્ઞાનરહિત) દશા આત્માની કોઈ માને છે તેનો નિષેધ 'બુજ્ઝંતિ'થી સૂચવ્યો. એમ સિદ્ધ થાય, બુદ્ધ થાય, તે પાછા મુચ્ચંતિ એટલે સર્વ કર્મથી રહિત થાય અને તેથી પાછા 'પરિનિવ્વાયંતિ' અર્થાત્ નિર્વાણ પામે, કર્મરહિત થયા હોવાથી ફરી જન્મ અવતાર ધારણ ન કરે. મુક્ત જીવ કારણવિશેષે અવતાર ધારણ કરે તે મતનો 'પરિનિવ્વાયંતિ' કહી નિષેધ સૂચવ્યો. ભવનું કારણ કર્મ, તેથી સર્વથા જે મુકાયા છે તે ફરી ભવ ધારણ ન કરે. કારણ વિના કાર્ય ન નીપજે. આમ નિર્વાણ પામેલા 'સવ્વદુક્ખાણમંતં કરંતિ' અર્થાત્ સર્વ દુઃખનો અંત કરે, તેમને દુઃખનો સર્વથા અભાવ થાય. તે સહજ સ્વાભાવિક સુખ આનંદ અનુભવે. આમ કહી મુક્ત આત્માઓને શૂન્યતા છે, આનંદ નથી એ મતનો નિષેધ સૂચવ્યો.

[૭૮૦-૧] ૩૭

'अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया,
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः'

અજ્ઞાનરૂપી તિમિર, અંધકારથી જે અંધ તેનાં નેત્ર જેણે જ્ઞાનરૂપી અંજનશલાકા, આંજવાની સળીથી ખોલ્યા તે શ્રી સદ્ગુરુને નમસ્કાર.

'मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्,
ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्गुणलब्धये.'

મોક્ષમાર્ગના નેતા, મોક્ષમાર્ગે લઈ જનાર, કર્મરૂપ પર્વતના ભેત્તા, ભેદનાર, સમગ્ર તત્ત્વના જ્ઞાતા, જાણનાર. તેને તે ગુણોની પ્રાપ્તિ અર્થે હું વંદું છું.

અત્રે મોક્ષમાર્ગના નેતા એમ કહી આત્માના અસ્તિત્વથી માંડી તેના મોક્ષ અને મોક્ષના ઉપાયસહિત બધાં પદો તથા મોક્ષ પામેલાનો સ્વીકાર કર્યો, તેમ જ જીવ, અજીવ આદિ બધાં તત્ત્વોનો સ્વીકાર કર્યો. મોક્ષ, બંધની અપેક્ષા રાખે છે. બંધ, બંધનાં કારણો આસ્રવ, પુણ્ય, પાપ, કર્મ, અને બંધાનાર એવા નિત્ય અવિનાશી આત્માની અપેક્ષા રાખે છે. તેમજ મોક્ષ, મોક્ષના માર્ગની, સંવરની, નિર્જરાની, બંધના કારણો ટાળવારૂપ ઉપાયની અપેક્ષા રાખે છે. જેણે માર્ગ જોયો, જાણ્યો, અનુભવ્યો હોય તે નેતા થઈ શકે. એટલે મોક્ષમાર્ગના નેતા એમ કહી તેને પામેલા એવા સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગનો સ્વીકાર કર્યો. આમ મોક્ષમાર્ગના નેતા એ વિશેષણથી જીવઅજીવાદિ નવે તત્ત્વ, છયે દ્રવ્ય, આત્માના હોવાપણા આદિ છયે પદ અને મુક્ત આત્માનો સ્વીકાર કર્યો.

મોક્ષમાર્ગ ઉપદેશવાનું, તે માર્ગે લઈ જવાનું કાર્ય દેહધારી સાકાર મુક્ત પુરુષ કરી શકે, દેહરહિત નિરાકાર ન કરી શકે. આમ કહી આત્મા પોતે પરમાત્મા થઈ શકે છે, મુક્ત થઈ શકે છે, એવા દેહધારી મુક્ત પુરુષ જ બોધ કરી શકે છે એમ જણાવ્યું, દેહરહિત અપૌરુષેય બોધનો નિષેધ કર્યો.

કર્મરૂપ પર્વતના ભેદનાર એમ કહી કર્મરૂપ પર્વતો તોડવાથી મોક્ષ થાય એમ સૂચવ્યું; અર્થાત્ કર્મરૂપ પર્વતો સ્વવીર્યે કરી દેહધારીપણે તોડ્યા, અને તેથી જીવન્મુક્ત થઈ મોક્ષમાર્ગના નેતા, મોક્ષમાર્ગના બતાવનાર થયા. ફરીફરી દેહ ધારણ કરવાનું, જન્મવા મરવારૂપ સંસારનું કારણ કર્મ છે; તેને સમૂળાં છેદ્યાથી નાશ કર્યાથી, તેમને ફરી દેહ ધારણ કરવાપણું નથી એમ સૂચવ્યું. મુક્ત આત્મા ફરી અવતાર ન લે એમ સૂચવ્યું.

વિશ્વતત્ત્વના જ્ઞાતા, સમસ્ત દ્રવ્યપર્યાયાત્મક લોકાલોકના, વિશ્વના જાણનાર એમ કહી મુક્ત આત્માનું અખંડ સ્વપરજ્ઞાયકપણું સૂચવ્યું. મુક્ત આત્મા સદા જ્ઞાનરૂપ જ છે એમ સૂચવ્યું.

આવા જે ગુણવાળા તેને તે ગુણની પ્રાપ્તિ અર્થે વંદું છું; એમ કહી પરમ આપ્ત, મોક્ષમાર્ગ અર્થે વિશ્વાસ કરવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, ભક્તિ કરવા યોગ્ય, જેની આજ્ઞાએ ચાલવાથી નિઃસંશય મોક્ષ પ્રાપ્ત થાય, તેમને પ્રગટેલ ગુણોની પ્રાપ્તિ થાય, તે ગુણો પ્રગટે, એવા કોણ હોય તે સૂચવ્યું. ઉપર જણાવેલ ગુણવાળા મુક્ત પરમ આપ્ત, વંદન યોગ્ય હોય, તેમણે બતાવેલ તે મોક્ષમાર્ગ, અને તેમની ભક્તિથી મોક્ષની પ્રાપ્તિ હોય, તેમને પ્રગટ થયેલા ગુણો તેમની આજ્ઞાએ ચાલનાર ભક્તિમાનને પ્રગટે એમ સૂચવ્યું.

---

[૭૮૫]

૩૮[૧] શ્રી ખેડા, દ્વિ૦ આ૦ વદ, ૧૯૫૪

પ્ર૦—આત્મા છે?

શ્રી૦ ઉ૦—હા, આત્મા છે.

પ્ર૦—અનુભવથી કહો છો કે આત્મા છે?

ઉ૦—હા, અનુભવથી કહીએ છીએ કે આત્મા છે. સાકરના સ્વાદનું વર્ણન ન થઈ શકે. તે તો અનુભવગોચર છે, તેમ જ આત્માનું વર્ણન ન થઈ શકે. તે પણ અનુભવગોચર છે, પણ તે છે જ.

પ્ર૦—જીવ એક છે કે અનેક છે? આપના અનુભવનો ઉત્તર ઇચ્છું છું.

ઉ૦—જીવો અનેક છે.

પ્ર૦—જડ, કર્મ એ વસ્તુતઃ છે કે માયિક છે?

ઉ૦—જડ, કર્મ એ વસ્તુતઃ છે. માયિક નથી.

પ્ર૦—પુનર્જન્મ છે?

ઉ૦—હા, પુનર્જન્મ છે.

પ્ર૦—વેદાંતને માન્ય માયિક ઈશ્વરનું અસ્તિત્વ આપ માનો છો?

ઉ૦—ના.

પ્ર૦—દર્પણમાં પડતું પ્રતિબિંબ તે માત્ર ખાલી દેખાવ છે કે કોઈ તત્ત્વનું બનેલ છે?

ઉ૦—દર્પણમાં પડતું પ્રતિબિંબ માત્ર ખાલી દેખાવ નથી, તે અમુક તત્ત્વનું બનેલું છે.

---

૧. આ નોંધ એક વેદાન્તિક વિદ્વાન [illegible] લેખક ભટ્ટ પૂંજાભાઈ સોમેશ્વરનો પ્રસંગ છે

[૭૯૩] ૩૯ મોરબી, મહા વદ ૯, સોમ, ૧૯૫૫ (રાત્રે)

કર્મની મૂળ પ્રકૃતિ આઠ, તેમા ચાર ઘાતિની અને ચાર અઘાતિની કહેવાય છે.

ચાર ઘાતિનીનો ધર્મ આત્માના ગુણની ઘાત કરવાનો, અર્થાત્ (૧) તે ગુણને આવરણ કરવાનો, અથવા (૨) તે ગુણનું બળવીર્ય રોકવાનો. અથવા (૩) તેને વિકળ કરવાનો છે અને તે માટે ઘાતિની એવી સંજ્ઞા તે પ્રકૃતિને આપી છે

આત્માના ગુણ જ્ઞાન, દર્શન તેને આવરણ કરે તેને અનુક્રમે (૧) જ્ઞાનાવરણીય અને (૨) દર્શનાવરણીય એવુ નામ આપ્યુ. અંતરાય પ્રકૃતિ એ ગુણને આવરતી નથી, પણ તેના ભોગઉપભોગ આદિને, તેનાં વીર્યબળને રોકે છે આ ઠેકાણે આત્મા ભોગાદિને સમજે છે, જાણે દેખે છે એટલે આવરત્ત નથી; પણ સમજતાં છતા ભોગાદિમાં વિઘ્ન અંતરાય કરે છે. માટે તેને આવરણ નહીં પણ અંતરાય પ્રકૃતિ કહી.

આમ ત્રણ આત્મઘાતિની પ્રકૃતિ થઈ. ચોથી ઘાતિની પ્રકૃતિ મોહનીય છે. આ પ્રકૃતિ આવરતી નથી, પણ આત્માને મૂર્છિત કરી, મોહિત કરી વિકળ કરે છે. જ્ઞાન દર્શન છતાં, અંતરાય નહીં છતાં પણ આત્માને વખતે વિકળ કરે છે, ઊંધા પાટા બધાવે છે, મુંઝવે છે માટે એને મોહનીય કહી. આમ આ ચારે સર્વઘાતિની પ્રકૃતિ કહી. બીજી ચાર પ્રકૃતિ જોકે આત્માના પ્રદેશ સાથે જોડાયલી છે તથા તેનુ કામ કર્યા કરે છે, અને ઉદય અનુસાર વેદાય છે, તથાપિ તે આત્માના ગુણને આવરણ કરવા રૂપે કે અંતરાય કરવા રૂપે કે તેને વિકળ કરવા રૂપે ઘાતક નથી માટે તેને અઘાતિની કહી છે.

૪૦

સ્ત્રી, પરિગ્રહાદિને વિષે જેટલો મૂર્છાભાવ રહે છે તેટલું જ્ઞાનનુ તારતમ્ય ન્યૂન છે, એમ શ્રી તીર્થંકરે નિરૂપણ કર્યું છે. સંપૂર્ણજ્ઞાનમા તે મૂર્છા હોતી નથી.

શ્રી જ્ઞાનીપુરુષ સંસારમા કેવા પ્રકારે વર્તે છે? આંખમાં જેમ રજ ખટક ખટક થાય છે તેમ જ્ઞાનીને વિષે કાંઈ કારણ ઉપાધિ પ્રસંગથી કાંઈ થવુ હોય તો તે મગજમાં પાંચ શેર દશ શેર જેટલો બોજો થઈ પડે છે અને તે ક્ષય થાય ત્યારે જ શાંતિ થાય છે. સ્ત્રીઆદિક પ્રસંગમાં આત્માનુ અતિશય અતિશય નજીકપણું પ્રગટપણું લાગે છે.

સામાન્યપણે સ્ત્રી, ચંદન, આરોગ્યતા આદિથી શાતા, અને જ્વરાદિથી અશાતા વર્તે છે, તે જ્ઞાની અને અજ્ઞાની બંનેને સમાન છે. જ્ઞાનીને તે તે પ્રસંગમાં હર્ષવિષાદનો હેતુ થતો નથી.

૪૧[1]

ચાર ગોળાના દૃષ્ટાંતે ચાર પ્રકારે જીવના ભેદ પણ પડે છે.

૧. મીણનો ગોળો.
૨. લાખનો ગોળો.
૩. લાકડાનો ગોળો.
૪. માટીનો ગોળો.

૧. પ્રથમ પ્રકારે મીણના ગોળા જેવા જીવ કહ્યા.

---

૧. [illegible]

મીણનો ગોળો તાપ લાગવાથી જેમ ગળી જાય, પાછો ઠંડી લાગવાથી તેવો ને તેવો થઈ રહે તેમ સંસારી જીવને સત્પુરુષનો બોધ સાંભળી સંસારથી વૈરાગ્ય થયો, અસાર સંસારની નિવૃત્તિ ચિંતવવા લાગ્યો, કુટુંબ પાસે આવી કહે છે કે આ અસાર સંસારથી હું નિવર્તવા ઇચ્છું છું. એ વાત સાંભળી કુટુંબી કોપયુક્ત થયા. હવેથી તારે એ તરફ જવું નહીં હવેથી જઈશ તો તારા ઉપર સખ્તાઈ કરીશું, એ વગેરે કહી સંતના અવર્ણવાદ બોલી ત્યાં જવાનું રોકાવે. એ પ્રકારે કુટુંબના ભયથી, લાજથી જીવ સત્પુરુષ પાસે જતા અટકે, પાછા સંસાર કાર્યમા પ્રવર્તે તે પ્રથમ પ્રકારના જીવ કહ્યા.

૨. બીજા પ્રકારે લાખના ગોળા જેવા જીવ કહ્યા.

લાખનો ગોળો તાપથી ઓગળી જાય નહીં પણ અગ્નિથી ઓગળી જાય. તે જીવ સંતનો બોધ સાંભળી સંસારથી ઉદાસીન થઈ એમ ચિંતવે કે આ દુઃખરૂપ સંસારથી નિવર્તવું. એમ ચિંતવી કુટુંબ પાસે જઈ કહે કે હું સંસારથી નિવર્તવા ઇચ્છું છું. મારે આ જૂઠું બોલી વેપાર કરવો ફાવશે નહીં ઇત્યાદિ કહ્યા પછી કુટુંબીઓ તેને સખ્તાઈ તથા સ્નેહના વચનો કહે તથા સ્ત્રીના વચન તેને એકાંતના વખતમાં ભોગમા તદાકાર કરી નાખે. સ્ત્રીનુ અગ્નિરૂપ શરીર જોઇને બીજા પ્રકારના જીવ તદાકાર થઈ જાય. સંતના ચરણથી દૂર થઈ જાય.

૩ ત્રીજા પ્રકારના જીવ કાષ્ઠના ગોળા જેવા કહ્યા,

તે જીવ સંતનો બોધ સાંભળી સંસારથી ઉદાસ થઈ ગયો. આ સંસાર અસાર છે, એમ વિચારતો કુટુંબાદિક સમીપ આવી કહે કે આ સંસાર અસારથી હું ખેદ પામ્યો છું. મારે આ કાર્યો કરવા ઠીક લાગતાં નથી. આ વચનો સાંભળી કુટુંબી તેને નરમાશથી કહે, ભાઈ, આપણે તો નિવૃત્તિ જેવું છે. ત્યાર પછી સ્ત્રી આવીને કહે કે પ્રાણપતિ, હું તો તમારા વિના પળ પણ રહી શકું નહીં. તમો મારા જીવનના આધાર છો. એમ અનેક પ્રકારે ભોગમા આસક્ત કરવાના અનેક પદાર્થની વૃદ્ધિ કરે. તેમાં તદાકાર થઈ જઈ સંતનાં વચન વીસરી જાય. એટલે જેમ કાષ્ઠનો ગોળો અગ્નિમાં નાંખ્યા પછી ભસ્મ થઈ જાય તેમ સ્ત્રીરૂપી અગ્નિમા પડેલા જીવ તેમા ભસ્મ થઇ જાય છે. તેથી સંતના બોધનો વિચાર ભૂલી જાય છે. સ્ત્રી આદિકના ભયથી સત્સમાગમ કરી શકતો નથી. તેથી તે જીવ દાવાનલરૂપ સ્ત્રી આદિ અગ્નિમાં ફસાઈ જઈ, વિશેષ વિશેષ વિટંબના ભોગવે છે. તે ત્રીજા પ્રકારના જીવ કહ્યા.

૪. ચોથા પ્રકારના જીવ માટીના ગોળા જેવા કહ્યા છે.

તે પુરુષ સત્પુરુષનો બોધ સાંભળી ઇંદ્રિયના વિષયની ઉપેક્ષા કરે છે. સંસારથી મહા ભય પામી તેથી નિવર્તે છે. તેવા પ્રકારના જીવ કુટુંબાદિના પરિષહથી ચલાયમાન થતા નથી. સ્ત્રી આવી કહે કે પ્યારા પ્રાણનાથ, આ ભોગમાં જેવો સ્વાદ છે તેવો તેના ત્યાગમાં સ્વાદ નથી. ઇત્યાદિક વચનો સાંભળતાં મહા ઉદાસ થાય છે, વિચારે કે આ અનુકૂળ ભોગથી આ જીવ બહુ વખત ભૂલ્યો છે જેમ તેનાં વચન સાંભળે છે તેમ તેમ મહા વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને તેથી સર્વ પ્રકારે સંસારથી નિવર્તે છે. માટીનો ગોળો અગ્નિમા પડવાથી વિશેષ વિશેષ કઠણ થાય છે. તેમ તેવા પુરુષો સંતનો બોધ સાંભળી સંસારમાં પડતા નથી. તે ચોથા પ્રકારના જીવ કહ્યા.

ઉપદેશછાયા

[૬૪૩] ૯૫૭

[૬૪૩-૧] ૧ કાવિઠા, શ્રાવણ વદ ૨, ૧૯૫૨

સ્ત્રી, પુત્ર, પરિગ્રહાદિ ભાવો પ્રત્યે મૂળ જ્ઞાન થયા પછી જો એવી ભાવના રહે કે જ્યારે ઇચ્છીશ ત્યારે આ સ્ત્રીઆદિ પ્રસંગ ત્યાગી શકીશ તો તે મૂળ જ્ઞાનથી વમાવી દેવાની વાત સમજવી, અર્થાત્ મૂળ જ્ઞાનમાં જો કે ભેદ પડે નહીં, પણ આવરણરૂપ થાય. વળી શિષ્યાદિ અથવા ભક્તિના કરનારાઓ માર્ગથી પડશે અથવા અટકી જશે એવી ભાવનાથી જ્ઞાનીપુરુષ પણ વર્તે તો જ્ઞાનીપુરુષને પણ નિરાવરણજ્ઞાન તે આવરણરૂપ થાય; અને તેથી જ વર્ધમાનાદિ જ્ઞાનીપુરુષો અનિદ્રાપણે સાડાબાર વર્ષ સુધી રહ્યા, સર્વથા અસંગપણું જ શ્રેયસ્કર દીઠું; એક શબ્દનો ઉચ્ચાર કરવાનું પણ યથાર્થ દીઠું નહીં; સાવ નિરાવરણ, વિજોગી, વિભોગી અને નિર્ભયી જ્ઞાન થયા પછી ઉપદેશકાર્ય કર્યું. માટે આને આમ કહીશું તો ઠીક, અથવા આને આમ નહીં કહેવાય તો ખોટું એ વગેરે વિકલ્પો સાધુ-મુનિઓએ ન કરવા.

નિર્ધ્વંસ પરિણામ એટલે આકોશ પરિણામપૂર્વક ઘાતકીપણું કરતાં બેદરકારીપણું અથવા ભયપણું નહીં, ભવભીરુપણું નહીં તેવા પરિણામ

હાલના વખતના મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણમાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય, અને બાકીનું રહે તે કુગુરુ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય

લોકોને કંઈ જૂઠું કહીને સદ્‌ગુરુ પાસે સત્સંગમાં આવવાની જરૂર નથી. લોકો એમ પૂછે કે 'કોણ પધાર્યા છે?' તો સ્પષ્ટ કહેવું કે 'અમારા પરમકૃપાળુ સદ્‌ગુરુ પધાર્યા છે. તેમનાં દર્શન અર્થે જવાનું છે.' ત્યારે કોઈ કહે કે 'હું તમારી સાથે આવું?' ત્યારે કહેવું કે, 'ભાઈ, તેઓશ્રી કંઈ હાલ ઉપદેશ તરીકેનું કાર્ય કરતા નથી. અને તમારો હેતુ એવો છે કે ત્યાં જઈશું તો સાંભળીશું પણ કંઈ ત્યાં ઉપદેશ કે એવો કોઈ નિયમ નથી.' ત્યારે

[illegible]

[illegible]

તે ભાઈ પૂછે કે, 'તમને ઉપદેશ કેમ દીધો?' ત્યાં જણાવવું કે 'મારે પ્રથમ એમના સમાગમમાં જવાનું થયેલું અને તે વખતે ધર્મ સંબંધી વચનો શ્રવણ કર્યાં કે જેથી મને તેમ ખાતરી થઈ કે આ મહાત્મા છે. એમ ઓળખાણ થતાં મેં તેમને જ મારા સદ્ગુરુ ધાર્યા છે.' ત્યારે તે એમ કહે કે 'ઉપદેશ દે અગર ના દે પણ મારે તો તેમનાં દર્શન કરવાં છે.' ત્યારે જણાવવું કે 'કદાચ ઉપદેશ ના દે તો તમારે વિકલ્પ કરવો નહીં.' આમ કરતાંય જ્યારે આવે ત્યારે તો હરિઇચ્છા પણ તમારે પોતે કંઈ તેવી પ્રેરણા ન કરવી કે ચાલો ત્યાં તો બોધ મળશે, ઉપદેશ મળશે. એવી ભાવના પોતે કરવી નહીં તેમ બીજાને પ્રેરણા કરવી નહીં.

[૬૪૩–૨]

૨ કાવિઠા, શ્રાવણ વદ ૩, ૧૯૫૨

પ્ર૦ :—કેવલજ્ઞાનીએ સિદ્ધાંતો પ્રરૂપ્યા તે 'પરઉપયોગ' કે 'સ્વઉપયોગ' શાસ્ત્રમાં કહ્યું છે કે કેવળજ્ઞાની સ્વઉપયોગમાં જ વર્તે.

ઉ૦ :— તીર્થંકર કોઈને ઉપદેશ દે તેથી કરી કાંઈ 'પરઉપયોગ' કહેવાય નહીં. 'પરઉપયોગ' તેને કહેવાય કે જે ઉપદેશ દેતાં રતિ, અરતિ, હર્ષ, અહંકાર થતા હોય. જ્ઞાનીપુરુષને તો તાદાત્મ્યસંબંધ હોતો નથી જેથી ઉપદેશ દેતાં રતિ, અરતિ ન થાય. રતિ, અરતિ થાય તે 'પરઉપયોગ' કહેવાય. જો એમ હોય તો કેવલી લોકાલોક જાણે છે, દેખે છે તે પણ પરઉપયોગ કહેવાય. પણ તેમ નથી, કારણ તેને વિષે રતિપણું, અરતિપણું નથી.

સિદ્ધાંતના બાંધા વિષે એમ સમજવું કે આપણી બુદ્ધિ ન પહોંચે તેથી તે વચનો અસત્ છે એમ ન કહેવું; કારણ કે જેને તમે અસત્ કહો છો, તે શાસ્ત્રથી જ પ્રથમ તો તમે જીવ, અજીવ એવું કહેતાં શીખ્યા છો; અર્થાત્ તે જ શાસ્ત્રોને આધારે જ તમે જે કાંઈ જાણો છો તે જાણ્યું છે; તો પછી તેને અસત્ કહેવાં તે ઉપકારને બદલે દોષ કરવા બરાબર ગણાય. વળી શાસ્ત્રના લખનારાઓ પણ વિચારવાન હતા; તેથી તે સિદ્ધાંત વિષે જાણતા હતા. મહાવીરસ્વામી પછી ઘણે વર્ષે લખાણાં છે માટે અસત્ કહેવાં તે દોષ ગણાય.

હાલ સિદ્ધાંતોનો જે બાંધો જોવામાં આવે છે તે જ અક્ષરોમાં અનુક્રમે તીર્થંકરે કહ્યું હોય એમ કાંઈ નથી. પણ જેમ કોઈ વખતે કોઈએ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા સંબંધી પૂછ્યું તો તે વખતે તે સંબંધી વાત કહી. વળી કોઈએ પૂછ્યું કે ધર્મકથા કેટલા પ્રકારે તો કહ્યું કે ચાર પ્રકારે :—આક્ષેપણી, વિક્ષેપણી, નિર્વેદણી, સંવેગણી. આવા આવા પ્રકારની વાત થતી હોય તે તેમની પાસે જે ગણધરો હોય તે ધ્યાનમાં રાખી લે, અને અનુક્રમે તેનો બાંધો બાંધે જેમ અહીં કોઈ વાત કરવાથી કોઈ ધ્યાનમાં રાખી અનુક્રમે તેનો બાંધો બાંધે તેમ. બાકી તીર્થંકર જેટલું કહે તેટલું કાંઈ તેઓના ધ્યાનમાં ન રહે, અભિપ્રાય ધ્યાનમાં રહે. વળી ગણધરો પણ બુદ્ધિમાન હતા એટલે તે તીર્થંકરે કહેલાં વાક્યો કાંઈ તેમાં આવ્યાં નથી એમ પણ નથી.

સિદ્ધાંતોનો બાંધો એટલો બધો મજબૂત છે છતાં યતિ લોકોને તેથી વિરુદ્ધ આચરણ કરતા દેખીએ છીએ. દાખલા તરીકે, કહ્યું છે કે સાધુઓએ ફુલેલ નાંખવું નહીં, છતાં તે લોકો

નાંખે છે. આથી કાંઈ જ્ઞાનીની વાણીનો દોષ નથી; પણ જીવની સમજણશક્તિનો દોષ છે. જીવમાં સદ્‌બુદ્ધિ ન હોય તો પ્રત્યક્ષ યોગે પણ તેને અવળું જ પરિણમે છે, અને જીવમાં સદ્‌બુદ્ધિ હોય તો સવળું ભાસે છે.

જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા એવા ભદ્રિક મુમુક્ષુ જીવને 'બ્રહ્મચર્ય પાળવું એટલે સ્ત્રીઆદિકના પ્રસંગમાં ન જવું' એવી આજ્ઞા ગુરુએ કરી હોય તો તે વચન પર દૃઢ વિશ્વાસ કરી તે તે સ્થાનકે ન જાય; ત્યારે જેને માત્ર આધ્યાત્મિક શાસ્ત્રાદિક વાંચી મુમુક્ષુતા થઇ હોય, તેને એમ અહંકાર રહ્યા કરે કે, 'એમાં તે શું જીતવું છે?' આવી ઘેલછાના કારણથી તે તેવા સ્ત્રીઆદિકના પ્રસંગમાં જાય. કદાચ તે પ્રસંગથી એક વાર, બે વાર બચે, પણ પછી તે પદાર્થ પ્રત્યે દૃષ્ટિ દેતાં 'આ ઠીક છે' એમ કરતાં કરતાં તેને તેમાં આનંદ થાય, અને તેથી સ્ત્રીઓ સેવે. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ભોળોભોળો જીવ તો વર્તે; એટલે તે બીજા વિકલ્પો નહીં કરતાં તેવા પ્રસંગમાં ન જ જાય. આ પ્રકારે, જે જીવને 'આ સ્થાનકે જવું યોગ્ય નથી' એવાં જે જ્ઞાનીનાં વચનો તેનો દૃઢ વિશ્વાસ છે તે બ્રહ્મચર્યવ્રતમાં રહી શકે છે અર્થાત્ તે આ અકાર્યમાં પ્રવૃત્ત ન થાય ત્યારે જ્ઞાનીના આજ્ઞાંકિત નથી એવા માત્ર આધ્યાત્મિક શાસ્ત્રો વાંચી થયેલા મુમુક્ષુઓ અહંકારમાં ફર્યા કરે, અને માન્યા કરે કે એમાં તે શું જીતવું છે? આવી માન્યતાને લઇને આ જીવ પડી જાય છે, અને આગળ વધી શકે નહીં. આ ક્ષેત્ર છે તે નિવૃત્તિવાળું છે, પણ જેને નિવૃત્તિ થઈ હોય તેને તેમ છે. તેમ ખરા જ્ઞાની છે તે સિવાયને તો અબ્રહ્મચર્યવશ ન થવાય એમ કહેવામાત્ર છે. તેમ જેને નિવૃત્તિ થઈ નથી તેને પ્રથમ તો એમ થાય છે કે 'આ ક્ષેત્ર સારું છે, અહીં રહેવા જેવું છે,' પણ પછી એમ એમ કરતાં વિશેષ પ્રેરણા થવાથી ક્ષેત્રાકારવૃત્તિ થઈ જાય. જ્ઞાનીની વૃત્તિ ક્ષેત્રાકાર ન થાય; કારણ કે ક્ષેત્ર નિવૃત્તિવાળું છે, અને પોતે પણ નિવૃત્તિભાવ પામેલા છે એટલે બન્ને યોગ અનુકૂળ છે. શુષ્ક જ્ઞાનીઓને પ્રથમ તો એમ અભિમાન રહ્યા કરે કે, એમાં શું જીતવું છે? પણ પછી ધીમે ધીમે સ્ત્રીઆદિ પદાર્થોમાં સપડાઈ જાય છે, જ્યારે ખરા જ્ઞાનીને તેમ થતું નથી.

પ્રાપ્ત=જ્ઞાન પામેલો પુરુષ. આપ્ત=વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ.

મુમુક્ષુમાત્ર સમ્યગ્દૃષ્ટિ જીવ સમજવા નહીં.

જીવને ભુલવણીનાં સ્થાનક ઘણાં છે; માટે વિશેષ વિશેષ જાગૃતિ રાખવી; મુંઝાવું નહીં; મંદતા ન કરવી. પુરુષાર્થધર્મ વર્ધમાન કરવો.

જીવને સત્પુરુષનો યોગ મળવો દુર્લભ છે. અપારમાર્થિક ગુરુને જો પોતાનો શિષ્ય બીજા ધર્મમાં જાય તો તાવ ચડે છે. પારમાર્થિક ગુરુને 'આ મારો શિષ્ય છે' એવો ભાવ હોતો નથી. કોઈ કુગુરુઆશ્રિત જીવ બોધશ્રવણાર્થે સદ્‌ગુરુ પાસે એક વખત ગયો હોય, અને પછી તે તેના તે કુગુરુ પાસે જાય, તો તે કુગુરુ તે જીવને અનેક વિચિત્ર વિકલ્પ બેસાડી દે છે, કે જેથી તે જીવ ફરી સદ્‌ગુરુ પાસે જાય નહીં. તે જીવને બિચારાને તો સત્‌અસત્ વાણીની પરીક્ષા નથી એટલે ભોળવાઈ જાય છે, અને સાચા માર્ગથી પડી જાય છે.

---

૩ કાવિઠા (મહુડી) શ્રાવણ વદ ૪

ત્રણ પ્રકારના જ્ઞાની પુરુષ—પ્રથમ, મધ્યમ, અને ઉત્કૃષ્ટ. આ કાળમાં જ્ઞાની પુરુષનું પરમ દુર્લભપણુ છે, તેમ આરાધક જીવો પણ ઘણા ઓછા છે.

પૂર્વકાળમાં જીવો આરાધક અને સંસ્કારી હતા, તથારૂપ સત્સંગનો જોગ હતો, તેમ સત્સંગનું માહાત્મ્ય વિસર્જન થયેલું નહોતું, અનુક્રમે ચાલ્યું આવતું હતું તેથી તે કાળમાં તે સંસ્કારી જીવોને સત્પુરુષનું ઓળખાણ થતું.

આ કાળમાં સત્પુરુષનું દુર્લભપણુ હોવાથી, ઘણો કાળ થયાં સત્પુરુષનો માર્ગ, માહાત્મ્ય અને વિનય ઘસાઈ ગયાં જેવાં થઈ ગયાં હોવાથી અને પૂર્વના આરાધક જીવો ઓછા હોવાથી જીવને સત્પુરુષનુ ઓળખાણુ તત્કાળ થતુ નથી. ઘણા જીવો તો સત્પુરુષનુ સ્વરૂપ પણ સમજતા નથી. કાં તો છકાયના રક્ષપાળ સાધુને, કાં તો શાસ્ત્રો ભણ્યા હોય તેને, કાં તો કોઈ ત્યાગી હોય તેને અને કાં તો ડાહ્યો હોય તેને સત્પુરુષ માને છે, પણ તે યથાર્થ નથી.

સત્પુરુષનુ ખરેખરું સ્વરૂપ જાણવું જરૂરનુ છે. મધ્યમ સત્પુરુષ હોય તો વખતે થોડા કાળે તેમનું ઓળખાણુ થવું સંભવે, કારણ કે જીવની મરજી અનુકૂળ તે વર્તે, સહજ વાતચીત કરે અને આવકાર ભાવ રાખે તેથી જીવને પ્રીતિ થવાનું કારણ બને. પણ ઉત્કૃષ્ટ સત્પુરુષને તો તેવી ભાવના હોય નહીં અર્થાત્ નિસ્પૃહતા હોવાથી તેવો ભાવ રાખે નહીં, તેથી કાં તો જીવ અટકી જાય અથવા મૂઝાય અથવા તેનુ થવું હોય તે થાય.

જેમ બને તેમ સદ્વૃત્તિ અને સદાચાર સેવવાં. જ્ઞાની પુરુષ કાંઈ વ્રત આપે નહીં અર્થાત્ જ્યારે પ્રગટ માર્ગ કહે અને વ્રત આપવાનુ જણાવે ત્યારે વ્રત અંગીકાર કરવાં પણ ત્યાં સુધી યથાશક્તિ સદ્વ્રત અને સદાચાર સેવવાં એમાં સદાય જ્ઞાની પુરુષની આજ્ઞા છે. દંભ, અહંકાર, આગ્રહ, કંઈ પણ કામના, ફળની ઇચ્છા અને લોકને દેખાડવાની બુદ્ધિ એ સઘળા દોષો છે તેથી રહિત વ્રતાદિ સેવવાં. તેને કોઈ પણ સંપ્રદાય કે મતનાં વ્રત, પચ્ચખાણુ આદિ સાથે સરખાવવાં નહીં, કારણ કે લોકો જે વ્રત, પચ્ચખાણુ આદિ કરે છે તેમાં ઉપર જણાવેલા દોષો હોય છે આપણે તો તે દોષોથી રહિત અને આત્મવિચારને અર્થે કરવાં છે, માટે તેની સાથે કદી પણ સરખાવવાં નહીં.

ઉપર કહ્યા તે દોષો વર્જીને, ઉત્તમ પ્રકારે સદ્વૃત્તિ અને સદાચાર સર્વેએ સેવવાં.

નિર્દંભપણે, નિરહંકારપણે અને નિષ્કામપણે જે સદ્વ્રત કરે છે તે દેખીને આડોશીપાડોશી અને બીજા લોકોને પણ તે અંગીકાર કરવાનુ ભાન થાય છે. જે કંઈ સદ્વ્રત કરવાં તે લોકોને દેખાડવા અર્થે નહીં પણ માત્ર પોતાના હિતને અર્થે કરવાં. નિર્દંભપણે થવાથી લોકોમાં તેની અસર તરત થાય છે

કોઈ પણ દંભપણે દાળમાં ઉપર મીઠું ન લેતા હોય અને કહે કે 'હું ઉપર કાંઈ લેતો નથી. શું નથી ચાલતું? એથી શું?' એથી કાંઈ લોકોમાં અસર થાય નહીં. અને ઊલટું કર્યું હોય તે કર્મ બંધાવા માટે થાય. માટે તેમ ન કરતા નિર્દંભપણે અને ઉપરનાં દોષો વર્જીને વ્રતાદિ કરવાં.

પ્રતિદિન નિયમપૂર્વક આ શાસ્ત્રાદિ વાંચવાનું રાખવું. આજે એક વાંચ્યુ અને કાલે બીજું

વાંચવું એમ ન કરતાં ક્રમપૂર્વક એક શાસ્ત્ર પૂરું કરવું. આચારાંગ સૂત્રમાં કેટલાક આશય ગંભીર છે, સૂયગડાંગમાં પણ ગંભીર છે, ઉત્તરાધ્યયનમાં પણ કોઈક કોઈક સ્થળે ગંભીર છે. દશવૈકાલિક સુગમ છે. આચારાંગમાં કોઈક સ્થળે સુગમ છે પણ ગંભીર છે. સૂયગડાંગ કોઈક સ્થળે સુગમ છે, ઉત્તરાધ્યયનમાં કોઈક જગાએ સુગમ છે; તો નિયમપૂર્વક વાંચવા. યથાશક્તિ ઉપયોગ દઈ ઊંડા ઊતરી વિચારવાનું બને તેટલું કરવું.

દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો, એ ત્રણેની શ્રદ્ધાને જૈનમાં સમ્યક્ત્વ કહ્યું છે. માત્ર ગુરુ અસત્ હોવાથી દેવ અને ધર્મનું ભાન નહોતું. સદ્ગુરુ મળવાથી તે દેવ અને ધર્મનું ભાન થયું તેથી સદ્ગુરુ પ્રત્યે આસ્થા એ જ સમ્યક્ત્વ. જેટલી જેટલી આસ્થા અને અપૂર્વપણું તેટલું સમ્યક્ત્વનું નિર્મળપણું સમજવું. આવું સાચું સમ્યક્ત્વ પામવાની ઇચ્છા, કામના સદાય રાખવી.

કદી પણ દંભપણે કે અહંકારપણે આચરણ કરવાનું જરાય મનમાં લાવવું નહીં. કહેવું ઘટે ત્યાં કહેવું પણ સહજ સ્વભાવે કહેવું. મંદપણે કહેવું નહીં તેમ આક્રોશથી કહેવું નહીં. માત્ર સહજ સ્વભાવે શાન્તિપૂર્વક કહેવું.

સદ્વ્રત આદરવામાં શુભાતન રહે તેમ કરવું, મંદ પરિણામ થાય તેમ કરવું નહીં. જે જે આગાર બતાવ્યા છે તે ધ્યાનમાં રાખવા પણ ભોગવવાની બુદ્ધિએ ભોગવવા નહીં.

સત્પુરુષ પ્રત્યે તેત્રીસ આશાતનાદિક ટાળવાનું બતાવ્યું છે તે વિચારીને આશાતના કરવાની બુદ્ધિએ આશાતના કરવી નહીં. સત્સંગ થયો છે તે સત્સંગનું ફળ થવું જોઈએ. કોઈ પણ અયોગ્ય આચરણ થાય અથવા અયોગ્ય વ્રત સેવાય તે સત્સંગનું ફળ નહીં. સત્સંગ થયેલા જીવથી તેમ વર્તાય નહીં, તેમ વર્તે તો લોકોને નિંદાનું કારણ થાય, તેમ તેથી સત્પુરુષની નિંદા કરે અને સત્પુરુષની નિંદા આપણા નિમિત્તે થાય એ આશાતનાનું કારણ અર્થાત્ અધોગતિનું કારણ થાય માટે તેમ કરવું નહીં.

સત્સંગ થયો છે તેનો શો પરમાર્થ? સત્સંગ થયો હોય તે જીવની કેવી દશા થવી જોઈએ? તે ધ્યાનમાં લેવું. પાંચ વરસનો સત્સંગ થયો છે તો તે સત્સંગનું ફળ જરૂર થવું જોઈએ અને જીવે તે પ્રમાણે વર્તવું જોઈએ. એ વર્તન જીવે પોતાના કલ્યાણને અર્થે જ કરવું પણ લોકોને દેખાડવા અર્થે નહીં. જીવના વર્તનથી લોકોના મનમાં પ્રતીત થાય કે જરૂર આને મળ્યા છે તે કોઈ સત્પુરુષ છે અને તે સત્પુરુષના સમાગમનું, સત્સંગનું આ ફળ છે તેથી જરૂર તે સત્સંગ છે એમાં સંદેહ નહીં.

વારંવાર બોધ સાંભળવાની ઇચ્છા રાખવા કરતાં સત્પુરુષનાં ચરણ સમીપમાં રહેવાની ઇચ્છા અને ચિંતના વિશેષ રાખવી. જે બોધ થયો છે તે સત્પુરુષના આશ્રયે વિચારાય તો અત્યંત કલ્યાણકારક છે.

[૬૪૩-૩] ૐ રાળજ, શ્રાવણ સુદ ૬, ૧૯૫૨

ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે, અને સીધા માર્ગે ચઢ્યું જવાય; અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

પ્ર૦ :— આત્મા કોણે અનુભવ્યો કહેવાય ?

ઉ૦ :— તરવાર મ્યાનમાંથી કાઢવાથી જેમ જુદી માલૂમ પડે છે, તેમ દેહથી અ
સ્પષ્ટ જુદો બતાવે છે તેણે આત્મા અનુભવ્યો કહેવાય. દૂધ ને પાણી ભેળાં છે તેવી
આત્મા અને દેહ રહેલા છે. દૂધ અને પાણી ક્રિયા કરવાથી જુદાં પડે ત્યારે જુદાં કહે
તેવી રીતે આત્મા અને દેહ ક્રિયાથી જુદા પડે ત્યારે જુદા કહેવાય. દૂધ દૂધના અને પ
પાણીના પરિણામ પામે ત્યાં સુધી ક્રિયા કહેવી. આત્મા જાણ્યો હોય તો પછી એક પર્યા
માંડી આખા સ્વરૂપ સુધીની ભ્રાંતિ થાય નહીં.

પોતાના દોષ ઘટે, આવરણ ટળે તો જ જાણવું કે જ્ઞાનીનાં વચનો સાચાં છે.

આરાધકપણું નહીં એટલે પ્રશ્નો અવળાં જ કરે છે. આપણે ભવ્ય અભવ્યની ચિં
રાખવી નહીં. અહો ! અહો !! પોતાના ઘરની પડી મૂકીને બહારની વાત કરે છે! પ
વર્તમાનમાં ઉપકાર કરે તે જ કરવું. એટલે હાલ લાભ થાય તેવો ધર્મવ્યાપાર કરવો.

જ્ઞાન તેનું નામ કે જે હર્ષ, શોક વખતે હાજર થાન; અર્થાત્ હર્ષ, શોક થાય નહ

સમ્યગ્દૃષ્ટિ હર્ષશોકાદિ પ્રસંગમાં તદ્દન એકાકાર થાય નહીં. તેમનાં નિર્ધ્વંસ પરિણા
થાય નહીં, અજ્ઞાન ઊભું થાય કે જાણવામાં આવ્યે તરત જ દાબી દે; બહુ જ જાગૃતિ હોય
જેમ કોરો કાગળ વાંચતા હોય તેમ તેમને હર્ષશોક થાય નહીં. ભય અજ્ઞાનનો છે. જે
સિંહણને સિંહ ચાલ્યો આવતો હોય અને ભય લાગતો નથી પણ મનુષ્ય ભય પામી ભાગી
જાય છે; જાણે તે કૂતરો ચાલ્યો આવતો હોય તેમ સિંહણને લાગે છે, તેવી રીતે જ્ઞાની
પૌદ્ગલિક સંયોગ સમજે છે. રાજ્ય મળ્યે આનંદ થાય તો તે અજ્ઞાન. જ્ઞાનીની દશા
બહુ જ અદ્ભુત છે.

યથાતથ્ય કલ્યાણ સમજાયું નથી તેનું કારણ વચનને આવરણ કરનાર દુરાગ્રહ ભાવ, કષાય રહ્યા છે. દુરાગ્રહભાવને લીધે મિથ્યાત્વ શું છે તે સમજાય નહીં; દુરાગ્રહને મૂકે કે મિથ્યાત્વ દૂર ખસવા માંડે. કલ્યાણને અકલ્યાણ સમજે તે મિથ્યાત્વ. દુરાગ્રહાદિ ભાવને લીધે જીવને કલ્યાણનું સ્વરૂપ બતાવ્યા છતાં સમજાય નહીં. કષાય, દુરાગ્રહાદિ મુકાય નહીં તો પછી તે વિશેષ પ્રકારે પીડે છે. કષાય સત્તાપણે છે, નિમિત્ત આવે ત્યારે ઊભા થાય છે, ત્યાં સુધી ઊભા થાય નહીં.

પ્ર૦ :— શું વિચાર કર્યે સમભાવ આવે ?

ઉ૦ :— વિચારવાનને પુદ્ગલમાં તન્મયપણું, તાદાત્મ્યપણું થતું નથી. અજ્ઞાની પૌદ્ગલિક સંયોગના હર્ષનો પત્ર વાંચે તો તેનું મોઢું ખુશીમાં દેખાય, અને ભયનો કાગળ આવે તો ઉદાસ થઈ જાય. સર્પ દેખી આત્મવૃત્તિમાં ભયનો હેતુ થાય ત્યારે તાદાત્મ્યપણું કહેવાય. તન્મયપણું થાય તેને જ હર્ષ, શોક થાય છે. નિમિત્ત છે તે તેનું કાર્ય કર્યા વગર રહે નહીં.

મિથ્યાદૃષ્ટિને વચમાં સાક્ષી (જ્ઞાનરૂપી) નથી. દેહ ને આત્મા બન્ને જુદા છે એવો જ્ઞાનીને ભેદ પડ્યો છે. જ્ઞાનીને વચમાં સાક્ષી છે જ્ઞાનજાગૃતિ હોય તો જ્ઞાનના વેગે કરી, જે જે નિમિત્ત મળે તેને પાછું વાળી શકે.

જીવ વિભાવપરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે; અને સ્વભાવ પરિણામમાં પ્રવર્તે

તે વખતે કર્મ બાંધે નહીં. એમ સંક્ષેપમાં પરમાર્થ કહ્યો. પણ જીવ સમજે નહીં તેથી વિસ્તાર કરવો પડ્યો, જેમાંથી મોટાં શાસ્ત્રો રચાયાં

'સ્વચ્છંદ ટળે તો જ મોક્ષ થાય.

સદ્ગુરુની આજ્ઞા વિના આત્માર્થી જીવના શ્વાસોચ્છ્વાસ સિવાય બીજું ન ચાલે એવી જિનની આજ્ઞા છે.

પ્ર૦ :—પાંચ ઇન્દ્રિયો શી રીતે વશ થાય?

ઉ૦ :—વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. જેમ ફૂલ સુકાવાથી તેની સુગંધી થોડીવાર રહી નાશ પામે છે, અને ફૂલ કરમાઈ જાય છે, તેથી કાંઈ સંતોષ થતો નથી, તેમ તુચ્છભાવ આવવાથી ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધતા થતી નથી. પાંચ ઇન્દ્રિયોમાં જિહ્વાઇન્દ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇન્દ્રિયો સહેજે વશ થાય છે.

જ્ઞાની પુરુષને શિષ્યે પૂછ્યું, 'બાર ઉપાંગ તો બહુ ગહન છે; અને તેથી મારાથી સમજી શકાય તેમ નથી; માટે બાર ઉપાંગનો સાર જ બતાવો કે જે પ્રમાણે વર્તું તો મારું કલ્યાણ થાય.' સદ્ગુરુએ ઉત્તર આપ્યો, બાર ઉપાંગનો સાર તમને કહીએ છીએ કે, 'વૃત્તિઓને ક્ષય કરવી.' આ વૃત્તિઓ બે પ્રકારની કહી : એક બાહ્ય અને બીજી અંતર. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્તવું તે. આત્માથી અંદર પરિણમવું, તેમાં સમાવું, તે અંતરવૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતરવૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી. કારણ કે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થનાં સાવ માટીપણું જ ભાસે છે.

સ્ત્રી એ હાડમાંસનું પૂતળું છે એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી; તો પણ સાધુને એવી આજ્ઞા કરી છે કે દેવાંગનાથી ન ચળી શકે તેવા મુનિએ પણ નાક કાન છેદેલી એવી જે સો વરસની વૃદ્ધ સ્ત્રી તેની સમીપ પણ રહેવું નહીં; કારણ કે તે વૃત્તિને ક્ષોભ પમાડે જ એવું જ્ઞાનીએ જાણ્યું છે. સાધુને તેટલું જ્ઞાન નથી કે તેનાથી ન જ ચળી શકે, એમ ધારી તેની સમીપ રહેવાની આજ્ઞા કરી નથી. આ વચન ઉપર જ્ઞાનીએ પોતે વિશેષ ભાર મૂક્યો છે, એટલા માટે જો વૃત્તિઓ પદાર્થોમાં ક્ષોભ પામે તો તરત ખેંચી લઈ તેવી બાહ્યવૃત્તિઓ ક્ષય કરવી.

ચૌદ ગુણસ્થાનક છે તે આત્માના અંશે અંશે ગુણ બતાવ્યા છે, અને છેવટે તે કેવા છે તે જણાવ્યું છે. જેમ એક હીરો છે તેને એક એક કરતાં ચૌદ પહેલ પાડો તો અનુક્રમે વિશેષ વિશેષ કાન્તિ પ્રગટે, અને ચૌદે પહેલ પાડતાં છેવટે હીરાની સંપૂર્ણ સ્પષ્ટ કાન્તિ પ્રગટે. આ જ રીતે સંપૂર્ણ ગુણ પ્રગટવાથી આત્મા સંપૂર્ણપણે પ્રગટે.

ચૌદપૂર્વધારી અગિયારમેથી પાછા પડે છે તેનું કારણ પ્રમાદ છે. પ્રમાદના કારણથી તે એમ જાણે કે 'હવે મને ગુણ પ્રગટ્યો.' એવા અભિમાનથી પહેલે ગુણસ્થાનક જઈ પડે છે;

અને અનંત કાળનું ભ્રમણ કરવું પડે છે. માટે જીવે અવશ્ય જાગ્રત રહેવું; કારણ કે વૃત્તિઓનું પ્રાબલ્ય એવું છે કે તે હરેક પ્રકારે છેતરે છે.

અગિયારમા ગુણસ્થાનકેથી જીવ પડે છે તેનું કારણ એ કે વૃત્તિઓ પ્રથમ જાણે છે કે 'હમણાં આ શૂરાતનમાં છે એટલે આપણું બળ ચાલવાનું નથી;' અને તેથી ચૂપ થઈ બધી દબાઈ રહે છે. 'ક્રોધ કડવો છે તેથી છેતરાશે નહીં, માનથી પણ છેતરાશે નહીં; તેમ માયાનું બળ ચાલે તેવું નથી' એમ વૃત્તિએ જાણ્યું કે તરત ત્યાં લોભ ઉદયમાન થાય છે. 'મારામાં કેવાં રિદ્ધિ, સિદ્ધિ, અને ઐશ્વર્ય પ્રગટ થયાં' એવી વૃત્તિ ત્યાં આગળ થતાં તેનો લોભ થવાથી ત્યાંથી જીવ પડે છે, અને પહેલે ગુણસ્થાનકે આવે છે.

આ કારણથી વૃત્તિઓને ઉપશમ કરવા કરતાં ક્ષય કરવી; એટલે ફરીથી ઉદ્ભવે નહીં. જ્યારે જ્ઞાનીપુરુષ ત્યાગ કરાવવાને માટે કહે કે આ પદાર્થ ત્યાગી દે ત્યારે વૃત્તિ ભૂલવે છે કે ઠીક છે, હું બે દિવસ પછી ત્યાગીશ. આવા ભુલાવામાં પડે છે કે વૃત્તિ જાણે છે કે ઠીક થયું, અણીનો ચૂક્યો સો વર્ષ જીવે. એટલામાં શિથિલપણાનાં કારણો મળે કે 'આ ત્યાગવાથી રોગનાં કારણો થશે; માટે હમણાં નહીં પણ આગળ ત્યાગીશ.' આ રીતે વૃત્તિઓ છેતરે છે.

આ પ્રકારે અનાદિકાળથી જીવ છેતરાય છે કોઈનો વીશ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તે વખતે તે જીવને એવી કડવાશ લાગે કે આ સંસાર ખોટો છે. પણ બીજે જ દિવસે એ વિચાર બાહ્યવૃત્તિ વિસ્મરણ કરાવે છે કે 'એનો છોકરો કાલ સવારે મોટો થઈ રહેશે; એમ થતું જ આવે છે; શું કરીએ?' આમ થાય છે; પણ એમ નથી થતું કે તે પુત્ર જેમ મરી ગયો, તેમ હું પણ મરી જઇશ. માટે સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો સારું. આમ વૃત્તિ થતી નથી. ત્યા વૃત્તિ છેતરે છે.

કોઈ અભિમાની જીવ એમ માની બેસે છે કે 'હું પંડિત છું, શાસ્ત્રવેત્તા છું, ડાહ્યો છું, ગુણવાન છું, લોક મને ગુણવાન કહે છે,' પણ તેને જ્યારે તુચ્છ પદાર્થનો સંયોગ થાય છે ત્યારે તરત જ તેની વૃત્તિ ખેંચાય છે. આવા જીવને જ્ઞાની કહે છે કે તુ વિચાર તો ખરો કે તે તુચ્છ પદાર્થની કિંમત કરતાં તારી કિંમત તુચ્છ છે! જેમ એક પાઈની ચાર બીડી મળે છે, અર્થાત્ પા પાઈની એક બીડી છે. તેવી બીડીનું જો તને વ્યસન હોય તો તું અપૂર્વ જ્ઞાનીના વચનો સાંભળતો હોય તો પણ જો ત્યાં કયાયથી બીડીનો ધુમાડો આવ્યો કે તારા આત્મામાંથી વૃત્તિનો ધુમાડો નીકળે છે, અને જ્ઞાનીના વચનો ઉપરથી પ્રેમ જતો રહે છે બીડી જેવા પદાર્થમા, તેની ક્રિયામાં વૃત્તિ ખેંચાવાથી વૃત્તિક્ષોભ નિવૃત્ત થતો નથી! પા પાઈની બીડીથી જો એમ થઈ જાય છે, તો વ્યસનીની કિંમત તેથી પણ તુચ્છ થઈ; એક પાઈના ચાર આત્મા થયા, માટે દરેક પદાર્થમાં તુચ્છપણું વિચારી વૃત્તિ બહાર જતી અટકાવવી; અને ક્ષય કરવી.

અનાથદાસજીએ કહ્યું છે કે, 'એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાયો છે, અને કોટિ જ્ઞાનીનો એક અભિપ્રાય છે.'

આત્માને જે મોક્ષનાં હેતુ છે તે 'સુપચ્ચખાણ.' આત્માને સંસારના હેતુ છે તે 'દુપચ્ચખાણ.' ઢુંઢિયા અને તપા કલ્પના કરી જે મોક્ષ જવાનો માર્ગ કહે છે તે પ્રમાણે તો ત્રણે કાળમાં મોક્ષ નથી.

ઉત્તમ જાતિ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, અને સત્સંગ એ આદિ પ્રકારથી આત્મગુણ પ્રકટ થાય છે.

તમે માન્યો છે તેવો આત્માનો મૂળ સ્વભાવ નથી; તેમ આત્માને કર્મે કાંઈ સાવ આવરી નાંખ્યો નથી. આત્માના પુરુષાર્થધર્મનો માર્ગ સાવ ખુલ્લો છે.

બાજરી અથવા ઘઉંનો એક દાણો લાખ વર્ષ સુધી રાખી મૂક્યો હોય (સડી જાય તે વાત અમારા ધ્યાનમાં છે) પણ જો તેને પાણી, માટી આદિનો સંયોગ ન મળે તો ઊગવાનો સંભવ નથી, તેમ સત્સંગ અને વિચારનો યોગ ન મળે તો આત્મગુણ પ્રગટ થતો નથી.

શ્રેણિકરાજા નરકમાં છે, પણ સમભાવે છે, સમકિતી છે, માટે તેને દુઃખ નથી.

ચાર કઠિયારાના દૃષ્ટાંતે ચાર પ્રકારના જીવો છેઃ— ચાર કઠિયારા જંગલમાં ગયા. પ્રથમ સર્વેએ કાષ્ઠ લીધાં ત્યાંથી આગળ ચાલ્યા કે સુખડ આવી ત્યાં ત્રણે સુખડ લીધી. એક કહે 'એ જાતના લાકડાં ખપે કે નહીં, માટે મારે તો લેવાં નથી, આપણે રોજ લઈએ છીએ તે જ મારે તો સારાં.' આગળ ચાલતાં સોનુંરૂપું આવ્યું. ત્રણમાંથી બેએ સુખડ નાંખી દઈ સોનુંરૂપું લીધું, એકે ન લીધું. ત્યાંથી આગળ ચાલ્યા કે રત્નચિંતામણિ આવ્યો. બે માંથી એકે સોનું નાંખી દઈ રત્નચિંતામણિ લીધો; એકે સોનું રહેવા દીધું.

(૧) આ જગોએ એમ દૃષ્ટાંત ઘટાવવું કે જેણે લાકડાં જ લીધાં અને બીજું ન લીધું તે પ્રકારના એક જીવ છે; કે જેણે લૌકિક કર્મો કરતાં જ્ઞાનીપુરુષને ઓળખ્યા નહીં; દર્શન પણ કર્યાં નહીં; એથી તેનાં જન્મ જરા મરણ પણ ટળ્યાં નહીં; ગતિ પણ સુધરી નહીં.

(૨) સુખડ લીધી અને કાષ્ઠ મૂકી દીધાં ત્યાં દૃષ્ટાંત એમ ઘટાવવું કે જેણે કાંઈક જ્ઞાનીને ઓળખ્યા, દર્શન કર્યાં તેથી તેની ગતિ સારી થઈ.

(૩) સોનું આદિ લીધું તે દૃષ્ટાંત એમ ઘટાવવું કે જેણે જ્ઞાનીને તે પ્રકારે ઓળખ્યા માટે તેને દેવગતિ પ્રાપ્ત થઈ.

(૪) રત્નચિંતામણિ જેણે લીધો તે દૃષ્ટાંત એમ ઘટાવવું કે જે જીવને જ્ઞાનીની યથાર્થ ઓળખાણ થઈ તે જીવ ભવમુક્ત થયો.

એક વન છે તેમાં માહાત્મ્યવાળા પદાર્થો છે. તેનું જે પ્રકારે ઓળખાણ થાય તેટલું માહાત્મ્ય લાગે, અને તે પ્રમાણમાં તે ગ્રહે. આ રીતે જ્ઞાનીપુરુષરૂપી વન છે. જ્ઞાનીપુરુષનું અગમ્ય, અગોચર માહાત્મ્ય છે. તેનું જેટલું ઓળખાણ થાય તેટલું માહાત્મ્ય લાગે; અને તે તે પ્રમાણમાં તેનું કલ્યાણ થાય.

સાંસારિક ખેદનાં કારણો જોઈ, જીવને કડવાશ લાગતાં છતાં તે વૈરાગ્ય ઉપર પગ દઈ ચાલ્યો જાય છે, પણ વૈરાગ્યનાં પ્રવૃત્તિ કરતો નથી.

કોઈ જ્ઞાનીને લોકદૃષ્ટિએ દેખે તો ઓળખે નહીં.

આહારાદિ વગેરેમાં પણ જ્ઞાનીપુરુષની પ્રવૃત્તિ બાહ્ય રહે છે. કેવી રીતે કે, ઘડો [illegible] (આકાશમાં) છે, અને [illegible] છે, [illegible] (ઘડો) બહાર છે [illegible] જ્ઞાનીની દૃષ્ટિ [illegible], [illegible] પારમાર્થિક [illegible]

મિચ્છા મિ દુક્કડં લેવાને યોગ્ય નથી.' એટલે ગૌતમસ્વામી ચાલ્યા ગયા, અને જઈને મહાવીરસ્વામીને પૂછ્યું. (ગૌતમસ્વામી તેનું સમાધાન કરે તેવા હતા, પણ છતે ગુરુએ તેમ કરે નહીં જેથી મહાવીરસ્વામી પાસે જઈ હકીકત કહી). મહાવીરસ્વામીએ કહ્યું, 'હે ગૌતમ! હા, આનંદ દેખે છે એમ જ છે, અને તમારી ભૂલ છે, માટે તમે આનંદ પાસે જઈ ક્ષમાપના લ્યો.' 'તહત્' કહી ગૌતમસ્વામી ક્ષમાવવા ગયા. જો ગૌતમસ્વામીમાં મોહ નામનો મહા સુભટ પરાભવ પામ્યો ન હોત તો ત્યાં જાત નહીં, અને કદાપિ ગૌતમસ્વામી એમ કહેત કે 'મહારાજ! આપના આટલા બધા શિષ્ય છે તેમની હું ચાકરી કરું, પણ ત્યાં તો નહીં જાઉં;' તો તે વાત કબૂલ થાત નહીં. ગૌતમસ્વામી પોતે ત્યાં જઈ ક્ષમાવી આવ્યા!

'સાસ્વાદનસમકિત' એટલે વમી ગયેલું સમકિત, અર્થાત્ જે પરીક્ષા થયેલી તેને આવરણ આવી જાય તોપણ મિથ્યાત્વ અને સમકિતની કિંમત તેને જુદી ને જુદી લાગે. જેમ છાશમાંથી માખણ વલોવી કાઢી લીધું, ને પછી પાછું છાશમાં નાખ્યું. માખણ ને છાશ પ્રથમ જેવાં એકમેક હતાં તેવાં એકમેક પછી થાય નહીં, તેમ મિથ્યાત્વની સાથે એકમેક થાય નહીં. હીરામણિની કિંમત થઈ છે, પણ કાચની મણિ આવે ત્યારે હીરામણિ સાક્ષાત અનુભવમાં આવે તે દૃષ્ટાંત પણ અત્રે ઘટે છે;

નિર્ગ્રંથ ગુરુ એટલે પૈસારહિત ગુરુ નહીં, પણ જેની ગ્રંથિ છેદાઇ છે એવા ગુરુ. સદ્ગુરુની ઓળખાણ થાય ત્યારે વ્યવહારથી ગ્રંથિ છેદવાનો ઉપાય છે. જેમ, એક માણસે કાચની મણિ લઈ ધાર્યું કે, 'મારી પાસે સાચી મણિ છે, આવી કયાંય પ્રાપ્ત થતી નથી.' પછી તેણે એક વિચારવાન પાસે જઈ કહ્યું, 'મારી મણિ સાચી છે.' પછી તે વિચારવાને તેથી સારી, તેથી સારી, એમ વધતી વધતી કિંમતની મણિ બતાવીને કહ્યું કે જો ફેર લાગે છે? બરાબર જોજે, ત્યારે તેણે કહ્યું 'હા ફેર લાગે છે.' પછી તે વિચારવાને ઝુમર બતાવી કહ્યું; જો તારા જેવી તો હજારો મળે છે. આખું ઝુમર બતાવ્યા પછી સાચી મણિ બતાવી ત્યારે તેને તેની બરોબર કિંમત થઇ; પછી જૂઠીને જૂઠી જાણી મૂકી દીધી. પછી કોઇક સંગ મળવાથી તેણે કહ્યું કે તેં આ મણિ જે સાચી જાણી છે એવી તો ઘણી મળે છે. આવાં આવરણોથી વહેમ આવી જવાથી ભૂલી જાય; પણ પછી જૂઠી દેખે. જે પ્રકારે સાચાની કિંમત થઈ હોય તે પ્રકારે, તે તરત જાગૃતિમાં આવે કે સાચી ઝાઝી હોય નહીં. અર્થાત આવરણ હોય, પણ પ્રથમની ઓળખાણ ભુલાય નહીં. આ પ્રકારે વિચારવાનને સદ્ગુરુનો યોગ મળતાં તત્ત્વપ્રતીતિ થાય, પણ પછી મિથ્યાત્વના સંગથી આવરણ આવતાં શંકા થઈ જાય; જો કે તત્ત્વપ્રતીતિ જાય નહીં. પણ તેને આવરણ આવી જાય. આનુ નામ 'સાસ્વાદનસમ્યક્ત્વ.'

સદ્ગુરુ, સતદેવ, કેવળીનો પ્રરૂપેલો ધર્મ તેને સમ્યક્ત્વ કહ્યું, પણ સતદેવ અને કેવળી એ બે સદ્ગુરુમા સમાઈ ગયા.

સદ્ગુરુ અને અસદ્ગુરુમા રાતદિવસ જેટલો અંતર છે.

એક ઝવેરી હતો. વેપાર કરતાં ઘણી ખોટ જવાથી તેની પાસે કાંઈ પણ દ્રવ્ય રહ્યું નહીં. મરણ વખત આવી પહોંચ્યો એટલે બૈરાછોકરાનો વિચાર કરે છે કે મારી પાસે કાંઈ દ્રવ્ય નથી, પણ જો વાત કહીશ તો છોકરો નાની ઉંમરનો છે તેથી દેહ છૂટી જશે. સ્ત્રીએ,

સામું જોયું ત્યારે કહ્યું કે કાંઈ કહો છો? પુરુષે કહ્યું, શું કહું? સ્ત્રીએ કહ્યું કે મારું અને છોકરાનું ઉદરપોષણ થાય તેવું બતાવો ને કંઈ કહો. ત્યારે પેલાએ વિચાર કરીને કહ્યું કે ઘરમાં ઝવેરાતની પેટીમાં કિંમતી નંગની દાબડી છે તે જ્યારે તારે અવશ્યની જરૂર પડે ત્યારે કાઢીને મારા ભાઇબંધ પાસે જઇને વેચાવજે, ત્યાં તને ઘણું દ્રવ્ય આવશે. આટલું કહીને પેલો પુરુષ કાળધર્મ પામ્યો. કેટલાક દિવસે નાણાં વિના ઉદરપોષણ માટે પીડાતાં જાણી, પેલો છોકરો તેના બાપે પ્રથમ કહેલ ઝવેરાતના નંગ લઈ, તેના કાકા (પિતાનો ભાઇબંધ ઝવેરી) પાસે ગયો ને કહ્યું કે મારે આ નંગ વેચવા છે, તેનું દ્રવ્ય જે આવે તે મને આપો. ત્યારે પેલા ઝવેરીભાઈએ પૂછ્યું: 'આ નંગ વેચીને શું કરવું છે?' 'ઉદર ભરવા પૈસા જોઈએ છે,' એમ પેલા છોકરાએ કહ્યું ત્યારે તે ઝવેરીએ કહ્યું: 'સો-પચાસ રૂપિયા જોઈએ તો લઈ જા, ને રોજ મારી દુકાને આવતો રહેજે. અને ખર્ચ લઈ જજે. આ નંગ હાલ રહેવા દે.' પેલા છોકરાએ પેલા ભાઈની વાત સ્વીકારી, અને પેલું ઝવેરાત પાછું લઈ ગયો. પછી રોજ ઝવેરીની દુકાને જતાં ઝવેરીના સમાગમે તે છોકરો હીરા, પાના, માણેક, નીલમ બધાને ઓળખતાં શીખ્યો ને તેની તેને કિંમત થઈ. પછી પેલા ઝવેરીએ કહ્યું: 'તું તારું જે ઝવેરાત પ્રથમ વેચવા લાવ્યો હતો તે લાવ, હવે વેચીએ.' પછી ઘેરથી છોકરાએ પોતાના ઝવેરાતની દાબડી લાવીને જોયું તો નંગ ખોટાં લાગ્યા, એટલે તરત ફેંકી દીધા. ત્યારે તેને પેલા ઝવેરીએ પૂછ્યું કે તે નાખી કેમ દીધાં? ત્યારે તેણે કહ્યું કે સાવ ખોટા છે માટે નાંખી દીધાં છે. જો પેલા ભાઈએ પ્રથમથી જ ખોટાં કહ્યાં હોત તો તે માનત નહીં, પણ જ્યારે પોતાને વસ્તુની કિંમત આવી ને ખોટાને ખોટારૂપે જાણ્યા ત્યારે ઝવેરીને કહેવું પડ્યું નહીં કે ખોટા છે. આ જ રીતે પોતાને સદ્‌ગુરુની પરીક્ષા થતાં અસદ્‌ગુરુને અસત્ જાણ્યા તો પછી તે તરત જ અસદ્‌ગુરુ વર્જીને સદ્‌ગુરુના ચરણમાં પડે; અર્થાત્ પોતામાં કિંમત કરવાની શક્તિ આવવી જોઈએ.

ગુરુ પાસે રોજ જઈ એકેંદ્રિયાદિક જીવોના સંબંધમાં અનેક પ્રકારની શંકાઓ અને કલ્પનાઓ કરી પૂછ્યા કરે; રોજ જાય અને એ ને એ જ પૂછે, પણ એણે ધાર્યું છે શું? એકેંદ્રિયમાં જવું ધાર્યું છે કે શું? પણ કોઈ દિવસ એમ પૂછતો નથી કે એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિયને જાણવાનો પરમાર્થ શો? એકેંદ્રિયાદિ જીવો સંબંધી કલ્પનાઓથી કાંઈ મિથ્યાત્વ ગ્રંથિ છેદાય નહીં. એકેંદ્રિયાદિ જીવોનું સ્વરૂપ જાણવાનું કંઈ ફળ નથી, વાસ્તવિક રીતે તો સમકિત પ્રાપ્ત કરવાનું છે, માટે ગુરુ પાસે જઈ નકામાં પ્રશ્નો કરવા કરતાં ગુરુને કહેવું કે એકેંદ્રિયાદિકની વાત આજે જાણી, હવે તે વાત કાલ કરશો નહીં, પણ સમકિતનો ઉપાય બતાવજો. આવું કહે તો કોઈ દહાડો એનો નિવેડો આવે. પણ રોજ એકેંદ્રિયાદિના કૂટા કૂટો કરે તો એનું કલ્યાણ ક્યારે થાય?

સમુદ્ર છે તે ખારો છે. એકદમ તો તેનું ખારાપણું ટાળી શકાય નહીં. તેને માટે આ પ્રકારે ઉપાય છે કે તે સમુદ્રમાંથી નીકે નીકે [illegible] લેવું, અને તે નીકોમાં [illegible] ને [illegible] ખારાપણું મટે, અને મીઠાશ થાય એટલે [illegible] તે [illegible] તો સૂર્યનો તાપ, અને પૃથ્વી જમીન. [illegible] ખારું [illegible] ઈ જવું [illegible]

રૂપી સમુદ્ર છે, તેમાં કદાગ્રહાદિરૂપ ખારાશ છે; માટે કુળધર્મરૂપી વહેળાને યોગ્યતારૂપ જમીનમાં લઈ સદ્બોધરૂપી ખાર નાંખવો એટલે સત્પુરુષરૂપી તાપથી ખારાશ મટી જશે.

'દુર્બળ દેહ ને માસ ઉપવાસી, જો છે માયારંગ રે;
તોપણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ રે.'

જેટલી ભ્રાન્તિ વધારે તેટલું વધારે.

જે જે વખતે તપશ્ચર્યા કરવી તે તે વખતે સ્વચ્છંદથી ન કરવી; અહંકારથી ન કરવી; લોકોને લીધે ન કરવી; જીવે જે કાંઈ કરવું તે સ્વચ્છંદે ન કરવું. 'હું ડાહ્યો છું' એવું માન રાખવું તે કયા ભવને માટે ? 'હું ડાહ્યો નથી' એવું સમજ્યા તે મોક્ષે ગયા છે. મુખ્યમાં મુખ્ય વિઘ્ન સ્વચ્છંદ છે. જેનો દુરાગ્રહ છેદાયો તે લોકોને પણ પ્રિય થાય છે, દુરાગ્રહ મૂકયો હોય તો બીજાને પણ પ્રિય થાય છે; માટે કદાગ્રહ મુકાયાથી બધાં ફળ થવાં સંભવે છે.

ગૌતમસ્વામીએ મહાવીરસ્વામીને વેદનાં પ્રશ્નો પૂછ્યાં; તેનું સર્વ દોષનો ક્ષય કર્યો છે એવા તે મહાવીરસ્વામીએ વેદના દાખલા દઈ સમાધાન સિદ્ધ કરી આપ્યું.

બીજાને ઊંચા ગુણે ચઢાવવા, પણ કોઈની નિંદા કરવી નહીં. કોઈને સ્વચ્છંદે કાંઈ કહેવું નહીં. કહેવા યોગ્ય હોય તો અહંકારરહિતપણે કહેવું. પરમાર્થદૃષ્ટિએ રાગદ્વેષ ઘટ્યા હોય તો ફળીભૂત થાય, વ્યવહારથી તો ભોળા જીવોને પણ રાગદ્વેષ ઘટ્યા હોય; પણ પરમાર્થથી રાગદ્વેષ મોળા પડે તો કલ્યાણનો હેતુ છે.

મોટા પુરુષોની દૃષ્ટિએ જોતાં સઘળાં દર્શન સરખાં છે. જૈનમાં વીશ લાખ જીવો મતાંતરમાં પડ્યાં છે! જ્ઞાનીની દૃષ્ટિએ ભેદાભેદ હોય નહીં.

જે જીવને અનંતાનુબંધીનો ઉદય છે તેને સાચા પુરુષની વાત સાંભળવી પણ ગમે નહીં.

મિથ્યાત્વની ગ્રંથિ છે તેની સાત પ્રકૃતિ છે. માન આવે એટલે સાતે આવે, તેમાં અનંતાનુબંધીની ચાર પ્રકૃતિ ચક્રવર્તી સમાન છે. તે કોઈ રીતે ગ્રંથિમાંથી નીકળવા દે નહીં. મિથ્યાત્વ રખવાળ છે. આખું જગત તેની સેવા ચાકરી કરે છે!

પ્ર૦ :— ઉદયકર્મ કોને કહીએ ?

ઉ૦ :— ઐશ્વર્યપદ પ્રાપ્ત થતાં તેને ધક્કો મારીને પાછું કાઢે કે 'આ મારે જોઈતું નથી; મારે આને શું કરવું છે ?' કોઈ રાજા પ્રધાનપણું આપે તોપણ પોતે લેવા ઇચ્છે નહીં. 'મારે એને શું કરવું છે ? ઘરસંબંધીની આટલી ઉપાધિ થાય તો ઘણી છે.' આવી રીતે ના પાડે; ઐશ્વર્યપદની નિરિચ્છા છતાં રાજા ફરી ફરી આપવા ઇચ્છે તેને લીધે આવી પડે, તો તેને વિચાર થાય કે 'જો તારે પ્રધાનપણું હશે તો ઘણા જીવોની દયા પળાશે, હિંસા ઓછી થશે, પુસ્તકશાળાઓ થશે, પુસ્તકો છપાવાશે.' એવા ધર્મના કેટલાક હેતુ જાણીને વૈરાગ્યભાવનાએ વેદે તેને ઉદય કહેવાય. ઇચ્છારહિત ભોગવે, અને ઉદય કહે તે તો શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય.

કેટલાક જીવો મોહગર્ભિત વૈરાગ્યથી અને કેટલાક દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લે છે. 'દીક્ષા લેવાથી સારા સારા નગરે, ગામે ફરવાનું થશે. દીક્ષા લીધા પછી સારા સારા પદાર્થો ખાવા મળશે, ઉઘાડા પગે તડકે ચાલવું પડશે તેટલી મુશ્કેલી છે, પણ તેમ તો સાધારણ

ખેડૂતો કે પાટીદારો પણ તડકામાં કે ઉઘાડા પગે ચાલે છે, તો તેની પેરે સહજ થઈ રહેશે; પણ બીજી રીતે દુઃખ નથી અને કલ્યાણ થશે.' આવી ભાવનાથી દીક્ષા લેવાનો જે વૈરાગ્ય થાય તે 'મોહગર્ભિત વૈરાગ્ય.'

પૂનમને દહાડે ઘણા લોકો ડાકોર જાય છે, પણ કોઈ એમ વિચારતું નથી કે આથી આપણું કલ્યાણ શું થાય છે? પૂનમને દહાડે રણછોડજીના દર્શન કરવા બાપદાદા જતા તે જોઈ છોકરાં જાય છે, પણ તેના હેતુ વિચારતાં નથી આ પ્રકાર પણ મોહગર્ભિત વૈરાગ્યનો છે.

જે સાંસારિક દુઃખથી સંસારત્યાગ કરે છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય સમજવો.

જ્યાં જાઓ ત્યાં કલ્યાણની વૃદ્ધિ થાય તેવી દૃઢ મતિ કરવી, કુળગચ્છનો આગ્રહ મુકાવો એ જ સત્સંગનું માહાત્મ્ય સાંભળવાનું પ્રમાણ છે. ધર્મના મતમતાંતરાદિ મોટા મોટા અનંતાનુબંધી પર્વતની ફાટની માફક મળે જ નહીં. કદાગ્રહ કરવો નહીં, ને કદાગ્રહ કરતા હોય તેને ધીરજથી સમજાવીને મુકાવવા ત્યારે સમજ્યાનું ફળ છે. અનંતાનુબંધી માન કલ્યાણ થવામાં આડા સ્તંભરૂપ કહેલ છે. જ્યાં જ્યાં ગુણી મનુષ્ય હોય ત્યાં ત્યાં તેનો સંગ કરવાનું વિચારવાન જીવ કહે. અજ્ઞાનીનાં લક્ષણો લૌકિક ભાવના છે. જ્યાં જ્યાં દુરાગ્રહ હોય ત્યાં ત્યાંથી છૂટવું; 'એને મારે જોઈતાં નથી' એ જ સમજવાનું છે.

[૬૪૩-૪] ૫ રાળજ, ભાદરવા સુદ ૬, શનિ, ૧૯૫૨

પ્રમાદથી યોગ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને પ્રમાદ છે. યોગથી અજ્ઞાન ઉત્પન્ન થતું હોય તો જ્ઞાનીને વિષે પણ સંભવે, માટે જ્ઞાનીને યોગ હોય પણ પ્રમાદ હોય નહીં.

'સ્વભાવમાં રહેવું, વિભાવથી મુકાવું' એ જ મુખ્ય તો સમજવાનું છે. બાળજીવોને સમજવા સારુ સિદ્ધાંતોના મોટા ભાગનું વર્ણન જ્ઞાનીપુરુષોએ કર્યું છે.

કોઈ ઉપર રોષ કરવો નહીં, તેમ કોઈ ઉપર રાજી થવું નહીં. આમ કરવાથી એક શિષ્યને બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ થયું એમ શાસ્ત્રમાં વર્ણન છે.

જેટલો રોગ હોય તેટલી દવા કરવી પડે છે. જીવને સમજવું હોય તો સહજ વિચાર પ્રગટે; પણ મિથ્યાત્વરૂપી મોટો રોગ છે તેથી સમજવા માટે ઘણો કાળ જવો જોઈએ. શાસ્ત્રમાં જે સોળ રોગ કહ્યા છે તે સઘળા આ જીવને છે એમ સમજવું.

જે સાધન બતાવ્યાં છે તે [illegible] મુજબ છે. સ્વર્ગાદિની, [illegible], [illegible], કુળધર્મના રક્ષણ અર્થે તપશ્ચર્યા કરવી નહીં, આત્માર્થે કરવી. તપશ્ચર્યા બાર પ્રકારે કહી છે. આહાર નહીં લેવો એ વગેરે બાર પ્રકાર છે. સત્ સાધન કરવા માટે જે કંઈ બતાવ્યું હોય તે સાચા પુરુષના આશ્રયે તે પ્રકારે કરવું. પોતાપણે વર્તવું તે જ સ્વચ્છંદ છે એમ કહ્યું છે. સદ્ગુરુની આજ્ઞા વિના શ્વાસોચ્છ્વાસ ક્રિયા સિવાય બીજું કંઈ કરવું નહીં.

સાધુએ લઘુશંકા પણ ગુરુને પૂછીને કરવી એવી જ્ઞાની પુરુષોની આજ્ઞા છે.

સ્વચ્છંદાચારે શિષ્ય કરવો હોય તો આજ્ઞા માગે નહીં. [illegible] કરવામાં માઠી કલ્પના વર્તતી હોય [illegible] તેમ જ [illegible] નહીં તે અજ્ઞાની, [illegible] સિદ્ધ કરે, તેમ જ [illegible] બાહ્ય કરીને વાણી કહે [illegible] અને તેને જ [illegible] કહેલ છે.

જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે. માટે તેમાં ન્યૂનાધિક કે મોટા નાનાની કલ્પના કરવી નહીં. તેમજ તે વાતનો આગ્રહ કરી ઝઘડો કરવો નહીં. જ્ઞાની કહે તે જ કલ્યાણને હેતુ છે એમ સમજાય તો સ્વચ્છંદ મટે. આ જ યથાર્થ જ્ઞાની છે માટે તે કહે તે જ પ્રમાણે કરવું. બીજા કોઈ વિકલ્પ કરવા નહીં.

જગતમાં ભ્રાંતિ રાખવી નહીં, એમાં કાંઈ જ નથી. આ વાત જ્ઞાની પુરુષો ઘણા જ અનુભવથી વાણી દ્વારા કહે છે. જીવે વિચારવું કે 'મારી બુદ્ધિ જાડી છે, મારાથી સમજાતું નથી. જ્ઞાની કહે છે તે વાકય સાચાં છે, યથાર્થ છે.' એમ સમજે તો સહેજે દોષ ઘટે.

જેમ એક વરસાદથી ઘણી વનસ્પતિ ઊગી નીકળે છે, તેમ જ્ઞાનીની એક પણ આજ્ઞા આરાધતાં ઘણા ગુણો પ્રગટે છે.

જો જ્ઞાનીની યથાર્થ પ્રતીતિ આવી હોય, અને બરાબર તપાસ્યુ છે કે 'આ સત્પુરુષ છે, આની દશા ખરેખરી આત્મદશા છે. તેમ એમનાથી કલ્યાણ થશે જ,' અને એવા જ્ઞાનીના વચન પ્રમાણે પ્રવર્તે, તો ઘણા જ દોષ વિક્ષેપ મટી જાય. જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં અહંકાર રહિત વર્તે અને તેનુ બધું પ્રવર્તન સવળું જ થાય. એમ સત્સંગ, સત્પુરુષનો યોગ અનંત ગુણનો ભંડાર છે.

જગતને બતાવવા જે કંઈ કરતો નથી તેને જ સત્સંગ ફળીભૂત થાય છે. સત્સંગ ને સત્પુરુષ વિના ત્રણે કાળને વિષે કલ્યાણ થાય જ નહીં.

બાહ્યત્યાગથી જીવ બહુ જ ભૂલી જાય છે. વેશ, વસ્ત્રાદિમા ભ્રાંતિ ભૂલી જવી. આત્માની વિભાવદશા, સ્વભાવદશા ઓળખવી.

કેટલાક કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. જ્ઞાનીને પણ ઉદયકર્મ સંભવે છે, પણ ગૃહસ્થપણું સાધુ કરતાં વધારે છે એમ બહારથી કલ્પના કરે તો કોઈ શાસ્ત્રનો સરવાળો મળે નહીં.

તુચ્છ પદાર્થમાં પણ વૃત્તિ ડોલાયમાન થાય છે. ચૌદપૂર્વધારી પણ વૃત્તિની ચપળતાથી અને અહંપણુ સ્ફુરવાથી નિગોદાદિમાં પરિભ્રમણ કરે છે. અગિયારમે ગુણસ્થાનકેથી પણ જીવ ક્ષણ લોભથી પડી પહેલે ગુણસ્થાનકે આવે છે. 'વૃત્તિ શાંત કરી છે,' એવુ અહંપણું જીવને સ્ફુર્યાથી, એવા ભુલાવાથી રખડી પડે છે.

અજ્ઞાનીને ધનાદિક પદાર્થને વિષે ઘણી જ આસક્તિ હોવાથી કોઈ પણ ચીજ ખોવાઈ જાય તો તેથી કરી અનેક પ્રકારની આર્તધ્યાનાદિકની વૃત્તિને બહુ પ્રકારે ફેલાવી, પ્રસારી પ્રસારી ક્ષોભ પામે છે. કારણ કે તેણે તે પદાર્થની તુચ્છતા જાણી નથી; પણ તેને વિષે મહત્ત્વ માન્યુ છે.

માટીના ઘડામાં તુચ્છતા જાણી છે એટલે તે ફૂટી જવાથી ક્ષોભ પામતો નથી. ચાંદી, સુવર્ણાદિને વિષે મહત્ત્વ માન્યુ છે તેથી તેનો વિયોગ થવાથી અનેક પ્રકારે આર્તધ્યાનની વૃત્તિ સ્ફુરાવે છે.

જે જે વૃત્તિમા સ્ફુરે અને ઇચ્છા કરે તે 'આસ્રવ' છે.

તે તે વૃત્તિનો નિરોધ કરે તે 'સંવર' છે.

અનંત વૃત્તિઓ અનંત પ્રકારે સ્ફુરે છે, અને અનંત પ્રકારે જીવને બંધન કરે છે. બાળજીવોને આ સમજાય નહીં તેથી જ્ઞાનીઓએ તેના સ્થૂળ ભેદો સમજાય પડે તે રીતે કહ્યા છે.

વૃત્તિઓનો મૂળથી ક્ષય કર્યો નથી તેથી ફરી ફરી સ્ફુરે છે. દરેક પદાર્થને વિષે સ્ફુરાયમાન થતી બાહ્યવૃત્તિઓને અટકાવવી; અને તે વૃત્તિ–પરિણામ અંતર્મુખ કરવાં.

અનંતકાળના કર્મ અનંતકાળ ગાળ્યે જાય નહીં, પણ પુરુષાર્થથી જાય. માટે કર્મમાં બળ નથી પણ પુરુષાર્થમાં બળ છે તેથી પુરુષાર્થ કરી આત્માને ઊંચો લાવવાનો લક્ષ રાખવો.

પરમાર્થની વાત એકની એક એક સો વખત પૂછો તો પણ જ્ઞાનીને કંટાળો આવે નહીં; પણ અનુકંપા રહે કે આ બિચારા જીવને આ વાત વિચારે કરી આત્મામાં સ્થિર થાય તો સારું.

ક્ષયોપશમ પ્રમાણે શ્રવણ થાય છે.

સમ્યક્ત્વ એવી વસ્તુ છે કે એ આવે ત્યારે છાનુ ના રહે. વૈરાગ્ય પામવો હોય તો કર્મને નિંદવાં. કર્મને પ્રધાન ન કરવા પણ આત્માને માથે રાખવો — પ્રધાન કરવો.

સંસારી કામમાં કર્મને સંભારવાં નહીં, પણ પુરુષાર્થને ઉપર લાવવો. કર્મનો વિચાર કર્યા કરવાથી તે જવાનાં નથી, પણ હડસેલો મૂકીશ ત્યારે જશે માટે પુરુષાર્થ કરવો.

બાહ્યક્રિયા કરવાથી અનાદિ દોષ ઘટે નહીં. બાહ્યક્રિયામાં જીવ કલ્યાણ માની અભિમાન કરે છે.

બાહ્યવ્રત વધારે લેવાથી મિથ્યાત્વ ગાળીશું એમ જીવ ધારે પણ તેમ બને નહીં, કેમકે જેમ એક પાડો જે હજારો કડબના પૂળા ખાઈ ગયો છે તે એક તણખલાથી બીએ નહીં, તેમ મિથ્યાત્વરૂપી પાડો જે પૂળારૂપી અનંતાનુબંધી કષાયે અનંતાં ચારિત્ર ખાઈ ગયો તે તણખલારૂપી બાહ્યવ્રતથી કેમ ડરે? પણ જેમ પાડાને એક બંધનથી બાંધીએ ત્યારે આધીન થઈ જાય, તેમ મિથ્યાત્વરૂપી પાડાને આત્માના બળરૂપી બંધનથી બાંધીએ ત્યારે આધીન થાય; અર્થાત આત્માનુ બળ વધે ત્યારે મિથ્યાત્વ ઘટે.

અનાદિકાળના અજ્ઞાનને લીધે જેટલો કાળ ગયો તેટલો કાળ મોક્ષ થવા માટે જોઈતો નહીં, કારણ કે પુરુષાર્થનું બળ કર્મો કરતાં વધુ છે. કેટલાક જીવો બે ઘડીમાં કલ્યાણ કરી ગયા છે! સમ્યગ્દૃષ્ટિ જીવ ગમે ત્યાંથી આત્માને ઊંચો લાવે, અર્થાત્ સમ્યક્ત્વ આવ્યે જીવની દૃષ્ટિ ફરી જાય.

મિથ્યાદૃષ્ટિ સમકિતિ પ્રમાણે જપતપાદિ કરે છે, એમ છતાં મિથ્યાદૃષ્ટિનાં જપતપાદિ મોક્ષનાં હેતુભૂત થતાં નથી, સંસારના હેતુભૂત થાય છે. સમકિતિનાં જપતપાદિ મોક્ષના હેતુભૂત થાય છે. સમકિતિ દંભરહિત કરે છે, આત્માને જ નિંદે છે, કર્મો કરવાનાં કારણોથી પાછો હઠે છે. આમ કરવાથી તેના અહંકારાદિ સહેજે ઘટે છે. અજ્ઞાનીનાં બધાં જપતપાદિ અહંકાર વધારે છે, અને સંસારના હેતુ થાય છે.

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે લબ્ધિઓ ઊપજે છે. જૈન ને વેદ જન્મથી જ લડતાં આવે છે; પણ આ વાત તો બન્નેએ કબૂલ કરેલ છે; માટે અંગીકાર છે. આત્મા સાક્ષી પૂરે છે, ત્યારે આત્મામાં ઉલ્લાસપરિણામ આવે છે.

હોમહવનાદિ લૌકિક રિવાજ ઘણો ચાલતો જોઈ તીર્થંકર ભગવાને પોતાના કાળમાં દયાનું વર્ણન ઘણું જ સૂક્ષ્મ રીતે કર્યું છે. જૈનના જેવા દયાસંબંધીના વિચારો કોઈ દર્શન કે સંપ્રદાયવાળાઓ કરી શકયા નથી; કેમકે જૈન પંચેંદ્રિયનો ઘાત તો ન કરે, પણ તેઓએ એકેંદ્રિયાદિમાં જીવ હોવાનું વિશેષ વિશેષ દૃઢ કરી દયાનો માર્ગ વર્ણવ્યો છે.

આ કારણે ચાર વેદ, અઢાર પુરાણ આદિનાં જેણે વર્ણન કર્યાં છે તેણે અજ્ઞાનથી, સ્વચ્છંદથી, મિથ્યાત્વથી, સંશયથી કર્યાં છે એમ કહ્યું છે. આ વચનો બહુ જ ભારે નાંખ્યાં છે, ત્યાં આગળ ઘણો જ વિચાર કરી પાછું વર્ણન કર્યું છે કે અન્ય દર્શનો, વેદાદિના ગ્રંથો છે તે જો સમ્યગ્દૃષ્ટિ જીવ વાંચે તો સમ્યક્ રીતે પરિણમે; અને જિનના અથવા ગમે તેવા ગ્રંથો મિથ્યાદૃષ્ટિ વાંચે તો મિથ્યાત્વરૂપે પરિણમે.

જીવને જ્ઞાનીપુરુષસમીપે તેમનાં અપૂર્વ વચનો સાંભળવાથી અપૂર્વ ઉલ્લાસ પરિણામ આવે છે, પણ પછી પ્રમાદી થતાં અપૂર્વ ઉલ્લાસ આવતો નથી. જેમ અગ્નિની સગડી પાસે બેઠા હોઈએ ત્યારે ટાઢ વાય નહીં, અને સગડીથી વેગળા ગયા એટલે પછી ટાઢ વાય; તેમ જ્ઞાનીપુરુષસમીપ તેમના અપૂર્વ વચનો સાંભળ્યાં ત્યારે પ્રમાદાદિ જાય, અને ઉલ્લાસ પરિણામ આવે. પણ પછી પ્રમાદાદિ ઉત્પન્ન થાય. જો પૂર્વના સંસ્કારથી તે વચનો અંતર્પરિણામ પામે તો દિનપ્રતિદિન ઉલ્લાસ પરિણામ વધતાં જાય; અને યથાર્થ રીતે ભાન થાય. અજ્ઞાન મટચે બધી ભૂલ મટે, સ્વરૂપ જાગૃતમાન થાય. બહારથી વચન સાંભળીને અંતર્પરિણામ થાય નહીં, તો જેમ સગડીથી વેગળા ગયા એટલે ટાઢ વાય તેની પેઠે દોષ ઘટે નહીં.

કેશીસ્વામીએ પરદેશી રાજાને બોધ દેતી વખતે 'જડ જેવો,' 'મૂઢ જેવો,' કહ્યો હતો તેનું કારણ પરદેશી રાજાને વિષે પુરુષાર્થ જગાડવા માટેનું હતું, જડપણું, મૂઢપણું મટાડવાને માટે ઉપદેશ દીધો છે. જ્ઞાનીનાં વચનો અપૂર્વ પરમાર્થ સિવાય બીજા હેતુએ હોય નહીં. બાલજીવો એમ વાતો કરે છે કે છદ્મસ્થપણાથી કેશીસ્વામી પરદેશી રાજા પ્રત્યે તેમ બોલ્યા હતા; પણ એમ નથી. તેમની પરમાર્થ અર્થે જ વાણી નીકળી હતી.

જડપદાર્થને લેવામૂકવામાં ઉન્માદથી વર્તે તો તેને અસંયમ કહ્યો; તેનું કારણ એ છે કે ઉતાવળથી લેવામૂકવામાં આત્માનો ઉપયોગ ચૂકી જઈ તાદાત્મ્યપણું થાય. આ હેતુથી ઉપયોગ ચૂકી જવો તેને અસંયમ કહ્યો.

મુહપત્તી બાંધીને જૂઠું બોલે, અહંકારે આચાર્યપણું ધારી દંભ રાખે અને ઉપદેશ દે તો પાપ લાગે; મુહપત્તીની જયણાથી પાપ અટકાવી શકાય નહીં. માટે આત્મવૃત્તિ રાખવા ઉપયોગ રાખવો. જ્ઞાનીના ઉપકરણને અડવાથી કે શરીરનો સ્પર્શ થવાથી આશાતના લાગે એમ માને છે પણ વચનને અપ્રધાન કરવાથી તો વિશેષ દોષ લાગે છે તેનું તો ભાન નથી. માટે જ્ઞાનીની કોઈ પણ પ્રકારે આશાતના ના થાય તેવો ઉપયોગ જાગૃત જાગૃત રાખી ભક્તિ પ્રગટે તો તે કલ્યાણનો મુખ્ય માર્ગ છે.

શ્રી આચારાંગ સૂત્ર મધ્યે કહ્યું છે કે 'આસવા તે પરિસવા.' ને જે 'પરિસવા તે આસવા' આસ્રવ છે તે જ્ઞાનીને મોક્ષના હેતુ થાય છે. અને જે સંવર છે, છતાં તે અજ્ઞાનીને બંધના

હેતુ થાય છે એમ પ્રગટ કહ્યું છે. તેનું કારણ જ્ઞાનીને વિષે ઉપયોગની જાગૃતિ છે; અને અજ્ઞાનીને વિષે નથી.

ઉપયોગ બે પ્રકારે કહ્યા :– ૧. દ્રવ્યઉપયોગ, ૨. ભાવઉપયોગ.

દ્રવ્યજીવ; ભાવજીવ. દ્રવ્યજીવ તે દ્રવ્ય મૂળ પદાર્થ છે. ભાવજીવ તે આત્માનો ઉપયોગ–ભાવ છે.

ભાવજીવ એટલે આત્માનો ઉપયોગ જે પદાર્થમાં તાદાત્મ્યરૂપે પરિણમે તે રૂપ આત્મા કહીએ. જેમ ટોપી જોઈ, તેમાં ભાવજીવની બુદ્ધિ તાદાત્મ્યપણે પરિણમે તો ટોપીઆત્મા કહીએ. જેમ નદીનું પાણી તે દ્રવ્ય આત્મા છે તેમાં ક્ષાર, ગંધક નાંખીએ તો ગંધકનું પાણી કહેવાય. લૂણ નાંખીએ તો લૂણનું પાણી કહેવાય. જે પદાર્થનો સંજોગ થાય તે પદાર્થરૂપ પાણી કહેવાય. તેમ આત્માને જે સંજોગ મળે તેમાં તાદાત્મ્યપણું થયે, તે જ આત્મા તે પદાર્થરૂપ થાય. તેને કર્મબંધની અનંત વર્ગણા બંધાય છે, અને તે અનંત સંસાર રઝળે છે. પોતાના ઉપયોગમાં, સ્વભાવમાં આત્મા રહે તો કર્મબંધ થતો નથી.

પાંચ ઇંદ્રિયોનો પોતપોતાનો સ્વભાવ છે. ચક્ષુનો દેખવાનો સ્વભાવ છે તે દેખે છે કાનનો સાંભળવાનો સ્વભાવ છે તે સાંભળે છે. જીભનો સ્વાદ, રસ લેવાનો સ્વભાવ છે તે ખાટો, ખારો સ્વાદ લે છે. શરીર, સ્પર્શનનો સ્વભાવ સ્પર્શ કરવાનો છે તે સ્પર્શે છે એમ પ્રત્યેક ઇંદ્રિય પોતપોતાનો સ્વભાવ કર્યા કરે છે, પણ આત્માનો ઉપયોગ તે રૂપ થઈ, તાદાત્મ્ય-રૂપ થઈ તેમાં હર્ષ વિષાદ કરે નહીં તો કર્મબંધ થાય નહીં. ઇંદ્રિયરૂપ આત્મા થાય તો કર્મબંધનો હેતુ છે.

[૬૪૩-૫] ૬ ભાદરવા સુદ ૯, ૧૯૫૨

જેવું સિદ્ધનું સામર્થ્ય છે તેવું સર્વ જીવનું છે. માત્ર અજ્ઞાન વડે કરી ધ્યાનમાં આવતું નથી. વિચારવાન જીવ હોય તેણે તો તે સંબંધી નિત્ય વિચાર કરવો.

જીવ એમ સમજે છે કે હું જે ક્રિયા કરું છું એથી મોક્ષ છે. ક્રિયા કરવી એ સારી વાત છે, પણ લોકસંજ્ઞાએ કરે તો તેને તેનું ફળ હોય નહીં.

એક માણસના હાથમાં ચિંતામણિ આવ્યો હોય, પણ જો તેની તેને ખબર ન પડે તો નિષ્ફળ છે, જો ખબર પડે તો સફળ છે. તેમ જીવને ખરેખરા જ્ઞાનીની ઓળખાણ પડે તો સફળ છે.

જીવની અનાદિકાળની ભૂલ ચાલી આવે છે. તે સમજવાને અર્થે જીવની જે ભૂલ મિથ્યાત્વ છે તેને મૂળથી છેદવી જોઈએ. જો મૂળથી છેદવામાં આવે તો તે પાછી ઊગે નહીં. નહીં તો તે પાછી ઊગી નીકળે છે, જેમ પૃથ્વીમાં મૂળ રહ્યું હોય [illegible] ઊગી નીકળે છે તેમ. માટે જીવનાં મૂળ ભૂલ શું છે તે વિચારી વિચારી [illegible] બંધન થાય છે?' 'તે કેમ ટળે?' તે વિચાર [illegible] છે.

[illegible]

કોઈ લીલોતરી મોળતું હોય તો અમારાથી તો જોઈ શકાય નહીં. તેમ આત્મા ઉજ્જવળતા પાસે તો ઘણી જ અનુકંપાબુદ્ધિ વર્તે છે.

જ્ઞાનમાં સવળું ભાસે; અવળું ન ભાસે. જ્ઞાની મોહને પેસવા દેતા નથી. તેઓનો જાગૃત ઉપયોગ હોય છે. જ્ઞાનીનાં જેવાં પરિણામ વર્તે તેવું કાર્ય જ્ઞાનીને થાય, અજ્ઞાનીને વર્તે તેવું અજ્ઞાનીને થાય. જ્ઞાનીનું ચાલવું સવળું, બોલવું સવળું, અને બધું જ સવળું હોય છે. અજ્ઞાનીનુ બધુ અવળું જ હોય છે; વર્તનના વિકલ્પ હોય છે.

મોક્ષનો ઉપાય છે. ઓઘભાવે ખબર હશે, વિચારભાવે પ્રતીતિ આવશે.

અજ્ઞાની પોતે દરિદ્રી છે. જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે છે. જ્ઞાની તેના વૈદ્ય છે. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો મોક્ષ થાય. જ્ઞાની જે જે વ્રત આપે તે તે ઠેઠ લઈ જઈ પાર ઉતારનારા છે. સમકિત આવ્યા પછી આત્મા સમાધિ પામશે, કેમકે સાચો થયો છે.

પ્ર૦ :— જ્ઞાનથી કર્મ નિર્જરે ખરાં ?

ઉ૦ :— સાર જાણવો તે જ્ઞાન. સાર ન જાણવો તે અજ્ઞાન. કંઈ પણ પાપથી આપણે નિવર્તીએ, અથવા કલ્યાણમાં પ્રવર્તીએ તે જ્ઞાન. પરમાર્થ સમજીને કરવો. અહંકારરહિત, કદાગ્રહરહિત, લોકસંજ્ઞારહિત, આત્મામાં પ્રવર્તવું તે 'નિર્જરા.'

આ જીવની સાથે રાગદ્વેષ વળગેલા છે; જીવ અનંતજ્ઞાનદર્શનસહિત છે, પણ રાગદ્વેષ વડે તે જીવને ધ્યાનમાં આવતું નથી. સિદ્ધને રાગદ્વેષ નથી. જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું જ સર્વ જીવનું સ્વરૂપ છે. માત્ર જીવને અજ્ઞાને કરી ધ્યાનમા આવતું નથી; તેટલા માટે વિચારવાને સિદ્ધના સ્વરૂપનો વિચાર કરવો, એટલે પોતાનું સ્વરૂપ સમજાય.

એક માણસના હાથમાં ચિંતામણિ આવ્યો હોય, ને તેની તેને ખબર (ઓળખાણ) છે તો તેના પ્રત્યે તેને ઘણો જ પ્રેમ આવે છે, પણ જેને ખબર નથી તેને કંઈ પણ પ્રેમ આવતો નથી.

આ જીવની અનાદિકાળની જે ભૂલ છે તે ભાંગવી છે. ભાંગવા સારુ જીવની મોટામાં મોટી ભૂલ શું છે તેનો વિચાર કરવો, ને તેનું મૂળ છેદવા ભણી લક્ષ રાખવો. જ્યાં સુધી મૂળ રહે ત્યાં સુધી વધે.

'મને શાથી બંધન થાય છે ?' અને 'તે શાથી ટળે ?' એ જાણવાસારુ શાસ્ત્રો કરેલાં છે, લોકોમાં પૂજાવા સારુ શાસ્ત્રો કરેલાં નથી.

જીવનુ સ્વરૂપ શું છે ? જીવનું સ્વરૂપ જ્યાં સુધી જાણવામાં ન આવે, ત્યાં સુધી અનંતાં જન્મમરણ કરવાં પડે. જીવની શું ભૂલ છે તે હજુ સુધી ધ્યાનમાં આવતી નથી. જીવનો ક્લેશ ભાંગશે તો ભૂલ મટશે જે દિવસે ભૂલ ભાંગશે તે જ દિવસથી સાધુપણું કહેવાશે. તેમ જ શ્રાવકપણા માટે સમજવું.

કર્મની વર્ગણા જીવને દૂધ અને પાણીના સંયોગની પેઠે છે. અગ્નિના પ્રયોગથી પાણી ચાલ્યુ જઈ દૂધ બાકી રહે છે તે રીતે જ્ઞાનરૂપી અગ્નિથી કર્મવર્ગણા ચાલી જાય છે.

દેહને વિષે હુંપણું મનાયેલું છે તેથી જીવની ભૂલ ભાંગતી નથી. જીવ દેહની સાથે ભળી જવાથી એમ માને છે કે 'હું વાણિયો છું,' 'બ્રાહ્મણ છું,' પણ શુદ્ધ વિચારે તો

તેને 'શુદ્ધ સ્વરૂપમય છું' એમ અનુભવ થાય. આત્માનું નામકામ કે કંઈ નથી એમ ધારે તો કોઈ ગાળો વગેરે દે તો તેથી તેને કંઈ પણ લાગતું નથી.

જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે. તે ટાળવા સારુ શાસ્ત્રો કહ્યાં છે.

ગમે તે કોઈ મરી ગયું હોય તેનો જો વિચાર કરે તો તે વૈરાગ્ય છે. જ્યાં જ્યાં 'આ મારાં ભાઈબાંડું' વગેરે ભાવના છે ત્યાં ત્યાં કર્મબંધનો હેતુ છે. આ જ રીતે સાધુ પણ ચેલા પ્રત્યે રાખે, તો આચાર્યપણું નાશ પામે. નિર્દંભપણું, નિરહંકારપણું કરે તો આત્માનું કલ્યાણ જ થાય.

પાંચ ઇન્દ્રિયો શી રીતે વશ થાય? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. ફૂલના દૃષ્ટાંતે – ફૂલમાં સુગંધ હોય છે તેથી મન સંતુષ્ટ થાય છે, પણ સુગંધ થોડી વાર રહી નાશ પામી જાય છે, અને ફૂલ કરમાઈ જાય છે, પછી કાંઈ મનને સંતોષ થતો નથી; તેમ સર્વ પદાર્થને વિષે તુચ્છભાવ લાવવાથી ઇન્દ્રિયોને પ્રિયતા થતી નથી, અને તેથી ક્રમે ઇન્દ્રિયો વશ થાય છે. વળી પાંચ ઇન્દ્રિયોમાં પણ જિહ્વાઇન્દ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇન્દ્રિયો સહેજે વશ થાય છે. તુચ્છ આહાર કરવો, કોઈ રસવાળા પદાર્થમાં દોરાવું નહીં, બલિષ્ઠ આહાર ન કરવો.

એક ભાજનમાં લોહી, માંસ, હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર એ સાત ધાતુ પડી હોય; અને તેના પ્રત્યે કોઈ જોવાનું કહે તો તેના ઉપર અરુચિ થાય, ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે સ્ત્રીપુરુષના શરીરની રચના છે, પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે. અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે. અજ્ઞાનથી જીવ ભૂલે છે એમ વિચારી, તુચ્છ જાણીને પદાર્થ ઉપર અરુચિભાવ લાવવો આ રીતે દરેક વસ્તુનું તુચ્છપણું જાણવું. આ રીતે જાણીને મનનો નિરોધ કરવો.

તીર્થંકરે ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે તે માત્ર ઇન્દ્રિયોને વશ કરવા માટે. એકલા ઉપવાસ કરવાથી ઇન્દ્રિયો વશ થતી નથી, પણ ઉપયોગ હોય તો, વિચારસહિત થાય તો વશ થાય છે જેમ લક્ષ વગરનું બાણ નકામું જાય છે, તેમ ઉપયોગ વિનાનો ઉપવાસ આત્માર્થે થતો નથી

આપણે વિષે કોઈ ગુણ પ્રગટ્યો હોય, અને તે માટે જો કોઈ માણસ આપણી સ્તુતિ કરે, અને જો તેથી આપણો આત્મા અહંકાર લાવે તો તે પાછો પડે. પોતાના આત્માને નિંદે નહીં, અભ્યંતરદોષ વિચારે નહીં, તો જીવ લૌકિક ભાવમાં તણાઈ જાય, પણ જો પોતાના દોષ જુએ, પોતાના આત્માને નિંદે, અહંભાવરહિતપણું વિચારે, તો સત્પુરુષના આશ્રયથી આત્મલક્ષ થાય.

માર્ગ પામવામાં અનંત અંતરાય છે. તેમાં વળી 'મેં આ કર્યું,' 'મેં આ કેવું સરસ કર્યું?' એવા પ્રકારનું અભિમાન છે. 'મેં કંઈ કર્યું જ નથી' એવી દૃષ્ટિ મૂકતાં તે અભિમાન દૂર થાય.

લૌકિક અને અલૌકિક એવા બે ભાવ છે. લૌકિકથી સંસાર, અને અલૌકિકથી મોક્ષ.

બાહ્યઇન્દ્રિયો વશ કરી હોય, તો સત્પુરુષના આશ્રયથી અંતર્લક્ષ થઈ શકે. એ હેતુ માટે બાહ્યઇન્દ્રિયો વશ કરવી તે શ્રેષ્ઠ છે. બાહ્યઇન્દ્રિયો વશ હોય, અને સત્પુરુષનો આશ્રય ન હોય, તો લૌકિકભાવમાં જવાનો સંભવ રહે.

ઉપાય કર્યા વિના કાંઈ દરદ મટતું નથી. તેમ લોભરૂપી જીવને દરદ છે તેનો ઉપાય કર્યા વિના તે ન જાય. આવા દોષ ટાળવા માટે જીવ લગાર માત્ર ઉપાય કરતો નથી. જો ઉપાય કરે તો તે દોષ હાલ ભાગી જાય. કારણ ઊભું કરો તો કાર્ય થાય. કારણ વિના કાર્ય ન થાય

સાચા ઉપાય જીવ શોધતો નથી. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળે તો પ્રતીતિ નથી. 'મારે લોભ મૂકવો છે,' 'ક્રોધ માનાદિ મૂકવાં છે' એવી બીજભૂત લાગણી થાય ને મૂકે, તો દોષ ટળી જઈ અનુક્રમે 'બીજજ્ઞાન' પ્રગટે.

પ્ર૦ :– આત્મા એક છે કે અનેક છે ?

ઉ૦ :– જો આત્મા એક જ હોય તો પૂર્વે રામચંદ્રજી મુક્ત થયા છે, અને તેથી સર્વની મુક્તિ થવી જોઈએ, અર્થાત્ એકની મુક્તિ થઈ હોય તો સર્વની મુક્તિ થાય; અને તો પછી બીજાને સત્શાસ્ત્ર, સદ્ગુરુ આદિ સાધનોની જરૂર નથી.

પ્ર૦ :– મુક્તિ થયા પછી એકાકાર થઈ જાય છે ?

ઉ૦ .– જો મુક્ત થયા પછી એકાકાર થઈ જતું હોય, તો સ્વાનુભવ આનંદ અનુભવે નહીં એક પુરુષ અહીં આવી બેઠો; અને તે વિદેહ મુક્ત થયો. ત્યાર પછી બીજો અહીં આવી બેઠો. તે પણ મુક્ત થયો. આથી કરી કાંઈ ત્રીજો મુક્ત થયો નહીં. એક આત્મા છે તેનો આશય એવો છે કે સર્વ આત્મા વસ્તુપણે સરખા છે; પણ સ્વતંત્ર છે, સ્વાનુભવ કરે છે. આ કારણથી આત્મા પ્રત્યેક છે. 'આત્મા એક છે, માટે તારે બીજી કાંઈ ભ્રાંતિ રાખવાની જરૂર નથી, જગત કાંઈ છે જ નહીં એવા ભ્રાન્તિરહિતપણાસહિત વર્તવાથી મુક્તિ છે' એમ જે કહે છે તેણે વિચારવું જોઈએ કે, તો એકની મુક્તિએ સર્વની મુક્તિ થવી જ જોઈએ. પણ એમ નથી થતું માટે આત્મા પ્રત્યેક છે. જગતની ભ્રાન્તિ ટળી ગઈ એટલે એમ સમજવાનું નથી કે ચંદ્રસૂર્યાદિ ઊંચેથી પડી જાય છે, આત્માને વિષેથી ભ્રાન્તિ ટળી ગઈ એમ આશય સમજવાનો છે.

રૂઢિએ કાંઈ કલ્યાણ નથી આત્મા શુદ્ધ વિચારને પામ્યા વિના કલ્યાણ થાય નહીં.

માયાકપટથી જૂઠું બોલવું તેમાં ઘણું પાપ છે. તે પાપના બે પ્રકાર છે. માન અને ધન મેળવવા માટે જૂઠું બોલે તો તેમાં ઘણું પાપ છે. આજીવિકા અર્થે જૂઠું બોલવું પડ્યું હોય, અને પશ્ચાત્તાપ કરે, તો પ્રથમવાળા કરતાં કાંઈક ઓછું પાપ લાગે.

સત્ અને લોભ એ બે ભેળા શું કરવા જીવ જાણે છે ?

બાપ પોતે પચાશ વર્ષનો હોય, અને તેનો છોકરો વીશ વર્ષનો મરી જાય તો તે બાપ તેની પાસેના જે દાગીના હોય તે કાઢી લે છે! પુત્રના દેહાંતક્ષણે જે વૈરાગ્ય હતો તે સ્મશાન વૈરાગ્ય હતો.

કાંઈ પણ પદાર્થ બીજાને આપવાની મુનિને ભગવાને આજ્ઞા આપી નથી. દેહને ધર્મસાધન માન્યો તેને નિભાવવા માટે જે કાંઈ આજ્ઞા આપી છે તે આપી છે; બાકી બીજાને કાંઈ પણ આપવાની ભગવાને આજ્ઞા આપી નથી. આજ્ઞા આપી હોત તો પરિગ્રહ વધત, અને તેથી કરીને અનુક્રમે અન્ન, પાણી વગેરે લાવીને કુટુંબનું અથવા બીજાનું પોષણ કરીને

દાનેશ્વરી થાત, માટે મુનિએ વિચારવું કે તીર્થંકરે જે કાંઈ રાખવાની આજ્ઞા આપી છે તે માત્ર તારા પોતાને માટે, અને તે પણ લૌકિક દૃષ્ટિ સુધારી સંયમમાં જોડવાને આપી છે.

મુનિ ગૃહસ્થને ત્યાંથી એક સોય લાવ્યા હોય, અને તે ખોવાઈ જવાના કારણથી પણ પાછી ન આપે તો તેના ત્રણ ઉપવાસ કરવા એવી જ્ઞાનીપુરુષોએ આજ્ઞા કરી છે, તેનું કારણ એ છે કે તે ઉપયોગશૂન્ય રહ્યો. જો આટલો બધો બોજો ન મૂક્યો હોત, તો બીજી વસ્તુઓ લાવવાનું મન થાત; અને કાળે કરી પરિગ્રહ વધારી, મુનિપણું ખોઈ બેસત. જ્ઞાનીએ આવો આકરો માર્ગ પ્રરૂપ્યો છે તેનું કારણ એ છે કે તે જાણે છે કે આ જીવ વિશ્વાસ કરવા યોગ્ય નથી; કારણ કે તે ભ્રાન્તિવાળો છે. જો છૂટ આપી હશે તો કાળે કરી તેવા તેવા પ્રકારમાં વિશેષ પ્રવર્તશે એવું જાણી જ્ઞાનીએ સોય જેવી નિર્જીવ વસ્તુના સંબંધમાં આ પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી છે. લોકની દૃષ્ટિમાં આ વાત સાધારણ છે, પણ જ્ઞાનીની દૃષ્ટિમાં તેટલી છૂટ પણ મૂળથી પાડી દે તેવી મોટી લાગે છે.

ઋષભદેવજી પાસે અઠ્ઠાણું પુત્રો 'અમને રાજ આપો' એમ કહેવાના અભિપ્રાયથી આવ્યા હતા, ત્યાં તો ઋષભદેવે ઉપદેશ દઈ અઠ્ઠાણુંયને મૂંડી દીધા! જુઓ મોટા પુરુષની કરુણા!

કેશીસ્વામી અને ગૌતમસ્વામી કેવા સરળ હતા! બન્નેનો એક માર્ગ જાણવાથી પાંચ મહાવ્રત ગ્રહણ કર્યાં. આજના કાળમાં બે પક્ષને ભેગું થવું હોય તો તે બને નહીં. તેમાં કેટલોક કાળ જાય. તેમાં કાંઈ છે નહીં, પણ અસરળતાને લીધે બને જ નહીં.

સત્પુરુષો કાંઈ સદ્અનુષ્ઠાનનો ત્યાગ કરાવતા નથી; પણ જો તેનો આગ્રહ થયો હોય છે તો આગ્રહ દૂર કરાવવા તેનો એક વાર ત્યાગ કરાવે છે; આગ્રહ મટ્યા પછી પાછું તે ને તે ગ્રહણ કરવાનું કહે છે.

ચક્રવર્તી રાજાઓ જેવા પણ નગ્ન થઈ ચાલ્યા ગયા છે! ચક્રવર્તી રાજા હોય, તેણે રાજ્યનો ત્યાગ કરી દીક્ષા લીધી હોય, અને તેની કાંઈ ભૂલ હોય, અને તે ચક્રવર્તીપણાના વખતના નગરની દાસીનો દીકરો તે ભૂલ ભાંગી શકે તેમ હોય તો તેની પાસે જઈ તેનું કહેવું ગ્રહણ કરવાની આજ્ઞા કરી છે. જો તેને દાસીના દીકરા પાસે જતાં એમ રહે કે, 'મારાથી દાસીના દીકરા પાસે કેમ જવાય?' તો તેને રખડી મરવાનું છે. આવાં કારણોમાં લોકલાજ છોડવાનું કહ્યું છે, અર્થાત્ આત્માને [illegible] હોય ત્યાં લોકલાજ ગણી નથી. પણ કોઈ મુનિ વિષય [illegible] એમ થયું કે 'મને કોઈ દેખશે તો મારી નિંદા થશે માટે [illegible]' [illegible] મુનિએ પરજીવનો ભય ગણ્યો નહીં, [illegible] પણ પ્રવર્તવું [illegible] લોકલાજ [illegible] એમ કહ્યું છે. [illegible]

[illegible]

કહ્યું છે તે કદાગ્રહ કરવાને કહ્યું નથી. આત્માની શુદ્ધિથી જેટલું કરશો તેટલું હિતકારી છે. અશુદ્ધિથી કરશો તેટલું અહિતકારી છે; માટે શુદ્ધતાપૂર્વક સદ્વ્રત સેવવાં.

અમને તો બ્રાહ્મણ, વૈષ્ણવ ગમે તે સમાન છે. જૈન કહેવાતા હોય, અને મતવાળા હોય તો તે અહિતકારી છે; મતરહિત હિતકારી છે.

સામાયિકશાસ્ત્રકારે વિચાર કર્યો કે કાયાને સ્થિર રાખવાની હશે, તો પછી વિચાર કરશે; બંધ નહીં બાંધ્યો હોય તો બીજા કામે વળગશે એમ જાણી તેવા પ્રકારનો બંધ બાંધ્યો. જેવાં મનપરિણામ રહે તેવું સામાયિક થાય. મનના ઘોડા દોડતા હોય તો કર્મબંધ થાય. મનના ઘોડા દોડતા હોય, અને સામાયિક કર્યું હોય તો તેનું ફળ તે કેવું થાય?

કર્મબંધ થોડે થોડે છોડવા ઇચ્છે તો છૂટે. જેમ કોઠી ભરી હોય, પણ કાણું કરી કાઢે તો છેવટે ખાલી થાય. પણ દૃઢ ઇચ્છાથી કર્મ છોડવાં એ જ સાર્થક છે.

આવશ્યકના છ પ્રકાર:—સામાયિક, ચોવીસથ્થો, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન. સામાયિક એટલે સાવદ્યયોગની નિવૃત્તિ.

વાચના (વાંચવું); પૃચ્છના (પૂછવું); પરિવર્તના (ફરી ફરી વિચારવું); ધર્મકથા (ધર્મવિષયની કથા કરવી) એ ચાર દ્રવ્ય છે; અને અનુપ્રેક્ષા એ ભાવ છે. પ્રથમ ચાર જો અનુપ્રેક્ષા ન આવે તો દ્રવ્ય છે.

અજ્ઞાનીઓ આજ 'કેવળજ્ઞાન નથી,' 'મોક્ષ નથી' એવી હીનપુરુષાર્થની વાતો કરે છે. જ્ઞાનીનું વચન પુરુષાર્થ પ્રેરે તેવું હોય. અજ્ઞાની શિથિલ છે તેથી એવાં હીનપુરુષાર્થના વચનો કહે છે. પંચમકાળની, ભવસ્થિતિની, દેહદુર્બળતાની કે આયુષ્યની વાત ક્યારેય પણ મનમાં લાવવી નહીં; અને કેમ થાય એવી વાણી પણ સાંભળવી નહીં.

કોઈ હીનપુરુષાર્થી વાતો કરે કે ઉપાદાનકારણ–પુરુષાર્થનું શું કામ છે? પૂર્વે અશોચ્યાકેવળી થયા છે. તો તેવી વાતોથી પુરુષાર્થહીન ન થવું.

સત્સંગ ને સત્યસાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તોપણ ઘડો થાય નહીં, તેમ કલ્યાણ થાય નહીં.

તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતા કલ્યાણ થયુ નથી તેનું કારણ પુરુષાર્થરહિતપણાનુ છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો, અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ–પુરુષાર્થ શ્રેષ્ઠ છે.

એમ નિશ્ચય કરવો કે સત્પુરુષના કારણ–નિમિત્ત–થી અનંત જીવ તરી ગયા છે. કારણ વિના કોઈ જીવ તરે નહીં. અશોચ્યાકેવલીને પણ આગળ પાછળ તેવો યોગ પ્રાપ્ત થયો હશે. સત્સંગ વિના આખું જગત ડૂબી ગયુ છે!

મીરાંબાઈ મહાભક્તિવાન હતાં. વૃંદાવનમાં જીવા ગોસાંઈનાં દર્શન કરવા તે ગયાં, ને પુછાવ્યું કે 'દર્શન કરવા આવું?' ત્યારે જીવા ગોસાંઈએ કહેવડાવ્યુ કે 'હું સ્ત્રીનું મોઢું જોતો નથી.' ત્યારે મીરાંબાઈએ કહેવડાવ્યુ કે, 'વૃંદાવનમા રહ્યા, આપ પુરુષ રહ્યા છો એ

બહુ આશ્ચર્યકારક છે. વૃંદાવનમાં રહી મારે ભગવાન સિવાય અન્ય પુરુષના દર્શન કરવાં નથી. ભગવાનના ભક્ત છે તે તો સ્ત્રીરૂપે છે, ગોપીરૂપે છે. કામને મારવા માટે ઉપાય કરો; કેમકે લેતાં ભગવાન, દેતાં ભગવાન, ચાલતાં ભગવાન, સર્વત્ર ભગવાન.'

નાભો ભગત હતો. કોઈકે ચોરી કરીને ચોરીનો માલ ભગતના ઘર આગળ દાટ્યો. તેથી ભગત પર ચોરીનો આરોપ મૂકી કોટવાળ પકડી ગયો. કેદમાં નાખી, ચોરી મનાવવા માટે રોજ બહુ માર મારવા માંડ્યો. પણ મારો જીવ, ભગવાનનો ભગત એટલે શાંતિથી સહન કર્યું. ગોસાંઈજીએ આવીને કહ્યું કે 'વિષ્ણુભક્ત તું, ચોરી કોઈ બીજાએ કરી છે એમ કહે.' ત્યારે ભગતે કહ્યું કે 'એમ કહીને છૂટવા કરતાં આ દેહને માર પડે તે શું ખોટું? મારે ત્યારે હું તો ભક્તિ કરું છું ભગવાનના નામે દેહને દંડ થાય તે સારું. મેં તો નામે બધુંય સવળું. દેહ રાખવાને માટે ભગવાનનું નામ નહીં લેવું ભલે દેહને માર પડે તે સારું—શું કરવો છે દેહને!'

સારો સમાગમ, સારી રીતભાત હોય ત્યાં સમતા આવે. સમતાની વિચારણા અર્થે બે ઘડીનું સામાયિક કરવું કહ્યું છે. સામાયિકમાં મનના મનોરથ અવળાસવળા ચિંતવે તો કાંઈ પણ ફળ થાય નહિ. સામાયિક મનના ઘોડા દોડતા અટકાવવા સારુ પ્રરૂપેલ છે.

સંવત્સરીના દિવસસંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે છે, અને બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે છે. આગ્રહ કરનાર બન્ને મિથ્યાત્વી છે. જે દિવસ જ્ઞાનીપુરુષોએ નિશ્ચિત કર્યો હોય છે તે આજ્ઞાનું પાલન થવા માટે હોય છે. જ્ઞાનીપુરુષ આઠમ ના પાળવાની આજ્ઞા કરે અને બન્નેને સાતમ પાળવાની કહે અથવા સાતમ આઠમ ભેગી કરશે એમ ધારી છઠ કહે અથવા તેમાં પણ પાંચમનો યોગ કરશે એમ ધારી બીજી તિથિ કહે તો તે આજ્ઞા પાળવા માટે કહે. બાકી તિથિતિથિનો ભેદ મૂકી દેવો. એવી કલ્પના કરવી નહીં, એવી ભંગજાળમાં પડવું નહીં. જ્ઞાની પુરુષોએ તિથિઓની મર્યાદા આત્માર્થે કરી છે.

જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યો હોત, તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો.

આનંદઘનજીએ શ્રી અનંતનાથ સ્વામીના સ્તવનમાં કહ્યું છે કે,

> 'એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે,
> ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહી લેખે.'

એટલે જે ક્રિયા કરવાથી અનેક ફળ થાય તે ક્રિયા સાચી નથી. અનેક ક્રિયાનું ફળ એક મોક્ષ હોવો તે જોઈએ. આત્માના અંશો પ્રગટવા માટે ક્રિયાઓ કહી છે. જો ક્રિયાઓનું તે ફળ ન થયું તો તે બધી ક્રિયા સંસારના હેતુ છે.

'નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ' [illegible]
[illegible]

હવે દેવકીર્તિની, [illegible]

પંચેન્દ્રિયના [illegible]
[illegible]

ત્યારે ગુરુએ મનમાં વિચાર કર્યો કે ‘ટાઢ ઘણી છે, અને નાહવું પડશે.’ આમ વિચાર કરી સંન્યાસીએ કહ્યું કે ‘મેં તો જ્ઞાનગંગાજલમેં સ્નાન કર રહા હૂँ.’ શિષ્ય વિચક્ષણ હોવાથી સમજી ગયો, અને તેને શિખામણ મળે તેમ રસ્તો લીધો. શિષ્યે ‘જમવા પધારો’ એવા માનસહિત બોલાવી જમાડ્યા. પ્રસાદ પછી ગુરુમહારાજ એક ઓરડામાં સૂઈ રહ્યા. ગુરુને તૃષા લાગી એટલે શિષ્ય પાસે જળ માગ્યું; એટલે તરત શિષ્યે કહ્યું: ‘મહારાજ, જળ જ્ઞાનગંગામાંથી પી લ્યો.’ જ્યારે શિષ્યે આવો સખત રસ્તો લીધો ત્યારે ગુરુએ કબૂલ કર્યું કે ‘મારી પાસે જ્ઞાન નથી. દેહની શાતાને અર્થે ટાઢમાં મેં સ્નાન નહીં કરવાનું કહ્યું હતું.’

મિથ્યાદૃષ્ટિનાં પૂર્વનાં જપતપ હજી સુધી એક આત્મહિતાર્થે થયાં નથી!

આત્મા મુખ્યપણે આત્મસ્વભાવે વર્તે તે ‘અધ્યાત્મજ્ઞાન.’ મુખ્યપણે જેમાં આત્મા વર્ણવ્યો હોય તે ‘અધ્યાત્મશાસ્ત્ર’. ભાવઅધ્યાત્મ વિના અક્ષર (શબ્દ) અધ્યાત્મીનો મોક્ષ નથી થતો. જે ગુણો અક્ષરોમાં કહ્યા છે તે ગુણો જો આત્મામાં પ્રવર્તે તો મોક્ષ થાય. સત્પુરુષમાં ભાવઅધ્યાત્મ પ્રગટ છે. સત્પુરુષની વાણી સાંભળે તે દ્રવ્ય અધ્યાત્મી કહેવાય છે. શબ્દ-અધ્યાત્મીઓ અધ્યાત્મની વાતો કરે, અને મહા અનર્થકારક પ્રવર્તન કરે; આ કારણથી તેઓને જ્ઞાનદગ્ધ કહેવા. આવા અધ્યાત્મીઓ શુષ્ક અને અજ્ઞાની સમજવા.

જ્ઞાનીપુરુષરૂપી સૂર્ય પ્રગટ થયા પછી ખરા અધ્યાત્મીઓ શુષ્ક રીતે પ્રવર્તે નહીં, ભાવ અધ્યાત્મમાં પ્રગટપણે વર્તે. આત્મામાં ખરેખરા ગુણો ઉત્પન્ન થયા પછી મોક્ષ થાય. આ કાળમાં દ્રવ્યઅધ્યાત્મીઓ, જ્ઞાનદગ્ધો ઘણા છે. દ્રવ્યઅધ્યાત્મી દેવળના ઈંડાના દૃષ્ટાંતે મૂળ પરમાર્થ સમજતા નથી.

મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દૃષ્ટિને પણ ડોલાયમાન કરી નાખે છે; માટે તમારે તો સમજવું કે મોક્ષમાર્ગ પામવામાં તેવાં વિઘ્નો ઘણાં છે. આયુષ થોડું છે, અને કાર્ય મહાભારત કરવાનું છે. જેમ હોડી નાની હોય અને મોટો મહાસાગર તરવાનો હોય તેમ આયુષ થોડું છે, અને સંસારરૂપી મહાસાગર તરવો છે. જે પુરુષો પ્રભુના નામથી તર્યા છે તે પુરુષોને ધન્ય છે! અજ્ઞાની જીવને ખબર નથી કે ફલાણી જગ્યા પડવાની છે પણ જ્ઞાનીઓએ તે જોયેલું છે. અજ્ઞાનીઓ, દ્રવ્ય અધ્યાત્મીઓ કહે છે કે મારામાં કષાય નથી. સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યસંયોગે છે.

એક મુનિ ગુફામા ધ્યાન કરવા જતા હતા. ત્યાં સિંહ મળ્યો. તેમના હાથમાં લાકડી હતી. સિંહ સામી લાકડી ઉગામી હોય તો સિંહ ચાલ્યો જાય એમ મનમાં થતાં મુનિને વિચાર આવ્યો કે ‘હું આત્મા અજર, અમર છું, દેહ પ્રેમ રાખવા યોગ્ય નથી; માટે હે જીવ! અહીં જ ઊભો રહે. સિંહનો ભય છે તે જ અજ્ઞાન છે. દેહમાં મૂર્ચ્છાને લઈને ભય છે.’ આવી ભાવના ભાવતાં બે ઘડી સુધી ઊભા રહ્યા તો કેવળજ્ઞાન પ્રગટ થયું. માટે વિચારદશા, વિચારદશા વચ્ચે ઘણો જ ફેર છે.

ઉપયોગ જીવ વગર હોય નહીં. જડ અને ચેતન એ બન્નેમાં પરિણામ હોય છે. દેહધારી જીવમાં અધ્યવસાય વર્તાય, સંકલ્પ વિકલ્પ ઊભા થાય, પણ જ્ઞાનથી નિર્વિકલ્પપણું થાય. અધ્યવસાયનો ક્ષય જ્ઞાનથી થાય છે. ધ્યાનનો હેતુ એ જ છે, ઉપયોગ વર્તતો હોવો જોઈએ.

ધર્મધ્યાન, શુક્લધ્યાન ઉત્તમ કહેવાય. આર્ત્ત, રૌદ્ર, એ ધ્યાન માઠાં કહેવાય. બહાર ઉપાધિ એ જ અધ્યવસાય. ઉત્તમ લેશ્યા હોય તો ધ્યાન કહેવાય; અને આત્મા સમ્યક્ પરિણામ પામે.

માણેકદાસજી એક વેદાંતી હતા. તેઓએ એક ગ્રંથમાં મોક્ષ કરતાં સત્સંગ વધારે યથાર્થ ગણ્યો છે. કહ્યું છે કે,

"નિજછંદનસેં ના મિલે, હેરો વૈકુંઠ ધામ,
સંતકૃપાસેં પાઈએ, સો હરિ સબનેં ઠામ."

જૈનમાર્ગમાં ઘણા ફાંટા પડી ગયા છે. લોંકાશાને થયાં ગુમારે ચારસો વર્ષ થયાં છે. પણ તે ઢુંઢિયા સંપ્રદાયમાં પાંચ ગ્રંથ પણ રચાયા નથી. ને વેદાંતમાં દશ હજાર જેટલા ગ્રંથ થયા છે. ચારસો વર્ષમાં બુદ્ધિ હોય તે છાની ના રહે.

કુગુરુ અને અજ્ઞાની પાખંડીઓનો આ કાળમાં પાર નથી

મોટા વરઘોડા ચડાવે, ને નાણાં ખર્ચે, એમ જાણીને કે મારું કલ્યાણ થશે. એવી મોટી વાત માનજી હજારો રૂપિયા ખર્ચી નાંખે. એક પૈસો ખોટું બોલી ભેગો કરે છે, ને સામટા હજારો રૂપિયા ખર્ચી નાંખે છે! જુઓ જીવનું કેટલું બધું અજ્ઞાન! કંઈ વિચાર જ ન આવે!

આત્માનું જેવું છે તેવું જ સ્વરૂપ તે જ 'યથાખ્યાતચારિત્ર' કહ્યું છે.

ભય અજ્ઞાનથી છે. સિંહનો ભય સિંહણને થતો નથી. નાગણીને નાગનો ભય થતો નથી. આનું કારણ એ પ્રકારનું તેને અજ્ઞાન દૂર થયું છે.

સમ્યક્ત્વ ન પ્રગટે ત્યાં સુધી મિથ્યાત્વ; મિથ્યાત્વગુણસ્થાનક અને મિશ્રગુણસ્થાનકનો નાશ થાય ત્યારે સમ્યક્ત્વ કહેવાય. અજ્ઞાનીઓ બધા પહેલા ગુણસ્થાનકે છે.

સત્શાસ્ત્ર, સદ્ગુરુઆશ્રયે જે સંયમ તેને 'સરાગસંયમ' કહેવાય. નિવૃત્તિ, અનિવૃત્તિ-સ્થાનક ફેર પડે ત્યારે સરાગસંયમમાંથી 'વીતરાગસંયમ' થાય. તેને નિવૃત્તિ-અનિવૃત્તિ બરાબર છે.

સ્વચ્છંદે કલ્પના તે ભ્રાંતિ છે.

'આ તો આમ નહીં, આમ હશે' એવો જે ભાવ તે 'શંકા'.

સમજવા માટે વિચાર કરી પૂછવું તે 'આશંકા' કહેવાય.

પોતાથી ન સમજાય તે 'આશંકામોહનીય'. સાચું સાચું હોય [illegible] વાત આવે નહીં તે પણ 'આશંકામોહનીય.' પોતાથી ન સમજાય તો પૂછવું. પૂછવા [illegible] ઉત્તર મળવા માટે જાણું કેમ નહીં, એવું [illegible] નહીં, અર્થાત્ તે પતિત હોય નહીં. [illegible] સમાન. [illegible] પણ [illegible] હોય [illegible]

[૬૦૩-૬]

૭ રાળજની ભાગોળે વડ નીચે

આ જીવે શું કરવું ? સત્સમાગમમાં આવી સાધન વગર રહી ગયા એવી કલ્પના મનમાં થતી હોય અને સત્સમાગમમાં આવવાનું થાય ત્યાં આજ્ઞા, જ્ઞાનમાર્ગ આરાધે તો અને તે રસ્તે ચાલે તો જ્ઞાન થાય. સમજાય તો આત્મા સહજમાં પ્રગટે; નહીં તો જિંદગી જાય તોય પ્રગટે નહીં. માહાત્મ્ય સમજાવું જોઈએ. નિષ્કામબુદ્ધિ અને ભક્તિ જોઈએ. અંતઃકરણની શુદ્ધિ થાય તો જ્ઞાન એની મેળે થાય. જ્ઞાનીને ઓળખાય તો જ્ઞાન પ્રાપ્તિ થાય. કોઈ જીવ યોગ્ય દેખે તો જ્ઞાની તેને કહે કે બધી કલ્પના મૂકવા જેવી છે. જ્ઞાન લે. જ્ઞાનીને ઓઘસંજ્ઞાએ ઓળખે તો યથાર્થ જ્ઞાન થતું નથી. ભક્તિની રીતિ જાણી નથી. આજ્ઞાભક્તિ થઈ નથી, ત્યાં સુધી આજ્ઞા થાય ત્યારે માયા ભૂલવે છે. માટે જાગૃત રહેવું. માયાને દૂર કરતા રહેવું. જ્ઞાની બધી રીત જાણે છે.

જ્યારે જ્ઞાનીનો ત્યાગ (દૃઢત્યાગ) આવે અર્થાત્ જેવો જોઈએ તેવો યથાર્થ ત્યાગ કરવાનુ જ્ઞાની કહે ત્યારે માયા ભૂલવી દે છે; માટે ત્યાં બરાબર જાગૃત રહેવું; જ્ઞાની મળ્યા ત્યારથી તૈયાર થઈ રહેવુ; ભેઠ બાંધી તૈયાર થઈ રહેવું.

સત્સંગ થાય ત્યારે માયા વેગળી રહે છે; અને સત્સંગનો યોગ મટ્યો કે પાછી તૈયાર ને તૈયાર ઊભી છે. માટે બાહ્યઉપાધિ ઓછી કરવી. તેથી સત્સંગ વિશેષ થાય છે. આ કારણથી બાહ્યત્યાગ શ્રેષ્ઠ છે. બાહ્યત્યાગમાં જ્ઞાનીને દુઃખ નથી; અજ્ઞાનીને દુઃખ છે. સમાધિ કરવા સારુ સદાચરણ સેવવાનાં છે. ખોટા રંગ તે ખોટા રંગ છે. સાચો રંગ સદા રહે છે. જ્ઞાનીને મળ્યા પછી દેહ છૂટી ગયો, (દેહ ધારણ કરવાનું ન રહે) એમ સમજવું. જ્ઞાનીનાં વચનો પ્રથમ કડવાં લાગે છે, પણ પછી જણાય છે કે જ્ઞાનીપુરુષ સંસારનાં અનંત દુઃખો મટાડે છે. જેમ ઓસડ કડવું છે, પણ ઘણા વખતનો રોગ મટાડે છે તેમ.

ત્યાગ ઉપર હમેશાં લક્ષ રાખવો, ત્યાગ મોળો રાખવો નહીં. શ્રાવકે ત્રણ મનોરથ ચિંતવવા. સત્યમાર્ગને આરાધન કરવા માટે માયાથી દૂર રહેવું. ત્યાગ કર્યા જ કરવો. માયા કેવી રીતે ભૂલવે છે તે પ્રત્યે દૃષ્ટાંત :

કોઈ એક સંન્યાસી હશે તે એમ કહ્યા કરે કે 'હું માયાને ગરવા દઉં જ નહીં. નગ્ન થઈને વિચરીશ.' ત્યારે માયાએ કહ્યુ કે 'હું તારી આગળ ને આગળ ચાલીશ.' 'જંગલમાં એકલો વિચરીશ.' એમ સંન્યાસીએ કહ્યું ત્યારે માયા કહે કે, 'હું સામી થઈશ.' સંન્યાસી પછી જંગલમાં રહેતા અને કાંકરા કે રેતી બેઉ સરખાં છે એમ કહી રેતી પર સૂતા. પછી માયાને કહ્યું કે 'તું ક્યાં છે?' માયાએ જાણ્યુ કે આને ગર્વ બહુ ચઢ્યો છે એટલે કહ્યું કે 'મારે આવવાનુ શું કામ છે? મારો મોટો પુત્ર અહંકાર તારી હજૂરમાં મૂકેલો હતો.'

માયા આ રીતે છેતરે છે. માટે જ્ઞાની કહે છે કે, 'હું બધાથી ન્યારો છું; સર્વથા ત્યાગી થયો છું; અવધૂત છું, નગ્ન છું; તપશ્ચર્યા કરું છું. મારી વાત અગમ્ય છે. મારી દશા બહુ જ સારી છે. માયા મને નડશે નહીં, એવી માત્ર કલ્પનાએ માયાથી છેતરાવું નહીં.'

જરા સમતા આવે કે અહંકાર આવીને ભુલાવે છે કે 'હું સમતાવાળો છું' માટે

ઉપયોગ જાગૃત રાખવો. માયાને શોધી શોધીને જ્ઞાનીએ ખરેખર જીતી છે. ભક્તિરૂપી સ્ત્રી છે. તેને માયા સામી મૂકે ત્યારે માયાને જિતાય. ભક્તિમાં અહંકાર નથી માટે માયાને જીતે. આજ્ઞામાં અહંકાર નથી. સ્વચ્છંદમાં અહંકાર છે. રાગદ્વેષ જતા નથી ત્યાં સુધી તપશ્ચર્યા કરી તેનું ફળ શું? 'જનકવિદેહીના વિદેહીપણું હોય નહીં, કલ્પના છે, સંસારમાં વિદેહીપણું રહે નહીં' એમ ચિંતવવું નહીં. પોતાપણું મટે તેનાથી રહેવાય. મારું તો કાંઈ નથી, મારી તો કાયા પણ નથી માટે મારું કાંઈ નથી. એમ થાય તો અહંકાર મટે એ યથાર્થ છે. જનકવિદેહીની દશા બરોબર છે. વસિષ્ઠજીએ રામને ઉપદેશ દીધો ત્યારે રામે ગુરુને રાજ્ય અર્પણ કરવા માંડ્યું; પણ ગુરુએ રાજ્ય લીધું જ નહીં. પણ અજ્ઞાન ટાળવાનું છે, એવો ઉપદેશ દઈ પોતાપણું મટાડ્યું. અજ્ઞાન ગયું તેનું દુઃખ ગયું. શિષ્ય અને ગુરુ આવા જોઈએ.

જ્ઞાની ગૃહસ્થાવાસમાં બાહ્ય ઉપદેશ, વ્રત દે કે નહીં? ગૃહસ્થવ્યવહારમાં હોય એવા પરમજ્ઞાની માર્ગ ચલાવે નહીં'—માર્ગ ચલાવવાની રીતે માર્ગ ચલાવે નહીં, પોતે અવિરત રહી વ્રત અદરાવે નહીં; પણ અજ્ઞાની એમ કરે. માટે પોરી માર્ગનું ઉલ્લંઘન થાય. કેમકે તેમ કરવાથી ઘણાં કારણોના વિરોધ આવે. આમ છે પણ તેવી જ્ઞાની નિવૃત્તિપણું નથી એમ ન વિચારીએ, પણ વિચારીએ તો નિવૃત્તિપણું છે. માટે બહુ જ વિચારવાનું છે.

સકામ ભક્તિથી જ્ઞાન થાય નહીં. નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય. જ્ઞાનીના ઉપદેશને વિષે અદ્ભુતપણું છે. તેઓ નિરિચ્છાપણે ઉપદેશ દે છે, સ્પૃહારહિત હોય છે. ઉપદેશ એ જ્ઞાનનું માહાત્મ્ય છે, માટે સહેજે માહાત્મ્યને લઈને ઘણા જીવો બૂઝે છે.

અજ્ઞાનીનો સકામ ઉપદેશ હોય છે; જે સંસારફળનું કારણ છે. તે રુચિકર, રાગપોષક ને સંસારફળ દેનાર હોવાથી લોકોને પ્રિય લાગે છે અને તેથી જગતમાં અજ્ઞાનીનો માર્ગ વધારે ચાલે છે. જ્ઞાનીને નિષ્કામતાથી રસ ઘટ્યો છે, અહંકાર મટી ગયો છે; માટે અમૂલ્ય વચનો નીકળે. બાળજીવોને જ્ઞાની અજ્ઞાનીનું ઓળખાણ હોય નહીં.

વિચાર કરો, 'હું ચારિત્રી છું.' ઇત્યાદિ અહંતાના દોષે દોષે ભર્યું છે તે ટાળવાનું છે.

આચાર્યજીએ જીવોના સ્વભાવ પ્રમાદી જાણી, બબ્બે ઘડી નિયમ પાળવાની આજ્ઞા કરી છે.

સત્પુરુષોના [illegible] પરીતી થયેલી. [illegible] નથી; નિવૃત્તિ [illegible] નથી પોતાની કલ્પનાએ કરી [illegible] નથી [illegible]

[illegible]

[illegible]

જેથી ખરેખરું પાપ લાગે છે તે રોકવાનું પોતાના હાથમાં છે, પોતાથી બને તેવું છે તે રોકતો નથી; ને બીજી તિથિ આદિની ને પાપની ભળતી ફિકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શનો મોહ રહ્યો છે. તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે.

અવિરતિના પાપની ચિંતા થતી હોય તેનાથી જગ્યામાં રહેવાય કેમ?

પોતે ત્યાગ કરી શકે નહીં, અને બહાનાં કાઢે કે મારે અંતરાયો ઘણા છે. ધર્મનો પ્રસંગ આવે ત્યારે 'ઉદય' છે એમ કહે 'ઉદય ઉદય' કહ્યા કરે, પણ કાંઈ કૂવામાં પડતો નથી. ગાડામાં બેઠો હોય, અને ઘાંચ આવે તો સાચવી સંભાળીને ચાલે. તે વખતે ઉદય ભૂલી જાય અર્થાત્ પોતાની શિથિલતા હોય તેને બદલે ઉદયનો દોષ કાઢે છે, એમ અજ્ઞાનીની વર્તના છે.

લૌકિક અને લોકોત્તર ખુલાસો જુદો હોય છે. ઉદયનો દોષ કાઢવો એ લૌકિક ખુલાસો છે. અનાદિકાળનાં કર્મો બે ઘડીમાં નાશ પામે છે; માટે કર્મનો દોષ કાઢવો નહીં. આત્માને નિંદવો. ધર્મ કરવાની વાત આવે ત્યારે પૂર્વકર્મના દોષની વાત આગળ કરે છે. ધર્મને આગળ કરે તેને ધર્મ નીપજે; કર્મને આગળ કરે તેને કર્મ આડાં આવે માટે પુરુષાર્થ કરવો શ્રેષ્ઠ છે. પુરુષાર્થ પહેલો કરવો. મિથ્યાત્વ, પ્રમાદ, અશુભયોગ મૂકવા.

પહેલું તપ નહીં, પણ મિથ્યાત્વ અને પ્રમાદને પહેલાં ત્યાગવાં જોઈએ. સર્વનાં પરિણામ પ્રમાણે શુદ્ધતા, અશુદ્ધતા છે. કર્મ ટાળ્યા વગર ટળવાનાં નથી. તેટલા માટે જ જ્ઞાનીઓએ શાસ્ત્રો વર્ણવ્યાં છે. શિથિલ થવાને સાધનો બતાવ્યાં નથી. પરિણામ ઊંચાં આવવાં જોઈએ. કર્મ ઉદય આવશે એવું મનમાં રહે તો કર્મ ઉદયમાં આવે! બાકી પુરુષાર્થ કરે, તો તો કર્મ ટળી જાય. ઉપકાર થાય તે જ લક્ષ રાખવો.

[૬૪૩-૭] ૮ વડવા, ભાદ્રપદ સુદ ૧૦, ગુરુ, ૧૯૫૨

કર્મ ગણી ગણીને નાશ કરાતાં નથી. જ્ઞાનીપુરુષ તો સામટો ગોટો વાળી નાશ કરે છે.

વિચારવાને બીજાં આલંબનો મૂકી દઈ, આત્માના પુરુષાર્થનો જય થાય તેવું આલંબન લેવું. કર્મબંધનનું આલંબન લેવું નહીં. આત્મામાં પરિણામ પામે તે અનુપ્રેક્ષા.

માટીમાં ઘડો થવાની સત્તા છે; પણ દંડ, ચક્ર, કુંભારાદિ મળે તો થાય; તેમ આત્મા માટીરૂપ છે, તેને સદ્ગુરુ આદિ સાધન મળે તો આત્મજ્ઞાન થાય. જે જ્ઞાન થયુ હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાનીઓએ સંપાદન કરેલું છે તેને પૂર્વાપર મળતું આવવું જોઈએ; અને વર્તમાનમાં પણ જે જ્ઞાનીપુરુષોએ જ્ઞાન સંપાદન કરેલું છે તેના વચનોને મળતું આવવું જોઈએ, નહીં તો અજ્ઞાનને જ્ઞાન માન્યુ છે એમ કહેવાય.

જ્ઞાન બે પ્રકારનાં છે:—એક બીજભૂત જ્ઞાન; અને બીજું વૃક્ષભૂત જ્ઞાન. પ્રતીતિએ બન્ને સરખાં છે; તેમાં ભેદ નથી. વૃક્ષભૂત જ્ઞાન, કેવળ નિરાવરણ થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય; અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદર ભવે મોક્ષ થાય.

આત્મા અરૂપી છે, એટલે વર્ણગંધરસસ્પર્શરહિત વસ્તુ છે; અવસ્તુ નથી.

ષડ્દર્શન જેણે બાંધ્યા છે તેણે બહુ જ ડહાપણ વાપર્યું છે.

બંધ ઘણી અપેક્ષાએ થાય છે; પણ મૂળ પ્રકૃતિ આઠ છે, તે કર્મની ગાંઠી ઉકેલવા માટે આઠ પ્રકારે કહી છે.

આયુષકર્મ એક જ ભવનું બંધાય. વિશેષ ભવનું આયુષ બંધાય નહીં. જો બંધાતું હોય તો કોઈને કેવળજ્ઞાન ઊપજે નહીં.

જ્ઞાનીપુરુષ સમતાથી કલ્યાણનું જે સ્વરૂપ બતાવે છે તે ઉપકારને અર્થે બતાવે છે. જ્ઞાનીપુરુષો માર્ગમાં ભૂલા પડેલા જીવને સીધો રસ્તો બતાવે છે. જ્ઞાનીને માર્ગે ચાલે તેનું કલ્યાણ થાય. જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર થઈ જવાથી અજ્ઞાનની પ્રવૃત્તિ થાય; અને જ્ઞાનીપુરુષોનાં વચનો ન સમજાય, તેથી લોકોને અવળું ભાસે. ન સમજાય તેથી લોકો ગચ્છના ભેદ પાડે છે. ગચ્છના ભેદ જ્ઞાનીઓએ પાડ્યા નથી. અજ્ઞાની માર્ગનો લોપ કરે છે. જ્ઞાની થાય ત્યારે માર્ગનો ઉદ્યોત કરે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીની સામા થાય છે. માર્ગસન્મુખ થવું જોઈએ. કારણ કે સામા થવાથી નિકટ માર્ગનું ભાન થતું નથી.

બાળ અને અજ્ઞાની જીવો નાની નાની બાબતોમાં ભેદ પાડે છે. તિલક અને મુહપત્તી વગેરેના આગ્રહમાં કલ્યાણ નથી. અજ્ઞાનીને મતભેદ કરતાં વાર લાગતી નથી. જ્ઞાનીપુરુષો રૂઢિમાર્ગને બદલે શુદ્ધ માર્ગ પ્રરૂપતા હોય તોય જીવને ઊંડું ભાસે, ને માને કે આપણો ધર્મ નહીં. જે જીવ કદાગ્રહરહિત હોય તે શુદ્ધ માર્ગ આદરે. જેમ વેપાર ઘણા પ્રકારના હોય પણ લાભ એક જ પ્રકારનો હોય. વિચારવાનોનો તો કલ્યાણનો માર્ગ એક જ હોય. અજ્ઞાનમાર્ગના અનંત પ્રકાર છે.

જેમ પોતાનું છોકરું કૂબડું હોય અને બીજાનું છોકરું ઘણું રૂપાળું હોય, પણ રાગ પોતાના છોકરા પર આવે, ને તે સારું લાગે; તેવી જ રીતે જે કુળધર્મ પોતે માન્યો છે તે ગમે તેવા દૂષણવાળો હોય તોપણ સારો લાગે છે. વૈષ્ણવ, બૌદ્ધ, શ્વેતાંબર, ઢુંઢિયા, દિગંબર જૈનાદિ ગમે તે હોય પણ જે કદાગ્રહરહિતપણે શુદ્ધ સમતાથી પોતાનાં આવરણો ઘટાડશે તેનું જ કલ્યાણ થશે.

સામાયિક કરવાનો યોગ [illegible] કરવાથી પરિભ્રમણ [illegible] જ્ઞાનીપુરુષના [illegible]

[illegible]

[illegible]

પ્ર૦ — [illegible] ?

ઉ૦ — [illegible]

કયા પ્રકારે દોષ ઘટે ? જીવ લૌકિક ભાવ, ક્રિયા કર્યા કરે છે, ને દોષો કેમ ઘટતા નથી એમ કહ્યા કરે છે !

યોગ્ય જીવ ન હોય તેને સત્પુરુષ ઉપદેશ આપતા નથી.

સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ વૈરાગ્ય વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગસમાગમની જરૂર છે. બાકી સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે. ગુરુપદ ધરાવવા કે શિષ્યો કરવા માટે સત્પુરુષની ઇચ્છા નથી. સત્પુરુષ વગર એક પણ આગ્રહ, કદાગ્રહ મટતો નથી. દુરાગ્રહ મટ્યો તેને આત્માનું ભાન થાય છે. સત્પુરુષના પ્રતાપે જ દોષ ઘટે છે. ભ્રાન્તિ જાય તો તરત સમ્યક્ત્વ થાય.

બાહુબલિજીને જેમ કેવળજ્ઞાન પાસે – અંતરમાં – હતું, કાંઈ બહાર નહોતું; તેમ સમ્યક્ત્વ પોતાની પાસે જ છે.

શિષ્ય કેવો હોય કે માથું કાપીને આપે તેવો હોય ત્યારે સમ્યક્ત્વ જ્ઞાની પ્રાપ્ત કરાવે. નમસ્કારાદિ જ્ઞાનીપુરુષને કરવા તે શિષ્યનો અહંકાર ટાળવા માટે છે. પણ મનમાં ઊંચુંનીચું થયા કરે તો આરો ક્યારે આવે !

જીવ અહંકાર રાખે છે, અસત્ વચનો બોલે છે, ભ્રાન્તિ રાખે છે, તેનું તેને લગારે ભાન નથી. એ ભાન થયા વિના નિવેડો આવવાનો નથી.

શૂરવીર વચનોને બીજાં એકે વચનો પહોંચે નહીં. જીવને સત્પુરુષનો એક શબ્દ પણ સમજાયો નથી. મોટાઈ નડતી હોય તો મૂકી દેવી. ઢુંઢિયાએ મુમતી અને તપાએ મૂર્તિ આદિના કદાગ્રહ ગ્રહી રાખ્યા છે પણ તેવા કદાગ્રહમાં કાંઈ જ હિત નથી. શૂરાતન કરીને આગ્રહ, કદાગ્રહથી દૂર રહેવું; પણ વિરોધ કરવો નહીં.

જ્યારે જ્ઞાનીપુરુષો થાય છે ત્યારે મતભેદ કદાગ્રહ ઘટાડી દે છે. જ્ઞાની અનુકંપાઅર્થે માર્ગ બોધે છે. અજ્ઞાની કુગુરુઓ મતભેદ ઠામઠામ વધારી કદાગ્રહ ચોક્કસ કરે છે.

સાચા પુરુષ મળે, ને તેઓ જે કલ્યાણનો માર્ગ બતાવે તે જ પ્રમાણે જીવ વર્તે તો અવશ્ય કલ્યાણ થાય. સત્પુરુષની આજ્ઞા પાળવી તે જ કલ્યાણ. માર્ગ વિચારવાનને પૂછવો. સત્પુરુષના આશ્રયે સારાં આચરણો કરવાં, ખોટી બુદ્ધિ સહુને હેરાનકર્તા છે; પાપની કર્તા છે. મમત્વ હોય ત્યાં જ મિથ્યાત્વ. શ્રાવક સર્વે દયાળુ હોય. કલ્યાણનો માર્ગ એક જ હોય; સો બસો ન હોય. અંદરના દોષો નાશ થશે, અને સમપરિણામ આવશે તો જ કલ્યાણ થશે.

મતભેદને છેદે તે જ સાચા પુરુષ. સમપરિણામને રસ્તે ચઢાવે તે સાચો સંગ. વિચારવાનને માર્ગનો ભેદ નથી.

હિંદુ અને મુસલમાન સરખા નથી. હિંદુઓના ધર્મગુરુઓ જે ધર્મબોધ કહી ગયા હતા તે બહુ ઉપકારઅર્થે કહી ગયા હતા. તેવો બોધ પીરાણા મુસલમાનનાં શાસ્ત્રોમાં નથી. આત્માપેક્ષાએ કણબી, વાણિયો, મુસલમાન નથી. તેનો જેને ભેદ મટી ગયો તે જ શુદ્ધ; ભેદ ભાસે તે જ અનાદિની ભૂલ છે. કુળાચાર પ્રમાણે જે સાચું માન્યું તે જ કષાય છે.

પ્ર૦ :— મોક્ષ એટલે શું ?

ઉ૦ :— આત્માનું અત્યંત શુદ્ધપણું તે, અજ્ઞાનથી છૂટી જવું તે, સર્વ કર્મથી મુક્ત થવું તે 'મોક્ષ'. યથાતથ્ય જ્ઞાન પ્રગટયે મોક્ષ. ભ્રાન્તિ રહે ત્યાં સુધી આત્મા જગતમાં છે. અનાદિકાળનું એવું જે ચેતન તેનો સ્વભાવ જાણપણું, જ્ઞાન છે. છતાં ભૂલી જાય છે તે શું? જાણપણામાં ન્યૂનતા છે, યથાતથ્ય જાણપણું નથી. તે ન્યૂનતા કેમ મટે? તે જાણપણારૂપી સ્વભાવને ભૂલી ન જાય. તેને વારંવાર દૃઢ કરે તો ન્યૂનતા મટે. જ્ઞાની પુરુષનાં વચનોનું અવલંબન લેવાથી જાણપણું થાય. સાધન છે તે ઉપકારના હેતુઓ છે. જેવા જેવા અધિકારી તેવું તેવું તેનું ફળ. સત્પુરુષના આશ્રયે લે તો સાધનો ઉપકારના હેતુઓ છે. સત્પુરુષની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય છે. સત્પુરુષોના વચનો આત્માના પરિણામ પામ્યે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ વગેરે બધા દોષો અનુક્રમે મોળા પડે. આત્મજ્ઞાન વિચારવાથી દોષો નાશ થાય છે. સત્પુરુષો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવને લોકમાર્ગમાં પડી રહેવું છે, અને લોકોત્તર કહેવરાવવું છે, ને દોષ કેમ જતા નથી તેમ માત્ર કહ્યા કરવું છે. લોકનો ભય મૂકી સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં. મોટાઈ ને મહત્તા મૂક્યા વગર સમ્યક્ત્વનો માર્ગ આત્મામાં પરિણામ પામવો કઠણ છે.

વેદાંતશાસ્ત્રો વર્તમાનમાં સ્વચ્છંદથી વાંચવામાં આવે છે, ને તેથી શુષ્કપણા જેવું થઈ જાય છે. ષડ્દર્શનમાં ઝઘડો નથી; પણ આત્માને કેવળ મુક્તદૃષ્ટિએ જોતાં તીર્થંકરે લાંબો વિચાર કર્યો છે. મૂળ લક્ષગત વાતથી જે જે વક્તા(સત્પુરુષો)એ કહ્યું તે યથાર્થ છે એમ જણાશે.

આત્માને કયારેય પણ વિકાર ન ઊપજે, તથા રાગદ્વેષપરિણામ ન થાય ત્યારે જ કેવળજ્ઞાન કહેવાય. ષડ્દર્શનવાળાએ જે વિચાર કર્યા છે તેથી આત્માનું તેમને ભાન થાય છે, પણ તારતમ્યપણામાં ફેર પડે. મૂળમાં ભૂલ નથી. પણ ષડ્દર્શન પોતાની સમજણે બેસાડે તો કાંઈ ફળ થાય નહીં. જેને સત્પુરુષના આશ્રયે જ્ઞાન થયું છે, [illegible] અક્રિય વિચારે છે તેને ભ્રાન્તિ હોય નહીં, સંશય હોય નહીં, આત્માના [illegible] સંબંધમાં પ્રશ્ન ઊઠે નહીં.

પ્ર૦ :— સમ્યક્ત્વ કેમ જણાય?

ઉ૦ :— માંહીથી દશા ફરે ત્યારે સમ્યક્ત્વની ખબર પોતાની મેળે પોતાને પડે. સદ્દેવ એટલે રાગદ્વેષ ને અજ્ઞાન જેનાં ક્ષય થયાં છે તે. સદ્ગુરુ કોણ? મિથ્યાત્વગ્રંથિ જેની છેદાઈ છે તે. સદ્ગુરુ એટલે નિર્ગ્રંથ. સદ્ધર્મ એટલે જ્ઞાનીપુરુષોએ બોધેલો ધર્મ. આ ત્રણે તત્ત્વ યથાર્થ રીતે જાણે ત્યારે સમ્યક્ત્વ થયું ગણાય.

[illegible]

[illegible]

તો બધાની ઓળખાણ થાય, તેમ પહેલાં સમ્યક્ત્વનું ઓળખાણ થાય ત્યારે આત્માના બધા ગુણોરૂપી કુટુંબનુ ઓળખાણ થાય. સમ્યક્ત્વ સર્વોત્કૃષ્ટ સાધન કહ્યું છે. બહારની વૃત્તિઓ ઘટાડી અંતર્‌પરિણામ કરે, તો સમ્યક્ત્વનો માર્ગ આવે. ચાલતાં ચાલતાં ગામ આવે, પણ વગર ચાલ્યે ગામ સામું ન આવે. જીવને યથાર્થ સત્‌પુરુષની પ્રાપ્તિ અને પ્રતીતિ થઈ નથી.

બહિરાત્મામાંથી અંતરાત્મા થયા પછી પરમાત્માપણું પ્રાપ્ત થવું જોઈએ. દૂધ ને પાણી જુદાં છે તેમ સત્પુરુષના આશ્રયે, પ્રતીતિએ દેહ અને આત્મા જુદા છે એમ ભાન થાય, અંતરમાં પોતાના આત્માનુભવરૂપે, જેમ દૂધ ને પાણી જુદાં થાય તેમ દેહ અને આત્મા જુદા લાગે ત્યારે પરમાત્માપણું પ્રાપ્ત થાય. જેને આત્માના વિચારરૂપી ધ્યાન છે, સતત નિરંતર ધ્યાન છે, આત્મા જેને સ્વપ્નમાં પણ જુદો જ ભાસે, કોઈ વખત જેને આત્માની ભ્રાન્તિ થાય જ નહીં તેને જ પરમાત્માપણું થાય.

અંતરાત્મા નિરંતર કષાયાદિ નિવારવા પુરુષાર્થ કરે છે. ચૌદમા ગુણસ્થાનક સુધી એ વિચારરૂપી ક્રિયા છે. જેને વૈરાગ્ય ઉપશમ વર્તતો હોય તેને જ વિચારવાન કહીએ. આત્માઓ મુક્ત થયા પછી સંસારમાં આવતા નથી. આત્મા સ્વાનુભવ ગોચર છે, તે ચક્ષુથી દેખાતો નથી, ઇન્દ્રિયથી રહિત એવું જે જ્ઞાન તે જાણે છે. આત્માનો ઉપયોગ મનન કરે તે મન છે. વળગણા છે તેથી મન જુદું કહેવાય, સંકલ્પવિકલ્પ મૂકી દેવા તે 'ઉપયોગ'. જ્ઞાનને આવરણ કરનારું નિકાચિત કર્મ ન બાંધ્યુ હોય તેને સત્પુરુષનો બોધ લાગે છે. આયુષનો બંધ હોય તે રોકાય નહીં.

જીવે અજ્ઞાન ગ્રહ્યું છે તેથી ઉપદેશ પરિણમે નહીં. કારણ આવરણને લીધે પરિણમવાનો રસ્તો નથી. જ્યાં સુધી લોકના અભિનિવેશની કલ્પના કર્યા કરો ત્યાં સુધી આત્મા ઊંચો આવે નહીં; અને આવે નહીં; અને ત્યાં સુધી કલ્યાણ પણ થાય નહીં. ઘણા જીવો સત્પુરુષનો બોધ સાંભળે છે, પણ તેને વિચારવાનો યોગ બનતો નથી.

ઇન્દ્રિયોના નિગ્રહનું ન હોવાપણું, કુળધર્મનો આગ્રહ, માનશ્લાઘાની કામના, અમધ્યસ્થપણુ એ કદાગ્રહ છે તે કદાગ્રહ જ્યાં સુધી જીવ ન મૂકે ત્યાં સુધી કલ્યાણ થાય નહીં. નવ પૂર્વ ભણ્યો તોય રખડ્યો! ચૌદ રાજલોક જાણ્યો પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો; માટે રખડ્યો! જ્ઞાનીપુરુષ બધી શંકાઓ ટાળી શકે છે; પણ તરવાનું કારણ સત્પુરુષની દૃષ્ટિએ ચાલવું તે છે; અને તો જ દુઃખ મટે. આજ પણ પુરુષાર્થ કરે તો આત્મજ્ઞાન થાય. જેને આત્મજ્ઞાન નથી તેનાથી કલ્યાણ થાય નહીં.

વ્યવહાર જેનો પરમાર્થ છે તેવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય, કલ્યાણ થાય.

જીવને બંધ કેમ પડે? નિકાચિત વિષે—ઉપયોગે, અણઉપયોગે.

આત્માનું મુખ્ય લક્ષણ ઉપયોગ છે. આત્મા તલમાત્ર દૂર નથી; બહાર જોવાથી દૂર ભાસે છે, પણ તે અનુભવગોચર છે. આ નહીં, આ નહીં, આ નહીં, એથી જુદું જે રહ્યું તે તે છે.

આકાશ દેખાય છે તે આકાશ નથી. આકાશ ચક્ષુથી દેખાય નહીં. આકાશ અરૂપી કહ્યું છે

આત્માનું ભાન સ્વાનુભવથી થાય છે. આત્મા અનુભવગોચર છે. અનુમાન છે તે માપની છે. અનુભવ છે તે હોવાપણું છે.

આત્મજ્ઞાન સહજ નથી. 'પંચીકરણ', 'વિચારસાગર' વાંચીને કથનમાત્ર માન્યાથી જ્ઞાન થાય નહીં. જેને અનુભવ થયો છે એવા અનુભવીના આશ્રયે તે સમજી તેની આજ્ઞા પ્રમાણે વર્તે તો જ્ઞાન થાય. સમજ્યા વિના રસ્તો ભારે વિકટ છે. હીરો કાઢવા માટે ખાણ ખોદવી તે મહેનત છે, પણ હીરો લેવો તેમાં મહેનત નથી. તે જ પ્રમાણે આત્મસંબંધી સમજણ આવવી દુર્લભ છે; નહીં તો આત્મા કંઈ દૂર નથી. ભાન નથી તેથી દૂર લાગે છે. જીવને કલ્યાણ કરવું, ન કરવું, તેનું ભાન નથી; પણ પોતાપણું રાખવું છે.

ચોથા ગુણસ્થાનકે ગ્રંથિભેદ થાય. અતિચારથી પડે છે તેને 'ઉપશમસમ્યક્ત્વ' કહેવાય. લોભ ચારિત્રને પાડનારો છે. ચોથે ગુણસ્થાનકે ઉપશમ અને ક્ષાયિક બન્ને હોય. ઉપશમ એટલે સત્તામાં આવરણનું રહેવું. કલ્યાણનાં ખરેખર કારણો જીવને પરખાયાં નથી. જે શાસ્ત્રો વૃત્તિને સંક્ષેપે નહીં, વૃત્તિને સંકોચે નહીં પરંતુ વધારે તેવાં શાસ્ત્રોના ભાર ક્યાંથી હોય?

વ્રત આપનારે અને વ્રત લેનારે બન્નેએ વિચાર તથા ઉપયોગ રાખવા. ઉપયોગ રાખે નહીં, ને ભાર રાખે તો નિકાચિતકર્મ બંધાય. 'મારું કરવું', 'પડિક્કમણાદિ કરો' એમ જેવા ભણેલા હોય તે વિવેક કરવો. ઉપવાસ કર્યો કંઈ મુક્તિ હોય નહીં. એક વ્રત માત્ર લઈ અજ્ઞાનને કાઢવા ઇચ્છે છે તેવાને અજ્ઞાન કહે છે કે મારા કંઈક લશ્કર હું ખાઈ ગયો છું; તેમાં તે શું મોટી વાત છે?

જે સાધનો બતાવે તે તરવાનાં સાધનો હોય તો જ ખરાં સાધન. બાકી નિષ્ફળ સાધન છે. વ્યવહારમાં અનંતા ભાંગા ઊઠે છે, તો કેમ પાર આવે? કોઈ મોટેથી ઉતાવળો બોલે તેને કષાય કહેવાય, કોઈ ધીરજથી બોલે તેને શાંતિ દેખાય, પણ અંતરંગ પરિણામ હોય તો જ શાંતિ કહેવાય.

જેને સૂવાની ટેવ પડી હોય એવાને ઢગ પર બેસાડ્યા ભલે તો તેવાની રુચિ ક્યાંથી ખેંચાય? વૃત્તિ રોકે તેને પાપ નહીં. કેટલાક જીવો એવા છે કે વૃત્તિ ન રોકાય એવાં કારણો એવાં કરે, આથી પાપ રોકાય નહીં.

[૬૪૩–૯] ૯ ભાદરવા સુદ ૧૫, ૧૯૫૨

[illegible]

[illegible]

[illegible]

ઉપદેશજ્ઞાન અનાદિનું ચાલ્યુ આવે છે. એકલાં પુસ્તકથી જ્ઞાન થાય નહીં. પુસ્ત જ્ઞાન થતું હોય તો પુસ્તકનો મોક્ષ થાય! સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવું એમાં જવાય તો પુસ્તક અવલંબનભૂત છે. ચૈતન્યપણું ગોખે તો ચૈતન્યપણું પ્રાપ્ત થાય, ચૈત પણું અનુભવગોચર થાય. સદ્‌ગુરુનું વચન શ્રવણ કરે, મનન કરે, ને આત્મામાં પરિ માવે તો કલ્યાણ થાય.

જ્ઞાન અને અનુભવ હોય તો મોક્ષ થાય. વ્યવહારને નિષેધવો નહીં, એકલા વ્યવહાર વળગી રહેવું નહીં.

આત્મજ્ઞાનની વાત સામાન્ય થઈ જાય એવી રીતે કરવી ઘટે નહીં. આત્મજ્ઞાનની વા એકાંતે કહેવી. આત્માનું હોવાપણુ વિચારવામાં આવે તો અનુભવવામાં આવે; નહીં તો તેમ શંકા થાય છે. જેમ એક માણસને વધારે પડળથી દેખાતું નથી તેમ આવરણની વળગણાને લીધે આત્માને થાય છે. ઊંઘમાં પણ આત્માને સામાન્યપણે જાગૃતિ છે. આત્મા કેવળ ઊંઘે નહી; તેને આવરણ આવે. આત્મા હોય તો જ્ઞાન થાય. જડ હોય તો જ્ઞાન કોને થાય?

પોતાને પોતાનું ભાન થવું, પોતે પોતાનું જ્ઞાન પામવું, જીવન્મુક્ત થવું.

ચૈતન્ય એક હોય તો ભ્રાન્તિ કોને થઈ? મોક્ષ કોનો થયો? બધાં ચૈતન્યની જાતિ એક પણ પ્રત્યેક ચૈતન્યનું સ્વતંત્રપણું છે, જુદું જુદું છે. ચૈતન્યનો સ્વભાવ એક છે. મોક્ષ સ્વાનુભવગોચર છે. નિરાવરણમાં ભેદ નથી. પરમાણુ ભેળાં થાય નહીં એટલે કે આત્માને પરમાણુનો સંબંધ નહીં ત્યારે મુક્તિ, પરસ્વરૂપમાં નહીં મળવું તે મુક્તિ.

કલ્યાણ કરવું, ન કરવું, તેનું ભાન નથી; પણ જીવને પોતાપણું રાખવું છે. બંધ ક્યાં સુધી થાય? જીવ ચૈતન્ય ન થાય ત્યા સુધી. એકેંદ્રિયાદિક યોનિ હોય તોપણ જીવનો જ્ઞાનસ્વભાવ કેવળ લોપાઈ જાય નહીં, અંશે ખુલ્લો રહે છે. અનાદિ કાળથી જીવ બંધાયો છે. નિરાવરણ થયા પછી બંધાતો નથી. 'હું જાણું છું' એવું અભિમાન તે ચૈતન્યનું અશુદ્ધ પણું આ જગતમાં બંધ ને મોક્ષ ન હોત તો શ્રુતિનો ઉપદેશ કોને અર્થે? આત્મા સ્વભાવે કેવળ અક્રિય છે, પ્રયોગે ક્રિય છે. જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે જ અક્રિયપણું કહ્યુ છે. નિર્વિવાદપણે વેદાંત વિચારવામાં અડચણ નથી. આત્મા અર્હંતપદ વિચારે તો અર્હંત થાય. સિદ્ધપદ વિચારે તો સિદ્ધ થાય. આચાર્યપદ વિચારે તો આચાર્ય થાય. ઉપાધ્યાયનો વિચાર કરે તો ઉપાધ્યાય થાય. સ્ત્રીરૂપ વિચારે તો આત્મા સ્ત્રી, અર્થાત્ જે સ્વરૂપને વિચારે તે રૂપ ભાવાત્મા થાય. આત્મા એક છે કે અનેક છે તેની ચિંતા કરવી નહીં. આપણે તો એ વિચારવાની જરૂર છે કે 'હું એક છું.' જગતને ભેળવવાની શી જરૂર છે? એક અનેકનો વિચાર ઘણી આઘી દશાએ પહોંચ્યા પછી વિચારવાનો છે. જગત ને આત્મા સ્વપ્ને પણ એક જાણશો નહીં. આત્મા અચળ છે; નિરાવરણ છે. વેદાંત સાંભળીને પણ આત્માને ઓળખવો. આત્મા સર્વવ્યાપક છે કે આત્મા દેહને વિષે છે તે પ્રત્યક્ષ અનુભવગમ્ય છે.

બધા ધર્મનું તાત્પર્ય એ છે કે આત્માને ઓળખવો. બીજાં બધાં સાધન છે તે જે કેમ જોઈએ (ઘટે) તે જ્ઞાનીની આજ્ઞાએ વાપરતાં અધિકારી જીવને ફળ થાય. દયા વગેરે આત્માને નિર્મળ થવાનાં સાધનો છે.

મિથ્યાત્વ, પ્રમાદ, અવ્રત, અશુભયોગ, એ અનુક્રમે જાય તો સત્પુરુષનું વચન આત્મામાં પરિણામ પામે તેથી બધા દોષો અનુક્રમે નાશ પામે. આત્મજ્ઞાન વિચારથી થાય છે. સત્પુરુષ તો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવ લોકમાર્ગમાં પડ્યો છે, ને તેને લોકોત્તરમાર્ગ માને છે. આથી કરી કોઈ પણ દોષ જતા નથી. લોકનો ભય મૂકી સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં. મોટાઈ અને મહત્તા મૂક્યા વગર સમ્યક્‌માર્ગ આત્મામાં પરિણામ પામે નહીં.

બ્રહ્મચર્યવિષે :– પરમાર્થહેતુ માટે નદી ઊતરવાને દડા પાણીની મુનિને આજ્ઞા આપી, પણ અબ્રહ્મચર્યની આજ્ઞા આપી નથી; ને તેને માટે કહ્યું છે કે અલ્પ આહાર કરજે, ઉપવાસ કરજે, એકાંતર કરજે, છેવટે ઝેર ખાઈને મરજે, પણ બ્રહ્મચર્ય ભાંગીશ નહીં.

દેહની મૂર્છા હોય તેને કલ્યાણ કેમ સાંભરે? સર્પ કરડે ને ભય ન હોય ત્યારે સમજવું કે, આત્મજ્ઞાન પ્રગટ્યું છે. આત્મા અજર, અમર છે. 'હું' મરવાનો નથી, તો મરણનો ભય શો? જેને દેહની મૂર્છા ગઈ તેને આત્મજ્ઞાન થયું કહેવાય.

પ્રશ્ન :– જીવે કેમ વર્તવું?

સમાધાન :– સત્સંગને યોગે આત્માનું શુદ્ધપણું પ્રાપ્ત થાય. પણ સત્સંગનો સદા યોગ નથી મળતો. જીવે યોગ્ય થવા માટે હિંસા કરવી નહીં, સત્ય બોલવું; અદત્ત લેવું નહીં; બ્રહ્મચર્ય પાળવું; પરિગ્રહની મર્યાદા કરવી, રાત્રિભોજન કરવું નહીં એ આદિ સદાચરણ શુદ્ધ અંતઃકરણે કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે, તે પણ જો આત્માને અર્થે કરવામાં આવતાં હોય તો ઉપકારી છે, નહીં તો પુણ્યયોગ પ્રાપ્ત થાય. તેથી મનુષ્યપણું મળે, દેવતાપણું મળે, રાજ્ય મળે, એક ભવનું સુખ મળે ને પાછું ચાર ગતિમાં રખડવું થાય, માટે જ્ઞાનીઓએ તપ આદિ જે ક્રિયા આત્માને ઉપકારાર્થે સફળ થવા યોગ્ય કહી છે, તે પરમજ્ઞાની પોતે પણ જગતના ઉપકારને અર્થે નિષેવન કરી ગયા છે.

મહાવીરસ્વામીએ કેવળજ્ઞાન ઊપજ્યા પછી ઉપવાસ કર્યા નથી, તેમ કોઈ જ્ઞાનીએ કરી નથી, તથાપિ લોકોના મનમાં એમ ન આવે કે જ્ઞાન થયા પછી ખાવું પીવું સરખું છે; તેટલા માટે છેલ્લી વખતે તપની [illegible] માટે દીક્ષા લીધા પહેલાં પોતે [illegible] પિતાની સેવા [illegible] પોતાને [illegible] છે, જે પોતાને તો [illegible]

[illegible]

(૧) 'ક્રિયા કરવી નહીં, ક્રિયાથી દેવગતિ પ્રાપ્ત થાય; બીજું કાંઈ પ્રાપ્ત થતું નથી જેથી ચાર ગતિ રઝળવાનું મટે તે ખરું.' એમ કહી સદાચરણ, પુણ્યના હેતુ જાણી કરતા નથી; અને પાપનાં કારણો સેવતાં અટકતા નથી. આ પ્રકારના જીવોએ કાંઈ કરવું જ નહિ, અને મોટી મોટી વાતો કરવી એટલું જ છે. આ જીવોને 'અજ્ઞાનવાદી' તરીકે મૂકી શકાય.

(૨) 'એકાંતક્રિયા કરવી તેથી જ કલ્યાણ થશે,' એવું માનનારાઓ સાવ વ્યવહારમાં કલ્યાણ માની કદાગ્રહ મૂકતા નથી. આવા જીવોને 'ક્રિયાવાદી' અથવા 'ક્રિયાજડ' ગણવા. ક્રિયાજડને આત્માનો લક્ષ હોય નહીં.

(૩) 'અમને આત્મજ્ઞાન છે. આત્માને ભ્રાન્તિ હોય જ નહીં; આત્મા કર્તાય નથી; તે ભોક્તાય નથી; માટે કાંઈ નથી.' આવું બોલનારાઓ 'શુષ્કઅધ્યાત્મી', પોલા જ્ઞાની થઈ બેસી અનાચાર સેવતાં અટકે નહીં.

આવા ત્રણ પ્રકારના જીવો હાલમાં જોવામાં આવે છે. જીવે જે કાંઈ કરવાનું છે તે આત્માના ઉપકાર અર્થે કરવાનું છે તે વાત તેઓ ભૂલી ગયા છે. હાલમાં જૈનમાં ચોરાસીથી સો ગચ્છ થઈ ગયા છે. તે બધામા કદાગ્રહો થઈ ગયા છે; છતાં તેઓ બધા કહે છે કે 'જૈનધર્મમાં અમે જ છીએ. જૈનધર્મ અમારો છે.'

'પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ,' આદિ પાઠનો લૌકિકમા હાલ એવો અર્થ થઈ ગયો જણાય છે કે 'આત્માને વોસરાવું છુ,' એટલે જેનો અર્થ, આત્માને ઉપકાર કરવાનો છે તેને જ, આત્માને જ ભૂલી ગયા છે. જેમ જાન જોડી હોય, અને વિધવિધ વૈભવ વગેરે હોય, પણ જો એક વર ન હોય તો ન શોભે અને વર હોય તો શોભે; તેવી રીતે ક્રિયા વૈરાગ્યાદિ જો આત્માનુ જ્ઞાન હોય તો શોભે; નહીં તો ન શોભે. જૈનમાં હાલમાં આત્માનો ભુલાવો થઈ ગયો છે.

સૂત્રો, ચૌદપૂર્વનું જ્ઞાન, મુનિપણુ, શ્રાવકપણું, હજારો જાતનાં સદાચરણ, તપશ્ચર્યા આદિ જે જે સાધનો, જે જે મહેનતો, જે જે પુરુષાર્થ કહ્યાં છે તે એક આત્માને ઓળખવા માટે, શોધી કાઢવા માટે કહ્યાં છે. તે પ્રયત્ન જો આત્માને ઓળખવા માટે, શોધી કાઢવા માટે, આત્માને અર્થે, થાય તો સફળ છે; નહીં તો નિષ્ફળ છે; જોકે તેથી બાહ્ય ફળ થાય; પણ ચાર ગતિનો છેદ થાય નહીં. જીવને સત્પુરુષનો જોગ થાય, અને લક્ષ થાય, તો તે સહેજે યોગ્ય જીવ થાય; અને પછી સદ્ગુરુની આસ્થા હોય તો સમ્યક્ત્વ થાય.

(૧) શમ = ક્રોધાદિ પાતળાં પાડવાં તે.
(૨) સંવેગ = મોક્ષમાર્ગ સિવાય બીજી કોઈ ઇચ્છા નહીં તે.
(૩) નિર્વેદ = સંસારથી થાકી જવું તે – સંસારથી અટકી જવું તે.
(૪) આસ્થા = સાચા ગુરુની, સદ્ગુરુની આસ્થા થવી તે.
(૫) અનુકંપા = સર્વ પ્રાણી પર સમભાવ રાખવો તે, નિર્વેરબુદ્ધિ રાખવી તે.

આ ગુણો સમકિતી જીવનાં સહેજે હોય. પ્રથમ સાચા પુરુષનું ઓળખાણ થાય, તો પછી આ ચાર ગુણો આવે.

વેદાંતમાં વિચાર અર્થે ષટ્સંપત્તિ બતાવી છે. વિવેક, વૈરાગ્યાદિ સદ્ગુણ પ્રાપ્ત થયા પછી જીવ યોગ્ય મુમુક્ષુ કહેવાય.

નય આત્માને સમજવા અર્થે કહ્યા છે, પણ જીવો તો નયવાદમાં ગૂંચવાઈ જાય છે. આત્મા સમજાવવા જતાં નયમાં ગૂંચવાઈ જવાથી તે પ્રયોગ અવળો પડ્યો. સમકિતદ્રષ્ટિ જીવને 'કેવળજ્ઞાન' કહેવાય. વર્તમાનમાં ભાન થયું છે માટે 'દેશે કેવળજ્ઞાન' થયું કહેવાય; બાકી તો આત્માનું ભાન થયું એટલે કેવળજ્ઞાન. તે આ રીતે કહેવાય :– સમકિતદ્રષ્ટિને આત્માનું ભાન થાય ત્યારે તેને કેવળજ્ઞાનનું ભાન પ્રગટ્યું; અને ભાન પ્રગટ્યું એટલે કેવળજ્ઞાન અવશ્ય થવાનું; માટે આ અપેક્ષાએ સમકિતદ્રષ્ટિને કેવળજ્ઞાન કહ્યું છે. સમ્યક્ત્વ થયું એટલે જમીન ખેડી ઝાડ વાવ્યું, ઝાડ થયું, ફળ થયાં, ફળ થોડાં ખાધાં, ખાતાં ખાતાં આયુષ્ય પૂરું થયું; તો પછી બીજે ભવ ફળ ખવાય. માટે 'કેવળજ્ઞાન' આ કાળમાં નથી, નથી એવું અવળું માની લેવું નહીં; અને કહેવું નહીં. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અનંતા ભવ મટી એક ભવ બાકી રહ્યો, માટે સમ્યક્ત્વ ઉત્કૃષ્ટ છે. આત્મામાં કેવળજ્ઞાન છે, પણ આવરણ ટળે ત્યારે કેવળજ્ઞાન હોય. આ કાળમાં સંપૂર્ણ આવરણ ટળે નહીં, એક ભવ બાકી રહે, એટલે જેટલું કેવળજ્ઞાનાવરણીય જાય તેટલું કેવળજ્ઞાન થાય છે. સમકિત આવ્યે માંહી – અંતરમાં – દશા ફરે; કેવળજ્ઞાનનું બીજ પ્રગટ થયું. સદ્ગુરુ વિના માર્ગ નથી, એમ મોટા પુરુષોએ કહ્યું છે. આ ઉપદેશ વગર કારણે કર્યો નથી.

સમકિતી એટલે મિથ્યાત્વમુક્ત, કેવળજ્ઞાની એટલે ચારિત્રાવરણથી સંપૂર્ણપણે મુક્ત, અને સિદ્ધ એટલે દેહાદિથી સંપૂર્ણપણે મુક્ત.

પ્રશ્ન :– કર્મ ઓછાં કેમ થાય ?

ઉત્તર :– ક્રોધ ન કરે, માન ન કરે, માયા ન કરે, લોભ ન કરે, તેથી કર્મ ઓછાં થાય.

બાહ્યક્રિયા કરીશ ત્યારે મનુષ્યપણું મળશે, અને કોઈ દિવસ સાચા પુરુષનો જોગ મળશે.

પ્રશ્ન :– વ્રતનિયમ કરવા કે નહીં ?

ઉત્તર :– વ્રતનિયમ કરવાના છે. તેની સાથે કજિયા, કંકાસ, છોકરાં છૈયાં અને ઘરના માણસો કરવું નહીં. ઊંચી પદવીએ જવા માટે વ્રતનિયમ કરવા.

[illegible]

તો આજે રાજાનું આટલું કામ તમારે કરવું જ જોઈએ. ઘાણીમાં ઘાલી તેલ કાઢવાનું સાંભળ્યું કે બધા ભક્તોએ તો ભાગવા માંડ્યું; અને નાસી ગયા. એક સાચો ભક્ત હતો તેણે વિચાર કર્યો કે રાજાનું નિમક, લૂણ ખાધું છે તો તેના પ્રત્યે નિમકહરામ કેમ થવાય? રાજાએ પરમાર્થ જાણી અન્ન દીધું છે; માટે રાજા ગમે તેમ કરે તેમ કરવા દેવું. આમ વિચારી ઘાણી પાસે જઈ કહ્યું કે "તમારે 'ભક્તતેલ' કાઢવું હોય તો કાઢો." પછી પ્રધાને રાજાને કહ્યું: "જુઓ, તમે બધા ભક્તોની સેવા કરતા હતા; પણ સાચાખોટાની પરીક્ષા નહોતી." જુઓ, આ રીતે સાચા જીવો તો વિરલા જ હોય; અને તેવા વિરલ સાચા સદ્‌ગુરુની ભક્તિ શ્રેયસ્કર છે. સાચા સદ્‌ગુરુની ભક્તિ મન, વચન અને કાયાએ કરવી.

એક વાત સમજાય નહીં ત્યાં સુધી બીજી વાત સાંભળવી શું કામની? એક વાર સાંભળ્યું તે સમજાય નહીં ત્યાં સુધી બીજી વાર સાંભળવું નહીં. સાંભળેલું ભૂલવું નહીં;- એક વાર જમ્યા તે પચ્યા વગર બીજું ખાવું નહીં તેની પેઠે. તપ વગેરે કરવાં તે કાંઈ મહાભારત વાત નથી; માટે તપ કરનારે અહંકાર કરવો નહીં. તપ એ નાનામાં નાનો ભાગ છે. ભૂખે મરવું ને ઉપવાસ કરવા તેનું નામ તપ નથી. માંહીથી શુદ્ધ અંતઃકરણ થાય ત્યારે તપ કહેવાય; અને તો મોક્ષગતિ થાય. બાહ્ય તપ શરીરથી થાય. તપ છ પ્રકારે:-

(૧) અંતર્વૃત્તિ થાય તે. (૨) એક આસને કાયાને બેસાડવી તે. (૩) ઓછો આહાર કરવો તે. (૪) નીરસ આહાર કરવો અને વૃત્તિઓ ઓછી કરવી તે. (૫) સંલીનતા. (૬) આહારનો ત્યાગ તે.

તિથિને અર્થે ઉપવાસ કરવાના નથી; પણ આત્માને અર્થે ઉપવાસ કરવાના છે. બાર પ્રકારે તપ કહ્યો છે. તેમાં આહાર ન કરવો તે તપ જિહ્વાઇન્દ્રિય વશ કરવાનો ઉપાય જાણીને કહ્યો છે. જિહ્વાઇન્દ્રિય વશ કરી, તો બધી ઇન્દ્રિયો વશ થવાનુ નિમિત્ત છે. ઉપવાસ કરો તેની વાત બહાર ન કરો; બીજાની નિંદા ન કરો; ક્રોધ ન કરો; જો આવા દોષો ઘટે તો મોટો લાભ થાય. તપાદિ આત્માને અર્થે કરવાનાં છે; લોકોને દેખાડવા અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને 'તપ' કહ્યો છે. લૌકિક દૃષ્ટિ ભૂલી જવી. લોકો તો જે કુળમાં જન્મે છે તે કુળના ધર્મને માને છે ને ત્યાં જાય છે પણ તે તો નામમાત્ર ધર્મ કહેવાય, પણ મુમુક્ષુએ તેમ કરવું નહીં.

સહુ સામાયિક કરે છે, ને કહે છે કે જ્ઞાની સ્વીકારે તે ખરું. સમકિત હશે કે નહીં તે પણ જ્ઞાની સ્વીકારે તે ખરું. પણ જ્ઞાની સ્વીકારે શું? અજ્ઞાની સ્વીકારે તેવું તમારું સામાયિક વ્રત અને સમકિત છે! અર્થાત્ વાસ્તવિક સામાયિક વ્રત અને સમકિત તમારાં નથી. મન, વચન અને કાયા વ્યવહારસમતામાં સ્થિર રહે તે સમકિત નહીં. જેમ ઊંઘમાં સ્થિર યોગ માલૂમ પડે છે છતાં તે વસ્તુતઃ સ્થિર નથી; અને તેટલા માટે તે સમતા પણ નથી. મન, વચન, કાયા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય; મન તો કાર્ય કર્યાવગર બેસતું જ નથી. કેવળીના મનયોગ ચપળ હોય, પણ આત્મા ચપળ હોય નહીં. આત્મા ચોથે ગુણસ્થાનકે અચપળ હોય, પણ સર્વથા નહીં.

'જ્ઞાન' એટલે આત્માને યથાતથ્ય જાણવો તે. 'દર્શન' એટલે આત્માની યથાતથ્ય પ્રતીતિ તે. 'ચારિત્ર' એટલે આત્મા સ્થિર થાય તે.

આત્મા ને સદ્ગુરુ એક જ સમજવા. આ વાત વિચારથી ગ્રહણ થાય છે. તે વિચાર એ કે દેહ નહીં અથવા દેહને લગતા બીજા ભાવ નહિ, પણ સદ્ગુરુનો આત્મા તે સદ્ગુરુ છે. જેણે આત્મસ્વરૂપ લક્ષણથી, ગુણથી અને વેદનથી પ્રગટ અનુભવ્યું છે અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે તે આત્મા અને સદ્ગુરુ એક જ એમ સમજવાનું છે. પૂર્વે જે અજ્ઞાન ભેળું કર્યું છે તે ટળે તો જ્ઞાનીની અપૂર્વ વાણી સમજાય.

ખોટી વાસના = ધર્મના ખોટા સ્વરૂપને ખરું જાણવું તે.

તપ આદિક પણ જ્ઞાનીની કસોટી છે. શાતાશીલિયું વર્તન રાખ્યું હોય, અને અશાતા આવે, તો તે અસુખભાવિત જ્ઞાન મંદ થાય છે. વિચાર વગર ઇન્દ્રિયો વશ થવાની નથી. અવિચારથી ઇન્દ્રિયો દોડે છે. નિવૃત્તિ માટે ઉપવાસ બતાવ્યા છે. હાલનાં કેટલાક અજ્ઞાની જીવો ઉપવાસ કર્યો હોય ત્યારે દુકાને બેસે છે, અને તેને પૌષધ ઠરાવે છે. આવા કલ્પિત પૌષધ જીવે અનાદિ કાળથી કર્યા છે. તે બધા જ્ઞાનીઓએ નિષ્ફળ ઠરાવ્યા છે. સ્ત્રી, ઘર, છોકરાંછૈયાં ભૂલી જવાય ત્યારે સામાયિક કર્યું કહેવાય. સામાન્ય વિચારને લઈને, ઇન્દ્રિયો વશ કરવા છ કાયનો આરંભ કાયાથી ન કરવો. વૃત્તિ નિર્મળ થાય ત્યારે સામાયિક થઈ શકે. વ્યવહારસામાયિક બહુ નિષેધવા જેવું નથી; જોકે સાવ જડ વ્યવહારરૂપ સામાયિક કરી નાખેલ છે તે કરનારા જીવોને ખબર પણ નથી હોતી કે આથી કલ્યાણ શું થશે? સમ્યક્ત્વ પહેલું જોઈએ. જેના વચન સાંભળવાથી આત્મા સ્થિર થાય, વૃત્તિ નિર્મળ થાય તે સત્પુરુષનાં વચન શ્રવણ થાય તો પછી સમ્યક્ત્વ થાય.

ભવસ્થિતિ, પંચમકાળમાં મોક્ષનો અભાવ આદિ શંકાઓથી જીવે બાહ્ય વૃત્તિ કરી નાંખી છે; પણ જો આવા જીવો પુરુષાર્થ કરે, ને પંચમકાળ મોક્ષ થતાં હાથ ઝાલવા આવે ત્યારે તેનો ઉપાય અમે કરીશું. તે ઉપાય કંઈ હાથી નથી. જગડતો અગ્નિ નથી. મફતનો જીવને ભડકાવી દીધો છે. જ્ઞાનીના વચન આત્મામાં [illegible] નથી, જીવને પુરુષાર્થ કરવો નથી, અને તેને લઈને બહાનાં કાઢવાં છે. આ પોતાનો વાંક સમજવો. સમતાની, વૈરાગ્યની વાતો સાંભળવી, વિચારવી. [illegible] વાતો જેમ બને તેમ મૂકી દેવી. [illegible] હોય, તો સદ્ગુરુની આજ્ઞાએ વર્તે, તો [illegible]

સદ્ગુરુની આજ્ઞામાં વર્તતાં [illegible]

[illegible]

[illegible]

[illegible]

તરવાનો કામી હોય તે માથું કાપીને આપતાં પાછો હઠે નહીં. શિથિલ હોય તે સહેજ પગ ધોવા જેવું કુલક્ષણ હોય તે પણ મૂકી શકે નહીં, અને વીતરાગની વાત મેળવવા જાય. વીતરાગ જે વચન કહેતાં ડર્યા છે તે અજ્ઞાની સ્વચ્છંદે કરી કહે છે; તો તે કેમ છૂટશે?

મહાવીરસ્વામીના દીક્ષાના વરઘોડાની વાતનું સ્વરૂપ જો વિચારે તો વૈરાગ્ય થાય. એ વાત અદ્ભુત છે. તે ભગવાન અપ્રમાદી હતા. તેઓને ચારિત્ર વર્તતું હતું, પણ જ્યારે બાહ્યચારિત્ર લીધું ત્યારે મોક્ષે ગયા.

અવિરતિ શિષ્ય હોય તો તેની સરભરા કેમ કરાય? રાગદ્વેષ મારવા માટે નીકળ્યો, અને તેને તો કામમાં આણ્યા ત્યારે રાગદ્વેષ ક્યાંથી જાય? જિનનાં આગમનો જે સમાગમ થયો હોય, તે તો પોતાના ક્ષયોપશમ પ્રમાણે થયો હોય, પણ સદ્ગુરુના જોગ પ્રમાણે ન થયો હોય. સદ્ગુરુનો જોગ મળ્યે તેની આજ્ઞા પ્રમાણે ચાલ્યો તેનો ખરેખરો રાગદ્વેષ ગયો.

ગંભીર રોગ મટાડવા માટે ખરી દવા તરત ફળ આપે છે. તાવ તો એક બે દિવસે પણ મટે.

માર્ગ અને ઉન્માર્ગનું ઓળખાણ થવું જોઈએ. 'તરવાનો કામી' એ શબ્દ વાપરો ત્યાં અભવ્યનો પ્રશ્ન થતો નથી. કામી કામીમાં પણ ભેદ છે.

પ્રશ્ન :—સત્પુરુષ કેમ ઓળખાય?

ઉત્તર :—સત્પુરુષો તેમનાં લક્ષણોથી ઓળખાય. સત્પુરુષોનાં લક્ષણો :—તેઓની વાણીમાં પૂર્વાપર અવિરોધ હોય, તેઓ ક્રોધનો જે ઉપાય કહે તેથી ક્રોધ જાય, માનનો જે ઉપાય કહે તેથી માન જાય. જ્ઞાનીની વાણી પરમાર્થરૂપ જ હોય છે; તે અપૂર્વ છે. જ્ઞાનીની વાણી બીજા અજ્ઞાનીની વાણીની ઉપર ને ઉપર જ હોય. જ્યાં સુધી જ્ઞાનીની વાણી સાંભળી નથી, ત્યાં સુધી સૂત્રો પણ છાશબાકળા જેવાં લાગે. સદ્ગુરુ અને અસદ્ગુરુનું ઓળખાણ, સોનાની અને પીતળની કંઠીના ઓળખાણની પેઠે થવું જોઈએ. તરવાના કામી હોય હોય, અને સદ્ગુરુ મળે, તો કર્મ ટળે. સદ્ગુરુ કર્મ ટાળવાનું કારણ છે. કર્મો બાંધવાનાં કારણો મળે તો કર્મ બંધાય, અને કર્મ ટાળવાના કારણો મળે તો કર્મ ટળે. તરવાના કામી હોય તે ભવસ્થિતિ આદિનાં આલંબન ખોટાં કહે છે. તરવાના કામી કોને કહેવાય? જે પદાર્થને જ્ઞાની ઝેર કહે તેને ઝેર જાણી મૂકે, અને જ્ઞાનીની આજ્ઞા આરાધે તેને તરવાના કામી કહેવાય.

ઉપદેશ સાંભળવાની ખાતર સાંભળવાના કામીએ કર્મરૂપ ગોદડું ઓઢ્યું છે તેથી ઉપદેશરૂપ લાકડી લાગતી નથી. તરવાના કામી હોય તેણે ધોતિયારૂપ કર્મ ઓઢ્યાં છે તેથી ઉપદેશરૂપ લાકડી પહેલી લાગે. શાસ્ત્રમાં અભવ્યના તાર્યા તરે એમ કહ્યું નથી. ચોભંગીમાં એમ અર્થ નથી. ઢુંઢિયાના ધરમશી નામના મુનિએ એની ટીકા કરી છે. પોતે તર્યા નથી, તે બીજાને તારે છે એનો અર્થ આંધળો માર્ગ બતાવે તેવો છે. અસદ્ગુરુઓ આવાં ખોટાં આલંબન દે છે.

'જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું' એમ વિચારવું, ધ્યાવવું. નિર્મળ, અત્યંત નિર્મળ, પરમશુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે. સર્વને બાદ કરતાં કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે 'આત્મા' છે. જે સર્વને જાણે છે તે 'આત્મા'

છે. જે સર્વ ભાવને પ્રકાશે છે તે 'આત્મા' છે. ઉપયોગમય 'આત્મા' છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ 'આત્મા' છે.

'આત્મા છે.' આત્મા અત્યંત પ્રગટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે. અનુત્પન્ન અને અમિલનસ્વરૂપ હોવાથી 'આત્મા નિત્ય છે.' ભ્રાંતિરૂપે 'પરભાવનો કર્તા છે.' તેના 'ફળનો ભોક્તા છે,' ભાન થયે 'સ્વભાવપરિણામી છે.' સર્વથા સ્વભાવપરિણામ તે 'મોક્ષ છે.' સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સંયમાદિ તેના 'સાધન' છે. આત્માના અસ્તિત્વથી માંડી નિર્વાણ સુધીનાં પદ સાચાં છે. અત્યંત સાચાં છે. કેમકે પ્રગટ અનુભવમાં આવે છે. ભ્રાંતિરૂપે આત્મા પરભાવનો કર્તા હોવાથી શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે. કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે, માટે ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીનાં ન્યૂનાધિક પર્યાય ભોગવવા રૂપ ક્ષેત્ર અવશ્ય છે

નિજ સ્વભાવજ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજસ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે 'કેવળજ્ઞાન' છે. તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે 'સમ્યક્ત્વ' છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે 'ક્ષાયિકસમ્યક્ત્વ' કહીએ છીએ. ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને 'ક્ષયોપશમ સમ્યક્ત્વ' કહીએ છીએ. તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી, ત્યાં સુધી 'ઉપશમ સમ્યક્ત્વ' કહીએ છીએ. આત્માને આવરણ ઉદય આવે ત્યારે તે પ્રતીતિથી પડી જાય છે, તેને 'સાસ્વાદન સમ્યક્ત્વ' કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જ્યાં રહ્યું છે, તેને 'વેદક સમ્યક્ત્વ' કહીએ છીએ. તથારૂપ પ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય. મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે, અને જે સ્વરૂપસ્થિરતા ભજે તે 'સ્વભાવસ્થિતિ' પામે છે. નિરંતર સ્વરૂપલાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાય કર્મના ક્ષયે પ્રગટે છે. કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે 'કેવળજ્ઞાન' છે.

---

[૭૦૮] ૧૧ [illegible]

'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ' નામના જૈનસૂત્રમાં એમ કહ્યું છે કે [illegible]

[illegible]

અશુભ ક્રિયા કરવી, એવું જ્ઞાનીપુરુષનુ કથન હોય જ નહીં. સત્પુરુષનુ વચન અધર્મમાં ધર્મનુ સ્થાપન કરવાનું હોય જ નહીં.

જે ક્રિયા કરવી તે નિર્દંભપણે, નિરહંકારપણે કરવી; ક્રિયાના ફળની આકાંક્ષા રાખવી નહીં. શુભ ક્રિયાનો કાંઈ નિષેધ છે જ નહી, પણ જ્યાં જ્યાં શુભ ક્રિયાથી મોક્ષ માન્યો છે ત્યા ત્યાં નિષેધ છે.

શરીર ઠીક રહે તે પણ એક જાતની સમાધિ. મન ઠીક રહે તે પણ એક જાતની સમાધિ, સહજસમાધિ એટલે બાહ્યકારણો વગરની સમાધિ. તેનાથી પ્રમાદાદિ નાશ થાય. જેને આ સમાધિ વર્તે છે, તેને પુત્રમરણાદિથી પણ અસમાધિ થાય નહી, તેમ તેને કોઈ લાખ રૂપિયા આપે તો આનંદ થાય નહીં; કે કોઈ પડાવી લે તો ખેદ થાય નહીં. જેને શાતા અશાતા બન્ને સમાન છે તેને સહજસમાધિ કહી. સમકિતદૃષ્ટિને અલ્પ હર્ષ, અલ્પ શોક ક્વચિત્ થઈ આવે પણ પાછો સમાવેશ પામી જાય, અંગનો હર્ષ ન રહે, ખેદ થાય તેવો ખેંચી લે, તે 'આમ થવું ન ઘટે' એમ વિચારે છે, અને આત્માને નિંદે છે. હર્ષ શોક થાય તોપણ તેનુ (સમકિતનુ) મૂળ જાય નહીં. સમકિતદૃષ્ટિને અંશે સહજપ્રતીતિ પ્રમાણે સદાય સમાધિ છે. કનકવાની દોરી જેમ હાથમાં છે તેમ સમકિતદૃષ્ટિના હાથમાં તેની વૃત્તિરૂપી દોરી છે. સમકિતદૃષ્ટિ જીવને સહજસમાધિ છે. સત્તામાં કર્મ રહ્યાં હોય, પણ પોતાને સહજસમાધિ છે. બહારનાં કારણોથી તેને સમાધિ નથી, આત્મામાંથી મોહ ગયો તે જ સમાધિ છે. પોતાના હાથમાં દોરી નથી તેથી મિથ્યાદૃષ્ટિ બહારનાં કારણોમાં તદાકાર થઈ જઈ તે રૂપ થઈ જાય છે. સમકિતદૃષ્ટિને બહારનાં દુઃખ આવ્યે ખેદ હોય નહીં; જોકે રોગ ના આવે એવું ઇચ્છે નહીં; રોગ આવ્યે રાગદ્વેષ પરિણામ થાય નહીં.

શરીરનો ધર્મ, રોગાદિ જે હોય તે કેવળીને પણ થાય; કેમકે વેદનીયકર્મ છે તે તો સર્વેએ ભોગવવું જ જોઈએ. સમકિત આવ્યા વગર કોઈને સહજસમાધિ થાય નહીં. સમકિત થવાથી સહેજે સમાધિ થાય. સમકિત થવાથી સહેજે આસક્તભાવ મટી જાય. બાકી આસક્તભાવને અમસ્થી ના કહેવાથી બંધ રહે નહી. સત્પુરુષના વચન પ્રમાણે તેની આજ્ઞા પ્રમાણે વર્તે તેને સમકિત અંશે થયુ.

બીજી બધા પ્રકારની કલ્પનાઓ મૂકી, પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાએ વચન સાંભળવાં; તેની સાચી શ્રદ્ધા કરવી, તે આત્મામાં પરિણમાવવાં તો સમકિત થાય શાસ્ત્રમાં કહેલ મહાવીરસ્વામીની આજ્ઞાથી દરેક વર્તે તેવા પ્રકારના જીવો હાલમાં નથી; કેમકે તેમને થયાં ૨૫૦૦ વર્ષ થયાં માટે પ્રત્યક્ષજ્ઞાની જોઈએ. કાળ વિકરાળ છે. કુગુરુઓએ લોકોને અવળો માર્ગ બતાવી ભુલાવ્યા છે; મનુષ્યપણું લૂંટી લીધું છે, એટલે જીવ માર્ગમાં કેમ આવે? જોકે કુગુરુઓએ લૂંટી લીધા છે, પણ તેમા તે બિચારાઓનો વાક નથી, કેમકે કુગુરુને પણ તે માર્ગની ખબર નથી. કુગુરુને કોઈ પ્રશ્નનો જવાબ ના આવડે પણ કહે નહીં કે 'મને આવડતો નથી.' જો તેમ કહે તો કર્મ થોડાં બાંધે. મિથ્યાત્વરૂપી બરોળની ગાંઠ મોટી છે, માટે 'મારો રોગ ક્યારે મટે?' જેની મતિ છેદાઈ તેને સહજસમાધિ થાય, કેમકે જેનું મિથ્યાત્વ છેદાયું તેનાં મૂળ મોહ છેદાયો; અને તેથી બીજા ગુણો પ્રગટે જ.

સમકિત છે તે દેશચારિત્ર છે, દેશે કેવળજ્ઞાન છે.

શાસ્ત્રમાં આ કાળમાં મોક્ષનો સાવ નિષેધ નથી. જેમ [illegible] છે તેથી નારકીને પહેલા જવાય, ને પગરસ્તે મોડા જવાય. તેમ [illegible] જેવો હોય તો તેથી ન પહોંચાય એમ કંઈ નથી. [illegible] જવાય, કંઈ રસ્તો બંધ નથી. આ રીતે મોક્ષમાર્ગ છે તેનો નાશ નથી. અજ્ઞાની [illegible] કલ્યાણ માની, સ્વચ્છંદે કદાગ્રહ કરી, જીવોને તરવાનું બંધ કરાવે છે. [illegible] ભોળાભોળા જીવો અજ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે છે. અને [illegible] ગતિને પ્રાપ્ત થાય છે. આવો કુટારો જૈનમતના [illegible] છે.

સાચા પુરુષનો બોધ પ્રાપ્ત થવો તે અમૃત પ્રાપ્ત થવા બરોબર છે. અજ્ઞાની ગુરુઓએ બિચારા મનુષ્યોને લૂંટી લીધા છે. કોઈ જીવને [illegible] આગ્રહ કરાવી, [illegible] લૂંટી [illegible] પણ લૂંટી લીધું છે.

સમોવસરણથી ભગવાનની [illegible] હોય, પણ જ્ઞાન ન હોય તો [illegible] માણસ જેવા માણસ હતા તેઓ ખાતા, પીતા, બેસતા, [illegible] છે. સમોવસરણાદિના પ્રસંગો લૌકિક ભાવના છે. ભગવાનનું સ્વરૂપ [illegible] સાવ નિર્મળ આત્મા સંપૂર્ણ જ્ઞાન [illegible] છે તેવું છે. [illegible] વાનનું સ્વરૂપ. વર્તમાનમાં ભગવાન હોત તો [illegible] છે. ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવાથી [illegible] જ્ઞાન પ્રગટે નહીં. જેને સંપૂર્ણ [illegible] હોય, [illegible] સ્વધામ પહોંચ્યા પછી [illegible] પણ વર્તમાનના પ્રતીત ન કરે, [illegible]

સમકિતને [illegible] કેવળજ્ઞાન [illegible] વિચારજેવો [illegible] હરેકેશ [illegible]

અજ્ઞાની ગુરુઓ [illegible]

એક તરફ ચૌદ રાજલોકનું સુખ હોય, અને બીજી તરફ સિદ્ધના એક પ્રદેશનું સુખ હોય તોપણ સિદ્ધના એક પ્રદેશનું સુખ અનંતું થઈ જાય.

વૃત્તિને ગમે તેમ કરી રોકવી; જ્ઞાનવિચારથી રોકવી; લોકલાજથી રોકવી ઉપયોગથી રોકવી; ગમે તેમ કરીને પણ વૃત્તિને રોકવી. મુમુક્ષુઓએ કોઈ પદાર્થ વિના ચાલે નહીં એવું રાખવું નહીં.

જીવ મારાપણું માને છે તે જ દુઃખ છે, કેમકે મારાપણું માન્યું કે ચિંતા થઈ કે કેમ થશે ? કેમ કરીએ ? ચિંતામાં જે સ્વરૂપ થઈ જાય છે, તે રૂપ થઈ જાય છે, તે જ અજ્ઞાન છે. વિચારથી કરી જ્ઞાને કરી જોઈએ, તો કોઈ મારું નથી એમ જણાય. જો એકની ચિંતા કરો, તો આખા જગતની ચિંતા કરવી જોઈએ. માટે દરેક પ્રસંગે મારાપણું થતું અટકાવવું; તો ચિંતા, કલ્પના પાતળી પડશે. તૃષ્ણા જેમ બને તેમ પાતળી પાડવી. વિચાર કરી કરીને તૃષ્ણા ઓછી કરવી. આ દેહને પચાસ રૂપિયાનો ખર્ચ જોઈએ તેને બદલે હજારો લાખોની ચિંતા કરી તે અગ્નિએ આખો દિવસ બળ્યા કરે છે. બાહ્ય ઉપયોગ તૃષ્ણાની થવાનું નિમિત્ત છે. જીવ મોટાઈને લીધે તૃષ્ણા વધારે છે. તે મોટાઈ રાખીને મુક્તપણું થતું નથી. જેમ બને તેમ મોટાઈ, તૃષ્ણા પાતળાં પાડવાં. નિર્ધન કોણ ? ધન માગે, ઇચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા બળતરા છે, તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળતરા છે. માટે તૃષ્ણા ઘટાડવી.

આહારની વાત એટલે ખાવાના પદાર્થોની વાત તુચ્છ છે તે કરવી નહીં. વિહારની એટલે સ્ત્રી, ક્રીડા આદિની વાત ઘણી તુચ્છ છે. નિહારની વાત તે પણ ઘણી તુચ્છ છે, શરીરનું શાતાપણું કે દીનપણું એ બધી તુચ્છપણાની વાત કરવી નહીં. આહાર વિષ્ટા છે. વિચારો કે ખાધા પછી વિષ્ટા થાય છે. વિષ્ટા ગાય ખાય તો દૂધ થાય છે; ને વળી ખેતરમાં ખાતર નાખતાં અનાજ થાય છે. આવી રીતે ઉત્પન્ન થયેલ અનાજનો જે આહાર તેને વિષ્ટાતુલ્ય જાણી, તેની ચર્ચા ન કરવી. તે તુચ્છ વાત છે.

સામાન્ય જીવોથી સાવ મૌનપણે રહેવાય નહીં; ને રહે તો અંતરની કલ્પના મટે નહીં; અને જ્યાં સુધી કલ્પના હોય ત્યાં સુધી તેને માટે રસ્તો કાઢવો જ જોઈએ. એટલે પછી લખીને કલ્પના બહાર કાઢે. પરમાર્થકામમાં બોલવું, વ્યવહારકામમાં પ્રયોજન વગર લવારી કરવી નહીં. જ્યાં કડાકૂટ થતી હોય ત્યાંથી દૂર રહેવું; વૃત્તિ ઓછી કરવી.

ક્રોધ, માન, માયા, લોભ મારે પાતળાં પાડવાં છે એવો જ્યારે લક્ષ થશે, જ્યારે એ લક્ષમાં થોડું થોડું પણ વર્તાશે ત્યાર પછી સહજરૂપ થશે. બાહ્ય પ્રતિબંધ અંતર પ્રતિબંધ આદિ આત્માને આવરણ કરનાર દરેક દૂષણ જાણવામાં આવે કે તેને ખસેડવાનો અભ્યાસ કરવો. ક્રોધાદિ થોડે થોડે પાતળા પાડ્યા પછી સહજરૂપે થશે. પછી નિયમમાં લેવા માટે જેમ બને તેમ અભ્યાસ રાખવો, અને તે વિચારમાં વખત ગાળવો. કોઈના પ્રસંગથી ક્રોધાદિ ઊપજવાનું નિમિત્ત ગણીએ છીએ તે ગણવું નહીં. તેને ગણકારવું નહીં; કેમકે પોતે ક્રોધ કરીએ તો થાય. જ્યારે પોતાના પ્રત્યે કોઈ ક્રોધ કરે, ત્યારે વિચાર કરવો કે તે બિચારાને

કાળ તે પ્રકૃતિનો ઉદય છે; જેની મેળે ધારીએ એ ધારીએ [illegible] માટે જેમ બને તેમ અંતર્વિચાર કરી પોતે સ્થિર રહેવું. ક્રોધાદિ કષાય આદિ ઉદયને જોયા કરી વિચારી વિચારી પાતળા પાડવા. તૃષ્ણા ઓછી કરવી, કારણ કે તે એકાંત દુઃખદાયી છે. જેમ ઉદય હશે તેમ બનશે; માટે તૃષ્ણા અવશ્ય ઓછી કરવી. અંતર્વૃત્તિને જાણવું છે માટે બહાર પ્રસંગો જેમ બને તેમ ઓછા કરતા રહેવું.

ચેલાતીપુત્ર કોઈનું માથું કાપી લાવ્યો હતો. ત્યાર બાદ જ્ઞાનીને મળ્યો અને કહ્યું કે મોક્ષ આપ; નહીં તો માથું કાપી નાખીશ. પછી જ્ઞાનીએ કહ્યું કે બરાબર નક્કી કરે છે? વિવેક (સાચાને સાચું સમજવું), શમ (બધા ઉપર સમભાવ રાખવો), અને ઉપશમ (વૃત્તિઓને બહાર જવા દેવી નહીં અને અંતર્વૃત્તિ રાખવી) વિશેષ વિશેષ આત્મામાં પરિણમાવવાથી આત્માનો મોક્ષ થાય છે.

કોઈ એક સંપ્રદાયવાળા એમ કહે છે કે વેદાંતવાળાની મુક્તિ કરતાં, એ અવસ્થા કરતાં ચાર ગતિ સારી, સુખદુઃખનો પોતાને અનુભવ તો રહે.

વેદાંતવાળા બ્રહ્મમાં સમાઈ જવારૂપ મુક્તિ માને છે, તેથી ત્યાં પોતાને પોતાનો અનુભવ રહેતો નથી. પૂર્વમીમાંસક દેવલોક માને છે, ફરી જન્મ, અવતાર થાય એવો મોક્ષ માને છે. સર્વથા મોક્ષ થતો નથી, થતો હોય તો જણાય નહીં, [illegible] નહીં, શુભક્રિયા કરે તેનું શુભફળ થાય, પાછું સંસારમાં આવવું [illegible] એમ સર્વથા મોક્ષ ના થાય — એવું પૂર્વમીમાંસકો માને છે.

સિદ્ધમાં સંવર કહેવાય નહીં, કેમકે ત્યાં કર્મ આવતું નથી, એટલે પછી રોકવાનું પણ હોય નહીં. મુક્તને વિષે સ્વભાવ [illegible] એક [illegible], [illegible] નથી. સિદ્ધદશામાં સ્વભાવસુખ પ્રગટ્યું. કર્મનાં આવરણો [illegible] એટલે [illegible] કોને રહે? પણ યોગ પણ હોય નહીં. [illegible] સુખદુઃખ તેને કર્મ આવતાં નથી. [illegible] હોય, અને પછી થોડે થોડે પૂરી કરી પછી એટલે આવું [illegible] કર્મના [illegible] તે સંવર, [illegible] એટલે [illegible] એટલે પછી ફરી કોઈ રીતે [illegible] નહીં.

ધર્મસંન્યાસ = [illegible] આદિ [illegible]

[illegible]

[illegible]

[illegible]

દયા, સત્ય આદિ જે સાધનો છે તે વિભાવને ત્યાગવાનાં સાધનો છે. અંતર્સ્પર્શે તો વિચારને મોટો ટેકો મળે છે. અત્યાર સુધીનાં સાધનો વિભાવના ટેકા હતા; તેને સાચાં સાધનોથી જ્ઞાનીપુરુષો હલાવે છે. કલ્યાણ કરવાનું હોય તેને સત્સાધન અવશ્ય કરવાનાં છે.

સત્સમાગમમાં જીવ આવ્યો, ને ઇન્દ્રિયોનું લુબ્ધપણું ન જાય તો સત્સમાગમમાં આવ્યો નથી એમ સમજવું. સત્ય બોલે નહીં ત્યાં સુધી ગુણ પ્રગટે નહીં. સત્પુરુષ હાથે ઝાલીને વ્રત આપે ત્યારે લો. જ્ઞાનીપુરુષ પરમાર્થનો જ ઉપદેશ આપે છે. મુમુક્ષુઓએ સાચાં સાધનો સેવવાં યોગ્ય છે.

સમકિતનાં મૂળ બાર વ્રત :–સ્થૂળપ્રાણાતિપાત; સ્થૂળ મૃષાવાદ આદિ. બધાં સ્થૂળ કહી જ્ઞાનીએ આત્માનો ઓર જ માર્ગ સમજાવ્યો છે. વ્રત બે પ્રકારનાં છે:–(૧) સમકિત વગર બાહ્યવ્રત છે; (૨) સમકિતસહિત અંતર્વ્રત છે. સમકિતસહિત બાર વ્રતનો પરમાર્થ સમજાય તો ફળ થાય.

બાહ્યવ્રત અંતર્વ્રતને અર્થે છે; જેવી રીતે એકડો શીખવા માટે લીટોડા છે તેમ. પ્રથમ તો લીટોડા કરતાં એકડો વાંકોચૂકો થાય; અને એમ કરતાં કરતાં પછી એકડો બરાબર થાય.

જીવે જે જે સાંભળ્યુ છે તે તે અવળું જ ગ્રહણ કર્યું છે. જ્ઞાની બિચારા શું કરે? કેટલુંક સમજાવે? સમજાવવાની રીતે સમજાવે. મારીકૂટીને સમજાવ્યે આત્મજ્ઞાન થાય નહીં. આગળ જે જે વ્રતાદિ કર્યાં તે તે અફળ ગયાં, માટે હવે સત્પુરુષની દૃષ્ટિએ તેનો પરમાર્થ જુદો જ સમજાશે. સમજીને કરો. એક ને એક વ્રત હોય પણ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ બંધ છે; અને સમ્યક્‌દૃષ્ટિની અપેક્ષાએ નિર્જરા છે. પૂર્વે જે વ્રતાદિ નિષ્ફળ ગયાં છે તે હવે સફળ થવા યોગ્ય સત્પુરુષનો જોગ થયો છે; માટે પુરુષાર્થ કરવો; સદાચરણ ટેકસહિત સેવવાં, મરણ આવ્યે પણ પાછા હઠવું નહીં. આરંભ, પરિગ્રહથી જ્ઞાનીનાં વચનો શ્રવણ થતાં નથી; નહીં તો દશા બદલાયા વિના કેમ રહે?

આરંભપરિગ્રહનું સંક્ષેપપણું કરવું. વાંચવામાં ચિત્ત ચોટે નહીં તેનું કારણ નીરસપણું લાગે છે. જેવી રીતે માણસ નીરસ આહાર કરી બેસે તો પછી ઉત્તમ ભોજન ભાવે નહીં તેવી રીતે.

જ્ઞાનીઓએ કહ્યું છે તેથી જીવ અવળો ચાલે છે; એટલે સત્પુરુષની વાણી ક્યાંથી પરિણામ પામે? લોકલાજ પરિગ્રહ આદિ શલ્ય છે. એ શલ્યને લઈને જીવનું પાણી ભભકતું નથી. તે શલ્યને સત્પુરુષનાં વચનરૂપી ટાંકણે કરી તડ પડે તો પાણી ભભકી ઊઠે. જીવના શલ્ય, દોષો હજારો દિવસના પ્રયત્ને પણ જાતે ન ટળે, પણ સત્સંગનો યોગ એક મહિના સુધી થાય, તો ટળે; ને રસ્તે જીવ ચાલ્યો જાય.

કેટલાક હળુકર્મી સંસારી જીવોને છોકરા ઉપર મોહ કરતાં જેટલો અરેરાટ આવે છે તેટલો પણ હાલના કેટલાક સાધુઓને શિષ્યો ઉપર મોહ કરતાં આવતો નથી!

તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી; સંતોષવાળો જીવ સદા સુખી.

સાચા દેવનું, સાચા ગુરુનું, સાચા ધર્મનું ઓળખાણ થવું બહુ મુશ્કેલ છે. સાચા ગુરુનું ઓળખાણ થાય, તેનો ઉપદેશ હોય, તો દેવ, સિદ્ધ, ધર્મ એ બધાનું ઓળખાણ થાય. બધાનું સ્વરૂપ સદ્‌ગુરુમાં સમાય.

સાચા દેવ અર્હંત, સાચા ગુરુ નિર્ગ્રંથ, [illegible] હરિ રાગદ્વેષ ને અજ્ઞાન [illegible] છે તે. [illegible] મોટાઈ [illegible]. [illegible] છે. ગુણનાં [illegible] ન ઉઠ્યાં ત્યાં સુધી ધર્મનું [illegible]. જેવી [illegible] છે તેવા ગુણ [illegible] તો ખરેખરું કામ થાય, તેમાં [illegible] વિશેષ કલ્યાણ થાય. જે ગુણ ગાઢ [illegible] થઈ જાય છે તે [illegible] તપશ્ચર્યા કરે છે. દુઃખ [illegible] કરતા [illegible] બુદ્ધિ એવી નથી તો [illegible] વૈરાગ્ય તે ભૂલી ગયા. દુઃખ [illegible] છે.

અંદર સૂઝે ત્યારે [illegible] સૂઝે [illegible] બહારથી સૂઝે નહીં. [illegible] બહારથી છોડે તેમાં કામ થાય નહીં. [illegible] નથી

બાહ્ય અને અંતર બન્ને સાધન જોઈએ છે તે [illegible] છે, તે [illegible] છે [illegible] સંગથી અંતરંગ પ્રગટે તેનો [illegible] કરીએ. [illegible] ઇત્યાદિ [illegible] નથી. કસાઈ ઉપર [illegible], પણ તેની [illegible] થાય નહીં. ત્યારે [illegible] તેના ઉપર [illegible] ન પાડે તોપણ તેની [illegible] નથી. [illegible] જ્ઞાન થાય, ગુણ પ્રગટે, [illegible] તો [illegible] નથી. [illegible] છે કે [illegible] ધર્મથી [illegible] છે.

આત્માના [illegible] જ્ઞાન પ્રગટે [illegible] તે [illegible], પણ [illegible] તો [illegible], તે [illegible], [illegible] સૂઝાઈ જાય, પણ [illegible] નથી. [illegible] માટે સમ્યક્દર્શન [illegible] છે.

---

૬૨ [illegible] બા. [illegible]

[illegible] છે, [illegible]

[illegible]

ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય.

'છ ખંડના ભોક્તા રાજ મૂકી ચાલી ગયા, અને હું આવા અલ્પ વ્યવહારમાં મોટાઈ અને અહંકાર કરી બેઠો છું એમ કેમ વિચારતો નથી ?

આયુષનાં આટલાં વર્ષો ગયાં તોપણ લોભ કાંઈ ઘટ્યો નહીં; ને કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું નહીં; ગમે તેટલી તૃષ્ણા હોય પણ આયુષ પૂર્ણ થાય ત્યારે જરા પણ કામ આવે નહીં; ને તૃષ્ણા કરી હોય તેથી કર્મ બંધાય. અમુક પરિગ્રહ મર્યાદા કરી હોય, જેમ કે દશ હજાર રૂપિયાની તો સમતા આવે. આટલું મળ્યા પછી ધર્મધ્યાન કરીશું એવો વિચાર પણ રાખે તો નિયમમાં અવાય.

કોઈ ઉપર ક્રોધ કરવો નહીં. જેમ રાત્રિભોજન ત્યાગ કર્યું છે તેમ ક્રોધ, માન, માયા લોભ, અસત્ય આદિ છોડવાને પ્રયત્ન કરી મોળાં પાડવાં. તે મોળાં પાડવાથી પરિણામે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વિચાર કરે તો અનંતાં કર્મો મોળાં પડે; અને વિચાર ન કરે તો અનંતાં કર્મો ઉપાર્જન થાય.

રોગ ઉત્પન્ન થાય છે ત્યારે સ્ત્રી, છોકરાંછૈયાં, ભાઈ કે કોઈ પણ તે રોગ લઈ શકતાં નથી!

સંતોષ કરી ધર્મધ્યાન કરવું; છોકરાંછૈયાં વગેરે અન્યની ન જોઈતી ચિંતા કરવી નહીં. એક સ્થાનકે બેસી, વિચારી, સત્પુરુષના સંગે, જ્ઞાનીનાં વચન સાંભળી, વિચારીને ધન આદિની મર્યાદા કરવી.

બ્રહ્મચર્ય યથાતથ્ય રીતે તો કોઈ વિરલા જીવ પાળી શકે છે; તોપણ લોકલાજથી બ્રહ્મચર્ય પળાય તો તે ઉત્તમ છે.

મિથ્યાત્વ ગયું હોય તો ચાર ગતિ ટળે. સમકિત ન આવ્યું હોય અને બ્રહ્મચર્ય પાળે તો દેવલોક મળે.

વાણિયો, બ્રાહ્મણ, પશુ, પુરુષ, સ્ત્રીઆદિ કલ્પનાએ કરી 'હું વાણિયો, બ્રાહ્મણ, પુરુષ, સ્ત્રી, પશુ છું' એમ માને છે; પણ વિચાર કરે તો પોતે તેમાંનો કોઈ નથી, 'મારું' સ્વરૂપ તેથી જુદું જ છે.

સૂર્યના ઉદ્યોતની પેઠે દિવસ ચાલ્યો જાય તેમ અંજળિજળની માફક આયુષ ચાલ્યું જાય.

લાકડું કરવતથી વહેરાય તેમ આયુષ્ય ચાલ્યું જાય છે; તોય મૂર્ખ પરમાર્થ સાધતો નથી; ને મોહના જથ્થા ભેળા કરે છે.

'બધા કરતાં હું જગતમાં મોટો થાઉં' એવી મોટાઈ મેળવવાની તૃષ્ણામાં, પાંચ ઇન્દ્રિયોને વિષે લયલીન, મદ્ય પીધો હોય તેની પેઠે, ઝાંઝવાના પાણીની માફક સંસારમાં જીવ ભમે છે; અને કુળ, ગામ, ગતિઓને વિષે મોહના નચાવવાથી નાચ્યા કરે છે!

આંધળો વણે ને વાછડો ચાવે તેની પેઠે અજ્ઞાનીની ક્રિયા નિષ્ફળ જાય છે.

'હું કર્તા' 'હું કરું છું' 'હું કેવું કરું છું?' આદિ જે વિભાવ છે તે જ મિથ્યાત્વ, અહંકારથી કરી સંસારમાં અનંત દુઃખ પ્રાપ્ત થાય; ચારે ગતિમાં રઝળે.

કોઈનું દીધું દેવાતું નથી; કોઈનું લીધું લેવાતું નથી, જીવ ફોકટ કલ્પના કરી રઝળે છે.

જે પ્રમાણે કર્મ ઉપાર્જન કરેલાં હોય તે પ્રમાણે લાભ, અલાભ, આયુષ, શાતા, અશાતા મળે છે, પોતાથી કંઈ આપવું લેવાતું નથી. અહંકાર કરી 'મેં આને સુખ આપ્યું'; 'મેં દુઃખ આપ્યું'; 'મેં અન્ન આપ્યું' એવી મિથ્યા ભાવના કરે છે, ને તેથી કર્મ ઉપાર્જન કરે છે. મિથ્યાત્વે કરી ખોટો ધર્મ ઉપાર્જન કરે છે.

જગતમાં આનો આ પિતા, આનો આ પુત્ર એમ કહેવાય છે, પણ કોઈ કોઈનું નથી. પૂર્વના કર્મના ઉદયે સઘળું બન્યું છે.

અહંકારે કરી જે આવી મિથ્યાબુદ્ધિ કરે છે તે ભૂલ્યા છે. ચાર ગતિમાં રઝળે છે, અને દુઃખ ભોગવે છે.

અધમાધમ પુરુષનાં લક્ષણ:— સાચા પુરુષને દેખી તેને રોષ ઊપજે, તેનાં સાચાં વચન સાંભળી નિંદા કરે; ખોટી બુદ્ધિવાળા સાચી બુદ્ધિવાળાને દેખી રોષ કરે, સરળને મૂર્ખ કહે, વિનય કરે તેને ધનના ખુશામતિયા કહે; પાંચ ઇન્દ્રિય વશ કરી હોય તેને ભાગ્યહીન કહે; સાચા ગુણવાળાને દેખી રોષ કરે; સ્ત્રીપુરુષના સુખમાં લીન, આવા જીવ [illegible] ગતિને પામે [illegible] કર્મને વશે, પોતાના સ્વરૂપમાં [illegible] છે, તેને તેનું ભાન નથી.

[illegible] પણું દેખાડવા લડાઈમાં ઊતરે છે, આનો તે શાને [illegible]!

[illegible] છે? [illegible]

[illegible]

કે મારે શું? તે કહેશે તો તેને કર્મ બંધાશે. શું તારે તારી ગતિ બગાડવી છે? ક્રોધ કરી કરી સામું બોલે તો તું પોતે જ ભૂલ્યો. ક્રોધ કરે તે જ ભૂંડો છે. આ ઉપર સંન્યાસી ને ચાંડાળનું દૃષ્ટાંત છે.[1]

સસરા વહુના દૃષ્ટાંતે[2] સામાયિક સમતાને કહેવાય. જીવ અહંકાર કરી બાહ્યક્રિયા કરે છે; અહંકારથી માયા ખર્ચે છે; તે માઠી ગતિનાં કારણો છે. સાચા સંગ વગર આ દોષ ઘટે નહીં.

જીવને પોતાને ડાહ્યા કહેવરાવવું બહુ ગમે છે. વગર બોલાવ્યે ડહાપણ કરી મોટાઈ લે છે. જે જીવને વિચાર નહીં તેનો છૂટવાનો આરો નહીં. જો વિચાર કરે, અને સાચા માર્ગે ચાલે તો છૂટવાનો આરો આવે.

[3]બાહુબલીજીના દૃષ્ટાંતે અહંકારથી, માનથી કૈવલ્ય પ્રગટ થતું નથી. તે મોટા દોષ છે. અજ્ઞાનમાં મોટાનાનાની કલ્પના છે.

[૬૪૩-૧૦]

૧૩

આણંદ, ભા. વદ ૧૪, સોમ

પંદર ભેદે સિદ્ધ કહ્યા તેનું કારણ રાગ, દ્વેષ અને અજ્ઞાન જેના ગયા તેનું ગમે તે વષે, ગમે તે જગોએ, ગમે તે લિંગે કલ્યાણ થાય તે છે.

સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહીં. હું ઢુંઢિયો છું, હું તપો છું, એવી કલ્પના રાખવી નહીં. દયા, સત્ય આદિ સદાચરણ મુક્તિના રસ્તા છે; માટે સદાચરણ સેવવાં.

લોચ કરવો શા માટે કહ્યો છે? શરીરની મમતાની તે પરીક્ષા છે માટે. (માથે વાળ) તે મોહ વધવાનું કારણ છે. નાહવાનું મન થાય; આરીસો લેવાનું મન થાય; તેમાં મોઢું જોવાનું મન થાય; અને એ ઉપરાંત તેનાં સાધનો માટે ઉપાધિ કરવી પડે. આ કારણથી જ્ઞાનીઓએ લોચ કરવાનું કહ્યુ છે.

જાત્રાએ જવાનો હેતુ એક તો એ છે કે ગૃહવાસની ઉપાધિથી નિવૃત્તિ લેવાય; સો બસો રૂપિયા ઉપરથી મૂર્છા ઓછી કરાય; પરદેશમાં દેશાટન કરતાં, કોઈ સત્પુરુષ શોધતાં જડે તો કલ્યાણ થાય. આ કારણથી જાત્રા કરવાનું બતાવ્યુ છે.

જે સત્પુરુષો બીજા જીવોને ઉપદેશ દઈ કલ્યાણ બતાવે છે તે સત્પુરુષોને તો અનંતો લાભ પ્રાપ્ત થયો છે. સત્પુરુષો પરજીવની નિષ્કામ કરુણાના સાગર છે. વાણીના ઉદય પ્રમાણે તેમની વાણી નીકળે છે. તેઓ કોઈ જીવને 'દીક્ષા લે' તેવું કહે નહીં. તીર્થંકરે પૂર્વે કર્મ બાંધ્યુ છે તે વેદવા માટે બીજા જીવનું કલ્યાણ કરે છે; બાકી તો ઉદય પ્રમાણે દયા વર્તે છે. તે દયા નિષ્કારણ છે, તેમ તેઓને પારકી નિર્જરાએ કરી પોતાનું કલ્યાણ કરવાનુ નથી. તેમનું કલ્યાણ તો થયેલું જ છે. તે ત્રણ લોકના નાથ તો તરીને જ બેઠા છે. સત્પુરુષ કે સમકિતીને પણ એવી (સકામ) ઉપદેશ દેવાની ઇચ્છા હોય નહીં. તે પણ નિષ્કારણ દયાની ખાતર ઉપદેશ દે છે.

---

૧. ક્રોધ ચંડાળ છે. એક સંન્યાસી સ્નાન કરવા જતા હતા. રસ્તામાં સામો ચંડાળ આવતો હતો. સંન્યાસીએ તેને કોરે ખસવા કહ્યું પણ તેણે સાંભળ્યું નહીં. તેથી સંન્યાસી ક્રોધે ભરાયા. ચંડાળ તેમને ભેટી પડતાં કે ન્હાવા જતા હતા તે નહીં... ૨. સસરા ક્યાં ગયા છે? ઢેઢવાડે. ૩. જુઓ આંક ૧૬ શિક્ષાપાઠ ૧૭.

મહાવીરસ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ ત્યાગી જેવા હતા.

હજારો વર્ષના સંયમી [illegible] જેવો વૈરાગ્ય [illegible] નથી એવો વૈરાગ્ય [illegible] હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં સર્વ પ્રકારના અર્થ પણ વર્તે છે. [illegible] ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે, [illegible] છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. એ પુરુષને [illegible] વર્તતી નિર્જરા છે. જ્ઞાનીની વાત અગમ્ય છે [illegible] નથી. [illegible] ખરી ખૂબી એ છે કે તેનું અનાદિથી નથી [illegible] નાંખ્યાં છે. એ ભગવાનની અનંત કૃપા છે. [illegible] વર્તે છે. એ તેઓના આત્માનો ઉપકાર છે. [illegible] નથી. તેઓ [illegible] ઉદાસીનપણે વર્તે છે

દેવતાઓ [illegible] જ્ઞાની [illegible] આગળ [illegible] કર્તવ્ય [illegible] જ્ઞાનીને [illegible] નથી. જ્ઞાની [illegible] ઉઠી જાય છે. ત્યારે અજ્ઞાની [illegible] નથી. જ્ઞાની તો દેહ, [illegible] અદ્ભુત છે.

[illegible] નથી, અજ્ઞાનીના [illegible] કુગતિ [illegible] [illegible]

[illegible]

[illegible]

જીવ નિર્પક્ષી રહેતા નથી. અનાદિથી પક્ષમાં પડયા છે, અને તેમાં રહીને કલ્યાણ ભૂલી જાય છે.

બાર કુળની ગોચરી કહી છે તેવી કેટલાક મુનિઓ કરતા નથી. તેમને લૂગડાંઆદિ પરિગ્રહનો મોહ મટયો નથી. એક વાર આહાર લેવાનું કહ્યું છતાં બે વાર લે છે. જે જ્ઞાની પુરુષના વચનથી આત્મા ઊંચો આવે તે સાચો માર્ગ, તે પોતાનો માર્ગ. આપણો ધર્મ સાચો પણ પુસ્તકમાં છે. આત્મામાં ગુણ પ્રગટે નહીં ત્યાં સુધી કંઈ ફળ આપે નહીં. 'આપણો ધર્મ' એવી કલ્પના છે. આપણો ધર્મ શું? મહાસાગર કોઈનો નથી; તેમ ધર્મ કોઈના બાપનો નથી. જેમાં દયા, સત્ય આદિ હોય તે પાળો. તે કોઈના બાપનાં નથી. અનાદિ કાળનાં છે; શાશ્વત છે. જીવે ગાંઠ પકડી છે કે આપણો ધર્મ છે, પણ શાશ્વત માર્ગ છે ત્યાં આપણો શું? શાશ્વત માર્ગથી સહુ મોક્ષે ગયા છે. રજોહરણો, દોરા કે મુમતિ, કપડાં કોઈ આત્મા નથી.

કોઈ એક વહોરો હતો. તે ગાડામાં માલ ભરીને સામે ગામ લઈ જતો હતો. ગાડાવાળાએ કહ્યું કે 'ચોર આવશે, માટે સાવચેત થઈને રહે, નહીં તો લૂંટી લેશે.' પણ તે વહોરાએ સ્વચ્છંદે કરી માન્યું નહીં ને કહ્યું કે 'કંઈ ફિકર નહીં!' પછી માર્ગમાં ચોર મળ્યા. ગાડાવાળાએ માલ બચાવવા મહેનત કરવા માંડી પણ તે વહોરાએ કંઈ ન કરતાં માલ ઉપાડી જવા દીધો. ને ચોરો માલ લૂંટી ગયા. પણ તેણે માલ પાછો મેળવવા કંઈ ઉપાય કર્યો નહીં. ઘેર ગયો ત્યારે શેઠે પૂછયું કે, 'માલ કયાં?' ત્યારે તેણે કહ્યું કે 'માલ તો ચોર લૂંટી ગયા.' ત્યારે શેઠે પૂછયું કે 'માલ પકડવા માટે કંઈ ઉપાય કર્યો છે?' ત્યારે તે વહોરાએ કહ્યું કે, 'મારી પાસે ભરતિયુ છે. તેથી ચોર માલ લઈ જઈને શી રીતે વેચશે? માટે તે મારી પાસે ભરતિયુ લેવા આવશે ત્યારે પકડીશ.' એવી જીવની મૂઢતા છે. 'આપણા જૈનધર્મના શાસ્ત્રમાં બધું છે. શાસ્ત્રો આપણી પાસે છે.' એવું મિથ્યાભિમાન જીવ કરી બેઠો છે. ક્રોધ, માન, માયા, લોભરૂપી ચોર રાતદિવસ માલ ચોરી લે છે, તેનુ ભાન નથી.

તીર્થંકરનો માર્ગ સાચો છે. દ્રવ્યમાં બદામ સરખી પણ રાખવાની આજ્ઞા નથી. વૈષ્ણવના કુળધર્મના કુગુરુઓ આરંભપરિગ્રહ મૂકયા વગર લોકો પાસેથી લક્ષ્મી ગ્રહણ કરે છે; અને તે રૂપી વેપાર થઈ પડયો છે. તે પોતે અગ્નિમાં બળે છે; તો તેનાથી બીજાની અગ્નિ શી રીતે શાંત થાય? જૈનમાર્ગનો પરમાર્થ સાચા ગુરુથી સમજવાનો છે. જે ગુરુને સ્વાર્થ હોય તે પોતાનું અકલ્યાણ કરે; ને શિષ્યોનું પણ અકલ્યાણ થાય.

જૈનલિંગધારીપણુ ધરી જીવ અનંતી વાર રખડયો છે. બાહ્યવર્તીલિંગ ધારી લૌકિક ચવહારમાં અનંતી વાર રખડયો છે. આ ઠેકાણે જૈનમાર્ગને નિષેધતા નથી; જેટલા અંતરંગે ાચો માર્ગ બતાવે તે 'જૈન.' બાકી તો અનાદિ કાળથી જીવે ખોટાને સાચું માન્યુ છે; ને તે જ અજ્ઞાન છે. મનુષ્યદેહનું સાર્થક ખોટા આગ્રહ, દુરાગ્રહ મૂકી કલ્યાણ થાય તો . જ્ઞાની સવળું જ બતાવે. આત્મજ્ઞાન પ્રગટે ત્યારે જ આત્મજ્ઞાનીપણું માનવું, ગુણ પ્રગટયા ગર માનવું એ ભૂલ છે. ઝવેરાતની કિંમત જાણવાની શક્તિ વગર ઝવેરીપણું માનવું નહીં. જ્ઞાની ખોટાને સાચું નામ આપી વાડા બંધાવે છે. સત્‌નું ઓળખાણ હોય તો કોઈ ત પણ સાચું મળશે.

[૬૪૩–૧૧] [illegible] ૧૯૫૨

જે જીવ પોતાને મુમુક્ષુ માનતો હોય, તરવાનો કામી માનતો હોય, [illegible] માનતો હોય તેણે દેહને વિષે રોગ થતી વખત આકુળવ્યાકુળપણું [illegible] તે વખત વિચારવું કે તારું મુમુક્ષુપણું, તરવાપણું, ક્યાં ગયું? તે વખતે વિચાર કેમ નથી કરતો? જો તરવાનો કામી હોય તો તો દેહને અસાર જાણે છે, દેહને આત્માથી જુદો જાણે છે, તેને આકુળતા આવવી જોઈએ નહીં. દેહ સાચવ્યો સચવાતો નથી, કેમકે તે [illegible] જાય છે, વાયુમાં રોગ, ક્ષણમાં વેદના થાય. દેહના [illegible] ઉપજે છે [illegible] આકુળવ્યાકુળપણું થાય છે તે જ અજ્ઞાન છે. શાસ્ત્ર [illegible] કે દેહ [illegible] જુદો છે, ક્ષણભંગુર છે, પણ દેહને વેદના આવ્યે તો [illegible] થઈ જાય છે. દેહ ક્ષણભંગુર છે એવું તને શાસ્ત્રનાં સાંભળવા શું કામ આવ્યાં? દેહ તો [illegible] પાસે છે તો અનુભવ કરો. દેહ પ્રગટ માટી જેવો છે, [illegible] નહીં, [illegible] રખાય નહીં. વેદના વેદતાં ઉપાય ચાલે નહીં. ત્યારે શું [illegible]? [illegible] શરણ નથી. આવો દેહનો પ્રગટ અનુભવ થાય છે, તો તેના ઉપર પ્રેમ કરવો શું? દેહનો પ્રગટ અનુભવ કરી શાસ્ત્રમાં કહ્યું છે તે મલિન છે, અસાર છે. માટે દેહનાં [illegible] નથી.

જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાં સુધી [illegible]

[illegible]

તોપણ ખેદ થાય નહીં. શરીરને વ્યાધિ થવાથી જેને વ્યાકુળપણું થાય છે, અને જેનું કલ્પા
માત્ર જ્ઞાન છે તે પોતું અધ્યાત્મજ્ઞાન માનવું. આવા કલ્પિત જ્ઞાની તે પોતાના જ્ઞાનને અધ્યાત્મજ્ઞાન
માની અનાચાર સેવી બહુ જ રખડે છે. જો શાસ્ત્રનું ફળ!

આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય. જે આવી (પિતા-પુત્રની)
કલ્પનાને સાચું માની બેઠા છે તે મિથ્યાત્વી છે. ખોટા સંગથી સમજાતું નથી; માટે સમકિત
આવતું નથી. સત્પુરુષના સંગથી જોગ્ય જીવ હોય તો સમ્યક્ત્વ થાય.

સમકિત ને મિથ્યાત્વની તરત ખબર પડે તેવું છે. સમકિતીની અને મિથ્યાત્વીની
વાણી ઘડીએ ઘડીએ જુદી પડે છે. જ્ઞાનીની વાણી એક જ ધારી, પૂર્વાપર મળતી આવે.
અંતરંગ ગાંઠ મટે ત્યારે જ સમ્યક્ત્વ થાય. રોગ જાણે, રોગની દવા જાણે, ચરી જાણે,
પથ્ય જાણે અને તે પ્રમાણે ઉપાય કરે તો રોગ મટે. રોગ જાણ્યા વગર અજ્ઞાની જે ઉપાય
કરે તેથી રોગ વધે. પથ્થ પાળે ને દવા કરે નહીં, તો રોગ કેમ મટે? ન મટે. તો આ
તો રોગે કાંઈ, ને દવાયે કાંઈ! શાસ્ત્ર તો જ્ઞાન કહેવાય નહીં. જ્ઞાન તો માંહીથી ગાંઠ મટે
ત્યારે જ કહેવાય. તપ, સંયમાદિ માટે સત્પુરુષનાં વચન સાંભળવાનું બતાવ્યું છે.

જ્ઞાની ભગવાને કહ્યું છે કે સાધુઓએ અચેત અને નીરસ આહાર લેવો. આ કહેવું
તો કેટલાક સાધુઓ ભૂલી ગયા છે. દૂધ આદિ સચેત ભારે ભારે વિગય પદાર્થો લઈ જ્ઞાનીની
આજ્ઞા પર પગ દઈ ચાલે તે કલ્યાણનો રસ્તો નહીં. લોક કહે છે કે સાધુ છે; પણ આત્મદશા
સાધે તે સાધુ.

નરસિંહ મહેતો કહે છે કે અનાદિકાળથી આમ ને આમ ચાલતાં કાળ ગયો, પણ
નિવેડો આવ્યો નહીં. આ માર્ગ નહીં; કેમકે અનાદિકાળથી ચાલતાં ચાલતાં પણ માર્ગ હાથ
આવ્યો નહીં. જો આ માર્ગ જ હોય તો હજી સુધી કાંઈયે હાથમાં આવ્યું નહીં એમ બને
નહીં. માર્ગ જુદો જ હોવો જોઈએ.

તૃષ્ણા કેમ ઘટે? લૌકિક ભાવમાં મોટાઈ મૂકી દેતો. 'ઘર-કુટુંબ આદિને મારે શું
કરવું છે? લૌકિકમાં ગમે તેમ હોય, પણ મારે તો મોટાઈ મૂકી ગમે તે પ્રકારે તૃષ્ણા ઘટે
તેમ કરવું છે.' એમ વિચારે તો તૃષ્ણા ઘટે, મોળી પડે.

તપનું અભિમાન કેમ ઘટે? ત્યાગ કરવો તેનો ઉપયોગ રાખવાથી. 'મને આ અભિમાન
કેમ થાય છે?' એમ રોજ વિચારતાં વિચારતાં અભિમાન મોળું પડશે.

જ્ઞાની કહે છે તે કૂંચીરૂપી જ્ઞાન વિચારે, તો અજ્ઞાનરૂપી તાળું ઊઘડી જાય; કેટલાંય
તાળાં ઊઘડી જાય. કૂંચી હોય તો તાળું ઊઘડે; બાકી પહાણા માર્યે તો તાળું ભાંગી જાય.

'કલ્યાણ શું હશે?' એવો જીવને ભામો છે. તે કાંઈ હાથી-ઘોડા નથી. જીવને આવી
ભ્રાંતિને લીધે કલ્યાણની કૂંચીઓ સમજાતી નથી. સમજાય તો તો સુગમ છે. જીવની ભ્રાંતિઓ
દૂર કરવા માટે જગતનું વર્ણન બતાવ્યું છે. જો જીવ હમેશના અંધમાર્ગથી થાકે તો
માર્ગમાં આવે.

જ્ઞાની પરમાર્થ, સમ્યક્ત્વ હોય તે જ કહે. 'કષાય ઘટે તે કલ્યાણ, જીવનાં રાગ, દ્વેષ,
અજ્ઞાન જાય તેને કલ્યાણ કહેવાય.' ત્યારે લોક કહે છે કે, 'એવું તો અમારા ગુરુઓય કહે

છે; ત્યારે તુંનું શું બતાવો છો?' આવી આવી કલ્પનાઓ કરી [illegible] નથી.

[illegible] ... બતાવે તે [illegible] છે.

[illegible] કેમ [illegible]

[illegible] છે, [illegible] છે, [illegible] છે. [illegible] આપ્યું [illegible]

[illegible] છે, ને [illegible]

[illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તો એનું કામ છે, એના આશ્રયે તરવાનો ઉપાય કરવો એ જ શ્રેયસ્કર છે. કલ્પના કરી કરી શું કરવું છે? ગમે તેમ સાધન મેળવી ભૂખ મટાડવી છે. શાસ્ત્રમાં કહેલી વાતો આત્માને ઉપકાર થાય તેમ ગ્રહવી, બીજી રીતે નહીં.

જીવ બૂડી રહ્યો છે ત્યાં અજ્ઞાની જીવ પૂછે કે 'કેમ પડયો?' એ આદિ પંચાત કરે ત્યાં તો એ જીવ બૂડી જાય, પૂરો થાય. પણ જ્ઞાની તો તારનાર હોવાથી તે બીજી પંચાત મૂકી, બૂડતાને તુરત તારે છે.

જગતની ભાંજગડ કરતાં કરતાં જીવ અનાદિકાળથી રખડ્યો છે. એક ઘરમાં મારાપણું માન્યુ ત્યાં તો આટલું બધું દુઃખ છે તો પછી જગતની, ચક્રવર્તીની રિદ્ધિની કલ્પના, મમતા કરવાથી દુઃખમાં શુ બાકી રહે! અનાદિકાળથી એથી હારી જઈ મરી રહ્યો છે.

જાણપણું શું? પરમાર્થના કામમાં આવે તે જાણપણું. સમ્યક્દર્શન સહિત જાણપણું હોય તે સમ્યક્જ્ઞાન.

નવપૂર્વ તો અભવી પણ જાણે. પણ સમ્યક્દર્શન વિના તે સૂત્રઅજ્ઞાન કહ્યું છે.

સમ્યક્ત્વ હોય ને શાસ્ત્રના માત્ર બે શબ્દ જાણે તોપણ મોક્ષના કામમાં આવે. મોક્ષના કામમાં જે જ્ઞાન ન આવે તે અજ્ઞાન.

મેરુ આદિનું વર્ણન જાણી તેની કલ્પના, ફિકર કરે, જાણે મેરુનો કંટ્રાકટ ના લેવો હોય? જાણવાનું તો મમતા મૂકવા માટે છે.

ઝેરને જાણે તે ના પીએ. ઝેરને જાણીને પીએ તો તે અજ્ઞાન છે. માટે જાણીને મૂકવા માટે જાણપણું કહ્યું છે.

જે દૃઢ નિશ્ચય કરે કે ગમે તેમ કરું, ઝેર પીઉં, પર્વત પરથી પડું, પણ કલ્યાણ થાય તે જ કરું. એનું જાણપણું સાચું. તે જ તરવાનો કામી કહેવાય.

દેવતાને હીરામાણેક આદિ પરિગ્રહ વધારે છે. તેમાં અતિશય મમતા મૂર્છા હોવાથી ત્યાંથી ચવીને તે હીરા આદિમાં એકેંદ્રિયપણે અવતરે છે.

જગતનું વર્ણન કરતાં, અજ્ઞાનથી અનંતી વાર જીવ ત્યાં જન્મી આવ્યો તે અજ્ઞાન મૂકવા માટે જ્ઞાનીએ એ વાણી કહી છે. પણ જગતના વર્ણનમાં જ બાઝી પડે એનું કલ્યાણ કેવી રીતે થાય! તે તો અજાણપણુ જ કહેવાય. જે જાણીને અજ્ઞાનને મૂકવાનો ઉપાય કરે તે જાણપણુ.

પોતાના દોષો ટળે એવા પ્રશ્ન કરે તો દોષ ટળવાનું કારણ થાય. જીવના દોષ ઘટે, ટળે તો મુક્તિ થાય.

જગતની વાત જાણવી તેને શાસ્ત્રમાં મુક્તિ કહી નથી. પણ નિરાવરણ થાય ત્યારે મોક્ષ.

પાંચ વરસ થયા એક બીડી જેવું વ્યસન તે પ્રેરણા કર્યા વિના મૂકી શકાયુ નહિ. અમારો ઉપદેશ તો જેને તરત જ કરવા ઉપર વિચાર હોય તેને જ કરવો. આ કાળમાં ઘણા જીવ વિરાધક હોય છે અને નહીં જેવા જ સંસ્કાર થાય છે.

આવી વાત તો સહેજમાં સમજવા જેવી છે અને સહેજ વિચાર કરે તો સમજાય એવું છે કે મન વચન કાયાના યોગથી રહિત જીવ છે, સહજસ્વરૂપ છે. જ્યારે એ

બહુ યોગ તે ત્યાગવાના છે ત્યારે આ બહારના પદાર્થ ઉપર જીવ કેમ [illegible] કરતો હશે? એ આશ્ચર્ય ઊપજે છે! જીવ જે જે કુળમાં ઊપજે છે તેનો તેનો આગ્રહ [illegible] કરે છે. વૈષ્ણવને ત્યાં જન્મ લીધો હોત તો તેનો આગ્રહ થઈ જાત, [illegible] તપાનો આગ્રહ થઈ જાય. જીવનું સ્વરૂપ ઢુંઢિયા નથી, તપા નથી, [illegible], વર્ણ નથી. તેને આવી આવી ખોટી કલ્પના કરી આગ્રહમાં [illegible] છે! જીવને લોકને સારું દેખાડવાનું જ બહુ ગમે છે અને તેથી જીવ [illegible] રોકાઈ જાય છે. [illegible] અને પ્રગટ કર્યું છે, [illegible] વૈરાગ્ય ઉપશમ જેમ વધે તેવું જ કરવું. [illegible] કે આને ઢુંઢિયો કે આને તપો માનવો? એવી ભાવના તેમાં હોતી જ નથી.

(ત્રિભોવનને) જીવને ઉપાધિ બહુ છે. [illegible] અને જીવ વિચાર ન કરે ત્યારે [illegible] પશુના દેહમાં [illegible]?

જીવ જ પરમાધામી (જમ) જેવો છે, અને જમ છે. [illegible] જાય છે તેનું કારણ જીવ અજ્ઞાની છે.

પશુની જાતિનાં શરીરોનાં દુઃખ પ્રત્યક્ષ જીવ જુએ છે, [illegible] પાછો ભૂલી જાય છે. પ્રત્યક્ષ લોક જુએ છે કે આ મરી ગયો, [illegible] છે; તથાપિ શાસ્ત્રને વિષે પાછી તે આખ્યા [illegible] છે. શાસ્ત્ર તો પરોક્ષ છે અને આ તો પ્રત્યક્ષ છે [illegible] તે વાત કરી છે.

શ્રી

વ્યાખ્યાનસાર-૧*

[૭૫૩]　　　　　૯૫૮　　　　　મોરબી, સંવત ૧૯૫૪–૫૫

૧. પહેલે ગુણસ્થાનકે ગ્રંથિ છે તેનું ભેદન કર્યા વિના આત્મા આગળના ગુણસ્થાનકે જઈ શકતો નથી. જોગાનજોગ મળવાથી અકામનિર્જરા કરતો જીવ આગળ વધે છે, ને ગ્રંથિભેદ કરવાની નજીક આવે છે. અહીં આગળ ગ્રંથિનું એટલું બધું પ્રબલપણું છે કે, તે ગ્રંથિભેદ કરવામાં મોળો પડી જઈ અસમર્થ થઈ જઈ પાછો વળે છે; હિમ્મત કરી આગળ વધવા ધારે છે; પણ મોહનીયના કારણથી રૂપાન્તર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે એમ સમજે છે; અને ઊલટું તે સમજવારૂપ મોહના કારણથી ગ્રંથિનું નિબિડપણું કરે છે. તેમાંથી કોઈક જ જીવ જોગાનજોગ પ્રાપ્ત થયે અકામનિર્જરા કરતાં અતિ બળવાન થઈ તે ગ્રંથિને મોળી પાડી અથવા પોચી કરી આગળ વધી જાય છે. જે અવિરતિસમ્યક્દૃષ્ટિનામા ચોથું ગુણસ્થાનક છે; જ્યાં મોક્ષમાર્ગની સુપ્રતીતિ થાય છે. આનું બીજું નામ 'બોધબીજ' છે. અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે, અર્થાત્ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે.

૨ આ 'બોધબીજ ગુણસ્થાનક'–ચોથા ગુણસ્થાનક–થી તેરમા ગુણસ્થાનક સુધી આત્મઅનુભવ એકસરખો છે; પરંતુ જ્ઞાનાવરણીય કર્મની નિરાવરણતાનુસાર જ્ઞાનની વિશુદ્ધતા ઓછી અદકી હોય છે, તેના પ્રમાણમાં અનુભવનું પ્રકાશવું કહી શકે છે.

---

૩ જ્ઞાનાવરણનું સર્વ પ્રકારે નિરાવરણ થવું તે 'કેવળજ્ઞાન' એટલે 'મોક્ષ'; જે બુદ્ધિબળથી કહેવામાં આવે છે એમ નથી, પરંતુ અનુભવગમ્ય છે.

૪ બુદ્ધિબળથી નિશ્ચય કરેલો સિદ્ધાંત તેથી વિશેષ બુદ્ધિબળ અથવા તર્કથી વખતે ફરી શકે છે; પરંતુ જે વસ્તુ અનુભવગમ્ય (અનુભવસિદ્ધ) થઈ છે તે ત્રણે કાળમાં ફરી શકતી નથી.

૫ હાલના સમયમાં જૈનદર્શનને વિષે અવિરતિ સમ્યક્દૃષ્ટિનામા ચોથા ગુણસ્થાનથી અપ્રમત્તનામા સાતમા ગુણસ્થાનક સુધી આત્મઅનુભવ સ્પષ્ટ સ્વીકારેલ છે.

૬ સાતમાથી સયોગીકેવળીનામા તેરમા ગુણસ્થાનક સુધીનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેરમાનો કાળ વખતે લાંબો પણ હોય છે. ત્યાં સુધી આત્મઅનુભવ પ્રતીતિરૂપ છે.

---

* વિ. સંવત ૧૯૫૪ના માગશરથી ચૈત્ર માસ સુધીના તેમજ સં. ૧૯૫૫ના તે અરસામાં શ્રીમદની મોરબીમાં ઘણો વખત સ્થિતિ કરી. તે વખતે તેમણે કરેલાં વ્યાખ્યાનોનો એક મુમુક્ષુ શ્રોતાએ સ્મૃતિ ઉપરથી કરેલ આ સાર છે.

૭ આ કાળને વિષે મોક્ષ નથી એમ માની જીવ મોક્ષહેતુભૂત ક્રિયા કરી શકતો નથી, અને તેવી માન્યતાને લઈને જીવનું પ્રવર્તન બીજી જ રીતે થાય છે.

૮ પાંજરામાં પૂરેલો સિંહ પાંજરાથી પ્રત્યક્ષ જુદો છે, તોપણ બહાર નીકળવાને સામર્થ્યરહિત છે. તેમ જ ઓછા આયુષ્યના કારણથી અથવા સંઘયણાદિ અન્ય સાધનોના અભાવે આત્મારૂપી સિંહ કર્મરૂપી પાંજરામાંથી બહાર આવી શકતો નથી એમ માનવામાં આવે તો તે માનવું સકારણ છે.

૯ આ અસાર એવા સંસારને વિષે મુખ્ય ચાર ગતિ છે, જે કર્મબંધથી પ્રાપ્ત થાય છે. બંધ વિના તે ગતિ પ્રાપ્ત થતી નથી. અબંધ એવું જે મોક્ષસ્થાનક તે બંધથી થનારી એવી જે ચાર ગતિ તે રૂપ સંસારને વિષે નથી. સમ્યક્ત્વ અથવા ચારિત્રથી બંધ થતો નથી એ તો ચોક્કસ છે; તો પછી ગમે તે કાળમાં સમ્યક્ત્વ અથવા ચારિત્ર પામે ત્યાં તે સમયે બંધ નથી; અને જ્યાં બંધ નથી ત્યાં સંસાર નથી.

૧૦ સમ્યક્ત્વ અને ચારિત્રમાં આત્માની શુદ્ધ પરિણતિ છે, તથાપિ તે સાથે મન, વચન, શરીરના શુભ યોગ પ્રવર્તે છે. તે શુભ યોગથી શુભ બંધ થાય છે. તે બંધને લઈને દેવાદિગતિ એવો જે સંસાર તે કરવો પડે છે. પરંતુ તેથી વિરુદ્ધ જે સમ્યક્ત્વ અને ચારિત્ર જેટલે અંશે પ્રાપ્ત થયાં છે તેટલે અંશે મોક્ષ પ્રગટ થાય છે, તેનું ફળ દેવાદિ ગતિ પ્રાપ્ત થઈ તે નથી. દેવાદિગતિ જે પ્રાપ્ત થઈ તે કેવળ મન, વચન, શરીરના શુભ યોગથી થઈ છે; અને અબંધ એવું જે સમ્યક્ત્વ તથા ચારિત્ર પ્રગટ થયું છે તે ત્યાંથી રહીને ફરી મનુષ્યપણું પામી ફરી તે ભાગને જોડાઈ મોક્ષ થાય છે.

૧૧ ગમે તે કાળમાં કર્મ છે, તેનો બંધ છે, અને તે બંધથી નિર્જરા છે, અને સંપૂર્ણ નિર્જરા તેનું નામ 'મોક્ષ' છે.

૧૨ નિર્જરાના બે ભેદ છે. એક સકામ એટલે સહેતુ (મોક્ષના હેતુથી) નિર્જરા અને બીજી અકામ એટલે વિપાકનિર્જરા.

---

૧૩ અકામનિર્જરા ઔદયિક ભાવે થાય છે. [illegible] અને તે કર્મબંધનું કારણ છે.

૧૪ સકામનિર્જરા ક્ષાયોપશમિક ભાવે થાય છે. [illegible] સકામનિર્જરા (ક્ષાયોપશમિક ભાવે) [illegible] અકામ (વિપાક) નિર્જરા [illegible] નથી. [illegible]

૧૫ [illegible]

૧૬ [illegible]

૬૪ આઠ કર્મમાં ચાર ઘનઘાતી છે. તે ચારમાં પણ મોહનીય અત્યંત પ્રબળપણે ઘનઘાતી છે. મોહનીયકર્મ સિવાય સાત કર્મ છે, તે મોહનીયકર્મના પ્રતાપથી પ્રબળપણે થાય છે. જો મોહનીય ખસે તો બીજાં નિર્બળ થઈ જાય છે. મોહનીય ખસવાથી બીજાંઓનો પગ ટકી શકતો નથી.

૬૫ કર્મબંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અને રસબંધ; તેમાં પ્રદેશ, સ્થિતિ અને રસ એ ત્રણ બંધના સરવાળાનું નામ પ્રકૃતિ આપવામાં આવ્યું છે. પ્રદેશબંધ છે તે આત્માના પ્રદેશની સાથે પુદ્ગલનો જમાવ અર્થાત્ જોડાણ છે; ત્યાં તેનું પ્રબળપણું હોતું નથી; તે ખેરવવા ચાહે તો ખરી શકે તેમ છે. મોહને લઈને સ્થિતિ તથા રસનો બંધ પડે છે, અને તે સ્થિતિ તથા રસનો બંધ છે તે જીવ ફેરવવા ધારે તો ફરી જ શકે એમ બનવું અશકય છે. આવું મોહને લઈને એ સ્થિતિ તથા રસનું પ્રબળપણું છે.

---

૬૬ સમ્યક્ત્વ અન્યોક્ત રીતે પોતાનું દૂષણ બતાવે છે:—'મને ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તોપણ મારે તેને પરાણે મોક્ષે લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તોપણ કામ આવવાની નથી; મને ગ્રહણ કરવા પછી નવમે સમયે તો મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઈ જાય તોપણ બને તો તે જ ભવે, અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. કદાચ મને છોડી દઈ મારાથી વિરુદ્ધ આચરણ કરે અથવા પ્રબળ એવા મોહને ધારણ કરે તોપણ અર્ધપુદ્ગલ-પરાવર્તનની અંદર મારે તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે'! અર્થાત્ અહીં સમ્યક્ત્વની મહત્તા બતાવી છે.

---

૬૭ સમ્યક્ત્વ કેવળજ્ઞાનને કહે છે:–'હું જીવને મોક્ષે પહોંચાડું એટલે સુધી કાર્ય કરી શકું છું; અને તું પણ તે જ કાર્ય કરે છે: તું તેથી કાંઈ વિશેષ કાર્ય કરી શકતું નથી; તો પછી તારા કરતાં મારામાં ન્યૂનતા શાની? એટલું જ નહીં, પરંતુ તને પામવામાં મારી જરૂર રહે છે.'

૬૮ ગ્રંથાદિ વાંચવાનું શરૂ કરતાં પ્રથમ મંગળાચરણ કરવું અને તે ગ્રંથ ફરીથી વાંચતાં અથવા ગમે તે ભાગથી તે વાંચવાનું શરૂ કરતાં પ્રથમ મંગળાચરણ કરવું એવી શાસ્ત્રપદ્ધતિ છે. તેનું મુખ્ય કારણ એ છે કે બાહ્યવૃત્તિમાંથી આત્મવૃત્તિ કરવી છે, માટે તેમ કરવામાં પ્રથમ શાંતપણું કરવાની જરૂર છે, અને તે પ્રમાણે પ્રથમ મંગળાચરણ કરવાથી શાંતપણું પ્રવેશ કરે છે. વાંચવાનો અનુક્રમ જે હોય તે બનતાં સુધી ન જ તોડવો જોઈએ; તેમાં જ્ઞાનીનો દાખલો લેવા જરૂર નથી.

---

૬૯ આત્મઅનુભવગમ્ય અથવા આત્મજનિત સુખ અને મોક્ષ સુખ તે એક જ છે. માત્ર શબ્દ જુદા છે.

૭૦ કેવળજ્ઞાની શરીરને લઈને નથી કે બીજાના શરીર કરતાં તેમનું શરીર તફાવતવાળું

જોવામાં આવે. પછી તે કેવળજ્ઞાન શરીરથી કરી [illegible] પટે કરી પ્રગટ કરવામાં આવ્યુ છે, તેને [illegible] શરીરથી [illegible] નથી. અને શરીર તરફાવતવાળું લોકોના જોવામાં નહીં આવવાથી [illegible] નથી.

૭૧ જેને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની [illegible] સ્વરૂપ જાણવા ઇચ્છે તે શી રીતે જાણી શકવા યોગ્ય છે? [illegible]

૭૨ મતિ સ્ફુરાયમાન [illegible] તે જ્ઞાન તે 'મતિજ્ઞાન', અને [illegible] થયેલું જે જ્ઞાન તે 'શ્રુતજ્ઞાન'; અને તે શ્રુતજ્ઞાનનું [illegible] પણ, અથવા તે 'શ્રુતજ્ઞાન' [illegible] મતિજ્ઞાન અને સાંભળનારને માટે શ્રુતજ્ઞાન [illegible] નથી; અને તે જ મતિ પૂર્વે શ્રુત [illegible] તેના ઘણા ભેદ છે, [illegible] જાણવા, [illegible] ઘણા ભેદ છે, તે જે [illegible] મનઃપર્યવના વિષય છે તે [illegible] નથી એવા મનુષ્યો પર [illegible] તેના વિષે [illegible]

---

૭૩ [illegible]

---

૭૪ [illegible]

૭૫ [illegible]

[illegible]

[illegible]

---

૭૯ રાગાદિસહિત જીવ કંઈ પણ પ્રવૃત્તિ કરે તો તેનું નામ 'કર્મ' છે; શુભ અથ અશુભ અધ્યવસાયવાળું પરિણમન તે 'કર્મ' કહેવાય; અને શુદ્ધ અધ્યવસાયવાળું પરિણમ તે કર્મ નથી પણ 'નિર્જરા' છે.

૮૦ અમુક આચાર્ય એમ કહે છે કે દિગમ્બરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કેઃ– 'જીવનો મોક્ષ થતો નથી, પરંતુ મોક્ષ સમજાય છે; તે એવી રીતે કે જીવ શુદ્ધસ્વરૂપ છે; તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું કયા રહે છે? પરંતુ તેણે માનેલું છે 'હું બંધાણો છું' તે માનવાપણું વિચાર વડીએ કરી સમજાય છે કે મને બંધન નથી માત્ર માન્યુ હતું; તે માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજાયાથી રહેતું નથી; અર્થાત્ મોક્ષ સમજાય છે.' આ વાત 'શુદ્ધનય'ની અથવા 'નિશ્ચયનય'ની છે. પર્યાયાર્થી નયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો તેને રખડી મરવાનું છે.

---

૮૧ 'ઠાણુંગસૂત્ર'માં કહેવામાં આવ્યુ છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ પદાર્થ સદ્ભાવ છે, એટલે તેના ભાવ છતા છે; કલ્પવામાં આવ્યા છે એમ નથી.

---

૮૨ વેદાંત છે તે શુદ્ધનયઆભાસી છે. શુદ્ધનયઆભાસમતવાળા 'નિશ્ચયનય' સિવાય બીજા નયને એટલે 'વ્યવહારનય'ને ગ્રહણ કરતા નથી. જિન અનેકાંતિક છે, અર્થાત્ તે સ્યાદ્વાદી છે.

---

૮૩ કોઈ નવ તત્ત્વની, કોઈ સાત તત્ત્વની, કોઈ ષડ્દ્રવ્યની, કોઈ ષડ્પદની, કોઈ બે રાશિની વાત કહે છે, પરંતુ તે સઘળું જીવ, અજીવ એવી બે રાશિ અથવા એ બે તત્ત્વ અર્થાત્ દ્રવ્યમાં સમાય છે.

---

૮૪ નિગોદમાં અનંતા જીવ રહ્યા છે,એ વાતમાં તેમ જ કંદમૂળમાં સોયની અણી ઉપર રહે તેટલા નાના ભાગમા અનંતા જીવ રહ્યા છે, તે વાતમાં આશંકા કરવાપણું છે નહીં. જ્ઞાનીએ જેવું સ્વરૂપ દીઠું છે તેવું જ કહ્યુ છે. આ જીવ જે સ્થૂળદેહપ્રમાણ થઈ રહ્યો છે અને જેને પોતાના સ્વરૂપનું હજુ જાણપણું નથી થયુ તેને એવી ઝીણી વાત સમજવામાં ન આવે તે વાત ખરી છે; પરંતુ તેને આશંકા કરવાનુ કારણ નથી. તે આ રીતેઃ—

ચોમાસાના વખતમાં એક ગામના પાદરમાં તપાસીએ તો ઘણી લીલોતરી જોવામાં આવે છે; અને તેવી થોડી લીલોતરીમાં અનંતા જીવો છે; તો એવા ઘણા ગામનો વિચાર કરીએ, તો જીવની સંખ્યાના પ્રમાણ વિષે અનુભવ નથી થયો છતાં બુદ્ધિબળથી વિચાર કરતાં અનંતપણું સંભાવી શકાય છે. કંદમૂળ આદિમાં અનંતપણું સંભવે છે. બીજી લીલોતરીમાં અનંતપણું સંભવતું નથી, પરંતુ કંદમૂળમાં અનંતપણું ઘટે છે. કંદમૂળનો અમુક થોડો ભાગ જો વાવવામાં આવે તો તે ઊગે છે, તે કારણથી પણ ત્યાં જીવનું વિશેષપણું ઘટે છે; તથાપિ જો પ્રતીતિ ન થતી હોય તો આત્માનુભવ કરવો; આત્માનુભવ થવાથી

પ્રતીતિ થાય છે. જ્યાં સુધી [illegible] નથી [illegible], ત્યાં સુધી તે પ્રતીતિ [illegible] છે, માટે જો તેની પ્રતીતિ કરવી હોય તો [illegible] અનુભવી [illegible].

૮૫ જ્યાં સુધી [illegible], ત્યાં સુધી [illegible] પ્રથમથી [illegible] તેની પ્રતીતિ કરી [illegible] કર્યું.

---

૮૬ [illegible] વિચારથી [illegible] છે [illegible] કરી શકે છે. [illegible] વિષે [illegible] વિચારણું કરી શકે છે [illegible] કરી શકેલા છે.

૮૭ [illegible] કર્મ [illegible] કહે છે, [illegible] તે [illegible] નાના [illegible] વિષે [illegible] છે.

૮૮ [illegible] વિષે [illegible] છે. [illegible] નથી. [illegible] અને કર્મ [illegible] છે, તે [illegible] આત્મા [illegible] છે, પરંતુ [illegible] છે. [illegible] આત્માને વિષે [illegible] તેની [illegible] આત્મા [illegible] છે [illegible] છે. [illegible]

[illegible]

[illegible]

[illegible]

સ્વરૂપ સમજાયાથી જ્ઞાને કરી તેટલો તેનો વિષય થઈ રહેતાં વળી વૃત્તિ બહાર દોડવા માંડે છે; ત્યારે જાણ્યું હોય તેથી વિશેષ સૂક્ષ્મભાવે ફરી વિચારવા માંડતાં વળી પણ વૃત્તિ પાછી અંતરંગને વિષે પ્રેરાય છે. એમ કરતાં કરતાં વૃત્તિને વારંવાર અંતરંગભાવમાં લાવી શાંત કરવામાં આવે છે; અને એ પ્રમાણે વૃત્તિને અંતરંગમાં લાવતાં લાવતાં આત્માનો અનુભવ વખતે થઇ જાય છે, અને જ્યારે એ પ્રમાણે થાય છે ત્યારે વૃત્તિ બહાર જતી નથી, પરંતુ આત્માને વિષે શુદ્ધ પરિણતિરૂપ થઈ પરિણમે છે; અને તે પ્રમાણે પરિણમવાથી બાહ્ય પદાર્થનું દર્શન સહજ થાય છે. આ કારણોથી પરદ્રવ્યનું વિવેચન કામનું અથવા હેતુરૂપ થાય છે.

૯૨ જીવ પોતાને જે અલ્પજ્ઞાન હોય છે તેના વડે મોટો એવો જે જ્ઞેયપદાર્થ તેનું સ્વરૂપ જાણવા ઇચ્છે છે, તે ક્યાંથી થઈ શકે. ? અર્થાત્ ન થઈ શકે. જ્ઞેયપદાર્થનું સ્વરૂપ જાણવાનું ન થઈ શકે ત્યાં આગળ પોતાના અલ્પજ્ઞપણાથી ન સમજાયાનું કારણ ન માનતાં તેથી મોટો જ્ઞેયપદાર્થ તેને વિષે દોષ કાઢે છે, પરંતુ સવળીએ આવી પોતાના અલ્પજ્ઞપણાથી ન સમજાયા વિષેનું કારણ માનતો નથી.

૯૩ જીવ પોતાનું સ્વરૂપ જાણી શકતો નથી; તો પછી પરનું સ્વરૂપ જાણવા ઇચ્છે તે તેનાથી શી રીતે જાણી, સમજી શકાય ? અને જ્યાં સુધી ન સમજવામાં આવે ત્યાં સુધી ત્યાં રહી ગૂંચાઈ ડહોળાયા કરે છે. શ્રેયકારી એવું જે નિજસ્વરૂપનું જ્ઞાન તે જ્યાં સુધી પ્રગટ નથી કર્યું, ત્યાં સુધી પરદ્રવ્યનું ગમે તેટલું જ્ઞાન મેળવે તો પણ તે કશા કામનુ નથી; માટે ઉત્તમ રસ્તો એ છે કે બીજી બધી વાતો મૂકી દઈ પોતાના આત્માને ઓળખવા પ્રયત્ન કરવો. જે સારભૂત છે તે જોવા સારુ આ 'આત્મા સદ્‌ભાવવાળો છે,' 'તે કર્મનો કર્તા છે,' અને તેથી (કર્મથી) તેને બંધ થાય છે, તે બંધ શી રીતે થાય છે?' 'તે બંધ કેવી રીતે નિવૃત્ત થાય ?' અને 'તે બંધથી નિવૃત્ત થવું એ મોક્ષ છે' એ આદિ સંબંધી વારંવાર, અને ક્ષણેક્ષણે વિચાર કરવો યોગ્ય છે; અને એ પ્રમાણે વારંવાર વિચાર કરવાથી વિચાર વૃદ્ધિને પામે છે; ને તેને લીધે નિજસ્વરૂપનો અંશે અંશે અનુભવ થાય છે. જેમ જેમ નિજસ્વરૂપનો અનુભવ થાય છે, તેમ તેમ દ્રવ્યનું જે અચિંત્ય સામર્થ્ય તે તેના અનુભવમા આવતું જાય છે. તેને લઇને ઉપર બતાવેલી એવી જે શંકાઓ (જેવી કે, થોડા આકાશમાં અનંત જીવનું સમાવું, અથવા અનંત પુદ્‌ગલ પરમાણુનું સમાવું)નું કરવાપણુ રહેતું નથી, અને તે યથાર્થ છે એમ સમજાય છે. તે છતાં પણ જો માનવામાં ન આવતું હોય તો અથવા શંકા કરવાનું કારણ રહેતું હોય તો જ્ઞાની કહે છે કે ઉપર બતાવેલો પુરુષાર્થ કરવામાં આવ્યેથી અનુભવ સિદ્ધ થશે.

---

૯૪ જીવ કર્મબંધ જે કરે છે, તે દેહસ્થિત રહેલો જે આકાશ તેને વિષે રહેલાં જે સૂક્ષ્મ પુદ્‌ગલ તેમાંથી ગ્રહીને કરે છે. બહારથી લઈ કર્મ બાંધતો નથી.

૯૫ આકાશમાં ચૌદ રાજલોકને વિષે સદા પુદ્‌ગલ પરમાણુ ભરપૂર છે; તે જ પ્રમાણે શરીરને વિષે રહેલો જે આકાશ ત્યાં પણ સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુનો સમૂહ ભરપૂર છે. ત્યાંથી સૂક્ષ્મ પુદ્‌ગલ જીવ ગ્રહી, કર્મબંધ પાડે છે.

૯૬ [illegible]
કોઈ કેઈ પદાર્થ અને ગુણ [illegible]
રીતે ? તેનુ સમાધાન [illegible]
[illegible]
[illegible]
એવાં જે ગુણના પરમાણુ [illegible]

---

૯૭ [illegible] શીતિ [illegible]
[illegible]

૯૮ 'નિત્ય' [illegible]
[illegible]
[illegible] 'અનિત્ય' છે. [illegible]

૯૯ [illegible]
[illegible]

૧૦૦ [illegible] સિદ્ધાંત છે કે [illegible]
[illegible]

૧૦૧ [illegible]

૧૦૨ [illegible]

આદરે ત્યારથી આવતી બંધ થાય છે. અહીં જે પાપક્રિયા લાગે છે તે ચારિત્રમોહનીયના કારણથી આવે છે. તે મોહભાવના ક્ષય થવાથી આવતી બંધ થાય છે.

૧૦૩ ક્રિયા બે પ્રકારે થાય છે:– એક વ્યક્ત એટલે પ્રગટપણે, અને બીજી અવ્યક્ત એટલે અપ્રગટપણે. અવ્યક્તપણે થતી ક્રિયા જોકે તમામથી જાણી નથી શકાતી, પરંતુ તેથી થતી નથી એમ નથી.

૧૦૪ પાણીને વિષે લહેર અથવા હિલ્લોળ તે વ્યક્તપણે જણાય છે, પરંતુ તે પાણીમાં ગંધક અથવા કસ્તૂરી નાંખી હોય, અને તે પાણી શાન્તપણામાં હોય તો પણ તેને વિષે ગંધક અથવા કસ્તૂરીની જે ક્રિયા છે તે જો કે દેખાતી નથી, તથાપિ તેમાં અવ્યક્તપણે રહેલી છે. આવી રીતે અવ્યક્તપણે થતી ક્રિયાને ન શ્રદ્ધવામાં આવે અને માત્ર વ્યક્તપણાને શ્રદ્ધવામાં આવે તો એક જ્ઞાની જેને વિષે અવિરતિરૂપ ક્રિયા થતી નથી તે ભાવ, અને બીજો ઊંઘી ગયેલો માણસ જે કંઈ ક્રિયા વ્યક્તપણે કરતો નથી તે ભાવ સમાનપણાને પામે છે; પરંતુ વાસ્તવિક રીતે તેમ છે નહીં. ઊંઘી ગયેલા માણસને અવ્યક્તપણે ક્રિયા લાગે છે. આજ પ્રમાણે જે માણસ (જે જીવ) ચારિત્રમોહનીય નામની નિદ્રામાં સૂતો છે, તેને અવ્યક્ત ક્રિયા લાગતી નથી એમ નથી. જો મોહભાવ ક્ષય થાય તો જ અવિરતિરૂપ ચારિત્રમોહનીયની ક્રિયા બંધ પડે છે; તે પહેલાં બંધ પડતી નથી.

ક્રિયાથી થતો બંધ મુખ્ય એવા પાંચ પ્રકારે છે:—

૧ મિથ્યાત્વ	૨ અવિરતિ	૩ કષાય	૪ પ્રમાદ	૫ યોગ
૫	૧૨	૨૫		૧૫

૧૦૫ મિથ્યાત્વની હાજરી હોય ત્યાં સુધી અવિરતિપણું નિર્મૂળ થતું નથી, એટલે જતું નથી; પરંતુ જો મિથ્યાત્વપણું ખસે તો અવિરતિપણાને જવું જ જોઇએ એ નિઃસંદેહ છે; કારણ કે મિથ્યાત્વસહિત વિરતિપણું આદરવાથી મોહભાવ જતો નથી. મોહભાવ કાયમ છે ત્યાં સુધી અભ્યંતર વિરતિપણું થતું નથી, અને પ્રમુખપણે રહેલો એવો જે મોહભાવ તે નાશ પામવાથી અભ્યંતર અવિરતિપણું રહેતું નથી, અને બાહ્ય જો વિરતિપણું આદરવામાં ન આવ્યુ હોય તો પણ જો અભ્યંતર છે તો સહેજે બહાર આવે છે.

૧૦૬ અભ્યંતર વિરતિપણું પ્રાપ્ત થયા પછી અને ઉદય આધીન બાહ્યથી વિરતિપણું ન આદરી શકે તોપણ, જ્યારે ઉદયકાળ સંપૂર્ણ થઈ રહે ત્યારે સહેજે વિરતિપણું રહે છે; કારણ કે અભ્યંતર વિરતિપણું પહેલેથી પ્રાપ્ત થયેલું છે; જેથી હવે અવિરતિપણું છે નહીં, કે તે અવિરતિપણાની ક્રિયા કરી શકે.

૧૦૭ મોહભાવ વડે કરીને જ મિથ્યાત્વ છે. મોહભાવનો ક્ષય થવાથી મિથ્યાત્વનો પ્રતિપક્ષ જે સમ્યક્ત્વભાવ તે પ્રગટે છે, માટે ત્યાં આગળ મોહભાવ કેમ હોય? અર્થાત્ હોતો નથી.

૧૦૮ જો એવી આશંકા કરવામાં આવે કે પાંચ ઇન્દ્રિય અને છઠું મન, તથા પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય, એમ બાર પ્રકારે વિરતિ આદરવામાં આવે તો લોકમાં રહેલા જીવ અને અજીવ રાશિ નામના બે સમૂહ છે તેમાંથી પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય

[illegible]

[illegible]

૧૧૦ [illegible]

---

૧૧૧ [illegible]

૧૧૨ [illegible] દુર્લભ છે!'

---

૧૧૩ [illegible]

---

૧૧૪ [illegible]

૧૧૫ [illegible]

૧૧૬ [illegible]

[illegible]

[illegible]

[illegible]

તે પ્રમાણે એક પછી એક, બીજી, ત્રીજી સમશ્રેણિનો સરવાળો કરતાં જે સરવાળો થાય તે એક ગણું, બે ગણું, ત્રણ ગણું, ચાર ગણું થાય, પણ અસંખ્યાત ગણું ન થાય; પરંતુ એક સમશ્રેણિ જે અસંખ્યાત પ્રદેશવાળી છે તે સમશ્રેણિની દિશાવાળી સઘળી સમશ્રેણિએ જે અસંખ્યાત ગુણી છે તે દરેક અસંખ્યાતાએ ગુણતાં, તેમ જ બીજી દિશાની સમશ્રેણિ છે તેનો પણ ગુણાકાર તે પ્રમાણે કરતાં, ત્રીજી દિશાની છે તેનું પણ તે પ્રમાણે કરતાં અસંખ્યાત થાય. એ અસંખ્યાતાના ભાંગાને જ્યાં સુધી એકબીજાનો ગુણાકાર કરી શકાય ત્યાં સુધી અસખ્યાતા થાય, અને તે ગુણાકારથી કોઈ ગુણાકાર કરવો બાકી ન રહે ત્યારે અસખ્યાત પૂરુ થઈ તેમાં એક ઉમેરતાં જઘન્યમાં જઘન્ય અનંતુ થાય.

---

૧૨૦ નય છે તે પ્રમાણનો અંશ છે. જે નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે, ત્યાં તેટલું પ્રમાણ છે, એ નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે તે સિવાય વસ્તુને વિષે બીજા જે ધર્મ છે તેનો નિષેધ કરવામાં આવ્યો નથી એકી વખતે વાણીદ્વારાએ બધા ધર્મ કહી શકાતા નથી. તેમ જ જે જે પ્રસગ હોય તે તે પ્રસંગે ત્યાં મુખ્યપણે તે જ ધર્મ કહેવામાં આવે છે. ત્યાં ત્યા તે તે નયથી પ્રમાણ છે.

૧૨૧ નયના સ્વરૂપથી આઘે જઈ કહેવામાં આવે છે તે નય નહીં, પરંતુ નયાભાસ થાય છે, અને નયાભાસ ત્યાં મિથ્યાત્વ ઠરે છે

૧૨૨ નય સાત માન્યા છે. તેના ઉપનય સાતસો, અને વિશેષ સ્વરૂપે અનંતા છે, અર્થાત્ જે વાણી છે તે સઘળા નય છે.

૧૨૩ એકાંતિકપણુ ગ્રહવાનો સ્વચ્છંદ જીવને વિશેષપણે હોય છે, અને એકાંતિકપણું ગ્રહવાથી નાસ્તિકપણું થાય છે. તે ન થવા માટે આ નયનું સ્વરૂપ કહેવામાં આવ્યુ છે, જે સમજવાથી જીવ એકાંતિકપણું ગ્રહતો અટકી મધ્યસ્થ રહે છે, અને મધ્યસ્થ રહેવાથી નાસ્તિકતા અવકાશ પામી શકતી નથી.

૧૨૪ નય જે કહેવામા આવે છે તે નય પોતે કંઈ વસ્તુ નથી, પરંતુ વસ્તુનું સ્વરૂપ સમજવા તથા તેની સુપ્રતીતિ થવા પ્રમાણનો અંશ છે.

૧૨૫ અમુક નયથી કહેવામાં આવ્યું ત્યારે બીજા નયથી પ્રતીત થતા ધર્મની અસ્તિ નથી એમ ઠરતું નથી.

---

૧૨૬ કેવળજ્ઞાન એટલે માત્ર જ્ઞાન જ, તે સિવાય બીજું કઈ જ નહીં, અને જ્યારે એમ છે ત્યારે તેને વિષે બીજું કશું સમાતું નથી. સર્વથા સર્વ પ્રકારે રાગદ્વેષનો ક્ષય થાય ત્યારે જ કેવળજ્ઞાન કહેવાય. જો કોઈ અંશે રાગદ્વેષ હોય તો તે ચારિત્રમોહનીયના કારણથી છે. જ્યા આગળ જેટલે અંશે રાગદ્વેષ છે ત્યાં આગળ તેટલે અંશે અજ્ઞાન છે, જેથી કેવળજ્ઞાનમા તે સમાઈ શકતાં નથી, એટલે કેવળજ્ઞાનમાં તે હોતાં નથી; તે એક બીજાનાં પ્રતિપક્ષી છે. જ્યા કેવળજ્ઞાન છે ત્યા રાગદ્વેષ નથી, અથવા જ્યાં રાગદ્વેષ છે ત્યાં કેવળજ્ઞાન નથી.

---

૧૨૭ [illegible]

૧૨૮ [illegible]

૧૨૯ [illegible] … આવ્યું છે. આ [illegible] … પ્રતીતિ [illegible]

૧૩૦ આ [illegible]

૧૩૧ [illegible]

૧૩૨ [illegible]

૧૩૩ [illegible]

૧૩૪ [illegible]

૧૩૫ જેને ગુણાકાર અથવા સરવાળાનું જ્ઞાન થયું છે તે એમ કહે કે નવે નવે એકાશી, ત્યાં આગળ જેને સરવાળા અથવા ગુણાકારનું જ્ઞાન થયું નથી, અર્થાત્ ક્ષયોપશમ થયો નથી તે અનુમાનથી અથવા તર્ક કરી એમ કહે કે '૯૮ થતા હોય તો કેમ ના કહી શકાય ?' તો તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું છે નહીં, કેમકે તેને જ્ઞાન ન હોવાથી તેમ કહે એ સ્વાભાવિક છે. પરંતુ જો તેને ગુણાકારની રીત છોડી (છૂટી છૂટી કરી) એકથી નવ સુધી આંકડા બતાવી નવ વાર ગણાવ્યું હોય તો એકાશી થતાં અનુભવગમ્ય થવાથી તેને સિદ્ધ થાય છે. કદાપ તેના મંદ ક્ષયોપશમથી એકાશી, ગુણાકારથી અથવા સરવાળાથી ન સમજાય તોપણ એકાશી થાય એમાં ફેર નથી. એ પ્રમાણે સિદ્ધાંત આવરણનાં કારણથી ન સમજવામાં આવે તોપણ તે અસિદ્ધાંતપણાને પામતા નથી, એ વાતની ચોકસ પ્રતીતિ રાખવી. છતાં ખાતરી કરવા જરૂર હોય તો તેમાં બતાવ્યા પ્રમાણે કરવાથી ખાતરી થતાં પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે.

૧૩૬ જ્યાં સુધી અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે, અને સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે.

૧૩૭ સિદ્ધાંતના દાખલા :-(૧) 'રાગદ્વેષથી બંધ છે.' (૨) બંધનો ક્ષય થવાથી મુક્તિ થાય છે.' આ સિદ્ધાંતની ખાતરી કરવી હોય તો રાગદ્વેષ છોડો. રાગદ્વેષ સર્વ પ્રકારે છૂટે તો આત્માનો સર્વ પ્રકારે મોક્ષ છે. આત્મા બંધનના કારણથી મુક્ત થઈ શકતો નથી. બંધન છૂટયું કે મુક્ત છે. બંધન થવાનું કારણ રાગદ્વેષ છે. રાગદ્વેષ સર્વથા પ્રકારે છૂટયો કે બંધથી છૂટયો જ છે. તેમાં કશો સવાલ કે શંકા રહેતાં નથી.

૧૩૮ જે સમયે સર્વથા પ્રકારે રાગદ્વેષ ક્ષય થાય, તેને બીજે જ સમયે 'કેવલજ્ઞાન' છે.

---

૧૩૯ જીવ પહેલા ગુણસ્થાનમાંથી આગળ જતો નથી. આગળ જવા વિચાર કરતો નથી. પહેલાથી આગળ શી રીતે વધી શકાય, તેના શું ઉપાય છે, કેવી રીતે પુરુષાર્થ કરવો, તેનો વિચાર પણ કરતો નથી, અને વાતો કરવા બેસે ત્યારે એવી કરે કે તેરમું આ ક્ષેત્રે અને આ કાળે પ્રાપ્ત થતું નથી. આવી આવી ગહન વાતો જે પોતાની શક્તિ બહારની છે, તે તેનાથી શી રીતે સમજી શકાય ? અર્થાત્ પોતાને ક્ષયોપશમ હોય તે ઉપરાંતની વાતો કરવા બેસે તે ન જ સમજી શકાય.

૧૪૦ ગ્રંથિ પહેલે ગુણસ્થાનકે છે તેનું ભેદન કરી આગળ વધી ચોથા સુધી સંસારી જીવો પહોંચ્યા નથી. કોઈ જીવ નિર્જરા કરવાથી ઊંચા ભાવે આવતાં, પહેલામાંથી નીકળવા વિચાર કરી, ગ્રંથિભેદની નજીક આવે છે, ત્યાં આગળ ગાંઠનું એટલું બધું તેના ઉપર જોર થાય છે કે ગ્રંથિભેદ કરવામાં શિથિલ થઈ જઈ અટકી પડે છે; અને એ પ્રમાણે મોળો થઈ પાછો વળે છે. આ પ્રમાણે ગ્રંથિભેદ નજીક અનંતી વાર આવી જીવ પાછો ફર્યો છે. કોઈ જીવ પ્રબળ પુરુષાર્થ કરી, નિમિત્ત કારણનો જોગ પામી કરેડિયાં કરી ગ્રંથિભેદ કરી, આગળ વધી આવે છે, અને જ્યારે ગ્રંથિભેદ કરી આગળ વધ્યો કે ચોથામાં આવે છે, અને ચોથામાં આવ્યો કે વહેલામોડો મોક્ષ થશે, એવી તે જીવને છાપ મળે છે.

૧૨૧ [illegible] છે.

૧૨૨ [illegible] છે.

૧૨૩ [illegible]

૧૨૪ [illegible] છે.

૧૨૫ [illegible]

[illegible]

૧૫૧ મતભેદ અથવા રૂઢિ આદિ નજીવી બાબત છે, અર્થાત્ તેમાં મોક્ષ નથી. માટે ખરી રીતે સત્યની પ્રતીતિ કરવાની જરૂર છે.

---

૧૫૨ શુભાશુભ, અને શુદ્ધાશુદ્ધ પરિણામ ઉપર બધો આધાર છે. અલ્પ અલ્પ બાબતમાં પણ દોષ માનવામાં આવે ત્યાં મોક્ષ થતો નથી. લોકરૂઢિમાં અથવા લોકવ્યવહારમાં પડેલો જીવ મોક્ષતત્વનું રહસ્ય જાણી શકતો નથી, તેનું કારણ તેને વિષે રૂઢિનું અથવા લોકસંજ્ઞાનું માહાત્મ્ય છે. આથી કરી બાદરક્રિયાનો નિષેધ કરવામાં આવતો નથી. જે કાંઈ પણ ન કરતાં તદ્દન અનર્થ કરે છે, તે કરતાં બાદરક્રિયા ઉપયોગી છે. તોપણ તેથી કરી બાદરક્રિયાથી આગળ ન વધવું એમ પણ કહેવાનો હેતુ નથી.

૧૫૩ જીવને પોતાનાં ડહાપણ અને મરજી પ્રમાણે ચાલવું એ વાત મનગમતી છે, પણ તે જીવનું ભૂંડું કરનાર વસ્તુ છે. આ દોષ મટાડવા સારુ પ્રથમ તો કોઈને ઉપદેશ દેવાનો નથી, પણ પ્રથમ ઉપદેશ લેવાનો છે, એ જ્ઞાનીનો ઉપદેશ છે. જેનામાં રાગદ્વેષ ન હોય, તેવાનો સંગ થયા વિના સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. સમ્યક્ત્વ આવવાથી (પ્રાપ્ત થવાથી) જીવ ફરે છે, (જીવની દશા ફરે છે); એટલે પ્રતિકૂળ હોય તો અનુકૂળ થાય છે. જિનની પ્રતિમા (શાંતપણા માટે) જોવાથી સાતમા ગુણસ્થાનકે વર્તતા એવા જ્ઞાનીની જે શાંત દશા છે તેની પ્રતીતિ થાય છે.

૧૫૪ જૈનમાર્ગમાં હાલમા ઘણા ગચ્છ પ્રવર્તે છે, જેવા કે તપગચ્છ, અંચલગચ્છ, લુંકાગચ્છ, ખરતરગચ્છ ઇત્યાદિ. આ દરેક પોતાથી અન્ય પક્ષવાળાને મિથ્યાત્વી માને છે. તેવી રીતે બીજા વિભાગ છ કોટિ, આઠ કોટિ ઇત્યાદિ દરેક પોતાથી અન્ય કોટિવાળાને મિથ્યાત્વી માને છે. વ્યાજબી રીતે નવ કોટિ જોઇએ. તેમાંથી જેટલી ઓછી તેટલુ ઓછું; અને તે કરતાં પણ આગળ જવામાં આવે તો સમજાય કે છેવટે નવ કોટિયે છોડયા વિના રસ્તો નથી.

૧૫૫ તીર્થંકરાદિ મોક્ષ પામ્યા તે માર્ગ પામર નથી. જૈનરૂઢિનું થોડું પણ મૂકવું એ અત્યંત આકરું લાગે છે, તો મહાન અને મહાભારત એવો મોક્ષમાર્ગ તે શી રીતે આદરી શકાશે ? તે વિચારવા યોગ્ય છે.

---

૧૫૬ મિથ્યાત્વપ્રકૃતિ ખપાવ્યા વિના સમ્યક્ત્વ આવે નહીં. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેની દશા અદ્‌ભુત વર્તે. ત્યાંથી ૫, ૬, ૭, અને ૮ મે જઈ બે ઘડીમાં મોક્ષ થઈ શકે છે. એક સમ્યક્ત્વ પામવાથી કેવું અદ્‌ભુત કાર્ય બને છે! આથી સમ્યક્ત્વની ચમત્કૃતિ અથવા તેનું માહાત્મ્ય કોઈ અંશે સમજી શકાય તેમ છે.

૧૫૭ દુર્ધર પુરુષાર્થથી પામવા યોગ્ય મોક્ષમાર્ગ તે અનાયાસે પ્રાપ્ત થતો નથી. આત્મજ્ઞાન અથવા મોક્ષમાર્ગ કોઈના શાપથી અપ્રાપ્ત થતો નથી, કે કોઈના આશીર્વાદથી પ્રાપ્ત થતો નથી. પુરુષાર્થ પ્રમાણે થાય છે, માટે પુરુષાર્થની જરૂર છે.

---

૧૫૮ સૂત્ર, નિર્વાણ, [illegible]

[illegible]

૧૫૯ [illegible]

૧૬૦ [illegible]

---

૧૬૧ [illegible]

૧૬૨ [illegible]

૧૬૩ [illegible]

---

૧૬૪ [illegible]

---

૧૬૫ [illegible]

---

૧૬૬ [illegible]

[illegible]

---

૧૬૯ કર્મપ્રકૃતિ, તેના જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવ, તેનાં બંધ, ઉદય, ઉદીરણા, સંક્રમણ, સત્તા, અને ક્ષયભાવ જે બતાવવામાં આવ્યાં છે (વર્ણવવામાં આવ્યાં છે), તે પરમ સામર્થ્ય વિના વર્ણવી શકાય નહીં. આ વર્ણવનાર જીવકોટિના પુરુષ નહીં, પરંતુ ઈશ્વર કોટિના પુરુષ જોઈએ એવી સુપ્રતીતિ થાય છે

૧૭૦ કઈ કઈ પ્રકૃતિનો કેવા રસથી ક્ષય થયેલો હોવો જોઈએ, કઈ પ્રકૃતિ સત્તામાં છે? કઈ ઉદયમાં છે? કઈ સંક્રમણ કરી છે? આ આદિની રચના કહેનારે, ઉપર મુજબ પ્રકૃતિ સ્વરૂપ માપીને કહ્યુ છે. તે તેમના પરમજ્ઞાનની વાત બાજુએ મૂકીએ તોપણ તે કહેનાર ઈશ્વરકોટિનો પુરુષ હોવો જોઈએ એ ચોક્કસ થાય છે.

૧૭૧ જાતિસ્મરણજ્ઞાન એ મતિજ્ઞાનના 'ધારણા' નામના ભેદમાં સમાય છે. તે પાછલા ભવ જાણી શકે છે. તે જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ આગળ ચાલી શકે છે.

૧૭૨ (૧) તીર્થંકરે આજ્ઞા ન આપી હોય અને જીવ પોતાના સિવાય પરવસ્તુનું જે કાંઈ ગ્રહણ કરે તે પારકું લીધેલું. ને તે અદત્ત ગણાય. તે અદત્તમાંથી તીર્થંકરે પરવસ્તુ જેટલી ગ્રહણ કરવાની છૂટ આપી છે, તેટલાને અદત્ત ગણવામા નથી આવતું. (૨) ગુરુની આજ્ઞા પ્રમાણે કરેલા વર્તનના સંબંધે અદત્ત ગણવામાં આવતું નથી.

૧૭૩ ઉપદેશના ચાર મુખ્ય પ્રકાર છે:-(૧) દ્રવ્યાનુયોગ. (૨) ચરણાનુયોગ. (૩) ગણિતાનુયોગ. (૪) ધર્મકથાનુયોગ.

(૧) લોકને વિષે રહેલાં દ્રવ્યો, તેનાં સ્વરૂપ, તેના ગુણ, ધર્મ, હેતુ, અહેતુ, પર્યાયાદિ અનંત અનંત પ્રકારે છે, તેનું જેમાં વર્ણન છે તે 'દ્રવ્યાનુયોગ'.

(૨) આ દ્રવ્યાનુયોગ સ્વરૂપ સમજાયા પછી કેમ ચાલવું તે સંબંધીનું વર્ણન તે 'ચરણાનુયોગ'

(૩) દ્રવ્યાનુયોગ તથા ચરણાનુયોગથી તેની ગણતરીનું પ્રમાણ, તથા લોકને વિષે રહેલા પદાર્થ, ભાવો, ક્ષેત્ર, કાળાદિની ગણતરીના પ્રમાણની જે વાત તે 'ગણિતાનુયોગ'.

(૪) સત્પુરુષોનાં ધર્મચરિત્રની કથાઓ કે જેનો ધડો લઈ જીવને પડતાં અવલંબનકારી થઈ પરિણમે તે 'ધર્મકથાનુયોગ.'

૧૭૪ પરમાણુમાં રહેલા ગુણ સ્વભાવાદિ કાયમ રહે છે, અને પર્યાય તે ફરે છે. દૃષ્ટાંત તરીકે:- પાણીમાં રહેલો શીતગુણ એ ફરતો નથી, પણ પાણીમાં જે તરંગો ઊઠે છે તે ફરે છે, અર્થાત્ તે એક પછી એક ઊઠી તેમાં સમાઈ જાય છે. આ પ્રમાણે પર્યાય, અવસ્થા અવસ્થાંતર થયા કરે છે, તેથી કરી પાણીને વિષે રહેલ જે શીતલતા અથવા પાણીપણું તે ફરી જતાં નથી, પણ કાયમ રહે છે; અને પર્યાયરૂપ તરંગ તે ફર્યા કરે છે. તેમ જ તે ગુણની હાનિવૃદ્ધિરૂપ ફેરફાર તે પણ પર્યાય છે. તેના વિચારથી પ્રતીતિ અને પ્રતીતિથી ત્યાગ અને ત્યાગથી જ્ઞાન થાય છે.

૧૭૫ તૈજસ અને કાર્માણ શરીર સ્થૂલદેહપ્રમાણ છે. તૈજસ શરીર ગરમી કરે છે, તથા આહાર પચાવવાનું કામ કરે છે, શરીરનાં અમુક અમુક અંગ ઘસવાથી ગરમ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૮૪ મિથ્યાત્વ વડે કરી મિથ્યાત્વ મોળું પડે છે, અને તે કારણથી તે જરા આગળ ચાલ્યો કે તરત તે મિથ્યાત્વગુણસ્થાનકમાં આવે છે.

૧૮૫ ગુણસ્થાનક એ આત્માના ગુણને લઈને છે.

૧૮૬ મિથ્યાત્વમાંથી સાવ ખસ્યો ન હોય પણ થોડો ખસ્યો હોય તોપણ તેથી મિથ્યાત્વ મોળું પડે છે. આ મિથ્યાત્વ પણ મિથ્યાત્વે કરીને મોળું પડે છે. મિથ્યાત્વગુણસ્થાનકે પણ મિથ્યાત્વનો અંશકષાય હોય તે અંશથી પણ મિથ્યાત્વમાંથી મિથ્યાત્વગુણસ્થાનક કહેવામાં આવે છે.

૧૮૭ પ્રયોજનભૂત જ્ઞાનના મૂળમાં, પૂર્ણ પ્રતીતિમાં, તેવા જ આકારમાં મળતા આવતા અન્ય માર્ગની સરખામણીના અંશે સરખાપણારૂપ પ્રતીત થવું તે મિશ્રગુસ્થાનક છે; પરંતુ ફલાણું દર્શન સત્ય છે, અને ફલાણું દર્શન પણ સત્ય છે, એવી બન્ને ઉપર સરખી પ્રતીતિ તે મિશ્ર નહીં પણ મિથ્યાત્વગુણસ્થાનક છે. અમુકથી અમુક દર્શન અમુક અંશે મળતું આવે છે, એમ કહેવામાં સમ્યક્ત્વને બાધ નથી; કારણ કે ત્યાં તો અમુક દર્શનની બીજા દર્શનની સરખામણીમાં પહેલું દર્શન સર્વાંગે પ્રતીતિરૂપ થાય છે.

૧૮૮ પહેલેથી બીજે જવાતું નથી, પરંતુ ચોથેથી પાછા વળતાં પહેલે આવવામાં રહેતો વચલો અમુક કાળ તે બીજું છે. તેને જો ચોથા પછી પાંચમું ગણવામાં આવે તો ચોથાથી પાંચમું ચડી જાય અને અહીં તો સાસ્વાદાન ચોથાથી પતિત થયેલ માનેલ છે, એટલે તે ઊતરતું છે, તેથી પાચમા તરીકે ન મૂકી શકાય પણ બીજા તરીકે મૂકવું એ બરાબર છે.

૧૮૯ આવરણ છે એ વાત નિઃસંદેહ છે; જે શ્વેતામ્બર તથા દિગમ્બર બન્ને કહે છે; પરંતુ આવરણને સાથે લઈ કહેવામાં થોડું એકબીજાથી તફાવતવાળું છે.

૧૯૦ દિગમ્બર કહે છે કે કેવળજ્ઞાન સત્તારૂપે નહીં, પરંતુ શક્તિરૂપે રહ્યું છે.

૧૯૧ જોકે સત્તા અને શક્તિનો સામાન્ય અર્થ એક છે; પરંતુ વિશેષાર્થ પ્રમાણે કંઈક ફેર રહે છે.

---

૧૯૨ દૃઢપણે ઓઘ આસ્થાથી, વિચારપૂર્વક અભ્યાસથી 'વિચારસહિત આસ્થા' થાય છે.

---

૧૯૩ તીર્થંકર જેવા પણ સંસારપક્ષે વિશેષ વિશેષ સમૃદ્ધિના ધણી હતા છતાં તેમને પણ ત્યાગ કરવાની જરૂર પડી હતી, તો પછી અન્ય જીવોને તેમ કરવા સિવાય છૂટકો નથી.

૧૯૪ ત્યાગના બે પ્રકાર છે:—એક બાહ્ય અને બીજો અભ્યંતર. તેમાનો બાહ્ય ત્યાગ તે અભ્યંતર ત્યાગને સહાયકારી છે. ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે, કારણ કે વૈરાગ્ય થયે જ ત્યાગ થાય છે.

૧૯૫ જીવ એમ માને છે કે હું કાંઈક સમજું છું, અને જ્યારે ત્યાગ કરવા ધારીશ ત્યારે એકદમ ત્યાગ કરી શકીશ, પરંતુ તે માનવું ભૂલભરેલું થાય છે. જ્યાં સુધી એવો પ્રસંગ નથી આવ્યો, ત્યા સુધી પોતાનું જોર રહે છે. જ્યારે એવો વખત આવે છે ત્યારે શિથિલપરિણામી થઈ મોળો પડે છે. માટે આસ્તે આસ્તે તપાસ કરવી તથા ત્યાગનો પરિચય કરવા માંડવો, જેથી ખબર પડે કે ત્યાગતી વખત પરિણામ કેવાં શિથિલ થઈ જાય છે?

૪૬૬ [illegible] [illegible], ઉપરાંત [illegible] [illegible] [illegible] થઈ ગઈ છે, [illegible] ઉપરનું [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible]

૪૬૭ [illegible] [illegible] [illegible]

૪૬૮ [illegible] [illegible]

[illegible]

[illegible]

જણાઈ શકે છે. એ પ્રમાણે જ્યારે જેનું સ્વરૂપ વહેલું જણાય ત્યારે તેની સાથે લડાઈ કરવામાં ક્રોધીની ખાતરી થયેથી લડવાની હિમ્મત થાય છે.

---

૨૦૧ ઘનઘાતી એવાં ચાર કર્મ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, જે આત્માના ગુણને આવરનારાં છે, તે એક પ્રકારે ક્ષય કરવાં સહેલાં પણ છે. વેદનીયાદિ કર્મ જે ઘનઘાતી નથી તોપણ તે એક પ્રકારે ખપાવવાં આકરાં છે. તે એવી રીતે કે વેદનીયાદિકર્મનો ઉદય પ્રાપ્ત થાય તે ખપાવવા સારુ ભોગવવાં જ જોઈએ; તે ન ભોગવવાં એવી ઇચ્છા થાય તોપણ ત્યાં તે કામ આવતી નથી; ભોગવવાં જ જોઈએ; અને જ્ઞાનાવરણીયનો ઉદય હોય તે યત્ન કરવાથી ક્ષય થાય છે. ઉદાહરણ તરીકે, એક શ્લોક જે જ્ઞાનાવરણીયના ઉદયથી યાદ રહેતો ન હોય તે બે, ચાર, આઠ, સોળ, બત્રીશ, ચોસઠ, સો અર્થાત્ વધારે વાર ગોખવાથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અથવા ક્ષય થઈ યાદ રહે છે; અર્થાત્ બળવાન થવાથી તે તે જ ભવમાં અમુક અંશે ખપાવી શકાય છે. તેમ જ દર્શનાવરણીય કર્મના સંબંધમાં સમજવું. મોહનીયકર્મ જે મહા જોરાવર તેમ ભોળું પણ છે, તે તરત ખપાવી શકાય છે. જેમ તેની આવણી, વેગ આવવામાં જબ્બર છે, તેમ તે જલદીથી ખસી પણ શકે છે. મોહનીયકર્મનો તીવ્ર બંધ હોય છે, તોપણ તે પ્રદેશબંધ ન હોવાથી તરત ખપાવી શકાય છે. નામ, આયુષ્યાદિ કર્મ, જેનો પ્રદેશબંધ હોય છે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ છેડા સુધી ભોગવવાં પડે છે; જ્યારે મોહનીયાદિ ચાર કર્મ તે પહેલાં ક્ષય થાય છે.

૨૦૨ 'ઘેલછા' એ ચારિત્રમોહનીયનો વિશેષ પર્યાય છે. ક્વચિત્ હાસ્ય, ક્વચિત્ શોક, ક્વચિત્ રતિ, ક્વચિત્ અરતિ, ક્વચિત્ ભય અને ક્વચિત્ જુગુપ્સારૂપે તે જણાય છે. કંઈ અંશે તેનો જ્ઞાનાવરણીયમાં પણ સમાસ થાય છે. સ્વપ્નમાં વિશેષપણે જ્ઞાનાવરણીયના પર્યાય જણાય છે.

૨૦૩ 'સંજ્ઞા' એ જ્ઞાનનો ભાગ છે. પણ 'પરિગ્રહસંજ્ઞા' 'લોભપ્રકૃતિ'માં સમાય છે; 'મૈથુનસંજ્ઞા' 'વેદપ્રકૃતિ'મા સમાય છે; 'આહારસંજ્ઞા' 'વેદનીય'માં સમાય છે; અને 'ભયસંજ્ઞા' 'ભયપ્રકૃતિ'માં સમાય છે.

૨૦૪ અનંત પ્રકારનાં કર્મો મુખ્ય આઠ પ્રકારે અને ઉત્તર એકસો અઠ્ઠાવન પ્રકારે 'પ્રકૃતિ'ના નામથી ઓળખાય છે. તે એવી રીતે કે અમુક અમુક પ્રકૃતિ, અમુક અમુક 'ગુણસ્થાનક' સુધી હોય છે. આવું માપ તોળીને જ્ઞાનીદેવે બીજાઓને સમજાવવા સારુ સ્થૂલ સ્વરૂપે તેનુ વિવેચન કર્યું છે; તેમાં બીજાં કેટલી એક જાતનાં કર્મ અર્થાત્ 'કર્મપ્રકૃતિ' સમાય છે. અર્થાત્ જે પ્રકૃતિનાં નામ 'કર્મગ્રંથ'માં નથી આવતાં, તે તે પ્રકૃતિ ઉપર બતાવેલી પ્રકૃતિના વિશેષ પર્યાય છે, અથવા તે ઉપર બતાવેલી પ્રકૃતિમાં સમાય છે.

૨૦૫ 'વિભાવ' એટલે 'વિરુદ્ધભાવ' નહીં, પરંતુ 'વિશેષભાવ.' આત્મા આત્મારૂપે પરિણમે તે 'ભાવ' છે, અથવા 'સ્વભાવ' છે. જ્યારે આત્મા તથા જડનો સંયોગ થવાથી આત્મા સ્વભાવ કરતાં આગળ જઈ 'વિશેષભાવે' પરિણમે તે 'વિભાવ' છે. આ જ રીતે જડને માટે પણ સમજવું.

૧૦ આયુષ્યકર્મની પ્રકૃતિ બીજા ભવમાં ભોગવાતી નથી.

૧૧ ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધ, અવગાહ (શરીરપ્રમાણ) અને રસ અમુક જીવે અમુક પ્રમાણમાં ભોગવવાં તેનો આધાર આયુષ્યકર્મ ઉપર છે. જેમ કે, એક માણસની સો વર્ષની આયુઃકર્મ પ્રકૃતિનો ઉદય વર્તે છે; તેમાંથી તે એંસીમે વર્ષે અધૂરે આયુષે મરણ પામે તો બાકીનાં વીશ વર્ષ ક્યાં અને શી રીતે ભોગવાય? બીજા ભવમાં ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધાદિ નવેસરથી છે; એકાશીમા વર્ષથી નથી; તેથી કરીને આયુષઉદયપ્રકૃતિ અધવચથી ત્રુટી શકે નહીં. જે જે પ્રકારે બંધ પડ્યો હોય, તે તે પ્રકારે ઉદયમાં આવવાથી કોઈની નજરમાં કદાચ આયુષ ત્રુટવાનું આવે; પરંતુ તેમ બની શકતું નથી.

૧૨ સંક્રમણ, અપકર્ષ, ઉત્કર્ષાદિ કરણનો નિયમ આયુઃકર્મવર્ગણા સત્તામાં હોય ત્યાં સુધી લાગુ થઈ શકે; પણ ઉદયની શરૂઆત થયા પછી લાગુ થઈ શકે નહીં.

૧૩ આયુઃકર્મ પૃથ્વી સમાન છે; અને બીજાં કર્મો ઝાડ સમાન છે. (જો પૃથ્વી હોય તો ઝાડ હોય.)

૧૪ આયુષના બે પ્રકાર છે:–(૧) સોપક્રમ અને (૨) નિરુપક્રમ. આમાંથી જે પ્રકારનું બાંધ્યુ હોય તે પ્રકારનું ભોગવાય છે.

૧૫ ઉપશમ સમ્યક્ત્વ ક્ષયોપશમ થઈ ક્ષાયક થાય; કારણ કે ઉપશમમાં જે પ્રકૃતિઓ સત્તામાં છે તે ઉદય આવી ક્ષય થાય.

૧૬ ચક્ષુ બે પ્રકારે:–(૧) જ્ઞાનચક્ષુ અને (૨) ચર્મચક્ષુ. જેમ ચર્મચક્ષુ વડે એક વસ્તુ જે સ્વરૂપે દેખાય છે તે વસ્તુ દૂરબીન તથા સૂક્ષ્મદર્શકાદિ યંત્રોથી જુદા જ સ્વરૂપે દેખાય છે; તેમ ચર્મચક્ષુ વડે જે સ્વરૂપે દેખાય છે તે જ્ઞાનચક્ષુવડે કોઈ જુદા જ સ્વરૂપે દેખાય, ને તેમ કહેવામાં આવે તે આપણે પોતાના ડહાપણે, અહંપણે ન માનવું તે યોગ્ય નથી.

[૮૬૪-૪]

૪ મોરબી, અષાડ સુદ ૭, બુધ, ૧૯૫૬

૧ શ્રીમાન કુંદકુંદાચાર્યે અષ્ટપાહુડ (અષ્ટપ્રાભૃત) રચેલ છે. પ્રાભૃતભેદ: દર્શનપ્રાભૃત, જ્ઞાનપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, ભાવપ્રાભૃત ઇત્યાદિ. દર્શનપ્રાભૃતમાં જિનભાવનું સ્વરૂપ બતાવ્યું છે.

શાસ્ત્રકર્ત્તા કહે છે કે અન્યભાવો અમે, તમે અને દેવાધિદેવ સુદ્ધાંએ પૂર્વે ભાવ્યા છે, અને તેથી કાર્ય સર્યું નથી, એટલા માટે જિનભાવ ભાવવાની જરૂર છે. જે જિનભાવ શાંત છે, આત્માનો ધર્મ છે, અને તે ભાવ્યેથી જ મુક્તિ થાય છે.

૨ ચારિત્રપ્રાભૃત.

૩ દ્રવ્ય અને તેના પર્યાય માનવામાં નથી આવતા ત્યાં વિકલ્પ થવાથી ગૂંચવાઈ જવું થાય છે. પર્યાય નથી માનેલા તેનું કારણ તેટલે અંશે નહીં પહોંચવાનું છે.

૪ દ્રવ્યના પર્યાય છે એમ સ્વીકારવામા આવે છે ત્યા દ્રવ્યનું સ્વરૂપ સમજવામાં વિકલ્પ રહેતો હોવાથી ગૂંચવાઈ જવું થાય છે, અને તેથી જ રખડવું થાય છે.

૫ સિદ્ધપદ એ દ્રવ્ય નથી. પણ આત્માનો એક શુદ્ધ પર્યાય છે. તે પહેલાં મનુષ્ય વા દેવ હતો ત્યારે તે પર્યાય હતો, એમ દ્રવ્ય શાશ્વત રહી પર્યાયાંતર થાય છે.

૨૪ જ્ઞાની ઉદયને જાણે છે; પણ શાતા અશાતામાં તે પરિણમતા નથી.

૨૫ ઇન્દ્રિયોના ભોગસહિત મુક્તપણું નથી. ઇન્દ્રિયોના ભોગ છે ત્યાં સંસાર છે; ને સંસાર છે ત્યાં મુક્તપણું નથી.

૨૬ મહાન આચાર્યો અને જ્ઞાનીઓમાં દોષ તથા ભૂલ હોય નહીં. આપણાથી ન સમજાય તેને લીધે આપણે ભૂલ માનીએ છીએ. આપણાથી સમજાય તેવું આપણામાં જ્ઞાન નથી માટે તેવું જ્ઞાન પ્રાપ્ત થયે જે જ્ઞાનીનો આશય ભૂલવાળો લાગે છે તે સમજાશે એવી ભાવના રાખવી. એકબીજા આચાર્યોના વિચારમાં કોઈ જગોએ કાંઈ ભેદ જોવામાં આવે તો તેમ થવું ક્ષયોપશમને લીધે સંભવે છે, પણ વસ્તુત્વે તેમાં વિકલ્પ કરવા જેવું નથી.

૨૮ જ્ઞાનીઓ ઘણા ડાહ્યા હતા, વિષયસુખ ભોગવી જાણતા હતા, પાંચે ઇન્દ્રિયો પૂર્ણ હતી; (પાંચે ઇન્દ્રિયો પૂર્ણ હોય તે જ આચાર્યપદવીને યોગ્ય થાય.) છતા આ સંસાર (ઇન્દ્રિયસુખ) નિર્માલ્ય લાગવાથી તથા આત્માના સનાતન ધર્મને વિષે શ્રેયપણું લાગવાથી તેઓ વિષયસુખથી વિરમી આત્માના સનાતન ધર્મમાં જોડાયા છે.

૨૯ અનંતકાળથી જીવ રખડે છે, છતાં તેનો મોક્ષ થયો નહીં. જ્યારે જ્ઞાનીએ એક અંતર્મુહૂર્તમાં મુક્તપણું બતાવ્યુ છે!

૩૦ જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામા વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે.

૩૧ અમુક વસ્તુઓ વ્યવચ્છેદ ગઈ એમ કહેવામાં આવે છે; પણ તેનો પુરુષાર્થ કરવામાં આવતો નથી તેથી વ્યવચ્છેદ ગઈ કહે છે, યદ્યપિ જો તેનો સાચો, જેવો જોઈએ તેવો પુરુષાર્થ થાય તો તે ગુણો પ્રગટે એમાં સંશય નથી. અંગ્રેજોએ ઉદ્યમ કર્યો તો હુન્નરો તથા રાજ્ય પ્રાપ્ત કર્યાં; અને હિંદુસ્તાનવાળાએ ઉદ્યમ ન કર્યો તો પ્રાપ્ત કરી શકયા નહીં, તેથી વિદ્યા (જ્ઞાન) વ્યવચ્છેદ ગઈ કહેવાય નહીં.

૩૨ વિષયો ક્ષય થયા નથી છતાં જે જીવો પોતાને વિષે વર્તમાનમાં ગુણો માની બેઠા છે તે જીવોના જેવી ભ્રમણા ન કરતાં તે વિષયો ક્ષય કરવા ભણી લક્ષ આપવું.

[૮૯૪-૫] ૫ મોરબી, અષાડ સુદ ૮, ગુરુ, ૧૯૫૬

૧ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં પ્રથમ ત્રણથી ચઢિયાતો મોક્ષ; મોક્ષઅર્થે બાકીના ત્રણે છે.

૨ સુખરૂપ આત્માનો ધર્મ છે એમ પ્રતીત થાય છે. તે સોનામાફક શુદ્ધ છે.

૩ કર્મ વડે સુખદુઃખ સહન કરતાં છતાં પરિગ્રહ ઉપાર્જન કરવા તથા તેનું રક્ષણ કરવા સૌ પ્રયત્ન કરે છે. સૌ સુખને ચાહે છે; પણ તે પરતંત્ર છે. પરતંત્રતા પ્રશંસાપાત્ર નથી; તે દુર્ગતિનો હેતુ છે. તેથી ખરા સુખના ઇચ્છકને માટે મોક્ષમાર્ગ વર્ણવ્યો છે.

૪ તે માર્ગ (મોક્ષ) રત્નત્રયની આરાધના વડે સર્વકર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થાય છે.

૫ જ્ઞાનીએ નિરૂપણ કરેલાં તત્ત્વોનો યથાર્થ બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન'.

૬ જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ તત્ત્વો છે. અત્રે પુણ્ય, પાપ આસ્રવમાં ગણેલાં છે.

વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે, તેને પૂર્વપર્યાયનું ભાન રહે નહીં; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે.

૨ એક સુંદર વનમાં તમારા આત્મામાં શું નિર્મળપણું છે, જે તપાસતાં તમોને વધારે વધારે સ્મૃતિ થાય છે કે નહીં ? તમારી શક્તિ પણ અમારી શક્તિની પેઠે સ્ફુરાયમાન કેમ ન થાય ? તેનાં કારણો વિદ્યમાન છે. પ્રકૃતિબંધમાં તેનાં કારણો બતાવ્યાં છે. 'જાતિસ્મરણજ્ઞાન' એ મતિજ્ઞાનનો ભેદ છે.

એક માણસ વીશ વર્ષનો અને બીજો માણસ સો વર્ષનો થઈ મરી જાય તે બેઉ જણે પાંચ વર્ષની ઉંમરે જે જોયુ અથવા અનુભવ્યુ હોય તે જો અમુક વર્ષ સુધી સ્મૃતિમાં રહે, એવી સ્થિતિ હોય તો વીશ વર્ષે મરી જાય તેને એકવીસમે વર્ષે ફરીથી જન્મ્યા પછી સ્મૃતિ થાય, પણ થતું નથી. કારણ કે પૂર્વપર્યાયમાં તેને પૂરતાં સ્મૃતિનાં સાધનો નહીં હોવાથી પૂર્વપર્યાય છોડતાં મૃત્યુઆદિ વેદનાના કારણને લઈને, નવો દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઈ ને, બાલપણામાં મૂઢપણાને લઈને, અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈ ને પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાતિ જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વપર્યાય સ્મૃતિ રહે નહીં તેથી કરી તે નહોતા એમ કહેવાય નહીં. જેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ જો પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમાદિ સાનુકૂળતા (યોગ્યતા) હોય તો 'જાતિસ્મરણજ્ઞાન' થાય. પૂર્વસંજ્ઞા કાયમ હોવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મરણજ્ઞાન' ન થાય.

કદાપિ સ્મૃતિનો કાળ થોડો કહો તો સો વર્ષનો થઈને મરી જાય તેણે પાંચ વર્ષે જે જોયું અથવા અનુભવ્યુ તે પંચાણું વર્ષે સ્મૃતિમાં રહેવું ન જોઈએ. પણ જો પૂર્વસંજ્ઞા કાયમ હોય તો સ્મૃતિમાં રહે.

૩ આત્મા છે. આત્મા નિત્ય છે. પ્રમાણો :—

(૧) બાલકને ધાવતાં ખટખટાવવાનું કોઈ શીખવે છે ? તે પૂર્વાભ્યાસ છે. (૨) સર્પ અને મોરને; હાથી અને સિંહને; ઉંદર અને બિલાડીને સ્વાભાવિક વૈર છે. તે કોઈ શિખવાડતું નથી. પૂર્વભવના વૈરની સ્વાભાવિક સંજ્ઞા છે, પૂર્વજ્ઞાન છે.

૪ નિઃસંગપણું એ વનવાસીનો વિષય છે એમ જ્ઞાનીઓએ કહેલ છે તે સત્ય છે. જેનામાં બે વ્યવહાર, સાંસારિક અને અસાંસારિક હોય તેનાથી નિઃસંગપણું થાય નહીં.

૫ સંસાર છોડયા વિના અપ્રમત્તગુણસ્થાનક નથી. અપ્રમત્તગુણસ્થાનકની સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

૬ 'અમે સમજ્યા છીએ,' 'શાન્ત છીએ,' એમ કહે છે તો ઠગાયા છે.

૭ સંસારમાં રહી સાતમા ગુણસ્થાનની ઉપર વધી શકાતું નથી, આથી સંસારીને નિરાશ થવાનું નથી; પણ તે ધ્યાનમાં રાખવાનું છે.

વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે, તેને પૂર્વપર્યાયનું ભાન રહે નહીં; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે.

૨ એક સુંદર વનમાં તમારા આત્મામાં શું નિર્મળપણું છે, જે તપાસતાં તમોને વધારે વધારે સ્મૃતિ થાય છે કે નહીં? તમારી શક્તિ પણ અમારી શક્તિની પેઠે સ્ફુરાયમાન કેમ ન થાય? તેનાં કારણો વિદ્યમાન છે. પ્રકૃતિબંધમાં તેનાં કારણો બતાવ્યાં છે. 'જાતિસ્મરણજ્ઞાન' એ મતિજ્ઞાનનો ભેદ છે.

એક માણસ વીશ વર્ષનો અને બીજો માણસ સો વર્ષનો થઈ મરી જાય તે બેઉ જણે પાંચ વર્ષની ઉંમરે જે જોયું અથવા અનુભવ્યું હોય તે જો અમુક વર્ષ સુધી સ્મૃતિમાં રહે, એવી સ્થિતિ હોય તો વીશ વર્ષે મરી જાય તેને એકવીસમે વર્ષે ફરીથી જન્મ્યા પછી સ્મૃતિ થાય, પણ થતું નથી. કારણ કે પૂર્વપર્યાયમાં તેને પૂરતાં સ્મૃતિનાં સાધનો નહીં હોવાથી પૂર્વપર્યાય છોડતાં મૃત્યુઆદિ વેદનાના કારણને લઈને, નવો દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઈને, બાલપણામાં મૂઢપણાને લઈને, અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈને પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વપર્યાય સ્મૃતિ રહે નહીં તેથી કરી તે નહોતા એમ કહેવાય નહીં. જેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ જો પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમાદિ સાનુકૂળતા (યોગ્યતા) હોય તો 'જાતિસ્મરણજ્ઞાન' થાય. પૂર્વસંજ્ઞા કાયમ હોવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મરણજ્ઞાન' ન થાય.

કદાપિ સ્મૃતિનો કાળ થોડો કહો તો સો વર્ષનો થઈને મરી જાય તેણે પાંચ વર્ષે જે જોયું અથવા અનુભવ્યું તે પંચાણું વર્ષે સ્મૃતિમાં રહેવું ન જોઈએ. પણ જો પૂર્વસંજ્ઞા કાયમ હોય તો સ્મૃતિમાં રહે.

૩ આત્મા છે. આત્મા નિત્ય છે. પ્રમાણો :—

(૧) બાલકને ધાવતાં ખટખટાવવાનું કોઈ શીખવે છે? તે પૂર્વાભ્યાસ છે. (૨) સર્પ અને મોરને; હાથી અને સિંહને; ઉંદર અને બિલાડીને સ્વાભાવિક વૈર છે. તે કોઈ શિખવાડતું નથી. પૂર્વભવના વૈરની સ્વાભાવિક સંજ્ઞા છે, પૂર્વજ્ઞાન છે.

૪ નિઃસંગપણું એ વનવાસીનો વિષય છે એમ જ્ઞાનીઓએ કહેલ છે તે સત્ય છે. જેનામાં બે વ્યવહાર, સાંસારિક અને અસાંસારિક હોય તેનાથી નિઃસંગપણું થાય નહીં.

૫ સંસાર છોડ્યા વિના અપ્રમત્તગુણસ્થાનક નથી. અપ્રમત્તગુણસ્થાનકની સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

૬ 'અમે સમજ્યા છીએ,' 'શાન્ત છીએ,' એમ કહે છે તે ઠગાયા છે.

૭ સંસારમાં રહી સાતમા ગુણસ્થાનની ઉપર વધી શકાતું નથી, આથી સંસારીને નિરાશ થવાનું નથી; પરંતુ તે ધ્યાનમાં રાખવાનું છે.

૧૫ અશાતાના ઉદયમાં જ્ઞાનની કસોટી થાય છે.

૧૬ પરિણામની ધારા એ ‘થરમૉમિટર’ સમાન છે.

---

૭ મોરબી, અષાડ સુદ ૧૦, શનિ, ૧૯૫૬

૧ મોક્ષમાળામાંથી :—

અસમંજસતા = અમળતાપણું, અસ્પષ્ટતા.

વિષમ = જેમતેમ.

આર્ય = ઉત્તમ. ‘આર્ય’ શબ્દ શ્રી જિનેશ્વરને, મુમુક્ષુને તથા આર્યદેશના રહેનારને માટે વપરાય.

નિક્ષેપ = પ્રકાર, ભેદ, વિભાગ.

ભયંત્રાણ = ભયથી તારનાર, શરણ આપનાર.

૨ હેમચંદ્રાચાર્ય એ ધંધુકાના મોઢ વાણિયા હતા. તે મહાત્માએ કુમારપાલ રાજા પાસે પોતાના કુટુંબને માટે એક ક્ષેત્ર પણ માગ્યું નહોતું, તેમ પોતે પણ રાજઅન્નનો કોળિયો લીધો નહોતો એમ શ્રી કુમારપાળે તે મહાત્માના અગ્નિદાહ વખતે કહ્યું હતું. તેઓના ગુરુ દેવચન્દ્રસૂરિ હતા.

---

૮ મોરબી, અષાડ, સુદ ૧૧, રવિ, ૧૯૫૬

૧ સરસ્વતી = જિનવાણીની ધારા.

૨ (૧) બાંધનાર, (૨) બાંધવાના હેતુ, (૩) બંધન અને (૪) બંધનના ફળથી આખા સંસારનો પ્રપંચ રહ્યો છે એમ શ્રી જિનેંદ્રે કહ્યું છે.

---

૯ મોરબી, અષાડ સુદ ૧૨, સોમ, ૧૯૫૬

૧ શ્રી યશોવિજયજીએ ‘યોગદૃષ્ટિ’ ગ્રંથમાં છઠ્ઠી ‘કાન્તાદૃષ્ટિ’ને વિષે બતાવ્યું છે કે વીતરાગસ્વરૂપ સિવાય બીજે ક્યાંય સ્થિરતા થઈ શકે નહીં; વીતરાગસુખ સિવાય બીજું સુખ નિઃસત્ત્વ લાગે છે, આડંબરરૂપ લાગે છે. પાંચમી ‘સ્થિરાદૃષ્ટિ’માં બતાવ્યું છે કે વીતરાગસુખ પ્રિયકારી લાગે. આઠમી ‘પરાદૃષ્ટિમાં’ બતાવ્યું છે કે ‘પરમાવગાઢ સમ્યક્ત્વ’ સંભવે, જ્યાં કેવળજ્ઞાન હોય.

૨ ‘પાતંજલયોગ’ના કર્તાને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નહોતું, પણ હરિભદ્રસૂરિએ તેમને માર્ગાનુસારી ગણેલ છે.

૩ હરિભદ્રસૂરિએ તે દૃષ્ટિઓ અધ્યાત્મપણે સંસ્કૃતમાં વર્ણવી છે; અને તે ઉપરથી યશોવિજયજી મહારાજે ઢાળરૂપે ગુજરાતીમાં કરેલ છે.

૪ ‘યોગદૃષ્ટિ’માં છયે ભાવ – ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, પારિણામિક, અને સાન્નિપાતિક – નો સમાવેશ થાય છે. એ છ ભાવ જીવના સ્વતત્ત્વભૂત છે.

૫ જ્યાં સુધી યથાર્થ જ્ઞાન થાય નહીં ત્યાં સુધી મૌન રહેવું ઠીક છે. નહીં તો અનાચાર

સરળ :— મતભેદની કડાકૂટ જવા દઈ, આત્મા અને પુદ્ગલ વચ્ચે વહેંચણી કરી, શાંતપણે આત્મા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે; અને દૂર નથી. જેમ કે એક ગ્રંથ વાંચતાં કેટલોક વખત જાય ને તેને સમજતાં વધારે વખત જવો જોઈએ; તે પ્રમાણે અનેક શાસ્ત્રો છે, તે એકેક વાંચ્યા પછી તેનો નિર્ણય કરવા માટે બેસવામાં આવે તો તે હિસાબે પૂર્વાદિકનું જ્ઞાન અને કેવળજ્ઞાન કેમે પ્રાપ્ત થાય નહીં; અર્થાત્ તેમ ભણવામાં આવતાં હોય તો કોઈ દિવસ પાર આવે નહીં; પણ તેની સંકલના છે, ને તે શ્રીગુરુદેવ બતાવે છે કે અંતર્મુહૂર્તમાં મહાત્માઓ તે પ્રાપ્ત કરે છે;

૩ આ જીવે નવપૂર્વ સુધી જ્ઞાન મેળવ્યુ તોપણ કાંઈ સિદ્ધિ થઈ નહીં, તેનું કારણ વિમુખદશાએ પરિણમવાનું છે. જો સન્મુખદશાએ પરિણમ્યા હોય તો તત્ક્ષણ મુક્ત થાય.

૪ પરમશાંત રસમય 'ભગવતી આરાધના' જેવા એક જ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયુ હોય તો બસ છે. કારણ કે આ આરા, કાળમાં તે સહેલું, સરલ છે.

૫ આ આરા (કાળ)માં સંઘયણ સારાં નહીં, આયુષ ઓછાં, દુર્ભિક્ષ, મરકી જેવા સંજોગો વારંવાર બને, તેથી આયુષની કાંઈ નિશ્ચયપૂર્વક સ્થિતિ નથી, માટે જેમ બને તેમ આત્મહિતની વાત તરત જ કરવી. મુલતવી રાખવાથી ભૂલથાપ ખાઈ બેસાય છે. આવા સાંકડા સમયમાં તો છેક જ સાંકડો માર્ગ, પરમશાંત થવું તે ગ્રહણ કરવો. તેથી જ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે.

૬ કામાદિ કોઈક જ વાર આપણાથી હારી જાય છે; નહીં તો ઘણી વાર આપણને થાપ મારી દે છે. એટલા માટે બનતા સુધી જેમ બને તેમ ત્વરાથી તેને તજવાને અપ્રમાદી થવું, જેમ વહેલું થવાય તેમ થવું. શૂરવીરપણાથી તેમ તરત થવાય છે.

૭ વર્તમાનમાં દૃષ્ટિરાગાનુસારી માણસો વિશેષપણે છે.

૮ જો ખરા વૈદ્યની પ્રાપ્તિ થાય તો દેહનો વિધર્મ સહેજે ઔષધિ વડે વિધર્મમાંથી નીકળી સ્વધર્મ પકડે છે. તેવી રીતે જો ખરા ગુરુની પ્રાપ્તિ થાય, તો આત્માની શાંતિ ઘણી જ સુગમતાથી અને સહેજમાં થાય છે. તેથી તેવી ક્રિયા કરવામાં પોતે તત્પર એટલે અપ્રમાદી થવું, પ્રમાદ કરીને ઊલટા કાયર થવું નહીં.

૯ સામાયિક=સંયમ

૧૦ પ્રતિક્રમણ=આત્માની ક્ષમાપના, આરાધના.

૧૧ પૂજા=ભક્તિ.

૧૨ જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ કેવા અનુક્રમે કરવાં તે કહેતાં એક પછી એક પ્રશ્ન ઊઠે, અને તેનો કેમે પાર આવે તેમ નથી. પણ જો જ્ઞાનીની આજ્ઞાથી તે જીવ ગમે તેમ (જ્ઞાનીએ બતાવ્યા પ્રમાણે) વર્તે તોપણ તે મોક્ષના માર્ગમા છે.

૧૩ અમારી આજ્ઞાએ વર્તતાં જો પાપ લાગે તો તે અમે અમારે શિર ઓઢી લઈએ છીએ; કારણ કે જેમ રસ્તા ઉપર કાંટા પડ્યા હોય તે કોઈને વાગશે એમ જાણી માર્ગે જતા ત્યાંથી ઉપાડી લઈ કોઈને જ્યાં ન લાગે તેવી બીજી એકાંત જગોએ કોઈ મૂકે તો કાંઈ તેણે રાજ્યનો ગુનો કર્યો કહેવાય નહીં; તેમ રાજા તેનો દંડ કરે નહીં; તેમ મોક્ષનો શાંત માર્ગ બતાવતાં પાપ કેમ સંભવે?

કેવળીને પણ યોગને લીધે સક્રિયતા છે, અને તેથી બંધ છે; પણ બંધ, અબંધબંધ ગણાય છે. ચૌદમા ગુણસ્થાનકે આત્માના પ્રદેશ અચલ થાય છે. પાંજરામાંહેના સિંહના દૃષ્ટાન્તે: જેમ પાંજરામાં સિંહ જાળીને અડતો નથી, અને સ્થિર થઈ બેસી રહે છે ને કાંઈ ક્રિયા કરતો નથી, તેમ અક્રિય છે. જ્યા પ્રદેશનુ અચલપણું છે ત્યાં અક્રિયતા ગણાય.

૬ 'ચલઈ સો બંધે', યોગનું ચલાયમાન થવું તે 'બંધ'; યોગનું સ્થિર થવું તે અબંધ.

૭ જ્યારે અબંધ થાય ત્યારે મુક્ત થયા કહેવાય.

૮ ઉત્સર્ગ એટલે આમ હોવું જોઈએ અથવા સામાન્ય.

અપવાદ એટલે આમ હોવું જોઈએ પણ તેમ ન બને તો આમ. અપવાદ માટે છીંડી શબ્દને વાપરવો બહુ જ હલકો છે. માટે તે વાપરવો નહીં.

૯ ઉત્સર્ગમાર્ગ એટલે યથાખ્યાતચારિત્ર, જે નિરતિચારવાળું છે ઉત્સર્ગમાં ગુપ્તિ સમાય છે, અપવાદમાં પાંચ સમિતિ સમાય છે. ઉત્સર્ગ અક્રિય છે. અપવાદ સક્રિય છે. ઉત્તમ ઉત્સર્ગમાર્ગ છે; ને તેથી જે ઊતરતો તે અપવાદ છે. ચૌદમું ગુણસ્થાનક ઉત્સર્ગ છે; તેથી નીચેનાં ગુણસ્થાનકો એકબીજાની અપેક્ષાએ અપવાદ છે.

૧૦ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય ને યોગથી એક પછી એક અનુક્રમે બંધ પડે છે.

૧૧ મિથ્યાત્વ એટલે યથાર્થ ન સમજાય તે. મિથ્યાત્વથી વિરતિપણું ન થાય, વિરતિને અભાવે કષાય થાય, કષાયથી યોગનું ચલાયમાનપણું થાય છે. યોગનુ ચલાયમાનપણું તે 'આસ્રવ,' અને તેથી ઊલટું તે 'સંવર'.

૧૨ દર્શનમાં ભૂલ થવાથી જ્ઞાનમાં ભૂલ થાય છે. જેવા રસથી જ્ઞાનમાં ભૂલ થાય તેવી રીતે આત્માનું વીર્ય સ્ફુરાય, અને તે પ્રમાણે પરમાણુ ગ્રહણ કરે ને તેવો જ બંધ પડે; અને તે પ્રમાણે વિપાક ઉદયમાં આવે. બે આંગળીના આંકડિયા પડયા તે રૂપ ઉદય, ને તે મરડવા તે રૂપ ભૂલ, તે ભૂલથી દુઃખ થાય છે એટલે બંધ બંધાય છે. પણ મરડવારૂપ ભૂલ જવાથી આંકડા સહેજે જ જુદા પડે તેમ દર્શનમાંની ભૂલ જવાથી કર્મ ઉદય સહેજે જ વિપાક આપી નિર્જરે છે અને નવો બંધ થતો નથી.

૧૩ દર્શનમાં ભૂલ થાય તેનું ઉદાહરણ : જેમ દીકરો બાપના જ્ઞાનમાં તેમ જ બીજાના જ્ઞાનમાં દેહ અપેક્ષાએ એક જ છે, બીજી રીતે નથી; પરતુ બાપ તેને પોતાનો દીકરો કરી માને છે, તે જ ભૂલ છે. તે જ દર્શનમાં ભૂલ અને તેથી જોકે જ્ઞાનમાં ફેર નથી તોપણ ભૂલ કરે છે; ને તેથી ઉપર પ્રમાણે બંધ પડે છે.

૧૪ જો ઉદયમાં આવ્યા પહેલાં રસમાં મોળાશ કરી નાખવામાં આવે છે તો આત્મપ્રદેશથી કર્મ ખરી જઈ નિર્જરા થાય, અથવા મંદ રસે ઉદય આવે.

૧૫ જ્ઞાનીઓ નવી ભૂલ કરતા નથી, માટે તે અબંધ થઈ શકે છે.

૧૬ જ્ઞાનીઓએ માનેલું છે, કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી; જ્યારે ત્યારે વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઈને હમેશાં નગારાં વાગતાં હોય તેવી કાને પડે છે, અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી.

(માયાથી અર્થાત્ યુક્તિથી પણ થઈ શકે) એટલે તેટલાથી જ આપ અમારા મહત્તમ નથી. (તેટલા ઉપરથી કાંઈ તીર્થંકર વા જિનેન્દ્રદેવનું અસ્તિત્વ માની શકાય નહીં. એવી વિભૂતિ આદિનું કાંઈ અમારે કામ નથી. અમે તો તેનો ત્યાગ કર્યો છે.)

આ આચાર્યે કેમ જાણે ગુફામાંથી નીકળતા તીર્થંકરનું કાંડું પકડી ઉપર પ્રમાણે નિરપેક્ષપણે વચનો કહ્યાં હોય એવો આશય આ સ્થળે બતાવવામાં આવ્યો છે.

૨ આપ્તનાં અથવા પરમેશ્વરનાં લક્ષણો કેવાં હોવાં જોઈએ તે સંબંધી 'તત્ત્વાર્થસૂત્ર'ની ટીકામાં (સર્વાર્થસિદ્ધિમાં) પહેલી ગાથા નીચે પ્રમાણે છે :–

'मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्,
ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्गुणलब्धये.'

સારભૂત અર્થ :– 'મોક્ષમાર્ગસ્ય નેતારં,' (મોક્ષમાર્ગે લઈ જનાર નેતા) એમ કહેવાથી 'મોક્ષ'નું 'અસ્તિત્વ,' 'માર્ગ' અને લઈ 'જનાર' એ ત્રણ વાત સ્વીકારી. જો મોક્ષ છે તો તેનો માર્ગ પણ જોઈએ અને જો માર્ગ છે તો તેનો દ્રષ્ટા પણ જોઈએ, અને જે દ્રષ્ટા હોય તે જ માર્ગે લઈ જઈ શકે. માર્ગે લઈ જવાનું કાર્ય નિરાકાર ન કરી શકે, પણ સાકાર કરી શકે, અર્થાત્ મોક્ષમાર્ગનો ઉપદેશ સાકાર ઉપદેષ્ટા એટલે દેહસ્થિતિએ જેણે મોક્ષ અનુભવ્યો છે એવા કરી શકે. 'ભેત્તારં કર્મભૂભૃતાં' (કર્મરૂપ પર્વતને ભેદવાવાળા) અર્થાત્ કર્મરૂપી પર્વતો તોડયાથી મોક્ષ હોઈ શકે; એટલે જેણે દેહસ્થિતિએ કર્મરૂપી પર્વતો તોડ્યા છે તે સાકાર ઉપદેષ્ટા છે. તેવા કોણ? વર્તમાન દેહે જે જીવન્મુક્ત છે તે. જે કર્મરૂપી પર્વતો તોડી મુક્ત થયા છે તેને ફરી કર્મનું હોવાપણું ન હોય; માટે કેટલાક માને છે તેમ મુક્ત થયા પછી દેહ ધારણ કરે એવા જીવન્મુક્ત ન જોઈએ. 'જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં' (વિશ્વતત્ત્વના જાણનાર) એમ કહેવાથી એમ દર્શાવ્યું કે આપ્ત કેવા જોઈએ કે જે સમસ્ત વિશ્વના જ્ઞાયક હોય. 'વંદે તદ્ગુણલબ્ધયે' (તેના ગુણની પ્રાપ્તિને અર્થે તેને વંદના કરું છું), અર્થાત્ આવા ગુણવાળા પુરુષ હોય તે જ આપ્ત છે અને તે જ વંદન યોગ્ય છે.

૩ મોક્ષપદ બધા ચૈતન્યને સામાન્ય જોઈએ, એક જીવઆશ્રયી નહીં; એટલે એ ચૈતન્યનો સામાન્ય ધર્મ છે. એક જીવને હોય અને બીજા જીવને ન હોય એમ બને નહીં.

૪ 'ભગવતી આરાધના' ઉપર શ્વેતામ્બરઆચાર્યોએ ટીકા કરેલ છે તે જ નામે કહેવાય છે

૫ કરણાનુયોગ કે દ્રવ્યાનુયોગમાં દિગમ્બર અને શ્વેતામ્બર વચ્ચે તફાવત નથી. માત્ર બાહ્ય વ્યવહારમાં તફાવત છે.

૬ કરણાનુયોગમાં ગણિતાકારે સિદ્ધાન્તો મેળવેલા છે. તેમાં તફાવત હોવાનો સંભવ નથી.

૭ કર્મગ્રન્થ મુખ્યપણે કરણાનુયોગમાં સમાય.

૮ 'પરમાત્મપ્રકાશ' દિગમ્બર આચાર્યનો બનાવેલો છે. તે ઉપર ટીકા થઈ છે.

૯ નિરાકુળતા એ સુખ છે. સંકલ્પ એ દુઃખ છે.

૧૦ કાયક્લેશ તપ કરતાં છતાં મહામુનિને નિરાકુળતા અર્થાત્ સ્વસ્થતા જોવામાં

૨૪ ચેતના ત્રણ પ્રકારની :- (૧) કર્મફળચેતના—એકેન્દ્રિય જીવ અનુભવે છે. (૨) કર્મચેતના વિકલેન્દ્રિય તથા પંચેંદ્રિય અનુભવે છે. (૩) જ્ઞાનચેતના – સિદ્ધપર્યાય અનુભવે છે.

૨૫ મુનિઓની વૃત્તિ અલૌકિક હોવી જોઇએ; તેને બદલે હાલ લૌકિક જોવામાં આવે છે.

---

૧ પર્યાયાલોચન = એક વસ્તુને બીજી રીતે વિચારવી તે.

૨ આત્માની પ્રતીતિ માટે સંકલના પ્રત્યે દૃષ્ટાંત : છ ઇન્દ્રિયોમાં મન અધિષ્ઠાતા છે; અને બાકીની પાંચ ઇન્દ્રિયો તેની આજ્ઞા પ્રમાણે વર્તનાર છે; અને તેની સંકલના કરનાર પણ એક મન જ છે મન જો ન હોત તો કોઈ કાર્ય બનત નહીં. વાસ્તવિક રીતે કોઈ ઇન્દ્રિયનુ કાંઈ વળતું નથી. મનનું સમાધાન થાય છે; તે એ પ્રમાણે કે, એક ચીજ આંખે જોઈ, તે લેવા પગે ચાલવા માંડ્યુ, ત્યાં જઈ હાથે લીધી, ને ખાધી ઈત્યાદિ. તે સઘળી ક્રિયાનું સમાધાન મને કર્યું છતાં એ સઘળાનો આધાર આત્મા ઉપર છે.

૩ જે પ્રદેશે વેદના વધારે હોય તે મુખ્યપણે વેદે છે, અને બાકીના ગૌણપણે વેદે છે.

૪ જગતમાં અભવ્યજીવ અનંતા છે. તેથી અનંતગુણા પરમાણુ એક સમયે એક જીવ ગ્રહણ કરે છે, અને મૂકે છે.

૫ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે બાહ્ય અને અભ્યંતર પરિણમતાં પરમાણુ જે ક્ષેત્રે વેદનારૂપે ઉદયમા આવે ત્યાં એકઠાં થઈ ત્યાં તે રૂપે પરિણમે, અને ત્યાં જેવા પ્રકારનો બંધ હોય તે ઉદયમા આવે પરમાણુઓ માથામાં એકઠાં થાય તો ત્યાં માથાના દુઃખાવાને આકારે પરિણમે છે, આંખમાં આંખની વેદનાના આકારે પરિણમે છે.

૬ એનુ એ જ ચૈતન્ય સ્ત્રીને સ્ત્રીરૂપે અને પુરુષને પુરુષરૂપે પરિણમે છે; અને ખોરાક પણ તથા પ્રકારના જ આકારે પરિણમી પુષ્ટિ આપે છે.

૭ પરમાણુ પરમાણુને શરીરમાં લડતાં કોઇએ જોયાં નથી; પણ તેનું પરિણામવિશેષ જાણવામાં આવે છે. તાવની દવા તાવ અટકાવે છે એ જાણી શકીએ છીએ, પણ અંદર શું ક્રિયા થઈ તે જાણી શકતા નથી, એ દૃષ્ટાંતે કર્મબંધ થતો જોવામાં આવતો નથી, પણ વિપાક જોવામાં આવે છે.

૮ અનાગાર = જેને વ્રતને વિષે અપવાદ નહી તે.

૯ અણગાર = ઘરવિનાના.

૧૦ સમિતિ = સમ્યક્ પ્રકારે જેની મર્યાદા રહી છે તે મર્યાદાસહિત, યથાસ્થિતપણે પ્રવર્તવાનો જ્ઞાનીઓએ જે માર્ગ કહ્યો છે તે માર્ગ પ્રમાણે માપસહિત પ્રવર્તવું તે.

૧૧ સત્તાગત = ઉપશમ.

૧૨ શ્રમણ ભગવાન = સાધુ ભગવાન અથવા મુનિ ભગવાન.

૧૩ અપેક્ષા = જરૂરિયાત, ઇચ્છા.

૧૪ સાપેક્ષ = બીજા કારણ, હેતુની જરૂરિયાત ઇચ્છે છે તે.

૧૫ સાપેક્ષત્વ [illegible] અપેક્ષાએ = એકબીજાને [illegible]

૧૦ આત્માના આઠ રુચક પ્રદેશ પોતાનું સ્થાન ન બદલે. સામાન્ય રીતે સ્થૂલ નયથે એ આઠ પ્રદેશ નાભિના કહેવાય; સૂક્ષ્મપણે ત્યાં અસંખ્યાતા પ્રદેશ કહેવાય.

૧૧ એક પરમાણુ એકપ્રદેશી છતાં છ દિશાને સ્પર્શે. ચાર દિશા તથા એક ઊર્ધ્વ અને બીજી અધો એ મળી છ દિશા.

૧૨ નિયાણું એટલે નિદાન.

૧૩ આઠ કર્મ બધાં વેદનીય છે; કારણ કે બધાં વેદાય છે; પરંતુ લોકપ્રસિદ્ધ વેદવું થતું નહીં હોવાથી લોકપ્રસિદ્ધ વેદનીય કર્મ જુદું ગણ્યુ છે.

૧૪ કાર્મણ, તૈજસ, આહારક, વૈક્રિય અને ઔદારિક એ પાંચ શરીરનાં પરમાણુ એકનાં એક એટલે સરખાં છે; પરંતુ તે આત્માના પ્રયોગ પ્રમાણે પરિણમે છે.

૧૫ અમુક અમુક મગજમાંની નસો દાબવાથી ક્રોધ, હાસ્ય, ઘેલછા ઉત્પન્ન થાય છે. શરીરમાં મુખ્યમુખ્ય સ્થળો જીભ, નાસિકા ઇત્યાદિ પ્રગટ જણાય છે તેથી માનીએ છીએ, પણ આવાં સૂક્ષ્મ સ્થાનો પ્રગટ જણાતાં નથી એટલે માનતા નથી; પણ તે જરૂર છે.

૧૬ વેદનીય કર્મ એ નિર્જરારૂપે છે, પણ દવા ઇત્યાદિ તેમાંથી ભાગ પડાવી જાય.

૧૭ જ્ઞાનીએ એમ કહ્યુ છે કે આહાર લેતાંય દુઃખ થતું હોય અને છોડતાંય દુઃખ થતું હોય ત્યાં સલેખના કરવી. તેમા પણ અપવાદ હોય છે. જ્ઞાનીએ કાંઈ આત્મઘાત કરવાની ભલામણ કરી નથી.

૧૮ જ્ઞાનીએ અનંત ઔષધિ અનંતા ગુણોસંયુક્ત જોઈ છે, પરંતુ મોત મટાડી શકે એવી ઔષધિ કોઈ જોવામાં આવી નહીં! વૈદ્ય અને ઔષધિ એ નિમિત્તરૂપ છે.

૧૯ બુદ્ધદેવને રોગ, દરિદ્રતા, વૃદ્ધાવસ્થા અને મોત એ ચાર બાબત ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો.

---

૧૮ મોરબી, અષાડ વદ ૫, ભોમ, ૧૯૫૬

૧ ચક્રવર્તીને ઉપદેશ કરવામાં આવે તો તે ઘડીકમાં રાજ્યનો ત્યાગ કરે. પણ ભિક્ષુકને અનંત તૃષ્ણા હોવાથી તે પ્રકારનો ઉપદેશ તેને અસર કરે નહીં.

૨ જો એક વખત આત્મામાં અંતર્વૃત્તિ સ્પર્શી જાય, તો અર્ધપુદ્ગલ પરાવર્તન રહે એમ તીર્થંકરાદિએ કહ્યું છે. અંતર્વૃત્તિ જ્ઞાનથી થાય છે. અંતવૃત્તિ થયાનો આભાસ એની મેળે (સ્વભાવે જ) આત્મામાં થાય છે; અને તેમ થયાની ખાતરી પણ સ્વાભાવિક થાય છે. અર્થાત્ આત્મા 'થરમૉમિટર' સમાન છે. તાવ હોવાની તેમ તાવ ઊતરી જવાની ખાતરી 'થરમૉમિટર' આપે છે. જોકે 'થરમૉમિટર' તાવની આકૃતિ બતાવતું નથી, છતાં તેથી પ્રતીતિ થાય છે. તેમ અંતર્વૃત્તિ થયાની આકૃતિ જણાતી નથી, છતાં અંતર્વૃત્તિ થઈ છે એમ આત્માને પ્રતીતિ થાય છે. ઔષધ કેવી રીતે તાવ ઉતારે છે તે કાંઈ બતાવતું નથી, છતાં ઔષધથી તાવ મટી જાય છે, એમ પ્રતીતિ થાય છે; એ જ રીતે અંતર્વૃત્તિ થયાની એની મેળે જ પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ તે 'પરિણામપ્રતીતિ' છે.

છે, પરંતુ તેની અસર ઝેરરૂપે દરેક ઇન્દ્રિયને જુદે જુદે પ્રકારે આખે શરીરે થાય છે. આ જ રીતે કર્મ બાંધતી વખત મુખ્ય ઉપયોગ એક પ્રકૃતિનો હોય છે; પરંતુ તેની અસર અર્થાત્ વહેંચણ બીજી સર્વ પ્રકૃતિઓને અન્યોન્યના સંબંધને લઈને મળે છે. જેવો રસ તેવું ગ્રહણ કરવું થાય. જે ભાગમાં સર્પદંશ થાય તે ભાગ કાપી નાંખવામાં આવે, તો ઝેર ચઢતું નથી; તે જ પ્રમાણે પ્રકૃતિનો ક્ષય કરવામાં આવે તો બંધ પડતો અટકે છે, અને તેને લીધે બીજી પ્રકૃતિઓમાં વહેંચણ થતી અટકે છે. બીજા પ્રયોગથી જેમ ચઢેલું ઝેર પાછું ઊતરે છે, તેમ પ્રકૃતિનો રસ મંદ કરી નાંખવામાં આવે તો તેનું બળ ઓછું થાય છે. એક પ્રકૃતિ બંધ કરે કે બીજી પ્રકૃતિઓ તેમાંથી ભાગ લે; એવો તેમાં સ્વભાવ રહેલો છે.

મૂળ કર્મપ્રકૃતિનો ક્ષય થયો ન હોય ત્યાં સુધી ઉત્તર કર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ થયો હોય તોપણ તેનો બંધ મૂળ પ્રકૃતિમાં રહેલા રસને લીધે પડી શકે છે, તે આશ્ચર્ય જેવું છે. જેમ દર્શનાવરણીયમાં નિદ્રા–નિદ્રા આદિ.

૫ અનંતાનુબંધી કર્મપ્રકૃતિની સ્થિતિ ૪૦ કોડાકોડિની, અને મોહનીય (દર્શનમોહનીય)ની ૭૦ કોડાકોડિની છે.

---

૨૩ મોરબી, અષાડ વદ ૯, શુક્ર, ૧૯૫૬

૧ આયુનો બંધ એક આવતા ભવનો આત્મા કરી શકે. તેથી વધારે ભવનો ન કરી શકે.

૨ કર્મગ્રન્થના બંધચક્રમાં આઠે કર્મપ્રકૃતિ જે બતાવી છે તેની ઉત્તર પ્રકૃતિઓ એક જીવઆશ્રયી અપવાદ સાથે બંધ ઉદયાદિમાં છે, પરંતુ તેમાં આયુ અપવાદરૂપે છે. તે એવી રીતે કે મિથ્યાત્વગુણસ્થાનકવર્તી જીવને બંધમાં ચાર આયુની પ્રકૃતિનો (અપવાદ) જણાવ્યો છે, તેમાં એમ સમજવાનું નથી કે ચાલતા પર્યાયમાં ચારે ગતિના આયુનો બંધ કરે; પરંતુ આયુનો બંધ કરવા માટે વર્તમાનપર્યાયમાં એ ગુણસ્થાનકવર્તી જીવને ચાર ગતિ ખુલ્લી છે. તેમાં ચારમાંથી એક એક ગતિનો બંધ કરી શકે. તે જ પ્રમાણે જે પર્યાયમાં જીવ હોય તેને તે આયુનો ઉદય હોય. મતલબ કે ચાર ગતિમાંથી વર્તમાન એક ગતિનો ઉદય હોઈ શકે; ને ઉદીરણા પણ તેની જ હોઈ શકે.

૩ ૭૦ કોડાકોડિનો મોટામાં મોટો સ્થિતિબંધ છે. તેમાં અસંખ્યાતા ભવ થાય. વળી પાછો તેવો ને તેવો ક્રમે ક્રમે બંધ પડતો જાય. એવા અનંત બંધની અપેક્ષાએ અનંતા ભવ કહેવાય; પણ અગાઉ કહ્યા પ્રમાણે જ ભવનો બંધ પડે.

---

૨૪ મોરબી, અષાડ વદ ૧૦, શનિ, ૧૯૫૬

૧ વિશિષ્ટ–મુખ્યપણે–મુખ્યપણાવાચક શબ્દ છે.

૨ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ ત્રણ પ્રકૃતિ ઉપશમભાવમાં હોઈ શકે જ નહીં, ક્ષયોપશમભાવે જ હોય. એ પ્રકૃતિ જો ઉપશમભાવે તો આત્મા જડવત્ થઈ જાય; અને ક્રિયા પણ કરી શકે નહીં; અથવા તો તેનાથી પ્રવર્તન પણ થઈ શકે નહીં. જ્ઞાનનું કામ જાણવાનું છે, દર્શનનું કામ દેખવાનું છે અને વીર્યનું કામ પ્રવર્તવાનું છે. વીર્ય બે પ્રકારે પ્રવર્તી શકે છે.–(૧) અભિસંધિ (૨) અનભિસંધિ. અભિસંધિ = આત્માની પ્રેરણાથી

૬ દર્શન = જગતના કોઈ પણ પદાર્થનું ભેદરૂપ રસગંધરહિત નિરાકાર પ્રતિબિંબિત થવું, તેનુ અસ્તિત્વ જણાવું; નિર્વિકલ્પપણે કાંઈ છે એમ આરસીના ઝળકારાની પેઠે સામા પદાર્થનો ભાસ થવો એ 'દર્શન'. વિકલ્પ થાય ત્યાં 'જ્ઞાન' થાય.

૭ દર્શનાવરણીય કર્મના આવરણને લઈને દર્શન અવગાઢપણે અવરાયુ હોવાથી, ચેતનમાં મૂઢતા થઈ ગઈ, અને ત્યાંથી શૂન્યવાદ શરુ થયો.

૮ દર્શન રોકાય ત્યાં જ્ઞાન પણ રોકાય.

૯ દર્શન અને જ્ઞાનની વહેંચણ કરવામાં આવી છે. જ્ઞાન, દર્શનના કાંઈ કટકા થઈ જુદા પડી શકે એમ નથી. એ આત્માના ગુણો છે. રૂપિયાના બે અર્ધા તે જ રીતે આઠ આના દર્શન, અને આઠ આના જ્ઞાન છે.

૧૦ તીર્થંકરને એક સમયે દર્શન અને તે જ સમયે જ્ઞાન એમ બે ઉપયોગ દિગમ્બરમત પ્રમાણે છે, શ્વેતામ્બરમત પ્રમાણે નથી. ૧૨ મા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એમ ત્રણ પ્રકૃતિનો ક્ષય એકસાથે થાય છે, અને ઉત્પન્ન થતી લબ્ધિ પણ સાથે થાય છે જો એક સમયે ન થતું હોય તો એકબીજી પ્રકૃતિએ ખમવું જોઈએ. શ્વેતામ્બર કહે છે કે જ્ઞાન સત્તામાં રહેવું જોઈએ, કારણ એક સમયે બે ઉપયોગ ન હોય; પણ દિગમ્બરની તેથી જુદી માન્યતા છે.

૧૧ શૂન્યવાદ = કાંઈ નથી એમ માનનાર, એ બૌદ્ધ ધર્મનો એક ફાંટો છે. આયતન = કોઈ પણ પદાર્થનુ સ્થળ, પાત્ર. કૂટસ્થ = અચળ, ન ખસી શકે એવો. તટસ્થ = કાંઠે, તે સ્થળે. મધ્યસ્થ = વચમાં.

---

૨૭ મોરબી, અષાડ વદ ૧૩, ભોમ, ૧૯૫૬

૧ ચયોપચય = જવુંજવું, પણ પ્રસંગવશાત્ આવવુંજવું, ગમનાગમન. માણસના જવા આવવાને લાગુ પડે નહીં. શ્વાસોચ્છ્વાસ ઇત્યાદિ સૂક્ષ્મ ક્રિયાને લાગુ પડે. ચયવિચય = જવુંઆવવું.

૨ આત્માનું જ્ઞાન જ્યારે ચિંતામાં રોકાય છે ત્યારે નવા પરમાણુ ગ્રહણ થઈ શકતા નથી; ને જે હોય છે તેનુ જવું થાય છે તેથી શરીરનુ વજન ઘટી જાય છે.

૩ શ્રી 'આચારાંગસૂત્ર'ના પહેલા અધ્યયન શસ્ત્રપરિજ્ઞામાં અને શ્રી ષડ્દર્શનસમુચ્ચયમાં મનુષ્ય અને વનસ્પતિના ધર્મની તુલના કરી વનસ્પતિમાં આત્મા હોવાનુ સિદ્ધ કરી બતાવ્યુ છે, તે એવી રીતે કે બન્ને જન્મે છે, વધે છે, આહાર લે છે, પરમાણુ લે છે, મૂકે છે, મરે છે, ઇત્યાદિ.

---

૨૮ મોરબી, શ્રાવણ સુદ ૩, રવિ, ૧૯૫૬

૧ સાધુ = સામાન્યપણે ગૃહવાસ ત્યાગી, મૂળગુણના ધારક તે. યતિ = ધ્યાનમાં સ્થિર થઈ શ્રેણિ માંડનાર. મુનિ = જેને અવધિ, મનઃપર્યવ જ્ઞાન હોય તથા કેવળજ્ઞાન હોય તે. ઋષિ = બહુ ઋદ્ધિધારી હોય તે. ઋષિના ચાર ભેદ: (૧) રાજ૦ (૨) બ્રહ્મ૦ (૩) દેવ૦ (૪) પરમ૦ રાજર્ષિ = ઋદ્ધિવાળા. બ્રહ્મર્ષિ = અસીમ મહાન ઋદ્ધિવાળા. દેવર્ષિ = આકાશગામી મુનિદેવ. પરમર્ષિ = કેવળજ્ઞાની.

---

૯ આર્તધ્યાનનો સમાવેશ મુખ્ય કરીને કષાયમાં થઈ શકે, 'પ્રમાદ'નો 'ચારિત્રમોહ'માં અને 'યોગ'નો 'નામકર્મ'માં થઈ શકે.

૧૦ શ્રવણ એ પવનની લહેર માફક છે તે આવે છે, અને ચાલ્યુ જાય છે.

૧૧ મનન કરવાથી છાપ બેસે છે, અને નિદિધ્યાસન કરવાથી ગ્રહણ થાય છે.

૧૨ વધારે શ્રવણ કરવાથી મનનશક્તિ મંદ થતી જોવામાં આવે છે.

૧૩ પ્રાકૃતજન્ય એટલે લોકમાં કહેવાતું વાકય, જ્ઞાનીનું વાકય નહીં.

૧૪ આત્મા સમય સમય ઉપયોગી છતાં અવકાશની ખામી અથવા કામના બોજાને લઈને તેને આત્માસંબંધી વિચાર કરવાનો વખત મળી શકતો નથી એમ કહેવું એ પ્રાકૃતજન્ય 'લૌકિક' વચન છે. જો ખાવાનો પીવાનો ઊંઘવા ઇત્યાદિનો વખત મળ્યો ને કામ કર્યું તે પણ આત્માના ઉપયોગ વિના નથી થયુ, તો પછી ખાસ જે સુખની આવશ્યકતા છે, ને જે મનુષ્યજન્મનું કર્તવ્ય છે તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઈ કાળે સાચું માની શકે નહીં. એનો અર્થ એટલો જ છે કે બીજાં ઇન્દ્રિયાદિક સુખનાં કામો જરૂરનાં લાગ્યાં છે, અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે

આત્મિક સુખના વિચારનું કામ કર્યા વિના અનંતો કાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે એ વાત જરૂરની નથી લાગતી! મતલબ આ ચૈતન્યે કૃત્રિમ માન્યુ છે. સાચુ માન્યુ નથી.

૧૫ સમ્યગ્દૃષ્ટિ પુરુષો કર્યા વિના ચાલે નહી એવા ઉદયને લીધે લોકવ્યવહાર નિર્દોષપણે લજ્જાયમાનપણે કરે છે. પ્રવૃત્તિ કરવી જોઈએ તેથી શુભાશુભ જેમ બનવાનું હશે તેમ બનશે એવી દૃઢ માન્યતાની સાથે ઉપલક પ્રવૃત્તિ કરે છે.

૧૬ બીજા પદાર્થો ઉપર ઉપયોગ આપીએ તો આત્માની શક્તિ આવિર્ભાવ થાય છે, તો સિદ્ધિ લબ્ધિ આદિ શંકાને પાત્ર નથી. તે પ્રાપ્ત થતી નથી તેનુ કારણ આત્મા નિરાવરણ નથી કરી શકાતો એ છે. એ શક્તિ બધી સાચી છે. ચૈતન્યમાં ચમત્કાર જોઈએ, તેનો શુદ્ધ રસ પ્રગટવો જોઈએ. એવી સિદ્ધિવાળા પુરુષો અશાતાની શાતા કરી શકે છે, તેમ છતા તેની અપેક્ષા કરતા નથી તે વેદવામા જ નિર્જરા સમજે છે.

૧૭ તમો જીવોમાં ઉલ્લાસમાન વીર્ય કે પુરુષાર્થ નથી. વીર્ય મંદ પડયું ત્યાં ઉપાય નથી.

૧૮ અશાતાનો ઉદય ન હોય ત્યારે કામ કરી લેવું એમ જ્ઞાનીપુરુષોએ જીવનું અસામર્થ્યવાનપણુ જોઈને કહેલુ છે; કે જેથી તેનો ઉદય આવ્યે ચળે નહી.

૧૯ સમ્યગ્દૃષ્ટિ પુરુષને નાખુદાની માફક પવન વિરુદ્ધ હોવાથી વહાણ મરડી રસ્તો બદલવો પડે છે. તેથી તેઓ પોતે લીધેલો રસ્તો ખરો નથી એમ સમજે છે; તેમ જ્ઞાનીપુરુષો ઉદયવિશેષને લઈને વ્યવહારમાં પણ અંતરાત્મદૃષ્ટિ ચૂકતા નથી.

૨૦ ઉપાધિમાં ઉપાધ રાખવી. સમાધિમાં સમાધિ રાખવી. અંગ્રેજોની માફક કામકાળે કામ અને આરામટાણે આરામ એકબીજાને સેળભેળ કરી દેવાં ન જોઈએ.

૨૧ વ્યવહારમાં આત્મકર્તવ્ય કરતા રહેવું. સુખદુઃખ, ધનપ્રાપ્તિ અપ્રાપ્તિ – એ શુભાશુભ તથા લાભાંતરાયના ઉદય ઉપર આધાર રાખે છે. શુભના ઉદયની સાથે અગાઉથી અશુભના

૪૪૨-૧ મુંબઈ, ચૈત્ર વદ ૭, ૧૯૪૯

ચિત્તમાં તમે પરમાર્થની ઇચ્છા રાખો છો એમ છે, તથાપિ તે પરમાર્થની પ્રાપ્તિને અત્યંતપણે બાધ કરવાવાળા એવા જે દોષ તે પ્રત્યે અજ્ઞાન, ક્રોધ, માનાદિના કારણથી ઉદાસ થઈ શકતા નથી અથવા તેની અમુક વળગણામાં રુચિ વર્તે છે, તે પરમાર્થને બાધ કરવાનાં કારણ જાણી અવશ્ય સર્પના વિષની પેઠે ત્યાગવા યોગ્ય છે. કોઈનો દોષ જોવો ઘટતો નથી, સર્વ પ્રકારે જીવના દોષનો જ વિચાર કરવો ઘટે છે; એવી ભાવના અત્યંતપણે દૃઢ કરવા યોગ્ય છે. જગતદૃષ્ટિએ કલ્યાણ અસંભવિત જાણી આ કહેલી વાત ધ્યાનમાં લેવાજોગ છે, એ વિચાર રાખવો.

આ પત્ર પહેલાની આવૃત્તિમા નથી, છતા પહેલાંની 'તત્ત્વજ્ઞાન'ની આવૃત્તિઓમા છપાયેલ છે. તેથી તેની મિતિને અનુસરી તેને પત્ર ૪૪૨ પછી મૂકવા યોગ્ય છે. છતા ત્યાં મૂકવાનો રહી ગયો હોવાથી અહીં આંક ૪૪૨-૧ તરીકે મૂક્યો છે.

વયક્રમમાં શ્રીમદ્‌ના કેટલાક અંગત અભિપ્રાયો આવી જાય છે. તે ઉપરાંત તેમનુ આભ્યંતરપરિણામ-અવલોકન (Introspection) લખેલ ત્રણ હાથનોંધ (Memo–Books) પ્રાપ્ત થયેલ તે અત્રે મૂકીએ છીએ. હાથનોંધમાં સ્વાલોચનાથી ઉદ્‌ભવેલા પૃથક્‌–પૃથક્‌ ઉદ્‌ગારો સ્વઉપયોગાર્થે ક્રમરહિત લખેલા છે આ હાથનોંધમાં બે વિલાયતના બાંધાની છે, અને એક અહીંના બાંધાની છે. પ્રથમની બેમાંની એકના પૂંઠા ઉપર અંગ્રેજી વર્ષ ૧૮૯૦નું, અને બીજામાં ૧૮૯૬નુ ‘ કેલેન્ડર ’ છે. અહીંવાળીમાં નથી. વિલાયતવાળી બન્નેના કદ ઇંચ ૭×૪½ છે: અને અહીવાળીનુ કદ ઇચ ૬¾×૪ છે. ૧૮૯૦ વાળીમા ૧૦૦, ૧૮૯૬ વાળીમાં ૧૧૬ અને ત્રીજી અહીંવાળીમાં ૬૦ પાના (Leaves) છે, આ ત્રણેમાં ઘણુ કરી એકે લેખ ક્રમવાર નથી. દૃષ્ટાંત તરીકે, ૧૮૯૦ વાળી હાથનોંધ લખવાનો પ્રારંભ બીજા પાના (ત્રીજા પૃષ્ઠ)થી ‘ સહજ ’ એ મથાળા નીચેનો લેખ જોતાં થયો જણાય છે. આ પ્રારંભલેખની શૈલી જોતાં તે અગ્રેજી વર્ષ ૧૮૯૦ અથવા વિક્રમ સંવત ૧૯૪૬માં લખાયો હોય એમ સંભવે છે. આ પ્રારંભલેખ બીજા પાના–ત્રીજા પૃષ્ઠ–માં છે; જ્યારે પ્રારંભલેખ લખતી–વેળા પહેલુ પૃષ્ઠ મૂકી દીધેલું તે પાછળથી લખ્યુ છે. આ જ રીતે ૫૧ મા પૃષ્ઠમાં સવત ૧૯૫૧ ના પોષ માસની મિતિનો લેખ છે. ત્યાર પછી ૬૨મા પૃષ્ઠમા સંવત ૧૯૫૩ના ફાગણ વદ ૧૨નો લેખ છે. અને ૯૭મા પૃષ્ઠમાં સવત ૧૯૫૧ના મહા સુદ ૭નો લેખ છે; જ્યારે ૧૩૦મા પૃષ્ઠમાં જે લેખ છે તે સવત ૧૯૪૭નો સભવે છે કેમકે તે લેખનો વિષય દર્શન–આલોચનારૂપ છે. જે દર્શન–આલોચના સવત ૧૯૪૭માં સમ્યગ્‌દર્શન (જુઓ હાથનોંધ પહેલીનો આંક ૩૧–‘ ઓગણીસે સુડતાળીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યુ રે ’–) થવા પૂર્વે હોવા યોગ્ય છે. વળી ૧૮૯૬ એટલે સંવત ૧૯૫૨ વાળી હાથનોંધ લખવી શરૂ કર્યા પછી તેમા જ લખ્યુ એમ પણ નથી કેમકે સંવત ૧૯૫૨ વાળી નવી હાથનોંધ છતાં ૧૮૯૦ (૧૯૪૬) વાળી હાથનોંધમાં સંવત ૧૯૫૩ના લેખો છે. સવત ૧૯૫૨ (૧૮૯૬) વાળી હાથનોંધ પૂરી થઈ રહ્યા પછી ત્રીજી અહીના બાંધાવાળી વાપરી છે એમ પણ નથી, કેમકે ૧૮૯૬ વાળીમાં ૨૭ પાનાં વાપર્યાં છે; અને ત્યાર પછી તમામ કોરાં પડ્યાં છે. અને ત્રીજી અહીના બાંધાવાળીમાં કેટલાક લેખો છે જેમ સંવત ૧૮૯૬ વાળી મેમોબુકમાં સંવત ૧૯૫૪ના જ લેખ છે, તેમ અહીંના બાંધાવાળીમા પણ છે તેવી જ રીતે ૧૮૯૦ વાળીમાં સંવત ૧૯૫૩ના જ લેખ હશે અને ત્યાર પછીના નહીં હોય એમ પણ કહી શકવું શક્ય નથી તેમ ત્રણે મેમોબુકમા વચમાં વચમા ઘણાં પાનાંઓ કેવળ કોરાં પડતર છે: અર્થાત્ એમ અનુમાન થાય છે કે, જ્યારે જે મેમોબુક હાથ આવી, અને ઉઘાડતા જે પાનું નીકળ્યું તેમાં ક્વચિત્–ક્વચિત્ સ્વાલોચના પોતાને જ જાણવાને અર્થે લખી વાળેલ છે. જે અંગત લેખો વયક્રમમાં છે તે, અને આ ત્રણે મેમોબુક લેખો સ્વાલોચના અર્થે છે; તેટલા માટે અમે આ હાથનોંધોને ‘ આભ્યન્તર-પરિણામઅવલોકન ’ એવા મથાળા નીચે અત્રે દાખલ કરી છે. આ આલોચનામા તેમની દશા, આત્મજાગૃતિ અને આત્મમંદતા, અનુભવ, સ્વવિચાર અર્થે લખેલાં પ્રશ્નોત્તર, અન્ય જીવોના નિર્ણય કરવાના ઉદ્દેશથી લખેલા પ્રશ્નોત્તર, દર્શનોદ્ધાર યોજનાઓ આદિ સબંધે અનેક ઉદ્‌ગારો છે; જેમા કેટલીક બાંધી લીધેલી ભાષા (સંજ્ઞા)મા છે.

[૬૪૮] ૩ [હાથનોંધ ૧, પૃ. ૨]

જીવનું વ્યાપકપણું, પરિણામીપણું કર્મસંબંધ મોક્ષક્ષેત્ર શા શા પ્રકારે ઘટવા યોગ્ય છે તે વિચાર્યા વિના તથાપ્રકારે સમાધિ ન થાય. ગુણ અને ગુણીનો ભેદ સમજાવા યોગ્ય શા પ્રકારે છે?

જીવનું વ્યાપકપણું, સામાન્યવિશેષાત્મકતા, પરિણામીપણું, લોકાલોકજ્ઞાયકપણું કર્મસંબંધતા, મોક્ષક્ષેત્ર એ પૂર્વાપર અવિરોધથી શી રીતે સિદ્ધ છે?

---

૩ જે પદાર્થો ચક્ષુરિંદ્રિયથી દશ્યમાન નથી અથવા ચક્ષુરિંદ્રિયથી બોધ થઈ શકતા નથી પણ ઘ્રાણેંદ્રિયથી જાણી શકાય છે તે પણ આ જીવના નથી, ઇત્યાદિ.

૪ તે બે ઇંદ્રિયોથી નહીં પણ જેનો બોધ રસેંદ્રિયથી થઈ શકે છે તે પદાર્થો પણ આ જીવના નથી, ઇત્યાદિ.

૫ એ ત્રણ ઇંદ્રિયોથી નહીં પણ જેનું જ્ઞાન સ્પર્શેંદ્રિયથી થઈ શકે છે તે પણ આ જીવના નથી. ઇત્યાદિ.

૬ એ ચાર ઇંદ્રિયથી નહીં પણ જેનું જ્ઞાન કર્ણેન્દ્રિયથી થઈ શકે છે તે પણ આ જીવના નથી, ઇત્યાદિ.

૭ તે પાંચે ઇંદ્રિય સહિત મનથી અથવા તે પાચમાંની એકાદ ઇંદ્રિય સહિત મનથી વા તે ઇંદ્રિયો વિના એકલા મનથી જેનો બોધ થઈ શકે એવા રૂપી પદાર્થ પણ આ જીવના નથી; પણ તેનાથી પર છે, ઇત્યાદિ.

૮ તે રૂપી ઉપરાંત અરૂપી પદાર્થ આકાશાદિ છે જે મન વડે માન્યા જાય છે, તે પણ આત્માના નથી; પણ તેથી પર છે, ઇત્યાદિ.

૯ આ જગતના પદાર્થ માટે વિચાર કરતાં તે તમામ નહી પણ તેમાંથી આ જીવે પોતાના માન્યા છે તે પણ આ જીવના નથી; અથવા તેનાથી પર છે, ઇત્યાદિ. જેવાં કે:—

૧ કુટુંબ અને સગાંસંબંધી, મિત્ર, શત્રુઆદિ મનુષ્ય વર્ગ.
૨ નોકર, ચાકર, ગુલામ આદિ મનુષ્ય વર્ગ.
૩ પશુ પક્ષી આદિ તિર્યંચ.
૪ નારકી દેવતા આદિ.
૫ પાચે જાતના એકેંદ્રિય.
૬ ઘર, જમીન, ક્ષેત્રાદિ, ગામગરાસાદિ, તથા પર્વતાદિ
૭ નદી, તળાવ, કૂવા, વાવ, સમુદ્રાદિ.
૮ હરેક પ્રકારનાં કારખાનાંદિ.

૧૦ હવે કુટુંબ અને સગા સિવાય સ્ત્રીપુત્રાદિ જે અતિ નજદીકનાં અથવા જે પોતાનાથી ઉત્પન્ન થયેલાં છે તે પણ.

૧૧ એમ બધાંને બાદ કરતાં છેવટ પોતાનું શરીર જે કહેવામાં આવે છે તેને માટે વિચાર કરવામાં આવે છે.

૧ કાયા, વચન, અને મન એ ત્રણે યોગ ને તેની ક્રિયા.
૨ પાંચે ઇંદ્રિયો વગેરે.
૩ માથાના વાળથી પગના નખ સુધીના દરેક અવયવ જેમકે.—
૪ બધાં સ્થાનનાં વાળ, ચર્મ (ચામડી), ખોપરી, મગજ, માંસ, લોહી, નાડી, હાડ, માથું, કપાળ, કાન, આંખ, નાક, મુખ જિહ્વા, દાંત, ગળું, ડોક, હડપચી, ગરદન, છાતી, વાંસો, પેટ, વગેરે, બરડો, [illegible], કુલા, લિંગ, સાથળ, ગોઠણ, હાથ, આંગળાં, પોંચા, કોણી, ઘૂંટી, [illegible], પાની, નખ ઇત્યાદિ અનેક અવયવો વાળે [illegible]

ઉપર બતાવેલા સર્વેનું એક પણ આ જીવનું નથી, જીવ પોતાનું માની બેઠો છે, તે ભુલવાને

૧૨ [illegible] [illegible] જીવે [illegible] કરવા માટે જ્ઞાન માનવાની જરૂર છે, તે સુધારવાથી બની શકશે

તેનું અત્યારે એક વિષય વિના બીજા વિષયપ્રતિ ઠેકાણું નથી. તે પુરુષ જોકે તીક્ષ્ણ ઉપયોગવાળો છે; તથાપિ તે તીક્ષ્ણ ઉપયોગ બીજા કોઈપણ વિષયમાં વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી.

[હાથનોંધ ૧, પૃષ્ઠ ૪]

---

[૬૧]

૫

[હાથનોંધ ૧, પૃષ્ઠ ૯]

એક વાર તે સ્વભુવનમાં બેઠો હતો. જગતમાં કોણ સુખી છે, તે જોઉ તો ખરો, પછી આપણે આપણે માટે વિચાર. એની એ જિજ્ઞાસા પૂર્ણ કરવા અથવા પોતે તે સંગ્રહસ્થાન જોવા ઘણા પુરુષો (આત્માઓ), ઘણા પદાર્થો તેની સમીપે આવ્યા.

'એમાં કોઈ જડ પદાર્થ હતો નહીં.'

'કોઈ એકલો આત્મા જોવામાં આવ્યો નહીં.'

માત્ર કેટલાક દેહધારીઓ હતા; જેઓ મારી નિવૃત્તિને માટે આવ્યા હોય એમ તે પુરુષને શંકા થઈ.

વાયુ, અગ્નિ કે પાણી, ભૂમિ એ કોઈ કેમ આવ્યુ નથી?

(નેપથ્ય) તેઓ સુખનો વિચાર પણ કરી શકતાં નથી દુઃખથી બિચારાં પરાધીન છે.

બેઇન્દ્રિય જીવો કેમ આવ્યા નથી?

(નેપથ્ય) એને માટે પણ એ જ કારણ છે. આ ચક્ષુથી જુઓ. તેઓ બિચારાને કેટલું બધું દુઃખ છે?

તેનો કંપ, તેનો થરથરાટ, પરાધીનપણું ઇત્યાદિક જોઈ શકાય તેવું નહોતું, તે બહુ દુઃખી હતાં.

[હાથનોંધ, ૧, પૃષ્ઠ ૧૦]

(નેપથ્ય) એ જ ચક્ષુથી હવે તમે આખું જગત જોઈ લ્યો. પછી બીજી વાત કરો.

ઠીક ત્યારે. દર્શન થયુ, આનંદ પામ્યો; પણ પાછો ખેદ જન્મ્યો.

(નેપથ્ય) હવે ખેદ કાં કરો છો?

મને દર્શન થયુ તે શું સમ્યક્ હતું?

'હા.'

સમ્યક્ હોય તો પછી ચક્રવર્ત્યાદિક તે દુઃખી કેમ દેખાય?

'દુઃખી હોય તે દુઃખી, અને સુખી હોય તે સુખી દેખાય.'

ચક્રવર્તી તો દુઃખી નહીં હોય?

'જેમ દર્શન થયુ તેમ શ્રદ્ધો. વિશેષ જોવું હોય તો ચાલો મારી સાથે.'

ચક્રવર્તીના અંતકરણમાં પ્રવેશ કર્યો.

અંતઃકરણ જોઈને પેલું દર્શન સમ્યક્ હતું એમ મેં માન્યું. તેનું અંતઃકરણ બહુ દુઃખી હતું. અનંત ભયના પર્યાયથી તે થરથરતું હતું. કાળ આયુષ્યની દોરીને ગળી જતો હતો. હાડ માંસમાં તેની વૃત્તિ હતી. કાંકરામાં તેની પ્રીતિ હતી. ક્રોધ, માનનો તે ઉપાસક હતો. બહુ દુઃખ—

[હાથનોંધ ૧, પૃષ્ઠ ૧૧]

ચક્ર, ઇ. દેવોનું દર્શન પણ સમ્યક્ સમજવું?

[૫૫૪] ૯ [હાથનોંધ ૧, પૃ. ૨૧]

સુખને ઇચ્છતો ન હોય તે નાસ્તિક, કાં સિદ્ધ, કાં જડ.

---

[૨૪૬] ૧૦

એ જ સ્થિતિ -- એ જ ભાવ અને એ જ સ્વરૂપ.

ગમે તો કલ્પના કરી બીજી વાટ લ્યો. યથાર્થ જોઈતો હોય તો આ..લો.

વિભંગ જ્ઞાન – દર્શન અન્ય દર્શનમાં માનવામાં આવ્યું છે. એમાં મુખ્ય પ્રવર્તકોએ જે ધર્મમાર્ગ બોધ્યો છે, તે સમ્યક્ થવા સ્યાત્ મુદ્રા જોઈએ.

સ્યાત્ મુદ્રા તે સ્વરૂપસ્થિત આત્મા છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ સ્વરૂપસ્થિત આત્માએ કહેલી શિક્ષા છે.

નાના પ્રકારના નય, નાના પ્રકારનાં પ્રમાણ, નાના પ્રકારની ભંગજાલ, નાના પ્રકારના અનુયોગ એ સઘળાં લક્ષણારૂપ છે. લક્ષ એક સચ્ચિદાનંદ છે.

દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગક્ષ તે કથન, ગમે તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી.

પુનર્જન્મ છે – જરૂર છે – એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું.

આ કાળમાં મારું જન્મવું માનું તો દુઃખદાયક છે, અને માનું તો સુખદાયક પણ છે.

[હાથનોંધ ૧, પૃ. ૨૬]

એવું હવે કોઈ વાંચન રહ્યું નથી કે જે વાંચી જોઈએ છીએ તે પામીએ એ જેના સંગમાં રહ્યું છે તે સંગની આ કાળમાં ન્યૂનતા થઈ પડી છે.

વિકરાળ કાળ! . . . વિકરાળ કર્મ! . . . વિકરાળ આત્મા! . . . જેમ . . . . પણ એમ . . . .

હવે ધ્યાન રાખો. એ જ કલ્યાણ.

[૨૪૬-૧] ૧૧ [હાથનોંધ ૧, પૃ. ૨૭]

એટલું જ શોધાય તો બધું પામશો; ખચીત એમાં જ છે. મને ચોક્કસ અનુભવ છે. સત્ય કહું છું. યથાર્થ કહું છું. નિઃશંક માનો.

એ સ્વરૂપ માટે સહજ સહજ કોઈ સ્થળે લખી વાળ્યુ છે.

---

[૯૧] ૧૨ [હાથનોંધ ૧, પૃ. ૨૯]

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, [1]ભિન્ન કિયા નિજ દેહ.
સમજ, પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યા કહું ?...............................

[1] મૂળ હાથનોંધમાં આ ચરણ નથી પણ શ્રીમદે પોતે જ પછી પૂર્તિ કરેલ છે.

એહિ નહીં હૈ કલ્પના, એહી નહી વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેગે રંગ.

---

[૬૫૨] ૧૫ [હાથનોંધ ૧, પૃ. ૩૭]

અનુભવ

[૪૦૮–૨] ૧૬ [હાથનોંધ ૧, પૃ. ૩૯]

એ ત્યાગી પણ નથી, અત્યાગી પણ નથી. એ રાગી પણ નથી, વીતરાગી પણ નથી. પોતાનો ક્રમ નિશ્ચળ કરો. તેની ચોબાજુ નિવૃત્ત ભૂમિકા રાખો.

આ દર્શન થાય છે તે કાં વૃથા જાય છે? એનો વિચાર પુનઃ પુનઃ વિચારતાં મૂર્છા આવે છે.

સંતજનોએ પોતાનો ક્રમ મૂક્યો નથી. મૂક્યો છે તે પરમ અસમાધિને પામ્યા છે.

સંતપણું અતિ અતિ દુર્લભ છે. આવ્યા પછી સંત મળવા દુર્લભ છે. સંતપણાની જિજ્ઞાસાવાળા અનેક છે. પરંતુ સંતપણુ દુર્લભ તે દુર્લભ જ છે!

---

[૮૧] ૧૭ [હાથનોંધ ૧, પૃ. ૪૩]

પ્રકાશભુવન

ખચીત તે સત્ય છે. એમ જ સ્થિતિ છે. તમે આ ભણી વળો—

તેઓએ રૂપકથી કહ્યું છે. ભિન્ન ભિન્ન પ્રકારે તેથી બોધ થયો છે, અને થાય છે; પરંતુ તે વિભંગરૂપ છે.

આ બોધ સમ્યક્ છે. તથાપિ ઘણો જ સૂક્ષ્મ અને મોહ ટળ્યે ગ્રાહ્ય થાય તેવો છે.

સમ્યક્ બોધ પણ પૂર્ણ સ્થિતિમા રહ્યો નથી. તોપણ જે છે તે યોગ્ય છે.

એ સમજીને હવે ઘટતો માર્ગ લ્યો.

કારણ શોધો મા, ના કહો મા, કલ્પના કરો મા. એમ જ છે.

એ પુરુષ યથાર્થવક્તા હતો. અયથાર્થ કહેવાનું તેમને કોઈ નિમિત્ત નહોતું.

---

૧૮ [હાથનોંધ ૧, પૃ. ૪૬]

મોટું આશ્ચર્ય છે કે નિર્વિકાર મનના મુમુક્ષુઓ જેનાં ચરણની ભક્તિ, સેવા ઇચ્છે છે તેવા પુરુષને એક ઝાંઝવાના પાણી જેવી,. ......

[૧૪૮–૨] ૧૯ [હાથનોંધ ૧, પૃ. ૪૭]

તે દશા શાથી આવરાઈ? અને તે દશા વર્ધમાન કેમ ન થઈ?

લોકના પ્રસંગથી, માનેચ્છાથી, અજાગૃતપણાથી, સ્ત્રીઆદિ પરિષહનો જય ન કરવાથી.

જે જે ક્રિયાને વિષે જીવને રંગ લાગે છે, તેને ત્યાં જ સ્થિતિ હોય છે, એવો જે જિનનો અભિપ્રાય સત્ય છે.

ત્રીસ મહા મોહનીયનાં સ્થાનક તીર્થંકરે કહ્યાં છે તે સાચાં છે.

[૬૧૭-૬૧૮] ૨૪ [હાથનોંધ ૧, પૃ. ૫૦

જ્ઞાનીપુરુષોને સમયે સમયે અનંતા સંયમપરિણામ વર્ધમાન થાય છે, એમ સર્વે કહ્યું છે તે સત્ય છે.

તે સંયમ, વિચારની તીક્ષ્ણ પરિણતિથી તથા બ્રહ્મરસપ્રત્યે સ્થિરપણાથી ઉત્પન્ન થાય.

શ્રી તીર્થંકર આત્માને સંકોચવિકાસનું ભાજન યોગદશામાં માને છે, તે સિદ્ધાંત વિશેષ કરી વિચારવા યોગ્ય છે.

---

[૬૫૨] ૨૫ [હાથનોંધ ૧, પૃ. ૫૬

ધ્યાન.

ધ્યાન–ધ્યાન.

ધ્યાન–ધ્યાન–ધ્યાન.

ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.

ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.


ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.

ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.

---

[૬૫૩] ૨૬ [હાથનોંધ ૧, પૃ. ૫૭

ચિદ્ધાતુમય, પરમશાંત, અડગ
એકાગ્ર, એક સ્વભાવમય
અસંખ્યાત પ્રદેશાત્મક
પુરુષાકાર ચિદાનંદ–
ઘન તેનું
ધ્યાન કરો.



નો આત્યંતિક અભાવ.
પ્રદેશ સંબંધ પામેલાં
પૂર્વનિષ્પન્ન, સત્તાપ્રાપ્ત,
ઉદયપ્રાપ્ત, ઉદીરણાપ્રાપ્ત
ચાર એવાં

લિંગાદિ	વ્યવહાર	જિનમુદ્રા સૂચક.
મતાંતર	સમાવેશ	
શાંત રસ	પ્રવહન.	
જિન	અન્યને	ધર્મ પ્રાપ્તિ.
લોકાદિ સ્વરૂપ—	સંશયની	નિવૃત્તિ સમાધાન

કાંઈક ગૃહવ્યવહાર શાંત કરી, પરિગ્રહાદિ કાર્યથી નિવૃત્ત થવું. અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત પહોંચવું. કેવળ ભૂમિકાનું સહજ પરિણામી ધ્યાન—

[૭૦-૨] **૩૨** [હાથનોંધ ૧, પૃ. ૬

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦

ઓગણસેં ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે,
અદ્ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦

ઓગણીસસેં ને સુડતાલીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યુ રે;
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચ રે. ધન્ય૦

[હાથનોંધ ૧, પૃ. ૬

વધતું એમ જ ચાલિયું,
હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહીં રે. ધન્ય૦

યથા હેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય૦

વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત ઃ તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહીં.

ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો ?

તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમકે તેવી કંઈક સ્થિતિ વેદવાનું નિ રહ્યા કરે છે. પછી તે શિથિલતાથી, ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞ દ્રષ્ટિથી, એમ ઇ પણ અલ્પકાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે.

તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઈ શકશે ?

કેમકે તેનો વિસ્તાર વિશેષપણે જોવામાં આવે છે. વ્યાપારસ્વરૂપે, કુટુંબપ્રતિબં સુવાવસ્થાપ્રતિબંધે, દયાસ્વરૂપે, વિકારસ્વરૂપે – એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂ જણાય છે.

[હાથનોંધ ૧, પૃ. ૯૪

હું એમ જાણું છું કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન–કેવળ દર્શનસ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છ માસ કાળમાં આટલો આ વ્યવહાર કેમ નિવૃત્ત નહીં થઈ શકે ? માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગના બળને નીત્ય વિચાર્યેથી અલ્પકાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઈ શકવા-યોગ્ય છે. તોપણ તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી, એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે એમ માનું છું, કેમકે વીર્યને વિષે કંઈ પણ મંદ દશા વર્તે છે. તે મંદ દશાનો હેતુ શો ?

ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામાં કંઈ બાધ છે ? તે પરિચયને વિષે વિશેષ અરુચિ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજદોષ કહી શકાય. અરુચિ હોવાથી ઇચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યો છે.

---

[૪૩૮]

૪૦

[હાથનોંધ ૧, પૃ. ૯૬]

ઘણો વિચાર કરી નીચેનું સમાધાન થાય છે.

એકાંત દ્રવ્ય, એકાંત ક્ષેત્ર, એકાંત કાળ અને એકાંત ભાવરૂપ સંયમ આરાધ્યા વિના ચિત્તની શાંતિ નહીં થાય એમ લાગે છે. એવો નિશ્ચય રહે છે.

તે યોગ હજી કંઈ દૂર સંભવે છે, કેમકે ઉદયનું બળ જોતાં તે નિવૃત્ત થતાં કંઈક વિશેષ કાળ જશે.

---

[૪૭૭]

૪૧

[હાથનોંધ ૧, પૃ. ૯૭]

માહ સુદ ૭ શનિવાર – વિક્રમ સંવત ૧૯૫૨ ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહીં. અને તેટલા કાળમાં ત્યાર પછી જીવનકાળ શી રીતે વેદવો તે વિચારવાનું બનશે.

---

[૪૯૩] ૪૮ [હાથનોંધ ૧, પૃ. ૧૦૬]

"જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી,
તેમ જ જીવ સ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવ રે."

[૧૪૭-૩-૧] ૪૯ [હાથનોંધ ૧, પૃ. ૧૦૮]

વીતરાગદર્શન.

ઉદ્દેશપ્રકરણ.
સર્વજ્ઞમીમાંસા.
ષટ્દર્શનઅવલોકન.
વીતરાગઅભિપ્રાયવિચાર.
વ્યવહારપ્રકરણ.
મુનિધર્મ.
આગારધર્મ.
મતમતાંતરનિરાકરણ.
ઉપસંહાર.

[૧૪૭-૩-૨) ૫૦ [હાથનોંધ ૧, પૃ. ૧૧૦]

નવતત્ત્વવિવેચન.
ગુણસ્થાનકવિવેચન.
કર્મપ્રકૃતિવિવેચન.
વિચારપદ્ધતિ.
શ્રવણાદિવિવેચન.
બોધબીજસંપત્તિ.
જીવાજીવવિભક્તિ.
શુદ્ધાત્મપદભાવના.

[૧૪૭-૩-૩] ૫૧ [હાથનોંધ ૧, પૃ. ૧૧૧]

અંગ.
ઉપાંગ.
મૂળ.
છેદ.
આદ્યવક્રાદિત ટીકા.

અથવા થતું નથી?

વ્યવહાર રચના કરી છે એમ કોઇ હેતુથી સિદ્ધ થાય છે?

---

[૬૦૦] ૫૪ [હાથનોંધ ૧, પૃ. ૧૧૫]

સ્વસ્થિતિ–આત્મદશા સંબંધે વિચાર.

તથા તેનું પર્યવસાન?

ત્યાર પછી લોકોપકારપ્રવૃત્તિ?

લોકોપકારપ્રવૃત્તિનું ધોરણ.

વર્તમાનમાં (હાલમાં) કેમ વર્તવું ઉચિત છે?

[૪૧૯–૨] ૫૫ [હાથનોંધ ૧, પૃ. ૧૧૭]

આત્મપરિણામની વિશેષ સ્થિરતા થવા વાણી અને કાયાનો સંયમ સઉપયોગપણે કરવો ઘટે છે.

---

[૬૦૧] ૫૬ [હાથનોંધ ૧, પૃ. ૧૧૮]

ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે.

કોઈ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.

પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી) સ્વપરિણામી છે.

નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે.

જે ચેતન છે, તે કોઈ દિવસ અચેતન થાય નહીં; જે અચેતન છે, તે કોઈ દિવસ ચેતન થાય નહીં.

---

[૬૦૨] ૫૭ [હાથનોંધ ૧, પૃ. ૧૨૦]

હે યોગ,

[૬૧૩–૨] ૫૮ [હાથનોંધ ૧, પૃ. ૧૨૧]

એક ચૈતન્યમાં આ સર્વ શી રીતે ઘટે છે?

[૪૦૮–૪] ૫૯ [હાથનોંધ ૧, પૃ. ૧૨૨]

જો આ જીવે તે વિભાવપરિણામ ક્ષીણ ન કર્યા તો આ જ ભવને વિષે તે પ્રત્યક્ષ દુઃખ વેદશે.

---

[૬૦૪] ૬૦ [હાથનોંધ ૧, પૃ. ૧૨૪]

જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે; કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

વિચિત્ર રચના જાણીને તેમ થવાનો હેતુ શો છે? તથા તે દુઃખનું મૂળ સ્વરૂપ શું છે? અને તેની નિવૃત્તિ કયા પ્રકારે થઈ શકવા યોગ્ય છે? તેમ જ જગતની વિચિત્ર રચનાનું અંતર્સ્વરૂપ શું છે, એ આદિ પ્રકારને વિષે વિચારદશા ઉત્પન્ન થઈ છે જેને એવા મુમુક્ષુ પુરુષ તેમણે, પૂર્વ પુરુષોએ ઉપર કહ્યા તે વિચારો વિષે જે કંઈ સમાધાન આણ્યું હતું, અથવા માન્યું હતું, તે વિચારના સમાધાન પ્રત્યે પણ યથાશક્તિ આલોચના કરી. તે આલોચના કરતાં વિવિધ પ્રકારના મતમતાંતર તથા અભિપ્રાયસંબંધી યથાશક્તિ વિશેષ વિચાર કર્યો. તેમ જ નાના પ્રકારના રામાનુજાદિ સંપ્રદાયનો વિચાર કર્યો. તથા વેદાંતાદિ દર્શનોનો વિચાર કર્યો. તે આલોચના વિષે અનેક પ્રકારે તે દર્શનના સ્વરૂપનું મથન કર્યું, અને પ્રસંગે પ્રસંગે મથનની યોગ્યતાને પ્રાપ્ત થયેલું એવું જૈનદર્શન તે સંબંધી ઘણા પ્રકારે જે મથન થયું, તે મથનથી તે દર્શનને સિદ્ધ થવા અર્થે, પૂર્વાપર વિરોધ જેવાં લાગે છે એવાં નીચે લખ્યાં છે તે કારણો દેખાયાં.

---

[૬૯૯] ૬૩ [હાથનોંધ ૧, પૃ. ૧૩૨]

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય અરૂપી છતાં રૂપીને સામર્થ્ય આપે છે, અને એ ત્રણ દ્રવ્ય સ્વભાવપરિણામી કહ્યાં છે, ત્યારે એ અરૂપી છતાં રૂપીને સહાયક કેમ થઈ શકે?

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એકક્ષેત્રાવગાહી છે, અને પરસ્પર વિરુદ્ધતાવાળા તેના સ્વભાવ છે, છતાં તેમાં વિરોધ, ગતિ પામેલી વસ્તુપ્રત્યે સ્થિતિસહાયકતારૂપે અને સ્થિતિ પામેલી વસ્તુ પ્રત્યે ગતિ સહાયકતારૂપે થઈ શા માટે આવે નહીં?

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની અવગાહના અમુક અમૂર્તાકારે છે, તેમ હોવાને કંઈ રહસ્યાર્થ છે?

લોકસંસ્થાન સદૈવ એક સ્વરૂપે રહેવામાં કંઈ રહસ્યાર્થ છે?

એક તારો પણ ઘટવધ થતો નથી, એવી અનાદિસ્થિતિ શા હેતુથી માનવી?

શાશ્વતપણાની વ્યાખ્યા શું? આત્મા, કે પરમાણુ કદાપિ શાશ્વત માનવામાં મૂળ દ્રવ્યત્વ કારણ છે; પણ તારા, ચંદ્ર, વિમાનાદિમાં તેવું શું કારણ છે?

---

[૭૦૦] ૬૪ [હાથનોંધ ૧, પૃ. ૧૩૩]

સિદ્ધ આત્મા લોકાલોકપ્રકાશક છે, પણ લોકાલોકવ્યાપક નથી, વ્યાપક તો સ્વઅવગાહના પ્રમાણ છે. જે મનુષ્યદેહે સિદ્ધિ પામ્યા તેના ત્રીજા ભાગ ઊણે તે પ્રદેશ ઘન છે, એટલે આત્મદ્રવ્ય લોકાલોકવ્યાપક નથી પણ લોકાલોકપ્રકાશક એટલે લોકાલોક જ્ઞાયક છે, લોકાલોક પ્રત્યે આત્મા જતો નથી, અને લોકાલોક કંઈ આત્મામાં આવતાં નથી, સર્વે પોતપોતાની અવગાહનામાં સ્વસત્તામાં રહ્યા છે, તેમ છતાં આત્માને તેનું જ્ઞાનદર્શન શી રીતે થાય છે?

અને જો એવું દૃષ્ટાંત કહેવામાં આવે કે જેમ આરીસામાં વસ્તુ પ્રતિબિંબિત થાય છે, તેમ આત્મામાં પણ લોકાલોક પ્રકાશીત થાય છે, પ્રતિબિંબિત થાય છે, તો એ સમાધાન

જો જિનસમ્મત કેવળજ્ઞાન લોકાલોકજ્ઞાયક માનીએ તો તે કેવળજ્ઞાનમાં આહાર, નિહાર, વિહારાદિ ક્રિયા શી રીતે સંભવે ?

વર્તમાનમાં તેની આ ક્ષેત્રે અપ્રાપ્તિનો હેતુ શો ?

---

[૬૧૧] ૬૯ [હાથનોંધ ૧, પૃ. ૧૫૪]

મતિ,
શ્રુત,
અવધિ,
મનઃપર્યવ.
પરમાવધિ,
કેવલ,

---

[૬૧૨] ૭૦ [હાથનોંધ ૧, પૃ. ૧૫૫]

પરમાવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એ રહસ્ય અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

અનાદિ અનંતકાળનું, અનંત એવા અલોકનું ? ગણિતથી અતીત અથવા અસંખ્યાતથી પર એવો જીવસમૂહ, પરમાણુસમૂહ અનંત છતાં અનંતપણાનો સાક્ષાત્કાર થાય તે ગણિતાતીતપણું છતાં શી રીતે સાક્ષાત્ અનંતપણું જણાય ? એ વિરોધની શાંતિ ઉપર કહ્યાં તે રહસ્યથી થવાયોગ્ય સમજાય છે.

વળી કેવળજ્ઞાન નિર્વિકલ્પ છે, ઉપયોગનો પ્રયોગ કરવો પડતો નથી. સહજ ઉપયોગે તે જ્ઞાન છે; તે રહસ્ય પણ અનુપ્રેક્ષા કરવાયોગ્ય છે.

કેમકે પ્રથમ સિદ્ધ કોણ ? પ્રથમ જીવપર્યાય કયો ? પ્રથમ પરમાણુપર્યાય કયો ? એ કેવળજ્ઞાનગોચર પણ અનાદિ જ જણાય છે; અર્થાત્ કેવળજ્ઞાન તેની આદિ પામતું નથી, અને કેવળજ્ઞાનથી કંઈ છાનું નથી એ બે વાત પરસ્પર વિરોધી છે, તેનું સમાધાન પરમાવધિની અનુપ્રેક્ષાથી તથા સહજ ઉપયોગની અનુપ્રેક્ષાથી સમજાવાયોગ્ય રસ્તો દેખાય છે.

---

[૬૧૩] ૭૧ [હાથનોંધ ૧, પૃ. ૧૫૭]

કંઈ પણ છે ?
શું છે ?
શા પ્રકારે છે ?
જાણવાયોગ્ય છે ?
જાણ્યાનું ફળ શું છે ? [હાથનોંધ ૧, પૃ. ૧૫૭]
બંધનો હેતુ શો છે ?
પુદ્ગલનિમિત્ત બંધ કે જીવના દોષથી બંધ ?

૯. મધ્યમ પરિણામવાળી વસ્તુનું નિત્યપણું શી રીતે સંભવે છે?

૧૦. શુદ્ધચેતનમાં અનેકની સંખ્યાનો ભેદ શા કારણે ઘટે છે?

૧૧.

[૧૪૭-૨] ૭૩ [હાથનોંધ ૧, પૃ. ૧૬૫]

જેનાથી માર્ગ પ્રવર્ત્યો છે, એવા મોટા પુરુષના વિચાર, બળ, નિર્ભયતાદિ ગુણો પણ મોટા હતા.

એક રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે છે, તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસંતતિ પ્રવર્તાવામાં વિશેષ પરાક્રમ ઘટે છે.

તથારૂપ શક્તિ થોડા વખત પૂર્વ અત્ર જણાતી હતી, તેમાં હાલ વિકળતા જોવામાં આવે છે તેનો હેતુ શો હોવો જોઈએ તે વિચારવા યોગ્ય છે.

દર્શનની રીતે આ કાળમાં ધર્મ પ્રવર્તે એથી જીવોનું કલ્યાણ છે કે સંપ્રદાયની રીતે પ્રવર્તે તો જીવોનું કલ્યાણ છે તે વાત વિચારવાયોગ્ય છે

સંપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ થવા યોગ્ય થાય; દર્શનની રીતે વિરલ જીવોને ગ્રહણ થાય.

જો જિનને અભિમતે માર્ગ નિરૂપણ કરવા યોગ્ય ગણવામાં આવે, તો તે સંપ્રદાયના પ્રકારે નિરૂપણ થવો વિશેષ અસંભવિત છે, કેમકે તેની રચનાનું સાંપ્રદાયિક સ્વરૂપ થવું કઠણ છે.

દર્શનની અપેક્ષાએ કોઈક જીવને ઉપકારી થાય એટલો વિરોધ આવે છે.

[૧૪૭-૨-૨] ૭૪ [હાથનોંધ ૧, પૃ. ૧૬૬]

જે કોઈ મોટા પુરુષ થયા છે તેઓ પ્રથમથી સ્વસ્વરૂપ (નિજશક્તિ) સમજી શકતા હતા, અને ભાવિમહતકાર્યનાં બીજને પ્રથમથી અવ્યક્તપણે વાવ્યાં રહેતા હતા અથવા સ્વાચરણ અવિરોધ જેવું રાખતા હતા.

અત્રે તે પ્રકાર વિશેષ વિરોધમાં પડ્યો હોય એમ દેખાય છે. તે વિરોધનાં કારણો પણ અત્રે લખ્યાં છે.

૧. અનિર્ણયથી—

૨. વિશેષ સંસારીની રીતિ જેવો વ્યવહાર વર્તતો હોવાથી.

૩. બ્રહ્મચર્યનું ધારણ.

---

[૬૫૪] ૭૫ [હાથનોંધ ૧, પૃ. ૧૬૭]

સોહં (મહાપુરુષોએ આશ્ચર્યકારક ગવેષણા કરી છે.)

કલ્પિત પરિણતિથી જીવને વિરમવું આટલું બધું કઠણ થઈ પડ્યું છે તેનો હેતુ શો હોવો જોઈએ?

આત્માના ધ્યાનનો મુખ્ય પ્રકાર કયો કહી શકાય?

તે ધ્યાનનું સ્વરૂપ શા પ્રકારે?

કંઈ વિશેષ સ્વરૂપ છે ? સર્વ દ્રવ્યનું વસ્તુત્વ, ગુણ બાદ કરી વિચારીએ તો એક છે કે કેમ ? આત્મા ગુણી જ્ઞાન ગુણ એમ કહેવાથી કથંચિત્ આત્માનું જ્ઞાનરહિતપણું ખરું કે નહીં ? જો જ્ઞાનરહિતઆત્મપણું સ્વીકારીએ તો જડ બને ? ચારિત્ર, વીર્યાદિ ગુણ કહીએ તો જ્ઞાનથી તેનુ જુદાપણું હોવાથી તે જડ ઠરે તેનું સમાધાન શા પ્રકારે ઘટે છે ? અભવ્યત્વ પારિણામિકભાવે શા માટે ઘટે ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવ દ્રવ્યદૃષ્ટિએ જોઈએ તો એક વસ્તુ ખરી કે નહીં ? દ્રવ્યપણું શું ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશનું સ્વરૂપ વિશેષ શી રીતે પ્રતિપાદન થઈ શકે છે ? લોક અસંખ્યપ્રદેશી અને દ્વીપ સમુદ્ર અસંખ્યાતા તે આદિ વિરોધનું સમાધાન શા પ્રકારે છે ? આત્મામાં પારિણામિકતા ? મુક્તિમાં પણ સર્વ પદાર્થનું પ્રતિભાસવું ? અનાદિ અનંતનું જ્ઞાન કયા પ્રકારે થવા યોગ્ય છે ?

---

[૬૫૯] ૮૧ [હાથનોંધ ૧, પૃ. ૧૭૩]

વેદાંત.

આત્મા એક, અનાદિ માયા, બંધમોક્ષનું પ્રતિપાદન એ તમે કહો છો એમ ઘટી શકાતાં નથી ?

આનંદ અને ચૈતન્યમાં શ્રી કપિલદેવજીએ વિરોધ કહ્યો છે તેનું શું સમાધાન છે ? યથાયોગ્ય સમાધાન વેદાંતમાં જોવામાં આવતું નથી.

આત્મા નાના વિના બંધ, મોક્ષ હોવા યોગ્ય જ નથી. તે તો છે, એમ છતાં કલ્પિત કહેવાથી પણ ઉપદેશાદિ કાર્ય કરવા યોગ્ય ઠરતાં નથી.

[૬૯૦-૩] ૮૨ [હાથનોંધ ૧, પૃ. ૧૭૪]

જૈનમાર્ગ

૧. લોકસંસ્થાન.
૨. ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્ય.
૩. અરૂપીપણું.
૪. સુષમ દુષમાદિકાળ.
૫. તે તે કાળે ભારતાદિની સ્થિતિ, મનુષ્ય ઊંચત્વાદિપ્રમાણ.
૬. નિગોદ સૂક્ષ્મ.
૭. ભવ્ય, અભવ્ય નામે બે પ્રકારે જીવ.
૮. વિભાવદશા, પારિણામિક ભાવે.
૯. પ્રદેશ અને સમય તેનું વ્યાવહારિક પારમાર્થિક કંઈ સ્વરૂપ.
૧૦ ગુણસમુદાયથી જુદું કંઈ દ્રવ્યત્વ.
૧૧. પ્રદેશસમુદાયનું વસ્તુત્વ.
૧૨. રૂપ, રસ, ગંધ, સ્પર્શથી જુદું એવું કંઈ પણ પરમાણુપણું.
૧૩. [illegible]

૫ અન્યથી ન્યૂન પરાભવતા.

૬ જ્યાં જ્યાં અન્ય વિકળ છે ત્યાં ત્યાં અવિકળ આ, વિકળ દેખાય ત્યાં અન્યનું ક્વચિત્ અવિકળપણું – નહીં તો નહીં.

---

[૫૭૦] ૮૪ [હાથનોંધ ૧, પૃ. ૧૮૧]

મોહમયી ક્ષેત્રસંબંધી ઉપાધિ પરિત્યાગવાને આઠ મહિના અને દશ દિવસ બાકી છે; અને તે પરિત્યાગ થઈ શકવા યોગ્ય છે.

બીજે ક્ષેત્રે ઉપાધિ (વ્યાપાર) કરવાના અભિપ્રાયથી મોહમયી ક્ષેત્રની ઉપાધિનો ત્યાગ કરવાનો વિચાર રહે છે, એમ નથી.

પણ જ્યાં સુધી સર્વસંગપરિત્યાગરૂપ યોગ નિરાવરણ થાય નહીં ત્યા સુધી જે ગૃહાશ્રમ વર્તે તે ગૃહાશ્રમમાં કાળ વ્યતીત કરવા વિષેનો વિચાર કર્તવ્ય છે. ક્ષેત્રનો વિચાર કર્તવ્ય છે. જે વ્યવહારમાં વર્તવું તે વ્યવહારનો વિચાર કર્તવ્ય છે, કેમ કે પૂર્વાપર અવિરોધપણું નહીં તો રહેવું કઠણ છે.

---

[૫૭૧] ૮૫ [હાથનોંધ ૧, પૃ. ૧૮૨]

ભૂઃ—	બ્રહ્મ.
સ્થાપનાઃ—	ધ્યાન.
સુખઃ—	યોગબળ.
બ્રહ્મગ્રહણ.	નિર્ગ્રંથાદિ સંપ્રદાય.
ધ્યાન.	નિરૂપણ.
યોગબળ.	ભૂ, સ્થાપના, સુખ.
	સર્વદર્શન અવિરોધ.
સ્વાયુ–સ્થિતિ.	
આત્મબળ.	

[૫૦૨–૨] ૮૬ [હાથનોંધ ૧, પૃ. ૧૮૩]

सो धम्मो जथ्थ दया दसद दोसा न जस्स सो देवो;
सो हु गुरू जो नाणी आरंभपरिग्गहा विरओ.

---

[૪૫૬] ૮૭ [હાથનોંધ ૧, પૃ. ૧૮૭]

અકિંચનપણાથી વિચરતાં એકાંત મૌનથી જિનસદૃશ ધ્યાનથી તન્મયાત્મસ્વરૂપ એવો ક્યારે થઈશ?

---

[૬૬૭] ૮૮ [હાથનોંધ ૧, પૃ. ૧૯૫]

એક વાર વિક્ષેપ શમ્યા વિના ઘણું સમીપ આવી શકવા યોગ્ય અપૂર્વ સંયમ પ્રગટશે નહીં.

કેમ, ક્યાં. સ્થિતિ કરીએ?

[૪૨૨-૨] ૫ [હાથનોંધ ૨, પૃ. ૧૩]

નમો જિણાણં જિદભવાણં

જેની પ્રત્યક્ષ દશા જ બોધરૂપ છે, તે મહત્પુરુષને ધન્ય છે.

જે મતભેદે આ જીવ ગ્રહાયો છે, તે જ મતભેદ જ તેના સ્વરૂપને મુખ્ય આવરણ છે.

વીતરાગપુરુષના સમાગમ વિના, ઉપાસના વિના, આ જીવને મુમુક્ષુતા કેમ ઉત્પન્ન થાય? સમ્યક્‌જ્ઞાન ક્યાંથી થાય? સમ્યક્‌દર્શન ક્યાંથી થાય? સમ્યક્‌ચારિત્ર ક્યાંથી થાય? કેમ કે એ ત્રણે વસ્તુ અન્ય સ્થાનકે હોતી નથી.

વીતરાગપુરુષના અભાવ જેવો વર્તમાનકાળ વર્તે છે.

હે મુમુક્ષુ! વીતરાગપદ વારંવાર વિચાર કરવા યોગ્ય છે, ઉપાસના કરવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે.

---

[૬૬૧] ૬ [હાથનોંધ ૨, પૃ. ૧૫]

જીવને બંધનના મુખ્ય હેતુ બે:

રાગ અને દ્વેષ.

રાગને અભાવે દ્વેષનો અભાવ થાય.

રાગનું મુખ્યપણું છે.

રાગને લીધે જ સંયોગમાં આત્મા તન્મયવૃત્તિમાન છે.

તે જ કર્મ મુખ્યપણે છે.

જેમ જેમ રાગદ્વેષ મંદ, તેમ તેમ કર્મબંધ મંદ અને જેમ જેમ રાગદ્વેષ તીવ્ર, તેમ તેમ કર્મબંધ તીવ્ર. રાગદ્વેષનો અભાવ ત્યાં કર્મબંધનો સાંપરાયિક અભાવ.

રાગદ્વેષ થવાનું મુખ્ય કારણ—

મિથ્યાત્વ એટલે

અસમ્યક્‌દર્શન છે.

સમ્યક્‌જ્ઞાનથી સમ્યક્‌દર્શન થાય છે.

તેથી અસમ્યક્‌દર્શન નિવૃત્તિ પામે છે.

તે જીવને સમ્યક્‌ચારિત્ર પ્રગટે છે,

જે વીતરાગદશા છે.

સંપૂર્ણ વીતરાગદશા જેને વર્તે છે તે ચરમશરીરી જાણીએ છીએ.

[૪૫૫-૨] ૭ [હાથનોંધ ૨, પૃ. ૧૭]

હે જીવ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.

હે જીવ! અસમ્યક્‌દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતું નથી. તે સ્વરૂપમાં તને શંકા છે, મોહ અને ભય છે.

[૬૮૯] ૧૦ [હાથનોંધ ૨, પૃ. ૨૭]

એકાંત આત્મવૃત્તિ.
એકાંત આત્મા.
કેવળ એક આત્મા.
કેવળ એક આત્મા જ.
કેવળ માત્ર આત્મા.
કેવળ માત્ર આત્મા જ.
આત્મા જ.
શુદ્ધાત્મા જ.
સહજાત્મા જ.
નિર્વિકલ્પ, શબ્દાતીત સહજ સ્વરૂપ આત્મા જ.

---

[૭૬૮] ૧૧ [હાથનોંધ ૨, પૃ. ૨૯]

૭-૧૨-૫૪[1]
૩૧-૧૧-૨૨

આમ કાળ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. સમયે સમય આત્મોપયોગે ઉપકારી કરીને નિવૃત્ત થવા દેવા યોગ્ય છે.

અહો આ દેહની રચના! અહો ચેતન! અહો તેનું સામર્થ્ય! અહો જ્ઞાની! અહો તેની ગવેષણા! અહો તેમનું ધ્યાન! અહો તેમની સમાધિ! અહો તેમનો સંયમ! અહો તેમનો અપ્રમત્તભાવ! અહો તેમની પરમ જાગૃતિ! અહો તેમનો વીતરાગ સ્વભાવ! અહો તેમનું નિરાવરણ જ્ઞાન! અહો તેમના યોગની શાંતિ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય!

હે આત્મા! આ બધું તને સુપ્રતીત થયું છતાં પ્રમત્તભાવ કેમ? મંદ પ્રયત્ન કેમ? જઘન્યમંદ જાગૃતિ કેમ? શિથિલતા કેમ? મૂંઝવણ કેમ? અંતરાયનો હેતુ શો?

અપ્રમત્ત થા, અપ્રમત્ત થા.

પરમ જાગૃત સ્વભાવ ભજ, પરમ જાગૃત સ્વભાવ ભજ.

---

[૭૬૯] ૧૨ [હાથનોંધ ૨, પૃ. ૩૦]

તીવ્ર વૈરાગ્ય, પરમ આર્જવ, બાહ્યાભ્યંતર ત્યાગ.
આહારનો જય.
આસનનો જય.
નિદ્રાનો જય.

---

૧. સંવત ૧૯૫૪, (૧૯) આસો સુદ ૭: ૩૧મું વર્ષ, ૧૧મો મહિનો, બાવીસમો દિવસ. (જન્મતિથિ સં. ૧૯૨૪, કાર્તિક સુદ ૧૫ હોવાથી સં. ૧૯૫૪ આસો સુદ ૭મે ૩૧મું વર્ષ, ૧૧ માસ અને ૨૨મો દિવસ આવે છે.)

[૫૮૫]

૪ [હાથનોંધ ૩, પૃ. ૧૧]

ૐ નમઃ

પ્રદેશ, સમય, પરમાણુ

દ્રવ્ય, ગુણ, પર્યાય

જડ, ચેતન

---

[૬૯૫]

૫ [હાથનોંધ ૩, પૃ. ૧૩]

ૐ નમઃ

મૂળ દ્રવ્ય શાશ્વત.

મૂળ દ્રવ્ય :– જીવ, અજીવ.

પર્યાય :– અશાશ્વત.

અનાદિ નિત્ય પર્યાય :– મેરુ આદિ.

[૬૯૭-૧]

૬ [હાથનોંધ ૩, પૃ. ૧૫]

ૐ નમઃ

સર્વ જીવ સુખને ઇચ્છે છે.
દુઃખ સર્વને અપ્રિય છે.
દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે.
વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજવાથી તે દુઃખ મટતું નથી.
તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ.
અત્યંત વીતરાગ થયા વિના આત્યંતિક મોક્ષ હોય નહીં.
સમ્યગ્જ્ઞાન વિના વીતરાગ થઈ શકાય નહીં.
સમ્યગ્દર્શન વિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે.

વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે, તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ.

[હાથનોંધ ૩, પૃ. ૧૬]

[illegible] જ્ઞાનદર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્તવું તે ચારિત્ર છે.

[illegible] એકત્રતાથી મોક્ષ થાય.

સ્વતત્ત્વભૂત છે.

નિરાવરણ છે.

અભેદ છે.

નિર્વિકલ્પ છે.

સર્વ ભાવનું ઉત્કૃષ્ટ પ્રકાશક છે.

---

[૭૫૬]

૯

[હાથનોંધ ૩, પૃ. ૨૪]

હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું.

એમ સમ્યક્ પ્રતીત થાય છે.

તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે.

સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજસ્વરૂપ વ્યાવૃત્ત કરી, યોગને અચલ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય.

---

[૭૫૭]

૧૦

[હાથનોંધ ૩, પૃ. ૨૭]

આકાશવાણી

તપ કરો; તપ કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.

---

[૭૫૮]

૧૧


[હાથનોંધ ૩, પૃ. ૨૯]

હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

અસંખ્યાત પ્રદેશાત્મક નિજઅવગાહના પ્રમાણ છું.

અજન્મ, અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.



[૮૩૪-૨] ૧૬ [હાથનોંધ ૩, પૃ. ૪૦]

સ્વરૂપબોધ.

યોગનિરોધ.

સર્વધર્મ સ્વાધીનતા.

ધર્મમૂર્તિતા.

સર્વપ્રદેશ સંપૂર્ણ ગુણાત્મકતા.

સર્વાંગસંયમ.

લોક પ્રત્યે નિષ્કારણ અનુગ્રહ.

---

[૮૧૫] ૧૭ [હાથનોંધ ૩, પૃ. ૪

ૐ નમઃ

સર્વજ્ઞ-વીતરાગ દેવ.

(સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સર્વ પ્રકારે જાણનાર, રાગદ્વેષાદિ સર્વ વિભાવ ક્ષીણ કર્યા છે તે ઈશ્વર.)

તે પદ મનુષ્યદેહને વિષે સંપ્રાપ્ત થવા યોગ્ય છે.

સંપૂર્ણ વીતરાગ થાય, તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.

સંપૂર્ણ વીતરાગ થઈ શકાય એવા હેતુઓ સુપ્રતીત થાય છે.

---

[૭૯૦] ૧૮ [હાથનોંધ ૩, પૃ. ૪

પ્રત્યક્ષ નિજ અનુભવસ્વરૂપ છું, તેમાં સંશય શો ?

તે અનુભવમાં જે વિશેષ વિષે ન્યૂનાધિકપણું થાય છે, તે જો મટે તો કેવળ અખંડ સ્વાનુભવસ્થિતિ વર્તે.

અપ્રમત્ત ઉપયોગે તેમ થઈ શકે.

અપ્રમત્ત ઉપયોગ થવાના હેતુઓ સુપ્રતીત છે. તેમ વર્ત્યે જવાય છે તે પ્રત્યક્ષ સુપ્રતીત છે.

અવિચ્છિન્ન તેવી ધારા વર્તે તો અદ્ભુત અનંત જ્ઞાનસ્વરૂપ અનુભવ સુસ્પષ્ટ સમવસ્થિત વર્તે–

---

[૮૧૩] ૧૯ [હાથનોંધ ૩, પૃ. ૪૭]

સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.

---

[૭૮૭] ૨૦ [હાથનોંધ ૩, પૃ. ૪૯]

ૐ નમઃ

સંયમ

૩૦

વીતરાગદર્શન સંક્ષેપ.

મંગલાચરણ :— શુદ્ધ પદને નમસ્કાર.

ભૂમિકા :— મોક્ષ પ્રયોજન.

તે દુઃખ મટવા માટે જુદા જુદા મતો પૃથક્કરણ કરી જોતાં તેમાં વીતરાગ દર્શન પૂર્ણ અને અવિરુદ્ધ છે એવું સામાન્ય કથન.

તે દર્શનનું વિશેષ સ્વરૂપ.

તેની જીવને અપ્રાપ્તિ અને પ્રાપ્તિએ અનાસ્થા થવાનાં કારણો.

મોક્ષાભિલાષી જીવે તે દર્શનની કેમ ઉપાસના કરવી.

આસ્થા – તે આસ્થાના પ્રકાર અને હેતુ.
વિચાર – તે વિચારના પ્રકાર અને હેતુ.
વિશુદ્ધિ – તે વિશુદ્ધિના પ્રકાર અને હેતુ.
મધ્યસ્થ રહેવાનાં સ્થાનક – તેનાં કારણો.
ધીરજનાં સ્થાનક – તેનાં કારણો
શંકાનાં સ્થાનક – તેનાં કારણો.
પતિત થવાનાં સ્થાનક – તેનાં કારણો.

ઉપસંહાર.

આસ્થા :—

પદાર્થનું અચિંત્યપણું, બુદ્ધિમાં વ્યામોહ, કાળદોષ.

શ્રીમદ્ રાજચંદ્ર
ગ્રંથ
સમાપ્ત.

આંક	પ૦ શ્ર૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ
૫૬૪		સોભાગ્યભાઈ લલ્લુભાઈ			
૫૬૫	૪૭૯	મુનિશ્રી લલ્લુજી	મુંબઈ	મોરબી	૧૯૫૧ માહ સુ.
૫૬૬	૪૮૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સુરત	,, ફા સુ
૫૬૭	૪૮૧	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	સાયલા	,, ,, ,,
૫૬૮	૭૫૦–૨	,, ,,	મુંબઈ	સાયલા	૧૯૫૧ ફા. સુ.
૫૬૯	૫૦૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	,,	,, ,,
૫૭૦	૪૮૨	મોહનલાલ કરમચંદ ગાંધી (મહાત્માગાધીજી)	,,	,,	, ,, વ. [illegible]
૫૭૧	૪૮૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	ડરબન	,, ,, ,, ૫
૫૭૨	૪૮૪	અંબાલાલ લાલચંદ	,,	સાયલા	,, ,, ,, ૫
૫૭૩	૪૮૫	મુનિશ્રી લલ્લુજી	,,	ખંભાત	,, ,, ,, ૭
૫૭૪	૪૮૬		,,		,, ,, ,, ૧[illegible]
૫૭૫	૪૮૭		,,		,, ,,
૫૭૬	૪૮૮	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,,
૫૭૭	૪૮૯	મુનિશ્રી લલ્લુજી	,,	સાયલા	,, ચૈ સુ ૬
૫૭૮	૮૭૪–૩		,,	સુરત	,, ,, ,, ૧૩
૫૭૯		સોભાગ્યભાઈ લલ્લુભાઈ			,, ,, ,, ૧૪
૫૮૦		અંબાલાલ લાલચંદ	,,	મોરબી	,, ,, ,, ૧૫
૫૮૧	૪૯૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	ખંભાત	,, ,, વ. ૫
૫૮૨	૪૯૧	કુંવરજી આણંદજી	,,		,, ,, ,, ૮
૫૮૩	૪૯૨		,,	ભાવનગર	,, ,, ,, ૮
૫૮૪	૮૭૪–૨		,,		,, ,, ,, ૧૧
૫૮૫	૪૯૩	સોભાગ્યભાઈ લલ્લુભાઈ તથા ડુંગરસી	,,		,, ,, ,, ૧૧
૫૮૬	૪૯૪	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,, ,, ,,
૫૮૭	૪૯૫		,,		,, ,, ,, ૧૨
૫૮૮	૪૯૬	મુનિશ્રી લલ્લુજી	,,		,, ,, ,, ૧૨
૫૮૯	૪૯૭	,, ,,	,,		,, ,, ,, ૧૨
૫૯૦	૪૯૮		,,		,, ,, ,, ૧૩
૫૯૧	૪૯૯		,,		,, ,, ,, ૧૪
૫૯૨	૫૦૪	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,		,, ,,
૫૯૩	૫૦૫		,,		,, વૈ સુ.
૫૯૪	૫૦૬		,,		,, ,, ,, ૧૫
૫૯૫	૫૦૭	મુનિશ્રી લલ્લુજી	,,		,, ,, ,, ,,
૫૯૬	૫૦૮		,,	સુરત	,, ,, વ ૭
૫૯૭	૫૦૯		,,		,, ,, ,, ,,
[illegible]	૫૧૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	મુંબઈ		૧૯૫૧ વૈ. વ. ૭
[illegible]	૫૧૧	મુનિશ્રી લલ્લુજી	,,	સાયલા	,, ,, ,, ૧૦
			,,	સુરત	,, ,, ,, ૧૪

આંક	૫૦ સું૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ			
૭૦૭	૬૩૫	„ „	„	„	„	„	„	„
૭૦૮	૬૩૬	અંબાલાલ, ત્રિભોવન આદિ	રાળજ	ખંભાત	„	„		
૭૦૯	૬૩૭		„		„	„		
૭૧૦	૬૩૮		વડવા (સ્થંભતીર્થ)		„	„	„	૧
૭૧૧	૬૪૦		રાળજ		„	„	„	
૭૧૨	૬૩૯		આણંદ		„	„	વ.	૧
૭૧૩	૬૪૧		„		„	આ.		
૭૧૪	૬૪૨				„			
૭૧૫	૬૪૫		આણંદ		„	આ.	સુ.	૧
૭૧૬	૬૪૬	મુનિશ્રી લલ્લુજી	„	ખંભાત	„	„	„	૨
૭૧૭	૬૪૭	મોહનલાલ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી)	„	ડરબન	„	„	„	૩
૭૧૮	૬૬૦	સોભાગ્યભાઈ લલ્લુભાઈ આદિ	નડિયાદ		૧૯૫૨	આ.	વ	૧
૭૧૯	૬૬૩	મુનિશ્રી લલ્લુજી તથા મુનિ દેવકરણજી આદિ	„	ખંભાત	„	„	„	૧
૭૨૦	૬૬૪	રવજીભાઈ પંચાણજી	„	વવાણિયા	„	„	„	૧
૭૨૧	૬૬૫	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	„	સાયલા	„	„	„	૦)
૭૨૨	૬૫૬	„ „	વવાણિયા	„	૧૯૫૩	કા.	સુ.	૧
૭૨૩	૬૬૭		„	„	„	„	„	૧
૭૨૪	૬૬૮		„		„	„		
૭૨૫	૬૬૯	અંબાલાલ લાલચંદ	„	ખંભાત	„	„	વ	૨
૭૨૬	૬૭૦	„	„	„	„	„	„	૦))
૭૨૭	૬૭૧	ધારસીભાઈ કુશળચંદ	„	મોરબી	„	મા.	સુ.	૧
૭૨૮	૬૭૨	ત્રિભોવન માણેકચંદ	„	ખંભાત	„	„	„	૬
૭૨૯	૬૭૩	કુંવરજી આણંદજી	„	ભાવનગર	„	„	„	૧૦
૭૩૦	૬૭૪	અંબાલાલ લાલચંદ	„	ખંભાત	„	„	„	૧૨
૭૩૧	૬૭૫	મનસુખભાઈ દેવસીભાઈ	„	લીંબડી	„	„	„	„
૭૩૨	૬૭૬	મુનિશ્રી લલ્લુજી આદિ	„	વસો	„	„	વ.	૧૧
૭૩૩	૬૭૭	સુખલાલ છગનલાલ	„	વીરમગામ	„	„	„	„
૭૩૪		અંબાલાલ લાલચંદ	„	ખંભાત	„	„	„	„
૭૩૫	૬૭૮	મનસુખભાઈ દેવસીભાઈ	„	લીંબડી	„	પો.	સુ.	૧૦
૭૩૬	૬૭૯	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	„	સાયલા	„	„	„	૧૧
૭૩૭	૬૮૦	ઝવેરભાઈ ભગવાનભાઈ	„	કાવિઠા	„	„	વ.	૪
૭૩૮	૬૫૬		„		„			
૭૩૯	૬૮૧	મુનિશ્રી લલ્લુજી	મોરબી	નડિયાદ	„	માહ	સુ.	૬
૭૪૦	૬૮૨	અંબાલાલ લાલચંદ	„	ખંભાત	„	„	„	„

પ૦ શ્રુ૦ પ્ર૦ આંક	આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ			
૭૭૫	૭૦૩–૭૦૯	મુનિશ્રી લલ્લુજી તથા મુનિ દેવકરણજી	વવાણિયા	ખંભાત	,,	,,	વ.	૫
૭૭૬	૭૧૦		સાયલા		,,	વૈ.	સુ.	૧૫
૭૭૭	૭૧૧	સુખલાલ છગનલાલ	ઈડર	વીરમગામ	,,	,,	વ.	૧૨
૭૭૮	૭૧૨	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,,	,,	,,	,,
૭૭૯	૭૧૩–૪–૫	સોભાગ્યભાઈ લલ્લુભાઈ (કાવ્ય–પત્ર)	મુંબઈ	સાયલા	,,	જે.	સુ.	
૭૮૦	૭૧૪	સોભાગ્યભાઈ લલ્લુભાઈ	,,	,,	,,	,,	,,	૮
૭૮૧	૭૧૫	,, ,,	,,	,,	,,	,,	વ.	૬
૭૮૨	૭૧૬	ત્રંબકલાલ સોભાગ્યભાઈ	,,	,,	,,	,,	,,	૧૨
૭૮૩	૭૧૭	,, ,,	,,	,,	,,	અ.	સુ	૪
૭૮૪	૭૧૮	વણારસી તળસીભાઈ	,,	વઢવાણ	,,	,,	,,	૪
૭૮૫	૭૧૯	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,,	,,	વ.	૧
૭૮૬	૭૨૦	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	,,
૭૮૭		(મુનિશ્રી લલ્લુજી ?)	,,		,,	,,	,,	,,
૭૮૮	૭૨૧	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	૧૧
૭૮૯		ત્રંબકલાલ સોભાગ્યભાઈ	મુંબઈ	સાયલા	૧૯૫૩	અ.	વ.	૧૪
૭૯૦	૭૨૨	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	શ્રા.	સુ.	૩
૭૯૧	૭૨૩	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,,	,,	,,	૧૫
૭૯૨	૭૨૪	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	,,
૭૯૩	૭૨૫	ત્રંબકલાલ સોભાગ્યભાઈ	,,	સાયલા	,,	,,	,,	,,
૭૯૪		મણીલાલ સોભાગ્યભાઈ	,,	,,	,,	,,	વ	૧
૭૯૫	૭૨૬	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	૮
૭૯૬			,,		,,	,,	,,	,,
૭૯૭		ત્રંબકલાલ સોભાગ્યભાઈ	,,	સાયલા	,,	,,	,,	૮
૭૯૮	૭૨૭	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	૧૨
૭૯૯	૭૨૮	સુખલાલ છગનલાલ	,,	વીરમગામ	,,	,,	,,	,,
૮૦૦	૭૨૯	મગનલાલ ખીમચંદ	,,	લીંબડી	,,	,,	,,	,,
૮૦૧	૭૩૦	રવજીભાઈ પંચાણભાઈ	,,	વવાણિયા	૧૯૫૩	ભા	સુ.	૬
૮૦૨	૭૩૧	કેશવલાલ નથુભાઈ	,,	વીરમગામ	,,	,,	,,	૯
૮૦૩		સુખલાલ છગનલાલ	,,	વીરમગામ	,,	,,	,,	,,
૮૦૪		મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	,,
૮૦૫		ત્રિભોવન માણેકચંદ	,,	ખંભાત	,,	,,	,,	,,
૮૦૬	૭૩૨	ડુંગર આદિ મુમુક્ષુઓ	,,	સાયલા	,,	,,	વ.	૮
૮૦૭	૭૩૩	મુનિશ્રી લલ્લુજી	,,	ખેડા	,,	,,	,,	૧૧
૮૦૮	૭૩૪–૧	,, ,,	,,	,,	,,	આ.	સુ.	૮
૮૦૯	૭૩૪–૨		,,		,,	,,	,,	,,

આંક	પ૦ શ્રુ૦ પ્ર૦ આવૃત્તિ બીજીનો આંક	કોના પ્રત્યે	કયા સ્થળેથી	કયા સ્થળે	મિતિ			
૮૪૬	૭૮૧		વનક્ષેત્ર ઉત્તરસંડા		,,	,, આ.	વ.	
૮૪૭		ઝવેરભાઈ ભગવાનદાસ	ખેડા	કાવિઠા	,,	બી. આ.	સુ.	
૮૪૮		રેવાશંકર જગજીવન	,,	મુંબઈ	,,	,, ,,	,,	
૮૪૯	૭૮૪		,,		,,	,, ,,	વ.	
૮૫૦	૭૮૫–૨				,,	,, ,,		
૮૫૧	૮૩૩–૧		મુંબઈ		૧૯૫૫	કા	સુ.	
૮૫૨	૭૮૦–૩		,,		,,	મા.	સુ	
૮૫૩	૭૮૭	સુખલાલ છગનલાલ	ઇડર	વીરમગામ	,,	,,	,,	
૮૫૪	૭૮૭–૧	(પોપટલાલ મોહકમચંદ ?)	,,		,,	,,	,,	
૮૫૫	૭૮૭–૨		,,		,,	,,	,,	
૮૫૬	૭૮૭	સુખલાલ છગનલાલ	,,	વીરમગામ	,,	,,	વ.	
૮૫૭	૭૮૯	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,,	,,	,,	
૮૫૮	૮૩૨–૨		,,		,,	પો.		
૮૫૯	૭૯૧	અંબાલાલ લાલચંદ	,,	ખંભાત	,,	,,	સુ	
૮૬૦	૭૯૪	છગનલાલ નાનજી	મોરબી	લીંબડી	,,	ફા.	સુ.	
૮૬૧	૭૯૪-૨	પોપટલાલ મોહકમચંદ	,,	અમદાવાદ	,,	,,	,,	
૮૬૨	૭૯૪–૨		,,		,,	,,	,,	
૮૬૩	૭૯૫	નગીનદાસ ધરમચંદ	વવાણિયા	અમદાવાદ	,,	,,	વ.	
૮૬૪	૭૯૬	મુનિશ્રી લલ્લુજી (દેવકરણજીમુનિ)	,,	અંજાર	,,	,,	,,	
૮૬૫	૭૯૭	મુનિશ્રી લલ્લુજી	વવાણિયા	ખેરાળુ	૧૯૫૫	ચૈ.	સુ.	
૮૬૬	૭૯૮	ધારસીભાઈ કુશળચંદ	,,	મોરબી	,,	,,	,,	
૮૬૭	૭૯૯	મુનિશ્રી દેવકરણજી	,,	ધ્રાંગધ્રા	,,	,,	વ.	
૮૬૮		ઘેલાભાઈ કેશવલાલ (મુનિશ્રી લલ્લુજી)	,,	પ્રાંતિજ	,,	,,	,,	
૮૬૯	૮૦૩–૧	વાડીલાલ મોતીલાલ ખુખારી	મોરબી	અમદાવાદ	,,	,,	,,	
૮૭૦		મુનિશ્રી લલ્લુજી	,,		,,	વૈ.	સુ.	
૮૭૧	૮૧૦	,, ,,	,,	ખંભાત	,,	,,	,,	
૮૭૨	૮૧૧	મનસુખ દેવસી	વવાણિયા	લીંબડી	,,	,,	,,	,,
૮૭૩	૮૧૨	મુનિશ્રી લલ્લુજી	ઇડર		,,	,,	વ.	૬
૮૭૪	૮૧૬	સુખલાલ છગનલાલ	,,	વીરમગામ	,,	,,	,,	૧૦
૮૭૫	૮૧૭	મુનિશ્રી લલ્લુજી	મુંબઈ		,,	જે.		
૮૭૬	૮૧૮	,, ,,	,,	ખેડા	,,	,,	સુ.	૧૧
૮૭૭	૮૧૯	મનસુખલાલ કીરતચંદ	,,	મોરબી	,,	,,	વ.	૨
૮૭૮	૮૨૦	પોપટલાલ મોહકમચંદ	,,	અમદાવાદ	,,	,,	,,	૭
૮૭૯	૮૨૧–૧–૨	સુખલાલ છગનલાલ	,,	વીરમગામ	,,	અ.	સુ.	૮
૮૮૦	૮૨૧–૩	મુનિશ્રી લલ્લુજી	,,	નડિયાદ	,,	,,	,,	,,
૮૧		,, ,,	,,	,,	,,	,,	વ.	૬

પરિશિષ્ટ ૩

અવતરણોની વર્ણાનુક્રમ સૂચિ

પૃષ્ઠ પંક્તિ

૧અખે (ઐ) પુરુષ (ખ) એક વરખ હે ( ) [એક સવૈયો] ૫૨૭—૧૧

અજ્જહોતવ્યં (अजैर्होतव्यम्) [उत्तरपुराण प० ६७, ३२९] ૫૫—૧૧

अधुवे असासयंमि संसारंमि दुक्खपउराए ।
किं नाम हुज्ज कम्मं जेणाहं दुग्गइं न गच्छिज्जा ॥ ઉત્તરાધ્યયન ૮–૧] ૧૨૩—૧૪

અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયિકભાવ રે,
સંયમ શ્રેણી ફૂલડેજી, પૂજું પદ નિષ્પાવ રે. ૩૪૭—૨૦–૨૮; ૩૪૮—૭

શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિ જ સાધ્ય સુહાયો રે,
જ્ઞાનક્રિયા અવલંબી ફરસ્યો, અનુભવ સિદ્ધિ ઉપાયો રે
રાય સિદ્ધારથ વંશ વિભૂષણ, ત્રિશલા રાણી જાયો રે,
અજ અજરામર સહજાનંદી, ધ્યાનભુવનના ધ્યાયો રે
[સંયમશ્રેણી સ્તવન ૧–૨ પંડિત ઉત્તમવિજયજી; પ્રકરણરત્નાકર ભાગ ૨ પૃ૦ ૬૯૯] ૩૪૮—૭

અન્ય પુરુષકી દૃષ્ટિમેં, જગ વ્યવહાર લખાય:
વૃન્દાવન જબ જગ નહીં, કૌન (કો) વ્યવહાર બતાય [વિહારવૃન્દાવન] ૫૬૯—૨

અલખનામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરાજી;
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર ડેરાજી,
દરસ્યા અલખ દેદારાજી
[છોટમ, અધ્યાત્મ ભજનમાળા પદ ૧૩૩ પૃ૦ ૪૯; પ્ર૦ મહાનજી ધર્મસિંહ મુંબઈ ૧૮૯૭] ૨૮૯—૯

અલ્પાહાર નિદ્રા વશ કરે, હેતસ્નેહ જગથી પરિહરે;
લોકલાજ નવિ ધરે લગાર, એક ચિત્ત પ્રભુથી પ્રીત ધાર [સ્વરોદયજ્ઞાન—ચિદાનંદજી] ૧૮૩—૬

[सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।]
अवि अप्पणो वि देहंमि, नायरंति ममाइयं ॥ [दशवैकालिक अ. ६—२२] ૬૧૯—૨

અહર્નિશ અધિકો પ્રેમ લગાવે, જોગાનલ ઘટમાહિ જગાવે;
અલ્પાહાર આસન દૃઢ ધરે, નયન થકી નિદ્રા પરિહરે. [સ્વરોદયજ્ઞાન—ચિદાનંદજી] ૧૮૩—૨૭

अहो जिणेहिं असावज्जा वित्ती साहूण देसिआ;
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ।
[દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૫–૯૨] ૭૧૪—૧૩

अहो निच्चं तवो कम्मं सव्व बुद्धेहिं वण्णिअं,
जाव लज्जासमा वित्ती एगभत्तं च भोयणं । [દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૬–૨૩] ૭૧૪–૧૭

અજ્ઞાનતિમિરાન્ધાનાં (ન્ધસ્ય) જ્ઞાનાઞ્જનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ । [ગુરુગીતા, ૩૫] ૭૧૮—૭; ૭૭૩—૧૫

ન [illegible] । [ઉપદેશપદ—હરિભદ્રસૂરિ] ૨૯૧—૩૧

પૃષ્ઠ

એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાયો છે, અને કોટિ જ્ઞાનીનો એક અભિપ્રાય છે.
[અનાથદાસ] ૭૮૯—૩

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે,
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાહિ લેખે
[આનંદઘન ચોવીશી—અનંતજિન સ્તવન] ૮૦૧—૨૫

એક દેખિયે જાનિયે, [રમિ રહિયે ઇકઠૌર,
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર]
[સમયસાર નાટક જીવદ્વાર ૨૦ પૃ ૫૦ પ. બનારસીદાસ; જૈન ગ્રન્થરત્નાકર કાર્યાલય, મુંબઈ] ૩૦૮—૨

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ;
એક કરતૂતિ દોઈ દર્વ કબહૂં ન કરૈ,
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;
જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,
અપને અપને રૂપ, કોઉ ન ટરતુ હૈ,
જડ પરિનામનિકૌ, કરતા હૈ પુદ્ગલ,
ચિદાનંદ ચેતન સુભાવ આચરતુ હૈ
[સમયસાર નાટક—કર્તાકર્મક્રિયાદ્વાર ૧૦ પૃ. ૬૪] ૩૪૯—૨૫-૩૫; ૬૮૮—૮

[1]एगं जाणइ से ......
एगे समणे भगवं महावीरे इमीसेणं (इमीए) ऊसप्पि (ओसप्पि)णीए
चउवीस (चउव्वीसाए) तित्थयराण चरिमतित्थयरे सिद्धे बुद्धे मुत्ते
परिनिव्वुडे (जाव) सव्वदुक्ख(क्ख) प(प्प) हीणे ।
[ઠાણાંગસૂત્ર ૫૩ પૃ ૧૫, આગમોદય સમિતિ] ૯૪૫—૧૮

એનુ સ્વપ્ને જો દર્શન પામે રે, તેનુ મન ન ચઢે બીજે ભામે રે;
થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારનો સંગ રે ૧
હસતાં રમતાં પ્રગટ હરિ દેખુ રે, મારું જીવ્યુ સફળ તવ લેખુ રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે. ૨
[ઉદ્ધવગીતા ૮ ૮૮—૭; ૮૭—૭ મુક્તાનંદસ્વામી] ૨૭૮-૨૪

[मिग चारिय चरिस्सामि] एव पुत्ता (पुत्तो) महामुणि,
[अम्मापिऊहिं अणुन्नाओ जहाइ उवहिं तओ] [ઉત્તરાધ્યયન ૧૯—૮૫] ૬૪૬ ૭

[તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો]
એ શ્રીપાળનો રાસ કરતાં જ્ઞાન અમૃત રસ વૂઠો (વૂઠો) રે. મુજ૦
[શ્રીપાળરાસ ખંડ ૪ પૃ. ૧૮૫ વિનયવિજય-યશોવિજય] ૫૩૨—૩

જૈનો ભેદ નિવારે નિત, કીજે ભેદ વિચાર;
નિજ ન ભેદ નિવારે નિત, અંતર-ભાવ-વિકાર [સ્વરોદયજ્ઞાન - ચિદાનંદજી] ૧૮૪—૮

[1] ... जे एगं जाणइ से सव्वं जाणइ...... ... पृ. ६५६

પૃષ્ઠ પંક્તિ

આગે કૌં ધુકત ધાઈ, પીછે બછરા ચવાઈ,
જૈસે નૈન હીન નર જેવરિ વટતુ હૈ;
તૈસે મૂઢ ચેતન સુકૃત કરતૂતિ કરૈ;
રોવત હસત ફલ ખોવત ખટતુ હૈ. [સમયસાર નાટક બંધદ્વાર ૨૭, પૃ. ૨૪૨] ૪૦૪—

જૈસૌ નિરભેદ રૂપ નિહચૈ અતીત હુતૌ,
તૈસૌ નિરભેદ અબ, ભેદકૌ ન ગહૈગૌ !
દીસૈ કર્મરહિત સહિત સુખ સમાધાન,
પાયૌ નિજ થાન ફિર બાહરિ ન બહૈગૌ;
કબહૂ કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,
રાગ રસ રાચિકૈ ન પરવસ્તુ ગહૈગૌ;
અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયૌ,
યાહિ ભાંતિ આગમ અનંત કાલ રહૈગૌ.
[સમયસાર નાટક સર્વવિશુદ્ધિદ્વાર ૧૦૮ પૃ ૩૭૬–૭] ૬૮૭—૩

(यो) जोगा पयडिपदेसा [ठिदि अणुभागा कसायदो होंति] [દ્રવ્યસંગ્રહ ૩૪] ૮૮૩—૧

ज किंचिवि चिंततो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धूणय एयत्त तदाहु त तस्स णिच्चय झाण ॥ [દ્રવ્યસંગ્રહ ૩૪] ૭૧૮—૧

જગમની જુક્તિ તો સર્વે જાણીએ, સમીપ રહે પણ શરીરનો નહિ સગ જો,
એકાતે વસવુ રે એક જ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભગ જો;
ઓધવજી અબળા તે સાધન શું કરે?
[ઓધવજીનો સંદેશો ગરબી ૩–૩ રઘુનાથદાસ] ૫૩૨—૧૬

ज समति पासह (हा) त मोणति पासह (हा)
[ज मोणति पासहा त सम्मति पासहा] [આચારાંગ ૧–૫–૩] ૬૧૨—૨૩

[ण वि सिज्झइ वत्थधरो जिणसासणे जइ वि होइ तित्थयरो]
णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे ॥
[ષટ્પ્રાભૃતાદિ સંગ્રહ—સૂત્રપ્રાભૃત ૨૩–કુન્દકુન્દાચાર્ય] ૮૮૫—૩૦

णमो जहट्ठिय वत्थुवाईणं । [?] ૧૮૧—૧૯

તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર, પંથડો.
[આનંદઘનચોવીશી–અજિતનાથ સ્તવન] ૫૫૫—૨૩

तहारूवाणं समणाणं [ભગવતી] ૬૫૯—૬

[यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानत]
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ [ઈશાવાસ્ય ઉપનિષદ્ ૭] ૨૯૭—૨૭

તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે,
સમયચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે
[આનંદઘનચોવીશી–નમિનાથજિન સ્તવન] ૬૭૭—૬ } ૭૬૩—૨૯ }

પૃષ્ઠ પંક્તિ

નાડી તો તનમેં ઘણી, પણ ચોવીસ પ્રધાન;
તામેં નવ પુનિ તાહુમેં, તીન અધિક કર જાન. [સ્વરોદયજ્ઞાન—ચિદાનંદજી] ૧૯૨—
નિજછંદનસેં ના મિલે, હેરો વૈકુંઠ ધામ,
સંતકૃપાસેં પાઇયે, સો હરિ સબસે ઠામ. [માણેકદાસ] ૮૦૩—
[ठिईण सेठ्ठा लवसत्तमा वा सभा सुहम्मा व सभाण सेठ्ठा] ।
निव्वाणसेठ्ठा जह सव्वधम्मा [ण णायपुत्ता परमत्थी नाणी] ॥
[સૂત્રકૃતાંગ ૧—૬—૨૪] ૧૨૪—
નિશદિન નૈનમેં નિંદ ન આવે, નર તબહિ નારાયન પાવે. [સુંદરદાસ] ૫૫૫—
પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ; [પ્રતિક્રમણ સૂત્ર] ૮૧૬—૧
પઠી પાર કહાં પાવનો, મિટે ન મનકો ચાર;
જ્યોં કોલ્હુકે બૈલકું, ઘર હી કોશ હજાર [સમાધિશતક ૮૧—યશોવિજયજી] ૬૪૭—૨
પરનિંદા મુખથી નવિ કરે, નિજનિંદા સુણી સમતા ધરે;
કરે સહુ વિકથા પરિહાર, રોકે કર્મ આગમન દ્વાર. [સ્વરોદયજ્ઞાન—ચિદાનંદજી] ૧૯૩—૧
पक्षपातो न मे वीरे न द्वेष कपिलादिषु ।
युक्तिमद्वचन यस्य तस्य कार्यः परिग्रह ॥ [લોકતત્ત્વનિર્ણય ૩૮, હરિભદ્રસૂરિ] ૨૧૩—૧
[કયુ જાણુ કયુ બની આવશે, અભિનંદન રસ રીતિ હો મિત્ત]
પુદ્ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો.
[અભિનન્દનજિન સ્તુતિ—દેવચન્દ્રજી] ૫૭૮—૨
પુદ્ગલસેં રાતો રહે [ ] ૭૩૭—
प्रशमरसनिमग्न दृष्टियुग्म प्रसन्न वदनकमलमकः कामिनीसगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसवधवर्ध्य तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥
[ધનપાળ કવિ] ૭૬૩—૧૪; ૮૯૯—૧૩
वधविहाण विमुक्क वदिअ सिरिवद्धमाणजिणचद ।
[गईआइसु वुच्छ समासओ वधसामित्त ॥] [કર્મગ્રંથ ત્રીજો ૧—દેવેન્દ્રસૂરિ] ૬૪૦—૧૬
भीसण नरयगईए तिरियगईए कुदेवमणुयगईए ।
पत्तोसि तिव्व दुःख भावहि जिणभावणा जीव ॥
[પટ્ પ્રાભૃતાદિ સંગ્રહ ભાવપ્રાભૃત ૮] ૭૩૪—૨૧
भोगे रोगभय कुले च्युतिभय वित्ते नृपालाद्भय
माने दैन्यभय बले रिपुभय रूपे तरुण्या भय ।
शास्त्रे वादभय गुणे खलभय काये कृतान्ताद्भय ।
सर्व वस्तु भयान्वित भुवि नृणां वैराग्यमेवाभय ॥
[भर्तृहरिशतक—વૈરાગ્યશતક ૩૪—ભર્તૃહરિ.] ૧૨૨—૪
મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત,
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.
[આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય ૬—૬—યશોવિજયજી] ૩૯૦—૩૦
૩૯૧—૧૧; ૩૯૧—૨૯; ૩૯૨—૨; ૩૯૩—૨૫

પૃષ્ઠ

[पुरिमा उज्जुजडा उ] वक्र (वक्क) जडा य पच्छिमा ।
[मज्झिमा उज्जुपन्नाओ तेण धम्मो दुहाकओ] [ઉત્તરાધ્યયન—૨૩-૨૬] ૮૦

વ્યવહારની ઝાળ પાંદડે પાંદડે પરજળી. [:] ૫૨૯

શ્રદ્ધા જ્ઞાન લહ્યાં છે તોપણ, જો નવિ જાય પમાયો રે,
વંધ્ય તરુ ઉપમ તે પામે, સંયમ ઠાણ જો નાયો રે.
ગાયો રે ગાયો, ભલે વીર જગતગુરુ ગાયો.
[સંયમશ્રેણી સ્તવન ૪—૩ પં૦ ઉત્તમવિજયજી] ૫૫૬-

સકલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિષ્કામી રે.
[આનંદઘનચોવીશી, શ્રેયાંસનાથજિન સ્તવન] ૬૪૬—૪૮; ૬૯૩

सत्यं परं धीमहि । [શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૨, અ૦ ૧૩, શ્લોક ૧૯] ૩૪૮

સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ. [સમયસાર નાટક ઉત્થાનિકા ૨૬] ૪૧૩-
૪૧૫—૭; ૪૧૬-

[कुमगो जह ओसबिंदुए थोव चिट्ठइ लंबमाणए ।
एव मणुयाण जीविय] समयं गोयम मा पमायए ॥ [ઉત્તરાધ્યયન ૧૦—૨] ૭૭-

संसारविषवृक्षस्य द्वे फले अमृतोपमे ।
काव्यामृतरसास्वाद आलापः सज्जनैः सह ॥ [પંચતંત્ર] ૩૩-

सिरिवीरजिणं वंदिअ कम्मविवागं समासओ वुच्छं ।
कीरइ जिएण हेउहिं जेण तो भण्णए कम्मं ॥ [પ્રથમ કર્મગ્રન્થ—દેવેન્દ્રસૂરિ] ૯૪૦-

[હાંસીમેં વિષાદ બસૈ વિદ્યામેં વિવાદ બસૈ, કાયામેં મરન ગુરુ વર્તનમેં હીનતા,
સુચિમૈં ગિલાની બસૈ પ્રાપતિમેં હાનિ બસૈ, જૈમેં હારિ સુંદર દસામેં છવિ છીનતા;
રોગ બસૈ ભોગમેં, સંજોગમેં વિયોગ બસૈ, ગુનમેં ગરબ બસૈ સેવામાહિં દીનતા,
ઔર જગરીતિ જેતી ગર્ભિત અસાતા સેતી,] સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા.
[સમયસાર નાટ] ૨૨૦

સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કે જગવંદજી;
શરણાગતના સદા સુખકંદજી; પરમ સ્નેહી છો (!) પરમાનંદજી
[ધીરજાખ્યાન ૬—નિષ્કુળાનંદ] ૩૨૫—૨૭

सुहजोग पडुच्च अणारंभी, असुहजोग पडुच्च आयारंभी, परारंभी तदुभयारंभी । [ભગવતીજી] ૨૪૩—૭

[જોઈ દ્રિગ જ્ઞાન ચરનાતમમેં બૈઠિ ઠૌર, ભયૌ નિરદૌર પર વસ્તુકૌ ન પરસૈ]
શુદ્ધતા વિચારૈ ધ્યાવૈ શુદ્ધતામેં કેલી કરૈ, શુદ્ધતામેં થિર વહૈ અમૃતધારા વરસૈ;
[ત્યાગિ તન કષ્ટ હ્વૈ સપષ્ટ અષ્ટ કરમકૌ, કરિ થાન ભ્રષ્ટ નષ્ટ કરૈ ઔર કરસૈ;
સો તો વિકલપ વિજઈ અલપકાલ માહિ, ત્યાગી ભૌ વિધાન નિરવાન પદ પરસૈ]
[સમયસાર નાટક પૃ ૩૮૨] ૩૫૫—૧૦ ૪૮૩—૧

પરિશિષ્ટ ૪

આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથાઓની વર્ણાનુક્રમણિકા

અવગત—જ્ઞાત; જાણેલું.
અવગાહ—વ્યાપવું.
અવગાહન—અધ્યયન; વાંચવું, વિચારવું; ઊંડો અભ્યાસ કરવો.
અવગ્રહ—શરૂઆતનું મતિજ્ઞાન.
અવધાન—એક વખતે અનેક કાર્યોમાં લક્ષ રાખી સ્મૃતિશક્તિ તથા એકાગ્રતાની અદ્ભુતતા બતાવવી. પત્ર ૧૮.
અવધિજ્ઞાન—જે જ્ઞાન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ને ભાવની મર્યાદા સહિત રૂપી પદાર્થને જાણે તે.
અવની—પૃથિવી; જગત.
અવબોધ—જ્ઞાન.
અવર્ણવાદ—નિંદા.
અવશેષ—બાકી.
અવસર્પિણીકાલ—ઊતરતો કાલ; જે કાલમાં જીવોની શક્તિઓ ધીમે ધીમે ક્ષીણ થતી જાય. ૧૦ કોડાકોડી સાગરનો આ કાલ હોય છે.
અવળું—ઊંધું.
અવાચ્ય-ન કહી શકાય એવું.
અવિવેક—વિચારશૂન્યતા; સત્યાસત્યને ન સમજવું.
અવ્યાબાધ—બાધા, પીડા વગરનું.
અશરીરી—શરીરભાવનો અભાવ થયો છે જેને; આત્મમગ્ન.
અશાતના—અવિનય.
અશાતા—દુઃખ.
અશુભ—ખરાબ.
અશોચ્યાકેવલી—કેવલી આદિ પાસે ધર્મ સાંભળ્યા (અશોચ્ચા=અશ્રુત્વા) સિવાય જે કેવલજ્ઞાન પામે.
અશૌચ—મલિનતા.
અશ્રદ્ધા—અવિશ્વાસ.
અષ્ટમભક્ત—ત્રણ ઉપવાસ.
અષ્ટાવક્ર—એક ઋષિનું નામ છે. જનક રાજાને જ્ઞાન દેનાર.
અષ્ટાંગયોગ—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ આઠ યોગનાં અંગ.
અસંગ—[illegible]; અમલ; પરદ્રવ્યથી મુક્ત.
[illegible]—[illegible] સિદ્ધાંતના સંબંધમાં પણ [illegible] ૬૩૨, ૬૦૯.
અસંયતિપૂજા—જેને જ્ઞાનપૂર્વક સંયમ ન હોય તેની પૂજા.
અસંયમ—ઉપયોગ ચૂકી જવો (ઉપદેશ છાયા).
અસ્ત—આથમવું.
અસિપત્રવન—નરક। એક વન, જ્યાં પાંદડાં આપણા ઉપર પડે તો તલવારની પેઠે અંગ છેદે.
અસ્તિ—હોવાપણું; હયાતી.
અસ્તિકાય-ઘણા પ્રદેશે વાળું દ્રવ્ય.
અસ્તિત્વ—વસ્તુનું હોવાપણું.
અહંતા-અહંકાર.
અહંભાવ—હુંપણાનો ભાવ.
અહિયાસવા—સહન કરવા
અંતરંગ—અંદરનું.
અંતરાત્મા—સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્મા
અંતરાય—વિઘ્ન; અડચણ,
અંતર્જ્ઞાન—સ્વાભાવિક જ્ઞાન; આત્માનું જ્ઞાન:
અંતર્દશા—આત્માની દશા.
અંતર્દૃષ્ટિ—આત્મદૃષ્ટિ.
અંતર્ધાન—લોપ થવુ.
અંતર્મુખ—આત્મચિંતન, પરાયણ; અંદર વળેલું:
અંતર્મુહૂર્ત—'મુહૂર્તની' અંદરનો કાલ; (બે ઘડી, ૪૮ મિનિટ) મુહૂર્ત્તથી ઓછો સમય.
અંતર્લાપિકા—અંદરના અક્ષરો અમુક રીતે ગોઠવવાથી (કોઈનુ નામ કે) બીજો અર્થ નીકળે એવી કાવ્યરચના
અંતર્વૃત્તિ—અંદરનું વર્તન; આત્મામાં વૃત્તિ
અંતઃકરણ—ચિત્ત; મન.
અંતઃપુર—જનાનખાનું, જ્યાં રાજાઓની રાણીઓ રહે છે.

આ

આકાશદ્રવ્ય—જીવાદિ સમસ્ત દ્રવ્યોને અવકાશ આપનાર દ્રવ્ય.
આકાંક્ષા મોહનીય-મિથ્યાત્વમોહનીયનો એક પ્રકાર: સંસાર સુખની ઈચ્છા કરવી.
આક્રોશ—ગુસ્સે થવું; ગાળો દેવી; ઠપકો આપવો.
આગમ—ધર્મશાસ્ત્ર; જ્ઞાનીપુરુષોનાં વચન.
આગમન—આવવુ તે.

ઇષ્ટસિદ્ધિ–ઇચ્છેલા કાર્યની સિદ્ધિ.
ઇંદ્ર–સ્વર્ગનો અધિપતિ
ઇંદ્રવરણું–દેખાતું જેટલું સુંદર તેટલું જ કડવું એવું એક ફળ.
ઇંદ્રાણી–ઇંદ્રની સ્ત્રી.
ઇંદ્રિય–જ્ઞાનનું બાહ્ય સાધન.
ઇંદ્રિયગમ્ય–ઇંદ્રિયથી જણાય તેવું
ઇંદ્રિયનિગ્રહ–ઇંદ્રિયોને વશ રાખવી તે.

ઈ

ઈર્યાપથિકી ક્રિયા–કષાય રહિત પુરુષની ક્રિયા; ચાલવાની ક્રિયા.
ઈર્યાસમિતિ–અન્ય જીવની રક્ષાર્થે ચાર હાથ આગળ જમીન જોઈને જ્ઞાનીની આજ્ઞાનુસાર ચાલવું
ઈશ્વર–ઈશ્વર શુદ્ધ સ્વભાવ; આત્મસિદ્ધિ ગા. ૭૭
ઈશ્વરેચ્છા–પ્રારબ્ધ; કર્મોદય; ઉપચારથી ઈશ્વરની ઇચ્છા, આજ્ઞા
ઇષત્પ્રાગ્ભારા–આઠમી પૃથ્વી. સિદ્ધશિલા
ઈહાપોહ–વિચાર.

ઉ

ઉચ્ચગોત્ર–લોકમાન્ય કુળ.
ઉજાગર–આત્મજાગૃતિવાળી દશા.
ઉત્કટ–અતિશય; ઘણું.
ઉત્કર્ષ–પ્રભાવ; ઉત્કૃષ્ટપણું
ઉત્તરોત્તર–આગળ આગળ.
ઉત્પાદ–ઉત્પત્તિ.
ઉત્સર્પિણીકાલ–ચડતા છ આરા પૂરા થાય તેટલો કાળ; દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો ચડતો કાળ. આયુષ્ય, વૈભવ, બળ આદિ વધતા જાય તેવો કાળ પ્રવાહ.
ઉત્સૂત્રપ્રરૂપણા–આગમ વિ . બોલવું
ઉદક પેઢાલ–સૂત્રકૃતાંગ નામે બીજા અંગમાં એક અધ્યયન છે,
ઉદય–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને લઈને કર્મ જે પોતાની શક્તિ દેખાડે છે તેને કર્મનો ઉદય કહે છે. કર્મફળનું પ્રગટવું.
ઉદાસીનતા–સમભાવ. વૈરાગ્ય; શાંતતા; મધ્યસ્થતા
ઉદીરણા–[illegible] કર્મનાં ફળ તપાદિ [illegible] લાવે તે ઉદીરણા.

ઉપજીવન–આજીવિકા. પ. અં. ૬૪
ઉપયોગ–ચેતનાની પરિણતિ, જેથી પદાર્થ બોધ થાય.
ઉપશમભાવ–કર્મના શાંત થવાથી જે ભાવ થાય તે.
ઉપશમશ્રેણી–જેમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કરાય. (જૈ સિ પ્ર.)
ઉપાધિ–જંજાળ.
ઉપાધ્યાય–જે સાધુ શાસ્ત્રોને શિખવાડે તે.
ઉપાશ્રય–સાધુ-સાધ્વીઓનાં આશ્રયસ્થાન.
ઉપાસક–પૂજાભકિત કરનાર; સાધુઓની ઉપાસના કરનાર શ્રાવક
ઉપેક્ષા–અનાદર; તિરસ્કાર.

ઊ

ઊર્ધ્વગતિ–ઊંચે જવું
ઊર્ધ્વ પ્રચય–પદાર્થમાં જે ધર્મનું ઉદ્‌ભવવું થાય છે તે; ક્ષણે ક્ષણે થતી અવસ્થા.
ઊર્ધ્વલોક–સ્વર્ગ; મોક્ષ

ઋ

ઋષભદેવ–જૈનોના આદિ તીર્થંકર.
ઋષિ–બહુ ઋદ્ધિધારી હોય તે. ઋષિના ચાર ભેદ: ૧ રાજ૦, ૨ બ્રહ્મ૦, ૩ દેવ૦, ૪.પરમ૦, રાજર્ષિ=ઋદ્ધિવાળા બ્રહ્મર્ષિ=અક્ષીણ મહાન ઋદ્ધિવાળા. દેવર્ષિ=આકાશગામી દેવ. પરમર્ષિ=કેવળ જ્ઞાની.

એ

એકત્વભાવના–આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે, અંતઃકરણથી એમ ચિંતવવું તે એકત્વભાવના (ભાવનાબોધ)
એકનિષ્ઠા–એક જ વસ્તુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા.
એકભક્ત–દિવસમાં એક જ વખત જમવું.
એકાકી–એકલો.
એકાંતવાદ–વસ્તુને એક ધર્મરૂપ માનનાર.

ઓ

ઓઘસંજ્ઞા–જે ક્રિયામાં વર્તતા પ્રાણી લોકની, સત્‌ની કે ગુરુનાં વચનની અપેક્ષા રાખતો નથી; આત્માના અધ્યવસાય રહિત કાંઈક ક્રિયાદિ કર્યા કરે. (અધ્યાત્મસાર)

ક્ષમા–અપરાધીની માફી આપવી; હરકત કરવાની શક્તિ હોવા છતાં કે ન છતાં સામા જીવ પર ક્રોધ ન કરવો.

ક્ષમાપના–ભૂલની માફી માગવી

ક્ષાયિક ચારિત્ર–મોહનીય કર્મના ક્ષયથી જે ચારિત્ર (આત્મસ્થિરતા) ઊપજે તે

ક્ષાયિક ભાવ–કર્મના નાશથી જે ભાવ ઊપજે તે, જેમ કે કેવલજ્ઞાન, કેવલદર્શન.

ક્ષાયિક સમ્યક્દર્શન–મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના અભાવથી જે આત્મપ્રતીતિ, અનુભવ ઉત્પન્ન થાય તે

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ–જે દર્શન મોહનીય કર્મના ક્ષય તથા ઉપશમથી થાય તે; આત્મશ્રદ્ધા.

ક્ષીણકષાય–બારમુ ગુણસ્થાનક છે. મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયા પછી તરત જ બારમુ ગુણસ્થાન આવે છે

ખ

ખલતા–દુષ્ટતા

ખ્વાએશ–ઇચ્છા.

ખેળ–રજ; પીઠી; લેપ.

ખંતી દંતી પ્રવ્રજ્યા–જે દીક્ષામાં ક્ષમા તથા ઇંદ્રિયનિગ્રહ છે

ગ

ગચ્છ–સમુદાય; ગણ; સંઘ, સાધુસમુદાય; એક આચાર્યનો પરિવાર.

ગજસુકુમાર–શ્રીકૃષ્ણ વાસુદેવના નાનાભાઈ જુઓ મોક્ષમાળા પાઠ ૪૩

ગણધર–તીર્થંકરના મુખ્ય શિષ્ય. આચાર્યની આજ્ઞાનુસાર સાધુસમુદાયને લઈને મહીમંડલમાં વિચરનાર સમર્થ સાધુ.

ગણિતાનુયોગ–જે શાસ્ત્રોમાં લોકનુ માપ તથા સ્વર્ગ નરક આદિની લંબાઈ આદિનુ, કર્મના બંધાદિનું વર્ણન કરેલું હોય (વ્યાખ્યાનસાર–૧૭૩)

ગતભવ–પૂર્વભવ; પૂર્વજન્મ.

ગતશોક–શોકરહિત

ગતિ આગતિ–જવું આવવું

[illegible]–[illegible] જૈન આગમની રીતે એક [illegible]

ગુમાન–અભિમાન; અહંકાર.

ગુણનિષ્પન્ન–જેને ગુણો પ્રાપ્ત થયા છે.

ગુણસ્થાન–મોહ અને યોગના નિમિત્તથી સમ્યદર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશે ગુણસ્થાન કહ્યું છે (ગોમ્મટસાર); ગુણો પ્રગટતા તે ગુણસ્થાન.

ગુરુતા–મોટાઈ.

ગોકુલચરિત્ર–શ્રી મનસુખરામ સૂર્યરામે લખેલું શ્રી ગોકુળજી ઝાલાનું જીવનચરિત્ર

ગૌતમ–ભગવાન મહાવીરના પ્રધાન શિષ્ય. એમનું બીજું નામ ઇંદ્રભૂતિ હતું.

ગ્રન્થ–પુસ્તક; શાસ્ત્ર; બાહ્ય અભ્યંતર પરિગ્રહ. (આત્મસિદ્ધિ ગાથા ૧૦૦),

ગ્રંથિ–રાગદ્વેષની નિબિડ ગાંઠ, મિથ્યાત્વની ગાંઠ. (આત્મસિદ્ધિ ગાથા ૧૦૦)

ગ્રંથિ-ભેદ–જડ ને ચેતનનો ભેદ કરવો

ગૃહસ્થી–શ્રાવક; સંસારી

ઘ

ઘટપરિચય–હૃદયનું ઓળખાણ.

ઘટાટોપ–ચારે બાજુ ઢંકાઈ જાય તેવી ઘટા.

ઘનઘાતિકર્મ–ચાર છે: જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીયકર્મ, મોહનીયકર્મ તથા અંતરાયકર્મ–આત્માના મૂળ ગુણોને આવરણ કરનાર હોવાથી એ ચારે કર્મ ઘનઘાતિ કહેવાય છે.

ઘનરજ્જુ–જેની લંબાઈ પહોળાઈ અને જાડાઈ સરખી થાય એવી રીતે રજ્જુનું પરિમાણ કરવું તે, મધ્યલોક પૂર્વથી પશ્ચિમ એક રજ્જુ પ્રમાણ છે તેટલો જ લાંબો પહોળો ઊંચો લોકનો વિભાગ.

ઘનવાત–ઘનોદધિ અથવા વિમાન આદિના આધારભૂત એક પ્રકારનો કઠિન વાયુ.

ઘનવાત વલય–વલયાકારે રહેલ ઘનવાયુ.

ચ

ચક્રરત્ન–ચક્રવર્તીનાં ચોદ રત્નમાનું એક રત્ન.

ચક્રવર્તી–સમ્રાટ; ભરત આદિ ક્ષેત્રના છ ખંડના અધિપતિ

ચક્ષુદર્શન–આંખે જણાતી વસ્તુનો પ્રથમ સામાન્ય બોધ થાય તે.

જિન–રાગદ્વેષને જીતનાર તે જિન.

જિનકલ્પ–ઉત્કૃષ્ટ આચાર પાળનાર સાધુનો–જિનકલ્પીનો વ્યવહાર વિધિ; એકાકી વિચરનારા સાધુઓને માટે કલ્પેલો, અર્થાત્ બાંધેલો, મુકરર કરેલો જિનમાર્ગ વા નિયમ

જિનકલ્પી–ઉત્તમ આચાર પાળનાર સાધુ.

જિનધર્મ–જિનભગવાને કહેલો ધર્મ.

જિનમુદ્રા–બે પગ વચ્ચે ચાર આંગળનું અંતર રાખી હાથ લગડતા રાખી સરખા ઊભા રહીને કાઉસગ્ગ કરવો તે ખડા રહીને ધ્યાન ધરવું તે

જિનેંદ્ર–તીર્થંકર ભગવાન.

જીવ–આત્મા; જીવપદાર્થ.

જીવરાશિ–જીવસમુદાય.

જીવાસ્તિકાય–જ્ઞાન દર્શનસ્વરૂપ આત્મા તે આત્મા અસંખ્યાતપ્રદેશી છે તેથી અસ્તિકાય કહેલ છે

જોગાનલ–ધ્યાનરૂપી અગ્નિ.

જ્ઞાત–જાણેલ

જ્ઞાતપુત્ર–ભગવાન મહાવીર; જ્ઞાત નામના ક્ષત્રિય વંશના

જ્ઞાતા–જાણનાર; આત્મા; પ્રથમાનુયોગના સૂત્રનું નામ.

જ્ઞાન–જે વડે પદાર્થો જણાય તે. જ્ઞાન આત્માનો ધર્મ છે

જ્ઞાનધારા–જ્ઞાનનો પ્રવાહ.

જ્ઞાનવૃદ્ધ–જ્ઞાનમાં જે વિશેષ છે તે.

જ્ઞાનાક્ષેપકવંત–સમ્યગ્દૃષ્ટિ આત્મા; જ્ઞાનપ્રિય

જ્ઞેય–જાણવા યોગ્ય પદાર્થો.

ત

તત્ત્વ–રહસ્ય; સાર; સત્પદાર્થ; વસ્તુ; પરમાર્થ–યથાસ્થિત વસ્તુ.

તત્ત્વજ્ઞાન–તત્ત્વસંબંધી જ્ઞાન

તત્ત્વનિષ્ઠા–તત્ત્વમાં આસ્થા

તત્પર–એકદમ; વગર પળ ગુમાવ્યે; તૈયાર.

તદાકાર–તેના જ આકારનું; તન્મય; લીન

તદ્રૂપ–[illegible] સ્વરૂપના લીનતા.

તન–શરીર.

તનય–[illegible]

તપ–[illegible] નિરોધ; [illegible]

[illegible]

તમ–અંધારું

તમતમપ્રભા–સાતમી નરક.

તમતમા–ગાઢ અંધકારવાળી સાતમી નરક.

તસ્કર–ચોર.

તંતહારક–વાદવિવાદનો નાશ કરનાર.

તાદાત્મ્ય–એકતા; લીનતા

તારતમ્ય–ઓછાવત્તાપણું.

તીરોભાવ–ઢંકાઈ જવું.

તિર્યક્ પ્રચય–પદાર્થના પ્રદેશોનો સંચય; બહુપ્રદેશીપણું.

તીર્થ–ધર્મ; તરવાનું સ્થાન; શાસન. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ સંઘ સમુદાય, ગંગા, જમુનાદિ લૌકિક તીર્થ છે.

તીર્થંકર–ધર્મના ઉપદેશનાર, જેના ચાર ઘનઘાતિ કર્મ નાશ પામ્યાં છે તથા જેને તીર્થંકર નામ કર્મની પ્રકૃતિનો ઉદય વર્તે છે તીર્થને સ્થાપનાર.

તીવ્રજ્ઞાનદશા–જે દશામાં જ્ઞાન અતિશય આત્મનિષ્ઠ હોય

તીવ્રમુમુક્ષુતા–ક્ષણે ક્ષણે સંસારથી છૂટવાની ભાવના; અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમા ક્ષણે ક્ષણે પ્રવર્તવું. (૫ અં. ૨૫૪)

તુચ્છ સંસારી–અલ્પ સંસારી

તુષ્ટમાન–પ્રસન્ન. રાજી

ત્રણ મનોરથ–(૧) આરંભ પરિગ્રહને ત્યાગવા, (૨) પાંચ મહાવ્રતને ધારણ કરવા, (૩) મરણકાળે આલોચના કરી સમાધિમરણની પ્રાપ્તિ

ત્રણ સમકિત–(૧) ઉપશમ સમકિત, (૨) ક્ષાયિક સમકિત અને (૩) ક્ષાયોપશમિક સમકિત; અથવા (૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, આ પ્રથમ સમકિત કહ્યું છે

(૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર (૩) નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર છે. (૯ અં. ૭૫૧)

ત્રસ–બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચોઇંદ્રિય તથા પંચેંદ્રિય જીવોને ત્રસ કહે છે.

ચાલવામા સહાય કરે, જેમ પાણી માછલાંને ચાલવામા મદદરૂપ છે (દ્રવ્યસગ્રહ)

ધ્રુવેવા (ધ્રૌવ્ય)–વસ્તુમાં કોઈ રીતે પરિણમન હોવા છતા વસ્તુનુ જે વસ્તુપણુ કાયમ રહે છે તે.

ન

નપુંસકવેદ–જે કષાયના ઉદયથી સ્ત્રી તથા પુરુષ બન્નેની ઇચ્છા કરે

નભ–આકાશ.

નમસ્કાર મંત્ર–નવકાર મંત્ર.

નય–વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર જ્ઞાનને નય કહે છે. જૈન શાસ્ત્રોમા મુખ્યપણે બે નયોનુ વર્ણન છે, દ્રવ્યાર્થિક નય તથા પર્યાયાર્થિક નય આ નયોમા જ બધા નયોનો સમાવેશ થઈ જાય છે.

નરકગતિ–જે ગતિમા જીવોને અતિશય ત્રાસ છે, તેવી સાત નરક છે: રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા, તથા મહાતમપ્રભા (તમતમપ્રભા) (તત્ત્વાર્થસૂત્ર).

નરગતિ–મનુષ્યગતિ

નવઅનુદિશ–દિગંબર જૈન શાસ્ત્રોમા ઊર્ધ્વલોકમા નવગ્રૈવેયિકના ઉપર નવ વિમાન બીજાં માનેલા છે. તેઓમા સમ્યગ્દષ્ટિ જ જન્મ ધારણ કરે છે. તથા ત્યાંથી આવીને જીવ ઉત્કૃષ્ટ બે ભવ ધારણ કરીને મોક્ષે જાય છે

નવકારમંત્ર–જૈનોનો અત્યંત માન્ય મંત્ર—"નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં" આ નવકાર મંત્ર છે જુઓ મોક્ષમાળા પા ૭૫

નવકેવલલબ્ધિ–ચાર ઘનઘાતિ કર્મના ક્ષય થવાથી કેવળી ભગવાનને નવ વિશિષ્ટ ગુણો પ્રગટે છે જેમકે અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષાયિકચારિત્ર, અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંત ઉપભોગ, અનંતવીર્ય (સર્વાર્થ-સિદ્ધિ [illegible])

નવગ્રૈવેયક–[illegible] રચના છે. [illegible]

નવતત્ત્વ–જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પાપ તથા પુણ્ય આ નવ તત્ત્વ છે. (નવતત્ત્વ)

નવનિધિ–ચક્રવર્તી નવનિધિના સ્વામી હોય છે. તે નવનિધિ આ પ્રમાણે છે: કાલનિધિ, મહાકાલનિધિ પાંડુનિધિ, માણવકનિધિ, શંખનિધિ, નૈસર્પનિધિ, પદ્મનિધિ, પિંગલનિધિ અને રત્નનિધિ

નવનોકષાય–અલ્પ કષાયને નોકષાય કહે છે. તે નોકષાયો નવ પ્રકારના છે: હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ

નવપદ–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર તથા તપ.

નાભિનંદન–નાભિરાજાના પુત્ર, ભગવાન ઋષભદેવ

નારાયણ–પરમાત્મા; શ્રીકૃષ્ણ

નાસ્તિ–અભાવ.

નાસ્તિક–આત્માદિ પદાર્થોને ન માનનાર.

નિકાચિત કર્મ–જે કર્મમા સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ વડે ફેરફાર ન થાય, પણ સમય પર જ ઉદય આવે

નિગોદ–એક શરીરમા અનંતા જીવ હોય તે અનંતકાય.

નિજ છંદ–પોતાની મરજી પ્રમાણે ચાલવુ.

નિદાન–ધર્મ કરીને આવતા ભવ માટે સુખની અભિલાષા કરવી; કારણ

નિદિધ્યાસન–અખંડ ચિંતવન.

નિબંધન–બાંધેલુ

નિયતિ–નિયમ; ભાગ્ય; જે થવાનુ છે તે

નિરંજન–કર્મ કાલિમા રહિત.

નિરુપક્રમ આયુષ–જે આયુષ તૂટે નહિ એવું; નિકાચિત આયુ.

નિર્ગ્રંથ–સાધુ—જેની મોહની ગાંઠ છૂટી છે.

નિર્ગ્રંથિની–સાધ્વી

નિર્જરા–અંશે અંશે કર્મોનું આત્માથી છૂટા પડવું

નિર્યુક્તિ–શબ્દની સાથે અર્થને જોડનાર; ટીકા.

નિર્વાણ–આત્માની શુદ્ધ અવસ્થા; મોક્ષ.

નિર્વિકલ્પ–નિરાકાર [illegible] વિકલ્પોનો અભાવ.

પૂર્વાનુપૂર્વ–પ્રથમ પ્રાપ્ત થયેલ વસ્તુ

પૂર્વાપર અવિરોધ–આગળપાછળ જેમા વિરોધ ન હોય

પ્રકૃતિ બંધ–જે કર્મો બધાય છે તેમા જ્ઞાનાદિ ઘાતવાનો સ્વભાવ પડે છે તેને પ્રકૃતિબંધ કહે છે

પ્રજ્ઞા–બુદ્ધિ.

પ્રજ્ઞાપના–પ્રરૂપણા; નિરૂપણ.

પ્રજ્ઞાપનીયતા–જણાવવાયોગ્ય વર્ણન

પ્રતિક્રમણ–થયેલા દોષોનો પશ્ચાત્તાપ.

પ્રતિપલ–દરેક ક્ષણ

પ્રતિબંધ–રોકાવુ; પરવસ્તુઓમા મોહ.

પ્રતિશ્રોતી–સ્વીકારનાર.

પ્રત્યાખ્યાન–વસ્તુનો ત્યાગ કરવો (વિશેષ માટે જુઓ, મોક્ષમાળા પા ૩૧)

પ્રત્યેક બુદ્ધ–કોઈ વસ્તુના નિમિત્તથી જેને બોધ થયો હોય તે, જેમ કરકડુ આદિ પુરુષો

પ્રત્યેક શરીર–દરેક જીવનુ જુદુ જુદુ શરીર

પ્રભુત્વ–સ્વામીપણુ.

પ્રદેશ–આકાશનો તે અશ જેને અવિભાગી એક પુદ્ગલ પરમાણુ રોકે છે તેમાં અનેક પરમાણુઓને સ્થાન આપવાનું સામર્થ્ય હોય છે

પ્રદેશ બધ–બધાયેલા કર્મોની સંખ્યાનો નિર્ણય એટલે કે કેટલા કર્માણુ આત્માની સાથે બધાયાં છે

પ્રદેશ સંહાર વિસર્પ–શરીરને લીધે આત્માના પ્રદેશોનુ સ કોચાવુ તથા ફેલાવુ.

પ્રદેશોદય–કર્મોનુ પ્રદેશોમા ઉદય થવુ, રસ દીધા વિના ખરી જવું.

પ્રમાણ–સાચુ જ્ઞાન; વસ્તુને સર્વાશે ગ્રહણ કરનારુ જ્ઞાન.

પ્રમાણાબાધિત–પ્રમાણથી વિચારતા જેમા વિરોધ ન આવે

પ્રમાદ–ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળા પ્રમાદના લક્ષણ છે (મોક્ષમાળા–૫૦)

પ્રમોદ–[illegible] કોઈનો ગુણ નીરખીને [illegible] (મોક્ષમાળા [illegible])

બ

બાર અંગ–આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, [illegible] ઉપાસકદશાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરૌપપાતિકદશાંગ, પ્રશ્નવ્યાકરણ વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ.

બાર ગુણ–અરિહંત ભગવાનના ૧૨ ગુણ છે. (૧) વચનાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) અપાયાપગમાતિશય, (૪) પૂજાતિશય, (૫) અશોક વૃક્ષ, (૬) કુસુમવૃષ્ટિ, (૭) દિવ્ય ધ્વનિ, (૮) ચામર (૯) આસન, (૧૦) ભામંડલ, (૧૧) ભેરી, (૧૨) છત્ર. ૪ અતિશય તથા ૮ પ્રાતિહાર્ય કહેવાય છે.

બાર તપ–અનશન, અવમૌદર્ય, વૃત્તિસક્ષેપ, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ.

બાર વ્રત–શ્રાવકના બાર વ્રત છે, તે આ પ્રમાણે. અહિંસાણુવ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, પરિગ્રહ પરિમાણાણુવ્રત અને બ્રહ્મચર્યાણુવ્રત એ પાંચ અણુવ્રત કહેવાય છે દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદડવ્રત આ ત્રણ ગુણવ્રત છે સામાયિક, પ્રોષધોપવાસ, ઉપભોગપરિભોગપરિમાણ, અતિથિ સવિભાગ એ ચાર શિક્ષાવ્રત છે.

બાલજીવ–અજ્ઞાની આત્મા

બાહ્ય પરિગ્રહ–બહારના પદાર્થો પર મમતા રાખવી. તે પરિગ્રહ દશ પ્રકારે છે: ક્ષેત્ર, ઘર, ચાદી, સોનુ, ગાયભેસ, ધન, ધાન્ય, દાસી, દાસ અને વાસણ.

બાહ્યભાવ–લૌકિક ભાવ; સંસારભાવ.

બીજજ્ઞાન–સમ્યગ્દર્શન

બીજરુચિ સમ્યક્ત્વ–પરમાર્થ સમ્યક્ત્વવાન જીવના નિ:કામ શ્રદ્ધા. (પ. અ. ૪૩૧)

બોધબીજ–સમ્યગ્દર્શન.

બ્રહ્મચર્ય–આત્મામા રમવુ; સ્ત્રીમાત્રનો ત્યાગ.

બ્રહ્મરસ–આત્મ-અનુભવ

બ્રહ્મવિદ્યા–આત્મજ્ઞાન

બ્રહ્માંડ–સકલ વિશ્વ.

બ્રાહ્મી વેદના–આત્મા સબંધી વેદના; આન્તરિક પીડા

ભ

ભક્તિ–જ્ઞાની પુરુષોના ગુણોના લીનતા. તેઓના [illegible] સ્તુતિ કરવી ઇત્યાદિ [illegible]

ભદ્ર[illegible]–[illegible] પુરુષોના [illegible]

મૃષા–ખોટું; અસત્ય.

મેધાવી–બુદ્ધિમાન; — પ્રજ્ઞાવાળો

મેષોન્મેષ–આંખનું ઉઘાડવું ને બંધ કરવું

મૈત્રી–સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ (પ અં. ૫૭)

મોક્ષ–આત્માથી કર્મોનું સર્વથા છૂટી જવું તે મોક્ષ.

મોક્ષમાર્ગ–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग (તત્ત્વાર્થસૂત્ર)

મોક્ષસુખ–અલૌકિક સુખ; આત્માનંદ જે સુખ મુખેથી કહી શકાતું નથી (વિશેષ માટે જુઓ મોક્ષમાળા પાઠ ૭૩)

મોહ–જે આત્માને ગાંડો બનાવી દે; સ્વ તથા પરનું ભાન ભુલાવે; પરપદાર્થોમાં એકત્વબુદ્ધિ કરાવે

મોહનીય કર્મ–આઠ કર્મોમાં એક મોહનીય કર્મ છે, જે કર્મોનો રાજા કહેવાય છે તેના પ્રભાવે જીવ સ્વરૂપને ભૂલે છે

મોહમયી–મુંબઈ

ય

યતિ–ધ્યાનમાં સ્થિર થઈ શ્રેણી માંડનાર.

યત્ના–કોઈ પણ જીવની હિંસા ન થાય તેમ પ્રવર્તવું (વિશેષ માટે જુઓ મોક્ષમાળા પાઠ ૨૭)

યથાર્થ–વાસ્તવિક

યશનામકર્મ–જે કર્મના ઉદયથી યશ ફેલાય

યાચકપણું–માગવાપણું.

યાવજ્જીવ–જીવન સુધી

યુગલિયા–ભોગભૂમિના જીવો

યોગ–આત્મ પ્રદેશોનું હલનચલન થવું; મોક્ષ સાથે આત્માનું જોડાવું; મોક્ષના કારણોની પ્રાપ્તિ; ધ્યાન

યોગક્ષેમ–જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું.

યોગદશા–ધ્યાનદશા

યોગદૃષ્ટિસમુચ્ચય–યોગનો ગ્રન્થ છે

યોગબિંદુ–હરિભદ્રાચાર્યનો યોગ સંબંધી ગ્રન્થ છે

યોગવાસિષ્ઠ–વૈરાગ્યપ્રેરક એક ગ્રન્થનું નામ.

[illegible]

[illegible]

[illegible]

ર

રહનેમી–ભગવાન નેમિનાથનો ભાઈ

રાજસીવૃત્તિ–રજોગુણવાળી વૃત્તિ; ખાવું, પીવું અને મઝા કરવી; પુદ્ગલાનન્દી ભાવ

રાજીપો–ખુશી

રાજેમતી–ભગવાન નેમિનાથની મુખ્ય શિષ્યા.

રુચકપ્રદેશ–મેરુના મધ્યભાગમાં આવેલ આઠ રુચકપ્રદેશ કે જ્યાંથી દિશાઓની શરૂઆત થાય છે. આત્માના પણ આઠ રુચકપ્રદેશ છે જેને અબંધ કહેવામાં આવે છે (વિશેષ માટે જુઓ પ અ ૧૩૯)

રૂપી–જેમાં રૂપ, રસ ગંધ અને સ્પર્શ હોય તે પદાર્થ રૂપી કહેવાય છે.

રૌદ્ર–વિકરાળ; ભયાનક.

રૌદ્રધ્યાન–દુષ્ટ આશયવાળું ધ્યાન તે ચાર પ્રકારે છે: હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ, વિષયસંરક્ષણાનંદ. હિંસા, અસત્ય, ચોરી અને પરિગ્રહમાં આનંદ માનવો, આ ધ્યાન નરકગતિનું કારણ થાય છે

લ

લબ્ધિ–વીર્યાંતરાય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત થતી શક્તિ શ્રુતજ્ઞાનના આવરણનો ક્ષયોપશમ પ્રાપ્ત થવો તે

લબ્ધિવાક્ય–અક્ષર થોડા હોવા છતાં જે વાક્યમાં ઘણો અર્થ સમાયેલો છે, ચમત્કારી વાક્ય

લાવણ્યતા–સુંદરતા

લિંગદેહજન્યજ્ઞાન–દશ ઇંદ્રિય, પાંચ વિષય અને મન એ રૂપ જીવનું સૂક્ષ્મ શરીર, તેથી થયેલું જ્ઞાન.

લેશ્યા–કષાયથી રંગાયેલી યોગની પ્રવૃત્તિ જીવના કૃષ્ણાદિ દ્રવ્યની પેઠે ભાસ્યમાન પરિણામ (પ. અ. ૭૫૨)

લોક–સર્વ દ્રવ્યોને આધાર આપનાર.

લોકભાવના–ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું.

લોકસંજ્ઞા–ગુરુનું અન્વેષણ કરતાં તીર્થનો ઉચ્છેદ થાય તેમ છે, એમ કહીને લોકપ્રવૃત્તિમાં આદર તથા શ્રદ્ધા રાખી તે પ્રમાણે કર્યા કરવું તે લોકસંજ્ઞા. (અધ્યાત્મસાર)

લોકસ્થિતિ–લોકરચના.

લોકાન્ત–સિદ્ધાલય.

શ

શતક—સોનો સમુદાય
શતાવધાન—એકી સાથે સો વાતો પર ધ્યાન આપવું તે
શર્વરી—રાત્રિ.
શશિ—ચંદ્રમા.
શંકર—મહાદેવ; સુખ આપનાર
શંકા સહ—સંદેહ સહિત.
શાલ્મલી વૃક્ષ—નરકના એક વૃક્ષનું નામ; શીમળાનું ઝાડ
શાસ્ત્ર—વીતરાગી પુરુષોનાં વચન તે શાસ્ત્ર; ધર્મગ્રંથ.
શાસ્ત્રકાર-શાસ્ત્ર રચનાર.
શાસ્ત્રાવધાન—શાસ્ત્રમાં ચિત્તની એકાગ્રતા
શિક્ષાબોધ—ન્યાયનીતિનો ઉપદેશ. સારી શિખામણ.
શિથિલકર્મ—જે કર્મ વિચાર આદિથી દૂર કરી શકાય તે.
શુકલધ્યાન—જીવોના શુદ્ધ પરિણામોથી જે ધ્યાન કરાય છે તે શુકલધ્યાન.
શુદ્ધોપયોગ—રાગદ્વેષ રહિત આત્માની પરિણતિ
શુભ ઉપયોગ—મંદ કષાયરૂપ ભાવ વીતરાગ પુરુષોની ભક્તિ, જીવદયા, દાન, સંયમ ઇત્યાદિ.
શુભદ્રવ્ય—જે પદાર્થના નિમિત્તે આત્મામાં સારો—પ્રશસ્તભાવ થાય.
શુષ્કજ્ઞાની—જેને ભેદજ્ઞાન ન હોય, માત્ર વાણીમાં જ અધ્યાત્મ હોય. (વિશેષ માટે આત્મ૦ ગા. ૫, ૬)
શૈલેશીકરણ—પર્વતોમા મોટો મેરુ તેના જેવું અચલ—અડગ. (વ્યાખ્યાનસાર)
શ્રમણ—સાધુ; મુનિ
શ્રમણોપાસક—શ્રાવક; ગૃહસ્થ
શ્રાવક—જ્ઞાનીના વચનના શ્રોતા – શ્રવણ કરનાર. (ઉપદેશછાયા પૃ ૭૨૯)
શ્રુતજ્ઞાન—મતિજ્ઞાનથી જાણેલા પદાર્થથી સંબંધને લઈને ચેતન કોઈ બીજા પદાર્થના જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. જેમ 'ઘ—ઘડો' શબ્દ સાંભળવા પછી ઉત્પન્ન થયેલ. કંબુગ્રીવાદિરૂપ ઘડાનું જ્ઞાન. (જૈન સિ પ્રવેશિકા)
શ્રેણિક—મહાવીરના સમયમાં મગધ દેશના એક પ્રતાપશાળી રાજા, જિનશાસનના પરમભક્ત
શ્રેણી—કર્મ [illegible] આત્માની ચડતી સીડી: [illegible] ઉત્પન્ન અવસ્થા [illegible] આત્માના [illegible] ચડતી દશા.
[illegible]—[illegible]

ષ

ષટ્દર્શન—(૧) બૌદ્ધ, (૨) નૈયાયિક, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) મીમાંસક, અને (૬) ચાર્વાકની માન્યતાઓ. (૫. અં. ૭૧૧)
ષટ્દ્રવ્ય—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ તથા કાલ એ ૭ મૂળ પદાર્થો.
ષટ્પદ—આત્મા છે, તે નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, તથા મોક્ષનો ઉપાય છે (પ. અં. ૪૯૩)

સ

સજીવન મૂર્તિ—દેહધારી મહાત્મા.
સત્પુરુષાર્થ—આત્માને કર્મબંધનથી મુક્ત કરી શકે તેવો પ્રયત્ન
સતમૂર્તિ—જ્ઞાની પુરુષ.
સત્સંગ—સતનો જે રંગ ચઢાવે. (મોક્ષમાળા પા. ૨૪) પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ. (પ અં. ૨૪૯)
સનાતન—શાશ્વત; પરાપૂર્વથી ચાલી આવતુ.
સમકિત—સમ્યગ્દર્શન (મૂળમાર્ગ. ૭)
સમદર્શિતા—શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જે સમતા તે; પદાર્થને વિષે ઇષ્ટ—અનિષ્ટ—રહિતપણુ
સમય—કાલનો નાનામાં નાનો ભાગ.
સમવાય સંબંધ—અભેદ સંબંધ.
સમશ્રેણી—સમભાવની ચાલુ રહેતી પરિણતિ.
સમસ્વભાવી—એક સરખા સ્વભાવવાળા
સમાધિ મરણ—સમતાપૂર્વક દેહત્યાગ
સમિતિ—યત્નાપૂર્વક ગમનાદિ ક્રિયાઓમાં પ્રવર્તવું.
સમુદ્ઘાત—મૂલ શરીર છોડયા સિવાય આત્માના પ્રદેશોનુ બહાર નીકળવુ તે. સમુદ્ઘાત સાત પ્રકારે છે વેદના, કષાય, વૈક્રિયિક, મારણાંતિક, તૈજસ, આહારક, અને કેવલી સમુદ્ઘાત.
સરિતા—નદી
સલિલ—પાણી
સંઘયણ—શરીરની દૃઢતા, શરીરનાં હાડ વગેરેનું બંધારણ—બાંધો
સંથારો—[illegible].
સંજ્ઞા—જ્ઞાન વિશેષ, કંઈ પણ આગળપાછળની ચિંતવન શક્તિવિશેષ અથવા સ્મૃતિ. (પ. અં. [illegible])

પરિશિષ્ટ ૬

સૂચિ ૧

વિશેષનામ

(અંક પાનના છે. કૌંસમાંના અંક ફૂટનોટ પાન સૂચવે છે)



તો માત્ર કોઈ શ્રી તીર્થંકર જેવા જ્ઞાની વિના, સર્વને આ પ્રવૃત્તિ કરતાં કલ્યાણનો વિચાર કરવો અને નિશ્ચય થવો તથા આત્મસ્વસ્થતા થવી દુર્લભ છે.

એ જ વિનંતી.

---

[૪૬૯] **૫૫૨** મુંબઈ, માગશર, ૧૯૫૧

ઉપકારશીલ શ્રી સોભાગ પ્રત્યે, શ્રી સાયલા.

ઈશ્વરેચ્છા બળવાન છે, અને કાળનું પણ દુષમપણું છે. પૂર્વે જાણ્યું હતું અને સ્પષ્ટ પ્રતીતિ સ્વરૂપ હતું કે જ્ઞાનીપુરુષને સકામપણે ભજતાં આત્માને પ્રતિબંધ થાય છે, અને ઘણી વાર પરમાર્થદૃષ્ટિ મટી સંસારાર્થ દૃષ્ટિ થઈ જાય છે. જ્ઞાની પ્રત્યે એવી દૃષ્ટિ થયે ફરી સુલભબોધિપણું પામવું કઠણ પડે છે, એમ જાણી કોઈ પણ જીવ સકામપણે સમાગમ ન કરે, એવા પ્રકારે વર્તવું થતું હતું. તમને તથા શ્રી ડુંગર વગેરેને આ માર્ગસંબંધી અગે કહ્યું હતું, પણ અમારા બીજા ઉપદેશની પેઠે તત્કાળ તેનું ગ્રહવું કોઈ પ્રારબ્ધયોગથી ન થતું. અમે જ્યારે તે વિષે કંઈ જણાવતા ત્યારે પૂર્વના જ્ઞાનીઓએ આચર્યું છે, એવા પ્રકારાદિથી પ્રત્યુત્તર કહેવા જેવું થતું હતું. અમને તેથી ચિત્તમાં મોટો ખેદ થતો હતો કે આ સકામવૃત્તિ દુષમકાળને લીધે આવા મુમુક્ષુપુરુષને વિષે વર્તે છે, નહીં તો તેનો સ્વપ્ને પણ સંભવ ન હોય. જોકે તે સકામવૃત્તિથી તમે પરમાર્થદૃષ્ટિપણું વીસરી જાઓ એવો સંશય થતો નહોતો. પણ પ્રસંગોપાત્ત પરમાર્થદૃષ્ટિને શિથિલપણાનો હેતુ થવાનો સંભવ દેખાતો હતો, પણ તે કરતાં મોટો ખેદ એ થતો હતો કે આ મુમુક્ષુના કુટુંબમાં સકામબુદ્ધિ વિશેષ થશે, અને પરમાર્થદૃષ્ટિ મટી જશે, અથવા ઉત્પન્ન થવાનો સંભવ ટળી જશે; અને તેને લીધે બીજા પણ ઘણા જીવોને તે સ્થિતિ પરમાર્થ અપ્રાપ્તિમાં હેતુભૂત થશે. વળી સકામપણે ભજનારની કામના [illegible] કંઈ વૃત્તિ શાંત કરવાનું બનવું કઠણ, તેથી સકામી જીવોને [illegible] વિરોધબુદ્ધિ થાય અથવા પરમાર્થપૂજ્યભાવના ટળી જાય એવું જે જોયું હતું, તે [illegible] તે વિશેષ ઉપયોગ થવા સહેજ લખ્યું છે. પૂર્વાપર આ વાતનું માહાત્મ્ય [illegible] અને [illegible] જીવોને ઉપકાર થાય તેમ વિશેષ લક્ષ રાખશો.

---

[૪૭૦] **૫૫૩** મુંબઈ, પોષ સુદ ૧, શુક્ર, ૧૯૫૧

[illegible] વિચાર [illegible] અને શ્રી [illegible] [illegible] પ્રતિબંધ થવાનું [illegible]

[illegible]

[૪૭૧] ૫૫૫ મુંબઈ, પોષ સુદ ૧૦, રવિ, ૧૯૫૧

પ્રત્યક્ષ કારાગૃહ છતાં તેના ત્યાગને વિષે જીવ ઇચ્છે નહીં, અથવા અત્યાગરૂપ શિથિલતા ત્યાગી શકે નહીં, કે ત્યાગબુદ્ધિ છતાં ત્યાગતાં ત્યાગતાં કાળ વ્યય કરવાનું થાય, તે સૌ વિચાર જીવે કેવી રીતે દૂર કરવા? અલ્પકાળમાં તેમ કેવી રીતે બને? તે વિષે તે પત્રમાં લખવાનું થાય તો કરશો. એ જ વિનતી.

---

૫૫૬ મુંબઈ, ૧૯૫૧ના પોષ વદ ૨, રવિ

પરમપુરુષને નમસ્કાર

પરમ સ્નેહી શ્રી સોભાગભાઈ, શ્રી મોરબી.

ગઈ કાલે એક પત્ર પ્રાપ્ત થયું હતું, તથા એક પત્ર આજે પ્રાપ્ત થયું છે.

બ્રહ્મરસ સંબંધી નડિયાદવાસી વિષે લખેલી વિગત જાણી છે; તથા સમકિતની સુગમતા શાસ્ત્રમાં અત્યંત કહી છે, તે તેમ જ હોવી જોઈએ એ વિષે લખ્યું તે વાંચ્યું છે. તથા ત્યાગ અવસર છે, એમ લખ્યું તે પણ વાંચ્યું છે. ઘણું કરી માહ સુદ બીજ પછી સમાગમ થશે, અને ત્યારે તે માટે જે કંઈ પૂછવાયોગ્ય હોય તે પૂછશો.

હાલ જે મોટા પુરુષના માર્ગ વિષે તમારા ૧ પત્રમાં લખવાનું થાય છે, તે વાંચીને ઘણો સંતોષ થાય છે.

આ૦ સ્વ૦ પ્રણામ.

[૪૭૩-૨] ૫૫૭ મુંબઈ, પોષ વદ ૯, શનિ, ૧૯૫૧

મિથ્યા જગત વેદાંત કહે છે તે ખોટું શું છે?

[૪૭૩-૧] ૫૫૮ મુંબઈ, પોષ વદ ૧૦, રવિ, ૧૯૫૧

વિષમ સંસારબંધન છેદીને ચાલી નીકળ્યા તે પુરુષોને અનંત પ્રણામ.

માહ સુદ એકમ બીજ પર વખતે નીકળાય તોપણ ત્રણ દિવસ રસ્તામાં થાય તેમ છે, પણ માહ સુદ બીજ પર નીકળાય તેવો સંભવ નથી. સુદ પાંચમ પર નીકળાય [illegible] છે. વચ્ચે ત્રણ દિવસ થવાના છે, તે ન ચાલવા રોકાવાનું કારણ છે. [illegible] નિવૃત્ત થઈ સુદ ૮ મે વવાણિયે પહોંચી શકાય તેમ છે; એટલે [illegible] તમારી [illegible] ન બની શકે તેવું છે, તોપણ કદાપિ એક દિવસ વચ્ચે [illegible] એક, પણ આગ્રહકારનું લુબ્ધ હોવાથી તેમ કરવાનું હાલ કાંઈ [illegible] નથી. [illegible] સ્ટેશને વ્યવસાયની કે તમારી મને [illegible] જે [illegible] તેમનું કહેવાનું [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વ્યવહાર કરવાનું હાલ ચિત્ત હોય એમ જણાતું નથી; અને જે વ્યાપાર વ્યવહારની નિરુપાયતા છે, તેથી પણ નિવૃત્ત થવાની ચિંતના રહ્યા કરે છે. તેમ ચિત્તમાં બીજાને બોધ કરવા યોગ્ય એટલી મારી યોગ્યતા હાલ મને લાગતી નથી; કેમકે જ્યાં સુધી સર્વ પ્રકારના વિષમ સ્થાનકોમાં સમવૃત્તિ ન થાય ત્યાં સુધી યથાર્થ આત્મજ્ઞાન કહ્યું જતું નથી, અને જ્યાં સુધી તેમ હોય ત્યાં સુધી તો નિજ અભ્યાસની રક્ષા કરવી ઘટે છે, અને હાલ તે પ્રકારની મારી સ્થિતિ હોવાથી હું આમ વર્તું છું તે ક્ષમાયોગ્ય છે, કેમકે મારા ચિત્તમાં અન્ય કોઈ હેતુ નથી.

વળતી વખતે શ્રી વઢવાણ સમાગમ કરવાનું થઈ શકે તેવું મારાથી બની શકે તેવું હશે, તો આગળથી તમને લખીશ. પણ મારા સમાગમમાં તમે આવ્યાથી મારું આવવું વઢવાણ થયું હતું એમ બીજાઓના જાણવામાં તે પ્રસંગને લઈને આવે તો તે મને યોગ્ય લાગતું નથી; તેમ વ્યાવહારિક કારણથી તમે સમાગમ કર્યો છે એમ જણાવવું તે અયથાર્થ છે; જેથી જો સમાગમ થવાનું લખવાનું મારાથી બને તો જેમ વાત અપ્રસિદ્ધ રહે તેમ કરશો, એમ વિનંતિ છે.

ત્રણેના પત્ર જુદા લખી શકવાની અશક્તિને લીધે એક પત્ર લખ્યું છે. એ જ વિનંતિ.

અ૦ સ્વ૦ પ્રણામ

[૮૭૪-૯] **૫૫૯** મુંબઈ, પોષ વદ ૦)), શનિ, ૧૯૫૧

શુભેચ્છાસંપન્ન ભાઈ સુખલાલ છગનલાલ પ્રત્યે, શ્રી વીરમગામ.

સમાગમ વિષે તમને ઇચ્છા છે અને તે પ્રમાણે અનુસરવામાં સામાન્યપણે બાધ નથી, તથાપિ ચિત્તના કારણથી હાલ વધારે સમાગમમાં આવવાનું કરવા વિષે લક્ષ થતો નથી. અત્રેથી માહ સુદ ૧૫ ઉપર નિવૃત્ત થવાનો સંભવ જણાય છે, તથાપિ તે વખતમાં રોકાવા જેટલો અવકાશ નથી, અને મુખ્ય ઉપર જણાવ્યું છે તે કારણ છે, તોપણ જો કંઈ બાધ જેવું નહીં હોય, તો સ્ટેશન પર મળવા વિષે આગળથી તમને જણાવીશ. મારા આવવા વિષેના ખબર વિશેષ કોઈને હાલ નહીં જણાવશો, કેમકે વધારે સમાગમમાં આવવાનું ઉદાસીનપણું રહે છે.

આત્મસ્વરૂપે પ્રણામ.

---

[૪૭૪] **૫૬૦** મુંબઈ, પોષ, ૧૯૫૧

ૐ

જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણેક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે, તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે? આટલું સત્ય છે કે આ દુષમકાળને

વિષે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઈએ અને અસત્સંગથી અત્યંત નિવૃત્ત જોઈએ, તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઈચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પકાળમાં ફળીભૂત થાય.

શ્રી તીર્થંકરે તો એટલા સુધી કહ્યુ છે કે જે જ્ઞાનીપુરુષની દશા સંસારપરિક્ષીણ થઈ છે, તે જ્ઞાનીપુરુષને પરંપરા કર્મબંધ સંભવતો નથી; તોપણ પુરુષાર્થ મુખ્ય રાખવો, કે જે બીજા જીવને પણ આત્મસાધન–પરિણામનો હેતુ થાય.

'સમયસાર'માંથી જે કાવ્ય લખેલ છે તે તથા તેવા બીજા સિદ્ધાંતો માટે સમાગમે સમાધાન કરવાનુ સુગમ પડશે.

જ્ઞાનીપુરુષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહીં, પણ પ્રારબ્ધપ્રતિબંધપણે હોય, એમ છતા પણ તેથી નિવર્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશ્રય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે અને તેમાં જરૂર આત્મદશાને ભુલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે, જોકે તે વેદવાના કાળને વિષે સર્વસંગનિવૃત્તિ કોઈ રીતે થાય તો સારું એમ સૂઝયાં કર્યુ છે; તોપણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઈએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પકાલમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલુ બન્યુ તેટલું તે પ્રકારે કર્યું છે, પણ મનમાં હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત, દૂર થવાય તો સારુ, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઈએ તે દશા આ વ્યાપાર વ્યવહારથી મુમુક્ષુ જીવને દેખાતી નથી. આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણાં વિચાર ક્યારેક ક્યારેક વિશેષ ઉદય પામે છે. તે વિષે જે પરિણામ આવે તે ખરું. આ પ્રસંગ લખ્યો છે તે લોકોમાં વાત પ્રગટ થવા દેવા યોગ્ય નથી. માહ સુદ બીજ ઉપર તે તરફ આવવાનું થવાનો સંભવ રહે છે. એ જ વિનંતિ.

[illegible]

૫૬૧ મુંબઈ, માહ સુદ ૨, રવિ, ૧૯૫૧

[illegible] ભાઈ કુંવરજી આણંદજી પ્રત્યે,

શ્રી ભાવનગર

[illegible] વિચારવૃત્તિ પરિણમી છે, તેમ જાણીને હૃદયમાં આનંદ [illegible] [illegible] અને [illegible] [illegible] કર્યાનાં રસાના જો આ જીવ કંઈ પણ [illegible] [illegible] ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય એવી દશા [illegible] [illegible] નિરુપાય [illegible] કંપતા [illegible] ન જ [illegible] [illegible] અને [illegible] [illegible] વિના [illegible] [illegible] એ જ વિનંતિ.

[illegible]

---

[૪૭૬] ૫૬૨ મુંબઈ, માહ સુદ ૩, સોમ, ૧૯૫૧

જે પ્રારબ્ધ વેદ્યા વિના બીજો કોઈ ઉપાય નથી, તે પ્રારબ્ધ જ્ઞાનીને પણ વેદવું પડે છે, જ્ઞાની અંત સુધી આત્માર્થનો ત્યાગ કરવા ઇચ્છે નહીં, એટલું ભિન્નપણું જ્ઞાનીને વિષે હોય, એમ મોટા પુરુષોએ કહ્યું છે, તે સત્ય છે.

---

[૪૭૮] ૫૬૩ મુંબઈ, માહ સુદ ૮, રવિ, ૧૯૫૧

પત્ર પ્રાપ્ત થયું છે. વિસ્તારથી પત્ર લખવાનું હાલમાં બની શકતું નથી તે માટે ચિત્તમાં કંઈક ખેદ થાય છે, તથાપિ પ્રારબ્ધોદય સમજી સમપણું કરું છું.

તમે પત્રમાં જે કંઈ લખ્યું છે, તે પર વારંવાર વિચાર કરવાથી, જાગૃતિ રાખવાથી, જેમાં પંચ વિષયાદિનું અશુચિ સ્વરૂપ વર્ણવ્યું હોય એવા શાસ્ત્રો અને સત્પુરુષના ચરિત્રો વિચારવાથી તથા કાર્યે કાર્યે લક્ષ રાખી પ્રવર્તવાથી જે કંઈ ઉદાસભાવના થવી ઘટે તે થશે

લિ૦ રાયચંદના પ્રણામ.

---

૫૬૪ મુંબઈ, માહ સુદ ૮, રવિ, ૧૯૫૧

અત્રે આ વખતે ત્રણ વર્ષ ઉપરાંત પ્રવૃત્તિનો ઉદય વેદ્યો છે. અને ત્યાં આવ્યા પછી પણ થોડા દિવસ કંઈ પ્રવૃત્તિનો સંબંધ રહે, એથી હવે ઉપરામતા પ્રાપ્ત થાય તો સારું, એમ ચિત્તમાં રહે છે. બીજી ઉપરામતા હાલ બનવી કઠણ છે, ઓછી સંભવે છે. પણ તમારો તથા શ્રી ડુંગર વગેરેનો સમાગમ થાય તો સારું એમ ચિત્તમાં રહે છે, માટે શ્રી ડુંગરને તમે જણાવશો અને તેઓ વવાણિયા આવી શકે તેમ કરશો.

કોઈ પણ પ્રકારે વવાણિયા આવવામાં તેમણે કલ્પના કરવી ન ઘટે જરૂર આવી શકે તેમ કરશો.

લિ૦ રાયચંદના પ્રણામ.

---

[૪૭૯] ૫૬૫ મુંબઈ, ફાગણ સુદ ૧૨, શુક્ર, ૧૯૫૧

ગઈ કાલે અત્રે આવવું થયું છે. બુધવારની સવારે મોરબીથી રવાને થવાનું થયું હતું. આ પ્રસંગે વચમાં રોકાવાનું યથાયોગ્ય નહીં જણાઈ શકયાથી ઉતરવાનું થઈ શકયું નથી. તેમ જ મોરબીથી રવાને થવા પ્રથમ ઉતરવાનું નહીં બની શકે એ પ્રમાણે લખવાનું બન્યું નથી, તે વખતના સંકોચથી થયું છે.

જે પ્રકારે બંધનથી છુટાય તે પ્રકારે પ્રવર્તવું, એ હિતકારી કાર્ય છે બાહ્ય પરિચયને વિચારી વિચારીને નિવૃત્ત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે. જીવ આ વાત જેટલી વિચારશે તેટલો જ્ઞાનીપુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે.

આ૦ સ્વ૦ પ્રણામ.

[૪૮૦]

૫૬૬ મુંબઈ, ફાગણ સુદ ૧૩, ૧૯૫૧

અશરણ એવા સંસારને વિષે નિશ્ચિત બુદ્ધિએ વ્યવહાર કરવો જેને યોગ્ય જણાતો ન હોય અને તે વ્યવહારનો સંબંધ નિવૃત્ત કરતાં તથા ઓછો કરતાં વિશેષ કાળ વ્યતીત થયા કરતો હોય તો તે કામ અલ્પકાળમાં કરવા માટે જીવને શું કરવું ઘટે? સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે અશરણ છે તે શરણનો હેતુ થાય એવું કલ્પવું તે મૃગજળ જેવું છે. વિચારી વિચારીને શ્રી તીર્થંકર જેવાએ પણ તેથી નિવર્તવું, છૂટવું એ જ ઉપાય શોધ્યો છે. તે સંસારના મુખ્ય કારણ પ્રેમબંધન તથા દ્વેષબંધન સર્વ જ્ઞાનીએ સ્વીકાર્યાં છે. તેની મૂંઝવણે જીવને નિજ વિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, અથવા થાય એવા યોગે તે બંધનના કારણથી આત્મવીર્ય પ્રવર્તી શકતું નથી, અને તે સૌ પ્રમાદનો હેતુ છે, અને તેવા પ્રમાદે લેશમાત્ર સમયકાળ પણ નિર્ભય રહેવું કે અજાગૃત રહેવું તે આ જીવનું અતિશય નિર્બળપણું છે, અવિવેકતા છે, ભ્રાંતિ છે, અને ટાળતાં અત્યંત કઠણ એવો મોહ છે.

સમસ્ત સંસાર બે પ્રકારથી વહે છે, પ્રેમથી અને દ્વેષથી. પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છુટાય નહીં, અને પ્રેમથી વિરક્ત થાય તેણે સર્વસંગથી વિરક્ત થયા વિના વ્યવહારમાં વર્તી અપ્રેમ (ઉદાસ) દશા રાખવી તે ભયંકર વ્રત છે. જો કેવળ પ્રેમનો ત્યાગ કરી વ્યવહારમાં પ્રવર્તવું કરાય તો કેટલાક જીવોની દયાનો, ઉપકારનો, અને સ્વાર્થનો ભંગ કરવા જેવું થાય છે; અને તેમ વિચારી જો દયા ઉપકારાદિ કારણે કંઈ પ્રેમદશા રાખતાં ચિત્તમાં વિવેકીને ક્લેશ પણ થયા વિના રહેવો ન જોઈએ, ત્યારે તેનો વિશેષ વિચાર કયા પ્રકારે કરવો?

---

[૪૮૧]

૫૬૭ મુંબઈ, ફાગણ સુદ ૧૫, ૧૯૫૧

શ્રી વીતરાગને પરમભક્તિએ નમસ્કાર

બે તાર, બે પત્ર તથા બે પત્તાં મળ્યાં છે. શ્રી જિન જેવા પુરુષે ગૃહવાસમાં જે [illegible] નથી તે પ્રતિબંધ ન થવા, આવવાનું કે પત્ર લખવાનુ થયુ નથી તે માટે અત્યંત દીનપણે ક્ષમા ઇચ્છું છું. સંપૂર્ણ વીતરાગ નહીં હોવાથી આ પ્રમાણે વર્તતાં અંતરમાં [illegible] છે, જે વિશેષ પણ શમાવવો ઘટે એ પ્રકારે જ્ઞાનીએ માર્ગ દીઠો છે.

[illegible] અંતર્વ્યાપાર (અંતર્પરિણામની ધારા) તે, બંધ અને મોક્ષની (કર્મથી [illegible] અને તેથી આત્માનું છૂટવું) વ્યવસ્થાનો હેતુ છે; માત્ર શરીરચેષ્ટા બંધ [illegible] હેતુ નથી. વિશેષ રોગાદિ યોગે જ્ઞાનીપુરુષના દેહને વિષે પણ નિર્બળ[illegible] [illegible], મૂર્છા, બાહ્ય વિભ્રમાદિ દૃષ્ટ થાય છે; તથાપિ જેટલું જ્ઞાન [illegible] આત્માનું નિર્મળપણું થયું છે, તેટલાં નિર્મળપણાએ [illegible] છે, અને તેના કદાપિ બાહ્ય સ્થિતિ ઉન્મત્ત [illegible] નિવૃત્તિ થાય છે, [illegible] —

[illegible]

[૭૫૦-૨] ૫૬૮ મુંબઈ, ફાગણ, ૧૯૫૧

આત્મસ્વરૂપનો નિર્ણય થવામા અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનુ વિચારબળ પ્રવર્તતું નથી એમા કિંચિત્‌માત્ર સંશય નથી

આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.

આત્મપરિણામની અવસ્થતાને શ્રી તીર્થંકર 'અસમાધિ' કહે છે.

આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ' કહે છે.

આત્મપરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'કર્મ' કહે છે.

શ્રી જિન તીર્થંકરે જેવો બધ અને મોક્ષનો નિર્ણય કહ્યો છે, તેવો નિર્ણય વેદાતાદિ દર્શનમા દૃષ્ટિગોચર થતો નથી, અને જેવું શ્રી જિનને વિષે યથાર્થવક્તાપણું જોવામાં આવે છે, તેવું યથાર્થવક્તાપણું બીજામા જોવામાં આવતું નથી.

આત્માના અંતર્વ્યાપાર [શુભાશુભ પરિણામધારા] પ્રમાણે બંધમોક્ષની વ્યવસ્થા છે, શારીરિક ચેષ્ટા પ્રમાણે તે નથી. પૂર્વે ઉત્પન્ન કરેલા વેદનીય કર્મના ઉદય પ્રમાણે રોગાદિ ઉત્પન્ન થાય છે, અને તે પ્રમાણે નિર્બળ, મંદ, મ્લાન, ઉષ્ણ, શીત આદિ શરીરચેષ્ટા થાય છે.

વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદબળથી જ્ઞાનીનું શરીર કપાય, નિર્બળ થાય, મ્લાન થાય, મંદ થાય, રૌદ્ર લાગે, તેને ભ્રમાદિનો ઉદય પણ વર્તે; તથાપિ જે પ્રમાણે જીવને વિષે બોધ અને વૈરાગ્યની વાસના થઈ હોય છે તે પ્રમાણે તે રોગને જીવ તે તે પ્રસગમા ઘણુ કરી વેદે છે.

કોઈ પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યુ નથી તથા સંભવતું નથી, અને મૃત્યુનુ આવવું અવશ્ય છે, એવો પ્રત્યક્ષ નિ:સશય અનુભવ છે, તેમ છતા પણ આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે.

જે સર્વજ્ઞ વીતરાગને વિષે અનંત સિદ્ધિઓ પ્રગટી હતી તે વીતરાગે પણ આ દેહને અનિત્યભાવી દીઠો છે, તો પછી બીજા જીવો કયા પ્રયોગે દેહને નિત્ય કરી શકશે?

શ્રી જિનનો એવો અભિપ્રાય છે, કે પ્રત્યેક દ્રવ્ય અનંત પર્યાયવાળું છે. જીવને અનંતા પર્યાય છે અને પરમાણુને પણ અનંતા પર્યાય છે. જીવ ચેતન હોવાથી તેના પર્યાય પણ ચેતન છે, અને પરમાણુ અચેતન હોવાથી તેના પર્યાય પણ અચેતન છે. જીવના પર્યાય અચેતન નથી અને પરમાણુના પર્યાય સચેતન નથી, એવો શ્રી જિને નિશ્ચય કર્યો છે અને તેમ જ યોગ્ય છે, કેમકે પ્રત્યક્ષ પદાર્થનુ સ્વરૂપ પણ વિચારતાં તેવું ભાસે છે.

જીવ વિષે, પ્રદેશ વિષે, પર્યાય વિષે, તથા સખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષેનો યથાશક્તિ વિચાર કરવો. જે કંઈ અન્ય પદાર્થનો વિચાર કરવો છે તે જીવના મોક્ષાર્થે કરવો છે, અન્ય પદાર્થના જ્ઞાનને માટે કરવો નથી.

---

[૫૦૩]

૫૬૯ મુંબઈ, ફાગણ વદ ૩, ૧૯૫૧

શ્રી સત્પુરુષને નમસ્કાર

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે, એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે, નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદ જાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં [illegible] જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ [illegible] અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા, જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચાર દશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી [illegible] થાય.

[illegible] પ્રવૃત્તિની મૂર્છાનાં વિરોધ વિશેષ આર્ત્તિ થયા કરે છે. અને [illegible] છે તે, આ જીવનું શિથિલપણું જ છે. એમ લાગે છે; [illegible]

[illegible] આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબન [illegible] જિન જેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા [illegible] જીવ કરતાં કરતાં [illegible] [illegible] છે, કેમકે એમ જ કર્તવ્ય છે. [illegible] નથી, તે રાગદ્વેષાદિ [illegible]

જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ આસાતના કરે છે, એમ વર્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનુ પરિક્ષીણપણું જ કર્તવ્ય છે

અત્યત જ્ઞાન હોય ત્યાં અત્યત ત્યાગ સભવે છે અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે,

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જોકે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી. શિથિલ છે; માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.

પ્રસંગથી કેટલાંક અરસપરસ સબધ જેવાં વચનો આ પત્રમા લખ્યાં છે, તે વિચારમાં સ્ફુરી આવતાં સ્વવિચારબળ વધવાને અર્થે અને તમને વાંચવા વિચારવાને અર્થે લખ્યા છે.

જીવ, પ્રદેશ, પર્યાય તથા સંખ્યાત, અસખ્યાત, અનત આદિ વિષે તથા રસના વ્યાપકપણા વિષે ક્રમે કરી સમજવું યોગ્ય થશે.

તમારો અત્ર આવવાનો વિચાર છે, તથા શ્રી ડુગર આવવાનો સભવ છે એમ લખ્યુ તે જાણ્યુ છે. સત્સંગ જોગની ઇચ્છા રહ્યા કરે છે.

---

[૪૮૨] ૫૭૦ મુંબઈ, ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧

સુજ્ઞ ભાઈશ્રી મોહનલાલ[૧] પ્રત્યે, શ્રી ડરબન,

પત્ર ૧ મળ્યુ છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. જો કઈ પણ આ સસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમા મોહબુદ્ધિ રહે છે.

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાના સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવાયોગ્ય છે.

પૂર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે

---

૧. મહાત્મા ગાંધીજી

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યુ આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસારક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે, એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ

---

[૪૮૩]

૫૭૧ મુંબઈ, ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧

વધારેમા વધારે એક સમયે ૧૦૮ જીવ મુક્ત થાય, એથી વિશેષ ન થાય, એવી લોકસ્થિતિ જિનાગમમા સ્વીકારેલી છે, અને પ્રત્યેક સમયે એક સો આઠ એક સો આઠ જીવ મુક્ત થયા જ કરે છે, એમ ગણીએ, તો તે પરિમાણે ત્રણે કાળમા જેટલા જીવ મોક્ષપ્રાપ્ત થાય, તેટલા જીવની જે અનંત સંખ્યા થાય તે કરતાં સંસારનિવાસી જીવોની સંખ્યા અનંતપણે જિનાગમમા નિરૂપી છે, અર્થાત્ ત્રણે કાળમાં મુક્તજીવ જેટલા થાય તે કરતા સંસારમાં અનતગણા જીવ રહે; કેમકે તેનું પરિમાણ એટલું વિશેષ છે; અને તેથી મોક્ષમાર્ગનો પ્રવાહ વહ્યા કરતાં છતાં સંસારમાર્ગ ઉચ્છેદ થઈ જવો સભવતો નથી, અને તેથી બંધમોક્ષ વ્યવસ્થામા વિપર્યય થતું નથી. આ વિષે વધારે ચર્ચા સમાગમમા કરશો તો બાધ નથી.

જીવના બંધમોક્ષની વ્યવસ્થા વિષે સક્ષેપમાં પત્ર લખ્યુ છે. એ પ્રકારના જે જે [illegible] તેનાં સમાધાન થઈ શકે એવાં છે, કોઈ અલ્પકાળે અને કોઈ પછી વિશેષકાળે [illegible], પણ એ સૌ વ્યવસ્થાના સમાધાન થઈ શકે એવાં છે.

સૌ [illegible] વિચારવાયોગ્ય [illegible] તો હાલ એ છે કે, ઉપાધિ કરવામાં આવે, [illegible] છે; અને ઉપાધિ કરતા [illegible] અલ્પ [illegible] છે. [illegible] છે ને, [illegible] થઈ શકે [illegible] યોગ્ય છે.

[૪૮૪] ૫૭૨ મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧

સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવાયોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાન દશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે, માટે જ્ઞાનીપુરૂષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરુપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાનીપુરુષના ચરણમાં મનનુ સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમા વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્ર બુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્ર બુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહી થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતા જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે: એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનુ તુચ્છપણું સમજવું

વિચારથી કરી તુચ્છપણુ સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમેક્રમે, દેશેદેશે તેનો ત્યાગ કરવો ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય, તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિનદિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય. એજ વિનંતિ

આ૦ સ્વ૦ પ્રણામ.